
11 AUG 1972


સત્ય, બ્રહ્મચર્ય, અહિંસા, અસ્તેય
અને અપરિગ્રહ એ પાંચ યમ
પાળવાનું બધા મુમુક્ષુને સરજાયાં છે.
મુમુક્ષુ બધાએ રહેવું જ જોઈએ. એટલે
મનુષ્યના આત્માનો પાયો ઊતરતા
યમ પાળવા ઊભા રહ્યા છે એ યમ
સંસારી બધા જીવને પાળવાના છે
એ વિષે શંકા નથી. વેપારી રહે છતાં
બહુજન બાળકો સાચવે, પરણેલો રહે
છતાં બ્રહ્મચર્ય પાળે. જીવતો છતાં મનુષ્ય
અહિંસા પાળી શકે છે. ચોરી ન કરવી
(અસ્તેય પાળવું) ને ઘણી વસ્તુનો
પરિગ્રહ સંસારમાં રહીને કરવો એ
મુશ્કેલ છે છતાં તે આદર્શ ધ્યાનમાં
રાખી રહેતો બાંધછોડ જોઈએ તે
આચારે વૈરાગ્ય ઉત્પન્ન થાય ત્યારે
મહાત્યાગ પણ કરી શકાય.
ઉપરનાં વ્રતો કોઈ પાળે તેને બીજી
ઉપાડો માંથી નીકળવાના રસ્તા
મળી આવે છે.

# ૨૪

# ગાંધીજીનો અક્ષરદેહ

અમદાવાદ-૧૪

આ ગ્રંથ ૧૯૨૪નો, મે ૮થી ઑગસ્ટ ૧૫ સુધીનો ગાળો આવરી લે છે. એ વખતે દેશમાં રાજકીય તડ પડી ગયાં હતાં. એક તરફ નાફેરવાદીઓ ધારાસભાઓના બહિષ્કાર માટે અને કૉંગ્રેસના રચનાત્મક કાર્યક્રમના કડક અમલ માટે આગ્રહ રાખી રહ્યા હતા, જ્યારે બીજી તરફ સ્વરાજવાદીઓ ધારાસભાપ્રવેશને આગળ ધપાવવા ખૂબ આતુર હતા. ગાંધીજી પકડાયા અને જેલમાં પુરાયા પછી રાજકીય ચળવળ લગભગ ઠંડી પડી ગઈ હતી. એ વેળાએ ગાંધીજીએ આ કઠિન પ્રશ્ન કેવી રીતે હાથ ધર્યો એનો પ્રત્યક્ષ પુરાવો આ ગ્રંથમાંથી મળે છે. વળી એમાં જેલજીવનની શિસ્ત અને પાયાની સગવડોની અનેક માનવ સમસ્યાથી ભરેલા એમના જેલના અનુભવો, હિંદુ મુસ્લિમ તંગદિલીનાં કારણ અને તેના ઉપાયનું એમણે કરેલું ઊંડું અને આંતરખોજથી ભરેલું પૃથક્કરણ, તેમ જ વાઈકોમના સત્યાગ્રહ અંગે સંયમ રાખવાની સલાહ અને દેશી રાજ્યોમાં પણ એવા જ સંયમ માટેની એમની ભલામણ વગેરે જોવા મળે છે. બીજા ગ્રંથોની માફક આ ગ્રંથના પત્રોમાં પણ અંગત અને જાહેર એવી ઘણી બાબતો વિષેના ગાંધીજીના વિચારોનું સ્પષ્ટ અને વૈવિધ્યભર્યું વિવિધ ચિત્ર જોવા મળે છે.

Gandhi Heritage Portal

21 AUG 1972

# તિથિપત્ર

10184

ગાંધી સ્મારક સંગ્રહાલય
ક્ર. સ. X-157
28 JAN 1983
પરિ. સ. 10184 વાંચવા માટે મુક્ત કર્યા તારીખ

આ પુસ્તક છેલ્લે દર્શાવેલી તારીખ પહેલાં અથવા તે જ દિવસે પાછું આપી દેવું જોઈએ. તે તારીખ પછી જો પુસ્તક પાછું આપવામાં આવશે તો દરરોજના પાંચ પૈસા લેખે અતિદેય આપવું પડશે.

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal

# ગાંધીજીનો અક્ષરદેહ

૨૪

[મે – ઑગસ્ટ ૧૯૨૪]

REFERENCE BOOK


10184

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal

11 AUG 1972

Gandhi Heritage Portal



૧૯૨૪માં

Gandhi Heritage Portal

# ગાંધીજીનો અક્ષરદેહ

[મહાત્મા ગાંધીનાં લખાણો, ભાષણો, પત્રો વગેરેનો સંગ્રહ]

## ૨૪

[મે – ઑગસ્ટ ૧૯૨૪]

પ્રકાશક તરફથી ભેટ

નવજીવન પ્રકાશન મંદિર
અમદાવાદ–૧૪

Gandhi Heritage Portal

10184

3c:156
GAN

© નવજીવન ટ્રસ્ટ, ૧૯૭૨

પહેલી આવૃત્તિ, મે, ૧૯૭૨ : પ્રત ૩,૦૦૦

રૂ. ૧૬.૫૦

11 AUG 1972

28 JAN 1983

મુદ્રક અને પ્રકાશક : શાંતિલાલ હરજીવન શાહ, નવજીવન મુદ્રણાલય, અમદાવાદ–૧૪

Gandhi Heritage Portal

# પ્રસ્તાવના

આ ગ્રંથ ૧૯૨૪નો મે ૮ થી ઑગસ્ટ ૧૫ સુધીનો ગાળો આવરી લે છે. એમાં રાષ્ટ્રીય આંદોલનના ધ્યેય અને શિસ્તને ફરીથી સ્થિર કરવા માટે ગાંધીજીએ કરેલા પ્રયાસોનું અને એ પ્રયાસોમાં એમને થોડા સમય માટે મળેલી નિષ્ફળતાનું બયાન આવે છે. માર્ચ ૧૯૨૨થી ફેબ્રુઆરી ૧૯૨૪ સુધી તેઓ જેલમાં રહ્યા તે દરમિયાન આ આંદોલન અસહકારના કાર્યક્રમના મૂળભૂત સિદ્ધાંતોથી દૂર ગયેલું લાગતું હતું. જેલમાંથી છૂટયા પછી ગાંધીજી આરામ લેવા માટે ત્રણેક માસ મુંબઈમાં જૂહુમાં રહ્યા. ત્યાં રહીને તેમણે દેશની પરિસ્થિતિનો અભ્યાસ કર્યો અને તે સમયના બે મુખ્ય પ્રશ્નો, ધારાસભાપ્રવેશ અને હિંદુમુસ્લિમ તંગદિલી વિષે બીજા આગેવાનો જોડે ચર્ચાવિચારણા કરી. આ પરથી બંધાયેલા પોતાના અભિપ્રાયો તેમણે મે માસના અંત ભાગમાં વ્યક્ત કર્યા ("ધારાસભાઓ અને અસહકાર", પા. ૧૦૨–૪, અને "હિંદુમુસલમાન", પા. ૧૨૪–૪૩), અને કૉંગ્રેસને એક વધારે સંગઠિત અને વધારે અસરકારક સંસ્થા બનાવવા માટે ચોક્કસ અને સ્પષ્ટ દરખાસ્તો રજૂ કરી. પોતાના આ વિચારો રજૂ કરતી વખતે ગાંધીજીએ દરેક પક્ષને ન્યાય કરવાનો નિખાલસપણે પ્રયત્ન કર્યો, પરંતુ દેશ સમક્ષ પોતાને દેખાયું તેવું સત્ય રજૂ કરવાના પ્રયાસ પાછળની એમની નિખાલસતાએ જ થોડો વિરોધ જગાવ્યો.

મોતીલાલ નેહરુ અને સી. આર. દાસની આગેવાનીવાળા સ્વરાજ પક્ષ સાથેનો ગાંધીજીનો મતભેદ મૂળભૂત સિદ્ધાંતનો હતો. દિલ્હી અને કોકોનાડાના કૉંગ્રેસના ઠરાવોએ ધારાસભામાં જવાની છૂટ આપી, એટલે સ્વરાજ પક્ષના સભ્યો ગાંધીજીના કારાવાસ દરમિયાન ધારાસભાઓમાં ગયા હતા. અને ગાંધીજીને તેમનું કૃત્ય ૧૯૨૦માં મહાસભાએ સ્વીકારેલા અસહકારના કાર્યક્રમના ખુદ પાયાનો ભંગ કરતું લાગ્યું. એ કાર્યક્રમનો હેતુ એવો હતો કે રચનાત્મક પ્રવૃત્તિઓ તથા સત્ય અને અહિંસાના ચુસ્ત પાલન દ્વારા દેશમાં એટલી આંતરિક તાકાત પેદા કરવી, જેથી અંગ્રેજોને સત્તા સોંપી દેવાની ફરજ પડે, જ્યારે ધારાસભાઓની અંદર રહીને અવરોધો ઊભા કરવાના સ્વરાજ પક્ષના કાર્યક્રમનો ઉદ્દેશ, કેવળ સરકાર પર દબાણ લાવવાનો હતો અને દેશની સ્વતંત્રતા હાંસલ કરવા માટે છેવટે તો તે બ્રિટિશ લોકમત ઉપર મદાર રાખીને જ બેઠો હતો. ગાંધીજીને લાગ્યું કે સરકારનો વિરોધ કરવામાં બધું ધ્યાન રોકી રાખીને, સ્વરાજવાદીઓના કાર્યક્રમે લોકોનાં મનને રચનાત્મક કાર્યક્રમમાંથી તથા તે દ્વારા રાષ્ટ્રીય જીવનમાં નવીન પ્રાણ પ્રગટાવવાના કાર્યમાંથી આડે રસ્તે ચડાવ્યાં હતાં. સ્વરાજ પક્ષના કાર્યક્રમને નામંજૂર કરવા છતાં એક વાસ્તવદર્શી નેતા તરીકે ગાંધીજીએ એ વાત સ્વીકારી કે ધારાસભાપ્રવેશ એક નિશ્ચિત હકીકત છે અને તેમણે સ્વરાજ પક્ષવાળાઓ સાથે સમજૂતી પર આવવા તથા એવું કાંઈક સમાધાન કરવા પ્રયત્ન કર્યો જેથી કૉંગ્રેસ એકરાગવાળી સંસ્થા તરીકે કામ કરી શકે. આ કારણે તેમણે સ્વરાજ પક્ષ પ્રત્યે સંપૂર્ણ તટસ્થતાની વૃત્તિ ધારણ કરી, પરંતુ જેઓ કૉંગ્રેસની તમામ કાર્યશક્તિ અને સાધનોને કેવળ રચનાત્મક કાર્યક્રમમાં જ રોકવામાં માનતા હતા તેમના હાથમાં તેની કાર્યવાહીનો સંપૂર્ણ કબજો સોંપવાનો તેમણે પ્રયત્ન કર્યો. આ હેતુ લક્ષમાં રાખીને તેમણે જૂનની આખરે અમદાવાદમાં મળનાર અખિલ હિંદ કૉંગ્રેસ સમિતિની બેઠકમાં પોતે રજૂ કરવા માગતા હતા એવા કેટલાક ઠરાવોની નોટિસ આપી. આ ઠરાવોના અમલને પરિણામે સ્વરાજ પક્ષના સભ્યો કૉંગ્રેસનાં

Gandhi Heritage Portal

પ્રતિનિધિ તેમ જ કાર્યકારી અંગોમાંથી બાકાત થઈ જાય તેમ હતું. આમાં ગાંધીજીનો હેતુ આ મંડળોમાં માત્ર એકરાગિતા લાવવાનો જ નહીં પરંતુ રચનાત્મક કાર્યક્રમોનો અમલ જોરદાર અને સુનિશ્ચિત બનાવવાનો પણ હતો. અર્થાત્ તેમની દરખાસ્તોનો હેતુ "કહેણી પ્રમાણે કરણી થાય" એવી પરિસ્થિતિ યોજવાનો હતો. મુખ્ય દરખાસ્ત એવી હતી કે કૉંગ્રેસના પ્રતિનિધિ કે કાર્યકારી મંડળ પર ચૂંટાયેલા દરેક સભ્યે ઓછામાં ઓછું રોજ અરધો કલાક કાંતવું જોઈએ અને દરેક મહિને અખિલ હિંદ ખાદી બૉર્ડને અમુક પ્રમાણમાં સારી રીતે કાંતેલું, એકસરખું સૂતર મોકલવું જોઈએ. આમ કરવાથી કૉંગ્રેસના સક્રિય સભ્યોને દેશમાં પ્રવર્તતી આર્થિક આપત્તિ સાથે તાદાત્મ્ય સાધવાની ફરજ પડે એમ હતું અને પરિણામે કૉંગ્રેસ સાચા અર્થમાં આમજનતાની સંસ્થા બને એમ હતું. અખિલ હિંદ કૉંગ્રેસ મહાસમિતિએ આ ઠરાવ જૂજ બહુમતીથી મંજૂર રાખ્યો, પરંતુ સ્વરાજ પક્ષના સભ્યોના વિરોધનું બળ ગાંધીજી પારખી ગયા અને એમણે પોતે જ એક સુધારો રજૂ કર્યો, જેને પરિણામે ફરજિયાત કાંતણની કલમ પડતી મૂકવામાં આવી. બીજા ઠરાવો સામે પણ સખત વિરોધ થયો અને સ્વરાજ પક્ષના સભ્યોના દૃષ્ટિબિંદુને સંતોષવા તેમાંના બે ઠરાવો સુધારવામાં આવ્યા.

ગાંધીજીએ કરેલી સ્પષ્ટતા પ્રમાણે આ ઠરાવો રાષ્ટ્રીય આંદોલનની આગેવાની ફરીથી સ્વીકારવા માટેની તેમની શરતો રૂપે જ હતા. "એટલે ઉપરના તમામ ઠરાવો એ સેનાપતિ તરીકે નિમાવાની મારી અરજીરૂપ છે. અને તેમાં મારી શક્તિ તેમ જ મારી મર્યાદા જણાવેલી છે" (પા. ૨૫૦). પરંતુ મહાસમિતિની બેઠકમાં થયેલી ચર્ચાવિચારણાઓને પરિણામે એમને વિચારમાં નાખી દીધા. "તે એ કે જે ચાર ઠરાવો રજૂ કરવાનું માન મને મળ્યું હતું તે ચારે ઠરાવો બાબતમાં બહુમતી મારા પક્ષમાં હતી, તેમ છતાં મારે કબૂલ કરવું પડશે કે મારા ખ્યાલ મુજબ તો હું હાર્યો જ હતો. મહાસમિતિની કાર્યવાહીએ મારી આંખો ખોલી નાંખી છે. એટલે અત્યારે હું અંતરની ઊંડી ખોજમાં પડ્યો છું" (પા. ૩૦૭). પોતાના મૂળભૂત સિદ્ધાંતોનો અસ્વીકાર કરનારાઓ સાથે સહકાર કરવામાં પોતે સાચે રસ્તે છે કે કેમ એ વિષે ગાંધીજી વિચારમાં પડી ગયા હતા. "મને સવાલ ઊઠ્યા જ કરતો હતો. અસત્યમાંથી સત્ય નીપજે ખરું? હું શેતાનની સાથે સહકાર નથી કરી રહ્યો?" એમનો જીવ બળ્યા કરતો હતો એ એમના આ એકરારમાંથી દેખાઈ આવે છે: "મને રડાવવો એ કાંઈ નાનીસૂની વાત નથી. આંસુનો પ્રસંગ હોય તોપણ આંસુ ખાળવાનો હું પ્રયત્ન કરું. પણ આ પ્રસંગે તો છાતી કઠણ કરવાના પૂરેપૂરા પ્રયત્ન છતાં મારી હિંમત છેક ભાંગી ગઈ" (પા. ૩૧૧). ગાંધીજીને કોઈએ પણ આટલા બધા વિહ્વળ બનાવ્યા હોય તો તે તેમના ઠરાવો સામેના વિરોધે નહીં પણ બેઠકની કાર્યવાહીમાં દેખાઈ આવેલા ગંભીરતાના અભાવે જ બનાવ્યા હતા.

"હાર્યા અને હણાયા" છતાં ગાંધીજીએ સ્વરાજ પક્ષવાળાઓ સાથે સહકારથી નહીં તો સુમેળથી કામ કરવાનો માર્ગ શોધવા પ્રયત્ન કર્યો. લોકોમાં કેવળ ખોટા દેખાવાના ભયથી સ્વરાજ પક્ષવાળાઓ પોતાની દૃઢ માન્યતાને અવગણીને ધારાસભાઓમાંથી નીકળી જાય એવું તેઓ ઇચ્છતા નહોતા. ૧૯૨૪ના ઑગસ્ટની ૯મીએ મોતીલાલ નેહરુને લખતાં એમણે કહ્યું હતું: "કૉંગ્રેસનું તંત્ર તમારા હાથમાં આવે તેમાં સરળતા કરી આપવા હું તૈયાર છું. તે માટે સક્રિય મદદ કરવા પણ હું તૈયાર છું. . . . તમારા કાર્યક્રમમાં દાખલ થયા સિવાય બીજી બધી રીતે તમને અનુકૂળ થવાનું મને ગમે" (પા. ૪૯૪–૫). ૧૫મી ઑગસ્ટના બીજા પત્રમાં એમણે

Gandhi Heritage Portal

સમજાવ્યું કે હું, "ધારાસભાઓના તમારા કાર્યક્રમમાં સંડોવાવા માગતો નથી." પોતે કૉંગ્રેસમાં હોય ત્યારે આ કાર્યક્રમ એનાથી અળગો જ રહેવો જોઈએ અથવા સ્વરાજ પક્ષવાળાઓ જો એ કાર્યક્રમ કૉંગ્રેસમાં ઉપાડવા માગતા હોય તો પોતે એમાંથી લગભગ નીકળી જવું જોઈએ. ૧૯૧૫–૧૮ દરમિયાન પોતે જે સ્થાન ભોગવતા હતા તે જ સ્થાન પોતે ખુશીથી સ્વીકારશે. તેમનો ઇરાદો સ્વરાજ પક્ષને નબળો બનાવવાનો કે તેમને મૂંઝવણમાં નાખવાનો નહોતો (પા. ૫૩૩). એમને ડર હતો કે અસહકાર વિષેના કૉંગ્રેસના મૂળ ઠરાવને ચુસ્તપણે વળગી રહેવાની હિમાયત કરનારા નાફેરવાદીઓ અને સ્વરાજ પક્ષવાળાઓ વચ્ચે અમદાવાદની મહાસમિતિ વેળા અધૂરો રહેલો ઝઘડો ડિસેમ્બરમાં મળનારી કૉંગ્રેસની વાર્ષિક બેઠક વખતે ફરી પાછો ઉખેળવામાં આવશે. "જેમ જેમ એ વાતનો હું વધારે વિચાર કરું છું તેમ તેમ બેલગામમાં સત્તા માટેની લડત થાય એની સામે મારો આત્મા કકળી ઊઠે છે (પા. ૫૩૩)." કૉંગ્રેસમાં તીવ્ર સંઘર્ષ થતો અટકાવવા સારુ, જ્યાં જ્યાં જરૂર જણાય ત્યાં ત્યાં તેઓ નાફેરવાદી કાર્યકારી મંડળોના અધિકારો સ્વરાજ પક્ષવાળાઓને સોંપી દેવાનું સમજાવતા; અને તેમને રચનાત્મક કાર્ય ઉપર, ખાસ કરીને ખાદીપ્રચારના કાર્ય ઉપર તેમની તમામ શક્તિ કેન્દ્રિત કરવાની સલાહ આપતા (પા. ૪૩૬–૮).

ગાંધીજીએ પોતે **यंग इन्डिया** તેમ જ **नवजीवन**માં વાચકોને કાંતણકામ ઉપાડી લેવાનો અનુરોધ કરવાની દરેક તક ઝડપી લીધી અને તેઓ દેશના જુદા જુદા ભાગોમાં ચાલી રહેલા ખાદીકામની વિગતવાર માહિતી પ્રગટ કરતા રહ્યા. એમણે કેદીઓ માટે પણ કાંતણકામને આખા દિવસના કામ તરીકે અપનાવવા સૂચવ્યું. અનેક પ્રસંગોએ રાષ્ટ્રીય શાળાઓના વિદ્યાર્થીઓ તેમ જ શિક્ષકોને સંબોધન કરતાં તેમણે તેમને ખાદીકામને વધારે ને વધારે સમય આપવાનો અનુરોધ કર્યો અને સૂચવ્યું કે રાષ્ટ્રીય શાળાઓમાં કાંતણને ફરજિયાત પ્રવૃત્તિ તરીકે દાખલ કરવું જોઈએ. ઑગસ્ટના પહેલા અઠવાડિયામાં અમદાવાદમાં મળેલી રાષ્ટ્રીય શાળાઓની પરિષદમાં એક પછી એક ભાષણો આપીને તેમણે રાષ્ટ્રીય શિક્ષણ વિષે તથા શિક્ષકોના કર્તવ્ય વિષે પોતાના વિચારો વિસ્તારથી રજૂ કર્યા.

આ સમયે ગાંધીજીના મન ઉપર એક બીજા પ્રશ્નનો ખૂબ ભાર રહેતો, અને તે હતો હિંદુમુસ્લિમ તંગદિલીનો પ્રશ્ન. ૧૯૨૧ની સાલના અસહકાર આંદોલનની ચડતીના દિવસોમાં બંને કોમો વચ્ચે સાચી એકતા સધાવાનું લગભગ હાથવેંતમાં હતું. પરંતુ ખિલાફતની ચળવળે સમાન હિતનો જે નાતો ઊભો કર્યો હતો તે ખલીફા પદભ્રષ્ટ થયા પછી ઢીલો પડયો અને ગાંધીજીના બે વરસના કારાવાસ દરમ્યાન બંને કોમોના આગેવાનો વચ્ચે અવિશ્વાસ ઊભો થઈ ગયો. દેશના ઘણા ભાગોમાં રમખાણો થયાં. ગાંધીજીએ "હિંદુમુસલમાન" (પા. ૧૨૪–૪૩) નામના લેખમાં આ ભંગાણનાં કારણોનું પૃથક્કરણ કર્યું. એમણે સમજાવ્યું તે મુજબ આ અથડામણોનાં નજરે દેખાતાં સ્થાનિક કારણો પાછળ હિંસાની ભાવના હતી. અસહકારના આંદોલન દરમિયાન કાર્યનીતિ તરીકે કમને સ્વીકારેલી અહિંસાના પ્રત્યાઘાતરૂપે હિંસાની ભાવના દેશમાં ફૂલીફાલી હતી. "હિંદુસ્તાનના દરેક પૂજારી અને સેવકોને સારુ થઈ પડેલા હિંદમુસ્લિમ એકતાના મહાપ્રશ્ન વિષે પ્રગટ કરેલા લાંબા નિવેદનનો" (પા. ૧૭૫–૭૭) ટૂંક સાર એમણે તા. ૫–૬–૧૯૨૪ના **यंग इन्डिया**માં ફરીથી આપ્યો. પરંતુ ગાંધીજીના પ્રયાસોએ બંને છાવણીઓમાં માત્ર રોષભર્યા વિરોધો ઊભા કરવાનું જ કામ કર્યું. તબિયત યારી આપે તો બંને કોમો વચ્ચે ફરીથી સુમેળ સ્થાપવા સારુ અલીભાઈઓ સાથે દેશનો પ્રવાસ ખેડવાની એમણે યોજના ઘડી, પરંતુ એનો

Gandhi Heritage Portal

અમલ થઈ શક્યો નહીં. એ સમયના વાતાવરણને સુધારવામાં લાચારી અનુભવતાં, પાછળથી ગાંધીજીને આત્મશુદ્ધિ અર્થે એકવીસ દિવસના ઉપવાસ પર ઊતરવું પડ્યું.

કંઈક અગત્યના ગણાતા જે એક સ્થાનિક પ્રશ્ન પર ગાંધીજીએ સારી પેઠે ધ્યાન આપ્યું તે ત્રાવણકોર રાજ્યમાં આવેલા વાઇકોમ ગામમાં થયેલો સત્યાગ્રહ હતો. આ ગામમાં એક હિંદુ મંદિર તરફ જતો જાહેર માર્ગ વાપરવાનો હક્ક અસ્પૃશ્ય કોમોને પણ મળે તે માટે સુધારકોએ એક ચળવળ ઉપાડી હતી. આ તો ગાંધીજીનું પ્રિય કાર્ય હતું એટલે તરત જ એમણે એને પોતાનો નૈતિક ટેકો આપ્યો અને દૂર રહ્યાં રહ્યાં દર અઠવાડિયે એ ચળવળને દોરવણી આપી. એમનો આગ્રહ એવો હતો કે આખી ચળવળ સ્થાનિક સ્વરૂપની જ રહેવી જોઈએ અને ઝઘડો માત્ર હિંદુઓ પૂરતો જ મર્યાદિત રહેવો જોઈએ. એમનો એવો પણ આગ્રહ હતો કે એમાં જે ઉપાય યોજવામાં આવે તે સત્યાગ્રહના પાયાના સિદ્ધાંતો સાથે સુસંગત હોવા જોઈએ, એટલે કે વિરોધીઓનો હૃદયપલટો કરાવવાના ધ્યેયથી ઐચ્છિક કષ્ટસહન નોતરવું જોઈએ. એમને લાગ્યું કે આ દૃષ્ટિબિંદુથી તપાસી જોતાં વાઇકોમ સત્યાગ્રહ એની "મર્યાદાઓ ઓળંગી રહ્યો હતો" (પા. ૭), એટલે એમણે એનાં કેટલાંક લક્ષણો પ્રત્યે જાહેરમાં નાપસંદગી દર્શાવી. આ મુદ્દાઓ "વાઇકોમ પ્રતિનિધિમંડળ સાથે મુલાકાત" (પા. ૮૩–૭)માં કંઈક વિસ્તારથી ચર્ચાયા છે. સુધારકોને એમણે ધીરજ રાખી આસ્તેકદમ જવાની સલાહ આપી, જેથી કરીને રાજ્યમાં તથા બીજી જગ્યાએ રૂઢિચુસ્ત હિંદુઓ રિસાઈ બેસે નહીં. એ જ રીતે ગાંધીજીએ કાઠિયાવાડના જાહેર કાર્યકરોને પણ પોતાના પ્રદેશમાં આવેલાં દેશી રાજ્યોમાં રાજકીય પ્રવૃત્તિઓ યોજવાની બાબતમાં સંયમ રાખી વર્તવાની સલાહ આપી. એમણે કહ્યું કે આ રાજ્યોમાં દેખાતાં દૂષણો તો બ્રિટિશ હકૂમતનાં પરિણામો છે, એટલે જ્યાં સુધી રાજાઓને પોતાને બ્રિટિશ સરકારથી સ્વતંત્ર થવાની ઇચ્છા ન થાય ત્યાં સુધી તેમને એ સરકારના અંકુશમાંથી મુક્ત કરવાની જવાબદારી તેમની પ્રજાઓ ઉપાડી શકે નહીં. સાથે સાથે તેઓ માનતા કે હિંદુસ્તાન માટે સ્વરાજ મેળવવા સારુ દેશી રાજ્યોમાં કોઈ સત્યાગ્રહ થઈ શકે નહીં (પા. ૨૨૯). તેમણે તે વખતે ભરાનારી કાઠિયાવાડ રાજકીય પરિષદને તેના પ્રયાસો રાજાઓ અને એમની પ્રજાઓ વચ્ચેના સંબંધો સુધારવા ઉપર તથા પ્રજાઓની આર્થિક, રાજકીય અને નૈતિક પ્રગતિ સાધવા ઉપર કેન્દ્રિત કરવાની સલાહ આપી. દેશી રાજ્યોના પ્રશ્નો પ્રત્યેનું ગાંધીજીનું વલણ છેવટ સુધી આ પ્રમાણેનું જ રહ્યું.

આ ગ્રંથનાં લખાણોમાં "મારા જેલના અનુભવ" નામની લેખમાળાનો સમાવેશ થાય છે. આમાંના કેટલાક લેખોમાં, માનવીય દૃષ્ટિએ કેદીઓનું વૈજ્ઞાનિક વર્ગીકરણ કરવાની જરૂરિયાત, તથા કેદીઓને યોગ્ય કામો પર લગાડીને જેલોને આર્થિક રીતે સ્વાવલંબી બનાવવાની શક્યતા જેવી જેલસુધારાની અગત્યની બાબતોની ગાંધીજીએ ચર્ચા કરી છે. મૂળશી પેટાના કેદીઓનું જેલની શિસ્ત બાબતનું વલણ ગાંધીજી તેમની જોડે વાત કરીને બદલાવવા માગતા હતા. એ માટે તેમને મળવા દેવા સરકારને સમજાવવાના ગાંધીજીના પ્રયાસોની કથા સત્યાગ્રહની પદ્ધતિના અમલનું એક નાનકડું સુખાંત નાટક છે. જેલ સુપરિન્ટેન્ડેન્ટ મેજર જોન્સે કબૂલ કર્યું હતું કે "તેમણે જોયેલી ઉપવાસની બધી લડતોમાં આ લડત નિર્મળમાં નિર્મળ હતી" (પા. ૯૧).

પરંતુ એથીયે વધારે રસપ્રદ તો જેલમાં ગાંધીજી અને એમના સાથીઓ ઉપર દેખરેખ રાખવા વારાફરતી નિમાયેલા કેદી વૉર્ડરોનાં પ્રાણવાન રેખાચિત્રો છે. જે ઉત્સાહથી આ રેખાચિત્રો

Gandhi Heritage Portal

આલેખવામાં આવ્યાં છે તે એટલું પુરવાર કરવા પૂરતાં છે કે પોતપોતાના પાઠ ભજવનારા સરકારી માણસો સાથેના ગાંધીજીના માનવતાભર્યા સંબંધો "એકધારી રીતે સુખદ" હતા.

નવજીવનમાંનો તાજગીદાયક અંગત લાગણીથી સભર એક લેખ એમનું આંતરમન કેવા પ્રકારની ધાર્મિક લાગણીથી ભરેલું હતું તેનું દર્શન કરાવે છે. "પ્રેમનો અભાવ કે ઊભરો?" (પા. ૧૮૩) એ લેખમાં એમણે એક ધર્મનિષ્ઠ પત્રલેખકે ઉઠાવેલા વાંધાઓનો જવાબ આપ્યો છે. ગાંધીજી ઘણી વાર ભાર દઈને ઈશ્વર એ જ સત્ય છે અને પાછળથી સત્ય એ જ ઈશ્વર છે એમ કહેતા અને પોતાના નૈતિક સિદ્ધાંતો ઈશ્વર વિષેના આ નિરાકાર ખ્યાલને આધારે બાંધતા, છતાં એમનું પોતાનું આંતરજીવન તો પોતે બાળક તરીકે જે વૈષ્ણવ વાતાવરણમાં ઊછર્યા હતા તેમાંથી ગ્રહણ કરેલી સાકાર પ્રભુભક્તિની ભાવનાથી ભરેલું હતું. રામ એમના ઇષ્ટ દેવતા હતા અને એ દેવતાને ચરણે એમણે પોતાની જાતને પ્રેમપૂર્વક અર્પણ કરી હતી. "રામ્ તો મારે ઘેર આવ્યા છે. તેને 'તમે' કહું તો કટાક્ષ કરે એમ હું જાણું છું. મા નથી, બાપ નથી, ભાઈ નથી, એવો હું છત્રહીન છું તેને રામ એ સર્વસ્વ છે. . . તેનો જિવાડ્યો હું જીવું છું. . . તે જ રામને હું ભંગીમાં ને બ્રાહ્મણમાં જોઉં છું, તેથી બંનેને વંદન કરું છું" (પા. ૧૮૪). એક બુદ્ધિવાદી માનવી તરીકે ગાંધીજી માનતા અને કહેતા કે રામ ખુદા અને ગૉડ એ શબ્દોથી એક જ તત્ત્વ સૂચવાય છે, તેમ છતાં એમના પ્રિય રામ પ્રત્યે એમનું હૃદય અત્યંત સ્વાભાવિકતાથી આકર્ષાતું અને રામનામના જાદુ વિષે લખતાં તેઓ કદી થાકતા નહીં.

Gandhi Heritage Portal

# વાચકોને સૂચના

ગુજરાતી લખાણ ફરીથી પ્રગટ કરતી વખતે મૂળને વધુમાં વધુ વફાદાર રહેવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. મુદ્રણના દેખીતા દોષો દૂર કરવામાં આવ્યા છે અને મૂળ લખાણમાં સંક્ષિપ્ત હોય તેવા શબ્દો આખા લખવામાં આવ્યા છે. નામો કે શબ્દોની જુદી જુદી જોડણી સુધારવામાં આવી છે.

મોટા કૌંસમાં આપેલી પ્રાસ્તાવિક નોંધો તથા લેખોની અંદર આપેલી તેવા જ કૌંસમાં મૂકેલી સામગ્રી સંપાદકોએ લખેલી છે. મૂળમાં આવતા ગોળ કૌંસો કાયમ રાખવામાં આવ્યા છે. ગાંધીજીએ ટાંકેલાં ભાષણો, અવતરણો વગેરેનાં મૂળ લખાણો હાંસિયો છોડી ચાલુ ટાઈપમાં જ છાપવામાં આવ્યાં છે. ગાંધીજીના શબ્દોમાં ન હોય તેવાં લખાણો, ભાષણો તથા અદાલતના કામકાજ વગેરેના પરોક્ષ હેવાલો ચાલુ ટાઈપ અને ચાલુ માપમાં પણ પાતળા લેડમાં, એટલે કે લીટીઓ વચ્ચે ચાલુ અંતર કરતાં ઓછું અંતર રાખીને છાપ્યા છે.

અંગ્રેજી અને હિંદી લખાણનો તરજુમો, અસલ લખાણને વફાદાર રહીને, સરળતાથી સમજી શકાય તે રીતે કરવામાં આવ્યો છે.

લખાણની તારીખ, ઉપલબ્ધ હોય અથવા અનુમાનથી નક્કી કરેલી હોય ત્યાં પાનાને મથાળે જમણા હાથ પરના ખૂણામાં દર્શાવવામાં આવી છે. જો મૂળ લખાણ તારીખ વિનાનું મળ્યું હોય તો અનુમાનથી નક્કી કરેલી તારીખ, જરૂર મુજબ કારણો સાથે મોટા કૌંસમાં આપવામાં આવી છે. લખાણને અંતે લખાણનાં મૂળ તથા તારીખ આપવામાં આવ્યાં છે. એ તારીખ લખાણની પ્રસિદ્ધિની તારીખ છે. ગાંધીજીનાં જે લખાણો તારીખ વિનાનાં હોય અથવા જેની તારીખ ખાસ સંજોગો પ્રમાણે નક્કી થઈ શકી ન હોય તે પ્રગટ થયાની તારીખો પ્રમાણે ગોઠવવામાં આવ્યાં છે.

સત્યના પ્રયોગો અથવા આત્મકથાનો ઉલ્લેખ એ ગ્રંથની જુદી જુદી આવૃત્તિનાં જુદાં જુદાં પાનાંને લક્ષમાં લેતાં તે ગ્રંથના ભાગ અને પ્રકરણ પૂરતો મર્યાદિત છે.

મૂળ લખાણના ટૂંકાક્ષરી ઉલ્લેખોમાં એસ. એન. એટલે સાબરમતી સંગ્રહાલય, અમદાવાદના ઉપલબ્ધ દસ્તાવેજો; જી. એન. એટલે ગાંધી સ્મારક નિધિ અને સંગ્રહાલય, નવી દિલ્હીના દસ્તાવેજો; સી. ડબલ્યુ. એટલે "કલેક્ટેડ વર્ક્સ ઑફ મહાત્મા ગાંધી"એ છૂટક વ્યક્તિઓ પાસેથી મેળવેલા પત્રો.

આ ગ્રંથને પ્રસ્તુત હોય તેવી સામગ્રી પરિશિષ્ટમાં આપવામાં આવી છે. લખાણોના આધારરૂપ સાહિત્યની યાદી તથા આ ગ્રંથ જે સમયને આવરે છે તેની તારીખવાર નોંધ ગ્રંથના અંતભાગમાં આપવામાં આવી છે.

Gandhi Heritage Portal

# ઋણસ્વીકાર

આ પુસ્તકની સામગ્રી માટે અમે સાબરમતી આશ્રમ સંરક્ષક તથા સ્મારક ટ્રસ્ટ અને સંગ્રહાલય, નવજીવન ટ્રસ્ટ અને ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય, અમદાવાદ; ગાંધી સ્મારક નિધિ અને સંગ્રહાલય, નવી દિલ્હી; શ્રી ડી. એમ. પટેલ, અમદાવાદ; શ્રી વા. ગો. દેસાઈ, પૂના; શ્રી ઘનશ્યામદાસ બિરલા, કલકત્તા; શ્રી મહેશ પટ્ટણી, ભાવનગર; શ્રી નારણદાસ ગાંધી, રાજકોટ; મિ. એ. એચ. વેસ્ટ; શ્રીમતી વસુમતી પંડિત, સુરત; શ્રી શાંતિકુમાર મોરારજી, મુંબઈ; શ્રીમતી લક્ષ્મીબાઈ ખરે, અમદાવાદ; શ્રી પરશરામ મેહરોત્રા, નવી દિલ્હી; શ્રીમતી ગંગાબહેન વૈદ્ય; શ્રી ચંદ્રગુપ્ત વિદ્યાલંકાર, દિલ્હી; શ્રી કનુભાઈ મશરૂવાળા, અકોલા; શ્રીમતી શારદાબહેન શાહ, વઢવાણ; શ્રી નારાયણ દેસાઈ, બારડોલી; શ્રી કૃષ્ણદાસ; તથા નીચેનાં પુસ્તકોના પ્રકાશકોના આભારી છીએ :

बापुना पत्रो — ४ : मणिबहेन पटेलने, बापुनी प्रसादी, इन द शेडो ऑफ महात्मा, लाला लजपतराय : जीवनी, नरसिंहरावनी रोजनीशी, द स्टोरी ऑफ माय लाइफ, द वॉईस ऑफ फ्रिडम.

નીચેનાં વર્તમાનપત્રો તથા સામયિકોના પણ અમે આભારી છીએ :

अमृतबझार पत्रिका, बॉम्बे क्रॉनिकल, गुजराती, हिन्दी नवजीवन, हिन्दु, लीडर, नवजीवन, टाइम्स ऑफ इन्डिया અને यंग इन्डिया.

સંશોધન અને સંદર્ભ ગ્રંથોની સગવડો માટે ઑલ ઇન્ડિયા કૉંગ્રેસ કમિટી પુસ્તકાલય, ગાંધી સ્મારક સંગ્રહાલય, ઇન્ડિયન કાઉન્સિલ ઑફ વર્લ્ડ અૅફેર્સ પુસ્તકાલય, માહિતી અને પ્રસારણ મંત્રાલયનો સંશોધન અને સંદર્ભ વિભાગ, નવી દિલ્હી; સાબરમતી સંગ્રહાલય અને ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય, અમદાવાદ; અને શ્રી પ્યારેલાલ નય્યર, નવી દિલ્હી; તેમ જ દસ્તાવેજો તૈયાર કરવામાં સહાય કરવા માટે માહિતી અને પ્રસારણ મંત્રાલયનો ફોટો વિભાગ, નવી દિલ્હી; અમારા આભારને પાત્ર છે.

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal

11 AUG 1972

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| | પ્રસ્તાવના | ૫ |
| | વાચકોને સૂચના | ૧૦ |
| | ઋણસ્વીકાર | ૧૧ |
| ૧. | મારા જેલના અનુભવ – ૪ (૮–૫–'૨૪) | ૧ |
| ૨. | નોંધ (૮–૫–'૨૪) | ૪ |
| ૩. | પત્રલેખકોને (૮–૫–'૨૪) | ૮ |
| ૪. | આત્મખોજનું આમંત્રણ (૮–૫–'૨૪) | ૮ |
| ૫. | એ અસહકાર કહેવાય? (૮–૫–'૨૪) | ૧૩ |
| ૬. | ભગવાનદાસના પત્ર વિષે નોંધ (૮–૫–'૨૪) | ૧૫ |
| ૭. | જી. એ. નટેસનને પત્ર (૮–૫–'૨૪) | ૧૬ |
| ૮. | ડાહ્યાભાઈ મ. પટેલને પત્ર (૮–૫–'૨૪) | ૧૬ |
| ૯. | દેવચંદ પારેખને પત્ર (૮–૫–'૨૪) | ૧૭ |
| ૧૦. | વા. ગો. દેસાઈને પત્ર (૮–૫–'૨૪) | ૧૮ |
| ૧૧. | લજપતરાયને મોકલેલા કેબલનો ખરડો (૮–૫–'૨૪ કે તે પછી) | ૧૮ |
| ૧૨. | નરસિંહરાવ ભોળાનાથ દિવેટિયાને પત્ર (૧૦–૫–'૨૪) | ૧૯ |
| ૧૩. | મહાદેવ દેસાઈને પત્ર (૧૧–૫–'૨૪ પહેલાં) | ૨૦ |
| ૧૪. | અધીરું કાઠિયાવાડ (૧૧–૫–'૨૪) | ૨૧ |
| ૧૫. | આગામી પરિષદ (૧૧–૫–'૨૪) | ૨૪ |
| ૧૬. | મારી નોંધ (૧૧–૫–'૨૪) | ૨૮ |
| ૧૭. | મહાદેવ દેસાઈને પત્ર (૧૨–૫–'૨૪) | ૩૨ |
| ૧૮. | બોરસદની ગુજરાત રાજકીય પરિષદને સંદેશો (૧૩–૫–'૨૪) | ૩૪ |
| ૧૯. | એમ. આર. જયકરને પત્ર (૧૩–૫–'૨૪) | ૩૪ |
| ૨૦. | ઘનશ્યામદાસ બિરલાને પત્ર (૧૩–૫–'૨૪) | ૩૫ |
| ૨૧. | હકીમ અજમલખાનને તાર (૧૩–૫–'૨૪ કે તે પછી) | ૩૬ |
| ૨૨. | બોરસદની અંત્યજ પરિષદને સંદેશો (૧૪–૫–'૨૪) | ૩૬ |
| ૨૩. | દેવદાસ ગાંધીને પત્ર (૧૪–૫–'૨૪) | ૩૭ |
| ૨૪. | સર પ્રભાશંકર પટ્ટણીને પત્ર (૧૪–૫–'૨૪) | ૩૭ |
| ૨૫. | વા. ગો. દેસાઈને પત્ર (૧૪–૫–'૨૪) | ૩૮ |
| ૨૬. | નોંધ (૧૫–૫–'૨૪) | ૩૮ |
| ૨૭. | સામ્રાજ્યના માલનો બહિષ્કાર (૧૫–૫–'૨૪) | ૪૯ |
| ૨૮. | મારા જેલના અનુભવ – ૫ (૧૫–૫–'૨૪) | ૫૨ |
| ૨૯. | ધારાળાઓને સંદેશો (૧૫–૫–'૨૪) | ૫૭ |
| ૩૦. | એમિલ રોનિગરને પત્ર (૧૫–૫–'૨૪) | ૫૮ |


Gandhi Heritage Portal

| | |
|---|---|
| ૩૧. ન. ચિ. કેળકરને પત્ર (૧૫–૫–'૨૪) | ૫૯ |
| ૩૨. દેવચંદ પારેખને પત્ર (૧૫–૫–'૨૪) | ૬૦ |
| ૩૩. મણિબહેન પટેલને પત્ર (૧૬–૫–'૨૪) | ૬૧ |
| ૩૪. વિઠ્ઠલભાઈ ઝ. પટેલને પત્ર (૧૭–૫–'૨૪) | ૬૧ |
| ૩૫. નરસિંહરાવ ભોળાનાથ દિવેટિયાને પત્ર (૧૭–૫–'૨૪) | ૬૨ |
| ૩૬. મણિબહેન પટેલને પત્ર (૧૭–૫–'૨૪) | ૬૨ |
| ૩૭. હિન્દુને મુલાકાત (૧૭–૫–'૨૪) | ૬૩ |
| ૩૮. મારી નોંધ (૧૮–૫–'૨૪) | ૬૬ |
| ૩૯. ઘરનો કંકાસ (૧૮–૫–'૨૪) | ૬૯ |
| ૪૦. કાઠિયાવાડ શું કરે? (૧૮–૫–'૨૪) | ૭૧ |
| ૪૧. વણકરની આવક (૧૮–૫–'૨૪) | ૭૪ |
| ૪૨. કેટલીક મુસીબતો (૧૮–૫–'૨૪) | ૭૬ |
| ૪૩. બુદ્ધજયંતી (૧૮–૫–'૨૪) | ૭૮ |
| ૪૪. મહાદેવ દેસાઈને પત્ર (૧૯–૫–'૨૪) | ૮૦ |
| ૪૫. બાકરગંજ જિલ્લા પરિષદને કરેલો તાર (૨૦–૫–'૨૪) | ૮૦ |
| ૪૬. ઘનશ્યામદાસ બિરલાને પત્ર (૨૦–૫–'૨૪) | ૮૧ |
| ૪૭. દેવચંદ પારેખને પત્ર (૨૦–૫–'૨૪) | ૮૨ |
| ૪૮. મણિબહેન પટેલ અને દુર્ગા દેસાઈને પત્ર (૨૦–૫–'૨૪) | ૮૨ |
| ૪૯. એડા વેસ્ટને પત્ર (૨૦–૫–'૨૪) | ૮૩ |
| ૫૦. વાઈકોમ પ્રતિનિધિમંડળ સાથે મુલાકાત (૨૦–૫–'૨૪) | ૮૩ |
| ૫૧. સી. એફ. ઍન્ડ્રૂઝને પત્ર (૨૧–૫–'૨૪) | ૮૮ |
| ૫૨. મારા જેલના અનુભવ – ૬ (૨૨–૫–'૨૪) | ૮૮ |
| ૫૩. પરદેશી કાપડનો બહિષ્કાર (૨૨–૫–'૨૪) | ૯૩ |
| ૫૪. નોંધ (૨૨–૫–'૨૪) | ૯૬ |
| ૫૫. સરોજિનીનું બાળકોને ભાષણ (૨૨–૫–'૨૪) | ૧૦૨ |
| ૫૬. ધારાસભાઓ અને અસહકાર (૨૨–૫–'૨૪) | ૧૦૨ |
| ૫૭. વસુમતી પંડિતને પત્ર (૨૩–૫–'૨૪) | ૧૦૫ |
| ૫૮. મંત્રીને સૂચના (૨૩–૫–'૨૪ કે તે પછી) | ૧૦૫ |
| ૫૯. જી. વી. સુબ્બારાવને પત્ર (૨૪–૫–'૨૪) | ૧૦૬ |
| ૬૦. અલી હસનને પત્ર (૨૪–૫–'૨૪) | ૧૦૬ |
| ૬૧. ઘનશ્યામદાસ બિરલાને પત્ર (૨૪–૫–'૨૪) | ૧૦૭ |
| ૬૨. મારી પ્રાર્થના (૨૫–૫–'૨૪) | ૧૦૭ |
| ૬૩. બ્રહ્મચર્ય (૨૫–૫–'૨૪) | ૧૦૯ |
| ૬૪. મિલમજૂરો અને ખાદી (૨૫–૫–'૨૪) | ૧૧૨ |
| ૬૫. "સત્યાગ્રહી" ગાળો (૨૫–૫–'૨૪) | ૧૧૨ |
| ૬૬. "એક મુસ્લિમ" (૨૫–૫–'૨૪) | ૧૧૩ |
| ૬૭. કાઠિયાવાડ રજપૂત પરિષદ (૨૫–૫–'૨૪) | ૧૧૪ |


Gandhi Heritage Portal

૬૮. મોપલાઓને મદદ (૨૫–૫–'૨૪) ૧૧૬
૬૯. "વસન્તવિજય" (૨૫–૫–'૨૪) ૧૧૬
૭૦. મારી નોંધ (૨૫–૫–'૨૪) ૧૧૮
૭૧. રેંટિયાનો સ્વાધ્યાય (૨૫–૫–'૨૪) ૧૨૦
૭૨. વિવિધ વિષયો (૨૫–૫–'૨૪) ૧૨૧
૭૩. મણિબહેન પટેલને પત્ર (૨૬–૫–'૨૪) ૧૨૨
૭૪. શાંતિકુમાર મોરારજીને પત્ર (૨૮–૫–'૨૪ પહેલાં) ૧૨૨
૭૫. વા. ગો. દેસાઈને પત્ર (૨૮–૫–'૨૪) ૧૨૨
૭૬. સરલાદેવી ચોધરાણીને તાર (૨૯–૫–'૨૪ પહેલાં) ૧૨૩
૭૭. ના. મો. ખરેને પત્ર (૨૯–૫–'૨૪ પહેલાં) ૧૨૩
૭૮. હિંદુમુસલમાન (૨૯–૫–'૨૪) ૧૨૪
૭૯. મહાસભાનું તંત્ર (૨૯–૫–'૨૪) ૧૪૪
૮૦. મણિબહેન પટેલને પત્ર (૨૯–૫–'૨૪ પછી) ૧૪૮
૮૧. અબ્બાસ તૈયબજીને પત્ર (૩૦–૫–'૨૪) ૧૪૮
૮૨. સ્વાતંત્ર્યને મુલાકાત (૩૦–૫–'૨૪) ૧૪૯
૮૩. મહાદેવ દેસાઈને પત્ર (૩૧–૫–'૨૪) ૧૫૦
૮૪. ઍસોસિયેટેડ પ્રેસ ઑફ ઇન્ડિયાને મુલાકાત (૩૧–૫–'૨૪) ૧૫૧
૮૫. વીસનગરના હિંદુમુસલમાન (૧–૬–'૨૪) ૧૫૨
૮૬. મારી નોંધ (૧–૬–'૨૪) ૧૫૪
૮૭. કાઠિયાવાડીને અન્યાય? (૧–૬–'૨૪) ૧૫૮
૮૮. મને ક્ષમા આપજો (૧–૬–'૨૪) ૧૬૦
૮૯. વિદ્યાપીઠ અને આનંદશંકરભાઈ (૧–૬–'૨૪) ૧૬૦
૯૦. ગુરુકુળ કાંગડીમાં રેંટિયો (૧–૬–'૨૪) ૧૬૨
૯૧. પરિષદો ભરનારાને ઇશારો (૧–૬–'૨૪) ૧૬૨
૯૨. ઘનશ્યામદાસ બિરલાને પત્ર (૩–૬–'૨૪) ૧૬૩
૯૩. પરસરામ મેહરોત્રાને પત્ર (૩–૬–'૨૪) ૧૬૪
૯૪. સ્વાતંત્ર્યને મુલાકાત (૩–૬–'૨૪) ૧૬૪
૯૫. મારી નોંધ (૫–૬–'૨૪) ૧૬૬
૯૬. એકતાના ઇલાજ (૫–૬–'૨૪) ૧૭૫
૯૭. અખિલ હિંદ કૉંગ્રેસ સમિતિ (૫–૬–'૨૪) ૧૭૮
૯૮. મારા જેલના અનુભવ – ૭ (૫–૬–'૨૪) ૧૮૦
૯૯. મણિલાલ ગાંધીના પત્ર પર નોંધ (૫–૬–'૨૪) ૧૮૨
૧૦૦. સી. એફ. ઍન્ડ્રૂઝના પત્ર પર ટીકા (૫–૬–'૨૪) ૧૮૩
૧૦૧. પ્રેમનો અભાવ કે ઊભરો? (૫–૬–'૨૪) ૧૮૩
૧૦૨. મારી નોંધ (૫–૬–'૨૪) ૧૮૫
૧૦૩. ટાઇમ્સ ઑફ ઇન્ડિયાને મુલાકાત (૫–૬–'૨૪) ૧૮૬
૧૦૪. મથુરાદાસ ત્રિકમજીને પત્ર (૬–૬–'૨૪) ૧૯૦


Gandhi Heritage Portal

૧૦૫. વસુમતી પંડિતને પત્ર (૭–૬–'૨૪) ૧૯૦
૧૦૬. કાઠિયાવાડ રાજકીય પરિષદનું ધ્યેય (૮–૬–'૨૪) ૧૯૧
૧૦૭. મારા વિચારો (૮–૬–'૨૪) ૧૯૩
૧૦૮. મહાગુજરાતની ફરજ (૮–૬–'૨૪) ૧૯૪
૧૦૯. મારી નોંધ (૮–૬–'૨૪) ૧૯૬
૧૧૦. દેવચંદ પારેખને પત્ર (૮–૬–'૨૪) ૧૯૮
૧૧૧. હિન્દુને મુલાકાત (૮–૬–'૨૪) ૧૯૮
૧૧૨. કુલપતિનું ભાષણ (૧૦–૬–'૨૪) ૨૦૧
૧૧૩. વસુમતી પંડિતને પત્ર (૧૧–૬–'૨૪) ૨૦૬
૧૧૪. કાઠિયાવાડ રજપૂત પરિષદને સંદેશો (૧૧–૬–'૨૪) ૨૦૬
૧૧૫. મારા જેલના અનુભવ – ૮ (૧૨–૬–'૨૪) ૨૦૭
૧૧૬. અસ્પૃશ્યતા અને સ્વરાજ (૧૨–૬–'૨૪) ૨૦૯
૧૧૭. આર્યસમાજ (૧૨–૬–'૨૪) ૨૧૧
૧૧૮. નોંધ (૧૨–૬–'૨૪) ૨૧૩
૧૧૯. છોપ એટલે કાંતવાની હરીફાઈ (૧૨–૬–'૨૪) ૨૨૪
૧૨૦. એમ. આર. જયકરને પત્ર (૧૨–૬–'૨૪) ૨૨૫
૧૨૧. કે. માધવન નાયરને પત્ર (૧૨–૬–'૨૪) ૨૨૫
૧૨૨. વસુમતી પંડિતને પત્ર (૧૩–૬–'૨૪) ૨૨૬
૧૨૩. વા. ગો. દેસાઈને પત્ર (૧૪–૬–'૨૪) ૨૨૬
૧૨૪. સુરત જિલ્લો (૧૫–૬–'૨૪) ૨૨૭
૧૨૫. "મેડતા"નું "ખેડતા" (૧૫–૬–'૨૪) ૨૨૯
૧૨૬. દેશી રાજ્યમાં સત્યાગ્રહ (૧૫–૬–'૨૪) ૨૨૯
૧૨૭. આજ વિઠ કાલ (૧૫–૬–'૨૪) ૨૩૦
૧૨૮. ગુજરાતી આર્યસમાજીઓ પ્રત્યે (૧૫–૬–'૨૪) ૨૩૨
૧૨૯. વલ્લભભાઈની મૂંઝવણ (૧૫–૬–'૨૪) ૨૩૪
૧૩૦. "વાધરી સારુ ભેંસ" (૧૫–૬–'૨૪) ૨૩૫
૧૩૧. કામદારોને (૧૫–૬–'૨૪) ૨૩૫
૧૩૨. નોંધ (૧૫–૬–'૨૪) ૨૩૭
૧૩૩. નવીનચંદ્રને પત્ર (૧૬–૬–'૨૪) ૨૩૭
૧૩૪. જે. બી. પિટીટના પત્ર પર નોંધ (૧૭–૬–'૨૪ પછી) ૨૩૮
૧૩૫. ગંગાદીન છાવણીવાળાને તાર (૧૮–૬–'૨૪ કે તે પહેલાં) ૨૩૮
૧૩૬. વસુમતી પંડિતને પત્ર (૧૮–૬–'૨૪) ૨૩૮
૧૩૭. પ્રભાશંકર પટ્ટણીને પત્ર (૧૮–૬–'૨૪) ૨૩૯
૧૩૮. અબ્બાસ તૈયબજીને પત્ર (૧૮–૬–'૨૪) ૨૪૦
૧૩૯. નોંધ (૧૯–૬–'૨૪) ૨૪૦
૧૪૦. ફરી પાછા આર્યસમાજીઓ (૧૯–૬–'૨૪) ૨૪૬
૧૪૧. ખરી કસોટી (૧૯–૬–'૨૪) ૨૪૮


Gandhi Heritage Portal

૧૪૨. હિંદુ શું કરે? (૧૯–૬–'૨૪) ૨૫૧
૧૪૩. વસુમતી પંડિતને પત્ર (૨૦–૬–'૨૪) ૨૫૪
૧૪૪. ઘનશ્યામદાસ બિરલાને પત્ર (૨૧–૬–'૨૪) ૨૫૪
૧૪૫. એમ. આર. જયકરને પત્ર (૨૧–૬–'૨૪) ૨૫૫
૧૪૬. મથુરાદાસ ત્રિકમજીને પત્ર (૨૧–૬–'૨૪) ૨૫૬
૧૪૭. અબ્બાસ તૈયબજીને પત્ર (૨૧–૬–'૨૪) ૨૫૬
૧૪૮. મારી નોંધ (૨૨–૬–'૨૪) ૨૫૬
૧૪૯. પડદો ને પ્રતિજ્ઞા (૨૨–૬–'૨૪) ૨૫૮
૧૫૦. વણાવનારને (૨૨–૬–'૨૪) ૨૫૯
૧૫૧. વણાટમાં કમાણી (૨૨–૬–'૨૪) ૨૬૦
૧૫૨. ત્રણ પ્રશ્નો (૨૨–૬–'૨૪) ૨૬૧
૧૫૩. ગંગાબહેન વૈદ્યને પત્ર (૨૨–૬–'૨૪) ૨૬૨
૧૫૪. વસુમતી પંડિતને પત્ર (૨૩–૬–'૨૪) ૨૬૩
૧૫૫. ઍસોસિયેટેડ પ્રેસ ઑફ ઇન્ડિયાને મુલાકાત (૨૪–૬–'૨૪) ૨૬૪
૧૫૬. મહાસમિતિના સભ્યોને (૨૬–૬–'૨૪ પહેલાં) ૨૬૫
૧૫૭. મારા જેલના અનુભવ – ૯ (૨૬–૬–'૨૪) ૨૬૮
૧૫૮. આટલી પાશવતા! (૨૬–૬–'૨૪) ૨૭૧
૧૫૯. અકાલીઓની લડત (૨૬–૬–'૨૪) ૨૭૨
૧૬૦. નોંધ (૨૬–૬–'૨૪) ૨૭૪
૧૬૧. અખિલ હિંદ કૉંગ્રેસ સમિતિના ઠરાવો (૨૭–૬–'૨૪) ૨૮૩
૧૬૨. એક શોકગ્રસ્ત પિતાને પત્ર (૨૮–૬–'૨૪) ૨૮૪
૧૬૩. મહાસમિતિમાં ગાંધીજી (૨૮–૬–'૨૪) ૨૮૫
૧૬૪. શિક્ષાની કલમ અંગે ભાષણ અને ઠરાવ (૨૮–૬–'૨૪) ૨૯૦
૧૬૫. કેટલાક પ્રશ્નો (૨૯–૬–'૨૪) ૨૯૧
૧૬૬. ધાડ પડે ત્યારે (૨૯–૬–'૨૪) ૨૯૪
૧૬૭. હું હાર્યો (૨૯–૬–'૨૪) ૨૯૬
૧૬૮. પ્રાગજી અને સુરત (૨૯–૬–'૨૪) ૨૯૭
૧૬૯. ખુદાનો ગુનો કે કુદરતનો? (૨૯–૬–'૨૪) ૨૯૮
૧૭૦. નોંધ (૨૯–૬–'૨૪) ૩૦૧
૧૭૧. સુંદર સુધારો (૨૯–૬–'૨૪) ૩૦૨
૧૭૨. અખિલ હિંદ કૉંગ્રેસ સમિતિની બેઠકના ઠરાવો (૨૯–૬–'૨૪) ૩૦૩
૧૭૩. મહાસમિતિમાં ભાષણ (૩૦–૬–'૨૪) ૩૦૫
૧૭૪. ઍસોસિયેટેડ પ્રેસ ઑફ ઇન્ડિયાને મુલાકાત (૧–૭–'૨૪) ૩૦૬
૧૭૫. વાઈકોમના સત્યાગ્રહીઓને સંદેશો (૨–૭–'૨૪) ૩૦૮
૧૭૬. હાર્યો અને હણાયો (૩–૭–'૨૪) ૩૦૮
૧૭૭. મુંબઈ સરોજિનીને યાદ રાખે (૩–૭–'૨૪) ૩૧૪
૧૭૮. ગઈ મહાસમિતિ (૩–૭–'૨૪) ૩૧૬

ગાંધી સ્મારક સંગ્રહ ગ્રંથાલય
Gandhi Heritage Portal

૧૭૯. નોંધ (૩–૭–'૨૪) ૩૧૮
૧૮૦. પંડિત મોતીલાલ નેહરુને પત્ર (૩–૭–'૨૪) ૩૨૪
૧૮૧. પ્રભાશંકર પટ્ટણીને પત્ર (૩–૭–'૨૪) ૩૨૫
૧૮૨. ઘનશ્યામદાસ બિરલાને પત્ર (૩–૭–'૨૪) ૩૨૫
૧૮૩. લાલા લજપતરાયને પત્ર (૪–૭–'૨૪) ૩૨૬
૧૮૪. વસુમતી પંડિતને પત્ર (૪–૭–'૨૪) ૩૨૭
૧૮૫. નાફેરવાદીઓને સંદેશો (૪–૭–'૨૪) ૩૨૭
૧૮૬. જી. નલગોલાને તાર (૫–૭–'૨૪ કે તે પછી) ૩૨૮
૧૮૭. ગંગાબહેન વૈદ્યને પત્ર (૭–૭–'૨૪) ૩૨૮
૧૮૮. મથુરાદાસ ત્રિકમજીને તાર (૭–૭–'૨૪ કે તે પછી) ૩૨૯
૧૮૯. ઢાકા નેશનલ કૉલેજના વિદ્યાર્થીઓને તાર (૯–૭–'૨૪ કે તે પછી) ૩૨૯
૧૯૦. નોંધ (૧૦–૭–'૨૪) ૩૨૯
૧૯૧. મારા જેલના અનુભવ – ૧૦ (૧૦–૭–'૨૪) ૩૪૦
૧૯૨. કાંતવાનો ઠરાવ (૧૦–૭–'૨૪) ૩૪૫
૧૯૩. સૌનો એક કાર્યક્રમ (૧૦–૭–'૨૪) ૩૪૭
૧૯૪. વા. ગો. દેસાઈને પત્ર (૧૦–૭–'૨૪) ૩૪૯
૧૯૫. વસુમતી પંડિતને પત્ર (૧૧–૭–'૨૪) ૩૪૯
૧૯૬. ગુજરાત કૉંગ્રેસ સમિતિની સભામાં ભાષણ (૧૧–૭–'૨૪) ૩૫૦
૧૯૭. વસુમતી પંડિતને પત્ર (૧૨–૭–'૨૪) ૩૫૨
૧૯૮. બળાત્કાર કે સંયમ? (૧૩–૭–'૨૪) ૩૫૨
૧૯૯. બાળહત્યા (૧૩–૭–'૨૪) ૩૫૪
૨૦૦. ઇન્દ્ર વિદ્યાવાચસ્પતિને પત્ર (૧૫–૭–'૨૪) ૩૫૫
૨૦૧. કુંવરજી ખેતશી પારેખને પત્ર (૧૫–૭–'૨૪) ૩૫૫
૨૦૨. મથુરાદાસ ત્રિકમજીને પત્ર (૧૬–૭–'૨૪) ૩૫૬
૨૦૩. મથુરાદાસ ત્રિકમજીને પત્ર (૧૬–૭–'૨૪) ૩૫૬
૨૦૪. ગંગાબહેન વૈદ્યને પત્ર (૧૬–૭–'૨૪) ૩૫૬
૨૦૫. વસુમતી પંડિતને પત્ર (૧૬–૭–'૨૪) ૩૫૭
૨૦૬. મથુરાદાસ ત્રિકમજીને ચિઠ્ઠી (૧૬–૭–'૨૪ આસપાસ) ૩૫૭
૨૦૭. નોંધ (૧૭–૭–'૨૪) ૩૫૮
૨૦૮. "પ્રજાને વિનંતી" (૧૭–૭–'૨૪) ૩૬૬
૨૦૯. પ્રમુખ કોને કરવા? (૧૭–૭–'૨૪) ૩૬૯
૨૧૦. વર્ણસંકર કે વર્ણાશ્રમ? (૧૭–૭–'૨૪) ૩૭૧
૨૧૧. ખાદીની ગુંજાશ (૧૭–૭–'૨૪) ૩૭૪
૨૧૨. મિલોના બચાવમાં (૧૭–૭–'૨૪) ૩૭૬
૨૧૩. અધિકાર છીનવ્યાનો કિસ્સો (૧૭–૭–'૨૪) ૩૭૮
૨૧૪. નાનાભાઈ ઇચ્છારામ મશરૂવાળાને પત્ર (૧૯–૭–'૨૪) ૩૭૯
૨૧૫. જ્ઞાની કે અર્ધદગ્ધ? (૨૦–૭–'૨૪) ૩૭૯

Gandhi Heritage Portal

૨૧૬. પ્રશ્નોત્તરી (૨૦–૭–'૨૪) ૩૮૧
૨૧૭. મારી નોંધ (૨૦–૭–'૨૪) ૩૮૪
૨૧૮. વણાટમાં આવક (૨૦–૭–'૨૪) ૩૮૭
૨૧૯. "નવી જાતનો રેંટિયો" (૨૦–૭–'૨૪) ૩૮૭
૨૨૦. વા. ગો. દેસાઈને પત્ર (૨૦–૭–'૨૪) ૩૮૮
૨૨૧. ગંગાબહેન વૈદ્યને પત્ર (૨૨–૭–'૨૪) ૩૮૮
૨૨૨. ઈન્દ્ર વિદ્યાવાચસ્પતિને પત્ર (૨૨–૭–'૨૪) ૩૮૯
૨૨૩. ફૂલચંદ કે. શાહને પત્ર (૨૩–૭–'૨૪) ૩૮૯
૨૨૪. શિક્ષકોની દશા (૨૪–૭–'૨૪) ૩૯૦
૨૨૫. સી. એફ. ઍન્ડ્રૂઝના લેખ વિષે નોંધ (૨૪–૭–'૨૪) ૩૯૨
૨૨૬. સૂતરનું શું કરવું? (૨૪–૭–'૨૪) ૩૯૨
૨૨૭. દુ:ખદ ચિતાર (૨૪–૭–'૨૪) ૩૯૪
૨૨૮. સંકટગ્રસ્ત દક્ષિણ (૨૪–૭–'૨૪) ૩૯૬
૨૨૯. અફીણ સામે લડત (૨૪–૭–'૨૪) ૩૯૬
૨૩૦. "એવા રે અમો એવા" (૨૪–૭–'૨૪) ૩૯૯
૨૩૧. નોંધ (૨૪–૭–'૨૪) ૪૦૧
૨૩૨. એક મિત્રને પત્ર (૨૪–૭–'૨૪) ૪૦૮
૨૩૩. વિઠ્ઠલભાઈ ઝ. પટેલને પત્ર (૨૪–૭–'૨૪) ૪૦૯
૨૩૪. ઘનશ્યામદાસ બિરલાને પત્ર (૨૪–૭–'૨૪) ૪૦૯
૨૩૫. મહમદઅલીને તાર (૨૬–૭–'૨૪) ૪૧૦
૨૩૬. મોતીલાલ નેહરુને પત્ર (૨૬–૭–'૨૪) ૪૧૦
૨૩૭. જે. બી. પિટીટને પત્ર (૨૬–૭–'૨૪) ૪૧૧
૨૩૮. ડબલ્યુ. પોટોનને પત્ર (૨૬–૭–'૨૪) ૪૧૨
૨૩૯. ચાર્લ્સ એફ. વેલરને પત્ર (૨૬–૭–'૨૪) ૪૧૩
૨૪૦. વસુમતી પંડિતને પત્ર (૨૬–૭–'૨૪) ૪૧૪
૨૪૧. મારી નોંધ (૨૭–૭–'૨૪) ૪૧૪
૨૪૨. ધર્મની કસોટી (૨૭–૭–'૨૪) ૪૧૮
૨૪૩. ઝીણવટની જરૂર (૨૭–૭–'૨૪) ૪૧૯
૨૪૪. મારો કચ્છ (૨૭–૭–'૨૪) ૪૨૨
૨૪૫. એક ટેક (૨૭–૭–'૨૪) ૪૨૪
૨૪૬. ઈનકાર (૨૪–૭–'૨૪) ૪૨૫
૨૪૭. જવાહરલાલ નેહરુને પત્ર (૨૭–૭–'૨૪) ૪૨૬
૨૪૮. મહમદઅલીને પત્ર (૨૭–૭–'૨૪) ૪૨૭
૨૪૯. ભગવાનદાસને પત્ર (૨૭–૭–'૨૪) ૪૨૮
૨૫૦. ડૉ. સત્યપાલને પત્ર (૨૭–૭–'૨૪) ૪૨૯
૨૫૧. ડૉ. ચીમનદાસ જે. જગતિયાનીને પત્ર (૨૭–૭–'૨૪) ૪૨૯
૨૫૨. એમિલી હૉબહાઉસને પત્ર (૨૭–૭–'૨૪) ૪૩૦


Gandhi Heritage Portal

૨૫૩. ખુશીરામ દરિયાનોમલને પત્ર (૨૭–૭–'૨૪) ૪૩૦
૨૫૪. ધરણીધરપ્રસાદને પત્ર (૨૭–૭–'૨૪) ૪૩૧
૨૫૫. ડૉ. પટ્ટાભી સીતારામૈયા (૨૭–૭–'૨૪) ૪૩૧
૨૫૬. મોતીલાલ નેહરુને પત્ર (૨૭–૭–'૨૪) ૪૩૨
૨૫૭. શૌકતઅલીને પત્ર (૨૭–૭–'૨૪) ૪૩૩
૨૫૮. નાનાભાઈ ઇચ્છારામ મશરૂવાળાને પત્ર (૨૭–૭–'૨૪) ૪૩૪
૨૫૯. વા. ગો. દેસાઈને પત્ર (૨૭–૭–'૨૪) ૪૩૪
૨૬૦. ત્રિવેન્દ્રમ કૉંગ્રેસ રાહત સમિતિને તાર (૩૦–૭–'૨૪ કે તે પછી) ૪૩૫
૨૬૧. વર્ણાશ્રમ વિષે વધુ (૩૧–૭–'૨૪) ૪૩૫
૨૬૨. લોકમાન્યની પુણ્યતિથિ (૩૧–૭–'૨૪) ૪૩૬
૨૬૩. નોંધ (૩૧–૭–'૨૪) ૪૩૮
૨૬૪. શ્રીમતી વી. કે. વિલાસિનીને પત્ર (૩૧–૭–'૨૪) ૪૪૯
૨૬૫. સી. રાજગોપાલાચારીને તાર (૩૧–૭–'૨૪ કે તે પછી) ૪૪૯
૨૬૬. વન્દે માતરમ્‌ને સંદેશો (૧–૮–'૨૪) ૪૫૦
૨૬૭. આસફઅલીને પત્ર (૧–૮–'૨૪) ૪૫૦
૨૬૮. શિક્ષણ પરિષદમાં ગાંધીજી (૧–૮–'૨૪) ૪૫૧
૨૬૯. રાષ્ટ્રીય કેળવણી પરિષદના ઠરાવો (૧–૮–'૨૪) ૪૬૧
૨૭૦. રાષ્ટ્રીય કેળવણી પરિષદમાં ભાષણ (૨–૮–'૨૪) ૪૬૩
૨૭૧. રાષ્ટ્રીય કેળવણી પરિષદમાં ભાષણ (૨–૮–'૨૪) ૪૬૫
૨૭૨. ઇર્વિન બૅકટેના પત્ર પર લખેલી સૂચનાઓ (૨–૮–'૨૪ પછી) ૪૬૬
૨૭૩. મિલમાં અકસ્માત (૩–૮–'૨૪) ૪૬૭
૨૭૪. મારી નોંધ (૩–૮–'૨૪) ૪૬૯
૨૭૫. સરોજિની નાયડુને તાર (૪–૮–'૨૪) ૪૭૧
૨૭૬. હકીમ અજમલખાનને તાર (૪–૮–'૨૪) ૪૭૨
૨૭૭. ઇન્દ્ર વિદ્યાવાચસ્પતિને પત્ર (૪–૮–'૨૪) ૪૭૨
૨૭૮. વસુમતી પંડિતને પત્ર (૪–૮–'૨૪) ૪૭૩
૨૭૯. વા. ગો. દેસાઈને પત્ર (૪–૮–'૨૪) ૪૭૩
૨૮૦. અલ્લાહાબાદ કૉંગ્રેસના જનરલ સેક્રેટરીને તાર (૫–૮–'૨૪) ૪૭૪
૨૮૧. એની બેસન્ટને અંજલિ (૬–૮–'૨૪) ૪૭૪
૨૮૨. કામાક્ષી નટરાજનને પત્ર (૬–૮–'૨૪) ૪૭૫
૨૮૩. વા. ગો. દેસાઈને પત્ર (૬–૮–'૨૪) ૪૭૬
૨૮૪. ક્ષત્રિવટની ખામી (૭–૮–'૨૪) ૪૭૬
૨૮૫. શિક્ષકોની પરિષદ (૭–૮–'૨૪) ૪૭૮
૨૮૬. નોંધ (૭–૮–'૨૪) ૪૮૧
૨૮૭. ઍસોસિયેટેડ પ્રેસ ઑફ ઇન્ડિયાને મુલાકાત (૭–૮–'૨૪) ૪૯૦
૨૮૮. મહાવિદ્યાલયમાં ભાષણ (૮–૮–'૨૪) ૪૯૧
૨૮૯. મોતીલાલ નેહરુને પત્ર (૯–૮–'૨૪) ૪૯૪

Gandhi Heritage Portal

૨૯૦. બદરુલ હુસેનને પત્ર (૯–૮–'૨૪) ૪૯૫
૨૯૧. હંસેશ્વર રાયને પત્ર (૯–૮–'૨૪) ૪૯૬
૨૯૨. તીરથરામ જાનેજાને પત્ર (૯–૮–'૨૪) ૪૯૭
૨૯૩. અલીબંધુઓને પત્ર (૯–૮–'૨૪) ૪૯૮
૨૯૪. મજૂર મહાજનને સલાહ (૯–૮–'૨૪) ૪૯૮
૨૯૫. મલબારમાં પ્રલય (૧૦–૮–'૨૪) ૪૯૯
૨૯૬. શિક્ષણ પરિષદ (૧૦–૮–'૨૪) ૫૦૦
૨૯૭. મારી નોંધ (૧૦–૮–'૨૪) ૫૦૧
૨૯૮. માળા કે રેંટિયો? (૧૦–૮–'૨૪) ૫૦૩
૨૯૯. દાતાઓને વિનંતી (૧૦–૮–'૨૪) ૫૦૬
૩૦૦. એ. ડબલ્યુ. બેકરને પત્ર (૧૦–૮–'૨૪) ૫૦૬
૩૦૧. પોલ એફ. ક્રેસીને પત્ર (૧૦–૮–'૨૪) ૫૦૭
૩૦૨. લાલા બુલાકીરામને પત્ર (૧૦–૮–'૨૪) ૫૦૭
૩૦૩. આર. કાણેને પત્ર (૧૦–૮–'૨૪) ૫૦૮
૩૦૪. મંગળસિંહને પત્ર (૧૦–૮–'૨૪) ૫૦૮
૩૦૫. અલી હસનને પત્ર (૧૦–૮–'૨૪) ૫૦૯
૩૦૬. સી. આર. દાસને પત્ર (૧૦–૮–'૨૪) ૫૦૯
૩૦૭. જમનાલાલ બજાજને પત્ર (૧૦–૮–'૨૪) ૫૧૦
૩૦૮. વસુમતી પંડિતને પત્ર (૧૦–૮–'૨૪) ૫૧૦
૩૦૯. વા. ગો. દેસાઈને પત્ર (૧૦–૮–'૨૪) ૫૧૧
૩૧૦. ઘનશ્યામદાસ બિરલાને પત્ર (૧૦–૮–'૨૪) ૫૧૧
૩૧૧. શૌકતઅલીને પત્ર (૧૧–૮–'૨૪) ૫૧૨
૩૧૨. આનંદાનંદને પત્ર (૧૧–૮–'૨૪) ૫૧૩
૩૧૩. વા. ગો. દેસાઈને પત્ર (૧૧–૮–'૨૪) ૫૧૪
૩૧૪. ઘનશ્યામદાસ બિરલાને પત્ર (૧૧–૮–'૨૪) ૫૧૪
૩૧૫. સરોજિની નાયડુને તાર (૧૨–૮–'૨૪ કે તે પછી) ૫૧૫
૩૧૬. કે. માધવન નાયરને તાર (૧૨–૮–'૨૪ કે તે પછી) ૫૧૫
૩૧૭. મુંબઈ મ્યુનિસિપલ કૉર્પોરેશનને તાર (૧૨–૮–'૨૪ કે તે પછી) ૫૧૬
૩૧૮. નગીનદાસ અમૂલખરાયને પત્ર (૧૩–૮–'૨૪) ૫૧૬
૩૧૯. મથુરાદાસ ત્રિકમજીને પત્ર (૧૩–૮–'૨૪) ૫૧૬
૩૨૦. તેજના સંપાદકને પત્ર (૧૩–૮–'૨૪) ૫૧૭
૩૨૧. ઇન્દ્ર વિદ્યાવાચસ્પતિને પત્ર (૧૩–૮–'૨૪) ૫૧૭
૩૨૨. પૂછવાલાયક પ્રશ્નો (૧૪–૮–'૨૪) ૫૧૮
૩૨૩. જોઈએ છે — "ધમધમાટ!" (૧૪–૮–'૨૪) ૫૧૯
૩૨૪. એમાંથી લેવાનો બોધ (૧૪–૮–'૨૪) ૫૨૨
૩૨૫. નોંધ (૧૪–૮–'૨૪) ૫૨૩
૩૨૬. મહમદઅલીને તાર (૧૫–૮–'૨૪) ૫૩૧

Gandhi Heritage Portal

૩૨૭. સી. એફ. ઍન્ડ્રૂઝને તાર (૧૫–૮–'૨૪) ૫૩૨
૩૨૮. હકીમ અજમલખાનને તાર (૧૫–૮–'૨૪) ૫૩૨
૩૨૯. સૈફુદ્દીન કિચલુને પત્ર (૧૫–૮–'૨૪) ૫૩૩
૩૩૦. મોતીલાલ નેહરુને પત્ર (૧૫–૮–'૨૪) ૫૩૩
૩૩૧. કનિકાના રાજાને પત્ર (૧૫–૮–'૨૪) ૫૩૪
૩૩૨. સોન્જા શ્લેશીનને પત્ર (૧૫–૮–'૨૪) ૫૩૪
૩૩૩. કે. નટરાજનને પત્ર (૧૫–૮–'૨૪) ૫૩૬
૩૩૪. જમનાદાસ ગાંધીને પત્ર (૧૫–૮–'૨૪) ૫૩૭

**પરિશિષ્ટો**

૧. ડૉ. ભગવાનદાસનો પત્ર (૮–૫–'૨૪) ૫૩૮
૨. ધારાસભાપ્રવેશ વિષે સ્વરાજવાદીઓનું નિવેદન (૨૨–૫–'૨૪) ૫૪૦
૩. ડૉ. ભગવાનદાસનો પત્ર (૫–૬–'૨૪) ૫૪૩
૪. મોતીલાલ નેહરુના પત્રો (૨૫–૭–'૨૪ અને ૨૮–૭–'૨૪) ૫૪૭
આધારરૂપ સાહિત્ય ૫૫૦
તારીખવાર વૃત્તાંત ૫૫૧
સૂચિ ૫૫૩

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal

## અભ્યાસી પ્રત્યે

મારાં લખાણોના ઉદ્યમી અભ્યાસીને તેમ જ એમાં રસ લેનાર બીજાઓને કહેવા ઇચ્છું છું કે મને સર્વકાળે એકરૂપ જ દેખાવાની કશી પરવા નથી. સત્યની મારી શોધમાં મેં ઘણા વિચારોનો ત્યાગ કર્યો છે ને ઘણી નવી વસ્તુઓ શીખ્યો છું. ઉંમરમાં હું ભલે વૃદ્ધ થયો હોઉં, પણ મારો આંતરિક વિકાસ થતો અટક્યો છે અથવા દેહ પડ્યા પછી મારો વિકાસ અટકી જશે એવું મને લાગતું નથી. મને એક જ વસ્તુની પડી છે, ને તે પ્રતિક્ષણ સત્યનારાયણની વાણીને અનુસરવાની મારી તત્પરતા છે. અને તેથી કોઈને મારાં બે લખાણોમાં વિરોધ જેવું જણાય ત્યારે, જો તેને મારા ડહાપણ વિષે શ્રદ્ધા હોય તો એક જ વિષયનાં બે લખાણોમાંથી પાછલાને તે પ્રમાણભૂત માને.

હરિજનબંધુ, ૩૦-૪-'૩૩ — ગાંધીજી

Gandhi Heritage Portal

# ૧. મારા જેલના અનુભવ – ૪[1]

## "રાજદ્વારી" કેદીઓ

"રાજદ્વારી અને બીજા કેદીઓની વચ્ચે અમે કશો ભેદ કરતા નથી; તમારે માટે એવો કંઈ ભેદ કરવામાં આવે એમ તો તમે ન ઇચ્છો ને?" ગયા વર્ષની આખરે સર જૉર્જ લૉઇડ[2] જ્યારે યરવડામાં આવ્યા તે વેળાનાં તેમનાં આ વચનો છે. "રાજકીય" વિશેષણનો ભૂલથી મેં ઉપયોગ કરેલો તેના જવાબમાં તેઓ આમ બોલેલા. મારી ભૂલ થવી નહોતી જોઈતી, કારણ ગવર્નર સાહેબને એ શબ્દની સૂગ છે એ હું બરોબર જાણતો હતો. છતાં અજાયબ જેવી વાત છે કે અમારામાંના ઘણાખરાની ઇતિહાસની પત્રિકાઓ ઉપર "રાજદ્વારી" એવો શબ્દ લખેલો હતો. આ વિચિત્રતા વિષે મેં જ્યારે ટીકા કરી ત્યારે તે વેળાના સુપરિન્ટેન્ડેન્ટે મને કહેલું કે "એ ભેદ ખાનગી છે અને કેવળ અધિકારીઓની જાણ માટે જ છે, કેદીઓને એ ભેદ વિચારમાં લેવાની જરૂર નથી. એના ઉપરથી તમને કશો હક નથી મળી શકતો."

સર જૉર્જ લૉઇડનાં વચનો મને યાદ રહ્યાં છે તે પ્રમાણે શબ્દેશબ્દ મેં ઉપર આપ્યાં છે. એ વચનમાં ડંખ છે અને તે નાહકનો છે. કારણ તેમને ખબર હતી કે મારે તો કશી મહેરબાનીની કે કશા ભેદની ગરજ ન હતી. પ્રસંગવશાત્ આ વિષે સામાન્ય ચર્ચા થયેલી પણ તેમનો કહેવાનો ભાવ એ હતો કે "કાયદાની અને અધિકારીઓની દૃષ્ટિએ બીજાના કરતાં તમે કશાયે ચડિયાતા નથી." છતાં દુ:ખની અને વિચિત્ર વાત એ છે કે એ ભેદનો કંઈ પણ કારણ વિના જ્યારે તત્ત્વદૃષ્ટિએ વિરોધ કરવામાં આવતો હતો ત્યારે વ્યવહારમાં તેનો અમલ થતો હતો. માત્ર ઘણેખરે પ્રસંગે એ ભેદનો અમલ રાજદ્વારી કેદીઓની વિરુદ્ધ જ થતો.

વસ્તુત: ભેદ ટાળવા એ અશકય છે. જો કેદી મનુષ્ય છે એમ ન ભૂલવામાં આવે તો તો કેદીની રહેણી સમજવાની અને કેદખાનામાં તેની જિંદગી તે રહેણી સાથે બંધબેસતી કરવાની જરૂર રહેશે. એ કંઈ ગરીબ અને તવંગર, શિક્ષિત અને અશિક્ષિત વચ્ચે ભેદ પાડવાનો સવાલ નથી, પણ જુદા જુદા સંજોગોથી તેમનામાં કેળવાયેલી જુદી જુદી રહેણીનો એ સવાલ છે. આ સાચો ભેદ સહજભાવે સ્વીકારવાને બદલે કહેવામાં આવે છે કે ગુનો કરનારા માણસોએ સમજવું જોઈએ કે કાયદો કોઈની શરમ રાખતો નથી, અને તવંગર માણસ કે ગ્રૅજ્યુએટ કે મજૂર ગમે તે ચોરી કરે તોપણ સૌ કાયદાની દૃષ્ટિએ સરખા છે. શુદ્ધ કાયદાનો આ અવળો અર્થ છે. જો કાયદો કશો ભેદ ન કરતો હોય તો દરેકની સાથે તેની સહનશક્તિ પ્રમાણે વર્તાવ થવો જોઈએ. નાજુક બાંધાના ચોરને ત્રીસ ફટકા મારવા અને સશક્તને પણ તેટલા જ મારવા એમાં નિષ્પક્ષ ન્યાય નથી; પણ નબળાની સામે વેર રહેલું હશે અને જબરાના તરફ કદાચ પક્ષપાત થશે. તે જ પ્રમાણે કઠણ જમીન ઉપર પાથરેલી કાથાની ખરબચડી સાદડી

૧. આ લેખમાળાના પહેલા ત્રણ લેખો માટે જુઓ પુસ્તક ૨૩.

૨. મુંબઈના ગવર્નર; કેદીઓના વર્ગીકરણની બાબતમાં ગાંધીજીએ તેમને લખેલા પત્ર માટે જુઓ પુસ્તક ૨૩, પા. ૧૬૫.



Gandhi Heritage Portal

ઉપર પંડિત મોતીલાલજી[1] જેવાને સુવાડવા એમાં સમાન વર્તાવ નથી રહેલો — વધારે સજા રહેલી છે.

કેદી મનુષ્ય છે એ વાતનો જેલના વહીવટમાં સ્વીકાર થાય તો કેદીને જેલમાં દાખલ કરતાં આજે જે સંસ્કાર થાય છે તેને બદલે જુદા જ થાય. અંગૂઠાનાં નિશાન જરૂર લેવામાં આવે, અગાઉ કરેલા ગુના ભલે તેના નામ સામે નોંધવામાં આવે, પણ સાથે સાથે કેદીની ટેવો અને રહેણીકરણીની પણ વિગત નોંધાયેલી હશે. જો અધિકારીઓ કેદીઓને મનુષ્ય સમજતા થાય તો તેમણે સ્વીકારવી જોઈતી પ્રથાને વર્ણવનાર શબ્દ "ભેદ પાડવા" નહીં પણ "વર્ગીકરણ" એ છે. અમુક પ્રકારનું વર્ગીકરણ તો આજે મોજૂદ છે જ. દાખલા તરીકે કેટલાક "સર્કલ"માં કેદીઓને લાંબી કોટડીઓમાં ટોળીબંધ રાખવામાં આવે છે. વળી ભયંકર ગુનેગારોને માટે છૂટી છૂટી કોટડીઓ હોય છે, અને એકાંત કેદની સજાવાળાને માટે "અંધારી કોટડીઓ" હોય છે. "ફાંસી ખોલીઓ" હોય છે જેમાં ફાંસીને લાકડે ચડનારા કેદીઓને રાખવામાં આવે છે, અને આ ઉપરાંત કાચી કેદવાળાઓને માટે જુદી કોટડીઓ હોય છે. વાચકને આશ્ચર્ય થશે કે રાજદ્વારી કેદીઓને ઘણાખરાને જુદા વિભાગમાં અથવા "અંધારી કોટડી"માં રાખવામાં આવતા હતા. કેટલાકને તો "ફાંસી ખોલી"માં રાખવામાં આવતા હતા. પણ રખે હું અધિકારીઓને અન્યાય કરું. આ વિભાગો અને કોટડીઓની જેને ખબર નથી તેમને કદાચ લાગશે કે "ફાંસી ખોલી" જેવી કોટડીઓમાં કંઈ ખાસ ભૂંડાપણું હશે. પણ તેમ નથી. યરવડા જેલમાં બધી કોટડીઓની રચના સારી છે અને હવાવાળી છે. મોટામાં મોટો વાંધો તો કોટડીઓની આસપાસ ઊભા થયેલા વાતાવરણનો છે.

વર્ગીકરણ, મેં ઉપર બતાવ્યું તેમ, અનિવાર્ય છે અને હાલ મોજૂદ છે તો તે શાસ્ત્રીય અને મનુષ્યત્વવાળું શા સારુ ન હોવું જોઈએ? મારી સૂચના પ્રમાણે વર્ગીકરણમાં ફેરફાર કરવામાં આવે તો આખી પ્રથાને પલટી નાખવી જોઈએ એ હું જાણું છું. તેમ કરવામાં વધારે ખર્ચ થશે અને નવી પ્રથાને ચલાવનાર જુદા જ માણસો જોઈશે એ વિષે શંકા નથી. પણ આજે વધારે ખર્ચ થશે તો અંતે બચત જ થવાની છે. હું જે ફેરફાર સૂચવું છું તેનો મોટામાં મોટો ફાયદો તો એ થશે કે ગુનાઓનું પ્રમાણ અવશ્ય ઓછું થવાનું અને કેદીઓની જિંદગી સુધરવાની. પછી જેલો તે સુધારણાગૃહો (રેફર્મેટરી) હશે અને સમાજના પાપીઓ તે એ ગૃહોના સુધરેલા માનવંત સભ્યો હશે. આ દિવસ આવતાં બહુ વાર લાગવાનો સંભવ છે, પણ જૂની રૂઢિથી આપણે અંજાઈ ગયેલા ન હોઈએ તો આપણી જેલોને રેફર્મેટરી બનાવતાં બહુ મુશ્કેલી નહીં પડે.

અહીં એક જેલરનાં અર્થગર્ભ વચન મને યાદ આવે છે. તેણે કહેલું :

> ઝડતીના અને રિપોર્ટ કરવાના કેદીઓ જ્યારે હું દાખલ કરું છું ત્યારે ઘણી વાર હું મને પોતાને પૂછું છું કે આ બધાના કરતાં હું કેટલોક સારો છું? ઈશ્વરને ખબર છે કે અહીં આવેલા કેટલાક કેદીઓના કરતાં વધારે ભૂંડા ગુનાઓ મેં કર્યા છે. ફેર એટલો જ છે કે એ બિચારા પકડાયા અને હું બચી ગયો.

આ ભલા જેલરે જે કબૂલાત કરી તે આપણને સહુને કરવી પડે તેમ નથી? પકડાય છે

૧. મોતીલાલ નેહરુ (૧૮૬૧–૧૯૩૧); એક પ્રતિષ્ઠિત વકીલ અને સ્વરાજના નેતા; ૧૯૧૯ અને ૧૯૨૮માં ઇન્ડિયન નેશનલ કૉંગ્રેસના પ્રમુખ.

Gandhi Heritage Portal

તેના કરતાં નથી પકડાતા એવા ગુના ઘણા વધારે છે એ વાત સાચી નથી? સમાજ તેમના તરફ આંગળી કરતો નથી પણ પકડાવામાંથી બચવા જેટલી ચતુરાઈ જેમનામાં નથી એવાની સામે આંખો કાઢવાની આપણને ટેવ પડી છે, જ્યારે આવા ગરીબો કેદમાં જઈને વધારે રીઢા ગુનેગાર થાય છે.

કેદી પકડાય છે કે તેને જીવધારી પ્રમાણે રાખવાની શરૂઆત થાય છે. આરોપીને તત્ત્વત: તેનો ગુનો સાબિત ન થાય ત્યાં સુધી નિર્દોષ માનવામાં આવે છે, પણ વ્યવહારમાં તેના ઉપર જે માણસો મૂકવામાં આવેલા હોય છે તેઓ તેમના તરફ ગર્વ અને તિરસ્કારની નજરથી જુએ છે. માણસ અપરાધી ઠર્યો કે પછી સમાજે તો તેને ખોયો જ. કેદખાનાનું વાતાવરણ તેને હલકાઈની સ્થિતિ સ્વીકારી લેવાની ટેવ પાડે છે.

રાજદ્વારી કેદીઓ આ નિર્વીર્ય કરનારા વાતાવરણનો સામાન્ય રીતે ભોગ નથી થઈ પડતા, કારણ વાતાવરણની અધોગતિને વશ થવાને બદલે તેઓ તેની સામે થાય છે અને તેને કેટલેક દરજ્જે ઉન્નત પણ કરે છે, વળી સમાજ પણ તેમને કેદી ગણતો નથી. ઊલટા તેઓ તો વીરો અને શહીદો બને છે. જેલની તેમની વિપત્તિઓનાં ગાન વધારીને ગવાય છે અને કેટલીક વાર આ અતિશયતાથી રાજદ્વારી કેદીઓ પછડાય પણ છે. પણ દુર્ભાગ્યે લોક તેમને જેટલાં લાડ લડાવે છે તેટલા જ પ્રમાણમાં અમલદારો ઘણુંખરું નાહકના તેમને સતાવે છે. સરકાર રાજદ્વારી કેદીને સામાન્ય કેદી કરતાં વધારે ભયંકર સમજે છે. એક અમલદારે ગંભીરપણે દલીલ કરી હતી કે રાજદ્વારી કેદીના ગુનાથી આખો સમાજ જોખમમાં આવે છે, જ્યારે સામાન્ય ગુનાથી માત્ર ગુનેગારને જ હાનિ થાય છે.

બીજા એક અમલદારે મને કહ્યું હતું કે રાજદ્વારી કેદીઓને અલગ રાખી વર્તમાનપત્રો, માસિકો વગેરે નથી આપવામાં આવતાં તેનું કારણ તેમનો ગુનો તેઓ બરોબર સમજતા થાય એ છે. તેણે કહેલું કે રાજદ્વારી કેદીઓ તો કેદમાં બડાઈ માને છે. સામાન્ય કેદીની સ્વતંત્રતા લઈ લઈએ એટલે તેને દુ:ખ થાય છે જ્યારે રાજદ્વારી કેદીના પેટનું પાણીયે હાલતું નથી. એટલે સરકાર તેમને સજા કરવાની કંઈક બીજી રીત શોધે એ સ્વાભાવિક છે; અને તેથી જ તેમને સામાન્ય રીતે જે સગવડો આપવી જોઈએ તેવી નથી આપવામાં આવતી. અઠવાડિક टाइम्स ऑफ इन्डिया, इन्डियन सोशियल रिफॉर्मर, सर्वन्ट ऑफ इन्डिया, मॉडर्न रिव्यू અથવા इन्डियन रिव्यू મને આપવામાં આવે એવી માગણી મેં કરેલી તેના જવાબમાં આ કહેવામાં આવ્યું હતું. વર્તમાનપત્રોનો હક લઈ લેવામાં આવે એ નજીવી સજા છે એમ વાચક ન સમજે. કારણ જેમને તે નથી આપવામાં આવતાં તેમને તો વર્તમાનપત્રની અન્નના કરતાં ઓછી જરૂર નથી હોતી. મને ખાતરી છે કે ભાઈ મજલીને વર્તમાનપત્રો આપવામાં આવ્યાં હોત તો તેમનું મગજ નહીં બગડત.[૧] વળી હું તો કોઈ પણ સંજોગોમાં સુધારકનું કામ ઉપાડી લેનારો રહ્યો. પણ જેઓ મારા જેવા ન હોય તેમની શી ગતિ? યરવડામાં રાજદ્વારી કેદીઓને ભયંકર કેદીઓ સાથે મૂકવામાં આવતા હતા તેમ તેમને વિષે થાય તો તેમના મન ઉપર માઠી અસર થયા વિના રહે જ નહીં. જેમને બોલે બોલે બીભત્સ શબ્દ જ હોય છે અને જેમની વાતચીતનો અશ્લીલ સિવાય બીજો વિષય જ હોતો નથી તેમની સાથે રાતદિવસ ગાળવા એ કંઈ ખાવાના ખેલ નથી. હા; જો સરકાર સામાન્ય કેદીઓના ઉપર સારી અસર પાડવા ખાતર આવા કેદીઓની

૧. જુઓ પુસ્તક ૨૩, પા. ૩૩૫–૬.

Gandhi Heritage Portal

સાથે મસલત કરી તેમને ગુનેગારોની વચ્ચે મૂકે તો તે સમજી શકાય એવી વાત છે. પણ આ તો સપના જેવી વાત છે એ હું કબૂલ કરું છું. મારું તાત્પર્ય એ છે કે રાજદ્વારી કેદીઓને દૂષિત વાતાવરણમાં રાખવા એ તેમને વધારાની અને નાહકની સજા છે. તેમને જુદા વિભાગમાં મૂકવા જોઈએ અને તેમની પૂર્વની રહેણી મુજબ તેમની સાથે વર્તાવ થવો જોઈએ.

આ અને બીજા જે પ્રકરણમાં જેલોના સુધારાની મેં વાત કરી છે તેનો સત્યાગ્રહીઓ અનર્થ ન કરે એવી આશા રાખું છું. જે અગવડ ખમવાનું તેને માથે આવી પડે તેનો વિરોધ કરવો એ સત્યાગ્રહીને ન છાજે. ખરાબમાં ખરાબ વર્તાવ સહન કરવાને માટે તો તેણે પ્રતિજ્ઞા લીધેલી છે. વર્તાવ દયાભર્યો હશે તો ઠીક છે; ન હશે તોયે શું બગડયું?

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ८-५-१९२४

ભાષાંતર: नवजीवन, ११-५-१९२४ તથા यरवडाना अनुभव

## ૨. નોંધ[1]

### મરહૂમ શ્રીમતી રમાબાઈ રાનડે

રમાબાઈ રાનડેના[2] મૃત્યુથી દેશને મોટી ખોટ પડી છે. હિંદુ વિધવા જે કંઈ હોઈ શકે તે બધું એમનામાં મૂર્ત સ્વરૂપ પામ્યું હતું. પોતાના નામાંકિત પતિના જીવન દરમિયાન તેઓ તેમનાં સાચાં મિત્ર અને સહાયક હતાં. પતિના મૃત્યુ પછી તેમના એક કાર્યને તેમણે પોતાના જીવનકાર્ય તરીકે પસંદ કર્યું હતું. શ્રી રાનડે[3] એક સુધારક હતા અને હિંદના સ્ત્રીસમાજના ઉદ્ધારમાં એમને ઊંડો રસ હતો. આથી રમાબાઈએ સેવાસદનના કાર્યમાં તન-મન-ધનથી ઝંપલાવ્યું. પોતાની તમામ શક્તિ એમણે એ કાર્યમાં કેન્દ્રિત કરી. પરિણામ એ આવ્યું છે કે સેવાસદન એક એવી સંસ્થા બની છે જેનો દેશભરમાં જોટો નથી. લગભગ એક હજાર સ્ત્રીઓ અને કન્યાઓને તે કેળવણી આપે છે. કર્નલ મૅડકે[4] મને કહ્યું હતું કે તેમની ઈસ્પિતાલે જ સારામાં સારી અને વધારેમાં વધારે સંખ્યામાં દેશી પરિચારિકાઓને તાલીમ આપીને બહાર મોકલી છે. આ બધી બહેનો સેવાસદનમાંથી આવી હતી. બેશક, રમાબાઈને શ્રી દેવધર[5] જેવા અથાક પરિશ્રમ કરનારા અને ઝીણામાં ઝીણી વિગતોમાં ઊતરવાની શક્તિ ધરાવનારા કાર્યકર્તા મળ્યા હતા. પરંતુ આવા શક્તિશાળી અને વફાદાર સહકાર્યકર્તાઓ એમને મળ્યા એ તો રમાબાઈની ખાસ લાયકાત બતાવે છે. સેવાસદન એમની પવિત્ર સ્મૃતિનું સદાને માટે જીવંત સ્મારક

૧. આ નોંધમાં "આચાર્ય ગિદવાણી", એ પેટામથાળાવાળા ભાગનું ભાષાંતર नवजीवननो वधारो, ૮-૫-૧૯૨૪ના અંકમાંથી આપ્યું છે.

૨. ૧૮૬૨-૧૯૨૪; મહાદેવ ગોવિંદ રાનડેનાં પત્ની.

૩. ૧૮૪૨-૧૯૦૧; જાણીતા ન્યાયમૂર્તિ અને ઇન્ડિયન નૅશનલ કૉંગ્રેસના એક સ્થાપક.

૪. પૂનાની સાસૂન ઈસ્પિતાલના સર્જન-જનરલ, જાન્યુઆરી ૧૯૨૪માં એમણે ગાંધીજીને ઍપેન્ડિસાઇટિસનું ઑપરેશન કર્યું હતું.

૫. જી. કે. દેવધર; સર્વન્ટ્સ ઑફ ઇન્ડિયા સોસાયટીના સભ્ય, પાછળથી તેના પ્રમુખ.

Gandhi Heritage Portal

બની રહેશે. સદ્‌ગત બહેનના કુટુંબ પ્રત્યે, અને સેવાસદનનાં એમનાં અનેક સંતાનો પ્રત્યે હું મારી નમ્ર સહાનુભૂતિ પાઠવું છું.

### આચાર્ય ગિદવાણી[1]

આચાર્ય ગિદવાણીનાં ધર્મપત્ની શ્રીમતી ગંગાબહેન પાસેથી મેં ગિદવાણીજીના ખબર મગાવ્યા હતા તેના જવાબમાં તેઓ લખે છે:

> થોડી મુદત પર જ્યારે હું મારા પતિને મળવા ગઈ હતી ત્યારે મેં જોયું કે જેલ અમલદારોનું તેમના પ્રત્યેનું વર્તન તોછડાઈભરેલું હતું. મારા પતિ કોટડીમાં બંધ હતા. એમના શરીર પરનાં કપડાં મેલાં હતાં. શરીર ઘણું સુકાયું હતું કારણ તેમણે સાત દિવસ લગી ઉપવાસ કર્યા હતા. અગાઉ જ્યારે ચૌરીચૌરાના રમખાણ વેળાએ તેમણે ઉપવાસ કરેલા ત્યારે એટલા સુકાયા નહોતા. બીજા કેદીઓને મળે છે તેવું જ ખાવાનું એમને પણ મળે છે. એમની મુલાકાત કરવા જનારના માર્ગમાં હર તરેહની અડચણો નાખવામાં આવે છે. મારા દિયરે એમની મુલાકાત કરવા બે વેળા લખાણ કર્યું પણ વ્યર્થ. પણ હું વલોપાત કરતી નથી. માણસ વિપત્તિમાંથી પસાર થઈને જ ચડે છે.

આ એક પતિપરાયણ સ્ત્રીનું લખાણ છે. શ્રીમતી ગંગાબહેન ગિદવાણીનો કાગળ કંઈ છાપામાં પ્રગટ થવાને સારુ લખાયેલો નથી. એ તો જે મિત્રની મારફત મેં એમની પાસેથી આચાર્ય ગિદવાણીજીની જેલમાં શી સ્થિતિ છે એ વિષે ખબર પુછાવેલા તેમના પર શ્રીમતી ગંગાબહેન ગિદવાણીએ લખેલો ઘરગતુ કાગળ છે. આ કાગળમાં વર્ણવી છે તેવી વસ્તુસ્થિતિ હોય તો તે નાભાના રાજ્યતંત્રને મુદ્દલ શોભા આપનારી નથી. આનો અર્થ તો એ થયો કે આચાર્ય ગિદવાણીને તેમની કેસતપાસ કશું ન ચલાવ્યા છતાં એક સામાન્ય ગુનેગાર તરીકે રાખવામાં આવે છે. મિ. ઝીમંડે બહાર પાડ્યું છે તે મુજબ આચાર્ય ગિદવાણી શુદ્ધ દયાધર્મના કાર્ય ખાતર નાભા રાજ્યની સરહદમાં દાખલ થયા હતા. હું નાભા રાજ્યના કારભારીઓને આથી ઊલટું પુરવાર કરવા અગર તો ઉપલા કાગળમાં જણાવેલી હકીકત વિષે ખુલાસો કરવા નોતરું છું. શ્રીમતી ગંગાબહેન ગિદવાણીની હકીકતને જેમ મેં પ્રગટ કરી છે તેમ તેમના તરફના ખુલાસાની પણ હું તેટલી જ જાહેરાત કરીશ.

### પત્રકારિત્વની ભાષા

એક મિત્ર લખે છે:

> “મહાત્માને માનપત્ર” નામનો ક્રૉનિકલનો અગ્રલેખ આપે વાંચ્યો? લેખક એમાં જણાવે છે: “હેવાલને અથવા બે કે ત્રણ વિરોધીઓએ કરેલાં ભાષણોને જો આપણે વિરોધના સૂચક ચિહ્‌ન તરીકે સ્વીકારીએ તો એ વિરોધ કેવળ કરવા ખાતર કરેલો વિરોધ હતો અને તે જે લોકો વાંકું બોલવાનો ધંધો લઈ બેઠા છે તેમના પૂરતો તથા મહાત્માની ચળવળને મળેલી સફળતાની અદેખાઈને લીધે જેમની રગોમાં વહેતું લોહી ઝેર બની ગયું છે એવા લોકો પૂરતો મર્યાદિત હતો.” જ્યારે ટાઇમ્સ મિ. મહમદઅલી વિષે લખે છે ત્યારે આપ એને ઉપદેશ આપવા બેસો છો. તો જે ક્રૉનિકલ આપનું અનુયાયી હોવાનો દાવો કરે છે અને રાજદ્વારી ક્ષેત્રના વિરોધીઓ પ્રત્યે જૂઠાણાથી ભરેલી અને બેફામ ભાષા વાપરે છે તેને આપે કશું કહેવાનું નહીં?

૧. એ. ટી. ગિદવાણી; અમદાવાદની ગૂજરાત વિદ્યાપીઠના આચાર્ય.

Gandhi Heritage Portal

ટાઇમ્સને ઉપદેશ આપ્યાનું મારા ખ્યાલમાં નથી. એમ કરવાનું મને મન થાય તોપણ મારામાં એવી હિંમત નથી. દેખીતું છે કે આજકાલ કેટલાંક દેશી ભાષાનાં છાપામાં ચાલી રહેલી બદગોઈ કરવાની ઝુંબેશ વિષે મેં કરેલી ટીકાને અનુલક્ષીને લેખક આમ કહે છે. બન્યું એવું કે દેશી ભાષાનાં છાપાંમાંથી લીધેલા ઉતારાનાં ભાષાંતરો ટાઇમ્સ ઑફ ઇન્ડિયાની કટારોમાં મારા વાંચવામાં આવ્યાં, એટલે મારે ટાઇમ્સનો ઉલ્લેખ ફરજિયાત કરવો પડ્યો. પરંતુ મેં જે સલાહ આપી હતી તે ટાઇમ્સ ઑફ ઇન્ડિયાને નહીં, પણ લાગતાંવળગતાં દેશી ભાષાનાં છાપાંને આપી હતી. લેખક મારું લખાણ ફરીથી વાંચીને આની ખાતરી કરી શકે છે. પરંતુ ટાઇમ્સને ઉપદેશ આપ્યાનો આરોપ કબૂલ નહીં રાખવા છતાં હું એટલું કહેવા તૈયાર છું કે ક્રૉનિકલના લેખકે, પોતે સ્વીકારેલા અહિંસક અસહકારના સિદ્ધાંતને વફાદાર રહીને, માનપત્રના વિરોધીઓ પર દોષારોપણ કરવાથી અળગા રહેવું જોઈતું હતું. મને પત્ર લખનાર સમક્ષ મારે કબૂલ કરવું જોઈએ કે એમણે જણાવેલો લેખ મ વાંચ્યો નથી. સામાન્ય રીતે હિંદનાં છાપામાં મારે વિષે આવતાં લખાણો હું વાંચતો નથી, પછી એમાં મારાં વખાણ હોય કે નિંદા હોય. મારે વખાણની જરૂર નથી કેમ કે બહારની આવી મદદ વિના જ મારી જાત વિષે હું પૂરતું અભિમાન ધરાવું છું, નિંદાઓ વાંચવાનું હું ટાળું છું, તેનું કારણ એ છે કે મારામાં રહેલી આસુરી વૃત્તિ કદાચ મારી દૈવી વૃત્તિ પર સવાર થઈ જાય અને મારી અહિંસાને ક્ષતિ પહોંચાડે. ક્રૉનિકલના લખાણ વિષેની મારી ટીકા આખો લેખ વાંચ્યા પછી ઘટતા સુધારા માગી લે છે. પરંતુ હું માની લઉં છું કે એ ટીકા શ્રી જે. બી. પિટીટ[1] અને શ્રી કાનજી દ્વારકાદાસને[2] લાગુ પડે છે. એ બંનેને સારી રીતે ઓળખવાનો લાભ મને મળ્યો છે. અસહકાર શરૂ થયો તે પહેલાં અમારા સંબંધો જેવા મૈત્રીભર્યા હતા તેવા આજે પણ છે. એમના પૈકી એકેયને મારા પ્રત્યે વેરઝેર હોય એમ હું કલ્પી શકતો નથી. એમને મારી રીતરસમ ગમતી નથી એ તો તેઓ છડેચોક કહે છે. તેમ છતાં એટલું તો ખરું કે માત્ર વિરોધ ખાતર વિરોધ તેઓ કરે જ નહીં. માનપત્રની તરફેણમાં મત આપનારાઓ પાસેથી મેં સાંભળ્યું છે કે શ્રી પિટીટ એટલા સંયમથી બોલ્યા હતા કે એમનો સ્વભાવ જોતાં એ આશ્ચર્યજનક કહેવાય. હું જાણું છું કે એઓ જ્યારે લગામ છૂટી મૂકવા માગે છે ત્યારે મૂકી શકે છે, પરંતુ એઓ સમજી ગયા કે એક મિત્રને લગતી વાત હોવાથી પોતાને એક દુ:ખદ ફરજ બજાવવાની છે, કૉર્પોરેશનના એક જૂના સભ્ય તરીકે એમને લાગ્યું કે જે વ્યક્તિના સૌજન્યને એની (શ્રી પિટીટની દૃષ્ટિએ) ખૂબ જ કંટાળાભરી રાજનીતિથી અલગ રાખીને જોઈ શકાય તેમ નથી એવી વ્યક્તિને માન-પત્ર આપવાનો ઠરાવ કરવામાં કૉર્પોરેશન પોતાની પરંપરાને નેવે મૂકી રહ્યું છે. શ્રી પિટીટ અને શ્રી કાનજી પ્રામાણિકપણે માનતા હતા કે મુંબઈ મ્યુનિસિપલ કૉર્પોરેશન એક ખોટું પગલું લઈ રહ્યું છે. તેથી એ પગલા સામે એમણે પોતાનો વિરોધ નોંધાવ્યો એ મારા નમ્ર મત પ્રમાણે વાજબી હતું. એટલું ખરું કે આપણા જાહેર જીવનમાં આજકાલ બીજાના હેતુઓ બાબતમાં દોષારોપણ કરવાનું પ્રમાણ ઘણું વધી ગયું છે. (સહકાર કરનારાઓની વાત તો બાજુએ જ રહી, પણ) નાફેરવાદીઓના દોષારોપણમાં કોઈ સ્વરાજ પક્ષવાળો પણ બચી શક્યો નથી. એ જ રીતે સ્વરાજ પક્ષવાળાઓ નાફેરવાદીઓ ઉપર દોષારોપણ કર્યા વિના

૧. મુંબઈના એક પારસી સખાવતી.
૨. હોમ રૂલ લીગના એક આગેવાન સભ્ય અને ગાંધીજીના મિત્ર.

Gandhi Heritage Portal

રહેતા નથી. અને લિબરલો ઉપર તો બંને તરફથી પ્રહારો થાય છે. જે ગૃહસ્થો અગાઉ પ્રામાણિક મનાતા હતા તેઓ પોતાનો રાજકારણી રંગ બદલે એટલે એકાએક અપ્રામાણિક શા માટે બની જવા જોઈએ? આ બાબતમાં સાવધાન રહેવાને અસહકારીઓને એક ખાસ કારણ છે, કેમ કે જો કોઈ બદલાયું હોય તો તેઓ જ બદલાયા છે, તેમના વિરોધીઓ બદલાયા નથી. આપણા મત સાથે વિરોધીઓ પૂરેપૂરા મળતા ન થાય તો તેમાં વાંક તેમનો ન હોઈ શકે. એટલે હું તો મારો બધો રોષ વિરોધી વિચાર ધરાવનારા માણસો કરતાં તેમના વિચારો પર ઠાલવવાનું પસંદ કરું.

## વાઈકોમ સત્યાગ્રહ

મને લાગે છે કે વાઇકોમ સત્યાગ્રહ એની મર્યાદાઓ ઓળંગી રહ્યો છે. હું જરૂર એવી આશા રાખું છું કે શીખોનું મફત રસોડું બંધ કરી દેવામાં આવશે અને ચળવળને હિંદુઓ પૂરતી જ મર્યાદિત બનાવી દેવામાં આવશે. જેમ કૉંગ્રેસના કાર્યક્રમમાં ખિલાફતનો સવાલ સામેલ કરવાથી તે મુસ્લિમો અને બિનમુસ્લિમોની ચળવળ નથી બની ગઈ, તે જ રીતે વાઇકોમ સત્યાગ્રહના આ સવાલને કૉંગ્રેસના કાર્યક્રમમાં સામેલ કરવાથી એ હિંદુઓ અને બિનહિંદુઓનો બની જતો નથી. એ ઉપરાંત, ખિલાફતની ચળવળના વિરોધીઓ બ્રિટિશ સરકારના રૂપમાં બિન-મુસ્લિમો હતા. જો મુસલમાનોની પોતાની જ કોમની અંદર અંદરની ધાર્મિક તકરારમાં હિંદુઓ અગર બીજા બિનમુસ્લિમો વચ્ચે પડે તો તે દખલગીરી જ કહેવાય, અને મુસલમાનો એને ધૃષ્ટતા માને તો તે વાજબી ગણાય. એ જ રીતે જે સુધારો પૂરેપૂરો હિંદુ કોમનો સુધારો ગણાય છે એમાં બીજાઓ માથું મારે તો રૂઢિચુસ્ત હિંદુઓ એનો જરૂર વિરોધ કરે. જો મલ-બારના હિંદુ સુધારકો બિનહિંદુઓના સદ્ભાવ ઉપરાંત તેમની દખલગીરી કે મદદનો સ્વીકાર કરશે કે તેને ઉત્તેજન આપશે, તો તેઓ સમગ્ર હિંદુ કોમની સહાનુભૂતિ ખોઈ બેસશે. હું ચોક્કસ માનું છું કે વાઇકોમમાં ચળવળ ચલાવી રહેલા હિંદુ સુધારકો, પોતાના રૂઢિચુસ્ત ભાઈઓને બળ-જબરીથી પોતાના વિચારના કરવા માગતા નથી. આ બધું છતાં સત્યાગ્રહીએ નહીં ઓળંગ-વાની લક્ષ્મણરેખા તેઓ સમજી લે. સુધારકોને મારો આદરપૂર્વક આગ્રહ છે કે તમે રૂઢિચુસ્તોને તમારા તેજથી આંજી નાખશો નહીં. એક વાર વાઇકોમનો તકરારી રસ્તો બધા માટે ખુલ્લો મૂકવામાં આવશે એટલે અસ્પૃશ્યતાના સવાલનો ઉકેલ મલબારમાં પણ આવી જશે એ માન્યતાથી હું જુદો પડું છું. વાઈકોમમાં જો આપણે જીતીશું અને જો એ જીત અહિંસક હશે તો બેશક એથી પૂજારીવર્ગના વહેમનો કિલ્લો એકંદરે હાલી ઊઠશે. પરંતુ જ્યાં જ્યાં આ સવાલ ઊભો થશે ત્યાં ત્યાં દરેક સ્થળે એને સ્થાનિક રીતે જ હલ કરવો પડશે. ગુજરાતમાં એક સ્થળે એક કૂવો અસ્પૃશ્યો માટે ખુલ્લો મુકાય, એટલે ગુજરાતમાં તમામ કૂવાઓ એમને માટે ખુલ્લા મુકાઈ જશે એવું ફલિત થતું નથી. અને જો હિંદુ સુધારકોના ખ્રિસ્તી, મુસલમાન, અકાલી અને અન્ય બિનહિંદુ મિત્રો રૂઢિચુસ્ત હિંદુઓ વિરુદ્ધ દેખાવો કરે, સુધારકોને નાણાં પૂરાં પાડે અને આખરે રૂઢિચુસ્ત હિંદુઓને આંજી દઈને શરણે લાવે, તો હિંદુ ધર્મની શી વલે થાય? એ સત્યાગ્રહ કહેવાશે? એવી શરણાગતિ ઐચ્છિક ગણાય ખરી? એ હિંદુ ધર્મમાં થયેલો સુધારો કહેવાશે?

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ८–५–१९२४

Gandhi Heritage Portal

## ૩. પત્રલેખકોને[1]

મને પત્રો લખનારાઓની સંખ્યા રોજ રોજ વધતી જાય છે. આમાં જેઓ મને સંપાદક તરીકે લખે છે, તેમ જ જેઓ જાહેર પ્રશ્નો અંગે લખે છે અને સલાહ માગે છે, આ બંને પ્રકારના પત્રલેખકોનો સમાવેશ થાય છે. એમને હું ખાતરી આપું છું કે આ લખાણો મારાથી વંચાય એટલાં હું વાંચું છું અને એ અંગે આ પત્રની કટારોમાં મારી શક્તિ અનુસાર લખું છું. પરંતુ હું કબૂલ કરું છું કે પત્રલેખકોએ ચર્ચેલી અગત્યની તમામ બાબતોની પૂરેપૂરી છણાવટ મારાથી થઈ શકતી નથી તેમ તેમને સહુને જુદા જુદા જવાબો લખવાનું પણ મારે માટે શક્ય નથી. યંગ ઇન્ડિયાને તેઓ કૃપા કરીને પોતાને મળેલો અંગત પત્ર ગણી લે. લખાણ ઉપર ધ્યાન આપી શકાય તે માટે તે ટૂંકું, વાંચી શકાય તેવા અક્ષરોમાં લખેલું અને અંગત ઉલ્લેખો વિનાનું હોવું જોઈએ.

[મૂળ અંગ્રેજી]

યંગ ઇન્ડિયા, ૮–૫–૧૯૨૪

## ૪. આત્મખોજનું આમંત્રણ

એક સન્માનનીય પત્રલેખક તરફથી મળેલો નીચેનો પત્ર પ્રગટ કરતાં મને આનંદની સાથે દુ:ખ પણ થાય છે:

> યંગ ઇન્ડિયામાં આવેલા તાજેતરના લેખે મારી ઘણીખરી શંકાઓ દૂર કરી છે, પરંતુ હજુ પણ થોડા સવાલો એવા છે જેની ખાસ ચોખવટ થાય એમ હું ઇચ્છું છું. આ પ્રશ્નો યંગ ઇન્ડિયામાં વહેલી તકે છપાવા જોઈએ એમ પણ હું ઇચ્છું છું. ધારાસભાપ્રવેશ વિષેના આપના વિચારો હવે તદ્દન સ્પષ્ટ થયા છે એટલે એ વિષે મારા મનમાં મૂંઝવણ રહી નથી. પરંતુ હું ઇચ્છું છું કે મ્યુનિસિપાલિટીઓ અને જિલ્લા બોર્ડોમાં બેઠકો કબજે કરવા બાબતમાં આપ આપના વિચારો જાહેર કરો. આ મુદ્દાઓ વિષે આપનો અભિપ્રાય જાણવા મેં આપને ૧૯૨૧માં એક તાર કર્યો તો તેનો મને નીચે પ્રમાણે જવાબ મળ્યો હતો:
>
> "મ્યુનિસિપાલિટીઓ ભલે કબજે કરો; જિલ્લા બોર્ડો વિષે મારા મનમાં શંકા છે."[2] ૧૯૨૩ની આખરમાં તમામ મ્યુનિસિપાલિટીઓમાં નવી ચૂંટણીઓ થઈ ગઈ છે, અને એમાંની ઘણીખરી અસહકારીઓએ કબજે કરી છે. અમે જિલ્લા બોર્ડોની ચૂંટણીઓમાં પણ હરીફાઈ કરી છે. આ ચૂંટણીઓના અમારા અનુભવો ઘણા દુ:ખદ છે. અને એમણે કૉંગ્રેસના કાર્યને સંગીન બનાવવાને બદલે વાસ્તવમાં નબળું પાડયું છે. એમણે અમારી

૧. આ જાહેરાત ઇટાલિક્સ ટાઇપમાં છાપવામાં આવી હતી અને યંગ ઇન્ડિયાના તે પછીના અંકોમાં વારંવાર છાપવામાં આવી હતી.

૨. આ તાર મળતો નથી.

Gandhi Heritage Portal

સાથે કામ કરનારા અસહકારી કાર્યકરોમાં તીવ્ર મતભેદો, પરસ્પર ઈર્ષા અને ધિક્કારની લાગણી પ્રગટાવી છે.

બીજી બાજુ અમે અમારા મૉડરેટ ટેકેદારો, જમીનમાલિકો અને બીજા હિત ધરાવતા લોકોની સહાનુભૂતિ લગભગ ખોઈ બેઠા છીએ. હવે એ લોકોએ અમને ડરાવવાનું વલણ અખત્યાર કર્યું છે. અમારા કામમાં આડખીલી નાખવા તથા અમને બદનામ કરવા તેઓ પોતાનાથી બનતું બધું કરી રહ્યા છે. વધારે ગંભીર બાબત તો એ છે કે અમારે સરકાર સાથે સંબંધ જાળવી રાખવો પડે છે. અમને સરકાર તરફથી અનેક કામો માટે ગ્રાંટ મળે છે, એટલે સરકારી અમલદારોને અમારે દરેક બાબતની માહિતી આપવી પડે છે. બેશક, એ સાચું છે કે લોકોની સેવા કરવાની અમને ઘણી તક મળે છે, પરંતુ અમે જે મહેનત, સમય અને શક્તિ ખર્ચીએ છીએ તેના પ્રમાણમાં સંતોષકારક પરિણામો આવતાં નથી, તેમ સ્વરાજ વહેલું મેળવવાના આપણા ઉદ્દેશને તેઓ હકીકતમાં આગળ ધપાવતાં નથી. જિલ્લા બોર્ડમાં પ્રાથમિક, માધ્યમિક અને મિડલ સ્કૂલો અમારા તાબામાં છે ખરી, પરંતુ સરકારે નક્કી કરેલાં ધોરણો અનુસાર અમારે એ ચલાવવી પડે છે. એટલા માટે મારી આપને વિનંતી છે કે આપ આપના વિચારો મને જણાવો. અમારા જિલ્લામાં ચૅરમૅન અને વાઈસ ચૅરમૅનની ચૂંટણી થોડા જ વખતમાં થવાની છે, એટલે આ જગાઓ માટે અમારે હરીફાઈ કરવી કે નહીં તે વિષેનો સ્પષ્ટ જવાબ અમારે જોઈએ છે. જે એક વાત ચોખ્ખી દેખાય છે તે એ છે કે જો ચૅરમૅન અને વાઈસ ચૅરમૅન તરીકે આપણે આપણા પોતાના માણસો ન લાવી શકતા હોઈએ તો આપણે માટે આ મંડળોમાં દાખલ થવું નકામું છે.

મારો છેલ્લો પ્રશ્ન એ છે કે અમારે અમારાં કૉંગ્રેસ સંગઠનો વિષે શું કરવું? હાલના નિયમો અનુસાર અમારે ગામડાંઓમાંથી સર્કલો માટે, સર્કલોમાંથી તાલુકાઓ માટે, તાલુકાઓમાંથી પેટા વિભાગ કે જિલ્લા માટે, જિલ્લામાંથી પ્રાંત માટે અને પ્રાંતમાંથી અખિલ હિંદ કૉંગ્રેસ મહાસમિતિ માટે સભ્યો ચૂંટવાના હોય છે. એ પહોંચી વળી ન શકાય એવું અતિવિશાળ કામ છે. અમારી પાસે કાર્યકરો નથી, તેમ નાણાં પણ નથી. અને તેથી આવડું મોટું તંત્ર અમે ચલાવી શકતા નથી. અમારા પૈકી કેટલાકની સૂચના એવી છે કે અમારે અમારી બધી પ્રવૃત્તિઓ જિલ્લા બોર્ડો અને મ્યુનિસિપાલિટીઓ પર કેન્દ્રિત કરવી જોઈએ, અને કૉંગ્રેસ સંગઠનોને એમના નસીબ પર છોડી દેવાં જોઈએ. કૉંગ્રેસ સંગઠનો ચલાવવાનું કામ ખૂબ ખર્ચાળ છે અને એ બધાં લગભગ મરી પરવાર્યાં છે.

રચનાત્મક કાર્યનો વિચાર કરીએ તો તે આપણા કાર્યકરોને, ગ્રામજનોને કે જાહેર જનતાને આકર્ષતું નથી. એમાં ઘણો લાંબો સમય જાય છે અને એ આપણને કઈ રીતે સ્વરાજપ્રાપ્તિ તરફ ઝડપથી લઈ જઈ શકે તે મારી સમજમાં આવતું નથી. હું જરૂર સ્વીકારું છું કે રચનાત્મક કાર્ય બિલકુલ આવશ્યક છે, પરંતુ સવાલ એ છે કે એને ઝડપથી કઈ રીતે પાર પાડવું.

આપણા તમામ કાર્યકરો શ્રદ્ધા ખોઈ બેઠા છે અને જાહેર જનતા તરફથી પૂરતું ઉત્તેજન ન મળતાં તેમ જ પોતાના તથા પોતાના કુટુંબના ભરણપોષણના સાધનના અભાવે તેઓ છેક હિંમત હારી બેઠા છે. નિભાવ અશક્ય બન્યો હોવાથી લગભગ તમામ કાર્યકરો કૉંગ્રેસ સંસ્થાઓ છોડી ગયા છે. આપણા કાર્યકરોને ઓછામાં ઓછું જીવનનિર્વાહ પૂરતું વેતન

Gandhi Heritage Portal

આપવામાં ન આવે અને તેમનામાં નવો પ્રાણ પૂરવામાં ન આવે તેમ તેમનામાં નવી શ્રદ્ધા રેડવામાં ન આવે, ત્યાં સુધી કશું કામ થઈ શકે તેમ નથી. અત્યાર સુધીમાં બધી જ વાત આપના જાણવામાં આવી ગઈ હશે એટલે એમાં ઉમેરો કરવો નિરર્થક છે. આપણી કૉંગ્રેસ સંસ્થાઓમાંથી લોકોનો બધો વિશ્વાસ ઊઠી ગયો છે, એટલે તેઓ આપણને કશું આપવાને અથવા આપણને પોષવાને બિલકુલ રાજી નથી. એ વાત તદ્દન સાચી છે કે આપણે વિચાર, વાણી અને વર્તનમાં અહિંસા પાળવાના ઉચ્ચ આદર્શ પ્રમાણે વર્ત્યા નથી. આપણે એકમેક જોડે લગભગ અસહકાર કરી બેઠા છીએ અને એક અસહકારી બીજા અસહકારીને પોતાનો પ્રતિસ્પર્ધી માને છે. એકમેકની ઈર્ષા, હરીફાઈ, ભાઈચારાનો અને સચ્ચાઈનો અભાવ આ બધાંએ આખા કૉંગ્રેસ સંગઠનને બદનામ કર્યું છે. આને કારણે આપણને જનતા તરફથી ઉત્સાહપ્રેરક જવાબ મળતો નથી. અંદર અંદર ઝઘડતા કાર્યકરોની મોટી ફોજને બદલે આપણને થોડા સાચા, પ્રામાણિક અને અહિંસક કાર્યકરોની જરૂર છે. આપણે કાંઈ પણ નક્કર કાર્ય સિદ્ધ કરી શકીએ તે પહેલાં આપણાં દિલની સંપૂર્ણ સાફસૂફી અને સમસ્ત કૉંગ્રેસ સંગઠનની પાયાની નવરચના આવશ્યક છે. આપણે નામ, કીર્તિ અને આગેવાનીની મિથ્યા તૃષ્ણામાં ફસાયા છીએ એને લીધે આપણા અદના કાર્યકરોમાં શિસ્તનો અભાવ પેદા થયો છે અને ઈર્ષા અને ચડસાચડસીની લાગણીઓ ભભૂકી ઊઠી છે.

આપણે આત્મશુદ્ધિ કરવી જોઈએ. એ સૌથી પહેલી આવશ્યકતા છે. બીજી આવશ્યકતા એ છે કે આપણા કાર્યકરો પોતાને માટે અને પોતાના કુટુંબને માટે કાંઈક કમાવાની માનસિક ચિંતામાંથી મુક્ત હોવા જોઈએ. સાધનસંપન્ન લોકો આપણને નાણાકીય સહાય આપતા નથી, તેમ તેઓ રાષ્ટ્રીય સેવાકાર્ય પોતે અપનાવતા નથી. પરિણામે આખો બોજો ગરીબ વર્ગ પર પડે છે.

તા. ક.

૧. આપણા કાર્યકરો માટે આર્થિક સહાયની વ્યવસ્થા તાબડતોબ થવી જોઈએ, નહીં તો જે થોડાં માણસો આપણી સાથે છે તેઓ પણ તેમનું અત્યારનું કામ છોડી દેશે.

૨. અમારે જિલ્લા બોર્ડો અને મ્યુનિસિપાલિટીઓને વળગી રહેવું જોઈએ એવું જો આપ ઠરાવો તો આ મંડળોમાં અમારે શું કામ કરવું તે બાબતની સ્પષ્ટ રૂપરેખા આપે દોરી આપવી જોઈએ. જો આપ એથી ઊલટો નિર્ણય કરો તો અમારે સહુએ એકીસાથે એમાંથી નીકળી જવું જોઈએ. એમ દેખાય છે કે જો આખરે વેરો અગર ગણોત ન ભરવાનો પ્રશ્ન ઊભો થાય તો લોકો તે માટે તૈયાર નથી. આ સંસ્થાઓમાં આપણે કયા ધ્યેયથી કામ લેવું તે બાબતમાં પણ ઘણો ગૂંચવાડો પ્રવર્તે છે. કેટલાક કહે છે કે આ સંસ્થાઓનો આપણે સરકાર સામેની આપણી લડતના યુદ્ધક્ષેત્ર તરીકે ઉપયોગ કરવો જોઈએ, કેટલાક માત્ર અવરોધો જ ઊભા કરવાના મતના છે તો બીજાઓ વળી આ સંસ્થાઓનો વહીવટ કરવાની અને તેમનો જાહેર જનતાના હિતમાં સદુપયોગ કરવાની સલાહ આપે છે. આ સંસ્થાઓનો કબજો લેવાથી આપણાં કૉંગ્રેસ સંગઠનો નબળાં પડે છે.

પત્રલેખક જાહેર જીવનનો બહોળો અનુભવ ધરાવે છે અને એક ચુસ્ત કાર્યકર્તા છે. એટલે એમનો પત્ર કાળજીપૂર્વકની વિચારણા માગી લે છે. મારે માટે તો એ આત્મખોજનું આમંત્રણ છે.

Gandhi Heritage Portal

દરેક બાબતમાં મારા પર આધાર રાખવાની આવી વૃત્તિ મને ગમતી નથી, કદી પણ ગમી નથી. રાષ્ટ્રીય કાર્યો કરવાની એ ખરાબમાં ખરાબ રીત છે. આજે કૉંગ્રેસ એક માણસની નચાવી નાચે એવું બનતું દેખાય છે, પણ એવું હરગિજ ન બનવું જોઈએ, પછી એ એક વ્યક્તિ ભલે ગમે તેટલી ભલી હોય કે મહાન હોય. મને ઘણી વાર વિચાર આવે છે કે જો મેં કારાવાસની સજા પૂરેપૂરી મુદત સુધી ભોગવી હોત તો દેશને માટે તેમ જ મારે માટે એ વધારે સારું થાત. ત્યાં સુધીમાં દેશ એક એવો કાર્યક્રમ લઈને બેસી ગયો હોત જેને એનો પોતાનો કહી શકાત. આજે તો કૉંગ્રેસનો કાર્યક્રમ કોનો છે એ કહેવું મુશ્કેલ છે. જો કાર્યકરોએ દરેક વખતે માર્ગદર્શન માટે મને પૂછવાનું રહેતું હોય તો એ કાર્યક્રમ દેશનો ન ગણાય. એ મારો પણ ન કહેવાય, કેમ કે હું એકલો કોઈ કાર્યક્રમનો અમલ કરી શકું નહીં. આ લેખક એકલા જ મારા પર આધાર રાખીને બેઠા છે એવું નથી, બધા જ કાર્યકરોની મનોદશા આ પ્રકારની છે. બીજા એક મિત્ર આ કાર્યક્રમની લગભગ દરેક બાબત પ્રત્યે વિરોધ દર્શાવ્યા પછી જણાવે છે: "પરંતુ આ બધું લખવા છતાં, આપના પ્રત્યેનો મારો પ્રેમ અને પૂજ્યભાવ એટલા ગહન છે કે આપની સાથે હું સંમત થાઉં કે ન થાઉં તોપણ એ ભાવ આપ જે કંઈ કહેશો તે બધું મારી પાસે કરાવશે." આ મિત્ર પહેલા મિત્ર કરતાં પણ આગળ જાય છે. પહેલા મિત્ર કાંઈ નહીં તો કાર્યક્રમ સાથે સંમત થાય છે અને સલાહ માગે છે. બીજા ભાઈ વિરોધ કરે છે અને છતાં મને તાબે થવા ઇચ્છે છે. આ બધો ભક્તિભાવ મારા મિથ્યાભિમાનને પોષે ખરો, પરંતુ આપણા ધ્યેય પ્રત્યેની પ્રગતિ એ નિ:શંક રીતે ધીમી પાડે છે. ભયંકર ભૂલો કરવાનું જોખમ ખેડીને પણ આપણે આપણી પ્રામાણિક માન્યતાઓ અનુસાર વર્તવાની હિંમત દાખવવી જોઈએ. સ્વરાજ તો કસોટીઓ, પ્રયોગો અને ભૂલો કરીને રાજ્ય કરવાનો માર્ગ છે. એક વ્યક્તિ ગમે તેટલી શાણી હોય તોપણ એના માર્ગદર્શન તળે રહી કાયમને માટે ભૂલો કરવાનું ટાળવા કરતાં આપણે જાતે ભૂલો કરી હતા-ન-હતા થઈ જઈએ એ હજાર દરજ્જે વધારે સારું છે. તમામ જાહેર પ્રવૃત્તિમાંથી હું કાયમને માટે નિવૃત્ત થાઉં અને મારા અંગત મિત્રો સત્યાગ્રહ આશ્રમને નભાવે ત્યાં સુધી કાંતવાવણવાના તથા એ આશ્રમનાં બાળકો સાથે ખેલવાના મારા પોતાના મનગમતા વ્યવસાયને લઈને બેસી જાઉં એમાં દેશનું શ્રેષ્ઠ હિત સમાયેલું છે કે નહીં એ મારે માટે એક ગંભીર પ્રશ્ન થઈ પડ્યો છે. આમ વિચારવું વાજબી હોય કે ન હોય તોપણ મારા મિત્રો અને સહકાર્યકર્તાઓને મારી આગ્રહભરી સલાહ છે કે તેમણે મારા વચનને કદી કાયદો ગણીને ચાલવું નહીં. તેઓ માગે ત્યારે મારી સલાહ હમેશાં તૈયાર છે, પરંતુ એ પણ એમણે ન છૂટકે જ માગવી જોઈએ.

ઉપરનો પત્ર કાળજીપૂર્વક વાંચવાથી જણાશે કે જે અનિષ્ટોનું લેખકે આબેહૂબ વર્ણન કર્યું છે તેનો શ્રેષ્ઠ ઇલાજ પણ એમણે પોતે જ સૂચવ્યો છે. જો આપણા કાર્યકરોમાં દિલચોરી, દંભ અને ઈર્ષા પેસી ગયાં હોય તો એ દુર્ગુણો આપણે અવશ્ય જડમૂળથી ઉખેડી નાખવા જોઈએ. અને તે આપણે ઊંડી અંતરખોજ કરીએ તો જ બને. દિલચોર, આળસુ અને શ્રદ્ધા વિનાના પચાસ હજાર કાર્યકરો કરતાં પાંચ જ સહૃદયી, પ્રામાણિક, સ્વાર્થત્યાગી અને શ્રદ્ધાળુ કાર્યકરો હોય એ હમેશાં વધારે સારું ગણાય. પેલા બધા તો આ પાંચ જણના કામમાં પણ રુકાવટ જ કરતા હોય છે.

હવે આપણે લેખકે પૂછેલા ખાસ મુદ્દા તપાસીએ.

Gandhi Heritage Portal

જિલ્લા બોર્ડો અને મ્યુનિસિપાલિટીઓની પણ વાત કરીએ તો એ સંસ્થાઓ દ્વારા કૉંગ્રેસના ઉદ્દેશોને ઉત્તેજન આપી શકાતું હોય અને એના સંગઠનને મદદ થઈ શકતી હોય તો જ અસહકારીઓનો એ સંસ્થાઓમાંનો પ્રવેશ વાજબી ઠરે. જો એ સંસ્થાઓ મારફત ખાદીના કાર્યક્રમને કે હિંદુમુસ્લિમ ઐકયને અમલમાં ન મૂકી શકીએ અગર તો અસ્પૃશ્યોને કે રાષ્ટ્રીય શાળાઓને સહાય ન કરી શકીએ તો આપણે અવશ્ય એમાંથી નીકળી જવું જોઈએ અને એમનાથી અળગા રહેવું જોઈએ. જો એ પ્રવેશને કારણે અસહકારીઓ વચ્ચે ચડસાચડસી ઊભી થતી હોય અને એકંદરે વેરઝેર પેદા થતાં હોય તો તો ખાસ કરીને એમ કરવું જોઈએ.

કાર્યકર્તાઓના નિભાવખર્ચની વાત લઈએ તો એ ખર્ચ પ્રાંતિક સંસ્થાઓએ જ પૂરું પાડવું જોઈએ એ વિષે મારા મનમાં શંકા નથી. કેન્દ્રીય સંસ્થાઓ પ્રાંતીય કામગીરીનું નિયંત્રણ કરે, એમને નિયમમાં રાખે અને એનો ખર્ચો ઉઠાવે એ કદી થઈ શકવાનું નથી. કોઈ પ્રાંતીય સંસ્થા સ્થાનિક સહાય ન મેળવી શકે તો એ પડી ભાંગે એ જ યોગ્ય છે, કેમ કે સહાય ન મળે એનો અર્થ એ જ થાય કે એ સંસ્થા સદરહુ પ્રાંતમાં કદી લોકપ્રિય હતી જ નહીં. અને જો સ્થાનિક કૉંગ્રેસ સંસ્થા લોકપ્રિય ન હોય તો એનો ઉપયોગ પણ શો છે? જો કોઈ કૉંગ્રેસ સંસ્થા મોટી સંખ્યામાં સભ્યો ધરાવતી હોય તો વ્યક્તિદીઠ ચાર આનાની ફીમાંથી જ એનો ખર્ચ નીકળવો જોઈએ. જો એની સભ્યસંખ્યા મોટી ન હોય તો એ સંસ્થા લોકપ્રિય નથી એ વાત ખુલ્લી થાય છે. મારા મનમાં એવું ચોક્કસ વસી ગયું છે કે જ્યાં જ્યાં કૉંગ્રેસ સંસ્થા સારું ખાદીકામ ચલાવતી હોય છે ત્યાં ત્યાં એનું સંગઠન લોકપ્રિય હોય છે અને ત્યાં સુધીમાં જો તે સ્વાવલંબી ન થઈ ગઈ હોય તોપણ થવાની તૈયારીમાં હોય છે. પરંતુ આ પહેલાં જેમના શબ્દો ટાંકયાં છે તે બીજા પત્રલેખક કહે છે:

> ચરખા પરની મારી શ્રદ્ધા આજે નીચી સપાટીએ આવી ગઈ છે. મધ્યમ વર્ગના આખા કુટુંબ માટે કેવળ ચરખા પર નભવું અશકય છે. ખાસ કરીને તો આ રીતે એકલો રેંટિયો ચલાવવા જતાં બીજી બધી પ્રવૃત્તિઓ રદ કરવી પડે એ તદ્દન ઉઘાડું છે. એમ થાય તો "શરતના ઘોડાને હળે જોતરવા" જેવી ખોટી કરકસર અને અસાધારણ બગાડ જ થાય.

આમ કહેવું તો એ કીકત વિષેનું અજ્ઞાન બતાવે છે કે રેંટિયાનો દાવો લેખકે કલ્પ્યો છે તેના કરતાં ઘણો નમ્ર છે. કોઈએ કદી એવું સૂચન સરખું કર્યું નથી કે રેંટિયો એટલે હાથ-કાંતણનો ઉદ્યોગ મધ્યમ વર્ગના એક આખા કુટુંબને નિભાવી શકે. એવો પણ દાવો કરવામાં આવ્યો નથી કે એકલો રેંટિયો ગરીબમાં ગરીબ કુટુંબનો પણ નિર્વાહ કરી શકે. પરંતુ એવો દાવો જરૂર કરવામાં આવ્યો છે કે આજ સુધી રોજના બે પૈસા મળવાથી પણ સંતોષ માનતાં હતાં તેવાં ભૂખે મરતાં અનેક સ્ત્રીપુરુષોનો તે સંપૂર્ણ નિર્વાહ કરી શકે અને આજે કરી પણ રહ્યો છે. એને માટે એવો દાવો કરવામાં આવે છે કે એ લાખો ખેડૂતોની કમાણીમાં ગણનાપાત્ર વધારો કરી શકે તેમ છે. મધ્યમ વર્ગને રોજ રોજ કાંતવાની ભલામણ એટલા માટે કરવામાં આવી છે કે એથી એમને તાલીમ મળ્યા કરે, ચરખાનું વાતાવરણ સર્જાય અને જેઓ કમાવા માટે કાંતતા હોય તેમને મજૂરીના ભાવોમાં વધારો આપી શકાય. છેલ્લી વાત એ કે આજે હજારો વણકરો વણાટકામ ઉપર ગુજારો કરે છે તે જ રીતે મધ્યમ વર્ગના લોકો પણ અવશ્ય વણાટકામ પર ગુજારો કરી શકે. મધ્યમ વર્ગનું કુટુંબ રોજના બેથી ત્રણ રૂપિયા કમાઈ શકે તો અવશ્ય એ નાનીસૂની વાત ન કહેવાય. "બીજી બધી પ્રવૃત્તિઓ"નો શો અર્થ થાય છે,

Gandhi Heritage Portal

તે મારી સમજમાં આવ્યું નથી. એનો અર્થ જો બીજી તમામ જાહેર પ્રવૃત્તિ એવો થતો હોય તો હું ઇચ્છું છું કે હાલ તુરત માટે એ બંધ કરી દેવામાં આવે. સ્વરાજ્ય માટેની જેની માગણીને કોઈ અવગણી ન શકે એવી સંસ્થા જો આપણે ઊભી કરવી હોય તો એ પ્રમાણે કરવાની જરૂર છે. એ પ્રમાણે કરવાથી “શરતના ઘોડાને હળે જોતરવાપણું” નહીં રહે, ઊલટું બીજા સામાન્ય ઘોડાઓને શરતના ઘોડાની કક્ષાએ લાવવાનું બની શકશે. વહાણમાં આગ લાગે છે ત્યારે પંપ પાસે કપ્તાન સૌથી પહેલો હાજર થઈ જાય છે, અને એ જીવન બચાવનારા સાધન પાસે તે બાકીના બધાને ખેંચી લાવે છે. એને બદલે વહાણ ભડકે બળતું હોય ત્યારે એનો કપ્તાન બેઠો બેઠો સારંગી વગાડે, અને ખલાસીઓ તથા બાકીના લોકો બાલદીઓ હાથમાં લઈ પોતાનાથી થાય તેટલું કરીને આગ બુઝાવે એવી અપેક્ષા તે રાખે તો એ વહાણની શી દશા થાય એની કલ્પના કરી જુઓ.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ८–५–१९२४

## ૫. એ અસહકાર કહેવાય?

એવી દલીલ કરવામાં આવે છે કે ખિતાબો, શાળાઓ, અદાલતો અને ધારાસભાઓનો બહિષ્કાર નિષ્ફળ જવાની સાથે અસહકાર નાશ પામ્યો છે. આ નિષ્ફળતા ખોટી રીતે માની લેવામાં આવી છે. ટીકાકારોને ધીમા અને ધમાલ વિનાના ખાદીકાર્યમાં અસહકારનું નામ જણાતું નથી. તેઓ ભૂલી જાય છે કે આ ચતુર્વિધ બહિષ્કાર સ્વરાજની આખી ઇમારત તૈયાર કરવાને માટે કેવળ આવશ્યક એવી પાલખ છે. આપણે જે સત્તાનો નાશ કરવા માગીએ છીએ તેના ચિહ્નરૂપ સંસ્થાઓ જ્યાં સુધી આપણે તેનો ઉપયોગ કરતા નથી ત્યાં સુધી કેવળ ચાલુ રહે તેમાં કશી અડચણ નથી. સાચી વાત તો એ છે કે ચતુર્વિધ બહિષ્કારની પાલખ વિના આપણી ઇમારત ઊભી થઈ શકે એમ નથી. અને આપણે જો મહાસભાની સંસ્થા, ઉપરની સંસ્થાઓથી સ્વતંત્ર રહીને અને તેમની હસ્તી છતાં, ચલાવી શકીએ તો આપણો વિજય નક્કી છે. આ ઉપરાંત આપણે ભૂલવું ન જોઈએ કે આપણો બહિષ્કાર ચતુર્વિધ નહીં પણ પંચવિધ છે. અને પાંચમો સૌથી વધારે મહત્ત્વનો છે. એમાં પાંચમો તે પરદેશી (માત્ર બ્રિટિશ જ નહીં) કાપડનો બહિષ્કાર.

આ બહિષ્કાર આપણા કાર્યક્રમનો અક્રિયાત્મક ભાગ છે—જોકે તેથી કંઈ તે ઓછો ઉપયોગી નથી. ખાદી, રાષ્ટ્રીય શાળાઓ, પંચાયત, હિંદુમુસલમાન ઐક્ય અને અંત્યજ, નશાબાજ અને અફીણિયાનો ઉદ્ધાર એ આપણા કાર્યક્રમનો ક્રિયાત્મક ભાગ છે. તેમાં આપણે પ્રગતિ કરતા જઈશું તે જ પ્રમાણમાં બહિષ્કાર તરફ એટલે સ્વરાજ તરફ આપણી પ્રગતિ થતી જશે. કુદરતને શૂન્યનો અણગમો છે એટલે કેવળ ખંડનાત્મક પ્રવૃત્તિ કુદરતને ન ગમે. ખંડનાત્મકની સાથે સાથે રચનાત્મક પ્રવૃત્તિ ચાલવી જ જોઈએ. ખિતાબ ધરાવનાર બધા ભાઈઓ ખિતાબો છોડી દે, અને શાળાઓ, અદાલતો અને ધારાસભાઓ બિલકુલ ખાલી થઈ જાય, અને તેને પરિણામે સરકાર મૂંઝાઈને પોતાના પદનું રાજીનામું આપે, છતાં જો આપણી પાસે રચનાત્મક કાર્યક્રમનો ભંડોળ કશો નહીં હોય તો આપણે સ્વરાજ ચલાવી શકવાના નથી,

Gandhi Heritage Portal

આપણે છેક અપંગ થઈ પડવાના છીએ. આપણી લડત સત્તાના સૂત્રધારોને બદલવા પૂરતી નથી પણ સત્તાનું સૂત્ર અને તંત્ર બદલવા માટે છે એ વાત પૂરેપૂરી સમજાઈ છે કે કેમ એવી શંકા મને વારંવાર થાય છે. એટલે મારે મન તો ખાદીનો કાર્યક્રમ પૂરો થયો એટલે પૂરેપૂરું સ્વરાજ મળ્યું. હિંદુસ્તાનમાં અંગ્રેજોનું હિત એ કેવળ સ્વાર્થનું છે અને પ્રજાના હિતની એ આડે આવે છે. એ પ્રજાહિતની વિરુદ્ધ છે કારણ એમાં હિંદુસ્તાનના કપાસ ઉપર એમની અધર્મ્ય દૃષ્ટિ રહેલી છે. એટલે પરદેશી કાપડનો બહિષ્કાર કરવો એ ઇંગ્લંડના અને બીજા બધા પરદેશના સ્વાર્થને નિષ્ફળ કર્યા બરોબર છે. કેવળ બ્રિટિશ કાપડના બહિષ્કારથી બ્રિટિશ પ્રજાને હાનિ થાય, પણ હિંદુસ્તાનમાં રચનાત્મક કાર્ય કશું ન થાય. તમામ પરદેશી કાપડની આયાત બંધ થઈ ખાદી તેની જગ્યા ન લે ત્યાં સુધી "રક્તશોષણ" બંધ થવાનું નથી. એટલે પરદેશી કાપડનો બહિષ્કાર એ બહિષ્કારના કાર્યક્રમનું મધ્યબિન્દુ છે, અને એ બહિષ્કાર ખાદીને સાર્વત્રિક કરી લીધા વિના સફળ થવો અશક્ય છે. આપણું ધ્યેય સાધવાને માટે આપણે આપણાં તમામ સાધનોને ઉપયોગમાં લેવાં પડશે. માણસ, ધન અને વ્યવસ્થાશક્તિની આપણને જરૂર રહેશે. હિંદુમુસલમાન ઐક્ય વિના અને અસ્પૃશ્યતાનિવારણ વિના ખાદીને આપણે સાર્વત્રિક નથી કરી શકવાના. ખાદીનું કાર્ય સાંગોપાંગ ઉતારવું એટલે સ્વરાજને માટે આપણી શક્તિને સિદ્ધ કરી આપવી. ખાદીનો કાર્યક્રમ એ સાર્વજનિક કાર્યક્રમ છે, એટલે તેને સફળ કરવામાં હિંદીમાત્રે એટલે કે, રાય અને રંક, મોટા અને નાના, હિંદુ અને અહિંદુ — સૌએ ભાગ આપવો જ રહ્યો.

પણ નાસ્તિકો કહે છે, "ખાદીથી સ્વરાજ મળશે? શું અંગ્રેજો હિંદુસ્તાનની ગાદી આપણે માટે છોડી ચાલ્યા જશે?" મારો જવાબ છે "હા" અને "ના". "હા" એ રીતે કે અંગ્રેજોને તેમ થયે ખબર પડશે કે તેમનું હિત હિંદુસ્તાનના હિત સાથે બંધબેસતું હોવું જોઈએ. હિંદુસ્તાનમાં કેવળ સેવક તરીકે રહેવામાં તેઓ સંતોષ માનશે કારણ કે શેઠ તરીકે પોતાનો વેપાર બળજોરીથી આપણા ઉપર તેઓ નાખી નથી શકતા એ વિષે તેમની આંખ ઊઘડી હશે. એટલે ખાદી સાર્વત્રિક થયે અંગ્રેજોનાં હૃદય પણ બદલાયેલાં હશે. હાલ તેઓ આપણા ઉપર શેઠાઈ કરવાનો પોતાનો હક માને છે, પણ પછી તેઓ આપણા મિત્ર થવામાં માન સમજશે. મારો જવાબ "ના" છે, જો આપણે અંગ્રેજોને હાંકી કાઢવા માગતા હોઈએ, અને અંગ્રેજોના ધર્મ્ય અને અધર્મ્ય બન્ને સ્વાર્થનો નાશ કરવા ઇચ્છતા હોઈએ. અહિંસાત્મક અસહકારનો તો આ હેતુ નથી. અહિંસાને પણ નિયમો છે. જે અહિંસક છે તે તિરસ્કાર કરવાની અથવા તિરસ્કાર ઉત્પન્ન કરવાની ના પાડે છે. અહિંસા અને તિરસ્કાર એ સ્વભાવે જ પરસ્પરવિરોધી છે. પણ વળી નાસ્તિકો કહેશે, "ધારો કે અંગ્રેજો તેમનું તંત્ર બદલવાની ના પાડે અને તલવારને બળે જ હિંદુસ્તાનનો કબજો રાખવાની હઠ લે તો ખાદી સાર્વત્રિક થયેલી પણ શું કારગત આવવાની?" ખાદીની શક્તિનો આવી રીતે અવિશ્વાસ કરતાં તેઓ ભૂલી જાય છે કે ખાદી એ સવિનયભંગની અગત્યની શરત છે. અને સવિનયભંગ એ ન વાળી શકાય એવું શસ્ત્ર છે એમ તો સહુ કોઈ માને છે. ખાદી સાર્વત્રિક થયા વિના સામુદાયિક સવિનય — એટલે અહિંસક ભંગનો સંભવ નથી. સંપૂર્ણ ખાદીમય થયેલો કોઈ પણ જિલ્લો જો સંપૂર્ણ તપસ્યાને માટે પણ તૈયાર હશે તો સવિનયભંગને માટે પણ તૈયાર જ છે. અને મને તો તલભાર શંકા નથી કે આવી રીતે તૈયાર થયેલો એક જિલ્લો પણ, સરકારનું બધું બળ તેની સામે એકઠું કરવામાં આવે તોપણ, કોઈનો ગાંજ્યો જાય નહીં.

Gandhi Heritage Portal

"પણ પહેલ કરે કોણ?" એ પ્રશ્ન રહે છે. પણ હાલ જે વિષય આપણે ચર્ચી રહ્યા છીએ તેની સાથે એ પ્રશ્નને સંબંધ નથી. મારો તો એક જ સવાલનો જવાબ આપવાનો આશય હતો: "ખાદીનું કામ અસહકારનો ભાગ ગણાય?" અસહકારના ક્રિયાત્મક સ્વરૂપનો અતિશય મહત્ત્વનો ભાગ ખાદી છે એમ સિદ્ધ કરવાનો મેં પ્રયત્ન કર્યો છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ८–५–१९२४

भाषांतर: नवजीवन, ११–५–१९२४

## ૬. ભગવાનદાસના પત્ર વિષે નોંધ

બાબુ ભગવાનદાસનો[1] પત્ર[2] હું ઘણી ખુશીથી પ્રગટ કરું છું. સ્વરાજ્યની કૉંગ્રેસી યોજના તો ત્યારે જ ઘડી શકાય જ્યારે કૉંગ્રેસ સ્વરાજ્ય લેવા તૈયાર હોય. તે વખતે એ શું કરશે તે અત્યારે કોઈ કહી શકે નહીં. પણ બાબુ ભગવાનદાસને મેં વચન આપ્યું છે કે મારી પોતાની યોજના હું જરૂર બહાર પાડીશ. હું જાણું છું કે સ્વરાજ્યની મારી કલ્પના વિષે જાતજાતના વિચારો સેવવામાં આવે છે. હું કેવળ શ્વાસ ખાવાનો સમય માગું છું. દરમ્યાન આપણા માનવંતા દેશબંધુઓને હું ખાતરી આપું છું કે મૂડીવાદીઓની મૂડી પડાવી લેવાનો મારો કોઈ ઇરાદો નથી. આવો ઇરાદો મારાથી રાખી શકાય નહીં, કેમ કે હું હિંસામાં માનતો નથી. પરંતુ મૂડી તેમ જ મજૂરી બંનેમાં હું સ્વચ્છતા જરૂર માગું છું. અને ગણ્યાગાંઠ્યા લોકોના લાભાર્થે દેશની સાધનસંપત્તિનું શોષણ કરવા મૂડીવાદનો ઉપયોગ થતો હશે તો તેની સામે હું જરૂર વિરોધ ઉઠાવીશ, પછી એ મૂડીવાદીઓ પરદેશી હોય કે દેશમાં જન્મેલા હોય. પરંતુ મારી યોજનાને અગાઉથી જાહેર ન કરી દઉં એ વધારે સારું છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ८–५–१९२४

૧. વિદ્વાન અને બનારસના જાહેર કાર્યકર્તા; બનારસમાં કાશી વિદ્યાપીઠ નામની રાષ્ટ્રીય યુનિવર્સિટી સ્થાપવામાં એમણે આગળપડતો ભાગ લીધો હતો.

૨. આ પત્રમાં "ભારતને કેવા સ્વરાજ્યની જરૂર છે" એ વિષે યંગ ઇન્ડિયાની કટારોમાં નિર્દેશ કરવાની ગાંધીજીને લંબાણથી વિનંતી કરવામાં આવી હતી. પત્રના પાઠ માટે જુઓ પરિશિષ્ટ ૧.

Gandhi Heritage Portal

## ૭. જી. એ. નટેસનને પત્ર

પોસ્ટ અંધેરી,
મે ૮, ૧૯૨૪

પ્રિય શ્રી નટેસન,[૧]

તમારું લખાણ ફરી વાર જોઈને રાજી થયો. જતી વખતે કે પાછા ફરતાં કૃપા કરીને જરૂર આવજો. કોઈકે ચોખ્ખી મશ્કરી કરી છે. મહિનાઓ સુધી હું મદ્રાસ આવવાનો નથી. જો અને જ્યારે પણ હું ત્યાં આવીશ, તો અને ત્યારે શક્ય હશે જ તો હું તમારી સાથે રહેવાનું પસંદ કરીશ. દિલગીર છું કે તમારું ભાષણ મેં વાંચ્યું નહોતું તેમ તમારા ઠરાવની પણ મને ખબર નહોતી.

તમારો સહૃદયી
મો. ક. ગાંધી

શ્રી જી. એ. નટેસન
ઇન્ડિયન રિવ્યૂ
મદ્રાસ

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: જી. એન. ૨૨૩૪

## ૮. ડાહ્યાભાઈ મ. પટેલને પત્ર

ગુરુવાર [મે ૮, ૧૯૨૪][૨]

ભાઈશ્રી ડાહ્યાભાઈ,

તમારો કાગળ મળ્યો. તમારા કડવા અનુભવો છતાં તમારે તો કાર્ય કર્યે જ જવું એ જ રસ્તો છે. ગૌશાળા બાબત તમારા વિચારોમાં ત્રુટી છે. શહેરોમાં ગાયો કોણ રાખી શકે? દૂબળાં ઢોરને કોણ પાળે? ગામડાંમાં ગાયભેંસ જરૂર પળે. ગૌશાળા તેની વિરોધી પ્રવૃત્તિ નથી.

પરિષદને[૩] આ સંદેશો:

"પરિષદોનો હેતુ કેવળ કામનું સરવૈયું કાઢવાનો ને ભવિષ્યનું કામ મુકરર કરવાનો હોવો જોઈએ.

પીંજણ, કંતામણ, વણાટ વગેરેનું કામ હજુ ઘણું બાકી છે. તેને આ પરિષદ પહોંચી વળે તો ધોળકાનું ને હિંદુસ્તાનનું નામ રાખ્યું એમ ગણું.

૧. જી. એ. નટેસન; લેખક, પત્રકાર અને પ્રકાશક; કાઉન્સિલ ઑફ સ્ટેટ અને ટેરિફ બોર્ડના થોડા સમય માટે સભ્ય; ઇન્ડિયન રિવ્યૂના સંપાદક.

૨. ટપાલની છાપમાં આ તારીખ છે.

૩. ધોળકા તાલુકા પરિષદ.

Gandhi Heritage Portal

ધોળકામાં કોઈ અસ્પૃશ્ય તો નહીં જ હોય એમ માની લઉં છું. ને હિંદુમુસલમાન ભાઈની જેમ રહેતા હશે."

હું તો બોરસદ પણ નથી જવાનો. તો તમારે ત્યાં કેમ આવી શકું?

મોહનદાસ ગાંધીના
વંદે માતરમ્

રા. ડાહ્યાભાઈ પટેલ
તાલુકા સમિતિ
ધોળકા

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્ર પરથી: સી. ડબલ્યુ. ૨૬૮૮; શ્રી ડા. મ. પટેલના સૌજન્યથી

## ૯. દેવચંદ પારેખને[1] પત્ર

અંધેરી,
ગુરુવાર [મે ૮, ૧૯૨૪][2]

ભાઈશ્રી ૫,

તમારો કાગળ મળ્યો. મેં ખાસ કહેલું કે મારા અભિપ્રાયની કિંમત કંઈ જ ન આંકવી. બધા ભાઈઓને અનુકૂળ આવે એ જ ઠરાવ કરવો ઘટે છે. મેં નવજીવનમાં લખી મોકલ્યું છે તે ઉપરથી કદાચ કંઈક વધારે અજવાળું પડશે. વિશેષ વિચાર તો વળી બધા ભાઈઓને મળું ને સમજું ત્યારે કરી શકું. મારા જ વિચારો પર બધું મૂકી દેવું એ મુદ્દલ યોગ્ય નથી. તમે જ બધું તપાસીને યોગ્ય જણાય તે કરવાનું લોકોને કાં ન કહો?

મોહનદાસના
વંદે માતરમ્

દેવચંદભાઈ પારેખ
વરતેજ

[મૂળ ગુજરાતી]

મૂળ પત્રની છબી પરથી: એસ. એન. ૫૬૯૦

૧. કાઠિયાવાડના જાહેર કાર્યકર્તા; પાછળથી કાઠિયાવાડ રાજકીય પરિષદ સાથે જોડાયા.
૨. પોસ્ટની છાપમાં આ તારીખ છે.



Gandhi Heritage Portal

## ૧૦. વા. ગો. દેસાઈને પત્ર

અંધેરી,
ગુરુવાર [મે ૮, ૧૯૨૪][1]

ભાઈશ્રી ૫ વાલજી[2]

તમારું બીજું લખાણ મળ્યું છે. તમને પ્રૂફ તો મોકલવાનું છે જ. હિમાલયને ચરણે તો અમે છીએ, તમે શાના? તમે તો Half way to the Himalayas લખી શકો છો. મારો કેસ ચાલતો હતો ત્યારે તમે જે લેખ આપ્યો હોય તેનું તો તમે જાણો કે હું? મને કંઈ અંદર લઈ જવાની રજા થોડી હતી?

મોહનદાસના
વંદે માતરમ્

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી: સી. ડબલ્યુ. ૬૦૦૨; શ્રી વા. ગો. દેસાઈના સૌજન્યથી

## ૧૧. લજપતરાયને[3] મોકલેલા કેબલનો ખરડો

[મુંબઈ,
મે ૮, ૧૯૨૪ કે તે પછી]

આવી વાતનો સ્વપ્ને પણ ખ્યાલ નહોતો. સહકાર મળે એવું હૃદયપરિવર્તન જોતો નથી.

ગાંધી

૧. પોસ્ટની છાપમાં આ તારીખ છે.

૨. વાલજી ગોવિન્દજી દેસાઈ; સત્યાગ્રહ આશ્રમના અંતેવાસી; યંગ ઇન્ડિયાના સંપાદકમંડળમાં કામ કર્યું.

૩. ૧૮૬૫-૧૯૨૮; રાષ્ટ્રવાદી નેતા; બ્રિટિશ સરકારે ૧૯૦૭માં હદપાર કર્યા હતા અને કેટલાંક વર્ષો યુ. એસ. એ.માં રહ્યા હતા; ૧૯૨૦માં હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસના કલકત્તા અધિવેશનના પ્રમુખ.

હૅમ્પસ્ટેડ, ઇંગ્લંડથી ૧૯૨૪ના મેની ૭મીએ લજપતરાયે કરેલા કેબલનો આ જવાબ હતો. એ કેબલ ગાંધીજીને મેની ૮મીએ મળ્યો હતો. કેબલ આ પ્રમાણે હતો: "આગામી કૉંગ્રેસમાં ધારાસભાઓ મારફત સરકાર સાથે સહકાર કરવાની દરખાસ્ત તમે મૂકવાના છો એવા સમાચાર આપતા તારો આવવાથી ભારે ખળભળાટ મચ્યો છે. ખોટું હોય તો કૃપા કરી તાર કરો. ક્રૉનિકલનો તાર આજે વાંચ્યો." લંડનથી પ્રસિદ્ધ થતા ડેલી ટેલિગ્રાફમાં પણ તેના કલકત્તાના ખબરપત્રીએ મોકલેલા હેવાલ ઉપરથી એક સમાચાર પ્રગટ થયા હતા કે, "મહાત્મા ગાંધીએ આગામી કૉંગ્રેસમાં એવા ઇરાદાથી આગેવાની લેવાનો નિર્ણય કર્યો છે કે વડી ધારાસભા તથા પ્રાંતિક ધારાસભાઓમાં બહુમતી મેળવવી તથા બજેટને નાહક નામંજૂર કરાવવાને બદલે આવશ્યક સેવાઓ ચાલુ રાખવામાં સહકાર આપવો અને રાજકીય સુધારા ઝડપથી વિસ્તારવા તથા તેમને નવો ઘાટ આપવા માટે લશ્કર સહિત તમામ સેવાઓનું હિંદીકરણ કરવા એકધારી અને સંગીન બહુમતીઓને જોરે સતત માગણીઓ કર્યા કરવી."

Gandhi Heritage Portal

મોકલવા ધારેલા જવાબવાળો કેબલ મોતીલાલજીને બતાવવો. જો એ જવાબ તેઓ મંજૂર રાખે તો તે રવાના કરી દેવો.[૧]

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૮૭૯૦અ

## ૧૨. નરસિંહરાવ ભોળાનાથ દિવેટિયાને[૨] પત્ર

અંધેરી,
વૈશાખ સુદ ૬ [મે ૧૦, ૧૯૨૪][૩]

સુજ્ઞ ભાઈશ્રી,

આપે નવજીવનમાં છાપવા સારુ પત્ર મોકલ્યો તે મળ્યો છે. મારા લખાણમાં[૪] જે રીતે આપનું નામ વાપર્યું છે તે આપને નથી ગમ્યું એવો ભાસ આપના લખાણમાંથી થાય છે. મેં તો કેવળ પ્રેમભાવથી જ એ વાક્ય લખેલું. આપની અને ભાઈ ખબરદારની[૫] સાહિત્યસેવા અને વિદ્વત્તા વિષે મને બહુ આદર છે. છતાં મારાથી જરાયે અપરાધ થયો છે એમ હજુ માનો તો મને માફ કરશો? આપનો લેખ હું જરૂર પ્રગટ કરીશ.

મોહનદાસ ગાંધીના
વંદે માતરમ્

[મૂળ ગુજરાતી]

નરસિંહરાવની રોજનીશી

૧. કેબલના ખરડા પર ગાંધીજીની આ સૂચના લખેલી હતી.

૨. ૧૮૫૯–૧૯૩૭; વિદ્વાન અને શિક્ષણશાસ્ત્રી.

૩. નરસિંહરાવ દિવેટિયાએ લખેલા જે પત્રનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે પત્ર નવજીવન, ૧૮–૫–’૧૯૨૪ના અંકમાં પ્રગટ થયો હતો. વૈશાખ સુદ ૬ને દિવસે મેની ૧૦મી તારીખ હતી.

૪. જુઓ પુસ્તક ૨૩, પા. ૪૭૫–૭૭.

૫. અરદેશર ફરામજી ખબરદાર, પારસી કવિ.

Gandhi Heritage Portal

## ૧૩. મહાદેવ દેસાઈને પત્ર[1]

[મે ૧૧, ૧૯૨૪ પહેલાં][2]

અધીરું કાઠિયાવાડ
આગામી પરિષદ
અંત્યજ પરિષદ
સત્યાગ્રહ છાવણીમાં મેલ
નમ્રસેવકને
વહોરાનો ડર
ઈદ મુબારક
જ્ઞાતિસુધાર

ભાઈશ્રી ૫ મહાદેવ,

ઉપર પ્રમાણે મોકલું છું. આવતી કાલે બીજું મોકલવાનો વિચાર નથી. "સત્યાગ્રહ છાવણીમાં મેલ" એ નોંધ વલ્લભભાઈ[3] જુએ. તે મનાઈ કરે તો અથવા તમને જ અયોગ્ય લાગે તો ન છાપજો. ન છાપવાનો વિચાર કરો તોયે તેની તપાસ કરજો. આરોપ ભયંકર છે.

સ્વામીને કહેજો કે મેં બરોબર નવ ગેલી પ્રૂફ (स. इ.)ના રવિવારે બપોરે ટપાલમાં મોકલેલાં. એ સોમવારે મળવાં જ જોઈતાં હતાં. ટપાલમાં નાખનારે ગફલત કરી હોય તો દૈવ જાણે. મળ્યાં ન હોય તો તાર કરજો. મળ્યા હોય ને કવર સચવાયું હોય તો તેની છાપની તારીખ તપાસજો.

પેલી અનાવિલ ગાય[4] બચી કે કસાઈ ઘર બંધાઈ ગઈ?

બાપુના આશીર્વાદ

સ્વામીને કહેજો તે મારી ફિકર ન કરે, જેમ હું તેની નથી કરતો. મને જોઈતી મદદ ને સગવડ માગી લઈશ. થોડો બબડાટ કરી લઈશ. ડોસા થાય તેમ બબડાટ તો વધે જ.

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી : એસ. એન. ૮૭૯૭

૧. મહાદેવ દેસાઈ (૧૮૯૨-૧૯૪૨); ૨૫ વરસ સુધી ગાંધીજીના મંત્રી.

૨. આ પત્ર સાથે મોકલેલી બાબતો પૈકી સાત નવજીવન, ૧૧-૫-૧૯૨૪ના અંકમાં પ્રગટ થઈ હતી.

૩. વલ્લભભાઈ પટેલ (૧૮૭૫-૧૯૫૦); ૧૯૩૧માં હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસના પ્રમુખ; ભારતના નાયબ વડા પ્રધાન, ૧૯૪૭-૫૦.

૪. જુઓ પુસ્તક ૨૩, પા. ૫૦૪.

Gandhi Heritage Portal

# ૧૪. અધીરું કાઠિયાવાડ

કાઠિયાવાડ રાજકીય પરિષદ[1] વિષે મેં જે અભિપ્રાય આપ્યો છે તેથી કંઈક ખળભળાટ થયો છે એમ કેટલાક મિત્રો મને કહે છે. જ્યારથી ત્રેવડું તંત્રીપદ[2] હાથ ધર્યું ત્યારથી મારું છાપાં વાંચવાનું તો લગભગ બંધ થયું છે એમ ગણાય. પણ મિત્રો મારી સંભાળ રાખ્યા જ કરે છે ને જે મારે જાણવું જ જોઈએ એવું જણાવ્યા કરે છે.

એમ પણ સાંભળ્યું છે કે "પેલો સ્વેચ્છાએ દેશવટો ભોગવતો ગાંધી પટ્ટણી સાહેબના[3] મોહપાશમાં સપડાઈ ગયો ને કાઠિયાવાડની જાગૃતિ પર પાણી ફેરવી બેઠો. પટ્ટણી સાહેબ જેઓ દાવપેચ રમીને જ મોટા થયા તે ભંગીઓમાં ને વણકરોમાં ભમતા લંગોટને એક દાવમાં જ હરાવે એમાં નવાઈ શી?" જેમ અબ્બાસ સાહેબના[4] પત્રનો ભાવાર્થ આજે મેં બીજે આપ્યો છે તેમ આ પણ ભાવાર્થ છે. આવા જ શબ્દોમાં મને કોઈએ કહ્યું નથી. પણ જે શબ્દો મેં સાંભળ્યા તેનો શુદ્ધ ભાવાર્થ ઉપર આપ્યો છે એમ વાંચનાર ખચીત વિશ્વાસ રાખે. મુંબઈમાં વસતા કાઠિયાવાડી કહે છે, "ગાંધીએ ઘાણ વાળ્યો."

ખરી વાત આમ છે: પટ્ટણી સાહેબમાં મનાયા છે તેટલા દાવપેચ નથી. સત્યાગ્રહીને દાવમાં હરાવવા સારુ પટ્ટણી સાહેબ જેવા કુશળ કાઠિયાવાડીને પણ બીજો જન્મારો વોરવહો પડશે; અને તે પણ સત્યાગ્રહી થઈને. સત્યાગ્રહીના શબ્દકોશમાં પરાજય કે તેને લગતો શબ્દ હોતો જ નથી. એક સત્યાગ્રહી બીજા સત્યાગ્રહીને હરાવે એમ કહેવાય ખરું, પણ એ તો "હાર" શબ્દ ઉપર આઘાત પહોંચાડવાનો પ્રયોગ ગણાય. સત્યાગ્રહી પોતાની ભૂલ જુએ ત્યારે નમે ને નમતો છતો ચડે. એ કંઈ પરાજય ન ગણાય.

મારી સમક્ષ જેટલો ભાગ પટ્ટણી સાહેબે નિર્ણય વિષે લીધો તે બધો તેમને અને કાઠિયાવાડને શોભાવનારો છે એમ મારી દૃઢ માન્યતા છે. પટ્ટણી સાહેબને દાવ રમવાપણું જ ન હતું. મારા અભિપ્રાયનાં જેટલાં કારણ હતાં તે બધાં મેં તેમાં ટાંક્યાં છે તે સિવાય એક પણ મારા ધ્યાનમાં નથી.

કોઈની પણ શેહમાં આવી જઈ અથવા કોઈના પ્રેમને વશ થઈ હું સત્યનો પંથ છોડું ત્યારે હું નકામો થયો એમ જાણું છું. મને આપઘાત પ્રિય નથી એટલે હું સત્યનો પંથ છોડવાની મૂર્ખાઈ એકાએક નહીં કરું.

સત્યાગ્રહનો વિષય અણિશુદ્ધ હોવો જોઈએ. જ્યારે પોરબંદરમાં ભાવનગર પરિષદ ભરવાની ભલામણ થઈ ત્યારે થોડો અથવા વધુ અવિનય તો થયો જ. "અવિનય" એ થયેલા કાર્યને અંગે મેં હળવામાં હળવો શબ્દ વાપર્યો છે. સત્યાગ્રહનો અનિવાર્ય નિયમ તો છે જ કે

૧. આ પરિષદ ભાવનગરમાં ૧૯૨૫ના જાન્યુઆરીમાં મળવાની હતી.

૨. ગુજરાતી અને હિંદીમાં નવજીવન, અને યંગ ઇન્ડિયા.

૩. પ્રભાશંકર પટ્ટણી (૧૮૬૨–૧૯૩૫); ઇમ્પીરિયલ લેજિસ્લેટિવ કાઉન્સિલ અને ઇન્ડિયા કાઉન્સિલના સભ્ય, ૧૯૧૭–૧૯; પાછળથી સૌરાષ્ટ્રના પહેલાંના ભાવનગર રાજ્યના દીવાન.

૪. અબ્બાસ તૈયબજી.

Gandhi Heritage Portal

સત્યાગ્રહીનો "કેસ" દૂધ જેવો ઊજળો હોવો જોઈએ. દૂધમાં જેમ જરાયે મેલ દાખલ થાય તો તે ત્યાજ્ય ગણાય તેમ યત્‌કિંચિત્ દોષવાળો કેસ પણ સત્યાગ્રહીને સારુ ત્યાજ્ય હોય. એટલે આકરા વિશેષણની મને જરૂર જ ન હતી.

બીજું કારણ પણ તેટલું જ સબળ છે. હું જાણતો જ ન હતો કે શરતો કબૂલ કરીને પરિષદ ભરવાનો ઇરાદો કાર્યવાહકોએ રાખેલો હતો. આવા કાર્યમાં શરતો કબૂલ કરવાની હું વિરુદ્ધ છું એમ મેં ઘણી વેળા જણાવેલું છે. પરિસ્થિતિને લઈને શરતો કબૂલ કરવાની આવશ્યકતા હોય એ નોખો સવાલ છે. પણ જ્યારે શરત કબૂલ કરવાના સિદ્ધાંતનો સ્વીકાર કર્યો ત્યાર પછી તે વસ્તુ સત્યાગ્રહનો વિષય ન રહી. અમુક શરતે પરિષદ ભરવાનું કબૂલ કરીએ તો સોનગઢ ભરવાની શરત કેમ ન કબૂલ કરીએ? શરત કબૂલ કરવામાં હેતુ એ હતો કે અત્યારે પ્રજાજીવન બીજી રીતે જાગ્રત ન થઈ શકે. એ હેતુ નિરર્થક કે પાપી નથી. બીજી જગ્યાએ પરિષદ ભરવામાં પણ એ જ હેતુ લાગુ પડે છે. સત્યાગ્રહ કરીએ તો પરિષદ ભરાય જ એવો તો નિયમ નથી. સત્યાગ્રહી મરતાં સુધી લડે. લડતાં લડતાં મૂઓ એટલે તેનો તો વિજય થયો એવી સત્યાગ્રહમાં માન્યતા રહેલી છે. સત્યાગ્રહ કરતાં કરતાં સત્યાગ્રહીઓ જેલમાં ગયા એટલે તેઓએ પોતાનું કાર્ય સંપૂર્ણ કર્યું. પણ પરિષદ તો ન ભરાઈ. અત્યારે હેતુ ગમે તેમ પણ પરિષદ ભરવાનો હતો. "આપણી શરતે ભરાય તો ભરવી છે, નહીં તો નથી ભરવી" એ સત્યાગ્રહનો વિષય છે. "જેમ તેમ કરીને ભરવી" એ સત્યાગ્રહનો વિષય ન બની શકે. સરકાર આપે તે સ્વરાજને સારુ પ્રજા સત્યાગ્રહ કરવાની તૈયારી નથી કરી રહેલી. પ્રજા માગે તેવા સ્વરાજને સારુ પ્રજા આ ઉગ્ર બળ કેળવી રહી છે. વગર શરતે પરિષદ ભરવાનો નિશ્ચય જ્યારે કાઠિયાવાડ કરે ત્યારે જ તેની સામે સત્યાગ્રહ કરવાની ફરજ આવી ઊભે છે. શરતી પરિષદ ભરવાની કોઈ સત્યાગ્રહીની ફરજ નથી. એ તો ત્રાંબિયાને મૂલે કોરી વટાવવા જેવો ન્યાય થયો.

આનો અર્થ એવો નથી કે શરત ન હોય એટલે સત્યાગ્રહીને ગાળો ભાંડવાનો ઇજારો મળ્યો. નમ્રતા ને વિનય છોડે તે સત્યાગ્રહી શાનો? તે પોતે પોતાની મર્યાદા આંકી શકે છે તેથી બીજાની આંકણી કબૂલ કરવાનો ઇનકાર કરે છે. તેની પોતાની આંકણી તો સખતમાં સખત હોય છે.

આ વર્ષે જો પરિષદનું કામ શુદ્ધ વિનયપૂર્વક પાર ઊતરે, વિરોધીને પણ "વાહ! વાહ!" કહેવાનો વખત આવે છતાં જો આવતે વર્ષે શરતોરૂપી કે બીજાં વિઘ્ન આવે તો સત્યાગ્રહીઓનો કેસ એટલો બધો શુદ્ધ અને મજબૂત થાય છે કે તેની સામે કોઈને કંઈ કહેવાપણું જ ન હોય. ત્યારે જો કોઈ સત્યાગ્રહી મોજૂદ હશે તો તેને સારુ રણભૂમિ તૈયાર હશે.

"પણ અત્યારનો જોસ બધો પીગળી ગયો તો પછી સત્યાગ્રહીઓ ક્યાંથી કાઢીએ?" એવું પણ કહેનારા ભલા ને ભોળા કાઠિયાવાડીઓ આજ જોવામાં આવે છે. તેઓએ જાણવું ઘટે કે સત્યાગ્રહ એ ભાંગનો નશો નથી. સત્યાગ્રહ એ મગજનો પવન નથી. સત્યાગ્રહ એ અંતરનાદ છે. વખત જતાં એ ધીમો નથી પડતો પણ તે તીવ્ર થાય છે. જે દબાઈ શકે તે અંતરનાદ નથી પણ તેનો આભાસમાત્ર છે. જેવી મૃગજળની તેવી તેની કિંમત સમજવી. આવતે વર્ષે પણ સજ્જ હશે તે જ સત્યાગ્રહી ગણી શકાય. કાઠિયાવાડ એવી ભૂમિ છે કે જ્યાં ખેતરને સારુ રજપૂતો અને કાઠીઓ જન્મારા સુધી લડ્યા છે. બરડાના વાઘેર મૂળુ માણેક

Gandhi Heritage Portal

ને જોધા માણેકે આખી એજન્સીને[1] ધ્રુજાવી હતી. તેનો જોસ ક્ષણમાં ઊભરાઈ ક્ષણમાં શમી નહોતો જતો. મોર[2] જેવો બહારવટિયો વરસો લગી એકલો ઝૂઝયો. આ બધા તુચ્છ સ્વાર્થને સારુ લડયા હતા. કાઠિયાવાડની પ્રજાસમસ્તના દુ:ખનો ભાર ઊંચકનારા સત્યાગ્રહીઓના શાંત ને નિર્મળ આગ્રહનું માપ કેટલું બધું વધારે હોવું જોઈએ એની ત્રિરાશી તેઓ જ કરીને ટીકાકારોને જવાબ આપે.

"પણ પટ્ટણી સાહેબનો હુકમ તો જુઓ. એક કલમ ચલાવીને દસવીસ નવા ગુના પોતાના જોહુકમી કાયદામાં દાખલ કરી દીધા. આ કૃત્રિમ ગુનાઓને સારુ છ છ મહિનાની સજા! આમ જાદુઈ આંબાની માફક તો સરકાર પણ કાયદા નથી કરી શકતી. આવો હડહડતો જુલમ થાય તે છતાં સત્યાગ્રહ ન કરવો ને સોનગઢમાં પરિષદ ભરવી એ કયાંનો ન્યાય?" આવી પણ દલીલ થઈ રહી છે. તેમાં રહેલો દોષ દેખીતો છે. જો આપણે એ કાયદાની સામે સત્યાગ્રહ કરવો હોત તો એ કાયદો જરૂર સત્યાગ્રહ કરવા યોગ્ય છે. આપણે તો પરિષદ બાબત સત્યાગ્રહ કરવાની વાત છે. પરિષદ ભરવાના ગુનાને સારુ ફાંસીનો હુકમ કાઢે તોયે સત્યાગ્રહીનું રૂંવાડું ન હલે. એવો હુકમ કાઢનાર લજવાય એ ખરું. ઉપલા હુકમને સારુ પટ્ટણી સાહેબને વગોવવાનું મંડળ કાઢીએ ને તેમાં કેવળ સત્યાગ્રહી ગાળો જ ભાંડવાનો નિયમ કરવામાં આવે તો હું પણ તેમાં મારું નામ નોંધાવું. હું અવશ્ય માનું છું કે એ હુકમ બેહૂદો છે. જો ભાવનગરના ફોજદારી કાયદામાં પરિષદ ભરવી એ ગુનો ન હોય તો તેમણે પોતાની નોકરી ખોઈને પણ ભરવા દેવી જોઈતી હતી. સ્વેચ્છાચારી કાયદા ઘડવા એ કંઈ પટ્ટણી સાહેબની જ ખાસિયત નથી. એ તો કાઠિયાવાડના વાતાવરણમાં રહેલી વસ્તુ છે. પટ્ટણી સાહેબ એ વાતાવરણને તરી જાય એમ આપણે ઇચ્છીએ. માત્ર અત્યારે આપણે પટ્ટણી સાહેબની નીતિના ચોકીદાર નથી બન્યા. જ્યારે કાઠિયાવાડને ટીંબે શુદ્ધ સત્યાગ્રહીનો પાક ઊતરવા માંડશે ત્યારે પટ્ટણી સાહેબ જેવાની પાસે અત્યાચારનું વાતાવરણ જ નહીં હોય. ત્યારે તેઓ પણ સત્યાગ્રહી બને તો મને નવાઈ ન લાગે.

પટ્ટણી સાહેબ અને રાજાઓ પોતે જો નબળા વાતાવરણમાં ન રહેતા હોય તો ઉપર મુજબના હુકમો કાઢી જ ન શકે. પરિષદો ભરવી એ તો પ્રજાનો હક હોવો જ જોઈએ. તે વિના રાજાને પ્રજામતની ખબર ન પડે. રાજાને વગોવવાનો ને ગાળો દેવાનો પ્રજાને હક છે. ગાળ દેનારને દંડ દેવાનો રાજાને હક છે. રામના જેવો રાજા હોય તો પોતાને ગાળ દેનારનો દંડ પણ ન કરે. તેણે તુચ્છ ધોબીને દંડ ન કર્યો, પણ સીતા જેવા અમૂલ્ય સ્ત્રીરત્નનો એક ક્ષણમાં ત્યાગ કરતાં તેને શરમ સરખી પણ ન આવી, અને આજે એવા બેશરમ રામને મારા જેવા અસંખ્ય હિંદુ પૂજે છે. પ્રજાએ કરેલી સ્તુતિથી રાજાઓનાં પતન થયાં છે, પ્રજાની ગાળો સાંભળતા થઈ જાય તો અવશ્ય તેઓની ઉન્નતિ થાય.

ગાળ દેવાનો હક લઈ ગાળ ન દેવી એ સત્યાગ્રહીનો ધર્મ. એ ધર્મનું સંપૂર્ણ પાલન સોનગઢમાં થાય એમ હું ઇચ્છું છું.

પરિષદમાં કાઠિયાવાડીઓ શું શું કરી શકે એ આવતે અઠવાડિયે વિચારશું.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૧૧-૫-૧૯૨૪

૧. વેસ્ટર્ન ઇન્ડિયા સ્ટેટ્સ એજન્સી; મુખ્ય કચેરી રાજકોટ; વડા હાકેમ પોલિટિકલ એજન્ટ.
૨. મોવર; જુઓ પા. ૩૩.

Gandhi Heritage Portal

# ૧૫. આગામી પરિષદ

બોરસદમાં ભરાનારી પરિષદ[1] ઘણી મહત્ત્વની છે. સને ૧૯૨૦ની સાલમાં ગુજરાતની પ્રાંતીય પરિષદે મહાસભાનું કામ સહેલું કરી મૂકયું હતું.[2] તેવો જ અવસર પાછો ગુજરાતને પ્રાપ્ત થયો છે.

આવે સુઅવસરે મારી હાજરી નહીં ભરી શકું એ વાત મને દુ:ખદેણ છે. મારી ઉમેદ હતી કે હું જાતે હાજરી ભરી બોરસદને તેના મહાન વિજયને[3] સારુ ધન્યવાદ આપીશ. પણ મારી શારીરિક સ્થિતિનો વિચાર કરી સહુ ભાઈઓ અને બહેનો મને માફી આપશે એમ હું માની લઉં છું. મારો વિચાર આ માસની આખરે આશ્રમમાં જવાનો છે.[4] પણ હું જોઉં છું કે હરફર કરવાની શક્તિ આવતાં વખત જશે. મુસાફરીઓનો, જલસાઓનો, અવાજોનો બોજો મારું શરીર હજુ ઉપાડી શકે તેમ નથી. આશ્રમમાં પહોંચવું એ મને આવશ્યક લાગે છે. પણ હું ગુજરાતમાં આવી ગયો એમ કોઈ ન માને. અમદાવાદમાં પણ હાલતુરતમાં કોઈ જગ્યાએ હું હાજરી નહીં ભરી શકું. જેમ હું જૂહુમાં હવાફેર કરી રહ્યો છું ને કયાંય જતો નથી તેમ જ આશ્રમમાં હું બની શકે તો ત્રણ માસ એટલે ઑગસ્ટની આખર સુધી પડી રહેવા ઈચ્છું છું.

અબ્બાસ સાહેબ દિવસે દિવસે જુવાન થતા જાય છે, તેમનો ઉત્સાહ વધતો જાય છે; વલ્લભભાઈનું ને ગુજરાતનું નાક કપાય તે સહન કરવા તેઓ તૈયાર નથી. પોતાની પાસે કાર્યકુશળ ભક્તો છે તેમને વિષે મગરૂર છે ને મને તો હુકમ જ કરે છે “તારે હમણાં ગુજરાતમાં ન જ આવવું. તારી કોથળી બહુ લાંબી છે. તે અમારે ભર્યે જ છૂટકો છે. તું જ પૈસા એકઠા કરી શકે એવું અભિમાન રાખતો હોય તો અમે તે ઉતારી દેવાના છીએ. તારા વિના ન જ ચાલે, તું જ સત્યાગ્રહ ચલાવી શકે, નાનીમોટી બધી બાબતમાં તને પૂછવું જ જોઈએ એમ ભલે બીજા માને; અમે ગુજરાતીઓ એવું કશું માનતા નથી. તારા વિના તારા કરતાં સરસ સત્યાગ્રહ અમે કરી બતાવ્યો છે એમ તું જ કબૂલ કરે છે. તારે જ કબૂલ કરવું પડશે કે અમે તારા વિના પૈસા પણ એકઠા કરી શકીએ છીએ, રેંટિયાનો પ્રચાર કરી શકીએ છીએ,” વગેરે. આ જ શબ્દો તેમના કાગળમાં છે એમ હું વાંચનારને મનાવવા નથી ઈચ્છતો. તેમનો કાગળ તો અંગ્રેજીમાં છે. પોતે ગુજરાતી હોવાનો ડોળ તો કરે છે, પણ ગુજરાતી તો મારા કરતાંયે ખરાબ લખે છે એમ હું પણ કહી શકું છું. પણ અબ્બાસ સાહેબ તો દૂઝણી ગાય એટલે એમના ગુજરાતીની ટીકાસરખુંયે કોણ કરે? ને અંગ્રેજીમાં લખે તેની ગુજરાતીની ટીકા પણ કેમ કરાય? વાંચનારને તેમના અંગ્રેજી કાગળનો જે ભાવાર્થ છે તે મેં આપ્યો છે. મેં ખરો

૧. સાતમી ગુજરાત રાજકીય પરિષદ મેની ૧૩મીએ કાકા કાલેલકરના પ્રમુખપદે મળવાની હતી.

૨. ઑગસ્ટ ૧૯૨૦માં અમદાવાદમાં મળેલી ગુજરાત રાજકીય પરિષદે, મુખ્ય સંસ્થા કૉંગ્રેસના અધિવેશન પહેલાં પ્રાંતિક પરિષદ અસહકારનો ઠરાવ પસાર ન કરી શકે એવો વિરોધ પક્ષે વાંધો લીધો હોવા છતાં તે ઠરાવ પસાર કર્યો હતો.

૩. જુઓ પુસ્તક ૨૩, પા. ૩૬૯–૭૦.

૪. ૧૯૨૪ના મેની ૨૯મીએ ગાંધીજી સાબરમતી આશ્રમમાં પાછા ફર્યા હતા.

Gandhi Heritage Portal

ભાવાર્થ ન આપ્યો હોય તો તે પોતે જે આપશે તે હું નવજીવનમાં છાપવા ને તેમની માફી માગવા તૈયાર છું!

એટલું તો ખરું જ કે મારી તબિયતને સારુ નહીં તો અબ્બાસ સાહેબના માનને ખાતર પણ જ્યાં સુધી થેલી પૂરી ન ભરાય ત્યાં સુધી મારે આશ્રમમાં જ દફન થઈ રહેવું ને ગુજરાતી-માત્રે માનવું કે હું હજુ ગુજરાતમાં આવ્યો જ નથી. બોરસદને મારું કામ ન જ હોય. હું આવી શકું તો મારા સ્વાર્થને અંગે આવું. હવે આપણી પરિષદો કેવળ વ્યવહારુ હોવી જોઈએ. વ્યવહારમાં જલસા વગેરેને સ્થાન નથી. દરેક પરિષદમાં મોટા માણસોને એકઠા કરવાનો જમાનો ગયો. તેઓનો વખત જાય, નકામું ગાડીભાડાનું ખર્ચ થાય અને સ્થાનિક લોકોનું ધ્યાન કામમાંથી નીકળી સ્વાગતમાં રોકાય. તમાશગીરોનો ભરાવો થાય તે નોખું. મોટા માણસો આવવાથી પ્રજાનો નહીં આવેલો ભાગ આવી આપણા કાર્યમાં કંઈક રસ લેશે એ ખ્યાલને એક વેળા સ્થાન હતું, આજે નથી. પ્રજાના એ ભાગને આપણે તેની અંગત સેવા કરીને આપણી તરફ ખેંચવાનો છે. બોરસદના સત્યાગ્રહે જેટલાને ખેંચ્યા તેટલાને આખા હિંદુસ્તાનના બધા આગેવાનો આવ્યા હોત તોપણ ન ખેંચી શકત.

ખરું તો એ છે કે જેટલાને આપણે ખેંચી શક્યા છીએ તેમની પણ પૂરી સેવા આપણે નથી કરી શક્યા. તેઓ પોતે કામ કરતા નથી થઈ ગયા. તેઓ જ્યારે મહાસભાનો શાંતિનો ને સત્યનો માર્ગ ગ્રહણ કરશે, અસહકારનો પાઠ પૂરો સમજશે, ત્યારે તેઓ જ બીજાઓને પોતાનો ચેપ લગાડશે.

સંખ્યાબળની જરૂર હતી તે બળ આપણી પાસે છે, હવે ગુણબળની જરૂર છે. એ સંખ્યામાં સાચા સિક્કા કેટલા નીકળે છે તે તપાસવાનું છે. તે તો કેવળ કાર્ય કરીને અને કરાવીને જ આપણે પારખી શકીશું.

બારડોલીમાં કંઈ આપણે હાર ખાધી નથી. ડહાપણ વાપરી ખરા સિપાઈની પેઠે આપણે એક જગ્યાએ[1] નબળાઈ જોઈ તેથી તે નબળાઈ દૂર કરવા સારુ રોકાઈ ગયા. પણ જે કામ બારડોલીમાં કરવાનું હતું તે આજે પણ કરવાનું બાકી રહે છે. વળી પાસ થવાને સારુ જેટલા દોકડા બારડોલીમાં પૂરતા હતા તેટલા આજે બસ નથી. આજે વધારે દોકડા જોઈએ, કેમ કે તૈયારીનો વધારે વખત મળ્યો; કામ વધારે મુશ્કેલ છે, કલ્પનામાં ન હતાં એવાં વિઘ્નો આવી ઊભાં છે. આપણામાં તડાં પડ્યાં છે, હિંદુમુસલમાન વચ્ચે સાંધ હતી તે ઢીલી પડી છે; તેથી આપણામાં ઘણા વધારે બળની આવશ્યકતા છે.

બોરસદે આ પ્રશ્નનો જવાબ આપવાનો છે. એ વિષે ઠરાવ થાય કે નહીં એ વલ્લભભાઈ જાણે. સૂત્રધાર તેઓ છે. હું તો દૂર બેઠો જોનાર ને ટીકાકાર છું. એ કામ જ્યારે ત્યારે કરવાનું છે એ હું જાણું છું, ને સૂચવું છું.

હા, સ્વરાજ લેવા સારુ સવિનયભંગની જરૂર એક શરતે ન પડે. જો હિંદુસ્તાનનો મોટો ભાગ મહાસભાના રચનાત્મક કાર્યનાં બધાં અંગ પૂરાં ખીલવી શકે તો જરૂર ન પડે. સત્યાગ્રહ એ એક પ્રકારનો ઉત્તેજક ડામ છે. ઊંઘેલાને તે જાગ્રત કરે છે, નબળાને બળ આપે છે. પ્રજા-માંના થોડા જ આપભોગ આપવા તૈયાર હોય ને બીજા પ્રજાના ઉદ્દેશને સમજનારા, પસંદ

૧. અહીં ગાંધીજી ચૌરીચૌરાની દુઃખદ ઘટનાનો ઉલ્લેખ કરતા હોય એમ લાગે છે.

Gandhi Heritage Portal

કરનારા હોય છતાં આપભોગને સારુ તૈયાર ન હોય, ત્યારે સત્યાગ્રહી સમસ્ત પ્રજાને સારુ યજ્ઞ માંડે છે ને તેમાં પોતાનું બલિદાન આપે છે.

મારી એવી પણ માન્યતા છે કે જો આખી ગુજરાત જ સર્વાંગે સંપૂર્ણ થાય તોયે સવિનય-ભંગની જરૂર ન પડે. સર્વાંગે સંપૂર્ણ થવું એટલે સવિનયભંગને સારુ પૂરી લાયકાત મેળવવી. એવી લાયકાતવાળી પ્રજાની સાથે કોઈ ભેટ કરવા ઇચ્છે નહીં. બોરસદે એ પણ બતાવ્યું. પોતાના કાર્યને સારુ જોઈતી બોરસદની તૈયારી એવી સંપૂર્ણતાને પહોંચી હતી કે સરકારે ભેટ કરવાની જરૂર જ ન ગણી. વળી સત્યાગ્રહમાં તો હૃદયપલટાની વાત રહેલી છે. આપણાં સાધન સાચાં છે એમ વિરોધીની ખાતરી થાય એટલે તે પોતાનું બળ અજમાવવા ન જ ઇચ્છે. અત્યારે આપણા સત્ય વિષે કે શાંતિ વિષે સરકારને શંકા છે એટલું જ નહીં પણ વિશ્વાસ જ નથી. જો અંગ્રેજો આજે નિ:શસ્ત્ર થઈ બેસે તો તેઓ આપણાથી સુરક્ષિત છે? અભયદાન એ સત્યાગ્રહીની પ્રથમા પરીક્ષા છે. એમાં કેટલા પાસ થઈ શકીએ? એટલે આપણે બે વર્ષ પહેલાંની સ્થિતિથી આગળ ન જઈએ ને ગુજરાતનો એક જ તાલુકો કે જિલ્લો તૈયાર કરવા પર વધારે જોર દઈએ. એવો તાલુકો અત્યારે તો બોરસદ પણ નથી એમ હું માનું છું. બારડોલી હોવો જોઈએ, પણ તે ક્યાં છે? બોરસદના સ્થાનિક દુ:ખને સારુ સત્યાગ્રહ કરવા જે ઓછી તૈયારીથી ચલાવી શક્યા તેટલી ઓછી તૈયારીથી આપણે સ્વરાજનું બીડું ન ઝડપી શકીએ.

એવી તૈયારીની શરતો અહીં ગણાવી જાઉં.

૧. તૈયાર તાલુકામાં લગભગ દરેક સ્ત્રીપુરુષ તાલુકામાં જ કંતાયેલ-વણાયેલ ખાદી પહેરતાં હોય.

૨. દારૂ અફીણનો એટલે સુધી ત્યાગ હોય કે ત્યાં એક પણ પીઠું ન હોય.

૩. હિંદુમુસલમાનો વચ્ચે પૂરી દિલની મહોબત હોય.

૪. અંત્યજને અસ્પૃશ્ય ન ગણવામાં આવતો હોય એટલું જ નહીં પણ તેનાં બાળકોને રાષ્ટ્રીય શાળાઓમાં કેળવણી લેવાની, જાહેર કૂવે પાણી ભરવાની ને જાહેર મંદિરોમાં દર્શન કરવાની પૂરી છૂટ હોય.

૫. ઠામ ઠામ રાષ્ટ્રીય શાળાઓ હોય.

૬. અદાલતોમાં ભાગ્યે જ કેસ જાય ને માંહોમાંહેની તકરારોના ફડચા પંચની મારફતે થતા હોય.

આવી તૈયારી કરવા ખરું જોતાં બોરસદે તૈયાર રહેવું જોઈએ ને ન હોય તો તૈયાર થવાનો નિશ્ચય કરવો જોઈએ.

આણંદ તાલુકાએ તો બારડોલી સમયે એટલે ૧૯૨૧માં એવી તૈયારી કરી લેવાનો ઠરાવ કર્યો હતો ને આણંદને બારડોલીમાં ભેળવવાની માગણી કરી હતી. એ આણંદ આજે તૈયાર તો કદાચ નથી પણ તૈયાર થવા તૈયાર છે? હું ઉમેદ રાખું છું કે બોરસદમાં વિલાયતી કે દેશી મિલનું કપડું સરખુંયે નજરે નહીં આવે, અથવા આવશે તો તે સરકારી નોકરો વગેરેને શરીરે. મંડપ વિષે કંઈક મુશ્કેલી આવેલી એમ મેં સાંભળ્યું હતું. ખાદીનો મંડપ મોંઘો પડે એમ લાગવાથી મિલ વગેરેના કપડાથી મંડપ બાંધવાની વાત થયેલી સાંભળી હતી. મોંઘી તોયે ખાદી સોંઘી ને બીજું કપડું મફત મળે તોયે મોંઘું, એ પાઠ જ્યાં સુધી આપણે પઢી ન લઈએ ત્યાં સુધી સંપૂર્ણ ખાદીમય આપણે થવાના જ નથી. હિંદુસ્તાનની કંગાળ પ્રજાની સાથે આપણે

Gandhi Heritage Portal

તન્મયતા કરવી હોય તો ખાદી જાડી કે પાતળી, મોંઘી કે સોંઘી એ સવાલ મનમાં ઊઠવો જ ન જોઈએ. ન પરવડી શકે ત્યારે આપણે નગ્ન રહેવા તૈયાર થઈએ પણ બીજું કપડું અંગે ન જ લગાડીએ. તેમ જ જો ખર્ચ ન સાંપડે તો મંડપ વિના ચલાવીએ. આપણો મંડપ તારારૂપી રત્નોથી જડિત આકાશ છે. જ્યાં ઋતુસમ મેહ વરસતા હોય ત્યાં મંડપની ઝાઝી જરૂર નથી રહેતી. વાંસવળીની વાડ કરી લઈને આપણું કામ આપણે ચલાવીએ. કલાના શોખી હોય તે એમાં પણ કલા કરી શકે. મળવાનો સમય પ્રભાતનો હોય ને સાંજનો હોય. દિવસનાં બીજાં કામો કરવાનાં હોય તે પણ થઈ શકે. હજારોને સમાવે તેવા મંડપોનો ખર્ચ આપણી પાસે હોય જ નહીં.

બોરસદમાં પંડિત મોતીલાલજી ઇત્યાદિ આપણા મહાન નેતાઓ આવવાની વકી છે. તેમની વચ્ચે ને આપણી વચ્ચે મતભેદ હોવાનો સંભવ છે. આપણામાંના મોટા ભાગને ધારાસભાપ્રવેશ ભલે ન ગમતો હોય. એવી સ્થિતિમાં તો આપણે ધારાસભાપ્રવેશના હિમાયતીને વધારે માન આપીએ. જેની જોડે મતભેદ હોય તેનો તિરસ્કાર સત્યાગ્રહી તો કદી ન કરે. તેને જીતવો હોય તો બુદ્ધિથી અને પ્રેમથી જીતે. બુદ્ધિ ધીરજ રાખે, પ્રેમ માન આપે. જ્યાં મતભેદ ત્યાં જો હૃદયભેદ વર્ત્યા જ કરે તો સ્વરાજની ગાડી ચાલે જ નહીં. જેમ મોતીલાલજી જેવા પરોણાનું તેમ જ ગુજરાતના સ્વરાજવાદીઓનું. તેઓને પણ જરાય ઓછું ન આવે એવું આપણું વર્તન હોય. વિઠ્ઠલભાઈ[1] ધારાસભામાં ગયા, બીજા ગુજરાતીઓ ધારાસભામાં ગયા, તેથી તેમને ઓછું માન ન આપીએ. કરીએ પોતાને ગમતું પણ આદર બધાનો કરીએ. સત્યાગ્રહીને શત્રુ કેવા? સાંભળ્યું તો એવું છે કે ગુજરાતમાંયે ધારાસભાપ્રવેશની વાતે અરસપરસ મન ખાટાં કર્યાં છે. કોઈ કહે છે કે સ્વરાજવાદીનો દોષ છે, કોઈ કહે છે અસહકારીઓનો. બન્નેના દોષ વિના મન ખાટાં ન જ થાય એ સૂત્ર ખરું હોય તો બન્નેનો ઓછોવત્તો દોષ હોવો જોઈએ. અસહકારીઓનો દાવો છે કે સ્વરાજવાદીઓએ અસહકારને મોળો પાડ્યો. આમ કહેનાર અસહકારીની ઉપર સ્વરાજવાદી પ્રત્યે મીઠાશ એટલે વિનય જાળવવાનો બોજો છે. વળી અસહકારીઓની સંખ્યા વધારે છે એ તો સ્પષ્ટ જ છે. અને વિનયનો બોજો હમેશાં મોટા પક્ષ ઉપર જ હોય છે. બોરસદની પરિષદ વિનયનો પદાર્થપાઠ આપશે એવી આશા હું રાખું છું.

વિનય જાળવવો એક વાત છે અને વિનય કે સંપને નામે પોતાના વિચારનો ત્યાગ કરવો એ જુદી વાત છે. દેશની સામે અત્યારે મહત્ત્વનો પ્રશ્ન ધારાસભાપ્રવેશનો છે. તેનો નિકાલ થવાનો હશે તેમ થશે. સેવકોએ તો એકાગ્ર થઈ અડગ શ્રદ્ધા રાખી પોતાનું કાર્ય કર્યે જવાનું છે. પાક તો જોઈએ તેટલો છે, લણનારાને અભાવે પડી રહ્યો છે.

૧. વણાટશાસ્ત્રમાં પ્રવીણ પ્રામાણિક સેવકો ને સેવિકાઓ જોઈએ.

૨. ઉદ્યમી, નિર્મળ ને જિજ્ઞાસુ શિક્ષકો જોઈએ.

૩. અંત્યજોની ખાસ સેવા કરનારા સેવકો જોઈએ.

આવી જાતના માણસોની સમસ્ત હિંદુસ્તાનમાં ખોટ છે, તેમ ગુજરાતમાં પણ છે. એ કેમ પૂરી પડે? એનો એક જ રસ્તો છે. આપણામાં આપણા કાર્યને વિષે પૂરી શ્રદ્ધા હોવી જોઈએ ને તાબેદારી ઉઠાવવાની શક્તિ હોવી જોઈએ. સ્વતંત્રતાનો અર્થ એવો નથી કે સહુએ અધિકારી બનવું. સ્વતંત્ર તંત્રમાં સેવકો પોતાના સ્વાર્થને અર્થે સેવા નથી કરતા, પણ કર્તવ્ય સમજીને

૧. વિઠ્ઠલભાઈ પટેલ (૧૮૭૩-૧૯૩૩); મુંબઈની ધારાસભાના સભ્ય, પાછળથી વડી ધારાસભાના સભ્ય; દિલ્હીની હિંદી વડી ધારાસભાના ચૂંટાયેલા પહેલા પ્રમુખ.

Gandhi Heritage Portal

કરે છે. પરતંત્રતામાં સેવકો ન ચાલતાં પેટ ભરવા સારુ ચાકરી કરે છે. સ્વતંત્રતામાં તંત્રની સેવા એ ધર્મ છે; તેમાં માન છે. પરતંત્રતામાં કરેલી નોકરી અધર્મ છે; તેમાં અપમાન છે. જ્યાં સૌ અધિકારી બનવા ઇચ્છે ને કોઈ કોઈનું માનવા તૈયાર ન હોય, ત્યાં તંત્ર સ્વચ્છંદી બને છે ને તે પ્રાણપોષક નહીં પણ પ્રાણઘાતક બને છે. બોરસદમાં ભરાવાની પરિષદ શુદ્ધ સેવકોનું દળ ગુજરાતને સમર્પે તો ઘણું કામ થયું મનાય.

પરિષદના પ્રમુખ કાકા કાલેલકર[1] છે. અંત્યજ પરિષદના પ્રમુખ મામા ફડકે[2] છે. બન્ને જન્મે દક્ષણી છે ને સ્વેચ્છાએ ગુજરાતી બન્યા છે. તેથી મારી દૃષ્ટિએ તે વધારે દક્ષણી ને વધારે ગુજરાતી બન્યા છે. દક્ષિણનું જે સારું તે ગુજરાતને આપી રહ્યા છે ને ગુજરાતનું જે સારું તે પોતાનામાં વણી રહ્યા છે. દક્ષિણ, ગુજરાત ઇત્યાદિ હિંદુસ્તાનનાં અંગ છે. તે એકબીજાનાં પોષક છે. પોષક હોય તો જ એક શરીરનાં અંગ બને. એટલે કાકાસાહેબ અને મામાસાહેબને ગુજરાત પૂરી રીતે ઓળખશે ને અપનાવશે એમ મારી ઉમેદ છે. ગુજરાતીને એમ ન જ લાગવું જોઈએ કે પારકા તે પારકા. એવા વિચારની ઉત્પત્તિ દ્વેષમાં રહેલી છે. આપણે તો એમ ઇચ્છીએ કે દક્ષિણ બચાવી શકે તો હજુ વધારે દક્ષણીને આપણે ત્યાં મોકલે. સેવકને સારુ બધેય જગ્યા હોય છે. સરદારને પોતાના સ્થાનનો વિચાર કરવો પડે છે. કાકા ને મામા કેવળ સેવાપરાયણ થઈ ગુજરાતમાં રહ્યા છે એવું પોતાનું જ્ઞાન તેમને બન્નેને અપૂર્વ માન આપી ગુજરાતે સિદ્ધ કર્યું છે; ને તેમને માન આપી પોતે લીધું છે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૧૧–૫–૧૯૨૪

# ૧૬. મારી નોંધ

## વહોરાનો ડર

એક વહોરા ગૃહસ્થ લખે છે[3]:

આ કાગળમાંથી જુલમ પુરવાર કરનારી કેટલીક હકીકત મ કાઢી નાખી છે. ભૂતકાળના ઝઘડા તાજા કરવાથી કોઈને લાભ નથી. જે પ્રશ્ન વહોરા ભાઈએ ઉઠાવ્યો છે તે ગૂઢ છે. નવજીવનમાં છાપવાથી, ને તે વિષે મારી ટીકા કરવાથી તેનો નિકાલ નથી થતો. હિંદુ, મુસલમાન, ખ્રિસ્તી વગેરેમાં વહોરા શબ્દ ઉમેરવાથી પણ સંતોષ નથી મળતો. હિંદુમુસલમાન ઐક્યનું નામ કેટલાંયે વર્ષોથી ગાજી રહ્યું છે, પણ આજે એ ઐક્ય ક્યાં છે? એ ઐક્ય ભાષણથી નથી સધાવાનું. મારી ગરીબડી કલમ કે જીભ પણ કશું કરી શકવાની નથી. ઐક્યમાં જ દરેકનો સ્વાર્થ છે, દરેક ધર્મનું રક્ષણ છે, એમ દરેક કોમે સમજી એકબીજા પ્રત્યે શુદ્ધ મહોબત રાખવી જોઈએ. ધર્માંધપણાને બદલે સહનશીલતા દાખલ થવી જોઈએ, અને મોટામાં મોટી વસ્તુ

૧. દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર (જન્મ: ૧૮૮૫); શિક્ષક અને લેખક; ગાંધીજીના સહકાર્યકર્તા.

૨. વિઠ્ઠલ લક્ષ્મણ ફડકે; વડોદરાના ગંગનાથ વિદ્યાલયના શિક્ષક; ગાંધીજીના અનુયાયી થયા અને પરંપરાથી અસ્પૃશ્ય ગણાતી ગુજરાતની કોમોના ઉદ્ધાર માટે પોતાની જાતને સમર્પી દીધી.

૩. આ લખાણ અહીં આપ્યું નથી.

Gandhi Heritage Portal

તો એ શીખવી જ જોઈશે કે ધર્મને ખાતર કે તેને નામે પણ એક પક્ષ બીજા પક્ષની ઉપર બળાત્કાર ન જ કરી શકે. આટલું જો હિંદુ અને મુસલમાન વચ્ચે પાળવામાં આવે તો બીજી કોમો એની મેળે નિર્ભય થાય છે. વહોરાઓનું નોખું નામ લેવાની તો જરૂર ન જ હોવી જોઈએ. તેઓ પણ મુસલમાન છે. જો મુસલમાન હિંદુ સાથે લાઠીથી લડવાનું ભૂલી જશે તો પોતપોતામાં લડવાનું પણ ભૂલી જશે. એટલે હિંદુમુસલમાન વચ્ચે સાચી એટલે અંતરની ચોખવટ થઈ જશે તો એક જ ધર્મના જુદા જુદા પક્ષો વચ્ચે પણ થઈ જશે. અને જો તેમાં નિષ્ફળતા ગઈ અને બધાય પ્રસંગ આવ્યે એકબીજાની સાથે અને માંહોમાંહે લડવાના એવું જ રહે તો પછી આપણે સદાયની ગુલામગીરી પસંદ કરવી રહી છે. "સરકાર બહાદુર ઘણું જીવો ને આપણને એકબીજાને ગળે છરી મેલતા અટકાવો" એ હિંદુમુસલમાન બધાનો નવો કલમો થયો ને એ નવો ધર્મ. જોવાનું છે કે હિંદુમુસલમાનમાં કે બેમાંથી એકેમાં અક્કલ છે કે નહીં. આજની સ્થિતિમાં એક લાભ છે, એ લાંબી મુદત ટકવાની નથી. ચારછ માસમાં જે નિશ્ચય બંને કોમ કરશે તે ઉપરથી માલૂમ પડી રહેશે કે હિંદુસ્તાનને નસીબે બીજાં પચાસ વર્ષની ગુલામી છે કે થોડી જ મુદતમાં સ્વરાજ છે.

## અંત્યજ પરિષદ

ગોધરા પરિષદ[1] પછી આપણે અંત્યજ પરિષદ દર વખતે ભરતા આવ્યા છીએ. પણ આ વર્ષે તેનું મહત્ત્વ વધારે છે. તેનું એક કારણ તો એ કે મામા સાહેબ ફડકે તેના પ્રમુખ છે. બીજું એ કે હું છૂટયો છું. મેં બારડોલી પાસે ને ગુજરાત પાસે માગ્યું હતું કે અસ્પૃશ્યતાનો નિકાલ તો તુરત કરવો જ જોઈએ. હજુ નથી થઈ શકયો તેમાં દોષ તો દૈવનો જ કાઢીએ. હિંદુ પ્રજાની રગેરગમાં અસ્પૃશ્યતાનું પાપ પ્રસરી ગયું છે. એટલે પાપને જ પુણ્ય માની બેઠા છીએ. જેને આખું જગત પાપરૂપે જોઈ રહ્યું છે ને જેને લીધે હિંદુ જાતિ આજે આખા જગત આગળ તિરસ્કૃત છે, તે દોષ આપણે જોઈ જ નથી શકતા. પેટલાદ પાસે એક હૃદયદ્રાવક કિસ્સો બન્યો તે વિષે એક ભાઈ નીચે પ્રમાણે હકીકત જણાવે છે[2] :

આવો કિસ્સો આજે પણ બની શકે છે ને તે પેટલાદ સ્ટેશન પર! આવો આ એક જ દાખલો નથી. જ્યાં ત્યાં હજુ આવી ક્રૂરતાનો અનુભવ થયા કરે છે. આવી દયામણી હાલત અટકાવવાને સારુ દરેક મહાસભાના હિંદુએ અંત્યજરક્ષક બની જવું જોઈએ ને જ્યાં ટ્રેનમાં અંત્યજ જોવામાં આવે ત્યાં તેની પૂરી રક્ષા કરવા તૈયાર રહેવું ઘટે. અંત્યજ ઉપર પડતો માર પોતે પોતાની ઉપર વહોરી લેવો એ સહેલામાં સહેલો રસ્તો છે. પણ એ ઈલાજથી દરદ નાબૂદ નથી થતું. દરદ મટાડવા સારુ અસ્પૃશ્યતાનિવારક પ્રવૃત્તિ વ્યાપક થવી જોઈએ. વ્યાપક તો જ થાય જો મહાસભાના સભ્યો સાચા થાય. તેઓમાં જ હજુ અસ્પૃશ્યતાનો રોગ ઘર કરી રહ્યો છે. મહાસભાના જ કેટલાક સભ્યો અંત્યજોને રાષ્ટ્રીય શાળાઓમાં સ્થાન નથી આપતા; તેઓનો વિશ્વાસ મોળો છે. અંત્યજ પરિષદ એવા શંકા પડતા માણસોને મહાસભામાંથી નીકળી જવાને વીનવે અને અંત્યજોમાં પ્રવૃત્તિ વધારે. તેઓને મુસાફરી બાબતની અગવડો કેવી પડે છે તેની તપાસ કરે ને પછી તેનો ઈલાજ શોધે. પોતાની રક્ષા કેમ કરવી એ તેઓને જણાવે.

૧. ૧૯૧૮માં પહેલી વાર મળી હતી.

૨. આ હકીકત અહીં આપી નથી. એમાં રેલવેના એક ડબામાં એક વણિક પ્રવાસીએ એક અંત્યજ પ્રવાસીને કેવી ક્રૂર રીતે માર્યો હતો તેનું વર્ણન છે.

Gandhi Heritage Portal

તેઓમાં નિશાળો વધારવી, કંતામણ, વણાટ વગેરે વધારવાં, દારૂ વગેરેનો ત્યાગ કરવાનું સૂચવવું, વગેરે કાર્યો તો તેને અંગે રહ્યાં જ છે. એકેએક કાર્યમાં વિઘ્ન તો છે જ, પણ જો આ કાર્યને સારુ દૃઢ સ્વયંસેવકો મળી જાય તો થયું છે તેના કરતાં ઘણું વધારે થઈ શકે. અંત્યજ પરિષદ સાચા સેવકોમાં વધારો કરી શકે તો એ કામ જ ઘણું કીમતી ગણાશે.

### "નમ્ર સેવક"ને

આ નામે સહી કરી કોઈ સજ્જને કાગળ લખ્યો છે. પોતાનું નામ જાહેર નથી કર્યું. એવો એક કાગળ આ પહેલાં આવેલો તે મેં ફાડી નાખ્યો. હવે બીજો આવેલો છે તેમાં પહેલાંની યાદ આપી છે. પહેલા કાગળમાં શો પ્રશ્ન હતો તે નથી લખ્યું. સામાન્ય નિયમ તો એ છે કે નનામા લખેલા કાગળ ઉપર ધ્યાન ન દેવાય. એથી "નમ્ર સેવક"ને મારી નમ્ર વિનંતી છે કે જો તેનો પ્રશ્ન મહત્ત્વનો હોય તો તેણે એ પ્રશ્ન ફરી પૂછવો ને પોતાની સહી કરવી.

### ઈદ મુબારક

ઈદ મુબારકના કેટલાક પત્રો મુસલમાન ભાઈઓએ મારી ઉપર મોકલ્યા છે. તેમની મહોબતને સારુ હું તેમનો આભાર માનું છું. દરેક ભાઈનો હું નોખો પત્ર લખીને આભાર માનું એમ તેઓ ન ઇચ્છે એવી મારી ખાતરી છે. તેઓને હું ઈદ મુબારક ઇચ્છું છું. આ સમયે જ્યારે બંને કોમો વચ્ચે અવિશ્વાસ ફેલાઈ રહ્યો છે તેવે સમયે જરા પણ શુદ્ધ પ્રેમ હોય તે સૂકી જમીનમાં જેમ થોડી લીલોતરી શોભી નીકળે છે તેમ શોભે. ઈદ મુબારકના કાગળોમાં ખરો પ્રેમ છે એ સિદ્ધ કરવાની સાચી નિશાની તો એ છે કે હિંદુમુસલમાન વચ્ચેનો પ્રેમ વધારે એવાં કામ આપણે કરીએ. મને પત્ર મોકલનારા ભાઈઓ સુવાસનાં બીજ જ્યાં ત્યાં વેર્યા કરશે એવી હું ઉમેદ રાખું છું.

### જ્ઞાતિસુધારો

જ્ઞાતિસુધારામાં સત્યાગ્રહનો ઉપયોગ કેમ થઈ શકે એ વિષે *નવજીવન*માં હું લખી ગયો છું,[1] તે ઉપરથી કેટલાક *નવજીવન*-પ્રેમી એમ ઇચ્છે છે કે હવે મારે જ્ઞાતિસુધારાને *નવજીવન*માં ખીલવવો. બીજા કેટલાકને ભય છે કે હવે મારું રાજ્યપ્રકરણ પૂરું થયું અથવા રાજ્યપ્રકરણને હું સમાજસુધારાનું જ રૂપ આપવા ઇચ્છું છું. જ્ઞાતિસુધારાના પ્રશ્નને હું પ્રધાનપદ નથી આપી શકતો. *નવજીવન*નો હેતુ સ્વરાજ છે. *નવજીવન*ની હસ્તી કેવળ તે અર્થે છે. સમાજસુધારણા મને પ્રિય છે; પણ આજની મારી અખબારોની પ્રવૃત્તિને તેની સાથે કશો સંબંધ નથી. જ્ઞાતિસુધારાનું ઘણું કામ વ્યક્તિઓના જીવનથી ને દૃષ્ટાંતથી થઈ શકે છે. પણ સમાજસુધારાને હું રાજ્યપ્રકરણથી ભિન્ન વસ્તુ નથી ગણતો. નીતિ અથવા ધર્મ જેમ તેમાં હોવાં જ જોઈએ તેમ જ સમાજસુધારાને વિષે કહી શકાય. જે સમાજની આંતરવ્યવસ્થા મેલી છે તેને સ્વરાજ નથી સંભવતું. તેથી પ્રસંગ આવ્યે એવી સુધારાની ચર્ચા પણ *નવજીવન*માં કરી શકાય. ખરું જોતાં અસ્પૃશ્યતાનિવારણ એ સમાજસુધારાનો પ્રશ્ન ગણાય. પણ તે એવો વ્યાપક અને આવશ્યક છે કે તેનો નિકાલ લાવ્યા વિના સ્વરાજ મળવું જ અશક્ય છે એમ હવે આપણે માનતા થઈ ગયા છીએ. પણ જ્ઞાતિસુધારાના જ પ્રશ્નને વિચારી રહેલા સુધારકોએ *નવજીવન*ની

૧. જુઓ પુસ્તક ૨૩, પા. ૪૧૬-૧૯.

Gandhi Heritage Portal

મર્યાદા સમજવાની જરૂર છે, અને મારા ઉપરના વિચારોને ધ્યાનમાં લઈને બીજા જેઓ સ્વરાજપ્રવૃત્તિને નવજીવન કોરે મૂકશે એવો ભય રાખે છે તેઓ ભયમુક્ત થાય.

## જ્ઞાતિભોજન

આ માસ વિવાહનો છે. વિવાહને અંગે જ્ઞાતિભોજન વગેરેમાં ભારે ખર્ચ કરવામાં આવે છે. જેની પાસે પૈસા છે તે જ્ઞાતિભોજન આદિ ખર્ચ ન કરે એમ કહેવું તો વધારેપડતું ગણાશે, પણ એવાં ભોજન ફરજિયાત થઈ પડયાં છે તેથી કુટુંબને તેનો બોજો અસહ્ય થઈ ગયો છે. આવાં ભોજનો મરજિયાત થવાં જોઈએ, એટલું જ નહીં પણ ધનિક કુટુંબોએ પોતે સંયમ પાળી દાખલો બેસાડવો જોઈએ. બચતાં નાણાંનો ઉપયોગ જો શિક્ષણને સારુ કે બીજા સમાજોન્નતિનાં કામોમાં થાય તો તેથી તે જ્ઞાતિને અને એ રીતે આખી પ્રજાને લાભ થાય. વિવાહ સમયે જ્ઞાતિભોજનની પ્રથા બંધ કરવી માત્ર ઇષ્ટ છે. મરણાંતે થતાં જ્ઞાતિભોજન બંધ કરવાં આવશ્યક છે. મરણાંતે અપાતાં જ્ઞાતિભોજનને હું તો પાપરૂપે દેખું છું. એ ભોજનમાં કશું રહસ્ય જોતો નથી. ભોજન એ આનંદનો પ્રસંગ મનાયો છે. મરણ શોકનો પ્રસંગ છે. તે વેળા ભોજન કેમ અપાય એ ન સમજી શકાય એવી વાત છે. સર ચિનુભાઈના[1] સ્વર્ગવાસ પછી જે ભોજન અપાયું હતું તેની બેઠકમાં મેં સ્વર્ગસ્થના માનને ખાતર મારી હાજરી ભરી હતી. તે વખતનો દેખાવ ને તે વખતે થયેલો જમનારી જુદી જુદી નાતો વચ્ચેનો ઝઘડો, જમનારાઓનો સ્વેચ્છાચાર, વગેરે આજ પણ મારી આંખ આગળ તરી રહ્યાં છે. એમાં ક્યાંય મેં મરનારને વિષે આદર ન ભાળ્યો. શોકને તો ત્યાં સ્થાન જ ક્યાંથી હોય? આવા સુધારાને પણ વખત જોઈએ છે, એ રૂઢિનું બળ ને આપણી શિથિલતા સૂચવે છે. આવો સુધારો મહાજન ન કરે તોપણ વ્યક્તિ તો કરી શકે છે. મહાજનની આજની સ્થિતિ દયાજનક છે. તેઓ ઘણી વેળા સુધારા ઇચ્છે પણ કરતાં ડરે. હિંમતવાન વ્યક્તિઓ પહેલ કરી સુધારા ઇચ્છનાર મહાજનને બળ આપે છે ને સુધારાનું દ્વાર ઉઘાડે છે.

## રોટીબેટી

જ્ઞાતિભોજનની અટકાયત કરતાં પણ કદાચ વધારે અગત્યનો સવાલ જ્ઞાતિઓ વચ્ચે બેટીવ્યવહારને ઉત્તેજન આપવાનો છે. વર્ણાશ્રમ આવશ્યક છે, પણ અનેક પેટાવર્ણો હાનિકારક છે. જ્યાં ભાણાવ્યવહાર ત્યાં બેટીવ્યવહાર હોવો જોઈએ એ વિષે બે મત નથી એમ કહી શકાય. એવા વિવાહ ઠીક સંખ્યામાં થયા છે એમ પણ જોવામાં આવે છે. એ સુધારો હવે ન રોકી શકાય એવો છે. એટલે શાણા મહાજન આવા સુધારાને ઉત્તેજન આપે એ બહુ જરૂરનું છે. કાળને રુચે તેના કરતાં વધારે અંકુશ મહાજન મૂકે તો તેમનો માનભંગ થવાનો સંભવ છે. સુધારકોને શોભે છે કે આવો સુધારો મહાજનની ઉપરવટ થઈને કરવો પડે તો તેમણે તેમાં વિનય વાપરવો. એવા સુધારકો પણ જાણ્યા છે કે જેઓ મહાજનને તુચ્છ ગણી તેમને પોતાથી બને તેટલું કરી લેવા સિસકારે છે. એવી ઉદ્ધતાઈ કરવાથી સુધારો થતો અટકે છે ને જ્યાં મહાજન છેક નબળું પડી ગયું હોય ને તેથી દંડ આપવા અશક્ત બને છે ત્યાં સુધારક સુધારક મટી સ્વેચ્છાચારી બને છે. સ્વેચ્છાચાર એ સુધારો નથી. તેથી સમાજ ચડતો નથી, પણ પડે છે.

૧. સર ચિનુભાઈ માધવલાલ બૅરોનેટ, અમદાવાદના એક નાગરિક આગેવાન.

Gandhi Heritage Portal

**લૉટરીથી રાષ્ટ્રીય કેળવણી**

રાષ્ટ્રીય કેળવણીને સારુ લૉટરીથી દ્રવ્ય એકઠું કરવાની જાહેરખબર નીકળી છે તેની નકલ મોકલતાં એક મિત્ર તે વિષે મારો અભિપ્રાય માગે છે. હું તો લૉટરીની વિરુદ્ધ છું. એ એક જાતનો જુગાર છે. સીધી રીતે જ્યાં કેળવણીને સારુ પૈસા એકઠા ન થઈ શકે ત્યાં કાર્યવાહકોમાં કંઈક દૂષણ છે—ભલે તે કાર્યદક્ષતાની ખામીનું જ હોય. આવાને કેળવણી આપવાનું કાર્ય ઉપાડવાનો અધિકાર જ નથી. લૉટરીમાં પૈસા આપનારા પોતાના પૈસાને સાચવી રાખે એવી સલાહ હું તો આપું. લૉટરીમાં નાખવા હોય તેટલા પૈસા વિશ્વાસપાત્ર માણસને કેળવણીને અર્થે કે બીજે અર્થે આપે એ સ્તુત્ય છે. શેરનો સટ્ટો એ પણ એક જાતની લૉટરી છે. તેમાં સેંકડો મુંબઈનિવાસીઓએ ખોયું છે એમ સાંભળું છું. આટલું જ બસ નથી?

**ધર્મસંકટ**

આવો દયાજનક એક કાગળ[1] મારી સામે પડયો છે. જે ભાઈ છાંટ લેવાની ના પાડે છે તેમને હું ધન્યવાદ આપું છું. અસ્પૃશ્યતાને આપણે પાપ માનનારા છીએ તે છાંટ લઈ પોતાના જ સિદ્ધાંત ઉપર કેમ પાણી ફેરવીએ? નાતને વિનયપૂર્વક સમજાવાય; પણ નાત ન જ માને તો નાત બહાર થવાનો દંડ વિનયપૂર્વક સહન કરવો પણ છાંટ કદી ન લેવી એવો જ મારો તો દૃઢ અભિપ્રાય છે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૧૧–૫–૧૯૨૪

## ૧૭. મહાદેવ દેસાઈને પત્ર

સોમવાર [મે ૧૨, ૧૯૨૪][2]

A Full Stop
Learning Urdu and Spinning
A Plea for Punctuality
Living on Spinning and Weaving
Letter from Lalaji
From Sarojini, and a Tribute
Not Inconsistent
Treatment of Mr. Majli
*Young India* and *Navajivan*
Andrews' Notes (sent last week)
Jail Experiences
Empire Goods
Moplah Relief

૧. આ કાગળ અહીં આપ્યો નથી. એમાં લખ્યું હતું કે અંત્યજોમાં કાર્ય કરતા સવર્ણ હિંદુને એવી ધમકી આપવામાં આવી હતી કે જ્યારે પણ તે અંત્યજને સ્પર્શે ત્યારે તેણે છાંટ લેવી પડે છે, નહીં તો તેને જ્ઞાતિ બહાર મૂકવામાં આવે છે.

૨. આમાંની કેટલીક બાબતો યંગ ઇન્ડિયા, ૧૫–૫–૧૯૨૪ના અંકમાં આપી છે અને એની આગળનો સોમવાર મેની ૧૨મીએ હતો.

Gandhi Heritage Portal

સુધારીને વાંચજો.

ભાઈશ્રી મહાદેવ,

તમારા બે કાગળ મળ્યા છે. આજે ઉપર પ્રમાણે મોકલું છું. ઍન્ડ્રૂઝની નોંધો તમને મળી છે. તે ઉપરાંત બીજું નથી મોકલતો.

"ગાય બચી"વાળી નોંધ કેમ ખોવાઈ એ ખબર નથી પડતી. જો નહીં જ હાથ આવે તો બીજી લખી નાખીશ. અહીંથી ચીવટ તો ખૂબ રહે છે. પણ હવે વળી વધારે રહેશે.

બોરસદ પરિષદ વગેરેના હેવાલ તો તમે જ નવજીવનમાં તેમ જ યંગ ઇન્ડિયામાં આપશો. સ્થાનિક સમાચાર આપણે ઢોળેલા પણ કંઈક મળવા જોઈએ.

સ્વરાજ્યમાં વીસનગરવાળા લેખનો ઘણો જ ખરાબ તરજુમો છે. તમારો પણ મને પસંદ નથી આવ્યો. કેટલાકમાં તો અનર્થ પણ છે. અરધું સુધાર્યું છે. બાકીનું સુધારવાનો સમય નથી મળ્યો. હવે તો કદાચ નહીં જ છાપીએ. બીજે તો મોકલવાપણું રહેતું જ નથી. છાપીએ તોયે યંગ ઇન્ડિયામાં જ છપાય. મને બીજું સુધારવાનો વખત રહેશે તો આવતે અઠવાડિયે વિચારશું. સિસકારવું એ Challengeને સારુ જ વાપર્યું છે. બીજો સારો શબ્દ મળે તો પહોંચાડજો. ઋતુસમ એટલે ઋતુવાર, મૂર્છાઈ=બડાઈ. કાઠિયાવાડી લેખમાં કાઠિયાવાડી શબ્દો અનાયાસે કલમે ચડતા જ ગયા.

બહારવટિયાનું નામ મોર નહીં પણ મોવર છે. તેને હું મળ્યો પણ હતો.

મિસિસ જોસેફનો[૧] મને પણ તાર હતો. મેં તારથી જવાબ વાળ્યો કે તમને મોકલવાની જરૂર નથી. કેમ કે ત્યાંથી ડેપ્યુટેશન આવવાનું છે. વળી મારે તો સિદ્ધાંત જ સમજાવવાના હતા. ત્યાં ગેરસમજને અવકાશ જ નથી. વાઇકોમમાં[૨] તેઓ બગાડી રહ્યા છે એમ મને તો હજુ ભાસે છે. આવશે ત્યારે જોઈશું.

વાલજીનો સ્વભાવ તમે ક્યાં નથી જાણતા? એટલું રીઝવતાં કંઈક તેને રુચતું કામ કરે તો સારુ. તેને માર્ગ આપી તેની વિચિત્રતાઓ ભૂંસી નાખવાનો પ્રયાસ છે. એવું કંઈ થોડું બીજાને સારુ આપણે કરવાનું હોય? વાલજીમાં ઘણાં ખાડાખાબોચિયાં હોવા છતાં સરળતા રહેલી છે તે મેં તો સેવી છે ને તમે પણ સેવો.

રાધાની[૩] તબિયત સરસ છે પણ હું ઇચ્છું તેટલી ઝડપથી તેને તાકાત નથી આવતી. હવે ખુશીમાં રહે છે. કીકીબહેન[૪] હિંમતવાન છે પણ બીમારીથી પિલાય છે. તેને તાવ મૂકતો જ નથી. નિયમસર ખાય છે. હવાની સ્વચ્છતા તો ઘણી છે એમ કહેવાય. દાક્તર દલાલે અને જીવરાજે ખૂબ તપાસેલ છે પણ કંઈ ખબર નથી પડતી કે શું કરવું.

કાન્તિ[૫], રસિક[૬], મનુને[૭] અહીં ન બોલાવવાં એમ મને તો લાગ્યા જ કરે છે. એટલું દુ:ખ બા[૮] ભલે ભોગવી લેય. "ભક્તિ શીશ તણું સાટું રે આગળ વસમી છે વાટું" એ

૧. જ્યૉર્જ જોસેફનાં પત્ની; શ્રી જોસેફ મદુરાના એક બૅરિસ્ટર હતા; તેમણે થોડા સમય માટે યંગ ઇન્ડિયા અને ઇન્ડીપેન્ડન્ટનું સંપાદન કર્યું હતું.

૨. જુઓ પુસ્તક ૨૩, પા. ૪૨૩–૨૬.

૩. મગનલાલ ગાંધીની પુત્રી.

૪. જે. બી. કૃપાલાનીનાં બહેન.

૫. અને ૬. ગાંધીજીના પૌત્રો; હરિલાલ ગાંધીના પુત્રો.

૭. હરિલાલ ગાંધીની પુત્રી.

૮. કસ્તૂરબા ગાંધી.

Gandhi Heritage Portal

અનુભવજ્ઞાન છે. હૃદયને કઠોર કર્યા વિના શુદ્ધ ભક્તિ ન જ થઈ શકે એમ હું તો માનતો જ આવ્યો છું.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

મૂળ પત્ર પરથી : એસ. એન. ૮૭૮૫.

## ૧૮. બોરસદની ગુજરાત રાજકીય પરિષદને સંદેશો

મે ૧૩, ૧૯૨૪

બોરસદે ગુજરાતને શોભાવ્યું છે. બોરસદે સત્યાગ્રહ કરી, ભોગ ત્યાગ કરી, પોતાની ને હિંદુસ્તાનની સેવા કરી છે. બોરસદે જમીન સાફ કરી; ચણતર કરવાનું બાકી છે ને તે કઠણ છે. તે કામ થઈ રહ્યું છે એમ હું જાણું છું. તે પૂરું તો ત્યારે થયું કહેવાય જ્યારે બોરસદ તાલુકો હાથે કાંતેલી ખાદી સિવાય બીજું કાપડ ન વાપરે, ન ખરીદે; તેની હદમાં એક પણ પરદેશી કે મિલના કાપડની દુકાન ન હોય; તાલુકામાં કોઈ દારૂ ગાંજો અફીણ ન પીએ; કોઈ ચોરી વ્યભિચાર ન કરે; તાલુકાનાં બાળકો ને બાલિકા — પછી ભલે તે અંત્યજ હો કે બીજાં — રાષ્ટ્રીય શાળાઓમાં ભણતાં હોય. કજિયાફિસાદ હોય નહીં, ને કદાચ હોય તો તેનો નિકાલ પંચ મારફત થાય; હિંદુમુસલમાન ભાઈ સમાન થઈ રહે; અંત્યજનો કોઈ તિરસ્કાર ન કરે. આ કરવા ધારીએ તો સહેલું છે. એટલું બોરસદ કરે તો હિંદને સ્વરાજ અપાવે એમ મારી ખાતરી છે. એમ કરવાની પ્રતિજ્ઞા તેઓ લે; અને તે પ્રતિજ્ઞા લેવાનું તમારામાં બળ હો એમ ઇચ્છું છું. પ્રતિજ્ઞા લેવી હોય તો જ લે, જો પાળવાનો પૂરો આગ્રહ હોય. તેના પાલન પાછળ હરિશ્ચંદ્રના જેટલો જ આગ્રહ હોવો જોઈએ. નહીં તો ન જ લેવી એ ડહાપણ છે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૧૮–૫–૧૯૨૪

## ૧૯. એમ. આર. જયકરને પત્ર

મે ૧૩, ૧૯૨૪

વહાલા શ્રી જયકર,[૧]

દલિત વર્ગ સેવા મંડળના આપણા મિત્રો મારી પાસે આવ્યા હતા. એમને મંદિર બંધાવી આપવા વિષે કશું વચન આપવાનો શ્રી બિરલા[૨] ઇનકાર કરે છે એ વાત તો તમે ઘણુંખરું જાણો છો. મેં એમને કહ્યું છે કે જો તેઓ પોતાની મેળે અંદર અંદર સારી એવી રકમ

૧. એમ. આર. જયકર (૧૮૭૩–૧૯૫૯); ધારાશાસ્ત્રી, લેખક અને લિબરલ પક્ષના આગેવાન; મધ્યસ્થી અને વિષ્ટિકાર તરીકે એમણે ભજવેલા ભાગ માટે જાણીતા.

૨. ઘનશ્યામદાસ બિરલા; ઉદ્યોગપતિ અને દાતા; ગાંધીજીની સમાજકલ્યાણની યોજનાઓને આર્થિક સહાય આપનાર; ૧૯૩૧ની બીજી ગોળમેજી પરિષદના સભ્ય.

Gandhi Heritage Portal

ઊભી કરશે, તો તેમને માટે થોડો ફાળો ઉઘરાવવાનો હું પ્રયત્ન કરીશ. તેઓ ઇચ્છે છે કે તેમની સાથે મારે થયેલી વાતનો સાર મારે તમને જણાવવો. તેથી આ પત્ર લખ્યો છે.

તમારો સહૃદયી
**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]

ध स्टोरी ऑफ माय लाइफ, पुस्तक २, पा. २९७

## ૨૦. ઘનશ્યામદાસ બિરલાને પત્ર

જૂહુ,
વૈશાખ સુદ ૯ [મે ૧૩, ૧૯૨૪][1]

ભાઈશ્રી પ ઘનશ્યામદાસ,

તમારો પત્ર મને મળ્યો છે.

મને ખાતરી છે કે જો જ્ઞાતિજનોનો વિરોધ તમે સહી લેશો તો આખરે પરિણામ કંઈક સારું જ આવશે. આપણા સૌમાં દૈવી તેમ જ આસુરી સંપત્ કામ કરી રહી છે. એને કારણે થોડીઘણી અશાંતિ જરૂર રહેવાની. એનાથી ડરવાની કશી જરૂર નથી. પ્રયત્નપૂર્વક સંયમ પાળતા રહેવાથી આસુરી સંપતનો નાશ થઈ શકે છે, પરંતુ આપણા અંતઃકરણમાં આપણને પૂરો વિશ્વાસ હોવો જોઈએ કે દૈવી સંપતને જ મદદ કરવી એ આપણો ધર્મ છે. મને તમારા પિતા અને ભાઈની ચિંતા છે. જો તેઓ તમારા પક્ષને સંગઠિત કરીને ઝઘડો કરવા માગતા હોય અને તમે એમને શાંતિના રાહ પર લાવી ન શકો, તો તમારા જ કુટુંબમાં બે વિરોધી પ્રવૃત્તિ ઊભી થવાનો સંભવ છે. આવે પ્રસંગે ધર્મસંકટ ઊભું થાય છે. હું તો જરૂર એમને પણ વિનંતી કરીશ કે તેમને જ હાથે તેમણે જ્ઞાતિમાં બે વિરોધી દળો ઊભાં ન કરવાં.

જે વસ્તુ તમે સારી સમજીને કરી છે અને જેની યોગ્યતા માટે આજે પણ તમારા દિલમાં કોઈ સંશય નથી, એને માટે તમે માફી માગો એ વાતને હું હરગિજ વાજબી નહીં ગણું.

તમારા તરફથી મને રૂ. ૫,૦૦૦ મળી ગયા છે. यंग इन्डिया, नवजीवन ઇત્યાદિને સારુ તમને જે યોગ્ય લાગે તે રકમ મોકલી આપશો. પચાસેક નકલો મફત મોકલવાની જરૂર છે.

તમારો
**મોહનદાસ ગાંધી**
૧૪–૫–૧૯૨૪

[મૂળ હિંદી]

મૂળ પત્ર પરથી: સી. ડબલ્યુ. ૬૦૦૪; શ્રી ઘનશ્યામદાસ બિરલાના સૌજન્યથી

૧. વૈશાખ સુદ ૯, ૧૩મી મેને દિવસે હતી. મૂળ પત્રમાં ગાંધીજીની સહી નીચે લખેલી તારીખ સૂચવે છે કે તેમણે પત્ર પર બીજે દિવસે સહી કરી હતી.

Gandhi Heritage Portal

## ૨૧. હકીમ અજમલખાનને તાર[1]

[મે ૧૩, ૧૯૨૪ કે તે પછી]

હકીમ અજમલખાન સાહેબ,[2]

શ્રમને કારણે અશક્તિ વધી છે. તે સિવાય ઘણું સારું છે. આશા છે કે હવાફેરથી દીકરીને ફાયદો થતો હશે.

ગાંધી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૮૮૦૧

## ૨૨. બોરસદની અંત્યજ પરિષદને સંદેશો[3]

મે ૧૪, ૧૯૨૪

અસ્પૃશ્યતાનો પ્રશ્ન દિવસે દિવસે પોતાનું મહત્ત્વ વધારતો જાય છે ને તેમ જ હોવું જોઈએ. અસ્પૃશ્યને વટાવવાના વિચારથી તમે અને હું — એ આપણે બંને તો જાણીએ જ છીએ — પ્રવૃત્ત થયા નથી. અસ્પૃશ્યતાનિવારણમાં સ્વરાજની ચાવી છુપાયેલી ભલે હોય, પણ એ પ્રશ્ન મુખ્યત્વે ધર્મનો જ છે. અસ્પૃશ્યતાને કાયમ રાખીને હિંદુ ધર્મ ન જ નભી શકે એવો મારો વિશ્વાસ દિવસે દિવસે વધતો જાય છે. અસ્પૃશ્યતાને દૂર કરવાનો પ્રયત્ન કરતાં આપણે શુદ્ધ થઈએ છીએ, અસ્પૃશ્યને શુદ્ધ કરતા નથી. આપણા આ કાર્યમાં હું તો સ્વરાજ્યરૂપી સ્વાર્થને જરાય સ્થાન ન દઉં. ખરું છે કે મહાસભાના કાર્યમાં તેને સ્થાન આપવામાં મારો હાથ છે; પણ તે રાજ્યપ્રકરણી દૃષ્ટિએ નહીં, કેવળ ધાર્મિક દૃષ્ટિએ. તેના નિવારણ વિના સ્વરાજ ન જ મળે એ સિદ્ધાંત છે એમ લોકોને બતાવવા તેને મહાસભાના કાર્યમાં સ્થાન છે. પણ આજે સ્વરાજ મળે એમ બની શકતું હોય તોપણ અસ્પૃશ્યતાના નિવારણનો પ્રશ્ન આપણી પાસે રહ્યો જ છે. મને કોઈ કહે કે અસ્પૃશ્યતાની વાત છોડ તો સ્વરાજ આપું, તો તેને હું ક્ષણભર પણ થોભ્યા વિના જવાબ આપું, "મારે એવું સ્વરાજ ન જોઈએ." અસ્પૃશ્યતાને સંઘરવી એ મારે સારુ હિંદુપણાનો ત્યાગ છે. પરિષદને વખતે મારું શરીર તો જૂહુમાં હશે, પણ મારો આત્મા તમારી નજીક હશે એ ખચીત માનજો.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૧૮–૫–૧૯૨૪

૧. હકીમ અજમલખાનના ૧૯૨૪ના મેની ૧૩મીના નીચેના તારનો આ જવાબ હતો : "મારા આવી ગયા પછી આપની તબિયતમાં કેટલો સુધારો થયો તે કૃપા કરી તારથી જણાવો."

૨. ૧૮૬૫–૧૯૨૭; હકીમ અને રાજકારણી; ૧૯૨૧ની હિંદી રાષ્ટ્રીય કોંગ્રેસના પ્રમુખ.

૩. આ સંદેશો પરિષદના પ્રમુખ વિઠ્ઠલ લક્ષ્મણ ફડકેને મોકલ્યો હતો.

Gandhi Heritage Portal

## ૨૩. દેવદાસ ગાંધીને પત્ર

બુધવાર [મે ૧૪, ૧૯૨૪][1]

ચિ. દેવદાસ,[2]

બાનો હૃદયદ્રાવક કાગળ છે. મને ધર્મ બરાબર સૂઝતો નથી. છોકરાંઓ ત્યાં હોય ને લાવવાં જ જોઈએ એમ લાગે તો લાવજો. તમારી તબિયત હવે તદ્દન ઠીક થઈ ગઈ હશે.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી: એસ. એન. ૮૮૧૪

## ૨૪. સર પ્રભાશંકર પટ્ટણીને પત્ર

અંધેરી પોસ્ટ,

વૈશાખ સુદ ૧૦ [મે ૧૪, ૧૯૨૪][3]

સુજ્ઞ ભાઈશ્રી,

તમારો કાગળ મળ્યો છે. અકાલીઓ વિષે તમે ધારો છો તેવી રીતે મારાથી કામ ન થઈ શકે. માગ્યા વિના મા ન પીરસે એ ન્યાય મારા બધા કાર્યને લાગુ પડે છે. ઈશ્વરને ઇચ્છા હશે તેમાં તે મને નિમિત્ત કરશે. સૂત્રધાર તે છે. તેના હાથમાં હું એક તાંતણો છું.

મોહનદાસના

વંદે માતરમ્

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્ર પરથી: સી. ડબલ્યુ. ૩૧૭૮; શ્રી મહેશ પટ્ટણીના સૌજન્યથી

૧. ઘણું કરીને આ પત્ર જુહુથી લખ્યો હતો. ચોક્કસ તારીખ નક્કી કરી શકાય તેમ નથી. મેની ૧૪મીએ બુધવાર હતો.

૨. દેવદાસ ગાંધી (૧૯૦૦–૫૭); ગાંધીજીના સૌથી નાના પુત્ર; ગાંધીજીની લગભગ તમામ જાહેર પ્રવૃત્તિઓમાં જોડાયેલા હતા અને જેલ ભોગવી હતી; હિંદુસ્તાન ટાઇમ્સના સંપાદક, ૧૯૪૦–૫૭.

૩. વૈશાખ સુદ ૧૦ આ તારીખે આવતી હતી.

Gandhi Heritage Portal

## ૨૫. વા. ગો. દેસાઈને પત્ર

વૈશાખ સુદ ૧૦ [મે ૧૪, ૧૯૨૪][1]

ભાઈશ્રી ૫ વાલજી,

તમારું લખાણ મળ્યું. તમારી સૂચનાનો અમલ કરાવીશ. એક ઠેકાણે "ઇન્ડિયન" શબ્દ ઉમેર્યો છે. નિરામિષ ભોજનનો ફકરો કાઢી નાખું છું. તુરત મળનારા સ્વરાજમાં બધા નિરામિષ ભોજન કરનાર કલ્પવા એ મિથ્યા છે. ટાગોરના કાવ્યનું અંગ્રેજી તમે આપ્યું છે એટલે ગુજરાતી અર્થ यंग इन्डियामां નહીં આપું. ગુજરાતી ભાષાંતર કરાવીશ તો તેમાં નાખીશ. તમારી બેઉની વચ્ચે ઊભાં થતાં આશ્ચર્યોમાં મને આશ્ચર્ય લાગતું જ નથી કારણ કે તમે બંને આશ્ચર્યકારક છો. દિલ્હી લગી તો પહોંચ્યો પણ ગાડી ત્યાંથી આગળ થોડો ચલાવવાનો હતો? ભાઈ અભેચંદને લખ્યું છે.

મોહનદાસના

વંદે માતરમ્

તા. ક.

આનંદશંકરભાઈવાળો કાગળ તે જ વેળા ફાડી નાખેલો.

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્ર પરથી: સી. ડબલ્યુ. ૬૦૦૫; શ્રી વા. ગો. દેસાઈના સૌજન્યથી

## ૨૬. નોંધ

### ખુલ્લો વેપાર વિ૦ સંરક્ષણ પદ્ધતિ[2]

તાતા સ્ટીલ વર્ક્સના વેપારને રાજ્યરક્ષણ આપાવા વિષે જે વિચાર ચાલી રહેલ છે તે સંબંધમાં મારી પાસે એવી માગણી આવી છે કે મારે સંરક્ષણ પદ્ધતિની બાબતમાં મારા વિચારો પ્રગટ કરવા. અત્યારે આ કઈ રીતે ઉપયોગી છે એ હું નથી જાણતો, તેમ તાતા સ્ટીલ વર્ક્સને લગતી સૂચનાના ગુણદોષ વિષે પણ હું કશું નથી જાણતો. પણ આ તકનો લાભ લઈને મારે વિષે જે કેટલીક ભૂલભરી માન્યતાઓ પ્રચલિત છે તે દૂર કરવાની હું તક લઉં છું. આવી ભ્રમભરી માન્યતાઓમાંની એક એ છે કે હું મૂડીવાળાઓનો વિરોધી છું, અને મારાથી બને તો સાંચાકામનો અને તેની પેદાશોનો હું નાશ કરું. વસ્તુસ્થિતિ તો એ છે કે હું તો સંરક્ષણપદ્ધતિનો ચુસ્ત હિમાયતી છું. ખુલ્લો વેપાર ઇંગ્લંડને ફાયદાકારક હશે. તેને તો અપંગ દેશોમાં પોતાનો માલ પાથરવો છે અને પોતાની જરૂરિયાતો સસ્તામાં સસ્તે ભાવે દેશાવરથી આણી પૂરી પાડવી છે. પણ ખુલ્લા વેપારે જ હિંદુસ્તાનના રૈયતવર્ગને પાયમાલ કર્યો છે, કારણ કે એણે એનાં ગામડાંના ગૃહઉદ્યોગોનો સદંતર નાશ કર્યો. વળી રાજ્ય તરફથી રક્ષણ મળ્યા સિવાય

૧. ટપાલની છાપમાં આ તારીખ છે.

૨. આ પેટામથાળાવાળા ભાગનું ભાષાંતર નवजीवन, ૧૧-૫-૧૯૨૪ના વધારામાંથી આપવામાં આવ્યું છે.

Gandhi Heritage Portal

કોઈ પણ નવો વેપાર બીજા દેશોના વેપાર જોડે હરીફાઈ કરી શકે નહીં. નાતાલે એક તરફથી સરકારી મદદ આપીને અને બીજી બાજુએથી આયાત-જકાત વધારીને એમ બંને રીતે ટેકો દઈને પોતાને ત્યાંના ખાંડના ઉદ્યોગને પગભર કર્યો. જર્મનીએ પણ બીટની ખાંડનો પોતાનો ઉદ્યોગ સરકારી મદદનું ધોરણ અખત્યાર કરીને જ ખીલવ્યો. હું પણ આપણી મિલોને માટે સંરક્ષણપદ્ધતિને જ તત્કાળ આવકાર આપું, જોકે હું પોતે તો હાથકંતામણની ખાદીની જ પ્રથમ હિમાયત કરનારો છું અને તેવો રહેવાનો.

એકલો મિલોનો જ ઉદ્યોગ શા સારુ, હું તો એકેએક ઉપયોગી ઉદ્યોગને સંરક્ષણપદ્ધતિ હેઠળ મૂકવા ઇચ્છું. અને જો હું જોઉં કે સરકાર હિંદુસ્તાનના આર્થિક અને નૈતિક હિતને વિષે ખરેખર ઉત્સુક થઈ છે તો મારો સરકાર સામેનો વિરોધ સાચે જ પુષ્કળ ઓછો થઈ જાય. સરકાર દેશી કાપડના ઉદ્યોગને પરદેશથી આવતું બધું કાપડ લગભગ બંધ પાડવા જેટલે સુધી રક્ષણ આપવા તૈયાર થાય; એકેએક સરકારી ખાતાઓમાં જોઈતા બધા કાપડમાં હાથકંતામણની ખાદી જ ખરીદ કરીને રેંટિયાને સર્વપ્રિય બનાવી મૂકે; આવકની સામે બિલકુલ ન જોતાં દારૂ અને માદક પદાર્થોનાં વેચાણ બંધ કરે અને તેની જે આવક બંધ થાય તે તેટલા પ્રમાણમાં લશ્કરી ખર્ચ ઘટાડીને મેળવી લે. આવો સુદિન ઊગે તે દિવસે મારો વિરોધ આપોઆપ જ ઓસરી જવાનો. પછી એમાં જોર જ કેમ રહે? આવા ઇલાજ જ સુધારાની ખરી ચર્ચાને સારુ રસ્તો કરી શકે. મારે હિસાબે તો ઉપલાં બે પગલાં સરકારના હૃદયપલટાની ધરખમ નિશાની લેખાય, જેની પછી જ કોઈ પણ માનભરી સમાધાનીની ચર્ચા છેડી શકાય.

## પૂર્ણવિરામ

મૌલાના મહમદઅલીએ[૧] મુસલમાનો અને હિંદુઓના ધર્મોની કરેલી સરખામણી અંગે જોરદાર દલીલો કરતા અનેક પત્રો મને મળ્યા છે. પરંતુ મને પત્રો લખનારા ગમે તે કહેતા હોય, તેમ છતાં હું તો હજી પણ એમ માનું છું કે મૌલનાએ બે ધર્મોની સરખામણી કરીને મારા ધર્મ કરતાં તેમના પોતાના ધર્મને ચડિયાતો ગણ્યો છે, એથી વિશેષ એમણે કશું કર્યું નથી. મારી સામે પડેલા પત્રોમાંથી કેટલાક સચોટ, બોધપ્રદ અને રસપ્રદ હોવા છતાં એ પ્રગટ કરવાની લાલચ મારે રોકવી જોઈએ. ધર્મની કે પછી તત્ત્વજ્ઞાનની ચતુરાઈભરી ચર્ચામાં રસ લેવા કરતાં દેશ સામે બીજું એથી ઘણું વધારે અગત્યનું કામ પડેલું છે. મૌલાના સાહેબના મંતવ્યનો બચાવ કરવા યંગ ઇન્ડિયાની જગાનો મેં ઉપયોગ કર્યો તેનું એકમાત્ર કારણ એ હતું કે હિંદુઓ અને મુસલમાનો વચ્ચે હાલમાં પ્રબળ બનેલી કડવાશમાં નાહકનો વધારો થતો બને તો અટકાવવો.[૨] કેવળ એક મિત્ર પ્રત્યેના સદ્ભાવ ખાતર મેં મૌલાનાનો બચાવ કરવા માટે એક જાહેર છાપાની જગા રોકવાની પરવા ન કરી હોત. મારી સામે પડેલા પત્રો વાંચ્યા પછી મારો અભિપ્રાય બદલવાનું મને કોઈ કારણ જણાતું નથી. એક પત્રલેખકે જે લખ્યું છે કે બે ધર્મોની આ સરખામણીથી મૌલાનાની હિંદુઓ પ્રત્યેની નફરત ઉઘાડી પડી ગઈ છે અને હિંદુમુસ્લિમ ઐક્યની સંભાવના હવે રહી નથી એ અભિપ્રાય પણ મને માન્ય નથી. આજના ઉશ્કેરાટ છતાં અને આપણા સૌના રાગદ્વેષ છતાં એ ઐક્ય આવી રહ્યું છે. મૌલાના આ ઐક્યના

૧. ૧૮૭૧–૧૯૩૧; પત્રકાર અને રાજપુરુષ; ૧૯૨૦માં ખિલાફત પ્રતિનિધિમંડળની આગેવાની લઈને ઇંગ્લંડ ગયા હતા; ૧૯૨૩માં કોકોનાડાની હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસના પ્રમુખ.

૨. જુઓ પુસ્તક ૨૩, પા. ૪૬૫–૭.

Gandhi Heritage Portal

ચાહક ન હોય ને છૂપા શત્રુ હોય તોપણ પરિસ્થિતિમાં કશો ફરક પડવાનો નથી. આપણે ઈશ્વરના હાથમાંનાં કેવળ તણખલાં જ છીએ. એની મરજી પડે ત્યાં એ આપણને ઉડાડી દઈ શકે એમ છે. એની ઇચ્છા સામે આપણે થઈ શકીએ નહીં. ઈશ્વરે આપણને બધાને સદાને માટે અલગ રહેવા માટે નહીં, પરંતુ એક થવા સર્જ્યા છે. મારી આશા અને શ્રદ્ધાનો ચેપ હું મારા પત્રલેખકોને લગાડી શકું તો કેવું સારું! જો એમ થાય તો મૌલાનામાં અવિશ્વાસ રાખવાનું એમને કારણ ન રહે. એ તો જે હોય તે ખરું, પણ મૌલાના સાહેબના ધાર્મિક વિચારો વિષે વધુ પત્રો પ્રગટ નહીં કરવા બદલ અથવા એ અંગે વધુ સ્પષ્ટીકરણ નહીં કરવા બદલ પત્રલેખકો મને માફ કરે.

## શ્રી જોસેફના સમાચાર[1]

ત્રિવેન્દ્રમ સેન્ટ્રલ જેલમાંથી શ્રી જૉર્જ જોસેફ લખે છે:

> અમે બધા અહીં મજામાં છીએ, અને જેલસત્તાવાળાઓ સાથે પણ અમને ઠીક ફાવે છે. સાધારણ રીતે ૧૯૨૨ની શરૂઆતમાં સંયુક્ત પ્રાંતની જેલોમાં "રાજદ્વારીઓ" માટે જેવી સગવડો હતી તેવી જ અહીં પણ છે.
>
> અહીં રેંટિયો મને મળી શક્યો છે અને રોજ ત્રણ કલાક કાંતું છું. મદુરાથી મારા એક મિત્રે રૂને પીંજાવી તેની સુંદર પૂણીઓ બનાવીને મને મોકલી છે. આ પૂણીઓ ખલાસ થયે ત્રાવણકોરનું રૂ મગાવી મારે હાથે જ તેને સાફ કરી, પીંજી, પૂણીઓ બનાવી વાપરવા વિચાર રાખું છું અને આમ કરવાથી રૂ ઉપર થતી બધી પ્રાથમિક ક્રિયાઓમાં હું ઠીક ઠીક હોંશિયાર થઈ જવા ઉમેદ રાખું છું.
>
> હિંદી ભાષાની બાબતમાં તો આ પ્રમાણે સ્થિતિ છે: ૧૯૨૨માં જ્યારે હું જેલમાં ગયો ત્યારે ઉર્દૂનો અભ્યાસ ઠીક થયો હતો અને હું માનું છું કે એ ભાષા હું ખપપૂરતી તો શીખી ગયો છું. આમ ઉર્દૂ વાંચવાસમજવા પૂરતું જ્ઞાન મેં કરી લીધું છે (છાપાં, ચાલુ પદ્યસાહિત્ય, સહેલી કવિતાઓ ઇત્યાદિ વાંચવા અને સમજવા પૂરતું). હવે હિંદી જુદું શીખવાની જરૂર હું નથી જોતો. મેં મારી ઉર્દૂ કિતાબો મગાવી છે અને એ ભાષાનું જ્ઞાન વધારવા પાછળ કેટલોક વખત ગાળવા ધારું છું.

## સમયપાલન માટે આગ્રહભરી વિનંતી

નિઝામ રાજ્યમાં બનાવેલા સુંદર સ્વદેશી કાગળ ઉપર એક ભાઈ લખે છે :

> કેટલાક આગેવાનો પોતાના ભાષણ માટે જાહેર કરાયેલા સમયનું પાલન કરતા નથી એ હકીકત હું આપના ધ્યાન ઉપર લાવવાની રજા લઉં છું. અત્યાર સુધી અનિયમિતતાને કારણે સહન કરતી આવેલી જાહેર જનતાને આથી ખોટો પદાર્થપાઠ મળે છે. તે ઉપરાંત આને લઈને વક્તા પ્રત્યે શ્રોતાવર્ગમાં અણગમો પેદા થાય છે અને પરિણામે તેનું જે માન પડવું જોઈએ તે પડતું નથી. સ્વરાજ માટે આપણે લાયક નથી એમ માનનાર વર્ગ ઉપર પણ આથી ખરાબ છાપ પડે છે. મુંબઈની કેટલીક સભાઓનો મારો આ વારંવારનો અનુભવ છે અને મેં ઉપર જે જણાવ્યું છે તેવી લાગણી મેં જાતે અનુભવી છે તથા બીજાઓને એવી વાત કહેતા સાંભળ્યા છે.

૧. આ નોંધમાં આવતાં "આદર્શ ઇજનેર કુટુંબ", "જેલમાં રેંટિયા", અને "લાલાજીનો કાગળ" એ પેટામથાળાંવાળા ભાગનું ભાષાંતર નવજીવનના ૧૮-૫-૧૯૨૪ના વધારામાંથી તથા "શ્રી જોસેફના સમાચાર", તથા "યંગ ઇન્ડિયા અને નવજીવન" એ પેટામથાળાંવાળા ભાગનું ભાષાંતર નવજીવન, ૧૮-૫-૧૯૨૪ના અંકમાંથી આપવામાં આવ્યું છે.

Gandhi Heritage Portal

જાહેર સભાઓ યોજનારા કૃપા કરીને આ વાત ધ્યાનમાં રાખે.

## આદર્શ ઈજનેર કુટુંબ

ચિત્તાગોંગની મુસાફરીનો અહેવાલ મોકલતાં આચાર્ય રૉય મને નીચે પ્રમાણે લખે છે :

આ સાથે હું ચિત્તાગોંગમાં હમણાં જ ફરી આવ્યો તેનો અહેવાલ મોકલું છું. તમે જાણીને ખુશી થશો કે ત્યાં અંદરના પ્રદેશોમાં કામ કરવાને બહુ જ સુંદર ક્ષેત્ર છે અને તેને ખીલવવાને સારુ માત્ર વ્યવસ્થાની જ જરૂર છે.

મુસાફરી દરમ્યાન મારી એક ગૃહસ્થ જોડે મુલાકાત થઈ. તેઓ ઈજનેર છે એમ મને કહેવામાં આવ્યું; તેઓ હવે ખેડૂત બન્યા છે અને પોતાની જમીન હાથે જ ખેડે છે, હાથે જ વાવેતર કરે છે અને હાથે જ લણણી પણ કરે છે. એમના ઘરનો ખર્ચ કુટુંબના લોકો કાંતીવણીને તથા અંગમહેનત કરીને મેળવી લે છે.

આપ આ પત્રનો જવાબ આપવાની તસ્દી ન લેતા. ખૂબ મહત્ત્વના પત્રવ્યવહારમાં આપનો વખત રોકાયેલો રહે છે એ હું જાણું છું. આપને વાંચીને આનંદ થાય એટલા સારુ ચિત્તાગોંગનું આ વર્ણન લખી મોકલ્યું છે. આપની પાછળ અનેક ચિંતાઓ રાતદિવસ હોય તેથી આવી નાનીસરખી ખુશખબર આપની આરોગ્ય-સુધારણામાં દવારૂપ થઈ પડશે એવી આશાથી આ મોકલ્યું છે.

ઉપલા કાગળમાં જણાવેલ ઈજનેર કુટુંબ જે કામ કરી રહ્યું છે તે મહાસભાનો દરેક કાર્યકર્તા, પછી તે વકીલ હોય, શિક્ષક હોય કે ગમે તે હોય, તે કરી શકે છે. એટલું જો તે કરે તો પછી તેને મહાસભાના બીજા કામની ફિકર કરવાપણું રહેતું નથી. હું ખાતરીપૂર્વક માનું છું કે રેંટિયા અને ખાદીમાં ખરી શ્રદ્ધા અને વિશ્વાસ વિના લોકોને તેનું મહત્ત્વ સમજાવતા અને સભાઓને ગજાવી મૂકતા કેટલાયે ભાષણકર્તાઓ કરતાં ઉપલા ઈજનેર ગૃહસ્થ વધારે પ્રચારકાર્ય કરી રહ્યા છે.

ડૉ. રૉયનો અહેવાલ પણ તેટલો જ બોધપ્રદ છે. સેંકડો મુસલમાન બહેનો પેઢી-દર-પેઢીથી કાંતવાનો ધંધો કરતી આવી છે એમ એના પરથી જણાઈ આવે છે. તેઓ હાથે જ પોતાનો કપાસ પીલે છે અને જાતે જ પૂણીઓ બનાવી લે છે. એ બધો કપાસ આસપાસના ડુંગરાળ મુલકમાંથી લાવવામાં આવે છે. અહેવાલ પરથી એવું જણાય છે કે વેપારી લોકો તમામ રૂ ખરીદી લઈ દેશાવર મોકલે છે. આપણે ત્યાં આ રૂનો ઉપયોગ કરી શકે એવાં હજારો કાંતનારાંઓ પડ્યાં હોય છતાં તેઓ બેકાર રહે, અને દેશનું રૂ પરદેશ જઈ ત્યાંથી કંતાઈ-વણાઈને કાપડના સ્વરૂપમાં આપણી પાસે પાછું આવે એ કેવી દયામણી સ્થિતિ! સુભાગ્યે ડૉ. રૉય અને તેમના સાથીઓ સ્થાનિક કાંતનારાઓની જરૂરિયાત પૂરતું રૂ સંઘરી રાખવાને તનતોડ મહેનત કરી રહ્યા છે.

અહેવાલમાં, એ ભાગોમાં વપરાતા પીંજણના કામઠાનું વર્ણન છે. અને એ કામઠું બારડોલીના કામઠાની હરીફાઈમાં તેનાથી સારું નીવડ્યું એમ પણ એમાં લખ્યું છે. "સચિયા"[1] કામઠાની તાંત અનાનસનાં પાંદડાંઓના રેસાઓની બનાવેલી હોય છે. તે એક અઠવાડિયું કામ આપી શકે એમ મનાય છે. ઝીણામાં ઝીણી ક્રિયાઓ કેવાં સાદાં અને સોંઘાં સાધનો વડે થઈ શકે છે તે જોઈને આશ્ચર્ય થયા વિના રહેતું નથી.

૧. સ્થાનિક કામઠાનું નામ. ચિત્તાગોંગના "સચિયા" નામના ગામ પરથી પડ્યું છે.

Gandhi Heritage Portal

## શ્રી મજલી પ્રત્યેનો વર્તાવ

સંપાદક, યંગ ઇન્ડિયા

વહાલા સાહેબ,

૩જી એપ્રિલના આપના અંકમાં આપે બેલગામના શ્રી મજલીનો એક પત્ર પ્રગટ કર્યો હતો. એમાં જણાવવામાં આવ્યું છે કે એ ભાઈ જેલમાં હતા તે દરમિયાન "સરકાર તરફથી જણાવવામાં આવ્યું છે તે પ્રમાણે એમને સૂતર કાંતવાનું નહીં પણ સૂતર ઠરડવાનું (રોજનું ૧ રતલ) કામ આપવામાં આવ્યું હતું;" "માત્ર પંદર મિનિટના ચાલવાના સમય સિવાય દિવસના ચોવીસે કલાક એકલાને એક કોટડીમાં તાળું મારીને રાખવામાં આવ્યા હતા;" અને તેઓ માંદા હોવા છતાં એમનાથી પચાવી ન શકાય એવો ખોરાક તેમને આપવામાં આવતો હતો.[૧]

આ કિસ્સાની સાચી હકીકતો જાણીને મને શંકા નથી કે આપ રાજી થશો અને મને આશા છે કે એ આપ પ્રસિદ્ધ કરી શકશો.

સાચી હકીકતો એ છે કે શ્રી મજલીને વળ દેવાનું અને કાંતવાનું એટલે કે રેંટિયા વડે દોરો કે સૂતર કાંતવાનું કામ આપવામાં આવ્યું હતું; એમને એમની કોટડીની પડખેના એક મોટા ઓરડામાં બે સાથીઓ સાથે પૂરવામાં આવ્યા હતા અને આ બે પૈકી એક તો ભૂતપૂર્વ કૉંગ્રેસી હતા; એમને રોજ એક કલાક, સવારે અરધો કલાક અને સાંજે અરધા કલાકની કસરત આપવામાં આવતી હતી, અને એમને નીચે પ્રમાણે ખોરાક આપવામાં આવતો હતો :

(ક) તારીખ ૨૩–૧૦–૨૩ને દિવસે જેલમાં દાખલ કરવામાં આવ્યા અને તે તારીખથી ૨–૧૨–૨૩ સુધી સામાન્ય ખોરાક આપવામાં આવ્યો.

(ખ) તારીખ ૩–૧૨–૨૩થી ૧૩–૧૨–૨૩ સુધી મલેરિયાના દરદી તરીકે દવાખાનામાં દાખલ કરવામાં આવ્યા. આ સમય દરમિયાન એમને દૂધ ઉપર રાખવામાં આવ્યા હતા.

(ગ) તારીખ ૧૪–૧૨–૨૩થી ૨૮–૧૨–૨૩ સુધી માંદગી પછીના આરામના દરદી. સામાન્ય ખોરાક અને દાળના બદલામાં એક રતલ દૂધ.

(ઘ) તારીખ ૨૮-૧૨-૨૩થી ૪-૧-૨૪ સુધી સામાન્ય ખોરાક.

(ઙ) તારીખ ૫-૧-૨૪થી ૧૭-૧-૨૪ સુધી કંઈક અપચાને કારણે સામાન્ય ખોરાકને બદલે એકલો ભાત.

(ચ) તારીખ ૧૮-૧-૨૪થી ૨૯-૧-૨૪ સુધી સામાન્ય ખોરાક.

(છ) તારીખ ૩૦-૧-૨૪થી ૧૭-૨-૨૪ સુધી તેઓ દૂધ ઉપરાંત એક પાઉં અને એક ઔંસ માખણ પર રહ્યા. તારીખ ૧૭-૨-૨૪ને દિવસે એમને જેલમાંથી છોડી મૂકવામાં આવ્યા.

આપનો વિશ્વાસુ
(સહી) અવાચ્ય
હંગામી ડાયરેક્ટર ઑફ ઇન્ફૉર્મેશન

૧. જુઓ પુસ્તક ૨૩, પા. ૩૩૫.

Gandhi Heritage Portal

મે ૭, ૧૯૨૪

મુંબઈ

ઉપરનું લખાણ હું ખુશીથી પ્રગટ કરું છું. શ્રી મજલીને એમની અત્યારની તબિયત જોતાં હું તકલીફ આપવા માગતો નથી. તેમ મારી નોંધમાં મેં કહ્યું છે તે પ્રમાણે આ વર્તાવને હું ફરિયાદનો મુદ્દો બનાવવા માગતો નહોતો તેમ છતાં મારે કહેવું પડશે કે કંઈ નહીં તો બે મુદ્દામાં શ્રી મજલીનું કહેવું એકંદરે સાચું નીવડયું છે. શ્રી મજલી પોતાને "વળ દઈને કાંતવાનું" કામ આપ્યાની ના પાડતા નથી. પણ "વળ દઈને કાંતવું" એનો અર્થ "સૂતર ઠરડવું" એવો થાય છે. કદાચ હંગામી ડાયરેક્ટર ઑફ ઇન્ફૉર્મેશન જાણતા નહીં હોય કે "વળ દઈને કાંતવું" એ નામથી ઓળખાતી કોઈ ક્રિયા નથી. રેંટિયા ઉપર સૂતર કાં તો કંતાય કે પછી ઠરડાય. શ્રી મજલી કાંતવાનું કામ માગતા હતા, કેમ કે એમને માટે એ ફરજરૂપ હતું. અને એમાં એમને આનંદ આવતો હતો. પરંતુ એમને તો ઠરડવાનું સોંપવામાં આવ્યું હતું. એ કામમાં એમને આનંદ આવતો નહોતો અને કાંતવા કરતાં એ ઘણું અઘરું હતું. એમને કોટડીમાં પૂરીને તાળું મારવામાં આવતું હતું એ વાત પણ દેખીતી રીતે જ સાચી છે. એમની સાથે બે સાથીઓ હતા એ વાતથી પૂરીને તાળું મારવાની હકીકતમાં કશો ફરક પડતો નથી. સાથે સોબતી હોય કે ન હોય, પણ ખાસ કરીને દિવસે તાળું મારેલી કોટડીમાં પુરાવું કેવું વસમું લાગે છે તે તો કેદી જ જાણતો હોય છે.

## સરોજિની દેવી તરફથી

શ્રીમતી સરોજિની નાયડુ[1] તરફથી મળેલું નીચેનું લખાણ વાંચતાં વાચકોને મારી માફક આનંદ થશે:

> આ હિંદી મહાસાગર, પ્રભાતના સૂર્યની સ્તુતિમાં અતિ પ્રાચીન સ્તોત્રો લલકારી રહ્યો છે અને આ પર્વતો, રવિકિરણોથી ઝળહળતાં એમનાં શિખરો પર બેસીને મહાન સ્વપ્નદ્રષ્ટા-ઓએ દક્ષિણ આફ્રિકાની ભૂમિને ભાવિ પેઢીઓ માટે ઉમદા આદર્શો અને ઉચ્ચ પરંપરાઓનો એક સુંદર વારસો બનાવવાની જે પ્રતિજ્ઞા કરી છે તેની સાક્ષી પૂરે છે. પરંતુ આજે તો વસ્તુસ્થિતિ એથી ઊલટી છે. આ જ પર્વતોની છાયામાં અને આ જ સાગરનાં મોજાં-ઓના ઘુઘવાટ વચ્ચે, દક્ષિણ આફ્રિકાનું ભાગ્ય ઘડનારાઓ પોતાના વારસાને છેહ દઈ રહ્યા છે. અને હાઉસ ઑફ એસેમ્બ્લી કે જે ન્યાય અને સ્વાતંત્ર્યનું મંદિર હોવું જોઈએ તેને તેઓ જુલમ ઉપર આધારિત પૂર્વગ્રહ અને અધિકાર પર રચાયેલી તાત્પૂરતી સત્તાના બદલામાં ભાવિ પ્રજાના જન્મસિદ્ધ હક્કો વેચી મારવાનું બજાર બનાવી રહ્યા છે. તેમ છતાં મારું હૃદય નિરાશ થયું નથી અને આ બધા પ્રશ્નોનું આખરી પરિણામ શુભ જ આવવાનું છે એવી મારી શ્રદ્ધા ડગી નથી અને મારી એ શ્રદ્ધાને કે એ કલ્પનાને જાહેર કરતાં હું ડરી ગઈ નથી. એણે દક્ષિણ આફ્રિકાને કેવળ ગોરાઓનો દેશ બનાવવાના અશક્ય ખ્યાલના હિમાયતીઓને ગુસ્સે કર્યા છે અને ભડકાવ્યા છે. પરંતુ દક્ષિણ આફ્રિકાની બિનગોરી પ્રજામાં એણે જાગૃતિ આણી છે અને નવી આશા પ્રગટાવી છે.

૧. ૧૮૭૯–૧૯૪૯; કવયિત્રી, વક્તા અને સામાજિક કાર્યકર; ૧૯૨૫માં હિંદી રાષ્ટ્રીય મહાસભાનાં પ્રમુખ.

Gandhi Heritage Portal

મારી અહીંની ખાસ કામગીરી અંગે છાપાંના ટૂંકા કેબલો દ્વારા આપને માહિતગાર રાખવામાં આવ્યા છે એ હું જાણું છું. મારી શક્તિ અને સંજોગો મુજબ મારાથી બનતું બધું મેં કર્યું છે, અને અહીંનાં છાપાં પૂર્વગ્રહથી રંગાયેલાં હોવા છતાં તથા ધારાસભ્યો અજાણ હોવા છતાં દક્ષિણ આફ્રિકાની કોમોના તમામ વિભાગો અને થરોમાંથી હિંદીઓની લડત માટે સેંકડો નહીં બલકે હજારો મિત્રો હું જીતી શકી છું. આફ્રિકાની મૂળ જાતિઓ અને રીઢા "સંસ્થાનવાદી" લોકોમાં સુધ્ધાં ઉત્સાહ અને રોષની લાગણી ઊભરાઈ આવી છે. એમનામાં હિંદીઓ પ્રત્યે એક પ્રકારની આત્મીયતા જાગી છે. એમને લાગ્યું છે કે હિંદીઓનું દુ:ખ તે આપણું દુ:ખ છે અને હિંદીઓનું જે થશે તે જ આપણું પણ થવાનું છે. દક્ષિણ આફ્રિકાને માટે "જુલમની વિદ્યાપીઠ" એવા શબ્દો મેં વાપરેલા તેથી ગોરા લોકો કેવા છેડાઈ પડ્યા હતા! છતાં આ દેશ બિનયુરોપિયનોને આત્મસંયમ શીખવવા માટેની અને એમનું મનોબળ કેળવવા માટેની "જુલમની વિદ્યાપીઠ" જ છે.

સામ્રાજ્યના "લોખંડી પુરુષ"[1] સાથેની મારી મુલાકાત ઘણી રસપ્રદ હતી. એમની પંકાયેલી મોહકતા અને આકર્ષણ એમનામાં ભરપૂર જોવામાં આવ્યાં અને એ ઉપરાંત એમની સાદગી અને મીઠાશનો પણ અનુભવ થયો. પણ એ મીઠાશ અને સાદગીની પાછળ કેવી ગહન ખંધાઈ અને કુટિલતા છુપાયેલી છે! મારા ઉપર એમની એવી છાપ પડી કે કુદરતે એમને જગતની મહાન વ્યક્તિ ગણાવા સારુ સર્જ્યા હતા, પરંતુ દક્ષિણ આફ્રિકામાં સત્તાના અંચળા હેઠળ એમણે પોતાની જાતને વામણી બનાવી દીધી છે. આ એક એવા માણસની કરુણ કથની છે કે જે વિધાતાએ એને માટે નિર્મેલા આધ્યાત્મિક વ્યક્તિત્વની પૂરેપૂરી ઊંચાઈ સુધી પહોંચતો નથી કે પહોંચી શકતો નથી. આ મહિનાની ૨૭મીએ હું દક્ષિણ આફ્રિકાથી નીકળું તે પહેલાં રાજકીય કાર્ય સંગઠિત કરવા સારુ અમે એક તાકીદની પરિષદ ભરવાના છીએ. એમાં હવે પછી કરવાના કાર્યની, સંભવ છે કે બલિદાનની, એક રૂપરેખા ઘડવામાં આવશે. હિંદુસ્તાન જતાં રસ્તામાં હું પંદરેક દિવસ માટે પૂર્વ આફ્રિકામાં, સ્વદેશ પાછા ફરતાં પહેલાં મારું ત્યાંનું કાર્ય પૂરું કરવા માટે રોકાવાની છું.

### એક અંગ્રેજની અંજલિ

રેવરંડ ચાર્લ્સ ફિલિપ્સ,[2] દક્ષિણ આફ્રિકામાં સૌથી વધારે આદર પામેલા ખ્રિસ્તી મિશનરીઓમાંના એક છે. એમણે સરોજિની દેવીના કાર્યને નીચે પ્રમાણે અંજલિ આપી છે, જે હું એમના તાજેતરના પત્રમાંથી ઉતારું છું:

'તમારી અને મારી વચ્ચે કોઈ પત્રવ્યવહાર થયાને ઘણો લાંબો સમય થઈ ગયો છે. મને લાગ્યા કર્યું છે કે તમારા સમયની એકેએક ક્ષણ એટલી કીમતી છે કે હું લખી શકું એવા કોઈ પણ પત્રનો જવાબ આપવામાં એ વપરાય એ વાજબી નથી. પરંતુ શ્રીમતી સરોજિની નાયડુ અહીં આવી ગયાં અને મને એમનો ગાઢ પરિચય થયો. એમણે મારા પર એવી ગંભીર જવાબદારી નાખી છે કે મારે તમને તાબડતોબ પત્ર લખવો. ગઈ કાલે તેઓ અહીંથી નીકળી ગયાં છે અને આજે મૅરિત્સબર્ગમાં છે. કેપટાઉનનું "ચક્કર મારીને" તેઓ પાછાં અહીં આવનાર છે અને ત્યારે હું તેમને ફરી વાર મળીશ. પરંતુ જો હું એમને એમ ન કહી શકું કે તમે

૧. દેખીતી રીતે જ જનરલ સ્મટ્સનો અહીં ઉલ્લેખ છે.
૨. ટ્રાન્સવાલમાં કૉંગ્રિગેશનલ ચર્ચના પાદરી, જુઓ પુસ્તક ૧૪.

Gandhi Heritage Portal

સોંપેલું કામ મેં કર્યું છે તો મારાથી એમને સાફ દિલે મળી શકાય નહીં. આપને પત્ર લખીને તકલીફ આપવાનો મારો આ ખુલાસો છે. આખો દિવસ લખું તોપણ લખ્યા વિનાનું ઘણું રહી જવાનો સંભવ છે. તેથી બને એટલું થોડામાં ઘણું લખવાનો મારે પ્રયત્ન કરવો જોઈએ. જોહાનિસબર્ગમાં એમના કાર્યને જે અદ્‌ભુત સફળતા મળી છે તે વિષે મારે ઝાઝું લખવાની જરૂર નથી. બીજાઓ તમને ભરપૂર અને વિગતવાર હેવાલો લખશે, પણ તેઓ તમને એક પણ જોઈએ તેવો હેવાલ આપશે નહીં. તેઓ તો તમારા બીજા આત્મા જેવાં, ગાંધી પાછા આવ્યા હોય એવાં સાબિત થયાં છે. ઘણા વખત પહેલાં જે આદર્શવાદનાં અને ઉચ્ચ આધ્યાત્મિક ધ્યેયનાં અમને દર્શન થયાં હતાં તેમાંનું કંઈક તેઓ અહીં પાછું લઈ આવ્યાં છે. તેઓ અહીં આવ્યાં તે માટે, તેમના અંગારા જેવાં વચનો માટે અને એમણે અમારાં મન પર ઠસાવેલાં દિવ્ય સત્યો માટે તથા ઈશુના જેવા એમના વિચારો માટે અમે પ્રભુનો પાડ માનીએ છીએ. સમગ્ર હિંદુ કોમે અને ગોરી કોમના મોટા ભાગે એમની હાકલ ઝીલી લીધી છે.

## અસંગત નથી

જેલમાંથી છૂટયા પછી ગુરુદ્વારા ચળવળ સંબંધમાં છાપાંજોગ કરેલા મારા નિવેદનની અને નાનકાના સાહેબની દુ:ખદ ઘટના બન્યા પછી મેં આપેલી સલાહની વચ્ચે જે અસંગતતા થયેલી પોતે માને છે તેના પ્રત્યે એક ભાઈ મારું ધ્યાન ખેંચે છે.

જેલમાંથી છૂટયા પછી મેં કરેલું નિવેદન[1] આ પ્રમાણે છે:

> મારા (અકાલી) મિત્રોએ જે એમ જણાવ્યું કે પંજાબમાં એક એવો સામાન્ય ભ્રમ ફેલાયો છે કે નાનકાનાની દુર્ઘટના પછી મેં એવો અભિપ્રાય ઉચ્ચાર્યો હતો કે ગુરુદ્વારા આંદોલન સ્વરાજ મળતાં સુધી મુલતવી રાખવું જોઈતું હતું અને મારો તાજેતરનો પત્ર એ અભિપ્રાયનું પુનરુચ્ચારણ કરવા માટે હતો તેથી મને આશ્ચર્ય થયું છે. તે સમયનાં મારાં લખાણો અને ભાષણો ઉપરથી સારી રીતે સાબિત થઈ શકે તેમ છે કે મારું નામ જેની સાથે જોડવામાં આવે છે તેવો અભિપ્રાય મેં કદી પણ આપ્યો નથી. ને એ દુ:ખદ ઘટના પછી શીખોને મેં લખેલા પત્રમાંથી નીચેનું અવતરણ[2] એ ભાઈએ ટાંકયું છે, અને અગાઉના નિવેદન સાથે આ બંધબેસતું નથી એમ તેઓ માને છે:

> આપણાં દેવાલયોમાં ખરો સુધારો દાખલ કરવાને અને તેમાં પેસી ગયેલા સડાને કાઢી નાખવાને મારા જેટલું ભાગ્યે જ કોઈને લાગતું હશે, પરંતુ જે સુધારા આપણે દાખલ કરવા માગીએ છીએ તેને ઝાંખપ આણે એવા ઉપાયો વડે તે આપણે ન જ કરીએ. તમારી સામે બે રસ્તા ખુલ્લા છે: બધા ગુરુદ્વારાઓનો અને ગુરુદ્વારા કહેવાતાં દેવમંદિરોનો કબજો કોનો હોવો જોઈએ એનો નિકાલ લાવવા માટે પંચો નીમવાં. આ સવાલ સ્વરાજ્ય મળતાં સુધી મુલતવી રાખવો.

ઉપરના અવતરણમાં નાગરીકરણ પત્રલેખકે કર્યું છે. આ બે નિવેદનો વચ્ચે મને કશું અસંગત દેખાતું નથી. પહેલું નિવેદન આખી ચળવળ વિષે છે અને તે એમ કહે છે કે સ્વરાજ મળતાં સુધી

૧. જુઓ પુસ્તક ૨૩, પા. ૨૨૭–૮.
૨. જુઓ પુસ્તક ૧૯, પા. ૩૫૬.

Gandhi Heritage Portal

ચળવળ મુલતવી રાખવાની સલાહ મેં કદી આપી નથી. બીજામાં એવી સલાહ અપાઈ છે કે ગુરુદ્વારાઓનો કબજો લેવાના પ્રશ્નનો નિવેડો લવાદીથી ન લાવી શકાતો હોય તો એ પ્રશ્નને સ્વરાજ્ય મળતાં સુધી મુલતવી રાખવો. આ પત્રમાં મેં બળનું પ્રદર્શન કરીને કબજો લેવાની યોગ્યાયોગ્યતાની ચર્ચા કરી છે અને એવી સલાહ આપી છે કે જો લવાદીથી કામ ન પતે, અને કબજો બળપ્રદર્શનથી લેવો કે પ્રશ્નને મુલતવી રાખવો એ બે વચ્ચે પસંદગી કરવાની હોય તો પ્રશ્ન મુલતવી રાખવો સારો. જિજ્ઞાસુ વાચક યંગ ઇન્ડિયાની ૧૯૨૧ના વર્ષની પોતાની ફાઈલમાં આ પત્ર જાતે વાંચીને ખાતરી કરી શકે છે કે એમાં મેં બળપ્રદર્શનના પ્રશ્નની ચર્ચા કરી છે. એ પછી એવું કશું બન્યું નથી કે જેથી એ પત્રમાં મેં દર્શાવેલા વિચારમાં ફરક પડે. મને ખાતરી થઈ ગઈ છે કે બળપ્રદર્શનથી કોઈ સુધારો સિદ્ધ થઈ શકે નહીં. હું જાણું છું કે લવાદી માટે બે પક્ષો હોવા જરૂરી છે. જો સામો પક્ષ સંમત ન થાય તો અસહકારી વ્યક્તિ બ્રિટિશ ન્યાયકચેરીનો આશરો લેશે નહીં. પણ જો એણે બળપ્રદર્શન અને ન્યાયકચેરીનો આશરો લેવા વચ્ચે પસંદગી કરવાની હોય, એટલે કે જેને તે પોતાનો હક માને છે તેનો થોડી મુદત માટે ત્યાગ કરવા જો તે તૈયાર ન હોય, તો બળપ્રદર્શનથી પોતાનો હેતુ સાધવાને બદલે એણે બ્રિટિશ કાયદાની પણ મદદ લેવી જોઈએ એમ કહેતાં હું અચકાતો નથી.

## જેલમાં રેંટિયા

વાઈકોમ સત્યાગ્રહમાં જેલ ગયેલા એક ભાઈ સેવાસ્ત્યન ત્રિવેન્દ્રમની સેન્ટ્રલ જેલમાંથી લખે છે:

> આપના તરફનો પત્ર મળ્યાને ઘણા દિવસ થયા. કોચીનમાંના મારા જેલના અનુભવો વિષે આપને લખવાનો મને સમય મળે તે પહેલાં તો હું ત્રાવણકોરની જેલમાં પહોંચી ગયો છું. આપ જાણો છો કે કોચીન સરકારે મને જામીન કેસ હેઠળ છ મહિનાની જેલ આપી હતી. અને ત્યાંથી છૂટયાં મને પૂરા બે માસ નહોતા થયા એટલામાં વાઈકોમ સત્યાગ્રહના સંબંધમાં ભાઈ જૉર્જ જોસેફ અને બીજાઓ સાથે હું ફરી પકડાયો અને છ માસની આસાન સજા કમાયો છું.
>
> મારા કેટલાક મિત્રોને તેમ જ મને અહીં રાજદ્વારી કેદી તરીકે રાખવામાં આવે છે, અને જેલ અમલદારો અમારી બધી જરૂરિયાતો તેમ જ સગવડો પૂરી પાડે છે. અમને વિશાળ ઓરડાઓમાં રાખ્યા છે અને ખાટલા, બિછાનાં, ટેબલખુરશીઓ, લખવાની સામગ્રી, પુસ્તકો તેમ જ છાપાં પૂરાં પાડવામાં આવે છે. અમને અમારાં પોતાનાં કપડાં વાપરવા દે છે, અને અમે ખાદી વાપરીએ છીએ. અમારી પાસે જેલમાં અમારા રેંટિયા પણ છે અને અમારામાંના કેટલાક ધર્મભાવનાના ઉમંગપૂર્વક તેને ચલાવી રહ્યા છે. અમલદારવર્ગ બહુ ભલો છે અને અમારી સુખસગવડ વિષે ખૂબ કાળજી રાખે છે.

અંતરાત્માના નાદને વફાદાર રહેવા ખાતર જેઓ જેલ ગયા છે તેવા કેદીઓને આવી સુંદર શોભાભરી ઢબે રાખવા માટે ત્રાવણકોર રાજ્યને હું ધન્યવાદ આપું છું. વળી હું એવી આશા રાખીશ કે કેટલાક નહીં પણ બધા જ સત્યાગ્રહીઓ ધર્મ સમજીને રેંટિયા ચલાવશે. ઉપરાંત પીંજણકામ અને જેલ અમલદારો રજા આપે તો વણાટકામ પણ શીખી લેવાની હું તેમને સલાહ આપું છું. તેમને મળેલી આ કીમતી તકનો બધો વખત જો તેઓ પીંજવા, કાંતવા અને વણવા પાછળ ગાળે તો આ બધી વસ્તુઓ તેઓ શીખી જાય એ નિ:સંશય છે.

Gandhi Heritage Portal

## મોપલાઓ માટે રાહતફાળો

વાચકને જણાવતાં મને આનંદ થાય છે કે મારી અપીલનો પહેલો જવાબ આપનાર એક વહોરા ગૃહસ્થ હતા. તેમણે રૂ. ૫૦૦નો ચેક મોકલ્યો છે. આ રકમ મેં યાકુબ હસનને મોકલી દીધી છે. બીજી રકમ એક વિધવા બહેન તરફથી મળી છે. એ રૂ. ૧૦ની છે. એમની બહેનપણીએ રૂ. ૨ આપ્યા છે. બીજા એક હિંદુએ મદ્રાસથી રૂા. ૧૦ મોકલ્યા છે. બરેલીના એક હિંદુ સજ્જન તરફથી यंग इन्डिया કાર્યાલયમાં રૂ. ૫ આવ્યા છે.

## લાલાજીનો કાગળ

લાલાજીએ યુરોપ જતાં રસ્તામાં સ્ટીમર ઉપરથી એક કાગળ નાખ્યો છે તેમાં તેઓ જણાવે છે:

> હું જહાજ ઉપર ચડયો ત્યારે ખાદીની ટોપી મેં પહેરેલી હતી. અહિંસાધર્મના આ ચિહ્નને મારી દરિયાઈ મુસાફરીને પહેલે જ દિવસે હિંસાનો ભેટો થયો. જહાજ ઉપર વીસેક હિંદીઓ હશે. પણ જહાજ પર ચડયા ત્યારે હું સાથે બે જ જણને માથે ગાંધી-ટોપી હતી. દરેક જણ અમારી સામે તાકી તાકીને જોતું હતું અને કોઈ કોઈના ચહેરા ઉપર તો રોષનાં પણ ચિહ્ન સ્પષ્ટ દીસી આવતાં હતાં! ભોજનવેળાએ મેં મારી ટોપી ભાજનશાળા બહારના ટોપીઓ લટકાવવાના ઘોડા પર ટાંગી. ભોજન પૂરું કરી બહાર આવી જોઉં છું તો ટોપીનો પત્તો ન મળે! ચોમેર શોધી પણ જડે શેની? એ તો અદૃશ્ય થઈ ગઈ હતી! ટોપીની કિંમત જોતાં તો એની સામું પણ કોણ જુએ? આ સ્થિતિમાં ટોપી વિષે એક જ નિર્ણય બાંધવો રહ્યો કે એને "समुद्रास्तृप्यन्तु" કરવામાં આવી!
>
> આ બનાવનો મને શોચ નથી કારણ કે કૃત્ય કરનારે તેમ કરીને જરૂર સંતોષ અનુભવ્યો હશે. પણ મારે સુધ્ધાં મારા ધર્મને વળગી રહ્યે જ છૂટકો હતો. ગઈ કાલે વળી પાછી મેં મારી (બીજી) ટોપી ભોજનશાળા બહારના ઘોડા પર તે જ જગ્યાએ લટકાવી. પણ આ વખતે એને કોઈએ બોલાવી નહીં અને આમ આ પ્રકરણ પૂરું થયું.
>
> મારી તબિયતમાં તો આટલા વખતમાં જ સુધારો જોઈ રહ્યો છું. દરિયાની હવા ઈત્યાદિથી મારા શરીરને ફાયદો છે. આપ પણ આપની ઉપાધિઓમાંથી પંડને છોડાવીને હિંદુસ્તાન બહાર થોડો વખત સંપૂર્ણ આરામ ભોગવો તો કેવું સારું?

એ તો સ્પષ્ટ છે કે ખાદી ટોપીને હજુ કેટલીયે આકરી લડતો લડવાની રહી છે.

## यंग इन्डिया અને नवजीवन

એક ભાઈ नवजीवन તરફથી ખાદીના કામને સારુ અપાયેલી નફાની ૫૦ હજાર રૂપિયાની દેણગી વિષે લખતાં જણાવે છે કે બચત થયેલી ઉપલી નફાની રકમ બતાવી આપે છે કે છાપાંઓની કિંમતમાં સારો ઘટાડો કરીને પ્રજાની ઘણી વધુ મોટી સંખ્યામાં તેનો ફેલાવો સહેલાઈથી કરી શકાત. એ ભાઈના કાગળનો મુદ્દાનો ભાગ હું નીચે આપું છું:

> થોડા વખત ઉપર એવું જાહેર કરવામાં આવ્યું હતું કે નવજીવન પ્રેસે લગભગ ૫૦ હજાર રૂપિયાનો નફો કર્યો હતો અને એ રકમ અમુક ધર્માદા કાર્યોમાં વાપરવામાં આવશે. આ બતાવે છે કે ઈશ્વરકૃપાથી છાપખાનું ખોટમાં કામ કરતું નથી અને તે સારુ તેના વ્યવસ્થાપકોને ધન્યવાદ ઘટે છે.

Gandhi Heritage Portal

પણ હું અને બીજા પણ મારા જેવા ઘણા એ નથી સમજી શકતા કે કાગળોના ભાવ હવે સારી પેઠે ઊતર્યા હોવા છતાં આવા રફ કાગળ ઉપર છાપેલું માત્ર આઠ આનાનું છાપું આટલી મોંઘી કિંમતે શા સારુ વેચાવું જોઈએ? यंग इन्डियाની નકલના બે આના અને નવજીવનના પાંચ પૈસા એ હિંદુસ્તાનના લોકોને સારુ ઘણી જ વધુપડતી કિંમત છે. હિંદુસ્તાન એ ઘણો જ ગરીબ મુલક છે એ વાત તો સર્વત્ર સ્વીકારાઈ ચૂકી છે. જો મજકૂર છાપાં નફો કરે છે તો ન્યાયની દૃષ્ટિએ શું લાજમ નથી કે તેની કિંમતોમાં ઘટાડો કરવો અને એ રીતે આમપ્રજાને તેનો લાભ લેતી કરવી?

અહીંયાં હું આપને એ પણ જણાવી દઉં કે વિલાયતનાં નામીચાં છાપાં, જેવાં કે सेटरडे रिव्यू, नेशन અને एथेनियम, अमेरिकन नेशन, સ્પેક્ટેટર વગેરે તેમની ૬ પેનીની કિંમતે પણ પ્રમાણમાં ઘણાં જ સસ્તાં છે, કારણ તેમાં ત્રણથી વધારે ઘણાં પાનાં હોય છે. અને જો આપના તંત્ર હેઠળ ચાલતાં આ છાપાંઓની કિંમત ઘટાડવી શક્ય ન હોય તો શું આપ તેનાં પાનાં વધારવાની ગોઠવણ ન કરી શકો?

અમારામાંના કેટલાક તો એટલે સુધી માનવા તૈયાર છે કે यंग इन्डिया અને नवजीवन બેથી ત્રણ પૈસાની કિંમતે વેચાય તોપણ જ્યાં સુધી આપ તેને તંત્રીપદે છો ત્યાં સુધી તેમાં ખોટ જવાની નથી. જો આપને લાગે કે આ બાબતમાં આપે જાહેરમાં ખુલાસો કરવાની જરૂર છે તો આપ જરૂર આપના પેપરમાં તેવો ખુલાસો બહાર પાડશો.

વળી ધારો કે છાપાંઓ કશો નફો ન કરી રહ્યાં હોય અગર તો તેની અત્યારની બે આના અને સવા આનાની કિંમતે સુધ્ધાં કશો નફો ન કરી શકે એવું હોય, તોપણ છાપખાનાના નફાની રકમનો ચોક્કસ ભાગ આ છાપાંઓ તરફ આપીને શું આપ તે સસ્તાં ન કરી શકો?

આ કાગળમાં ઉઠાવેલ પ્રશ્નોની મેં વ્યવસ્થાપક જોડે ચર્ચા કરી છે, અને તેઓ તેમ જ હું બંને એવા નિર્ણય ઉપર આવ્યા છીએ કે છાપાંઓની કિંમતમાં ઘટાડો કરવો એ નીચેનાં કારણોસર સલામતીભર્યું નથી :

૧. નફો એ અનિશ્ચિત વસ્તુ છે.

૨. કિંમતમાં ઘટાડો થવાથી ખરીદ કરનારા વધશે જ એવું નથી.

૩. વાંચનારાઓમાં આમપ્રજાને ગણતરીમાં લેવી એ બરોબર નથી, કારણ આમપ્રજાને વાંચતાં આવડતું નથી.

૪. મારા તંત્રીપણાથી ગ્રાહકોની સંખ્યામાં અલબત્ત ફેર પડયો છે પણ તેમાં હજુ લાંબો ફેર પડયો નથી. છાપાં અગાઉ જેવાં લોકપ્રિય હતાં તેવાં અત્યારે નથી જ. આનું કારણ એ પણ હોય કે લોકોમાં અગાઉ ક્ષોભ અને ઉત્તેજના હતાં તે હાલ શમી ગયાં છે. यंग इन्डिया અને हिन्दी नवजीवन હજુ પોતાનો ખર્ચ ઉપાડવા લાગ્યાં નથી. અને જો यंग इन्डियाનો અંગ્રેજી વાચકવર્ગ અને हिन्दी नवजीवनનો હિંદુસ્તાની વાચકવર્ગ આ સાપ્તાહિકોને નભાવવાની બાબતમાં રસ લઈને વધુ ગ્રાહકો મેળવવામાં સહાય નહીં કરે તો આ છાપાં બંધ કરવાનો સવાલ પણ ટૂંકમાં જ ઊભો થાય.

૫. બીજાં કામોમાં નફો કરીને તેમાંથી છાપાં સસ્તાં કરીને આપવાં એ ધોરણ અયોગ્ય છે.

Gandhi Heritage Portal

૬. છાપાંના વાંચનાર પોતાને છાપું કંઈક સસ્તું મળે તેના કરતાં તેમાંથી રહેતા નફાને સત્કાર્યમાં આપી દેવામાં સીધા ભાગીદાર બને એ વધારે શ્રેયસ્કર છે.

૭. જો પ્રજામાં એવો વર્ગ હોય કે જે કિંમત આકરી પડવાના કારણસર જ છાપાં ન લઈ શકતો હોય, તો જે ધનિક ગ્રાહકો મજકૂર છાપાંઓમાં આવતા વિચારો અને નીતિના ફેલાવામાં રસ લેનારા હોય તેઓ મરજી પડે તેટલી જથ્થાબંધ નકલો મગાવી એવો ફેલાવો કરી શકે છે, અને આવી માગણીઓ મોટી સંખ્યામાં થતી હોય તો એમને તેવી નકલો ઓછે દરે અવશ્ય મળી શકે.

૮. ઉપલી સૂચનાની દૃષ્ટિએ વિચાર કરતાં આકરી કિંમતના સવાલને ઝાઝું મહત્ત્વ રહેતું નથી; કારણ સરવાળે પ્રજા નફાની પાઈએ પાઈનો લાભ ઉઠાવે છે.

૯. છાપાનું કદ બીજાં કારણોને લઈને નહીં પણ કંઈ નહીં તો એટલા જ કારણસર વધારી શકાય એમ નથી કે મારી શક્તિની પૂંજી ઘણી થોડી છે અને છાપાંઓની મહત્ત્વાકાંક્ષા પણ મર્યાદિત છે. હું માનું છું કે પ્રજા મારી પાસેથી હાલ આપું છું તે કરતાં વધુ લાંબો અઠવાડિક કાગળ નથી જ ઈચ્છતી.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १५–५–१९२४

## ૨૭. સામ્રાજ્યના માલનો બહિષ્કાર

બ્રિટિશ સામ્રાજ્યની બનાવટના માલનો બહિષ્કાર કરવાનો પ્રશ્ન વખતોવખત કેવો પ્રજાનું ધ્યાન ખેંચ્યા કરે છે એ જોવા જેવું છે.

અહિંસાત્મક અસહકારની દૃષ્ટિએ તો આવો બહિષ્કાર મને તદ્દન અક્ષમ્ય લાગે છે. એમાં ચોખ્ખો વેરભાવ છે અને એ રીતે એ સજાનું પગલું છે. આટલા સારુ જ્યાં સુધી મહાસભા અહિંસાત્મક અસહકાર ઉપર કાયમ છે ત્યાં સુધી એકલા બ્રિટિશ સામ્રાજ્યના માલને સમસ્ત પરદેશી માલના બહિષ્કારથી નોખો પાડીને તેના બહિષ્કારની હિમાયત કરવી એ ગેરકાયદે ગણાવું જોઈએ. અને જો આવા વિચાર ધરાવનારા મહાસભાવાદીઓમાં ફક્ત હું એકલો જ હોઉં તો મારો ધર્મ થઈ પડે છે કે આ બાબતમાં દિલ્હીની છેલ્લી બેઠકમાં પસાર થયેલ ઠરાવને રદ કરનારો ઠરાવ મહાસભાની આવતી બેઠકમાં મારે રજૂ કરવો.

પણ આ જગ્યાએ તો વેરભાવવાળા બહિષ્કારની તાત્ત્વિક દૃષ્ટિએ તપાસમાં ન ઊતરતાં માત્ર ઉપયોગિતાની જ દૃષ્ટિએ ચર્ચા કરીશું. મૉડરેટોએ સુધ્ધાં આવા બહિષ્કારને ટેકો આપ્યો છે એટલા સારુ કંઈ આવી ચર્ચા કરતાં અટકવાની જરૂર નથી. ઊલટું, જો તેઓ જોઈ શકે કે તેમણે અને મહાસભાએ આમ ઉપાડેલો બહિષ્કાર માત્ર અફળ જ નહીં પણ આપણા નિર્માલ્ય ક્રોધનું અને આપણી કીમતી શક્તિઓ વેડફી મારવાની વૃત્તિનું એક વધુ પ્રદર્શન માત્ર છે તો જેટલું કંઈ પરદેશી કાપડ હોય તે તમામનો બહિષ્કાર ચલાવવાનું અને તેની જગ્યાએ દેશી મિલોનું કાપડ નહીં પણ હાથે કાંતેલ અને વણેલ શુદ્ધ ખાદી દાખલ કરવાનું કાર્ય ઉમંગ અને નિશ્ચયપૂર્વક ઉપાડી લેવા હું તેમને આગ્રહ કરું.


Gandhi Heritage Portal

બહિષ્કાર સમિતિનો રિપોર્ટ વાંચવાનો લાભ મને મળ્યો છે. બ્રિટિશ અગર સામ્રાજ્યની બનાવટના માલના બહિષ્કારની દિશાએ વધુમાં વધુ કેટલું થઈ શકે એ વિષે એમાં છેવટના ઉદ્‌ગારો છે અને એ દિશામાં એથી આગળ ભાગ્યે જ કોઈ જઈ શકે એમ નિ:શંકપણે કહી શકાય. પણ આવો આ રિપોર્ટ સુધ્ધાં મારા નમ્ર મત પ્રમાણે તો આપણને બહિષ્કારની તરફેણમાં નહીં પણ તેની વિરુદ્ધ જ લઈ જનારો કેસ સચોટપણે રજૂ કરે છે. રિપોર્ટમાં લખનારાઓ નિખાલસભાવે કબૂલ કરે છે કે સામ્રાજ્યમાં બનતા માલનો મોટો ભાગ, જેવો કે રેલવેનો સામાન ઈત્યાદિની આયાત તો ખુદ સરકાર પોતે અથવા તો અંગ્રેજ પેઢીઓ મારફતે જ થાય છે. અને માત્ર સેંટ, સાબુ, જોડા ઈત્યાદિ ઝીણી ઝીણી નજીવી ચીજો જ આયાત થાય છે, જેનો ઉપયોગ શોખ અને એશઆરામની જિંદગી ગાળનારા હિંદીઓ કરે છે. આ લોકો ઉપર કહ્યો તેવો બહિષ્કાર કબૂલ કરે એ તદ્દન અસંભવિત છે. વળી રિપોર્ટમાં આપેલા આંકડાઓ અને વિગતોનો શાંત ચિત્તે વિચાર કરી જોઈશું તો તરત જણાઈ આવશે કે ઉપલી ઝીણી ઝીણી ચીજોનો બહિષ્કાર મહાસભાનો એકેએક અનુયાયી તેમ જ એકેએક મૉડરેટ અંગીકાર કરે અને ચુસ્તપણે પોતાના જીવનમાં તેનો અમલ કરે તોપણ તેનાથી દર વર્ષે એકાદ કરોડથી વધુ મોટી રકમનો બચાવ થાય તેવું નથી. અને આટલા બહિષ્કારથી ગભરાઈ ઊઠીને કેન્યામાં વસતો અંગ્રેજ કે આખી અંગ્રેજ પ્રજા પોતાની રાજ્યનીતિ ફેરવી નાખશે એમ માનનાર હિંદીનો આશાવાદ અજબ હોવો જોઈએ.

"પણ" કેટલાક કહેશે, "હજુ થોડી જ મુદત પર મુંબઈની મ્યુનિસિપલ કૉર્પોરેશને સામ્રાજ્યના માલના બહિષ્કારનો ઠરાવ પસાર કર્યાના તાર જ્યારે રૉઈટરે વગરદામે વિલાયત મોકલ્યા ત્યારે ત્યાં કેટલો બધો ખળભળાટ મચી ગયો એ જ જુઓને!" મને લાગે છે કે બ્રિટિશ વેપારીઓની વેપારી તદબીરોથી હવે તો આપણે જરૂર એટલા પરિચિત છીએ કે આવા શોરબકોર ઘણી વાર "ઇંગ્લંડનું નુકસાન કરવા નીકળેલા ખટપટી હિંદી ચળવળિયાઓ" વિરુદ્ધ ઇંગ્લંડની ગભરુ પ્રજાની લાગણી ઉશ્કેરવા માટે ઈરાદાપૂર્વક મચાવવામાં આવે છે. જ્યારે એવી રીતે જાણીબૂજીને પ્રજામાં ઉશ્કેરણી ઊભી કરવામાં આવેલી નથી હોતી ત્યારે તે વેપારની તેજીમંદીને અંગે બ્રિટિશ વેપારીવર્ગમાં હમેશ જોવામાં આવતી ખાસિયતનું પરિણામ હોય છે. આ ખાસિયતને લીધે જ તેઓ હરકોઈ પ્રકારનાં સંકટ કે પરિસ્થિતિને પહોંચી વળવાને સદાય જાગતા હોય છે. આટલા સારુ ઇંગ્લંડમાં કે બીજા કોઈ પણ પરદેશમાં થતા વેપારી ખળભળાટો અગર અનુમોદનોને વિષે સાવધાન રહેવાની અને તે ઉપર કદી આધાર ન રાખવાની જ હું તો પ્રજાને સલાહ આપું.

જો આપણે ગુસ્સાથી સાવ આંધળા ન બન્યા હોઈએ તો તો જ્યાં સુધી એક બાજુએ આપણે પ્રત્યક્ષ જોઈ રહ્યા છીએ કે ચોક્કસ પ્રજાકીય જરૂરિયાતો માટે તો આપણે બ્રિટિશ માલ ઉપર જ નભીએ છીએ ત્યાં સુધી બહિષ્કારના ઠરાવ કરીને આપણે શરમથી નીચું જોવું જોઈએ. જો અંગ્રેજી દવાઓ અને ચોપડીઓ વગર આપણું ચાલતું નથી તો ઘડિયાળો આપણને જીનીવાની બનાવટનાં મળી શકે છે એટલા સારુ બ્રિટિશ ઘડિયાળો પર બહિષ્કાર મૂકવામાં આપણે પુરુષાર્થ માનીએ? જો આપણે અંગ્રેજી ચોપડીઓ વગર ચલાવી લેવા તૈયાર નથી તો પછી અંગ્રેજી ઘડિયાળો કે સેંટના વેપારીઓને તેમનો વેપાર બંધ કરવા આપણે કઈ રીતે કહી શકીએ?

પૂનાની ઇસ્પિતાલમાં મારી સારવારમાં એક બાહોશ અંગ્રેજ નર્સ હતી. હું તેને હેતથી જાલમજોર કહેતો. કારણ તે આખો વખત મને વધુ ખાવા તેમ જ ઊંઘવા મમતાભર્યો આગ્રહ

Gandhi Heritage Portal

કર્યા કરતી. જે દિવસે મને ઇસ્પિતાલના મુખ્ય મકાનમાંથી કંપાઉન્ડમાંના બીજા એક એકાંત વૉર્ડમાં ખસેડવામાં આવ્યો તે દિવસે હાઉસ સર્જન સાથે તે પણ જોડે હતી. નવા મકાનમાં સહીસલામત પહોંચ્યા પછી હોઠમાં હસતાં હસતાં અને ધૂર્તપણે આંખ મીંચકાવતાં ધીરે રહીને તેણે મને કહેલું: "તમે જાણો છો, અહીં આવતી વેળાએ હું તમારી ઉપર છત્રી ધરીને ચાલતી હતી ત્યારે શું વિચાર કરી હું હસતી હતી? તમારા જેવો પ્રચંડ બહિષ્કારવાદી પણ આખરે તો બ્રિટિશ શસ્ત્રવૈદ્યની બાહોશીથી, બ્રિટિશ નસ્તરથી, બ્રિટિશ ઓસડિયાંથી અને, બ્રિટિશ નર્સની સારવારથી જીવતો રહ્યો! અને તમને ખબર છે કે અહીં આવતાં મેં તમારા ઉપર જે છત્રીનો છાંયો કર્યો તે છત્રી પણ બ્રિટિશ બનાવટની જ હતી?" એ બિચારીને તો થયું કે પોતાના ભાષણથી એણે મને નિરુત્તર કરી દીધો હતો. પણ મેં તો એને આમ કહીને મૂંઝવી દીધી: "તમે લોક તો સાચી વસ્તુ શીખશો કે' દહાડે? તમને ખબર છે કે અમુક વસ્તુ કેવળ બ્રિટિશ બનાવટની છે એટલા સારુ હું તેનો કદી બહિષ્કાર નથી કરતો. હું તો માત્ર તમામ પરદેશી કાપડનો બહિષ્કાર કરવા કહું છું કારણ કે પરદેશી કાપડે મારા દેશનો ખૂણેખૂણો વ્યાપી મૂકીને મારાં લાખો ભાઈબહેનોને ભૂખે ટળવળતાં કર્યાં છે." મેં તો એને ખાદીની હિલચાલમાં પણ રસ લેતી કરી, કદાચ એ પ્રવૃત્તિને વિષે એને શ્રદ્ધા પણ ઉત્પન્ન થઈ. ગમે તેમ હો પણ ખાદીની પ્રવૃત્તિનું ઔચિત્ય, જરૂરિયાત તેમ જ ઉપયોગિતા સમજી શકી, પણ બ્રિટિશ માલના તદ્દન અફળ અને અર્થહીન બહિષ્કારની વાત તો વાજબી રીતે જ તેણે તદ્દન હસી કાઢી.

આ પ્રતિકારનીતિના હિમાયતી બહિષ્કારવાદીઓ જો પોતાના ઘર તરફ અને ઘરની ચીજો તરફ ઘડી વાર નજર કરશે તો, જેમ મને બહિષ્કારવાદી ધારીને મારી સ્થિતિ પર મારી નર્સ હસી તેમ તેમને પણ પોતાની હાસ્યાસ્પદ અવસ્થાનું ભાન થશે.

કેન્યામાં વસતા મારા દેશભાઈઓને ન્યાય મળેલો જોવાની તેમ જ વહેલામાં વહેલું સ્વરાજ્ય મેળવવા માટેની મારી ઉત્સુકતામાં હું કોઈથી ઊતરું એમ નથી. પણ હું જોઉં છું કે રોષભરી અધીરાઈ આપણું કામ વણસાડશે. ત્યારે જેનાથી આપણે બધા — મૉડરેટો, ધારાસભાવાળા, નાફેરવાદીઓ સૌ કોઈ — વહેલામાં વહેલા આપણા ધ્યેયને પહોંચી શકીએ એવો માર્ગ કયો છે?

આનો જવાબ ઉપર આપી ચૂકયો છું. એ જ માર્ગ આપણી સમસ્યાનો વહેવારુ ઉકેલ કઈ રીતે છે એનો વિગતવાર વિચાર આપણે આવતા અંકમાં કરીશું.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १५–५–१९२४

ભાષાંતર: નવજીવનનો વધારો, ૧૨–૬–૧૯૨૪

Gandhi Heritage Portal

# ૨૮. મારા જેલના અનુભવ – ૫

## સુધારાની શકયતા

મારો અચૂક અનુભવ છે કે આ દુનિયામાં ભલાઈ, સામી ભલાઈ ઉત્પન્ન કરે છે, અને બૂરાઈથી સામી બૂરાઈ નીપજે છે. અને તેથી જો કદી બૂરાઈને સામી બૂરાઈનો પડઘો ન મળે તો તે બેકાર થઈ પડે છે અને એ રીતે છેવટે પોષણ વિના મરી જાય છે. બૂરાઈ માત્ર બૂરાઈ ઉપર જ નભી શકે છે. પુરાણા ઋષિઓ આ સત્ય જાણતા અને તેથી બૂરાઈનો બદલો બૂરાઈથી વાળવાને બદલે ઈરાદાપૂર્વક, ભલાઈથી વાળતા, અને એ રીતે બૂરાઈને હણતા. આમ છતાંયે બૂરાઈ તો હજી નભી રહી છે, કારણ કે ઘણાએ આ શોધનો લાભ લીધો નથી. જોકે એના મૂળમાં રહેલા નિયમની તો ભારોભાર અસર થયા જ કરે છે. વાત તો એ હોય છે કે આપણે એવા આળસુ રહીએ છીએ કે આપણી સામે ઊભી થતી ગૂંચો કે સવાલોનો આપણે આ નિયમને ધ્યાનમાં લઈને ઉકેલ કરતા નથી. અને એમ માની લઈએ છીએ કે એ નિયમનું પાલન કરવા જેવું બળ આપણામાં નથી. વાસ્તવિક જોતાં જે ક્ષણે આપણને તે નિયમમાંના સત્યની પ્રતીતિ થાય છે તે જ ક્ષણે બૂરાઈનો બદલો ભલાઈથી વાળવા જેટલું સહેલું બીજું કોઈ કામ આપણે સારુ રહેતું નથી. માણસ અને પશુ વચ્ચે જે ફેર છે તે એટલો જ છે. ઘાની સામો ઘા ન વાળવો એ જ મનુષ્યને સારુ સ્વાભાવિક સ્થિતિ છે. જ્યાં સુધી આ નિયમનું સત્ય આપણે જાણ્યું નથી અને તે પ્રમાણે વર્ત્યા નથી ત્યાં સુધી જોકે આપણે મનુષ્યદેહનું ખોળિયું ધર્યું છે છતાં સાચા મનુષ્ય નથી. આ નિયમને અપવાદ ન જ હોય. મને એવો એક પણ દાખલો યાદ નથી જ્યાં આ નિયમ સાચો ન પડયો હોય. મારા અનુભવ પ્રમાણે તો બિલકુલ અજાણ્યા માણસો તરફથી પણ આવી વૃત્તિને અચૂક ઉત્તર મળ્યો છે. દક્ષિણ આફ્રિકાની જે બધી જેલોમાં હું ફર્યો ત્યાં જે અમલદારો આરંભમાં મારા તરફ અત્યંત વિરોધીભાવવાળા હતા તેઓ બધા જ છેવટે મારા એકસરખા મિત્ર બન્યા, કારણ મેં તેમના ઘાની સામો ઘા કર્યો નહીં. તેમની કડવાશનો હું મીઠાશથી જ જવાબ વાળતો. આનો અર્થ કોઈ એમ ન કરે કે હું અન્યાયની સામે ન થતો. ઊલટું મારા દક્ષિણ આફ્રિકાના જેલ-અનુભવ એટલે એવા અન્યાયો સામેની મારે સતત ચલાવવી પડેલી લડતોનો જ એક ઈતિહાસ છે એટલે સુધી કહી શકાય. અને એ લડતોમાંની ઘણીખરી સફળ પણ નીવડેલી. હિંદુસ્તાનની જેલના મારા વધુ લાંબા અનુભવે અહિંસાત્મક વર્તનની એ યથાર્થતાને અને સુંદરતાને મારા મન પર માત્ર વધુ સચોટ રીતે ઠસાવી છે. યરવડાના અમલદારો જોડે કડવાશ કરવી એ તો મારે સારુ સાવ સહેલી વસ્તુ હતી. દાખલા તરીકે, જ્યારે તેના સુપરિન્ટેન્ડેન્ટે હકીમસાહેબ ઉપરના મારા પત્રમાં વર્ણવેલી અપમાનભરી ટીકા કરી ત્યારે તેનો જવાબ તેના જેવો જ થઈને હું ધારત તો આપી શકત; પણ તેમ કરીને હું તો મારી પોતાની નજરમાં હલકો જ પડત અને હું એક ધાંધલિયો અને તોફાની રાજદ્વારી મુત્સદ્દી છું એ એના મનના વહેમમાં પણ હું એને દૃઢ કરત. પણ હકીમજીવાળા[૧] કાગળમાં વર્ણવેલા અનુભવો તો ત્યાર પછી જે

૧. જુઓ પુસ્તક ૨૩, પા. ૧૨૧–૮.

Gandhi Heritage Portal

બનાવો બનવાના હતા તેના પ્રમાણમાં સાવ નજીવા ગણાય. આ બનાવોમાંના થોડાક હું

મને ખબર હતી કે એક ગોરો વૉર્ડર મને શકની નજરથી જોતો. દરેક કેદી ઉપર શક રાખવાની પોતાની ફરજ છે એમ એ માનતો. હવે સુપરિન્ટેન્ડેન્ટની જાણ બહાર હોય એવું ક્ષુલ્લકમાં ક્ષુલ્લક કામ પણ ન કરવું એવા વિચારવાળો હું હોવાથી મેં તેને કહી રાખ્યું હતું કે મારા વાડાના મોં આગળ થઈને જનાર કોઈ કેદી જો મને સલામ કરશે તો હું તેને સામી સલામ ભરવાનો; અને બીજું મેં એને એ કહી રાખેલું કે મારે ખાતાં જે કંઈ ખોરાક બચતો તે બધો હું મારા ઉપર મૂકવામાં આવેલા કેદી વૉર્ડરને આપી દેતો હતો. પેલો ગોરો વૉર્ડર સુપરિન્ટેન્ડેન્ટ સાથે મારે થયેલી ઉપલી વાત વિષે કશું જાણતો ન હતો. એક વખત તેણે કોઈ કેદીને મને સલામ કરતો જોયો. મેં તેને સામી સલામ કરી. તેણે તો અમને બંનેને આ કાર્ય કરતા જોયા પણ તેણે એકલા પેલા કેદીની પાસેથી જ ટિકિટ લીધી. આનો અર્થ એ થયો કે એ બાપડાને અમલદાર આગળ ઊભો કરવામાં આવશે. મેં તુરત જ મજકૂર ગોરા વૉર્ડરને કહ્યું કે તેણે મારે વિષે પણ અમલદાર સમક્ષ રિપોર્ટ કરવો જોઈએ કારણ કે હું પણ પેલા કેદીના જેટલો જ ગુનેગાર હતો. તેણે મને જવાબ આપ્યો, "મારે મારી ફરજ બજાવવાની છે." હવે આ ગોરા વૉર્ડરની આવી અમલદારી માટે તેની સામે રિપોર્ટ કરવાને બદલે, અને છતાં પેલા ભાઈબંધ કેદીને બચાવવા ખાતર, જ્યારે સુપરિન્ટેન્ડેન્ટ મને મળ્યો ત્યારે મેં તેને પેલા કેદી અને મારા વચ્ચે થયેલી સામસામી સલામની જ માત્ર વાત કરી ને પેલા ગોરા વૉર્ડરના વર્તનનો કશો જ ઉલ્લેખ કર્યો નહીં. પેલાએ આ જોયું અને તે સમજ્યો કે તેની સામે મારા દિલમાં કશી જ બૂરાઈ નહોતી. તે દિવસથી તેણે મારા ઉપર વહેમ રાખવાનું છોડી દીધું એટલું જ નહીં પણ ઊલટો મારા તરફ તે ખૂબ મિત્રભાવ રાખવા લાગ્યો.

બધા કેદીઓની માફક મારી પણ રોજ ઝડતી લેવામાં આવતી. આની સામે મેં કદી વાંધો લીધો ન હતો. મહિનાઓ સુધી રોજ સાંજે કેદીઓને પૂરવામાં આવે તે પહેલાં આ પ્રમાણે રીતસર ઝડતી લેવાયેલી. કોઈ પ્રસંગે એક જેલર આવતો જે તેની તોછડાઈને માટે પંકાયેલો હતો. મારા શરીર ઉપર મારા કચ્છ સિવાય બીજું કશું જ ન રહેતું, તેથી મારા પંડને સ્પર્શ કરવાનું તેને કદી જ કારણ નહોતું. આમ છતાં પણ તે ખસૂસ કરીને મારી કમ્મરને અને નીચેના ભાગને અડકે. એક વાર તેણે આ બધું કર્યું, ત્યાર પછી મારા કામળા અને બીજી ચીજોને ઉથામી તળે ઉપર કરી જોઈ, એ જોડા પહેરેલો મારા પાણીના વાસણને પણ અડકયો. આ બધું મને અસહ્ય થવા લાગ્યું અને મારો ક્રોધ મને પછાડવાની તૈયારીમાં હતો, પણ સદ્‌ભાગ્યે હું મારા ઉપર કાબૂ મેળવી શકયો ને મેં ગમ ખાધી. હું એને કંઈ જ બોલ્યો નહીં, છતાં આ માણસની વર્તણૂક વિષે મારે રિપોર્ટ કરવો કે નહીં, એ સવાલ રહ્યો જ. હું કંઈ યરવડા જેલમાં તાજો આવેલો કેદી નહોતો. યરવડામાં દાખલ થયા બાદ ઘણા લાંબા વખત પછીનો આ બનાવ હતો, તેથી જો હું તેની સામે રિપોર્ટ કરું તો તેના આ વર્તનને સારુ સુપરિન્ટેન્ડેન્ટ તરફથી તેને પાકો ઠપકો મળે એવો સંભવ હતો.

અંતે હું એવા નિશ્ચય ઉપર આવ્યો કે રિપોર્ટ ન જ કરવો. મને લાગ્યું કે આવાં અંગત અપમાન કે તોછડાઈ મારે ગળી જ જવાં જોઈએ. હું તેની સામે ફરિયાદ કરું તો કદાચ એની નોકરી પણ જાય. તેથી તેમ કરવાને બદલે મેં એની સાથે વાત કરી. એની તોછડાઈ

Gandhi Heritage Portal

મને કેવી સાલી હતી એ મેં તેને કહ્યું. મેં એને એ પણ કહ્યું કે પ્રથમ તેની સામે રિપોર્ટ કરવાનો મને કેવો વિચાર થયેલો અને છેવટે એ બધું કરવાનું માંડી વાળી માત્ર તેની સાથે જ વાત કરવાના નિશ્ચય ઉપર હું કઈ રીતે આવ્યો. મારી વાત એને હૈયે બેઠી અને તેના મનમાં મારો તેના ઉપર ઉપકાર વસ્યો. તેણે એ પણ કબૂલ કર્યું કે પોતે ગેરવર્તન કર્યું હતું, જોકે તેણે કહ્યું કે તેમાં મારી કોમળ લાગણીઓને દુખવવાનો તેનો આશય ન હતો. બસ, તે દિવસ પછી એણે કદી મારું નામ લીધું નહીં. બધા કેદીઓ તરફનું તેનું હમેશનું વર્તન સુધર્યું કે નહીં તેની તો મને ખબર નથી.

પણ મારી આવી વર્તણૂકનાં સૌથી વધુ અજાયબ પરિણામ તો ફટકાઓની સજાઓ અને અપવાસોના ઊભા થયેલા પ્રસંગો દરમ્યાન મારી દરમ્યાનગીરીની બાબતમાં આવ્યાં કહેવાય. પહેલા અપવાસો જન્મકેદની સજાવાળા શીખ કેદીઓએ કરેલા. તેમનું ધર્મવસ્ત્ર (એક પ્રકારનો કચ્છ) જેલવાળાઓ તરફથી લઈ લેવામાં આવ્યું હતું તે પાછું મળ્યા સિવાય અને પોતાને હાથે પોતાનું ખાણું રાંધી લેવાની રજા ન મળે ત્યાં સુધી ખોરાક લેવાની તેમણે ના પાડી હતી. આ લાંઘણની મને ખબર પડી કે તરત જ તેમને મળવા દેવાની રજાને સારુ મેં માગણી કરી. પણ મને જવાબ મળ્યો કે તેવી રજા આપી શકાય નહીં. મેં જોયું કે અધિકારીઓની નજરમાં આવી રજા દેવી એ જેલના મોભાનો અને જેલના તંત્રનો સવાલ હતો. વાસ્તવિક જોતાં તો જો કેદીઓને બહારના માણસોના જેવા જ લાગણીઓવાળા જીવ ગણવામાં આવે તો એમાં ઉપલી બેમાંની એકે બાબતનો સવાલ હતો જ નહીં. મને ખાતરી છે કે જો તેમને મળવાની મને રજા આપવામાં આવી હોત તો અમલદારોની કેટલીયે મુશ્કેલી અને ત્રાસ ઓછાં થાત અને પ્રજાકીય નાણાંનો બચાવ થાત. એટલું જ નહીં પણ પેલા શીખ કેદીઓ પણ એમની દર્દભરી લાંબી લાંઘણોમાંથી બચી જાત.

પણ મને તો કહેવામાં આવ્યું કે હું પેલા શીખ કેદીઓને મળી ન શકું તોપણ તેમને "તાર" મોકલવામાં કશું જ મારી આડે આવે એમ નહોતું. આ "તાર" શબ્દનો ખાસ અર્થ મારે અહીં સમજાવવો રહ્યો છે. જેલોની ભાષામાં આ "તાર" અગર "તાર વગરના સંદેશા"નો એવો અર્થ થાય છે કે અમલદારોની જાણ છતાં કે જાણબહાર બિનસત્તાવાર રીતે એક કેદીએ બીજા કેદીને સંદેશો મોકલવો. દરેક અમલદાર જેલમાં આવા સંદેશાના વહેવારની વાત જાણે છે અને તે તરફ તેને આંખ આડા કાન કરવા પડે છે. અનુભવથી તેઓ શીખ્યા છે કે જેલના નિયમોના આવા ભંગ થતા અટકાવવા અગર તેના કરનારને શોધી કાઢવા એ અશક્ય વાત છે.

હું પોતે આ વિષયમાં સિદ્ધાંતની રૂએ ચુસ્ત રહ્યો છું એમ કહી શકું. મારે પોતાને માટે કદી પણ આવો તાર વગરનો સંદેશો મેં મોકલ્યો હોય એવું મને યાદ નથી. અને જેટલી વાર મેં તેમ કર્યું તે દરેક વેળાએ કેવળ જેલતંત્રના હિતની દૃષ્ટિથી પ્રેરાઈને જ કર્યું છે. અને મને લાગે છે પરિણામ પણ એ જ આવ્યું કે અમલદાર વર્ગ મારા ઉપર અણવિશ્વાસ રાખતો બંધ થયો. અને જો આ તેમના હાથની વાત હોત તો ઉપલા જેવા પ્રસંગોમાં દરમ્યાનગીરી કરવાની મારી માગણી તેઓ સ્વીકારત. પણ તેમની ઉપરના સત્તાવાળાઓને પોતાના મોભાની આવી અપ્રતિષ્ઠા કેમ પોસાય?

Gandhi Heritage Portal

આમ ઉપલા પ્રસંગમાં મેં "તાર વગરના સંદેશા"નો ઉપયોગ હાથ ધર્યો પણ તે ભાગ્યે જ સફળ નીવડયો ગણાય. શીખ કેદીઓની લાંઘણ ઘણા દિવસ બાદ છૂટી અને તે પણ કંઈ મારા સંદેશાઓને લીધે જ થયું એમ મારાથી ન કહી શકાય.

આ પહેલો જ પ્રસંગ હતો કે જ્યારે મને લાગ્યું કે દયાધર્મની ખાતર મારે આવા પ્રસંગમાં વચ્ચે પડવું રહેલું છે.

બીજો પ્રસંગ, જ્યારે મૂળશી પેટાના કેદીઓને તેઓએ ઓછું કામ કર્યાને સારુ ફટકા મારવામાં આવ્યા ત્યારે આવ્યો.[૧] આ દુ:ખભરી કથા હું અહીં માંડીને નહીં કહું. આ કેદીઓમાંના ઘણા નૌજવાન હતા. સંભવ છે કે, તેમની શક્તિ કરતાં ઓછું કામ તેમણે કર્યું હોય. તેમને દળવાનું કામ સોંપેલું હતું. કારણ ગમે તે હો પણ આ મૂળશી પેટાવાળા કેદીઓને બીજા સ્વરાજના કેદીઓની પેઠે "રાજદ્વારી" કેદી તરીકે જુદા ગણવામાં આવતા ન હતા. વળી, કામમાં પણ એમને ઘણે ભાગે ચક્કી જ આપવામાં આવતી. એક રીતે તો જેલોમાં અપાતું આ ચક્કીનું કામ આપણામાં નાહક વગોવાયું છે. એને વિષે આપણામાં વહેમ પેસી ગયો છે કે એ અત્યંત કઠણ કામ છે. એ સાચું છે કે ગમે તેવી મજૂરી પણ જ્યારે માથા ઉપર મોશલ બેસાડીને સજા તરીકે કરાવવામાં આવે ત્યારે તો તે કરનારને સહેજે ચીડ ચડાવે એટલી ત્રાસદાયક થઈ પડે છે. આમ છતાં જે વ્યક્તિ પોતાના અંતરાત્માની ટાઢકને ખાતર જાલિમને પડકારી તેની જેલોને વહાલી કરે છે તેણે તો પોતાને સોંપાયેલા ગમે તે કામને પોતાના અભિમાન અને આનંદની વસ્તુ ગણવી જોઈએ. જે કંઈ મજૂરી પોતાને સોંપવામાં આવે તે તનમનથી બજાવવામાં તેણે ગિરફતાર થઈ જવું જોઈએ.

મૂળશી પેટાના કેદીઓ—અને આ બાબતમાં તો બીજા કેદીઓ પણ—એક સમૂહ તરીકે આવા નહોતા. તેમને બધાને આવા પ્રકારનો આ નવો જ અનુભવ હતો અને તેથી સત્યાગ્રહી તરીકે તેમની ફરજ શી—વધારેમાં વધારે કામ કરવું, કે ઓછામાં ઓછું, કે બિલકુલ ન કરવું—એનો નિર્ણય તેઓ જાણતા ન હતા. મૂળશી પેટાના કેદીઓમાંના ઘણા આ બાબતમાં ઉદાસીન વૃત્તિવાળા હતા. એ વિષે તેમણે કશો વિચાર જ નહોતો કર્યો કહું તો ચાલે. છતાં તેમાંના ઘણા જોશીલા નૌજવાનો હતા. તેઓ મોટા ચમરબંધીની પણ જોહુકમી સાંખી લે તેવા ન હતા. આ કારણથી તેમની અને અમલદારોની વચ્ચે હરહમેશ ચકમક ચાલુ રહેતી.

આખરે અણીનો પ્રસંગ આવ્યો. સુપરિન્ટેન્ડેન્ટ મેજર જોન્સ તપી ઊઠયો. તેણે માની લીધું કે આ લોકો ઇરાદાપૂર્વક પોતાનું કામ કરતા ન હતા. તેણે તેમની ખોડ ભુલાવી દેવાનો વિચાર રાખ્યો અને તેમાંના છ જણાને ફટકા મારવાનો હુકમ કર્યો. આ સજાની ખબર ફેલાતાં જ આખી જેલમાં ખળભળાટ થઈ ગયો. દરેક જણ જાણતો હતો કે જેલમાં શું ચાલી રહ્યું હતું અને તે શાને કારણે હતું. પેલા કેદીઓને મારા વાડા આગળ થઈને લઈ જતા હતા ત્યારે મેં તેમને જોયા. મારું અંતર વલોવાયું. એમાંના એક જણે મને ઓળખ્યો અને મને પ્રણામ કર્યા! "અંધારી"માં જે "રાજદ્વારી" કેદીઓ હતા તેમણે આ બનાવના વિરોધરૂપે હડતાળ પાડવાનો વિચાર કર્યો.

મેજર જોન્સના ગુણોની તારીફ હું અત્યાર અગાઉ કરી ચૂકયો છું. અહીંયાં તેના કાર્યની ટીકા કરવાનો દુ:ખભર્યો ધર્મ બજાવવાનું મને પ્રાપ્ત થાય છે. મેજર જોન્સ ઊંચા

૧. જુઓ પુસ્તક ૨૩, પા. ૧૪૮.

Gandhi Heritage Portal

ખવાસનો, ન્યાયપ્રિય અને અમલદારો કરતાં કેદીઓની વધારે તરફદારી કરનારો છતાં કાર્યમાં ઉતાવળિયો હતો. આથી કેટલીક વાર પોતાના નિર્ણયોમાં તે ગોથું ખાઈ જતો. આનું પણ કાંઈ એટલું બધું લાગતું નહીં કારણ તે પોતાની ભૂલનો પશ્ચાત્તાપ કરવાને તેટલો જ તાબડતોબ તૈયાર રહેતો. પણ આવી ફટકા મારવા જેવી સજાઓ જેમાં એક વખત કરેલી ભૂલ ભૂંસી શકાય નહીં, તેવી બાબતોમાં એવી નિખાલસતા નિરુપયોગી જ ગણાય. મેં નરમાશથી તેની આગળ આખી વાત ચર્ચી. પણ કેદી કામ ઓછું આપે એટલા કારણસર તેને ફટકાની સજા કરવી એ હરકોઈ દૃષ્ટિએ ગેર હતું એ વાત હું એને ગળે ન જ ઉતારી શક્યો. હું એને ન ઠસાવી શક્યો કે જે કોઈએ પોતાનું કામ પૂરું ન કર્યું હોય તે દરેક જણે ઇરાદાપૂર્વક જ તેમ કર્યું છે એમ ખાતરીપૂર્વક માની લેવું વાજબી નથી. એણે એટલું બેશક કબૂલ કર્યું કે આવા કિસ્સાઓમાં અમલદારોની આંકણી ખોટી હોવાનો સંભવ હોય છે ખરો, પણ એવા પોતાના અનુભવ મુજબ એ સંભવ એટલો બધો અલ્પ હોય છે કે તેને ગણતરીમાં લેવાની જરૂર નથી. કમનસીબે ઘણા અમલદારોની જેમ મેજર જોન્સ પણ ફટકાની સજાની ઉપયોગિતામાં માનનારો હતો.

આ બનાવને અતિશય ગંભીર ગણીને તેની સામે રાજદ્વારી કેદીઓ અપવાસ ચાલુ કરવાની તૈયારીમાં હતા એટલામાં મને તેની જાણ થઈ. મને લાગ્યું કે પોતાને પક્ષના સાવ દેખીતા વાજબીપણાને વિષે અતિશય જબરદસ્ત આધાર ન હોય ત્યાં સુધી લાંઘણ કરવી એ ખોટું છે. વળી કેદીઓ, કાયદો પોતાના હાથમાં લઈને પોતે પોતાનો ન્યાય ન તોળી શકે. આથી આ બધા ભાઈઓને મળવા દેવા બાબત મેં મેજર જોન્સની પાસે ફરી એક વાર રજા માગી. આ વખતે પણ અગાઉની પેઠે તેવી રજાની ના પાડવામાં આવી. આ વિષે મારે અમલદારો જોડે ચાલેલો પત્રવ્યવહાર[1] હું પ્રગટ કરી ચૂક્યો છું. આ લેખ વાંચતી વેળા તે પણ સાથે જ વાંચી જવાની અભ્યાસી વાચકને હું ભલામણ કરું છું.

મારે પેલા "તાર વગરના સંદેશા"નો ફરી આશ્રય લેવો પડ્યો. રાજદ્વારી કેદીઓની એક મોટી લાંઘણ અને આણીની ઝુંબેશ આવા સંદેશા વડે અટકાવી શકાયાં, પરંતુ આ જ બનાવને અંગે બીજો એક દુ:ખદ પ્રસંગ ઊભો થયેલો તેની નોંધ મારે અહીં લેવી રહી. ભાઈ જયરામદાસે[2] મારો સંદેશો જેલ નિયમની ઉપરવટ થઈને રાજદ્વારી ભાઈઓને પહોંચાડેલો. તેમ કરવામાં ભાઈ જયરામદાસને પેલા રાજદ્વારી કેદીઓને મળવું પડે તેમ હતું અને તે મુજબ તેઓ તેમને મળ્યા. આ કેદીઓને હેતુપૂર્વક નોખા નોખા વિભાગોમાં રાખવામાં આવ્યા હતા. આ કારણથી ભાઈ જયરામદાસ પોતાનો વિભાગ છોડી—અલબત્ત કેદી વૉર્ડરોને અને એક ગોરા જેલરને આ વાતની જાણ હતી જ—એ બધા વિભાગોમાં "જઈ ચડ્યા!" તેમણે (જયરામદાસે) તેઓને કહેલું કે "હું જેલ નિયમનો ભંગ કરી રહ્યો છું તે હું જાણું છું; તમે સુખેથી મારી સામે રિપોર્ટ કરી શકો છો."

તે મુજબ તેમને વિષે રિપોર્ટ થયો. મેજર જોન્સે કહ્યું કે જોકે પોતે જાણતો હતો કે જયરામદાસે જે કર્યું હતું તે શુભ હેતુથી જ કર્યું હતું અને જોકે પોતે તેને સારુ જયરામદાસને

૧. યરવડા જેલના સુપરિન્ટેન્ડેન્ટને તથા મુંબઈના ગવર્નરને ગાંધીજીએ લખેલા પત્રોનો અહીં ઉલ્લેખ છે. આ પત્રો તથા એ વિષેની યંગ ઇન્ડિયા, ૬-૩-૧૯૨૪ના અંકમાં પ્રગટ થયેલી ગાંધીજીની નોંધ માટે જુઓ પુસ્તક ૨૩.

૨. જયરામદાસ દોલતરામ (જન્મ: ૧૮૭૨); સિંધની પ્રાંતિક કૉંગ્રેસ સમિતિના મંત્રી, પાછળથી ભારત સરકારના ખોરાક અને ખેતી ખાતાના પ્રધાન બન્યા; બિહાર અને આસામના ગવર્નર.

Gandhi Heritage Portal

ધન્યવાદ આપવાને પણ તૈયાર હતો છતાં તેને અંગે તેમણે કરેલા જેલ નિયમના ભંગનો પોતાની આગળ રીતસર રિપોર્ટ આવેલો હોવાથી એ બાબતમાં નિયમસર પગલું લીધા વગર પોતાને ચાલે નહીં. તેમણે ભાઈ જયરામદાસને સાત દિવસ એકાંત કેદની સજા ફરમાવી. મેં જ્યારે આ જાણ્યું ત્યારે મેં મેજર જોન્સને કહ્યું કે, “મને પણ ઓછામાં ઓછી જયરામદાસના જેટલી તો સજા મળવી જ જોઈએ. કારણ કે જયરામદાસે મારા કહ્યાથી જ જેલ નિયમનો ભંગ કર્યો હતો.” તેણે કહ્યું, “જેલતંત્રના જતનની દૃષ્ટિએ સત્તાવાર રીતે મારી સમક્ષ રજૂ થયેલ નિયમભંગના ગુના માટે કાયદેસર પગલું લીધા વગર મારે ચાલે નહીં એટલા જ કારણસર મેં જયરામદાસને સજા કરી. જયરામદાસે જે કર્યું તેને સારુ હું નારાજ નથી થયો, એટલું જ નહીં પણ રાજી થયો છું કે તેણે સજા ખમવાનું જોખમ ખેડીને પણ અપવાસ કરવા તૈયાર થયેલા રાજદ્વારીઓની મુલાકાત લીધી અને તેમ કરીને એક બેહૂદી પરિસ્થિતિ ઊભી થતી અટકાવી.” મને સજા કરવા બાબત તો એણે કહ્યું, “તમને સજા કરવાનું હું કંઈ કારણ જોતો નથી કારણ તમે કંઈ તમારી હદ છોડી ગયા નથી. અને જયરામદાસ ગયા તે તમારા મોકલ્યા ગયા એવી હકીકત કંઈ સત્તાવાર રીતે મારી આગળ રજૂ થઈ નથી.” હું એની દલીલનો મર્મ સમજી શકયો અને મને સજા કરવા બાબત વધુ આગ્રહ કર્યો નહીં.

આવતા પ્રકરણમાં સત્યાગ્રહીની દૃષ્ટિએ આથી પણ વધુ ચમત્કારી અને વધુ મહત્ત્વના એક દાખલાનું હું વર્ણન કરીશ અને ત્યાર બાદ આપણે અહિંસાત્મક વર્તનનાં નૈતિક પરિણામો અને ઉપવાસની નીતિમત્તાનો વિચાર કરીશું.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १५–५–१९२४

ભાષાંતર : नवजीवन, ८–६–१९२४ तथा यरवडाना अनुभव

## ૨૯. ધારાળાઓને સંદેશો

મે ૧૫, ૧૯૨૪

ધારાળા પરિષદના પ્રમુખ ભાઈશ્રી રવિશંકર વ્યાસને[1] ગાંધીજી તરફથી નીચેનો પત્ર મળ્યો છે :—

લૂંટારુઓ સાથે તમારી પહેલી સાત્ત્વિક ભેટની વાત તમે મને કરેલી એ હું હજુ ભૂલ્યો નથી. આજે તો તમે તે વખતના કરતાં બહુ ચડી ગયા છો. તમે ધારાળા ભાઈબહેનોને પ્રેમપાશમાં બાંધી લીધાં છે. તમારો તેમની સાથેનો સંબંધ વધારે ઘાટો થાઓ અને તે ભાઈઓ ને બહેનોની બધી ઉન્નતિનું કારણ બને એમ હું ઇચ્છું છું.

મારી તો ખાતરી છે કે જે કોમમાં લૂંટારા લફંગા વગેરે લોકો પેદા થાય તેને સારુ તે કોમ જ જવાબદાર છે. લૂંટારાને કંઈ લૂંટ પસંદ હોય છે એમ નથી. પ્રસંગને વશ થઈને માણસ લૂંટ કરે છે. કોમ તેને દંડે છે એટલે લૂંટારો પોતાની ટેવમાં દૃઢ થાય છે, ને એમ રોગ ફેલાય છે. જો લૂંટારા વગેરેની સાથે સાથે પણ આપણે મહોબત રાખીએ તો તેઓ પોતાની ભૂલ સમજે છે અને સારા થાય છે.

૧. રવિશંકર મહારાજ તરીકે લોકોમાં જાણીતા; ગુજરાતની પછાત ધારાળા કોમમાં સામાજિક સુધારા દાખલ કરવા પાછળ મંડેલા; બોરસદમાં તેમની સભાના પ્રમુખ થયા હતા.

Gandhi Heritage Portal

આવું અમૂલ્ય કામ તમે કરી રહ્યા છો. હું જાણું છું કે ધારાળામાત્ર કંઈ લૂંટારા નથી. તેઓમાં ઘણા તો નીતિમાન છે, પણ આપણે આપણા અજ્ઞાનથી તેઓને અળગા રાખ્યા છે. તમારું કામ હું સર્વોપરી ગણું છું. તેમાં હિંદુસ્તાનના ઉદ્ધારની ચાવી છે એમ ગણી શકાય.

તમારો પ્રેમ આંધળો ન થવા દો. ધારાળા ભાઈબહેનોને ઉદ્યોગમાં પ્રવૃત્ત કરજો. તેઓ પોતાને હાથે કંતાયેલું સૂતર, પોતે જ વણેલી ખાદી પહેરે, દારૂ અફીણ ઈત્યાદિ વ્યસનો છોડે, તેઓનાં બાળકો ભણે, મોટેરાં ભજનકીર્તન શીખે; એ બધું તમે કરતા તો હશો જ, પણ વધારે કરજો.

ઈશ્વર પરિષદનું કાર્ય નિર્વિઘ્ને પાર ઉતારો ને તમારી સેવાશક્તિ વધારો એવી મારી પ્રાર્થના.

[મૂળ ગુજરાતી]

નવજીવનનો વધારો, ૧૫–૫–૧૯૨૪

## ૩૦. એમિલ રોનિગરને[૧] પત્ર

પોસ્ટ અંધેરી,
મે ૧૫, ૧૯૨૪

પ્રિય મહાશય,

તમારો પત્ર મળ્યો. તમે જણાવો છો તેવા કોઈ પણ ગ્રંથો સંબંધમાં મારો કૉપીરાઈટ નથી. એમનું પ્રકાશન પણ મેં કર્યું નથી. ખરું જોતાં પરવાનગી માટે તમારે લાગતાવળગતા પ્રકાશકોને લખવું જોઈએ. તમે જે ગ્રંથો પ્રગટ કરવા માગો છો તેને વિષે કોઈ વાંધો ઉઠાવે એવું હું માનતો નથી.

તમારો સહૃદયી
મો. ક. ગાંધી

મિ. એમિલ રોનિગર
ર્‌હાઇન ફેલ્ડન
(સ્વિટ્ઝર્લૅન્ડ)

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૮૮૦૨

૧. રોનિગરે એપ્રિલની ૨જીએ જર્મનીથી પત્ર લખ્યો હતો. એમાં એમણે ગાંધીજી વિષે પોતે લખ્યું હતું એવા હિંદુસ્તાન વિષેના એક પુસ્તકના લેખક તરીકે પોતાની ઓળખાણ આપી હતી. યુરોપમાં ભ્રાતૃભાવની, આત્મસંયમની અને સેવાની ભાવના કેળવવાના હેતુથી એમણે "મૈત્રીગૃહ"ની સ્થાપના કરી હતી. જર્મન ભાષામાં અનેક પુસ્તકો પ્રગટ કરવાની રોનિગરે ગાંધીજી પાસે દરખાસ્ત મૂકી હતી. એમાં યંગ ઇન્ડિયામાંથી પસંદ કરેલા લેખો, *ए गाइड टु हेल्थ*, *एथिकल रिलिजियन*, જે. જે. ડોકનું *एम. के. गांधी : एन इन्डियन पेट्रियट इन साउथ आफ्रिका* અને દક્ષિણ આફ્રિકા તથા હિંદમાં ગાંધીજીએ આપેલાં વ્યાખ્યાનો પ્રગટ કરવા માગતા હતા. રોનિગરને આ પુસ્તકોના જર્મન ભાષાના સંપૂર્ણ હક્કો જોઈતા હતા. યંગ ઇન્ડિયાના લેખોનાં ભાષાંતરોનો ઉપયોગ કરીને *ए रिव्यू ऑफ अहिंसा* નામનું પુસ્તક પણ પ્રગટ કરવાનો એમનો ઇરાદો હતો. એસ. એન. ૮૬૪૪.

Gandhi Heritage Portal

# ૩૧. નૃ. ચિ. કેળકરને પત્ર

પોસ્ટ અંધેરી,
મે ૧૫, ૧૯૨૪

પ્રિય શ્રી કેળકર,[1]

શ્રી બાપટે માગેલું સંસ્મરણ આ સાથે બીડું છું. મને લાગે છે કે વધારે સંસ્મરણો આપી શકું તો સારું, કેમ કે મારી પાસે ઘણાં છે. પરંતુ તમને અને શ્રી બાપટને મારે એટલું જ કહેવાનું કે તમે મારી ઉપર દયા રાખો. ખરેખર મને એક ઘડીની પણ ફુરસદ નથી. લોકમાન્યનાં[2] જેટલાં સંસ્મરણો મારી પાસે છે તે બધાં લખી કાઢવાની તક મેળવવા માટે મારે કોઈ બીજો જ પ્રસંગ અને બીજું જ માધ્યમ પસંદ કરવું પડશે.

આ બાબતમાં તમારો પત્ર છેલ્લો હોવાથી શ્રી બાપટને હું અલગ પત્ર લખતો નથી.

તમારો સહૃદયી

શ્રી નૃ. ચિ. કેળકર
પૂના

[બિડાણ]

**લોકમાન્ય ટિળકનાં સંસ્મરણો**

લોકમાન્યને હું પહેલવહેલો મળ્યો તે પ્રસંગ મને જેવો ને તેવો યાદ રહ્યો છે. આ પ્રસંગ ૧૮૯૬માં[3] બનેલો. તે વખતે હું હિંદુસ્તાનમાં લગભગ તદ્દન અજાણ્યો હતો. દક્ષિણ આફ્રિકાના હિંદીઓના પ્રશ્ન સંબંધમાં એક જાહેર સભા યોજવા માટે હું પૂના ગયો હતો. પૂનામાં હું સાવ અજાણ્યો હતો. જાહેર વ્યક્તિઓને હું માત્ર નામથી ઓળખતો હતો. શ્રી સોહોની જેમને હું મારા ભાઈના મિત્ર તરીકે ઓળખતો હતો અને જેમણે મને આશ્રય આપ્યો હતો તેઓ મને લોકમાન્ય પાસે લઈ ગયા. મને સ્વસ્થ થવા દીધા પછી એમણે મારા આગમનનું કારણ પૂછ્યું. મારા આવવાનું કારણ મેં એમને તરત જ કહી દીધું. લોકમાન્ય બોલ્યા: "એમ ત્યારે, પૂનામાં તમે અજાણ્યા છો. અહીંના જાહેર કાર્યકર્તાઓને તમે ઓળખતા નથી, તેમ સ્થાનિક મતભેદો વિષે પણ કશું જાણતા નથી. પરંતુ મારે તમને જણાવવું જોઈએ કે અહીં બે રાજદ્વારી સંસ્થાઓ છે. એકનું નામ છે ડેક્કન સભા અને બીજીનું નામ છે સાર્વજનિક સભા. કમનસીબે આ બે સંસ્થાઓ એક વ્યાસપીઠ પર સાથે બેસતી નથી. કોઈ એક સંસ્થા આ સભા ગોઠવે તોપણ તમારા કાર્ય પ્રત્યે તો સૌ કોઈએ સહાનુભૂતિ દર્શાવવી જ જોઈએ. એટલે આ સભા કોઈ પણ એક રાજદ્વારી સંસ્થાએ બોલાવી છે એમ ન કહેવાનું

૧. નૃ. ચિંતામણ કેળકર (૧૮૭૨–૧૯૪૭); પત્રકાર, રાજકારણી અને ટિળકના નિકટના સાથી; હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસના થોડા સમયના સેક્રેટરી; ૧૯૨૦માં કૉંગ્રેસનું બંધારણ સુધારવામાં ગાંધીજીને એમણે મદદ કરી હતી; સ્વરાજ પક્ષના એક આગેવાન.

૨. બાળ ગંગાધર ટિળક (૧૮૫૬–૧૯૨૦); રાજદ્વારી નેતા, વિદ્વાન અને લેખક; લોકમાન્યના નામે જાણીતા થયા હતા. પૂનાની ડેક્કન એજ્યુકેશન સોસાયટી, તથા કેસરી અને મરાઠા નામનાં વર્તમાનપત્રોના સ્થાપકોમાંના એક.

૩. મૂળમાં ૧૮૯૪ છે, પરંતુ સાચી સાલ ૧૮૯૬ છે. જુઓ પુસ્તક ૨, પા. ૯૮.

Gandhi Heritage Portal

જોઈએ. તમે મને મળ્યા એ સારું થયું. તમારે ડેક્કન સભાવાળા શ્રી ગોખલેને[1] પણ મળવું જોઈએ. મને ખાતરી છે કે જે સલાહ હું તમને આપું છું તે જ તેઓ પણ આપશે. તમારે એવી જાહેર સભા બોલાવવી જોઈએ કે એમાં બધા પક્ષો હાજર રહે. શ્રી ગોખલેને તમે કહેજો કે મારા તરફથી કશી અડચણ ઊભી કરવામાં આવશે નહીં. આવી સભા માટે પ્રમુખ આપણે એવા પસંદ કરવા જોઈએ જે તટસ્થ હોય. તેઓ ખૂબ જાણીતા અને મોભાવાળા પણ હોવા જોઈએ. પૂનામાં ડૉક્ટર ભાંડારકર આવી વ્યક્તિ છે. માટે તમે એમને પણ મળો અને પ્રમુખ થવા માટે આમંત્રણ આપો. મેં કહેલી વાત તથા શ્રી ગોખલે જે કંઈ કહે તે તમે તેમને જણાવજો. જાહેર જીવનમાંથી તેઓ લગભગ નિવૃત્ત થયેલા છે, એટલે તેઓ આનાકાની કરે તોપણ તમારે તેમને આગ્રહ કરવો. તમારું કાર્ય ઘણું જ ન્યાયનું છે. એમને એ જરૂર ગમશે. પ્રમુખપદ લેવાની એમની પાસે તમે હા પડાવી શકશો તો બાકીનું બધું સરળ થઈ જશે. શું બને છે તે મને જરૂર વેળાસર કહી જજો. મારા તરફથી પૂરેપૂરી સહાય મળવાની ખાતરી રાખજો. તમને પૂરી ફતેહ મળે એવા મારા આશીર્વાદ છે."

પોતે જેને કદી મળ્યા નહોતા એવા એક નવયુવકને લોકમાન્યે જે પ્રોત્સાહન આપ્યું એનાથી વધુ પ્રોત્સાહન એમના દરજ્જાની વ્યક્તિઓ પાસેથી મળે એવી હું કલ્પના કરી શકતો નહોતો. મારા જીવનની એ એક યાદગાર મુલાકાત હતી, અને લોકમાન્યે મારા ઉપર જે પહેલી છાપ પાડી તે, ત્યાર પછીની તેમની જોડેની[2] બધી મુલાકાતોમાં જળવાઈ રહી હતી.

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૮૮૦૩

## ૩૨. દેવચંદ પારેખને પત્ર

ગુરુવાર [મે ૧૫, ૧૯૨૪][3]

ભાઈશ્રી ૫ દેવચંદભાઈ,

તમારો કાગળ મળ્યો.

મારી ફરજ હું બજાવી ચૂકયો છું. હવે જે થવાનું હોય તે થવા દો.

મોહનદાસના
વંદે માતરમ્

દેવચંદભાઈ પારેખ
તખ્તેશ્વર પ્લૉટ
ભાવનગર

[મૂળ ગુજરાતી]

મૂળ નકલ પરથી: સી. ડબલ્યુ. ૬૦૦૬; શ્રી નારણદાસ ગાંધીના સૌજન્યથી

૧. ગોપાળ કૃષ્ણ ગોખલે (૧૮૬૬–૧૯૧૫); રાજપુરુષ અને કેળવણીકાર; હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસ સાથે શરૂઆતથી જ સંકળાયેલા હતા અને ૧૯૦૫માં એ કૉંગ્રેસના બનારસ અધિવેશનના પ્રમુખ થયા હતા. પૂનામાં સર્વન્ટ્સ ઑફ ઇન્ડિયા સોસાયટી (ભારત સેવક સમાજ)ની એમણે સ્થાપના કરી હતી; ગાંધીજીના આમંત્રણથી ૧૯૧૨માં દક્ષિણ આફ્રિકાની મુલાકાત લીધી હતી.

૨. જુઓ આત્મકથા ભાગ ૨, પ્રકરણ ૨૮ પણ.

૩. ટપાલની છાપમાં આ તારીખ છે.

Gandhi Heritage Portal

## ૩૩. મણિબહેન પટેલને પત્ર

વૈશાખ સુદ ૧૨ [મે ૧૬, ૧૯૨૪][1]

ચિ. મણિ,[2]

તમારો કાગળ મળ્યો. તમારે વીસમી સુધીમાં જતા રહેવું એ તો મુદ્દલ ઠીક ન ગણાય. ત્યાં આ માસ તો પૂરો કરવો જ જોઈએ. મારું ત્યાં આવવાનું તો ક્યાંથી જ થાય? ૨૯મીએ સાબરમતી પહોંચવું જ જોઈએ. વસુમતીબહેન આવવા ધારશે તો જણાવીશ. આશા થોડી છે.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

बापुना पत्रो – मणिबहेन पटेलने

## ૩૪. વિઠ્ઠલભાઈ ઝ. પટેલને પત્ર[3]

જૂહુ,
મે ૧૭, ૧૯૨૪

વહાલા સાહેબ,

આપનો [મે ૧૫નો] પત્ર મળ્યો. જવાબમાં જણાવવાનું કે મારી અત્યારની તબિયત જોતાં નજીકના કોઈ દિવસે કોઈ જાહેર સમારંભમાં હાજર રહેવાનો તથા તેના કાર્યક્રમમાં ભાગ લેવાનો શ્રમ મારાથી વેઠી શકાશે નહીં. તેમ છતાં આશા છે કે ઑગસ્ટ માસમાં કોઈક દિવસે કાવસજી જહાંગીર હૉલમાં કૉર્પોરેશનનું માનપત્ર મારાથી સ્વીકારી શકાશે. આપને વાંધો ન હોય તો થોડા વખત પછી આપને પૂછીને આ દિવસ હું નક્કી કરીશ.[4]

હું છું
આપનો વિશ્વાસુ

માનનીય વિઠ્ઠલભાઈ ઝ. પટેલ
પ્રમુખ
મ્યુનિસિપલ કૉર્પોરેશન
મુંબઈ

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૮૮૧૧

૧. પત્રમાં જણાવ્યા પ્રમાણે ગાંધીજી ૧૯૨૪ના મેની ૨૯મીએ આશ્રમમાં પાછા આવ્યા હતા. મેની ૧૬મીએ વૈશાખ સુદ ૧૨ હતી.

૨. વલ્લભભાઈ પટેલનાં પુત્રી.

૩. આ પત્ર વિ. ઝ. પટેલના ૧૫મી મેના પત્રના જવાબમાં લખાયો હતો. એમાં ગાંધીજીને ખબર આપવામાં આવી હતી કે મુંબઈ મ્યુનિસિપલ કૉર્પોરેશને એમને માનપત્ર આપવાનો ઠરાવ કર્યો છે.

૪. જુલાઈની ૧૯મીના પોતાના જવાબમાં પટેલે ગાંધીજીને ૧૫મી ઑગસ્ટ અગાઉની કોઈ તારીખ નક્કી કરવાની વિનંતી કરી હતી. ગાંધીજીએ ઑગસ્ટની ૯મી સૂચવી હતી.

Gandhi Heritage Portal

## ૩૫. નરસિંહરાવ ભોળાનાથ દિવેટિયાને પત્ર

વૈશાખ સુદ ૧૩ [મે ૧૭, ૧૯૨૪][1]

સુજ્ઞ ભાઈશ્રી,

આપનું પત્તું મળ્યું. આપને દુ:ખ નથી થયું એ સમજી મને નિરાંત વળી છે. પણ માફી તો નવજીવનમાંયે મગાઈ ગઈ છે. એ તો છપાઈ પણ ગયું હશે.

આપનો

મોહનદાસ ગાંધી

[મૂળ ગુજરાતી]

નરસિંહરાવની રોજનીશી, પા. ૪૩

## ૩૬. મણિબહેન પટેલને પત્ર

[મે ૧૭, ૧૯૨૪][2]

ચિ. મણિ,

અમદાવાદ પહોંચ્યા પછી જોઈશું કે દવા લેવી કે નહીં. ત્યાંથી તદ્દન સારું થયા વિના નીકળવું જ નહીં. વસુમતીબહેન કદાચ સોમવારે નીકળી ત્યાં આવશે. ભાઈ... તેનું સુરતનું ઘર જાણે છે. ત્યાં જાય ને જુએ. જો આવ્યાં હોય તો તેમને લઈ જાય. ત્યાં કાંઈ નોખાં મકાન મળે છે કે? બનતા સુધી તાર કરાવીશ. હમણાં વસુમતીબહેન ઈંજેક્ષન લે છે. દુર્ગાબહેનને[3] કેમ છે? તે કાગળ નહીં જ લખે કે? મારો હાથ ધ્રૂજે છે ખરો.

બાપુના આશીર્વાદ

ચિ. મણિબહેન વલ્લભભાઈ પટેલ

આસર શેઠનું આરોગ્ય ભવન,

હજીરા, સુરત થઈને

[મૂળ ગુજરાતી]

બાપુના પત્રો – મણિબહેન પટેલને

૧. પત્રમાં ઉલ્લેખાયેલી ક્ષમાયાચનાનો પત્ર નવજીવન, ૧૮–૫–૧૯૨૪ના અંકમાં છપાયો હતો; તે સાથે જ ન. ભો. દિવેટિયાનો ૧૯૨૪ના મેની ૭મીનો પત્ર પણ છપાયો હતો. ૧૯૨૪માં વૈશાખ સુદ ૧૩ મેની ૧૭મીએ હતી.

૨. છાપેલા મૂળમાં આ તારીખ છે.

૩. મહાદેવ દેસાઈનાં પત્ની.

Gandhi Heritage Portal

# ૩૭. હિન્દુને મુલાકાત

મુંબઈ,
શનિવાર, મે ૧૭, ૧૯૨૪

અમારા પ્રતિનિધિએ પૂછ્યું: વાઈકોમથી આપણી પાસે આવેલા પ્રતિનિધિમંડળ સાથે આપને થયેલી ચર્ચાઓ વિષે કોઈ નિવેદન આપ કરી શકો એમ છો?

મહાત્માજીએ ધીમે અવાજે બોલતાં કહ્યું:

મને લાગે છે કે અમારી ચર્ચાઓ હવે લગભગ પૂરી થઈ છે અને મને ખાતરી થઈ છે કે આ ચળવળ એના કાર્યવાહકોએ વ્યવસ્થિત અને અહિંસક રીતે ચલાવી છે. જે મક્કમતાથી એમણે એનું સંચાલન કર્યું છે એણે હિંદુસ્તાનની સમસ્ત જનતાનું ધ્યાન ખેંચ્યું છે. આ બધું અવશ્ય હિતકર છે, પરંતુ વાઈકોમથી આવેલા મિત્રો સાથે ત્યાંની પરિસ્થિતિની પેટ ભરીને ચર્ચા કરી લીધા પછી હજી પણ હું એમ માનું છું કે સત્યાગ્રહ હિંદુઓ પૂરતો જ મર્યાદિત રહેવો જોઈએ અને તે પણ બને ત્યાં સુધી કેરળના અને બહુ બહુ તો મદ્રાસ ઈલાકાના સ્વયંસેવકો પૂરતો જ મર્યાદિત રહેવો જોઈએ. સત્યાગ્રહ જ્યારે ઉગ્રમાં ઉગ્ર રૂપ ધારણ કરે છે ત્યારે વધારે ઊંડો બની જાય છે અને તે કારણે અનિવાર્યપણે તેનો કાર્યપ્રદેશ ઘણો નાનો રહે છે. હું શું કહેવા માગું છું તે સ્પષ્ટ કરું તો સંયોજકો જેટલા વધારે શુદ્ધ, તેટલા પ્રમાણમાં તેમનો સત્યાગ્રહ વધુ પ્રબળ અને વધુ અસરકારક હોય છે. અને તેથી સત્યાગ્રહના સંયોજકો જ્યારે પોતાના કાર્યપ્રદેશની સીમા વિસ્તારે છે ત્યારે એ વાત ખરું જોતાં પોતાની કમજોરીની કબૂલાત હોય છે. આ કમજોરી ધ્યેયની નહીં, પરંતુ સત્યાગ્રહ કરવા એકઠી થયેલી વ્યક્તિઓની હોય છે. જે ધાર્મિક પ્રશ્ન સાથે કેવળ હિંદુઓને જ નિસ્બત છે તેને માટે બિનહિંદુઓ શા માટે સત્યાગ્રહ ન કરી શકે એ વાત સમજાવવા હું ધારું છું કે યંગ ઇન્ડિયાનાં પાનાંમાં મેં સારી પેઠે લખ્યું છે. હું માનું છું કે મારા મિત્રો મારી દલીલનું જોર પામી ગયા છે. આ પ્રશ્ન પ્રત્યે સહાનુભૂતિ રાખનાર જે ખ્રિસ્તી અને મુસલમાન ભાઈઓ સત્યાગ્રહી તરીકે જેલમાં ગયા છે તેમને જો મારાથી સમજાવી શકાતા હોય તો હું એમને કહીશ કે સત્તાવાળાઓને તમે કહી દો કે અમે ભૂલમાં સત્યાગ્રહ કર્યો હતો અને તેથી જો તમારે અમને છોડી મૂકવા હોય તો છોડી મૂકી શકો છો, કેમ કે અસ્પૃશ્ય હિંદુઓની ખાતર અમે ફરીથી ધરપકડ વહોરવાના નથી. "અસ્પૃશ્ય હિંદુઓ" શબ્દ હું ઇરાદાપૂર્વક વાપરું છું, કેમ કે મને કહેવામાં આવ્યું છે કે મલબારના સીરિયન ખ્રિસ્તીઓમાં અસ્પૃશ્ય ખ્રિસ્તીઓ પણ છે. પરંતુ અત્યારનો સત્યાગ્રહ અસ્પૃશ્ય ખ્રિસ્તીઓ વતી નહીં ચલાવાતો હોવાથી સર્વશ્રી જોસેફ, સેબાસ્ટિયન અને અબ્દુર રહીમના ત્યાગમાં કોઈ ખાસ સદ્‌ગુણ રહેલો નથી.

શીખ રસોડાની વાત કરીએ તો એ કેવળ અસ્થાને છે એટલું જ નહીં પણ મુખ્ય ધ્યેયને માટે તથા કેરળના લોકોના સ્વમાનને માટે તે હાનિકારક પણ છે. મુખ્ય ધ્યેયને માટે હાનિકારક એટલા માટે કે એ સ્વયંસેવકોની ત્યાગશક્તિને નબળી પાડે છે, અને રૂઢિચુસ્ત હિંદુઓના સુધારાવિરોધી વર્ગને અવશ્ય વિનાકારણ ગુસ્સે કરે એમ છે. કેરળની જનતાના સ્વમાન માટે એને હાનિકારક કહેવાનું કારણ એ કે શીખ મિત્રોએ વહેંચેલો ખોરાક તેઓ વગરવિચાર્યે

Gandhi Heritage Portal

ખાય છે. એને સદાવ્રતમાંથી જ ખાધું છે એમ કહેવાય. પોતાના ભોજનનો પ્રબંધ પોતાની જાતે સારી રીતે કરી શકે એવા સંખ્યાબંધ લોકો આ રસોડે જમે અને પોતાને જરૂર નથી એવું દાન સ્વીકારવામાં પોતાની મરજી વિરુદ્ધ ભાગ લે, એને હું "ભિક્ષાવૃત્તિ" કહ્યા વિના રહી શકતો નથી. અને શીખો હિંદુ સમાજનું અંગ ગણાય કે નહીં એ હકીકતથી પર રહીને હું આ કહું છું. રસોડું ખોલવાની વાત સનાતની હિંદુઓ કરે તોપણ એવી મદદ સ્વીકારવાની વિનયપૂર્વક ના પાડવા જેટલું સ્વમાન અને હિંમત કેરળના મિત્રોમાં હોવી જોઈએ એવી હું તેમની પાસેથી અપેક્ષા રાખીશ. લોકો ભૂખે મરતા હોય તેવા દુષ્કાળપીડિત પ્રદેશમાં આવા રસોડાની શક્યતા અને આવશ્યકતા હું કલ્પી શકું છું.

બહારની આર્થિક સહાયની બાબતમાં હું મારા એ અભિપ્રાયને જરૂર વળગી રહું છું કે કેરળના મિત્રોએ મદ્રાસ ઈલાકાની બહારના હિંદુઓ કે બીજા લોકો પાસેથી આર્થિક સહાય માગવી ન જોઈએ કે વગર માગ્યે મળતી હોય તોપણ લેવી ન જોઈએ. એમને એવી મદદની જરૂર પડે જ તો તેઓ કેવળ મદ્રાસ ઈલાકાના હિંદુઓ પાસેથી તે માગી શકે. અલબત્ત, આખા હિંદુસ્તાનમાં પથરાયેલા કેરળવાસીઓને જો આ લડત પસંદ હોય, તો પોતાનાથી બની શકે તેટલી તમામ આર્થિક મદદ આ ચળવળના પ્રબંધકોને મોકલવાની તેમની ફરજ છે.

મારા મિત્રોએ મને પૂછ્યું હતું કે તમે એવી મતલબનો અભિપ્રાય ઉચ્ચારેલો ખરો કે કેરળ કૉંગ્રેસ સમિતિએ આ પ્રશ્ન હાથમાં લેવો જોઈતો નહોતો. મેં એમને જવાબ આપ્યો હતો કે જો આ પ્રશ્ન હાથ પર લેવો જ જોઈતો હતો, તો તેમ કરનાર પ્રથમ કૉંગ્રેસ સમિતિ હોવી જોઈતી હતી, કેમ કે તમામ શાંતિમય અને કાયદેસર સાધનો વડે અસ્પૃશ્યતા નાબૂદ કરવાની એણે પ્રતિજ્ઞા લીધી છે. પરંતુ કૉંગ્રેસ આ પ્રશ્ન હાથમાં લે એનો અર્થ એવો ન થઈ શકે અને થતો નથી કે બિનહિંદુઓ પણ સત્યાગ્રહમાં ભાગ લઈ શકે અગર એમણે લેવો જોઈએ. તેઓ કેવળ પોતાનો નૈતિક ટેકો જ આપી શકે.

જે શાંતિમય માર્ગે આ લડત સંચાલકોએ ચલાવી છે તે જ રીતે જો તેઓ એ ચાલુ રાખશે, મેં સૂચવેલી મર્યાદાઓ સ્વીકારશે, અને જો અનિશ્ચિત સમય સુધી એને ચાલુ રાખવા તેઓ વિચારતા હશે તો એમના પ્રયત્નોને સફળતા મળ્યા વિના રહેવાની નથી, એ વિષે મારા મનમાં લેશ પણ શંકા નથી. પરંતુ સત્યાગ્રહ એ તો હૃદયપરિવર્તનની પ્રક્રિયા છે, અને તેથી આ આંદોલન ચલાવનારાઓએ પોતાના વિરોધીઓનો હૃદયપલટો કરવાનું ધ્યેય હમેશાં નજર સમક્ષ રાખવું જોઈએ એ હકીકત પર હું જેટલો ભાર મૂકું એટલો ઓછો છે.

પ્ર.: ડેલી ટેલિગ્રાફના હિંદુસ્તાનના ખબરપત્રીએ મોકલેલો એક તાર આપે જોયો છે? એની મતલબ એવી છે કે વડી ધારાસભા તથા પ્રાંતિક ધારાસભાઓમાં એક એવા કાર્યક્રમ માટે બહુમતી મેળવવાના ઇરાદાથી આપે આગામી કૉંગ્રેસમાં આગેવાની લેવાનો નિર્ણય કર્યો છે કે બજેટને નિરર્થક રીતે નામંજૂર કરવાને બદલે આવશ્યક સેવાઓ ચાલુ રાખવા સહકાર આપવો અને રાજકીય સુધારા ઝડપથી વિસ્તારવા તથા તેમને નવો ઘાટ આપવા તેમ જ લશ્કર સહિત તમામ સેવાઓનું હિંદીકરણ કરવા એકધારી અને સંગીન બહુમતીઓને જોરે સતત માગણીઓ કર્યા કરવી. સામાન્ય રીતે હિંદી રાષ્ટ્રીય ચળવળને અને ખાસ કરીને રાષ્ટ્રવાદી પક્ષને બદનામ કરવાની દાનતથી પ્રેરાયેલી આવી ઇરાદાપૂર્વકની જૂઠી રજૂઆત જોતાં અને ઇંગ્લંડમાં આ ચળવળના સાચા ઉદ્દેશો વિષે ઘોર અજ્ઞાન પ્રવર્તે છે એ જોતાં, આપને નથી લાગતું કે હિંદુસ્તાન અંગે સાચી હકીકતો ઇંગ્લંડના લોકોને પહોંચાડવા માટે ત્યાં એક ઇન્ડિયન બ્યૂરો (હિંદી કાર્યાલય) સ્થાપવું જોઈએ? નાગપુર અધિવેશન પછી આપે આપના વિચારો બદલ્યા

Gandhi Heritage Portal

છે? આવું કાર્યાલય નિભાવવાનું ખર્ચ જો ન પોસાતું હોય તો આવું કામ ઉપાડી લેવા માટે તૈયાર હોય એવી કોઈ વ્યક્તિને કૉંગ્રેસના ભંડોળમાંથી નાની રકમની મદદ ન આપવી જોઈએ?

ઉ.: મેં એ તાર જરૂર જોયો હતો, પરંતુ મેં તો માન્યું હતું કે કોઈ પણ વ્યક્તિ એને લેશ પણ મહત્ત્વ આપશે નહીં અથવા તો કેબલમાં મારા ગણાવવામાં આવેલા સહકાર વિષેના વિચારો મારા પોતાના હોવાનું માનશે નહીં. મેં કેટલીયે વાર કહ્યું છે તેમ સહકાર આપવા હું અંગત રીતે તો આતુર અને તત્પર છું, પરંતુ સરકારમાં હૃદયપરિવર્તનનો સહેજ પણ અણસાર જોવામાં ન આવે, જે હજુ સુધી તો મેં જોયો નથી, ત્યાં સુધી અસહકારનાં બળોને સંગઠિત કરવા હું વધારે આતુર અને વધારે તત્પર છું. બ્રિટિશ વર્તમાનપત્રોમાં જે કંઈ જૂઠાં નિવેદનો પ્રસિદ્ધ થાય તેનું ખંડન કરવાના હેતુથી લંડનમાં પ્રચાર કાર્યાલય નિભાવવા કે તેને માટે નાણાંની મદદ આપવા બાબતમાં મારા વિચારો અગાઉ હતા તેવા જ છે. હું હજી પણ એવા મતનો છું કે જો આપણે પોતે મક્કમ અને દૃઢ મનોબળવાળા હોઈશું તો કોઈ પણ જાતની ખોટી રજૂઆત કે ખોટું નિવેદન આપણને કશું નુકસાન કરી શકશે નહીં. એથી ઊલટું, જો આપણે પોતે નબળા અને અસંગઠિત હોઈશું, સરકારને લડત આપવા તૈયાર નહીં હોઈએ, તો બ્રિટનનાં કે પરદેશોનાં છાપાંમાં આપણને ઉત્તેજન આપનારા અગર તો આપણી માગણીઓનું સમર્થન કરનારા ગમે તેટલા સમાચારો પ્રગટ થશે તોપણ તે આપણને કશા પણ ઉપયોગમાં આવવાના નથી. એટલે આપણાથી બચાવી શકાય એવો એકેએક રૂપિયો ખાદીપ્રચાર માટે, રાષ્ટ્રીય શાળાઓ માટે અને રચનાત્મક કાર્યક્રમનાં બીજાં અંગો માટે વાપરવાનું હું તો પસંદ કરીશ.

પ્ર.: આપે જોયું હશે કે એકલી રાજકીય ફરિયાદો અંગે જ નહીં પરંતુ નરી ધાર્મિક અગર સામાજિક ફરિયાદો દૂર કરાવવા માટે પણ કહેવાતા સત્યાગ્રહનો આશરો લેવાનું દેશમાં સામાન્ય બનતું જાય છે. આપને એમ નથી લાગતું કે આ શસ્ત્રનો દુરુપયોગ થવાનો અને ગેરવાજબી હેતુઓ માટે સત્યાગ્રહને બદલે દુરાગ્રહનો આશરો લેવાનો ખતરો ઊભો થયો છે? આપ સત્યાગ્રહીઓ માટે, કાંઈ નહીં તો કૉંગ્રેસની આગેવાની સ્વીકારનારા સત્યાગ્રહીઓ માટે કોઈ નિયમો ઘડી શકો ખરા?

હા, હું કબૂલ કરું છું કે સત્યાગ્રહ સત્યાગ્રહ મટી એક અનિષ્ટ બળ બની બેસે અને પરિણામે હાનિકારક થઈ પડે એવો થોડો ખતરો છે જ. સારી વસ્તુનો, ખાસ કરીને સત્યાગ્રહ જેવી આટલી બધી સમર્થ અને સૂક્ષ્મ શક્તિનો ગેરઉપયોગ થવાનો સંભવ હમેશાં રહે છે. મને લાગે છે કે વાઈકોમના સત્યાગ્રહની મારી ચર્ચા દરમ્યાન મેં એના મૂળભૂત સિદ્ધાંતોની અછડતી ચર્ચા કરી છે. પરંતુ હું તમારી સૂચના સ્વીકારું છું અને આશા રાખું છું કે મને થોડી ફુરસદ મળશે કે તરત દરેક સત્યાગ્રહી માટે હું બંધનકર્તા માનું છું એવા નિયમો ઘડી કાઢીશ.

વાઈકોમ પ્રતિનિધિમંડળના સભ્યો સર્વશ્રી માધવન નાયર અને કુરુર નીલકંઠમ્ નામ્બુદ્રિપાદ સાથેની વાતચીતમાંથી મને જાણવા મળ્યું છે કે મહાત્માજી સાથે એમને ત્રણથી ચાર લાંબી મુલાકાતો થઈ હતી અને આ સવાલ એમણે ઝીણવટપૂર્વક ચર્ચ્યો હતો. તેમણે આખો પ્રશ્ન મહાત્માજી સમક્ષ બને તેટલી સારી રીતે રજૂ કર્યો હતો અને મહાત્માજીએ પોતાની લાક્ષણિક ધીરજ અને નમ્રતાથી તે સાંભળ્યો હતો. એમણે મને કહ્યું કે મહાત્માજીએ જે કહ્યું તેનાથી એમને સંતોષ થયો છે અને એમને શ્રદ્ધા છે કે કેરળના તથા મદ્રાસ ઈલાકાના કાર્યકર્તાઓને તેમ જ સહાનુભૂતિ ધરાવનારાઓને પણ એનાથી સંતોષ થશે. કોઈ પણ ચળવળમાં રહેલાં



Gandhi Heritage Portal

સ્વાવલંબન અને આત્મનિર્ભરતા પર મહાત્માજી ભાર મૂકતા હતા. એમણે કહ્યું કે કેટલેક સ્થળે જે એવી રજૂઆત થઈ છે કે અસ્પૃશ્યતા[નિવારણ]ની ચળવળ કૉંગ્રેસ સમિતિએ ઉપાડી લેવી, એ વાત સામે મહાત્માજી વાંધો ઉઠાવે એવો તેમને ડર હતો. પરંતુ એમને ખાતરી છે કે એવું કશું નહોતું. મહાત્માજીએ ભારપૂર્વક ઘણી સ્પષ્ટ વાત કરી હોવાથી આ બાબતમાં કશી શંકા રહેતી નથી. આ પ્રતિનિધિમંડળ એકબે દિવસમાં વાઇકોમ તરફ જઈ રહ્યું છે.

ધારાસભાના પ્રશ્ન સંબંધમાં મહાત્માજીએ અમારા પ્રતિનિધિને જણાવ્યું કે આ અઠવાડિયા દરમ્યાન છાપાંમાં એક વિગતવાર નિવેદન બહાર પાડવામાં આવશે. અમારા પ્રતિનિધિને જાણવા મળ્યું છે કે મહાત્માજી અને સ્વરાજ પક્ષવાળાઓએ લાંબા સમય સુધી ફરી ફરીને મંત્રણાઓ કરી હતી અને નિર્ણય લગભગ લેવાઈ ગયો છે.

[મૂળ અંગ્રેજી]

हिन्दु, १९–५–१९२४

# ૩૮. મારી નોંધ

## બાળલગ્ન અને શાસ્ત્રાર્થ

"ત્યાગમૂર્તિ"[1] વિષેના લેખ ઉપર એક ભાઈ લખે છે તેનો ભાવાર્થ આ છે: "તમે ૧૫ વર્ષ લગી કન્યાનાં લગ્ન કરવાની વિરુદ્ધ છો; પણ શાસ્ત્ર તો સ્ત્રીધર્મ પ્રાપ્ત થતાં પહેલાં કન્યાને પરણાવી દેવાની આજ્ઞા કરે છે. જેઓ બાળલગ્નની વિરુદ્ધ છે તે પણ તે શાસ્ત્રના નિયમને પાળનારા છે. આ ધર્મસંકટનું શું?" મને તો આ ધર્મસંકટ નથી જણાતું. શાસ્ત્રને નામે ઓળખાતા પુસ્તકમાં જે કંઈ લખ્યું હોય તે સાચું જ ને તેમાં કશો ફેરફાર ન જ થઈ શકે એવું કહેનાર અથવા માનનારને ઘડીએ ઘડીએ ધર્મસંકટ આવવાનું. એક જ શ્લોકના અનેક અર્થ થાય છે. ને તે એકબીજાના વિરોધી પણ હોય છે. વળી શાસ્ત્રોમાં કેટલાક અચલ સિદ્ધાંતો હોય છે ને કેટલાક કાળ, ક્ષેત્ર ઇત્યાદિનો વિચાર કરીને તે કાળ કે તે ક્ષેત્રને જ લાગુ પડનારા હોય છે. જ્યાં સૂર્ય છ માસ સુધી આથમે નહીં એવા ઉત્તર ધ્રુવમાં કોઈ રહી શકે તો તેણે સંધ્યા ક્યારે કરવી? તેણે સ્નાનાદિનું શું કરવું? મનુસ્મૃતિમાં ઘણાએ નિયમો ખાદ્યાખાદ્યના જણાવ્યા છે, તેમાંના એકનું પણ આજે પાલન નથી થતું. દરેક શ્લોક એક જ હાથે કે એક જ વખતે લખાયા છે એમ પણ નથી. તેથી જેને ઈશ્વરથી ડરીને ચાલવું છે ને જે નીતિના નિયમોનો ભંગ નથી કરવા ઇચ્છતા, તેણે તો નીતિની વિરુદ્ધ જે કંઈ જણાય તેનો ત્યાગ જ કર્યે છૂટકો છે. સ્વેચ્છાચાર કદી ધર્મ હોઈ જ ન શકે. હિંદુ ધર્મે સંયમ ને મર્યાદા જાણી જ નથી. જેને વૈરાગ ઉત્પન્ન થાય એ બાળાનું શું? સ્ત્રીધર્મપ્રાપ્તિ એટલે શું? જે અવસ્થા સ્ત્રીજાતિને સારુ સામાન્ય છે તે પ્રાપ્ત થતાં સ્ત્રીએ પરણવું જ જોઈએ એવો આગ્રહ કેમ હોઈ શકે? ત્યાર પછી જ પરણાય એવો સંયમ સમજી શકાય. શાસ્ત્રાર્થના ઝઘડામાં પડીને આપણે અત્યાચાર ન જ કરીએ. જે આપણને મોક્ષ તરફ પ્રવર્તાવે છે તે શાસ્ત્ર; જે સંયમ શીખવે છે તે ધર્મ. બાપના કૂવામાં બૂડી મરે તે અકરમી ગણાય. શાસ્ત્રને અખા ભગતે[2] અંધારો કૂવો

૧. જુઓ પુસ્તક ૨૩, પા. ૫૦૧–૪.
૨. સત્તરમી સદીના ગુજરાતી સંત કવિ.

Gandhi Heritage Portal

ગણ્યો, જ્ઞાનેશ્વરે[1] વેદને પણ કૃપણ કહ્યા, નરસિંહ મહેતાએ[2] અનુભવને જ જ્ઞાન માન્યું. જગત તરફ દૃષ્ટિ ફેરવતાં પણ આપણે જોઈ શકીએ છીએ કે જેને મજકૂર ભાઈએ ધર્મ માન્યો છે તે ધર્મ નથી પણ અધર્મ છે ને સર્વથા ત્યાજ્ય છે. એ અધર્મને પરિણામે આજે અસંખ્ય બાળાઓનો આપણે વધ કરીએ છીએ. ઈતિહાસ હિંદુ પુરુષવર્ગને આ રિવાજને સારુ નિંદશે. પણ ઈતિહાસની આપણે ચિંતા કરવાની નથી. બાળવિવાહનું કૂડું ફળ આપણે પોતે જ ચાખી રહ્યા છીએ. હિંદુ જુવાનોમાં ઘણા નિ:સત્ત્વ, અપંગ ને ભયભીત છે તેનું આ બાળલગ્ન એક સબળ કારણ છે, એમાં ઈનકાર થઈ શકે એમ જ નથી. અધૂરે જન્મેલી પ્રજાનું શરીર અનેક અનેક ઉપાયે પણ ન બાંધી શકાય એ ભુલાવું ન જોઈએ. સદ્‌ભાગ્યે જે નિયમ મજકૂર ભાઈ ટાંકે છે તેને બધી હિંદુ જાતિ માન આપતી નથી, એટલે હજુ હિંદુ પ્રજા શરીરસંપત્તિ છેક ગુમાવી નથી બેઠી. પણ જો તેનું અક્ષરશ: પાલન થતું હોય તો પુરુષજાતિનો હિંદુ સમાજમાંથી લોપ જ થાય.

## યોગ્ય ફરિયાદ

હરિહર શર્માને નવજીવનના ઘણા વાંચનાર નહીં ઓળખતા હોય. તે "કાકા"ના કુટુંબી છે એમ કહેવાય. એ કુટુંબનો થોડો પરિચય વાંચનારને કરાવી દઉં. ભાઈ કેશવરાવ દેશપાંડે બારિસ્ટરે જ્યારે ગંગનાથ વિદ્યાલય વડોદરામાં ખોલ્યું ત્યારે પોતાની આસપાસ એક શિક્ષકમંડળ ભેગું કર્યું. તેઓમાં કુટુંબભાવના પેદા કરવાના ખ્યાલથી બધાને સગાં હોય એવાં ઉપનામો આપ્યાં. એ વિદ્યાલય સંસ્થારૂપે અને મકાનરૂપે અદૃશ્ય થઈ ગયું પણ ભાવરૂપે તો આજે પણ હયાત છે. આ કુટુંબનું મંડળ પોતાનો અસલ સંબંધ કાયમ રાખે છે. લોહીનો સંબંધ જેમ નાબૂદ નથી થઈ શકતો તેમ આધ્યાત્મિક સંબંધ પણ નાબૂદ નથી થઈ શકતો, એવા તેમના વિચારથી એ કુટુંબવેળાનાં ઉપનામોને પવિત્ર નામો તરીકે તેના નામધારીઓએ હજુ જાળવી રાખ્યાં છે. કેશવરાવ દેશપાંડેને તેમના સેવકો હજુ "સાહેબ"ને નામે જ ઓળખે છે ને માન આપે છે. આપણા કાલેલકર તે "કાકા"ને નામે જ ઓળખાવા ઈચ્છે છે. ફડકેને ફડકેને નામે તો બહુ ઓછા ગુજરાતીઓ ઓળખે. "મામા" નામે જ તેમને આપણે ઓળખીએ છીએ. એ જ રીતે હરિહર શર્મા "અણ્ણા" છે. દક્ષિણી કુટુંબોમાં વપરાતાં ઉપનામોમાં "અણ્ણા" એ એક ઉપનામ છે. તામિલમાં પણ લગભગ એ જ અર્થમાં છે. "અણ્ણા" એટલે ભાઈ. બીજી એક વ્યક્તિ "ભાઈ" નામે ઓળખાય છે. તે છે છતાં અત્યારે તો ખોવાઈ ગયા બરોબર છે. આ પ્રખ્યાત કુટુંબનાં બધાં કુટુંબીઓનાં નામ હું નથી જાણતો. તેનો સૂક્ષ્મ પરિચય કાકા જ આપણને નવરાશે કરાવે એવી આશાએ હું તો હરિહર શર્માની ઓળખાણ કરાવતાં આટલું લખી ગયો છું.

આટલી પ્રસ્તાવના આપી એક વહેમ પણ મેં દૂર કર્યો છે. કેટલાક અથવા ઘણા એમ માનતા આવ્યા છે કે કાકા વગેરે સેવકો ગુજરાતને મારી ભેટ છે. ખરું જોતાં તો તેઓ "સાહેબ"ની ભેટ છે. મને તો તેમણે ઉછીના આપ્યા છે ને તેમ કરી મને પણ બાંધી લીધો છે. મદદ કરીને આ કુટુંબીઓની સાહેબના પ્રત્યેની ભક્તિમાં બને તેટલો વધારો કરવા પૂરતું જ મારું કામ છે. મેં જે માળો આશ્રમમાં બાંધ્યો છે તેમાં બીજાં પક્ષીઓ પણ આવી વસ્યાં

૧. તેરમી સદીના મહારાષ્ટ્રના સંત.
૨. ૧૪૧૪–૭૯; ગુજરાતના સંત કવિ.

Gandhi Heritage Portal

છે. તેનું મૂળ તપાસતાં માલૂમ પડશે કે બધાય એ માળામાં કંઈક હૂંફ વળવાથી આવી ભરાયા છે. ત્યાં તેઓની પાંખ કપાઈ નથી પણ મજબૂત થઈ છે; એટલે સ્વેચ્છાએ ઊડી શકે છે. જ્યાં સુધી રહે ત્યાં સુધી હું તેમનો કરજદાર છું. હું નથી તેમને લાવનારો એટલે નથી તેમને રાખનારો. બધા સ્વતંત્ર છે. પણ સંયમધર્મના માનનારા હોઈ તેમને સ્વેચ્છાચારી ન ગણાવી શકું.

આ અણ્ણાએ દ્રાવિડ પ્રાંતમાં હિંદીપ્રચારનું કામ માથે લીધું છે. તે અર્થે તેઓએ ને તેમનાં ધર્મપત્નીએ પ્રયાગમાં હિંદીનો અભ્યાસ કર્યો. ત્યાંની હિંદી પરીક્ષામાં બંને પાસ થયાં અને પછી મદ્રાસમાં હિંદીપ્રચારનું કામ શરૂ કર્યું. જેને આની વધારે માહિતી જોઈએ તે તેમની પાસેથી હકીકત મગાવી મેળવી શકે છે.

ભાઈ અણ્ણા હિંદીપ્રચાર નામનું એક પાક્ષિક પણ કાઢે છે. તેમને બોરસદની પ્રાંતિક પરિષદના[1] સ્વાગત મંડળના પ્રમુખ સાહેબે નિમંત્રણ મોકલ્યું, તે નકરું અંગ્રેજીમાં! આ કંઈ અણ્ણા સહન કરી શકે? તેમણે મારા ઉપર તીખો કાગળ લખ્યો છે. લખવો તો જોઈએ મોહનલાલ પંડ્યા[2] ઉપર. ગુનો તેમનો ને પ્રહાર મારા ઉપર! પંડ્યાને અણ્ણા ઓળખે પણ છે. પણ તેમનાથી ડરે. હું દબળી ગાય એટલે બધી બગાઈઓ આવીને મને જ વળગે; તેમ અણ્ણા વળગ્યા છે. તેઓ કહે છે કે[3]:

આની ઉપર મારે ટીકા કરવા જેવું હોય જ નહીં. અણ્ણાને સંતોષવાનો એક જ માર્ગ છે કે જે ગુજરાતીઓએ હજુ હિંદી ઉર્દૂ એટલે હિંદુસ્તાનીનો અભ્યાસ ન કર્યો હોય તે કરી લે ને હવે પછી અરસપરસ કે બીજે મુખ્યત્વે માતૃભાષા અથવા રાષ્ટ્રીય ભાષાનો જ પ્રયોગ કરે.

## નરસિંહરાવભાઈનો કાગળ

આ કાગળ[4] જેવો મળ્યો છે તેવો જ મેં નરસિંહરાવભાઈની ઇચ્છાને વશ થઈને છાપ્યો છે. તેમના નામનો મેં જે રીતે ઉપયોગ કર્યો[5] તેને સારુ તેમને દુ:ખ થયું જોઉં છું. તેથી હું દુ:ખી થાઉં છું ને અજાણપણે પણ થયેલા અપરાધને સારુ તેમની માફી માગું છું. હું કોઈના નામને ઇરાદાપૂર્વક રમકડું બનાવતો નથી તો પછી નરસિંહરાવભાઈ તથા ખબરદાર જેવા સાહિત્યસેવકના નામની સાથે એવી છૂટ કેમ લઉં? મેં જે લખ્યું તે કેવળ બંને સજ્જનો પ્રત્યે આદરભાવથી પ્રેરાઈને જ લખ્યું. એ ભાવ હું ન બતાવી શક્યો એ મારી ભાષાની ખામી, ભાવની નહીં, એમ બંનેને હું ખાતરી આપવા ઇચ્છું છું.

## ભાઈ કલ્યાણજીની હાલત

ભાઈ કલ્યાણજી વિઠ્ઠલભાઈની[6] તબિયત સારી નથી રહેતી ને તેમને ખોરાક ઇત્યાદિની અગવડ છે એમ સાંભળવાથી નવજીવનમાં તે વિષે કંઈ પણ લખતાં પહેલાં જેલોના ઇન્સ્પેક્ટર જનરલને લખ્યું ને પૂછ્યું. તેમણે જે જવાબ આપ્યો છે તેનો તરજુમો નીચે આપું છું[7]:

૧. ૧૯૨૪ના મેની ૧૩મીએ મળેલી સાતમી ગુજરાત રાજકીય પરિષદ.
૨. મોહનલાલ કામેશ્વર પંડ્યા; ગુજરાતના ખેડા જિલ્લાના એક કોંગ્રેસી કાર્યકર; ૧૯૧૮ના ખેડા સત્યાગ્રહ પછી અનેક સત્યાગ્રહોમાં એમણે ભાગ લીધો હતો.
૩. આ કાગળ અહીં આપ્યો નથી.
૪. આ કાગળ અહીં આપ્યો નથી.
૫. જુઓ પુસ્તક ૨૩, પા. ૪૭૭.
૬. ગુજરાતના કોંગ્રેસી આગેવાન અને શિક્ષણશાસ્ત્રી.
૭. આ તરજુમો અહીં આપ્યો નથી.

Gandhi Heritage Portal

ભાઈ કલ્યાણજીનું વજન સંતોષકારક ન જ ગણાય. બહાર હતા ત્યારે ૯૨ જ રતલ હોય તો તે ઘણું ઓછું ગણાય. તેમની ઊંચાઈના પ્રમાણમાં જેલમાં વજન વધવું જ જોઈએ.

**અંત્યજો વિષે કીર્તન**

એક સ્વયંસેવક જણાવે છે કે સ્વદેશી એટલે ખાદી, મદ્યપાનનિષેધ વગેરે વિષે કીર્તનો છે અને તે ગામડાંઓમાં પ્રચાર વખતે બહુ કામ દે છે. આવાં કીર્તનો અંત્યજો વિષે નથી. ગુજરાતમાં અસહકારી તેમ જ સહકારી કવિઓ ઘણા છે. અંત્યજનો વિષય એવો છે કે તેમાં અસહકાર સહકાર વચ્ચે બહુ ભેદ નથી. અંત્યજ ભાઈઓને સારુ નિશાળો વગેરે કાઢવામાં જ્યારે સરકારી મદદ લેવાની વાત ઊભી થાય ત્યારે જ સહકાર અસહકારનો ભેદ કરવો પડે. એટલે અસ્પૃશ્યતા એ પાપ છે અને અંત્યજોને સહાય કરવાનો પ્રત્યેક હિંદુનો ધર્મ છે એવાં કાવ્ય ગુજરાતના આપણા કવિઓ રચીને ગુજરાતની સેવા નહીં કરે?

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૧૮–૫–૧૯૨૪

## ૩૯. ઘરનો કંકાસ

એક "અનાવિલ" ભાઈ જેણે પોતાનાં નામઠામ મને મોકલ્યાં છે તે નીચે પ્રમાણે પોતાનું દુઃખ રડે છે[૧]:

જેવી આ ભાઈની તેવી જ દયામણી સ્થિતિ ઘણા પુરુષોની હશે એમ હું સમજી શકું છું. સ્ત્રીપુરુષ વચ્ચેનો સંબંધ એટલો બધો નાજુક છે કે ત્રીજો માણસ તેમાં ભાગ્યે જ વચ્ચે પડી કશી સેવા કરી શકે. સત્યાગ્રહ એ શુદ્ધ પ્રેમની નિશાની છે. દંપતીપ્રેમ જ્યારે કેવળ નિર્મળ થઈ શકે છે ત્યારે પ્રેમ પરિસીમાને પહોંચે છે. તેમાં વિષયને અવકાશ નથી હોતો; તેમાં સ્વાર્થની ગંધ સરખી ન જ હોઈ શકે. તેથી જ કવિઓએ દંપતીપ્રેમનું વર્ણન કરી આત્માની પરમાત્મા પ્રત્યેની લગનીને ઓળખી છે ને ઓળખાવી છે. એવો પ્રેમ તો કોઈક જ જગ્યાએ હોઈ શકે. વિવાહનું બીજ આસક્તિમાં રહેલું છે. તીવ્ર આસક્તિમાંથી તેની ઉત્પત્તિ છે. તે આસક્તિ અનાસક્તિ રૂપે પરિણમી. શરીરસ્પર્શનો ખ્યાલ પણ ન કરી—ન રાખી—જ્યારે એક આત્મા બીજામાં તલ્લીન થાય ત્યારે તેમાં પરમાત્માના પ્રેમની કંઈક ઝાંખી થઈ શકે એમ જોઈ શકાય છે. આ વર્ણન બહુ સ્થૂલ છે. જે પ્રેમની કલ્પના હું વાંચનાર પાસે કરાવવા માગું છું તે પ્રેમ નિર્વિકારી છે. એનું યથાસ્થિત વર્ણન કરવા જેટલો વિકારશૂન્ય હું પોતે નથી થયો, તેથી હું જાણું છું કે જે ભાષા એ પ્રેમનું વર્ણન કરવા જોઈએ તે મારી કલમે નથી ચડતી. છતાં નિખાલસ વાંચનાર તે ભાષા પોતાની મેળે વિચારી લેશે.

જ્યાં દંપતી વચ્ચે આવા નિર્મળ પ્રેમનો હું સંભવ માનું છું ત્યાં સત્યાગ્રહ શું ન કરી શકે? એ સત્યાગ્રહ આજકાલ જે વસ્તુ સત્યાગ્રહને નામે ઓળખાય છે તે નહીં. પાર્વતીએ

૧. આ પત્ર અહીં આપ્યો નથી. પત્રલેખકે પોતાની પત્ની સામે સત્યાગ્રહ કરવો કે નહીં તે પૂછ્યું છે. પત્નીએ પરદેશી કાપડ ખરીદવાનું બંધ કર્યું છે, પરંતુ લગ્નોમાં હાજરી આપતી વખતે અને સિનેમામાં જતી વખતે વગેરે પ્રસંગોએ પરદેશી કપડાં પહેરવાનું તેણે છોડી દીધું નથી.

Gandhi Heritage Portal

શંકરની સામે સત્યાગ્રહ કર્યો એટલે હજારો વર્ષની તપશ્ચર્યા કરી. ભરતનું રામે ન માન્યું એટલે નંદિગ્રામમાં જઈ બેસી ગયો. રામ પણ સત્યપથ પર હતા ને ભરત પણ સત્યપથ પર. બંનેએ પોતાનું પણ રાખ્યું. ભરત પાદુકા લઈ તેની પૂજા કરતો યોગારૂઢ થયો. રામની તપશ્ચર્યામાં બહારનો આનંદ સંભવતો હતો; ભરતની તપશ્ચર્યા અલૌકિક હતી. રામને ભરતને ભૂલવાનો અવકાશ હતો; ભરત તો પ્રતિક્ષણ રામનામનું જ રટણ કરતો હતો. તેથી ઈશ્વર દાસાનુદાસ થયો.

આ શુદ્ધતમ સત્યાગ્રહનો દાખલો. કોઈ ન જીત્યું, અથવા કોઈ જીત્યું કહેવાય તો ભરત જ જીત્યો. ભરતજન્મ ન હોત તો રામમહિમા ન હોત એમ કહી તુલસીદાસે પ્રેમનું રહસ્ય આપણી પાસે મૂકી દીધું છે.

મજકૂર ભાઈ જો ઘડીભર સ્થૂલ પ્રેમને ભૂલી જઈ દંપતીપ્રેમમાં રહેલો સૂક્ષ્મ પ્રેમ ધારણ કરી શકે—ધારણ કર્યો ન કરાય એ જાણું છું, તે તો પ્રગટવાનો હોય તો પ્રગટી શકે—તો તેમની ધર્મપત્ની પોતાનાં વિલાયતી કપડાં તે જ દહાડે બાળી દેશે એમ હું ખાતરીપૂર્વક કહું છું. એક નજીવી વસ્તુને સારુ આવો મોટો પ્રયાસ હું કેમ સૂચવું છું, કંઈ પ્રમાણ જ નથી જાળવતો, એવી શંકા કોઈ ન કરે. નજીવા પ્રસંગો આપણી જિંદગીમાં જે પરિવર્તનો કરે છે તે ઈરાદાપૂર્વક કેળવેલા પ્રસંગો અથવા મોટા કહેવાતા અકસ્માતો નથી કરી શકતા.

દંપતી વચ્ચેના સંભવિત સત્યાગ્રહના દાખલા તો મારી અનુભવપોથીમાંથી હું થોકબંધ આપી શકું તેમ છું, પણ એ બધાનો દુરુપયોગ થઈ શકે એમ પણ હું જાણું છું. અત્યારનું વાતાવરણ મને ઝેરી લાગે છે. તેવે સમયે એ અનુભવોમાંથી દૃષ્ટાંતો આપી આ ભાઈ જેમણે નિખાલસપણે પ્રશ્ન કર્યો છે, તેમને ભ્રમિત કરવાનું પાપ વહોરવા હું નથી માગતો. તેથી મેં ઊંચામાં ઊંચી સ્થિતિ વર્ણવી છે. તેમાંથી યોગ્ય લાગે તે સંકટનિવારણનો માર્ગ શોધવાનું તેમને સોંપી દઉં છું.

સ્ત્રીની સ્થિતિ નાજુક છે. તે વિષે જે કંઈ કરો તેમાં બળાત્કારનો સંભવ આવે છે. હિંદુ સંસાર કઠિન છે, તેથી જ પ્રમાણમાં સ્વચ્છ રહી શક્યો છે. કેવળ શુદ્ધ પ્રેમથી જ જે અસર થઈ શકે તે જ અસર પાડવાનો પતિને અધિકાર છે એમ મને ભાસે છે. જો બેમાંથી એક પણ વિષયવાસનાને જડથી જ કાઢી શકે તો માર્ગ સહેલો થઈ જાય છે. મારો દૃઢ અભિપ્રાય છે કે સ્ત્રીઓમાં જે કંઈ ખામીઓ પુરુષ જુએ છે તેની જવાબદારી કેવળ નહીં તો મોટે ભાગે તેના પોતાના ઉપર જ છે. સ્ત્રીને શણગારનો મોહ તે કરાવે છે; સારાં મનાતાં કપડાં તે જ પહેરાવે છે. પછી સ્ત્રીને અભ્યાસ પડે છે ને પતિમાં પરિવર્તન થતાંવેંત જ જો સ્ત્રી તેની પાછળ નથી જઈ શકતી તો દોષ પુરુષનો છે, સ્ત્રીનો નથી એમ જાણી પુરુષે ધીરજ રાખવી જ પડશે.

હિંદુસ્તાનમાં શાંતમાર્ગથી સ્વરાજ મળવાનું હશે તો સ્ત્રીએ તેમાં પૂરો ભાગ લેવો જ પડશે. સ્ત્રીને જ્યાં સુધી વિલાયતી, મિલનાં કે રેશમનાં કપડાંનો મોહ રહ્યા કરશે ત્યાં સુધી સ્વરાજ દૂર જ રહેશે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૧૮–૫–૧૯૨૪

Gandhi Heritage Portal

# ૪૦. કાઠિયાવાડ શું કરે?

રાજકીય પરિષદ ભરવા વિષે ગયે અઠવાડિયે મેં મારો વિચાર સંપૂર્ણ રીતે રજૂ કર્યો, પરિષદ ભરાશે કે નહીં, ભરાશે તો ક્યાં ભરાશે વગેરે વિષે હું કંઈ જાણતો નથી. હું એટલું જાણું છું કે મને મળવા આવેલા કેટલાક ભાઈઓમાં પણ નિરાશા પેદા થઈ છે. તેઓ ભારે સત્યાગ્રહી હોવાનો દાવો કરનારા છે. તેઓને મારે જણાવવું જોઈએ કે સત્યાગ્રહીના શબ્દકોશમાં નિરાશા કે તેના અર્થવાળો શબ્દ જ હોતો નથી. તેઓને નિરાશા કેમ થઈ એ પણ હું નથી સમજતો. તેઓ તો મારા અભિપ્રાયને મળતા હતા. પણ ધારો કે મારા "તેજ"માં અંજાઈ ગયા તો "તેજ" બહાર નીકળ્યા પછી સાવધાન થવાનો ને ફરી વિચારવાનો તેઓને અધિકાર હતો. તેમ વિચારતાં તેઓને લાગ્યું હોય કે કાર્યવાહકોની કશી ભૂલ નથી થઈ ને શરતો કબૂલ કરીને પરિષદ ભરવાનું કહેવા છતાં દરબાર[1] પરવાનગી ન આપે તો તેવી સ્થિતિમાં સત્યાગ્રહ કરવાનો ધર્મ પ્રાપ્ત થાય છે, તો તેઓ અથવા તેઓમાંના એક પણ સત્યાગ્રહ કરી શકે છે. સાથ વિના પણ સત્યાગ્રહ થઈ શકે એ તેની ખૂબી છે. મારા વિરોધી અભિપ્રાયને લીધે પ્રજામતમાં ભેદ પડે એ હું સમજી શકું છું. પણ જેને સત્ય દેખાયું છે તે સત્યાગ્રહની પ્રચંડ શક્તિનો ઉપયોગ કરીને તે ભેદ ટાળી શકે છે. મારા વિરોધથી પણ સત્યાગ્રહી પાછો ન જ હઠે. મને ભલે અભિમાન હોય કે સત્યાગ્રહનું શાસ્ત્ર તો હું જ જાણું; પણ એ શાસ્ત્રના જ્ઞાનનો મને એકલાને ઇજારો નથી. એક ભાઈએ તેને વિષે પુસ્તક છપાવી સિદ્ધ કરવા પ્રયત્ન પણ કર્યો છે કે મારો સત્યાગ્રહ પ્રમાણમાં અશુદ્ધ છે, ને તે ભાઈએ પોતે યોજેલો શુદ્ધતમ છે. આ પુસ્તકનો પરિચય પણ કોઈ વેળા વાંચનારને કરાવવાની હું આશા રાખું છું. સત્યાગ્રહના ઉપયોગ વિષે ને તેની યોજના વિષે નવી શોધો થયા જ કરશે. જેને આત્મવિશ્વાસ હોય તેનો ઝંપલાવવાનો ધર્મ છે. એક જ નિયમમાં ફેરફાર નહીં થાય, કેમ કે તેનો સમાવેશ સત્યાગ્રહની વ્યાખ્યામાં જ થઈ જાય છે: બીજાને દુઃખ દઈને નહીં પણ પોતે દુઃખ સહન કરીને સત્યાગ્રહી પોતે માનેલું સત્ય પ્રગટ કરે છે. એથી સત્યાગ્રહીની ભૂલાને સારુ મુખ્યપણે તેને પોતાને જ સોસવું પડે છે.

આટલી પ્રસ્તાવના કરી સત્યાગ્રહી હોય તેને ઉત્તેજિત કરી, ગયા અઠવાડિયાની પ્રતિજ્ઞા ઉપર હું આવું છું.

આખા ભારતવર્ષમાં પણ વિશેષે કાઠિયાવાડમાં હાલ મૌનનો કાળ આવ્યો છે. કાઠિયાવાડની ઉપર તો સદાયનો આરોપ જ છે કે આપણે બોલવે શૂરા, કરવે કાયર.[2] બોલવાની છટા જોઈએ તો વાગ્દેવી પોતાનો કળશ જરૂર કાઠિયાવાડી ઉપર ઢોળે. આ હું દક્ષિણ આફ્રિકામાં પણ અનુભવતો. ત્યાંના કાઠિયાવાડી સાક્ષી પૂરશે જ. કોઈ કોઈ મારા જેવા કાર્ય કરવાવાળા અપવાદરૂપે નહોતા નીકળતા એમ કોઈ ન માને. પણ ભાષણ કરનારને તો વિધાતાએ કાઠિયા-વાડમાં જ ઘડ્યા છે.

૧. ભાવનગરના મહારાજા; તે વેળા ભાવનગર કાઠિયાવાડનું એક દેશી રાજ્ય હતું.

૨. જુઓ "કાઠિયાવાડીઓને અન્યાય", ૧-૯-૧૯૨૪ પણ.

Gandhi Heritage Portal

તેથી કાઠિયાવાડીઓ હવે જીભને દાબડામાં બંધ કરી રાખવાની જરૂર છે. કલમ ભલે કલમદાનમાં ચાલી જાય. પરિષદ ભરાય તો આવતા વર્ષનો ભાષણનો ક્રમ ઘડવા સારુ નહીં, પણ કાર્યનો ક્રમ ઘડવા સારુ. આપણે અનુભવે જોઈ લીધું છે કે પ્રજામાં જાગૃતિ ખૂબ છે, ને આપણે અવસરે હજારો માણસોને એકઠા કરી શકીએ છીએ. એ જ્ઞાનની જરૂર હતી. હવે હજારોને એકઠા કર્યા કરવાની જરૂર નથી. તેથી તો કાળનો ને દ્રવ્યનો નકામો વ્યય જ થાય.

કાઠિયાવાડની છવ્વીસ લાખની વસ્તીમાં કાર્ય કરવું સહેલું છે. ખાદીનું, શાળાનું, અંત્યજનું, દારૂ-અફીણનિષેધનું કામ આવશ્યક છે ને તુરત ફળ આપે તેમ છે. એક પણ માણસને ભૂખને લીધે કાઠિયાવાડ છોડવું પડે તો રાજા પ્રજા બંનેએ શરમાવું જોઈએ. કાઠિયાવાડમાં શું નથી? જમીન સુંદર છે, કુશળ ને તંદુરસ્ત સ્ત્રીપુરુષો છે. કાઠિયાવાડમાં જોઈએ તેટલો કપાસ થાય છે. વણકરોએ જ મને કહ્યું છે કે ઘણા વણકરોને ધંધાને અભાવે કાઠિયાવાડ છોડવું પડે છે. બે વર્ષ પહેલાં તેઓને ધંધો મળતો હતો; આજે તો વધારે મળવો જોઈએ. તેને બદલે ઓછો કેમ થયો? આ પડતીને સારુ કાઠિયાવાડના કાર્યવાહકો જવાબદાર નથી? કાર્યવાહકો ભાષણનો ધંધો છોડી જો રૂની ઉપર થતી બધી ક્રિયાઓનું જ્ઞાન મેળવી લે તો કાઠિયાવાડીઓની આર્થિક સ્થિતિ એક વર્ષની અંદર સુધારી મૂકે. તેઓ કાઠિયાવાડમાંથી પરદેશી કાપડ કે મિલના કાપડનો બહિષ્કાર કરે. મિલના કાપડથી ઘણાનો પૈસો થોડાના હાથમાં જાય છે. જ્યારે લોહીનો ભરાવો કેવળ મગજમાં થઈ જાય ત્યારે તે દરદીને ધનુર્વા થયો ગણાય છે. તેને બચવું મુશ્કેલ થઈ પડે છે; અથવા તો ફસ ખોલવાથી કદાચ બચે. જ્યારે ઘણાનો પૈસો એક માણસના હાથમાં એકઠો થાય ત્યારે તેને આર્થિક ધનુર્વા થયો એમ આપણે ગણીએ. આરોગ્યવાનના શરીરમાં જેમ લોહી નિયમસર રગેરગમાં ફરે છે ને ક્યાંય ભરાવો થતો નથી ને જે અંગને જેટલું જોઈએ તેટલું મળ્યા કરે છે, તેમ જ આરોગ્યવાન આર્થિક સ્થિતિમાં દ્રવ્યનો સંચાર નિયમિત રીતે જ્યાં જ્યાં જેટલો જોઈએ તેટલો થવો જોઈએ. આવું આર્થિક આરોગ્ય મેળવવાનું મોટું સાધન રેંટિયો છે. રેંટિયાનો નાશ થતાં દુનિયાનું દ્રવ્ય લકેશાયરમાં ઘસડાઈ જાય છે. એ મહારોગની નિશાની છે. એ રોગનું નિવારણ રેંટિયાના પુનરુદ્ધારથી જ થઈ શકે.

આ સાદો પણ ચમત્કારિક નિયમ જો કાઠિયાવાડના સ્વયંસેવકો સમજ્યા હોય તો તેઓ બધા રૂની ઉપર થતી ક્રિયાઓથી વાકેફ થઈ તે કામ આખી પ્રજામાં દાખલ કરશે. આ રાજકીય કામ પહેલું.

કાઠિયાવાડમાં રાષ્ટ્રીય શાળાઓ કેટલી છે? અભણ બાળકો ને બાળાઓ કેટલાં છે? તેઓને પહોંચી વળાય એટલી શાળાઓ છે? ન હોય તો તેવી શાળાઓ સ્થાપી તેની મારફતે પણ અક્ષરજ્ઞાનની સાથે જ રેંટિયાજ્ઞાન પણ આપી શકાય. આ રાજકીય કામ બીજું.

અસ્પૃશ્યતાનો મેલ ધોવો એ રાજકીય કામ ત્રીજું. એ મેલ ધોતાં ધોતાં પણ રેંટિયાપ્રચાર સહેજે થઈ શકે છે.

દારૂ-અફીણનિષેધની જરૂર કાઠિયાવાડમાં કેટલી છે એ હું દૂર બેઠો ન કહી શકું, બહારનો ચેપ થોડોઘણો પણ લાગ્યા વિના ન જ રહે. આ રાજકીય કામ ચોથું.

આ તો હું દૃષ્ટાંતરૂપે ગણાવી ગયો છું. એવાં બીજાં તો ત્યાંના જ માહિતગાર સજ્જનો ઘણાં ગોતી શકે એમ છે.

Gandhi Heritage Portal

"આ તો સંસારસુધારો; રાજકીય કામ આ ન હોય" એમ ઘણા ટીકાકાર બોલી ઊઠશે. એમ કહેવું મિથ્યાભાસ છે. રાજકીય એટલે રાજાને—રાજને—લગતું. રાજા એટલે પ્રજાતંત્ર ચલાવનાર. પ્રજાતંત્ર ચલાવનારે ઉપરનાં એકેએક અંગને તપાસવાં જ પડે. તે ન તપાસે તે તંત્રી નહીં, રાજા નહીં. જે સંસ્થામાં તેની અવગણના થાય અથવા ગૌણપદ અપાય તે રાજકીય નહીં. રાજકીય પરિષદનો ઉદ્દેશ રાજાને સહાય કરવાનો અથવા રાજા રાજ્પંથ છોડે તો તેના પર અંકુશ મૂકવાનો હોય. આવી સહાય કે આવો અંકુશ તે જ દઈ કે મૂકી શકે જેની વગ પ્રજાની સાથે લગભગ રાજાના જેટલી જ હોય; પ્રજાજનમાંથી એવી વગ ખરી રીતે તે જ મેળવી શકે જે પ્રજાની શુદ્ધ સેવા કરે. એવી સેવા ઉપરનાં કામોમાંથી જ થવાની. એટલે રાજકીય પરિષદોએ જો ખરેખર રાજકીય કાર્ય કરવાં હોય તો ઉપરની સેવા એ તેમની પ્રાથમિક કેળવણી છે, અને તેથી તે અનિવાર્ય છે.

તેથી જ આ સેવા સત્યાગ્રહની સારામાં સારી અને આવશ્યક તાલીમ છે. જેણે એટલું નથી કર્યું તે પ્રજાને અર્થે સત્યાગ્રહ કરવાનો અધિકાર નથી ધરાવતો. પ્રજા તેના સાહસને વધાવી પણ નહીં લે. આ સેવા વિનાના તો આપણે લેભાગુ સેવક કે સત્યાગ્રહી ઠરીએ.

"પણ આવું અઘરું કામ અમે ક્યારે કરવાના ને રાજા ક્યારે સુધરવાના? જુઓની તમારા જામસાહેબ.[૧] તમે તો અભિમાનપૂર્વક કહેતા: "જામસાહેબ જ્યારે રણજિતસિંહજી કહેવાતા ત્યારે હું તેમને મળ્યો હતો. અમે એકી વખતે ભણતા ને મળતા પણ ખરા. તે વખતની તેમની સાદાઈ ને તેમનો પ્રજાપ્રેમ ખૂબ હતાં. આ બધું આજે નથી. આજે તો જામસાહેબની પ્રજા જેટલી પીડાય છે તેટલી બીજી ભાગ્યે જ પીડાતી હશે. તેમની રાજ્યનીતિમાં સુધારો કરવો ને પ્રજાને રેંટિયો ફેરવતી કરી મૂકવી તેની સાથે સંબંધ શો છે? અમને તો લાગે છે કે તમે જેલથી કંટાળ્યા છો, તમે ફરી જેલ જવા નથી ઇચ્છતા, તેથી તમારી નિર્બળતા ઢાંકવા અમને પણ અવળે માર્ગે લઈ જઈ નિર્બળ કરવા ઇચ્છો છો." આવા ઉદ્‌ગારો એક જ વ્યક્તિના નથી. મારી "નિર્બળતા"ની વાત વિનોદરૂપે એક મિત્રે કહેલી. એ બધી વાતોને મેળવી મેં ઉપરનો આરોપપત્ર બનાવ્યો છે.

જામસાહેબની વિરુદ્ધ મેં ઘણુંયે સાંભળ્યું છે. કેટલાક મિત્રોએ મને તે પુરવાર કરવા બે વર્ષ પહેલાં કાગળિયાં પણ મોકલેલાં. પણ હું બીજાં કામોમાં રોકાયેલો હોવાથી ને કાઠિયાવાડનું રાજતંત્ર સુધારવું મારા ક્ષેત્ર બહાર હોવાથી મેં તે વિષે કંઈ જ ન કર્યું—ન લખ્યું. આજ પણ હું તેમાં પડવા નથી ઇચ્છતો. હું માનું છું કે જો સ્વરાજપ્રવૃત્તિમાં પ્રજાને શાંતોપચારથી સફળતા મળે તો દેશી રાજ્યતંત્રોમાં જ્યાં જ્યાં ન્યૂનતા હશે ત્યાં ત્યાં તે તેની મેળે જ દૂર થઈ જશે. પણ કાઠિયાવાડી રાજતંત્રમાં જરાયે દખલ દેવા તૈયાર થાઉં તો એકપક્ષી ટીકાઓ ઉપરથી હું અભિપ્રાય બાંધું જ નહીં. વળી જામસાહેબ સાથેની મારી ઓછી કે વત્તી ઓળખાણને વશ થઈને પણ પ્રથમ તો તેમને મળવાનો અને બધી ફરિયાદો તેમની પાસે મૂકવાનો હું પ્રયત્ન કરું, ને ત્યાર બાદ જો મને લાગે કે અન્યાય તો છે જ ને તે દૂર કરવાની જામસાહેબની વૃત્તિ નથી, તો જ હું તે વસ્તુનો ઊહાપોહ જાહેરમાં કરું. આ પદ્ધતિનો ઉપયોગ

૧. રણજિતસિંહજી વિભાજી (૧૮૭૨–૧૯૩૩); કાઠિયાવાડના તે કાળના નવાનગર સ્ટેટના રાજકર્તા; ઇંગ્લંડમાં કેળવણી લીધી હતી અને ત્યાં એક ક્રિકેટર તરીકે ખ્યાતનામ હતા.

Gandhi Heritage Portal

મેં ચંપારણના[1] નીલવરોને અંગે પણ કરેલો. એથી ઓછું તો મારાથી કાઠિયાવાડના રાજાઓ પ્રત્યે થાય જ નહીં. તેથી ઉપરના વિવેચનથી હું જામસાહેબના રાજતંત્ર ઉપર કશો આક્ષેપ કરવા ઇચ્છું છું એમ તેઓ સાહેબ, જો તેઓ આ લેખ જુએ તો, ન માને એવી મારી વિનંતી છે. મેં તો તેમના રાજ્યતંત્રનો દાખલો કેવળ દૃષ્ટાંતરૂપે લીધો છે. તેમની પ્રજાની ફરિયાદ તો એવી છે જ એમાં શંકા નથી.

પાછા આપણે મૂળ વાત પર આવીએ. મારો અભિપ્રાય છે કે ઉપર જણાવેલી સેવાને જામસાહેબના મનાતા દોષિત રાજતંત્રની સાથે નિકટ સંબંધ છે. જેઓએ એવી સેવા કરી હશે તેનું રાજા પ્રજા બંને સાંભળશે. સત્યાગ્રહી બળવાન તો હોય જ, તેનામાં ભીરુતાની ગંધ પણ ન હોય, પણ તેની નિર્ભયતાના પ્રમાણમાં જ તેની નમ્રતા વધવી જોઈએ. વિવેકશૂન્યની નિર્ભયતા તેને ગર્વિષ્ઠ અને ઉદ્દંડ બનાવે છે. ગર્વ ને સત્યાગ્રહની વચ્ચે તો સમુદ્ર વહે છે. વિવેકીની વાત મહાઅભિમાની રાજાને પણ સાંભળવી પડે છે. સેવા વિના નમ્રતા અને વિવેક આવતાં જ નથી. સત્યાગ્રહીને સ્થાનિક અનુભવ હોવો જોઈએ તે પણ સેવા વિના ન જ આવે. રાજાઓની ટીકા એ અનુભવ ન ગણાય. કાઠિયાવાડી કાર્ય કરનારા ઘણા કેવળ મુત્સદ્દી વર્ગના હોય છે. મુત્સદ્દીપણાને સેવાની સાથે ઘણો ઓછો સંબંધ છે. મુત્સદ્દી વર્ગ એટલે રાજવર્ગ. તેને પ્રજા પોતાનું પેટ પણ નથી આપતી એવો મારો બાળપણનો જાતિઅનુભવ છે. કાઠિયાવાડી જો સેવા કરવા ઇચ્છે તો મુત્સદ્દી મટી ભંગી, ખેડૂત, વણકર, કુંભાર, સુતાર ઇત્યાદિ બને. તેમાં તેમના અક્ષરજ્ઞાનની ને મુત્સદ્દી અનુભવની મેળવણી કરે. તે મેળવણીની સાથે સત્ય અને અહિંસા ભળે તો એ ત્રિપુટીમાંથી જે શક્તિ પેદા થાય તેનો મુકાબલો કોઈ રાજશક્તિ ન જ કરી શકે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૧૮–૫–૧૯૨૪

## ૪૧. વણકરની આવક

એક ભાઈ દુ:ખી થઈ નીચે પ્રમાણે કાગળ લખે છે[2] :

આ લખનારનું અને તેના જેવા બીજા શંકિત ભાઈઓનું મન શાંત કરવાની જરૂર છે. મારું લખાણ વકીલવર્ગ જેવા તીવ્ર બુદ્ધિના માણસોને સારુ હતું. ઉપરના ઉદ્ગારો છતાં હું એમાં ફેરફાર કરવા નથી ઇચ્છતો. હું જાણું છું કે પંજાબમાં ઘણા વણકરો રોજના બેથી વધારે રૂપિયા કમાય છે. મુંબઈના મદનપુરાના કુશળ વણકરો દિવસના ત્રણ રૂપિયા સહેજે કમાય છે. એટલું ખરું કે તેઓ પરદેશી કે મિલનું સૂતર વાપરે છે. જો આળસને વશ રહી તેઓ હાથે કાંતેલા સૂતરને તાણીમાં વાપરવા ઇનકાર ન કરે તો તેમની કમાણી ઓછી થવાનો મુદ્દલ ભય નથી. જે કમાણી મજકૂર વણકરો કરી શકે છે તે બીજા કેમ ન કરી શકે? એક ઉત્તર મળશે : મજકૂર વણકરોને ઘણો અનુભવ હોય છે. એ તદ્દન સાચું છે પણ એક કુટુંબને રોજના

૧. ૧૯૧૭માં; જુઓ પુસ્તક ૧૪.

૨. આ કાગળ અહીં આપ્યો નથી. ગાંધીજીએ જાહેર કર્યું હતું કે વણાટ મારફત માણસ બેથી ત્રણ રૂપિયા રોજના કમાઈ શકે. પત્રલેખકે ગાંધીજીને કહ્યું કે તેમની એ વાત બરોબર ન હોય તો તેમણે તેમના શબ્દો સુધારવા જોઈએ.

Gandhi Heritage Portal

બે રૂપિયા કમાવાને સારુ વર્ષોના અનુભવની જરૂર નથી. હું માનું છું કે એક વર્ષ સુધી જે માણસ રવિવાર છોડી દહાડાના આઠ કલાકને હિસાબે હમેશાં સાળ ઉપર બેસે તે જોઈતો અનુભવ મેળવી લે. એટલું તો સ્પષ્ટ છે કે વણાટમાં જો જરા પણ કળા મેળવવામાં આવે તો કળા કરવામાં વખત નજીવો જાય છે ને દામ દોઢા કે તેથી પણ વધારે મળે છે. માત્ર રંગીન કોર કરવાથી મજૂરી વધે છે. ઘણા વણકરો ઘણી મજૂરી કેવળ પોતાના હુન્નરને પ્રતાપે લઈ શકે છે. વળી મેં કલ્પેલી કમાણી એક વણકરને સારુ નથી પણ એક કુટુંબને સારુ છે.

કુટુંબીઓ પણ મદદમાં રોકાયા હોય ત્યારે સાધારણ રીતે કામ ઘણું વધારે થાય છે. ધારો કે એક કુશળ વણકર, તેની સ્ત્રી અને તેનો એક દશ વર્ષનો છોકરો વણાટકામમાં રોકાયાં છે. વણકરે સારો કપાસ એકઠો કરી લીધો છે, તેની પૂણી બનાવી તે આસપાસની બહેનોને કાંતવા આપે છે. તે જ સૂતરને તે વણે છે ને પોતે જ વેચે છે. વણવામાં દંપતી રોકાય છે. બન્ને વચ્ચે બાર કલાક કામ થાય છે. બાળક કોકડાં ભરી આપે છે ને બીજી મદદ કરે છે. આમ કામ કરનાર કુટુંબની દરરોજની આવક ઘણા ભાગમાં તો સહેજે બે રૂપિયા થઈ શકે છે. જ્યાં ન થાય તેમ હોય ત્યાં જોવામાં આવશે કે રહેણી પણ પ્રમાણમાં સોંઘી હશે. મજકૂર ભાઈને ભય છે કે મારા લખાણથી દોરવાઈ કોઈ બિનઅનુભવી માણસ વણાટકામમાં ફસાઈ જશે. હું તો ઉમેદ રાખું છું કે કુશળ માણસ મેં સૂચવેલો અખતરો સ્થળ પસંદ કરીને કરી જુએ. સંભવ છે કે તેનો અનુભવ મારી કલ્પનાને ટેકો ન આપે. તેમાં તેને કશું ખોવાપણું નહીં હોય. આવો અખતરો કરવા હું સો બસોની કમાણી કરનારને નથી નોતરતો, પણ જે ઘેર બેઠા છે, અથવા તો ત્રીસ રૂપિયાની મહેતાગીરી પ્રતિકૂળ વાતાવરણમાં કરી રહ્યા છે, તેવા-ઓને હું અવશ્ય લલચાવવા માગું છું. મારી શરત એટલી જ કે તેનું શરીર સામાન્ય રીતે ઠીક હોવું જોઈએ. તે મજૂરીનો કાયર ન હોય ને હમેશાં ઓછામાં ઓછા આઠ કલાક મજૂરી કરવા તૈયાર હોય. જો તે કુટુંબવાળો હોય તો સારું; પણ જો તે એકલો હશે છતાં કાર્યકુશળ હશે તો અવશ્ય માસિક ત્રીસ રૂપિયા કમાશે. પણ ધારો કે તેટલે પહોંચતાં વિલંબ લાગે. તોયે શું? તેથી કંઈ ખાડામાં પડ્યા એવી નિરાશા તો તેને નહીં જ થાય.

આ વિષયમાં જેઓને અનુભવ થયો હોય તેઓનો તે અનુભવ ભલે મારી ગણતરી વિરુદ્ધ હોય છતાં જો તેઓ મારી ઉપર મોકલશે તો કૃપા થશે. અવકાશે તેનો ઉપયોગ પણ હું નવજીવનમાં કરીશ.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૧૮–૫–૧૯૨૪

Gandhi Heritage Portal

# ૪૨. કેટલીક મુસીબતો

એક સ્વયંસેવકે મને અગત્યનો પત્ર લખ્યો છે. તેમાં તેમણે ઘણા પ્રશ્નો ચર્ચ્યા છે. જેને વિષે વિચાર જણાવવા હું અત્યારે તૈયાર છું તેવા ફકરા તે કાગળમાંથી હું નીચે ઉતારું છું[૧]:

મારે સદ્ભાગ્યે કોઈને હું મારા અનુયાયી ગણતો જ નથી તેથી કોઈના પાપનો ભાગીદાર હું નહીં બનું. પણ એટલાથી ઉપરના લેખકની મૂંઝવણ દૂર થતી નથી ને મારી જવાબદારીનો નિકાલ નથી થતો. કહેવાતા અનુયાયીઓ વિષેની ફરિયાદ દરેક જગ્યાએથી આવી રહી છે. તેનો ઈલાજ હું શોધી રહ્યો છું. દુખિયાનો બેલી ઈશ્વર છે, એ વિશ્વાસથી મને આશા છે કે કહેવાતા અનુયાયીઓનો ધંધો બંધ કરવાનો ઈલાજ મને તે આપી દેશે. ઢોંગ સદાય નથી ચાલી શકતો. થોડા માણસ થોડા વખત સુધી છેતરાય પણ બધા માણસ બધા વખત સુધી છેતરાયાનો દાખલો હજુ ઈતિહાસમાં જોવામાં નથી આવ્યો.

મહાસભાનું બંધારણ શિથિલ થયું છે એ પણ બરોબર છે. સંપૂર્ણ બંધારણ પણ અયોગ્ય માણસને હાથે નિંદિત થાય છે અને યોગ્ય માણસો અપૂર્ણ બંધારણનો પણ સદુપયોગ કરી શકે છે એ માન્યતા ઘણે ભાગે ખરી છે. સ્વયંસેવકોએ પૂરી સમજ પાડ્યા વિના કોઈની પાસેથી ચાર આના ન જ લેવા જોઈએ એ તો સ્પષ્ટ જ છે. અને ચાર આના[૨] લીધા પછી આપનારને ભૂલી ન જવા જોઈએ એ પણ સ્પષ્ટ છે. ગ્રામ્યસમિતિઓની સ્થાપનાનો હેતુ જ એ છે કે ગામલોકનો અખંડિત સંબંધ મહાસભા સાથે રહે.

ગામડાંઓની ગરીબાઈ આ લેખકની જેમ જેણે જોઈ છે તેને રેંટિયા સિવાય બીજું સાધન તે ગરીબાઈ દૂર કરવા સારુ સૂઝે જ નહીં. કેમ કે બીજું છે જ નહીં. તેથી જ જેટલે દરજ્જે રેંટિયાની પ્રગતિ તેટલે દરજ્જે સ્વરાજની ગણી શકાય. મહાસભા પાસેથી પગાર ન લેવાય એ તો અભિમાન જ છે. વગર પગારના ઘણા સેવકો મળે જ નહીં, અને પગાર લેનારા કોઈ ન રહે તો સ્વરાજતંત્ર આગળ ચાલે જ નહીં. પગાર લેનાર તરફ લોકોને માન નથી હોતું એ પણ વહેમ છે. પગાર લેનાર કે ન લેનાર જે તેઓની તનતોડ સેવા ન કરે તેના પ્રત્યે તેઓને માન નહીં જ રહે. તનતોડ મહેનત કરનારને પગાર આપતાં પ્રજા નહીં જ કંટાળે એવો મારો પૂરો અનુભવ છે. મોટા પગાર મહાસભા ન આપી શકે એ ખરું. ગરીબ સેવકો હમેશાં પોસાય એ વિષે મને શંકા નથી. બીજી જગ્યાએથી પગાર લઈ નોકરી કરવા કરતાં મહાસભા પાસેથી પગાર લઈ લોકસેવા કરવામાં આપણે માન માનવું જોઈએ. સિવિલ સર્વિસનો મોહ કેટલો છે? કેમ છે? તેનાથીયે વધારે મોહ મહાસભાની સેવા વિષે હોવો જોઈએ. સિવિલ સર્વિસમાં દાખલ થનાર ઊંચી પદવીએ પહોંચી શકે છે તેમ મહાસભામાં સેવા કરનાર તેનો પ્રમુખ પણ થઈ શકે. પણ તે લાલચે જે સેવા કરે તે પણ પડે. ગોખલેએ ૨૦ વર્ષ ફર્ગ્યુસન કૉલેજને આપ્યાં. રૉયલ કમિશન વગેરેમાંથી દ્રવ્ય મળતું, છતાં કૉલેજનો

૧. આ ઉતારા અહીં આપ્યા નથી.

૨. મહાસભાના સામાન્ય સભાસદની આટલી ફી હતી.

Gandhi Heritage Portal

પગાર તો લેતા જ; ને લેવામાં માન માનતા. તે પગાર રૂ. ૪૦થી શરૂ થઈ રૂ. ૭૫ ઉપર નહોતો જતો એ વાંચનારને યાદ હશે જ. જ્યાં સુધી મહાસભાને તનતોડ મહેનત કરનાર પગારદાર સેવક નહીં મળે ત્યાં લગી મહાસભાનું કામ ઠીક ચાલનાર નથી. જ્યાં સુધી પગાર લઈને સેવા કરવામાં માન છે એમ આપણે માનતા નહીં થઈએ ત્યાં સુધી આપણને ઘણા સેવકો મળવાના નથી. એમ માન વધારવાનો સારામાં સારો રસ્તો એ છે કે વલ્લભભાઈ પોતે પગાર લેતા થઈ જાય. જ્યારે હું સેવા કરતો થઈ જઈશ ત્યારે હું તો જરૂર પગારદાર તરીકે મારું નામ નોંધાવવાનો.

પગાર કેટલો ને કઈ રીતે ઠરાવવો, બધાનો એકસરખો કે કેમ, સેવકોની પરીક્ષા રાખવી કે નહીં, એ ગૂંચવાડા ઊભા થાય છે ખરા, પણ તેમાં જ આપણી તંત્ર ચલાવવાની શક્તિનું માપ છે.

છાપાંઓ ઉપરની ટીકા વિષે હું અભિપ્રાય નહીં આપું, કેમ કે ગુજરાતનાં છાપાંઓનો મને મુદ્દલ પરિચય નથી. આ મહાપ્રવૃત્તિ મારા જેલના[1] વખતની છે. એટલું તો ચોક્કસ છે જ કે વર્તમાનપત્રોનો ધર્મ પ્રજાને કાર્યમાર્ગે દોરવાનો છે, ઉશ્કેરવાપણું મુદ્દલ નથી રહ્યું. પ્રજા જાણે છે કે ચાલુ રાજનીતિ બદલવી છે, સ્વરાજ લેવું છે, પ્રજા માર્ગ પણ જાણતી થઈ ગઈ છે. તે માર્ગે જવાની ગતિ નથી આવી. તે આપવામાં જ વર્તમાનપત્રોએ રોકાવું જોઈએ. એ વિષે બે મત હોવા ન જોઈએ.

અંત્યજ ભાઈઓને સ્વચ્છ રહેવાનું શીખવવું વગેરે આપણું કામ છે જ. સ્પર્શ કરતાં શીખી જઈએ એટલે આપણી ગરજે તેઓને સાફ રહેતાં શીખવશું. તેમની ગંદકી આપણા પાપનું ફળ છે એમ જાણી આપણે ધીરજ રાખીએ. આજ લગી અંત્યજ ભાઈઓને આપણે ભાઈ તરીકે ગણ્યા નથી; મનુષ્ય તરીકે પણ ગણ્યા નથી. હાથનાં કર્યાં હૈયે વાગે છે એમાં નવાઈ ન લાગવી જોઈએ. એમ છતાં આપણે તેઓની એબો દૂર કરવામાં તેમને મદદ કરવાની છે એમાં શક નથી. તે ભાઈઓ તો સીધા છે. તેઓ જાણે છે કે એ સુધારો કરવાનો છે. આપણી મદદની જરૂર હતી તે મળે એટલે તેઓ આપણા કરતાં ચડી જશે એમ હું માનું છું.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૧૮–૫–૧૯૨૪

1. ૧૯૨૨–૨૪ યરવડામાં.

Gandhi Heritage Portal

# ૪૩. બુદ્ધજયંતી[1]

મુંબઈ,
મે ૧૮, ૧૯૨૪

જે સિદ્ધાંતોને બુદ્ધદેવે પોતાની જિંદગીમાં ઉતાર્યા ને જેને તેમણે આમરણાંત પાળ્યા તે સિદ્ધાંતો લોકપ્રિય કરવાનો પ્રયત્ન બીજાઓના કરતાં હું વધારે કરું છું એવી માન્યતાને લીધે મને આજની સભાનું પ્રમુખપદ આપવામાં આવ્યું છે એમ હું માનું છું, કારણ કે બૌદ્ધ સાહિત્યનું મારું જ્ઞાન નજીવું ગણાય. સર એડવિન આર્નોલ્ડનું લાઇટ ઑફ एशिया નામનું પુસ્તક મેં પ્રથમ પાંત્રીશ વર્ષ પૂર્વે વાંચેલું અને બીજાં થોડાં પુસ્તકો મેં યરવડાની મારી ટૂંકી કેદ દરમ્યાન વાંચ્યાં. પણ આપણા સુપ્રસિદ્ધ પ્રોફેસર કૌશામ્બી મને જણાવે છે કે લાઇટ ઑફ एशिया બુદ્ધના જીવનની કંઈક જ ઝાંખી આપણને કરાવે છે. તેમનું કહેવું છે કે કર્તાએ એ સુંદર કાવ્યમાં એક કિસ્સો વર્ણવ્યો છે તેને સારુ અસલ બૌદ્ધ પુસ્તકોમાં કંઈ આધાર જોવામાં આવતો નથી. આપણે આશા રાખીએ કે કોઈ દહાડો પોતાના પરિપક્વ અભ્યાસનું ફળ બુદ્ધદેવના વિશ્વાસપાત્ર જીવનવૃત્તાંત રૂપે તેઓ આપણને આપશે.

હાલ તુરત તો બુદ્ધ ભગવાનના શિક્ષણ વિષેની મારી માન્યતા હું આપની પાસે રજૂ કરું છું. મારી દૃષ્ટિએ એ શિક્ષણ હિંદુ ધર્મનું ફળ છે, તેનો અંશ છે. ગૌતમ બુદ્ધે જગતને નવો ધર્મ નથી આપ્યો, તેમણે તો આપણને સનાતન ધર્મનું નવું રહસ્ય બતાવ્યું. બીજાનો જીવ લેવાનો નહીં પણ પોતાનો જીવ આપવાનો ધર્મ તેમણે હિંદુ સમાજને શીખવ્યો. તેમણે શીખવ્યું કે પશુને હોમીને યજ્ઞ નથી થતા, પણ પોતે પોતાને હોમીને મનુષ્ય સાચો યજ્ઞ કરે છે. પણ હિંદુ ધર્મ, કોઈ વેદોની ઉપર હુમલો કરે તે સાંખી નથી શકતો, તેથી હિંદુ સમાજે બુદ્ધના શિક્ષણનું સત્ત્વ ગ્રહણ કર્યું પણ નવા ધર્મ તરીકે તેનો ત્યાગ કર્યો.

બુદ્ધ ભગવાનના શિક્ષણના સ્વીકાર પછી અને તેને લીધે હિંદુસ્તાનનું પતન થયું એમ કહેવાનો આજકાલ કેટલીક જગ્યાએ રિવાજ પડી ગયેલો જોવામાં આવે છે. આમ કહેવાનો અર્થ એ થયો કે પ્રેમ અને દયાનો વધારે પ્રચાર થાય તો જગતની અવનતિ થાય! એટલે કે આ ટીકાકારોના અભિપ્રાય પ્રમાણે તો છેવટે અશુભનો જ જય થવો જોઈએ. મારો તો અચળ વિશ્વાસ છે કે ગૌતમ બુદ્ધના શિક્ષણના સ્વીકારથી હિંદુસ્તાન નથી પડ્યું, પણ હિંદુસ્તાને તેમના શિક્ષણ પ્રમાણે પૂરતું આચરણ ન કર્યું તેથી તે પડ્યું છે.

જગતમાં થતું આવ્યું છે તેમ વેદિયાએ જ્ઞાનની અવગણના કરી. સત્ય તો એ છે કે ઈશ્વરપ્રણીત વેદવાક્યમાં પ્રાણ હોવો જોઈએ, એટલે કે વધવાની, વિસ્તાર પામવાની, નવી

૧. મુંબઈની બુદ્ધ સોસાયટીના આશ્રયે બુદ્ધજયંતીની ઉજવણી પ્રસંગે પ્રમુખપદેથી ગાંધીજી "બુદ્ધના આદર્શો અને ઉપદેશો" વિષે બોલ્યા હતા. જેલમાંથી છૂટ્યા પછી પહેલી વાર તેઓ આ પ્રસંગે જાહેરમાં દેખાયા હતા. ગાંધીજી તૈયાર રાખેલ લખાણ પરથી બોલ્યા હતા. એ લખાણનો ડ્રાફ્ટ મળી શક્યો છે. છાપાંએ આનો અહેવાલ સહેજ શાબ્દિક ફેરફાર સાથે આપ્યો હતો.

Gandhi Heritage Portal

શક્તિઓને ઓળખી તેને પહોંચી વળવાની તેનામાં શક્તિ હોવી જોઈએ. પણ અક્ષરજ્ઞાની વેદિયા અક્ષરને વળગી રહ્યા ને તેના પ્રાણનો બહિષ્કાર કર્યો.

પણ આપણને નિરાશાનું કારણ નથી. બુદ્ધદેવના શિક્ષણને હજુ પૂરો અવકાશ જ નથી મળ્યો. જગતના જીવનમાં પચીસસેં વર્ષ કાંઈ જ નથી. પદાર્થના સ્થૂળ સ્વરૂપના વિકાસને જો કરોડો વર્ષ વીતી જાય છે તો વિચાર જેવી સૂક્ષ્મ વસ્તુના અને આચારના વિકાસને સારુ આપણે કેમ ચમત્કારની આશા રાખીએ? છતાં ચમત્કારનો યુગ વીતી નથી ગયો, અને "યથા પિંડે તથા બ્રહ્માંડે"ને ન્યાયે વ્યક્તિને અંગે જે ખરું છે તે પ્રજાઓને અંગે પણ ખરું છે. જેમ વ્યક્તિઓના તેમ મોટા સમૂહોના હૃદયનો એકાએક પલટો થવો હું અશક્ય નથી માનતો. વાસ્તવિક રીતે કંઈક જ એકાએક નથી બનતું. એકાએક બન્યાનો આપણને આભાસ જ થાય છે. કોઈ પદાર્થને વિષે અમુક ક્રિયા કેટલા કાળ થયાં થઈ છે એ કોણ કહી શકે? ભારેમાં ભારે શક્તિઓની ક્રિયા હમેશાં અદૃશ્ય હોય છે. લાંબા કાળ સુધી આપણને તેની અસર પણ નથી જણાતી છતાં તે ક્રિયાઓ ચાલ્યા કરે છે એમ આપણે અનુભવથી જાણીએ છીએ.

એક સર્વોપરી અદૃશ્ય શક્તિને વિષે જીવતી અચળ શ્રદ્ધા એનું નામ મારે મન ધર્મ. એ શક્તિએ આપણા પૂર્વજોને આંજી દીધા છે અને એ જ આપણને પણ આંજી દેશે. દૃશ્યજગતને ક્ષણિક સમજી તેનાથી નીડર અને અલિપ્ત રહેવાનું, અને સત્ય તેમ જ દયા વિષે અખંડિત શ્રદ્ધા રાખવાનું શીખવ્યું એ બુદ્ધદેવની હિંદુ ધર્મને અને જગતને અપ્રતિમ ભેટ.

એ વસ્તુ મેળવવાનો માર્ગ પણ તેણે આપણને બતાવ્યો. કેમ કે તેણે વિચાર અને આચારની પોતાના જીવનમાં સંધિ કરી બતાવી. ઉત્તમ પ્રચાર તે પુસ્તકપ્રચાર નથી પણ જે આચાર બીજાએ પાળવો જોઈએ એમ આપણે માનીએ છીએ તેનું સૂક્ષ્મપણે પાલન આપણે પોતે કરીએ. આ ઉત્તમમાં ઉત્તમ પ્રચાર છે.

[મૂળ અંગ્રેજી]

મુસદ્દાની છબી પરથી: એસ. એન. ૮૮૧૩; તથા સી. ડબલ્યુ. ૫૧૭૬
ભાષાંતર: નવજીવનનો વધારો ૨૨–૫–૧૯૨૪

Gandhi Heritage Portal

## ૪૪. મહાદેવ દેસાઈને પત્ર

[મે ૧૯, ૧૯૨૪][1]

તમે હાઇડ તરીકે કાગળ નથી લખ્યો પણ શેખચલ્લી તરીકે. જેકિલને પણ આકાશમાં માળ બાંધવાનો અધિકાર છે. તેમાંયે વળી તે આશ્રમના માળમાં રહે પછી તો પૂછવું જ શું? મારાથી વિખૂટા રહેવું છે એમ ધારવામાં જ દોષ રહ્યો છે. ગમે તેમ હો તમને મોટા પગારદાર કરી તમારી પાસેથી આશ્રમને સારુ પૈસા લઉં ને તમને સોંઘામાં વટાવું એવો પછમબુદ્ધિ વાણિયો હું ક્યાં છું? એટલા તો પૈસા તમે ભીખ માગીને લાવી દો એમ છો. મારે તો આશ્રમ ભીખ ઉપર કાં અંગમહેનત ઉપર ચલાવવું છે. બીજું તો ઘણું કહેવું છે પણ થોડે લખ્યે ઘણું કરી જાણજો. સંયમીનું શરીર નીરોગી રહેવું જ જોઈએ. શરીરબળ-કેળવણી ને આત્મબળ-કેળવણી વચ્ચે વિરોધ છે. આરોગ્ય ને આત્મબળ વચ્ચે સીધો સંબંધ છે.

બાપુના આશીર્વાદ

ચિ. મહાદેવ દેસાઈ
સત્યાગ્રહ આશ્રમ
સાબરમતી[2]

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી: એસ. એન. ૮૭૮૫

## ૪૫. બાકરગંજ જિલ્લા પરિષદને કરેલો તાર[3]

[મે ૨૦, ૧૯૨૪]

દિલગીર છું. ઘણા મોડા પડયા. તમારો તાર આજે જ મળ્યો.

ગાંધી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૮૮૧૬

૧. પોસ્ટની છાપમાં આ તારીખ છે.

૨. ડૉ. ચંપકલાલ ઘિયા, હરિપુરા, સુરત એ સરનામે પત્ર ફરી રવાના કરવામાં આવ્યો હતો.

૩. બાકરગંજ જિલ્લા પરિષદના મંત્રી તરફથી ૧૯૨૪ના મેની ૨૦મીએ મળેલા તારનો આ જવાબ હતો. એ તારમાં લખ્યું હતું: "બાકરગંજ જિલ્લા પરિષદ ફિરોજપુરમાં ૨૪મીએ છે. દેશબંધુ અને મૌલાના આઝાદની હાજરીની તેમની સંમતિથી ચોમેર જાહેરાત કરવામાં આવી છે. કૃપા કરીને બંનેને તરત જ મોકલો. તેઓ નહીં આવે તો સ્થિતિ કફોડી થશે."

આ તારને મથાળે ગાંધીજીએ લખ્યું હતું: "આ ક્યારે મળ્યો હતો તેની તપાસ કરો."

Gandhi Heritage Portal

# ૪૬. ઘનશ્યામદાસ બિરલાને પત્ર

વૈશાખ વદ ૨ [મે ૨૦, ૧૯૨૪][1]

ભાઈ ઘનશ્યામદાસજી,

તમારા પત્રો મળ્યા કરે છે. તમે જરૂર લખતા રહેજો. હું દરેક વખતે જવાબ ન લખી શકું તો સમજવું કે મને એટલી પણ ફુરસદ મળતી નથી.

ઉદ્ધતાઈ અને દૃઢતા ઘણે ભાગે સાથે રહેતાં હોય છે. જો આપણે સાત્ત્વિક વૃત્તિ વધારવાનો પ્રયત્ન કરતા રહીશું તો ઉદ્ધતાઈ ધીરે ધીરે ઘટતી જશે. ઉદ્ધતાઈને કાબૂમાં લેવાનો સહુથી સારો ઉપાય એ છે કે આપણે વિરોધનો હમેશાં જવાબ ન આપ્યા કરીએ.

શ્રી દાસ[2] આવી ગયા છે. એમની સાથે વાતો ચાલી રહી છે. અયોગ્ય આચરણ કર્યાનો તેઓ સદંતર ઇનકાર કરે છે.

હિંદુ સ્ત્રીઓ પર જે હુમલા થઈ રહ્યા છે તેને માટે હું આપણો પોતાનો જ દોષ જોઉં છું. હિંદુઓ એવા નામર્દ બની ગયા છે કે તેઓ આપણી બહેનોનું રક્ષણ પણ કરતા નથી. આ બાબતમાં હું ઘણું ઘણું લખવાનો છું. આનો કોઈ સરળ ઉપાય મારી પાસે નથી. તમારા સાંભળવામાં આવેલી ઘણી વાતોમાં અતિશયોક્તિ હોવાનો સંભવ છે. પરંતુ અતિશયોક્તિ કાઢી નાખ્યા પછી જે વાત બાકી રહે છે તે આપણને શરમાવવા માટે પૂરતી છે.

તમને यंग इन्डिया અને हिन्दी नवजीवन મોકલવાનું મૅનેજરને મેં કહી દીધું છે. આશા છે કે હવે તમને તે મળી ગયાં હશે.

ગયે અઠવાડિયે લખેલો મારો એક પત્ર તમને મળી ગયો હશે.

તમારો

**મોહનદાસ ગાંધી**

તમારા ભાઈ માફી માગી લે તોપણ તમે મક્કમ રહી શકો તો માફી ન માગવી એ જ ઉત્તમ છે. કોઈ માફી માગે તેનો તિરસ્કાર પણ આપણે ન કરીએ. મનુષ્યમાત્ર નીતિનું પાલન પોતાની શક્તિ પ્રમાણે જ કરી શકે છે.

**મોહનદાસ**

[મૂળ હિંદી]

મૂળ પત્ર પરથી : સી. ડબલ્યુ. ૬૦૦૭; શ્રી ઘનશ્યામદાસ બિરલાના સૌજન્યથી

૧. માફીના ઉલ્લેખ પરથી આ પત્ર ઘનશ્યામદાસને મેની ૧૩મીએ લખાયેલા અગાઉના પત્ર પછી લખાયેલો લાગે છે. ૧૯૨૪માં વૈશાખ વદ ૨, મેની ૨૦મીએ હતી.

૨. ચિત્તરંજન દાસ (૧૮૭૦–૧૯૨૫); પ્રસિદ્ધ ધારાશાસ્ત્રી, કૉંગ્રેસી આગેવાન, વક્તા અને લેખક; ૧૯૨૨માં ગયાની હિંદી રાષ્ટ્રીય મહાસભાના પ્રમુખ; સ્વરાજ પક્ષના અગ્રણી.



Gandhi Heritage Portal

## ૪૭. દેવચંદ પારેખને પત્ર

વૈશાખ વદ ૨ [મે ૨૦, ૧૯૨૪][૧]

ભાઈશ્રી ૫ દેવચંદભાઈ,

તમારો કાગળ મળ્યો છે. જો કોઈ પરિષદ[૨] વેળા આવી શકશે તો જરૂર તમારે ત્યાં ઊતરશે. હજુ તો બહુ વખત છે ના!

મોહનદાસના
વંદે માતરમ્

[મૂળ ગુજરાતી]

મૂળ પત્ર પરથી: સી. ડબલ્યુ. ૬૦૦૮; શ્રી નારણદાસ ગાંધીના સૌજન્યથી

## ૪૮. મણિબહેન પટેલ અને દુર્ગા દેસાઈને પત્ર

જૂહુ,
[મે ૨૦, ૧૯૨૪][૩]

ચિ. મણિ,

તમારો કાગળ ને પત્તું મળ્યાં. "ત્યાગમૂર્તિ"[૪] બાબત કાગળ વાંચીને મને તો ઘણો જ હર્ષ થયો. એ નિર્મળતા અને સંયમવૃત્તિ સંઘરવા યોગ્ય છે. એની ચર્ચા તો આપણે મળીશું ત્યારે કરીશું. હવે તો જે તાવ છે તેને પણ કાઢી મૂકી હોશિયાર થઈ જાઓ એટલે ઈશ્વરનો પાડ. વસુમતીબહેન દેવલાલી જશે, એટલે ત્યાં નહીં આવે. ત્યાંથી તુરત જવાનો વિચાર ન જ કરવો.

બાપુના આશીર્વાદ

ચિ. દુર્ગા,

તમે તો મને કાગળ નહીં જ લખ્યો? ત્યાં કેમ રહે છે?

બાપુ

[મૂળ ગુજરાતી]

बापुना पत्रो – मणिबहेन पटेलने

૧. ટપાલની છાપમાં આ તારીખ છે.
૨. ઘણું કરીને ૧૯૨૫ના જાન્યુઆરીમાં મળનારી કાઠિયાવાડ રાજકીય પરિષદની આ વાત છે.
૩. મૂળમાં છે તે મુજબ.
૪. જુઓ પુસ્તક ૨૩, પા. ૫૦૧-૪.

Gandhi Heritage Portal

## ૪૯. ઍડા વેસ્ટને પત્ર

મે ૨૦, ૧૯૨૪

પ્રિય બહેન દેવી,[1]

તમારો આનંદદાયક પત્ર હમણાં જ મળ્યો. મારામાં ધીરે ધીરે શક્તિ આવતી જાય છે. હું દરિયાકિનારે આવેલા એક સ્થળે છું. આવતે અઠવાડિયે આશ્રમ જવા ધારું છું. તમે ત્યાં કેટલો વખત રહેવાનાં છો? તમારી તબિયત કેમ રહે છે? મારે વધારે ન લખવું જોઈએ પણ રામદાસને કહું છું કે એ તમને બધા સમાચાર લખે.

તમને સૌને મારા સ્નેહ.

તમારો ભાઈ
**મો. ક. ગાંધી**

મિસ ઍડા વેસ્ટ
૨૩, જૉર્જ સ્ટ્રીટ
સાઉથ લિંકનશાયર

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : જી. એન. ૭૬૧૮; તથા સી. ડબલ્યુ. ૪૪૩૩; એ. એચ. વેસ્ટના સૌજન્યથી

## ૫૦. વાઇકોમ પ્રતિનિધિમંડળ[2] સાથે મુલાકાત

[મે ૨૦, ૧૯૨૪]

પ્ર.: મહાત્માજી, આપે કહ્યું છે કે મિત્રો સિવાય બીજા કોઈની સામે સત્યાગ્રહીથી એક શસ્ત્ર તરીકે ઉપવાસનો આશરો લઈ શકાય નહીં. ત્રાવણકોરની સરકાર કાં તો મિત્ર છે, અથવા પોતાની પ્રજાની ઇચ્છાઓનો વિરોધ કરતી હોવાથી શત્રુ છે. જો એ મિત્ર હોય તો, આ બાબતની પોતાની લાગણીની તીવ્રતા દર્શાવવા માટે સત્યાગ્રહીઓએ સહન કરેલી યાતનાઓ આખરે સરકારનું હૃદય જરૂર પિગળાવશે અને છેવટે તેને સત્યાગ્રહીઓની માગણીઓ કબૂલ કરવા જરૂર પ્રેરશે. પોતે પાકા રૂઢિચુસ્ત હોવા છતાં ત્રાવણકોરના મહારાજા એક દયાળુ રાજકર્તા છે. તેઓ પોતાની પ્રજાને ચાહે છે એટલે સત્યાગ્રહીઓએ વેઠેલી યાતનાઓને સ્વસ્થ ચિત્તે જોઈ રહેશે નહીં. પ્રજા માટે લાગણી ન હોય એવા એ જુલમગાર નથી. આ સંજોગોમાં મહારાજાનું હૃદય પિગળાવવા અને પોતાની યાતનાઓ દ્વારા તેમને જીતી લેવા સત્યાગ્રહીઓ ઉપવાસ ઉપર શા માટે ઊતરી ન શકે?

ઉ.: સત્યાગ્રહમાં નિરપેક્ષ પ્રેમ અને અહિંસાની અપેક્ષા રહે છે. એક શસ્ત્ર તરીકે ઉપવાસને કોઈ સ્નેહી, કોઈ મિત્ર, કોઈ અનુયાયી કે કોઈ સહકાર્યકર્તા સામે જ વાપરી શકાય. આવી વ્યક્તિ તમારા પ્રત્યેના સ્નેહને કારણે તથા તમને કષ્ટ ઉઠાવતા નજરે જોઈને પોતાની ભૂલ

૧. દક્ષિણ આફ્રિકાના ગાંધીજીના એક સાથી એ. એચ. વેસ્ટનાં બહેન. એમણે "દેવી" એવું હિંદી નામ ધારણ કર્યું હતું.

૨. આ પ્રતિનિધિમંડળ કે. માધવન નાયર અને કુરુર નીલકંઠન નામ્બુદ્રિપાદનું બનેલું હતું.

Gandhi Heritage Portal

સમજી જાય છે અને તે સુધારી લે છે. તે એક એવા દૂષણથી છુટકારો મેળવે છે જેને પોતે દૂષણ સમજે છે અને દૂષણ હોવાનું સ્વીકારે છે. એને તમે અનિષ્ટ માર્ગેથી પાછો વાળીને સન્માર્ગે લઈ જાઓ છો. દારૂની લતે ચડેલા પિતાનું વ્યસન છોડાવવા કોઈ પુત્ર પિતા સામે ઉપવાસ કરી શકે છે. એ વ્યસન એક બૂરી ચીજ છે એ તો પેલો પિતા જાણતો હોય છે, પણ પુત્રને કષ્ટ વેઠતો જોઈને એ બૂરાઈની ભયંકરતાનું એને ભાન થાય છે અને તે પોતાની જાતને સુધારી લે છે. મુંબઈમાં મારા જે અનુયાયીઓ અને સહકાર્યકરોએ હિંસાનો આશરો લીધો હતો તેઓ જાણતા હતા કે હિંસા એ અસહકારના સિદ્ધાંતની વિરુદ્ધ છે. ભૂલ એટલી જ થઈ હતી કે તેઓ મૂળભૂત સિદ્ધાંત છોડી આડે માર્ગે ઊતરી ગયા હતા. મારા ઉપવાસે એમની ભૂલનું એમને ભાન કરાવ્યું અને એ ભૂલ એમણે સુધારી લીધી.

પરંતુ મિત્રને નમાવવાનો સંભવ તેનાં બૂરાં કર્મોની બૂરાઈનું વાસ્તવિક ભાન થવાને કારણે નહીં પણ બીજાં જ કારણોને લઈને હોય તો તમે મિત્ર સામે પણ ઉપવાસ ન કરી શકો. દાખલા તરીકે, એક અંત્યજને મારા ઘરમાં રાખવાની વાત મેં જ્યારે કરી ત્યારે મારી પત્નીએ એનો વિરોધ કર્યો.[૧] તે વખતે જો મેં એની સામે ઉપવાસ કર્યા હોત તો એને નમવું પડત. પરંતુ એમાં એક મનુષ્યને અસ્પૃશ્ય ગણવામાં પોતે ખોટું કરી રહી છે એવું ભાન નહીં, પણ ઉપવાસને પરિણામે મારું મૃત્યુ થાય અને પોતે પોતાના પતિને ખોઈ બેસે એ ભય એની માન્યતા પડતી મુકાવવામાં કામ કરી ગયો હોત. આ કિસ્સામાં હું સફળ થયો તો તે એને મારા વિચારની બનાવીને નહીં પણ એના પર જુલમ કરીને અને એનું દિલ દૂભવીને. એ જ રીતે ત્રાવણકોરના મહારાજા સંભવ છે કે એક દયાળુ આદમી હોય, અને એક સત્યાગ્રહીને મરણને શરણ થતો તેઓ સ્વસ્થ ચિત્તે જોઈ ન રહી શકે. તમારા ઉપવાસ કદાચ એમને તાબે થવા ફરજ પાડે, અને નમાવે. પણ એનું કારણ એ નહીં હોય કે એમને પોતાની ભૂલ સમજાઈ હશે અને અસ્પૃશ્યતા પાપ છે એમ તેઓ માનતા થયા હશે. એમના તાબે થવાનું કારણ એ હશે કે એક માણસ (એમની દૃષ્ટિએ) નાદાનીથી મરવાની હઠ લઈને બેઠો છે અને એને મરતો એમનાથી જોઈ શકાતો નથી. આ તો ખરાબમાં ખરાબ પ્રકારની જબરજસ્તી કહેવાય અને તે સત્યાગ્રહના મૂળભૂત સિદ્ધાંતોની વિરુદ્ધમાં જાય છે.

પ્ર.: ધારો કે મહારાજા મિત્ર નથી પણ શત્રુ છે અને જુલમગાર છે, તો પછી સત્યાગ્રહીઓની યાતનાઓ દ્વારા એમને જીતી લેવા અશક્ય છે. આવા કિસ્સામાં પ્રબળ લોકમત ઊભો કરીને તથા રાજ્યને ભૂંડું દેખાડીને સરકારને નમાવીએ તે વાજબી ન ગણાય? આનો અર્થ દબાણ લાવવા બરાબર જ થયો. ખેડાનો[૨] દાખલો આપીએ તો જે સરકાર પ્રજાની વિરુદ્ધ હતી તેને પ્રેમથી નહીં પણ દબાણથી જીતવામાં આવી હતી. આવું દબાણ કામિયાબ નીવડે તે માટે એક અવિરત લડતની જરૂર રહે છે. પરંતુ ઘણાં સાધનોવાળી સંગઠિત સરકાર સામે એક કમજોર પ્રજા બહારની મદદ વિના આવી અવિરત લડત લડવાની આશા રાખી શકે નહીં. જો આવું દબાણ પણ સત્યાગ્રહમાં બાકાત રખાતું હોય તો વાઈકોમની લડતને આપ બીજું ગમે તે નામ ભલે આપો. એને પૅસિવ રિઝિસ્ટન્સ કહો, સવિનયભંગ કહો અથવા હક્કો માટેનો અહિંસક દાબ કહો. આવા કિસ્સામાં બહારની મદદ સ્વીકારવામાં શો વાંધો છે? અમને ઉપવાસનો આશરો લેતાં કે બહારની મદદ સ્વીકારતાં અટકાવીને મિત્ર અને શત્રુ બંને સામેની લડતમાં અમે જે શસ્ત્ર વાપરી શકીએ તેમ છીએ તેનાથી આપ અમને વંચિત નથી કરતા?

૧. જુઓ આત્મકથા ભાગ ૪, પ્રકરણ ૧૦.

૨. અહીં ખેડા સત્યાગ્રહનો ઉલ્લેખ છે; જુઓ પુસ્તક ૧૪.

Gandhi Heritage Portal

ઉ. : ખેડા કે બોરસદમાં સરકારને નમાવનારું દબાણ લોકમતનું હતું એ વાત મને મંજૂર નથી. એ ઉપરાંત સરકાર ઉપર કોઈ બહારનું દબાણ લાવવામાં આવ્યું નહોતું. ઘણા લોકોએ મને પૈસા આપવાની વાત કરી હતી, તેમ છતાં (ખેડાના દાખલામાં) બહારની કંઈ પણ મદદ લેવાની મેં ના પાડી હતી. ગમે તેટલી યાતનાઓ સહન કરવાની લોકોની તૈયારીમાં લોકલાગણીની જે તીવ્રતા દેખાઈ આવી, એણે સરકારની આંખો ઉઘાડી અને તે નમી ગઈ. ખેડાના લોકોની માગણીઓ પાછળની દૃઢ નિષ્ઠાને કારણે જ એ માગણીઓ એને મંજૂર રાખવી પડી હતી. તમારું બલિદાન શુદ્ધ અને તાકાતવાન હોય તો જ આવી દૃઢ નિષ્ઠા સંભવી શકે. બહારની મદદ તમારા બલિદાનની તાકાતને નબળી પાડે છે. વિરોધીને તમારામાં બલિદાનની ભાવના દેખાતી નથી એટલે એના હૃદય પર કશી અસર થતી નથી અને પરિણામે એની આંખો ઊઘડતી નથી. તમારા વિરોધીને, બહારથી આવેલી મદદમાંથી નાણાં અને ખોરાક મેળવતા સ્વયં-સેવકો, પોતાના સિદ્ધાંતો ખાતર પોતાનું સર્વસ્વ હોમવા તૈયાર થયેલા સત્યાગ્રહી લાગવાને બદલે ભાડૂતી સૈનિકો જેવા વધારે લાગે છે. આવી લડત ભૌતિક શક્તિની કસોટી છે, આધ્યાત્મિક શક્તિની નહીં. એ સાચો સત્યાગ્રહ નથી. લગભગ આ જ સવાલ ચિરાળા-પેરાળામાં ઉઠાવવામાં આવ્યો હતો. શ્રી ગોપાલકૃષ્ણૈયાને મેં બહારની મદદ વિના જ લડત ચાલુ રાખવાની આગ્રહ-પૂર્વક સલાહ આપી હતી અને સફળતા મળતાં સુધી લડત ચાલુ રાખવામાં આવી હતી. બહારની મદદ લઈને તમારા હક્કો માટે તમે અહિંસક આગ્રહ રાખો એ પૅસિવ રિઝિસ્ટન્સ હોઈ શકે, સત્યાગ્રહ નહીં.

પૅસિવ રિઝિસ્ટન્સ અને સત્યાગ્રહ વચ્ચે જમીનઆસમાનનું અંતર છે. પૅસિવ રિઝિસ્ટર પોતાના વિરોધી પ્રત્યે પ્રેમ રાખતો નથી, રાખવાની એને જરૂર પણ નથી, જ્યારે સત્યાગ્રહીની એ રાખવાની ફરજ છે. પૅસિવ રિઝિસ્ટન્સ એ નબળા લોકોએ અપનાવેલું નબળું હથિયાર છે, જ્યારે સત્યાગ્રહ એ નબળા લોકોએ અપનાવેલું મજબૂત હથિયાર છે. કેરળના કચડાયેલા વર્ગો પૅસિવ રિઝિસ્ટન્સનો આશ્રય લઈ શકે, પરંતુ હું તો કોઈને પણ એનો આશરો લેવાની સલાહ આપતો નથી, તેમ કોઈ કૉંગ્રેસી કાર્યકર્તા એનો આશરો લે એમ હું ઇચ્છતો પણ નથી. બહારની કશી મદદ વિના અન્યાય સહન કરનાર વ્યક્તિ અથવા વ્યક્તિઓ જે સત્યાગ્રહ આદરે એ જ આદર્શ સત્યાગ્રહ કહેવાય. વાઈકોમના મામલામાં વાઈકોમના અવર્ણ હિંદુઓ અને તેમના પ્રત્યે સહાનુભૂતિ ધરાવનારા એકલા સવર્ણ હિંદુઓ જે સત્યાગ્રહ કરે તે જ આદર્શ સત્યાગ્રહ છે. જો એ અશક્ય હોય તો તેઓ આદર્શથી થોડા નીચા ઊતરીને જે પ્રદેશના લોકો પરિસ્થિતિ સમજી શકે અને તેમના પ્રત્યે હમદર્દી દાખવી શકે તેમની મદદ લઈ શકે.

પ્ર. : અસ્પૃશ્યતાની અને દૂર રાખવાની પ્રથા નાબૂદ કરવી એ શું અખિલ હિંદ પ્રશ્ન નથી? અને આ બે દૂષણો સામેના યુદ્ધમાં વાઈકોમની લડત પ્રથમ મોરચાબંધી લડત હોવાથી ત્યાં આપણે હારી જઈશું તો તે આખી ચળવળને માટે ઘાતક નહીં નીવડે, અને જો આનો જવાબ હામાં હોય તો આ લડતમાં મદદ કરવાની તમામ હિંદીઓની ફરજ નથી? વાઈકોમ સંબંધમાં લાગુ પાડવામાં આવેલા “સ્થાનિક” શબ્દનો શો અર્થ થાય છે? જો બહારની મદદ દબાણ અને ધાકધમકી ગણાતી હોય અને જો એ સત્યાગ્રહના સિદ્ધાંતોથી વિરુદ્ધ હોય તો વાઈકોમના અવર્ણ હિંદુઓ વાઈકોમની બહાર આવેલા કોઈ પણ સ્થળેથી પૈસા કે સ્વયં-સેવકોના રૂપમાં મદદ માગી શકે? વાઈકોમ બહારના રહેવાસી ખુદ ત્રાવણકોર રાજ્યના લોકો આ લડતમાં ભાગ લઈ શકે કે? જો તેઓ ત્રાવણકોરના લોકો પાસેથી અને મદ્રાસ ઇલાકાના

Gandhi Heritage Portal

લોકો પાસેથી સુધ્ધાં આવી મદદ માગી શકતા હોય અને લઈ શકતા હોય, તો પછી આખા હિંદુસ્તાનના હિંદુઓ પાસેથી તેઓ મદદ શા માટે ન સ્વીકારી શકે? હિંદુ સભા અને એવી બીજી સંસ્થાઓ પાસેથી મદદ લેવાની સત્યાગ્રહીઓએ શા માટે ના પાડવી જોઈએ?

ઉ. : આ પ્રશ્નના થોડા ભાગનો જવાબ આ પહેલાં આપેલા જવાબમાં આવી ગયો છે. દેશના દરેક ભાગમાં આવેલો એકેએક કૂવો, તળાવ, રસ્તાઓ વગેરેના વપરાશ સામેની બંધી એ હિંદુઓને સ્પર્શતા એક સર્વસામાન્ય દૂષણનું પરિણામ છે, એ અર્થમાં વાઈકોમની લડત પણ એક અખિલ હિંદ પ્રશ્ન છે એમ કહી શકાય, પરંતુ સ્થાનિક સંજોગોમાંથી ઊભી થયેલી આવી દરેક બાબત સ્થાનિક રીતે જ લડી લેવી જોઈએ. અને આખું હિંદુસ્તાન અગર મધ્યસ્થ સંસ્થા આવા પ્રશ્નો લડી લે એ ઈચ્છવાજોગ નથી, તેમ વ્યવહારુ પણ નથી. એથી તો અવ્યવસ્થા અને ગૂંચવણ જ પેદા થાય. એની અસરનો વધારે સારો ખ્યાલ તો આવી ઘણી લડતો એકી સાથે ચાલે ત્યારે જ આવી શકે. મધ્યસ્થ સંસ્થા જો પોતાની શક્તિઓ આ રીતે વેડફી નાખે તો તે ઘણી નબળી બની જાય. બહારની મદદ વિના આવા પ્રશ્નો હલ કરવા માટેની જરૂરી શક્તિ સ્થાનિક ક્ષેત્રો ખીલવશે નહીં. દરેક સ્થાનિક ક્ષેત્ર જો સ્વાવલંબી અને આત્મનિર્ભર બની જાય તો આખા હિંદુસ્તાનમાં તાકાત આવે અને આપણે માટે નિર્માણ થયેલી મહાન લડત એ ઉપાડી શકે. વાઈકોમના પ્રશ્નો ઊકલશે એટલે આખા હિંદુસ્તાન માટેનો અસ્પૃશ્યતાનો પ્રશ્ન ઊકલી નહીં જાય. એને મળનારા વિજયનો લાભ હિંદુસ્તાન ભલે ઉઠાવે, પણ એના પરાજય માટે હિંદુસ્તાન જવાબદાર ગણાશે નહીં.

પ્ર. : વાઈકોમની લડતમાં બિન-હિંદુઓએ ભાગ ન લેવો જોઈએ એવું આપનું ફરમાન અમને સમજાતું નથી. ખિલાફત કેવળ ધાર્મિક પ્રશ્ન હતો, છતાં તેમાં મુસલમાનોને મદદ કરવા આપે હિંદુઓને હાકલ કરી હતી. હિંદુસ્તાનનું રાષ્ટ્ર હિંદુઓ અને મુસલમાનોનું બનેલું હોવાથી, મુસલમાનોને મદદ કરીને સ્વરાજ વહેલું હાંસલ કરવામાં અનુકૂળતા કરવાની હિંદુ-ઓની ફરજ સમજાવવામાં આવી હતી. હિંદુઓને એક રાષ્ટ્રના રૂપમાં સંગઠિત કરવા અસ્પૃશ્યતાનિવારણ જરૂરી છે. તો પછી આ દૂષણ દૂર કરવાની હિંદુ, બિન-હિંદુ દરેક હિંદીની ફરજ નથી?

ઉ. : ખિલાફતના મામલામાં ઝઘડો આખી મુસલમાન કોમ અને એક બિન-મુસ્લિમ સત્તા વચ્ચે હતો. એને બદલે એ ઝઘડો આખી મુસ્લિમ કોમના બે વિભાગો વચ્ચે હોત તો એમાં ભાગ લેવાનું મેં હિંદુઓને ન કહ્યું હોત. પોતાનામાં ઘર કરી બેઠેલા દૂષણમાંથી હિંદુ સમાજને મુક્ત કરવો એ હિંદુઓની ફરજ છે. એટલે પોતે સમાજસુધારાનું જે કાર્ય લઈ બેઠા છે તેમાં બહારના લોકોની સહાય તેઓ માગી શકે નહીં અને એમણે માગવી જોઈએ પણ નહીં. આવી સહાય તમારી નીતિને શિથિલ બનાવે છે અને જે રૂઢિચુસ્તોને તમારે પ્રેમથી તમારા મતના બનાવી વશ કરવાના છે તેમને વિનાકારણ ઉશ્કેરે છે. આ રીતે બિન-હિંદુઓ આમાં માથું મારે તો પેલા રૂઢિચુસ્તોને વાજબી રીતે જ અપમાન લાગશે એમાં શંકા નથી.

પ્ર. : વાઈકોમની લડતનો ઉદ્દેશ એક નાગરિક અધિકાર એટલે કે જાહેર રસ્તાઓ ઉપર ચાલવાનો અધિકાર સ્થાપિત કરવાનો છે એ હકીકત જોતાં, પોતે કયા ધર્મનો છે એની પરવા રાખ્યા વિના દરેક શહેરીની આ લડતમાં સહાય કરવાની ફરજ નથી?

ઉ. : એક દેશી રાજ્યના આંતરિક વહીવટમાં માથું મારવાનો કૉંગ્રેસ કમિટીને કશો અધિકાર નથી. હિંદુ સમાજમાં ઘર કરી બેઠેલી અસ્પૃશ્યતાને નાબૂદ કરવાની કૉંગ્રેસે હિંદુઓને હાકલ કરેલી

Gandhi Heritage Portal

હોવાથી જ કેરળની કૉંગ્રેસ કમિટીએ આ ઝુંબેશ ઉપાડી છે. વાઈકોમની લડતનો મુખ્ય મુદ્દો એ છે કે અમુક વર્ગના લોકો અમુક રસ્તાનો ઉપયોગ કરી શકતા નથી, કેમ કે તેઓ દૂર રાખવા લાયક ગણાય છે. આ પ્રશ્ન કેવળ હિંદુઓને લાગુ પડે છે, અને તેથી બિન-હિંદુઓને આ લડતમાં કશું સ્થાન નથી.

પ્ર. : અકાલીઓએ મફત રસોડું ખોલ્યું છે તેની સામે, મહાત્માજી, આપનો આટલો સખત વિરોધ શા માટે છે? ગમે તે કોમ કે પક્ષના તમામ વર્ગના લોકોને જમાડવાને અકાલીઓ તૈયાર છે અને ખરેખર જમાડે છે પણ ખરા. તેઓ લડતમાં કોઈનો પક્ષ લેતા નથી.

ઉ. : કોઈ પણ સ્વમાની માણસ આવા રસોડામાં જમે નહીં. તમે કંઈ ભોજનને અભાવે ભૂખે મરતા નથી, અને તમારા નિર્વાહ માટે તમારે દાન પર આધાર રાખવો પડે એવી તમારી હાલત થઈ નથી. બહારની મદદ સામે કરવામાં આવેલી દલીલો વાઇકોમના આ મફત રસોડાને પણ એટલે જ અંશે લાગુ પડે છે.

પ્ર.: હવે પછી લડત કેવી રીતે ચલાવવી એ બાબતમાં, મહાત્માજી, આપ અમને શી સલાહ આપવા માગો છો?

ઉ.: અત્યારે ચલાવો છો એ જ રીતે તમે લડત ચાલુ રાખો. સત્યાગ્રહ કરનારા સ્વયં-સેવકોની સંખ્યા તમે વધારી શકો. તમારામાં પૂરતી તાકાત હોય તો જ્યાં દલિત વર્ગો આવી જ ગેરલાયકાત વેઠતા હોય તેવાં અન્ય સ્થાનો પસંદ કરીને ત્યાં સત્યાગ્રહ શરૂ કરી શકો. પરંતુ આ બાબતની સવર્ણ હિંદુઓની લાગણીઓનું પ્રદર્શન કરવા માટે વાઇકોમથી ત્રાવણકોર સુધીનું અને ત્યાંથી પાછા વાઇકોમ સુધીનું એક તદ્દન શાંત અને અહિંસક સરઘસ તમે ગોઠવી શકો તો સારું. આ સરઘસ કેવળ સવર્ણ હિંદુઓનું હોવું જોઈએ. તે મહારાજાને મળે અને અવર્ણ હિંદુઓની ગેરલાયકાત દૂર કરવાની આવશ્યકતાની રજૂઆત કરે. આ સરઘસમાં ભાગ લેનારા સવર્ણ હિંદુઓએ પગે ચાલીને કરવાની ધીમી કૂચમાં વેઠવી પડતી અગવડો સહન કરવા તૈયાર રહેવું જોઈએ. તેમણે ગામડાં અને શહેરોથી દૂર પડાવ નાખવો જોઈએ અને ભોજનની વ્યવસ્થા જાતે કરી લેવી જોઈએ. આવું સરઘસ ત્યારે જ કાઢી શકાય જ્યારે એનો પ્રબંધ કરનારને વાતાવરણ અહિંસક રહેશે એવી પૂરેપૂરી ખાતરી થઈ હોય. આ સરઘસની કૂચ ચાલતી હોય તે દરમિયાન વાઇકોમમાં સત્યાગ્રહ બંધ રાખવામાં આવે. હાલમાં મારે આટલી જ સૂચના કરવાની છે.

મહાત્માજી સાથે અમારે થયેલી ચર્ચાઓનો આ તો માત્ર ટૂંકો સાર છે. એમની પાસે અમે પૂછેલા એકેએક પ્રશ્નનો ખાતરીલાયક ઉત્તર તૈયાર હતો. ઉપરનો સાર મહાત્માજીએ છાપાં-જોગ કરેલા નિવેદનની પુરવણીરૂપ ગણી શકાય. કેરળ કૉંગ્રેસ કમિટીએ લડત ચાલુ રાખવી જોઈએ એ બાબતમાં તેઓ બહુ મક્કમ છે. સત્યાગ્રહની લડત બાબતમાં જોકે સિદ્ધાંતથી જ તેઓ બહારની મદદ લેવાની તરફેણમાં નથી, છતાં અસ્પૃશ્યતા(નિવારણ)ની આ લડત સંબંધમાં ચોતરફ પ્રચાર કરવાના હેતુથી મદ્રાસ ઈલાકાની બહારથી પણ મદદ માગવાનો કેરળને હક છે એમ તેઓ સ્પષ્ટ રીતે માને છે. આ ઉપરાંત મહાત્માજીએ એવો અભિપ્રાય પણ દર્શાવ્યો છે કે કાર્યકર્તાઓની સંખ્યા મર્યાદિત હોવાથી અને કમિટીનાં સાધનો બને એટલાં જાળવી રાખ-વાની જરૂર હોવાથી હવે ૧૪૪મી કલમ હેઠળ થતા હુકમોનો ભંગ કરવાની જરૂર નથી.

[મૂળ અંગ્રેજી]

हिन्दु, २६–५–१९२४

Gandhi Heritage Portal

## ૫૧. સી. એફ. ઍન્ડ્રૂઝને પત્ર

મળસકે, બુધવાર, મે ૨૧, ૧૯૨૪

મારા દિલોજાન ચાર્લી,[1]

તમે એમ શાથી કહો છો કે ભીલ છોકરાઓએ ખાદીની ટોપીઓ અને ખમીસો ન પહેરવાં જોઈએ? તો પછી એમણે શું પહેરવું? તમારી સરખામણી ખોટી નથી? કલેક્ટર જેવો પોશાક પહેરનાર અને તેની સાથે બેસનાર મિશનરી પોતે બૂરી સત્તા સાથે સમાનતા બતાવે છે. જો ખાદીની ટોપી પવિત્રતાની નિશાની લેખાતી હોય તો બધા તે શા માટે ન પહેરે? એક પવિત્ર લેખાતી ચીજ સાથેની આવી એકરૂપતા જરૂર કલ્યાણકારી ગણાય. પણ હું તો ઇચ્છું કે ભૂંડા તેમ જ ભલા સૌ કોઈ ખાદી પહેરે, કેમ કે કપડાં તો સૌએ પહેરવાનાં જ છે. આ કારણે ખાદીને ભલી કે બૂરી કોઈ પણ ચીજ સાથે સંબંધ છે એવી માન્યતા અટકાવવાનો મારો પ્રયાસ છે. એ કેવા આકારમાં પહેરાય છે તે મહત્ત્વનું નથી.

તમારા પત્રોના જવાબમાં તમે એક લીટી સરખીની પણ અપેક્ષા રાખતા નથી. પણ તમે એવું કશુંક પૂછી બેસો કે જેમાં કાંઈક કરવાની જરૂર હોય ત્યારે મારે શું કરવું?

અત્યંત પ્રેમસહિત,

મોહન

૬, દ્વારકાનાથ ટાગોર લેન

[મૂળ અંગ્રેજી]

મૂળ પત્રની છબી પરથી : જી. એન. ૨૬૧૧

## ૫૨. મારા જેલના અનુભવ – ૬

### ઉપવાસની શાસ્ત્રચર્ચા

ગયા પ્રકરણના બનાવો બન્યા તે વખતે મારી ઓરડી ૧૧ કોટડીઓવાળા એક ત્રિકોણાકાર વાડામાં હતી. આ કોટડીઓ જોકે "અંધારી" વિભાગમાં જ ગણાતી તોપણ બીજી "અંધારી"ઓ અને આની વચ્ચે એક મોટી ઊંચી દીવાલ આવેલી હતી. બીજી "અંધારી"ઓ તરફ જવાના રસ્તા તરફ અમારા વાડાનું ફાટક હતું. આથી આ રસ્તે થઈને જતાઆવતા કેદીઓને હું જોઈ શકતો. ખરું જોતાં આ રસ્તા ઉપર આખો દિવસ કેદીઓની આવજા ચાલુ રહેતી, આથી કેદીઓ જોડે સંદેશાનો વહેવાર ચલાવવો એ સહેલું કામ હતું. ફટકાના બનાવ પછી થોડા વખતમાં અમારી યુરોપિયન વૉર્ડમાં બદલી કરવામાં આવી. અહીંની ઓરડીઓ "અંધારી"વાળી ઓરડીઓ કરતાં મોટી અને વધુ હવાઅજવાળાવાળી હતી. આંગણામાં એક સુંદર બગીચો હતો. પણ અમે અંધારીમાં હતા તે વખતે આખો દિવસ અમારા ફાટક આગળ અમને કેદીઓ જોવા મળતા તે બધો વહેવાર સદંતર બંધ થઈ ગયો અને અમે છેક એકલા પડી

૧. ચાર્લ્સ ફ્રિયર ઍન્ડ્રૂઝ (૧૮૭૧–૧૯૪૦); અંગ્રેજ મિશનરી, લેખક, કેળવણીકાર અને ગાંધીજીના નિકટના સાથી.

Gandhi Heritage Portal

ગયા. આથી અમને સૂનું સૂનું લાગવા માંડ્યું. મેં પોતે તો આ વાતનું કશું દુ:ખ ન માન્યું. ઊલટું વધુ એકાંત મળ્યાથી અભ્યાસ અને મનન માટે મને વધુ વખત મળવા લાગ્યો. અને "બિનતારી સંદેશા"નું સાધન તો કાયમ જ હતું. કારણ જ્યાં સુધી કોઈ ને કોઈ કેદી કે અમલદારને અમને મળવું પડતું હોય ત્યાં સુધી આવા સંદેશા કોઈ રીતે અટકાવી શકાય તેમ નહોતું. તેવી અટકાયતના ગમે તેટલા પ્રયત્નો કરવામાં આવે તોપણ એવા કેદી કે અમલદારો-માંનો કોઈ અનાયાસે કંઈક ને કંઈક બોલી જ જાય જે ઉપરથી અમને જેલના બનાવોની સહેજે જાણ થઈ જાય. આમ એક દિવસ સવારમાં અમે સાંભળ્યું કે કેટલાક મૂળશી પેટાના કેદીઓને ઓછું કામ કર્યાના ગુનાસર ફટકા મારવામાં આવ્યા. તેમ જ આ સજાની સામે વાંધો દર્શાવવા ખાતર બીજા ઘણા મૂળશી પેટાના કેદીઓએ ઉપવાસ શરૂ કર્યા હતા. આમાંના બે જણને તો હું બરાબર ઓળખતો હતો: એક દેવ અને બીજા દાસ્તાને. ભાઈ દેવે મારી સાથે ચંપારણમાં કામ કર્યું હતું અને ત્યાંના કામ કરનારાઓમાં પોતે એક ઘણા જ નિષ્ઠાવાન, સમજુ અને પ્રામાણિક કાર્યકર્તા તરીકે પંકાયા હતા. ભુસાવળવાળા ભાઈ દાસ્તાનેને તો સૌ કોઈ જાણે છે. ફટકા ખાનારાઓમાં તથા ખોરાક નહીં લેનારાઓમાં ભાઈ દેવ પણ એક હતા એ જાણીને મને કેટલું દુ:ખ થયું હશે એનો ખ્યાલ વાચક સહેજે કરી શકશે. આ વખતે મારા સાથીઓમાં ભાઈ ઇન્દુલાલ[1] તથા ભાઈ મનઝરઅલી સોખ્તા હતા. તેઓ પણ આ સાંભળીને સમસમી રહ્યા. પછી સૌ પહેલો તો સહાનુભૂતિને ખાતર પોતે પણ ઉપવાસ શરૂ કરવાનો તેમણે વિચાર કર્યો, પણ અમે આવા પગલાના વાજબીપણા વિષે ચર્ચા કરીને અંતે એવા નિર્ણય ઉપર આવ્યા કે એવા પ્રકારનો ઉપવાસ આદરવાનું પગલું અઘટિત હતું. અમે જોયું કે ફટકાની સજાને સારુ અગર તો રાજદ્વારીઓએ શરૂ કરેલા ઉપવાસને સારુ નૈતિક દૃષ્ટિએ અગર તો બીજી કોઈ પણ દૃષ્ટિએ અમે જોખમદાર ન હતા. વળી, સત્યાગ્રહી તરીકે જેલનાં તમામ કષ્ટો તેમ જ ફટકા ખાવા ઇત્યાદિ હદ સુધીના અન્યાયો પણ આનંદથી સહન કરવા તૈયાર રહેવું એ અમારો ધર્મ હતો. આ દૃષ્ટિએ ભાવિ સજાઓ અટકાવવા માટે આવા ઉપવાસ કરવા તૈયાર થવું એ જેલના અમલદારો તરફ એક જાતનો હિંસાભાવ ધારણ કર્યા બરોબર હતું. સિવાય અમલદારોની વર્તણૂક ઉપર ન્યાય આપવા બેસવાનો અમને હક નહોતો. એમ કરવું એ તો આખા જેલતંત્રનો અંત આણ્યા બરોબર થાય. વળી અમલદારોના વર્તનના આપણે ન્યાયાધીશ બનીએ તોપણ નિષ્પક્ષપાતપણે ન્યાય તોળવા જોઈતી માહિતી અમારી પાસે નહોતી તેમ તે મેળવી શકાય તેમ પણ નહોતું. હવે ઉપવાસ કરનારા પ્રત્યેની સહાનુભૂતિથી પ્રેરાઈ જો અમે ઉપવાસ માંડીએ તો તેમનું પગલું વાજબી જ હતું કે કેમ એ વિષે પણ અમારી પાસે પૂરતી માહિતી નહોતી. ઉપરનું કોઈ પણ એક કારણ અમારો ઉપવાસ ઉતાવળિયું પગલું છે એમ બતાવવાને બસ હતું.

આ બધી મુશ્કેલીઓ વચ્ચે મેં મારા સાથીઓને સૂચવ્યું કે સૌ પહેલાં તો સુપરિન્ટેન્ડેન્ટને પૂછીને તેની પાસેથી મારે આ બાબત ખરી માહિતી મેળવવી અને અગાઉની માફક ઉપવાસ કરનારાઓની મુલાકાત મેળવવા પ્રયત્ન કરવો. મને લાગ્યું કે અમે ભલે કેદી હોઈએ તોપણ આવી બાબતોમાં મનુષ્ય તરીકે અમારાથી ઉદાસીન રહી શકાય જ નહીં. કારણ કે અમુક સંજોગોમાં જ્યારે લગભગ અમાનુષતા ગણાય એવો હડહડતો અન્યાય થવાની વકી હોય ત્યારે

૧. ગુજરાત પ્રાંતિક સમિતિના સેક્રેટરી, ૧૯૫૭થી સંસદના સભ્ય.

Gandhi Heritage Portal

જેલના સામાન્ય તંત્ર જેવી બાબતમાં કેદી છતાં દખલ દેવાનો અમને હક હતો; આથી અમે અંતે એ નિર્ણય પર આવ્યા કે અમલદારો પાસે આ બાબત રજૂ કરવી. આ બાબતને લગતો મારો તા. ૨૯–૬–૨૩નો[1] પત્ર નવજીવનના તા. ૯–૩–૨૪ના અંકમાં આ અગાઉ પ્રગટ થઈ ચૂકયો છે. તેમાંથી આ બનાવની વધુ વિગતો વાચક મેળવી લે. પત્રવ્યવહાર તો પુષ્કળ થયેલો. વષ્ટિઓ પણ ચાલેલી. પણ એ બધું ખાનગી સ્વરૂપનું હોઈ તે જાહેરમાં મૂકવા મારી ઇચ્છા નથી. અહીં એટલું જ કહીશ કે એ બધી વષ્ટિને અંતે સરકાર જોઈ શકી કે જેલ-વહીવટમાં ખામોખાં દખલ કરવાની ઇચ્છાથી હું પ્રેરાયેલો નહોતો તેમ જ ઉપવાસ કરનારા ભાઈઓમાંના બે આગેવાનોને ભેટવાની પરવાનગી મળવા બાબતની મારી માગણીના મૂળમાં શુદ્ધ દયાધર્મની લાગણી સિવાય બીજું કશું નહોતું. આથી તેમણે મને જેલ સુપરિન્ટેન્ડેન્ટ તેમ જ પોલીસના વડા મિ. ગ્રિફિથની હાજરીમાં ભાઈ દાસ્તાને અને દેવને મળવાની પરવાનગી આપી.

પૂરા તેર દિવસના અખંડ ઉપવાસ છતાં આ બે મિત્રોને કશી મદદ વગર અને સ્થિર પગલે જ્યારે મેં ચાલતા જોયા ત્યારે અવર્ણનીય આનંદ અને અભિમાનથી મારું હૈયું ઊછળ્યું. તેઓ જેવા શૂરા હતા તેટલા જ ખુશનુમા હતા. એમનાં શરીર ભયાનક લેવાઈ ગયેલાં મેં દીઠાં. પણ શરીર જેટલાં લેવાયાં હતાં તેટલો જ તેમનો આત્મા દૃઢ થયો હતો એમ મેં જોયું. તેમને બાથમાં લેતાં લેતાં મેં હસીને પૂછ્યું, “કેમ મરણને કાંઠે આવી પહોંચ્યા છો ને?” તેઓ બોલી ઊઠયા, “હરગિજ નહીં. અમે તો ગમે તેટલા દિવસ ઉપવાસ લંબાવવા સમર્થ છીએ કારણ અમે સત્યની ઉપર ખડા છીએ.” મેં પૂછ્યું, “અને જો કદી તમે ભૂલ ખાતા હો તો?” “તો અમે ભડની પેઠે અમારી ભૂલ કબૂલ કરશું અને ઉપવાસ છોડી દઈશું.” આ બોલતી વેળાએ તેમના ચહેરા ઉપર એવું તો તેજ વિલસી રહ્યું હતું કે તેઓ દિવસો સુધીની ભૂખથી રિબાતા હતા એ બિના ઘડીવાર તો હું ભૂલી જ ગયો. હું ઇચ્છું છું કે એ વખતની અમારી આખી શાસ્ત્રચર્ચા આ સ્થળે આપવા જેટલી નિવૃત્તિ મને હોય. તેમના ઉપવાસનું કારણ તેમણે એ જણાવ્યું કે સુપરિન્ટેન્ડેન્ટે કરેલી સજા અન્યાયી હતી અને તેથી જ્યાં સુધી તે પોતાની ભૂલ કબૂલ ન કરે અને માફી ન માગે ત્યાં સુધી પોતે ઉપવાસ ચાલુ રાખવા માગતા હતા. તેમનું આ વલણ યથાર્થ નહોતું એવી મેં દલીલ કરી. તેમના ઉપવાસના પાયામાં રહેલા નૈતિક સિદ્ધાંતની હું ચર્ચા કરી રહ્યો હતો તેટલામાં સુપરિન્ટેન્ડેન્ટે પોતાની મેળે અને પોતાના હમેશના સદ્‌ભાવપૂર્વક વચમાં જ કહ્યું, “હું તમને ખરું કહું છું કે મને જો લાગે કે મેં ખોટું કર્યું છે તો હું અવશ્ય માફી માગું. મને ખબર છે કે મારે હાથે ઘણી વાર ભૂલો થાય છે જ. આપણે બધા ભૂલો કરીએ છીએ. આ બાબતમાં પણ મારે હાથે કદાચ ખરેખર ભૂલ થઈ હોય, પણ હું તેથી અજાણ છું.” આ તરફ મારી વિનવણી તો ચાલુ જ હતી. આ મિત્રોને મેં જણાવ્યું કે સુપરિન્ટેન્ડેન્ટના મનમાં જ્યાં સુધી એની ભૂલ ન વસે ત્યાં સુધી તેની પાસેથી માફીની માગણી કરવી ઉચિત નથી. અને ઉપવાસ એ કંઈ એના મનમાં એની ભૂલ વસાડવાનો માર્ગ નથી. એ તો દલીલોથી જ એને ગળે ઉતારી શકાય. વળી સત્યાગ્રહી તરીકે જો આપણે દુઃખ સહન કરવા બહાર પડયા હોઈએ તો પછી આપણને કે આપણા ભાઈબંધ કેદીઓને અન્યાય થાય તે સામે આપણાથી ઉપવાસ કેમ શરૂ કરાય? અંતે મારી દલીલમાં

૧. જુઓ પુસ્તક ૨૩, પા. ૧૫૯–૬૦.

Gandhi Heritage Portal

તેઓ વજૂદ જોઈ શક્યા અને મેજર જોન્સે ખુલ્લા દિલે વચમાં જ કરેલા એકરારે બાકીનું પૂરું કર્યું. ઉપવાસ છોડવા તેઓ કબૂલ થયા, અને બીજા ભાઈઓને પણ તેમ કરવા સમજાવવાનું માથે લીધું. તુરત જ મારા દૂધમાંથી થોડું તેમને આપવાની મેં મેજર જોન્સની રજા માગી. તે તેમણે તરત જ આપી. તેમણે દૂધનો સ્વીકાર તો કર્યો પણ નાહીને બીજા ઉપવાસી ભાઈઓની સાથે મળીને જ તે પીશે એમ જણાવ્યું. મેજર જોન્સે બધા ઉપવાસીઓને સારુ તેમનાં શરીર પાછાં વળી આવે ત્યાં સુધી દૂધ અને ફળ આપવાનો હુકમ કાઢ્યો અને દિલોજાનીથી એકબીજાના હાથ મિલાવીને અમે સૌ છૂટા પડ્યા. ક્ષણ વાર તો અમલદારો પોતાની અમલદારી ભૂલી ગયા. અને અમે કેદી પણ અમે કેદી હતા એ વાત ભૂલી ગયા. ઘડી વારને સારુ જાણે કોઈ ગૂંચવાયેલું કોકડું ઉકેલવામાં ગૂંથાઈ ગયેલા મિત્રો જ બની ગયા હતા! અને આનંદની વાત હતી કે તે ઉકેલવામાં અમે ફળીભૂત થયા.

આમ આ ભારે ઉપવાસની લડતનો અંત આવ્યો. મેજર સાહેબે મારી પાસે કબૂલ કરેલું કે તેમણે જોયેલી ઉપવાસની બધી લડતોમાં આ લડત નિર્મળમાં નિર્મળ હતી. ઉપવાસ કરનાર કેદીઓને છાનોછૂપો પણ કંઈ ખોરાક ન મળવા પામે એ સારુ તેમણે અતિશય કાળજી લીધી હતી, અને તેમની ખાતરી હતી કે આખી લડત દરમ્યાન તેમને તેવે રસ્તે કંઈ પણ ખોરાક મળવા પામ્યો નહોતો. મને થયું કે ઉપવાસ કરનારાઓનું પાણી જો તેમણે પહેલેથી જ જાણ્યું હોત તો આવડી ખબરદારી રાખવાની તેમને જરૂર જ ન પડત!

આ બનાવની કાયમની અસર એ થઈ કે સરકારને એવા હુકમ કાઢવા પડ્યા કે જેલ-અમલદારોનું અપમાન કે એવા જ કોઈ અતિશય ગંભીર પ્રસંગ સિવાય વડા અધિકારીઓની મંજૂરી વગર કેદીઓને ફટકા મારવાની સજા સુપરિન્ટેન્ડેન્ટે કરવી નહીં. આવી ખબરદારીની બેશક જરૂર હતી. કારણ કે કેટલીક બાબતોમાં જેલ સુપરિન્ટેન્ડેન્ટને ભલે પૂરતી સત્તા આપવી જરૂરી હોય તથાપિ પાછી ન ખેંચી શકાય એવી સજાઓની બાબતમાં તો ડાહ્યામાં ડાહ્યા સુપરિન્ટેન્ડેન્ટના ઉપર પણ ઘટતો અંકુશ રહેવો ઉચિત છે.

ભાઈ દાસ્તાને, દેવ અને બીજા સત્યાગ્રહીઓના ઉપવાસથી ઘણાં ઉમદા પરિણામો આવ્યાં એમાં તો શક જ નથી. કારણ તેમના હેતુમાં ભલે ભૂલ હતી છતાં તે ઉદાત્ત હતો. તેમનું પગલું પણ સાવ નિર્મળ હતું. અને છતાં પરિણામ ભલે શુભ આવ્યું તોપણ ઉપવાસ તો નિંદ્ય જ હતો. અને જે સારું પરિણામ આવ્યું તે ઉપવાસનું ફળ નહોતું પણ તેના કરનારાઓએ પોતાનો હેતુ અવળે માર્ગે દોરાયાની જે કબૂલાત કરી અને તેના પ્રાયશ્ચિત્ત દાખલ માંડેલો ઉપવાસ છોડી દેવાની જે હિંમત દેખાડી તેનું જ ફળ હતું. જે અવસ્થામાં ખાવું અને જીવવું નર્યું નામોશીભર્યું થઈ પડે છે તે જ અવસ્થામાં સત્યાગ્રહી ઉપવાસ આદરે છે. તો જ તે વાજબી ગણાય. આ પ્રમાણે કેદી તરીકેના જ વર્તનનો વિચાર રાખીને હું કહું છું કે જો મારી ધાર્મિક સ્વતંત્રતા ઉપર હુમલો કરવામાં આવે અગર તો સામાન્ય ઇનસાન તરીકે પણ મારી જોડે વર્તવાની જેલઅમલદારો ના પાડે—જેમ કે મારો ખોરાક મને રીતસર આપવાને બદલે મારી તરફ ફેંકવામાં આવે—તો એવી હાલતમાં એવો ખોરાક લેવો અને જીવવું એ મોટામાં મોટી નામોશી ગણાય. એ તો કહેવાપણું હોય જ નહીં કે આવો ધાર્મિક વાંધો અગર તો અપમાન એવા સ્વરૂપનું હોવું જોઈએ કે જે હરકોઈ કેદીને પણ દેખીતી રીતે જ

Gandhi Heritage Portal

ખૂંચે. આ ચેતવણી આપવી જરૂરી છે કારણ ઘણી વાર આવી ધાર્મિક ફરજ કેવળ બહાનું જ હોય છે અને તેની પાછળ અધિકારીઓની પજવણી કરવાનો હેતુ રહેલો હોય છે. એ જ પ્રમાણે અપમાન પણ ઘણી વાર જ્યાં એવાં અપમાનનું કશું કારણ ન હોય ત્યાં વિના કારણ માની લેવામાં આવે છે. વળી જેલનિયમ વિરુદ્ધ મનાઈ કરેલી ચિઠ્ઠીપત્રીઓ સંતાડી રાખવાને ખાતર ધર્મપુસ્તકને બહાને ભગવદ્ગીતાને મારી પાસે રાખવાનો અગર મેળવવાનો આગ્રહ મને ન જ શોભે. એ જ પ્રમાણે દરેક કેદીને આપવી પડતી ઝડતી આપવામાં પણ જેલઅમલદાર ઈરાદાપૂર્વક મારું અપમાન કરે છે એવો રોષ હું કેમ કરું? સત્યાગ્રહમાં પાખંડને અવકાશ જ નથી. પણ પેલા ઉપવાસીઓને મળીને તેમનું દૃષ્ટિબિંદુ સમજી લેવાની અને તેમની ભૂલ હોય તો તે તેમને સમજાવવાની તક પણ મને આપવાની જો સરકાર ના પાડે તો એ સ્થિતિમાં મારે ઉપવાસ કર્યે જ છૂટકો. કારણ કે જ્યારે હું જોઉં કે મારા રખેવાળો સામાન્ય માણસાઈના જેટલો પણ દયાધર્મ પાળે તો ભૂખે મરતા જીવોને હું અટકાવી શકું તો હરપ્રયત્ને તેમ કરવાનો મારો ધર્મ થઈ પડ્યો અને તેમ ન કરાવી શકું ત્યાં સુધી અન્ન મારાથી જિંદગીને વળગી રહેવાને સારુ ખાઈ શકાય નહીં.

કેટલાક મિત્રો કહેશે: "આવા સૂક્ષ્મ ભેદો કરવાનું પ્રયોજન શું? જો આપણે જેલ બહાર અમલદારોને તંગ કરી શકીએ તો જેલની અંદર પણ તેમ કાં ન કરીએ? તમે જેલ-અમલદારો જોડે જેવો સહકાર કર્યો તેવો અમે શા સારુ કરીએ? અહિંસાત્મક રહીને બધી રીતે અમે કાં તેમની સામા ન થઈએ? આપણી પોતાની સગવડને ખાતર હોય એ સિવાયના બીજા કોઈ પણ જેલનિયમોને શા સારુ માન આપીએ? જેલતંત્રને અપંગ કરી મૂકવાનો આપણને શું સંપૂર્ણ હક નથી? શું એ આપણો ધર્મ નથી? બળ વાપર્યા વગર જો આપણે અમલદારોની સ્થિતિ મુશ્કેલ કરી મૂકીએ તો સરકારને ઘણા લોકોને પકડવા અને જેલમાં પૂરવા ભારે થઈ પડશે અને તેમને સુલેહની વષ્ટિ કરવી પડશે." આવી દલીલ પૂરી ગંભીરતા-પૂર્વક મારી આગળ કરવામાં આવી છે તેથી આવતા પ્રકરણમાં તેને વિચારીશું.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २२–५–१९२४

ભાષાંતર: नवजीवन, १५–६–१९२४; तथा यरवडाना अनुभव

Gandhi Heritage Portal

## ૫૩. પરદેશી કાપડનો બહિષ્કાર

બ્રિટિશ સામ્રાજ્યના માલનો બહિષ્કાર કરવાની જે ઝુંબેશ ચાલી રહી છે તેની નિરર્થકતા બતાવવાનો આગાઉના એક લેખમાં મેં પ્રયત્ન કર્યો છે. એ નિરર્થક જ નથી પણ હાનિકારક છે એવું મારું નમ્ર માનવું છે. કારણ એ બહિષ્કાર જે એકમાત્ર સફળ અને અગત્યનો બહિષ્કાર દેશે કરવો જોઈએ તે તરફ દેશનું દુર્લક્ષ કરાવે છે. મેં અનેક વાર કબૂલ કર્યું છે કે અહિંસાનો સિદ્ધાંત આપણા લક્ષ બહાર રાખીએ તો સ્વરાજના ધ્યેયને પ્રાપ્ત કરવાને માટે રાજકાજમાં અહિંસા એ જ એક ઉપાય છે એમ ન માનનારા અને અહિંસાની બધી રીત નિષ્ફળ ગઈ છે એવું માનનારા પોતાને જે વધારે અસરકારક ઉપાય લાગતો હોય તે લેવાને મુખત્યાર છે એટલું જ નહીં પણ બંધાયેલા છે. પણ મારો દાવો છે કે સામ્રાજ્યના માલનો બહિષ્કાર જ્યાં સુધી હાલની રાજ્યપ્રથા ચાલે છે ત્યાં સુધી બિલકુલ શક્ય નથી.

મારી નજર પહોંચે છે ત્યાં સુધી તો અહિંસા અને અહિંસાના બીજા બધા માર્ગ છોડી દઈએ તો કેવળ સશસ્ત્ર બળવાનો માર્ગ જ બાકી રહે છે. જો તેને માટે આપણે તૈયારી કરવી હોય તો રાષ્ટ્રીય કાર્યક્રમમાં સામ્રાજ્યના માલના બહિષ્કારને વાજબી જ નહીં પણ આવશ્યક સ્થાન છે. એ બહિષ્કાર ચાલુ રાખી અને તેને માટે આવેશભરી ધમાલ કરી મૂક્યા પછી જેમ જેમ આપણને આપણી નિર્વીર્યતાનું ભાન થતું જશે તેમ તેમ આપણું લોહી પણ વધારે ને વધારે ઊકળતું જવાનું. એટલે આવા પ્રચારનું સ્વાભાવિક પરિણામ એ આવશે કે ઠેર ઠેર મનસ્વી હિંસા થવાની. તે બેસાડી દેવામાં આવશે. તેની કશી અડચણ નહીં જણાય. સશસ્ત્ર બળવાને માટે તો તે તાલીમ જ મનાશે. દરેક હારની સાથે ઘણાની હિંમત ભાંગતી જશે તેમ ગણ્યા-ગાંઠ્યાનો નિશ્ચય વધારે મજબૂત થતો જશે. અને તે નાનકડી ટોળીમાંથી વિલિયમ[૧] ધ સાઈલંટ જેવાને મળ્યા હતા તેવા સશસ્ત્ર સિપાઈઓનું એક લશ્કર તૈયાર થશે. જો દેશના કાર્યકર્તાઓ એવા નિશ્ચય ઉપર આવ્યા હોય કે હિંદુસ્તાનને નસીબ નવો ઈતિહાસ લખવાપણું નથી પણ યુરોપીય દેશોને પગલે જ ચાલવાનું રહ્યું છે તો તો સામ્રાજ્યના માલના બહિષ્કારની તેમની ઝુંબેશ હું સમજી શકું અને તેની કદર કરી શકું. એ હિલચાલ કદી સફળ ન થાય તોપણ આદર્શ તરીકે તે ચાલુ રાખવી જોઈએ. કારણ કે જોઈતી વરાળ ઉત્પન્ન કરવાને માટે તે એક કારખાનું ગણી શકાશે. એટલે એ જમાનાજૂની રીત ગ્રહણ કરવાને હિંદુસ્તાન ચાહે તો તેને છૂટ છે. અને દુનિયા ઉપરની કોઈ પણ સત્તા તેની એ છૂટ છીનવી લઈ શકે એમ નથી.

પણ હું હિંમતની સાથે કહેવાને હામ ભીડું છું કે હિંદુસ્તાનને તલવારનો માર્ગ પરવડે એમ નથી. હું ભવિષ્ય ભાખવાની હિંમત ધરું છું કે જો હિંદુસ્તાન તે માર્ગ લે તો કાં તો

૧. જમાનાના જમાના સુધી પરદેશી રાજ્યને વશ થવાને તેણે તૈયાર રહેવું જોઈએ.

૨. અથવા તો કેવળ હિંદુ અથવા કેવળ મુસલમાનનું રાજ્ય લગભગ યાવચ્ચન્દ્રદિવાકરૌ સ્વીકારી લેવાની તેણે તૈયારી કરવી જોઈશે.

૧. વિલિયમ પહેલો (૧૫૩૩–૮૪); ડચ રિપબ્લિકનો સ્થાપક; ફિલિપ બીજો પ્રૉટેસ્ટન્ટો પર જુલમ ગુજરતો હતો તેની સામે થયો, તથા સ્પેનનાં લશ્કરો સામે તેણે (મુક્તિ સંગ્રામ) ખેલ્યો, અને તેમાં હોલૅન્ડના કેટલાક પ્રાંતોની સ્વતંત્રતા મેળવવામાં તે સફળ થયો.

Gandhi Heritage Portal

મને ખબર છે કે કેટલાક હિંદુઓ એવા પડેલા છે કે જેઓ જો શુદ્ધ હિંદુરાજ ન મેળવી શકે તો અંગ્રેજોની સાથે યોગ્ય કરાર કરી લઈને રહેવા ઇચ્છે છે, અને મને એ પણ ખબર છે કે એવા મુસલમાનો પણ પડ્યા છે કે જેઓ હિંદુસ્તાનમાં શુદ્ધ મુસલમાન હકૂમત નહીં ચલાવી શકે તો અંગ્રેજી હકૂમત નભાવી લેવાને તૈયાર છે. આ ખોબા જેટલા હિંદુમુસલમાનોની સાથે મારે કશી દલીલ કરવાની નથી. તેઓ ભલે ધુમાડામાં બાચકા ભર્યા કરતા. પણ હું તો જાણું છું કે પુષ્કળ માણસો એવા પડેલા છે કે જેઓ પરદેશી હકૂમતથી થાકયા છે અને તેને કાઢવાને માટે અસરકારક ઉપાય શોધવાની ઉત્કંઠા રાખે છે. હું તેમને તો એટલી ખાતરી કરી આપવાની આશા રાખું છું કે દેશનો આખો વિચારક વર્ગ શુદ્ધ અહિંસાના ઉપાયો લે તો તેઓ માને છે તેના કરતાં ઓછા વખતમાં હિંદુ, મુસલમાન અને બીજી બધી કોમો જેમાં સમાનતાથી ભાગ લઈ શકે એવું સ્વરાજ મેળવી શકાશે. તેમની હું વળી વધુ ખાતરી કરી આપવાની હામ ભીડું છું કે આવું સ્વરાજ બીજે કોઈ પણ ઉપાયે મેળવવું અશક્ય છે.

પણ હાલ તુરત તો હું એટલું સ્વીકારી લેવા માગું છું કે મહાસભાનો સિદ્ધાંત અહિંસાનો હોઈ મહાસભાના સભ્યોને હિંસાને અનુકૂળ એવું વાતાવરણ તૈયાર કરવાનો અધિકાર નથી. અને સામ્રાજ્યના માલનો નિષ્ફળ બહિષ્કાર આવું વાતાવરણ ઉત્પન્ન કર્યા વિના રહેનાર નથી. અને તેથી હું તો એટલે સુધી કહીશ કે બહિષ્કારનો ઠરાવ મહાસભાના ધ્યેયને દૃષ્ટિમાં લેતાં મહાસભામાં લાવવાનો કોઈને અધિકાર નહોતો. પણ આનો નિર્ણય તો કેવળ મહાસભાથી જ થઈ શકે.

એટલે તેને બદલે પરદેશી માલના બહિષ્કારનો જે ઉપાય હું સૂચવું છું તે વિષે જ વાચકનું ધ્યાન હું એકાગ્ર કરવા માગું છું. હું બધા લિબરલો, નેશનાલિસ્ટો અને મહાસભાવાળાઓને સૂચવું છું કે જો તેઓ બધા પોતાના ઉપયોગને માટે તમામ પરદેશી અને દેશી મિલનું કાપડ તજી હાથની કાંતેલી અને વણેલી ખાદી વાપરવાની પ્રતિજ્ઞા કરશે અને આ ઉપરાંત જો તેઓ દરરોજ અમુક વખત પ્રતિજ્ઞાપૂર્વક કાંતવામાં આપશે તેમ જ પોતાના કુટુંબના દરેક માણસની પાસે તેમ કરાવશે અને જો તેઓ પોતપોતાની શક્તિ પ્રમાણે પોતાના પાડોશીઓમાં રેંટિયો અને ખાદીનો ઉપયોગ દાખલ કરશે તો દેશ સ્વદેશી માલનો બહિષ્કાર એક વરસમાં પણ કરી શકશે. જેમ કોઈ પણ કારણે પરદેશી કાપડ તેઓ ન વાપરે તેમ જ આપણી મિલોમાં બનેલું કાપડ પણ તેઓ હરગિજ ન વાપરે, આ બંને મનાઈનો ભેદ મારે સમજાવવો જોઈએ. પરદેશી માલનો બહિષ્કાર એ તો એક સનાતન ધર્મ છે. દેશમાં બનેલા મિલના કાપડનો સનાતન બહિષ્કાર કરવાનો તો સવાલ જ નથી. પણ હિંદુસ્તાનની મિલો એકલી જ કાપડની આપણી માગ પૂરી કરી શકે એમ નથી જ્યારે રેંટિયો અને સાળ તેમ કરી શકે એમ છે. પણ રેંટિયામાંથી ઉત્પન્ન થતી ખાદી લોકપ્રિય અને સાર્વત્રિક થઈ જવી જોઈએ, અને તે તો દેશનો વિચારક વર્ગ શરૂઆત કરી દે તો જ થઈ શકે. એટલે તેમણે કેવળ ખાદી જ વાપરવાની પ્રતિજ્ઞા કરવી રહી. આપણી મિલોને આપણી ભલામણ વિના ચાલે એમ છે. તેમનો માલ પૂરતો લોકપ્રિય છે. વળી પ્રજાને મિલોની ઉપર કોઈ પણ પ્રકારનો અંકુશ નથી. મિલો જનસેવાની સંસ્થાઓ નથી. તેમનો હેતુ તો કેવળ સ્વાર્થી છે. જો હાલ જે પવન વાઈ રહ્યો છે તે તેઓ સમજી જાય તો પોતાનું કાપડ સોંઘું કરી તેઓ પરદેશી કાપડના બહિષ્કારમાં મદદ કરશે અને હાલ જેમાં ખાદી પહોંચી શકતી નથી ત્યાં તે મોકલશે. જો તેઓ ઇચ્છે તો તેઓ

Gandhi Heritage Portal

ખાદીની સાથે હરીફાઈમાં આવવાનું ટાળી શકે એમ છે, અને ખાદીને મદદ કરીને જ સંતોષ માની શકે એમ છે. દેશનો દરેક કાર્યકર્તા મિલનું બનાવેલું કાપડ તજવાની પ્રતિજ્ઞા ન કરે તો પરદેશી કાપડનો બહિષ્કાર તુરતાતુરત થવો અશક્ય છે. આ વિધાન એટલું તો સાદું છે કે તેને સમજાવવાને કશી દલીલની જરૂર નથી. જે ખાદી વેચાવી જ જોઈએ તેને સંસ્કારી માણસો વધારે પસંદગી ન આપે તો તે શી રીતે વેચાય?

અત્યાર સુધી તો ખાદીના ઉપયોગનો મેં સામ્રાજ્યના માલના બહિષ્કારના ઉપાયને બદલે અને તેનાથી સ્વતંત્ર એવા પરદેશી કાપડના બહિષ્કારના અસરકારક અને ઝડપી સાધન તરીકે વિચાર કર્યો છે. પણ ખાદીના આ ઉપયોગમાં જ્યારે ભૂખે મરતાં કરોડોનાં પેટ ભરવાની તેની શક્તિ ઉમેરવામાં આવે છે ત્યારે તો ખાદીની સામે કશી દલીલ રહેતી જ નથી.

હવે રેંટિયાનું વાતાવરણ ઉત્પન્ન કરવાની શા સારુ જરૂર છે અને દરેક સ્ત્રી, પુરુષ અને બાળક જે રાષ્ટ્રીય હિતને માટે રેંટિયાને આવશ્યક માનતા હોય તેમણે દરરોજ અમુક સમય ધાર્મિક ફરજ તરીકે કાંતવાની શા સારુ જરૂર છે એ સમજવું સહેલું છે. હિંદુસ્તાનનો ખેડૂત-વર્ગ દુનિયાના ખેડૂતવર્ગમાં સૌથી વધારે ઉદ્યમી છે અને કદાચ તેને સૌથી વધારે આળસુ રહેવું પડે છે. તેનો ઉદ્યમ અને આળસ એ બંને તેના ઉપર લાદવામાં આવેલાં છે. ખેતરોમાંથી પાક પેદા કરવાને તેને કામ કર્યા વિના છૂટકો નથી હોતો. ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ હાથ-કંતામણનો નાશ કરીને પૂરતા કામને અભાવે તેને આળસુ બનાવી મૂક્યો. હવે ખેડૂતવર્ગ જ્યારે આપણે દાખલો બેસાડશું ત્યારે જ રેંટિયાને ફરી હાથ ધરશે. માત્ર ઉપદેશથી તેના ઉપર કશી અસર પડવાની નથી. અને જ્યારે હજારો લોકો શોખને ખાતર કાંતશે ત્યારે જો ખાદીનો એને એ ભાવ રાખીએ તો આપણે કાંતવાની મજૂરી પણ વધારી શકીએ. મેં પોતે સત્યાગ્રહ આશ્રમમાં બનેલી ખાદી સસ્તે ભાવે વેચી છે કારણ કે ૧૯૧૯ની સાલમાં હું પંજાબમાં ફરતો હતો તે વેળા પંજાબી બહેનોએ પ્રેમથી કેટલાયે મણ સૂતરની મને ભેટ કરેલી. તે વખતે જો હું ધારત તો ખાદીના ભાવ ન ઘટાડતાં હું ધંધાદારી કાંતનારાઓને વધારે મજૂરી આપી શકત. પણ મેં તેમ ન કર્યું કારણ કે તે વેળા ખાદીયુગનો પ્રારંભ હોવાથી હું ગમે તેવા કાંતેલા સૂતરના એક શેરના ૪ આના કંતામણ આપતો હતો.

જો લિબરલો અને મહાસભાવાદીઓ કેન્યાના નિર્ણયરૂપી ડંખની સામે કેન્યાના ગોરા વસાહતીઓ પર સામ્રાજ્યના માલના બહિષ્કારરૂપી નિરર્થક શસ્ત્ર ફેંકે છે તો મગજ ઠંડું થયે તેઓ ખાદીની હિલચાલને પૂર્ણ રીતે સફળ કરવા તરફ બધી મહેનત એકાગ્ર કરીને તમામ પરદેશી કાપડના બહિષ્કારનો પાયો કાં ન મજબૂત કરે? હવે મારે સિદ્ધ કરી બતાવવાની જરૂર રહી છે ખરી કે પરદેશી કાપડના બહિષ્કારથી કેન્યાના હિંદુઓને રાહત મળશે એટલું જ નહીં પણ સ્વરાજ પણ મળશે?

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २२–५–१९२४

ભાષાંતર: नवजीवननो વધારો, १९–६–१९२४

Gandhi Heritage Portal

# ૫૪. નોંધ

## "એક મુસલમાન, એક હિંદુ"ને

એક પત્રલેખકે અથવા પત્રલેખકોએ થોડા સમય પહેલાં એક અગત્યનો પ્રશ્ન લખી મોકલ્યો હતો અને તેનો જવાબ આ કટારોમાં માગ્યો હતો. પત્ર ઉપર કોઈની સહી નહોતી અને હું નનામા પત્રવ્યવહારને ઉત્તેજન આપવા માગતો નથી, એટલે મેં એ પત્ર રદ્દી કાગળોની ટોપલીમાં ફેંકી દીધો હતો. જો આ પત્રલેખક (હું એકવચન એટલા માટે વાપરું છું કે મને શક છે કે એક જ વ્યક્તિએ બે નામ ધારણ કર્યાં છે) ખરેખર એમ ઇચ્છતો હોય કે મારે એના પ્રશ્નનો જવાબ આપવો જ જોઈએ, તો તેણે પ્રસિદ્ધિ અર્થે નહીં પણ તેની પોતાની શુદ્ધ દાનતની સાબિતીરૂપે પોતાનું નામ મને જણાવવું જોઈએ.

## મોપલા રાહત વિષે પંડિત માલવિયાજી

મોપલાઓને મદદ કરવા વિષેના પંડિત માલવિયાજીના[1] વિચારો જાણીને વાચકને આનંદ થશે. એમણે મારા ઉપર હિંદીમાં લખેલા એક પત્રમાં દર્શાવેલા વિચારોનું ભાષાંતર[2] આ પ્રમાણે છે:

> મોપલા સ્ત્રી અને બાળકોને સહાય દેવા વિષે તમે જે લખ્યું છે તેની સાથે હું અક્ષરે અક્ષર મળતો આવું છું કેમ કે
>
> "ઉપકાર કરનાર પ્રત્યે જે ભલા છે તેની ભલાઈની શી કિંમત?
> શત્રુ પ્રત્યે જે ભલાઈ વાપરે છે તેને સંતો સાધુપુરુષ ગણે છે.
> શત્રુ પ્રત્યે જે મિત્રભાવ રાખે છે તે જ સાધુ; તે જ ભલે જન્મ્યા. તેઓ જ આ પૃથ્વીને શોભાવે છે."
>
> પણ આ ઉપરથી એમ ન માનશો કે મારો અભિપ્રાય એવો છે કે આ બધા મોપલાઓએ હિંદુઓ તરફ દુષ્ટ વર્તન કર્યું છે. પણ ધારો કે કર્યું હોય તોપણ તેમના દ:ખને સમયે આપણે તેઓને મદદ કરવી એ આપણા ધર્મનું મહત્ત્વ છે. વળી કહ્યું છે કે:
>
> "વેરભાવ પ્રેમભાવથી જિતાય;
> અસાધુને સાધુ જીતે;
> કૃપણને દાનથી જિતાય;
> અસત્ય સત્યથી જિતાય."

## આચાર્ય ગિદવાણી

મારી તપાસના જવાબમાં નાભા રાજ્યના ઍડમિનિસ્ટ્રેટરે મને નીચેનો જવાબ આપવાની કૃપા કરી છે. જવાબ ૧૯૨૪ના મેની ૧૨મીનો છે.

૧. મદનમોહન માલવિયા (૧૮૬૧–૧૯૪૬); બનારસ હિંદુ યુનિવર્સિટી (હિંદુ વિશ્વવિદ્યાલય)ના સ્થાપક; ઇમ્પિરિયલ લેજિસ્લેટિવ કાઉન્સિલના સભ્ય; ૧૯૦૯ અને ૧૯૧૮માં હિંદી રાષ્ટ્રીય મહાસભાના પ્રમુખ.

૨. આ ભાષાંતર નવજીવન, ૨૫–૫–૧૯૨૪ના અંકમાંથી લીધું છે.

Gandhi Heritage Portal

પ્રિય મહાશય,

આપનો તારીખ પાંચમી મેનો પત્ર મળ્યો. જેલમાં આચાર્ય ગિદવાણીની શી હાલત છે તેની મેં તપાસ કરાવી તો નીચેની વિગત જાણવા મળી છે :

શ્રી ગિદવાણી જેલનાં કપડાં પહેરે છે પરંતુ તે સ્વચ્છ છે, અને તેને ધોવા માટે તેઓ માગે ત્યારે તેમને સાબુ આપવામાં આવે છે. ૧૯૨૪ના માર્ચની ૨૧મી પછી તેમણે કદી ઉપવાસ કર્યો નથી. તેમની તબિયત સારી છે અને તેમનું વજન એક મણ અને ૩૮ શેર [બંગાળી] છે. આજ સુધી જેલના બીજા કેદીઓને મળે છે તેવો જ ખોરાક એમને મળ્યો છે, પણ દાક્તરની સલાહ પ્રમાણે કેટલેક પ્રસંગે તેમને દૂધ આપવામાં આવે છે. હું માનું છું કે તેમને મુલાકાતીઓને મળવામાં કશી રુકાવટ કરવામાં આવતી નથી. થોડા દિવસ ઉપર જ એમનાં પત્ની અને ભાઈને મળવાની એમને છૂટ આપવામાં આવી હતી અને તે વખતે દરેક પ્રકારની સગવડ આપવામાં આવી હતી. જેલના નિયમો અનુસાર છ મહિને એક જ વખત મુલાકાતીઓને મળી શકાય છે.

મેં જાતે જેલમાં જઈને ઉપરની હકીકતોની ખાતરી કરી લીધી છે. શ્રી ગિદવાણીએ પોતાનો ખોરાક જાતે રાંધી લેવાની, શાકભાજી અને થોડુંક ઘી આપવાની અને કસરત કરવા દેવાની વગેરે કેટલીક સગવડો મારી પાસે માગી હતી. આ માગણીઓ મેં મંજૂર રાખી હતી. જેલના સત્તાવાળાઓ તરફથી અગર અન્ય કોઈ તરફથી કશો ગેરવર્તાવ થયાની એમણે મને કોઈ ફરિયાદ કરી નહોતી. મુલાકાત વખતે અમે બે એકલા જ હતા, એટલે તેઓ આવી ફરિયાદ કરવી હોય તો કરી શકયા હોત.

આચાર્ય ગિદવાણીને કઈ શરતોએ કેદ કરવામાં આવ્યા છે તે બાબતમાં આપના મગજમાં કંઈક ગૂંચવાડો હોય એમ લાગે છે. ગયા ઑક્ટોબરમાં પંડિત જવાહરલાલ નેહરુ અને શ્રી સંતાનમ્ સાથે એમને હિંદી ફોજદારી ધારાની કલમ ૧૮૮ અને ૧૪૫ની રૂએ સજા કરવામાં આવી હતી. ઍડમિનિસ્ટ્રેટર તરીકે એ મુકદ્દમાઓમાં ફરમાવેલી સજાઓ મેં એ શરતે મોકૂફ રાખી હતી કે એ ગૃહસ્થો રાજ્યમાંથી ચાલ્યા જાય અને પરવાનગી વિના પાછા ન આવે. શ્રી ગિદવાણી ફેબ્રુઆરીની ૨૧મીએ નાભા રાજ્યમાં પાછા આવ્યા ત્યારે સજામોકૂફીની આ શરતોનો એમણે ભંગ કર્યો. હવે તેઓ જેલમાં છે અને પ્રથમ ફરમાવેલી સજાઓ ભોગવી રહ્યા છે. શ્રી ગિદવાણી ઉપર બીજા કોઈ આરોપસર કેસ ચલાવવાનો ઇરાદો નથી.

આમ નાભા રાજ્યની સરહદ ઓળંગવા બદલ આચાર્ય ગિદવાણીએ એમને અગાઉ ફરમાવેલી બે વરસની સજા, મિ. ઝિમંડના અભિપ્રાય પ્રમાણે માનવતાના હિત ખાતર ભોગવવાની છે. આચાર્ય ગિદવાણી આની ફરિયાદ કરતા નથી, કેમ કે પહેલી વાત તો એ છે કે પોતાને છોડી મૂકવા માટે એમણે કદી માગણી કરી નહોતી. પરંતુ જે રાજ્યઅમલ નીચે એક માણસને પોતે જેને માનવતાનું કાર્ય માન્યું અને જેને પરિણામે હકીકતમાં કોઈને કશી ઈજા થઈ નથી, તે કાર્ય બદલ જેલમાં પૂરવામાં આવે, એ રાજ્યઅમલ વિષે લોકોએ શું માનવું? મિ. ઝિમંડનું કહેવું ખરું હોય તો આચાર્ય ગિદવાણીનો ઇરાદો જથા સાથે રાજ્યમાં પ્રવેશ કરવાનો નહોતો. મને નથી લાગતું કે તેઓ એમ કહેવા માગે છે કે આચાર્ય ગિદવાણી જો એમને છૂટા મૂકવામાં



Gandhi Heritage Portal

આવે તો રાજ્યની હદમાં રહેવાનો આગ્રહ રાખે છે. એટલે એવું દેખાય છે કે કોઈ પણ જાતના વાજબી કારણ વિના એમને સજા ભોગવવાની ફરજ પાડવામાં આવી રહી છે.

## શું શીખો હિંદુ છે?

પંજાબથી એક મિત્ર લખે છે :

> વાઈકોમ વિષેની આપની નોંધમાં આપે અકાલીઓને મુસલમાનો અને ખ્રિસ્તીઓની માફક બિનહિંદુઓમાં ગણ્યા છે. એ વાંચીને અહીંના અકાલીઓ વત્તેઓછે અંશે રોષે ભરાયા છે. મારી પાસે ઘણા લોકોએ ફરિયાદ કરી છે કે શીખો વિધિપૂર્વક હિંદુ ધર્મ-માંથી કદી છૂટા પડ્યા નથી. અને કેટલાક લોકો પોતાને હિંદુ કહેવડાવવાની ના પાડે છે એવું કહીએ છીએ ત્યારે એવો જવાબ મળે છે કે એમ તો થોડા વખત પહેલાં ખુદ સ્વામી શ્રદ્ધાનંદે[1] એમને હિંદુ કહેવા સામે સખત વાંધો ઉઠાવ્યો હતો. શિરોમણિ ગુરુદ્વારા પ્રબંધક સમિતિના કેટલાયે આગળપડતા સભ્યો હિંદુસભાના સભ્યો છે અને જોકે અકાલીઓના એક વિભાગમાં બેશક એવી લાગણી છે ખરી કે હિંદુ ધર્મથી આપણે સર્વથા અલગ છીએ એવું જાહેર કરી દેવું વધારે સારું છે છતાં એક એટલો જ મજબૂત વિભાગ પણ છે કે જે આ બાબતમાં જૂની રૂઢિને વળગી રહેવામાં માને છે. અલબત્ત તેઓ ઇચ્છે છે કે તેમનાં મંદિરો સામાન્ય હિંદુ મંદિરોથી અલગ હોય અને એ મંદિરો ઉપર એમની પોતાની હકૂમત હોય. પણ આ વાત તો હિંદુઓના તમામ સંપ્રદાયો બાબતમાં સાચી છે. હું જાણું છું ત્યાં સુધી જૈનોને આવો જ અધિકાર છે. અને મને કહેવામાં આવે છે કે આર્યસમાજીઓ, બ્રહ્મોસમાજવાળા અને બીજા સનાતન હિંદુ રીત-રિવાજો નહીં પાળનાર લોકો જે અધિકાર માગે છે તેનાથી શીખો કાંઈ વિશેષ માગતા નથી. અહીંના શીખ આગેવાનો સાથેના ગાઢ પરિચય પછી અને શીખ ચળવળનો થોડો અભ્યાસ કર્યા પછી મને પોતાને પણ લાગે છે કે અકાલીઓને બિનહિંદુ વર્ગમાં ગણવામાં એમને પૂરેપૂરો ન્યાય થતો નથી.

શીખોને હું બિનહિંદુઓના વર્ગમાં મૂકું છું એ શીખ મિત્રોને ગમતું નથી એ જાણીને હું ઘણો રાજી થયો છું. તેમને હું ખાતરી આપું છું કે એમ કરવાનો મારો સહેજ પણ ઇરાદો નહોતો. હું પહેલી વાર પંજાબમાં ફર્યો ત્યારે શીખો વિષે બોલતાં મેં કહ્યું હતું કે હું તો માનું છું કે તેઓ હિંદુ કોમનું જ એક અંગ છે. મેં એમ કહ્યું એનું કારણ એ હતું કે હું જાણું છું કે લાખો હિંદુઓ ગુરુ નાનકને માને છે અને ગ્રંથસાહેબ તો હિંદુ ભાવના અને હિંદુ પુરાણકથાઓથી ભરેલો છે. પરંતુ સભામાં હાજર રહેલા એક શીખ મિત્રે મને બાજુ પર લઈ જઈને અત્યંત ચિંતાતુર ભાવથી કહ્યું કે આપે શીખોને હિંદુ કોમમાં સામેલ કર્યા તેથી તેઓ નારાજ થયા છે એટલે મારી આપને સલાહ છે કે આપે ભવિષ્યમાં શીખો અને હિંદુઓ એક જ છે એવું કદી ન બોલવું. મારા પંજાબના પ્રવાસ દરમ્યાન મેં જોયું કે એ મિત્રે આપેલી ચેતવણી સાચી હતી. કેમ કે મને સમજાયું કે અનેક શીખો પોતાને હિંદુ ધર્મથી તદ્દન અલગ એવા એક ધર્મના અનુયાયી માનતા હતા. એ મિત્રને મેં વચન આપ્યું કે શીખો હિંદુઓ છે એવો ઉલ્લેખ હું કદી કરીશ નહીં. એટલે જુદાઈની આ ભાવના માત્ર ઘણા

૧. ૧૮૫૬–૧૯૨૬; આર્યસમાજના રાષ્ટ્રવાદી નેતા.

Gandhi Heritage Portal

થોડા શીખોમાં મર્યાદિત છે અને સામાન્ય શીખસમાજ પોતાને હિંદુ માને છે એ જાણીને મને જે આનંદ થયો છે એનાથી વધારે આનંદ બીજા કશાથી નહીં થાય. આર્યસમાજીઓ તરફથી મારી આવી જ વલે થઈ છે. મેં સહેજ જ એમને હિંદુસમાજનું અંગ કહ્યા તે પણ એમને ગમ્યું નહોતું. એક સજ્જનને મેં એમની લાગણી દુભાવવાના સહેજ પણ આશય વિના હિંદુ કહ્યા તો એમને ચાટકો ચડયો. તરત જ ક્ષમા માગીને મેં એમને ટાઢા પાડયા. કેટલાક જૈનોનો મારો અનુભવ આથી સારો નથી. મારા મહારાષ્ટ્રના પ્રવાસ દરમ્યાન ઘણા જૈનો પોતે હિંદુઓથી અલગ કોમ હોવાનું કહેનારા મને મળ્યા છે. જૈનો આવું શાથી કહે છે તે મને કદી સમજાયું નથી, કેમ કે જૈન ધર્મ, બૌદ્ધ ધર્મ અને હિંદુ ધર્મ વચ્ચે ઘણું સામ્ય છે. આર્યસમાજીઓનો વિરોધ હું કંઈક અંશે સમજી શકું કેમ કે એમને માઠું લગાડયા વિના જો કહેવાની છૂટ હોય તો હું કહું કે તેઓ મૂર્તિપૂજા અને પૌરાણિક સાહિત્યના કટ્ટા દુશ્મન છે અને વેદ, ઉપનિષદ સિવાય બીજા કોઈ શાસ્ત્રને માનતા નથી. પણ જૈન ધર્મ અને બૌદ્ધ ધર્મને હું જાણું છું ત્યાં સુધી હિંદુ ધર્મ સાથે આવી કોઈ તકરારો નથી. હકીકત એ છે કે બૌદ્ધ ધર્મ અને જૈન ધર્મ તો હિંદુ ધર્મમાં થયેલા ધરખમ સુધારા છે. બૌદ્ધ ધર્મે સાચી રીતે જ અંતઃકરણની પવિત્રતાનો આગ્રહ રાખ્યો. એણે જે કર્યું તે લોકોનાં હૃદયમાં સોંસરું ઊતરી ગયું. પોતે બીજાથી ચડિયાતા છે એવી મિથ્યાભિમાનની માન્યતાને એણે તોડી નાખી. તર્કશાસ્ત્ર કેટલે ઊંચે ઊડી શકે છે તે જૈન ધર્મે બતાવ્યું છે. સ્વયંસિદ્ધ સત્ય તરીકે એણે કશું જ સ્વીકાર્યું નથી અને આધ્યાત્મિક સત્યને બુદ્ધિની કસોટીએ ચડાવીને સાબિત કરવાનો તેણે પ્રયત્ન કર્યો છે. ધર્મસુધારણાની આ બે હિલચાલોએ સર્જેલા વિશાળ સાહિત્યને સમજવા આપણે પ્રયત્ન સરખો કર્યો નથી એમ મારું માનવું છે.

મારા વિચારો આવા હોવાથી હું આશા રાખું છું કે મારા શીખ મિત્રો એ વાતની કદર કરશે કે જો એમને મેં બિનહિંદુઓના વર્ગમાં મૂકયા હોય તો તેનું કારણ એ છે કે મારે એમની લાગણી સહેજ પણ દુભાવવી નહોતી અને મારી મરજી વિરુદ્ધ મેં એ પ્રમાણે કર્યું છે. શીખ રસોડાને લાગેવળગે છે ત્યાં સુધી એ એક ખતરાવાળી વસ્તુ છે, પછી શીખોને હિંદુ ગણો કે બિનહિંદુ ગણો. બહારના લોકોની આ બધી ઘૂસણખોરી—એને બીજું કોઈ નામ હું આપી શકતો નથી—રૂઢિચુસ્તોની આવી લાગણીનો કે દરબારની મુશ્કેલીનો વિચાર જ કરતી નથી. અને શીખ રસોડા વિષે હવે બધી માહિતી વધારે વિગતથી મારા જાણવામાં આવી એટલે મારે કહેવું પડે છે કે એનાથી કેરળના લોકોનું સ્વમાન હણાય છે. તેઓ કંઈ ભૂખે મરતા નથી જ. હું જો સ્વયંસેવક હોત તો બહારના હિંદુ કે બિનહિંદુને હાથે દાનથી અપાતું ભોજન સ્વીકારવા કરતાં ભૂખે મરવાનું વધારે પસંદ કરત. કેરળના લોકો પોતાના સ્વયંસેવકોના ભોજનનો પ્રબંધ કરશે જ એટલો વિશ્વાસ તો એમના પર મૂકવો જ જોઈએ.

## સદ્ગુણ દંડાયો

> દુકાન ન ચલાવવા માટે તથા દુકાન માટે વૃક્ષો છેદીને તેમાંથી તાડી ન કાઢવા માટે ઈજારદારે રજૂ કરેલી કેફિયત સંતોષકારક નથી. એનો ૫૦ રૂપિયા દંડ કરવામાં આવે છે.

મદ્રાસ ઈલાકામાં આવેલા નમકલના રેવન્યૂ ડિવિઝનલ ઑફિસરની કાર્યનોંધમાં ઉપર પ્રમાણે લખેલું છે. વાચક જાણે છે કે આ દુકાન એક દારૂનું પીઠું છે. ઈજારદારનું કહેવું એમ હતું

Gandhi Heritage Portal

કે "ગ્રાહકોએ તાડી ન પીવાનો નિશ્ચય કર્યો હોવાથી દુકાન ખુલ્લી રાખવામાં મને કશો લાભ જણાતો નથી. તેમ છતાં ઇજારાનો લાગો આપવા હું ખુશી છું." આ ખુલાસો સંતોષકારક નહોતો. વધારામાં તાડીનો ત્યાગ કરનારા ગ્રામવાસીઓ નશો નહીં કરવાના એમણે હમણાં કેળવેલા સદ્‌ગુણનો શોખ માણવા સરકારને આખા વરસના દારૂના ધંધામાંથી મળતી કરાર મુજબની નફાની રકમ આપવા તૈયાર હતા તે પણ પૂરતું ગણાયું નથી. કાયદો એમની વિરુદ્ધ હતો એટલે એ બને એવું નહોતું. આખી કાર્યવાહીની કાનૂની ચકાસણી કરવામાં આવે તો કદાચ એવો નતીજો નીકળે કે લાગતાવળગતા અધિકારીઓ બીજો ચુકાદો આપી જ ન શકે. વાંક એમનો નથી. ઇજારાની આ પ્રથા જ ખરાબ છે, કેમ કે એ પ્રથાનું મુખ્ય ધ્યેય લોકોના આત્મા કે શરીરનું સ્વાસ્થ્ય સાચવવાનું નહીં પણ મહેસૂલ મેળવવાનું છે. એવું ન હોત તો દારૂ અને અફીણનો વેપાર ક્યારનોયે ખતમ થઈ ગયો હોત. રાજકીય સુધારાનો લોકો પર એક ઉપકાર એ થયો છે કે દારૂ અને કેફી ઔષધોમાંથી થતી મહેસૂલી આવક આપણાં બાળકોની કેળવણી માટે ખાસ અલગ રાખવામાં આવી છે. હું આશા તો રાખું છું કે ગામના લોકોને અને ગરીબ બિચારા ઇજારદારને પોતે આદરેલા સુધારાના બદલામાં થતા તમામ પ્રકારના દંડો અને બીજી શિક્ષાઓ સામે ટકી રહેવાનું બળ મળી રહેશે.

### ખાદીની છત્રીઓ

એક ખાદીના ચુસ્ત હિમાયતી ભાઈ પૂછે છે કે છત્રીઓની બાબતમાં શું કરવું? છત્રીઓને હું પહેરવાનાં કપડાંમાં ગણતો નથી અને હું પોતે પરદેશી છત્રી વાપરતાં અચકાઉં નહીં. પરંતુ ખાદીની છત્રીઓ મેં જોઈ છે. હું એ પણ જાણું છું કે ખાદી પર વૉટર-પ્રૂફ રસાયણ ચોપડીને એને વૉટર-પ્રૂફ બનાવી શકાય છે. એ ક્રિયા ખરચાળ હોવાનો સંભવ છે, પણ દૃઢનિશ્ચયી માણસ ખર્ચની પરવા નહીં કરે. ગરીબ માણસની છત્રી કેવી હોય તે પણ હું જાણું છું. કેદીઓને છત્રી વાપરવાની છૂટ હોતી નથી. માત્ર કેદી વૉર્ડરો જ ખુલ્લામાં કામ કરવાનું હોય ત્યારે છત્રી ઓઢી શકે છે. યરવડા જેલમાં વરસાદથી બચવા માટે અમે એક ઘણું ઉપયોગી અને છત્રી કરતાં વધારે રક્ષણ આપે એવું સાધન વાપરતા. કોથળાનો એક ખૂણો બીજા ખૂણામાં ખોસી દઈ એ માથે ઓઢી લેતા.

પવિત્ર પોશાક તરીકે રેશમી મુકટા વાપરવા કે નહીં તેની પણ એ ભાઈને વિમાસણ છે. મારે મન ખાદી રેશમ કરતાં વધારે પવિત્ર છે, પછી એ રેશમ પરદેશી હોય કે દેશી. એનું કારણ એક જ છે કે રેશમ બનાવવા માટે માત્ર થોડાક હજાર માણસોની જરૂર પડે છે, જ્યારે સૂતર બનાવવામાં લાખો લોકોને ઉદ્યમ મળે છે. પરંતુ ચળવળ દેશી રેશમ વાપરવાની છૂટ તો આપે જ છે, તેમ છતાં રેશમી મુકટાને બદલે જાડા ઊનની ધાબળી વાપરી શકાય. એ બધી રીતે રેશમની ગરજ સારશે. હાથે કાંતેલું રેશમ સહેલાઈથી મળતું નથી અને રેશમનો તાંતણો પરદેશી છે કે દેશી એ ભાંજગડ તો હમેશાં રહેવાની જ.

### ધર્મની વિડંબના

દિલ્હીથી એક ભાઈ લખે છે:

રોહતક જિલ્લાના રોહદ ગામમાં ચમારોનાં લગભગ સાઠ ઘર છે. આ ચમારો બધા મજૂરો છે અને ગામની જમીનમાં એમને કશા માલિકીહક્ક નથી. ગામના તળાવમાં પાણી

Gandhi Heritage Portal

હતું ત્યાં સુધી તેઓ એ પાણી લેતા. પણ એ પાણી ખલાસ થતાં કૂવાનાં પાણી માટે એમને જમીનદારોની દયા પર નભવાનું થયું. જમીનદારો, બિચારા અસ્પૃશ્યોને કલાકો સુધી ટટળાવ્યા પછી જ પાણી આપવાની મહેરબાની કરે. આ હેરાનગતિથી બચવાનો કોઈ ઉપાય શોધવા થોડા વખત પર એક સમિતિ નીમવામાં આવી. એમાં એક ચમાર પણ હતો. આ સમિતિએ ઠરાવ્યું કે ચમારોએ પોતાને માટે કૂવામાંથી પાણી કાઢવા એક માળી રોકવો અને એને મહિને પંદર રૂપિયા આપવા. ચમારો એ કબૂલ કરવા તૈયાર થયા હતા, પણ હવે એમને લાગે છે કે આખરે તો આ એક ભારે બોજારૂપ અને અન્યાયી માસિક કર જ ગણાય, એટલે એ આપણે આપવો ન જોઈએ. આમાં શું થઈ શકે? પોતાનો જુદો કૂવો ખોદવા માટે જમીનનો ટુકડો માગવા ચમારોએ સરકારી અધિકારીઓ પાસે જવું? એમાં અસહકારનો બાધ ન આવે?

પુછાયેલા પ્રશ્નનો ઉત્તર બહુ જ સરળ છે. આ ચમારો અસહકારીઓ છે. એમને રાજકારણ સાથે લેવાદેવા નથી. પરંતુ ચુસ્તમાં ચુસ્ત અસહકારીને પણ ખાસ કારણસર સરકાર પાસેથી જમીન ખરીદવાની કે સંપાદન કરવાની મનાઈ નથી. બેશક એ આવું કામ જેટલું ઓછું કરે એટલું વધારે સારું. પરંતુ આની સામે કૉંગ્રેસના ઠરાવમાં પ્રતિબંધ નથી. એ ઠરાવની ભાવના સમજનાર અસહકારી નફો કરવા ખાતર સરકાર પાસેથી જમીન ન જ ખરીદે. પ્રસ્તુત કિસ્સામાં તો કુદરતે આપણા ઉપર લાદેલી જરૂરિયાતો માટે જ જમીન જોઈએ છે. એટલે ચમારો જો સરકાર પાસેથી કૂવો ખોદવા માટે જમીન મેળવી શકતા હોય તો હું તો માનું છું કે ગમે તેવા ચુસ્ત અસહકારીએ એ મેળવવામાં મદદ કરતાં અચકાવું ન જોઈએ.

પણ હું જે કામ લઈને બેઠો છું એમાં આ પ્રશ્નનો ઉત્તર આપવો એ તો એક મામૂલી ચીજ છે. પણ પોતાના જ ધર્મના અને પોતાની અનેક પ્રકારે સેવા કરી રહેલા માણસોને વખતસર પાણી આપવા જેટલી સભ્યતા અને સામાન્ય માણસાઈ જેમનામાં નથી એવા હિંદુ જમીનદારો વિષે મારે શું કહેવું? અને આ બધી હૃદયની કઠોરતા ધર્મને નામે ચાલે છે! જો ચમારોના વાપરવાથી એમનો કૂવો અભડાઈ જવાનો સંભવ હોય તો એ અલગતાનું સુખ ભોગવવા બદલ તેઓ પોતે જ માળીને પૈસા શા માટે નથી આપતા? કૂવો ખોદવા સારુ તેઓ જ ચમારોને જમીનનો ટુકડો શા માટે ન આપે? જમીનના ટુકડાની માગણી કરવા ચમારો જમીનદાર પાસે ગયેલા કે કેમ તે વિષે મારા પત્રલેખક મિત્રને માહિતી છે! જો એક પ્રતિનિધિમંડળ એમને મળે તો કદાચ તેઓ જમીન આપશે એટલું જ નહીં પણ પોતાને ખર્ચે કૂવો પણ ખોદાવી આપશે. આવો પ્રયાસ ન કર્યો હોય તો કરવો જોઈએ. સરકાર પાસેથી જમીન મેળવીને કદાચ તાત્કાલિક રાહત મળી જાય. પરંતુ અસ્પૃશ્યતા સામેની ઝુંબેશ તો હિંદુ ધર્મના એ કલંકને જડમૂળથી નાબૂદ કરવાનો પ્રયાસ છે. જુદા કૂવા ગમે તેટલા ખોદાવો તેથી કંઈ આ કલંક ભૂંસાવાનું નથી. એટલે હિંદુ સુધારકો સમક્ષ બેવડું કાર્ય પડેલું છે. પ્રથમ કાર્ય દુ:ખ વેઠી રહેલાં ભાંડુઓ માટે રાહત મેળવી આપવાનું અને બીજું પોતાના જ આપ્ત-જનોને અસ્પૃશ્ય ગણવાની દુષ્ટ અને જંગલી પ્રથામાં માનનારા લોકોને યોગ્ય સમજ આપીને તેમનું હૃદયપરિવર્તન કરાવવાનું.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २२-५-१९२४

Gandhi Heritage Portal

# ૫૫. સરોજિનીનું બાળકોને ભાષણ

નીચેનું ભાષણ[1] ડરબનના નાતાલ મર્ક્યુરીમાં પ્રસિદ્ધ થયું છે. યંગ ઇન્ડિયાના વાચકોને આ જરૂર રસપ્રદ લાગશે. મર્ક્યુરીએ એના પર લખેલી પ્રશંસાભરી નોંધ સાથે હું એ અહીં ઉતારું છું.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २२–५–१९२४

# ૫૬. ધારાસભાઓ અને અસહકાર

[મુંબઈ,]
મે ૨૨, ૧૯૨૪

મહાસભાના સભ્યોએ ધારાસભામાં દાખલ થવું કે નહીં એ વાદગ્રસ્ત પ્રશ્નની સ્વરાજ-પક્ષના મિત્રો જોડે પૂરી ચર્ચા કર્યા બાદ મને જણાવતાં દિલગીરી થાય છે કે સ્વરાજપક્ષના મિત્રો જોડે હું એકમત થઈ શક્યો નથી.[2] હું સૌ કોઈને ખાતરી આપું છું કે સ્વરાજપક્ષવાળા મિત્રોનું દૃષ્ટિબિંદુ સમજવા અને સ્વીકારવાની દિશાએ હૃદયપૂર્વક પ્રયત્ન કરવામાં મેં કશી કચાશ રાખી નથી. જો હું તેમનામાં સમાઈ શકું તો મારું કામ સાવ સરળ થઈ જાય એમ છે. વળી દેશના અત્યંત કીમતી અને માનવંતા આગેવાનોની સાથે માત્ર વિચારોમાં પણ મારે મતભેદ ઊભો થાય એ સ્થિતિ મને કોઈ દિવસ સુખદાયી ન જ હોય. આ દેશનેતાઓમાંના કેટલાકે દેશને ખાતર મહાત્યાગ કર્યો છે અને હિંદુસ્તાનની સ્વતંત્રતા માટેની તેમની દાઝમાં તેમનાથી કોઈ ચડી શકે એમ નથી. પણ તેમની જોડે સંમત થવાની મારી બધી ઉત્સુકતા અને બધા પ્રયત્નો છતાં તેમની દલીલો મારે ગળે ઊતરી નથી. અને આ અમારી વચ્ચેનો મતભેદ માત્ર ગૌણ વસ્તુઓનો કે વિગતોનો છે એમ પણ નથી. અમારી વચ્ચે નિખાલસ અને સિદ્ધાંતોનો જ મતભેદ છે એમ જોઉં છું.

મેં કલ્પેલા અસહકારમાં તો ધારાસભાપ્રવેશને સ્થાન નથી એ અભિપ્રાયને હું હજી જેવો ને તેવો વળગી રહું છું. અમારી વચ્ચેનો આ મતભેદ માત્ર અસહકારની વ્યાખ્યા કે અર્થ

૧. ભાષણ અહીં આપ્યું નથી. પોતાના ભાષણમાં સરોજિની નાયડુએ બાળકોને એવી શિખામણ આપી હતી કે તમે ગમે તે જાતિનાં હો તોપણ તમારે એકબીજાં પ્રત્યે સદ્ભાવ રાખવો. ભાષણ સમાપ્ત કરતાં એમણે કહ્યું હતું: "તમારે એમ કહેવું જોઈએ કે 'જે દેશમાં જાતિ જાતિ વચ્ચે ભેદભાવ પ્રવર્તે છે અને જ્યાં ધિક્કાર અને એકલપેટાપણાની બોલબાલા છે એવા દેશમાં અમે રહેવા માગતાં નથી.' જ્યારે તમે આખી દુનિયા પ્રત્યે સ્નેહ રાખતાં થશો ત્યારે આખી દુનિયા શાંતિ અને આનંદથી ઊભરાઈ જશે."

૨. ગાંધીજી, મોતીલાલ નેહરુ અને સી. આર. દાસ વચ્ચે આખા અઠવાડિયા સુધી ચાલેલી મસલતોમાં કોઈ નિર્ણય થઈ શક્યો નહોતો, એટલે ગાંધીજીએ એસોસિયેટેડ પ્રેસ ઑફ ઇન્ડિયાને આ નિવેદન આપ્યું હતું. સ્વરાજપક્ષવાળાઓના નિવેદન માટે જુઓ પરિશિષ્ટ ૨.

Gandhi Heritage Portal

કરી બતાવવાના ભેદોનો છે એવું પણ નથી. અસહકારીએ સ્વીકારવાની દૃષ્ટિ અગર વૃત્તિને લગતો આ મતભેદ છે જેને પરિણામે આજે દેશ આગળ રહેલા મુદ્દાના પ્રશ્નોના ઉકેલમાં ફેર પડે છે. અસહકારની લડતના ત્રિવિધ બહિષ્કારની સફળતા-નિષ્ફળતાનો ન્યાય પણ પ્રત્યક્ષ પરિણામો સામે જોઈને નહીં પણ આ મનોવૃત્તિની દૃષ્ટિએ જ થવો ઘટે. અને એ દૃષ્ટિએ જ મારું કહેવું છે કે ધારાસભાઓમાં જવું તે કરતાં ધારાસભાઓની બહાર રહેવું એ દેશને સારુ ઘણું જ વધારે લાભકર્તા છે. આમ છતાં હું આ વાત સ્વરાજપક્ષના મિત્રોને ગળે ઉતારી શક્યો નથી. અને હું જોઈ શકું છું કે જ્યાં સુધી એઓ એથી ઊલટી માન્યતા ધરાવે છે ત્યાં સુધી તેઓનું સ્થાન અવશ્ય ધારાસભાઓમાં છે; અને આપણે બધાને સારુ એ જ ઈષ્ટ છે.

સ્વરાજપક્ષની જોડેની મારી વાતો દરમિયાન દલીલોથી હું તેમને સમજાવી લઉં એવી આશા થોડી જ હતી. તેમનામાંના ઘણા દેશના સમર્થમાં સમર્થ, અનુભવીમાં અનુભવી અને નિખાલસ દેશભક્તો છે. પૂરો વિચાર કરી લીધા વગર તેઓ ધારાસભાઓમાં ગયા નથી. આ સ્થિતિમાં જ્યાં સુધી તેમને પ્રત્યક્ષ અનુભવ દ્વારા પોતાની પદ્ધતિની નિષ્ફળતા માલૂમ નથી પડી ત્યાં સુધી તેઓ પાછા ફરે એવી અપેક્ષા રાખવી નિરર્થક છે.

તેથી દેશ આગળ અત્યારે એ સવાલ નથી કે સ્વરાજપક્ષના અને મારા દૃષ્ટિબિંદુના ગુણ-દોષ તપાસીને તે ઉપર સર્ટિફિકેટ આપવાં. સવાલ એ છે કે ધારાસભાઓમાં જનારા ગયા એ વાતને કાયમની ગણીને હવે આગળ શું કરવું? શું અસહકારીઓએ સ્વરાજપક્ષની રીતોનો વિરોધ કર્યા કરવો? કે તેમણે તેમના તરફ ઉદાસીન રહેવું અને જ્યાં જ્યાં શક્ય હોય અગર તો પોતાના સિદ્ધાંતોને બાધ ન આવતો હોય ત્યાં તેમને મદદ સુધ્ધાં કરવી?

દિલ્હી અને કોકોનાડાની મહાસભાઓએ જે મહાસભાના સભ્યોને તેમનો અંતરાત્મા ન ડંખતો હોય તેમને ધારાસભાઓમાં અને તેઓ ઇચ્છે તો વડી ધારાસભામાં પણ જવાની છૂટ મેલી છે. આ સ્થિતિમાં જો સ્વરાજવાદીઓ ધારાસભાઓમાં ગયા હોય અને પોતાના તરફ અસહકારીઓ સંપૂર્ણ મૌન જાળવે એવી અપેક્ષા રાખતા હોય તો મને લાગે છે કે તેમ કરવાનો તેમને પૂરો હક છે. વળી ધારાસભાઓમાં જઈને જો તેઓ ત્યાં વિરોધનીતિ અખત્યાર કરે તો તેમ કરવાનો પણ તેમને તેટલો જ હક છે; કારણ કે મહાસભાએ કંઈ તેમની પદ્ધતિઓને વિષે શરતો મૂકી નહોતી. જો ધારાસભાઓમાં સ્વરાજપક્ષનું કાર્ય જામશે અને દેશને તેમાંથી પ્રત્યક્ષ લાભ થયેલો પુરવાર થશે તો એવો પ્રત્યક્ષ દાખલો મારા જેવા અશ્રાદ્ધાળુઓને પોતાની ભૂલ દેખાડશે. એથી ઊલટું, જો સ્વરાજપક્ષને પ્રત્યક્ષ અનુભવ થયે પોતાનો ભ્રમ ભાંગી ગયો એવું માલૂમ પડે તો નિખાલસપણે પાછા વળે એટલા શુદ્ધ દેશભક્તિપ્રેરિત તેઓ છે એમ હું માનું છું. તેથી હું એમના માર્ગમાં કશાં વિઘ્નો નાખવાનું અગર તો તેમના ધારાસભાપ્રવેશ સામે ચળવળ કરવાનું ન જ કરું, જોકે હું જે વસ્તુમાં માનતો ન હોઉં તેમાં કશી પ્રત્યક્ષ મદદ કરવાનું મારાથી ન બને. દિલ્હી અને કોકોનાડાના ઠરાવોનો હેતુ ધારા-સભાઓનો ઇલાજ અજમાવી જોવાની તક સ્વરાજવાદીઓને આપવાનો હતો અને નાફેર-વાદીઓ શુદ્ધ દાનતથી સ્વરાજપક્ષના માર્ગમાં કશાં વિઘ્ન ન નાખતાં તેમને તેમનો આખો કાર્યક્રમ અજમાવી જોવાની પૂરેપૂરી સ્વતંત્રતા આપે તો જ એ હેતુ સફળ થઈ શકે.

ધારાસભાઓમાં કામ કરવાની પદ્ધતિને વિષે તો મારું એમ માનવું છે કે હું પોતે ધારા-સભામાં તો જ જાઉં જો મને એમ લાગે કે તેમાંથી દેશને સારુ કંઈક લાભ ઉપજાવી શકીશ. એટલે હું જો ધારાસભામાં જાઉં તો બધી જ બાબતોમાં વિરોધની નીતિનું અનુસરણ ન કરતાં

Gandhi Heritage Portal

મહાસભાના રચનાત્મક કાર્યક્રમને મજબૂત કરવાનો પ્રયત્ન કરું. એટલે કે હું એવા ઠરાવ મૂકું કે જેથી પ્રાંતિક અથવા વડી જ્યાં હોઉં ત્યાંની સરકાર પોતપોતાને ત્યાં નીચેનાં કામ કરે:

૧. બધાં સરકારી ખાતાંઓને સારુ જોઈતા તમામ કાપડમાં શુદ્ધ હાથકંતામણ અને હાથવણાટની ખાદી જ ખરીદ કરવામાં આવે.

૨. બધા પરદેશી કાપડ ઉપર તે આવતું અટકે એટલી હદ સુધીની જકાત નાખવામાં આવે.

૩. દારૂ, અફીણ ઈત્યાદિ કેફી ચીજોમાંથી કરવામાં આવતી ઊપજ સાવ બંધ પડે અને

૪. લશ્કરી ખર્ચમાં તેટલી રકમનો ઘટાડો તો ઓછામાં ઓછો કરવામાં આવે જ.

આવા ઠરાવો ધારાસભાઓમાં પસાર થવા છતાં જો સરકાર તેનો અમલ કરવાની ના પાડે તો હું તેને ધારાસભાઓ બરખાસ્ત કરવાને કહું અને તે તે મુદ્દાઓ પર મતદારોના મત લેવા સૂચવું. જો સરકાર ધારાસભા બરખાસ્ત ન કરે તો હું મારી જગ્યાનું રાજીનામું આપી દેશને સવિનયભંગને સારુ તૈયાર કરવા નીકળી પડું.

જ્યારે આવી સ્થિતિ આવી લાગી ત્યારે સ્વરાજપક્ષના મિત્રો જોશે કે હું તેમની સાથે અને તેમના હાથ નીચે કામ કરવા તૈયાર હોઈશ. સવિનયભંગની તૈયારીની મારી શરતો પહેલાં હતી તે જ આજે પણ કાયમ છે.

આ કસોટીની મુદત દરમિયાન નાફેરવાદીઓને મારી એવી સલાહ છે કે સ્વરાજપક્ષવાળા ધારાસભાઓમાં શું કરે છે અથવા બોલે છે તેની દુગ્ધામાં ન પડતાં તેમણે અખંડ પરિશ્રમ અને એકાગ્રપણે રચનાત્મક કાર્યક્રમને પાર પાડવામાં પરોવાઈ જવું ને પોતાની શ્રદ્ધા સાચી છે એમ સિદ્ધ કરી બતાવવું. હાલ તો ખાદી અને રાષ્ટ્રીય શાળાઓનાં કામ જ શાંત, પ્રામાણિક અને મૂંગી સેવામાં માનનાર એકેએક કાર્યકર્તાને રોકી રાખવાને સારુ બસ છે. હિંદુમુસલમાન સવાલના ઉકેલ પાછળ પણ આજે કાર્યકર્તાઓની સમગ્ર શક્તિ અને શ્રદ્ધાની કસોટી થાય એમ છે. અસ્પૃશ્યતાનો વિકટ પ્રશ્ન તો હિંદુઓની સામે ઊભો છે જ. નાફેરવાદીઓનો ધારાસભાપ્રવેશ સામેનો વિરોધ તો ત્યારે જ વાજબી ઠરે જ્યારે તેઓ રચનાત્મક કાર્યક્રમને પોતાના પરિશ્રમથી સફળ કરી બતાવે; તે જ પ્રમાણે ફેરવાદીઓનો ધારાસભાપ્રવેશનો આગ્રહ પણ તેમના કાર્યના પ્રત્યક્ષ ફળની ગણતરી પરથી જ વાજબી ઠરી શકે.

એક રીતે જોતાં નાફેરવાદીઓની સ્થિતિ ચઢિયાતી છે, કારણ તેઓ ફેરવાદીઓનો સહકાર મેળવી શકે એમ છે. ફેરવાદીઓ કહેતા આવ્યા છે કે રચનાત્મક કાર્યક્રમમાં પોતાનો વિશ્વાસ છે, માત્ર તેમનું કહેવું છે કે એકલા રચનાત્મક કાર્યથી દેશને તેના ધ્યેય સુધી આપણે પહોંચાડી શકીશું નહીં. આમ ધારાસભાઓની બહાર રચનાત્મક કાર્યક્રમ ચલાવવાના કામમાં તો નાફેરવાદીઓ, ફેરવાદીઓ અને બીજા બધા જો ધારે તો પોતપોતાનાં મંડળો દ્વારા સંપૂર્ણ સહકારપૂર્વક એકસાથે મળીને કામ કરી શકે છે.

એક વાત રહે છે. મહાસભાનો કારોબાર કઈ ઢબે ચલાવવો એ બાબતનો વિચાર કર્યા વિના મારું આ નિવેદન અપૂર્ણ ગણાય. આ વિષય પર હું ચોક્કસ અને નિર્ણયાત્મક વિચારો ધરાવું છું. પણ તે પ્રગટ કરવાનું આ ઘડીએ બની શકે તેમ નથી; જલદી જ તે વિચારો પ્રજા સમક્ષ રજૂ કરવાની હું ઉમેદ રાખું છું.

[મૂળ અંગ્રેજી]

હિન્દુ, ૨૩–૫–૧૯૨૪

ભાષાંતર : નવજીવન, ૨૫–૫–૧૯૨૪

Gandhi Heritage Portal

## ૫૭. વસુમતી પંડિતને પત્ર

વૈશાખ વદ ૫ [મે ૨૩, ૧૯૨૪][1]

ચિ. વસુમતી,

તમારો કાગળ મળ્યો. અહીં રહ્યાં જ છો એટલે તો આવી જજો. ને તુરત જાઓ તો જરૂર નથી. દેવલાલીથી તબિયત ખૂબ સુધાર્યા પછી જ આવવાનો વિચાર કરજો.

બાપુના આશીર્વાદ

ચિ. બહેન વસુમતી
દોલતરાય કાશીરામની કું.
રાવલ બિલ્ડિંગ,
લેમિંગ્ટન રોડ,
મુંબઈ

[મૂળ ગુજરાતી]

મૂળ પત્ર પરથી : સી. ડબલ્યુ. ૪૪૨; શ્રીમતી વસુમતી પંડિતના સૌજન્યથી

## ૫૮. મંત્રીને સૂચના

[મે ૨૩, ૧૯૨૪ કે તે પછી][2]

તાર કરો : "નહીં જ આપું."

[મૂળ અંગ્રેજી]

મુસદ્દાની છબી પરથી : એસ. એન. ૧૦૩૨૮

૧. પોસ્ટની છાપમાં ૨૪-૫-૧૯૨૪ની તારીખ છે. જોકે પત્ર તો વૈશાખ વદ ૫ એટલે ૧૯૨૪ના મેની ૨૩મીએ લખાયો હતો.

૨. દીપક ચોધરી તરફથી ૧૯૨૪ના મેની ૨૩મીએ મળેલા એક તાર ઉપર આ સૂચના લખી હતી. તાર આ પ્રમાણે હતો : "જો બા હા પાડે તો 'તારકેશ્વર સત્યાગ્રહ'માં જોડાવાની મને સગીરને આપ રજા આપશો."

Gandhi Heritage Portal

## ૫૯. જી. વી. સુબ્બારાવને પત્ર

મે ૨૪, ૧૯૨૪

ભાઈશ્રી સુબ્બારાવ,

શ્રીયુત અરવિંદ ઘોષના[1] વિચારો મારા પુત્ર મારફત [મેં જાણ્યા છે]. એ એમને ખાસ મળવા ગયો હતો અને ત્યાર પછી શ્રી દાસ મારફત પણ એમના વિચારો મેં જાણી લીધા છે. આપણો પાયો આધ્યાત્મિક હોવો જોઈએ એ વાત હું કબૂલ રાખું છું. અને મારી પોતાની નમ્ર રીતે હું મારી દરેક પ્રવૃત્તિ આધ્યાત્મિક દૃષ્ટિબિંદુથી ચલાવવાનો પ્રયત્ન કરી રહ્યો છું.

તમારો સહૃદયી

**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]

મૂળ પત્રની છબી પરથી : જી. એન. ૩૬૨૩

## ૬૦. અલી હસનને પત્ર[2]

અંધેરી,

મે ૨૪, ૧૯૨૪

પ્રિય શ્રી હસન,

તમારા પત્ર બદલ આભારી છું. અસહકારનું કામ કરીને મુસલમાનોએ ખોટ ખાધી છે એવી તમારી માન્યતા મને મંજૂર નથી. રાજ્ય ચલાવવાની આવડતમાં હિંદુઓ કરતાં મુસલમાનો ચડિયાતા છે એ અભિપ્રાય પણ મને મંજૂર નથી.[3] આમ આ પ્રશ્ન વિષે મારા વિચારો મારાં લખાણોમાં વખતોવખત રજૂ થતા રહેલા છે.

તમારો સહૃદયી

**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]

છાપાની કાપલીની માઇક્રોફિલ્મ પરથી : એસ. એન. ૧૦૪૬૯

૧. ૧૮૭૨–૧૯૫૦; યોગી, કવિ અને તત્ત્વવેત્તા. ૧૯૧૦માં પોંડીચેરીમાં જઈને વસ્યા.

૨. પટનાના અલી હસન, બાર-ઍટ-લૉના ૧૯૧૪ના મેની ૧૫મીના ખુલ્લા પત્રના જવાબમાં આ પત્ર લખાયો હતો. એમણે લખ્યું હતું કે અસહકારની ચળવળે મુસલમાનોનું તથા અલીગઢ યુનિવર્સિટી વગેરે જેવી એમની સંસ્થાઓનું સત્યાનાશ વાળ્યું છે. એમણે ગાંધીજીને ચળવળ પડતી મૂકવાની, હિંદુઓને મુસલમાનો સાથે સારો વર્તાવ રાખવાની તથા તેમની એકંદર સરસાઈ સ્વીકારવાની શિખામણ આપવાની વિનંતી કરી હતી. અલી હસને આ પત્રવ્યવહાર ન્યૂ ઇન્ડિયાને પ્રગટ કરવા મોકલ્યો હતો.

૩. અંગ્રેજીમાં અહીં ‘છે’ એવો અર્થ નીકળે છે. પણ મૂળ પત્રમાં ‘Not’ શબ્દ રહી ગયેલો. તે ભૂલ ગાંધીજીએ પાછળથી સુધારેલી. જુઓ “નોંધ”, ૧૦–૭–૧૯૨૪.

Gandhi Heritage Portal

## ૬૧. ઘનશ્યામદાસ બિરલાને પત્ર

વૈશાખ વદ ૬
શનિવાર [મે ૨૪, ૧૯૨૪][1]

ભાઈશ્રી ઘનશ્યામદાસજી,

અહીં રહેતા મહારો કહે છે કે તમે એ લોકોને હું સંમત થાઉં તો મંદિર અને ધર્મશાળા બાંધવા સારુ રૂ. ૩૦,૦૦૦ આપવાનું વચન આપ્યું છે, તો શું તમે એ લોકોને એવું કશું કહ્યું છે? એમના આગેવાનનું નામ શ્રી ભોંસલે છે.

તમારો
મોહનદાસ ગાંધી

તા. ક:

જવાબ સાબરમતી મોકલજો. હું ગુરુવારે ત્યાં પહોંચી જઈશ.

[મૂળ હિંદી]

મૂળ પત્ર પરથી: સી. ડબલ્યુ. ૬૦૪૬; શ્રી ઘનશ્યામદાસ બિરલાના સૌજન્યથી

## ૬૨. મારી પ્રાર્થના

આવતે અઠવાડિયે[2] હું સત્યાગ્રહ આશ્રમમાં પહોંચી ગયો હોઈશ. મારે દિલગીરીની સાથે લખવું પડે છે કે અવાજો સહન કરવાની, મેળાવડાઓમાં જવાની, ભાષણો કરવાની શક્તિ હજુ મારામાં નથી આવી. હરવાફરવાનું પણ અમુક હદ સુધી જ થઈ શકે છે. આવી સ્થિતિમાં હું ઘણાં ભાઈબહેનોને મળી શકું એવી આશા હાલ મારે અને તેઓએ છોડી દેવી જોઈએ. હું જાણું છું કે ઘણાં ભાઈબહેનો મને મળવા આતુર છે. જેટલાં તેઓ છે તેટલો જ હું તેમને મળવા આતુર છું. પણ હાલ તુરત આપણે બંનેએ સંયમ પાળવો પડશે. તેથી સૌ ભાઈબહેનો હાલ એમ જ માને કે મેં હજુ ગુજરાતમાં પ્રવેશ જ નથી કર્યો. જેમ જૂહુમાં[3] હું હવાફેર કરવા રહ્યો છું તેવી જ રીતે આશ્રમમાં હવાફેર કરવા ગયો છું એમ સૌ માને. આટલી દયા સૌ ભાઈબહેનો મારા ઉપર કરશે તો હું કંઈક શાંતિ મેળવી શકીશ ને

૧. આ પત્ર જૂહુથી લખાયો હતો, માંદગી પછીનો આરામ લેવા ગાંધીજી ત્યાં રહ્યા હતા. તાજા કલમમાં લખ્યા મુજબ તેઓ ગુરુવાર, ૧૯૨૪ના મેની ૨૯મીએ સાબરમતી પહોંચ્યા હતા. ૧૯૨૪માં વૈશાખ વદ ૬ મેની ૨૪મીએ હતી.

૨. ગાંધીજીને ૧૯૨૨ના માર્ચની ૧૦મીએ પકડવામાં આવ્યા હતા. ૨૬ મહિના પછી તેઓ ૧૯૨૪માં મેની ૨૯મીએ આશ્રમમાં પાછા આવ્યા હતા.

૩. ગાંધીજી યરવડા જેલમાંથી ૧૯૨૪ના ફેબ્રુઆરીની ૫મીએ છૂટયા પછી મુંબઈના જૂહુ નામના પરામાં માર્ચ ૧૧થી મે ૨૮ સુધી રહ્યા હતા.

Gandhi Heritage Portal

મારા ઉપર રહેલો કામનો બોજો ઊંચકી શકીશ. મારી પાસે જેટલી શક્તિ છે તેટલી **નવજીવન** અને **યંગ ઇન્ડિયા**નું[1] તંત્ર ચલાવવામાં લગભગ ખપી જાય છે. બાકીનામાં ભાગ્યે મારા પત્ર-વહેવારને હું પહોંચી વળી શકું છું. સોમવાર અને બુધવારનું[2] મૌન તો હું પાળી જ રહ્યો છું. તે દિવસો છાપાંઓને સારુ લખવામાં ગાળું છું. તેથી તે દિવસોએ તો કોઈને પણ મળવા હું ન જ ઇચ્છું. બીજા દિવસોમાં જેમ જૂહુમાં રાખ્યું છે તેમ ભાઈબહેનોને મળવાનું સાંજના ચારથી છ લગી રાખવા ધાર્યું છે. બીજા દિવસોમાં પણ સવારનો સમય મૌન જાળવવા ઇચ્છું છું. આમ નથી કરતો તો અનાયાસે કોઈ મળવા આવે છે તેમને હું નિરાશ નથી કરી શકતો, ને એ પ્રમાણે અનુકૂળ થતાં હું મારા કામને પહોંચી શકતો નથી.

ઉપર પ્રમાણે નિયમ જુલાઈ માસની આખર સુધી તો ચોક્કસપણે પાળવાની ઇચ્છા છે. પછીનો આધાર મારી તબિયતની સ્થિતિ ઉપર ને કામના ભરાવા ઉપર રહેશે.

આટલી પ્રાર્થના મારી શારીરિક સુખાકારીને અંગે.

બીજી પ્રાર્થના આપણા દેશકાર્યને અંગે છે. કરવાનું ઘણું બાકી છે. તે વિષે વાતો હું **નવજીવન** દ્વારા કરી રહ્યો છું. પણ એક ચીજ તો માગી લઉં? હજુયે મારે નસીબે ગુજરાતી-ઓનાં શરીર ઉપર પરદેશી કાપડ જોવાનું રહ્યું છે શું? ખાદીમય ગુજરાત જોવાનો અવસર નહીં આવે? વલ્લભભાઈએ દસ લાખ રૂપિયાની થેલીની યોજના ઘડી છે. ગુજરાતને ખાદીમય કરવાની યોજના નહીં ઘડે? મને કોઈ પૂછે કે "ગુજરાત એક કરોડ રૂપિયા તને આપે એ તું પસંદ કરે કે ગુજરાત ખાદીમય બને એ પસંદ કરે?" તો હું તુરત વગરવિલંબે જવાબ આપું, "કરોડ રૂપિયા લેવા કરતાં ગુજરાત ખાદીમય બને એ જોવા ઇચ્છું."

મુંબઈ છોડવાનો દિવસ હું જાહેર કરવા ઇચ્છતો નથી. તે જાણવાની જિજ્ઞાસા કોઈ ન રાખે; અને જાણી જાય તે સ્ટેશન ઉપર ટોળાબંધ ભેળા ન થાય એ હું માગું છું. સ્ટેશન પર આવવા કરતાં સહુ કાંતવામાં ગૂંથાઈ રહે તો કેટલું સૂતર પેદા થઈ શકે? આપણા બચતા વખતનો અરધો ભાગ આપણે કાંતવામાં ગાળીએ તો હિંદુસ્તાનને જોઈતું સૂતર રમતવાતમાં પેદા થાય.

## સહેલો હિસાબ

જણ દીઠ કપડાંની હાજત સરેરાશ તેર વારની દર વર્ષે આવે છે. આટલા કાપડનું વજન ત્રણ શેર થાય એમ માનો. આટલું સૂતર તો એક માણસ હમેશાં અરધો કલાક કાંતે તોયે સહેજે ઉત્પન્ન કરી શકે. એટલે અરધી વસ્તી એક જ કલાક કાંતે તો આખા દેશને સૂતર પૂરું પાડે. સ્ટેશનો ઉપર આવવાની મહેનત લેવાને બદલે મનને રોકી ભાઈબહેનો તેટલો વખત કાંતવામાં ગાળે જ એવી આશા હું રાખું?

[મૂળ ગુજરાતી]

**નવજીવન**, ૨૫–૫–૧૯૨૪

૧. ગાંધીજીએ ૧૯૨૪ના એપ્રિલના પહેલા અઠવાડિયામાં આ બંને સાપ્તાહિકોનું તંત્રીપદ પાછું સંભાળ્યું હતું.

૨. ૧૯૨૪ના માર્ચની ૧૭મીથી ગાંધીજીએ દરેક સોમવારે મૌન પાળવાનું વ્રત પાછું ચાલુ કરી દીધું હતું. ૧૯૨૪ના એપ્રિલની ૫મીથી તેમણે બુધવારના દિવસોએ પણ મૌન પાળવાનું વ્રત શરૂ કર્યું હતું.

Gandhi Heritage Portal

# ૬૩. બ્રહ્મચર્ય

આ વિષય ઉપર લખવું સહેલું નથી. પણ મારો પોતાનો અનુભવ એટલો વિશાળ છે કે તેમાંનાં થોડાં બિંદુ વાંચનારને આપવાની ઇચ્છા રહ્યા કરે. મારી પાસે આવેલા કેટલાક પત્રોએ તે ઇચ્છામાં વધારો કર્યો છે.

એક ભાઈ પૂછે છે: બ્રહ્મચર્ય એટલે શું? તેનું સંપૂર્ણ પાલન શું શક્ય છે? જો શક્ય હોય તો તમે તેવું પાલન કરો છો?

બ્રહ્મચર્યનો પૂરો ને બરોબર અર્થ બ્રહ્મની શોધ. બ્રહ્મ સૌમાં વસે છે એટલે તે શોધ અંતર્ધ્યાન ને તેથી નીપજતા અંતર્જ્ઞાનથી થાય. એ અંતર્જ્ઞાન ઇન્દ્રિયોના સંપૂર્ણ સંયમ વિના અશક્ય છે. તેથી સર્વ ઇન્દ્રિયોનો મનથી, વાચાથી ને કાયાથી સર્વક્ષેત્રે સર્વકાળે સંયમ તે બ્રહ્મચર્ય.

આવા બ્રહ્મચર્યનું સંપૂર્ણ પાલન કરનાર સ્ત્રી કે પુરુષ કેવળ નિર્વિકારી હોય. તેથી એવાં સ્ત્રીપુરુષ ઈશ્વરની સમીપ વસે છે; તે ઈશ્વર જેવાં છે.

આવા બ્રહ્મચર્યનું મન, વાચા ને કાયાથી અખંડિત પાલન શક્ય છે એ વિષે મને શંકા નથી. મને કહેતાં દિલગીરી થાય છે કે એવી સંપૂર્ણ બ્રહ્મચર્યની દશાને હું પહોંચ્યો નથી. પહોંચવાનો મારો પ્રયત્ન પ્રતિક્ષણ ચાલ્યા જ કરે છે. આ જ દેહે એ સ્થિતિને પહોંચવાની આશા મેં છોડી નથી. કાયા ઉપર મેં કાબૂ મેળવ્યો છે. જાગ્રત અવસ્થામાં હું સાવધાન રહી શકું છું. વાચાનો સંયમ ઠીક પાળતાં શીખ્યો છું. વિચાર ઉપર મારે હજુ બહુ કાબૂ મેળવવાનો બાકી છે. જે વખતે જેના વિચાર કરવા હોય તે વખતે તે જ વિચાર આવવાને બદલે બીજા પણ આવે. તેથી વિચારો વચ્ચે દ્વન્દ્વ ચાલ્યા જ કરે.

છતાં જાગ્રત અવસ્થામાં હું વિચારોને એકબીજા સાથે અથડાતા રોકી શકું છું. મેલા વિચારો તો ન જ આવે એવી સ્થિતિ ગણી શકાય. પણ નિદ્રાવસ્થામાં વિચાર ઉપર મારો કાબૂ ઓછો છે. નિદ્રામાં અનેક પ્રકારના વિચારો આવે, ન ધારેલાં સ્વપ્નાં પણ આવે, ને કોઈ વેળા આ જ દેહે કરેલી વસ્તુઓની વાસના પણ જાગે. તે વિચાર જ્યારે મેલા હોય ત્યારે સ્વપ્નદોષ પણ થાય. આ સ્થિતિ વિકારી જીવનને જ હોઈ શકે.

મારા વિચારના વિકારો ક્ષીણ થતા જાય છે પણ નાશ નથી પામ્યા. જો હું વિચારો ઉપર સામ્રાજ્ય મેળવી શક્યો હોત તો છેલ્લાં દસ વરસ દરમિયાન જે ત્રણ દર્દો પાંસળાંનો વરમ, મરડો ને "ઍપેન્ડિક્સ"નો[1] વરમ મને થયાં તે ન જ થાત. હું માનું છું કે નીરોગી આત્માનું શરીર પણ નીરોગી હોય. એટલે જેમ આત્મા નીરોગી — નિર્વિકારી — થતો જાય તેમ તેમ શરીર પણ નીરોગી થતું જાય. આનો અર્થ એવો નથી કે નીરોગી શરીર એટલે બળવાન શરીર. બળવાન આત્મા ક્ષીણ શરીરમાં જ વસે છે. જેમ આત્મબળ વધે તેમ શરીરક્ષીણતા વધે.

૧. ગાંધીજીને ઑક્ટોબર ૧૯૧૪માં પ્લુરસીની, ઑગસ્ટ ૧૯૧૮માં મરડાની અને જાન્યુઆરી ૧૯૨૪માં ઍપેન્ડિક્સની માંદગી આવી હતી.

Gandhi Heritage Portal

સંપૂર્ણ રીતે નીરોગી શરીર ઘણું ક્ષીણ હોઈ શકે. બળવાન શરીરમાં ઘણે ભાગે રોગ તો હોય જ. રોગ ન હોય તોપણ તે શરીર ચેપો વગેરેનો ભોગ તુરત થાય, જ્યારે સંપૂર્ણ રીતે નીરોગી શરીરને ચેપ લાગી જ ન શકે. શુદ્ધ લોહીમાં એવા જંતુને દૂર રાખવાનો ગુણ હોય છે.

આવી અદ્‌ભુત દશા દુર્લભ તો છે જ. નહીં તો હું તેને પહોંચી વળ્યો હોત. કેમ કે મારો આત્મા સાક્ષી પૂરે છે કે એ સ્થિતિ મેળવવાને સારુ જે કંઈ ઉપાયો લેવા જોઈએ તે લેવામાં હું પાછળ રહું એમ નથી. એવી એક પણ બાહ્ય વસ્તુ મને તેનાથી દૂર રાખવા સમર્થ નથી. પણ પૂર્વના સંસ્કાર ધોવા એ કંઈ સૌને સહેલું નથી હોતું. આમ વિલંબ થાય છે છતાં હું મુદ્દલ હાર્યો નથી. કેમ કે નિર્વિકારી દશાની કલ્પના હું કરી શકું છું, તે ઝાંખી ઝાંખી જોઈ પણ શકું છું. ને જેટલી પ્રગતિ મેં કરી છે તે મને નિરાશ કરવાને બદલે આશાવાન બનાવે છે. છતાં મારી આશા ફળીભૂત થયા વિના દેહ પડે તોયે હું મને નિષ્ફળ થયો ન માનું. જેટલો વિશ્વાસ મને આ દેહની હસ્તી વિષે છે તેટલો જ મને પુનર્જન્મને વિષે છે. તેથી હું જાણું છું કે અલ્પ પ્રયત્ન પણ ફોકટ નથી જતો.

આટલું આત્માનુભવનું વર્ણન કરવાનું કારણ એટલું જ કે જેઓએ મને કાગળો લખ્યા છે તેઓને અને તેમના જેવા બીજાઓને ધીરજ રહે ને આત્મવિશ્વાસ આવે. બધાનો આત્મા એક જ છે. બધાના આત્માની શક્તિ સરખી છે. માત્ર કેટલાકની શક્તિ પ્રગટ થઈ છે, બીજાની પ્રગટ થવાની બાકી છે. પ્રયત્ને તેને પણ તે અનુભવ મળે જ.

આટલે લગી મેં વિશાળ અર્થવાળા બ્રહ્મચર્યની વાત કરી. બ્રહ્મચર્યનો લૌકિક અથવા પ્રચલિત અર્થ તો એટલો જ માનવામાં આવે છે કે વિષયેન્દ્રિયનો મનવચનકાયાથી સંયમ. એ અર્થ વાસ્તવિક છે. કેમ કે તેનું પાલન કરવું ઘણું મુશ્કેલ મનાયું છે. સ્વાદેન્દ્રિય-સંયમ ઉપર એટલો જ ભાર નથી મુકાયો, તેથી વિષયેન્દ્રિય-સંયમ વધારે મુશ્કેલ બન્યો છે, લગભગ અશક્ય જેવો થઈ ગયો છે. વળી રોગથી અશક્ત થઈ ગયેલા શરીરમાં હમેશાં વિષયવાસના વધારે રહે છે એવો વૈદ્યોનો અનુભવ છે તેથી પણ આ રોગગ્રસ્ત પ્રજાને બ્રહ્મચર્ય કઠિન લાગે છે.

હું ઉપર ક્ષીણ પણ નીરોગી શરીર વિષે લખી ગયો છું તેનો એવો અર્થ કોઈ ન કાઢે કે શરીરબળ કોઈએ કેળવવું જ નહીં. મેં તો સૂક્ષ્મતમ બ્રહ્મચર્યની વાત મારી અતિ પ્રાકૃત ભાષામાં લખી છે. તેથી કદાચ ગેરસમજ થાય. જેને સર્વેન્દ્રિયનો સંપૂર્ણ સંયમ પાળવો છે તેણે છેવટે શરીરક્ષીણતાને વધાવ્યે જ છૂટકો છે. જ્યારે શરીર ઉપર મોહ અને મમતા ક્ષીણ થાય ત્યારે શરીરબળની ઇચ્છા જ ન રહે!

પણ વિષયેન્દ્રિયને જીતનાર બ્રહ્મચારીનું શરીર અતિ તેજસ્વી ને બળવાન હોવું જ ઘટે છે. આ બ્રહ્મચર્ય પણ અલૌકિક છે. જેની વિષયેન્દ્રિય સ્વપ્નામાંયે કદી વિકાર ન જ પામે તે જગદ્વંદનીય છે. તેને સારુ બીજો સંયમ સહજવસ્તુ છે એમાં શક નથી.

આ બ્રહ્મચર્યને અવલંબીને એક બીજા ભાઈ લખે છે :

મારી સ્થિતિ દયાજનક છે. ઑફિસમાં, રસ્તામાં, રાત્રે, વાંચતાં, કામ કરતાં, ઈશ્વરનું નામ લેતાં પણ તે જ વિચારો આવે છે. મનના વિચારોને કેવી રીતે કાબૂમાં રાખવા? સ્ત્રીમાત્ર તરફ માતૃભાવ કેમ પેદા થાય? આંખમાંથી શુદ્ધ વાત્સલ્યનાં જ કિરણો કેમ

Gandhi Heritage Portal

નીકળે? દુષ્ટ વિચારો કેમ નાબૂદ થાય? બ્રહ્મચર્ય વિષેનો તમારો લેખ[૧] મારી પાસે રાખી મૂકયો છે, પણ આ જગ્યાએ તે બિલકુલ ઉપયોગી નથી થતો.

આ સ્થિતિ હૃદયદ્રાવક છે. ઘણાઓની એ સ્થિતિ થાય છે. પણ જ્યાં સુધી મન તેવા વિચારોની સાથે લડયા કરે ત્યાં સુધી ભય રાખવાનું કારણ નથી. આંખ દોષ કરતી હોય ત્યારે તેને બંધ કરવી જોઈએ. કાન દોષ કરે ત્યારે તેમાં પૂમડાં ભરવાં જોઈએ. આંખને હમેશાં નીચી રાખીને જ ચાલવાની રીત સારી છે. તેથી તેને બીજે જોવાનો અવકાશ જ નથી રહેતો. જ્યાં મેલી વાતો થતી હોય અથવા મેલું સંગીત ચાલતું હોય ત્યાંથી નાસી જવું જોઈએ. સ્વાદેન્દ્રિય ઉપર ખૂબ કાબૂ મેળવવો જોઈએ.

મારો અનુભવ તો એવો છે કે જેણે સ્વાદને જીત્યો નથી તે વિષયને જીતી શકતો નથી. સ્વાદને જીતવો બહુ કઠિન છે. પણ એ વિજયની સાથે જ બીજો વિજય સંભવે છે. સ્વાદ જીતવાને સારુ એક તો એ નિયમ છે કે મસાલાઓનો સર્વથા અથવા બને તેટલો ત્યાગ કરવો, અને બીજો વધારે જોરાવર નિયમ એ છે કે માત્ર શરીરપોષણને સારુ જ આપણે ખાઈએ છીએ પણ સ્વાદને સારુ કદી નહીં ખાઈએ એવી ભાવના હમેશાં પોષવી. આપણે હવા સ્વાદ સારુ નથી લેતા પણ શ્વાસ સારુ. પાણી તરસ મટાડવા તેમ જ અન્ન કેવળ ભૂખ મટાડવા લેવાય. બચપણથી જ આપણને માબાપ એથી ઊલટી ટેવ પાડે છે. આપણા પોષણને સારુ નહીં પણ પોતાનું વહાલ બતાવવા આપણને અનેક જાતના સ્વાદ શીખવી આપણને બગાડે છે. આવા વાતાવરણની સામે આપણે થવાનું રહ્યું છે.

પણ વિષય જીતવાનો સુવર્ણ નિયમ તો રામનામ અથવા એવો કોઈ મંત્ર છે. દ્વાદશમંત્ર[૨] પણ એ જ અર્થ સારે છે. જેને જેવી ભાવના તે પ્રમાણે તે મંત્ર જપે. મને બચપણથી રામનામ શીખવવામાં આવેલ હોવાથી ને એનો આધાર મને મળ્યા જ કરે છે તેથી મેં તે સૂચવ્યો છે. જે મંત્ર લઈએ તેમાં આપણે તલ્લીન થવું જોઈએ. ભલે મંત્ર જપતાં બીજા વિચારો આવ્યા કરે, તે છતાં શ્રદ્ધા રાખી જે મંત્રનો જપ જપ્યા જ કરશે તે અંતે વિજય મેળવશે એમાં મને લેશ પણ શંકા નથી. એ મંત્ર તેની જીવનદોરી થશે અને બધાં સંકટોમાંથી તેને બચાવશે. એવા પવિત્ર મંત્રોનો ઉપયોગ કોઈએ આર્થિક લાભને સારુ ન જ કરવો જોઈએ. એ મંત્રોનો ચમત્કાર આપણી નીતિને સુરક્ષિત કરવામાં રહેલો છે અને એ અનુભવ દરેક પ્રયત્નવાનને થોડી જ મુદતમાં મળી રહેશે. હા, એટલું યાદ રાખવું જોઈએ કે એ મંત્ર પોપટની માફક ન પઢાય. તેમાં આત્મા પરોવવો જોઈએ. પોપટ યંત્રની જેમ એવા મંત્ર પઢે છે, આપણે તેને જ્ઞાનપૂર્વક પઢીએ. ન જોઈતા વિચારોનું નિવારણ કરવાની ભાવના ધરીને અને તેમ કરવાની મંત્રની શક્તિમાં વિશ્વાસ રાખીને.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨૫–૫–૧૯૨૪

૧. ઘણું કરીને, "બ્રહ્મચર્ય કેમ પળાય?" ૧૦–૧૧–૧૯૨૧; જુઓ પુસ્તક ૨૧, પા. ૩૭૫–૬.

૨. ॐ नमो भगवते वासुदेवाय – "ભગવાન વાસુદેવને નમસ્કાર"; આ મંત્રમાં બાર અક્ષર છે તેથી તે દ્વાદશમંત્ર કહેવાય છે.

Gandhi Heritage Portal

## ૬૪. મિલમજૂરો અને ખાદી

અમદાવાદના મિલમજૂરોમાં જે ખાદીપ્રચાર થઈ રહ્યો છે તેની સુંદર વિગત દફ્ટી ખાદી પત્રિકા[1] આપે છે. એ ઉપરથી જણાય છે કે ઘણા મજૂરોએ ખાદી જ પહેરવાનો ઠરાવ કર્યો છે ને કેટલાકોએ ઘરમાં રેંટિયા તથા સાળ વસાવવાનો ઠરાવ કર્યો છે. મજૂરો તરફથી વીસ નિશાળો ચાલે છે. તેમાં આઠસેં બાળકો ભણે છે. તેઓ બધા ખાદી પહેરે છે. તેઓની સગવડને સારુ વ્યવસ્થાપકોએ પહેરણ, ટોપીઓ વગેરે તૈયાર કરાવ્યાં છે ને સામટાં કરાવવાથી પહેરણની સિલાઈ એકની પોણા ત્રણ આના અને ટોપીની માત્ર છ પાઈ પડે છે. મજૂર સંદેશમાં[2] નીચેની આકર્ષક બીના આપેલી છે:

એક રતલ ખાદી લેશો તો–
દશ આના આપણા કોઈ ખેડૂતને મળશે;
દોઢ બે આના આપણા કોઈ ગરીબ પીંજનારને મળશે;
ચાર છ આના આપણી કોઈ ગરીબ કાંતનાર બહેનને મળશે;
આઠ નવ આના એ બહેનોનું સૂતર વણનાર આપણા કોઈ કારીગરને મળશે;
પોણો આનો આપણા કોઈ ધોબીને મળશે;
ખાદી પહેરશો તો આ બધા પૈસા દેશમાં રહેશે, ને આપણાં કોઈ ગરીબ ભાઈ-બહેનોને મળશે.

આ વાત મજૂર ભાઈઓએ જ નહીં પણ દરેક ભાઈબહેને નોંધી લેવા જોગ છે.

[મૂળ ગુજરાતી]

**નવજીવન, ૨૫–૫–૧૯૨૪**

## ૬૫. "સત્યાગ્રહી" ગાળો

"અધીરું કાઠિયાવાડ"વાળા લેખમાં મેં સત્યાગ્રહી ગાળોનો ઉલ્લેખ કર્યો છે તેથી એક ભાઈ સત્યાગ્રહી ગાળોની યાદી માગે છે, કે જેથી તેવી ગાળો શીખી પોતે તે કાઢવા મંડી જાય! પ્રથમ શરત તો એ છે કે અસત્યાગ્રહીં અથવા દુરાગ્રહીથી ગાળો કાઢી શકાય જ નહીં, ને કાઢવા બેસે તો તેના મોંમાં તો તે ભૂંડીમાં જ ખપે. આ નિયમ સમજાય તેને યાદી આપવાપણું નહીં રહે.

સત્યાગ્રહી ગાળો તો અખૂટ છે. પ્રેમને જેમ મર્યાદા નથી તેમ સત્યાગ્રહી ગાળોને પણ નથી. મારે વલ્લભભાઈને સત્યાગ્રહી ગાળ દેવી હોય ત્યારે હું એમ કહું કે "પેલો પટેલિયો પોતે બધું ખંખેરી બેઠો એટલે હવે બધાને લૂંટવા લાગ્યો છે. તેથી જ દસ લાખ રૂપિયા તેની નજરમાં કંઈ જ નથી જણાતા!" અબ્બાસ સાહેબને[3] સત્યાગ્રહી ગાળ દેવી હોય ત્યારે એમ

૧. ખાદી સમાચાર પત્રિકા, સંપાદક : મગનલાલ ગાંધી, સાબરમતી આશ્રમ.
૨. અમદાવાદના – મજૂર મહાજન તરફથી પ્રગટ થતું સામયિક.
૩. અબ્બાસ તૈયબજી (૧૮૫૩–૧૯૩૬); ગુજરાતના રાષ્ટ્રીય મુસ્લિમ આગેવાન.

Gandhi Heritage Portal

કહીએ "ડોસાને શું? કુટુંબ છોડી આખો દહાડો નથી જોતો ટાઢ, નથી જોતો તડકો, રખડયા જ કરે છે; ને લોકોને પજવે છે! ડોસો એટલે એને વાળી પણ કોણ શકે?" પટ્ટણી સાહેબને એવી જ ગાળ દેવી હોય તો કહીએ "કાઠિયાવાડના રાજાઓને નચાવે છે; ગવર્નરોને ફોસલાવી ભાવનગરને ચડાવે છે ને હવે કાઠિયાવાડીઓને ફોસલાવવા બેઠા છે! પણ અમે પણ જો ખરા કાઠિયાવાડી ને તેમાંય ખરા ભાવનગરી હઈશું તો એમને ખબર પાડશું. અમે કંઈ રાજાઓના જેવા ને સાહેબો જેવા ભોળા નહીં તો! અમે તો 'જૈસે કુ તૈસા!'"

આ તો મેં સત્યાગ્રહી ગાળોના હળવા પ્રયોગો કરી બતાવ્યા. પૂરેપૂરી ગાળો તો મને પણ ન આવડે. હું તો પ્રેમાગ્રહી છું, પ્રેમમૂર્તિ હોઉં તો ગોપીઓના જેવી ગાળોની પણ નોંધ આપું. "માખણચોર", "લૂંટારો" વગેરે વિશેપણ કૃષ્ણને વિષે ગોપી જ વાપરી શકે. નરસિંહ મહેતા જેવો કૃષ્ણ જેવા અખંડ બ્રહ્મચારીને "વ્યભિચારી" કહે ને કૃષ્ણ તેની ગાળો સાંખી "મામેરાં" પૂરે!

આ બધું કેમ થતું હશે એ તો શુકદેવજી જેવા જન્મથી નિર્દોષ માણસો જાણી શકે. ગુજરાતના આધુનિક ઈતિહાસમાં તો "ડુંગળીચોર" વિશેષણ જે મોહનલાલ પંડયાને વિષે મેં વાપર્યું તે ગોપીની ગાળોને કંઈક મળતો પ્રયોગ છે. વાંચનારને એટલી વિશેષ ખબર આપી દઉં કે ઉપલી સત્યાગ્રહી ગાળોની યાદી માગનાર ભાવનગરી ગૃહસ્થ છે. મારી ઉમેદ છે કે મેં જે વાનગીઓ આપી છે તે ઉપરથી બીજી તેઓ પોતે ઘટાવી લેશે. એ પાઠ જો ભાવનગરીઓ શીખી લે તો હજુયે ભાવનગરમાં તેઓ વગરશરતે કાઠિયાવાડ રાજકીય પરિષદ ભરી શકે એવી મારી ખાતરી છે. પણ

"સતનો મારગ છે શૂરાનો, કાયરનું નહીં કામ જોને."[1]

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨૫-૫-૧૯૨૪

## ૯૬. "એક મુસ્લિમ"

આવા ઉપનામથી એક ભાઈએ વીસનગરના ત્યાં ચાલતા હિંદુમુસલમાન વચ્ચેના વિખવાદ વિષે નનામો કાગળ લખ્યો છે. તેમાંની કેટલીક હકીકત છાપવાયોગ્ય હોય, પણ નનામા કાગળને હું ઉત્તેજન આપવા નથી ઇચ્છતો અને નનામા કાગળમાં આપેલી હકીકતના ખરાપણા વિષે હમેશાં શક જ રહે, તેથી તે કાગળની હકીકત નથી છાપી શકતો. જો તે ભાઈ પોતે લખી મોકલેલી હકીકત પ્રગટ થાય એવું ઇચ્છતા હોય તો તેમણે પુરવાર થઈ શકે એવો કાગળ ફરી પાછો લખી મોકલવો કેમ કે નનામો કાગળ ફાડી નાખવામાં આવ્યો છે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨૫-૫-૧૯૨૪

૧. વેદાંતી કવિ પ્રીતમદાસની ગુજરાતી કવિતાની પહેલી લીટી પરથી. પ્રીતમદાસ અઢારમી સદીમાં થઈ ગયા.

Gandhi Heritage Portal

## ૬૭. કાઠિયાવાડ રજપૂત પરિષદ[1]

આ પરિષદ ભરાવાની છે તેમાં હાજરી ભરવાની મને બહુ હોંશ રહે, પણ તે તો અશક્ય જ છે.

કાઠિયાવાડ શૂરવીરોની ભૂમિ હતી. રજપૂતોની બહાદુરી જગત્પ્રસિદ્ધ છે. પણ પ્રાચીન બહાદુરીની સ્તુતિથી કંઈ આજે રજપૂતો બહાદુર થઈ શકે તેમ નથી. બ્રાહ્મણે બ્રહ્મજ્ઞાન છોડયું, રજપૂતે રક્ષાનો ધર્મ છોડી વણિકવૃત્તિ સ્વીકારી, વાણિયા દાસ બન્યા, પછી શૂદ્ર સેવક મટે તેમાં તેનો દોષ કોણ કાઢી શકે? ચાર વર્ણ પતિત થયા એટલે એ ચારમાંથી પાંચમો ધર્મવિરુદ્ધ વર્ણ પેદા થયો, ને તે અસ્પૃશ્ય મનાયો. પાંચમાને ઉત્પન્ન કરી તેને દાબી ચાર વર્ણ પોતે દબાયા ને પતિત થયા.

આવી કઠિન દશામાંથી હિંદુને કોણ કાઢે? હિંદુ ન બચે તો મુસલમાન બચી જ ન શકે. બાવીસ કરોડનું પતન થાય તો સાત કરોડ નભી જ ન શકે. રેલગાડી ચાલતી હોય ત્યારે આપણે નજીકમાં નથી ઊભા રહી શકતા, કેમ કે એનો મોટો વેગ આપણને ખેંચી જાય. એટલે હિંદુસ્તાનને સ્વતંત્ર થવાનો ઇલાજ હિંદુઓની ઉન્નતિમાં રહેલો છે. હિંદુઓની ઉન્નતિ કેવળ ધાર્મિક હોય તો જ હિંદુસ્તાન બચે. હિંદુઓ પશ્ચિમના પશુબળનું અનુકરણ કરવા જાય તો પોતે પડે ને બીજાને પાડે.

આ પડેલા હિંદુ સંસારને કોણ ઉગારે? ભયભીતને નિર્ભય કોણ કરે? એ ધર્મ તો ક્ષત્રિયનો જ હોય. એટલે રજપૂત પરિષદ જો પોતાનું કર્તવ્ય સમજવા ને બજાવવા ઇચ્છે તો તેણે પોતાનો ધર્મ વિચારવો જોશે.

રક્ષા કરવાને સારુ તલવારની જરૂર નથી. તલવારનો જમાનો ગયો છે, અથવા જવાની અણી ઉપર છે. તલવારનો અનુભવ જગતે ખૂબ મેળવી લીધો છે. જગત હવે તલવારથી ત્રાસ્યું છે. પશ્ચિમને પણ થાક ચડયો હોય એમ ભાસે છે. મારીને રક્ષા કરે તે ક્ષત્રિય નહીં પણ મરીને રક્ષા કરે તે ક્ષત્રિય. ભાગે તે ભડ નહીં પણ છાતી સામી રાખી ઊભો રહ્યો ઘા કર્યા વિના ઘા ઝીલે તે ક્ષત્રિય.

પણ ઘડીભર કહો કે તલવારની આવશ્યકતા છે. તોયે શું? તલવાર જો રામે ચલાવી હોય તો તેમ કરતાં પહેલાં ચૌદ વર્ષ વનવાસ ભોગવી, તપશ્ચર્યા કરી નિર્મળ થયા. પાંડવોએ પણ વનવાસ સેવ્યો. અર્જુનને છેક ઇન્દ્ર પાસે જઈ દિવ્ય અસ્ત્ર મેળવવાં પડયાં. શસ્ત્રબળ પહેલાં તપબળ જોઈએ. જો તે ન હોય તો જાદવાસ્થળી થાય ને જેમ જાદવો પોતે જ પોતાનાં શસ્ત્રથી નાશ પામ્યા તેમ આપણાં શસ્ત્ર આપણો જ સંહાર કરે.

તેથી રજપૂત પરિષદનું પ્રથમ કર્તવ્ય આત્મોન્નતિ છે. રજપૂત પોતાના હકોની વાત તો કરશે પણ પોતાના ધર્મની વાત પ્રથમ કરે. વ્યસનો છોડે, સાદાઈ ગ્રહણ કરે; ગરીબમાં ગરીબ કાઠિયાવાડીને ઓળખે, તેનાં દુઃખમાં ભાગ લે, તેની સેવા કરે. આ સેવા કરવાનો હક કોઈ છીનવી લે તેમ નથી. કાઠિયાવાડના કોઈ પણ જણને કાઠિયાવાડ છોડવું પડે તો રજપૂતે લજ્જિત

૧. ઘણું કરીને ૧૯૨૪ના જૂનમાં ભરાઈ હતી; જુઓ “પડદો ને પ્રતિજ્ઞા”, ૨૨-૬-૧૯૨૪.

Gandhi Heritage Portal

થવું જોઈએ. જ્યાં રેંટિયો છે, પીંજણ છે, સાળ છે, ત્યાં આજીવિકા છે જ. કાઠિયાવાડની અમૃત જેવી હવા છોડી મુંબઈની ગલીચ હવા ખાવા કાઠિયાવાડીઓ શા સારુ જાય? આનો જવાબ બીજા કાઠિયાવાડી આપે તેના પહેલાં રજપૂતોએ આપવો જોઈએ. આનું લાંછન કાઠિયાવાડના રાજાઓ ઉપર છે જ. કાઠિયાવાડના રાજાઓ પ્રજાના હિતનો જ વિચાર કરે તો કાઠિયાવાડની પ્રજાને દેશવટો શાને લેવો પડે? રજપૂત પરિષદમાં રાજાઓ તો નહીં હોય, પણ રજપૂતો ધારે તો રાજા પણ સમજે. આ જમાનો પ્રજાસત્તાનો છે એટલે પ્રજા જેવી થશે તેવા રાજા થવાના ને રહેવાના. પ્રજાજાગૃતિમાં રજપૂતો સારો ફાળો ભરી શકે છે.

બીજાના દોષો કાઢવા કરતાં પરિષદના સભ્યો પોતાના દોષો કાઢવામાં વધારે કાળ ગાળશે તો બીજાઓને તેઓ ધોરી માર્ગ બતાવશે. આજકાલ આપણે આપણાં દુઃખોને સારુ બીજાને વગોવીએ છીએ. ભૂલી જઈએ છીએ અથવા ભૂલી જવા માગીએ છીએ કે આપણાં દુઃખોને સારુ આપણે જ જવાબદાર હોઈએ છીએ. જુલમ સહનાર ન હોય ત્યાં જાલિમ શું કરે? આપણે વશ થવાની નબળાઈ સંઘરીએ ત્યાં સુધી વશ કરનારા મળ્યા જ કરશે. વશ કરનારને ગાળો ભાંડવી એ સહેલો પણ નિષ્ફળ ધંધો છે. આપણી નબળાઈ શોધી તેને દૂર કરવી એ મુશ્કેલ તો છે પણ એ જ ફળદાયી છે. અને એ નબળાઈ દૂર કરવાનો ઈલાજ આપણી જ પાસે હોવાથી તે કોઈ છીનવી શકતું નથી.

રજપૂત પરિષદના સભ્યો આ વિચારને પ્રધાનપદ આપી આત્મનિરીક્ષણ કરે એમ મારી તેઓ પ્રત્યે પ્રાર્થના છે.

છેવટમાં તેમને અનુભવબિંદુ આપું. ભાષણોથી ને ભાષણ કરનારાઓથી ડરજો. તેમનાથી દૂર રહેવું સારું. મૂંગે મોઢે કામ કરવાની જ પદ્ધતિ રાખવામાં આવશે તો કામ સુધરશે. ભૂખનું દુઃખ રડનાર ભૂખ્યાંની ભૂખ દૂર નહીં કરે, પણ એક જન્મે મૂંગો સાધુપુરુષ તેની પાસે મૂઠી બાજરી લઈ જશે તો ભૂખ્યાની આંખ ચળકશે, તેના ચહેરા ઉપર લાલી ફરી વળશે ને તેના હોઠ ઉપર હાસ્ય જોવામાં આવશે. તેની આંતરડી પેલા મૂંગાને દુઆ દેશે. ઈશ્વર આપણને ભાષણોથી શિક્ષણ નથી આપતો, તે સદાય પ્રવૃત્તિમાન રહે છે. આપણે સૂઈએ છીએ ત્યારે પણ તે જાગતો રહે છે. તેને પોતાના કામમાંથી બોલવાનો વખત જ નથી બચતો. રજપૂતો કેવળ કાર્ય કરીને કાઠિયાવાડના બીજા બોલકણા મુત્સદ્દી સ્વયંસેવકોને પદાર્થપાઠ આપો એવી મારી તેઓ પ્રત્યે વિનંતી છે.

[મૂળ ગુજરાતી]

*નવજીવન*, ૨૫–૫–૧૯૨૪

Gandhi Heritage Portal

## ૯૮. મોપલાઓને મદદ

મોપલાઓને મદદ કરવા બાબત મેં જે પ્રાર્થના યંગ ઇન્ડિયામાં કરેલી છે તે વિષયમાં ભારતભૂષણ પંડિત માલવિયાજી લખે છે :[1]

મોપલા સહાયને સારુ હજુ મારી પાસે રૂ. છસેંની જ રકમ આવી છે. તેમાં પાંચસો તો એક વહોરા ગૃહસ્થના છે. મારી ઉમેદ છે કે યથાશક્તિ સહુ ભાઈબહેન પણ મોકલશે જ.

[મૂળ ગુજરાતી]

**નવજીવન, ૨૫–૫–૧૯૨૪**

## ૯૯. "વસન્તવિજય"?

પાંડુને મારી માદ્રીને બાળી કવિએ[2] વસન્તનો વિજય ગાયો. કંઈક આવા પ્રકારનો હિંસક વિજય આનંદશંકરભાઈના[3] વસન્તે ચૈત્ર માસના અંકમાં ઊજવવાનો પ્રયત્ન કર્યો છે. મિલોના કાપડ વિષે મારા વિચારોની કેટલીક કલ્પના કરી આનંદશંકરભાઈએ તે પ્રયત્ન કર્યો છે. તેમાં સફળતા મળે તો બિચારી ખાદીનો નાશ જ થાય. એટલે આપણે એવો હિંસક વિજય અટકાવવાનો આપણો ધર્મ સમજીએ.

વાંચનાર જાણે છે કે હું ભાગ્યે જ કોઈ છાપાની કે વ્યક્તિની ટીકામાં ઊતરું છું. એવી જાતની ટીકા મને મિથ્યા જણાઈ છે. ને તેમાંથી નકામો વાદવિવાદ ને કેટલીક વેળા દ્વેષ પણ ઉત્પન્ન થાય છે. આનંદશંકરભાઈના લેખો વિષે હું નિર્ભય રહું. એમની અને મારી વચ્ચે મતભેદ રહે પણ ગેરસમજ ન જ થાય. આ લખી રહ્યો છું તેવામાં જ એક સાથીએ વસન્તની મજકૂર નોંધ મારા હાથમાં મૂકી છે, એટલે તેનો ઉત્તર આપી દેવાની ઇચ્છાને હું રોકવા નથી માગતો. પણ આથી વાંચનાર એવી આશા ન રાખે કે વસન્તની સાથે પણ હું મીઠા વાદમાં હમેશાં ઊતરવાનો છું. મારો ધર્મ મારા વિચારો પ્રજા આગળ મૂકવાનો અને તેમાંથી કંઈ પ્રશ્નો ઊઠે તો તેનો પરોક્ષ રીતે નિકાલ કરવાનો છે. હું હમેશાં બધાથી મને હારેલો માનું છું. દલીલથી જ લોકોને સમજાવવાનો આગ્રહ મને કોઈ કાળે નથી રહ્યો, ને ઘણી વેળા મેં જોયું છે કે અધૂરા માણસના અધૂરા વિચારને બિચારી અધૂરી ભાષા કેમ પૂરા જણાવી શકે? વળી એવી અપૂર્ણતાની ત્રિપુટીમાં વાંચનારની ઉતાવળ ને વિરોધ હોય તો

૧. મૂળ પત્ર માટે જુઓ પા. ૯૯.

૨. પાંડવોના પિતા પાંડુ મૃત્યુને કેવી રીતે ભેટ્યા એ વાત મહાભારતમાં આવે છે. એના ઉપર મણિશંકર રત્નજી ભટ્ટે — કાન્તે "વસંતવિજય" નામનું કાવ્ય લખ્યું હતું. વસંતના આગમનથી પાંડુ લોભાયા, અને શાપ ભૂલીને પત્ની માદ્રીને ભેટ્યા. પરિણામે મૃત્યુ પામ્યા. માદ્રી પણ તેમની ચિતા પર બળી મરી.

૩. આનંદશંકર બાપુભાઈ ધ્રુવ (૧૮૬૯–૧૯૪૨); સંસ્કૃતના વિદ્વાન અને ગુજરાતી લેખક, ૧૯૨૦થી ૧૯૩૭ સુધી બનારસ હિંદુ યુનિવર્સિટીના ઉપકુલપતિ; ગુજરાતી પત્ર વસન્તના સ્થાપક અને સંપાદક.

Gandhi Heritage Portal

તેની તુરત સમજવાની અશક્તિ ઉમેરો કરે. આવી સ્થિતિમાં થોડું કહી કાર્યને કાર્યનું કામ કરવા દેવું એ જ યોગ્ય હોય, આવી મારી માન્યતા હોવાને લીધે જ હું વાદવિવાદમાં ઊતરતો નથી ને તેથી મને બહુ વર્તમાનપત્રો વાંચવાની જરૂર પણ નથી રહેતી. 10184

વસન્તની નોંધ જ મારા કહેવાનો સુંદર દાખલો છે. જો આનંદશંકરભાઈ મારા વિચારો પૂરા સમજી શક્યા હોત તો તેમને કંઈ જ લખવાપણું ન રહેત, અથવા તો લખવા જેવું રહેત તો તેઓ ખાદીના એકદેશી પ્રચારને હર્ષપૂર્વક વધાવી મારો, ગુજરાતનો ને સ્વરાજનો માર્ગ સરળ કરી મૂકત. પણ એ કેમ સમજે? મારાં આગળપાછળનાં લખાણ તેઓ કે કોઈ કેમ વાંચી શકે? જે વાંચ્યું કે જોયું તેટલા ઉપર જ તાત્કાલિક નિર્ણય કરવા રહ્યા. આ સ્થિતિ જાણતાં છતાં હું લખી રહ્યો છું એ દોષ મારો જ ગણાય. લખવી તો એવી ભાષા લખવી કે તેમાંથી અનર્થ ઉત્પન્ન જ ન થાય. પણ એવી ભાષાને લખવાપણું રહેતું હશે? અપૂર્ણ માણસ જ લખે. એટલે આપણે એકબીજાની અપૂર્ણતા સહન કર્યે જ છૂટકો. તે દૂર કરવા પ્રયત્ન કરીએ તો ને દૂર કરતાં કેવળ મીઠાશ રાખીએ તો સંપૂર્ણ ન થઈએ તોયે આપણી અપૂર્ણતા ઓછી તો કરીએ જ.

આનંદશંકરભાઈની ટીકાનો ઉત્તર આપવાને બદલે મારા વિચારો ફરી રજૂ કરી જાઉં. એ મારે સારુ ને વાંચનારને સારુ સહેલું પડશે :

૧. મને મિલના ઉદ્યોગોનો દ્વેષ નથી; તેની ઉપર રાગ નથી.

૨. હિંદુસ્તાનને જોઈતું કાપડ મિલોની હયાતી ન હોય તોપણ રેંટિયા ને હાથવણાટથી ઉત્પન્ન થઈ શકે છે. આને સારુ જોઈતા પુરાવા છે.

૩. મિલના કાપડને ઉત્તેજનની જરૂર નથી કેમ કે તે ઉદ્યોગની ઉપર કશું જોખમ નથી.

૪. હિંદુસ્તાનનાં સાત લાખ ગામડાંને સારુ ખેતી ઉપરાંતનો ઘરધંધો કેવળ એક જ સંભવે છે અને તે કાંતવાવણવાનો.

૫. ખાદીની પ્રથા નવી છે, તેને હજુ સ્થાયી સ્થાન મળ્યું નથી, અને તેને પરદેશી કાપડ તેમ જ મિલના કાપડની સામે થઈને માર્ગ કરવાનો રહ્યો છે.

૬. જેને આધુનિક પ્રવૃત્તિ પહોંચી વળે છે તેવો પ્રજાનો ભાગ ઘણો જ થોડો છે. તેને પણ જો મિલનું કાપડ વાપરવાની છૂટ રહે તો ખાદી કોણ ને ક્યારે પહેરે? ખાદીનો પ્રચાર જરાયે શક્ય હોય તો જ્યારે આ નાનકડો સમાજ ધર્મ સમજી ખાદીનો આગ્રહપૂર્વક સ્વીકાર કરશે ત્યારે જ.

૭. પરદેશી કાપડનો બહિષ્કાર આવશ્યક છે. પરદેશી કાપડ દેશી મિલોને હાનિકારક છે. આજ ને આજ હિંદુસ્તાન ખાદી પહેરતું થાય એવું શુભચિહ્ન હું નથી જોતો તેથી દેશી મિલોના કાપડને પૂરતું સ્થાન છે. તેને ભય ખાદીનો નથી, પણ પરદેશી કાપડનો છે. એટલે તે ભયમાંથી બચાવવા ખાતર મિલના ઉદ્યોગની રક્ષા થાય એટલી જકાત પરદેશી કાપડ ઉપર હું જરૂર ઇચ્છું.

૮. રેંટિયો અને હથોડો એ પણ યંત્ર છે એમ હું માનું છું. બાહ્ય યંત્રની અનાવશ્યકતા એ સિદ્ધાંતને મેં માન્યો છે ને હજુ માનું છું. તેમ બાહ્ય ઉપાધિનો સંયમ ઇષ્ટ છે એવી મારી માન્યતા. પશ્ચિમની માન્યતા આથી વિરુદ્ધ છે. એટલે કે તેમની દૃષ્ટિ મુજબ જેમ વધારે યંત્રો તેમ વધારે ઉન્નતિ. યંત્રોને સ્થાન તો બંને સિદ્ધાંતવાદી આપે છે. પ્રાચીન સુધારો

Gandhi Heritage Portal

ગાંધી સ્મારક

તેને અનિવાર્ય સમજી ગૌણ સ્થાન આપે છે; આધુનિક તેને આદરણીય સમજી વધાવે છે.

૯. ઈતિહાસ એમ નથી શીખવતો કે પરદેશી કાપડ સોંઘું અને સારું મળ્યું તેથી ખાદીનો નાશ થયો. સારી ખાદીની સાથે પરદેશી કાપડ આજ પણ હરીફાઈ કરી શકે તેમ નથી. ઢાકાની શબનમ મલમલનો તો જગતમાંથી લોપ જ થયો છે. પરદેશી કાપડ પહેલું દાખલ થયું ત્યારે સોંઘું પણ ન હતું. ઈતિહાસ તો એમ શીખવે છે કે કાંતવાના અને વણવાના ઉદ્યોગનો "ઈસ્ટ ઈન્ડિયા કંપની"એ ઈરાદાપૂર્વક નાશ કર્યો ને અનેક પ્રકારનાં રક્ષણ મેળવીને એ કંપનીએ આપણને પરદેશી કાપડ પહેરતા કરી મૂક્યા. આ ઈતિહાસ મારા અજ્ઞાનમાંથી મેં પેદા નથી કર્યો, પણ રમેશચંદ્ર દત્તના[1] જ્ઞાનભંડારમાંથી હું શીખ્યો છું. એનો ઈનકાર આજ લગી થયો હોય એમ મારા ધ્યાનમાં નથી. આ મારી માન્યતામાં ભૂલ હશે તો હું જરૂર સુધારીશ.

૧૦. ખાદીની શક્તિ અમાપ છે. તેને સુધારવા સારુ મિલના કાપડની હરીફાઈની જરૂર નથી. તે સુધર્યા જ કરે છે. જેને તેનો અભ્યાસ કરવો હોય તે ચાર વર્ષ પૂર્વે જે થોડી ખાદી નીકળતી હતી તેની સાથે આજ જે ઝીણી ખાદી નીકળી શકે છે તેની સરખામણી કરી લે. બે વર્ષની જેલ ભોગવ્યા બાદ હું બહાર આવ્યો ત્યારે પણ મેં જે ફેર જોયો તે મને આશ્ચર્યકારક લાગ્યો. આજે ખાદી ઘેર ઘેર પેદા થાય છે. તેને ભારે વાહનની પણ જરૂર નહીં રહે. અને જ્યાં સુધી દુનિયામાં ભોગ અને કળા રહેશે ત્યાં લગી ખાદીની સફાઈની ને ભાતોની ઉન્નતિ થયા જ કરશે. મિલના કાપડનો મોહ તેને રોકે છે. તે મોહને ટાળવો એ અસહકારી, સહકારી, સ્વરાજવાદી, અસ્વરાજવાદી, સ્ત્રીપુરુષ, જ્ઞાનીઅજ્ઞાની — બધાંનો ધર્મ છે.

[મૂળ ગુજરાતી]

**નવજીવન, ૨૫-૫-૧૯૨૪**

# ૭૦. મારી નોંધ

## મુસાફરોની ગંદી આદતો

રેલના ત્રીજા વર્ગની મુસાફરી કરનાર એક ભાઈ લખે છે કે રેલવેમાં ત્રીજા વર્ગની મુસાફરી મુસાફરોની બૂરી આદતોને લીધે અસહ્ય થઈ પડે છે, તેથી દુઃખમાંથી બચવાને સારુ એક નાની સાવરણી તથા એક ઢાંકણાવાળી થૂંકદાની સાથે રાખવી. સાવરણીથી ડબ્બો વાળ્યા કરવો. અને કોઈ થૂંકવા જાય તો બળખો થૂંકદાનીમાં ઝીલી લેવો! આમ કરવાથી કંઈક દુઃખ ટળે.

જેને ચોખ્ખાઈ પસંદ છે તેને સારુ આવી ગંદકી અસહ્ય છે તેમાં શંકા નથી. આમ છતાં આપણે ત્રીજા વર્ગની જ મુસાફરી કર્યે છૂટકો છે. જ્યારે હું હમેશ ત્રીજા વર્ગની જ મુસાફરી કરતો ત્યારે મેં પત્રિકાઓ[2] કાઢી હતી ને તે મુસાફરોમાં વહેંચવાનું પણ શરૂ કર્યું હતું. મારું કામ બદલાયું એટલે પત્રિકાપ્રચાર મેં વેગળો મૂક્યો. પછી તો હું ઘવાયો એટલે મારું ત્રીજા

૧. ૧૮૪૮-૧૯૦૯; ઇન્ડિયન સિવિલ સર્વિસના સભ્ય; ધ ઇકોનૉમિક હિસ્ટરી ઑફ ઇન્ડિયા સિન્સ ધ એડવેન્ટ ઑફ ધ ઈસ્ટ ઇન્ડિયા કમ્પની નામના પુસ્તકના લેખક; ૧૮૯૯માં હિંદી રાષ્ટ્રીય મહાસભાના પ્રમુખ; પાછળથી વડોદરા રાજ્યના દીવાન.

૨. ૧૯૧૬-૧૭માં, ગુજરાતમાં આ વહેંચવામાં આવી હતી; વળી જુઓ પુસ્તક ૧૩, પા. ૨૯૨.

Gandhi Heritage Portal

વર્ગની મુસાફરીનું સુખ ગયું તેમ તેનું દુઃખ પણ ગયું. પણ તેનાં મીઠાં સ્મરણો હજુ તાજાં જ છે ને ફરી તાજાં કરવાની ઉમેદ રાખું છું.

પત્રિકાઓ દરેક સ્વયંસેવક વહેંચે ને વાંચી સંભળાવે એ જરૂરનું છે. તેની સાથે જ સાવરણીનો પ્રયોગ કરવો જોઈએ. થૂંકદાનીનું કામ મુશ્કેલ છે. એમ કરતાં માર પણ ખાવો પડે ને છતાં મુસાફર થૂંકદાનીમાં થૂંકવાની ના પાડવાનો સંભવ છે. સાવરણીનો પ્રયોગ તો આવશ્યક છે. મુસાફરોને ડબ્બામાં કચરો ન કરવાનું સમજાવીએ પણ ખરા, ને તેમ છતાં પડે તે કચરો સાવરણી વતી પ્રેમપૂર્વક કાઢીએ પણ ખરા. થૂંકદાની વાપરવામાં એક ગંદકી વહોરી બીજી દાખલ કરવાનો ભય પણ છે. દરેક ઉપયોગ પછી તે બરોબર સાફ થવી જોઈએ. થૂંકદાની પણ અંદર સાંધ વિનાની, કટાય નહીં એવી ને પ્રમાણમાં મોટી હોવી જોઈએ. હું તો એવે સમયે પુષ્કળ કાગળનો ઉપયોગ કરતો. કાગળ વતી, જ્યાં કોઈ થૂંક્યું હોય તો ત્યાં સાફ કરી લેવાથી હાથ બગડે નહીં ને જગ્યા બરાબર સાફ થાય. પછી ધોવું હોય તો ધોઈ નખાય. આમ કરીએ એટલે બીજા થૂંકનારા લજવાય ને ઓછું થૂંકે. ખેદ તો એ છે કે સ્વયંસેવકો પોતે સુઘડતા ને સ્વચ્છતાના નિયમોનું હમેશાં પાલન નથી કરતા. બીજાની સગવડની દરકાર આપણામાં બહુ જ થોડી જોવામાં આવે છે. તેથી જ રેલમાં, સ્ટીમરમાં, જ્યાં જાઓ ત્યાં પારાવાર ગંદકી જોવામાં આવે છે. બાળશિક્ષણથી ચોખ્ખાઈ અને સુઘડતા શીખવવામાં આવે અને તે પાલન કરવાને સારુ છે એમ આપણે સમજીએ ત્યારે જ આવો સુધારો થાય. વાંચનારને ખબર નહીં હોય કે રેલના ડબ્બામાં ઉપર પ્રમાણે ગંદકી કરવી એ રેલના કાયદા પ્રમાણે ગુનો છે. પણ કોઈની સામે ફોજદારી નથી ચલાવવામાં આવતી કેમ કે ગુના કરનાર ઘણા છે ને બેગુનાહ બહુ થોડા છે. એથી જ કહેવત પડી છે કે જે કાયદાને ઘણા માણસો માન આપતા હોય તેનો જ અમલ થોડાઓની સામે થઈ શકે છે. એટલે કે તેવા કાયદાઓને સારુ અનુકૂળ વાતાવરણ જોઈએ. તેનો વિશેષ અર્થ એ થયો કે ઘણા કાયદાઓ નિરર્થક હોય છે. વાતાવરણ તૈયાર થયા પછી થોડા માણસો પોતાની મેળે રિવાજવશ વર્તન કરે છે.

## "લોકપ્રિય"નો અર્થ

એક શિક્ષક લખે છે:[૧]

"લોકપ્રિય"નો અર્થ તો જે લેખકે કર્યો છે તે જ મેં મારા લેખમાં[૨] માન્યો છે. મેં સિદ્ધાંતને અનુસરીને મારા વિચારો દર્શાવ્યા છે ને તે વિચાર પ્રમાણે તો જે ગામ નિશાળને ઉત્તેજન ન આપે ત્યાં આપણે શાળા ન રાખીએ; રાખીએ તો તેને "લોકપ્રિય" ન કહીએ. પણ નવી ચળવળને અંગે આપણા ઉત્સાહમાં આપણને એમ લાગી શકે છે કે આપણે જુદે જુદે ઠેકાણે શાળાઓ કાઢવી યોગ્ય છે અને સમાજ પૈસા આપે છે તો આપણે ચલાવીએ. છતાં એવી પ્રવૃત્તિને હું નિર્દોષ તો ન જ ગણું. આથી જ ઘણી ખ્રિસ્તી શાળાઓ તેમના ઉદ્દેશનો વિચાર કરતાં નિરર્થક જોવામાં આવે છે. એક ઠેકાણેથી એકઠા થયેલા પૈસાનો ઉપયોગ બીજે દૂરને ઠેકાણે કરવામાં આવે છે ને તેથી જ તેનો દુરુપયોગ થાય છે એવું પણ આપણે અનુભવીએ છીએ. વળી આમ કરવાથી જે વિભાગને સારુ આપણે તેમ કરીએ છીએ તે વિભાગ અપંગ બને છે. તેથી જેટલે અંશે આપણે ઉપરના સિદ્ધાંતને અનુસરીને ચાલીએ

૧. આ પત્ર અહીં આપવામાં આવ્યો નથી.
૨. જુઓ પુસ્તક ૨૩, પા. ૩૬૫-૭.

Gandhi Heritage Portal

તેટલે અંશે આપણે રસ્તાસર છીએ એમ હું ગણું. આ ન્યાયે જે ગામમાં માબાપો છોકરાં મોકલે નહીં ને દ્રવ્ય આપે નહીં તે ગામમાં આપણે પૈસા નાખવા એ ફોગટ હોય એમ સંભવે.

"પણ આ ન્યાયે તો અંત્યજ શાળા એક પણ ન કાઢી શકાય; કેમ કે અંત્યજોમાં તો આપણું કામ 'લોકપ્રિય' ગણાય ત્યારે ખરું! વળી ઘણાં ગામોમાં તો આખો હિંદુસમાજ એવી પ્રવૃત્તિનો વિરોધી હોય છે; ને વિરોધી ન હોય તો તે વિષે ઉદાસીન હોય છે." આવો પ્રશ્ન તુરત ઊઠે છે. આ બતાવે છે કે સિદ્ધાંતો કંઈ એકદેશી નથી હોતા. ઘણા સિદ્ધાંતો—તેમાં વળી કેટલાક તો પરસ્પર વિરોધી હોય—નો ઘણી વાર એકસામટો પ્રયોગ ભરવો પડે છે. એટલે બધાને માન દઈને કરેલું કાર્ય વધારેમાં વધારે ફળદાયી નીવડે છે એમ કહી શકાય.

અંત્યજોની બાબતોમાં તો તેઓની આપણે પાંખ કાપી નાખી છે. તેઓની સારી ભાવનાઓને આપણે દાબી દીધી છે. તેથી તેઓ મધ્યે ઘણું કાર્ય તો પ્રાયશ્ચિત્ત રૂપે જ કરવું રહ્યું. શાળાઓ, કૂવાઓ, મંદિરો આપણે જ બનાવવાં રહ્યાં. એ તો આપણી ઉપર રહેલું કરજ છે. વળી આ ધર્મ લોકપ્રિય ન હોય. જેઓને એ પ્રિય છે તે પૈસા ખરચે અને ફળની આશા વગર કામ કરે. અહીં "લોકપ્રિયતા"નો અર્થ આપણે જુદી રીતે જ કરવો રહ્યો છે. ને એવા ગૂંચવાડા વેળાએ જ ધર્મસંકટો ઊભાં થાય છે. ત્યાં જ જુદા જુદા સિદ્ધાંતોનું એકીકરણ કરી કાર્ય કરવું એમાં વિવેકદૃષ્ટિની પરીક્ષા રહેલી છે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨૫–૫–૧૯૨૪

## ૭૧. રેંટિયાનો સ્વાધ્યાય

એક જૈન ભાઈએ મને લખ્યું છે કે તેમના ઘરનાં બૈરાં કાંતવાનું કામ છોડીને બેઠાં છે કેમ કે કેટલાક મુનિઓએ તેઓને કહ્યું કે જૈન ધર્મમાં રેંટિયો ચલાવવાની મનાઈ છે. કારણ કે તેથી વાયુકાય જીવ હણાય છે! જો નીચેનું[1] ગીત ત્રણસેં વર્ષનું જૂનું હોય તો એ જ આ મુનિઓને જવાબ આપે છે. વળી વિવેકદૃષ્ટિ તો મુનિઓની દલીલ કબૂલ ન જ કરે. દરેક કાર્યમાં હિંસા તો રહેલી જ છે. શરીરની પ્રત્યેક ચેષ્ટામાં હિંસા છે. ખાવાપીવા પહેરવામાં હિંસા છે જ. તો પછી પહેરવાને સારુ જે આવશ્યક ઉદ્યમો છે તેમાં પડ્યા વિના કેમ ચાલે? બીજાઓ પાણી ભરે, રાંધે, કાંતે ને વણે અને આપણે તેનાં ફળનો ઉપયોગ કરીએ તો આપણે તેના પાપના ભાગીદાર થઈએ છીએ એ સ્વાભાવિક છે. એટલે એ ત્રણે કાર્ય આપણે હાથે જ કરીએ તો આપણે તેના વિસ્તાર ઉપર અંકુશ રાખી શકીએ ને પાપપુંજ ઓછો કરી શકીએ. પોતાને હાથે પાણી ભરનાર વિચારીને જ પાણી વાપરશે પણ નળના પાણીને વાપરતાં

૧. આ ગીત અહીં આપ્યું નથી. આ ગીતમાં એક બાઈની વાત આવે છે. એના પતિ કુટુંબના ભરણપોષણ માટે પૂરતું કમાઈ શકતા નહોતા. તેથી કાંતણની મદદ લઈ એણે કુટુંબમાં આબાદી આણી હતી.

Gandhi Heritage Portal

કોણ સંકોચ રાખે છે? એવું જ બધા ઉદ્યમનું છે. હું તો રેંટિયાને દરેક રીતે અહિંસાધર્મની પોષક પ્રવૃત્તિ ગણું છું.

[મૂળ ગુજરાતી]

**નવજીવન, ૨૫-૫-૧૯૨૪**

# ૭૨. વિવિધ વિષયો

એક પારસી ગૃહસ્થ કલકત્તેથી નીચે પ્રમાણે લખે છે :[૧]

સદ્‌ભાગ્યે એક કરોડ ગુજરાતી "ભૈયા" શબ્દનો પ્રયોગ નથી કરતા, પણ મુંબઈમાં વસનારા અથવા રહેલા જ મુખ્યત્વે એ શબ્દ વાપરે છે. એટલે ઉત્તર તરફના ભાઈઓની લાગણી ન દૂભવવા ખાતર એટલી નાની સંખ્યાના ધ્યાન પર "ભૈયા" શબ્દના દુરુપયોગની વાત લાવવી એ મુશ્કેલ ન હોવું જોઈએ.

### ખાદીનું વેચાણ

"ખાદી સમાચાર વિભાગ" તરફથી બીજા વર્ષની છઠ્ઠી પત્રિકા બહાર પડી છે તેમાં કેટલીક જાણવાજોગ હકીકત છે. તે ઉપરથી જોવામાં આવે છે કે ઉત્કલ, મુંબઈ ખાદી સમિતિ, કેરળ અને મરાઠી મધ્યપ્રાંતમાં ગાંધીમાસ[૨] દરમિયાન ઓછામાં ઓછું રૂ. ૨,૬૦,૭૮૯નું વેચાણ થયું. આમાં બધા ખાનગી વેચાણનો સમાવેશ ન જ હોઈ શકે. એટલે કુલ વેચાણનો આંકડો ઉપલા આંકડાથી વધારે જ હોવો જોઈએ. વળી પત્રિકા છાપતી વેળા સાત વિભાગ તરફના આંકડા તો મળ્યા જ ન હતા. એટલે કુલ હિંદુસ્તાનમાં ઘણું વધારે વેચાણ હોવું જ જોઈએ. છતાં જ્યાં દર વર્ષે ઓછામાં ઓછી સાઠ કરોડ રૂપિયાની ખાદી પેદા કરવાનો આદર્શ છે ત્યાં ચાર કે પાંચ લાખ રૂપિયાની પેદાશ શી ગણતરીમાં લેખાય?

### રૂની નિકાસ

એ જ પત્રિકા ખબર આપે છે કે સને ૧૯૨૧-૨૨માં ૨૯,૮૧,૩૬૧ ગાંસડી રૂ પરદેશ ખાતે ચડયું હતું; સને ૧૯૨૨-૨૩માં ૩૩,૬૨,૬૦૧ ગાંસડી. આટલી ગાંસડીઓના પૈસાનો મોટો ભાગ તો હિંદુસ્તાનના ખેડૂતોને મળ્યો, પણ તેઓને વખત અને આવડત છતાં તે રૂનાં કપડાં થતાં સુધીની મજૂરી ન મળી એટલું જ નહીં પણ તે મજૂરી જેટલા જ પૈસા તેઓએ દેશબહાર મોકલી દીધા. એટલે કે જો તેઓને એક શેર રૂનો એક રૂપિયો મળ્યો તો તેટલા જ રૂને પાછું ઘરમાં કપડા રૂપે લીધું ત્યારે કદાચ ચૌદ આના તેઓએ પાછા આપ્યા. આવો ઊંધો વેપલો કેવળ હિંદુસ્તાનના લોકો જ કરે.

[મૂળ ગુજરાતી]

**નવજીવન, ૨૫-૫-૧૯૨૪**

૧. પત્રલેખક ગાંધીજીની આ અગાઉની નોંધને અનુલક્ષીને લખે છે. ગાંધીજીએ "ભૈયા" શબ્દના ખોટા ઉપયોગ અંગે નોંધ લખી હતી; જુઓ પુસ્તક ૨૩, પા. ૫૦૯.

૨. ગાંધીજીના જન્મદિવસથી શરૂ થતો. દેશી પંચાંગ પ્રમાણે સામાન્ય રીતે એ જન્મદિવસ સપ્ટેમ્બરના છેલ્લા અઠવાડિયામાં આવે છે.

Gandhi Heritage Portal

## ૭૩. મણિબહેન પટેલને પત્ર

જૂહુ,
સોમવાર [મે ૨૬, ૧૯૨૪][1]

ચિ. મણિ,

તમે તો વહેલાં જ પહોંચ્યાં. મારી તો તીવ્ર ઇચ્છા છે કે તમે ભાઈબહેન આશ્રમમાં નોખી કોટડી લઈ રહો. વસતિગૃહમાં જમો, હાથે રાંધો અથવા બાની સાથે અનુકૂળ આવે તો ત્યાં. જેમ તમને બંનેને અનુકૂળ આવે તેમ. ત્યાંથી કૉલેજમાં જવાય.

બાપુના આશીર્વાદ

ચિ. મણિબહેન
વલ્લભભાઈ બૅરિસ્ટરને ત્યાં,
અમદાવાદ

[મૂળ ગુજરાતી]
બાપુના પત્રો – મણિબહેન પટેલને

## ૭૪. શાંતિકુમાર મોરારજીને[2] પત્ર

જૂહુ,
[મે ૨૮, ૧૯૨૪ પહેલાં][3]

ત્યારે તો બહુ જ ઠીક થયું. તમે ઘણાં વર્ષો જીવો, તમારી નીતિમાં દિવસે દિવસે વધારો થાઓ, તમારે હાથે હમેશાં સારાં કાર્ય થાઓ ને તમારી દેશસેવામાં નિત્ય વધારો થાઓ.

[મૂળ ગુજરાતી]
ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી : સી. ડબલ્યુ. ૪૬૯૪; શ્રી શાંતિકુમાર મોરારજીના સૌજન્યથી

## ૭૫. વા. ગો. દેસાઈને પત્ર

વૈશાખ વદ ૧૦ [મે ૨૮, ૧૯૨૪][4]

ભાઈશ્રી ૫ વાલજી,

અભેચંદભાઈનો કાગળ આવ્યો છે કે તેમને ઘણે ભાગે જોઈતી નોકરી મળી જશે. રેંટિયાના ગીતમાંથી તમારી પ્રસ્તાવના ઊડી ગયેલી જોઉં છું. ત્યારે પ્રૂફની તમારી ઝંખના કેટલી સાચી

૧. મૂળ છાપેલ પ્રત અનુસાર.

૨. શાંતિકુમાર નરોત્તમ મોરારજી, મુંબઈના ગુજરાતી વેપારી; સિંધિયા સ્ટીમ નેવિગેશન કંપની સાથે સંબંધ ધરાવતા.

૩. પત્ર ઉપર શાંતિકુમાર મોરારજીની નોંધ છે કે પત્ર જૂહુથી લખાયો હતો. ૧૯૨૪ના મેની ૨૮મીએ ગાંધીજીએ અમદાવાદ જવા જૂહુ છોડ્યું હતું.

૪. પત્રમાં જે "રેંટિયાના ગીત"નો ઉલ્લેખ છે તે લેખ નવજીવન, ૨૫–૫–૨૪માં પ્રગટ થયો હતો. લેખનું સાચું મથાળું "રેંટિયાનો સ્વાધ્યાય" છે. ૧૯૨૪માં વૈશાખ વદ ૧૦ મેની ૨૮મીએ આવતી હતી.

Gandhi Heritage Portal

છે તેનો ખ્યાલ આવે છે. તે જ સાથે સ્વામીની[૧] ઉપર કામનો બોજો છે તેની દયા આવે છે. હાલ તો મહાદેવ પણ તેની પડખે નથી. પણ તમે તો મને ભૂલો બતાવતા જ રહેજો. હું તો ઇચ્છું છું કે દર અઠવાડિયે તેનું લિસ્ટ મોકલતા રહો કે હું તે છાપી શકું. એમ તમને ન ગમે તો મારે અર્થ તો મોકલજો જ. આજ Excitementને લીધે તાવ આવ્યો. અહીં એકસાઇટમેન્ટનું ગુજરાતી શું?

મોહનદાસના
વંદે માતરમ્

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી: સી. ડબલ્યુ. ૬૦૦૯; શ્રી વા. ગો. દેસાઈના સૌજન્યથી

## ૭૬. સરલાદેવી ચૌધરાણીને તાર[૨]

[મે ૨૯, ૧૯૨૪ પહેલાં]

સગીર બાળકોએ સત્યાગ્રહમાં ભાગ ન જ લેવો જોઈએ.

[મૂળ અંગ્રેજી]

લીડર, ૩૧–૫–૧૯૨૪

## ૭૭. ના. મો. ખરેને પત્ર

શનિવાર [મે ૨૯, ૧૯૨૪ પહેલાં][૩]

ભાઈશ્રી ૫ પંડિતજી,[૪]

તમારો કાગળ મળ્યો.

રામભાઉને જરૂર હવાફેર કરી સારો થઈ જાય તેમ કરજો.

સ્ત્રીઓની માસિક માંદગીને સમયે તેઓએ ખૂણો પાળવો એ આવશ્યક અને અનિવાર્ય ધર્મ નથી. કુમારિકાને સારુ અનાવશ્યક છે. તે પાલનમાં આરોગ્યની રક્ષા કેટલે અંશે છે?

૧. સ્વામી આનંદાનંદ.

૨. તારકેશ્વર સત્યાગ્રહમાં એમનો સગીર પુત્ર સ્વયંસેવક તરીકે જોડાવા તૈયાર થયો હતો. તે સંબંધમાં બહાર પડેલા શ્રીમતી ચૌધરાણીના નિવેદનને અનુલક્ષીને આ તાર કરવામાં આવ્યો હતો. વળી જુઓ "મંત્રીને સૂચના", મે ૨૩, ૧૯૨૪ કે તે પછી.

૩. પંડિત નારાયણ મોરેશ્વર ખરેએ નાથજી પાસેથી સાપનું ઝેર ઉતારવાનો મંત્ર લીધો હતો. નાથજી ૧૯૨૪માં આશ્રમમાં રહેતા હતા. એમ માનવામાં આવે છે કે ગાંધીજી મુંબઈથી ૧૯૨૪ના મેની ૨૯મીએ આશ્રમમાં પાછા ફર્યા તે પહેલાં આ પત્ર લખાયો હતો.

૪. નારાયણ મોરેશ્વર ખરે, સાબરમતી આશ્રમના સંગીતશિક્ષક; આશ્રમભજનાવલિના સંપાદક.

Gandhi Heritage Portal

વિશેષે, વિવાહિત સ્ત્રી પતિની પશુવૃત્તિથી બચવા ખાતર ખૂણો પાળે છે. મંત્રને અંગે તેનું પાલન કેટલું આવશ્યક છે તે તો હું ન કહી શકું. એ બાબત નાથજીએ[1] જે વિધિ બતાવ્યો હોય તેનું પાલન કરવું જોઈએ. તેમાં પણ જાણવાનો દોષ હોય. જ્યાં અમુક સ્ત્રીની માસિક માંદગીની તમને ખબર ન હોય ને તેનો સ્પર્શ થઈ જાય ત્યાં મંત્રને હાનિ નથી પહોંચતી એવું હું કિશોરલાલ[2] પાસેથી સમજ્યો છું.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્ર પરથી : સી. ડબલ્યુ. ૨૫૫; શ્રીમતી લક્ષ્મીબાઈ ખરેના સૌજન્યથી

## ૭૮. હિંદુમુસલમાન[3]

**વાચકને --**

[આજનું આખું છાપું જો હિંદુમુસલમાન એકતાના વિષયથી ભરાઈ જાય તો વાચક મને ક્ષમા કરશે. આ સવાલથી વધુ મહત્ત્વનો અને વધુ તાત્કાલિક બીજો એકે પ્રશ્ન આજ હિંદુસ્તાન આગળ નથી એ વિષે વાચક જો મારી સાથે સંમત હોય તો તેને તેમ કરવામાં જરાયે મુશ્કેલી નહીં લાગે. મારા અભિપ્રાય મુજબ તો આ એક જ સવાલ આપણી બધી પ્રગતિ અટકાવી રહ્યો છે તેથી વાચકને મારી અરજ છે કે તે મારું આ નિવેદન પૂરી કાળજીથી વાંચી જાય અને આ પ્રશ્નને લગતા પોતાના વિચારો અગર તો તે પર વધુ અજવાળું પાડે એવી જે કંઈ માહિતી (તે પ્રગટ કરવાનો આગ્રહ નહીં રાખવામાં આવે) તેમની પાસે હોય તે મારા ઉપર મોકલી આપે. તેમ જ જો હકીકત કે અભિપ્રાયની ભૂલો જોવામાં આવે તો તે પણ સુધારી મોકલે.[4]

મો. ક. ગાંધી]

### હિંદુઓ તરફનો આરોપ

પંડિત બનારસીદાસ ચતુર્વેદી જોડે ટાંગાનિકા(પૂર્વ આફ્રિકા)માં વસતા એક હિંદુએ મને સંદેશો મોકલ્યો હતો કે "ગાંધીને કહજો કે મુલતાનમાં હિંદુઓ ઉપર ગુજરેલા અત્યાચારોને[5] વાસ્તે તમે જોખમદાર છો." આ સંદેશો આટલા દિવસ મેં ન છાપ્યો કારણ કે આ મહાપ્રશ્ન ઉપર બોલવા હું આજ સુધી તૈયાર નહોતો. પણ ઉપલો સંદેશો મળ્યા બાદ રોજ મારા ઉપર કેટલાયે કાગળો ચાલ્યા આવે છે જેમાંના કેટલાક તો જાણીતા મિત્રોના લખેલા છે. તેમાંના

૧. કેદારનાથ કુલકર્ણી, અધ્યાત્મતત્ત્વ શોધક, આશ્રમના અનેક વારના મુલાકાતી.

૨. કિશોરલાલ મશરૂવાળા.

૩. આ લેખ ચોપાનિયા રૂપે પાછળથી ફરી પ્રગટ થયો હતો.

૪. યંગ ઇન્ડિયા, ૨૯–૫–૧૯૨૪ના અંકમાં આ પેરેગ્રાફ લેખને અંતે આપ્યો છે. અહીં નવજીવન પ્રમાણે "વાચકને" એ મથાળા નીચે આપ્યો છે.

૫. ૧૯૨૩ના માર્ચ-એપ્રિલમાં.

Gandhi Heritage Portal

કેટલાકનું તો એટલે સુધી કહેવું છે કે મોપલા અત્યાચારો માટે સુધ્ધાં મારી જ જવાબદારી ગણાય. બલ્કે ખિલાફતની ચળવળ નીકળ્યા બાદ જેટલાં કંઈ હુલ્લડો થયાં અને જ્યાં હિંદુઓને ખમવું પડયું અગર તો ખમવું પડયું એમ કહેવાયું છે તે બધાને સારુ હું જ જોખમદાર છું.

એમની દલીલ કંઈક આવી છે: "તેં હિંદુઓને ખિલાફતના સવાલમાં મુસલમાનોને પડખે ઊભા રહેવા કહ્યું. તેં તારી જાતને એ પ્રશ્ન જોડે એકાકાર કરી દીધી તેથી એને બીજી રીતે કદી ન મળત એવડું મહત્ત્વ મળ્યું. તારા એ ઉદ્યમથી જ મુસલમાનો એક થયા અને તેમનામાં જાગૃતિ આવી; એથી જ મોલવીઓને અગાઉ કદી નહોતી એવી પ્રતિષ્ઠા મળી અને હવે ખિલાફતનો સવાલ પૂરો થયો એટલે જાગેલા મુસલમાનોએ હિંદુઓ સામે એક પ્રકારની જેહાદ જ પોકારી છે!" મારા ઉપરના આરોપનો આ સાર મેં વંચાય એવી ભાષામાં ગોઠવીને મૂકયો છે. કેટલાક કાગળોમાં છાપી ન શકાય એવી ગાળો છે. આટલું તો હિંદુઓ તરફના આરોપ વિષે.

### મુસલમાનો તરફનો આરોપ

એક મુસલમાન મિત્ર લખે છે:

મુસલમાન કોમ ઘણી જ ભોળી અને ધાર્મિક એટલે એના મનમાં થયું કે ખિલાફત પર આફત ગુજરી છે અને એનો બચાવ માત્ર હિંદુમુસલમાનોના એકત્ર અવાજથી જ થઈ શકે. આ નિર્દોષ ભોળા લોકો તમારા વકતૃત્વભર્યા શબ્દોથી ભારે જોશમાં આવી જઈ શાળાઓ, અદાલતો અને ધારાસભાઓના બહિષ્કાર કરવામાં સૌ પહેલા નીવડયા. અલીગઢની સૌથી નામાંકિત સંસ્થા સર સૈયદ અહમદ જેવા પુરુષની આખી જિંદગીના તપનું ફળ કહેવાય અને જે વાજબી રીતે જ એવી બધી સંસ્થાઓનું નાક હતી તે આને પરિણામે ધૂળમાં મળી ગઈ. હિંદુઓની કોઈ આવી સંસ્થા મને દેખાડશો જેનો આવો સર્વનાશ થયો હોય? હું કોડીબંધ વિદ્યાર્થીઓને જાણું છું જેમને ધાર્મિક કારણસર અભ્યાસ છોડવાનું કહેવામાં આવ્યું અને જેમના અભ્યાસનું સત્યાનાશ વળ્યું. આ છોકરાઓ સહેજે યુનિવર્સિટીની ઊંચી પદવીઓ અને ઈનામો મેળવે એમ હતું. તેમ કરીને તેઓ પોતાને અને પોતાની કોમને શોભાવત. બીજી બાજુએ હિંદુ વિદ્યાર્થી-આલમમાંથી જૂજ જણાએ જ શાળાકૉલેજો છોડી અને જેમણે છોડી તેઓ પણ હિલચાલ પડી ભાંગતી જોતાંવેંત પાછા દાખલ થઈ ગયા. વકીલોનું પણ એવું જ થયું. આ દિવસોમાં બંને કોમ વચ્ચે તમે કંઈક એકદિલી સ્થાપ્યા જેવું કર્યું અને એ એકતા પાકે પાયે થઈ ચૂકી એવી દુનિયાભર જાહેરાત કરી મૂકી. બિચારી ભોળી મુસલમાન કોમે વળી એ બધું સાચું માન્યું, જેનું ફળ એને એ મળ્યું કે અજમેર, લખનૌ, મેરઠ, આગ્રા, સહરાનપુર, લાહોર અને બીજાં સ્થળોમાં તેમને ઢોરની પેઠે માર પડયા. મિ. મહમદઅલી જેવો અતિ ઉચ્ચ શ્રેણીનો જન્મસિદ્ધ વર્તમાનપત્રકાર જેનું અલૌકિક કૉમરેડ પત્ર મુસલમાન કોમની ધરખમ સેવા બજાવી રહ્યું હતું, તેને તમારા પક્ષમાં જીતી લેવામાં આવ્યો અને અત્યારે તો કોમને હિસાબે એ નથી જ કહીએ તો ચાલે. તમારા હિંદુ આગેવાનો શુદ્ધિ અને સંગઠનના બહાના હેઠળ મુસલમાન કોમને નબળી પાડવા કોશિશો કરી રહ્યા છે. વળી લોકોને ધારાસભાઓમાં દાખલ થતા અટકાવનારા તમારા ટૂંકી દૃષ્ટિભર્યા નિર્ણયે મુસલમાન કોમને

Gandhi Heritage Portal

ઘણો જ ગેરવાજબી ધક્કો પહોંચાડયો છે, કારણ કે કર્તૃત્વશાળી માણસોમાંનો મોટો ભાગ ધારાસભાઓને લગતા કહેવાતા ફતવાને લીધે, ધારાસભાઓમાં જતો અટકયો. આ બધા સંજોગો સામું જોતાં શું તમને પ્રામાણિકપણે એમ નથી લાગતું કે ભલે થોડા પણ મુસલમાનોને હજુ તમારા પક્ષમાં રોકી રાખીને મુસલમાન કોમનું તમે ભારે નુકસાન કરી રહ્યા છો?

આખો કાગળ મેં અહીં નથી ટાંકયો. પણ ઉપલા ઉતારામાં મારા ઉપરના મુસલમાનોના આરોપનો સાર આવી જાય છે.

## હું દોષી નથી

ઉપલા બંને આરોપોને વિષે મારે “હું દોષી નથી” એમ જ કહેવું રહ્યું છે. બલકે મારે ઉમેરવું રહ્યું છે કે મને, જે કંઈ થયું છે તેને વિષે, બિલકુલ પશ્ચાત્તાપ થતો નથી. જો હું કોઈ ખુદાઈ ફિરસ્તો કે અવતાર હોત અને જે જે બન્યું તે બધું અગાઉથી જોઈ શકયો હોત તોપણ હું ખિલાફતની હિલચાલમાં ઝંપલાવત જ ઝંપલાવત. મારી તો દૃઢ માન્યતા છે કે બંને કોમ વચ્ચે અત્યારે ભલે ચાહે તેટલી કડવાશ વર્તી રહી હોય પણ પાછલી પ્રવૃત્તિથી બંને કોમોનો લાભ જ થયો છે. આપણા પ્રજાકીય શિક્ષણને સારુ આમ જાગૃતિ આવવી જરૂરી હતી. એટલી એક વસ્તુ પણ આપણા પક્ષમાં મોટો લાભ ગણાય. આ જાગૃતિ નાશ પામીને પ્રજા પાછી ઊંઘી જાય એવું કશુંયે હું ન જ કરું. આપણું ડહાપણ તો એમાં સમાયેલું છે કે આવેલી જાગૃતિને આપણે યોગ્ય દિશાએ વાળીએ. અત્યારે આપણે જે દેખાવ જોઈ રહ્યા છીએ એ અલબત્ત દુઃખભર્યો છે, પણ આપણામાં પોતાને વિષે શ્રદ્ધા હોય તો એમાં નાસીપાસ થવાનું કારણ નથી. હાલનો ઝંઝાવાત, પાછળ આવતી શાંતિનો સૂચક છે. એ શાંતિ આપણા બળ અને સામર્થ્યના ભાનનું ફળ હશે, થાક અને નિરાશાને પરિણામે આવતી તંદ્રાને લીધે નહીં હોય.

દેશના જુદા જુદા ભાગોમાં જે હુલ્લડો અને વિખવાદો થયા તે પર ન્યાય આપવા બેસવાનું પ્રજા મને ન જ કહે. એવા ન્યાયાસને બેસવાની મારી જરાયે ઇચ્છા નથી. અને જો કદી હોય તોપણ એવા પ્રકારનો ન્યાય તોળવા મારી પાસે હકીકતો નથી.

## મોપલાઓ

હું વિખવાદનાં કારણો વિષે બે શબ્દ કહીશ.

મલબારના મોપલાકાંડે હિંદુઓનાં મન અવશ્ય ઊંચાં કર્યાં. સત્ય શું છે એ તો કોઈ જ જાણતું નથી. હિંદુઓનું કહેવું છે કે મોપલાઓના અત્યાચાર વર્ણવ્યા જાય એમ નહોતું. ડૉ. મહમૂદનું કહેવું છે કે આ અત્યાચારોની બાબતમાં કાગના વાઘ કરવામાં આવ્યા છે; મોપલાઓને હિંદુઓની પુષ્કળ સતામણી હતી અને બળજોરીથી વટલાવ્યાના કિસ્સાઓમાં તો એમને એકે જડયો નથી. જે એક દાખલો અમને કહેવામાં આવ્યો હતો તે તપાસ કરતાં પુરવાર થઈ શકયો નહીં. ડૉ. મહમૂદનું કહેવું છે કે તેમણે કાઢેલા આ નિર્ણયમાં હિંદુ સાક્ષીનો ટેકો છે. મોપલા પ્રકરણની આ બંને બાજુઓ મેં એટલા સારુ રજૂ કરી છે કે પ્રજા મારી જોડે એ નિર્ણયમાં સંમત થાય કે આ બાબતમાં યથાર્થ સત્ય ખોળી કાઢવું અશકય છે. અને આપણા ભાવિ વર્તનના નિયમનને સારુ એ જરૂરી પણ નથી.

Gandhi Heritage Portal

### મુલતાન વગેરે

મુલતાન, સહરાનપુર, આગ્રા, અજમેર વગેરે સ્થાનોમાં તો હિંદુઓને જ સૌથી વધારે ખમવું પડયું છે એ સૌ કોઈએ કબૂલ રાખ્યું છે. પલવલ વિષે હકીકત આવી છે કે ત્યાંના હિંદુઓએ મુસલમાનોને એક કાચી મસ્જિદને પાકી ચણતાં અટકાવ્યા. કહેવાય છે કે તેમણે પાકી દીવાલના ચણતરનો કેટલોક ભાગ તોડી નાખ્યો, મુસલમાનોને ગામમાંથી હાંકી કાઢ્યા અને કહ્યું કે મુસલમાનો ગામમાં કોઈ પણ મસ્જિદ ન બાંધવાની અને બાંગ ન દેવાની કબૂલાત ન આપે ત્યાં સુધી તેમને ગામમાં રહેવા દઈશું નહીં. કહેવાય છે કે આ સ્થિતિ એક વરસથી વધુ મુદત થયાં ચાલુ છે. હાંકી કાઢવામાં આવેલા મુસલમાનો રોહતકની નજીકમાં કાચાં ઝૂંપડાં બાંધીને રહ્યા છે એમ કહેવાય છે. વળી એક ખબરપત્રી મને જણાવે છે કે ધારવાડ જિલ્લાના બ્યાદે ગામમાં મુસલમાનોએ મસ્જિદ આગળ વાજું વગાડવાની સામે વાંધો લેવાથી હિંદુઓએ મસ્જિદને ભ્રષ્ટ કરી, મુસલમાનોને માર્યા અને પાછળથી તેમની સતામણી કરી.

આ બીજા બે દાખલાઓ પણ હું પુરવાર થયેલી હકીકતોવાળા કિસ્સાઓ તરીકે નથી ટાંકતો, પણ એ બતાવવા સારુ ટાંકું છું કે મુસલમાનોનો પણ એવો દાવો છે કે હિંદુઓ તરફથી એમની સતામણી કંઈ ઓછી થઈ છે એવું નથી.

અને એટલું તો અવશ્ય કહી જ શકાય કે જ્યાં મુસલમાનો દેખીતા જ નબળા હતા અને હિંદુઓનું જોર હતું (જેમ કે કતારપુર અને આરામાં) ત્યાં પડોશી હિંદુ ભાઈઓને હાથે તેમને નિર્દયપણે માર પડયો છે. વાત તો એ છે કે જ્યારે માણસનું લોહી ઊકળે છે ત્યારે, અને કુવિચારની આણ વર્તી રહે છે ત્યારે, માણસ પશુ બની જાય છે અને પશુની માફક વત છે —પછી એ પોતાને હિંદુ કહેવડાવનારો હોય, મુસલમાન કહેવડાવતો હોય, ખ્રિસ્તી કહાવતો હોય કે બીજો કંઈ હોય.

### વિખવાદનું થાનક

પણ આ બધા વિખવાદનું થાનક તો પંજાબ છે. મુસલમાનોની ફરિયાદ છે કે ફઝલૂલ હકે[1] સરકારી નોકરીઓમાંની ઠીક ઠીક સંખ્યા મુસલમાનોને આપવાનો પ્રયત્ન બીતાં બીતાં કર્યો એટલામાં જ હિંદુઓએ ચોમેર બુમરાણ કરી મેલ્યું. ઉપર જે કાગળમાંનો ઉતારો હું ટાંકી ગયો છું તેનો લખનાર કડવી ફરિયાદ કરે છે કે જ્યાં જ્યાં હિંદુ કોઈ ખાતાનો ઉપરી હોય છે ત્યાં ત્યાં તે મુસલમાનોને સરકારી નોકરીની જગ્યાઓથી હમેશાં કાળજીપૂર્વક બાતલ રાખે છે.

આમ આપણા વિખવાદનાં કારણો નર્યાં ધાર્મિક જ છે એવું નથી. મેં જે આરોપો ટાંકયા છે તે વ્યક્તિગત છે, પણ આમપ્રજાનું મન વ્યક્તિગત અભિપ્રાયનું જ પ્રતિબિંબ હોય છે.

### અહિંસા અબખે પડી

પણ આ બધાનું સીધામાં સીધું કારણ જે છે તે જ સૌથી ભયાનક છે. પ્રજાના વિચારી વર્ગને અહિંસા અબખે પડી હોય એમ જણાય છે. આ લોકોને હજુ અમદાવાદ તથા વીરમગામનાં રમખાણો પછીના, ત્યાર પછી મુંબઈના હુલ્લડ પછીના અને અંતે ચૌરીચૌરાના કાંડ પછીના મારા સત્યાગ્રહને મુલતવી રાખવાના પગલાનું રહસ્ય સમજાયું નથી. છેલ્લા કાંડ વેળાનું પગલું એ હદ હતી. બસ. વિચારી લોકોને લાગ્યું કે હવે ટૂંક વખતમાં સત્યાગ્રહની—અને તેથી અલબત્ત સ્વરાજની પણ—બધી આશા ફોગટ છે. અહિંસાને વિષે તેમની શ્રદ્ધા "મુખમેં રામ"

૧. અંગ્રેજીમાં ફજલ હુસેન છે.

Gandhi Heritage Portal

હતી. બે વર્ષ ઉપર એક મુસલમાન મિત્રે દિલ ખોલીને મને કહેલું: "હું તમારા અહિંસાધર્મમાં માનતો નથી. અને બીજા નહીં તો મારા મુસલમાન ભાઈઓને તો હું એ શીખવા દેવા ન જ ઇચ્છું. હિંસા એ જ જીવનનો નિયમ છે. તમે કહો છો એવા અર્થવાળા અહિંસાધર્મ મારફતે સ્વરાજ મળવાનું હોય તો તે મારે ન જોઈએ. મારે તો મારા શત્રુને પેટ ભરીને ધિક્કારવો જોઈએ." આ મિત્ર એક પ્રામાણિક શખસ છે. મને એમને માટે ખૂબ આદર છે. બીજા એક મારા બહુ ભારે મુસલમાન મિત્રને વિષે પણ આવી જ વાત આવી છે. વાત ખોટી પણ હોય, પણ વાત લાવનાર શખસ એવા નથી.

## હિંદુ ઘૃણા

અને અહિંસા પ્રત્યેની આ ઘૃણા કંઈ મુસલમાનોમાં જ જોવામાં આવે છે એમ નથી. હિંદુ મિત્રોએ એ જ વાત બનતા લગી કંઈક વધારે ઝનૂનપૂર્વક મને કરી છે. કેટલાકે અહિંસાધર્મની એના પરાકાષ્ઠાના સ્વરૂપમાં હું હિમાયત કરું છું એ કારણસર પોતાને હિંદુ તરીકે ઓળખાવવાના મારા હકમાંથી પણ મને બાતલ કર્યો છે! તેમનું કહેવું છે કે હું પ્રચ્છન્ન ખ્રિસ્તી છું. મને ગંભીરપણે કહેવામાં આવ્યું છે કે ભગવદ્ગીતામાં શુદ્ધ નિર્ભેળ અહિંસાધર્મ ઉપદેશેલો છે એવો ગીતાનો અર્થ કાઢવામાં હું ગીતાના અર્થનો ચોખ્ખો અનર્થ કરું છું. મારા કેટલાક હિંદુ મિત્રો મને કહે છે કે અમુક સંજોગોમાં હિંસાને ભગવદ્ગીતાએ માણસના ધર્મ તરીકે લેખીને તેના પર તેની ફરજ મૂકી છે. થોડા જ દિવસની વાત ઉપર એક ભારે વિદ્વાન શાસ્ત્રીએ ગીતાના મારા અર્થને રોષપૂર્વક તરછોડી કાઢીને મને કહ્યું હતું કે "ગીતામાં દૈવી અને આસુરી સંપત્તિ વચ્ચેનો સનાતન ઝઘડો વર્ણવ્યો છે અને ગીતામાં આપણી ભીતર રહેલી આસુરી સંપત્તિને જ વગર સંકોચે ને વગર દયાએ નિર્મૂળ કરવાની ફરજ કહેલી છે" એવો કેટલાક ટીકાકારોએ કાઢેલો ગીતાર્થ યથાર્થ લેખવાને મુદ્દલ આધાર નથી.

અહિંસા વિરુદ્ધના આ બધા અભિપ્રાયોને આટલા વિગતવાર આપું છું કારણ કે પ્રજાકીય સવાલનું જે તારણ મારી પાસે છે તે જો સમજવું હોય તો ઉપલા અભિપ્રાયો પણ સમજવાની અગત્ય છે.

આમ હું આજે જે દેખાવ મારી આસપાસ ભાળી રહ્યો છું તે અહિંસાની ભાવનાના ફેલાવ સામે એક જબ્બર પ્રતિકારની ભાવના છે. હિંસાનું જબરદસ્ત મોજું આવી રહ્યું હોય એમ મને થાય છે. હિંદુમુસલમાન વિખવાદ એ અહિંસાને વિષે ફેલાયેલી બેદિલીનું એક તીવ્ર સ્વરૂપ છે.

આ પ્રશ્નનો વિચાર કરવામાં મારું પોતાનું લેખું ન જ થવું જોઈએ. મારો ધર્મ એ મારી અને મારા સરજનહાર વચ્ચેની બાબત છે. જો હું હિંદુ હોઈશ તો આખો હિંદુસંસાર મારો ત્યાગ કરે તોપણ હું હિંદુ મટવાનો નથી. છતાં હું એટલું તો અવશ્ય કહીશ કે અહિંસા જ બધા ધર્મોનું અંતિમ લક્ષ્ય છે.

## મર્યાદિત અહિંસા

પણ હિંદુસ્તાનને તો મેં ઉપર આક્ષેપ કરવામાં આવ્યો છે એવો પરાકાષ્ઠાની હદનો અહિંસાધર્મ સ્વીકારવાનું કદી જ કહ્યું નથી અને તે બીજા કોઈ કારણસર નહીં તો એટલા જ કારણસર કે એ પ્રાચીન સંદેશો આજની દુનિયાને ફરી એક વાર આપવાને હું મને પોતાને પૂરતો લાયક ગણતો નથી. હું માનું છું કે બુદ્ધિથી હું એને પૂરેપૂરો સમજી ગયો છું અને

Gandhi Heritage Portal

મારા અંતઃકરણમાં એ ઠસ્યો છે; છતાં હજુ એ મારા રોમેરોમને વ્યાપી વળ્યો નથી. અને જે વસ્તુને મેં મારી પોતાની જિંદગીમાં વારંવાર કરી—તપાસી નથી જોઈ એવી કોઈ પણ વસ્તુ લોકોને કરવાનું ન કહેવામાં જ મારા કાર્યની મજબૂતી રહેલી છે એમ હું માનું છું. વળી આજે હું મારા દેશબંધુઓને અહિંસાધર્મ તેમના છેલ્લા અને સર્વોપરી ધર્મ તરીકે નહીં પણ કોમ કોમ વચ્ચેના વહેવારમાં પોતાનું આચરણ ઘટતું રાખવા અને સ્વરાજ મેળવવા પૂરતો જ સ્વીકારવા સૂચવી રહ્યો છું. હિંદુ, મુસલમાન, ખ્રિસ્તી, શીખ, પારસી—સૌ કોમોએ એકબીજી કોમો જોડેના આપસના મતભેદ માથાં ભાંગીને ન જ પતાવવા જોઈએ. સ્વરાજ મેળવવાનાં આપણાં સાધન પણ હિંસારહિત હોવાં જોઈએ. આ માર્ગને હિંદુસ્તાન આગળ નબળાના હથિયાર તરીકે નહીં પણ સબળાના હથિયાર તરીકે જ મૂકવાની હું હિંમત કરું છું. હિંદુમુસલમાનને "ધર્મની વાતમાં જોરાવરી ન કરવા"ના પ્રલાપ કરતા હમેશાં સાંભળીએ છીએ. પણ જો કોઈ હિંદુ એક ગાયને બચાવવા એક મુસલમાનનો જાન લેવા તૈયાર થાય તો એ ધર્મની વાતમાં જોરાવરી નહીં તો બીજું શું છે? એ તો કોઈ મુસલમાનને જબરાઈથી વટલાવીને હિંદુ બનાવવા જેવું જ થયું. તે જ પ્રમાણે જો મુસલમાનો હિંદુઓને મસ્જિદ આગળ વાજાં વગાડતાં જબરાઈથી અટકાવવાનો પ્રયત્ન કરે તો તે પણ જોરાવરી નહીં તો બીજું શું છે? ધર્મ તો એમાં રહેલો છે કે ચાહે તેવડી ગરબડ અને ઘોંઘાટ વચ્ચે પણ માણસ પોતાની ઈશ્વરપ્રાર્થનામાં તલ્લીન થાય. જો આપણે આપણી ધાર્મિક ઇચ્છાઓની બાબતમાં એકબીજા પર જોરાવરી કરીને સામા પાસે પોતાનું ધાર્યું કરાવવાના વ્યર્થ પ્રયત્નો કરવાનું આમ ને આમ ચાલુ રાખીશું તો ભાવિ પ્રજા આપણ બંને કોમોને અધર્મી જંગલીઓ તરીકે જ ઓળખશે. વળી એક લાખ અંગ્રેજોને ઠેકાણે આણવા સારુ ત્રીસ કરોડની પ્રજાએ જોર વાપરવાનો વિચાર કરતાં શરમથી બૂડી મરવું જોઈએ. એ લાખ લોકોનાં હૃદયમન પલટાવી દેવાં અગર તો તમારી તેવી ઇચ્છા હોય તો તેમને દેશમાંથી વિદાય કરી દેવા, એવડા કામને સારુ આપણને તલવારની નહીં, નિશ્ચયમાત્રની જરૂર છે. એ નિશ્ચયના વાખા હશે તો તલવાર સુધ્ધાં આપણાથી કદી ખેંચી શકાવાની નથી. વળી જો આપણે નિશ્ચયબળ કેળવશું તો તે સાથે જ આપણે જોઈશું કે આપણને તલવારની જરૂર રહી નથી.

આમ ઉપર જણાવ્યા હેતુઓની સિદ્ધિ પૂરતો અહિંસાતત્ત્વનો સ્વીકાર એ આપણી પ્રજાકીય હસ્તીની સાવ કુદરતી અને તેટલી જ આવશ્યક શરત છે. એ દ્વારા જ આપણે આપણા સામુદાયિક શરીરબળનો વધુ સારો ઉપયોગ કરતાં શીખીશું. અત્યારે તો આપણે એ બળ કેવળ આપસમાં લડી મરવામાં જ વેડફી રહ્યા છીએ અને પરિણામે એવા પ્રત્યેક ટંટા પછી દરેક પક્ષ વધુ ને વધુ ક્ષીણ બને છે. વળી તલવારબળની દરેક રાજક્રાંતિ પણ જો સમસ્ત પ્રજા તેની પાછળ ન હોય તો ચોખ્ખું ગાંડપણ જ ગણાવું જોઈએ. અને જો પ્રજા પૂરેપૂરી પાછળ હોય તો તો અસહકારના પણ લગભગ કોઈ પણ કાર્યક્રમ મારફત એ જ હેતુ એક પણ લોહીનું ટીપું પાડ્યા વગર પ્રજા બર લાવી શકે છે.

હું નથી કહેતો કે "લૂંટારા અને ચોરની જોડે અગર તો પરદેશીઓ હિંદુસ્તાન ઉપર ચઢી આવે તો તેમની જોડે પણ તમે અહિંસાધર્મથી વર્તો." પણ એવા સંકટની વેળાએ આપણે વધુ કુશળતાપૂર્વક સામા થઈ શકીએ એટલા ખાતર પણ આપણે આપણા જુસ્સાને અંકુશમાં રાખતાં શીખવું જરૂરી છે. જરા જરા વાતમાં તલવાર ઉગામવી એ બળની નહીં પણ નિર્બળતાની નિશાની છે.



Gandhi Heritage Portal

આપસની મુક્કાબાજી એ શરીરબળની નહીં પણ ગ્રેણપણાની તાલીમ છે. હું સૂચવી રહ્યો છું એ અહિંસાના માર્ગમાં નિર્બળતાનો ભય જ નથી એટલું જ નહીં પણ એ જ માર્ગે, જો પ્રજા તેવું ઇચ્છશે, તો સંકટ સમયે પ્રજા નિયમબદ્ધ અને રીતસર ઢબે તલવાર ચલાવી શકશે.

### આપણી ભ્રમણા

જેઓ એમ માની રહ્યા છે કે અહિંસાની કેળવણીથી આપણે પ્રમાદી અને અકર્મણ્ય બનવા લાગ્યા છીએ તેઓ જો ક્ષણવાર પણ વિચાર કરી જોશે તો જોશે કે આપણે ખરા અર્થમાં કદી પણ અહિંસાપરાયણ બન્યા જ નથી. આપણે પ્રત્યક્ષ શારીરિક હિંસા નથી કરી એ સાચું, પણ આપણા હૈયામાં તો હિંસા ધૂંધવાઈ રહી છે. જો આપણે શુદ્ધ મનથી આપણા વિચાર તેમ જ વાણીનું એવી રીતે નિયમન કર્યું હોત કે તેમનો આપણી બાહ્ય કૃતિ જોડે સંપૂર્ણપણે મેળ રહેત તો આજે આપણને જે થાક લાગ્યો છે તે સ્થિતિ કદી આવત નહીં. જો આપણે આપણા અંતરાત્માને વફાદાર રહ્યા હોત તો અત્યાર લગીમાં આપણે બેનમૂન હેતુબળ તેમ જ નિશ્ચયબળ કેળવી લીધું હોત.

### અનિવાર્ય શરત

અહિંસાને લગતી આ ભ્રમણાનું મેં આટલું લંબાણપૂર્વક વિવેચન કર્યું છે કારણ મારી ખાતરી છે કે જો આપણે ફરી એક વાર અહિંસાધર્મમાં ઉપર જણાવી ગયો તે બે હેતુની સિદ્ધિ પૂરતા જ શ્રદ્ધાવાળા (જો કદી અગાઉ સાચે જ શ્રદ્ધાવાળા હતા તો) થઈ શકીએ તો અત્યારે હિંદુમુસલમાન કોમ વચ્ચે વર્તી રહેલ વિખવાદ મોટે ભાગે શમી જાય, કારણ મારા અભિપ્રાય મુજબ બંને કોમોના આપસના સંબંધને વિષે અહિંસાનું પાલન એ વિખવાદના ઇલાજ શોધનારી કોઈ પણ વિષ્ટિને સારુ અગાઉથી જરૂરી એવી અનિવાર્ય શરત છે. બંને કોમ વચ્ચે આટલી તો સામાન્ય સમજૂતી થયેલી હોવી જ જોઈએ કે ગમે તેમ થાય તોપણ બેમાંથી એકે પક્ષ નિરંકુશ બની કાયદો પોતાના હાથમાં ન જ લે, પણ જ્યાં જ્યાં અને જ્યારે જ્યારે ક્યાંય ઝઘડો ઊભો થાય ત્યાં કજિયાના બધા મુદ્દા પંચ પતાવે અગર તો, જો મજકૂર પક્ષો તેમ ઇચ્છે તો, અદાલતમાં જાય. કોમોના આપસના વહેવારને સારુ તો અહિંસાનો કુલ અર્થ આટલો જ છે, આથી લેશમાત્ર વધુ નથી. બીજા શબ્દોમાં કહીએ તો જેમ દુન્યવી વહેવારની બાબતોમાં આપણે એકબીજાનાં માથાં ભાંગવા તૈયાર નથી થઈ જતા તેમ ધાર્મિક બાબતોમાં પણ ન જ થઈએ. આટલો એક જ કરાર બધા પક્ષો વચ્ચે તત્કાળ જરૂરી છે અને જો આટલું આપણે કરી શકીશું તો મારી ખાતરી છે કે બાકીનું બધું એની મેળે આવી મળશે.

આ આરંભની શરત કબૂલ રાખવામાં ન આવે ત્યાં સુધી આપણે નથી કોમી ગેરસમજો દૂર કરવાને જરૂરી વાતાવરણ ઊભું કરી શકવાના કે નથી કશી કાયમની માનભરી સમાધાની પર આવી શકવાના.

### ગુંડ અને નામર્દ

પણ બંને કોમો આ આરંભની શરત સ્વીકારવાની બાબતમાં સંમત થાય તથાપિ બંને કોમો વચ્ચેના વિખવાદ કરાવનારાં બીજાં જે કેટલાંક હરહમેશનાં કારણો છે તેનો વિચાર કરીએ. મને છાંટાભાર શંકા નથી કે હિંદુમુસલમાન ટંટાના દાખલાઓમાં હિંદુ જ મોટે ભાગે મોળો નીવડે છે. મારો જાતિઅનુભવ એ અભિપ્રાયને દૃઢ કરે છે કે મુસલમાન એક સામાન્ય નિયમ

Gandhi Heritage Portal

તરીકે ગુંડ હોય છે અને હિંદુ સામાન્યપણે બાયલો હોય છે. રેલગાડીઓમાં, રસ્તાઓ પર તેમ જ આવા જે કેટલાક કજિયાઓ પતાવવાની મને તક મળી છે તેમાં બધે મેં આ જોયું છે. વળી પોતાની નામર્દીને સારુ હિંદુએ મુસલમાનને દોષ દેવો લાજમ છે શું? જ્યાં નામર્દ વસતા હોય ત્યાં ગુંડ પણ હોવાના જ. કહે છે કે સહરાનપુરમાં મુસલમાનોએ ઘર લૂંટયાં, તિજોરીઓ તોડી, અને એક દાખલામાં એક હિંદુ સ્ત્રીની લાજ પણ લૂંટવામાં આવી. આમાં દોષ કોનો? મુસલમાનો તો પોતાના અઘોર કૃત્યનો કોઈ રીતે બચાવ ન જ કરી શકે એ સાચું, પણ હું તો મુસલમાનો ઉપર તેમની ગુંડાશાહી માટે રોષે ભરાવા કરતાં એક હિંદુ તરીકે ત્યાંના હિંદુઓની નામર્દીનો વિચાર કરી વધુ શરમાઉં છું. જેમનાં ઘર લૂંટાયાં તેઓ પોતાની માલમિલકતના રક્ષણનો પ્રયત્ન કરતાં મૂઆ કેમ નહીં? જે બહેનની લાજ લૂંટાઈ તેનાં સગાં-સંબંધી તે વેળાએ કયાં ગયાં હતાં? તેઓ પોતાની કશી કેફિયત રજૂ કરવાને જવાબદાર નથી શું? મારા અહિંસાધર્મમાં સંકટ વેળાએ પોતાનાં વહાલાંઓને વીલાં મેલી નાસી છૂટવાને સ્થાન નથી. મારવું અગર તો નામરદાઈપૂર્વક નાસી છૂટવું એ બે વચ્ચે જ જયાં પસંદગી કરવાની છે ત્યાં મારો માર્ગ મારવાનો હિંસામાર્ગ પસંદ કરવા કહેનારો છે. કારણ આંધળાને હું સૃષ્ટિ-સૌંદર્યની મજા નીરખતાં શીખવી શકું તો નામર્દને હું અહિંસાધર્મ શીખવી શકું. અહિંસા તો શૌર્યની કમાલ છે. અને મને જાતિઅનુભવ છે કે હિંસાના માર્ગમાં ઊછરીને કેળવાયેલા માણસોને અહિંસાના માર્ગનું ચડિયાતાપણું પુરવાર કરી બતાવવામાં મને કશી મુશ્કેલી નડી નથી. હું જાતે વર્ષો સુધી બીકણ હતો અને મને જાતિઅનુભવ છે કે એ દિવસોમાં હિંસાવૃત્તિ મારામાં રહ્યા કરતી. અને જ્યારે મારું બીકણપણું મેં ખંખેરી કાઢયું ત્યારે જ હું અહિંસાની કિંમત આંકતાં શીખ્યો. જે હિંદુઓ પોતાની ફરજનું સ્થાન ભયની વેળાએ છોડી નાસી ગયા તેઓ કંઈ પોતે અહિંસાવૃત્તિને કારણે સામા ઉપર ઘા કરવાને નારાજ હતા એટલા સારુ નહીં પણ પોતે મરવાને અગર તો જખમી થવાને કે માર ખાવાને સુધ્ધાં રાજી નહોતા એટલા સારુ નાસી ગયા. સસલું શિકારી કૂતરાને જોઈ જીવ લઈને નાસી છૂટે છે તે ખાસ અહિંસાધર્મથી પ્રેરાઈને નથી નાસી છૂટતું. બાપડા પ્રાણીના પેલા ડાઘિયાને જોતાંની સાથે હાંજા ગગડી જાય છે તેથી તે જીવને ખાતર નાસી છૂટે છે.

### અખાડા

જે હિંદુઓ પોતાના જીવ બચાવવા ખાતર નાસી ગયા તેઓ જો ઉઘાડી છાતીએ અને હસતે ચહેરે પોતાની જગ્યાએ ઊભા રહ્યા હોત અને જ્યાંના ત્યાં રહી મૂઆ હોત તો તેઓ ખરા અહિંસાવાદી ગણાત, તેમના જશને પાર ન રહેત; હિંદુ ધર્મ તેમનાથી ઊજળો થાત અને તેમના પર હુમલો કરનારા મુસલમાનો તેમના મિત્ર બનત. જો તેઓ પોતાની જગ્યાએ જેમના તેમ ઊભા રહ્યા હોત અને ઘા સામો ઘા વાળ્યો હોત તોપણ તેમણે ઓછું ઉજજવળ અને છતાં સંપૂર્ણ વખાણવાલાયક આચરણ કર્યું ગણાત. જો હિંદુઓ ગુંડા મુસલમાનોને પોતાના અંકિત મિત્ર બનાવી મૂકવા માગતા હોય તો તેમણે ભારેમાં ભારે જોખમ વચ્ચે દૃઢપણે ઊભા રહીને મરવાની કળા હાંસલ કર્યે જ છૂટકો છે.

પણ આનો રસ્તો અખાડા કાઢવામાં નથી. મને અખાડાઓનો દ્વેષ નથી. ઊલટું શારીરિક તાલીમને સારુ હું તેમને ઇચ્છું છું, અને એ ઉદ્દેશને ખાતર તો સૌને સારુ એ જોઈએ જ. પણ જો એ હિંદુમુસલમાન ઝઘડાઓ વેળાએ રક્ષણની તૈયારી તરીકે કાઢવામાં આવતા હોય તો

Gandhi Heritage Portal

તે ચોક્કસ નિષ્ફળ નીવડવાના. મુસલમાનો પણ એ જ દાવ કયાં ખેલી શકે એમ નથી? અને આવી છૂપી કે જાહેર તૈયારીઓ માત્ર શંકા અને રોષ ઉત્પન્ન કરવાનાં જ નિમિત્ત બને છે. રોગનું ઓસડ એ નથી. કોમના થોડા પણ વિચારવાન માણસોએ પંચનું તત્ત્વ લોકપ્રિય અને ફરજિયાત કરીને એવા ઝઘડા અશકય કરી મેલવા જોઈએ.

નામરદાઈનું ઓસડ શારીરિક કસરત નથી પણ ભય અને સંકટ ખેડવાનો શોખ કેળવવો એ છે. જ્યાં સુધી મધ્યમવર્ગના હિંદુઓમાં માબાપો જાતે બીકણ છે અને પોતાનાં ઉંમરે પહોંચેલ છોકરાંઓને સુધ્ધાં તકિયાતળાઈઓ ઉપર મુલાયમ બન્યા રાખીને પોતાનું બીકણપણું તેમનામાં ઉતારવાનું ચાલુ રાખશે ત્યાં સુધી તેમનામાં ભયથી નાસવાની અને જોખમ ન ખેડવાની વૃત્તિ કાયમ રહેશે. હિંદુઓએ પોતાનાં બાળકોને વીલાં, એકલવાયાં મેલવાની હિંમત કરતાં, તેમને જોખમો ખેડવા દેતાં અને તેમ કરતાં પ્રસંગોપાત્ત જીવ ખોઈ બેસવા દેતાં શીખવું જ પડશે. એકાદ વામનજી બાંધાના શરીરમાં પણ શેરદિલ વસી શકે છે. બીજી બાજુએ પહાડ જેવા ઝૂલુઓને પણ અંગ્રેજ છોકરાઓ આગળ બીકના માર્યા કોકડું વળી જતાં મેં જોયા છે. દરેક ગામડાને પોતાના ભડ શોધી લેવા રહ્યા છે.

## દોષનાં બીજ

ગુંડાઓનો દોષ કાઢવામાં પણ ભૂલ રહેલી છે. આપણે તેમને સારુ અનુકૂળ વાતાવરણ ઊભું ન કરીએ ત્યાં સુધી તેઓ કદાપિ ગુંડાશાહી નથી કરતા. ૧૯૨૧માં[1] શાહજાદાના આગમનને દિવસે મુંબઈમાં જે બન્યું તે મેં નજરે જોયું છે. આપણે બીજ વાવ્યાં અને ગુંડાઓએ લણણી કરી. આપણા લોકો તેમની પાછળ હતા. મુલતાન, સહરાનપુર અને બીજે જે અત્યાચાર થયા તે સારુ આબરૂદાર મુસલમાનો (એક જ દાખલામાં બધા નહીં)ને જવાબદાર ગણવામાં મને સંકોચ નથી થતો. તે જ રીતે કતારપુર અને આરાના અત્યાચારોને સારુ હું ત્યાંના આબરૂદાર હિંદુઓને જવાબદાર ગણું છું. પલવલમાં મુસલમાનોને કાચીને બદલે પાકી મસ્જિદ બાંધતાં આપણે અટકાવ્યા છે એ સાચું છે. આ કામ ગુંડાઓ અને મવાલીઓએ નથી કર્યું. આબરૂદાર હિંદુઓને જ આ બનાવને સારુ જવાબદાર ગણવા રહ્યા છે. આબરૂદાર વર્ગને હમેશાં દોષવેગળો રાખવાની આપણામાં ઘર કરી બેઠેલી પ્રથાને આપણે દૃઢતાપૂર્વક તોડવી જ ઘટે છે.

આથી હું માનું છું કે જો હિંદુઓ પોતાના રક્ષણને સારુ હિંદુ ગુંડાઓને સંગઠિત કરશે તો તેમાં તેઓ મોટી ભૂલ ખાશે. તેમ કરીને તેઓ ઓલમાંથી નીકળીને ચૂલમાં પડશે. વાણિયા-બ્રાહ્મણે અહિંસાને માર્ગે નહીં તો હિંસાનો આશ્રય કરીને પણ પોતાનું રક્ષણ કરતાં શીખ્યે અને નહીં તો પોતાની વહુદીકરીઓ તેમ જ માલમિલકત ગુંડાઓને હાથ સોંપ્યે જ છૂટકો છે. આ ગુંડાઓને એક સ્વતંત્ર કોમ તરીકે લેખવા ઘટે છે, પછી તેઓ મુસલમાન હો કે હિંદુ.

## અસ્પૃશ્યોનો ઉપયોગ

હજુ થોડા જ દિવસની વાત ઉપર એક જગ્યાને વિષે મોટા અભિમાનપૂર્વક કહેવામાં આવ્યું હતું કે, મજકૂર ગામમાં અસ્પૃશ્યોના રક્ષણ હેઠળ (કારણ આ અંત્યજોમાં મરણભય

૧. જુઓ પુસ્તક ૨૧, પા. ૪૧૭–૨૦.

Gandhi Heritage Portal

નહોતો) એક હિંદુ વરઘોડો મુસલમાનોની મસ્જિદ આગળ થઈને વગરઈજાએ વિજયનાં વાજાં વગાડતો વગાડતો પસાર થયો હતો!

પવિત્ર કાર્યનો આ એક અત્યંત હીન દુન્યવી ઉપયોગ કહેવાય. આપણા અસ્પૃશ્ય ભાઈઓના આવા આપમતલબી ઉપયોગથી નથી સામાન્ય હિંદુ ધર્મની કશી સેવા થવાની કે નથી ખાસ અસ્પૃશ્ય વર્ગોની કશી સેવા થવાની. આવી શંકાભરી ઢબે રક્ષાયેલા બેચાર વરઘોડા બેચાર મસ્જિદો આગળ થઈને વગરઅડચણે પસાર થઈ ગયા તોયે શું? એથી બંને કોમો વચ્ચેના અત્યારના વિખવાદમાં ઉમેરો જ થવાનો; અને હિંદુ ધર્મને પણ એમાં હીણપત જ છે. જો મધ્યમ વર્ગના ઉજળિયાત હિંદુઓને મુસલમાનોના વિરોધ સામે થઈને પણ વાજાં વગાડવાં જ હોય તો તેમણે જાતે જ માર ખાવા તૈયાર થવું જોઈએ અગર તો માનભરી રીતે મુસલમાનો જોડે મિત્રાચારી કરી લેવી જોઈએ.

દલિત વર્ગોની બાબતમાં તો આપણે આટલો કાળ તેમના ઉપર જે અન્યાયો ગુજાર્યા અને જે હજુ તેમના ઉપર ચાલુ રાખીએ છીએ, તેનું આપણે પ્રાયશ્ચિત્ત કરવું રહ્યું છે. આમ આપણે આપણા માથા પરનું કરજ ફેડવાની જે વાત છે તેમાં વળતરની આશાનો સવાલ હોય જ નહીં. આવી સ્થિતિમાં આપણે આપણી નામર્દાઈ ઢાંકવાના કામમાં તેમનો ઉપયોગ કરીને તો તેમનામાં જૂઠી આશાઓનાં બીજ વાવીશું — જે આશાઓને આપણે કદી પાર પાડી શકવાના નથી. અને ઈશ્વર જો આનો બદલો આપણી પાસેથી લે તો તેમના પ્રત્યેની આપણી અમાનુષ વર્તણૂકની એ યોગ્ય સજા ગણાય. જો હિંદુ સમાજમાં મારું કશું ચલણ હોય તો મારી હિંદુઓને વિનવણી છે કે મુસલમાનોના હુમલા સામે ઢાલ તરીકે અસ્પૃશ્યોનો આવો ઉપયોગ કરવાનો વિચાર તેઓ કદી ન કરે.

### અણવિશ્વાસનો હંગામ

હિંદુમુસલમાન વિખવાદનું બીજું સબળ કારણ આપણા સારામાં સારા લોકમાં પણ સામી કોમને વિષે દિનપ્રતિદિન વધતો જતો અણવિશ્વાસ. મને પંડિત માલવિયાજીને વિષે ચેતવણી આપવામાં આવી છે! તેમના હેતુઓ છૂપા છે એવો તેમના પર આરોપ છે. એવું કહેવામાં આવ્યું છે કે માલવિયાજીને મુસલમાનો પ્રત્યે મિત્રભાવ નથી. એમને મારા પ્રજા ઉપરના વજનની પણ ઈર્ષ્યા થાય છે એટલે સુધી આ આક્ષેપો ગયા છે! હું ૧૯૧૫માં હિંદુસ્તાન પાછો ફર્યો ત્યારથી હું પંડિત માલવિયાજીના નિકટ સંબંધમાં રહ્યો છું અને તેમને ખૂબ ઓળખું છું. તેમના ગાઢ પરિચયમાં હું આવ્યો છું. હું એમને હિંદુના સંસારની શ્રેષ્ઠ વ્યક્તિઓમાંના એક ગણું છું. જૂના આચારવાળા છતાં ઉદારમાં ઉદાર વિચાર ધરાવનારા તેઓ છે. તેઓ મુસલમાન કોમના શત્રુ નથી જ. એમનામાં કોઈની ઈર્ષ્યા સંભવે જ નહીં. એમનું હૃદય એવડું વિશાળ છે કે તેમાં એમના શત્રુઓને પણ સ્થાન મળી શકે. એમણે સત્તાનો લોભ કદી ધર્યો નથી અને જે સત્તા તેઓ અત્યારે ધરાવી રહ્યા છે તે પણ લાંબા કાળ સુધીની માતૃભૂમિની તેમની અખંડ સેવાનું ફળ છે. આવી સેવાનો દાવો આપણામાંથી ઘણા જ થોડા કરી શકે. એમની અને મારી વચ્ચે સ્વભાવનો ભેદ છે પણ નાતો બે સગા ભાઈ જેવો છે. અમારી વચ્ચે કોઈ દિવસ સહેજ પણ ખટાશ કે કલેશ થયાનું મારી જાણમાં નથી. અમારા માર્ગ જુદા હોવાથી અમારા બે વચ્ચે હરીફાઈનો અને તેથી ઈર્ષ્યાનો સવાલ જ ઉદ્‌ભવી શકે નહીં.

Gandhi Heritage Portal

### લાલાજી

બીજો અણવિશ્વાસ લાલાજી વિષે છે. મેં તો લાલાજીને બાળકના જેટલા ખુલ્લા દિલના ભાળ્યા છે. એમના ત્યાગને લગભગ જોડ નથી કહું તો ચાલે. હિંદુમુસલમાન પ્રશ્ન વિષે એક વાર નહીં પણ અનેક વેળા મારે એમની જોડે વાતો થઈ છે. મુસલમાન પ્રત્યે એમનામાં વેરભાવની ગંધ સરખી નથી. છતાં મારે કબૂલ કરવું જોઈએ કે હિંદુમુસલમાન એકતા તાબડતોબ થઈ જવા વિષે તેઓ શંકિત છે. તેઓ પ્રભુ પાસે માર્ગની પ્રાર્થના કરે છે. પોતે શંકિત છતાં હિંદુ-મુસલમાન એકતામાં માને છે, કારણ કે તેમણે મને કહ્યું તેમ તેઓ સ્વરાજમાં માને છે. તેઓ સ્વીકારે છે કે એવી એકતા વગર સ્વરાજ સ્થપાઈ શકે નહીં. માત્ર એ સ્વરાજ કયાં સાધનોથી અને ક્યારે મળે તે તેઓ જાણતા નથી. મારું તારણ તેમને ગમે છે પણ હિંદુઓ તે સમજશે કે કેમ, અને સમજશે તો તેઓ કહે છે તેમ એમાં રહેલી ઉદાત્તતાની કદર બૂજશે કે કેમ એ વિષે એમને શંકા છે. અહીં હું એટલું પણ કહી દઉં કે હું પોતે મારા તારણને ઉદાત્ત કહેતો નથી. મારે હિસાબે તો એ કેવળ ન્યાય્ય અને વહેવારુ તારણ છે.

### આર્યસમાજ

સ્વામી શ્રદ્ધાનંદજી તો ઘણાને ચોખ્ખા ભયસ્વરૂપ છે. હું જાણું છું કે એમનાં ભાષણો ઘણી વાર કોઈને રોષ ચડે એવાં હોય છે. પણ એમને સુધ્ધાં હિંદુમુસલમાન એકતા તો જોઈએ છે જ. દુર્ભાગ્યે એઓ માને છે કે એકએક મુસલમાનને આર્ય બનાવી લઈ શકાય, જેમ કદાચ ઘણાખરા મુસલમાનો માને છે કે દરેક ગેરમુસ્લિમ કોઈ ને કોઈ દિવસે મુસલમાન ધર્મમાં ભળશે. શ્રદ્ધાનંદજી નીડર અને બહાદુર નર છે. એકલે હાથે ગંગાજીના કિનારા પર તરાઈના જંગલને એમણે એક ધીકતા ગુરુકુળમાં ફેરવી નાખ્યું. એમને પોતાને વિષે અને પોતાના કાર્યને વિષે શ્રદ્ધા છે પણ એઓ ઉતાવળિયા છે અને સહેજમાં ઉશ્કેરાય છે. આર્યસમાજની પરંપરાનો વારસો એમનામાં ઊતર્યો છે. સ્વામી દયાનંદ સરસ્વતી[1] માટે મને અત્યંત આદર છે. હું માનું છું કે એમણે હિંદુ ધર્મની ભારે સેવા બજાવી છે. એમના શૂરાતન વિષે કોઈથી સવાલ કરાય એમ જ નથી. પણ એમણે પોતાના હિંદુ ધર્મને સાંકડો કરી નાખ્યો છે. આર્યસમાજનો ગ્રંથસાહેબ सत्यार्थप्रकाश મેં બે વાર વાંચ્યો છે. યરવડા જેલમાં નિવૃત્તિ હતી ત્યારે તેની ત્રણ નકલો મિત્રોએ મને મોકલેલી. આવા મહાન સુધારકને હાથેથી લખાયેલો આટલો નિરાશાદાયક ગ્રંથ મેં બીજો નથી જોયો. એમણે સત્યની અને નર્યા સત્યની જ હિમાયત કરવાનો દાવો કર્યો છે, પણ તેમ કરવા જતાં તેમણે અજાણ્યે જૈન ધર્મ, બૌદ્ધ ધર્મ, ખ્રિસ્તી ધર્મ અને ખુદ હિંદુ ધર્મના પણ અર્થના અનર્થ કર્યા છે. જેને આ ધર્મોની છેક સામાન્ય પણ ઓળખાણ છે તે આ મહાન સુધારક કેવી ભૂલોમાં સહેજે તણાયા છે એ સહેજે જોઈ શકે છે. તેમણે દુનિયા ઉપરના એક વધારેમાં વધારે સહનશીલ અને ઉદાર ધર્મને સાંકડો કરી મૂકવાનો પ્રયત્ન કર્યો છે. અને જોકે પોતે મૂર્તિભંજક હતા તોપણ સૂક્ષ્મમાં સૂક્ષ્મ રૂપે મૂર્તિપૂજા સ્થાપવામાં જ એમનો પ્રયત્ન પરિણમ્યો છે. કારણ તેમણે વેદોના અક્ષરે અક્ષરને ઈશ્વરસ્વરૂપ બનાવી દીધો અને આજના જમાનામાં વિજ્ઞાને કરેલી એકેએક શોધો વેદોમાં મોજૂદ છે એમ સિદ્ધ કરવા મહેનત કરી. આજે આર્યસમાજની જે પ્રતિષ્ઠા છે તે મારા નમ્ર અભિપ્રાય મુજબ सत्यार्थप्रकाशના શિક્ષણના ગુણને લઈને નથી પણ તેના સંસ્થાપકના મહાન અને ઉદાત્ત ચારિત્ર્યને લઈને છે. જ્યાં જ્યાં

૧. ૧૮૨૪–૮૩; આર્યસમાજના સ્થાપક.

Gandhi Heritage Portal

તમે આર્યસમાજીને જોશો ત્યાં ત્યાં ચેતન અને પ્રાણ જોવામાં આવશે. આમ છતાં સંકુચિત દૃષ્ટિ અને વિવાદપ્રિય સ્વભાવને લઈને તેઓ અન્ય વર્ગના લોકો જોડે અને કોઈ ન મળે ત્યારે પરસ્પર કજિયા કરે છે.

સ્વામી શ્રદ્ધાનંદજીમાં આ જુસ્સાનો ઠીક ઠીક અંશ છે જ, પણ આ બધા દોષો છતાં હું એમને અસાધ્ય વ્યક્તિ નથી માનતો. બનવાજોગ છે કે આર્યસમાજના અને સ્વામીજીના આ વિવેચનથી તેઓ રોષે ભરાય. મારા મનમાં તો તેમને દૂખવવાની સહેજે પણ ઇચ્છા નથી એ કહેવાની જરૂર ન હોય. હું સમાજિસ્ટોને ચાહું છું, કારણ મારા ઘણા સાથીઓ એમાંના છે. સ્વામીજીને તો હું દક્ષિણ આફ્રિકામાં હતો ત્યારથી જ ચાહતાં શીખ્યો છું; અને જોકે હવે હું એમને વધુ સારી રીતે ઓળખતો થયો પણ એટલે કંઈ મારો એમના પ્રત્યેનો પ્રેમ ઓછો થયો છે એમ નથી. મારા પ્રેમે જ મને બોલાવ્યો છે.

### શ્રી જયરામદાસ

મારા ઉપર જેમને વિષે ચેતવણીઓ આવી છે તેમાંના છેલ્લા જયરામદાસ અને ડૉ. ચોઈથરામ છે. જયરામદાસને નામે તો હું સોગન ખાઉં. એમના કરતાં વધુ સાચા ગૃહસ્થને મારી જિંદગીમાં હું હજી મળ્યો નથી. જેલમાંની એમની વર્તણૂક પર અમે સૌ મુગ્ધ હતા. એમના સદાચરણને મર્યાદા નહોતી. એમનામાં મુસલમાન વિરુદ્ધ ભાવનાનો છાંટો સરખો નથી. ડૉ. ચોઈથરામનો મને પરિચય જોકે વહેલો થયેલો તોપણ હું એમને એટલો સંપૂર્ણતાએ જાણતો નથી, પણ જેટલું જાણું છું તેટલા ઉપરથી હિંદુમુસલમાન એકતાના હિમાયતી સિવાય બીજા કશા તરીકે તેમને ઓળખવાની હું ના પાડું છું. આ નામાવલિ મેં પૂરી તો નથી જ કરી. મને લાગે છે તે એટલું જ કે જો આ બધા હિંદુઓ તેમ જ સમાજિસ્ટોને હજુ પણ હિંદુમુસ્લિમ એકતાની દિશાએ જીતી લેવાપણું બાકી રહ્યું હોય તો પછી હિંદુમુસલમાન એકતા એ શબ્દનો મારે સારુ તો કશો જ અર્થ નથી રહેતો, અને મારે આ જિંદગી દરમ્યાન તો એવી એકતા પ્રાપ્ત કરવાની બાબતમાં નિરાશા જ સેવવી રહી.

### મૌ. અબદુલ બારી

પણ આ મિત્રો વિષેના આરોપ એ જ એનો સૌથી ખરાબ અંશ નથી. હિંદુઓ સામે આપવામાં આવી છે તેટલી જ મુસલમાનો સામે પણ મને ચેતવણી આપવામાં આવી છે! ત્રણ જ નામો હું અહીંયાં આપીશ. મૌલાના અબદુલ બારી સાહેબને[1] એક ઝનૂનખોર હિંદુ-દ્વેષ્ટા તરીકે ઓળખાવવામાં આવ્યા છે. મને તેમનાં કેટલાંક લખાણો દેખાડવામાં આવ્યાં છે જે હું સમજી શકતો નથી. મેં તો એમને એ વિષે પડપૂછ પણ નથી કરી. કારણ કે એઓ તો એક ખુદાના સરળદિલ બાળક છે. મેં એમનામાં કશોયે કળજુગ ભાળ્યો નથી. ઘણી વાર એઓ વગરવિચાર્યું બોલી નાખે છે અને ઘણી વાર પોતાના દિલોજાન દોસ્તોને પણ તેઓ કફોડી સ્થિતિમાં મૂકે છે. પણ તેઓ કડવાશ કરવામાં જેટલા ઉતાવળા છે તેટલા જ જલદી ભૂલની માફી માગવા પણ તૈયાર હોય છે. જે વખતે જે બોલે તે તેટલા વખતને સારુ દિલોજાનથી કહે છે. એમનો રોષ અને પાછળથી એમની માફી બંને ખરા દિલનાં હોય છે. એક વાર મૌલાના મહમદઅલી

૧. ૧૮૩૮–૧૯૨૬; લખનૌના રાષ્ટ્રીય મુસ્લિમ આગેવાન; ખિલાફત ચળવળમાં એમણે સક્રિય ભાગ ભજવ્યો હતો.

Gandhi Heritage Portal

ઉપર એઓ કશા વાજબી કારણ વગર ઊકળી ઊઠેલા. હું તે વખતે તેમનો મહેમાન હતો. એમને લાગ્યું કે મને પણ તેમણે એવું જ કંઈક કડવું કહી નાખેલું. મૌલાના મહમદઅલી અને હું તે જ વખતે ઘેરથી નીકળીને કાનપુર જવા સ્ટેશને ઊપડવાની તૈયારીમાં હતા. અમે રવાના થયા બાદ એમના મનને થયું કે પોતે અમને દુખવ્યા હતા. મૌલાના મહમદઅલીને તો એમણે ખરે જ દૂભવેલા, મને નહીં. પણ એમણે તો અમારા બંને પાસે કાનપુરમાં એક ડેપ્યુટેશન મોકલ્યું અને અમારા બંનેની માફી માગી! આ કૃત્યથી એઓ મારી નજરમાં ચડ્યા. આમ છતાં હું કબૂલ કરું છું કે મૌલાના સાહેબ કોઈ વાર ભયંકર મિત્રની ગરજ સારે ખરા. પણ તેમ છતાંયે એઓ મિત્ર નથી મટી શકતા એટલું જ સિદ્ધ કરવાનો મારો મુદ્દો છે. એમની પાસે દેખાડવાના જુદા, ચાવવાના જુદા એવું કશું છે નહીં. એમનામાં કશા દાવપેચ નથી. આવા મિત્રને ખોળે એનામાં બીજા હજાર દોષ હોય તોપણ હું મારું માથું મૂકીને સુખે સૂઉં, કારણ હું જાણું છું કે એ પીઠ પાછળનો ઘા કદી ન કરે.

### અલી બિરાદરો

આવી જ ચેતવણી અલી બિરાદરો વિષે પણ મને આપવામાં આવી છે. મૌલાના શૌકતઅલી[1] તો શૂરામાં શૂરા વીરોમાંનો એક વિરલો નર છે. એમની ત્યાગશક્તિ અજબ છે તેમ ખુદાના ક્ષુદ્રમાં ક્ષુદ્ર પ્રાણીને ચાહનારી તેમની પ્રેમશક્તિ પણ તેટલી જ અજબ છે. ઈસ્લામના પોતે આશક છે પણ બીજા ધર્મો પ્રત્યે તેમને દ્વેષભાવ નથી. મૌલાના મહમદઅલી એ તેમનું બીજું ખોળિયું છે. મેં મૌલાના મહમદઅલીમાં મોટાભાઈ પ્રત્યે જેટલી અનન્ય નિષ્ઠા જોઈ છે તેટલી બીજે ક્યાંયે નથી જોઈ. એમની બુદ્ધિએ નક્કી કર્યું છે કે હિંદુમુસલમાન એકતા સિવાય હિંદુસ્તાનનો તરણોપાય નથી. તેમનો "પૅન-ઈસ્લામ"વાદ હિંદુવિરોધી નથી. ઈસ્લામ અંતર્બાહ્ય શુદ્ધ થાય અને બહારના ચાહે તેવા હુમલા સામે પણ સંગઠિત રૂપે ટક્કર ઝીલે એવી સ્થિતિ જોવાની તીવ્ર આકાંક્ષા સામે કોનાથી વાંધો લઈ શકાય? કોકોનાડામાં તેમના ભાષણમાંનો એક ફકરો ઘણા જ વાંધાભર્યા ભાગ તરીકે મને દેખાડવામાં આવ્યો. મેં મૌલાનાનું ધ્યાન તે ઉપર ખેંચ્યું. તેમણે તત્ક્ષણ કબૂલ કર્યું કે એ સાચી ભૂલ હતી. મિત્રો મને જણાવે છે કે, મૌલાના શૌકતઅલીના ખિલાફત પરિષદ સંમુખના ભાષણમાં પણ કેટલુંક વાંધાભર્યું છે. આ ભાષણ મારી પાસે છે, પણ તે વાંચવા મને સમય મળ્યો નથી. હું તો જાણું જ છું કે જો એમાં ખરે જ કંઈ કોઈને દુઃખ લાગે એવું હશે તો તેની ભરપાઈ કરી આપવા તૈયાર એવા પુરુષોમાં મૌલાના શૌકતઅલી સૌથી પહેલા છે.

અલી ભાઈઓમાં દોષો નથી એમ નથી. હું પોતે પણ દોષોથી ભરપૂર હોવાને કારણે આ ભાઈઓની મૈત્રી શોધતાં અને એ મૈત્રી કીમતી ગણતાં હું અચકાયો નથી. જો એમનામાં કેટલાક દોષો છે તો એમનામાં એથી ઘણા વધારે ગુણો પણ છે અને હું તેમના દોષો છતાં તેમને ચાહું છું. જેમ ઉપર ગણાવ્યા તે હિંદુ મિત્રોનો ત્યાગ કરીને હિંદુઓમાં હું કશું સંગીન કાર્ય ન કરી શકું તેમ આ મુસલમાન મિત્રો વગર પણ હું એ દિશાએ મુસલમાનોમાં કામ કરવાની આશા ન જ રાખી શકું. જો આપણામાંના ઘણાખરા સંપૂર્ણતાએ પહોંચેલા હોત તો તો આપણી વચ્ચે ઝઘડા જ ન થાત. પણ આપણે બધાં અપૂર્ણ પ્રાણીઓ છીએ અને તેથી જ

૧. ૧૮૭૩-૧૯૩૮; રાષ્ટ્રીય મુસ્લિમ રાજકારણી પુરુષ; ખિલાફત ચળવળમાં આગેવાનીભર્યો ભાગ લીધો હતો.

Gandhi Heritage Portal

આપણે એકબીજામાંના અનુકૂળ ખવાસ ઉપર અને ઈશ્વર ઉપર શ્રદ્ધા ટકાવી રાખીને આપણા એક જ ધ્યેય પાછળ ઘસડાઈ જવું જોઈએ.

આપણામાંના સરસમાં સરસ લોકોના મનમાંથી પણ વહેમ અને અણવિશ્વાસનું વાતાવરણ દૂર કરવા ખાતર કેટલીક પ્રમુખ વ્યક્તિઓને વિષે મારે વિવેચન કરવું પડયું. સંભવ છે કે મારી આંકણી વાંચનારને હૈયે ન બેઠી હોય. ગમે તેમ હો પણ મારી આંકણી હું વાચક આગળ રજૂ કરું એ જરૂરી હતું, પછી એની પોતાની ભલે એથી જુદી હોય.

### હકીકતોની મુશ્કેલીઓ

આવો તીવ્ર અવિશ્વાસ યથાર્થ સત્યની શોધને લગભગ અશકય કરી મૂકે છે. ડૉ. ચોઈથરામ તરફથી સિંધમાં એક હિંદુને જબરાઈથી વટલાવવાના થયેલ કહેવાતા પ્રયત્નને લગતી હકીકતો મને મળી છે. મજકૂર માણસે ધર્માંતર કરવાની ના પાડયાથી તેના મુસલમાન સોબતીઓએ તેને જાનથી મારી નાખ્યો. આ હકીકત સાચી હોય તો ખરે જ કમકમાટી ઉપજાવે તેવી છે. ઉપલા ખબર મળતાં જ મેં શેઠ હાજી અબદુલ્લા હારુનને તાર કરી આ વિષે ખબર પુછાવી. તેમણે ઘણા જ માયાળુપણાથી તુરત જ જવાબ આપ્યો કે મજકૂર શખસે આપઘાત કર્યાનું કહેવાય છે, છતાં પોતે વધુ તપાસ ચલાવી રહેલ છે. મને આશા છે કે આ બાબત છેલ્લે સત્ય હકીકત આપણને મળશે જ. હું તો આ બીના અહીંયાં એટલું જ બતાવવા ખાતર ટાંકું છું કે અવિશ્વાસનું વાતાવરણ વર્તી રહ્યું હોય ત્યાં કામ કરતાં કેટલી મુશ્કેલીઓ નડે છે. બીજો પણ એક કિસ્સો છે પણ એ વિષે વધુ વિગતવાર તેમ જ ભરોસાપાત્ર હકીકત મળતાં સુધી હું તેનો ઉલ્લેખ ન જ કરું. મારી એટલી જ વિનંતી છે કે હિંદુ અગર મુસલમાન હરકોઈની વિરુદ્ધના આવા જે કોઈ કિસ્સા લોકો સાંભળે તેઓ જાતે શાંત રહે અને તે વિષે વાત કરે તો પુરવાર થઈ શકે તેમ હોય તેટલી અને તેટલી જ હકીકતની વાત કરે. હું પોતે તો વચન આપું છું કે આવી જે કંઈ હકીકતો મારી પાસે આવશે તેમાંના બનાવો—પછી તે ભલે ગમે તેવા ક્ષુલ્લક કે નજીવા હશે તોપણ—હું તેની ઘટતી તપાસ કરીશ અને એક માણસથી જેટલું કંઈ થઈ શકે તેટલું કરી છૂટીશ. મને તો આશા છે કે બહુ જ ટૂંક સમયમાં આપણી પાસે કાર્યકર્તાઓની એક સેના તૈયાર હશે જેના સભ્યોની એ ફરજ હશે કે આવી દરેક ફરિયાદની તપાસ કરવી, અને ફરિયાદીને ન્યાય મેળવી આપવાની તેમ જ ભવિષ્યમાં એવા વિખવાદ ફરી ઊભા થવાનાં કારણો બનતાં અટકે એવી પેરવી કરવી.

### બંગાળમાં અત્યાચાર

બંગાળમાંથી ત્યાંની હિંદુ સ્ત્રીઓ ઉપર અત્યાચારો થયાની જે હકીકતો આવી છે તે તો અરધી સાચી હોય તોપણ અત્યંત ક્ષોભ પમાડે એવી છે. આજકાલ આવા ગુનાઓ ચારે દિશાએ કેમ ફાટી નીકળ્યા હશે એ કળવું મુશ્કેલ છે. તેમ આ ભ્રષ્ટ કરવામાં આવેલી બહેનોનાં હિંદુ સગાંસંબંધીઓને વિષે પણ ખામોશી જાળવીને બોલવું કઠણ છે. વળી વિષયાંધ થઈને નિર્દોષ સ્ત્રીઓ ઉપર આવો પશુવત્ અત્યાચાર કરનારાઓની પાશવવૃત્તિને વિષે શું કહેવું એ પણ સહેલું નથી. સ્થાનિક મુસલમાનોને, બલકે સમસ્ત બંગાળના આગેવાન મુસલમાનોને લાજમ છે કે તેઓ ગુનેગારોને શોધી કાઢે—ખાસ તેમને સજા કરાવવા ખાતર જ નહીં, પણ બનતા લગી ફરી આવા ગુના બનતા અટકાવવાને ખાતર. ચાર પાકા ગુનેગારોને તેમને ખૂણેખાંચરેથી ખોળી કાઢવા અને પોલીસના હાથમાં સોંપી દેવા એ મોટી વાત નથી, પણ એટલાથી સમાજ

Gandhi Heritage Portal

એવા ગુનાઓની પુનરાવૃત્તિથી ઊગરી જતો નથી. એને સારુ તો સંપૂર્ણ સુધારાનો કોઈ ઇલાજ અખત્યાર કરીને તેનાં મૂળ કારણો જ નાબૂદ કરવાં ઘટે. મુસલમાનોમાં શું કે હિંદુઓમાં શું, એવાં માણસો પડેલાં જ હોય જેઓ પંડે સદાચરણી હોઈ આવા લોકોમાં કામ કરવાનું માથે લે. આવું જ કાબુલી અને પઠાણોના ત્રાસને વિષે કહી શકાય.[1] આ પઠાણોની વાતને હિંદુ-મુસ્લિમ સવાલ જોડે સંબંધ નથી પણ જો આપણે કેવળ પોલીસની દયા ઉપર જ જીવવા ન માગતા હોઈએ તો આવા સવાલો પણ આપણે હાથ ધરવા જ પડશે અને તેનો નિકાલ કરવો પડશે.

## શુદ્ધિની પ્રવૃત્તિ

પણ હાલના વિખવાદને જે ખરેખરું પાણી સિંચે છે એ તો હાલ જે ઢબે શુદ્ધિ અગર તો ધર્માંતર કરવાની પ્રવૃત્તિ ચાલી રહેલ છે એ છે. મારા અભિપ્રાય પ્રમાણે તો ખ્રિસ્તી ધર્મમાં અને એથી ઓછા પ્રમાણમાં ઇસ્લામમાં જેમ પરધર્મીને વટલાવીને પોતાના ધર્મમાં લેવાનો વિધિ રહેલો છે તેવી વસ્તુ હિંદુ ધર્મમાં છે જ નહીં. આ બાબતમાં આર્યસમાજિસ્ટોએ ખ્રિસ્તીઓનું અનુકરણ કર્યું હોય એમ જણાય છે. આ આધુનિક પદ્ધતિ મને બિલકુલ રુચતી નથી. એનાથી અત્યાર સુધીમાં શ્રેયને બદલે અશ્રેય જ વધારે થયું છે. ધર્માંતર એ કેવળ અંતઃકરણને લગતી અને માણસ અને તેના સરજનહારને લગતી બાબત મનાતી હોવા છતાં એને અંગે મુખ્યત્વે સ્વાર્થવૃત્તિને જાગ્રત કરવામાં આવે છે એટલી બજારુ ચીજ એને કરી મેલવામાં આવી છે. આર્યસમાજિસ્ટ ઉપદેશક જ્યારે બીજા ધર્મોની નિંદા (ખંડન) કરવા ઊભો રહે છે ત્યારે એને રસના ઘૂંટડા આવતા હોય એવું મોટે ભાગે જોવામાં આવ્યું છે. મારી હિંદુ ધર્મવૃત્તિ તો મને શીખવે છે કે બધા જ ધર્મો ઓછેવત્તે અંશે સાચા છે, બધાની ઉત્પત્તિ એક જ ઈશ્વરમાંથી છે, અને છતાં બધા ધર્મ અપૂર્ણ છે કારણ કે તે અપૂર્ણ એવા મનુષ્ય દ્વારા આપણને મળેલા છે. ખરી શુદ્ધિ પ્રવૃત્તિ તો હું એને કહું કે દરેક સ્ત્રી અગર પુરુષ પોતપોતાના ધર્મમાં રહીને પૂર્ણતા પ્રાપ્ત કરવા મથે. આવી ગોઠવણમાં ચારિત્ર એ જ માણસની કસોટી હોય. જો માણસ નીતિમાં ચડિયાતો ન થાય તો એક વાડામાંથી નીકળી બીજામાં પેસવાથી શું વળવાનું હતું? જ્યાં મારા ઘરમાં વસનારાં જ પ્રતિક્ષણ પોતાના આચારવ્યવહારમાં ઈશ્વરનો છડેચોક ઇનકાર કરી રહ્યાં હોય ત્યાં હું એ ઈશ્વરની સેવાને સારુ બહારનાંઓને વટલાવીને ઘરમાં લાવવાનો પ્રયત્ન કરું (કારણ શુદ્ધિ અગર તો તબલીઘનો અર્થ આવો જ માનવો રહ્યો છે) તો એવા પ્રયત્નનો અર્થ જ શો હોઈ શકે? "પોતાના પગ નીચેનું બળતું પહેલું હોલવ" એ કહેવત અત્યારે દુન્યવી કરતાં ધાર્મિક વહેવારમાં જ વધુ સાચી નીવડે છે.

## ધર્મપ્રચારની મર્યાદાઓ

પણ આ મારા અંગત વિચાર છે. જો આર્યસમાજીઓની એવી માન્યતા છે કે તેમનો અંતરાત્મા તેમને આમ કરવા પ્રેરી રહ્યો છે તો તેમને આ પ્રવૃત્તિ ચલાવવાનો સંપૂર્ણ હક છે. આવો અંતર્નાદ કોઈ પણ પ્રકારના સમયની મર્યાદા કે ઉપયોગિતાના અંકુશ ન જ ગણકારે, અને એક આર્યસમાજી ઉપદેશક કે મુસલમાન મોલવી પોતાના અંતર્નાદથી પ્રેરાઈને પોતાના ધર્મનો પ્રચાર કરશે એટલાથી જ જો હિંદુમુસલમાન એકતાને ધક્કો પહોંચતો હોય તો એવી એકતા કેવળ મોઢાની વરાળ ઉપરાંત બીજું કશું નથી એમ ચોક્કસ સમજવું. શા માટે આપણે

૧. જુઓ પુસ્તક ૨૦, પા. ૧૪૩-૬.

Gandhi Heritage Portal

આવી પ્રવૃત્તિઓથી ઊકળી ઊઠીએ? માત્ર તે ખરી પ્રામાણિક પ્રવૃત્તિઓ હોવી જોઈએ. જો મલકાના રજપૂતોને પાછા હિંદુ ધર્મના પેટમાં સમાવું હતું તો ગમે તે વખતે તેમ કરવાનો તેમને સંપૂર્ણ હક હતો. પણ પોતાના ધર્મપ્રચારને નામે બીજા ધર્મોની નિંદા કરવાની પ્રવૃત્તિ ચાલવા ન જ દઈ શકાય. કારણ એનું પરિણામ એ જ આવે કે સહિષ્ણુતામાત્ર નાશ પામે. આવા પ્રચારની સામે થવાનો સૌથી સચોટ ઉપાય એ જ છે કે તેને જાહેર રીતે વખોડી કાઢવો. દરેક પ્રવૃત્તિ પોતે જોખમદાર હોવાનો ડોળ કરે છે પણ એ દંભને પ્રજામત ઉઘાડો પાડે તે જ ક્ષણે તે પ્રતિષ્ઠાને અભાવે ભાંગી પડી નાશ પામે છે. હું સાંભળું છું કે આર્યસમાજીઓ તેમ જ મુસલમાનો બંને પક્ષ સ્ત્રીઓનાં પ્રત્યક્ષ હરણ કરે છે અને તેમનું ધર્માંતર કરાવવાના પ્રયત્ન કરે છે! મારી આગળ આગાખાની સાહિત્યનો ઢગલો પડ્યો છે જે કાળજીપૂર્વક વાંચવાનો મને હજુ સમય નથી મળી શક્યો. પણ મને ખાતરી આપવામાં આવી છે કે એમાં હિંદુ ધર્મની મારીમચરડેલી અને કાપકૂપ કરી મૂકેલી બાબતો ભરી છે. મેં જેટલું કંઈ વાંચ્યું છે તેમાંથી એટલું તો હું જોઈ શક્યો છું કે તેમાં નામદાર આગાખાનને હિંદુ અવતાર તરીકે ઓળખાવવામાં આવેલ છે. નામદાર આગાખાન પોતે આ બધા સાહિત્યને વિષે શું ધારતા હશે એ જાણવું રમૂજી થઈ પડે ખરું. ઘણા ખોજા ગૃહસ્થો મારા મિત્રો છે જેમને આ સાહિત્ય વાંચી જવા હું ભલામણ કરું છું. એક ગૃહસ્થે મને કહ્યું કે, આગાખાની પંથના કેટલાક કાર્યકર્તાઓ ગરીબ અભણ હિંદુઓને પૈસા ધીરે છે અને પાછળથી તેમને કહે છે કે જો તેઓ મુસલમાન ધર્મ સ્વીકારે તો તેમનું દેવું માફ થાય. આને હું ગેરકાયદે લાલચ આપીને વટલાવવાનો ગુનો કહું. પણ સૌથી બૂરી રીત તો દિલ્હીના એક ગૃહસ્થની છે. હું તેમણે પ્રગટ કરેલું એક ચોપાનિયું આથથી તે ઇતિ સુધી વાંચી ગયો છું. એમાં ધર્મોપદેશકોને ઉદ્દેશીને ધર્મપ્રચારનું કામ કેવી રીતે થાય એ વિષે વિગતવાર સૂચનાઓ આપેલી છે. આનો આરંભ એ ઉદાત્ત સિદ્ધાંતથી કરવામાં આવ્યો છે કે ઇસ્લામ એટલે ઈશ્વરની એકતાનું શિક્ષણ. આ મહાસિદ્ધાંતનો પ્રચાર લેખકના કથન પ્રમાણે અધિકારભેદ વિના પ્રત્યેક મુસલમાને કરવો રહ્યો છે. જાસૂસોનું એક ગુપ્ત ખાતું ચલાવવાની હિમાયત કરવામાં આવી છે, જેમાંના શખસોનું કામ ગેરમુસ્લિમ વસ્તીનાં ઘરોમાં હરબહાને દાખલ થવાનું હશે. વેશ્યાઓ, ગાનારી નાયકણો, ફકીરો, સરકારી નોકરો, વકીલો, ડૉક્ટરો, કારીગરો સૌ કોઈને આ ખાતામાં દાખલ થવાનો આગ્રહ કરવામાં આવ્યો છે. જો આવા પ્રકારનો ધર્મ-પ્રચાર પ્રજામાં પ્રતિષ્ઠા પામે તો ઇસ્લામના પેગમ્બરના મહાન સંદેશાનો અનર્થ કરનારા આવા વેષધારી બગ-ઉપદેશકો(તેમને હું ખરા પ્રચારક ન જ કહી શકું)નાં છૂપાં કરતૂકોથી એક પણ હિંદુ ઘર સલામત રહેવા પામે નહીં. પ્રતિષ્ઠિત હિંદુઓને મોઢેથી મેં સાંભળ્યું છે કે આ ચોપાનિયું નિઝામના મુલકમાં બહોળા પાયા પર વંચાય છે અને તેમાં સૂચવેલી રીતનો પણ ત્યાં મોટા પાયા પર અમલ ચાલી રહ્યો છે.

એક હિંદુ તરીકે મને ખેદ થાય છે કે આવી શકભરી નીતિમત્તાવાળી રીતોની હિમાયત કરનારું ચોપાનિયું એક નામાંકિત અને વિશાળ વાચકવર્ગ ધરાવનારા ઉર્દૂ લેખક તરફથી પ્રચાર પામ્યું છે. મારા મુસલમાન મિત્રો મને જણાવે છે કે કોઈ પ્રતિષ્ઠિત મુસલમાન એમાં સૂચવેલી રીતોને પસંદ કરતો નથી પણ પ્રતિષ્ઠિત અને કેળવાયેલા મુસલમાનો મજકૂર ચોપાનિયા વિષે શું ધારે છે એ સવાલ છે જ નહીં, સવાલ એ છે કે મુસલમાન આમવર્ગનો મોટો ભાગ એને સ્વીકારે અને અનુસરે કે નહીં.

Gandhi Heritage Portal

### પંજાબનાં અખબારો

પંજાબનાં છાપાંઓનો અમુક વર્ગ તો કેવળ નિર્લજ્જ જ થઈ બેઠો છે. એનાં કોઈ કોઈ લખાણો તો કેવળ ગલીચ હોય છે. આવા કેટલાયે ફકરા વાંચી જવાની મહાવ્યથા મેં વેઠી છે. એક બાજુ આર્યસમાજી અગર હિંદુ પત્રો અને બીજી બાજુ મુસલમાન લેખકો એ છાપાં ચલાવી રહ્યા છે. દરેક જણે સામાને ગાળો કાઢવામાં અને સામાના ધર્મને નિંદવામાં પરસ્પર હરીફાઈ માંડી છે. હું સાંભળું છું કે આ અખબારોના ઘરાકો પણ ઠીક ઠીક મોટી સંખ્યામાં છે. પ્રતિષ્ઠિત લોકોનાં વાચનાલયોમાં આ છાપાંઓ જાય છે. મેં એમ પણ સાંભળ્યું છે કે સરકારના લોકોની આ ગાળો અને નિંદાના ઉદ્યોગને હૂંફ છે. આ વાત પર ઇતબાર મૂકતાં મને આના-કાની થાય છે, પણ આ બધામાં સત્ય છે એમ ઘડીભર માનીએ તોપણ પંજાબી ભાઈબહેનોએ તેમના પ્રાંતની આ વધતી જતી નામોશીને વગરવિલંબે પહોંચી વળવું જોઈએ.

મને લાગે છે કે હવે હું બંને કોમો વચ્ચેના વિખવાદનાં તમામ કારણો ધરમૂળનાં તેમ જ હાલનાં, તપાસી ગયો છું. હવે વિખવાદનાં જે બે કાયમનાં કારણો છે તે તપાસીએ.

### ગોવધ

પહેલું ગોવધનું. ગોરક્ષાને હું હિંદુ ધર્મનું પ્રધાન અંગ ગણું છું — પ્રધાન એટલા સારુ કે ઉચ્ચ વર્ગો તેમ જ આમપ્રજા બંનેને એ સામાન્ય છે — છતાં આ બાબત પર એકલા મુસલમાનો સામે જ આપણો જે સદાય રોષ રહે છે તે હું કેમે કરીને સમજી શક્યો નથી. અંગ્રેજોને વાસ્તે દરરોજ કેટલીયે ગાયોની કતલ થાય છે. પણ એ વિષે તો આપણે ભાગ્યે જ કદી શબ્દોચ્ચાર સરખો કરીએ છીએ. માત્ર કોઈ મુસલમાન ગાયની કતલ કરે છે ત્યારે જ આપણે ક્રોધથી લાલચોળ થઈ જઈએ છીએ. ગાયને નામે જેટલા ટંટાઓ થયા છે એ એકેએકમાં નર્યો ગાંડપણભર્યો શક્તિક્ષય થયો છે. એથી એકે ગાય બચી નથી, ઊલટું મુસલમાનો વધારે આગ્રહી બન્યા છે અને પરિણામે વધારે ગાયો કપાવા લાગી છે. મેં જોયું છે કે ૧૯૨૧ની સાલમાં મુસલમાનોના સ્વયંપ્રેરિત અને ઉદાર પ્રયત્નથી જેટલી ગાયો બચી હતી તેટલી અગાઉનાં લગભગ વીસ વરસ દરમ્યાનના હિંદુઓના પ્રયત્નથી કહો કે નહીં બચી હોય. ગો-રક્ષાનો પ્રારંભ તો આપણે જ કરવો રહ્યો છે. હિંદુસ્તાનમાં ઢોરોની દુર્દશા છે તેવી દુનિયાના બીજા કોઈ પણ ભાગમાં નથી. હિંદુ ગાડાંવાળાઓને પોતાના થાકીને લોથ થયેલા બળદોને નિર્દયપણે આરવાળી પરોણીથી હાંકતા જોઈ મેં આંખમાંથી આંસુ ઢાળ્યાં છે. આપણાં અધભૂખ્યાં રહેતાં ઢોરો આપણી જીવતીજાગતી નામોશી છે. ગાયોની ગરદનો કસાઈની છૂરીનો ભોગ થાય છે કારણ આપણે હિંદુઓ ગો-વિક્રય કરીએ છીએ. આ સ્થિતિમાં એકમાત્ર સંગીન અને શોભાભર્યો ઉપાય એ જ છે કે મુસલમાનોનાં હૃદય આપણે જીતી લેવાં અને ગાયનું રક્ષણ કરવાનું તેમની ખાનદાની પર છોડી દેવું. ગોરક્ષા મંડળીઓએ ઢોરોને ખવડાવવા તરફ, તેમના પર ગુજરતું ઘાતકીપણું અટકાવવા તરફ અને ગોચરોની જમીનોનો દિવસે દિવસે થતો જતો લોપ અટકાવવા તરફ, ઢોરોનો ઉછેર સુધારવા તરફ, ગરીબ ગોવાળો પાસેથી તેમને ખરીદી લેવા તરફ અને હાલની પાંજરાપોળોને દૂધની આદર્શ સ્વાશ્રયી ડેરીઓ બનાવવા તરફ ધ્યાન દેવું ઘટે. ઉપર જણાવેલી બાબતોમાંની એક પણ કરતાં જો હિંદુઓ ચૂકે તો તેઓ ઈશ્વર તેમ જ મનુષ્ય સન્મુખ ગુનેગાર ઠરશે. મુસલમાનોને હાથે થતો ગોવધ જો તેઓ ન અટકાવી શકતા હોય તો તેમાં કંઈ તેમને

Gandhi Heritage Portal

માથે પાપ નથી ચડતું, પણ જ્યારે ગાયને બચાવવા ખાતર તેઓ મુસલમાનની સાથે કજિયો માંડે છે ત્યારે તેઓ અવશ્ય ભારે પાપ કરે છે.

### વાજાં અને મસ્જિદો

મસ્જિદો આગળ વાજાં વગાડવાના અને હવે તો હિંદુ મંદિરોમાં આરતી કરવાના સવાલ વિષે મેં નમ્ર ચિત્તે વિચારો કર્યા છે. ગોવધનો સવાલ જેમ હિંદુઓને માટે આળો જખમ છે, તેમ મુસલમાનોને માટે આ આળો જખમ છે. અને જેમ હિંદુઓ મુસલમાનોને ગોવધ કરતાં જબરાઈથી ન અટકાવી શકે તેમ મુસલમાનો પણ હિંદુઓને વાજાં વગાડતાં અગર તો આરતી કરતાં તલવારને બળે ન જ અટકાવી શકે. તેમણે હિંદુઓની ભલમનસાઈ ઉપર વિશ્વાસ રાખવો જ જોઈએ. હિંદુ તરીકે હું તો હિંદુ ભાઈઓને જરૂર એવી સલાહ આપું કે તેમણે સાટું કરવાની વૃત્તિ રાખ્યા વિના મુસલમાન ભાઈઓની લાગણીને માન આપવું ઘટે અને જ્યાં જ્યાં બની શકે તેમ હોય ત્યાં તેમને નભાવી લેવા ઘટે. મેં સાંભળ્યું છે કે કેટલેક ઠેકાણે હિંદુઓ ઈરાદાપૂર્વક અને મુસલમાનોને ચીડવવાના હેતુથી તેમની નમાજ શરૂ થવાને વખતે જ બરાબર આરતી શરૂ કરે છે. આ એક બેવકૂફીભર્યું અને મૈત્રીવિરોધી કૃત્ય ગણાય. મૈત્રીમાં મિત્રની લાગણીઓને ખૂબ સંભાળવાનું કલ્પી લેવામાં આવે છે. એમાં વિચાર કરવાની જરૂર નથી રહેતી. છતાં મુસલમાનોએ હિંદુ સંગીતને જોરજુલમથી અટકાવવાની ઇચ્છા કદી ન જ રાખવી ઘટે. મારની ધમકીથી અગર તો પ્રત્યક્ષ મારથી ડરીને વશ થવું એ તો પોતાના સ્વમાનને તેમ જ પોતાની ધાર્મિક ભાવનાને તિલાંજલિ આપવા બરાબર છે. પણ જે માણસ કદી ધમકીથી ડરી જનારો નથી તે સામો પક્ષ ચિડાય એવા પ્રસંગો ઓછામાં ઓછા આવે એવી જ રીતે વર્તશે અને બનતા લગી તો તેવા પ્રસંગો ટાળશે જ.

### કરારનામું

હું ઉપર કહી ગયો એ દૃષ્ટિએ જોતાં એટલું તો સ્પષ્ટ છે કે આપણે હજુ એવી સ્થિતિએ પહોંચ્યા જ નથી કે જ્યાં બે કોમો વચ્ચે કરાર સંભવે. ગોવધની બાબતમાં તેમ જ વાજાં વગાડવાની બાબતમાં પણ મારા માનવા પ્રમાણે તો કોઈ જાતનું સાટું કે કરાર ન જ થઈ શકે. કેવળ સ્વેચ્છાથી જ બંને પક્ષોએ આ દિશામાં પ્રયત્નો કરવા રહ્યા છે—એટલે કે કોઈ પણ પ્રકારના કરારના પાયા તરીકે આ વિગતોનો ઉપયોગ ન જ કરી શકાય.

### કોમી કરાર?

રાજદ્વારી વિષયોને અંગે કોઈ એક પ્રકારનો કરાર અગર સમજૂતી હોય એ અલબત્ત ઇચ્છવાજોગ છે. પણ મારી દૃષ્ટિએ તો બંને કોમ વચ્ચે મિત્રભાવની લાગણી એ એવા કોઈ પણ સંગીન કરાર અગાઉની અનિવાર્ય શરત છે. આજે બંને કોમો ખરા દિલથી એવું માન્ય કરવા તૈયાર છે કે બે કોમો વચ્ચેનો કોઈ પણ કજિયો—પછી તે ધાર્મિક હોય કે અન્ય પ્રકારનો—શરીરબળથી એટલે કે એકબીજાનાં માથાં ભાંગીને ન પતાવવો? મારી તો ખાતરી છે કે જ્યાં આગેવાનોને લડવાની ચળ નથી ત્યાં આમપ્રજાને લડવાની કે માથાં ભાંગવાની મુદ્દલ વૃત્તિ નથી. તેથી જો આગેવાનો કબૂલ થાય કે બધા આપસના કજિયાઓને જંગલી તથા અધાર્મિક ગણીને બીજા બધા સભ્ય દેશોની માફક આ દેશમાંથી પણ કાયમને માટે તિલાંજલિ આપવામાં આવે તો આમપ્રજા તાબડતોબ એ ભાવનાને ઝીલી લેશે એ વિષે મને છાંટાભાર શંકા નથી.

Gandhi Heritage Portal

રાજદ્વારી વિષયોમાં તો એક અસહકારી તરીકે મને એ બાબતોમાં કશો જ રસ નથી. પણ ભાવિ સમજૂતીને ખાતર હું ધારું છું કે મોટા પક્ષ તરીકે હિંદુઓને લાજમ છે કે સાટું કરવાની વૃત્તિ ન ધરતાં આ બાબતમાં હકીમ સાહેબ અજમલખાનજી જેવાના હાથમાં કલમ સોંપી દે અને તેઓ સાહેબ જે કંઈ નિર્ણય આપે તે માથે ચડાવે. એ જ ઢબે હું તો શીખોના, ખ્રિસ્તીઓના, પારસીઓના અને બીજી બાકીની નાની કોમોના સવાલોનો ફડચો કરું. મારી દૃષ્ટિમાં તો એ જ એક વાજબી, ન્યાય્ય અને માન તેમ જ શોભાભર્યો ફડચો છે. જો હિંદુઓ જુદી જુદી કોમો વચ્ચે એકતા ઇચ્છતા હોય તો નાની કોમો પર વિશ્વાસ રાખવાની હિંમત તેમણે કેળવ્યે જ છૂટકો છે. બીજા કોઈ પણ પાયા પર કરેલી સમજૂતી મોઢામાં ક્યાંક ને ક્યાંક ખટાશ રાખવાની જ રાખવાની. આમપ્રજાને થોડું જ ધારાસભાઓમાં બેસવું છે કે મ્યુનિસિપલ કાઉન્સિલર થવું છે? અને જો આપણે સત્યાગ્રહના શસ્ત્રનો યથાર્થ ઉપયોગ સમજ્યા હોઈએ તો આપણે જાણીએ કે અન્યાય કરનારા હરકોઈ હાકેમ સામે તે શસ્ત્ર વાપરી શકાય અને વાપરવું જ જોઈએ,—પછી ભલે મજકૂર હાકેમ હિંદુ હોય કે મુસલમાન, અગર તો બીજી ગમે તે જાતિનો કે નામનો હોય. તે જ રીતે ન્યાયી હકીમ અગર તો પ્રતિનિધિ હમેશાં અને સરખો જ સરસ છે પછી ભલે એ હિંદુ હોય કે મુસલમાન. આપણે જાતિની ભાવનાને અંતે ત્યાગ કર્યે જ છૂટકો છે તેથી બહુમતીએ જાતે પહેલ કરીને પોતાના સદ્‌હેતુ વિષે ઓછી સંખ્યાવાળાઓની ખાતરી કરી આપવી જોઈએ. બધી સમજૂતીઓ હમેશાં ત્યારે જ થાય કે જ્યારે બહુમતીવાળો પક્ષ નાના પક્ષના જવાબની રાહ જોયા વગર પહેલ કરે.

સરકારી ખાતાંની નોકરીઓની બાબતમાં તો હું માનું છું કે કોમી પક્ષપાતની ભાવનાને એ પ્રદેશમાં પણ જો આપણે દાખલ થવા દઈશું તો આપણા સુતંત્રમાં એ કેવળ ઘાતક નીવડશે. જો રાજતંત્રને કાર્યદક્ષ રાખવું હોય તો સૌથી કાબેલ લોકોને જ એમાં રોકવા પડશે. અલબત્ત, એમાં પક્ષાપક્ષી અને વગવસીલા ના ચાલવા જોઈએ, એટલે કે જો આપણે પાંચ ઇજનેરો જોઈતા હોય તો દરેક કોમમાંથી એક એક લેવાનું ધોરણ રાખ્યું નહીં પાલવે અને સૌથી વધારેમાં વધારે લાયકાતવાળા પાંચ જણને જ તે જગાઓ આપવી પડશે, પછી તે પાંચે ભલે પારસી કે મુસલમાન કોમના હોય. સૌથી નીચલા દરજ્જાની જગાઓ જરૂર જણાય તો, જુદી જુદી કોમોના બનેલા એક તટસ્થ મંડળની દેખરેખ નીચે એક પરીક્ષા લઈને તેમાંથી નીકળનારાઓ વડે ભરવામાં આવે.

પણ આ નોકરીની જગાઓની વહેંચણી દરેક કોમની સંખ્યાના પ્રમાણમાં ન જ થવી જોઈએ. પ્રજાકીય તંત્ર હેઠળ શિક્ષણમાં પછાત રહેલી કોમોને કેળવણી જેવી બાબતમાં અવશ્ય ખાસ લાભો મળે. આ સહેજે બની શકે એવી વાત છે. પણ સરકારમાં મહત્ત્વની જગાઓ રોકવાની મહત્ત્વાકાંક્ષા જેમને છે તેમના પર તો આવશ્યક પરીક્ષામાં ઉત્તીર્ણ થવાની ફરજ હોવી જ જોઈએ.

### મારી આસ્થા

મારે મન તો દેશ આગળ અત્યારે તાત્કાલિક નિર્ણય માગનારો જરૂરી પ્રશ્ન એક જ છે અને તે હિંદુમુસલમાનનો. હું મિ. ઝીણા જોડે સંમત છું કે હિંદુમુસલમાન એકતાનો જ અર્થ સ્વરાજ છે. આ દુઃખી દેશમાં હિંદુમુસલમાન વચ્ચે કાયમની એકદિલી થયા વગર કશું

Gandhi Heritage Portal

સુફળ મેળવવાનો સંભવ મને તો દેખાતો નથી. હું એમ પણ માનું છું કે આવી એકતા તાબડતોબ સ્થાપી શકાય એમ છે કારણ કે એ સાવ સ્વાભાવિક અને બંને કોમોને માટે જીવાદોરી સમાન જરૂરી છે અને કારણ કે મનુષ્ય-સ્વભાવ ઉપર મને આસ્થા છે. મુસલમાનો અનેક બાબતોને માટે જવાબદાર હશે. હું પોતે જેને "બૂરા" કહી શકાય એવા મુસલમાનોના સમૂહના નિકટ સંબંધમાં આવ્યો છું. છતાં મને એવો એક પ્રસંગ યાદ નથી કે જેમાં તેમની જોડેના વહેવારને સારુ મારે પસ્તાવું પડયું હોય. મુસલમાનો શૂરા છે, ઉદાર દિલના છે અને જે ક્ષણે તેમના હૃદયમાંથી શંકા નિર્મૂળ થઈ પડશે તે જ ક્ષણે વિશ્વાસ રાખનારા છે. વળી જ્યાં હિંદુ પોતે કાચનાં ઘરોમાં રહેનારા હોય ત્યાં પોતાના મુસલમાન પાડોશીઓનાં ઘર પર પથરા ફેંકવાનો તેમને કશોયે અધિકાર નથી. આપણે પોતે દલિત વર્ગો પર શી શી વિતાડી છે અને હજુ વિતાડી રહ્યા છીએ એની કલ્પના કરી જુઓ. જો "કાફર" શબ્દ તિરસ્કારસૂચક છે તો "ચાંડાલ" કેટલો વધુ તિરસ્કારસૂચક છે? પણ આપણે આપણા દલિત વર્ગો પ્રત્યે ચલાવેલા વર્તનને તો કદાચ દુનિયાના ધર્મોના ઈતિહાસમાં કયાંય જોટો નથી. દુ:ખની વાત તો એ છે કે આ વર્તણૂક હજુ આજની ઘડીએ પણ ચાલુ છે! જરા વાઈકોમ તરફ જ નજર કરો ને![1] માણસજાત તરીકેના હકના શ્રીગણેશાયને ખાતર સુધ્ધાં કેવડું મહાભારત મંડાણું છે! ઈશ્વર સીધી સજા નથી કરતો. એની ગતિ ન્યારી છે. કોણ કહી શકશે કે આજનાં આપણાં બધાં જ દુ:ખ એ એક ઘોરતમ પાપનું ફળ નહીં હોય? ઈસ્લામની તવારીખ જો ઈસ્લામના નૈતિક ઊંચાણમાં કોઈ કોઈ જગ્યાએ સ્ખલન દેખાડે છે તો સાટે એનાં ઉજ્જવળ પૃષ્ઠોની સંખ્યા પણ કંઈ નાની નથી. વળી ઈસ્લામ એના જશના દિવસોમાં પરમત-અસહિષ્ણુ નહોતો. દુનિયા આખીને એણે પોતાની મહત્તા વડે ચકિત કરી મૂકી હતી. જ્યારે પશ્ચિમ અંધકારમાં ડૂબેલું હતું ત્યારે પૂર્વ દિશાના આકાશમાં એક ઝળહળતો તારો ઊગ્યો અને તેણે દુ:ખપીડિત દુનિયાને રોશની આપી, દિલાસો આપ્યો. ઈસ્લામ કોઈ જૂઠો ધર્મ નથી. હિંદુઓ આદરપૂર્વક તેનો અભ્યાસ કરી જોશે તો હું જેમ તેને ચાહું છું તેમ તેઓ પણ ચાહશે. આ દેશમાં એ અસભ્ય અને ઝનૂની બની ગયો હોય તો આપણે કબૂલ કરીએ કે તેની એવી વિકૃતિ કરવામાં આપણો પોતાનો હિસ્સો કંઈ નાનોસૂનો નથી. જો હિંદુઓ પોતાનું ઘર રીતસર કરે તો ઈસ્લામ પણ એની પુરાણી ઉદાર પરંપરાઓને છાજે એવી જ ઢબે તેનો જવાબ વાળે એ વિષે મારા મનમાં લેશમાત્ર શંકા નથી. આખી સ્થિતિની ચાવી હિંદુઓના હાથમાં છે. આપણે બીકણપણું અને નામરદાઈ ખંખેરી કાઢીએ, આપણે બીજાઓનો વિશ્વાસ કરી શકવા જેટલા બહાદુર બનીએ, એટલે સૌ સારાં વાનાં થશે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २९–५–१९२४

ભાષાંતર: નવજીવનનો વધારો, ૨૯–૫–૧૯૨૪

૧. જુઓ પુસ્તક ૨૩, પા. ૨૬૪–૫.

Gandhi Heritage Portal

# ૭૯. મહાસભાનું તંત્ર

ધારાસભાપ્રવેશને લગતા મારા છેલ્લા નિવેદનને[1] અંતે હું જણાવી ગયો છું કે એ નિવેદન મહાસભાના તંત્રની કાર્યવાહીનો મારી દૃષ્ટિએ વિચાર કર્યા વગર અધૂરું જ ગણાય. સ્વરાજપક્ષ અને મારા વચ્ચે નિખાલસ અને મુદ્દાનો મતભેદ છે. પણ હું માનું છું કે આપણા પ્રામાણિક મતભેદોને આપણે નિખાલસપણે ઓળખીએ અને કબૂલ રાખીએ તેથી દેશની પ્રગતિને જોર જ મળવાનું છે. જો દરેક પક્ષે પોતાના મતભેદોને છુપાવી થીગડાં દીધેલ સમાધાનીનો તકલાદી બુરખો પહેર્યો હોત તો આપણે મૂઆ જ પડયા હતા. દરેક પક્ષને હવે પોતપોતાના વિચારોની ઢબે કામ કરવાને પૂરેપૂરો અવકાશ મળ્યો છે અને તેમાં અંતિમ ધ્યેયની એકતાના ખ્યાલ સિવાય બીજી કોઈ વાતનો અંતરાય આવવાપણું રહ્યું નથી.

તેથી હવે મહાસભાની કાર્યવાહી કઈ રીતે ચલાવી શકાય એ વિચારવું જરૂરી છે. મને એટલું તો દીવા જેવું સ્પષ્ટ છે કે પરસ્પરવિરોધી વિચાર ધરાવનારા બે દળ ભેળાં કામ કરીને જેમ કોઈ રાજતંત્ર દક્ષતાપૂર્વક ચલાવી શકે નહીં તેમ મહાસભાનું તંત્ર પણ જુદા મત ધરાવનાર બે પક્ષ એકસામટા ચલાવી શકે નહીં. ઈલકાબો ઇત્યાદિના બહિષ્કારને હું મહાસભાના કાર્યક્રમનાં મુદ્દાનાં અંગ માનું છું. આ બહિષ્કારમાં બે મુદ્દા રહેલા છે: એક તો જેઓ ઈલકાબો ઇત્યાદિવાળા છે તેમને તેનો ત્યાગ કરવા સમજાવવા; અને બીજો, આવી રીતે બહિષ્કાર કરેલી સંસ્થાઓની અસરથી મહાસભાને શુદ્ધ રાખવી. પહેલા હેતુમાં જો આપણને તત્કાળ સફળતા મળી હોત તો આપણે વગરવિલંબે આપણા ધ્યેયને પહોંચી ગયા હોત. છતાં જો અહિંસાત્મક અસહકારને રસ્તે જ આપણે આપણા ધ્યેયને પહોંચવું છે તો બીજો મુદ્દો પણ તેટલો જ મહત્ત્વનો છે. વળી મારે મન તો આ બહિષ્કારને જ્યાં સુધી મહાસભાએ પોતાના કાર્યક્રમમાં દાખલ રાખેલ છે ત્યાં સુધી એ પ્રજાકીય જ છે. અને જ્યાં સુધી તેનું તંત્ર, ભલે સ્વયંસેવકની રૂએ પણ, ખિતાબદારોને, વકીલોને, સરકારી નિશાળોમાં શીખવતા શિક્ષકોને અને ધારાસભામાં જનારાઓને, કાર્યવાહકો તરીકે રાખ્યા વગર ન ચલાવી શકાતું હોય ત્યાં સુધી સરકારી સંસ્થાઓની પ્રતિષ્ઠાને ભાંગવાનું અને પ્રજાને તેના ઝગારાથી અને વજનથી અંજાતા અટકાવવાનું કાર્ય તેનાથી ન જ થઈ શકે. અસહકારના કાર્યક્રમની પાછળ એ ખ્યાલ હમેશનો રહેલો છે કે જો આપણે મહાસભાનું તંત્ર સરકારની એવી અસરથી સંપૂર્ણપણે બચેલા રહીને બલ્કે તેના વિરોધ છતાં સફળતાપૂર્વક ચલાવી શકીએ તો એટલી એક જ વસ્તુ સ્વરાજને આપણે આંગણે લાવવા બસ છે. આપણું સંખ્યાબળ એવડું મોટું છે કે પ્રજાનું તંત્ર આવો એક જ બહિષ્કાર સફળતપૂર્વક પાર ઉતારે તો તેટલી એક જ વસ્તુથી પણ મહાસભાનું સામર્થ્ય અમોઘ થઈ પડે.

આમ મહાસભાનું તંત્ર ચલાવનારાઓમાં ખિતાબવાળાઓ, સરકારી શિક્ષકો, સરકારી અદાલતોમાં વકીલાત કરનાર વકીલો કે ધારાશાસ્ત્રીઓ, ધારાસભાઓના સભ્યો, તેમ જ પરદેશી

૧. જુઓ "ઍસોસિયેટેડ પ્રેસ ઑફ ઇન્ડિયાને નિવેદન", ૨૨-૫-૧૯૨૪.

Gandhi Heritage Portal

બલકે દેશી મિલોનું પણ કાપડ વાપરનારા અગર તો તેવા કાપડનો વેપાર ચલાવનારાઓને સ્થાન ન હોઈ શકે. આવા લોકો મહાસભામાં બેશક રહી શકે; પણ મહાસભાનાં કારોબારી મંડળોના સભ્ય તેઓ ન જ થઈ શકે; થવા પણ ન દેવા જોઈએ. તેઓ પ્રતિનિધિ બનીને મહાસભાના ઠરાવો કરાવવામાં પોતપોતાના આગ્રહની અસર ભલે પાડે. પણ એક વાર મહાસભાની નીતિ નિશ્ચિત થઈ એટલે પછી જે કોઈ તે નીતિમાં માનનાર ન હોય તેમણે મારા અભિપ્રાય મુજબ તો તેનાં કારોબારી મંડળોની બહાર જ રહેવું જોઈએ. મહાસમિતિ તેમ જ મહાસભાનો કારોબાર ચલાવનારી બધી સ્થાનિક સમિતિઓ એ આવાં મંડળો કહેવાય અને તેના કાર્યવાહકો એ જ હોય કે જેઓ મહાસભાની નીતિમાં પૂરા દિલથી માનનારા હોય અને તેનો તનમનથી અમલ કરવા તૈયાર હોય. મહાસભામાં ફરતા મતની પદ્ધતિ દાખલ કરાવવાને સારુ હું જવાબદાર છું. પણ અનુભવથી આપણે જોઈ શકયા છીએ કે મહાસભાનાં કારોબારી મંડળોને વિષે તો આ પદ્ધતિ સંતોષકારક નથી નીવડી શકતી. અને જો મહાસભાનાં આ કારોબારી મંડળોને આપણે તે તે વખત પૂરતાં મહાસભાનો કાર્યક્રમ અમલમાં મૂકનારાં મંડળો બનાવવાં હોય તો તેમાં બધા પક્ષના અને મતના લોકો હોવા જોઈએ એ ખ્યાલને આપણે છોડી દેવો જોઈએ.

આપણે પૂરા સફળ નથી થઈ શકયા એનાં કારણોમાં એક એ પણ મહત્ત્વનું કારણ છે કે આપણાં આ કારોબારી મંડળોમાં મહાસભાના ધ્યેયને વિષે પણ શ્રદ્ધા જોવામાં નથી આવી. બારડોલીના ઠરાવો પછી તુરતમાં જ દિલ્હી ખાતે મળેલી મહાસમિતિની બેઠક વિષે મેં તે વખતે જે કંઈ લખ્યું હતું[1] તે જ આજે પણ હું ભાળી રહ્યો છું. તે વખતે મેં દીવા જેવું જોયું હતું કે, બહુમતીના નહીં તોપણ ઘણા સભ્યો એવા હતા જેઓ અહિંસા અને સત્યને મહાસભાના ધ્યેયનાં મુદ્દાનાં અંગ માનતા નહોતા. મહાસભાના ઠરાવના "શાંત" શબ્દનો "અહિંસાત્મક" અને "ન્યાય્ય"નો "સચ્ચાઈનાં" એવો અર્થ કરવા તેઓ કબૂલ નહોતા. અને હું જાણું છું કે હિંસા અને અસત્યનો એ ભાવ આજે આપણામાં તે વખત કરતાં કંઈક વિશેષ પ્રમાણમાં જ વર્તી રહ્યો છે. આ કારણસર હું તો એમ જ વીનવું કે જેઓ ઉપલા પંચવિધ બહિષ્કારમાં તેમ જ અહિંસા અને સત્ય આચરણમાં ન માનનારા હોય તેઓ મહાસભાનાં કારોબારી મંડળોમાંથી નીકળી જાય. તેથી જ મેં ધારાસભાપ્રવેશને લગતા મારા નિવેદનમાં જણાવ્યું છે કે રચનાત્મક કાર્ય જુદા જુદા પક્ષવાળા પોતપોતાનાં મંડળો દ્વારા કરે. પંચવિધ બહિષ્કારમાં તેમ જ અહિંસા અને સત્યમાં સંપૂર્ણપણે માનનારાઓની પાસે તો, જો કોઈ તેવા હોય તો, પોતાનું કશું જુદું મંડળ કે પક્ષ છે નહીં. તેથી મારા મત મુજબ સૌથી સ્વાભાવિક વાત તો એ જ છે કે સ્વરાજપક્ષવાળાઓ રચનાત્મક કાર્યક્રમનો જેટલો કંઈ અમલ કરવા તૈયાર છે તે તેઓ પોતાનાં સ્વતંત્ર મંડળો મારફત કરે. કારણ કે હું કલ્પી શકું છું ત્યાં સુધી તો તેમની કાર્યપદ્ધતિ ઉપલા પંચવિધ બહિષ્કારવાળાઓ કરતાં નિરાળી જ હોવી જોઈએ. જો તેમને ધારાસભાપ્રવેશ સફળ કરી દેખાડવો હોય તો તેમણે તેમની બધી શક્તિઓ તેની પાછળ રોકવી રહી. અને એ રીતે રચનાત્મક કાર્યક્રમનો અમલ પણ મુખ્યત્વે કરીને ધારાસભાઓ તેમ જ વડી ધારાસભામાં તેને લગતી કોશિશો કરીને જ તેઓ કરી શકે.

૧. ફેબ્રુઆરીની ૧૨મીના બારડોલીના ઠરાવો તથા ફેબ્રુઆરીની ૨૫મીનો અખિલ હિંદ કૉંગ્રેસ સમિતિનો ઠરાવ અને ગાંધીજીની ટીકાઓ માટે જુઓ પુસ્તક ૨૨, પા. ૩૪૪–૭, ૪૨૧–૨ અને ૪૪૮–૫૨.

Gandhi Heritage Portal

હું પોતે તો જેમાં દરેક પક્ષ મહાસભાનું કારોબારી તંત્ર હાથ કરવા મથી રહ્યો હોય એવી કોઈ ખેંચાખેંચીમાં ભળું જ નહીં. એવી લડાઈ પણ જો તે જરૂરી જ હોય તો આવતા ડિસેમ્બરમાં મહાસભાની બેઠક વેળાએ લડી લઈ શકાય. અને મહાસભાનાં જે કાયમનાં મંડળો છે તે તો કેવળ મહાસભાના ઠરાવોનો જ અમલ કરનારાં છે.

મારી અધીરાઈનો પાર નથી. હું તો મહાસભાએ પસાર કરેલા શુદ્ધ અને નિર્મળ અહિંસાત્મક અસહકારના કાર્યક્રમમાં જ સંપૂર્ણ નિષ્ઠાપૂર્વક માનનારો છું, બીજા કશાયમાં નહીં. પંચવિધ બહિષ્કારમાં, ખાદીના સામર્થ્યમાં, હિંદુમુસલમાન એકતામાં, અસ્પૃશ્યતારૂપી એબ નાબૂદ કરવાની બાબતમાં, મારા જેવી શ્રદ્ધાવાળા ખરેખરા અહિંસાપ્રેમી અને સત્યપક્ષને વળગી રહેનારા કાર્યકર્તાઓ મને મળે તો વળી પાછું સ્વરાજ ઘણાખરાઓ અત્યારે સંભવિત ગણે તે કરતાં ઘણી વધુ ઝડપે આપણી તરફ આવતું હું જોઈ રહ્યો છું. પણ જો આપણે મહાસમિતિમાં કજિયા જ કર્યા કરીએ તો તેનું પરિણામ એટલું જ આવે કે આપણે એકબીજાને હલકા પાડીએ અને એકબીજાના માર્ગમાં અંતરાય નાખીએ. આ સ્થિતિમાં જો દરેક પક્ષ પૂરી ખાનદાની જાળવીને અને કોઈ પણ જાતની ઈર્ષ્યા કે દ્વેષ વગર જુદો જુદો (કારણ સાથે કામ કરવું શક્ય નથી) કામ કરે તો તેમાં જ એકબીજાને સૌથી વધુ મદદ થઈ શકે એમ છે.

મને તો ભરોસો છે કે મહાસમિતિનો એકેએક સભાસદ સમિતિની આવતી બેઠકમાં હાજરી આપશે. જો આપણે ભેગા થઈને શાંતિપૂર્વક અને એકબીજાના હેતુઓની ચિકિત્સામાં ન ઊતરતાં મહાસમિતિને એકરાગે કરી શકીએ તો આવતા સાત માસ દરમ્યાન ગંજાવર પ્રમાણમાં કાર્ય કરી શકીએ. મહાસમિતિના દરેક ભાઈ અગર બહેન સભ્યને હું વીનવું છું કે તે દરેક જણ આ કાર્યક્રમની બાબતમાં પોતાના નિર્ણયાત્મક વિચારો બાંધે. જો તેઓને લાગતું હોય કે આ કાર્યક્રમમાં તે જેવો છે તેવો જ પાર ઉતાર્યાથી અને બીજી મદદ વગર સ્વરાજ મેળવવાનું સામર્થ્ય નથી અને એમ પણ લાગે કે જે મતદારોના અવાજનો પડઘો મહાસભામાં પાડવાનું પોતે માથે લીધું છે તેમનો મત પણ એવા જ પ્રકારનો છે, તો હું તો વગર સંકોચે એટલે સુધી સલાહ આપું કે આવતી બેઠકમાં પોતાના પગલાને મહાસભા કબૂલ રાખશે એવી ઉમેદ રાખીને ચાલુ કાર્યક્રમમાં આજે જ ધરમૂળના સુધારા અને ફેરફાર કરવાનું તેમણે જોખમ વહોરવું. બેશક, આવો ધરમૂળનો ફેરફાર કરવાને તેટલાં જ સબળ કારણો તેમણે સાબિત કરી આપવાં જોઈએ અને પ્રજામતનો પણ તેમને તેટલો જ સાચો ટેકો છે એ પુરવાર થવું જોઈએ. આ બે શરતો પૂરી કરી શકાય એમ હોય તો બંધારણમાં તેને પ્રતિકૂળ એવી ગમે તેટલી વસ્તુઓ હોય તોપણ મહાસમિતિની ફરજ છે કે દોષપાત્ર ઠરવાનું જોખમ ખેડીને પણ તેણે તેવો ફેરફાર કરવો અને ઉપયોગી સંગીન કામનો હિસાબ વર્ષને અંતે મહાસભા આગળ રજૂ કરવો. નિષ્ક્રિયતાને તો હરજોખમે ટાળ્યે જ આપણો આરો છે.

ઉપલું લખાયા પછી કોઈએ મને કહ્યું કે મારા આ વિચારો પ્રજાની નજરમાં સ્વરાજવાદીઓને નાફેરવાદીઓ કરતાં નબળા અને ઊતરતા દેખાડવામાં કારણભૂત થશે. હું ખાતરી આપવા ઇચ્છું છું કે આવો પ્રયત્ન મારા સ્વપ્નામાંયે કદી હોય જ નહીં. ચડિયાતાપણાનો કે ઊતરતાપણાનો સવાલ જ અહીં નથી. બે પક્ષો વચ્ચે સ્વભાવ કે પ્રકૃતિનો ભેદ છે. અને મેં તો માત્ર મહાસભાનાં કારોબારી મંડળો વધુ પરિણામકારક ઢબે કઈ રીતે કામ કરી શકે એટલી જ વાત ઉપર દૃષ્ટિ રાખીને લખ્યું છે. ખેવું કામ કારોબારી મંડળો એક જ પક્ષને

Gandhi Heritage Portal

હાથે ચાલે તો જ સંભવે. જો સ્વરાજપક્ષના વિચારો વધુ લોકપ્રિય હોય તો મહાસભાનાં મંડળો એમનાં જ બધાં માણસોને હાથે ચાલવાં જોઈએ. મહાસભા એ હમેશાં લોકમતનું યથાર્થ પ્રતિબિંબ હોવું જોઈએ, પછી લોકમત સારો હોય કે નબળો. આ સ્થિતિમાં એથી ઊલટા વિચારવાળા (એ વિચારો લોકમતથી ઊલટા હોય એટલા સારુ કંઈ નબળા કે ઊતરતા જ હોય એવો નિયમ નથી)ઓની ફરજ છે કે પોતે મહાસભાના તંત્રની બહાર રહેવું અને બહાર રહ્યાં લોકમત ઉપર અસર કરવા પ્રયત્ન કર્યા કરવો. નાફેરવાદીઓ ફેરવાદીઓને તેઓ તેમનાથી જુદા વિચાર ધરાવે છે એટલા જ કારણસર જો પોતાનાથી કોઈ પણ રીતે નબળા કે ઊતરતા ગણે તો તેઓ પોતાનો ધર્મ જ ચૂકે.

બીજી પણ એક વાત પર મારું ધ્યાન ખેંચવામાં આવ્યું છે અને તે એ કે મહાસભાનાં કારોબારી મંડળોના એકહથ્થુ કબજાની તરફેણમાં દલીલ કરવા જતાં હું દિલ્હીની મહાસભાએ પસાર કરેલા અને કોકોનાડાની બેઠકે કાયમ કરેલા ઠરાવના અક્ષરની તો નહીં પણ ભાવની વિરુદ્ધ જાઉં છું. મજકૂર ઠરાવો હું ધ્યાનપૂર્વક વાંચી ગયો છું. મને લાગે છે કે દિલ્હીના ઠરાવમાં અને ખાસ કરીને કોકોનાડાના ઠરાવમાં મહાસભાનાં કારોબારી મંડળોનો કબજો સંયુક્ત કલ્પેલો હોય એવું કશું નથી. કોકોનાડાવાળો ઠરાવ એ દિલ્હીના ઠરાવની માત્ર પુનરાવૃત્તિ નથી, પણ એમાં અહિંસાત્મક અસહકારના તત્ત્વ ઉપર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે, પણ એ ઠરાવને વિષે મારી સમજફેર હોય તોપણ તેથી મારી દલીલને કશો બાધ આવતો નથી. મેં તો એક વિકલ્પ રજૂ કર્યો છે, તેને કબૂલ રાખવો ન રાખવો એ મહાસમિતિના સભ્યોની મુનસફી પર છે. વળી આ વિકલ્પ સૂચવવામાં પણ મહાસભાના કાર્યનો વેગ વધે એ જ કેવળ એક ઉદ્દેશ સિવાય બીજું કશું નથી. મને એમ જ લાગે છે કે બંને પક્ષો નોખા રહીને કામ કરે તો જ એકબીજાને સરસ મદદ કરી શકે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २९–५–१९२४

भाषांतर : नवजीवन, १–६–१९२४

Gandhi Heritage Portal

## ૮૦. મણિબહેન પટેલને પત્ર

અમદાવાદ,
[મે ૨૯, ૧૯૨૪ પછી][1]

ચિ. મણિ,

વાહ, કાલે તમે બધાં આવ્યાં ને ગયાં.[2] હવે સંદેશો મોકલો છો! દરદીને જેટલી વાર ફરી જવું હોય તેટલી વાર ફરી શકે છે. તેને વચન બાંધે નહીં. એટલે ન આવવાનું માફ છે. વળી આવવાનો વિચાર થાય ત્યારે છૂટ પણ છે. મારે તો એક જ કામ છે. જેમ તેમ કરીને સાજા થવું.

બાપુના આશીર્વાદ

ચિ. મણિબહેન પટેલ
ખમાસા ચોકી,
અમદાવાદ

[મૂળ ગુજરાતી]

બાપુના પત્રો — મણિબહેન પટેલને, પા. ૨૦

## ૮૧. અબ્બાસ તૈયબજીને પત્ર

આશ્રમ,
શુક્રવાર [મે ૩૦, ૧૯૨૪][3]

મારા બુઢ્ઢા જુવાન ભાઈસાહેબ,

તમે તો હદ કરો છો. તમારા કાગળો આવે છે. તમારા કુટુંબીઓ મને મળે છે ત્યારે મારી આંખમાં પ્રેમનાં આંસુ પડે છે. તમારી પાસેથી જે આશા રાખું તે પાર પાડો છો. ન આશા હોય પણ મને ગમે એવું સમજો છો તે પણ કરો છો. મેં તો મીઠો વિનોદ કર્યો, તમે મને સુંદર ગુજરાતી કાગળની ભેટ કરી. એમાં નવજીવનના વાંચનારને ભાગ આપ્યા વિના કેમ ચાલે? નવજીવન બીજાની પાસે વંચાવતા રહેજો.

અમીનાની[4] શાદીનાં નોતરાં તો ઘણે હાથે ગયાં છે. મેં તો તમારું નામ દાખલ કરીને કાઢી નાખ્યું. એનો અર્થ જ તમારી પાસે પૈસા લેવાનો થાય. એક મુસલમાનની દીકરી મારી જ

૧. ગાંધીજી સાબરમતી આશ્રમમાં ૧૯૨૪ના મેની ૨૯મીએ પહોંચ્યા હતા; પત્ર ત્યાંથી લખાયેલો જણાય છે.

૨. મણિબહેન પટેલ ગાંધીજીને મળવા સાબરમતી આશ્રમ ગયાં હતાં પણ તેઓ સૂઈ ગયા હતા તેથી મળ્યા વિના જ પાછાં ગયાં હતાં.

૩. અબ્બાસ તૈયબજી પરનો લેખ નવજીવનમાં પ્રગટ થયો હતો; "મારી નોંધ", ૧-૬-૧૯૨૪માં "બુઢ્ઢા જુવાન" એવું એનું પેટામથાળું હતું. એ તારીખ પહેલાંનો શુક્રવાર મેની ૩૦મીએ આવતો હતો.

૪. ઇમામસાહેબ બાવાઝીરની પુત્રી; એનાં લગ્ન ૧૯૨૪ના મેની ૩૧મીએ થયાં હતાં.

Gandhi Heritage Portal

છે એ બતાવવા કેટલાક ગુજરાતી સાથીઓને મોકલ્યા છે ખરા. પણ તેઓની પણ આવવાની આશા હું નથી રાખતો. તેઓની પાસેથી પૈસા તો ન જ લેવાય. અમીના એક મુસલમાનની છોકરી મારે હાથે આપવાની છે એટલે ને ઇમામસાહેબ ઇચ્છે તેથી ખર્ચ કર્યું છે. કોઈ હિંદુ છોકરીનું લગ્ન મારે હાથે થવાનું હશે તો હું મુદ્દલ ખર્ચ કરવા નથી માગતો. કંકોત્રી કેવી છે તે જોવા મોકલું છું.

મિસિસ અબ્બાસ, રેહાના વગેરે ખૂબ મળતાં હતાં.

મારા અક્ષર વાંચતાં મુશ્કેલી પડે અથવા તમને ગુજરાતી લખતાં હરકત આવે તો અંગ્રેજી જ લખજો. ને મારી પાસેથી અંગ્રેજી કાગળ માગજો.

મીઠા ઝાડનાં મૂળ નથી ખાવા માગતો.

તમારો ભાઈ

**મોહનદાસ ગાંધી**

તા.ક. તમારા કાગળની વાત ઇમામસાહેબને કરીશ. પૈસા તો ન જ મોકલજો.

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી : એસ. એન. ૯૫૪૬

## ૮૨. સ્વાતંત્ર્યને[1] મુલાકાત

[સાબરમતી,
મે ૩૦, ૧૯૨૪]

પ્ર. : મહાત્માજી, यंग इन्डियाના પેલા લેખમાં આપે ડૉ. મહમૂદનું જે એવી મતલબનું નિવેદન છાપ્યું છે કે હિંદુઓની સાક્ષીઓ ઉપરથી જ નિ:સંદેહ જોઈ શકાય છે તેમ મોપલાઓએ જોર-જુલમથી હિંદુઓને મુસલમાન બનાવ્યાનો એક પણ કિસ્સો સાબિત થયો નથી, તેની સાથે આપ સંમત હતા?

ઉ. : મને લાગે છે કે મારો લેખ તમે જરા કાળજીપૂર્વક વાંચ્યો હોત તો સારું થાત. એમાં તો મેં માત્ર ડૉ. મહમૂદનો અભિપ્રાય આપ્યો છે, મારો પોતાનો નહીં.

પ્ર. : એટલા માટે જ હું આપનો અભિપ્રાય પૂછી રહ્યો છું. ડૉ. મહમૂદનો અભિપ્રાય પ્રગટ કરવાનું આપને મુનાસિબ લાગ્યું તો પછી તે જ વખતે ડૉ. મુંજે અને સર્વન્ટ્સ ઑફ ઇન્ડિયા સોસાયટીવાળા દેવધરના અભિપ્રાયો આપે કેમ પ્રગટ ન કર્યા?

ઉ. : ડૉ. મુંજેએ મલબાર વિષે શું લખ્યું છે તેની મને ખબર નથી. ડૉ. મહમૂદે પોતે મને ખાતરી આપી હતી કે મલબારના હિંદુઓએ એમના અભિપ્રાયને માન્ય રાખ્યો છે. પણ મારા લેખમાંથી આ એક જ દેખીતી ખામી તમારી નજરે ક્યાંથી ચડી? મેં જે એવી ટીકા પણ કરી છે કે એકેએક મુસલમાન સ્વભાવે દંડેલ હોય છે, અને કોઈક વાર મૌલાના બારીસાહેબ એક ખતરનાક મિત્ર બની બેસે એવો સંભવ છે, તે લોકોમાં ઊહાપોહ ઊભો કર્યા વિના રહેશે નહીં.

૧. નાગપુરના હિંદી દૈનિક સ્વાતંત્ર્યના ખાસ ખબરપત્રીએ હિંદુમુસ્લિમ પ્રશ્ન તથા સામાન્ય રાજકીય પરિસ્થિતિ વિષે ગાંધીજીના વિચારો જાણવા મે ૩૦ અને જૂન ૩ના દિવસોએ સાબરમતી આશ્રમમાં એમની મુલાકાત લીધી હતી. એના સંયુક્ત અહેવાલના બે ભાગ પાડી દરેક ભાગ આ પુસ્તકમાં તારીખના ક્રમ પ્રમાણે આપવામાં આવ્યો છે.

Gandhi Heritage Portal

આર્યસમાજનું પણ આવું જ છે. સત્યાર્થપ્રકાશ હું ત્રણ વાર વાંચી ગયો છું, પણ એમાંથી મને ઘોર નિરાશા સાંપડી છે.

પ્ર.: મહાત્માજી, મને લાગે છે કે મારે આપની સાથે બીજી બાબતો વિષે પણ વાત કરવાની છે. પણ એ વાત હું બીજા કોઈક પ્રસંગે કરીશ.[1]

ઉ.: જરૂર કરજો; હું ઇચ્છું છું કે જે કંઈ તમારા દિલને ડંખતું હોય તે તમે વિનાસંકોચ નિખાલસતાથી બોલી નાખો. મને જે સાચું લાગે તે મારે તો લખવું જ જોઈએ. તમે પ્રાંતિક સ્વાયત્તતા મળે તેની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છો. પણ મારે તો એનાથી વધારે જોઈએ છે. જો હું આ હિંદુમુસ્લિમ પ્રશ્ન લઈને છ માસ માટે દેશભરમાં ફરવા નીકળું તો સરકાર મારા પ્રત્યેની બેપરવાઈ છોડી દે અને ધ્રૂજી ઊઠે.

[મૂળ અંગ્રેજી]

*હિન્દુ*, ૧૨–૬–૧૯૨૪

## ૮૩. મહાદેવ દેસાઈને પત્ર

સાબરમતી,

[મે ૩૧, ૧૯૨૪][2]

તમારો કાગળ મળ્યો. હવે તમારી બહેનને આરામ હશે. બ્રહ્મચર્યનો[3] તરજુમો તો ટ્રેનમાં જ સુધારી લીધો. એમાં ભૂલ તો એકે ન હતી. કોઈ કોઈ જગ્યાએ સુધારો કર્યો છે. તે છાપવા ધાર્યું છે. વીસનગરવાળું હજુ મોજૂદ છે. તે પણ સુધારવાનો ઇરાદો છે. મને કાંઈ જાગી જવામાં તકલીફ પડી હતી કે?[4] અહીં તો હું ઠીક શાંતિ ભોગવી રહ્યો છું. એક વાગ્યા સુધી મૌન જ રાખું છું એટલે કામ પણ બધું ઉકેલી નાખું છું. *નવજીવન*નું કાઢવાનું છે તેને નથી અડક્યો. સવારના છથી સાત સુધીમાં મૌન લેવાઈ જાય છે.

નરહરિ કાલે અહીં આવ્યા.

બાપુના આશીર્વાદ

શનિવાર

હમણાં તમારો બીજો કાગળ મળ્યો. બચુને જો પરમૅંગેનેટના પાણીથી નવડાવવામાં આવે તો કદાચ હજુ બચે. શીતળા મટે છે એમાં શક નથી. પણ તમારા વિચારોના વિચાર તમે છૂટ્યા પછી . . .[5]

ભાઈશ્રી મહાદેવ દેસાઈ

સ્ટેશન માસ્તર મારફત, વલસાડ

[મૂળ ગુજરાતી]

મૂળ પત્રની છબી પરથી: એસ. એન. ૮૮૪૪

૧. જુઓ "સ્વાતંત્ર્યને મુલાકાત", ૩–૬–૧૯૨૪.

૨. ટપાલની છાપમાં આ તારીખ છે.

૩. લેખના પાઠ માટે જુઓ પા. ૧૦૯–૧૧.

૪. ગાંધીજી જ્યારે મેની ૨૮મીની રાત્રે ટ્રેનમાં મુંબઈથી અમદાવાદ જઈ રહ્યા હતા ત્યારે મહાદેવ દેસાઈ તેમને મળવા સ્ટેશને ગયા હતા એમ લાગે છે.

૫. અહીં વાક્ય વચ્ચેથી અધૂરું રહી ગયું છે.

Gandhi Heritage Portal

# ૮૪. ઍસોસિયેટેડ પ્રેસ ઑફ ઇન્ડિયાને મુલાકાત

અમદાવાદ,
મે ૩૧, ૧૯૨૪

કૉંગ્રેસ સંગઠન વિષે યંગ ઇન્ડિયામાં[1] આવેલો આપનો લેખ જોતાં કૉંગ્રેસમાં ફૂટ નહીં જ પડે એવો પ્રશ્ન પુછાતાં શ્રી ગાંધીએ જવાબ આપ્યો :

બધો આધાર તમે 'ફૂટ' શબ્દનો શો અર્થ કરો છો તેના પર છે. એનો અર્થ જો તમે એવો કરતા હો કે પક્ષો પડશે, તો મારો જવાબ 'હા' છે. ગયા કૉંગ્રેસ વખતે બંને પક્ષો અસ્તિત્વમાં આવ્યા છે. હાઉસ ઑફ કૉમન્સ (બ્રિટિશ પાર્લમેન્ટની આમસભા)માં ઘણા પક્ષો છે, તેમ છતાં એમના અસ્તિત્વને તમે બ્રિટિશ રાષ્ટ્રના ભાગલા કહેતા નથી. કૉંગ્રેસમાં હવે બે પક્ષો હશે, તેમ છતાં મને આશા છે કે તેમાં ફૂટ નહીં હોય. જેમ હાઉસ ઑફ કૉમન્સમાં લોકોને ગમતો પક્ષ હમેશાં સત્તા પર હોય છે, તેવી જ રીતે આ રાષ્ટ્રીય સંસ્થામાં સૌથી વધારે લોકપ્રિય કૉંગ્રેસ પક્ષ જ સત્તા પર રહેવો જોઈએ. જેમ લિબરલો કૉન્ઝર્વેટિવોને કે મજૂર પક્ષના સભ્યોને પોતાથી ઊતરતા ગણતા નથી કે ગણવાની હિંમત કરી શકતા નથી, એ જ પ્રમાણે અરસપરસ નાફેરવાદીઓ અને સામા પક્ષ વિષે સમજવું. મારું સૂચન કાંઈ નહીં તો ફૂટ ટાળવાનો અને કાર્યક્ષમતા માટે અનુકૂળ વાતાવરણ ઊભું કરવાનો એક પ્રયાસ છે એની ખાતરી ભલે ન આપતું હોય. કોઈ પણ સમયે જુદા જુદા પક્ષોની બનેલી મિશ્ર સરકાર રચવામાં હું માનતો નથી, અને જ્યારે મહત્ત્વની બાબતોમાં મતભેદ હોય, અથવા એમ કહો કે એકબીજાથી ભિન્ન અને તદ્દન ઊલટી કાર્યપ્રણાલી અપનાવવી પડે એવી વિવિધ મનોવૃત્તિઓ મોજૂદ હોય ત્યારે તો ખાસ કરીને નહીં.

જ્યારે એમ પૂછવામાં આવ્યું કે આપના વિચાર પ્રમાણે સરકાર ઉપર એની શી અસર થશે અને સુધારાઓમાં અપેક્ષિત પ્રગતિ થવાની તમામ તકો એને લીધે નષ્ટ થાય એવો સંભવ છે ખરો, ત્યારે શ્રી ગાંધીએ કહ્યું :

હું નથી માનતો એવો સંભવ છે. હું જાણું છું કે કેટલાકે એવું કહ્યું છે કે જો હું ધારાસભાવાદીઓ સાથે ભળી ગયો હોત તો સરકાર ધ્રૂજી ઊઠી હોત. મારી માન્યતા એથી તદ્દન ઊલટી છે. હિંદ સરકારનો કારભાર ચલાવનારા અધિકારીઓ કંઈ મૂર્ખા નથી. તેઓ ચતુર છે અને અત્યંત ચકોર છે. તેઓ જાણે છે કે તેમના પર જે કંઈ વાસ્તવિક દબાણ પહોંચે છે તે બધું નાફેરવાદીઓ તરફથી છે, કારણ કે સવિનય કાનૂનભંગથી તેઓ ગભરાય છે. સવિનય કાનૂનભંગ માટેનું સંગઠન તો એવા લોકો જ સાધી શકે તેમ છે જેઓ પોતાનો બધો સમય અને શક્તિ એના પર ખર્ચી શકે. નાફેરવાદીઓ અને ધારાસભાવાદીઓ એકબીજાના માર્ગમાં અવરોધો ઊભા કરે તો સરકાર જરૂર ગેલમાં આવી જાય. આવું કશું બને તેનું નિમિત્ત હું તો નહીં જ બનું અને હું નથી ધારતો કે એ બે પક્ષો પણ બને. એ બંનેને સ્વરાજ જોઈએ છે અને તે વહેલામાં વહેલી ઘડીએ. એટલે દરેક પક્ષ તેની પોતાની રીતે એ માટે કાર્ય કરશે જ.

૧. જુઓ "મહાસભાનું તંત્ર", ૨૯-૫-૧૯૨૪.

Gandhi Heritage Portal

લિબરલો કબૂલ કરે કે ન કરે તોપણ એ હકીકત છે કે અસહકારીઓએ જ એમને સરકારમાં પ્રતિષ્ઠા અપાવી છે. કોઈ પ્રગતિશીલ પક્ષ દેશમાં ધારાસભાઓની બહાર દબાણ ઊભું કરે તો તેથી સુધારાવાદીઓને હમેશાં મદદ મળવાની જ. હું તો એટલે સુધી કહું છું કે જો સરકારનો સંપૂર્ણ બહિષ્કાર કરનારા મરી પરવારે તો ધારાસભામાં જવાની હિમાયત કરનારાઓની ધારાસભામાં માઠી દશા થાય. આમાં શરત એટલી કે દેશમાં કદી હિંસા લોકપ્રિય ન બનવી જોઈએ. તમામ આપખુદ સરકારોને લોકશક્તિના ઉદયનો, ખાસ કરીને એ શક્તિ શિસ્તબદ્ધ અને શાંતિમય હોય ત્યારે, ડર રહ્યા જ કરવાનો. અત્યારની સરકાર હિંદુમુસ્લિમ ઐક્યમાં વધારો થતો જોઈ કંપી રહી છે અને જો ખાદીનો કાર્યક્રમ ક્યારેક પણ સફળ થયો, જે થવાનો જ છે, તો તો એની મૂંઝવણનો પાર નહીં રહે. તે વખતે સરકારને લોકોનું દૃષ્ટિબિંદુ સ્વીકારવું પડશે અને જગતે કદી નથી જોઈ એવી અત્યંત શાંત ક્રાંતિ સર્જાશે.

[મૂળ અંગ્રેજી]

હિન્દુ, ૨–૬–૧૯૨૪

## ૮૫. વીસનગરના હિંદુમુસલમાન

આ વિષય ઉપર મારી ઉપર થોકબંધ કાગળો આવેલા છે. આ કાગળો હું છાપું એવી તે લખનારાઓ પણ આશા નથી રાખતા એ તેમની ઉદારતા સૂચવે છે ને **નવજીવન** ચલાવવામાં મેં જે માર્ગ ગ્રહણ કર્યો છે તેની તેઓ કદર કરે છે એમ પણ બતાવે છે. કોઈ ઉપર હુમલા કરનારા કાગળો તો હું ન જ છાપું. કોમોમાં ઝેર પેદા થાય એવું પણ ન છાપું. દ્વેષભાવથી તો મારાથી એક અક્ષર સરખોયે ન લખાય. વીસનગરના કોમી કુસંપ વિષે મેં લખ્યું તો તે કેવળ બંને કોમોને શાંત કરવા સમજાવવા ને એકબીજા પ્રત્યેનો ધર્મ શો હોઈ શકે તે સૂચવવા.

આ દૃષ્ટિએ જોતાં મારી પાસે જે કાગળો આવ્યા છે તેમાંના એકેને છાપવાની જરૂર નથી. રા. મહાસુખભાઈનો કાગળ ઘણા દિવસો પૂર્વે આવેલો, એ છાપવાની પણ મારી ઇચ્છા ન હોવાથી મેં ન છાપ્યો. પણ જો જાણ્યેઅજાણ્યે પણ મારાથી ગેરઇન્સાફ થયો છે એવો તેમને આભાસ સરખો પણ લાગે તો છાપવાનું મેં કબૂલ કરેલું. દરમિયાન એ કાગળ બીજાં છાપાંઓમાં પ્રગટ થયો છે એમ મારી પાસે પડેલા બીજા કાગળો પરથી ને તે જ કાગળના ઉત્તરો મારી પાસે આવ્યા છે તે ઉપરથી જોઉં છું. એ કાગળ બીજે છપાઈ ચૂક્યો છે એટલે હવે ન્યાયને ખાતર પણ તે અહીં છાપવાની જરૂર નથી રહેતી.

જે ખબરપત્રીએ મને ખબર આપેલી તેને ન્યાય થવા ખાતર એટલું તો કહી જાઉં કે "આખલા ગાય"ને બદલે "પશુ" શબ્દ તો મેં જ વાપરેલો છે. ખબરપત્રીએ તો "આખલો ગાય" શબ્દો જ વાપરેલા. કદાચ અતિશયોક્તિ થઈ હોય એવા ભયથી મેં વિશેષને બદલે સામાન્ય શબ્દ વાપર્યો. મારી દલીલને ખાતર વિશેષ શબ્દની જરૂર ન હતી.

મારી પાસે બીજા કાગળો આવ્યા છે તે ઉપરથી હું જોઉં છું કે રા. મહાસુખભાઈને મુસલમાન ભાઈઓ સાથે સારો સંબંધ છે. આપણે બધા આશા રાખીએ કે તે સંબંધનો ઉપયોગ કરી તેઓ બંને કોમને એકદિલ કરે ને વીસનગરમાંથી કંકાસ દૂર કરે. "ધોળી ટોપી"વાળાના પોતાના બચાવના કાગળો મારી સામે પડ્યા છે. તેમની ઉપર આક્ષેપના કાગળો પણ પડ્યા

Gandhi Heritage Portal

છે. "ધોળી ટોપી"એ અથવા જેણે કંઈ અયોગ્ય કામ નથી કર્યું તેને પોતાના બચાવની જરૂર હોતી નથી. સહુનો બચાવ સહુની કરણી હોય છે. જેની કરણીમાં દોષ નથી તે આક્ષેપો સહન કરે છે, કેમ કે તેને વિશ્વાસ હોય છે કે સુકર્મના તેજને આરોપોરૂપી વાદળ લાંબી મુદત સુધી ઢાંકી શકતું નથી. તેથી "ધોળી ટોપી"વાળાએ જો કંઈ ન કરવા યોગ્ય કામ ન જ કર્યાં હોય તો તે નિર્ભય રહે; ને જો કંઈ પણ એબવાળું થયું હોય તો નિખાલસપણે કબૂલ કરી હવે ન કરવારૂપ પશ્ચાત્તાપ કરે. "ધોળી ટોપી"વાળા બધા સારા જ હોય એવું મેં તો કદી માન્યું જ નથી. વળી હજુ ખાદી ઉપર લોકોનો પ્રેમ પૂરો જામ્યો નથી. પણ જ્યારે ખાદીનો ઉપયોગ સાર્વત્રિક થઈ પડશે ને મિલનાં કપડાંવાળા ભાગ્યે જ જોવામાં આવશે ત્યારે તો શાહુકાર પણ "ધોળી ટોપી"વાળા હશે ને ચોર પણ તે જ પહેરતા હશે. ખાવું, પીવું, પહેરવું ઇત્યાદિ તો સાધુ અસાધુ બંનેને સામાન્ય જ છે. એટલે "ધોળી ટોપી"ને સદ્ગુણનો ઇજારો મળ્યો છે એમ તેઓ અને સમાજ માનતા બંધ થઈ જાય એ ઇચ્છવા જેવું છે.

હિંદુમુસલમાન વિષે મેં જે લેખ **यंग इन्डियामां**[1] લખ્યો છે તેનો તરજુમો **नवजीवनमां** છપાઈ ગયો છે. એકસંપ ચાહનાર દરેક હિંદુમુસલમાનને તે લેખ ધ્યાનપૂર્વક વાંચી જવા હું વીનવું છું.

ઉપરનાં લખાણોમાં એક કાગળ એક મુસલમાન ભાઈનો પણ છે. સંભવ છે કે તેણે પણ બધી જગ્યાએ છપાવવાના ઈરાદાથી તે લેખ લખ્યો છે. તે છપાઓ યા ન છપાઓ પણ મારે કહેવું જોઈએ કે તેમાં હું તટસ્થપણું નથી જોતો. હિંદુઓ તરફથી જે કાગળો આવ્યા છે તેમાં શુદ્ધ સત્ય જ છે એમ હું નથી માનતો. પણ આ મુસલમાન ભાઈએ તો તટસ્થ હોવાનો દાવો કર્યો છે ને તપાસ કરી જે સત્ય જ લાગ્યું તે તેમણે જણાવ્યું છે એમ લખે છે, તેમ છતાં કાં તો તેઓ બહુ ભોળા છે અથવા વીસનગરના મુસલમાન ભાઈઓ તેમની પાસેથી સત્યને ખૂબ છૂપાવી શક્યા છે. જ્યાં સુધી દોષવાન હોવા છતાં પોતાને નિર્દોષ મનાવવાની પ્રકૃતિ આપણામાં રહ્યા કરશે ત્યાં સુધી આપણામાં રહેલો મેલ જવાનો જ નથી. દોષ છુપાવવામાં જ દોષને સંઘરવાની ઇચ્છા રહેલી છે. આવી સ્થિતિમાં ખરી સમાધાની થાય જ નહીં. હિંદુ કે મુસલમાન જે પોતાના દોષ છુપાવે તે પોતાના ધર્મને એબ લગાડનાર છે. ધર્મી માણસ તો અતિશય નિખાલસપણે પોતાના દોષ કબૂલ કરે છે. તેથી જ ઈશ્વર કહો કે ખુદા, રાજી રહે છે. આપણે આપણા દોષને મોટા માનવા ને બીજાના દોષ દરગુજર કરવા એ આપણો સ્વભાવ હોવો જોઈએ. એ ખાનદાનીનું સ્વરૂપ છે. પણ આપણું આજકાલનું વર્તન તેથી ઊલટું જ છે. આપણે બીજાના રજ જેવા દોષોને ગજ જેવા જોઈએ છીએ ને આપણા ગજ જેવા દોષ આપણને એવા તો રજકણથી પણ નાના લાગે છે કે તે જોવા સારુ આપણને સૂક્ષ્મદર્શક યંત્રની જરૂર પડે.

આથી વધારે આ સમયે હું વીસનગરના હિંદુમુસલમાન ભાઈઓને કંઈ જ કહેવા નથી ઇચ્છતો પણ એટલું હું તેઓને કહું છું કે વીસનગરના હિંદુમુસલમાન વચેનો ઝઘડો હું ક્ષણ-ભર પણ ભૂલી નથી ગયો. હું પોતે હાલ તુરત તો બહાર નીકળી શકું એવી મારી સ્થિતિ નથી. પણ હું બીજા ભાઈઓને મોકલવાનો પ્રયત્ન તો જરૂર કરીશ. મૌલાના મહમદઅલીએ મને કહ્યું છે કે "વડોદરા રાજ્યના હિંદુમુસલમાન બંને મને સારી રીતે જાણે છે. તે ઝઘડો

૧. જુઓ પુસ્તક ૨૩, પા. ૫૦૫-૯.

Gandhi Heritage Portal

તો હું એકલો જ જઈને ઓલવી શકું એવી હિંમત રાખું છું.” એટલે જરૂર જણાયે હું તો તેમને અવશ્ય વીનવવાનો છું. મારી ઉમેદ તો એવી છે કે વીસનગરના હિંદુમુસલમાન બંને શુદ્ધ દિલથી પોતાનો કજિયો પતાવે ને કોઈને ત્યાં ન જ જવું પડે એવું કરી જ્યાં બીજે આવા કજિયા થઈ રહ્યા છે ત્યાંને સારુ નમૂનારૂપ થાય. નબળા હિંદુનું રક્ષણ મુસલમાન કરે ને નબળા મુસલમાનનું હિંદુ કરે એવી ભવ્ય સ્થિતિ આખા હિંદુસ્તાનમાં થવી જોઈએ. થશે જ.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૧-૬-૧૯૨૪

# ૮૯. મારી નોંધ

## બુઢ્ઢા જુવાન

વાંચનાર જાણીને રાજી થશે કે અબ્બાસ સાહેબ મારાં મીઠાં મહેણાં સાંખી બેસે તેવા નથી. તેમને ગુજરાતી આવડે છે એ તો સહુ ગુજરાતીઓ જાણે છે. હવે તેમણે મારી ઉપર ગુજરાતીમાં કાગળ લખવાનું શરૂ કર્યું છે. તેમાંથી થોડી વાનગી વાંચનારને આપું છું.[1]

આ ગુજરાતી મેં સુધાર્યા વગર વાંચનાર આગળ મૂક્યું છે. હું પોતે ઘણી ભૂલો કરું છું એ તો વાંચનાર જાણે છે. હજુ ભૂલો થયા કરે છે એમ પેલા “શિખરનિવાસી” બતાવી રહ્યા છે. કેટલીક ભૂલો જોઈ મને શરમ આવે છે. પણ એમ હું પોતે ભૂલોથી ભર્યો છું તેથી અબ્બાસ સાહેબનું ભૂલભર્યું ગુજરાતી તેમના સરસ અંગ્રેજી કરતાં મને ઘણું વધારે પ્રિય છે. મારી ભૂલો છતાં જેમ હું ગુજરાતીમાં લખવું છોડવાનો નથી તેમ જ અબ્બાસ સાહેબ પણ ભૂલો ભલે સુધારવી હોય તો સુધારે પણ ગુજરાતીને જ વળગી રહી બીજા ગુજરાતીઓમાં સ્વભાષાનું અભિમાન જાગ્રત કરે. તેમનું “પૂષ્ટક”[2] તો મને અતિશય મધુર લાગે છે. પણ હવે પછી બીજાં ગુજરાતી પુસ્તકો ન વાંચે તોયે *નવજીવન* તો વાંચે જ એવું આપણે ઇચ્છીએ. થોડા જ દિવસમાં મને શરમાવનારી ભૂલોની નોંધ પેલા “શિખરનિવાસી” તરફથી *નવજીવન*માં હું પ્રગટ કરવાનો છું એટલે અબ્બાસ સાહેબને પોતાની ભૂલથી શરમાવાનું નહીં રહે ને મારી ભૂલોને સુધારીને *નવજીવન* વાંચશે એટલે પ્રમાણમાં સારું ગુજરાતી લખશે. જેઓ અબ્બાસ સાહેબની સેવામાં રહે છે તેમણે તેમને *નવજીવન* વાંચી સંભળાવવા દેવાની વિનંતી કરવી.

ગુજરાતીઓને અને હિંદીમાત્રને ખૂબ ઉત્તેજન આપે એવી એક બીજી વાત પણ અબ્બાસ સાહેબ લખે છે: “ભાઈસાહેબ આપે તો મને ‘ડોસા’ તરીકે આખા હિંદમાં મશહૂર કરી દીધો. હું તો પોતાને જુવાન સમજું છું.” આ ડોસાને અરીસો આપીએ તોપણ પોતે પોતાને બુઢ્ઢા નહીં સમજે; કેમ કે તેમનું હૃદય જુવાન છે. તેમની સાથે ભટકનારાઓએ મને કહ્યું છે કે તેઓ થાકે છે પણ અબ્બાસ ડોસા થાકતા નથી! ખરું છે; જે જુવાનથી પણ વધારે કામ કરે છે તે ડોસા હોવા છતાં જુવાન છે. જેનો એક પણ વાળ ધોળો નથી થયો,

૧. આ વાનગી અહીં આપી નથી.

૨. પુસ્તક.

Gandhi Heritage Portal

જેના બધા દાંત પણ સાબૂત છે એવા જુવાન, જુવાન છતાં આળસુ રહી દેશસેવા ન કરે તો ઘરડા છે. અબ્બાસ સાહેબના જેવા જુવાન ડોસા હિંદુસ્તાનમાં ઘણા થાઓ એમ આપણે ઇચ્છીએ.

## "ધગશ નથી"

આવું મથાળું લખી ભાઈ મોહનલાલ પંડ્યાએ નીચે પ્રમાણે કાગળ[1] પ્રાયશ્ચિત્તરૂપે લખ્યો છે :[2]

આ કાગળ વાંચી અણ્ણાને તો શેર લોહી ચડશે જ અને રાષ્ટ્રવ્યવહાર બને ત્યાં લગી રાષ્ટ્રભાષા મારફતે જ સહુ કરતા થઈ જશે એમ પણ આપણે માનીએ. હિંદીનો અભ્યાસ કરનારને સહેલો રસ્તો બતાવું. બને તો તેણે એક સાદું વ્યાકરણ જોઈ જવું. હવે તો हिन्दी गुजराती शिक्षक બહાર પડ્યું છે એવો મને ખ્યાલ છે. એ ખરો હોય તો તે લેવું. हिन्दी नवजीवन વાંચવું. તંત્રી તરીકેના મારા પક્ષપાતની આ ભલામણમાં કોઈને ગંધ આવે તો કોઈ બીજું હિંદી છાપું ભલે વાંચે. ત્રીજું તુલસીદાસનું સટીક રામાયણ વાંચે. રામાયણ તો સો વાર વાંચે તોયે ફાયદો જ છે. ટીકામાં સાદું હિંદી આવે છે. આ ઉપરાંત બીજું હિંદી ન વાંચે તો અડચણ જ નથી. હિંદી બોલતાં ભૂલ કરીએ તેની જરાયે ચિંતા ન કરીએ. ભૂલો કરતાં ભૂલો દૂર કરવાની ગડ બેસી જશે. ભૂલોની બેદરકારીની સલાહ આળસુને સારુ નથી. પણ મારા જેવા ઉદ્યોગી શિખાઉ સેવકોને સારુ છે. હિંદી બોલવામાં સંસ્કૃત શબ્દોનો થોડો જ ઉપયોગ કરવો પણ હળવા હિંદી ને હળવા ઉર્દૂ શબ્દોનો ખીચડો કરવો, એટલે હિંદુ-મુસલમાન બંને સમજે. એવું નિષ્પક્ષપાતી મિશ્રણ જે બોલીમાં હોય તેને હું હિંદુસ્તાનીને નામે ઓળખાવું છું.

ભાઈ મોહનલાલ પંડ્યાએ તો એક પ્રાયશ્ચિત્તમાં બીજાં પણ ભેળવ્યાં છે. મારા લેખોમાં કોઈ વેળા નિરાશાના ઉદ્ગારો જોવામાં આવશે, પણ તે આશા નિપજાવવા સારુ નીકળે છે. કોઈ પણ મજૂર કે કામદાર (હિંદના સેવક એ તો બહુ મોટો શબ્દ થયો. ભાઈ મોહનલાલના કાગળ ઉપર લખતાં મજૂર અને કામદાર શબ્દો જ એની મેળે કલમ ઉપર ચડી આવે છે) બીજાની ફિકર ન કરે. આપણે જગતના કાજી નથી બનવું. આસપાસ બધે કંઈ નથી થતું એનો પણ વિચાર ન કરીએ. ધગશ થવી એટલે આપણામાં વરાળ પેદા થવી. જેમ વરાળને યંત્રમાં ભરવાથી ને તેને ઇચ્છાપૂર્વક છૂટી મૂકવાથી ને રોકવાથી આપણે આગગાડીને ઇચ્છા પ્રમાણે ગતિ આપી શકીએ છીએ તેમ જ આ શરીરરૂપી યંત્રમાં આપણામાં પેદા થયેલી વરાળને આપણે ભરી રાખી પ્રસંગોપાત્ત તેનો ઉપયોગ કર્યા કરીએ તો આપણાજોગો ભાર આપણે ઝપાટાબંધ ઘસડી જઈએ. આપણે આપણી શક્તિ અનુસાર જરાયે ચોરી કે આળસ કર્યા વગર કામ કર્યે જઈએ તો પછી જનકે જેમ મિથિલા નગરીને વિષે કહ્યું હતું કે "તે બળો વા બચો તેમાં જનકને શું?" તેમ આપણે પણ કહી શકીએ. ગુજરાતનો દરેક મજૂર પોતાના ક્ષેત્રમાં રહ્યો આંખો મીંચી પોતાનું કર્તવ્ય કર્યા જ કરે એટલે સ્વરાજ આવ્યું જ છે. પછી તેની સામે તો મામા, અણ્ણા કે કાકા કે એવા બીજા સગા ઘરડા કે જુવાન કટાક્ષ કરી જ નહીં શકે. અને જે બાઈ કે ભાઈ પોતાનો જેટલો વખત બચે તેટલો વખત રેંટિયો જ ચલાવી

૧. આ કાગળ અહીં આપ્યો નથી.

૨. અણ્ણા તરીકે ઓળખાતા હરિહર શર્માને અંગ્રેજીમાં આમંત્રણ મોકલ્યું હતું.

Gandhi Heritage Portal

એકધારું, નહીં જાડું, નહીં પાતળું, વળદાર સૂતર કાઢ્યા કરે તેને લક્ષ્મીદાસ[1] કંઈ જ કહે નહીં, એટલું જ નહીં પણ તેને તો નમસ્કાર કરે. સૂતર તો હિંદુસ્તાનની જીવનદોરી છે. "કાચે તાંતણે મને હરજીએ બાંધી જેમ તાણે તેમ તેમની" એ તાંતણો મીરાંબાઈ જાણતી હતી કેમ કે તેને ધગશ હતી. મીરાંબાઈ જો કુશળ કાંતનારી ન હોય તો હરજીના પ્રેમપાશને તાંતણાનું સુંદર રૂપ કેમ આપે? હિંદદેવી આપણને એ જ તાંતણાથી બાંધી લઈ ગુલામીના બંધનમાંથી મુક્ત કરવા માગે છે.

## મિલની ખાદી

ગુરુવારને દહાડે મને ઘણા ભાઈઓ અને બાળકો મળવા આવેલાં. જેનાં શરીર ઉપર મેં મિલનાં કપડાં જોયાં તેની સાથે મારા રિવાજ મુજબ મેં વિનોદ કર્યો ને ખાદી કેમ નથી પહેરતા એમ પૂછ્યું. મને જવાબ આ મળ્યો: "અમે તો ખાદી જ પહેરી છે ને?" હું શરમાયો. મેં જ જરા વધારે નિહાળી જોયું. મારી શંકામાં વધારો થયો. પછી મેં હાથ વતી કપડું તપાસ્યું ને કહ્યું, "આ ખાદી ન હોય." મને જવાબ મળ્યો, "પણ આ મિલની ખાદી સ્તો ભઈસાબ." હું સાવધાન થયો. ખાદીપ્રચારના રસ્તામાં રહેલી વધારે મુશ્કેલીઓ સમજ્યો. મેં આ ભાઈસાહેબોને કહ્યું, ખાદી એટલે હાથે કાંતેલા સૂતરનું હાથે વણેલું કપડું. એટલે "મિલની ખાદી" જેવી વસ્તુ હોઈ જ ન શકે. આ ભાઈસાહેબોએ પોતાનું અજ્ઞાન કબૂલ કર્યું ને પ્રતિજ્ઞા કરી કે હવે પછી તેઓ હાથે કાંતેલા સૂતરનું હાથે વણેલું કપડું એટલે ખાદી જ પહેરશે.

તે જ દહાડે કેટલાક પંજાબી ભાઈઓ મળવા આવ્યા. તેમની પાસે મેં ધોયેલ જીનનો તાકો જોયો. મેં પૂછ્યું, આ શું છે? તેઓએ તાકો મારી પાસે ધર્યો. તેની ઉપર "સ્વદેશી છાપ" એવી આસમાની છાપ જોઈ. વધારે પૂછપરછ કરતાં માલૂમ પડ્યું કે ખાદીને નામે આવું કપડું તો બહુયે વેચાય છે. આ દગાને કેમ પહોંચી શકાય? આ મોટો પ્રશ્ન છે. તેનો વિચાર આ ઘડીએ ન થઈ શકે. આ વેળા તો એટલું જ સૂચવી શકાય કે ખાદીનો અર્થ સૂચવનારી પત્રિકાઓ કાઢી તે ઠેકઠેકાણે વહેંચવી જોઈએ. જેના શરીર ઉપર ખાદી ન હોય તેના હાથમાં ઘણા જ વિનયપૂર્વક સ્વયંસેવક એ પત્રિકા મૂકે. મોટાં પાટિયાં ઉપર ખાદીનું વર્ણન આપી તે પાટિયાં પહેરીને ભાડૂતી નોકર નહીં પણ મોટા મોટા યોદ્ધાઓ નીકળે. હું બહાર નીકળતો થાઉં ત્યારે તેવા મજૂરોની ભરતીમાં મારું નામ નોંધાવવા તૈયાર છું. અહીં હોઉં ત્યાં લગી એ જાહેરખબર પહેરી એક કલાક સુધી અમદાવાદના ચૌટામાં રોજ ફરવા તૈયાર છું. આ બનાવને સારુ બે માસની વાર છે. દરમ્યાન કામ તો હમણાં જ શરૂ થઈ શકે. એવી પત્રિકાનો મુસદ્દો હું અહીં જ રજૂ કરું છું. વધારે અનુભવી પ્રચારક તેમાં ભલે સુધારો કરે:

## ભાઈઓબહેનો ચેતજો

"ખાદી એટલે હાથે કાંતેલા સૂતરનું હાથે વણેલું કાપડ. કેટલાક વેપારી મિલના સૂતરના કાપડને મિલની ખાદી અથવા સ્વદેશી ખાદી ગણાવી વેચે છે. આથી આપણો અર્થ નથી સરતો. ગરીબનાં પેટ ભરવાની જેની દાનત હોય તે તો ખાદી જ પહેરે."

આવાં કે આવા અર્થનાં પોસ્ટરો પણ દીવાલો ઉપર ચોંટાડાય.

આ બાબત અહીંની મ્યુનિસિપાલિટી કેટલું કરી શકે એ તો વલ્લભભાઈ જાણે.

૧. લક્ષ્મીદાસ આસર, ગાંધીજીના એક અનુયાયી.

Gandhi Heritage Portal

### કેન્યા સત્યાગ્રહ

મોમ્બાસાથી એક ખબરપત્રી જણાવે છે:[1]

આ છેલ્લી ખબર બરોબર ન હોવી જોઈએ. જેલમાં રાખે એટલે ખોરાક આપ્યે જ છૂટકો. પણ કાચી જેલવાળાને બહારથી ખોરાક મગાવવાની છૂટ હોય છે ને તે પ્રમાણે કેન્યાના સત્યાગ્રહીઓ ખોરાક ઘેરથી મગાવે છે એ જ અર્થ હોઈ શકે.

જ્યારે આ કેદોનું વાંચીએ છીએ ત્યારે ખ્યાલ આવે છે કે આપણે કેટલા આગળ વધી ગયા છીએ. દસ વર્ષ પહેલાં આમ આપણા ભાઈઓ જેલ ગયા છે એવા સમાચાર આવે તો આપણે ઉશ્કેરાઈ જતા; આજે આ કેદોનો કોઈને ખ્યાલ સરખોયે નથી રહેતો કેમ કે આપણે અહીં જ જેલમાં દુ:ખોથી ટેવાઈ ગયા છીએ. આપણે સમજી ગયા છીએ કે ઇરાદાપૂર્વક દુ:ખ ખમ્યા વિના સુખ નથી. કેન્યાના સત્યાગ્રહીઓને સારુ તેમની કેદ દુ:ખ ખમવાની તાલીમ માનું છું. એટલેથી જ તેમની ઉપર થતો જુલમ અટકી જવાનો સંભવ ઓછો છે. તેઓએ હજુ વધારે દુ:ખો વેઠવાં પડશે અથવા હિંદુસ્તાન સ્વરાજ મેળવે ત્યાં લગી રાહ જોવી પડશે. તેઓમાં જ્યાં સુધી સત્યાગ્રહ કરવાની હોંશ છે ત્યાં લગી નિરાશ થવાની કશી જરૂર નથી. ઉમેદ બર આવતાં વખત લાગે તો તેઓએ સમજવું કે તેમનો સત્યાગ્રહ મોળો છે. તેઓમાં શક્તિ હોય તો "પોલટૅક્સ" સિવાયના બીજા ઘણા કાયદાઓ છે કે જેનો તેઓ સવિનયભંગ કરવા ધારે તો કરી શકે છે. જેની પાસેથી જમીનના, સ્વમાન જાળવી રહેવાના, મતાધિકારના હકો છીનવી લેવામાં આવે તેને કયા મનુષ્યકૃત કાયદાનું બંધન હોઈ શકે? જ્યાં રાજ્યતંત્રનો હેતુ સમાજને કે તેના વિભાગને દબાવવાનો છે ત્યાં તે તંત્રના કયા માનુષી કાયદા દબાયેલા સમાજને કે તેના દબાયેલા વિભાગને બંધન કરી શકે? જ્યાં કાયદાનો હેતુ સમાજની પ્રગતિને રોકવાનો છે ત્યાં માનુષી કાયદાનો ભંગ કરવાની ફરજ સમાજની ઉપર આવી પડે છે. એટલે કેન્યાનિવાસી હિંદીઓને રોકનારી કોઈ પણ બાહ્યશક્તિ ન હોઈ શકે. તેઓ ઇચ્છે ત્યારે બંધનમુક્ત થઈ શકે. આ લખાણ વાંચનાર કોઈ કેન્યાનિવાસી વગરવિચાર્યું પગલું તો નહીં જ ભરે એમ હું માની લઉં છું. સવિનયભંગ કરવાનો હક કંઈ બધાને પ્રાપ્ત થતો નથી. જેણે કાયદાને સ્વેચ્છાએ માન આપી જાણ્યું છે તે જ તેનો સ્વેચ્છાએ ને સંજોગ પ્રાપ્ત થયે ભંગ પણ કરી શકે છે. અણજાણ માણસના હાથમાં તે શસ્ત્ર તેને જ નુકસાન કરનાર નીવડી શકે છે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૧–૬–૧૯૨૪

૧. આ પત્ર અહીં આપ્યો નથી.

Gandhi Heritage Portal

# ૮૭. કાઠિયાવાડીને અન્યાય?

એક મિત્રે મને મીઠો ઠપકો આપી કહ્યું કે આજકાલ હું કાઠિયાવાડીઓને અન્યાય કરી રહ્યો છું; તેઓને "બહુબોલા" તરીકે જ ઓળખાવી રહ્યો છું. કામ કરનારા તો કોઈ જ નથી એવો મારા લખાણમાંથી ધ્વનિ નીકળે છે એમ એ મિત્ર માને છે. વળી એ મિત્ર કહે છે કે મારું અનુકરણ કરી બીજા પણ કાઠિયાવાડીઓને વિષે એવો જ અભિપ્રાય બાંધે છે ને એવાં જ વિશેષણો વાપરી વગોવે છે. "છેવટે" એ ભાઈ કહે છે, "પરિણામ એ આવશે કે અમે કાઠિયાવાડી પોતે જ માનતા થઈ જઈશું કે અમે એવા જ હશું અને પછી જે થોડા કામ કરનારા છીએ તે પણ કામ કરતા અટકી જઈશું."

મેં ટીકા બધા કાઠિયાવાડીઓને વિષે નથી કરી. મેં તો માત્ર મુત્સદ્દી વર્ગને સંબોધીને ટીકા કરી છે. અને મુત્સદ્દી વર્ગમાં પણ કંઈ બધા વાચાળ જ છે એમ મારો કહેવાનો આશય નથી.

હું પોતે મુત્સદ્દી વર્ગમાં પેદા થયો છું, પણ મને પોતાને હું વાચાળ માનતો જ નથી. એટલે મારી ટીકામાંથી પ્રથમ તો હું જ બાદ છું. વળી, મારા સાથીઓમાં કેટલાક કાઠિયાવાડી પડયા છે જે મૂંગે મોઢે કામ કામ ને કામ જ કર્યા કરે છે. તેઓ પણ મારા વિશેષણની બહાર છે, એટલે મારું વિશેષણ તો જેને લાગુ પડી શકે તેને જ ઉદ્દેશીને છે.

એટલું ખરું કે જો બોલનારા અપવાદ જેટલા જ હોત તો મારી ટીકા અન્યાયી ગણાત. મારી ફરિયાદ એવી છે ખરી કે મુત્સદ્દી વર્ગ મુખ્યત્વે વાચાળ ને ખટપટી છે. મૂંગે મોઢે કામ કરનારા અપવાદરૂપે છે. હું મુત્સદ્દી કુટુંબની વચ્ચે ઊછરેલો છું. મુત્સદ્દી વર્ગનો મને બહુ અનુભવ છે. મારા પિતાશ્રીને તો હું પૂજતો; માતાપિતાને વિષે મારી ભક્તિ શ્રાવણના જેવી હતી. આમાં જો અતિશયોક્તિ હોય તો શ્રાવણ મારો આદર્શ હતો એમાં તો મને શક નથી જ. પણ મારી વિવેકદૃષ્ટિનો કદી લોપ થયો જ નથી. તેથી હું ત્યારે જાણતો ને અત્યારે વધારે જાણું છું કે મારા પિતાનો ઘણો કાળ તો કેવળ ખટપટમાં જ જતો. સવારના પહોરથી વાતો શરૂ થાય તે કચેરીએ જતાં સુધી ચાલ્યા જ કરે. સૌ કાનમાં વાત કરનારા. વાતનો સાર માત્ર એટલો જ હોય કે નાના કારભારમાંથી મોટો કેમ મેળવવો; નાગર, બ્રાહ્મણ ને વાણિયાપક્ષમાં વાણિયાપક્ષ કેમ વધારવો; વાણિયામાં પણ અમારે કઈ રીતે વધારે આગળ આવવું એ મારા પિતાશ્રીનો ઉદ્દેશ હતો. આ એક પક્ષ રજૂ કર્યો. પરમાર્થ કયાંય ન જ હતો એમ કહેવાનો હેતુ નથી; પણ પરમાર્થ ગૌણ હતો. સ્વાર્થ સાધતાં થઈ શકે તે પરમાર્થ કરવો. મારા પિતાશ્રી મુત્સદ્દી વર્ગમાં નીચમાં નીચ ન હતા, પણ તે ઉત્તમોત્તમમાં ગણાતા. તેમનું પ્રામાણિકપણું પંકાતું. લાંચ એ વેળા પણ ખવાતી; તેમાંથી તે મુક્ત હતા. તેમનું હૃદય વિશાળ હતું. ઉદારતાનો પાર ન હતો. આવા સારા માણસ પણ ઝેરી મુત્સદ્દી વાતાવરણમાંથી બચી નહોતા શકયા.

આ મારું જ્ઞાન મારી પાસે ઘણી વેળા બોલાવે છે કે હું નાગરો ઈત્યાદિ સાથે શુદ્ધમાં શુદ્ધ મિત્રભાવ રાખી મારા કુટુંબના પક્ષપાતનું પ્રાયશ્ચિત્ત કરું છું અને તે વર્ગમાં ઊછરેલો હું વાચાળવાદમાંથી નીકળી કર્મવાદમાં પ્રવેશ કરી મુત્સદ્દીવર્ગના વાચાળપણાના પાપનું પ્રાયશ્ચિત્ત કરું છું.

Gandhi Heritage Portal

જે વાત મુત્સદ્દીવર્ગને વિષે ચાળીસપચાસ વર્ષ પૂર્વે સાચી હતી તે આજ પણ સાચી છે. મુત્સદ્દીવર્ગનો ધંધો જ ખટપટ. તેનો કંટાળો મારા દેશવટાનું એક કારણ હતું. મુત્સદ્દીવર્ગના વાતાવરણમાં રહેવું ને મૌન રાખવું તથા કામ જ કર્યા કરવું એટલે કારકુનની પંક્તિથી આગળ ન જ વધવું. પણ કારકુનમાત્રનું ધ્યેય કારભારું રહ્યું ને કારભારું કામનું ફળ નથી હોતું પણ ખટપટનું. તેથી રજવાડાની નોકરીમાં દાખલ થયા કે તુરત ખટપટની તાલીમ શરૂ થાય.

હવે આપણામાં નવું વાતાવરણ ઘડાઈ રહ્યું છે. આપણે વાચાળવાદ ને ખટપટ છોડવા ઇચ્છીએ છીએ. તેથી કેટલાક કામ કરનારા કાઠિયાવાડીનો ફાલ પ્રતિકૂળ વાતાવરણમાં પણ ઊતરવા માંડયો છે. પણ સામાન્ય મુત્સદ્દીવર્ગ હજુ પોતાના વાતાવરણને જ વશ પડયો છે.

આ સ્થિતિને ઓળખી કાઠિયાવાડી મુત્સદ્દીવર્ગ તેને તુરત સુધારે એ મારા લખવાનો હેતુ હતો ને આજ છે.

કાઠિયાવાડીની (એટલે મુત્સદ્દીવર્ગના જે ભાગને લાગુ પડે છે તેની) આવી ટીકા એ સત્યાગ્રહી ગાળનો એક ભાગ છે. એટલે એવી ટીકા તો મારા જેવાથી જ થઈ શકે. જેને કાઠિયાવાડીનો દ્વેષ હોય તેનાથી થાય જ નહીં. પણ કોઈ કાઠિયાવાડ દ્વેષી મારું અનુકરણ કરીને એવી ટીકા કરે, તો તેથી શું થયું? તેથી જે ખટપટી નથી તે તો શાંત રહેશે ને હસશે. જે ખટપટી છે, વાચાળ છે, તેને સાચું સાંભળતાં ક્રોધ શાને આવે? દુશ્મન આપણા દોષ જુએ તેટલા મિત્ર નહીં જુએ. મિત્રના પણ દોષ જોવા ને તેમ છતાં તેની ઉપર પૂર્ણ પ્રેમ રાખવો એ તો સત્યાગ્રહનો ખાસ વિષય છે ને તે મહામુશ્કેલીથી જ કેળવી શકાય છે. એટલે સામાન્ય રીતે એમ કહી શકાય કે જેટલા પોતીકા દોષ આપણે દુશ્મન પાસેથી જાણી શકીએ તેટલા મિત્ર પાસેથી નહીં જાણી શકીએ. તેથી કાઠિયાવાડીઓને મારી ભલામણ છે કે તેમણે દુશ્મનની ટીકા વિનયપૂર્વક ને આદરપૂર્વક સાંભળવી, વિચારવી ને તેમાં જેટલું સત્ય હોય તેનું ગ્રહણ કરવું.

મારી ટીકાનું અનુકરણ બીજા કરે તેથી હું ટીકા કરતો બંધ થાઉં એવું તો કોઈ ન જ ઇચ્છે. વળી કાઠિયાવાડીની ટીકા કરી હું તો ગુજરાતીમાત્રને વાચાળપણું ટાળી કામ કરતા થઈ જવા કહી દઉં છું. કાઠિયાવાડીઓ મને ખાસ પોતીકો ગણે તો મારી ટીકા તે સાંભળે, તેનો સાર ખેંચે. બીજાનું ન સાંભળે પણ મારું તો સાંભળે એવું મારા મનમાં કાઠિયાવાડીઓને વિષે કંઈક અભિમાન પણ ખરું. પણ હું કાઠિયાવાડ અને ગુજરાત વચ્ચે ભેદ ગણતો નથી. બંને ગુજરાતી જ છે. કાઠિયાવાડ નાનું ગુજરાત છે. ગુજરાતમાં કાઠિયાવાડ કચ્છ વગેરે મેળવો એટલે મહાગુજરાત થયું. મહાગુજરાત એ હિંદુસ્તાનનું એક નાનું અંગ છે. તે અંગની ભાષા હું વધારે જાણું છું; તે અંગ મને વધારે ઓળખે તેથી તેને કડવું પાવાનો મને વધારે અધિકાર છે ને મહાગુજરાત તે કડવું નહીં પીએ તો હું કોને પાઈશ? પછી મારી દવાની પિછાણ હું કોની પાસે કરાવીશ?

છેવટમાં, કાઠિયાવાડી મુત્સદ્દીવર્ગ વાચાળપણાનો પૂર્ણ સંયમ પાળી, ખટપટનો ત્યાગ કરી મૂંગે મોઢે કામ કરતો થઈ મારી ટીકાને ખોટી પાડો એમ હું ઇચ્છું છું. ટીકા કરવામાં મને રસ નથી આવતો, તે કરીને કાઠિયાવાડ પાસેથી પૂરું કામ લેવાની ઉમેદ રાખું છું.

[મૂળ ગુજરાતી]

नवजीवन, १–६–१९२४

Gandhi Heritage Portal

## ૮૮. મને ક્ષમા આપજો

ગુરુવારે સવારે[1] હું અમદાવાદના સ્ટેશને ઊતરીશ એવી આશાથી અમદાવાદનાં ઘણાં ભાઈ-બહેનો સ્ટેશને એકઠાં થયેલાં, પણ હું તેમને ન મળ્યો તેથી તેઓ નિરાશ થયાં. આને સારુ હું તેઓની માફી માગું છું. વલ્લભભાઈએ જોયું કે મારી પ્રાર્થના છતાં ને તેમના પોતાના પ્રયાસ છતાં લોકો થોભશે નહીં તેથી તેઓએ તો મને ટ્રેન રોકાવી અધવચથી[2] ઉતારી લીધો, અને શાંતિથી આશ્રમ પહોંચાડયો.

નિરાશ થયેલાંઓની માફી તો મને ત્યારે મળી હું માનું કે જ્યારે તેઓ બધાં કાંતતાં થઈ જાય. ખરું જોતાં તો માફી તેઓએ માગવી જોઈએ. તેઓ સ્ટેશને આવ્યાં જ કેમ? મારી પ્રાર્થનાને માન ન આપી સ્ટેશન આવ્યાં તો તે તેઓનો દોષ.[3] હિંદુસ્તાનને એટલું ઓછું હાથે કાંતેલું સૂતર મળ્યું એ દેખીતું નુકસાન. એટલે આ નિરાશ થયેલા ભાઈઓ કુતૂહલથી નહીં પણ પ્રેમને વશ થઈને સ્ટેશને ગયા હોય તો સૂતરની નુકસાની ભરી આપે એવી મારી વિનંતી છે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૧–૬–૧૯૨૪

## ૮૯. વિદ્યાપીઠ અને આનંદશંકરભાઈ

ગૂજરાત વિદ્યાપીઠના એક વિદ્યાર્થી અને પૂજારી નીચે પ્રમાણે લખે છે:[4]

આ પત્રનું વસ્તુ, તેની ભાષા, તેના વિચાર, તેમાંથી નીતરતો દેશપ્રેમ અને વિદ્યાપીઠ ઉપરનો અગાધ પ્રેમ મને એવાં સારાં લાગ્યાં કે કાગળ લાંબો છતાં વાંચનાર સમક્ષ મૂકવો એ યોગ્ય લાગ્યું. પણ આનંદશંકરભાઈની સાથે મારો એટલો બધો પરિચય છે કે તેમના ભાષણનો જે ઉતારો લેખકે ટાંકયો છે તે મને યથાયોગ્ય ન લાગ્યો. મને એમ જણાયું કે એ કાગળ હું છાપું ને પછી આનંદશંકરભાઈનો જવાબ મેળવું તેના કરતાં પ્રથમ જ કાગળ મોકલી તેમનો જવાબ મેળવી સાથે જ છાપું તો મેં વિષયને, વિદ્યાર્થીને અને આનંદશંકરભાઈને વધારે ન્યાય આપ્યો ગણાય. વળી આનંદશંકરભાઈ પ્રત્યેના મારા મિત્ર કે બંધુભાવે પણ મને એ જ માર્ગે દોર્યો. પરિણામ ઉપરથી વાંચનાર પણ જોઈ શકશે કે મેં આનંદશંકરભાઈનો જવાબ મેળવી તે અને ઉપરનો કાગળ સાથે છાપ્યા એ જ ઠીક કર્યું. ઇરાદો ન હોય છતાં આપણા રિપોર્ટરો (તેમાંયે વળી ગુજરાતી ભાષણો હોય ત્યારે) પૂરો રિપોર્ટ નથી લઈ શકતા,

૧. મે ૨૯.

૨. કાંકરિયા રેલવે યાર્ડમાં.

૩. જુઓ "મારી પ્રાર્થના", ૨૫–૫–૧૯૨૪. આમાં ગાંધીજીએ અમદાવાદના લોકોને સ્ટેશને આવવાની તકલીફ ન લેવા વિનંતી કરી હતી, એ સમય કાંતવામાં ગાળવા કહ્યું હતું.

૪. આ પત્ર અહીં આપ્યો નથી.

Gandhi Heritage Portal

લેવાય છે ત્યારે અધિપતિ બધાં ભાષણોને સારુ જોઈતી જગ્યા નથી આપી શકતા. તેથી અનેક વેળા રિપોર્ટ અધૂરા ને ઘણી વેળા તો બોલનારના અર્થનો અનર્થ કરનારા હોય છે. આવી સ્થિતિમાં શું માનવું ને શું ન માનવું એનો નિશ્ચય કરવો મુશ્કેલ થઈ પડે છે. તેથી જ સર ફિરોજશાહ મહેતા[1] પોતાનાં બધાં અગત્યનાં ભાષણો લખતા. ગોખલે પોતાનાં ભાષણોના રિપોર્ટ બની શકે ત્યાં લગી પોતે જ સુધારવાનો આગ્રહ રાખતા. દક્ષિણ આફ્રિકાનાં બધાં ભાષણો જે છાપાંઓમાં અક્ષરશઃ આપ્યાં હતાં એ સુધારવાનો અમને તેમના સેવકોમાંના કોઈને અધિકાર નહોતો મળી શક્યો. નાજુક તબિયત હોવા છતાં પણ પોતે જ બધું સુધારવાનું માથે રાખેલું. મારાં ભાષણોના હાલ થાય છે તેનો કડવો અનુભવ મને છે જ. તેમાં રિપોર્ટરોનો દોષ નથી. વસ્તુસ્થિતિ જ એવી છે કે કોઈક જ રિપોર્ટર શુદ્ધ રિપોર્ટ આપી શકે.

આવા અનુભવોને લઈને મજકૂર કાગળ મેં આનંદશંકરભાઈને મોકલ્યો ને ઉત્તર આપવા વિનંતી કરી. તેમનો ઉત્તર નીચે પ્રમાણે છે:[2]

આ જવાબ પછી મારે ભાગ્યે જ કંઈ કહેવાનું રહેતું હોય. જે વધારાની સંસ્થાની આનંદશંકરભાઈ હસ્તી ઇચ્છે છે તે હું પણ ઇચ્છું. એ સમય અને અનુકૂળ સંજોગો કદાચ હાલ ન હોય. વિદ્યાર્થી લેખકની ભાવના ઉત્તમ પ્રકારની છે એમ હું માનું છું. વિદ્યા વિષે મારા વિચારો તો તેનાથીયે બહુ આગળ જાય છે. મારી અલ્પમતિ પ્રમાણે તો ધનઉપાર્જન સારુ વિદ્યાનો ઉપયોગ જ ન કરવો જોઈએ. ધનઉપાર્જનનું સાધન માત્ર વ્યાપાર હોવું જોઈએ. આજીવિકાનું સાધન મજૂરી એટલે વણકર, સુતાર, દરજી, ઇત્યાદિ આવશ્યક ધંધો હોવું જોઈએ. વૈદ, વકીલ, શિક્ષક ઇત્યાદિ મુખ્યપણે પૈસા કમાવાના ઇરાદાથી તેને શીખે છે ને આદરે છે એ આપણી નૈતિક અવનતિનું એક મોટું કારણ હું માનું છું. આ તો આદર્શ થયો. એને આપણે નથી પહોંચી શકતા. છતાં જેટલા તેની નજીક જઈએ એટલું સારુ છે એમાં મને શંકા નથી. વિદ્યાપીઠે એ આદર્શ નથી રાખ્યો; પણ વિદ્યાપીઠે રાષ્ટ્રીય ભાવનાને પ્રધાનપદ આપ્યું છે. વિદ્યાનો ઉપયોગ દેશસેવાને અંગે કરવો ને ધનઉપાર્જનને ગૌણ પદ આપવું એ જ્યાં આદર્શ જ છે ત્યાં "કાર્કિદી"ને અવકાશ જ નથી. "કારકિર્દી"નો ત્યાગ કરનારા જ વિદ્યાપીઠનો આશ્રય લે. ગુજરાતમાં કે સમસ્ત હિંદુસ્તાનમાં એ ભાવનાઓ હજુ ઊંડી જડ નથી ઘાલી એટલે આવી ભાવનાવાળી વિદ્યાપીઠોના આરંભકાળમાં વિદ્યાર્થી થોડા હોય એ આશ્ચર્યકારક નથી. સાનંદાશ્ચર્ય તો એ છે કે વિદ્યાપીઠની છાયા નીચે હજારો વિદ્યાર્થીઓ અક્ષરજ્ઞાન મેળવી રહ્યા છે ને સાથે દેશસેવાની ભાવના કેળવી રહ્યા છે.

[મૂળ ગુજરાતી]

**નવજીવન, ૧–૬–૧૯૨૪**

૧. સર ફિરોજશાહ મહેરવાનજી મહેતા (૧૮૪૫–૧૯૧૫). મુંબઈ કોર્પોરેશનના સભ્ય, ૧૮૭૨–૧૯૧૫; મુંબઈની ધારાસભાના ૩૦ વરસ સુધી સભ્ય; વડી ધારાસભાના સભ્ય; ૧૮૯૦માં કોંગ્રેસ મહાસભાના પ્રમુખ.

૨. આ ઉત્તર અહીં આપ્યો નથી.



Gandhi Heritage Portal

## ૯૦. ગુરુકુળ કાંગડીમાં રેંટિયો

આ ગુરુકુળના વિદ્યાર્થીઓને એમના વાર્ષિકોત્સવ પ્રસંગે મેં એક પત્ર લખ્યો હતો. એના જવાબમાં એક પત્ર ઘણા દિવસ પહેલાં મને મળ્યો છે. ગુરુકુળનાં બાળકોનો રેંટિયા પર કેવો પ્રેમ છે એ બતાવવા માટે એ પત્રનો થોડો ભાગ હું વાચકો સમક્ષ રજૂ કરું છું:

> જોકે આપના સંદેશા માટે આ ઉત્તર ઘણો અધૂરો છે એ વાત અમે સારી રીતે સમજીએ છીએ તેમ છતાં અમારા કાંતેલા આ થોડા સરખા સૂતરની શ્રદ્ધાભરી ભેટ અમે આપનાં પૂજ્ય ચરણોમાં ધરવા માગીએ છીએ. આ વખતના જ રાષ્ટ્રીય સપ્તાહ (૭ એપ્રિલથી ૧૩ એપ્રિલ સુધી) દરમ્યાન સાત દિવસ સુધી ચોવીસે કલાક અખંડ રેંટિયો ચલાવીને અમે આ સૂતર એટલા માટે કાંતીને તૈયાર કર્યું છે કે અમારી એ મામૂલી ભેટ સ્વીકારવામાં આવે. આમાં અમારાં પૈકીનાં (ચતુર્થ શ્રેણીનાં) નાનાં બાળકોએ કાંતેલું થોડું સૂતર પણ અલગ રાખ્યું છે. જોકે એ સૂતર અખંડ રેંટિયો ચલાવીને કાંતવામાં નથી આવ્યું, તોપણ અમે માનીએ છીએ કે આપના પર પ્રેમ રાખનારાં આ નાનાં બાળકો અવશ્ય આપના પ્રેમને લાયક છે. એટલે એમણે પ્રેમથી કાંતેલું રાષ્ટ્રીય સપ્તાહનું આ સૂતર પણ આપનાં ચરણોમાં અર્પણ થવાને યોગ્ય જ છે.

[મૂળ હિંદી]

हिन्दी नवजीवन, १–६–१९२४

## ૯૧. પરિષદો ભરનારાને ઇશારો

લોકો કહે છે: “મોટી મોટી સભાઓ, જલસાઓ અને ભાષણોના દિવસો ચાલ્યા ગયા. હવે તો મૂંગે મોંએ કામ કરવાના દિવસો આવી લાગ્યા છે.” પરંતુ પરિષદો અથવા જલસા યોજનારા તો હમેશાં ઇચ્છતા હોય છે કે ખૂબ ધામધૂમ થાય. આવા મોહમાં તેઓ ઘણી વાર સત્યને ભૂલી જાય છે અને ભલીભોળી જનતાને છેતરીને પરિષદની તૈયારી કરે છે. એક પરિષદની જાહેરાતમાં લખ્યું છે:

> ઘણી હર્ષની વાત છે કે અધિવેશન ખૂબ ધામધૂમથી કરવાનું નક્કી થયું છે. મહાત્મા ગાંધી, અલીભાઈઓ, પંડિત જવાહરલાલ નેહરુ, ડૉક્ટર કિચલુ,[1] મૌલાના અબુલ કલામ આઝાદ,[2] દેવદાસ ગાંધી, શંકરલાલ બૅંકર,[3] રાજગોપાલાચારી,[4] શેઠ જમનાલાલ બજાજ,[5]

૧. પંજાબના એક કૉંગ્રેસી નેતા.

૨. ૧૮૮૯–૧૯૫૮; કૉંગ્રેસી નેતા અને કુરાનપ્રણીત ધર્મજ્ઞાનના પંડિત; ૧૯૨૩માં અને ૧૯૪૦–૫ દરમ્યાન હિંદી રાષ્ટ્રીય મહાસભાના પ્રમુખ. ભારત સરકારના કેળવણી પ્રધાન.

૩. અમદાવાદના રાજદ્વારી કાર્યકર અને મજૂરોના આગેવાન; યંગ ઇન્ડિયાના મુદ્રક અને પ્રકાશક.

૪. સી. રાજગોપાલાચારી (જન્મ ૧૮૭૯); વકીલ, પત્રકાર, લેખક અને રાજપુરુષ; હિંદુસ્તાનના ગવર્નર-જનરલ, ૧૯૪૮–૫૦.

૫. ૧૮૮૯–૧૯૪૨; વેપારી, સામાજિક કાર્યકર અને દાતા; વર્ષો સુધી કૉંગ્રેસના ખજાનચી અને ગાંધીજીના નિકટના સાથી.

Gandhi Heritage Portal

મૌલાના અ. જફરખાં, શ્રીમતી ગાંધી, બી અમ્મા સાહિબા, તપસ્વી સુંદરલાલ, માખનલાલ ચતુર્વેદી,[1] શ્રીમતી સુભદ્રાકુમારી વગેરે વગેરે મુખ્ય મુખ્ય નેતાઓ પધારવાનો સંભવ છે.

સંભવ છે કે સ્વાગત સમિતિએ આવા નેતાઓને આમંત્રણો મોકલ્યાં હશે, પરંતુ જ્યાં સુધી તેમના તરફથી કંઈ નહીં તો એવી મતલબનો જવાબ ન મળે કે "આવવાનો પ્રયત્ન કરીશ" ત્યાં સુધી તેમના આવવાનો સંભવ છે એમ લખવું બરાબર નથી. લોકોના મનમાં ભ્રમ ઊભો કરવાની ઇચ્છા ગમે તેટલી સારી હોય તોપણ એમ કરવું અનુચિત જ છે. લોકો એકબે વાર છેતરાય ખરા, પણ થોડા જ સમયમાં કાર્યકર્તાઓ પોતાની પ્રતિષ્ઠા અને લોકોનો વિશ્વાસ ખોઈ બેસે છે. અબ્રહામ લિંકને સાચું જ કહ્યું છે કે "આપણે થોડા લોકોને કાયમને માટે છેતરી શકીએ, બધા લોકોને થોડો સમય છેતરી શકીએ, પણ બધા લોકોને કાયમને માટે છેતરવાનું અશક્ય છે."

[મૂળ હિંદી]

हिन्दी नवजीवन, १–६–१९२४

## ૯૨. ઘનશ્યામદાસ બિરલાને પત્ર

સાબરમતી,

જેઠ સુદ ૧ [જૂન ૩, ૧૯૨૪][2]

ભાઈશ્રી ૫ ઘનશ્યામદાસજી,

તમારો પત્ર મળ્યો. મેં અંત્યજમંડળના આગેવાનને લખી દીધું છે કે તમે રૂ. ૩૦,૦૦૦ આપવાનું વચન આપ્યું નથી.

જ્ઞાતિમાં[3] બે પક્ષો પડી ગયા છે એ વાત ખરાબ છે તોપણ તમારો પક્ષ સામા પક્ષ સાથે વિનયપૂર્વક વર્તશે તો ઝેર ફેલાતું અટકી જશે. બેશક એ વાત તો સાચી છે કે શાંતિ અને ઝઘડો બંને સાથે નભી શકે નહીં. બેમાંથી એકને જ પકડીને એને વળગી રહો તો એનું ફળ મળે. ઝઘડાનાં પરિણામો આપણે યુરોપમાં જોઈ રહ્યા છીએ. ત્યાં સાચી મહોબત છે જ નહીં. હજી સુધી મોટા સમૂહોએ શાંતિનો પ્રયોગ ઠીક રીતે કર્યો નથી.

તમારો

**મોહનદાસ ગાંધી**

[મૂળ હિંદી]

મૂળ પત્ર પરથી: સી. ડબલ્યુ. ૬૦૪૭; શ્રી ઘનશ્યામદાસ બિરલાના સૌજન્યથી

૧. પ્રસિદ્ધ હિંદી કવિ અને દેશભક્ત; कर्मवीरના સંપાદક.

૨. શ્રી બિરલાની જ્ઞાતિમાં બે પક્ષો પડયાનો પત્રમાં ઉલ્લેખ છે તે પરથી જણાય છે કે મેની ૧૩મી અને ૨૦મીએ એમને લખાયેલા પત્રોની માફક આ પત્ર ૧૯૨૪માં લખાયો હતો. ૧૯૨૪માં જેઠ સુદ ૧ જૂનની ૩જીએ હતી.

૩. મારવાડી જ્ઞાતિ.

Gandhi Heritage Portal

## ૯૩. પરસરામ મેહરોત્રાને પત્ર

જેઠ સુદ ૧ [જૂન ૩, ૧૯૨૪][1]

ચિ. પરસરામ,[2]

તમારું પોસ્ટકાર્ડ મળ્યું. રામાયણનો અભ્યાસ ખૂબ કાળજીથી કરજો. એક વારનું વાચન પૂરતું નથી. મારી ખાતરી છે કે રામાયણ તમને શાંતિ આપશે. બધા દરદીઓ ક્ષેમકુશળ તો છે ને?

બાપુના આશીર્વાદ

પરસરામ મેહરોત્રા
યુ. પી. ખાદી બોર્ડ
કાનપુર

[મૂળ હિંદી]

મૂળ પત્ર પરથી : સી. ડબલ્યુ. ૪૯૬૦; શ્રી પરસરામ મેહરોત્રાના સૌજન્યથી

## ૯૪. સ્વાતંત્ર્યને મુલાકાત

[સાબરમતી,
જૂન ૩, ૧૯૨૪][3]

પ્ર. : આપ યરવડા જેલમાંથી છૂટયા પછી આપના લખાણમાં કંઈક ફરક પડયો છે એમ આપને લાગે છે?

ઉ. : હા; ફરક પડયો છે.

પ્ર. : અહિંસાને ધર્મ માની એના પર આપે વધારેપડતો ભાર મૂકયો તેથી કોંગ્રેસને એના સ્વયંસેવકો સંબંધમાં સ્વબચાવમાં ઠરાવ પસાર કરવો પડયો.

ઉ. : આવો ઠરાવ પસાર કરવો કોંગ્રેસ માટે વાજબી નહોતું. અહિંસાની મારી વ્યાખ્યામાં પહેલેથી એ જ અર્થનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

પ્ર. : મહાત્માજી, આપને નથી લાગતું કે કોંગ્રેસી નેતાઓને આપની વ્યાખ્યા કંઈ નહીં તો જરા અસ્પષ્ટ લાગી?

ઉ. : હા, તમારું કહેવું ખરું છે. દરેક ધર્મનિષ્ઠ મનુષ્યે તેના પોતાના ધર્મનાં પુસ્તકોમાંથી અહિંસાનું સમર્થન કરનારાં પ્રમાણો શોધી કાઢવાં જોઈએ. હું અહિંસાનો ઉપદેશ એટલા માટે આપું છું કે લોકોને પોતપોતાનાં ધર્મશાસ્ત્રો મુજબ અહિંસાનો સાચો અર્થ શોધી કાઢવાની પ્રેરણા મળે.

૧. પત્ર પર ટપાલની છાપ આ તારીખની છે.
૨. આશ્રમવાસી અને ગાંધીજીના મંત્રી.
૩. જુઓ પાદટીપ ૧, પા. ૧૪૯.

Gandhi Heritage Portal

ત્યાર પછી ખબરપત્રીએ મહાત્માજીને કહ્યું કે ચોર, ડાકુ અથવા પરદેશી હુમલા સામે અહિંસાની મર્યાદાઓ સમજાવો. એના જવાબમાં એમણે (ગાંધીજીએ) એક મોટા સાધુ એકનાથ મહારાજની વાર્તા કહી સંભળાવી. એક વાર એકનાથના ઘર પર ચોર ચડી આવ્યા. એ જોઈને મહારાજે ભગવાનને પ્રાર્થના કરી કે હે પ્રભુ, તું એટલું જોજે કે ચોરોને ખાલી હાથે પાછા ફરવું ન પડે.

પ્ર.: આ વાત એક મહાત્મા માટે શક્ય છે પણ સામાન્ય લોકો માટે શક્ય નથી. આવા સંજોગોમાં આપ લોકોને શું કરવાની સલાહ આપો છો?

ઉ.: આપણે ચોર વગેરે સામે આપણી જાતનું રક્ષણ કરવું જોઈએ. તમે બતાવેલો ફરક તદ્દન સાચો છે.

પ્ર.: આપને નથી લાગતું કે અંગ્રેજો પણ આ કક્ષામાં આવી જાય છે?

ઉ.: ના; અત્યારના અંગ્રેજો એવા નથી. ઈસ્ટ ઇંડિયા કંપનીને આ પ્રકારની ગણી શકાય. પણ લૂંટારાના છોકરાઓને પણ તમે લૂંટારા જ ગણશો?

પ્ર.: આવા છોકરા પણ એમના બાપનો ધંધો કરતા હોય તો એમને આપણે ચોર જ કહેવા જોઈએ.

ઉ.: ના, ના. આજના અંગ્રેજો આવા નથી, એટલે તો આપણે અહિંસક રહેવું જોઈએ. અંગ્રેજો પાસેથી તેમની સત્તા છીનવી લેવા માટે તો આપણને શસ્ત્રોની નહીં પણ મનોબળની, દૃઢ નિરધારની, જરૂર છે. અને વધારામાં જ્યાં સુધી કૉંગ્રેસે અહિંસાને પોતાની નીતિ તરીકે સ્વીકારી છે ત્યાં સુધી તો આપણે અહિંસક રહેવું જ જોઈએ. આનો શો અર્થ થાય તે મેં "મારું જીવનકાર્ય"[1] નામના મારા લેખમાં ફાંસીએ ચડવા ઊભેલા કેદી અને જેલરનું દૃષ્ટાંત આપીને સમજાવ્યું છે. આ આખા પ્રશ્નનો મારે આગામી કૉંગ્રેસમાં કાયમને માટે નિવેડો લાવી આપવો પડશે.

પ્ર.: મહાત્માજી, નાગપુરના હિંદુમુસ્લિમ ઝઘડાઓ સંબંધમાં સરકારી તપાસ સમિતિ સમક્ષ મુસલમાનોએ આપેલી જુબાની આપે વાંચી છે? મુસલમાન સાક્ષીઓએ કહ્યું હતું કે હિંદુ અને મુસલમાનો વચ્ચે આવા ઝઘડાને ઉત્તેજન આપવા માટે લોકમાન્ય ટિળક જવાબદાર હતા. અને દરેક મુસલમાનને ગમે ત્યારે પોતાના ઘરને મસ્જિદમાં ફેરવી નાખવાનો અધિકાર છે.

ઉ.: ના, મેં એ જુબાની[2] વાંચી નથી. હું એ જરૂર વાંચી જઈશ. આવા કોમી ઝઘડા ઊભા કરવાનો આરોપ લોકમાન્ય પર મૂકવો એ તો નરી કૃતઘ્નતા કહેવાય. લોકમાન્યે પોતે મને કહ્યું હતું કે મુસલમાનોને સોએ સો ટકા પ્રતિનિધિત્વ આપવાથી જો સ્વરાજ મળી જતું હોય તો હું (લોકમાન્ય ટિળક) આવા કોઈ કરાર પર સહી કરવા તૈયાર છું. ડૉ. મુંજેએ મને નાગપુર વિષે કાંઈ પણ ન લખવા ખાસ વિનંતી કરી છે.

મહાત્માજીએ વધારામાં કહ્યું કે લોકોએ પોતાની મુક્તિ માટે તેમનો પોતાનો માર્ગ શોધી કાઢવો જોઈએ. મને એ વાતનું દુઃખ છે કે અહિંસક અસહકારની મારી પોતાની પદ્ધતિની ઉપયોગિતાનો દેશના નેતાઓએ ખૂબ ગંભીરપણે વિચાર કર્યો નથી.

[મૂળ અંગ્રેજી]

हिन्दु, १२–६–१९२४

૧. જુઓ પુસ્તક ૨૩, પા. ૩૩૬–૯.

૨. અહીં ખબરપત્રીએ ગાંધીજીને સ્વાતંત્ર્યની નકલો આપી અને તે વાંચી જવાની વિનંતી કરી.

Gandhi Heritage Portal

# ૯૫. મારી નોંધ

## તારકેશ્વરમાં સત્યાગ્રહ[1]

તારકેશ્વરમાં ઊભા થયેલા ટંટાને લગતા કેટલાયે તારો મારા ઉપર આવ્યા છે. એમાંના એક તારમાં મને ત્યાં જવા અને સલાહ આપવા બોલાવવામાં આવેલ છે. મારે ત્યાં જવાની વાત અત્યારે તો ગણતરી બહારની છે, કારણ મારા શરીરની અવસ્થા જ હજુ એવી નથી કે તે લાંબી મુસાફરીઓનો શ્રમ વેઠી શકે. પણ વાઇકોમના સત્યાગ્રહની બાબતમાં મેં જે કંઈ કહ્યું છે તે સામાન્યપણે તારકેશ્વરની પરિસ્થિતિને પણ લાગુ પડે છે એમ કહેવામાં અડચણ નથી. મંદિરનો કબજો મેળવવાની બાબતમાં લગીરે શરીરબળ વપરાવું ન જોઈએ એટલું જ નહીં પણ તેવો દેખાવ સુધ્ધાં ન થવો જોઈએ. રેલવે કામગારોનું ટોળાબંધ ધસી જવું અને રેલવે લાઇનના પાટા ઉપર બેસી રહી ટ્રેનને જતી અટકાવવી વગેરે જે હકીકતો બહાર આવી છે (તે સાચી હોય તો) એ સત્યાગ્રહ ન જ થયો; એટલું જ નહીં પણ હળવામાં હળવું વિશેષણ વાપરીએ તોપણ હીણપતભર્યું કામ થયું એમ કહેવું જોઈએ. દુરાચરણી કહેવાતા મહંતના કબજામાંની માલમિલકત પણ આપણાથી આમ એક ધાએ અને જોરાવરી કરીને ન જ ખૂંચવી શકાય.

## હું મારી ઘોર ખોદી રહ્યો છું!

આવી ટીકા મહાસભાનું તંત્ર કઈ રીતે ચલાવવું એ બાબતમાં મેં મારા જે વિચારો ગયે અઠવાડિયે બહાર પાડ્યા છે[2] તેને વિષે કરવામાં આવી છે. મને એ ગમી. કારણ કે જેને ખાતર અને કેવળ જે એકલાને ખાતર જ હું જીવી રહ્યો છું તે સત્યની હું મારે હાથે ઘોર ખોદું તે કરતાં મારી પોતાની ઘોર ખોદી તેમાં સમાઈ જાઉં એમાં મને પરમાવધિનું સુખ છે. દક્ષિણ આફ્રિકામાં જેણે મને મદદ કરેલી એવા એક માનનીય અંગ્રેજ મિત્રે મને એક વાર કહેલું: “હું આવડી દિલોજાનીથી તમારો સાથ દઈ રહ્યો છું એનું રહસ્ય તમે જાણો છો? હું એટલા જ સારુ તમારી સાથે છું કે તમારી બહુમતી નથી ને તમે ખોબા જેટલા છો. કારણ હું માનું છું કે સત્ય હમેશાં અલ્પ સંખ્યાવાળા પક્ષ તરફ જ હોય છે. અને આપણે આવા નિકટના મિત્ર છીએ છતાં જો કોઈ દિવસ તમારો પક્ષ બહુમતીવાળો બને અને તે દિવસે તમે મને તમારો વિરોધ કરનારા પક્ષમાં ભાળો તો ચકિત ન થતા.” એ મિત્રનાં વચન મને ઘણી વાર યાદ આવ્યાં છે અને આ ક્ષણે તો વળી વિશેષ સચોટપણે યાદ આવે છે. અને હું વિચારું છું કે અત્યારે બહુમતી મારા તરફ છે એમ મનાતું હોવાથી હું અસત્યની બાજુ રજૂ કરતો હોઈશ એવો નિર્ણય મજકૂર મિત્ર બાંધે કે નહીં. પણ એ મિત્રનાં વચન વાસ્તવિક હોય કે ન હોય તોપણ હું તો આશા રાખીને જ બેઠો છું કે આવતી મહાસમિતિ જો મારી

૧. આ નોંધમાં આવતાં “તારકેશ્વરમાં સત્યાગ્રહ” અને “આચાર્ય ગિદવાણી” એ બે પેટામથાળાંવાળા ભાગનું ભાષાંતર નવજીવન, ૫-૬-૧૯૨૪ના વધારામાં અને “હું મારી ઘોર ખોદી રહ્યો છું”, “આર્યસમાજ-વિરોધી” અને “કાંતનાર કોને કહેવો?” એ પેટામથાળાંવાળા ભાગનું ભાષાંતર નવજીવન, ૮-૬-૧૯૨૪ના અંકમાંથી આપવામાં આવ્યું છે.

૨. જુઓ “મહાસભાનું તંત્ર”, ૨૯-૫-૧૯૨૪.

Gandhi Heritage Portal

જોડે સંમત ન થાય તો મને અલ્પમતમાં મૂકતાં લગીરે ન અચકાય. અને જો તેમ થાય તો મને ઉમેદ છે કે મારા ધર્મને હું બેવફા નથી નીવડચો એ હું બતાવી આપી શકીશ. હું મહાસમિતિને ખાતરી આપું છું કે ચડતી ભરતીએ જેટલા ઉમંગથી કામ કરતો તેમણે મને જોયો છે તેટલા જ ઉમંગપૂર્વક મારી હારના કાળમાં પણ હું કામ કરીશ. જો આપણે હિંદુસ્તાનની સેવા કરવા નીકળ્યા હોઈએ તો આપણે વ્યક્તિની ઉપરવટ થઈને પણ કાર્યનીતિને વળગ્યે છૂટકો છે — પછી તેવી વ્યક્તિઓ ચાહે તે હો. વ્યક્તિઓ તો ઉપર આવશે ને તળિયે જશે પણ એ બધાની ચડઊતરો વટીને કાર્યોએ આખરે તરવું રહ્યું છે.

## આર્યસમાજ વિરોધ

આગ્રાના આર્યસમાજ તરફથી મને નીચેનો તાર મળ્યો છે:

> આપે આર્યસમાજ, ઋષિ દયાનંદ, સ્વામી શ્રદ્ધાનંદજી, સત્યાર્થપ્રકાશ અને શુદ્ધિની પ્રવૃત્તિ સામે જે ટીકા પ્રગટ કરી છે[1] તેની સામે આગ્રા સખત વાંધો દર્શાવે છે અને વિશ્વાસ રાખે છે કે મજકૂર ટીકા આપે અજાણતાં તેમ જ આર્યસમાજના શિક્ષણથી અણવાકેફ રહીને કરી છે. અમારી માનપૂર્વક વિનંતી છે કે આ બાબત આપે આપના અભિપ્રાયો ફરી વાર વિચારવા અને આમાંથી જે ગેરસમજો ફેલાવાનો સંભવ છે તે દૂર કરવી.

ઉપલો તાર હું પ્રગટ કરું છું કારણ મારી ખાતરી છે કે આગ્રાનો સમાજ પુષ્કળ મોટા આર્યસમાજી લોકમતનો પડઘો કહી શકાય. જવાબમાં તો હું એટલું જ કહી શકું એમ છું કે આર્યસમાજ, ઋષિ દયાનંદ, સ્વામી શ્રદ્ધાનંદજી ઈત્યાદિ વિષે મેં જે લખ્યું છે તેનો એક શબ્દ પણ પૂરો વિચાર કર્યા વગર મેં લખ્યો નથી. ચૂપ રહેવું એ તો મારે સારુ સાવ સહેલી વાત હતી. પણ સત્યનો પંથ ખેડતાં જ્યારે એ વિષે બોલવાનો પ્રસંગ ઉપસ્થિત થયો ત્યારે ચૂપ રહું તો હું મારો ધર્મ ચૂકું. હિંદુમુસલમાન વચ્ચેનો હાલનો વિખવાદ એ ઘોર વસ્તુસ્થિતિ છે; આભાસ નથી. એને શમાવવો એમાં જ પ્રજાનો એકમાત્ર ઉગારો છે. આ કાર્ય સત્ય હકીકતથી મોં ફેરવ્યેથી અગર તે દબાવી દીધેથી ન જ થઈ શકે. આવે પ્રસંગે સત્યનું ઉચ્ચારણ — પછી તે કોઈને ગમે તેટલું કડવું લાગવા સંભવ હોય તોપણ — કર્યે જ છૂટકો.

પણ હું સર્વજ્ઞ હોવાનો દાવો નથી કરતો. હું એટલું જ કહું છું કે હજી સુધી મને એવી કશી સામગ્રી મળી નથી કે જેથી મેં દર્શાવેલા અભિપ્રાય હું બદલવા તૈયાર થાઉં. અજ્ઞાનથી કે અજાણપણે મેં લખ્યું એવો બચાવ મારાથી ન જ કરી શકાય. હું દાવો કરું છું કે મેં સત્યાર્થપ્રકાશ ગ્રંથ વાંચ્યો છે. શ્રદ્ધાનંદજીની જોડે ગાઢ પરિચય હોવાનું માન પણ હું ધરાવું છું. આ સ્થિતિમાં હું એટલું જ કહી શકું કે જે જે કંઈ મેં લખ્યું છે તે વિચારપૂર્વક જ લખ્યું છે. આમ છતાં જો કોઈ આર્યસમાજી મારી ખાતરી કરાવી આપશે કે કોઈ પણ ચોક્કસ વિગતમાં મારી ભૂલ થઈ છે તો હું ઘણી ખુશીથી મારી ભૂલ કબૂલ કરીશ, માફી માગીશ અને એવું ભૂલભરેલું કથન પાછું ખેંચી લઈશ.

## શિક્ષા કે સિરપાવ?

થૉરોએ કહ્યું છે કે આપખુદ સરકારના રાજ્યમાં સમૃદ્ધિ એ ગુનો છે અને ગરીબી એ સદ્‌ગુણ છે. બીજી રીતે કહીએ તો આવી સરકારની ખફામરજી ગમે ત્યારે વધાવી લેવી જોઈએ.

૧. નવજીવન, ૨૯–૫–૧૯૨૪ના વધારામાં આપેલા “હિંદુ-મુસલમાન”, એ લેખમાં ગાંધીજીએ દર્શાવેલા વિચારોનો અહીં નિર્દેશ છે.

Gandhi Heritage Portal

પણ એની મહેરબાનીથી સાવધ રહેવું જોઈએ. આ રીતે વિચારતાં મદ્રાસના સ્વરાજ્યને થયેલી શિક્ષા એણે બજાવેલી સાર્વજનિક સેવાઓનો સિરપાવ કહી શકાય. એટલે શ્રી પ્રકાશમ્‌ને[1] તો મારે ધન્યવાદ જ આપવા જોઈએ કે એમના પત્રને મદ્રાસ સરકારની કાળી યાદીમાં પ્રથમ સ્થાન મળ્યું છે. આ સિરપાવ માટે એ સરકારના હિંદી સભ્યો જવાબદાર છે એની મને નવાઈ લાગતી નથી. એવું કર્યા સિવાય એમને ચાલે એમ નહોતું. એમણે કાં તો સરકારને ટકાવી રાખવી જોઈએ કે પછી રાજીનામાં આપવાં જોઈએ. એ સરકાર દેશના ભલા માટે છે એમ તેઓ માને છે. અહિંસક અસહકારનો હેતુ આ ભ્રમણા ભાંગવાની પ્રક્રિયાને ઝડપી બનાવવાનો છે. એ પ્રક્રિયા ધીમી છે એનું કારણ એ છે કે અસહકારમાં આપણને માત્ર થોડે અંશે જ શ્રદ્ધા છે અને અહિંસામાં તો એથીયે ઓછી છે.

### મોજશોખ આપશે, સત્તા નહીં

બડોદાદા શાંતિનિકેતનથી આ પ્રમાણે લખે છે:

> આપણી તમામ શક્તિને રચનાત્મક કાર્યક્રમમાં કેન્દ્રિત કરવાનું આપ અમને પ્રોત્સાહન આપો છો તેનું કારણ માત્ર આ છે. આપનું કહેવું એમ છે કે જીવનની જરૂરિયાતો આપણા પોતાના જ હાથે પેદા કરીને તાકાત મેળવો. એક વાર આપણે કેવળ જીવતા રહેવા માટે જરૂરી પ્રાથમિક શક્તિ મેળવી લઈએ તો આરામથી જીવવા માટે જરૂરની વધારે શક્તિ આપણે ધીરે ધીરે પાછળથી મેળવી શકીશું. પરંતુ સરકાર મહેરબાનીની રાહે આપણને આપે તેટલું જ આપણે લઈશું તો આપણને બેશક કંઈક મળશે ખરું, પણ એનાથી આપણામાં શક્તિ નહીં આવે અને પરિણામે આપણે દિવસે દિવસે વધારે ને વધારે પાંગળા થતા જઈશું. કેમ કે જ્યાં સુધી સત્તા સરકાર પાસે રહેશે ત્યાં સુધી આપણે એની દયા પર જીવવું પડશે. સ્વાભાવિક છે કે સરકાર એનો પોતાનો સ્વાર્થ સંભાળશે અને આપણે આપણો પોતાનો સ્વાર્થ સંભાળીશું. પોતાને ફાવે તેમ કરવાની પોતાની સત્તાને નિરર્થક બનાવીને તે સત્તા સરકાર આપણને આપશે એવી અપેક્ષા રાખવી એ મૂર્ખાઈભર્યું છે. દેશનો મોટો લોકસમૂહ અન્ન અને વસ્ત્ર વિના ટળવળી રહ્યો છે ત્યારે એ આપણને મોજશોખનાં સાધનો આપવા તૈયાર છે. સંજોગો ફરજ નહીં પાડે ત્યાં સુધી એ પોતાની સહેજ પણ સત્તા છોડશે નહીં. એ સત્તા હિંદના લોકસમૂહના સાચા કલ્યાણ અર્થે નહીં પરંતુ મુખ્યત્વે કરીને એના પોતાના સ્વાર્થ માટે જ વપરાય છે.

શું એ વાત સોએ સો ટકા સાચી નથી કે શહેરના લોકો પોતાનાં મોજશોખનાં સાધનો ગરીબોને ભોગે ખરીદે છે, જ્યારે બધી સત્તા લોકો પ્રત્યે જે બિલકુલ બેજવાબદાર અને બેપરવા છે એવી સરકારના હાથમાં છે?

### રેંટિયો વહારે આવ્યો

બાબુ ભૂપેન્દ્રનારાયણ સેનનો નીચેનો પત્ર વાચકને જરૂર ગમશે:

> દુઆદોંડા એ હુગલી જિલ્લાના આરામબાગ વિભાગમાં આવેલું એક ગામ છે અને રાજા રામમોહન રૉયના[2] જન્મસ્થાન રાધાનગરથી પશ્ચિમમાં લગભગ ૭ માઈલ દૂર

૧. ટી. પ્રકાશમ્ (૧૮૭૯–૧૯૫૫); આંધ્રના કૉંગ્રેસી નેતા. સંયુક્ત મદ્રાસ રાજ્યના પહેલા મુખ્ય મંત્રી.

૨. ૧૭૭૪–૧૮૩૩; વિદ્વાન, સમાજસુધારક અને બ્રહ્મોસમાજના સ્થાપક; સતી થવાનો રિવાજ નાબૂદ કરવા તેમણે શ્રમ ઉઠાવેલો.

Gandhi Heritage Portal

છે. ૧૯૨૨ના જૂન માસમાં દારકેશ્વર નદીમાં ભારે પૂર આવ્યું એટલે મારા મિત્ર શ્રીયુત પ્રફુલ્લચંદ્ર સેનને હુગલી જિલ્લા કોંગ્રેસ સમિતિએ એ પૂરગ્રસ્ત વિસ્તારમાં રાહતકાર્ય માટે મોકલ્યા. આવા પૂર પછી સામાન્ય રીતે દુકાળ પડતો હોય છે. તેનાથી બચવા પ્રફુલ્લે રેંટિયા વહેંચવાની વાત કરી ત્યારે પૂરરાહત સમિતિએ એમને હસી કાઢયા. એથી નાસી-પાસ ન થતાં મારા મિત્રે કહ્યું કે તમે જોજો કે હુગલી જેવા પછાત અસહકારી જિલ્લામાં પણ હું રેંટિયાને સફળ બનાવીશ. માત્ર ત્રણ સાથીઓ સાથે રાખીને, રૂનો એક થેલો, થોડા રેંટિયા અને બીજાં સાધનો લઈને એમણે ગામમાં ઘેર ઘેર ફરવા માંડયું. જુવાનિયાઓ એને જોઈને હસ્યા, અને મોટેરાઓ ડહાપણ વાપરી માથાં ધુણાવી બોલ્યા કે એક વખત એવો હતો જ્યારે રેંટિયાનું સંગીતમય ગુંજન ગ્રામજીવનનું એક ખાસ લક્ષણ હતું. આખરે તેઓ એક ડઝન રેંટિયા દાખલ કરવામાં સફળ થયા અને કાંતનારાંને રૂ અને રોજી નિયમિત રીતે પૂરી પાડવા લાગ્યા. કાંતનારાં તેમનાં પોતાનાં કપડાં વણવા માટે પૂરતું સૂતર સંઘરી શકે તે હેતુથી પ્રફુલ્લ એમને રોજીને બદલે રૂ આપતા. કાંતનાર પાંચ તોલા સૂતર આપે તેના બદલામાં તેઓ ૧૦ તોલા રૂ આપતા અને પૈસાની જરૂરવાળાને કાંતેલા એક તોલા સૂતરની ૩ પાઈ લેખે કાંતવાની મજૂરી આપતા. પીંજવાનું કામ કાંતનાર જાતે કરી લેતા. ઉપર જણાવેલાં બાર કાંતનારાંના ખંતપૂર્વકના એકધારા કાંતણકામે જુવાન અને ઘરડા સૌનું ધ્યાન ખેંચ્યું. જે લોકો રેંટિયાની ઠેકડી ઉડાવતા હતા તેમને જાતે કાંતેલ સૂતરમાંથી કાંતનારાઓએ વણેલી સુંદર સાડીઓ જોઈ હવે નવાઈ લાગી અને આવી રોજી કમાતી કાંતનારીઓની અદેખાઈ થવા લાગી. એમણે હવે મારા મિત્ર પાસે રેંટિયાની માગણી કરવા માંડી, અને ખાતરી આપી કે પોતે એ રેંટિયા નિયમિત ચલાવશે. સંખ્યા વધતી ગઈ, ત્રણચાર મહિનામાં કાંતનારીઓની સંખ્યા સો સુધી પહોંચી ગઈ અને એ બધા રેંટિયા ચાલતા રાખવામાં મારા મિત્રની કાર્યશક્તિની આકરી કસોટી થઈ અને અમારી સંસ્થાનું કેન્દ્રીય કાર્યાલય આ રીતે સ્થપાયું. આ રેંટિયાસંસ્કૃતિને સજીવન કરવામાં મુસલમાન મહિલાઓ મોખરે હતી અને એમની હિંદુ બહેનો પણ એમને પગલે ચાલી રહી છે. કાંતનારની સંખ્યા અત્યારે બસો કરતાં પણ વધારે છે.

હું પોતે આ ખાદીકાર્યક્રમમાં એટલે કે ગ્રામસેવાના કાર્યમાં કેવી રીતે જોડાયો તે જાણવું આપને જરા રસપ્રદ થઈ પડશે. હું કલકત્તામાં જોરાબાગાન કોંગ્રેસ સમિતિમાં મંત્રી તરીકે કામ કરતો હતો. મારા મિત્ર પ્રફુલ્લના આમંત્રણથી તેનું કામ કેમ ચાલે છે તે જોવા હું અહીં આવ્યો અને આપણા રાષ્ટ્રીય જીવનનું નિર્માણ કરવામાં રેંટિયો કેટલો કામિયાબ નીવડે એમ છે તેની મને માત્ર અહીં જ ખાતરી થઈ. મેં જોયું કે વહેલી સવારથી સાંજ સુધી ઘરડા તેમ જ જુવાન લોકો બદલામાં બમણી પૂણીઓ મેળવવા કે વણકરના પૈસા ચૂકવવા માટે વેચાતું સૂતર આપવા આવતા. તમામ ઘરડી કાંતનારી-ઓએ જાતે કાંતેલા સૂતરમાંથી વણેલી ખાદીની સાડીઓ પહેરી હતી. ભૂખથી ચીમળાઈ ગયેલા એમના ચહેરા પર હવે આનંદના ચમકારા થતા હતા. મેં તેમની સાથે વાતો કરવા માંડી તો જાણવા મળ્યું કે મારા મિત્રના કાર્યે એમનાં ઘરોમાંથી ભૂખમરાને હાંકી કાઢયો હતો. જે સ્ત્રીઓ પેટનો ખાડો પૂરવા ભીખ માગતી તે આજે સારી સ્થિતિમાં હતી. તેઓ હવે અંદર અંદર ઝઘડતી નહોતી, કેમ કે પીંજવામાંથી અને કાંતવામાંથી હવે

Gandhi Heritage Portal

એમને નવરાશ જ મળતી નહોતી. કુટુંબની આવકમાં તેઓ સારોસરખો ફાળો આપતી હોવાથી એમના પતિ હવે એમને કનડી શકતા નહોતા. અને આખરે, એમની ઇજ્જત સચવાઈ હતી એ નાનીસૂની વાત નહોતી. આ બધું હું જાણી શક્યો તેનું કારણ એ હતું કે હું એક ખાદીકાર્યકર છું એવું એમને કહેવામાં આવ્યું હતું. એવું કહેવામાં ન આવ્યું હોત તો દુનિયાની કોઈ ચીજ આ પડદાનશીન મહિલાઓને એક અજાણ્યા માણસ સાથે આટલી નિકટતાથી વાત કરવા લલચાવી શકી ન હોત. સૂર્યાસ્ત થવાના અરસામાં ગામનો પુરુષવર્ગ અમારા કેન્દ્ર ઉપર આવવા લાગ્યો. પછી તો મારા મિત્રની અનેક પ્રકારની વાતો સાંભળવા તેઓ રોજ આવતા. આ બધા અમારા કાર્ય પ્રત્યે ઊંડામાં ઊંડી હમદર્દી દાખવતા અને આતુર બનીને આજીજીપૂર્વક વિનંતી કરતા કે આ કામ કાયમને માટે ચાલુ રાખવામાં આવે. આજ સાંજના લોકોના મેળાએ મને આપના એક સુંદર વાક્યનું એકદમ સ્મરણ કરાવ્યું : "લોકો સાથે વધુ સહકાર સાધવા માટે સરકાર સાથેનો અસહકાર". અને મને લાગ્યું કે સહકાર સાધવાનો આ સાચામાં સાચો માર્ગ છે. સરવાળે, આ ગરીબ ભોળા લોકોની સેવા કરવાની લાલચ હું રોકી શક્યો નહીં. શહેરમાંનું મારું કૉંગ્રેસનું કામ છોડી દઈને હું અહીં આવી ગયો. ગ્રામજીવનથી અમે જેમ જેમ વધારે પરિચિત થતા જઈએ છીએ તેમ તેમ બારડોલી કાર્યક્રમની યથાર્થતાની અમને વધારે ને વધારે ખાતરી થતી જાય છે. અને હવે અમે એમ માનીએ છીએ કે અમારી બાકીની જિંદગીમાં જો અમે માત્ર આ કાર્યક્રમ જ પાર પાડી શકીશું તો અમારે બીજા કશાની જરૂર પડશે નહીં.

ખાદીકામ સાથે રાષ્ટ્રીય શિક્ષણ, લવાદી અને સામાજિક સેવાની શરૂઆત થઈ છે. હવે અમે એક સ્વતંત્ર પ્રચારખાતું શરૂ કર્યું છે તે *કૉંગ્રેસ સંવાદ* નામનું લિથો સાપ્તાહિક પ્રગટ કરે છે; એમાં અહિંસક અસહકાર, ખાદી, અસ્પૃશ્યતા વગેરેની સમજ આપવામાં આવે છે. આ સંસ્થાને અમે "સત્યાગ્રહ સંઘ" એવું નામ આપ્યું છે. આ સંઘ નીચેની પ્રવૃત્તિઓ ચલાવે છે.

૧. દુઆદાંડામાં એક કાંતણકેન્દ્ર.

૨. દુઆદાંડાથી સાત માઈલ ઉત્તરે આવેલ બરાડાંગલમાં એક વણાટકેન્દ્ર.

૩. દુઆદાંડાથી ૪ માઈલ દક્ષિણે બંદરગામમાં એક રાષ્ટ્રીય શાળા. અમને મુખ્યત્વે નીચે જણાવેલી સંસ્થાઓ તરફથી મદદ મળી છે :

| | | |
|---|---|---|
| પૂરરાહત સમિતિ, હુગલી | રૂ. | ૩૦૦/- |
| બંગાળ પ્રાંતિક કૉંગ્રેસ સ્વદેશી બોર્ડ | રૂ. | ૫૦૦/- |
| જોરાબાગાન કૉંગ્રેસ રેલ ટ્રસ્ટ ફંડ | રૂ. | ૧,૫૦૦/- |

અમારી અસ્કામતો આ પ્રમાણે છે :

| | | |
|---|---|---|
| (અ) સૂતર, ખાદી માટે રૂ, કપાસિયા | રૂ. | ૧,૨૦૦/- |
| (બ) વણકરો પાસેની સાળો | રૂ. | ૨૦૦/- |
| (ક) વહેંચવામાં આવેલા રેંટિયા | રૂ. | ૩૫૦/- |

થોડા દિવસ પહેલાં ઍલ્યુમિનિયમના વેપારી શ્રીયુત જીવણલાલના ભાઈ શ્રીયુત હરખચંદ મોતીચંદ અમારી રાષ્ટ્રીય શાળા તથા કાંતણકેન્દ્ર જોવા આવ્યા હતા. અમારા કામ

Gandhi Heritage Portal

પ્રત્યે એમણે સંતોષ વ્યક્ત કર્યો હતો અને બંદરમાં જ્યાં રાષ્ટ્રીય શાળા છે તે જમીન ખરીદવા રૂ. ૨૦૦/- તથા અમારો "આશ્રમ" બાંધવા રૂ. ૧૦૦/ની મદદ અમને આપી. હાલમાં અમે કલકત્તા હાઈકોર્ટમાં વકીલાત કરતા બૅરિસ્ટર શ્રી જે. સી. હાઝરાના બંગલામાં રહીએ છીએ. શ્રી હાઝરા ગયા ઈસ્ટરના તહેવારોમાં અહીં આવ્યા હતા. એમણે સ્વીકાર્યું હતું કે બારડોલી કાર્યક્રમ આપણા દેશ માટેનો એકમાત્ર કાર્યક્રમ છે.

એક નાની સંસ્થા શું કરી શકે છે અને રેંટિયાને કુશળ રીતે લોકો પાસે રજૂ કરવામાં આવે તો તેઓ તેને કેટલી સહેલાઈથી અપનાવી લે છે, એ આ પત્ર આપણને બતાવે છે. જે લોકોને પેટને ખાતર ભીખ માગવી પડે છે તેમને રેંટિયો સ્વમાની કારીગરો બનાવશે અને બીજું કોઈ સાધન કરી ન શકે એ રીતે ભણેલા, અભણ, ગરીબ, તવંગર સૌને એક તાંતણે બાંધી દેશે.

## "બ્રહ્મચર્ય" અથવા આત્મસંયમ

મેં ૨૫, ૧૯૨૪ના નવજીવનમાં આ નાજુક વિષય પર મેં લખેલા એક લેખનું[1] મહાદેવ દેસાઈએ કરેલું (અંગ્રેજી) ભાષાંતર અહીં આપ્યું છે. હિંદુસ્તાનના બીજા પ્રદેશોમાંથી આ જ વિષય ઉપર લખેલા ઘણા પત્રો મારી પાસે પડેલા હોવાથી આ ભાષાંતર હું યંગ ઇન્ડિયામાં ખુશીથી પ્રગટ કરું છું. પવિત્ર જીવન જીવવા માટે ખરા દિલથી પ્રયત્ન કરી રહેલા લોકોને આ લેખમાં એકઠા કરેલા છૂટાછવાયા વિચારો કાંઈક અંશે મદદગાર નીવડવા સંભવ છે. મને પ્રશ્નો પૂછનારાઓ બધા હિંદુઓ હોવાથી આ લેખ સ્વાભાવિક રીતે એમને ઉદ્દેશીને લખાયો છે. એનો છેલ્લો ફકરો સૌથી મહત્ત્વનો અને આચરણમાં મૂકવા જેવો છે. ઈશ્વર અને અલ્લા શબ્દોનો અર્થ એક જ થાય છે. ખ્યાલ એવો છે કે આપણને આપણા પોતાના હૃદયમાં ઈશ્વરની હાજરીનો અનુભવ થવો જોઈએ. બધાં પાપો ખાનગીમાં થતાં હોય છે. જે ક્ષણે આપણને ખાતરી થશે કે ઈશ્વર આપણા વિચારો સુધ્ધાંનો સાક્ષી હોય છે તે જ ક્ષણે આપણે બંધનમુક્ત થઈ જઈશું.

## આચાર્ય ગિદવાણી

પંડિત જવાહરલાલ નેહરુએ નાભાના ઍડમિનિસ્ટ્રેટર ઉપર નીચેનો કાગળ મોકલી આપ્યો છે:

હમણાં જ તા. ૨૨મી મેના યંગ ઇન્ડિયા પત્રમાં શ્રી ગિદવાણીની કેદને લગતો તમે ગાંધીજી ઉપર લખેલો કાગળ મારા વાંચવામાં આવ્યો છે.[2] એ કાગળમાં તમે જણાવ્યું છે કે આચાર્ય ગિદવાણી, પં. સંતાનમ્ તેમ જ મને કરવામાં આવેલી કેદની સજાઓ એ શરતે મોકૂફ કરવામાં આવી હતી કે અમારે તુરતાતુરત રાજની હદમાંથી ચાલ્યા જવું અને પરવાનગી સિવાય ફરી પાછા આવવું નહીં.

આ કિસ્સાને વિષેની મારી પોતાની યાદદાસ્ત તો આનાથી તદ્દન જુદા પ્રકારની છે. મારી માન્યતા તો એમ જ થયેલી અને હજુ કાયમ છે કે અમારી સજાઓ કશી શરત વગર મોકૂફ કરવામાં આવેલી. જ્યાં સુધી મને સ્મરણ છે ત્યાં સુધી તો ક્રિમિનલ પ્રોસીજર કાયદાની કલમ ૪૦૭ની રૂએ સજાની મોકૂફીના હુકમમાં અગર તો આ હુકમવાળા

૧. આ લેખ અહીં ઉતાર્યો નથી. મૂળ પાઠ માટે જુઓ પા. ૧૦૯-૧૧૧.
૨. જુઓ "નોંધ", ૨૨-૫-૧૯૨૪.

Gandhi Heritage Portal

કાગળના કકડા ઉપર કોઈ પણ જાતની શરતનો ઉલ્લેખ નહોતો, તેમ નાભા રાજ્યમાં વગર પરવાનગીએ અથવા પરવાનગી સાથે ફરી પાછા આવવા બાબત પણ કશો ઉલ્લેખ નહોતો, સિવાય જેલ સુપરિન્ટેન્ડેન્ટ જોડે અમારે વાત થઈ તેમાં પણ આ વાતની વિશેષ ચોખવટ થઈ હતી અને પોલીસખાતાનો વડો પણ ત્યાં હાજર હતો. પાછળથી બીજા એક હુકમની અમને ખબર કરવામાં આવી હતી. આ હુકમને "કારોબારી હુકમ" તરીકે ઓળખવામાં આવ્યો હતો. આ એક બીજો કાગળનો કકડો હતો, જેમાં અમને રાજની હદ છોડી ચાલ્યા જવાનું અને પરવાનગી મેળવ્યા સિવાય ફરી પાછા ન આવવાનું જણાવવામાં આવ્યું હતું. આ બીજા કાગળમાં અમને થયેલ સજાનો અગર તો તે મોકૂફ કરવામાં આવ્યાનો કશો જ ઉલ્લેખ ન હતો. મેં મજકૂર હુકમોની નકલો મને મળવી જોઈએ એવી માગણી કરી, પણ તે કબૂલ રાખવામાં આવી નહીં. મેં જાતે નકલ ઉતારી લેવાની તૈયારી બતાવી, પણ તેમ સુધ્ધાં મને કરવા દેવામાં આવ્યું નહીં! મને એમ કહેવામાં આવ્યું કે તેવી નકલો આપવાની બાબતમાં તમે ખાસ મનાઈ કરી હતી. મજકૂર સજા મોકૂફીના હુકમની બાબતમાં મેં ઉપર લખી હકીકત બરાબર છે કે કેમ એ કૃપા કરીને જણાવશો તો સારું. વળી ઉપલા મોકૂફી-હુકમની તેમ જ "કારોબારી હુકમ"ની નકલો જો મને મોકલી આપશો તો હું આપનો આભારી થઈશ. હું ધારું છું કે તમે કબૂલ કરશો કે આ નકલો મને ન્યાયને ખાતર પણ મળવી જ જોઈએ કે જેથી હું ક્યાં છું તેની મનેય ખબર પડે.

પંડિત જવાહરલાલનો ઉપલો કાગળ બતાવી આપે છે કે, આચાર્ય ગિદવાણીની જૂની સજા જીવતી કરવામાં કશો મુદ્દો નથી. અને એ રીતે કાયદાના અક્ષરની રૂએ નહીં તો સામાન્ય ન્યાયદૃષ્ટિએ પણ ખામુખા જેલ આપવામાં આવી છે. ઉપલા ત્રણે દેશભક્તોને પોતાના છુટકારાની શરતો જોવાનો સંપૂર્ણ હક હતો.

હું અગાઉ લખી ચૂક્યો છું કે આ વખતે આચાર્ય ગિદવાણી કંઈ નાભા રાજ્યની સામે થવાના હેતુસર રાજમાં દાખલ થયા નહોતા. તેઓ તો દયાધર્મને ખાતર દાખલ થયા હતા. હવે નાભાના ઍડમિનિસ્ટ્રેટર પંડિત જવાહરલાલને શો જવાબ આપે છે તે જોવું રહ્યું છે.

### વૈભવવિલાસ અને આળસ

ખાદીના પ્રચારમાં નડી રહેલી મુશ્કેલીઓ વિષે એક ગૃહસ્થે મને લાંબો પત્ર લખ્યો છે. એમાંથી ખપ પૂરતા ભાગો હું નીચે આપું છું :

અમારા પ્રાંતમાં કાંતણકામ ઘણું થાય છે. અમારાં ગામડામાં એકેએક સ્ત્રી કાંતતી થઈ છે. એમ કહેવામાં અતિશયોક્તિ નથી. નાની નાની છોકરીઓને પણ કાંતણકળા આવડે છે અને તેઓ કાંતે પણ છે. આ પ્રાંતમાં વણકરો મોટી સંખ્યામાં છે. આ પ્રાંતમાં ખાદી ઘણા મોટા જથ્થામાં તૈયાર થઈ શકે તેમ છે. ખાદીના ઉત્પાદન માટે જ્યારે હું આ વિશાળ ક્ષેત્ર જોઉં છું ત્યારે મને લાગે છે કે મારે કામ કરવું જોઈએ અને તે પણ સખત કરવું જોઈએ. પણ હું આપણી કૉંગ્રેસ સમિતિના ખાદીભંડારો પર જાઉં છું ત્યારે જોઉં છું કે આપણું કાપડ ખરીદનારા લોકો બહુ થોડા હોય છે. જે લોકોએ ખાદી પહેરવા માંડી હતી તેઓ હવે મિલના સૂતરનું કાપડ વાપરવા લાગ્યા છે અને કેટલાક તો પરદેશી કાપડ પણ વાપરે છે.

Gandhi Heritage Portal

કૉંગ્રેસે લોકોની ભાવના જાગ્રત કરી, લોકોએ પરદેશી કાપડનો ત્યાગ કર્યો, કેટલાકે એને બાળી પણ દીધું. એમણે ખાદી અપનાવી. પણ ખાદીની મૂળ ખામીઓનો એમને અનુભવ થયો. પરિણામ એ આવ્યું છે કે હવે એમને ખાદી પહેરવી ગમતી નથી. આ ખામીઓ નીચે પ્રમાણે છે:

૧. ખાદી વજનમાં ઘણી ભારે હોય છે. સ્ત્રીઓથી એ વજન સહન થતું નથી.
૨. વજનને કારણે ખાદી સહેલાઈથી ધોઈ શકાતી નથી.
૩. ખાદી બાળકો માટેનું કપડું નથી, કેમ કે બાળકોનાં કપડાં વારંવાર ધોવાં પડે છે અને ખાદીનાં કપડાં વારંવાર ધોવાનું ઘણું મુશ્કેલ હોય છે.
૪. ખાદીમાં વિવિધતા નથી અને એને પાકા રંગો ચડાવી શકાતા નથી.
૫. એમાં ધૂળ ભરાય છે.
૬. મિલના કાપડ કરતાં ખાદી મોંઘી હોય છે. હાથેકાંતેલું સૂતર અમે એક રૂપિયે એક રતલને ભાવે ખરીદીએ છીએ, જ્યારે અમૃતસરમાં દેશી મિલોનું કાપડ એ જ કિંમતે એટલે એક રૂપિયે એક રતલના ભાવે વેચાય છે.

પૈસાદાર લોકોને આ કપડું પહેરવું ગમતું નથી, કારણ કે એનાથી એમના શોખ પૂરા પડતા નથી, જ્યારે એની કિંમત, એની ધોલાઈ અને બીજા ખરચને કારણે ગરીબ લોકોને એ પહેરવું પોસાતું નથી.

ગામડાંનો ખેડૂતવર્ગ જ એ વાપરે છે. રૂ એમનાં ખેતરોમાં પાકે છે. કપાસ લોઢવાનું અને રૂ કાંતવાનું કામ એમની ઓરતો કરે છે. પીંજવા અને વણવા પાછળ એમને ખર્ચ કરવું પડે છે પણ એ ખર્ચ બહુ હોતું નથી, કેમ કે ગામડાંમાં મજૂરી ઘણી સસ્તી હોય છે. એમને માટે ખાદી એક આડપેદાશ હોય છે. એ વાપરીને તેઓ થોડા પૈસા બચાવે છે, જે એમને શહેરના લોકોની માફક સહેલાઈથી મળતા નથી.

લેખક ખાદીપ્રવૃત્તિ સાથે સંકળાયેલા છે અને એમાં શ્રદ્ધા ધરાવે છે તેમ છતાં એટલું સ્પષ્ટ છે કે એમણે વૈભવવિલાસ અને આળસની તરફેણ કરતી દલીલ કરી છે. જ્યાં આ બે દુર્ગુણોનું સામ્રાજ્ય વ્યાપેલું હોય ત્યાં ખાદીપ્રચાર સફળ ન જ થાય. જો આપણે સ્વરાજ્ય જોઈતું હોય તો આપણે મહેનત કરવા અને કંઈ નહીં તો થોડા સમય માટે મોજશોખો છોડી દેવા તૈયાર થવું જોઈએ. જે સૈનિક સગવડોને તિલાંજલિ આપવા ખુશી ન હોય તે લડાઈ લડી શકે નહીં. હિંદુસ્તાન જો સુંવાળું ને સસ્તું મિલકાપડ છોડીને ખરબચડી ખાદી ન પહેરી શકે તો એને સ્વરાજ્ય નથી જ મળવાનું. તમામ મિલકાપડને હઠાવી દેવામાં પંજાબ શ્રેષ્ઠ પ્રાંત છે. પરંતુ પંજાબીઓ જ મુશ્કેલીઓનાં રોદણાં રડે છે એ બતાવે છે કે આપણું કેવું પતન થયું છે. પંજાબીઓને જો ઝીણું કાપડ જોઈતું હોય તો એનો ઉપાય મિલકાપડ ખરીદવું એ નથી, પણ પંજાબી બહેનો આંધ્રની બહેનો કાંતે છે એવું જ ઝીણું સૂતર કાંતે એ છે. આંધ્રની પદ્ધતિએ કાંતવાથી જેવું જોઈએ તેવું પાતળું ને સુંવાળું કાપડ બનાવી શકાય છે, તેમ એ કામ પાર પાડવું મુશ્કેલ પણ નથી. જો આપણને પાતળી રોટલી જોઈતી હોય તો આપણે પોતે જ તેને પાતળી વણવી જોઈએ, એને શોધવા બીજે ક્યાંય ન જવું જોઈએ. એવી જ રીતે આપણને ઝીણું કાપડ જોઈતું હોય તો પાતળું સૂતર આપણે જાતે જ કાંતવું જોઈએ. જો સ્ત્રીઓ એટલી બધી આળસુ હોય કે એમનાથી બારીક સૂતર ન કાંતી શકાય તો પછી ખાદીના વજન સામે બબડાટ કરવાનો એમને કશો અધિકાર નથી. બાળકોને જો આપણે દેખાવ

Gandhi Heritage Portal

ખાતર નહીં પણ રક્ષણ ખાતર કપડાં પહેરાવતા હોઈએ, તો ખાદી બાળકો માટે સારામાં સારું કાપડ છે. ખાદીમાં મિલકાપડ જેટલી જ વિવિધતા લાવી શકાય તેમ છે. પણ તેને માટે તો આપણા બાપદાદાઓની અસલી આવડત નવેસરથી ખીલવવી પડશે. આજે મિલકાપડ કરતાં ખાદી મોંઘી છે તેનું કારણ એ છે કે આ રાષ્ટ્રીય ગ્રામોદ્યોગને આપણે હજી સંગીન પાયા પર મૂક્યો નથી. પણ જો આપણે સ્વતંત્ર થવું હોય તો કિંમત સામે આપણે ન જોવું જોઈએ. ખાદી પહેરનાર સેંકડો લોકોનો અનુભવ એવો છે કે એને લીધે એમની રુચિમાં સાદાઈ આવી હોવાથી તથા અગાઉ કરતાં એકંદર કાપડ ઘણું ઓછું વપરાતું હોવાથી, ખાદી વારની ગણતરીએ મોંઘી હોવા છતાં વાપરવામાં સસ્તી પડે છે એમાં શંકા નથી. ગરીબ લોકોને ખાદી મોંઘી ન પડવી જોઈએ, કેમ કે તેઓ જાતે કપાસ ઉગાડી શકે, લોઢી શકે, પીંજી શકે, કાંતી શકે અને વણી પણ શકે. ઝીણવટથી તપાસીએ તો આ દલીલનો જવાબ એ છે કે પંજાબી બહેનોમાં સતત પ્રચાર કરતા રહેવું અને એમને કહેવું કે ૨૦થી ઓછા આંકનું સૂતર તમે કાંતશો નહીં. કુશળ કાંતનાર પોતાની ત્રાકો એવી રીતે ગોઠવી શકે કે વધારેપડતી મહેનત કર્યા વિના કે સમય ખર્ચ્યા વિના તેઓ ઊંચા આંકનું સૂતર કાંતી શકે.

### કાંતનાર કોને કહેવો?

કાંતનાર એ કે જે એકધારું, ગાંઠો વિનાનું એવું વળદાર સૂતર કાંતી શકે કે જે હરકોઈ વણકર સહેલાઈથી વણી શકે. જેમ રોટલીનું તેવું જ સૂતરનું. રોટલી કરતાં તેને જ આવડયું કહેવાય કે જે એવી રોટલી પકાવી શકે કે તે ખાઈ શકાય ને પચી જાય. વળી જેમ રોટલી પકાવનારને લોટ ગૂંદતાં, રોટલી વણતાં ને લોટ ઓળખતાં આવડવું જોઈએ તેમ કાંતનારને પીંજતાં, પૂણી કરતાં ને કપાસ ઓળખતાં આવડવું જોઈએ. પીંજે એક, પૂણી બીજો કરે ને ત્રીજો કાંતે તેમાં કંઈ ત્રીજો કાંતનાર ન બન્યો. કાંતનારને માગ્યા આંકનું સૂતર કાંતતાં આવડવું જોઈએ.

છેલ્લું, કાંતનારનો પોતાના હથિયાર ઉપર કાબૂ હોવો જોઈએ. જો તેને ઠરડાયેલી ત્રાક ઠીક કરતાં ન આવડે, સાડી ચડાવતાં ન આવડે, માળ બનાવતાં ન આવડે, રેંટિયો કે પીંજણ બગડે તો તે સમારતાં ન આવડે, તો એવો કાંતનાર પણ કાંતનારમાં ન ખપે. જે પોતાનો અસ્રો સજી ન શકે તે હજામ નહીં; જે પોતાનાં ઓજાર સમાં ન કરી શકે તે સુથાર નહીં, તેમ જ જે ઉપર જણાવેલું સમારકામ ન કરી શકે તે કાંતનાર નહીં. આ બધી ક્રિયાઓથી કોઈએ ભડકી જવાની જરૂર નથી. એ બધું શીખવું સહેલું છે ને થોડી મુદતમાં શીખી શકાય એમ છે.[1]

શ્રદ્ધાળુને બધું સાંપડે ને બધું સહેલું લાગે. અશ્રદ્ધાળુને બધું મુશ્કેલ લાગે. કાંતતાં શીખવું એટલે આળસુ મટી ઉદ્યોગી થવું; કહેવું છોડી કરવું. સ્વરાજ ભાષણોથી નહીં જ મળે, કેવળ કાર્યથી જ મળશે. પ્રજા સમસ્ત કરી શકે એવું કાર્ય આ રેંટિયો જ છે. રેંટિયો ટળ્યો ને હિંદુસ્તાન પરાધીન થયું, રાંક થયું. રેંટિયાના ઉદ્ધારમાં હિંદુસ્તાનનો ઉદ્ધાર છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ५–६–१९२४

ભાષાંતર: નવજીવન, ૮–૬–૧૯૨૪

૧. અહીં ઉમેરેલો પેરેગ્રાફ યંગ ઇન્ડિયામાં નથી.

Gandhi Heritage Portal

## ૯૬. એકતાના ઇલાજ

હિંદુસ્તાનના દરેક પૂજારી અને સેવકોને સારુ પ્રગટ થઈ પડેલા હિંદુમુસ્લિમ એકતાના મહાપ્રશ્ન વિષે ગયે અઠવાડિયે મેં પ્રગટ કરેલા લાંબા નિવેદનનો[1] સાર ખેંચી તેનો નિચોડ હું આજે ફરી એક વાર વાંચનાર આગળ મૂકવા ઇચ્છું છું. કારણ બંને કોમો જે કંઈ રીતે આ પ્રશ્નનો ઉકેલ આણશે તે ઉપરથી જ ભાવિ પ્રજા બંને ધર્મોની આંકણી કરશે. શું હિંદુ ધર્મનો કે શું ઇસ્લામનો મહિમા સિદ્ધાંતરૂપે ચાહે તેવડો હોય પણ આખરે તો એના સામર્થ્યનું માપ એના અનુયાયીઓ ઉપર સામુદાયિક ભાવે એની કેવી કેવી અને કેટકેટલી અસર થઈ શકે છે એ એક જ વાત ઉપરથી નીકળી શકે.

તેથી આપણે મારા નિવેદનનો નીચે મુજબ સાર ખેંચીએ.

**કારણો**

૧. મોપલાનું બંડ. ચાલુ વિખવાદનું આ એક દૂરનું કારણ ગણાય.

૨. પંજાબમાં મુસલમાનોની સંખ્યાની દૃષ્ટિએ તેમને કેળવણી ખાતાની સરકારી જગાઓ આપવામાં આવે એવી ઢબે એ જગાઓની નવેસર ગોઠવણી કરવા જનાબ ફઝલ હુસેને કરેલી કોશિશ અને તેને પરિણામે હિંદુઓ તરફથી તેનો થયેલો વિરોધ.

૩. શુદ્ધિની પ્રવૃત્તિ.

૪. સૌથી જબરું કારણ અહિંસા પ્રત્યે લોકોને આવી ગયેલો અભાવ. તેમ જ કોમોને લાંબો વખત અહિંસા ધર્મનું જ પાલન કરવા કહ્યાથી રખેને તેઓ ઘા સામો ઘા વાળવાનો અને આત્મરક્ષા કરવાનો નિયમ જ ભૂલી જાય એવી બીક.

૫. મુસલમાનો તરફથી થતો ગોવધ અને હિંદુઓ તરફથી મસ્જિદો આગળ વગાડવામાં આવતાં વાજાં.

૬. હિંદુઓમાં ઘર કરી બેઠેલી નામર્દાઈ અને પરિણામે તેમના દિલમાં વસતો મુસલમાન પ્રત્યેનો અણવિશ્વાસ.

૭. મુસલમાનમાં રહેલી લાંઠવૃત્તિ અથવા ગુંડાપણું.

૮. હિંદુઓના શુદ્ધ હેતુ વિષે મુસલમાનોનો અણવિશ્વાસ.

**ઉપાય**

૧. આજની સ્થિતિનો ઉકેલ કરવાની ગુરુકૂંચી એ છે કે તલવારના ન્યાયની જગ્યાએ ઘરમેળે સમાધાનીનો ન્યાય સ્વીકારવો.

પ્રામાણિક લોકમત એવી રીતે કેળવવો જોઈએ કે તકરારી પક્ષથી કાયદો પોતાના હાથમાં લેવાનું બની જ ન શકે અને એવો દરેક કજિયો ખાનગી લવાદ આગળ જ ફડચાને સારુ જાય અગર તો તકરારી પક્ષ અસહકારને ન માનતા હોય અને સરકારી અદાલતમાં જવા માગતા હોય તો છેવટ ભલે કોરટ જાય.

૧. જુઓ "હિંદુમુસલમાન", નવજીવનનો વધારો, ૨૯-૫-૧૯૨૪.

Gandhi Heritage Portal

૨. ઘાની સામો ઘા વાળવો છોડીને અહિંસાધર્મનો અંગીકાર કરવાથી નામર્દાઈની વૃત્તિ લોકોમાં આવી જશે એ મિથ્યા વહેમ લોકોમાંથી દૂર કરવો.

૩. બંને કોમોના આગેવાનોને જો હિંદુમુસલમાન એકતાને વિષે શ્રદ્ધા હોય તો એકબીજાને વિષે અત્યારે વધતો જતો અણવિશ્વાસ મટી તેની જગ્યાએ વિશ્વાસ આવવો જોઈએ.

૪. હિંદુઓએ ગુંડ મુસલમાનનો ડર છોડવો જોઈએ અને મુસલમાનોએ પોતાના હિંદુ ભાઈઓ ઉપર એવું ગુંડાપણું ચલાવવામાં હીણપત માનવી જોઈએ.

૫. હિંદુઓએ એમ માનતાં અટકવું જોઈએ કે પોતે જોરાવરીથી મુસલમાનો પાસે ગોવધ અટકાવી શકે. તેમણે મુસલમાનોની મિત્રાચારી કેળવીને એવો વિશ્વાસ ધરવો જોઈએ કે મુસલમાનો પોતાના હિંદુ પડોશીઓના માનને ખાતર પોતાની મેળે ગોકશી કરતા અટકશે.

૬. તે જ પ્રમાણે મુસલમાનોએ પણ એમ ન માનવું જોઈએ કે પોતે હિંદુઓને મસ્જિદો આગળ વાજાં વગાડતા કે આરતી કરતા બળાત્કારે અટકાવી શકે. તેમણે પણ હિંદુઓની દોસ્તી કેળવવી રહી અને વિશ્વાસ રાખવો રહ્યો કે તેઓ આ બાબતમાં મુસલમાન ભાઈઓની વાજબી લાગણી ધ્યાનમાં લેશે.

૭. પ્રજાકીય પ્રતિનિધિમંડળોમાં મુસલમાનો તેમ જ બીજી નાની કોમોના મતદારોનું પ્રમાણ નક્કી કરવાનું કામ હિંદુઓએ તે તે કોમોને સોંપી દેવું જોઈએ; તેમ જ ખરા દિલથી ને શોભાભરી રીતે એવા મધ્યસ્થના નિર્ણયને સ્વીકારવો જોઈએ. જો મારું ચાલે તો હું તો હકીમજી અજમલખાન સાહેબને એવા મધ્યસ્થ નીમું અને મુસલમાન, શીખ, ખ્રિસ્તી, પારસી ઇત્યાદિ કોમોની જોડે જે રીતે યોગ્ય લાગે તે રીતે મસલત કરવાની એમને કુલમુખત્યારી સોંપું.

૮. પ્રજાકીય રાજતંત્ર હેઠળ લાયકાતની આંકણીથી જ સરકારી જગાઓની વહેંચણી કરવામાં આવે અને એવી લાયકાતનો નિર્ણય જુદી જુદી કોમોના સભ્યોનું બનાવેલું એક પરીક્ષક મંડળ કરે.

૯. શુદ્ધિ અગર તબલીઘની પ્રવૃત્તિ સામે એના શુદ્ધ સ્વરૂપમાં પ્રતિબંધ કરી શકાય નહીં પણ એ પ્રવૃત્તિઓ નિખાલસ વૃત્તિથી અને ચારિત્ર્યવાન તરીકે પંકાતા માણસો દ્વારા જ થવી જોઈએ. એને અંગે બીજા ધર્મો ઉપર હુમલા બિલકુલ ન થવા જોઈએ. છૂપી પ્રવૃત્તિ કશી જ ન ચાલવી જોઈએ, તેમ કોઈ પ્રકારની દુન્યવી લાલચો પણ ન આપાવી જોઈએ.

૧૦. લોકમત એવી રીતે કેળવવો જોઈએ કે બધા પ્રકારનાં ગલીચ અને કજિયાખોર લખાણોનો બહિષ્કાર થાય અને એવું બધું લખાણ બંધ પડે; ખાસ કરીને પંજાબનાં અમુક છાપાંઓમાં હાલ ચાલુ છે એવું.

૧૧. હિંદુઓ જ્યાં સુધી તેમનું બીકણપણું ખંખેરી નહીં કાઢે ત્યાં સુધી કંઈ જ બનવાનું નથી. તેમનો પથારો સૌથી મોટો છે; તેમને ખોવાનું સૌથી વિશેષ છે તેથી તેમણે જ સૌથી વધુમાં વધુ બલિદાન આપવા તૈયાર થવું જોઈએ.

પણ આ ઇલાજ અગર ઓસડ લાગુ કઈ રીતે પડી શકે? ધર્માંધ હિંદુને આજે કોણ સમજાવે કે ગાયને બચાવવાનો સચોટમાં સચોટ રસ્તો એ જ છે કે તેણે ગાય પ્રત્યેનો પોતાનો ધર્મ બજાવી છૂટવું અને મુસલમાન ઉપર પોતાનો આગ્રહ લાદવાનું છોડી દેવું? તે જ પ્રમાણે મુસલમાન ઝનૂનખોરને કોણ સમજાવે કે મસ્જિદ આગળ વાજું વગાડનાર હિંદુનું માથું ભાંગવા ઊઠવું એ ધર્મ નહીં પણ અધર્મ છે? તે જ પ્રમાણે હિંદુને કોણ ગળે ઉતારે કે નાની કોમો

Gandhi Heritage Portal

પ્રજાકીય પ્રતિનિધિમંડળોમાં વધુ દાખલ થાય તોયે તેમાં તેને કશું જ ખોવાપણું નથી? આ બધા સરળ પ્રશ્નો છે અને ઉપલી કલમોમાં બતાવેલો ઉકેલ આણવામાં રહેલી મુશ્કેલીઓનો ચિતાર આપે છે.

પણ જો બતાવેલો ઉકેલ સાચો હોય તો પછી તેના માર્ગમાંની બધી મુશ્કેલીઓ તરી પાર ઊતર્યે જ છૂટકો છે. જો આ ઉકેલમાં જીવંત શ્રદ્ધાવાળા ખોબા જેટલા હિંદુ અને ખોબા જેટલા મુસલમાન પણ આજે આપણી વચ્ચે હોય તોપણ આ ઉકેલ સહેલ છે. તેમણે એક જ કામ કરવાનું છે. એકલાં એકનિષ્ઠપણે આ કામ પાછળ પોતાની જાત ગાળી નાખવી. આટલું થયે બીજા એની મેળે એમનો માર્ગ અનુસરશે. વળી એક જ પક્ષને આ ઉકેલ હૈયે બેસી જાય તોપણ બસ છે કારણ, આ સાટાંનો સોદો જ નથી. દાખલા તરીકે હિંદુઓ ગાયને વિષે મુસલમાનને કવરાવવાનું છોડી દે અને મુસલમાનો એ બાબતમાં હિંદુઓનો કશો મુલાયજો રાખે ન રાખે એ વિષે કોઈ પણ જાતની આશા બાંધવી છોડી દે. એ ઉપરાંત પ્રતિનિધિમંડળોની જગ્યાઓની બાબતમાં મુસલમાનોની જે કંઈ માગણી હોય તે પણ બધી કબૂલ રાખે અને એ બાબતમાં પણ મુસલમાનો તરફથી કશા જ બદલાની આશા રાખે નહીં. વળી જો મુસલમાનો જોરાવરીથી મસ્જિદ સામે હિંદુઓને વાજાં વગાડતા અટકાવવાનો આગ્રહ ધરે તો હિંદુઓ તેને વશ ન થાય અને એકેએક હિંદુ મુસલમાનોના ઘા ઝીલી સામો ઘા માર્યા વગર ગારદ થઈ જાય પણ પોતપોતાની જગ્યાએથી હરગિજ ન ચસે.

હિંદુઓ આટલું કરી શકે તો ન માની શકાય એટલા ટૂંક વખતમાં મુસલમાનો શરમ અને ભોંઠપના માર્યા પોતાની મેળે ઠેકાણે આવી જાય. તે જ પ્રમાણે મુસલમાનો પણ ચાહે તો હિંદુઓને એ જ ઢબે શરમાવીને સીધા કરી શકે. માત્ર શ્રદ્ધાનું જ બળ જોઈએ છે.

પણ પ્રત્યક્ષ કામ કરવા બેસીશું ત્યારે તો આટલે આઘે સુધી જવું પણ નહીં પડે. ઊલટું કાર્યકર્તાઓ સાચા થશે તે જ ઘડીએ બંને પક્ષ એકી વારે એકબીજા તરફ આવવા લાગશે. એવા સાચા કાર્યકર્તાઓ અત્યારે આપણી વચ્ચે નથી એ આપણું દુર્ભાગ્ય છે. અત્યારે ઝનૂન અને વહેમ આપણાં હૈયાં પર રાજ્ય કરી રહ્યાં છે. દરેક પક્ષ પોતાના સહધર્મીઓના દોષ ઢાંકવા મથી રહ્યો છે અને પરિણામે અવિશ્વાસ અને સંશય વધતાં જ જાય છે.

મને ઉમેદ છે કે આવતી મહાસમિતિમાં કોઈ ને કોઈ એવી કાર્યપદ્ધતિ શોધી કાઢવામાં આવશે જે દ્વારા અત્યારના આ વિખવાદનો ત્વરિત અંત આણી શકાશે.

મને એમ પણ કહેવામાં આવ્યું છે કે સરકાર આ બધા કોમી વિખવાદને પોષણ આપી રહી છે. મને આશા છે કે આવું ન હોવું જોઈએ. પણ એ હકીકતમાં સત્ય છે એમ માની લઈએ તોપણ એ તો આપણી ચોખ્ખી ફરજ છે કે આપણે જાતે સચ્ચાઈ અને વફાદારીપૂર્વક વર્તીને એવા પ્રયત્નોને નિષ્ફળ કરી મૂકીએ.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ५–६–१९२४

ભાષાંતર : नवजीवन, ८–६–१९२४



Gandhi Heritage Portal

## ૯૭. અખિલ હિંદ કૉંગ્રેસ સમિતિ

અખિલ હિંદ કૉંગ્રેસ સમિતિની આગામી બેઠક હવે પછીના છ મહિના દરમ્યાન કૉંગ્રેસે શું કામ કરવાનું છે તેનો નિર્ણય કરશે. પોતાનું લક્ષ્ય સિદ્ધ કરવા અધીરી બનેલી પ્રજા માટે છ મહિનાનો સમય લાંબો ગણાય. એનાથી એટલો સમય વેડફી ન શકાય. એકેએક પળ કીમતી છે. અખિલ હિંદ કૉંગ્રેસ સમિતિના સભ્યો તો પ્રતિનિધિઓના પણ પ્રતિનિધિ છે. તેઓ દેશના સાચા કાર્યવાહકો છે અથવા હોવા જોઈએ. તેઓ ધારે તો સ્વરાજ વહેલું લાવી શકે. આ ભાઈબહેનોને અત્યારના રાષ્ટ્રીય કાર્યક્રમમાં અચળ શ્રદ્ધા હોવી જોઈએ. એમણે એ કાર્યક્રમ પોતાના જ જીવનમાં આચરવો જોઈએ અને બીજાઓને તે પ્રમાણે કરવા સમજાવવા જોઈએ. ત્રણસો ને પચાસ પ્રતિનિધિઓ જો એકદિલથી કામ કરતા હોય તો દેશ પર એની તત્કાળ અસર પડ્યા વિના નહીં જ રહે.

તો ચાલો, આપણે દરેક ભાઈબહેન આપણી જાતને પૂછીએ:

૧. સ્વરાજ મેળવવા સારુ સત્ય અને અહિંસામાં હું માનું છું?

૨. હિંદુમુસ્લિમ એકતામાં હું ખરા દિલથી માનું છું?

૩. હિંદુસ્તાનના કરોડો ભૂખે મરતા લોકોના આર્થિક સંકટની સમસ્યા ઉકેલવાની રેંટિયાની શક્તિમાં મને વિશ્વાસ છે? અને હાથે કાંતેલી ખાદીનો ઘેર ઘેર ફેલાવો થાય તે માટે, ચોવીસે કલાક સતત મુસાફરીમાં હોઈએ તે સિવાય, રોજ ઓછામાં ઓછો અર્ધો કલાક ધાર્મિક ભાવનાથી હું રેંટિયો ચલાવવા તૈયાર છું? અને હાથે કાંતેલી ખાદી સિવાય બીજું કોઈ કાપડ નહીં વાપરવાની મારી તૈયારી છે?

૪. સરકારના ખિતાબો, સરકારી શાળાઓ, સરકારી અદાલતો અને ધારાસભાઓના બહિષ્કારમાં હું માનું છું?

૫. હું હિંદુ હોઉં તો હું એવું માનું છું ખરો કે અસ્પૃશ્યતા એ હિંદુ ધર્મ પરનું એક કલંક છે?

૬. દારૂની અને કેફી પદાર્થોની બદીની સંપૂર્ણ નાબૂદીથી એક જ ઝાટકે એમાંથી મળતું મહેસૂલ બંધ થઈ જશે એવું જાણવા છતાં એ નાબૂદીમાં હું માનું છું?

હું એવા મતનો છું કે કૉંગ્રેસ કાર્યક્રમના ઉપર ગણાવેલા મુદ્દાઓમાં ન માનનારી કોઈ પણ વ્યક્તિએ અખિલ હિંદ કૉંગ્રેસ સમિતિમાં રહેવું ન જોઈએ. આ બધા મુદ્દાઓ તરફ ધ્યાન ખેંચવાની જરૂર છે, કેમ કે હું જાણું છું કે ઘણા સભ્યોને સત્ય અને અહિંસામાં શ્રદ્ધા નથી. વકીલાત નહીં છોડનારા વકીલો કૉંગ્રેસની કારોબારીના સભ્યો છે અને હમેશને માટે સંપૂર્ણ ખાદી નહીં પહેરનારા લોકો સભ્યો બન્યા છે એવું પણ મેં સાંભળ્યું છે. વળી એવા અસહકારીઓ પણ જોવા મળે છે જેઓ રાષ્ટ્રીય શાળાઓનાં વ્યવસ્થાપક મંડળોમાં હોવા છતાં પોતાનાં બાળકોને સરકારી શાળાઓમાં મોકલે છે; અને પરદેશી કે મિલના કાપડનો વેપાર કરનારા વેપારીઓ પણ હજી કૉંગ્રેસની કારોબારી સમિતિના સભ્યો છે, એવું પણ મેં સાંભળ્યું છે. આ બધું જાણીને હું તો એટલું જ કહી શકું કે કૉંગ્રેસ કાર્યક્રમનો અમલ કરનાર આપણે પોતે જ જો એનો આપણા પોતાના જીવનમાં અમલ નહીં કરીએ તો એ કાર્યક્રમ દ્વારા સંપૂર્ણ સફળતા

Gandhi Heritage Portal

મેળવવી અશકય છે. વકીલાત કરનાર વકીલ પોતાના સાથીદારને વકીલાત છોડવાનું શી રીતે કહી શકે, અથવા એની પાસેથી એવી અપેક્ષા કેવી રીતે રાખી શકે? એ જ રીતે જે માણસ પોતે જ કાંતતો ન હોય તે કાંતવાની જરૂરિયાત વિષે બીજાઓને શી રીતે ખાતરી કરાવી શકે?

એક પ્રામાણિક કાર્યક્રમ ઘડી કાઢવા હું સમિતિને સમજાવીશ. જો બહુમતી કોઈ જુદો કાર્યક્રમ ધરાવતી હોય, તો હું લઘુમતીને અખિલ હિંદ કોંગ્રેસ સમિતિમાંથી નીકળી જવા અને એની બહાર રહીને કોંગ્રેસના કાર્યક્રમ પ્રમાણે કામ કરવા સલાહ આપીશ. કોંગ્રેસના ઠરાવોની અને એની કારોબારીના આદેશોની ખૂબ જ અવગણના થઈ છે. એટલા માટે હું તો એમ પણ સૂચવીશ કે સભ્યોએ દરેક માસને અંતે જાતે કાંતેલું, ઓછામાં ઓછા દસ આંકનું, કંઈ નહીં તો છેવટ દસ તોલા એક સરખું અને વળદાર સૂતર મોકલતા રહેવું જોઈએ. રોજ અર્ધો કલાક કાંતતાં, ત્રીસ દિવસમાં આટલું સૂતર સહેલાઈથી કાંતી શકાય. આ સૂતર દર મહિનાની ૧૫મી તારીખ સુધીમાં ખાદી બોર્ડના મંત્રીને પહોંચવું જોઈએ. આટલું સૂતર ન મોકલી શકનારે રાજીનામું આપ્યું છે એમ માની લેવું જોઈએ. એ જ રીતે જે સભ્યો પોતાના પ્રદેશમાં થયેલા હાથપીંજાણ, હાથકાંતણ, અને હાથવણાટનો તથા હાથે કંતાયેલા સૂતરનો હિસાબ મહિને મહિને ન મોકલે તેમણે પણ રાજીનામાં આપ્યાં છે એમ માની લેવું જોઈએ. આવા હિસાબનાં પત્રકો દર મહિનાની ૧૫મી તારીખ સુધીમાં મંત્રીને મળી જવાં જોઈએ.

હું જાણું છું કે કામ નહીં કરવાની દાનતવાળા માટે આ શરતો આકરી છે અને જેમને કામ કરવું છે તેમને માટે સહેલી છે. જો ચૂંટાયેલા પ્રતિનિધિઓ કામ ન કરે તો કાર્યક્રમને અમલમાં મૂકવાનો બીજો કોઈ માર્ગ નથી.

આપણી કામ કરવાની પદ્ધતિમાં ઘણી જ શિથિલતા આવી ગઈ છે. આપણે થોડા ઓછા અવ્યવહારુ બનીએ એ માટેનો સમય પાકી ગયો છે. આ કાર્યક્રમ ઉત્સાહપ્રેરક નથી અથવા તો કાંતનારી પ્રજાનું રાષ્ટ્ર સ્વરાજ ન મેળવી શકે એવા આક્ષેપથી હું ગભરાતો નથી, કેમ કે હું જાણું છું કે સંગીન કાર્ય પાર પાડવાના કાર્યક્રમ જેવું ઉત્સાહપ્રેરક બીજું કંઈ પણ નથી. અને મને ગળા સુધી ખાતરી છે કે આપણે જો દેશમાંથી ભૂખમરાને કયારેક પણ દેશવટો દેવો હશે, અને આર્થિક રીતે સ્વાશ્રયી બનવું હશે તો ફરી એક વાર આપણે પીંજનારી, કાંતનારી અને વણનારી પ્રજાનું રાષ્ટ્ર બન્યે જ છૂટકો છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ५–६–१९२४

Gandhi Heritage Portal

# ૯૮. મારા જેલના અનુભવ — ૭

## સત્યાગ્રહી કેદીની વર્તણૂક

ગયા પ્રકરણને[1] અંતે મેં મૂકેલી દલીલ કેટલાક મિત્રો તરફથી કરવામાં આવી હતી અને કાંઈ નહીં તો તેવી દલીલ અનેક જણ પ્રામાણિકપણે તે માને છે અને ૧૯૨૧ અને ૧૯૨૨માં જ્યારે હજારો જેલમાં ગયા તે વેળા તેમણે સંપૂર્ણ રીતે તે મુજબ જ વર્તન કર્યું હતું તેટલા ખાતર તે વિચારવા યોગ્ય છે.

પહેલી વાત તો એ કે જેલની બહાર પણ સરકારને મૂંઝવવાનો આપણો ઉદ્દેશ નથી. આપણું વર્તન શુદ્ધ હોય તો પછી સરકાર તેનાથી મૂંઝાય કે ન મૂંઝાય, તેનો સવાલ જ નથી. આપણો અસહકાર જેવો સરકારને મૂંઝવી દે છે તેવો ભાગ્યે જ બીજો કોઈ ઉપાય મૂંઝવતો હશે, પણ આપણે તો અદાલત અને ધારાસભાનો બહિષ્કાર કરીએ છીએ તે કેવળ એક ધર્મ-કૃત્ય તરીકે એટલે કે આપણને માલૂમ પડે કે આપણા અસહકારથી રાજકર્તાઓને આનંદ થાય છે, તોપણ આપણો અસહકાર બંધ તો ન જ કરીએ અને સરકારની ઉપર થનારા પરિણામ વિષે આપણે આટલા ઉદાસીન છીએ, તેનું કારણ એ છે કે અસહકારનું સરકારના મન ઉપર ગમે તે પરિણામ થતું હોય તોપણ અંતે આપણું તો તેમાં કલ્યાણ જ છે. પણ આ જાતનો અસહકાર જેલમાં તો સંભવે જ નહીં. આપણે જેલમાં જઈએ છીએ તે કોઈ સ્વાર્થ સાધવાને માટે નહીં, સરકાર આપણને ગુનેગાર ગણે છે એટલા સારુ જેલમાં પૂરે છે. એટલે આપણું કામ તો એ રહ્યું કે સરકાર આપણી પાસેથી ઇચ્છે એવું આદર્શ વર્તન જ બતાવવું; જેમ જેલ બહાર આપણું કામ તેમની અદાલતો, ધારાસભાઓ, શાળાઓ અને ખિતાબો છોડીને તેના શંકા પડતા લાભો વિના આપણે ચલાવી શકીએ છીએ એમ સરકારને બતાવવાનું છે.

આપણામાંના બધાને કદાચ પ્રતીત ન થતું હોય તોપણ અસહકારની રીત એ સામાના હૃદયને પલટાવવાને અને બુદ્ધિની ઉપર અસર પહોંચાડવાની ક્રિયા છે, ગુંડાબાજીથી સરકારને ભયભીત કરવાની ક્રિયા નથી. અહિંસામય હિલચાલમાં ગુંડાબાજીને સ્થાન જ નથી.

મેં અનેક વાર સત્યાગ્રહી કેદીઓને યુદ્ધના કેદીઓ સાથે સરખાવ્યા છે, તેનું કારણ છે. એક વાર દુશ્મનના પંજામાં આવ્યા કે યુદ્ધના કેદીઓ દુશ્મનની સાથે મિત્રદાવે વર્તે છે. યુદ્ધના કેદી તરીકે કોઈ સિપાહી દુશ્મનને ઠગે તો તે બેઆબરૂભર્યું ગણાય. સરકાર સત્યાગ્રહી કેદીઓને યુદ્ધના કેદી નથી માનતી તેથી આ દલીલને હરકત નથી આવતી. આપણે યુદ્ધના કેદી તરીકે વર્તશું તો સરકારે આપણને તુરત માન આપ્યા વિના ચાલવાનું જ નથી. જેલને આપણે એક પ્રકારની નિષ્પક્ષ સંસ્થા બનાવી દેવી જોઈએ કે જેમાં અમુક દરજ્જે આપણે સરકારની સાથે સહકાર કરીએ, સહકાર કરવો જોઈએ.

આપણે એક બાજુએ જેલના કાયદા ઇરાદાપૂર્વક તોડતા જઈએ અને સાથે સાથે જ આપણને થતી સજા અને જેલના અમલદારોની સખતી વિષે ફરિયાદ કરીએ, એ અતિશય અણઘટતું અને ભાગ્યે જ આબરૂભર્યું કહેવાય. દાખલા તરીકે, જડતી સામે વાંધો લેતાં અને

૧. જુઓ પા. ૯૨.

Gandhi Heritage Portal

તકરાર ઉઠાવતાં છતાં આપણે આપણા કામળામાં અથવા કપડામાં મનાઈ કરેલી વસ્તુ છુપાવી રાખીએ એ કેમ બને? આવા સંજોગોમાં આપણને અસત્ય બોલવાનો અથવા બીજી કંઈ ઠગબાજી કરવાનો અધિકાર છે, એવું સત્યાગ્રહશાસ્ત્રમાં ક્યાંય લખેલું નથી; જેલ અમલદારોની પજવણી કરશું તો સરકાર નમી જશે અને સલાહ માગતી શરણે આવશે, એમ આપણે કહીએ છીએ ત્યારે સરકારને કાં તો અજાણતાં ભલમનસાઈનું પ્રમાણપત્ર આપી દઈએ છીએ અથવા તો તેને કેવળ ભોળી ગણીએ છીએ. અજાણતાં ભલમનસાઈનું પ્રમાણપત્ર આપવાનું એવી સમજમાં રહેલું છે કે જેલના અમલદારોની અતિશય પજવણી કર્યા છતાં સરકાર મૂંગી મૂંગી તે જોયા કરશે અને આપણને યોગ્ય સજા આપી સંપૂર્ણ રીતે નાહિંમત કરી મૂકવામાં પાછી પાની કરશે, એટલે કે હાકેમોને આપણે એટલા બધા વિચારશીલ અને દયાળુ માનીએ છીએ કે સખત સજાનું કારણ આપ્યા છતાં પણ તેઓ આપણને સખત સજા ન કરે. સાચી વાત તો એ છે કે તેઓ સમૂળી મર્યાદા મૂકતાં અચકાતા નથી, અને અમુક પ્રસંગોએ કાયદા પ્રમાણેની જ નહીં પણ ગેરકાયદે સજા પણ તેઓ કરે છે.

પણ મારો તો પાકો નિશ્ચય છે કે જો આપણે શરૂથી આખર સુધી સત્યાગ્રહીને છાજતી પ્રામાણિક અને ઇજ્જત ભરેલી રીતે વર્ત્યા હોત તો આપણી સામેના સરકારના બધા વિરોધને આપણે જીતી શક્યા હોત અને કાંઈ નહીં તો આટલા બધા કેદીઓના અતિશય આબરૂભર્યા વર્તનથી એવા આબરૂદાર અને નિર્દોષ માણસોને જેલમાં પૂરવાની પોતાની ભૂલ સરકારની પાસે શરમ સાથે કબૂલ કરાવી શક્યા હોત. કારણ, શું સરકારનો એવો દાવો નથી કે આપણી અહિંસા એ હિંસાનો માત્ર ઢાંકપિછોડો છે? એટલે જેટલી જેટલી વાર આપણે તોફાન કરીએ છીએ તેટલી તેટલી વાર આપણે તેના હાથમાં રમતા નથી શું?

આ કારણથી, મારા અભિપ્રાય પ્રમાણે સત્યાગ્રહી તરીકે કેદમાં જઈને આપણે નીચે પ્રમાણે વર્તવાને બંધાયેલા છીએ:

૧. અતિશય પ્રામાણિકતાથી વર્તવાને;

૨. જેલના અમલદારો સાથે જેલના વહીવટમાં સહકાર કરવાને;

૩. તમામ યોગ્ય નિયમોનું પાલન કરીને બીજા કેદીઓને દાખલો બેસાડવાને;

૪. સામાન્યમાં સામાન્ય કેદીને ન મળતી હોય એવી, અને કેવળ તંદુરસ્તીના કારણે જરૂરની હોય તે સિવાયની કંઈ પણ છૂટો અને મહેરબાની ન માગવાને;

૫. ઉપર તંદુરસ્તીના કારણે જણાવેલી એવી જે છૂટ જોઈતી હોય તે માગતાં ન અચકાવાને અને તે ન મળે તો ગુસ્સે ન થવાને;

૬. જેટલું અને જે જે કામ સોંપવામાં આવે તે આપણી પૂરેપૂરી શક્તિ પ્રમાણે પૂરું કરી આપવાને.

આવા પ્રકારનું વર્તન સરકારની સ્થિતિ કઢંગી અને ન બચાવ કરી શકાય એવી કરી મૂકશે. તેઓમાં વિશ્વાસનો એટલો તો અભાવ છે અને આપણે પ્રામાણિકપણે વર્તશું એવી તેમણે એટલી ઓછી આશા રાખી હોય છે કે પ્રામાણિકપણાનો જવાબ પ્રામાણિકપણાથી આપવો તેને માટે મુશ્કેલ થઈ પડશે. તોફાનની તો તેઓ આશા રાખે છે જ અને તોફાન થાય એટલે તેનું બેવડું સાટું વાળે છે. અરાજકના ગુનાને તેઓ પહોંચી વળી શક્યા, પણ અહિંસાને તો નમ્યા સિવાય બીજો કોઈ રસ્તો પહોંચી વળવાનો તેમને હજી સુધી હાથ લાગ્યો નથી.

Gandhi Heritage Portal

સત્યાગ્રહીના કેદમાં જવાની પાછળ એ ઉદ્દેશ રહેલો છે કે પજવણીને નમ્રપણે વશ થઈ તે પોતાનું દુ:ખ મટાડે.

તેને શ્રદ્ધા છે કે ન્યાયકાર્યને માટે નમ્રતાથી સંકટ સહન કરવામાં કંઈક ઓર જ ખૂબી રહેલી છે અને તે ખૂબી તલવારની ખૂબી કરતાં અનહદ ચડિયાતી છે. આ બધું કહેવાનો અર્થ એવો નથી કે સરકારનું વર્તન જ્યારે આપણા આત્મમાનનું ખંડન કરે ત્યારે પણ આપણે વિરોધ ન કરવો. દાખલા તરીકે, જેલના અમલદારો આપણને ગાળો દે અથવા આપણો ખોરાક કૂતરાની જેમ આપણને નાખે તો મરવાની હદ સુધી જઈને પણ તેનો વિરોધ કરીએ. અપમાન કરવું અને ગાળ દેવી એ કોઈ અમલદારના કર્તવ્યમાં આવતું નથી. એટલે અપમાન અને ગાળનો તો વિરોધ કરવો જ ઘટે. પણ જડતીનો વિરોધ ન જ થાય કારણ તેનો જેલના કાયદામાં સમાવેશ થાય છે.

મેં દુ:ખ મૂંગે મોઢે સહન કરવાનું લખ્યું તેનો એ અર્થ પણ ન થવો જોઈએ કે સત્યાગ્રહીઓ જેવા નિર્દોષ કેદીઓને સામાન્ય કેદીઓની સાથે એક જ વર્ગમાં મૂકવા સામે કંઈ હિલચાલ ન કરવી. માત્ર કેદીઓ તરીકે કંઈ પણ છૂટ અથવા મહેરબાની આપણાથી ન માગી શકાય. રીઢા થયેલા ગુનેગારોની સાથે રહેવામાં આપણે સંતોષ માનવો જોઈએ, અને તેમ કરતાં તેમની નીતિ સુધારવાની તક મળે છે તે પણ આપણે વધાવી લેવી જોઈએ છતાં પોતાને સુધરેલી તરીકે ઓળખાવતી કોઈ પણ સરકાર પાસે આશા રાખી શકાય કે તે અતિશય સ્વાભાવિક એવા વર્ગભેદ તો અવશ્ય સ્વીકારે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ५-६-१९२४

ભાષાંતર: नवजीवन, २२-६-१९२४ તથા यरवडाना अनुभव

## ૯૯. મણિલાલ ગાંધીના પત્ર પર નોંધ

મારા દીકરા મણિલાલ ગાંધીના એક પત્રનો નીચેનો અનુવાદ વાચકને ગમશે. એમાં શ્રીમતી સરોજિની નાયડુએ દક્ષિણ આફ્રિકામાં કરેલા અતિ ઉત્તમ કાર્યનું વર્ણન છે.[1]

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ५-६-१९२४

૧. આ પત્ર અહીં આપ્યો નથી. એમાં ક્લાસ એરિયાઝ બિલ પડતું મુકાયાની હકીકત સહિત સરોજિની નાયડુની દક્ષિણ આફ્રિકાની મુલાકાતનાં શુભ પરિણામોનો ઉલ્લેખ થયો હતો. એમાં લખ્યું હતું: "... શ્રીમતી સરોજિની નાયડુની સૂચનાથી ડરબનમાં 'સાઉથ આફ્રિકન ઇન્ડિયન કૉંગ્રેસ' ભરવામાં આવી હતી અને એમના પ્રમુખપદે અગાઉ કદી નહીં અનુભવેલી ગંભીરતા અને પવિત્ર ભાવના સાથે, સારું એવું કામ થયું હતું. . . અહીંના હિંદીઓની દશા આપના ગયા પછી અનાથ બાળકો જેવી થઈ ગઈ છે. પરંતુ શ્રીમતી નાયડુએ એક અત્યંત નિરાશાજનક પરિસ્થિતિને મોટામાં મોટી આશા આપનારી પરિસ્થિતિમાં પલટી નાખી છે."

Gandhi Heritage Portal

## ૧૦૦. સી. એફ. ઍન્ડ્રૂઝના પત્ર પર ટીકા

આ ભોળાં ભીલ બાળકોનાં સુડોળ શરીર પર ખાદીનાં પહેરણ અને ટોપી જોઈને શ્રી ઍન્ડ્રૂઝે મને એક અંગત પત્રમાં ઊધડો લીધો છે. એમણે પૂછ્યું છે: "એમની બાબતમાં ખાદીની લંગોટીથી જ કેમ સંતોષ નથી માનતા?" આનો જવાબ તો અમૃતલાલ ઠક્કર[1] જ સારામાં સારો આપી શકે. સંખ્યાબંધ કેદીઓને કેવળ લંગોટીમાં જ જોયા પછી મને પોતાને તો લંગોટી માટે જ પક્ષપાત વધવા લાગ્યો છે. પરંતુ શ્રી ઠક્કર સામેની સમસ્યા સાવ સરળ નથી. તેઓ જેલના નહીં પણ એક શાળાના સુપરિન્ટેન્ડેન્ટ છે. તેમાં એમને મુક્ત પુરુષત્વ અને મુક્ત સ્ત્રીત્વ વિકસાવવાનું છે. આ રૂપાળાં ભૂલકાં ભારે દલીલબાજ હોય છે. એમને એમ થાય છે કે અમારા સુપરિન્ટેન્ડેન્ટ ગમે તેટલાં અગવડભર્યાં દેખાતાં આટલાં બધાં કપડાં પહેરે અને અમે માત્ર લંગોટી જ શા માટે પહેરીએ? આવા સવાલોનો સંતોષકારક જવાબ આપવો હોય તો શિક્ષકોએ પોતાના શિષ્યો પાસેથી પોતે જે કપડાં પહેરવાની અને ખોરાક ખાવાની અપેક્ષા રાખતા હોય તે જ કપડાં પહેરવાં જોઈએ અને તે જ ખોરાક ખાવો જોઈએ. આ દેશનાં હવાપાણી જોતાં, લંગોટીનું જ જે મોટું સ્વરૂપ છે એવા વધુ આરામદાયક કચ્છની જગ્યાએ ખાદીની બંડી કે પહેરણ ખરેખર તુચ્છ ફેરફાર છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ૫-૬-૧૯૨૪

## ૧૦૧. પ્રેમનો અભાવ કે ઊભરો?

રામ, શંકર, ભરત, ઇત્યાદિ અવતારોને મેં એકવચનમાં સંબોધ્યા છે તેને વિષે મને એક વૈષ્ણવ ભાઈ પ્રેમાળ ઠપકો આપે છે. "રામ"ને મેં "શ્રી રામચંદ્ર પ્રભુ" અને "ભરત"ને "શ્રી ભરતસૂરી" કહી નથી સંબોધ્યા તેથી તેમને દુઃખ થયું છે, અને હવે પછી તે પવિત્ર નામો માનપૂર્વક લેવાની મને વિનયપૂર્વક ભલામણ કરે છે. એ ભાઈને હું ખાનગી પત્ર દ્વારા જ જવાબ દેત પણ રખેને કોઈ બીજા વૈષ્ણવનું હૃદય દુભાયું હોય તેથી આ પ્રસંગનો વિચાર હું વાંચનાર સમક્ષ કરું છું. મને લખનાર ભાઈ કદાચ નહીં જાણતા હોય કે હું પોતે વૈષ્ણવ છું ને મારા કુટુંબના ઇષ્ટ દેવતા શ્રી રામચંદ્ર પ્રભુ છે. પણ જોકે મેં રામને "શ્રી રામચંદ્ર પ્રભુ" કેવળ આ ભાઈને સંતોષવા ખાતર અહીં એક વાર લખેલ છે, છતાં મને પોતાને તો રામ નામ જ પ્રિય છે.

"શ્રી રામચંદ્ર પ્રભુ" મારાથી બહુ વેગળા લાગે છે; રામ તો મારા હૃદયમાં સામ્રાજ્ય ભોગવે છે. જે સ્થળે મેં રામ, ભરતાદિ પવિત્ર નામોનો ઉપયોગ કર્યો છે ત્યાં મારી દૃષ્ટિએ કેવળ મારી ભક્તિ જ નીતરી રહી છે. જો આ વૈષ્ણવ ભાઈ એવો દાવો કરે કે રામ પ્રત્યેનો

૧. ૧૮૬૯-૧૯૫૧; લોકો એમને ઠક્કરબાપા કહેતા. એમણે હરિજનો અને આદિવાસીઓના ઉદ્ધાર પાછળ પોતાનું જીવન સમર્પી દીધું હતું.

Gandhi Heritage Portal

તેમનો પ્રેમ મારા કરતાં વધારે છે, તો હું તેમની ઉપર રામના દરબારમાં દાવો માંડું ને રામરાજ્યમાં મને ન્યાય મળે જ.

જે પ્રેમની પરીક્ષા હનુમાને આપી હતી તેવી પરીક્ષા આપવાની મને ઇચ્છા થાય. પ્રિયમાં પ્રિય વસ્તુ નિકટમાં નિકટ છે તે તો "તું" જ હોય. "તમે" અંતરાય સૂચવે છે. મારી માને મેં કોઈ દિવસ "તમે" કહી બોલાવી જ નહોતી, ને મારાથી ભૂલ્યે પણ બોલાવાઈ જાત તો તે રોત કેમ કે તેનો દીકરો તેનાથી વેગળો થયો એમ તે જાણત.

એવો અવસર મારી જિંદગીમાં હતો કે જ્યારે હું રામને શ્રી રામચંદ્રરૂપે ઓળખતો. પણ એ અવસર વીતી ગયો છે. રામ તો મારે ઘેર આવ્યા છે. તેને "તમે" કહું તો કટાક્ષ કરે એમ હું જાણું છું. મા નથી, બાપ નથી, ભાઈ નથી, એવો હું છત્રહીન છું તેને રામ એ સર્વસ્વ છે. તે જ મા છે, બાપ છે, ભાઈ છે, સર્વસ્વ છે. તેનો જિવાડયો હું જીવું છું. તેને હું સર્વ સ્ત્રીને વિષે જોઉં છું, તેથી સર્વ સ્ત્રીને માતા કે બહેન સમાન સમજું છું. તેને હું સર્વ પુરુષોને વિષે જોઉં છું, તેથી બધાને વય પ્રમાણે બાપ, ભાઈ કે દીકરા સમાન ગણું છું, તે જ રામને હું ભંગીમાં ને બ્રાહ્મણમાં જોઉં છું, તેથી બંનેને વંદન કરું છું.

હજુ રામ મારી પાસે છતાં વેગળો જ હશે તેથી તેને તું કહીને બોલાવવો પડે છે, જ્યારે તે ચોવીસે કલાક મારી પાસે જ હશે ત્યારે તો મને "તું" કરવાપણુંયે નહીં રહે. મારી માને બીજા ન તુંકારતા. બીજા તો અનેક માનનાં વિશેષણોથી તેને બોલાવતા. તેમ જ જો રામ મારો ન હોત તો તો હું પણ જરૂર મર્યાદિત રહેત. પણ તે હવે મારો છે ને હું તેનો ગુલામ છું. એટલે વૈષ્ણવો તેનાથી વેગળા થવાનો બોજો મારી ઉપર ન મૂકે એમ માગી લઉં છું. "વિનયની પૂરણી" માગે એ તે પ્રેમ હોય? બધી ભાષાઓમાં, બધા ધર્મોમાં ઈશ્વર "તું" જ સર્વનામે પંકાયેલો છે.

દ્રાવિડ પ્રાંતમાં અવ્વાઈ માઈ નામે મીરાંબાઈ જેવી કોઈ મહાતેજસ્વી ભક્તાણી થઈ ગઈ. તે નિત્ય વિષ્ણુ મંદિરમાં બેઠી રહેતી. કોઈ વાર તેની પીઠ મૂર્તિની તરફ હોય તો કોઈ વાર તે પોતાના લાંબા પગ બરોબર મૂર્તિની સામે પસારીને બેસે. કોઈ ભાવિક પણ બાળભક્ત એક વેળા ત્યાં દર્શને આવી ચડયો. અવ્વાઈ માઈનો ઈશ્વર સાથેનો ગાઢ સંબંધ આ ભક્ત નહોતો જાણતો તેથી રાતી આંખ કરીને તેણે તો અવ્વાઈ માઈને થોડી અસત્યાગ્રહી ગાળો સંભળાવી![1]

અવ્વાઈ માઈ તો ખડખડ હસી ઊઠયાં. તેના હાસ્યથી મંદિર ગાજી ઊઠયું પણ મા પેલા ભક્તને સંબોધીને બોલ્યાં: "આવ દીકરા! અહીં બેસ. બાપુ! તું કયાંથી આવ્યો? તેં મને તીખું કહ્યું, પણ એક વાત મને કહે. હું તો ઘરડી થઈ, પણ મને એકેય જગ્યા ન મળી કે જ્યાં ભગવાન ન હોય. જ્યાં પગ પસારું ત્યાં તે સામો ને સામો જ. હવે તું કોઈ એવી જગ્યા બતાવે કે જ્યાં તે નથી તો તો જરૂર તે દિશામાં પગ પસારું!"

પેલો બાળભક્ત તો વિનયી હતો. અજ્ઞાનને લીધે અવ્વાઈ માઈને ઓળખી નહોતો શકયો. એ તો ગભરાયો. આંખે તો મોતી સરખાં આંસું ચડયાં ને દડદડ માના અંગૂઠા ઉપર ટપકવા માંડયાં. માએ પગ ખેંચી લીધા. પેલાએ પકડી લીધા. "મા હું ભૂલ્યો, મને માફ કરો, મને ઉગારો." અવ્વાઈએ પગ તાણી લીધા ને પોતાના મોટા હાથ વતી તેને પકડીને ચાંપ્યો, બકીઓ ભરી ને વળી ખડખડ હસીને બોલી ઊઠી "જા, જા. વળી માફ તે શું કરવાનું હોય? તું

૧. આ પ્રસંગ અવ્વાઈ અમ્મા અંગેની દંતકથામાં જ આવે છે.

Gandhi Heritage Portal

તો મારો દીકરો છે. મને તારા જેવા ઘણાયે દીકરા છે હોં. તું ડાહ્યો દીકરો કે તારા મનમાં શંકા આવી કે તુરત મને તેં કહી દીધી. જા, શ્રીરંગ[1] ભગવાન તારી રક્ષા કરશે. પણ માને સંભારજે હોં બેટા!"

[મૂળ ગુજરાતી]

નવજીવનનો વધારો, ૫–૬–૧૯૨૪

## ૧૦૨. મારી નોંધ

### એક ભૂલ

હું નવજીવનમાં જણાવી ગયો છું કે મજૂરનાં બાળકોની નિશાળોનાં બધાં બાળકો ખાદીનાં જ કપડાં પહેરે છે. મજૂર સંદેશમાં એવી સૂચના નથી પણ એમાં તો એમ છે કે આ બાળકોમાંનાં ઘણાં ખાદીનાં કપડાં પહેરતાં થઈ ગયાં છે. ઉપરની ભૂલ મારી છે. ઉતાવળમાં આવી ભૂલો થયા કરે એમ સમજી વાંચનાર મને માફ કરશે. મજૂર સંદેશના તંત્રી જરાયે અતિશયોક્તિથી કાંઈ પણ નથી ઇચ્છતા. અતિશયોક્તિથી કાર્ય આગળ વધતું નથી, સમૂળું પાછું પડે છે. જે સ્થિતિ ન હોય તે છે એવું બતાવવાથી કંઈ તે સ્થિતિ ઉત્પન્ન નહીં થાય. હિંદુસ્તાનનો ભૂખમરો એ ખરો ખેલ છે. એ કંઈ કોઈ કરુણારસપ્રધાન નાટક નથી. હિંદુસ્તાનનાં કરોડો હાડપિંજર કરુણાની મૂર્તિઓ છે. તેમાં આપણે નાટક ખેલીને ચરબી ભરી શકવાના નથી. સ્વરાજ પણ ખરો ખેલ છે. એટલે જેટલું કરશું તેટલું જ પામશું. એક વાર ખરી ખાદી ખપી હશે તે જ હિંદુસ્તાનના ગરીબના ખિસ્સામાં આઠ આના કે દસ આના ભરશે.

### यंग इन्डिया ઉર્દૂમાં

એક મુસલમાન ભાઈ કરાંચીથી લખે છે કે તમે ગુજરાતીઓને સારુ ગુજરાતી નવજીવન કાઢો છો, હિંદીને સારુ હિંદી અને અંગ્રેજી यंग इन्डिया. મુસલમાનોની સાત કરોડની વસ્તી છે તેઓમાંના ઘણા કેવળ ઉર્દૂ જાણે છે. તેઓને સારુ नयी झिंदगी અર્થાત્ ઉર્દૂ નવજીવન કાઢી તેઓને આભારી નહીં કરો? આમ કરો તો હિંદુમુસ્લિમ ઝઘડાઓ ઓછા થાય ને બંનેની વચ્ચેની ગાંઠ મજબૂત બંધાય. ગુજરાતી નવજીવન શરૂ થયું ત્યારથી જ એવી હોંશ તો છે જ. પણ એની આવશ્યકતા વિષે મને શક છે. માથે પડે એવું છાપું હું ન જ કાઢું. સારા પ્રમાણમાં ઉર્દૂ નવજીવન વાંચનારા મુસલમાન ભાઈ મળે તો જ ઉર્દૂ નવજીવન નીકળે. મુસલમાન ભાઈઓની સાથે મારે વાતચીત થઈ છે. તેમનો અભિપ્રાય ઉર્દૂ નવજીવનની વિરુદ્ધ પડ્યો છે. તેથી જ હું શાંત રહ્યો છું. તેઓએ મને કહ્યું છે કે यंग इन्डियाનો ઘણોખરો ભાગ તો મુખ્ય ઉર્દૂ છાપાં લઈ લે છે.

૧. દક્ષિણ ભારતમાં પૂજાતી રામની મૂર્તિ; ત્રિચિનાપલ્લી પાસે શ્રીરંગમમાં આ મંદિર છે. મૂર્તિ પોઢેલી સ્થિતિમાં છે; અને દંતકથા એવી છે કે રાવણના ભાઈ વિભીષણે એની પૂજા કરી હતી.

Gandhi Heritage Portal

### એક કંકોત્રી

આકોલાથી એક ભાઈ લખે છે કે અહીંથી દશ ગાઉ ઉપર એક ગૃહસ્થ રહે છે. તેઓ નાગપુર મહાસભા[1] પછીથી ખાદી જ વાપરે છે. બે વર્ષમાં જેણે ખાદી પહેરેલ હોય તેના જ હાથની થયેલી ને પીરસાયેલી રસોઈ જમે છે. હવે તેમની દીકરી પરણવાની છે. તેમણે ખાદી પહેરનાર જમાઈની શોધ કરી ને તેવો જમાઈ મળ્યો ત્યારે જ સગાઈ કરી. હવે કંકોત્રી કાઢી છે. તેમાં લખ્યું છે, "લગ્ન પ્રસંગે કૃપા કરી ખાદી પહેરીને જ પધારશો. તેમ કદાચ આપનાથી ન બની શકે ને તેથી ન આવી શકો તો મને ખરાબ નહીં લાગે." આ ધીરજ અને દૃઢતાને સારુ આ ભાઈને આપણે ધન્યવાદ આપીએ ને તેમના જેટલી જ દૃઢતા હોય તો આપણે તેનું અનુકરણ કરીએ.

[મૂળ ગુજરાતી]

નવજીવનનો વધારો, ૫–૬–૧૯૨૪

## ૧૦૩. ટાઇમ્સ ઑફ઼ ઇન્ડિયાને મુલાકાત

[સાબરમતી આશ્રમ,
જૂન ૫, ૧૯૨૪]

આજે બપોર પછી શ્રી ગાંધીએ ટાઇમ્સ ઑફ઼ ઇન્ડિયાના ખાસ ખબરપત્રીને સાબરમતી આશ્રમમાં મુલાકાત આપવાનું સૌજન્ય દાખવ્યું હતું. આ મુલાકાત મિ. અર્નેસ્ટ ડે[2]ના ખૂની ગોપીનાથ સહાની "દેશભક્તિ"ને બિરદાવતા બંગાળ પ્રાંતિક પરિષદે પસાર કરેલા આશ્ચર્યજનક ઠરાવ અંગે હતી. શ્રી દાસ અને એમના અનુયાયીઓએ જે ઠરાવને અનુમોદન આપ્યાનું કહેવાય છે, એના મુખ્ય હેતુને ખૂબ જ આકરા શબ્દોમાં વખોડી કાઢતાં શ્રી ગાંધીને સંકોચ થયો નથી. પરંતુ શ્રી દાસનાં પગલાં અંગે ખુદ એમની પાસેથી એમના વિચારો જાણ્યા વિના તેઓ કશો અભિપ્રાય આપવા તૈયાર નહોતા.

શ્રી ગાંધીને મારો પ્રથમ પ્રશ્ન હતો: "હું માનું છું કે મિ. અર્નેસ્ટ ડેના ખૂન સંબંધમાં શ્રી દાસે બંગાળ પ્રાંતિક પરિષદમાં લીધેલા વલણ વિષે કલકત્તાથી આવેલો તાર આપે વાંચ્યો હશે. એમાં એમ લખ્યું છે કે શ્રી દાસ અને એમની મંડળીએ મિ. ડેનું ખૂન કરવાના ગોપીનાથ સહાના કૃત્યને વખોડી કાઢ્યું પણ સાથે સાથે તેની દેશભક્તિને અંજલિ આપી અને એના ઉદ્દેશને ઉમદા અને પ્રશંસનીય ગણી એનાં વખાણ કર્યાં. તો હું આપને પૂછું છું કે આ બાબતમાં આપનો અભિપ્રાય શ્રી દાસના અભિપ્રાય જેવો જ છે?

શ્રી ગાંધીએ જવાબ આપ્યો:

શ્રી દાસનો અભિપ્રાય શો છે તે હું જાણતો નથી. તમે મને બતાવેલા ઍસોસિયેટેડ પ્રેસના તાર સિવાય આ બાબતમાં મેં બીજું કશું વાંચ્યું નથી. એટલે જો મારે એવા કાલ્પનિક પ્રશ્નનો જવાબ આપવાનો હોય કે એક માણસ બીજા માણસનું ખૂન કરે, અને એમાં એનો ઉદ્દેશ ઘણો પ્રશંસનીય હોય, તો એવા ખૂનને હું વાજબી ગણું કે કેમ, તો એ વિષે મારો પોતાનો

૧. ૧૯૨૦ના ડિસેમ્બરમાં ભરાઈ હતી.

૨. સરકાર સાથે સંબંધ ધરાવતો એક અંગ્રેજ. એને એક મોટા પોલીસ અધિકારી માનીને એનું ખૂન કરવામાં આવ્યું હતું.

Gandhi Heritage Portal

અભિપ્રાય હું તમને આપી શકું. મારો જવાબ ભારપૂર્વક નામાં જ હશે. મને પુછાયેલા એ પ્રશ્નનો હું જાણીજોઈને સીધો જવાબ આપતો નથી, તેનું કારણ એ છે કે મોટી પરિષદોની કાર્યવાહીઓના તારથી મોકલાયેલા ટૂંકા હેવાલો તટસ્થ વ્યક્તિઓએ મોકલ્યા હોય તોપણ તેમાં મને વિશ્વાસ બેસતો નથી. એટલે બંગાળ પરિષદે શું કર્યું છે અને શ્રી દાસ શું બોલ્યા છે તે હું જાણું નહીં ત્યાં સુધી એમનાં પગલાં વિષે કંઈ પણ અભિપ્રાય આપવાની મારે ના જ પાડવી જોઈએ. વાત તો એવી છે કે જૂહુમાં હું તેમને મળ્યો ત્યારે તેઓ કહેતા હતા કે મારી વિરુદ્ધમાં કંઈ પણ કહેવામાં આવે તે આપે માનવું નહીં, કેમ કે મને હલકો પાડવા માટે હાલમાં મારી સામે એક કાવતરું ચાલી રહ્યું છે.

પ્ર.: આપને એમ લાગે છે ખરું કે બંગાળનો ઠરાવ નૈતિક અથવા રાજકારણી ધોરણે, અથવા તો આપના અહિંસાના સિદ્ધાંતની દૃષ્ટિએ વાજબી ઠરાવી શકાય?

શ્રી ગાંધી: હું એમ માનું છું કે કોઈ પણ ખૂન અહિંસાના મારા પોતાના અંગત સિદ્ધાંત સાથે સુસંગત હોઈ શકે નહીં. રાજદ્વારી ખૂનને નૈતિક કે રાજદ્વારી દૃષ્ટિએ વાજબી ઠરાવી શકાય કે કેમ એ પ્રશ્નનો જવાબ દરેક જણે પોતે જ પોતાની જાતને આપવો જોઈએ. હું એવા અનેક હિંદી તેમ જ યુરોપિયન સજ્જનોને ઓળખું છું જેઓ માને છે કે રાજદ્વારી હેતુઓ માટે કોઈ વ્યક્તિનો જાન લેવો એ નીતિના ઉચ્ચતમ સિદ્ધાંત પ્રમાણે વાજબી છે. કહેવાની જરૂર નથી કે એ માન્યતાથી હું સંપૂર્ણ રીતે જુદો પડું છું.

પ્ર. આ ઠરાવની લોકોના મન પર, ખાસ કરીને અભણ અને અજ્ઞાન વર્ગના લોકોના મન પર કેવી અસર થશે? આપ શું માનો છો?

શ્રી ગાંધીએ કહ્યું કે શ્રી દાસના અભિપ્રાય વિષે તો જ્યાં સુધી એમનું મંતવ્ય એમની પોતાની પાસેથી જાણવા મળે નહીં ત્યાં સુધી કશું કહી શકાય નહીં. પરંતુ ઠરાવનો પાઠ મને બતાવ્યો તે જ હોય તો તો હું જરૂર કહીશ કે એ કમનસીબ છે અને કૉંગ્રેસના સિદ્ધાંત સાથે અસંગત છે. હું એ પણ કબૂલ રાખું છું કે આવો ઠરાવ અજ્ઞાન લોકોને ગેરમાર્ગે દોર્યા વિના રહી શકે નહીં.

પ્ર. બંગાળ પ્રાંતિક પરિષદના ઠરાવની પાછળ રહેલા નૈતિક સિદ્ધાંતને હિંદુસ્તાનનો કોઈ પણ રાજકીય પક્ષ સ્વીકારે તો તેનાથી દેશનું હિત સધાય એમ આપ માનો છો?

શ્રી ગાંધી: ઠરાવ કેવી જાતનો છે તે હું બિલકુલ જાણતો નથી. તમે મને જે તાર બતાવ્યો તેમાં એ ઠરાવના મૂળ શબ્દો નથી. તેમ છતાં એ તારમાં આપેલો સારાંશ જો સાચો હોય તો એનો અર્થ સમજવાનું મારે માટે મુશ્કેલ છે, કેમ કે જો ગોપીનાથ સાહાનું કૃત્ય નિંદ્ય હતું, અને મારી નમ્ર માન્યતા મુજબ એ નિંદ્ય હતું જ, તો પછી એ કૃત્ય ઉપરાંત એમાં બીજી દેશદાઝ શી હતી જેને અંજલિ આપવાલાયક ગણવામાં આવી? એટલે ગોપીનાથ સાહાને અપાયેલી અંજલિ પાછળ રહેલા નૈતિક સિદ્ધાંતને કોઈ પણ રાજકીય પક્ષ માન્ય રાખે એવી શક્યતા હું કલ્પી શકતો નથી.

પ્ર.: કૉંગ્રેસનું અત્યારનું બંધારણ જોતાં એ આવા સિદ્ધાંતને મંજૂર રાખે એમ આપ માનો છો?

શ્રી ગાંધી: ના.

પ્ર. ગોપીનાથ સહા જેવા ખૂનીઓને આપ દેશભક્તો કહેશો?

શ્રી ગાંધી: ગોપીનાથ સાહા જેવા ખૂનીઓને હું દેશભક્તો કહું ખરો, પણ "ખોટે રસ્તે દોરનારા" એવું અનિવાર્ય વિશેષણ લગાડ્યા વિના નહીં. એમનો સ્વાર્થત્યાગ, મૃત્યુ પ્રત્યેની

Gandhi Heritage Portal

એમની બેપરવાઈ અને એમનો દેશપ્રેમ, મને લાગે છે કે શંકાથી પર ગણવાં જોઈએ. પરંતુ એ જ કારણે, એમને ખોટે રસ્તે દોરનારા દેશભક્ત કહેવાની સાથે સાથે, હું એમનાં કૃત્યોને આકરામાં આકરા શબ્દોમાં તિરસ્કારું અને એમના હેતુઓની તારીફ કરનારા ઠરાવો પસાર કરવામાં ભાગ ન લઉં. આપણે તો લોકોનાં કૃત્યોને જ મૂલવી શકીએ એટલે જો એ કૃત્યો ખરાબ હોય અને સમાજને હાનિકારક હોય તો એની પાછળના આશયને અંજલિ આપવાનું આપણને પાલવે નહીં. મારા નમ્ર મત પ્રમાણે આ દુનિયામાં વધારેમાં વધારે નુકસાન એવા લોકોને હાથે થાય છે જેમના આશય સારા હોય છે, પણ જેઓ એ આશયો માટે ખરાબ કૃત્યો કરતાં અચકાતા નથી. લોકોમાં જમાનાઓથી એવી ખોટી માન્યતા ઘર કરી બેઠી છે કે સાધ્ય સારું હોય તો સાધન ગમે તેવું ચાલે. મને દીવા જેવું સ્પષ્ટ દેખાય છે કે સાધ્ય અને સાધન વચ્ચે કોઈ ભેદરેખા દોરી શકાતી નથી અને સાધ્ય તો સાધનનું જ સીધું પરિણામ હોય છે. આ કારણે જ હું આજની શાસનપ્રથાનો તેમ જ એ પ્રથાને એનાં પોતાનાં હથિયારો વડે, એટલે કે સારાં કે બૂરાં સાધનો વડે ઊથલાવી નાખવા યોજાતી પ્રવૃત્તિઓનો મારી પૂરી તાકાતથી વિરોધ કરી રહ્યો છું.

બંગાળમાં રાજકીય ગુના શરૂ થયા એ જમાનાની હું આપને યાદ આપી શકું? પરદેશમાં એક એવી છાપ છે કે આપની અહિંસક અસહકારની ચળવળ શરૂ ન થઈ હોત તો બંગાળના અરાજકતાવાદીઓની પ્રવૃત્તિઓ ચાલુ જ રહી હોત. કહેવાય છે કે આ ચળવળને કારણે એ પ્રવૃત્તિઓ સ્થગિત કરવામાં આવી હતી. પરંતુ આપ જેલમાં ગયા પછી અસહકારની ચળવળનો પ્રભાવ એટલો ઘટી ગયો કે બંગાળના ક્રાંતિવાદીઓએ એમની પ્રવૃત્તિઓ પાછી ચાલુ કરી દીધી છે. હું આપને એમ પૂછું છું કે વસ્તુસ્થિતિનું આ સાચું મૂલ્યાંકન છે એમ આપ માનો છો?

શ્રી ગાંધી: હું જરૂર એમ માનું છું કે બંગાળમાં અરાજકતાવાદ ઠંડો પડયો તેનું કારણ અહિંસક અસહકાર આવ્યો એ જ હતું, કેમ કે કોઈ પણ અરાજકતાવાદી જેટલો સ્વાર્થત્યાગ કરી શકે તેટલા જ સ્વાર્થત્યાગની અસહકારમાં પણ જરૂર હતી. હું એ પણ માનું છું કે ક્રાંતિવાદી હિંસક પ્રવૃત્તિઓ ફરી શરૂ થયાનાં જે ચિહ્નો દેખાય છે તેનું કારણ એવી માન્યતા છે કે અહિંસા નિષ્ફળ નીવડી છે.

મિ. ગાંધી, બંગાળમાં રાજદ્વારી ગુના રોકવા તથા એ પ્રાંતના યુવાનોને વિચારમાં તેમ જ આચારમાં આપના અહિંસાના સિદ્ધાંત તરફ વાળી લેવા કોઈ વ્યવહારુ ઉપાયો આપ વિચારો છો ખરા?

શ્રી ગાંધી: હા, ગેરમાર્ગે દોરવાયેલા મારા આ દોસ્તોની પ્રવૃત્તિઓ રોકવાના ઉપાયો હું જરૂર વિચારી રહ્યો છું. દોસ્તો શબ્દ હું ઇરાદાપૂર્વક વાપરું છું, કેમ કે એમને પ્રેરણા આપનારી આત્મબલિદાનની ભાવનાનાં વખાણ કરવામાં મને કોઈ આંબી શકે એમ નથી. પણ હું જાણું છું કે એમની પ્રવૃત્તિ દેશને પારાવાર નુકસાન કરે છે. અંગ્રેજી શાસનને અશક્ય બનાવવામાં સફળ નીવડે તોપણ એ હિંદુસ્તાનને કદી સ્વરાજ આપી શકે તેમ નથી. મારી ખાતરી થયેલી છે કે હિંદુસ્તાનની મૂળ પ્રકૃતિ અહિંસક અને નમ્ર છે. એટલે આ દેશમાં હિંસાને પાંગરવા માટે વાતાવરણ અનુકૂળ નથી. અને ઈશ્વર જો મને તંદુરસ્તી બક્ષશે તો આ અરાજકતાવાદી પ્રવૃત્તિઓને પહોંચી વળવા અને સ્વરાજ મેળવવાની મારી યોજનામાં શુદ્ધ અને કસોટી કરનારાં બલિદાન માટે ધારવા કરતાં વધારે અવકાશ છે એવું અરાજકતાવાદીઓને બતાવી આપવા

Gandhi Heritage Portal

શક્તિમાન થવાની હું આશા રાખું છું; અને તેઓ જો મને માત્ર ઉત્સાહભર્યો સાથ આપશે તો તેઓ કેવળ તેમના હેતુઓ માટે જ નહીં પણ તેમનાં કાર્યો માટે પણ ધન્યવાદને પાત્ર થશે, અને એ કાર્યો એવાં હશે કે દેશનો અદનામાં અદનો માણસ પણ જરાય સંકોચ વિના અને બીજા કોઈને કશા જોખમમાં મૂકયા વિના એનું અનુકરણ કરી શકશે.

આ પછી મુલાકાતીએ બીજો વિષય છેડયો. એ વિષય હતો મધ્ય પ્રાંતના સ્વરાજવાદીઓનો બળવો. એણે કહ્યું, આનો પુરાવો એ છે કે ડૉ. મુંજેએ એવી મતલબનું નિવેદન કર્યું છે કે મધ્ય પ્રાંતના સ્વરાજવાદીઓ હવે શ્રી ગાંધીનો કૉંગ્રેસ પરનો કાબૂ તોડવા પોતાની તમામ તાકાત એકાગ્ર કરવાના છે અને કૉંગ્રેસમાં હવે યાદવાસ્થળી થયા વિના રહેવાની નથી. તો આપને એમ લાગે છે ખરું કે મધ્ય પ્રાંતની બહારના સ્વરાજવાદીઓ પણ ડૉ. મુંજેના વિચારો સાથે વત્તેઓછે અંશે સંમત થયા છે? અને સ્વરાજવાદીઓ આપના સિદ્ધાંત અને કાર્યક્રમની વિરુદ્ધ ચારે બાજુથી બળવો પોકારશે એવી આગાહી આપ કરો છો? એવું હોય તો સ્વરાજવાદીઓ પ્રત્યેની આપની તટસ્થતાની નીતિ છોડીને આપ એમની વિરુદ્ધમાં પ્રચાર આરંભશો ખરા?

શ્રી ગાંધી: બીજા ઘણા સ્વરાજવાદીઓ ડૉ. મુંજેના વિચારો સાથે સંમત થયા છે કે કેમ તે હું કહી શકતો નથી. પણ તેઓ સંમત થયા હોય કે ન હોય, મારા પેટનું પાણી હાલતું નથી, કારણ કે એવું થશે તો બેમાંથી એકેય પક્ષની આબરૂ જવાની નથી, અને તે એટલા જ કારણસર કે કોઈ પણ "યાદવાસ્થળી"માં હું ભાગ લેવા માગતો નથી. આવી જાતનો ઝઘડો ચલાવવા માટે કંઈ નહીં તો બે પક્ષોની જરૂર પડે છે, જ્યારે રાજકીય કાર્ય કરવાની મારી યોજનામાં આવા ઘર્ષણથી હમેશાં દૂર રહેવાની વાત રહેલી હોય છે. મેં જે કહ્યું છે કે બંને પક્ષના હિત ખાતર કૉંગ્રેસની કારોબારી સમિતિઓ પર મારો એકહથ્થુ કાબૂ હોવો જોઈએ, એ મારા કથનના શબ્દેશબ્દને હું વળગી રહું છું. એટલે જો હું સ્વરાજવાદીઓમાં કૉંગ્રેસ કારોબારીઓનો કબજો લેવાની સહેજ પણ દાનત જોઈશ તો હું પોતે તો એ વાતનો વિરોધ નહીં જ કરું પરંતુ એમને કૉંગ્રેસ કારોબારીઓનો કબજો લેવા દઈશ. પછી હું કૉંગ્રેસની બહાર એક સંસ્થા રચીશ અને કૉંગ્રેસના કાર્યક્રમમાં માનનાર લોકોને કૉંગ્રેસની બહાર રહીને એનો અમલ કરવા આમંત્રણ આપીશ. આમ કોઈ પણ સંજોગોમાં હું સ્વરાજવાદીઓ સાથેનું ઘર્ષણ ટાળીશ. એટલે સ્વરાજવાદીઓ વિરુદ્ધ કશો પ્રચાર કરવાની મારે જરૂર રહેશે નહીં.

[મૂળ અંગ્રેજી]

टाइम्स ऑफ इन्डिया, ૯–૬–૧૯૨૪

Gandhi Heritage Portal

## ૧૦૪. મથુરાદાસ ત્રિકમજીને[1] પત્ર

[જૂન ૬, ૧૯૨૪][2]

તમારો કાગળ ક્રિસ્ટોદાસ[3] ઉપરનો વાંચ્યો. યંગ ઇન્ડિયામાં લેખ જોશો. મહાસમિતિના સભ્યો જો કાંતવાની શક્તિ ઉપર શ્રદ્ધા રાખતા હોય તો તેઓએ જરૂર કાંતવું જોઈએ. સભામાં[4] હું વાદવિવાદ તો થવા દેવાનો જ નથી. મારી સૂચનાઓ સહુને કબૂલ નહીં હોય તો હું કંઈ ત્યાં દલીલ કરવા બેસવાનો નથી.

[મૂળ ગુજરાતી]

बापुनी प्रसादी

## ૧૦૫. વસુમતી પંડિતને પત્ર

સાબરમતી,

જેઠ સુદ ૫ [જૂન ૭, ૧૯૨૪][5]

ચિ. વસુમતી,

તમારા કાગળની રાહ જ જોઈ રહ્યો હતો. હવે તબિયત સારી થઈ હશે. મને તાપ લાગતો જ નથી. રાતે તો ઘણી જ સરસ ઠંડક રહે છે. અક્ષર શાહીથી લખવાની ટેવ રાખો ને સારામાં સારા. કંઈ પુસ્તક અથવા બીજી વસ્તુ જોઈએ તો મંગાવજો. તબિયત ખૂબ સુધારજો. મણિની[6] તબિયત ઠીક. રાધા એમ જ છે. કીકીબહેન ઠીક ગણાય.

બાપુના આશીર્વાદ

રામદાસ ને પરભુદાસ[7] આબુ ગયા છે. પાંચેક દહાડા પછી ફરશે.

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની નકલ પરથી: સી. ડબલ્યુ. ૪૪૩ શ્રીમતી વસુમતી પંડિતના સૌજન્યથી

૧. ૧૮૯૪–૧૯૫૧; ગાંધીજીની ઓરમાન બહેનના પૌત્ર; મુંબઈની પ્રાંતિક કૉંગ્રેસ સમિતિના મંત્રી, ૧૯૨૨–૨૩; મુંબઈ મ્યુનિસિપલ કૉર્પોરેશનના સભ્ય, ૧૯૨૩–૨૫ અને પછીથી તેના મેયર.

૨. છાપેલ મૂળમાં આ પ્રમાણે છે.

૩. ગાંધીજીના મંત્રી.

૪. અખિલ હિંદ કૉંગ્રેસ સમિતિની બેઠક; આ બેઠક અમદાવાદમાં ૧૯૨૪ના જૂનની ૨૭મીથી ૩૦મી સુધી મળી હતી.

૫. પત્રમાં મણિ, રાધા અને કીકીબહેનની તબિયત અંગે ઉલ્લેખ હોવાથી પત્ર ૧૯૨૪માં લખાયો હોય એમ લાગે છે. ૧૯૨૪ના માર્ચ-એપ્રિલ દરમ્યાન લખાયેલા કેટલાક પત્રોમાં આવા જ ઉલ્લેખો છે. એ વરસે જેઠ સુદ ૫ જૂનની ૭મીએ હતી.

૬. મણિબહેન પટેલ.

૭. છગનલાલ ગાંધીના પુત્ર.

Gandhi Heritage Portal

# ૧૦૯. કાઠિયાવાડ રાજકીય પરિષદનું ધ્યેય

એક મિત્રે કાઠિયાવાડ રાજકીય પરિષદ વિષે લાંબો કાગળ લખ્યો છે તેમાંથી નીચેનાં વાક્યો[1] ઉતારું છું :

મારી દૃષ્ટિએ કાઠિયાવાડ રાજકીય પરિષદનું ધ્યેય આ હોવું જોઈએ :

૧. પ્રત્યેક રાજ્યમાં રાજ-પ્રજાનો સંબંધ લોકોપકારી નીવડે એવાં પગલાં ભરવાં.

૨. પ્રત્યેક રાજ્યો વચ્ચે ને પ્રત્યેક રાજ્યની પ્રજા વચ્ચેનો સંબંધ નિકટ અને પરસ્પર લાભદાયી થાય એવાં પગલાં ભરવાં.

૩. કાઠિયાવાડ સમસ્તની પ્રજાની આર્થિક, રાજકીય અને નૈતિક ઉન્નતિ થાય એવાં પગલાં ભરવાં; પરિષદનું દરેક કાર્ય શાંતિ અને સત્યને જ માર્ગે કરવું.

રાજાઓને સરકારના નિયંત્રણથી મુક્ત કરવાનો બોજો પરિષદ ન જ ઉપાડી શકે. એવું ધ્યેય રાખે તો રાજાપ્રજા બંનેને નુકસાન થાય. રાજાઓ સરકારના ખંડિયા છે, તેઓ એવી પરિષદ ભરવાની રજા ન આપી શકે, એટલું જ નહીં પણ તેઓને સ્વતંત્ર કરવાની હિલચાલ તેમને પસંદ પડે તોપણ તેઓએ તેની સામે જ થવું જોઈએ. એટલે રાજાઓ પોતે પોતાની સ્વતંત્રતાને ધ્યેય માની તેને સારુ જાહેર પ્રવૃત્તિ ન કરે અથવા ન કરી શકે ત્યાં સુધી એ દિશામાં પ્રજાનો બધો પ્રયત્ન હું નિરર્થક ને હાનિકારક જ સમજું.

રાજાઓના જુલમની સામે જાહેર મત કેળવવાનું કાર્ય તો પરિષદનું હોવું જ જોઈએ, તેનો સમાવેશ પહેલી કલમમાં થાય છે.

પ્રત્યેક રાજ્યની પ્રજા પોતાના સ્થાનિક સવાલોનો ચુકાદો ભલે કરે. પણ કાઠિયાવાડ એક પ્રજા છે એટલે તેને સમગ્ર પ્રજાની પરિષદ ભરવાનો અધિકાર છે ને તેની એ ફરજ પણ છે. સમગ્ર પરિષદ આખી પ્રજાને સામાન્ય એવા પ્રશ્નો ચર્ચી શકે એટલું જ નહીં પણ સ્થાનિક સવાલોમાં પણ હાથ નાખી તેમાં સમસ્ત પ્રજામત બાંધી તે મતની મદદ સ્થાનિક સવાલમાં આપી શકે.

રાજકીય શબ્દનો બહોળો અર્થ હું પાછલા અંકોમાં સમજાવી ગયો છું, તે જ ખરો અર્થ છે એમ માનું છું. પરિષદે લોકપ્રિય કાર્ય હજુ હવે કરવાનું છે. લોકપ્રિયતાનો અર્થ એટલો જ નહીં કે લોકો સભામાં આવતા થઈ જાય, તેનો અર્થ એ કે લોકો પરિષદની મારફતે પોતાના દુ:ખનું નિવારણ શોધે અને પરિષદની સલાહને અનુસરે. આ કામ થવા પહેલાં પરિષદના કારભારી-ઓએ લોકસેવા કરવી જોઈએ, ગામડાંઓમાં પ્રવેશ કરવો જોઈએ ને લોકોના જેવા ગરીબ અને સાદા થવું જોઈએ.

રાજ્યના દુશ્મન ન બનવું જોઈએ. રાજાઓની સાથે આપણો અસહકાર નથી. રાજાઓની આશા આપણે છોડી બેઠા નથી. હું તો નથી જ છોડી બેઠો. કેટલાક રાજાઓના જુલમથી હું અજાણ્યો નથી. તેઓના અનિયમિત અને અતિશય ખર્ચથી હું અકળાયો છું. તેઓને દેશવાસ કરતાં યુરોપવાસ પસંદ છે એ ભયંકર વાત છે. પણ તેને સારુ હું તેઓનો દોષ નથી કાઢતો.

૧. આ વાક્યો અહીં આપ્યાં નથી.

Gandhi Heritage Portal

અંગ્રેજી રાજ્યપદ્ધતિનું આ પણ એક ફળ છે. બચપણથી રાજાઓ છેક પરાધીન છે. તેમના વાલી અંગ્રેજ શિક્ષકો વગેરે બને છે. તેઓને હુકમ હોય છે કે તેઓ રાજાઓને અંગ્રેજ જેવા બનાવે, અંગ્રેજી શાસનનો શોખ પેદા કરાવે ને બધું અંગ્રેજી ગમાવડાવે. યુરોપ પ્રત્યેનો આવો પક્ષપાત આપણે ધનાઢ્ય વર્ગમાં પણ ઘણાઓમાં જોઈએ છીએ, તે જ જરા વધારે અંશે રાજાઓમાં જોઈએ છીએ. બંનેમાં આ પરદેશપ્રેમનું કારણ એક જ છે. મારો દૃઢ અભિપ્રાય છે કે જો કાઠિયાવાડમાં એટલે દેશી રાજ્યોમાં પ્રજામત કેળવાય, દૃઢ થાય ને નિર્ભય થાય તો આપણા રાજાઓ પ્રજામતને તુરત નમે.

રાજાઓમાં ઘણી એબો છતાં હું તેઓને સરળ માનું છું. તેમને ઈશ્વરનો ડર હોય જ છે. પ્રજામતનો ખૂબ ડર હોય છે. આ બંને મારા જાતિ અનુભવ છે. પણ જ્યાં પ્રજામત છે જ નહીં અથવા પ્રજામાં કેવળ ખુશામતિયા જ છે ત્યાં રાજા બિચારા શું કરે? તેમને તેમની ખોડ બતાવનાર, કડવું સંભળાવનાર કોઈ ન હોય એટલે તેઓ છેક નિરંકુશ બને છે અને તેમાં વળી તેમને સરકારની મદદ મળે એટલે પ્રસંગ તેમનો વેરી બને છે ને તેમની અવનતિ કરે છે. રાજાઓનો જુલમ કેટલોક અણઘડ હોય છે એ ખરું. એ જુલમ આપણને ત્રાસદાયક લાગે છે ત્યારે સરકારનો જુલમ સુધરેલો ગણાઈ એટલો અસહ્ય નથી લાગતો. વળી સરકારની સીધી સત્તા નીચે લોકમતની ને ઘણા સાથીઓની હૂંફ હોય છે ત્યારે દેશી રાજ્યોમાં હજુ થોડા જ માણસો હિંમતવાન નીકળે છે એટલે તેમને દબાવવા એ રાજાઓને સહેલું થઈ પડે છે. એમ છતાં હું માનું છું કે જો વિનયવાન, નમ્ર, સુશીલ અને વિવેકદૃષ્ટિવાળા થોડા લોકસેવકો પેદા થાય તો રાજાઓ તેઓને નમશે અને તેમનું એ નમન ડરને લીધે નહીં પણ ગુણને જ લીધે હશે.

રાજાઓ પ્રત્યે પ્રથમ વહેમથી જ શરૂઆત કરીએ, તેમનું બૂરું જ બોલવાનો વિચાર રાખીએ, સારું કંઈ ભાળવાની જ ના પાડીએ, એટલે આપણે પહેલેથી જ રાજાના ચોપડાના ઉધારપાસામાં દાખલ થઈએ. પછી જમેપાસા પર ચડતાં બહુ પરિશ્રમ પડે.

આમાં કોઈ એમ ન સમજે કે હું ભીરુતાને ઉત્તેજન આપી રહ્યો છું. હું ઉદ્દંડતા વચ્ચે અને નમ્ર નિર્ભયતા વચ્ચેનો ભેદ બતાવી રહ્યો છું. આંબો જેમ વધે તેમ નમે છે. તે જ રીતે બળવાનનું બળ જેમ વધતું જાય તેમ તેમ તે નમ્ર થતો જાય; તેમ તે ઈશ્વરનો ડર વધારે રાખતો જાય.

[મૂળ ગુજરાતી]

**નવજીવન**, ૮–૬–૧૯૨૪

Gandhi Heritage Portal

# ૧૦૭. મારા વિચારો

એક ભાઈ કોઈ જૈન મુનિનો મારા વિચારો વિષેનો અભિપ્રાય મોકલે છે, ને તે વિષે હું કંઈક લખું એમ ઇચ્છે છે. મુનિના અભિપ્રાય અને તે ઉપરની મારી ટીકા કલમવાર નીચે આપું છું:

૧. ગાંધીના વિચારો સંપૂર્ણ રીતે પાર પડે તો જૈન ધર્મને હાનિકારક છે.

મારા વિચારો પાર પડે તો જગતનું કલ્યાણ જ થાય એવી મારી ખાતરી છે. ને જગતનું કલ્યાણ જૈન કે બીજા કોઈ ધર્મને હાનિકારક હોય જ નહીં. અહિંસા એટલે પ્રેમ. કેવળ પ્રેમથી જ સુધારો કરવાની પદ્ધતિમાં હાનિ કેમ સંભવે?

૨. ખાદીથી અંત્યજોને લાભ છે. પણ જૈનોને તો અતિ નુકસાન જ છે.

આ અભિપ્રાય ન સમજાય તેવો છે. અંત્યજ કોઈ દહાડો શ્રાવક નહીં જ થઈ શકતા હોય? વળી શ્રાવકને નુકસાનનો અર્થ એટલો જ હોઈ શકે કે જૈનો જે પરદેશી કાપડનો વેપાર કરે છે તે ભાંગી પડવાનો ભય હોય. પણ એ વેપાર ભાંગી પડે તો જૈનો બીજો વેપાર કરી શકે છે. ખાદીનો જ વેપાર કાં ન થાય? જૈનો સિવાય બીજા પણ પરદેશી કાપડનો વેપાર કરનારા છે. વળી છેવટ તો દોષિત વેપાર ભાંગે એ ધાર્મિક દૃષ્ટિએ ઇચ્છવાયોગ્ય જ ગણાય.

૩. વેપારી ગમે તે કાર્ય કરે તેથી તેને પાપ લાગતું જ નથી.

આ જૈન ધર્મ ન હોય. આવો વિચાર એક પણ ધર્મમાં મેં જાણ્યો નથી.

૪. ગાંધીનાં સ્તુતિવર્ણનોમાં ઘણી અતિશયોક્તિ છે. મહાવીર જેવાના ગુણોનું આરોપણ એનામાં ન જ કરવું ઘટે.

આ અભિપ્રાયને હું તદ્દન મળતો આવું છું. મારી સ્તુતિ કરવાનું છોડી સ્તુતિકારો કેવળ પોતાના કર્તવ્યમાં મચ્યા રહે તો એ મારી ભારે સ્તુતિ કરી ગણાય. ને તેમાં અતિશયોક્તિ કે બીજો કંઈ જ દોષ ન આવે.

૫. અંત્યજ ગમે તેવો પવિત્ર થાય છતાં તે અંત્યજ જ છે.

આ વિચારમાં નથી ધર્મ કે નથી વિવેક.

૬. ગાંધી પોતાને ચુસ્ત વૈષ્ણવ ગણાવે છે તેનો આશય જુદો છે. ગાંધીના બધા વિચારો પાર પડે તો બધા ધર્મનો નાશ થાય. ગાંધી દાંભિક છે.

મારા બધા વિચારોનો પૂરો અમલ થાય તો બધા ધર્મની અભિવૃદ્ધિ થાય અને ધાર્મિક ઝઘડાઓનો સર્વથા નાશ થાય એમ હું તો માનું છું. હું દાંભિક નથી એવું મારું પ્રમાણપત્ર કોણ કબૂલ કરે? એટલે દાંભિકપણાના આરોપનો ખરો ઉકેલ તો મારા મરણ પછી જ થાય.

આ ઉપરાંત બીજા આરોપો પણ મારી ઉપર મુકાયા છે, પણ મેં તેમાંના મુખ્ય જ ઉપર આપ્યા છે. જે ભાઈએ ઉપરના આરોપો મોકલ્યા છે તેમને અને બીજા જેઓને મારું કાર્ય પસંદ છે તેઓને હું સલાહ આપું છું કે તેઓએ મારા વિચારોના શાબ્દિક બચાવોમાં પડવું જ નહીં. ન પડવું એ મારા વિચારને અમલમાં મૂક્યા બરોબર છે. મારા વિચારને અનુસરનારાએ તો આપણી ગામડિયા કહેવત યાદ રાખવી "આપણે તો તેલ સાથે કામ છે, ટપ ટપ સાથે નથી."



Gandhi Heritage Portal

આરોપોના જવાબો આપવાથી દ્વેષ પેદા થાય, વખતનો ક્ષય થાય ને એકબીજા વિકારવશ થાય તે જુદું. વળી એમ પણ આપણે સમજવું જોઈએ કે દ્વેષ જ છે એમ માનવાનું પણ કારણ નથી. મારા દોષ જોનારા ઘણા કેવળ પ્રામાણિકપણે માને છે કે મારાં ઘણાં કાર્યોથી દેશને નુકસાન જ પહોંચે છે. ન્યાય તો એ છે કે જે જે દોષ આપણા મિત્રો ઉપર મૂકવામાં આવે તેનું આપણે પૃથક્કરણ કરી જોવું ને તેમાં આપણને કંઈ યોગ્ય લાગે તો તે મિત્રની પાસે મૂકવું. માણસ પોતાના વિરોધી પક્ષની વાત સાંભળવા તૈયાર નથી રહેતો, પણ જ્યારે તેના મિત્રો તેને દોષ બતાવે ત્યારે જો તેનામાં જરાયે સરળ ભાવ હોય તો તે તુરત ચમકે છે ને વિચાર કરી આત્મનિરીક્ષણ કરે છે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૮–૬–૧૯૨૪

# ૧૦૮. મહાગુજરાતની ફરજ

આ સમય સહુની કસોટીનો છે. આપણે જેવા છીએ તેવા જગતને દેખાઈએ ને આપણે પોતાને દેખીએ તો આપણી અડધી લડાઈ આપણે જીત્યા એમ હું માનું. આપણી ખરી આંકણી જાણીએ ને જણાવીએ તો આગળ વધી શકીએ. પણ જે મનુષ્ય કે સમુદાય પોતે જેવો નથી તેવો દેખાય છે ત્યારે તે જગતને ને પોતાને છેતરે છે. તે આગળ તો વધ્યો જ નથી. ઝાંઝવાનાં નીર જેમ તરસ મટાડે નહીં ને તેની પાછળ દોડવું એટલે જેમ ફોગટ મહેનત કરવી, તેમ જ આપણે જેવા નથી તેવા દેખાવામાં વખતનો દુરુપયોગ જ છે.

મેં જેલ[1] જતી વેળા ચોમેર મિથ્યા દેખાવ જોયો ને હજુ હું જોયા કરું છું. તેમાંથી આપણે બધા નીકળી જઈએ એવા વિચારથી આવતી મહાસમિતિમાં[2] હું કેટલીક ચોખવટ ઈચ્છું છું. હું જાણું છું કે મહાસમિતિના સભાસદોની લોકમતથી ચૂંટણી થાય છે. મેં તેમાં ફેરફાર નથી સૂચવ્યો. મેં તો કાયદા વિના આપણે છીએ તેવા દેખાઈએ એવો માર્ગ ગ્રહણ કરવાની સૂચના કરી છે. અને તેથી જ સલાહ આપી છે કે જ્યાં સુધી ખિતાબો, સરકારી નિશાળો, અદાલતો, ધારાસભાઓ અને પરદેશી કાપડના બહિષ્કારનો મહાસભાનો ઠરાવ મોજૂદ છે ત્યાં સુધી તે બધી વસ્તુઓને વિષે જેમની શ્રદ્ધા ન હોય તેઓએ મહાસમિતિમાંથી નીકળી જવું જોઈએ.

મહાસભા શું કરે છે તે આપણે હવે પછી જાણીશું. ગુજરાત શું કરવા ધારે છે એ આપણે આજે જાણી શકીએ છીએ. દરેક પ્રાંત પોતાની સ્થિતિ સાફ કરી શકે છે, અને એમ કરવું એ દરેકની ફરજ છે.

મારી દૃષ્ટિએ મોટામાં મોટું રચનાત્મક કાર્ય રેંટિયો છે. સ્વરાજ મેળવવાની તેની શક્તિ વિષે જેમને વિશ્વાસ ન હોય તેઓ મહાસભામાં રહી શું કરી શકે? હા, તેઓ મહાસભાના મજકૂર ઠરાવને ફેરવી શકે અથવા ફેરવવાની કોશિશ કરી શકે. પણ જ્યાં સુધી એ ઠરાવ મોજૂદ છે ત્યાં લગી તેઓ મહાસભાનાં કારોબારી મંડળોથી અલગ રહે.

૧. ૧૯૨૨ના માર્ચમાં.

૨. આ બેઠક અમદાવાદમાં જૂનની ૨૭મીએ મળવાની હતી.

Gandhi Heritage Portal

પણ રેંટિયાની શક્તિ વિષે જો તેમને શ્રદ્ધા હોય તો તેમણે રેંટિયાશાસ્ત્રનો પાકો અભ્યાસ કરી લેવો જોઈએ ને સારામાં સારું સૂતર કાંતવાની તેનામાં શક્તિ હોવી જોઈએ. એટલું જ નહીં પણ તેણે થોડાઘણા સૂતરની મહાસભાને ભેટ કરવી જોઈએ. મારી માગણી તો દર માસે માત્ર દસ તોલા સૂતરની છે. એટલું સૂતર હમેશાં અરધો કલાક કાંતવાથી સહેજે મળી શકે.

આ કામ વેઠિયું થાય તો ફળદાયી નથી થવાનું. એમાં આપણને રસ હોય તો જ સારું થાય. રસ હોય તો તેનો શોખ વધે. જેને વધારે વખત બચે તે અરધા કલાકથી સંતોષ ન માને. અરધો કલાક એ ઓછામાં ઓછો વખત છે. વધારેમાં વધારે નથી ગણ્યો. જેટલી સ્થાયી સમિતિઓ છે તે કારોબારી સમિતિઓ છે. તેના સભાસદો બધા આ પ્રમાણે સૂતર કાંતે તો તેનો અર્થ શો થયો? જો ગુજરાતમાં એકેએક ગામમાં કારોબારી સમિતિ હોય તો દરેક ગામમાં સારા કાંતનારા આપણને મળ્યા. પરિણામે દરેક ગામ થોડી જ મુદતમાં ખાદીમય થઈ જાય. એકધારું પાકું સૂતર જ નથી મળતું. વણકર તો જોઈએ તેટલા છે. હિંદુસ્તાનનું દરેક ગામડું સૂતર કાંતતું થઈ જાય ને પોતાનાં કપડાં જાતે જ વણી લે તો કેટલો બધો લાભ થાય? દરેક જણે પેદા કરેલ સૂતરની કિંમત ભલે નજીવી હોય — સમુદાયની ઘણી થવા જાય. ટીપેટીપે સરોવર ભરાય. દરેક હિંદીની આવકમાં વર્ષે એક રૂપિયાનો વધારો થાય તો તેની અસર જણ દીઠ ઘણી થોડી થાય છે એ આપણે સમજી શકીએ; પણ તેના સરવાળામાં બહુ ભારે શક્તિ રહેલી છે. એક કીડી શું કરી શકે? પણ કીડીનું કટક શું ન કરી શકે? કટકની શક્તિનું મૂળ પ્રત્યેક કીડી છે. તે જ પ્રમાણે સમુદાયના કંતામણની શક્તિનું મૂળ કાંતનાર છે. આવો કાંતનારનો મહિમા છે.

પણ કોઈ એમ કહેશે: "સમુદાય કાંતે ત્યારે તો પ્રત્યેકના પરિશ્રમની કિંમત ખરી, પણ એક કે બેચાર કાંત્યા કરે તેમાં શું વળે?" આવો સવાલ ભૂલમાં રહેલાથી જ થાય. એક શરૂ ન કરે તો સમુદાય શું કરે? આજ લગી દુનિયામાં સુધારા સમુદાયે શરૂ નથી કર્યા પણ એકે જ કર્યા છે. બધું એકથી જ શરૂ થાય છે. એકડા વિના બધું કાચું જ તો! એકને લાંબી તપશ્ચર્યા કરવી પડે એ દેખીતું છે. એકનો અડગ વિશ્વાસ જ્યારે સમુદાય જુએ ત્યારે જ તેની ઉપર અસર થાય, અને જેમ અનેક સુધારાની કિંમત વધારે હોય તેમ તેના સામુદાયિક સ્વીકારમાં પણ વધારે વખત લાગે. સ્વરાજ મેળવવા જેવું મહાભારત કાર્ય અલ્પ તપશ્ચર્યાથી ન જ થાય.

આ વસ્તુ સમજનાર નિરાશ નહીં થાય. પણ જેમ સમુદાય તરફથી તેને ઉત્તર મળતાં વિલંબ થશે તેમ તેમ પેલા એકના ઉત્સાહમાં — તેના તપમાં — વધારો થશે. આ દૃઢ શ્રદ્ધાની સામે સમુદાયની ઉદાસીનતા ક્યાં સુધી ટકી શકે?

આ સમયે ગુજરાત પાસે મારી માગણી આવા રેંટિયા વિષે અડગ શ્રદ્ધાવાળાઓની છે. આ માસના અંત સુધીમાં તો દરેક કારભારીએ સુંદર રેંટિયો સંપાદન કરી લીધો હશે, ને કાંતવાનું શરૂ પણ કર્યું હશે એવી મારી ઉમેદ છે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૮–૬–૧૯૨૪

Gandhi Heritage Portal

# ૧૦૯. મારી નોંધ

## આગાખાની ભાઈઓ

હિંદુમુસલમાન ઐક્ય વિષેના મારા લેખથી[1] મારી ઉપર ટીકાઓનો વરસાદ વરસી રહ્યો છે. ઘણાને તે પસંદ પડી છે ને કેટલાકને તેથી ખૂબ ગુસ્સો પણ ચડ્યો છે. એમાંનું કંઈ કંઈ હું જરૂર જણાયે *નવજીવન*માં આપતો રહીશ. ખોજા ભાઈઓને પણ તેમની પ્રવૃત્તિ વિષેના મારા લખાણથી ખેદ થયો છે ને ગુસ્સો પણ ચડ્યો હશે. તેમણે મને કાગળ લખવાને બદલે મારી પાસે આવી જવાનું પસંદ કર્યું, તેથી હું તો ખૂબ રાજી થયો છું. તેમનું મન પણ સમજી શક્યો. તેઓ માને છે કે મારે તેઓને મળ્યા વિના કંઈ જ ટીકા નહોતી કરવી જોઈતી. મેં તેમને સમજાવ્યા છે કે આખા નિવેદનમાં મારે બંને પક્ષ રજૂ કરવાના હતા. તે રજૂ કર્યા છે ને જ્યાં મેં પોતે જાણ્યું નથી ત્યાં લખ્યું છે કે અમુક પ્રકારના આરોપ અમુક પ્રવૃત્તિને વિષે થાય છે. મેં તેમને જણાવ્યું છે કે તેમનાં પુસ્તકો જે મારી પાસે આવ્યાં છે તે હું જરૂર વાંચી મારો અભિપ્રાય જણાવીશ. અને જો મને લાગશે કે મને ખબર આપનારાઓએ મને આડો દોર્યો છે તો તે પણ હું કબૂલ કરીશ ને માફી પણ માગીશ. પણ જો મને ખબર આપનારે કહેલું છે તેવી જ છાપ તે લખાણોની મારા ઉપર પડે ને હું મને ખબર આપનારાઓની વાતમાં સંમત થાઉં તો તેઓએ દુ:ખ ન માનવું. મેં તેમને એ પણ જણાવ્યું છે કે નામદાર આગાખાન હિંદુ ધર્મના અર્થમાં અવતાર છે એમ મને ગળે ઊતરતું નથી. વળી "ઓમ્" શબ્દનો પ્રયોગ જે રીતે તેઓ કરે છે અને જેવી આકૃતિ તેઓ તેને આપે છે તે પણ મારી દૃષ્ટિએ હિંદુ ધર્મની વસ્તુઓ વિષે છૂટ લીધી ગણાય.

પણ તેઓ કહે છે તેવો જ તેમનો મત હોય તો તેઓએ શું કરવું? મેં જણાવ્યું કે તો તેઓએ તેની ઉપર ચુસ્ત રહેવું, ને મને મારા મત પ્રમાણે બોલવાલખવાનો અધિકાર આપવો. તેઓ વળી નિશ્ચયપૂર્વક કહે છે કે કોઈને પણ દુન્યવી લાલચો આપીને ખોજા કરવામાં આવતા જ નથી. આ સાંભળી હું અત્યંત રાજી થયો ને મેં તેમને કહ્યું છે કે મને ખબર આપનારાઓને હું આ વાત જણાવીશ ને તેઓ તેને પુરવાર નહીં કરે તો એ વાત પણ *નવજીવન*માં પ્રસિદ્ધ કરીશ. છેવટમાં તેઓ એમ પણ કહે છે કે *નવજીવન*ના વાંચનારને એવો આભાસ આવવાનો સંભવ છે કે નકલંકી અવતારની ખોજા ધર્મીઓની માન્યતા આજકાલની છે. હકીકત એમ છે કે નકલંકી અવતારની તેમ જ "ઓમ્" વિષેની તેઓની માન્યતા બહુ પુરાણા કાળથી છે અને તેઓની પાસે તેના પુરાવા છે.[2]

## એકલપેટાપણું

ત્રીજા વર્ગના ઘણા ઉતારુઓની ગંદી ટેવો વિષેની *નવજીવન*ની નોંધ[3] વાંચી એક ભાઈ લખે છે:[4]

૧. જુઓ "હિંદુમુસલમાન", ૨૯-૫-૧૯૨૪.

૨. આ લેખના આ ભાગનું અક્ષરશઃ ભાષાંતર *યંગ ઇન્ડિયા*, ૧૨-૬-૧૯૨૪ના અંકમાં "નોંધ", એ મથાળા નીચે આપવામાં આવ્યું હતું.

૩. જુઓ "મારી નોંધ", ૨૫-૫-૧૯૨૪.

૪. આ લખાણ અહીં આપ્યું નથી.

Gandhi Heritage Portal

આ ભાઈએ સાંકડા રસ્તામાં પડ્યા રહી અગવડ ભોગવી પણ પાછળથી તેમને મહેરબાની દાખલ આપવામાં આવેલી જગ્યા લેવાની તેમણે ના પાડી તેને સારુ તેમને ધન્યવાદ આપું છું. જેઓએ જગ્યા આપી તેઓ જો જરા પણ વિનય વાપરવા ઇચ્છત તો જેવા તે ભાઈ ડબ્બામાં ગયા તેવા જ તેને જગ્યા આપી દેવી જોઈતી હતી. વિવેક તો એ સૂચવે છે કે સાંકડ છતાંયે કોઈ ઉતારુ ચડી આવે તો તેને જગ્યા આપીએ. ખરી વાત એ છે કે આપણે હજુ કૌટુંબિક ભાવનાથી બહુ આગળ ગયા નથી. સગાને સારુ સાંકડ ભોગવવાનો ધર્મ આપણે શીખ્યા છીએ. ઓળખીતાને સારુ પણ કંઈ કરીએ ખરા. આ બંનેમાં કંઈ ગુણ નથી. એક ત્રીજો વર્ગ છે તેને સારુ પણ આપણે અગવડ ભોગવીએ છીએ. તે વર્ગ બળિયાનો. આમાં દોષ છે. પણ જે મુસાફર બિચારા ગરીબ હોય તેમની તો હોય એ પણ જગ્યા છીનવી લેવા આપણે તૈયાર થઈ જઈએ છીએ. જો પ્રજાભાવના કેળવવા ઇચ્છીએ તો આપણો ધર્મ છે કે આપણે ગરીબને તો પહેલી સગવડ કરી આપીએ. આપણો પાડોશી (ઓળખીતા ન હોય ત્યારે વિશેષે) ભૂખ્યો હોય તો તેને જમાડી જમીએ, તરસ્યો હોય તો તેને પાઈને પીએ, આપણી સગવડ જતી કરી તેને સગવડ કરી આપીએ. એવો રિવાજ માત્ર પ્રજાના માણસો તરફ જ રાખીએ તો તે પ્રજાભાવના થઈ અને મનુષ્યમાત્ર તરફ એમ વર્તીએ તો તે ધર્મભાવના થઈ. ધર્મ-ભાવના ન કેળવવી હોય તોયે પ્રજાભાવના તો કેળવીએ?

## જકાતની લીટી

ધોળકા તાલુકા પરિષદના[1] ઠરાવોમાંથી બે ઠરાવ વિશેષ ધ્યાન ખેંચનારા છે:

એક ઉપરથી માલૂમ પડે છે કે શિયાળ, બગોદરા ઇત્યાદિ ગામો નજીક જકાતની લીટી દોરવામાં આવી છે. સાંજથી સૂર્યોદય લગી આ દોરી ન ઓળંગી શકાય. આવો નિયમ ઘડનાર અમલદાર ખેડૂતોની જિંદગીથી તદ્દન અણજાણ અથવા તેઓની લાગણી તેમ જ સગવડને વિષે બેદરકાર હોવો જોઈએ. આ મુલકમાં ખેડૂતોની ઘણીખરી મુસાફરી રાતની જ થાય છે. સવારના બે વાગ્યા પછી ખેડૂત સૂતો જ નથી. સવારના તે ગાડું જોડે છે અથવા બીજી રીતે પોતાને કામે ચડે છે. આવી આદતવાળાને સારુ લીટીઓ દોરી તેમને રોકવા એટલે તેઓને લગભગ ભૂખે મારવા જેવું થયું. આનો ઇલાજ તુરત મળવો જ જોઈએ. તાલુકા પરિષદે પ્રાંતિક સમિતિની સલાહ માગી છે. પ્રાંતિક સમિતિ કંઈ પણ ઠરાવ કરે તે પહેલાં તેણે કમિશનર સાહેબને લખી સ્થિતિ જાણવી જોઈએ અને એવી લીટી ક્યાં સુધી રહેવાની છે એ પણ જાણવું જોઈએ. ખેડૂતોમાં જરાયે હિંમત હોય તો ઉપાય શ્રી વલ્લભભાઈએ પોતાના ભાષણમાં બતાવ્યો જ છે. પણ એવા ઉપાયો તો અંતિમના ગણાય. તેના પહેલાં તો ઘણાંયે પગલાં ભરવાની જરૂર હોય છે.

બીજા ઠરાવનો વિચાર આવતે અઠવાડિયે કરશું.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૮–૬–૧૯૨૪

૧. ૧૯૨૪ના મે માસમાં ઉત્તર ગુજરાતમાં ભરવામાં આવી હતી.

Gandhi Heritage Portal

## ૧૧૦. દેવચંદ પારેખને પત્ર

જેઠ સુદ ૬ [જૂન ૮, ૧૯૨૪][1]

ભાઈશ્રી દેવચંદભાઈ,

આ ઉતારો મને કોઈએ મોકલ્યો છે. તેમાં મેં જ્યાં લીટી દોરી છે એ ભાગ જોજો. એ ખરી વાત છે શું? જો ખરી હોય તો કોણે એ કામ કર્યું?

વલ્લભભાઈ, દેવદાસ, બા, બધાં સાથે નીકળશે. ઘણે ભાગે ૧૦મીએ સાંજે જ નીકળશે.

મોહનદાસના
વંદે માતરમ્

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી: જી. એન. ૫૭૩૨

## ૧૧૧. હિન્દુને મુલાકાત

અમદાવાદ,
જૂન ૮, ૧૯૨૪

. . . મહાત્માજીએ મને પોતાની નજીક બેસવા કહ્યું અને મારી મુલાકાત પાછળનો હેતુ જાણવા માગ્યો. એમની નજીક જઈને મેં હાથ જોડીને આદરપૂર્વક વંદન કર્યું. એનો એમણે એમની લાક્ષણિક ઢબે માથું નમાવીને તથા સ્મિત કરીને જવાબ આપ્યો. પછી મેં એમને કહ્યું કે હું આપનાં દર્શન કરવા અને મુલાકાત લેવા પણ આવ્યો છું. એમણે મુલાકાત આપવાનું ખુશીથી સ્વીકાર્યું. મેં પૂછેલા પ્રશ્નો અને મહાત્માજીએ આપેલા ઉત્તરો નીચે આપ્યા છે:

પ્રથમ તો મેં એમની તબિયત વિષે પૂછપરછ કરી. એટલે એમણે કહ્યું કે તબિયત સુધરતી જાય છે. થોડી વાર બીજી બાબતોની ચર્ચા ચાલ્યા પછી હું મુલાકાતના વિષય તરફ જ વળ્યો.

મેં પૂછ્યું: "આપે દિલ્હીની અખિલ હિંદ કૉંગ્રેસની બેઠક પછી "શાંતિમય અને કાયદેસર"નો અર્થ "અહિંસક અને સત્યમય" એવો કર્યો, તો એવો આકરો અર્થ તે પહેલાં શા માટે નહોતો કર્યો?"

કલકત્તા કૉંગ્રેસમાં મેં મારો અર્થ સ્પષ્ટ નહીં કર્યો હોય, કેમ કે એ સિવાય એનો બીજો અર્થ થઈ શકે એમ નહોતું, અને મેં માન્યું હતું કે સૌ કોઈ એ જ અર્થ સમજતા હતા.

તો પછી એ અર્થ આપ બીજાઓ ઉપર અત્યારે શા માટે લાદી રહ્યા છો? એમણે જવાબ આપ્યા:

"શાંતિમય અને કાયદેસર" એ શબ્દોનો "અહિંસક અને સત્યમય" એવો મારો અર્થ હું બીજાઓ ઉપર લાદવા માગતો નથી. એમ કરવું મારા ધર્મ સાથે બંધબેસતું થતું નથી. પાછળથી મને લાગ્યું કે મારા અર્થ બાબતમાં ગેરસમજ થઈ છે એટલે મારે એની ચોખવટ કરવી પડી.

૧. ૧૯૨૪ના જૂનની ૧૧મીએ દેવદાસ અને કસ્તૂરબા ભાવનગર જવા નીકળ્યાં હતાં; જુઓ "વસુમતી પંડિતને પત્ર", ૧૧-૬-૧૯૨૪. એ વરસે જેઠ સુદ ૬ જૂનની ૮મીએ હતી.

Gandhi Heritage Portal

આપના તાજેતરના નિવેદનમાં આપ માનસિક વલણ ઉપર વધારે ભાર મૂકો છો અને સિદ્ધ થયેલાં વાસ્તવિક પરિણામો ઉપર ભાર મૂકતા નથી. પરંતુ કલકત્તા કૉંગ્રેસમાં ચોક્કસ હેતુઓ માટે એટલે કે ખિલાફત અને પંજાબના અન્યાયો દૂર કરાવવા માટે આપે અસહકાર શરૂ કર્યો તે વેળાએ આપે માનસિક વલણ ઉપર કદી પણ વધારે ભાર મૂક્યો નહોતો. આ બંધબેસતી વાત છે?

માનસિક વલણને હું બહુ મહત્ત્વ આપતો નથી. જુદા જુદા પ્રશ્નોની છણાવટમાં એ અસર કરે એટલે અંશે હું એને મહત્ત્વ આપું છું.

કૉંગ્રેસના તંત્રનો વિચાર કરીએ તો આપ જાણો છો કે એ પોતાની કાર્યનીતિ નક્કી કરીને એનો અમલ કરવા તથા એ અમલ પર દેખરેખ રાખવા પોતાની કારોબારી સમિતિઓ રચે છે. હવે જો કૉંગ્રેસ પોતાને મળેલો વિવેકાધિકાર વાપરીને પોતાની કાર્યનીતિના અમલ સારુ સ્વરાજવાદીઓને પસંદ કરે, તો તે વખતે પણ આપ એમ માનશો કે સ્વરાજવાદીઓની વિચારસરણી કૉંગ્રેસની નીતિ સાથે બંધબેસતી નથી? ખાસ કરીને બીજા કોઈના પણ કરતાં કૉંગ્રેસ પોતે એ બાબતમાં વધારે સમજતી હોય ત્યારે પણ?

આ પણ મેં લીધેલા વલણ વિષેની એક ગેરસમજ છે. હું જાણું છું કે કૉંગ્રેસના મતદારોને પોતે પસંદ કરે તેમને ચૂંટવાની છૂટ છે. પરંતુ હું પોતે કૉંગ્રેસનો એક નમ્ર કાર્યકર્તા છું અને મતદાર પણ છું. એ નાતાથી મુક્ત અભિપ્રાય ધરાવવાનો મારો અધિકાર વાપરીને હું મતદારોને માર્ગદર્શન આપવા મથી રહ્યો છું. હું એમને કહું છું કે તમારો કાર્યક્રમ જોતાં તમારે કેવળ એવા પ્રતિનિધિઓ ચૂંટવા જોઈએ જેમણે એ આખો કાર્યક્રમ પાર પાડવાની પ્રતિજ્ઞા લીધી હોય. એ જ રીતે મતદારોના અત્યારના પ્રતિનિધિઓને મારી આગ્રહભરી વિનંતી છે કે જો તમે અસહકારના ઠરાવને માન્ય રાખો છો તો પછી એ કાર્યક્રમનો પૂરેપૂરો અમલ કરવો એ તમારી ફરજ છે. એ ફરજ ન બજાવવી હોય તો તમારે રાજીનામું આપીને મતદારોને કહી દેવું જોઈએ કે તમે એ કાર્યક્રમમાં જે લોકોને શ્રદ્ધા હોય એવાઓને જ ચૂંટી મોકલો.

જો સ્વરાજવાદીઓનો કાર્યક્રમ અસહકાર માટે અનિવાર્ય એવા માનસિક વલણ સાથે તદ્દન અસંગત હોય, તો એનાં પરિણામોને આધારે મપાતી એની સફળતા ઉપરથી એ કાર્યક્રમને આપ કઈ રીતે મંજૂર રાખો છો? મહાત્માજી હસ્યા અને બોલ્યા:

જો સ્વરાજ્યવાદીઓનો કાર્યક્રમ સફળ થાય તો હું જ એ પક્ષમાં જોડાવામાં અને એમને અભિનંદન આપવામાં પ્રથમ રહેવા ઇચ્છું છું. અને પછી મારા બધા અભિમાનને અને મારા માનસિક વલણને હું ખિસ્સામાં મૂકી દઈશ.

એ પછી વાર્તાલાપ હિંદુમુસ્લિમ સવાલો પર ચાલ્યો. મેં કહ્યું કે આપના હિંદુમુસ્લિમ તંગદીલીવાળા[1] તાજેતરના લેખ બાબતમાં ઘણા હિંદુઓ માને છે કે આપને હાથે એમને અન્યાય થઈ રહ્યો છે, કેમ કે આપ એમના મુસ્લિમ બંધુઓ કરતાં એમની પાસેથી જ વધારે ત્યાગની માગણી કરો છો.

પહેલી વાત એ છે કે હિંદુઓ પાસેથી મેં પૂરતા પ્રમાણમાં ત્યાગની માગણી કરી નથી. પણ જો તેઓ પોતાનાથી બની શકે એટલો વધારેમાં વધારે ત્યાગ કરે તો હું એમને માત્ર એક દિવસમાં સ્વરાજનું જ નહીં પણ હિંદુઓનો હાથ હમેશ ઉપર રહેશે અને મુસલમાનોને તેઓ મુઠ્ઠીમાં રાખી શકશે એવું પણ વચન આપું.

૧. જુઓ પા. ૧૨૪–૪૮.

Gandhi Heritage Portal

પરંતુ આપના લેખમાં અમને પણ અન્યાય થઈ રહ્યો છે એવું કહેનારા પેલા આર્યસમાજી-ઓને આપ શું કહેશો? એમને એમ લાગે છે કે આપે મૌલાના અબદુલ બારી અને મૌલાના મહમદઅલીનો વાંસો થાબડયો છે અને બચાવ કર્યો છે તો દયાનંદ સરસ્વતી અને શ્રાદ્ધાનંદજીની બાબતમાં પણ આપ એમ કરી શકયા હોત. આર્યસમાજની જાણી જોઈને નિંદા કરવા પાછળ આપનો કોઈ ખાસ હેતુ છે? આ બાબતમાં આપની સ્થિતિની ચોખવટ કરશો?

જરૂર કરીશ. પણ મેં બેમાંથી એકેય મૌલાનાનો કોઈ બચાવ કર્યો જ નથી. મેં તો ચોખ્ખું કહ્યું છે કે મહમદઅલીએ કૉંગ્રેસમાં ભાષણ આપતાં અંત્યજોને જુદા પાડવાની વાત કરી એ ગેરવાજબી છે, અને એમણે પોતાની ભૂલ કબૂલ કરી તે બદલ એમને અભિનંદન ઘટે છે. મેં એમ પણ કહ્યું છે કે અબદુલ બારી પાસે એવાં નિવેદનો કરાવવામાં આવે છે જેનો બચાવ થઈ શકે નહીં, અને આ કારણે મેં એમને ખતરનાક મિત્ર કહ્યા છે. આ બે મિત્રો પૈકી એકેયની વિરુદ્ધ હું કશું વધારે કહી શકતો નથી, કેમ કે આથી વિશેષ હું કશું જ જાણતો નથી. એ જ રીતે હું આર્યસમાજના પ્રસિદ્ધ સ્થાપક વિષે તથા શ્રાદ્ધાનંદજી વિષે જાણું છું, અને જેને મેં એમની નબળાઈઓ માની છે તેના પ્રત્યે એમનું ધ્યાન ખેંચતાં પણ હું અચકાયો નથી. આની પાછળનો આશય સ્પષ્ટ છે. એ મુખ્ય કાર્યકર્તાઓ વિષે તથા એકબીજા સાથે અથડામણમાં આવતા મુખ્ય ધર્મો વિષે મને જે કાંઈ લાગ્યું છે તે બધું મેં જો કહ્યું ન હોત તો મારી જાત પ્રત્યે અને મારા ધ્યેય પ્રત્યે હું બેવફા નીવડયો હોત. મારી ઉત્કંઠા તો એવી છે કે આર્યસમાજે તેમ જ શ્રાદ્ધાનંદજીએ આજ સુધી જે સેવા કરી છે તેનાથી ઘણી વધારે સેવા કરવી જોઈએ, અને તેથી એક ટીકાકાર તરીકે નહીં પણ એક મિત્ર અને હિતેચ્છુ તરીકે જ મેં એમની ઊણપો પ્રત્યે એમનું ધ્યાન ખેંચ્યું છે. પરંતુ આમ છતાં મારા વિચારો જાણીને દેશભરનાં આર્યસમાજી વર્તુળોમાં ભારે ઊહાપોહ જાગ્યો છે. હું સારી રીતે સમજી શકું છું કે અત્યારની ક્ષણે આપણા બધાની લાગણી ઘણી આળી બની ગઈ છે, અને આ કારણે, આપણી ટીકાથી આપણે અધીરા થઈ જઈએ છીએ અને તે સહન કરી શકતા નથી. આપણી વિરુદ્ધની ટીકા મૈત્રીભાવે થઈ હોય તોપણ તે આપણાથી સહન થતી નથી. પરંતુ મને લેશ પણ શંકા નથી કે જો હું પોતે શાંત રહીશ તો આ આંધી એની મેળે શમી જશે, અને અત્યારે તો હું થોડી વાર માટે પણ મારું મગજ ગુમાવી બેસું એવો સંભવ નથી. એટલે મારી વિરુદ્ધમાં થઈ રહેલી આ બધી રોષભરી ટીકાની મારા પર અસર થતી નથી.

મોડું થતું હોવાથી મહાત્માજીને મેં કહ્યું કે, હવે ખાદી વિષે એક વધારે પ્રશ્ન પૂછું એટલે મારું કામ પૂરું થશે: આપના ખાદીના કાર્યક્રમનો ઉદ્દેશ હિંદુસ્તાનની આર્થિક મુક્તિ મેળવવાનો છે કે લોકોની મનોવૃત્તિને રાષ્ટ્રીયતા તરફ વાળવાનો છે? જો આપનો ઉદ્દેશ આર્થિક મુક્તિનો હોય તો લોકોમાં રાષ્ટ્રીયતા જગાડવા માટે સંગઠિત કાર્ય કર્યા વિના આપ સ્વરાજ મેળવવાની આશા કેવી રીતે રાખો છો? અને જો આપનો ઉદ્દેશ લોકોની મનોવૃત્તિને રાષ્ટ્રીયતા તરફ વાળવાનો હોય તો આમવર્ગમાં એ ભાવના જગાડવા માટે અત્યારનો ખાદીનો કાર્યક્રમ પૂરતો થશે ખરો?

જો ખાદીનો કાર્યક્રમ સફળ થાય તો એનાથી આ દેશની આર્થિક આઝાદી હલ થશે એમાં શંકા નથી. હું માનું છું કે આમવર્ગને આર્થિક આઝાદીની વાત સમજાય નહીં ત્યાં સુધી એમને માટેનો કશો સંગઠિત કાર્યક્રમ થઈ શકે નહીં. એ ઉપરાંત, સંગઠિત કાર્યક્રમ વિના ખાદીના કાર્યક્રમ અશક્ય છે. ત્રીજું, ખાદીનો કાર્યક્રમ સફળ થાય એનો અર્થ અવશ્ય એવો થાય કે ખુદ અંગ્રેજો રાષ્ટ્રવાદી બની જશે. કંઈ નહીં તો તેઓ હિંદની ચળવળના તટસ્થ પ્રેક્ષકો તો બનશે જ. પછી તેઓ હિંદુસ્તાનને એનું શોષણ કરવાના ઈરાદાથી પોતાના કબજામાં રાખી શકશે નહીં.

Gandhi Heritage Portal

. . . મહાત્માજી! આપને આશા છે ખરી કે થોડા વખત પછી અહીં મળનાર મહાસમિતિ આપનાં બે નિવેદનોમાં વ્યક્ત થયેલા આપના વિચારોને તથા હોદ્દેદારો માટે આપે સૂચવેલી આકરી કસોટીઓને મહોર મારશે?

મહાસમિતિના સભ્યો એની આગામી બેઠકમાં શું કરશે તે કહેવું મારે માટે ઘણું મુશ્કેલ છે. પણ મ સૂચવેલી તમામ આકરી કસોટીઓને બહુ મોટી બહુમતીથી ફગાવી દેવામાં આવે તો તેથી મને જરા પણ આશ્ચર્ય નહીં થાય. હું કાં તો એવી સ્પષ્ટ બહુમતી માગું છું કે જેને મારા કાર્યક્રમમાં પૂરેપૂરી શ્રદ્ધા હોય અને ગમે તે ભોગે એનો અમલ કરવાનો જેણે નિરધાર કર્યો હોય અથવા તો હું તદ્દન પાતળી લઘુમતીમાં રહીશ. મારે માટે જે કંઈ અસહ્ય બન્યું છે તે તો છે આજની ઘડીએ આપણને ગૂંગળાવી રહેલી અને તમામ વાસ્તવિક પ્રગતિને તદ્દન અશક્ય બનાવી રહેલી છેડા વિનાની અનિશ્ચિતતા.

પરંતુ લોકોના પ્રતિનિધિઓના અભિપ્રાય આપના કાર્યક્રમની તરફેણમાં અને વિરુદ્ધમાં લગભગ સરખા જણાય તો આપ શું કરવા ધારો છો?

પ્રથમ તો બંને બાજુ લગભગ સરખા મતો પડે એવી શકયતા મને જણાતી નથી. બનશે તો એવું કે મત લેવાની જરૂર વિના જ અમારી વચ્ચે કોઈ સ્પષ્ટ સમજૂતી થઈ જશે. પરંતુ જો મત લેવા જ પડશે અને બંને બાજુના મત લગભગ સરખા હશે, તો હું ભવિષ્ય ભાખું છું કે ઈશ્વર અમને એવું કંઈક ને કંઈક સુઝાડશે જેને લઈને અમે પક્ષાનું સ્પષ્ટ વિભાજન કરી શકીશું. . . .

[મૂળ અંગ્રેજી]

हिन्दु, ૯–૬–૧૯૨૪

## ૧૧૨. કુલપતિનું ભાષણ[1]

જૂન ૧૦, ૧૯૨૪

ભાઈ કૃપાલાની,[2] વિદ્યાર્થીઓ, ભાઈઓ અને બહેનો,

આજે સવારે ત્રણ કાગળો મારે[3] વાંચવાને સારુ પડયા હતા. એક કહે છે કે મારે બને તો વિદ્યાપીઠને સળગાવી દેવી. વિદ્યાપીઠે આજ લગીમાં કંઈ જ સારું નથી કર્યું. આ લખનાર વિદ્યાપીઠમાં ભણેલો છે. બીજો કહે છે કે વિદ્યાર્થીઓ મોજશોખી છે, અનેક પ્રકારના સ્વાદો કરે છે. વિદ્યાપીઠમાં વિદ્યાર્થીઓ સાદાઈથી રહેતા હશે, ચારિત્રબળ વધતું હશે એમ માનીને મેં મારા છોકરાને મોકલ્યો છે. હવે મારે શું કરવું? ત્રીજો કાગળ મદ્રાસથી છે. તેમાં લખે છે કે આખા હિંદુસ્તાનને કંઈ પણ સૂચક વસ્તુ મળે એવું મારું આજનું ભાષણ હોવું જોઈએ.

૧. ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદના કુલપતિ તરીકે નવા સત્રની શરૂઆત વખતે આપેલું વ્યાખ્યાન.

૨. જે. બી. કૃપાલાની; ગૂજરાત વિદ્યાપીઠ સાથે જોડાયેલા ગૂજરાત મહાવિદ્યાલયના પ્રિન્સિપાલ.

૩. અહીં हिन्दु, ૧૦–૬–૨૪ના હેવાલમાં લખ્યું છે: "આજ સવારથી હું તમારો વિદ્યાર્થીઓનો વિચાર કરતો હતો, પરંતુ તમારા એકલા પર વિચારો કેન્દ્રિત કરી ન શકયો. હિંદુમુસ્લિમ સવાલનો ઉકેલ શી રીતે લાવવો તેનો પણ હું વિચાર કરતો હતો. આ દરમ્યાન દેવદાસ ત્રણ પત્રો લાવ્યા અને વિદ્યાર્થીઓને ભાષણ આપું તે પહેલાં મારે તે વાંચી જવા જ જોઈએ એમ કહ્યું."

Gandhi Heritage Portal

હવે મારે શું કરવું? ત્રણમાંથી કઈ વસ્તુ કરવી? ત્રણમાંથી એકે હું કરવા ઈચ્છતો નથી. જેને સ્થાપવામાં મારો કંઈ પણ હિસ્સો છે એ વિદ્યાપીઠને હું કેમ બાળું? એક અંગ્રેજ ચિત્રકારે એક કિસ્સો વર્ણવ્યો છે. એક વાર વિનોદને ખાતર એણે પોતાનું એક ચિત્ર બજારમાં ટંગાવ્યું અને લખ્યું કે એમાં જેને જ્યાં એબ લાગતી હોય તે ત્યાં તેની ઉપર નિશાની કરે. બીજે દિવસે ચિત્રમાં એક તસુ પણ જગા ખાલી રહી નહોતી. પણ પેલાએ કહ્યું: મને પોતાને એ ચિત્રથી સંતોષ છે ત્યાં સુધી હું એને નહીં જ બાળું.

મને સવારે આજે એ ચિત્રકાર યાદ આવ્યો, અને એની દૃષ્ટિ સાચી લાગી. ટીકાઓ શોધવા બેસતાં કંઈ પાર નથી આવવાનો. ઈશ્વરે માણસમાં મોહ જેવી વસ્તુ મૂકેલી છે. એ મોહને વશ થઈને આપણે કામ ચલાવ્યે જઈએ છીએ. તમે પોતે તો આ ત્રણે વસ્તુમાંથી સાર ગ્રહણ કરજો. પેલા તીખી ટીકા કરનારે કહેલું છે કે નથી કંઈ વિદ્યાર્થીઓમાં કે નથી કંઈ અધ્યાપકોમાં. એની ઈચ્છા છે કે મારે એ કાગળ **નવજીવન**માં છાપવો ને તેના પર ટીકા કરવી. હું નથી એ કાગળને છાપવાનો કે નથી એના પર ટીકા પણ કરવાનો. વિદ્યાર્થીઓમાં સાદાઈ નથી એ આરોપ છે તેને વિષે તમારે સમજી લેવાનું છે. મદ્રાસીને તો હું સંભાળી લઈશ. વળી જો મારા ભાષણનો કોઈ ઉતારો ન લે તો એ અનાયાસે માની લે કે સાચે જ કંઈ ભારે ભાષણ કર્યું હશે.

આ તો પ્રસ્તાવના થઈ. મેં તમને કહેવાનું વિચારેલું તો છે જ. નથી વિચાર્યું એમ નહીં કહું, કારણ મને ખોટી આત્મનિંદા કરવાની ટેવ નથી. બે વર્ષ સુધી યરવડા આશ્રમની[1] શાંતિમાં ચિંતન કરતાં મારા આગલા વિચારો દૃઢ થયા છે. જે વસ્તુ મેં હિંદુસ્તાન આગળ મૂકી તેને માટે મને જરાયે પશ્ચાત્તાપ નથી. આપણે ગુજરાતમાં વિદ્યાપીઠ સ્થાપી, મહાવિદ્યાલય સ્થાપ્યું, તેમાં સિંધીઓ ભર્યા, દક્ષિણીઓને ભર્યા, અને ગુજરાતીઓને માટે સ્થાન ન રાખ્યું તેને સારુ પણ મને મુદ્દલ પશ્ચાત્તાપ નથી. ગુજરાતનો તો ધર્મ છે કે દક્ષિણ અને સિંધમાંથી જે સારું મળી આવે તેને સંઘરવું. કૃપાલાની પોતાને બિહારી માનતા હોય તો તેમને બિહારી ગણીને આપણે લેવા. એમને ગુજરાતમાંથી પણ કંઈક લેવાનું મળશે. બિહારમાં જો તેઓ જુલાહા (વણકર) હતા તો અહીં તેઓ કાંતનાર-પીંજનાર બનશે, ને પછી કહેશે કે હું જેટલો બિહારી તેટલો જ ગુજરાતી છું. પણ એ સ્થિતિ લાવવી તમારા-મારા હાથમાં છે. તેઓ સિંધથી આવ્યા એટલે આપણા મહેમાન છે. ગુજરાતીને તો આપણે ગાળો પણ દઈએ. એમને આપણી ગરજે રાખ્યા છે એટલે તેઓ જે આપશે તે તો લેશું જ. આમાં ગુજરાત ખોશે નહીં પણ કમાશે. મારું ચાલે તો એક પણ ગુજરાતીને ન રાખતાં મહાવિદ્યાલય સિંધી અને દક્ષિણીઓથી ભરી મૂકું, અને બધાને કહું કે તમે કાકા ને મામા થાઓ. બધા જ જો કાકા અને મામા મળે તો પછી જોઈએ શું?

વિદ્યાપીઠ આપણે શું કામ સ્થાપી? અસહકારને માટે. એ અસહકાર કોની સાથે? સરકારી કૉલેજોના વિદ્યાર્થીઓ અને અધ્યાપકો સાથે? ના, એમની સામે આપણો મુદ્દલ અસહકાર નથી. આપણો અસહકાર તો પદ્ધતિની સામે છે. એ અસહકાર કયા પ્રકારનો છે ને એ અસહકાર કરીને આપણે શું કરવાના? એનો વિચાર કરતાં મને બે વાતો યાદ આવી. એક વાત વાઘ-બકરાની. વાઘબકરાને બેને સાથે રાખેલા. વાઘ પાંજરામાં હતો, બકરો છૂટો હતો. બકરાને સરસ ખાવાનું મળે, ઘાસ મળે, છતાં બકરો હમેશાં શોષાતો જ જાય. મારા જેવા વિચક્ષણ માણસે

૧. યરવડા સેન્ટ્રલ જેલ; અહીં ગાંધીજીને ૧૯૨૨-૨૪ દરમ્યાન કેદમાં રાખવામાં આવ્યા હતા.

Gandhi Heritage Portal

જોયું કે બકરો નથી વધતો એનું કારણ એ કે એને પડખે વાઘ છે. વાઘની નજર આગળથી દૂર થયા પછી બકરો ગમે તેવું ખાવાનું ખાઈને પણ નાચવા લાગ્યો ને હૃષ્ટપુષ્ટ થયો.

બીજી વાત સર નારાયણ ચંદાવરકરે[1] લખેલી, મેં જેલમાં વાંચેલી તે યાદ આવી. સર નારાયણ પૂનામાં ફરવા જતા હતા. ત્યાં એક બુઢ્ઢી એક ઘેટાના બચ્ચાને તેને ઘેર લઈ જતી હતી. ઘેટું સાહેબને ઘેર હતું એટલે ખાવાનું તો પૂછવાનું જ શું હોય? પણ ત્યાં એને ચેન ન પડયું. બુઢ્ઢી લઈ જતી હતી ત્યારે એ નાચતું હતું, કૂદતું હતું ને બુઢ્ઢીને દોરતું હતું, કારણ એ પોતાને ઘેર જતું હતું, પરાધીનતામાંથી છૂટીને સ્વતંત્રતામાં જતું હતું. કોઈ પણ પ્રાણી સ્વતંત્રતામાં જ ફાલી શકે છે, પરતંત્રતામાં નહીં. એ જ વાતને તુલસીદાસે પોતાની અનુપમ વાણીમાં મૂકીને કહ્યું છે કે "પરાધીન સપને સુખ નાહીં."

સરકારી કેળવણીમાં સારામાં સારી સગવડ મળે, સારા અધ્યાપકો મળે, મોટાં મકાનો મળે, છતાં આપણે કપાળે તો કાળી ટીલી જ રહેવાની. આપણે નસીબે તો નોકરી — ગુમાસ્તાગીરી વિના બીજું કશું રહે જ નહીં. બહુ તો વકીલાત સૂઝે. વકીલાતે ઘેર ગઈ, આપણને તો ગ્રેજ્યુએટ થઈને ૩૦ રૂપિયાથી શરૂ થતી નોકરી જ સૂઝે. વધી વધીને ગુજરાત કૉલેજમાં પ્રોફેસર થયા એટલે તો હદ થઈ ગઈ. મહાવિદ્યાલયમાં તો કુટાતા-પિટાતા ભણવાનું મળે, અક્ષરજ્ઞાન પણ મળે તેટલું ખરું, મહાવિદ્યાલયના મકાનને છાપરું હોય કે ન પણ હોય, ઘરધણી ગમે ત્યારે નોટિસ આપીને કાઢી મૂકે, વિદ્યાપીઠને માટે વલ્લભભાઈ ભીખ માગતા ફરે, વિદ્યાપીઠ કાલે હશે કે નહીં એનો પણ સવાલ હોય. આ સ્થિતિ છે. ગુજરાત કૉલેજ પર તો સૂર્ય કદી આથમતો નથી. તમારી વિદ્યાપીઠ પર તો સૂરજ રોજ ઊગે છે ને રોજ આથમે છે. દુનિયાનો કુદરતી નિયમ એ જ છે. એ નિયમને અનુસરીને જ આપણે ઊગરી જવું છે.

આદર્શ તો આપણે ઊંચો જ રાખવાનો. ઉચ્ચ આદર્શને આપણે પહોંચી નથી શકતા, ભૂલો કરીએ છીએ, એ ખરું, પાપ કરીએ છીએ એ ખરું, પણ આપણે પાપને પુણ્ય તો નથી જ મનાવતા.

सा विद्या या विमुक्तये એ સૂત્ર આપણો આદર્શ છે. ભાઈ કિશોરલાલે[2] મને કહ્યું, "આ ભારે સૂત્રનો સાંકડો અર્થ કરી આપણે એનો દુરુપયોગ નથી કરતા?" ભાઈ કિશોરલાલના કહેવાનો મારે ખૂબ વિચાર કરવો પડે. તેમનું કહેવું મને ખૂબ સાલે. મેં જોયું કે એ સૂત્રનો દુરુપયોગ નથી. જે આ મુક્તિ મેળવી શકે તેને જ પેલી મુક્તિ મળી શકે. આટલી નાની મુક્તિ પણ ન મેળવીએ તો મોટી કેમ મળે? એટલે મુક્તિના પ્રાકૃત અને ખરેખરા બંને અર્થમાં મુક્તિ એ જ આપણો આદર્શ છે.

આજે મને જરાયે અશાંતિ નથી, જરાયે પશ્ચાત્તાપ નથી કે મેં આ વિદ્યાપીઠ ઉત્પન્ન કરી. મહાવિદ્યાલયના બધા છોકરા નાસી જાય ને સરકારી કૉલેજમાં ભરાય તોયે હું તો હસવાનો અને કહેવાનો કે એ કેવા મૂરખ ને હું કેવો ડાહ્યો? હિંદુસ્તાનને તરવા માટે બીજો ઉપાય નથી. આપણે બધા મહામોહથી કચડાઈ રહેલા છીએ તેથી આપણને એ વાત નથી સૂઝતી. હું તો

૧. નારાયણ ગણેશ ચંદાવરકર (૧૮૫૫–૧૯૨૩); હાઈ કોર્ટના ન્યાયાધીશ, લેખક અને મુંબઈના લિબરલ પક્ષના આગેવાન.

૨. કિશોરલાલ મશરૂવાળા; રચનાત્મક કાર્યકર્તા અને ગાંધીજીના સાથી; વિચારક, અને ગાંધી એન્ડ માર્ક્સ પુસ્તકના લેખક; થોડા વખત માટે ગૂજરાત વિદ્યાપીઠના રજિસ્ટ્રાર; કેટલાંક વર્ષો સુધી હરિજનબંધુ અને હરિજનના સંપાદક.

Gandhi Heritage Portal

મરીશ ત્યાં સુધી કહ્યા જ કરવાનો કે મારે માટે તો બહિષ્કાર સિવાય કંઈ જ નથી. મને જ્યારે જણાશે કે હવે પૂરેપૂરો સહકાર કરી શકાય એવી સ્થિતિ આવી છે ત્યારે હું બીજું કહીશ. ત્યાં સુધી તો આખું હિંદુસ્તાન મારો ત્યાગ કરશે તોપણ હું બહિષ્કારને જ વળગી રહેવાનો. આ હું કહું છું કારણ કે હું અનુભવી માણસ છું. મારા વિચાર પાછળ મેં વર્ષો ગાળ્યાં છે. મેં તપશ્ચર્યા કરી છે એટલે સુધી કહી શકાય. હું બીજું કહી જ નહીં શકું. જે માણસને ખબર છે કે પાંચ વીસે સો થાય છે તે કંઈ કહેવાનો હતો કે ચાર વીસે કે છ વીસે સો થઈ શકે? યરવડા આશ્રમની અંદર મારા વિચારો કેવળ વધારે દૃઢ થયેલા છે.

ભણ્યા પછી શું કરવાનું એ સવાલ છે. કારકિર્દી વિષે કૃપાલાનીએ મારે માટે કહેવાનું બાકી નથી રાખ્યું. આપણે ભયમાંથી ઊગરી જવા માગીએ છીએ એ મુખ્ય વાત છે. હું કહું છું તમે નોકરી ભલે કરજો, અક્ષરજ્ઞાનને વટાવવું હોય તો ભલે વટાવજો અહીં તો હું એક અંગ્રેજ યુવાન શું કરે છે તે જ કહેવા માગું છું. અંગ્રેજો પ્રત્યે મને તિરસ્કાર નથી. ઘણા નહીં જાણતા હોય કે અંગ્રેજો પર હું આશક છું. અંગ્રેજોનું અનુકરણ મને ત્યાજ્ય નથી. મને માત્ર મારી ધરતી જોઈએ. મારી ધરતીમાં રંગ હું ચાહે ત્યાંથી લાવીને પૂરું. મારી સાથેના મારા અંગ્રેજ મિત્રોમાંથી એકે પણ એમ નથી કહ્યું કે તારી સાથે નહીં રહેવાનું થાય તો અમારું શું થશે? તેઓ આજીવિકા છોડી છોડીને મારી પાસે આવેલા. એમની હાજતો વિષે મેં ખોટી ગણતરી કરેલી, છતાં એમાંના કોઈએ કટુ વચન નથી કાઢ્યું કે તેં ખોટી ગણતરી કેમ કરી? એ જાણતા હતા કે મેં સ્વચ્છ ભાવથી ગણતરી કરી હતી. વળી તે દરેકના મનમાં તો એમ પણ હતું કે હું શું ગાંધીનો જિવાડ્યો જીવવાનો છું? મને જિવાડનારો તો ઈશ્વર છે. જે પુરુષે — જે ચૈતન્યે તમને જન્મ આપ્યો છે તે તમને રોટી પણ આપી દેશે. મુસલમાનો તેમ જ હિંદુઓ આ વાત જાણે છે. પણ આજે તો મુસલમાનો કુરાનને ભૂલી ગયા છે ને હિંદુઓ ગીતાને; ને તેને બદલે ધૂળ જેવું અર્થશાસ્ત્ર લઈ બેઠા છે. ભૂખે ન મરવું પડે તેને માટે ધાલાવેલી કરી રહ્યા છે. તેઓ નથી જાણતા કે જેમણે ધાલાવેલી નથી કરી તેઓ કંઈ ભૂખે નથી મર્યા. અને ધાલાવેલી શાને સારુ કરવી? ધ્યેયને વિષે નિશ્ચિત થવું એ જ તો શાળામાં શીખવાનું છે. અંગ્રેજોની શાળાઓમાં પણ છોકરાઓને આજીવિકાની ફિકર કરવા દેવામાં આવતી નથી. શિક્ષકો કહે છે "ભણીને પુરુષાર્થ કરજો ને કમાઈ લેજો." તેથી જ તમે જુઓ છો કે એ નાનકડા ટાપુમાંથી માણસો ક્યાં ક્યાં જાય છે. મારા અનેક અંગ્રેજ મિત્રો આજે દુનિયામાં ભ્રમણ કરી રહ્યા છે. કોઈ પૂછશે, "પણ તેમને બ્રિટિશ વાવટાની ઓથ છે ને?" બ્રિટિશ વાવટાની ઓથથી તેમનાં પેટ નથી ભરાતાં, તેમનું રક્ષણ થાય છે ખરું. તેમને કોઈ મારે તો વાવટો ફરકે ને તોપો ચાલે. આપણે એ રક્ષણ નથી જોઈતું. પણ આજે એ વિષય પ્રસ્તુત નથી. પ્રસ્તુત વિષય એ જ છે કે તમારે ભવિષ્યમાં આજીવિકાનું શું થશે એનો વિચાર ન કરવો. તમને થવું જોઈએ કે ભંગીના કામમાં પુરુષાર્થ કરીને આજીવિકા મેળવશું, વણકરના કામમાંથી મેળવશું, પણ નામોશીભરેલું કામ કદી નહીં કરીએ, કોઈને બારણે યાચના કરવા નહીં જઈએ, પછી માબાપનું, ભાઈનું, બહેનનું શું થશે એની ચિંતા શાને જોઈએ? અંધારામાં અજવાળું કરવા એક દીવો બસ છે, તેમ તમારા કુટુંબમાં તમે એક સપૂત પાકશો તોપણ બસ છે. તમારે ભલે માબાપ, ભાઈબહેનનું પોષણ કરવાનું હોય, બહેનને તમારે કહેવું કે તને ખવરાવીને હું ખાઈશ; પણ તને બાસૂદી નહીં મળે, રોટલો જ મળશે. એટલે એ બહેન તમને મહેનત કરતા જોઈને બેસી નહીં રહે, પણ મહેનત કરવા લાગશે અને તમારા રોટલામાં ભાગ ભરશે. એમ તમારામાં હિંમત હશે તો બધું કુશળ થશે.

Gandhi Heritage Portal

હવે રહ્યા વચલો પક્ષ. ત્યારે આપણે શું કરીએ? આપણે સારુ શું? આપણે સારુ કંઈ જ નહીં. હું તમને કહું છું કે તમારો અધ્યાપકો પરથી વિશ્વાસ ઊઠી જાય, તમને લાગે કે અધ્યાપકો પૈસા કમાવા આવ્યા છે, આડંબર કરવા આવ્યા છે, મોટા થવા આવ્યા છે તો તમે તેમને છોડીને ચાલ્યા જજો. એક માણસે કહ્યું, તમને પૈસાનો લોભ તો ન હોય, પણ તમે આડંબર તો કરો, કારણ તમારે મહાત્મા થવું હોય ને? વાત સાચી છે. તેથી તમને લાગે કે અધ્યાપકો મોટા થવા માગે છે તો તમે તેમને છોડજો. છોડજો એટલું જ નહીં પણ બહાર ધરાઈને વગોવજો. અધ્યાપકો ને વિદ્યાર્થીઓ વચ્ચે કંઈ કરાર નથી. પણ અધ્યાપકોમાં જો ચારિત્ર્ય હોય તો તમારો બધો બોજો એમના પર નાખી ન દેતા. વિદ્યાદાન કોઈ નથી આપવાનું. વિદ્યાદાન કોઈથી આપી જ ન શકાય. અધ્યાપકોનું કામ તમારામાંનું ઝવેરાત પારખવું અને ખેંચી કાઢવું એ છે. એ ઝવેરાતને દીપાવીને વધારી તો તમે જ શકો. 'Education'નો પણ અર્થ એ છે કે અંદર હોય તે બહાર ખેંચી કાઢવું. એટલે શું શીખવાનું મળશે એ વિષે તમારે નિર્ભય રહેવું, અધ્યાપકો પર વિશ્વાસ રાખવો ને તેઓ જે શીખવે તે શ્રદ્ધાપૂર્વક ગ્રહણ કરવું.[૧]

તમારી નીતિ જાળવવી એ તમારા પોતાના હાથમાં છે. તમારી નીતિ અધ્યાપકો નહીં જાળવી રાખે. તમારે હમેશાં ધ્યાનમાં રાખવું કે તમે ત્યાં મોજશોખ માટે, રંગરાગ માટે નથી રહેતા. તમારા મોજશોખ તમારા અભ્યાસમાં, તમારા બાહુબળમાં, તમારા પુરુષાર્થમાં છે. તમે હાથપગ હલાવતાં શીખો. વિદ્યાર્થીઓ પહેલાં અપંગ બની જાય છે ને પછી કહે છે કે હવે અખાડામાં જઈને હૃષ્ટપુષ્ટ થઈશું. અખાડામાં ગયે હૃષ્ટપુષ્ટ નથી થવાતું. પહેલાં તમે હૃદયબળ કેળવો, શરીરબળ પછી કેળવી શકાશે.

મારી પ્રાર્થના તમારી પાસે છે. ઈશ્વરને તો હું શું પ્રાર્થના કરું? તેની આગળ તો હું રહું છું, એટલે મારી પ્રાર્થના તમારી જ પ્રત્યે છે. તમે તમને પોતાને તેમ જ અધ્યાપકોને શોભાવો. આપણું વિદ્યાપીઠ એ આખા હિંદુસ્તાનને નમૂનારૂપ છે. કેળવણીનો અસહકાર ગુજરાતે શોભાવ્યો છે. શોભાવ્યો કે નહીં ને કેટલો શોભાવ્યો એનો આંક તો ભવિષ્યમાં મંડાશે.

અધ્યાપકોને હું વિનંતી કરવા ઇચ્છતો નથી કારણ હું પણ એમાંનો જ છું. અત્યારે તો માત્ર કેળવણીનો અસહકાર સફળ થયો કે નહીં એનો આધાર તમારા જ ઉપર છે. એ જ વિચાર હું તમારી પાસે મૂકવા માગું છું ને એ જ વિચાર લઈને તમે ઘેર જાઓ એમ ઇચ્છું છું.

[મૂળ ગુજરાતી]

નવજીવનનો વધારો, ૧૨-૬-૧૯૨૪

૧. હિન્દુના હેવાલમાં અહીં આમ છે: "હું ફરી કહું છું, એમના પર વિશ્વાસ રાખો, એમનામાં શ્રદ્ધા કેળવો, તમારું કર્તવ્ય કર્યે જાઓ, તમારા અંતઃકરણમાં સ્વતંત્રતા અને રાષ્ટ્રીય ભાવના વિકસાવો. જે વિદ્યાપીઠમાં તમે અભ્યાસ કરો છો તેને આ રીતે ઉજ્જ્વળ બનાવો."

Gandhi Heritage Portal

## ૧૧૩. વસુમતી પંડિતને પત્ર

સાબરમતી,
જેઠ સુદ ૧૦ [જૂન ૧૧, ૧૯૨૪][1]

ચિ. વસુમતી,

તમારો બીજો કાગળ મળ્યો છે. તમે લખો એટલા જ કાગળની મારી આશા રાખજો. હજુ તો એમ જ બન્યું છે. તમારો કાગળ મળ્યો તે જ દિવસ મેં જવાબ લખ્યો. પહોંચી ગયો હશે. રામદાસ વગેરે આબુથી આવી ગયા. ત્યાં તો ખૂબ ફાયદો થયો જોઉં છું. તમે ત્યાં જઈ શકત તો કેવું સારું! હવે ત્યાં લાંબી મુદત રહેજો ને તબિયત ખૂબ સુધારજો. મારી તબિયત ઠીક છે. પ્રભુદાસ હજુ આબુથી નથી આવ્યો. દેવદાસ ને બા આજે ભાવનગર ગયાં છે.

બાપુના આશીર્વાદ

વસુમતીબહેન
લીલાવતી આરોગ્યભવન
દેવલાલી

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની નકલ પરથી: સી. ડબલ્યુ. ૪૪૪
શ્રીમતી વસુમતી પંડિતના સૌજન્યથી

## ૧૧૪. કાઠિયાવાડ રજપૂત પરિષદને સંદેશો

વરતેજ,
જૂન ૧૧, ૧૯૨૪

રજપૂતોની પ્રથમ પરિષદને પ્રસંગે મારે આટલું જ કહેવાનું છે: પરિષદનો પ્રારંભ તમે ધર્મનાં મૂળ તત્ત્વોનું પાલન કરીને કરો. તમારા અધિકારો સંબંધમાં તમે અનેક ઠરાવો પસાર કરશો, પણ મારી તમને વિનંતી છે કે તમે તમારું કર્તવ્ય ભૂલશો નહીં. જે લોકો ઉત્કટ ધાર્મિક ભાવનાથી પોતાનાં કર્તવ્યો બજાવે છે તેમને ઈશ્વર હમેશાં અધિકારો આપતો જ હોય છે. ગરીબના બેલી થવાનો પ્રયત્ન કરી જુઓ, એટલે તમને સમજાશે કે રેંટિયો તો એમની જીવાદોરી છે. તમે જાતે કાંતવાનું આરંભીને એમનાં ઘરોમાં રેંટિયાનો પ્રચાર કરો. મને આશા છે કે તમે આજે જ હાથે કાંતેલી અને હાથે વણેલી ખાદી જ પહેરવાનું વ્રત લેશો. એનાથી ગરીબોના આશીર્વાદ તમારા પર ઊતરશે. આ ઉપરાંત હું કાંઈ પણ વધારે કહી શકતો નથી.

[મૂળ અંગ્રેજી]

बॉम्बे क्रॉनिकल, १७–६–१९२४

1. પોસ્ટની છાપમાં આ તારીખ છે, જેઠ સુદ ૧૦, જે ૧૯૨૪ના જૂનની ૧૨મીએ આવે છે, તેમાં ભૂલ લાગે છે.

Gandhi Heritage Portal

# ૧૧૫. મારા જેલના અનુભવ – ૮

## જેલનું અર્થશાસ્ત્ર

જેલનો થોડો પણ અનુભવ જેને છે એવો કોઈ પણ માણસ જાણે છે કે બધાં ખાતાંઓમાં જેલખાતું જ નાણાંની વધારેમાં વધારે તંગી ભોગવે છે. ઈસ્પિતાલો પ્રમાણમાં વધારેમાં વધારે ખર્ચાળ જાહેર સંસ્થા કહેવાય. જેલમાં દરેક વસ્તુ સાદામાં સાદી અને કાચામાં કાચી જાતની હોય છે. જેલમાં મનુષ્યશ્રમના વ્યયની છાકમછોળ છે, જ્યારે પૈસા અને સાધનના વપરાશની બાબતમાં પૂરું દળદર છે. ઈસ્પિતાલોમાં આથી ઊલટું જ ચાલે છે. છતાં બંને સંસ્થાઓ માનવવ્યાધિના ઈલાજને સારુ યોજવામાં આવેલ છે — જેલ માનસિક અને ઈસ્પિતાલો શારીરિક વ્યાધિઓને સારુ. માનસિક વ્યાધિ અપરાધ તરીકે મનાય છે. એટલે સજાને પાત્ર લેખાય છે; શારીરિક વ્યાધિ કુદરતની અણધારી આપત્તિ તરીકે મનાય છે અને તેથી તેની કાળજીપૂર્વક માવજત કરવી જોઈએ. વાસ્તવિક રીતે આવો કશો ભેદ કરવાનું કારણ નથી. માનસિક તેમ જ શારીરિક બંને વ્યાધિ સરખાં જ કારણોથી નીપજે છે. હું ચોરી કરું છું તો નીરોગી સમાજને માટેના નિયમોનો ભંગ કરું છું. જો મને પેટશૂળ થાય છે તોપણ નીરોગી સમાજને માટેના નિયમોનો ભંગ કરું છું. શારીરિક વ્યાધિને સારુ હળવા ઉપાય લેવામાં આવે છે એનું એક કારણ એ છે કે કહેવાતા ઉપલા વર્ગોના લોકો નીચલા વર્ગોના લોકો કરતાં કદાચ વધારે વારંવાર આરોગ્યના નિયમો તોડે છે. આ ઉપલા વર્ગોને સામાન્ય ચોરી કરવાનો અવકાશ નથી, અને જો સામાન્ય ચોરી ચાલુ રહે તો તેમના જીવનક્રમને ખલેલ પહોંચે તેથી સામાન્ય રીતે પોતે જ કાયદા બનાવનારા હોઈ તેઓ સ્થૂળ ચોરીને દંડે છે. જોકે, તેમને પ્રતિક્ષણ એ વાતનું તો ભાન હોય જ છે કે તેમનાં પોતાનાં ભોપાળાં જેને વિષે કોઈ બોલતું નથી તે સ્થૂળ ચોરીઓના કરતાં સમાજને ઘણાં વધારે હાનિકર્તા હોય છે.

એ પણ જોવા જેવું છે કે જેલો અને ઈસ્પિતાલો ખોટી ચિકિત્સાને લીધે જ વધે છે. ઈસ્પિતાલો ઊભરાય છે કારણ દર્દીઓને પંપાળવામાં આવે છે. જેલો ઊભરાય છે, કારણ કેદીઓ સુધરવાને નાલાયક જ હોય એમ માનીને તેમને સજા કરવામાં આવે છે. જો દરેક માનસિક અને શારીરિક રોગ ભૂલ જ ગણવામાં આવે અને દરેક દર્દી અથવા કેદીની નઠોરપણે પણ નહીં તેમ જ લાડ કરાવીને પણ નહીં પણ માયા અને સમભાવપૂર્વક માવજત કરવામાં આવે તો જેલ અને ઈસ્પિતાલ બંને ઓછાં થવા પામે.

જેલના કરતાં ઈસ્પિતાલ નીરોગી સમાજને માટે વધારે જરૂરની વસ્તુ નથી. બંનેની સરખી જરૂર છે. દરેક દર્દી અને દરેક કેદી ઈસ્પિતાલ અને જેલમાંથી નીકળે ત્યારે માનસિક તેમ જ શારીરિક આરોગ્યના નિયમોનો પ્રચારક બનીને જ નીકળવો જોઈએ.

પણ અહીં આ સરખામણી હું બંધ કરીશ. વાચકને જાણીને નવાઈ લાગશે કે જેલોમાં ચાલતું કંજૂસપણું કરકસરને બહાને ચલાવવામાં આવે છે. પાણી ખેંચવાનું, આટાને સારુ ચક્કીઓ ચલાવવાનું, રસ્તા અને પાયખાનાં સાફ કરવાનું, રાંધવાનું, ઈત્યાદિ બધાં કામો કેદીઓ પાસે જ લેવામાં આવે છે, છતાં તેઓ સ્વાશ્રયી નથી એટલું જ નહીં પણ તેમની મહેનતમાંથી

Gandhi Heritage Portal

તેમનું પેટિયું પણ નીકળતું નથી. વળી તેમની આટલી બધી મહેનત છતાં તેમને રુચે તેવો અથવા તેમને ભાવે તેવો પકાવેલો ખોરાક તેમને મળતો નથી અને આનું કારણ એટલું જ કે જે કેદીઓ રસોઈ વગેરે કરે છે તેમને સામાન્ય રીતે તેમના કામમાં કશો જ રસ હોતો નથી. પોતાના કામને દયા વિનાની દેખરેખ નીચે કરવાની એક જાતની વેઠ જ તેઓ લેખે છે. એ તો સહેજે સમજી શકાશે કે જો કેદીઓ સમાજસેવક હોત અને પોતાના ભાઈબંધોના કલ્યાણમાં રસ લેનારા હોત તો તેઓ કદી કેદમાં જ ન પડત. મતલબ કે જો વધારે વિવેકભર્યો અને નીતિવાળો વહીવટ ચલાવવામાં આવે તો જેલો આજે જેવી ખરચાળ સજાની વસાહતો છે તેને બદલે સહેજે સ્વાશ્રયી સુધારાગૃહો બની જાય. હું તો પાણી ખેંચવામાં, આટાની ચક્કીઓ ચલાવવામાં અને એવાં જ બીજાં કામોમાં કેદીઓની અંગમહેનત જે ભયંકર પ્રમાણમાં વેડફાય છે તેનો બચાવ કરવા ઇચ્છું. જો જેલવહીવટ મારા હાથમાં હોય તો હું તો આટો બહારથી લાવું, પાણી પંપ વતી ખેંચાવું અને બીજાં અનેક કામો અનેક કેદીઓને વળગાડવાને બદલે જેલોને ખેતી, હાથકંતામણ અને હાથવણાટનાં કારખાનાં કરી મૂકું. નાની જેલોમાં માત્ર રેંટિયા અને સાળો જ રાખવામાં આવે. હાલ પણ ઘણીખરી સેન્ટ્રલ જેલોમાં સાળો તો ચાલે જ છે. વધારામાં માત્ર પીંજણ અને રેંટિયા દાખલ કરવાની જરૂર રહે. ઘણી જેલોમાં તો જેટલું જોઈએ તેટલું રૂ સહેલાઈથી ઉગાડી શકાય. આથી રાષ્ટ્રીય ગૃહઉદ્યોગો લોકપ્રિય થઈ પડશે, અને કેદખાનાં સ્વાશ્રયી બનશે. બધા કેદીઓની મહેનતનું વળતર મળી રહેશે, અને તેમ છતાં હાલ ચાલે છે તેમ તેનાથી હરીફાઈને ઉત્તેજન નહીં મળે.

યરવડા જેલને અંગે એક છાપખાનું ચાલે છે. આ છાપખાનું ઘણુંખરું કેદીઓની મહેનતથી જ ચલાવવામાં આવે છે. આવાં છાપખાનાં જો બહારનું છાપકામ લેતાં હોય તો તે સામાન્ય છાપખાનાંઓ જોડે અયોગ્ય હરીફાઈમાં ઊતરે છે એમ હું કહું. જો કેદખાનાં ઉદ્યોગ-સંસ્થાઓ સાથે હરીફાઈમાં ઊતરે તો તે સહેલાઈથી નફો કરે એ દેખીતું છે, પણ મારું કહેવાનું તાત્પર્ય એ છે કે આવી હરીફાઈમાં ઊતર્યા વગર કેદખાનાં સ્વાશ્રયી બની શકે છે અને કામ કરનારા માણસોને સાથે સાથે એક એવા ઉદ્યોગનું જ્ઞાન મળી જાય કે જે કેદીને જેલમાંથી છૂટયા પછી સ્વતંત્ર ધંધો કરવામાં મદદરૂપ થઈ પડે અને આબરૂદાર નાગરિકનું જીવન ગાળવા તરફ તેમને ઉત્તેજન મળે.

વળી વસ્તીની શાંતિને ખલેલ ન પહોંચે એટલે અંશે કેદીઓની આસપાસ હું ઘરના જેવું વાતાવરણ કરી મૂકું. મતલબ કે તેમનાં સગાંવહાલાંને જોઈએ ત્યારે મળવાની, ચોપડીઓ મંગાવવાની અને શિક્ષણ લેવાની પણ હું તો તેમને વ્યવસ્થા કરી આપું. કેદીઓને વિષે જે અવિશ્વાસ રાખવામાં આવે છે તેને બદલે વિશ્વાસ સ્થાપું. તેઓ જે કંઈ કામ કરી શકે તેવું કામ હું તેમને સોંપું અને તેમને પોતાનો ખોરાક કાચો અથવા પાકો મંગાવી લેવા દઉં.

ઘણીખરી સજાઓની મુદત મુકરર હોય છે તેને બદલે હું તેમને અનિયમિત કરું. તે એ રીતે કે સમાજના રક્ષણ માટે અને તેના પોતાના સુધારા માટે જેટલી મુદત કેદીને જેલમાં રાખવાની જરૂર જ હોય તેથી એક ઘડી પણ વધુ તેને જેલમાં ન રાખું.

હું જાણું છું કે આ બધું કરવાને આખી સંસ્થા નવેસરથી રચવી જોઈએ, અને હાલ જેમ ઘણાખરા જેલરો લશ્કરી નોકરીમાંથી ફારગ થયેલા માણસો હોય છે તેમ ન કરતાં જુદા જ

Gandhi Heritage Portal

માણસો જેલમાં નીમવા જોઈએ. મને એવી પણ ખાતરી છે કે આવો સુધારો કરવામાં નવો ખરચ પણ ભાગ્યે જ ઝાઝો કરવો પડે.

હાલ તો કેદખાનાંઓ એ લફંગાઓને માટે આરામગૃહો અને સામાન્ય સીધા કેદીઓને માટે જુલમખાનાં છે. અને ઘણાખરા કેદીઓ તો સીધા જ હોય છે. લફંગાઓ જોઈએ તે મેળવવામાં ફાવી જાય છે અને બિચારા સીધી લીટીના કેદીઓને જે વિના ન ચાલે એવી ચીજો પણ મળતી નથી. મેં ઉપર જે યોજનાની આછી રૂપરેખા દોરી છે તે યોજના પ્રમાણે તો લફંગાઓ સુખની આશા રાખે તે પહેલાં તેમને સીધાદોર થવું પડશે અને સીધા નિર્દોષ કેદીઓને જેટલું આપી શકાય તેટલું અનુકૂળ વાતાવરણ મળી રહેશે. પ્રામાણિકતાનું વળતર મળશે અને દોંગાઈ દંડાશે.

કેદીઓની પાસે ખોરાકના બદલામાં કામ લેવાથી આળસનું નામ નહીં રહે અને જેલોમાં ખેતી તથા વણાટ એ બે ઉદ્યોગ તથા તેના અંગના પેટા ઉદ્યોગો રાખવાથી અત્યારે દેખરેખને અંગે જે ભારે ખરચ રાખવું પડે છે તે ઘણું ઓછું થઈ જશે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १२–६–१९२४

ભાષાંતર: नवजीवननो વધારો, २६–६–१९२४ तथा यरवडाना अनुभव

# ૧૧૬. અસ્પૃશ્યતા અને સ્વરાજ

એક જણ ગંભીરતાથી લખે છે:

"અસ્પૃશ્યતા" શબ્દ મને તો વિચિત્ર લાગે છે. કારણ "સ્પૃશ્ય" એવા કોઈ ખાસ લોકો સામાન્ય રીતે છે જ નહીં. જરૂર હોય તે સિવાય ભાગ્યે જ કોઈ બીજાના શરીરનો સ્પર્શ કરે છે. કહેવાતા "અસ્પૃશ્યો" સિવાયના બીજાઓમાં પ્રથા એવી છે કે એકબીજા પોતપોતાની પાસે આવતાં અથવા પાસેથી જતાં કંઈ વાંધો લેતા નથી. બસ, આટલું જ. બાકી કોઈ માણસ જાણીજોઈને બીજાના શરીરને અડકતો નથી જ. એમ જ "અસ્પૃશ્ય"ને પોતાને રસ્તે જવા દઈ દરેક જણ પોતપોતાને રસ્તે પડે તો આ કઠણ પ્રશ્નનું નિરાકરણ ન થયું કહેવાય?

મને ખાતરી છે કે અસ્પૃશ્યતાનું પાપ ધોવાને માટે "અસ્પૃશ્ય"ની પાસે ખસૂસ જઈ તેને અડવાનું આપ મને કહેતા નથી. અને જો સાક્ષાત્ સ્પર્શની આવશ્યકતા ન હોય તો આ પાપને "અસ્પૃશ્યતા" કહેવાનો અર્થ શો? આપ અસ્પૃશ્યતા શબ્દ વાપરો છો તેથી એવું સૂચવાય છે કે તે પાપ મટાડવાને સાક્ષાત્ સ્પર્શ કરવો જ જોઈએ. અને મને લાગે છે કે આપની હિલચાલ સામેનો જૂના વિચારવાળાઓનો વિરોધ થોડોઘણો આ જ કારણે છે. મને નથી લાગતું કે મારા ભાઈનો પણ હું ઘણી વાર સ્પર્શ કરતો હોઉં. ખરી રીતે તો આ પ્રશ્નનું હું નિરાકરણ કરવા માગતો હોઉં તોપણ મારે બીજા માણસનો સ્પર્શ કરવો આવશ્યકે નથી અને હિતકરે નથી, એટલે મને લાગે છે કે "દૂરતા" શબ્દ જ એ સમાજની સ્થિતિ વધારે સાચી રીતે વ્યક્ત કરે છે. અને આ દૂરતા ન મટે, સહિષ્ણુતાની વૃત્તિ અંતરમાં ન પ્રગટે, ત્યાં સુધી ગમે તેટલી બાહ્ય સ્પૃશ્યતા વધવાથી કાંઈ લાભ થવાનો નથી.

Gandhi Heritage Portal

વળી, આ પાપને સ્વરાજની સ્થાપના સાથે શો સંબંધ છે તે હું સમજી શકતો નથી. હિંદુ સમાજનાં અનેક દૂષણોમાં આ દૂરતા એ એક દૂષણ છે — કદાચ સૌથી મોટું દૂષણ હોય. પણ જ્યાં સુધી સમાજ હસ્તી ભોગવે છે ત્યાં સુધી આવાં પાપો પણ ચાલુ રહેવાનાં છે, કારણ કોઈ સમાજ દૂષણ વિનાનો નથી. આ દૂષણ સ્વરાજ મેળવવામાં શી રીતે વિઘ્નરૂપ છે અને સ્વરાજને માટે લાયક થવાને આ પાપ દૂર કરવાનું પહેલી શરત તરીકે આપે શા સારુ રાખ્યું છે? સ્વરાજ મળ્યા પછી હાલની સ્થિતિ, લોકોની ઇચ્છાથી નહીં તો કાયદો કરીને ન સુધારી શકાય?

હિંદુમુસલમાન ઐક્ય કાયમ થાય તેની અનિવાર્ય આવશ્યકતા હું સારી રીતે સમજી શકું છું. કારણ બંને કોમો વચ્ચેના ઝઘડાનો સરકાર લાભ લે અને આપણી માગણી ચાહે ત્યાં સુધી પાછી ઠેલ્યા કરે એવો સંશય છે. અસ્પૃશ્યતાના પ્રશ્નનું સામાજિક, ધાર્મિક અને માનવદયાનું સ્વરૂપ પણ હું સમજી શકું છું. પણ એ પ્રશ્નને જેના નિરાકરણ વિના સ્વરાજ અશક્ય થઈ પડે એવો રાજકીય પ્રશ્ન બનાવી કેમ મુકાય એ મારા સમજવામાં આવતું નથી.

શબ્દને વિષે મારે કશો કજિયો નથી. જે પ્રથાથી હિંદુઓનો મોટો ભાગ પશુના કરતાં પણ અધમ સ્થિતિએ ઊતરી પડ્યો છે તે પ્રથાને વિષે મારા રોમેરોમમાં ઘૃણા વ્યાપેલી છે. બિચારા અંત્યજને — "અસ્પૃશ્ય" શબ્દ નથી વાપરતો — તેને રસ્તે જવા દેવામાં આવે તો તે પ્રશ્નનું ઘણુંયે નિરાકરણ થાય, પણ દુઃખની વાત છે કે તેને નથી વિચારશક્તિ કે નથી તેને માટે કોઈ રસ્તો. પશુને પોતાના માલિકની મરજી સિવાય કાંઈ વિચારશક્તિ કે રસ્તો હોય છે ખરો? અંત્યજને માટે કોઈ એવી જગ્યા છે કે જેને તે પોતાની કહી શકે? જે રસ્તા તે સાફ કરે છે અને જેની ઉપર ચાલવાને તે પોતાનો પરસેવો પાડીને કર આપે છે તેની ઉપર ચાલવાનો તેને અધિકાર નથી! બીજા જે પહેરેઓઢે તેવું પહેરવાઓઢવાનો પણ તેને અધિકાર નથી. પત્ર લખનાર સહિષ્ણુતાની વાત કરે છે. આપણા અંત્યજ ભાઈઓના તરફ આપણે સહિષ્ણુ છીએ એમ કહેવું એ તો ભાષાનો વ્યભિચાર કહેવાય. આપણે તેમને અધમ બનાવ્યા છે, અને તેમની ઉન્નતિની વિરુદ્ધ તે અધમતાને કારણ ગણતાં આપણે શરમાતા નથી.

મારે મને સ્વરાજ એટલે દેશના અલ્પમાં અલ્પ બંધુને માટે સ્વતંત્રતા. આપણે બધા જ્યારે પરતંત્રતાનું દુઃખ ભોગવીએ છીએ ત્યારે જ જો અંત્યજની સ્થિતિ ન સુધરે તો સ્વરાજના નશામાં તો તે નથી જ સુધરવાની. સ્વરાજની શરત તરીકે મુસલમાનની સાથે શાંતિ કરી લેવાની જરૂર હોય તો આપણે ન્યાય અથવા સ્વાભિમાનનો દાવો કરી સ્વરાજની વાતો કરીએ તે પહેલાં અંત્યજને પણ શાંતિ આપવાની જરૂર છે. અંગ્રેજની ઝૂંસરીથી જ હિંદુસ્તાનને બચાવવામાં મને રસ નથી. મારી તો હિંદુસ્તાનને કોઈ પણ ઝૂંસરીથી છોડાવવાની ટેક છે. ભૂત કાઢીને પલિત સ્થાપવાની મારી જરાયે ઇચ્છા નથી. એટલે જ મારે માટે તો સ્વરાજની પ્રવૃત્તિ એ આત્મશુદ્ધિની પ્રવૃત્તિ છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १२–६–१९२४

ભાષાંતર: नवजीवन, १५–६–१९२४

Gandhi Heritage Portal

# ૧૧૭. આર્યસમાજ

આખા હિંદુસ્તાનના આર્યસમાજી ભાઈઓ તરફથી મારી સામે રોષની ઝડી વરસવી શરૂ થઈ ગઈ છે. આર્યસમાજ વિષે, તેના મહાન સંસ્થાપક વિષે, સ્વામી શ્રદ્ધાનંદજી વિષે તેમ જ શુદ્ધિની પ્રવૃત્તિ વિષે મેં મારા હિંદુમુસલમાનવાળા નિવેદનમાં કરેલા ઉલ્લેખ સામે તીખો વિરોધ દર્શાવનાર કાગળો તેમ જ તારોનો મારી પાસે ઢગલો થયો છે. ગાઝિઆબાદ, મુલતાન, દિલ્હી, સક્કર, કરાંચી, જાગરાન, સિકંદરાબાદ, લાહોર, સિયાલકોટ, અલ્લાહાબાદ ઈત્યાદિ અનેક સ્થળેથી આ કાગળો અને તારો આવેલા છે. વ્યક્તિઓએ લખેલા કાગળો તો હું આમાં ગણાવતો જ નથી.

આમાંના બધા જ ઘણે ભાગે એવી અપેક્ષા રાખનારા હશે કે તેમના વાંધા હું પ્રગટ કરું. કેટલાકે તો મારે તે પ્રગટ કરવા જ એવો આગ્રહ કર્યો છે. આ ભાઈઓની ઈચ્છાને હું માન આપી શકતો નથી તેને સારુ હું તેમની માફી માગું છું. ઘણાખરા પત્રો અને તારોની ભાષા ગયે અઠવાડિયે[1] મેં પ્રગટ કરેલા આગ્રાવાળા તારને મળતી છે. બધામાં આર્યસમાજ, સત્યાર્થ-પ્રકાશ, ઋષિ દયાનંદ, સ્વામી શ્રદ્ધાનંદજી અને શુદ્ધિની પ્રવૃત્તિ વિષે તેમની દૃષ્ટિએ મેં જે હુમલો કર્યો મનાયો છે, તે પ્રત્યે રોષ દર્શાવેલ છે. મારે દિલગીરી સાથે દર્શાવવું પડે છે કે મારા વિચાર હજુ જેવા ને તેવા જ છે.

મારી સામે રજૂ કરવામાં આવેલા રદિયા મેં કાળજીપૂર્વક વાંચ્યા છે. જેમણે મારામાં આર્ય-સમાજને લગતી બાબતોનું અજ્ઞાન કલ્પી લીધું છે, તેઓએ કદાચ મને છૂટવાબારી રહેવા દેવા સારુ તેમ કર્યું છે. કમનસીબે મેં મારે સારુ તેવી કોઈ બારી રહેવા દીધી નથી. સત્યાર્થપ્રકાશ વિષે અગર તો આર્યસમાજના સામાન્ય સિદ્ધાંતોને વિષે હું અણજાણ છું એમ મારાથી ન જ કહેવાય. મારાથી એવો પણ બચાવ ન કરી શકાય કે આર્યસમાજ સામે મારું મન આરંભથી જ વહેમાયેલું હતું. ઊલટું હું તો પૂરી ભક્તિપૂર્વક તેની ખોળમાં ઊતરેલો.

ઋષિ દયાનંદના ચારિત્ર્યને વિષે મને હમેશ નિરવધિ માન હતું અને છે. એમના બ્રહ્મ-ચર્યને મેં મારે સારુ હમેશાં અનુકરણીય માન્યું છે. એમની નિર્ભયતાએ મને હમેશાં મુગ્ધ કર્યો છે. અને જો વળી મારામાં કશી પ્રાંતિક ભાવના હોય તો ઋષિ દયાનંદ મારી જ પેઠે એક કાઠિયાવાડી હતા એ વાત પણ મારે સારુ કંઈ જેવાતેવા અભિમાનની ન જ કહેવાય. પણ મારો ઉપાય રહ્યો નહીં. જે નિર્ણયો મેં બાંધ્યા તે મારી ઈચ્છા સામે થઈને મારે બાંધવા પડ્યા, અને તે મેં પ્રગટ પણ ત્યારે જ કર્યા જ્યારે તેને સારુ પ્રસંગ ઊભો થયો. આ પ્રસંગે તેનો ઉચ્ચાર કરતાં જો હું અચકાત તો તે મારી ભારે નબળાઈ ગણાત. સમાજી ભાઈઓને હું વીનવું છું કે મેં નિર્મળભાવે દર્શાવેલા અભિપ્રાયને સારુ મારા ઉપર ક્રોધે ભરાવાને બદલે તેઓ મારી ટીકાને સવળા અર્થમાં લે. તેને તપાસી જુઓ. અને મને મારી ભૂલ થતી હોય તે દેખાડી આપે. અને છેવટે જો હું તેમની જોડે સંમત ન થઈ શકું તો મને જ્ઞાન થાઓ એવી પ્રાર્થના કરે.

૧. જુઓ “નોંધ”, ૫-૬-૧૯૨૪.

Gandhi Heritage Portal

બે કાગળોમાં મને આહ્વાન કરવામાં આવ્યું છે કે મારે મારા નિર્ણયના પુરાવા રજૂ કરવા. આવા આહ્વાનની સામે વાંધો ન જ લઈ શકાય અને થોડી જ મુદતમાં મારા નિર્ણયોના ટેકામાં સત્યાર્થપ્રકાશમાંના ફકરાઓ રજૂ કરવાની હું ઉમેદ રાખું છું. મિત્રોની પાસે હું એટલું જ માગી લઉં કે ધાર્મિક ચર્ચામાં તેઓ મને ન ઉતારે. જેને આધારે મેં મારા નિર્ણયો બાંધ્યા તે સામગ્રી ભાઈઓની આગળ મૂકી દઈને હું સંતોષ માનીશ.

સ્વામી શ્રદ્ધાનંદજીની બાબતમાં તો મારે દાખલાદલીલો રજૂ કરવાનો કશો સવાલ જ ન હોય. એમની જોડે અંગત મિત્રાચારીનો દાવો અગાઉના લખાણથી હું કરી ચૂક્યો છું અને તે સામું જોઈને ટીકાકાર ભાઈઓ આ બાબતમાં વચ્ચે નહીં પડે તો ઉપકાર થશે. વળી તેઓને વિષે મારો ગમે તેવો મત હશે તોપણ તેમની જોડે વઢવેડ તો મારાથી નથી જ થવાની. મારી ટીકા મિત્રભાવે થઈ છે.

શુદ્ધિની બાબતમાં પણ મારા ટીકાકારો તેમના મહાક્રોધમાં મારા લખાણમાંની મર્યાદા જોઈ શક્યા નથી. મેં લખ્યું છે કે "ખ્રિસ્તી ધર્મમાં અને એથી ઓછા પ્રમાણમાં ઈસ્લામમાં જે રીતે પોતાના ધર્મનો પ્રચાર કરવામાં આવે છે તેવું હિંદુ ધર્મમાં નથી." આમ કહેવું અને "હિંદુ ધર્મમાં પ્રચાર જ નથી" એમ કહેવું એ બે સાવ જુદી વસ્તુઓ છે. હિંદુ ધર્મની પાસે એની પોતાની પ્રકૃતિને અનુકૂળ એવો નિરાળો જ શુદ્ધિનો રસ્તો છે. સમાજી ભાઈઓ ફરી વાર મારું નિવેદન વાંચી જોશે તો તેઓ જોશે કે મેં કહ્યું છે કે જો તેઓ ચાહતા હોય તો પોતાની પ્રવૃત્તિ ચાલુ રાખવાનો તેમને સંપૂર્ણ હક છે. બે મત એકબીજા જોડે મળતા જ આવે એનું નામ સહિષ્ણુતા નથી. સહિષ્ણુતા તો એનું નામ છે કે બે જણના મત પૂર્વપશ્ચિમ જેટલા નોખા હોય તોપણ એકબીજાને નભાવી લે અને એમ જ હોવું જોઈએ.

છેલ્લે, મેં મારા નિવેદનમાં એવું પણ નથી કહ્યું કે સમાજીઓ અગર તો મુસલમાનો સ્ત્રીઓનાં હરણ જ કરે છે. મેં તો લખ્યું છે "હું સાંભળું છું કે તેઓ તેમ કરે છે." મેં તો મારે કાને આવેલી વાત કહી સંભળાવીને બંને પક્ષને એ આરોપ ખોટો કરવાની તક આણી આપી. જે એકબીજા સામે બોલાતું હતું તે ધૂંધવાવા દેવું તેના કરતાં તેને જાહેર કરી દઈને એ રીતે વાતાવરણ નિર્મળ કરવા યથાશક્તિ પ્રયત્ન કરવો એ શું બહેતર નહોતું?

આર્યસમાજી મિત્રોને હું કહીશ કે તેમનો રોષ અને તેમના ઠરાવો તેમનામાં સહિષ્ણુતાનો અભાવ સૂચવે છે. જાહેર જીવનમાં પડેલ માણસો તેમ જ સંસ્થાઓને એમ નાજુકબદન થવું કેમ પોસાય? તેમણે તો ચાહે તેવી કડક ટીકા પણ હસતે મુખે ઝીલવી જોઈએ.

છેવટે મારી તેમને એક જ પ્રાર્થના છે: તમારામાંના લગભગ ઘણાખરા મારી ટીકા સામે વિરોધ દર્શાવી ચૂક્યા છો, મને તેનું દુ:ખ નથી. હું તમને ખાતરી આપું છું કે તમારા દુ:ખથી હું દુ:ખી થયો છું. મેં જ્યારે મારી ટીકા લખી ત્યારે તે દુ:ખી દિલથી લખી હતી. અત્યારે, તેણે ઘણાંનાં દિલ દૂભવ્યાં છે એ જોઈ તેટલો જ દુ:ખી થાઉં છું. હું કંઈ તમારો વેરી નથી. બલ્કે મારો દાવો છે કે હું તમારો મિત્ર છું. એ મૈત્રી પુરવાર તો કાળે કરીને જ થઈ શકે. તમારે કોઈ ધર્મનો વિરોધ નથી કરવો એમ તમારામાંના ઘણાખરાએ મારા ઉપર મોકલેલા કાગળોમાં છે. આમ છે તો મેં આર્યસમાજની, તેના સંસ્થાપકની અને સ્વામી શ્રદ્ધાનંદજીની જે સ્તુતિ કરી છે તેને તમે કેમ ભૂલો છો? આર્યસમાજે હિંદુ સમાજનો સડો દૂર કરવાનું જે કાર્ય કર્યું છે તેથી હું અજાણ નથી. હિંદુ ધર્મને કલંકિત કરનારી કેટલીયે કુપ્રથાઓ તમે નાબૂદ

Gandhi Heritage Portal

કરી છે એ હું કયાં નથી જાણતો? પણ મુદ્દલ ઉપર કોઈ જીવી શકતું નથી. હવે તો અક્ષરને ઓળંગી ભાવનાને વિશાળ કરી ધર્મસુધારનું કામ કરો. તમે ભલે ઈનકાર કરો છતાં હું ફરીને કહું છું કે તમારી શુદ્ધિની પ્રવૃત્તિમાં મને ખ્રિસ્તી પાદરીઓની ધર્મપ્રચાર પ્રવૃત્તિની જ બો આવી રહી છે. તમે એનાથી ઊંચું પદ ભોગવો એ જોવા હું ઉત્સુક છું. જો તમે પોતાનું જ ઘર સાફ કરવાનો આગ્રહ રાખો તોપણ તમને સંતોષ થાય તેટલું અને તમારો બધો વખત રોકે એટલું કામ તમને સહેજે મળે એમ છે. મારી પેઠે જ જો તમે પણ માનતા હો કે આર્યસમાજ એ હિંદુ ધર્મનું એક અંગ છે તો હિંદુને હિંદુ બનાવવા પાછળ મથો. જો હિંદુ ધર્મથી આર્યને જુદો માનતા હો તો તો મને લાગે છે હિંદુઓને મનાવવા સહેલ નથી. પ્રથમ તમારું સ્થાન નક્કી કરો. મેં તમારા પર ટીકા કરી છે, કારણ હું અત્યારે ચાલી રહેલી પ્રજાકીય તેમ જ ધાર્મિક મહાપ્રવૃત્તિમાં તમારી પાસેથી ફાળો ઈચ્છું છું. જો આર્યસમાજ મને જે એનું સાંકડાપણું જણાયું છે તે છોડી આજે વિશાળ દૃષ્ટિ ધારણ કરે તો એનું ભાવિ ઉજ્જવળ છે. જો તમે કહેતા હો કે તમારામાં હવે વિસ્તારને સારુ અવકાશ નથી તો હું અવશ્ય દિલગીર થાઉં. અને જો એમ જ હોય તો હું તમારી ઉદારતા ન ભાળી શકું તેટલા સારુ તમારે મારા પર રોષ કરવો ન ઘટે. પરંતુ, મોટું પેટ રાખીને મારા અજ્ઞાનને સહી સમજી તે મટાડવા ધીરજપૂર્વક ઉદ્યમ કરવો ઘટે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ૧૨–૬–૧૯૨૪

ભાષાંતર: નવજીવનનો વધારો, ૧૫–૬–૧૯૨૪

## ૧૧૮. નોંધ[1]

### મોટા તે ખોટા હોય?

મારા એક નિકટના યહૂદી મિત્ર વાત કરતાં ઘણી વાર "રાબ્બી મે" એ યહૂદી શબ્દ-સમૂહનો પ્રયોગ કરતા. આ શબ્દસમૂહનો અર્થ એ હતો કે દેશમાં જે કોઈ સૌથી વડો હોય તે ગમે તેવા ભયાનક ગુના બેલાશક કરી શકે, એટલું જ નહીં પણ "ચોરને માથે મોર" એ ન્યાયે વળી પાછો પોતાના એવા દુષ્ટ કૃત્યને વિષે જનસમાજ તરફના ધન્યવાદ પણ મેળવતો જાય! આ જ શબ્દપ્રયોગ આજે યથાન્યાય ઓડવાયર-નાયર કેસને વિષે લાગુ કરી શકાય. આ મુકદ્દમામાં ન્યાયાધીશે આરંભથી જ પોતાનો પક્ષપાત દેખાડી આપ્યો હતો. રોજેરોજ આ કેસના અખબારોમાં આવતા જે હેવાલો પ્રજા વાંચતી તે હૈયું બાળે એવા હતા. અને જોકે મુકદ્દમાનો નિકાલ તો દેખીતો જ કળાતો હતો. તથાપિ પ્રજાને દૂર દૂર ભૂલેચૂકે પણ ક્ષણવાર એવી આશા ઉદ્ભવતી કે આખરે પણ ન્યાયમૂર્તિ પોતાના સમારોપ અને ચુકાદામાં કંઈકે ન્યાય તોળશે. પણ એવું નિર્માણ નહોતું. અને થવાની થઈ ગઈ.

૧. આ નોંધમાં આવતાં "આગાખાની ખોજાઓ", "લિબરલો અને ખાદી", "નારાયણવરમ્ અને અસ્પૃશ્યતા", "હાથસાળ અને વારસામાં મળતી સાળ" અને "અફીણ" આ પેટામથાળાંવાળા ભાગનું ભાષાંતર यंग इन्डिया, ૧૨–૬–૧૯૨૪ના અંકમાંથી આપવામાં આવ્યું છે.

Gandhi Heritage Portal

પણ જે કૃત્યને સારુ હિંદુસ્તાનીને પોતાનું માથું ખોવું પડે તે કૃત્ય એક બ્રિટિશ ન્યાયાધીશ વગરઅચકાયે ધરાર કરે.

સર માઈકલ ઓડવાયરની સામે ઊભા રહેવાનું કબૂલ કરી લઈને સર શંકરન્ નાયરે[1] તો આખા બ્રિટિશ તંત્રને અને બ્રિટિશ પ્રજાને કસોટીએ ચઢાવ્યાં હતાં. તેમની કસોટી થઈ ચૂકી અને કેસમાં તે હીણા ઠર્યા છે. આમ સાવ સામાન્ય બાબતમાં પણ સર શંકરન્ જેવો રાજભક્ત ન્યાય મેળવવામાં નિષ્ફળ નીવડ્યો. જો સર માઈકલ ઓડવાયર હારત તો બ્રિટિશ સામ્રાજ્ય જમીનદોસ્ત ન જ થાત. પણ એની જૂની પ્રતિષ્ઠાને સહેજસાજ ધક્કો લાગત ને! અને બ્રિટિશ પ્રજાએ તો તેના એકનિષ્ઠ સેવકો જ્યાં સુધી તેઓ સામ્રાજ્યવાદની તરફદારી કરે ત્યાં સુધી તેઓ કોઈ કોઈ વાર ભૂલો કરે તોપણ હમેશ તેને પડખે ઊભા રહેવાનો કોલ નથી આપ્યો શું? સર શંકરન્ નાયર પ્રત્યે તેમની હારને વિષે આજે એકેએક હિંદીની સહાનુભૂતિ છે એવો મને વિશ્વાસ છે. મેં તો આ ભવિષ્ય ધારેલું જ હતું. જેમ જેમ આ મુકદ્દમો દિવસોના દિવસો સુધી લંબાતો ગયો તેમ તેમ એક આશાતજેલ પ્રકરણ લડયે જવામાં સર શંકરને દેખાડેલું ધૈર્ય જોઈ હું મુગ્ધ થયો. આ કેસ લડીને ચાલુ રાજતંત્રની સામેના આરોપની ટીપમાં એમણે એક જબરી કલમ ઉમેરી છે. એ તંત્ર ચાહે તેવડા ભોગે પણ મિટાવ્યે જ આપણો આરો છે.

## અવળો માર્ગ

પણ આપણે અસહાય છીએ એ કલ્પનાથી આપણે હેબતાઈ જવાનું કારણ નથી. સિરાજગંજની પરિષદે આપણને અવળો માર્ગ ચીંધ્યો છે. ગોપીનાથ સહાની બાબતમાં એણે પસાર કરેલો મૂળ ઠરાવ આ લખતી વેળા મારી પાસે આવી ગયો છે. મને જણાવતાં દિલગીરી થાય છે કે ટાઇમ્સ ઑફ ઇન્ડિયાએ આપેલા અહેવાલમાં તે મેં જોયેલો તે કરતાં આ મૂળ ઠરાવ ઘણો વધારે ભૂંડો છે. ફૉરવર્ડના તા. ૪થી જૂનના અંકમાંથી તે અહીં ટાંકું છું:

> અહિંસાની નીતિને વળગી રહીને આ પરિષદ ગોપીનાથ સહાની દેશભક્તિ પ્રત્યે પોતાનો ભક્તિભાવ દર્શાવે છે, જેમણે મિ. ડેના ખૂનના મામલામાં મોતની સજા ભોગવી છે.

આ ઠરાવને અહિંસાની ઠેકડી સિવાય બીજી કોઈ રીતે હું ન ઓળખી શકું. આના કરતાં તો અહિંસાને એમાં મુદ્દલ ખેંચવામાં જ ન આવી હોત તો એ ઓછું હીણપતભર્યું દેખાત. ગોપીનાથ સહાની દેશભક્તિ તો ખૂનમાં જ પ્રગટી, મરણની ભેટ કરવામાં નહીં; કારણ મરણ તો ખૂનનું પરિણામ હતું. એ કાંઈ મરવા સારુ બહાર નહોતો પડયો. પણ જેને પોતે ખરા દિલથી ધિક્કારતો હતો તેવા કોઈને મારવા બહાર પડયો હતો. પોતે ફાંસીને લાકડે ચડવાનું જોખમ ખેડી રહ્યો છે એ વાતની જાણથી એ બહાદુર ઠરી શકે છે. દેશભક્ત નથી ઠરતો કારણ દરેક ખૂની જાણે છે કે પોતે ફાંસીનું જોખમ ખેડે છે અને તેથી તે બહાદુર છે જ. તેથી જો આમાં દેશભક્તિ હોય તો તે ખૂનના જ કૃત્યમાં શોધવી રહી.

હવે ખૂન તો અહિંસાને કેવળ પૉલિસી તરીકે સ્વીકારનારને સારુ પણ ત્યાજ્ય વસ્તુ છે. અહિંસાપરાયણ રહીને જાતે દુ:ખ સહન કરવું અને બીજા માણસને શારીરિક ઈજા કરવી એ બંને વસ્તુ એકી વારે દેશભક્તિસૂચક ન જ હોઈ શકે. દરેક દેશભક્તની ભક્તિ તેની પાસે

૧. ૧૮૫૭–૧૯૩૪; ૧૯૦૮માં મદ્રાસ હાઈકોર્ટના ન્યાયમૂર્તિ, ૧૮૯૭માં હિંદી રાષ્ટ્રીય મહાસભાના પ્રમુખ; ૧૯૧૫–૧૯ સુધી વાઇસરૉયની કારોબારી કાઉન્સિલના સભ્ય.

Gandhi Heritage Portal

એટલું તો કરાવે જ કે દેશ જ્યારે અહિંસાની નીતિ સ્વીકારીને કામ કરી રહ્યો હોય ત્યારે તેટલો વખત તો તે જાતે ખૂન કરીને દેશનું કામ ન વણસાડે. છતાં જો કોઈ વણસાડે તો જેઓ અહિંસાના ધોરણને વળગેલા છે તેઓ તો તેવાં કૃત્યોથી પોતાને કેવળ અળગા રાખવાને જ નહીં પણ સ્પષ્ટમાં સ્પષ્ટ શબ્દોમાં તે વખોડી કાઢવાને બંધાયેલા છે. કારણ કે આમ લોકમત કેળવીને તેઓ કંઈ નહીં તો છેવટ આવાં ખૂનો મોળાં પાડવામાં તો સહાય કરે જ. વળી હેતુ ચાહે તેટલો નિર્મળ હોય તોપણ ખૂન જેવું કૃત્ય તો વખોડી કાઢ્યે જ છૂટકો. પ્રત્યક્ષ રાજ્યપ્રકરણમાં કાર્ય કે પરિણામ વગરના વાંઝિયા હેતુઓ અગર મનોવૃત્તિઓનો કંઈ અર્થ જ નથી. પ્રત્યક્ષ કરણીનું જ લેખું થાય છે. વળી ઉપલા ઠરાવમાં જો અહિંસાધર્મ વિષેની શ્રદ્ધાનો ફરી એક વાર એકરાર કરવામાં ન આવ્યો હોત તો મારી દલીલમાં આટલું વજૂદ ન રહેત. મારું તો આગ્રહપૂર્વક નિવેદન છે કે જ્યાં સુધી મહાસભાનું ધ્યેય હાલ છે તેનું તે કાયમ છે ત્યાં સુધી મહાસભાનો એકેએક અનુયાયી એ ધ્યેય પ્રત્યેની પોતાના ધર્મની રૂએ રાજદ્વારી હિંસાનું દરેક પગલું વિચાર, વાણી તેમ જ વર્તનમાં વખોડી કાઢવાને બંધાયેલો છે. તેથી બંગાળ પ્રાંતિક સમિતિને મારી નમ્ર સલાહ છે કે તેમણે બંગાળ પ્રાંતિક પરિષદે પસાર કરેલા મજકૂર ઠરાવથી છૂટા પડવું અગર તો જબરી બહુમતીથી પસાર થયેલા જણાતા આ ઠરાવની બાબતમાં કશો ખુલાસો હોય તો તે બહાર પાડવો.

## "મહાત્મા"થી થાકયો

સિરાજગંજમાં બંગાળ પ્રાંતિક પરિષદ ભરાઈ હતી. ત્યાં એક ભાષણકર્તાએ મારા નામની આગળ "મહાત્મા" પદ લગાડવા ના પાડી, તે સારુ તેની જે દશા કરવામાં આવી તેથી મને અત્યંત દુઃખ થયું છે. જેમણે મારા નામની આગળ મહાત્મા લગાડવાના મોહને લીધે એ પદ ન વાપરનારને બેસાડી દીધા અથવા તો જેમણે તેને બેસી જવાની વિનંતી કરી તેમણે નથી અસહકારની સેવા કરી કે નથી મારી સેવા કરી. તેમણે અહિંસાના કાર્યને હાનિ પહોંચાડી છે અને મને દુઃખ આપ્યું છે. કોઈની પાસે મારીબાંધીને મહાત્મા કહેવડાવવામાં તે મને શું સ્વાદ આવતો હશે? બળજબરીને વશ થઈને મહાત્મા પદ લગાડવાને બદલે પરિષદમાંથી ચાલી જવાની પેલા પુરુષે જે હિંમત બતાવી તેને માટે હું તેમને ધન્યવાદ આપું છું. મારા ધારવા પ્રમાણે તેમણે મારા સિદ્ધાંતની મારા અંધ ચાહનારાઓના કરતાં વધારે સાચી કદર કરી છે.

હું મારા તમામ ચાહનારાઓને અને મિત્રોને ખાતરી આપું છું કે તેઓ મહાત્માને ભૂલી જઈ મારો કેવળ "ગાંધીજી" અથવા ગાંધી તરીકે જ વિચાર કરશે તો મને વધારે ખુશ કરી શકશે. સિરાજગંજમાં પેલા પુરુષે મારો ગાંધીજી તરીકે ઉલ્લેખ કરવામાં સંપૂર્ણ વિવેક તો વાપર્યો જ હતો. મારા મિત્રો મને મારા કાર્યક્રમનું પોતાના જીવનમાં સંપૂર્ણ પાલન કરીને અથવા તો તે વિષે તેમની શ્રદ્ધા ન હોય તો મારો સંપૂર્ણ વિરોધ કરીને જ મને વધારેમાં વધારે માન આપી શકશે. આ કર્મયુગમાં અંધભક્તિ સદંતર નિરર્થક છે, ઘણી વાર મૂંઝવનારી છે અને તેટલી જ વાર દુઃખદેણ છે.

## એક યોગ્ય પ્રશ્ન

એક પત્રમાં મને લખવામાં આવ્યું છે:

મહાસભાના કારભારી મંડળોમાંથી તુરત જ રાજીનામું આપવાની તમે બધા સ્વરાજવાદીઓની પાસે માગણી કરી છે એમ કહું તો ચાલે. આમાં એક વાત માની લેવામાં

Gandhi Heritage Portal

આવી છે તે એ કે દેશમાં સ્વરાજવાદીઓની અલ્પમતી છે અને હિંદીઓનો નહીં તો મહાસભાવાળાઓનો મોટો ભાગ નાફેર પક્ષવાળા છે. ગયામાં તો દેશે નિશ્ચિત નિર્ણય આપ્યો હતો એ વાત સાચી છે. પણ દિલ્હી અને કોકોનાડામાં નિર્ણય આપનારાઓ કેવા હતા એ વિષે બહુ શક હતો. દેશનું વાતાવરણ ચોક્કસ રીતે નાફેરવાદીઓના પક્ષમાં છે એ સાચું, પણ તેનું કારણ તમે યરવડા હતા ત્યારે તમારે વિષેની લોકોની ભક્તિ ન કહેવાય? પ્રજાએ આપ આપનો કેસ જાતે રજૂ કરી શકતા નહોતા તેથી આપના મતને વળગી રહેવાના ભૂતથી મુક્ત હોવું જ જોઈએ. અને એવી સ્વતંત્ર પ્રજા નાફેરવાદીઓના પક્ષમાં છે કે ફેરવાદીઓના પક્ષમાં છે એ અચૂક રીતે જાણી લેવું જરૂરનું નથી? મહાસભા ડિસેમ્બર મહિનામાં મળે ત્યાં સુધીમાં આવા પ્રકારનો સમસ્ત પ્રજામત લેવો ઈષ્ટ ન હોય, પણ તે દરમિયાન મહાસભાનાં કાર્યવાહક મંડળોને રચનાત્મક કાર્યક્રમ ચલાવવા માટે, સમર્થ કરવા સારુ, કાર્યકર્તાઓએ સ્વેચ્છાએ મિશ્રમંડળોના હાથ નીચે રહીને કામ કરવું એ બરોબર નથી?

લેખકે ઉઠાવેલા વાંધામાં બહુ વજૂદ છે એમ મારે કબૂલ કરવું જોઈએ. બહુ સંભવ છે કે અસહકારના મૂળ કાર્યક્રમને માટે નાફેરવાદીઓએ મારા પ્રત્યેની ભક્તિને લીધે જ મત આપ્યો હતો. જો એ વાત સાચી હોય તો એ કઢંગી દશામાંથી તેમને છોડાવવા જ જોઈએ. મારે માટે તો સુભાગ્યની વાત છે કે લેખકની સૂચનાનો હું અત્યાર આગમજ અમલ કરી ચૂક્યો છું, કારણ મેં સૂચના કરી છે કે મહાસમિતિના હાલના સભ્યો મહાસભાના કાર્યક્રમમાં ન માનતા હોય તો તેમણે મને તિલાંજલિ આપતાં જરાયે આંચકો ખાવો નહીં. અસહકાર અને અહિંસાનું કાર્ય એ જ મુખ્ય વસ્તુ છે, અને એ કાર્યની ખાતર આપણી પ્રિયમાં પ્રિય વસ્તુને પણ આપણે તિલાંજલિ આપવી જોઈએ. કાર્ય માટેની ભક્તિ એ બીજી કોઈ પણ વસ્તુ અથવા વ્યક્તિ માટેની ભક્તિ કરતાં વધારે છે. હું જે માગણી કરું છું તે સામાન્ય પ્રામાણિકતાની અને તે કાર્ય સુંદર રીતે ચાલે તેટલા માટે જ છે. જેમને આખા કાર્યક્રમમાં શ્રદ્ધા ન હોય તેમણે ખસી જઈ જેમને શ્રદ્ધા હોય તેવાને માટે જગ્યા કરવી. જો બધા જ અથવા મોટો ભાગ એ કાર્યક્રમને ન માનતો હોય તો તેમણે નવો કાર્યક્રમ રચવો જોઈએ. હું તો મહાસભાના ઠરાવોની પણ મૂર્તિપૂજા ન કરું. મહાસભાનું ધ્યેય સ્વરાજ છે. અને જો છેલ્લા છ મહિનાના અનુભવે આપણને વધારે સારો કાર્યક્રમ બતાવ્યો હોય તો બેલાશક આપણે તે ગ્રહણ કરવો. જે મહાસભાના ઠરાવ વિષે આપણને કદી શ્રદ્ધા નહોતી અથવા તો જેને વિષે આપણી શ્રદ્ધા હવે હચમચી ગઈ છે તે ઠરાવોનો અમલ કરવાનો દંભ કરવા કરતાં આપણા જે ખરા સિદ્ધાંત હોય તેનો અમલ કરવાથી આપણે મહાસભા પ્રત્યે વધારે સાચી ભક્તિ દાખવી ગણાશે. જો ગયા છ મહિનાના અનુભવ પછી સ્વરાજવાદીઓના મત તરફ આપણે ઢળ્યા હોઈએ તો આપણે નિર્મળ ભાવે અને હિંમતપૂર્વક તેમ કબૂલ કરવું જોઈએ અને વિના સંકોચે સ્વરાજવાદીઓ સાથે જોડાઈ જવું જોઈએ. મારી તકરાર દંભ અને પાખંડની સામે છે. એ બંનેથી આપણા કાર્યનું સત્યાનાશ વળશે. જો વકીલાત કરતા વકીલો વિના મહાસભાની સંસ્થાઓ આપણાથી ન જ ચલાવી શકાય તો બહેતર છે કે આપણે અદાલતોનો બહિષ્કાર રદ કરીએ. અને રેંટિયામાં આપણને શ્રદ્ધા ન હોય તો બહેતર છે કે તેનેય આપણે ઊંચો મૂકીએ. રેંટિયાનું નામ જપ્યાથી ૩૩ કરોડને માટે જોઈતું સૂતર આપણને મળવાનું નથી. બીજી રીતે કહું તો

Gandhi Heritage Portal

ઉત્તમ રીતે ચાલતી બધી સંસ્થાઓ જેમ કરે છે તેમ આપણે કરવું જોઈએ. એટલે કે જેમને તેમાં શ્રદ્ધા હોય તેમને તેનું તંત્ર સોંપી દેવું જોઈએ. જે સંસ્થાનું મુખ્ય કામ કાંતવાનું શીખવાનું અને તેને સાર્વત્રિક કરી મૂકવાનું છે તે સંસ્થાને ભાષણ આપનારા પંડિતો નહીં ચલાવી શકે, તેમ જ જે સભામાં વાદશક્તિ જ સર્વોપરી છે તે સભામાં કાંતનારાઓનાં લેખાં ન લાગે.

બીજા[1] એક મિત્રે બીજો એક વાંધો ઉઠાવ્યો છે, જે વાજબી છે. એમનું કહેવું એમ છે કે મહાસમિતિ જો કેવળ અમલ કરનારું જ મંડળ હોત તો મારું કહેવું વાજબી ગણાત. પરંતુ, એ કહે છે કે એ તો ચર્ચાવિચારણા પણ કરે છે અને એના પછી આવનારા કૉંગ્રેસ અધિવેશન માટે ઠરાવો પણ એ જ ઘડતી હોવાથી વ્યવહારમાં તો એ નિયમો ઘડનારી સંસ્થા જ છે. એટલે પોતાને કયા નિયમોનો અમલ કરવાનો છે એ વાત એ જાણે તે પહેલાં કારોબારીને ચૂંટી જ કેવી રીતે શકાય? હું માનું છું કે આ વાંધો બિલકુલ સાચો છે. પરંતુ અહીં પણ હું સલામત છું, કેમ કે મેં તો હવે પછીના છ મહિના દરમિયાન કૉંગ્રેસના ઠરાવોનો અમલ કઈ રીતે થઈ શકે અને થવો જોઈએ એટલા પૂરતો જ મારો અભિપ્રાય વ્યક્ત કર્યો છે. કૉંગ્રેસના કાર્યમાં કોઈ ટેકનિકલ મુશ્કેલી આડે આવવા દેવી જોઈએ નહીં. એટલે કૉંગ્રેસની કારોબારી સમિતિઓ વિષેનો મારો વિચાર કૉંગ્રેસીઓને ગમતો હોય તો કૉંગ્રેસનાં અધિવેશનો ભરાઈ ગયા પછી કારોબારીઓ ફરીથી ચૂંટી શકાય એવી કલમ દાખલ કરીને આવતા વર્ષ માટે આ મિત્રે સૂચવેલી મુશ્કેલી સહેલાઈથી નિવારી શકાય. મારા અભિપ્રાયમાં જો કશું મહત્ત્વ લાગતું હોય તો તેને સભ્યો તેમ જ મતદારો માટે માત્ર માર્ગદર્શક તરીકે જ ગણવો જોઈએ. એ મારે એટલા માટે આપવો પડ્યો છે કે આ કાર્યક્રમ પાર પાડવાની જવાબદારી મોટે ભાગે મારી ગણાશે. તેથી મારો અભિપ્રાય આપતી વખતે મારી સેવાઓનો કઈ શરતોએ અસરકારક ઉપયોગ થઈ શકે તે પણ મેં જણાવ્યું છે.[2]

## આગાખાની ખોજાઓ[3]

ઉપરનું લખાણ નવજીવનના ચાલુ અંકમાં છપાયેલી નોંધનું શબ્દશઃ ભાષાંતર છે. મને પત્ર લખનારાઓને હવે મારું આહ્વાન છે કે તેઓ ખોજા ધર્મના ઉપદેશકોએ પોતાના પંથમાં જોડાવા ઇચ્છનારને દુન્યવી લાલચો આપી હોવા વિષે તેમણે મને લખ્યું હતું તે પુરવાર કરે.

## મુસલમાનો પ્રત્યે પક્ષપાત

હું મુસલમાનનો પક્ષપાત કરનારો છું એ મારા ઉપરના આરોપની હાલ પુરજોસથી પુનરાવૃત્તિ થતી જોઉં છું. મારા ટીકાકારોના કથનનો સાર એ હોય છે કે હું હિંદુઓના દોષ મોટા કરીને જોઉં છું અને મુસલમાનોના મોટા, નાના કરીને દેખું છું. એક રીતે આ આરોપ યથાર્થ છે. જો આપણે સાચો ન્યાય તોળવો હોય તો દરેક વસ્તુને તેના યોગ્ય દૃષ્ટિકોણથી જોવાના સુંદર કુદરતી નિયમને આપણે અનુસરવું જોઈએ. આપણી આદત આપણને આ નિયમની વિરોધી વૃત્તિવાળા બનાવી મૂકે છે. આપણે આપણા પોતાના દોષ વામનરૂપે અને આપણા વિરોધીના

૧ અને ૨ વચ્ચે આવતા ભાગનું ભાષાંતર *યંગ ઇન્ડિયા*, ૧૨-૬-૧૯૨૪ના અંક પ્રમાણે આપવામાં આવ્યું છે.

૩. અહીં *નવજીવન*, ૮-૬-૧૯૨૪ની "આગાખાની ભાઈઓ" એ નોંધનું ભાષાંતર આપ્યું હતું. જુઓ પા. ૧૯૬.

ગાંધી સ્મારક સંગ્રહાલય

Gandhi Heritage Portal

દોષ રાવણરૂપે જોવા મથીએ છીએ. આમાંથી અસહિષ્ણુતાની વૃત્તિ કેળવાય છે. જો આપણે ઉદાર અને સહિષ્ણુ બનીએ તો આપણા વિરોધીને તેમની દૃષ્ટિએ જોવા મથીએ. સંભવ છે કે આવા પ્રયત્નમાં સંપૂર્ણ સફળતા આપણને ન મળે પણ એથી આપણને સાચી દૃષ્ટિ સાંપડશે. તેથી હિંદુઓના દોષ મારી નજરમાં જે મોટા જણાય છે તે તેવો આભાસ માત્ર છે.

"પણ" એક ટીકાકાર લખે છે, "તમે શું એવું ગળે ઉતારવા માગો છો કે મૌલાના અબદુલ બારી સાચે જ આપે તેમને વર્ણવ્યા છે તેવા નિખાલસ અને કશા કળજુગ વગરના છે? અમે અહીં સંયુક્ત પ્રાંતમાં તો એને મિથ્યાભિમાની, ખોટો અને વિશ્વાસને અપાત્ર માણસ ગણીએ છીએ." આ ભાઈઓને હું એટલી જ ખાતરી આપી શકું કે જો મેં મૌલાના સાહેબમાં એવું કશું ભાળ્યું હોત તો હું તેમ કહેતાં કદી આંચકો ખાત નહીં. મેં એમને કોઈ પ્રસંગે ભયંકર થઈ પડે એવા મિત્ર તરીકે ઓળખાવ્યા છે, એ એમની સામેના મારા કથનની છેલ્લામાં છેલ્લી હદ છે એમ સમજું છું. મેં એમનામાં અસત્ય જોયું નથી. કેટલાક માને છે તેમ આ ટીકાકારોએ એમ ન સમજવું ઘટે કે રાજદ્વારી હેતુની સિદ્ધિની ખાતર હું મુસલમાનોને હર હાલતમાં રીઝવવા મથી રહ્યો છું. મારે માટે એ અસંભવિત વસ્તુ છે. કારણ હું જાણું છું કે ખુશામતથી એકતા સિદ્ધ થઈ શકે નહીં. આપણે વિનયને ખુશામત તરીકે ન ઓળખીએ તેમ અવિનયને નિર્ભયતા તરીકે ન માની લઈએ.

### મુસલમાન ઊભરો

હિંદુમુસલમાનવાળા મારા નિવેદન વિષે એક મુસલમાન ગૃહસ્થે મારા પર મોકલેલ કાગળમાંથી અહીં કેટલાક ઉતારા આપું છું:

> હિંદુઓની નામર્દીનો વિચાર કરી વધુ શરમાઉં છું. જેમનાં ઘરબાર લૂંટાયાં તેઓ પોતાની માલમિલકતના રક્ષણનો પ્રયત્ન કરતાં મૂઆ કેમ નહીં? ઇત્યાદિ.
>
> આ વાકયોથી હિંદુઓ ઉશ્કેરાવાનો સંભવ છે. મને ઘણી દિલગીરી થાય છે કે તમે આવી વાતો લખી. . . . તમારાં લખાણ શું શું કરશે એની કલ્પના પણ ભયંકર છે.

મને તો મારા લખાણમાં કશુંયે ભયંકર દેખાતું નથી. વળી મારા નિવેદનથી હિંદુઓ સંકટ સામે ઊભા રહી પોતાનો બચાવ કરે એવા સબળા થાય તો તો તેથી હું રાજી જ થાઉં. જ્યાં સુધી આપણે એકબીજાથી ડરતા નહીં અટકીએ ત્યાં સુધી આપણે એકતાની આશા રાખવી ફોગટ છે. લેખકે બીજો પણ કંઈ માર્ગ સૂચવ્યો નથી. પોતાના પાડોશીના ડરમાં જિંદગી ગાળનારા હિંદુને પોતાના પાડોશીની સામે કાં તો અહિંસાત્મક રીતે પોતાની જગ્યાએ ટકી રહીને અને નહીં તો પછી હિંસાને માર્ગે ઘાની સામે ઘા કરીને પોતાનો બચાવ કરી જાણવાનું હું ન કહું તો બીજું શું કહું?

વળી આ મિત્ર બીજું કહે છે:

> હિંદુ શું કે મુસલમાન શું, કોઈ ડાહ્યો માણસ પંડિત માલવિયાજી વિષે "એઓ મુસલમાનોના શત્રુ નથી" એ તમારો અભિપ્રાય કદી કબૂલ નહીં કરે. એઓ તો મુસલમાનોના ધોળા દહાડા જેવા ખુલ્લા શત્રુ છે. મારી ખાતરી છે કે હિંદુઓ પણ આ વાતમાં તો તમારી વાત માનશે નહીં. લાલા લજપતરાય પણ એ જ માળાના મણિ છે. જયરામદાસ અને ચોઈથરામ વિષે પણ તમે એવી જ ભ્રમણામાં છો. મુસલમાનો તરફનું તેમનું વર્તન અખબાર વાંચનાર દરેક જણને દીવા જેવું સ્પષ્ટ છે. . . . હું તમને ખાતરી

Gandhi Heritage Portal

આપું છું કે આ બધા હિંદુ આગેવાનોનાં વખાણ અને મુસલમાન નેતાઓની નિંદા કરીને તમે હિંદુમુસલમાન એકતાના પ્રશ્નના ઉકેલમાં છાંટાભાર મદદ કરી શકવાના નથી. હિંદુ મિત્રો મને કહે છે કે જ્યાં સુધી હું અલી ભાઈઓનો તેમ જ મૌલાના અબદુલ બારી સાહેબનો વિશ્વાસ કરીશ ત્યાં સુધી એકતા થવાની નથી. આ બધા મિત્રોએ જાણવું જોઈએ કે હાલના હિંદુ કે મુસલમાન એકે નેતાનો વિશ્વાસ ન કરવો એનો અર્થ તો એ થયો કે તેઓ બધાનાં મરણ પછી જ એકતા થવાની હોય તો થઈ શકે!

મજકૂર મિત્ર આગળ લખે છે:

> તમે આગાખાની સાહિત્યનો તેમ જ તબલીઘનો ઉલ્લેખ શા સારુ કર્યો? પ્રજાકીય પ્રવૃત્તિને તો એથી છાંટાભાર નુકસાન નથી. તેઓ તો પોતાનું તબલીઘનું કામ પૂરી ચૂપકીદીથી કર્યે જાય છે. તમે તો મુસલમાન તરફથી ખરાબમાં ખરાબ પદ્ધતિએ થતા પ્રચારનો ઉલ્લેખ કર્યો છે. વળી શુદ્ધ પ્રવૃત્તિનું શું? સિવાય પેલા ચોપાનિયામાંથી સૂચવેલી પદ્ધતિએ નિઝામના મુલકમાં વિશાળ પાયા પર કામ ચાલી રહ્યું છે, એવો ઉલ્લેખ કરવામાં પણ તમે મોટું જોખમ ખેડયું છે; કારણ તેમ કરીને તમે અજાણતાં એક મુસલમાની રાજ્ય ઉપર હુમલો કર્યો છે. . . .

લખનારની એક ચોક્કસ નમૂનાની મનોવૃત્તિ છે અને આવી મનોવૃત્તિવાળા લોકોની સંખ્યા આજ-કાલ વધતી જાય છે. એ મનોવૃત્તિવાળા લોકોના કથનનો સાર એ હોય છે કે આપણા મનની વાત આપણે પ્રગટ ન કરવી પણ દરેક બાબતને દાટી દેવી. એકેએક મેલી ગંદી વાત આપણે ચોરે બેસીને ન ચર્ચીએ એ હું સમજી શકું છું, પણ વસ્તુસ્થિતિને લગતી જે હકીકતો આપણને દરેક દિશાએ સામી આવતી હોય અને જે પર આબાલવૃદ્ધ સૌ કોઈ વિચાર કરી રહ્યાં હોય તેવી બાબતોને વિષે થાબડથાબડ ભાણા કર્યું આપણને કેમ પોસાય? મજકૂર લેખક પોતાના જોશમાં એ વાત ભૂલી જાય છે કે મેં મુસલમાની રાજ્ય પર કશો હુમલો કર્યો જ નથી. મેં તો કહ્યું છે "મેં સાંભળ્યું છે કે" મારા નિવેદનમાં મેં જણાવી છે તેવી વાંધાભરી તબલીઘ નિઝામના મુલકમાં વિશાળ પાયા પર ચાલી રહી છે.

લેખક હજુ આગળ જણાવે છે:

> હું નથી સમજી શકતો કે ગોકશીને અને મસ્જિદ આગળ હિંદુઓ તરફથી વગાડવામાં આવતાં વાજાંને તમે કઈ રીતે એક જ પાટલે બેસાડો છો? ગાયોની કુરબાની કરવાનું તો મુસલમાનોને કુરાન શરીફનું ફરમાન છે. પણ હિંદુઓને કંઈ મસ્જિદ આગળ વાજાં વગાડવાની ધર્માજ્ઞા નથી. સરકારી ઇસ્પિતાલો તેમ જ ઑફિસો આગળ હિંદુઓને વાજાં બંધ કરવાં પડે છે. માત્ર મસ્જિદ આગળ તે બંધ રાખવામાં જ તેમને ચૂંક આવે છે.

લખનારે જાણવું જોઈએ કે ગાયની કુરબાની કરવાની કુરાન શરીફે મુસલમાનની ઉપર ફરજ નથી મૂકી. તેમને તો અમુક અમુક પ્રસંગો પર ચોક્કસ પશુઓમાંથી (તેમાં ગાય આવી જાય છે) કોઈ ને કોઈની કુરબાની કરવાનું ફરમાવવામાં આવ્યું છે એમ કહેવાય છે. આમ ગોકશી મુસલમાનને સારુ ફરજિયાત નથી પણ એનો નિષેધ ન હોવાથી જ્યારે કોઈ ત્રીજો જોરાવરીથી કોઈ મુસલમાન પાસે ગોવધ અટકાવવા આવે છે ત્યારે તે ફરજિયાત થઈ પડે છે. તે જ પ્રમાણે જોકે હિંદુને મસ્જિદના મોં આગળ વાજાં વગાડવાની ધર્માજ્ઞા નથી, તેમ છતાં જે ઘડીએ કોઈ મુસલમાન એવાં વાજાં તલવારના જોરથી બંધ કરાવવાનો પોતાને હક હોવાનો

Gandhi Heritage Portal

દાવો કરે તે જ ઘડીએ એવાં વાજાં વગાડવાં એ એની ફરજ થઈ પડે છે. આટલા સારુ આ બંને બાબતમાં બેઉ કોમોએ સ્વેચ્છાપૂર્વક એકબીજાનો નભાવ કરી લેતાં શીખી લેવું જોઈએ.

### ભોપાળનો મૂર્તિદ કાયદો

લગભગ એક મહિના પર ભોપાળ રાજ્યના મૂર્તિદો વિષેના કાયદાની એક નકલ મિત્રો પાસેથી મને મળી હતી. એ વિષે કાંઈ પણ કહેવાનું અત્યાર સુધી મેં મુલતવી રાખ્યું હતું. કારણ હિંદુમુસલમાન પ્રશ્ન વિષે મારા વિચારો પ્રસિદ્ધ કરવાને હું તે વેળા તૈયાર નહોતો; અને એ કાયદા વિષે મારે વધારે હકીકત મેળવવી હતી. દરમિયાન તે વિષે ડૉ. અનસારીની નોંધ મેં વાંચી છે.

આ રહી એ હુકમની નકલ:

જરીદાહની નકલ તા. ૭મી જુલાઈ ૧૯૨૦, ઠરાવ નં. ૧૭ તા. ૫મી જુલાઈ ૧૯૨૦. શાહજહાંની ફોજદારી કાયદાની કલમ નં. ૩૦૦, નિયમ નં. ૧, ૧૯૧૨ મુજબ ભોપાળની બેગમ સાહેબા હુકમ કરે છે કે ભોપાળના ફોજદારી કાયદાની ૩૯૩ કલમમાં નીચેની ૩૯૩ ક કલમ ઉમેરવી અને તે કલમનો તે પ્રસિદ્ધ થયાની તારીખથી અમલ કરવો.

### ઈસ્લામનો અંગીકાર કર્યા પછી તેનો ત્યાગ

કલમ ૩૯૩ ક. એક વાર ઈસ્લામ ધર્મ સ્વીકાર્યા પછી તેને તજનારા કોઈ પણ માણસ ત્રણ વરસની કોઈ પણ પ્રકારની કેદ અથવા દંડ અથવા બંનેને પાત્ર થશે.

આ હુકમ જાહેરની જાણ અને અમલને માટે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

આમાં તારીખ બરોબર આપવામાં આવી છે કે કેમ તેની મને ખબર નથી, પણ એ તારીખ બરાબર છે એમ માનીએ તો કાયદો તાજો જ જણાય છે. પણ એ તાજો હોય કે પુરાણો, તેથી કાંઈ બહુ ફેર પડતો નથી. સવાલ એ છે કે શુદ્ધ ઈસ્લામ ધર્મ પ્રમાણે એ કાયદો સારો છે કે બૂરો. આદર્શ આપણો એ છે કે આપણા બંનેના બલકે બધા ધર્મ, એકબીજા સાથે શાંતિમાં રહે અને લોકોની ઈચ્છા હોય તો એકબીજા વચ્ચે સંપૂર્ણ આપલે ચાલુ રહે. એટલે કે ધર્મમાં બળાત્કારને સ્થાન નથી. આપણામાંના કેટલાક હિંદુઓ અને મુસલમાનો એ આદર્શને અમલમાં મૂકવાનો પ્રયત્ન કરીએ છીએ. એટલે એક વાર ઈસ્લામમાં જઈ પાછા પોતાના ધર્મમાં આવનારને —મૂર્તિદને— ઈસ્લામ ધર્મ ગુનેગાર ઠરાવતો ન હોય તો ઉપર કહેલો કાયદો ઈસ્લામની વિરુદ્ધ છે અને તુરત તે રદ થવો જ જોઈએ. હું આશા રાખું છું કે ઉપર જણાવેલું વિધાન સાચું હોય તો મુસલમાન નેતાઓ ભોપાળની બેગમ સાહેબાને સદરહુ કાયદો રદ કરવાની વિનંતી કરશે.

### લિબરલો અને ખાદી

લિબરલ પક્ષના એક ભાઈ લખે છે:

ખાદીનો પ્રશ્ન હું મારા સાથીઓ સાથે વિચારતો અને ચર્ચતો રહ્યો છું. મેં જોયું છે કે ખાદીના મહત્ત્વ સંબંધમાં કશો મતભેદ નથી, પરંતુ ખાદીપ્રચાર માટેની આ હિલચાલને "ખાદી તો સવિનય કાનૂનભંગની તૈયારી રૂપે છે" એવી આપની જાહેરાત સાથે જોડવામાં આવે છે તે જ ક્ષણે મુશ્કેલી ઊભી થાય છે. જો એને અલગ રાખવામાં આવે અને અસહકારની ચળવળનું એક અંગ ગણવામાં ન આવે, તો મને લાગે છે કે આ પ્રચારને મળતો સહકાર વધારે વ્યાપક અને સાર્વત્રિક બને.

Gandhi Heritage Portal

આ ભાઈએ દર્શાવેલો પૂર્વગ્રહ અસહકાર જેટલો જ જૂનો છે. મેં અસંખ્ય વાર એવું સમજાવવા કોશિશ કરી છે કે સત્યાગ્રહીઓ સિવાય બીજા કોઈએ પણ ખાદીનો સવિનય કાનૂનભંગ સાથે વિચાર કરવો ન જોઈએ. સવિનય કાનૂનભંગને ખાદી સાથે કશો સીધો સંબંધ નથી. ખાદીનો પુનર્જન્મ થયો તે પહેલાં સવિનયભંગની કેટલીયે લડતો હું લડયો છું. દાખલા તરીકે, ખેડાની લડતમાં કાયદાનો સવિનયભંગ કરનારા ખાદી વિષે કશું જાણતા નહોતા. બોરસદમાં વલ્લભભાઈ પટેલના હાથ નીચે કામ કરનારાઓએ પણ ખાદીનું વ્રત લીધું નહોતું. ત્યાં કૉંગ્રેસના સ્વયંસેવકોને બાદ કરતાં, સત્યાગ્રહી તરીકે નોંધાતાં પહેલાં ખાદી પહેરવાનું કોઈને માટે ફરજિયાત નહોતું. કારણ સ્પષ્ટ હતું. સ્વરાજ સ્થાપવા માટેની એ લડત નહોતી. સવિનય-ભંગ અથવા સ્વરાજ માટે ખાદીને મેં બે કારણસર અનિવાર્ય ગણાવી છે. પહેલું એ કે આપણા દેશમાં ખાદી ઘેરઘેર વપરાતી ન થાય ત્યાં સુધી સ્વરાજ્યને હું અસંભવિત માનું છું. બીજું એ કે જનસમાજમાં શિસ્ત લાવવા માટે ખાદી બહુ જ અસરકારક સાધન છે અને સવિનયભંગની લડત શિસ્ત વિના મોટા પાયા પર ચલાવી શકાય જ નહીં. લિબરલોએ અને બીજા લોકોએ સમજવું જોઈએ કે સવિનયભંગને ટાળવાનો સારામાં સારો રસ્તો એ છે કે દરેક જણ કૉંગ્રેસનો રચનાત્મક કાર્યક્રમ ઉપાડી લે; ખાસ કરીને એનાં ત્રણ અંગો. જો આપણે સહુ એક દિલથી હિંદુમુસ્લિમ એકતા સાધવા માટે અને હાથે કાંતેલી ખાદીને ઘેર ઘેર પહોંચાડવા માટે કામ કરીએ અને તમામ હિંદુઓ અસ્પૃશ્યતાના કલંકને દૂર કરવા કટિબદ્ધ થાય તો સ્વરાજ હાથવેંતમાં દેખાય. કેટલાક અંગ્રેજો પણ ખાદી પહેરે છે, પણ સવિનયભંગ કે અસહકાર પ્રત્યે એમને સહાનુભૂતિ છે એવો ઇશારો સરખો કોઈ કરે તો સ્વાભાવિક રીતે જ તેઓ તેનો ઇનકાર કરવાના.

### નારાયણવરમ્ અને અસ્પૃશ્યતા

નીચેનો હૃદયદ્રાવક હેવાલ અસ્પૃશ્યતાના કલંક સામે જબરદસ્ત ઝુંબેશ ઉપાડવાની આવશ્યકતા પુરવાર કરે છે.

> પંચમો (દલિત વર્ગો)ને ત્રણ માર્ગો સિવાય બીજા બધા જાહેર માર્ગો પરથી જવાની છૂટ હતી. આ ત્રણ માર્ગો એટલે ઉત્તર અને દક્ષિણના માડા માર્ગો અને કલ્યાણ વેંકટેશ્વરના મંદિર સામે આવેલો પૂર્વ તરફનો માર્ગ. આ માર્ગો પર રહેનારા મોટા ભાગના લોકો બ્રાહ્મણો છે. મંદિરની જમીનની ખેતી મોટે ભાગે પંચમો કરતા હતા. મંદિરથી દૂર મૂકેલી તેમણે આણેલી ડાંગર મંદિરના અધિકારીઓ ઉપાડી જઈ શકતા નહીં; એટલે એમણે પંચમોને એ ડાંગર ઉપર જણાવેલા ત્રણ માર્ગો પરથી લાવીને મંદિરના મુખ્ય દરવાજા આગળ મૂકવાની છૂટ આપી. ત્યાર પછી ગામમાં અવિધિસરની પંચાયત આવી. એ પંચાયતના બ્રાહ્મણ પ્રમુખને ઝાડુ વાળવા માટે પંચમોને રાખ્યા વિના ચાલે એમ નહોતું. એણે એમને ગામમાં રાંધી ખાવાની અને રાત્રે સૂઈ રહેવાની પણ છૂટ આપી. એક બ્રાહ્મણ ગૃહસ્થે રાતદિવસ દુશ્મનો સામે પોતાનું રક્ષણ કરવા પંચમ નોકરો રાખ્યા. એમને એ જ બ્રાહ્મણફળિયામાં ખાવાની અને રાત્રે સૂઈ રહેવાની રજા આપવામાં આવી. આ નવો રિવાજ રૂઢિચુસ્તોના દૃષ્ટિબિંદુથી ઘણો જ વાંધાજનક છે. છતાં કોઈએ વાંધો લીધો નથી.
>
> આ પછી શ્રી સી. વી. રંગમ ચેટ્ટીએ તારીખ ૯–૪–૧૯૨૪ને દિવસે તાલુકા બોર્ડની શાળા નજીક આવેલા ધોરી માર્ગો પર પંચમો માટે શ્રીયુત એમ રંગાસ્વામી આયંગરના ઘરમાં એક વણાટશાળા શરૂ કરી. આયંગરે હિંમત કરીને પોતાનું ઘર વાપરવા આપવાની

Gandhi Heritage Portal

કૃપા કરી. ધારાસભાના સભ્ય શ્રી સી. દોરાઈસ્વામી આયંગરે એની ઉદ્‌ઘાટન વિધિ કરી. શ્રી રંગમ ચેટ્ટીના બે અંગત વેરી બ્રાહ્મણોએ વિરોધ શરૂ કર્યો, પ્રચાર માટે દલાલો રોકયા અને ગામલોકોની સભા બોલાવી. આ લોકોએ પોતાની એક જાહેર સભામાં એવી માગણી કરી કે શ્રી રંગમ ચેટ્ટી ગામમાંથી પંચમોની વણાટશાળા ઉઠાવી લે, કેમ કે પંચમો ગામમાં રહે એ શાસ્ત્રોથી વિરુદ્ધ છે. જ્યારે એમ પૂછવામાં આવ્યું કે અગાઉ ત્રણ પ્રસંગોએ પંચમોને ગામમાં શા માટે રહેવા દીધા હતા, ત્યારે એમણે કહ્યું કે તે વખતે અમે શાસ્ત્રો જોયાં નહોતાં. શ્રી. રંગમ ચેટ્ટીએ શાળા ઉઠાવી લેવાની ના પાડી એટલે ઘણાખરા બ્રાહ્મણોએ એમનો તથા હનુમાન પુસ્તકાલય અને વાચનાલયનો બહિષ્કાર પોકાર્યો. એમણે બીજી કોમોના આગેવાનોને પણ શ્રી ચેટ્ટીનો બહિષ્કાર કરવા કહ્યું. કોઈએ એમનું કહેવું માન્યું નહીં. એટલે બ્રાહ્મણોએ એ માર્ગોએ થઈને ભગવાનનો રથ લઈ જવાની ના પાડી દીધી.

બ્રાહ્મણોના વાર્ષિક ઉત્સવ પ્રસંગે મોટી રકમોનુ ઉઘરાણું કરનાર એક બ્રાહ્મણ સજ્જને કહ્યું કે કંઈ નહીં તો આ ઉત્સવ પૂરતી આ શાળા બંધ રહેવી જોઈએ. શ્રી રંગમ ચેટ્ટીએ કહ્યું કે જો બ્રાહ્મણો બહિષ્કાર પાછો ખેંચી લે તો હું શાળા બંધ રાખું. બ્રાહ્મણોના પ્રવક્તા તરીકે મંદિરના અમીને જાહેર સભામાં કહ્યું કે બહિષ્કાર ઉઠાવી લીધો છે. તે પછી શ્રી રંગમ ચેટ્ટીએ શાળા ૧૭ દિવસ માટે બંધ કરી.

પંચમ લોકો તહેવારના દિવસોએ પણ ખરીદી કરવા તથા પોતાના જમીનદાર શેઠોને મળવા અને કંઈક કામ હોય તો તે કરવા ગામમાં છૂટથી આવતા હોય છે. એમના શેઠોમાં બ્રાહ્મણો પણ છે. એક દિવસ સવારે વણાટશાળાનો એક પંચમ વિદ્યાર્થી ગામમાં આવ્યો અને પુસ્તકાલયના બગીચાનું કામ કરી ગયો. વણાટશાળાનો પાછળનો ભાગ ખુલ્લો હોવાથી એ છોકરાએ બપોર પછીના સમયમાં શાળાની અંદર થોડો આરામ લીધો જણાય છે. તે વખતે મંદિરના અમીન થોડા માણસોને લઈને ત્યાં ગયા અને એ છોકરાને સખત માર માર્યો. ત્યાંથી પુસ્તકાલયમાં જઈને શ્રી રંગમ ચેટ્ટી પર હજુ પણ શાળા ચાલુ રાખવાનો આરોપ મૂકયો. શ્રી રંગમ ચેટ્ટી એ લોકોને વણાટશાળા પર લઈ ગયા અને ખાતરી કરાવી કે શાળા ખરેખર બંધ હતી. તે પછી કેટલાક બદમાશોને પૈસા આપીને એમણે રોકયા. આ બદમાશો દારૂથી ચકચૂર બનીને શ્રી રંગમ ચેટ્ટી પાસે પહોંચ્યા. શ્રી રંગમ ચેટ્ટી એમના સકંજામાં નહીં સપડાતાં છટકી ગયા. તે પછી મંદિરના અમીને એક જાહેર સભા ગોઠવી, હકીકતોને ખોટી રીતે રજૂ કરી, આગેવાનોને પેલા પીધેલા બદમાશો મારફત ડરાવ્યા અને એમને બધાને શ્રી રંગમ ચેટ્ટીનો બહિષ્કાર કરવાની ફરજ પાડી. પંચમોને પણ બોલાવીને ધમકાવવામાં આવ્યા અને તેમને ફરમાવવામાં આવ્યું કે તમારા છોકરાઓને વણાટશાળામાં મોકલવા નહીં. સભા પૂરી થઈ એટલે શ્રી રંગમ ચેટ્ટીના મકાન ઉપર પથરા ફેંકવામાં આવ્યા. મને વિશ્વાસપાત્ર સાધનો દ્વારા જાણવા મળ્યું છે કે શ્રી રંગમ ચેટ્ટીનું ખૂન કરવાનું કાવતરું રચવામાં આવ્યું છે. પુથુરના પોલીસ સબ-ઇન્સ્પેક્ટર નારાયણવરમ્ આવીને સાચી પરિસ્થિતિ જોઈ ગયા છે. મેં સાંભળ્યું છે કે તેઓ આ ટોળકીના થોડાક આગેવાનોને પકડી લેવા વિચારે છે. હત્યારાઓથી બચવા માટે શ્રી રંગમ ચેટ્ટી પાસે એમના મિત્રોએ ગામ છોડાવ્યું છે. અત્યારે તેઓ ૨૩, નારાયણ મુદાલી સ્ટ્રીટ, જી. ટી., મદ્રાસ એ સરનામે આવેલા પોતાના ભાઈના મકાનમાં રહે છે. જો એમનું રક્ષણ કરનાર

Gandhi Heritage Portal

કોઈ મળી આવે તો તેઓ નારાયણવરમ્ પાછા જઈ પોતાનું નમ્ર કાર્ય પોતાને ખર્ચે ફરી ચાલુ કરવા તૈયાર છે.

આપણે આશા રાખીએ કે શ્રી. સી. વી. રંગમ ચેટ્ટી રક્ષણની રાહ જોયા વિના પોતાના કર્તવ્યસ્થળ પર પાછા ફરવાની હિંમત દાખવશે. સારા કામમાં ઈશ્વરનું એક રક્ષણ તો હોય જ છે. છતાં એમના માર્ગમાં ખૂન આવી પડે તો તેને એમણે સહર્ષ આવકારવું જોઈએ. એ ખૂન આ કલંકને તરત જ ભૂંસી નાખશે. શરતમાત્ર એટલી કે તેઓ પોતે નિષ્કલંક રહે.

## હાથસાળ અને વારસામાં મળતી સાળ

આસામથી હાથે કાંતેલું થોડુંક સુંદર સૂતર મોકલતાં મિ. ઍન્ડ્રૂઝ લખે છે:

આ સૂતર એક આશ્રમનાં નાનાં નાનાં બાળકો આપને મોકલી રહ્યાં છે. એ આશ્રમમાં હું હમણાં જ જઈ આવ્યો, એનું સંચાલન શ્રી ફૂકન અને એમના સહ-કાર્યકરો તેમના પોતાના સોહામણા ઘરની નજીકમાં કરી રહ્યા છે. એમનાં બહેન એની દેખરેખ રાખે છે અને નાનાં બાળકો જ એના કારીગરો છે. એ બધાં કેટલાં સુખી છે તે તમે જાતે જોઈ શક્યા હોત તો કેવું સારું!

અહીં આસામમાં એક બાબત ખાસ ધ્યાન ખેંચે એવી છે, જે ઘણું કરીને તમે પણ જાણો છો. કન્યાનાં લગ્ન થયાં એટલે તેને જાતે વણતાં આવડવું જોઈએ એવી અપેક્ષા રખાય છે. આ કારણે જ તમે આ પ્રદેશને "રળિયામણો આસામ" એવું નામ આપેલું. દરેક ઘરમાં અહીં ઘરગતુ સાળ હોય છે. આ સાળો ઘણી વાર તો વારસામાં મળેલી (એરલૂમ્સ) હોય છે. આ જૂનો અંગ્રેજી શબ્દ "એરલૂમ" હું એના અસલ અર્થમાં વાપરું છું. એ મને એવા દિવસોનું સ્મરણ કરાવે છે જ્યારે ઇંગ્લંડમાં પણ કાંતવું-વણવું લલિત કળાઓ ગણાતી. હવે એ કળાઓને હેબ્રીડીઝ (સ્કૉટલંડ પાસેના ટાપુઓ)માં મોકલી દેવામાં આવી છે, જ્યાં હાથસાળો હજી પણ પશ્ચિમના દેશોમાં લૂઈ સ્વીડ્ઝના નામથી ઓળખાતું અત્યંત મજબૂત અને ટકાઉ કાપડ પેદા કરે છે. ઊન પકડવા માટે બન્ને હાથની જરૂર પડતી હોવાથી ત્યાં રેંટિયો પગ વડે ચલાવાય છે અને કાંતનારી ત્રણ પાયાવાળા સ્ટૂલ પર બેસે છે. ગયે વખતે હું ઇંગ્લંડ ગયો ત્યારે મારા પોતાના વતન બર્મિંગહામમાં "સેલી ઓક" નામના સ્થળે એક ઘરમાં એક કાંતનારીને હજી પણ આ જૂના પ્રકારનો રેંટિયો ચલાવતી મેં જોઈ હતી. અંગ્રેજીમાં "કાંતનારી" શબ્દનો મૂળ અર્થ જ અપરિણીત સ્ત્રી થાય છે., પરંતુ મેં જોયેલી સ્ત્રી કુંવારી નહીં પણ પરણેલી હતી, એટલો ફરક હતો. મને લાગે છે કે એવા દિવસો આવી રહ્યા છે જ્યારે પશ્ચિમમાં આ ભૂલાયેલી કળાઓ ફરીથી સજીવન કરાશે. જેમ હાથ વડે ચલાવાતું છાપખાનું હજી પણ કોઈ યંત્ર પણ આપી ન શકે એવું સુંદર છાપકામ આપે છે તેમ જ્યાં જ્યાં સુંદર અને ટકાઉ ચીજોની માગણી થશે ત્યાં ત્યાં આ હસ્તકળાઓ કામ આપશે.

## અફીણ

આસામમાં અફીણનું વ્યસન કેટલા પ્રમાણમાં છે તે વિષે મિ. ઍન્ડ્રૂઝ લખે છે:

આ રળિયામણી ભૂમિમાં અફીણના વ્યસને ઘણી ઊંડી જડ ઘાલી છે. એટલે હું માનું છું કે એણે કરેલા પારાવાર નુકસાન વિષે કૉંગ્રેસ હવે પૂરેપૂરી તપાસ કરશે, જેથી અફીણમાંથી

Gandhi Heritage Portal

આવક મેળવવાની હિંદી સરકારની નીતિની બધી હકીકતો જીનિવા કન્વેન્શન સમક્ષ રજૂ થઈ શકે. કાલે રાત્રે અહીં સભામાં મેં ભાષણ કર્યું અને શ્રોતાઓને જ્યારે કહ્યું કે હિંદી સરકારે જાહેર કર્યું છે કે હિંદુસ્તાનમાં અફીણ ખાવાનું "કાયદેસર" છે, ત્યારે લોકો તિરસ્કારપૂર્વક મોટેથી હસી પડયા. મને થયું કે આ હાસ્ય જીનિવાના "ઓપિયમ કન્વેન્શને" સાંભળ્યું હોત તો કેવું સારું! કેમ કે એકલા એ હાસ્યે જ હિંદુસ્તાનના લોકોનો આ બાબતમાં શો મત છે તેની એને ખાતરી કરાવી દીધી હોત. હવે મને પૂરેપૂરો વિશ્વાસ બેઠો છે કે અહીં આસામમાં આપણે અફીણનિષેધની દિશામાં કંઈક સંગીન કામ જરૂર કરી શકીશું.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १२–६–१९२४

ભાષાંતર: नवजीवन, ૧૫–૬–૧૯૨૪ અને नवजीवनનો વધારો, ૧૫–૬–૧૯૨૪

## ૧૧૯. છોપ એટલે કાંતવાની હરીફાઈ

પંજાબમાં એક કાળે કાંતવાની હરીફાઈઓ સર્વત્ર થતી. અને આપણે આશા રાખીએ કે એ રિવાજ બંધ થવા દેવાશે નહીં. આ હરીફાઈઓ વિષે એક પંજાબી ભાઈ નીચે પ્રમાણે લખે છે. પત્ર સાથે એમણે પોતે દોરેલું એક ચિત્ર મોકલ્યું છે. એમાં આવી એક હરીફાઈમાં ભાગ લઈ રહેલી બહેનોને રેંટિયો ચલાવતી દર્શાવી છે:

> લગભગ વીસપચીસ વરસ પહેલાં પંજાબનાં ગામડાં તેમ જ શહેરોમાં સ્ત્રીઓની કાંતવાની હરીફાઈઓ યોજવાનો રિવાજ ઘણો પ્રચલિત હતો. આ હરીફાઈઓને "છોપ" કહેતા. આ જાહેર હરીફાઈમાં તમામ ઉંમરની સ્ત્રીઓ ભાગ લેતી. નાની નાની બાળકીઓ પણ પોતાના ટચૂકડા રેંટિયા લઈને વધારાના હરીફો તરીકે જોડાતી. હરીફ બહેનો ખૂબ વહેલી એટલે કે રાત્રે બે વાગ્યે ઊઠી જતી અને સરખા વજનની પીંજેલા રૂની પૂણીઓ લઈને, સહેજ પણ આળસ કર્યા વિના કાંતવા બેસી જતી. આ હરીફાઈ સામાન્ય રીતે સવારે સાતથી આઠ વાગતાં પૂરી થઈ જતી, જેથી કાંતનારીઓ પોતાની અંગત તેમ જ ઘરકામની ફરજોને પહોંચી વળી શકે. હાથ વડે રેંટિયો ચલાવતાં ચલાવતાં તેઓ રામવનવાસ, ગોપીચંદનો વૈરાગ્ય, અને પૂરણ ભગતના સાધુજીવન જેવા વિષયોનાં પવિત્ર અને આનંદપ્રદ ગીતો ગાતી અને રેંટિયાનો મધુર ગુંજારવ એમાં સંગીતનો સૂર પુરાવતો. "છોપ"ની આસપાસનું વાતાવરણ કેટલું તંદુરસ્ત અને પવિત્ર હશે એનું તો વર્ણન કરવાને બદલે કલ્પના જ કરવી સારી. દિલગીરીની વાત છે કે આવાં આનંદદાયક દૃશ્યો હવે ઘણાં દુર્લભ થઈ પડયાં છે અને એ દૃશ્યો જોવાનું ક્વચિત જ બને છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १२–६–१९२४

Gandhi Heritage Portal

## ૧૨૦. એમ. આર. જયકરને પત્ર

[જૂન ૧૨, ૧૯૨૪]

. . . રામદાસ વિષે આપે મને પત્ર લખ્યો તેને હું આપની કૃપા સમજું છું. આપની માફક હું પણ માનું છું કે એનો કંઠ સૂરીલો છે અને આ ઉંમરે પણ તે સારી પ્રગતિ કરી શકે એમ છે. પણ બિચારો હજી સ્વસ્થ થઈ શક્યો નથી. સ્વાભાવિક છે કે જો એ મુંબઈમાં રહ્યો હોત તો એણે પોતાનો અભ્યાસ ચાલુ રાખ્યો હોત, પરંતુ ખાસ સંગીત શીખવા માટે એ મુંબઈ જનાર નથી. એટલે એની અને મારી વતી હું આપનો આભાર માનું છું.

[મૂળ અંગ્રેજી]

ध स्टोरी ऑफ माय लाइफ, पुस्तक २, पा. २६५

## ૧૨૧. કે. માધવન નાયરને પત્ર

જૂન ૧૨, ૧૯૨૪

પ્રિય માધવન નાયર,

તમે પત્ર[1] લખ્યો તેથી રાજી થયો. એ પત્ર મેં જવાબ લખવા માટે ડૉ. મહમૂદને મોકલ્યો છે. સમિતિને મારા વિચારો ગમ્યા તે જાણી આનંદ થયો.

તમારો સહૃદયી

**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: જી. એન. ૫૯૭૩

૧. આ પત્ર મળતો નથી.



Gandhi Heritage Portal

## ૧૨૨. વસુમતી પંડિતને પત્ર

સાબરમતી,
જેઠ સુદ ૧૧ [જૂન ૧૩, ૧૯૨૪][૧]

ચિ. વસુમતી,

આજનું તમારું પત્તું સુંદર છે. અક્ષર સાફ ને ઠીક લખેલા છે. દસમાંથી બાર દોકડા જરૂર આપું. પરભુદાસ આબુથી આવી ગયો છે. હવે કોઈ રહ્યું નથી. આજે રાધા ચાલીને અહીં આવી છે. ધીમે ધીમે ત્યાં જ આરામ થશે એમ આશા રાખીએ.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલ મૂળ પત્રની ફોટોનકલ પરથી: સી. ડબલ્યુ. ૪૪૫ શ્રીમતી વસુમતી પંડિતના સૌજન્યથી.

## ૧૨૩. વા. ગો. દેસાઈને પત્ર

જેઠ સુદ ૧૨ [જૂન ૧૪, ૧૯૨૪][૨]

ભાઈશ્રી ૫ વાલજી,

તમારાં બંને પત્તાં મળ્યાં હતાં. બીજી વાર તમે પ્રૂફ માગ્યાનું હું તો જાણતો ન હતો. તમારો પહેલો લેખ તો છપાઈ ગયો. ખેડતાનું મેડતા કરી નાખ્યું છે. તમારાં માતુશ્રી અહીં આવી ગયાં. તમારા ભાઈને નોકરી મળવામાં કંઈ બાધા આવી જણાય છે.

**મોહનદાસના**
વંદે માતરમ્

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલ મૂળ પત્રની છબી પરથી: સી. ડબલ્યુ. ૬૦૧૦ શ્રી વા. ગો. દેસાઈના સૌજન્યથી.

૧. ટપાલની છાપમાં આ તારીખ છે.

૨. નવજીવન, ૨૫–૫–૧૯૨૪ના અંકમાં છપાયેલ રેંટિયા અંગેના કાવ્યમાં “મેડતા” ને બદલે “ખેડતા” છપાયું હતું. ૧૯૨૪માં જેઠ સુદ ૧૨ જૂનની ૧૪મીએ આવતી હતી. વળી જુઓ પા. ૨૨૯.

Gandhi Heritage Portal

# ૧૨૪. સુરત જિલ્લો

બે વર્ષ પહેલાં સુરત જિલ્લો ગુજરાતમાં સૌથી અગ્રેસર હતો. પૈસા ઉઘરાવવામાં પહેલો, રેંટિયામાં પહેલો, રાષ્ટ્રીય શાળાઓમાં પહેલો. એ પ્રમાણમાં જેટલી આશા રાખી શકાય તેટલી પ્રગતિ આપણે હાલ ત્યાં નથી જોતા. પૈસાનું ઉઘરાણું મંદ છે. રેંટિયા પણ ઢીલા ચાલે છે. રાષ્ટ્રીય શાળાઓનો પાયો મજબૂત નથી થયો.

આનાં કારણ શોધવાની જરૂર નથી. આખા દેશમાં જે મતભેદો ફેલાયા તેની અસર સુરત ઉપર પણ પડી. ગઈગુજરી વિચારવાની જરૂર નથી. હવે શું કરવું એ જ પ્રશ્ન છે.

પ્રથમ કાર્ય તો સુરતના બાવીસ માજી મ્યુનિસિપલ કમિશનરો પર રૂપિયા ચાળીસ હજારનું હુકમનામું થયું છે એનો નિકાલ કરવાનો છે. એ હુકમનામું બાવીસ ઉપર નથી થયું પણ આખી માજી મ્યુનિસિપાલિટી ઉપર થયું છે. બલકે મ્યુનિસિપાલિટી ઉપર પણ નથી; જે શહેરીઓ મ્યુનિસિપાલિટીની પાછળ હતા, જે મતદારોએ સભાસદોને ચૂંટ્યા હતા તેમની ઉપર આ હુકમનામું થયું કહેવાય. એટલે તે પૈસાની જવાબદારી સુરતના અસહકારી શહેરીઓ ઉપર છે.

અસહકારીની જવાબદારી પૈસા આપીને બસ નથી થતી. બાવીસ પ્રતિનિધિને જાતે પૈસા ભરવા પડે એવું તો સુરતના અસહકારીઓ ન જ થવા દે. પણ તેઓની જવાબદારી તો એ છે કે સરકાર એ હુકમનામાની બજાવણી ન જ કરી શકે એવી સ્થિતિ લાવી મૂકવી. આનો ઉપાય તો કેવળ સ્થાનિક સત્યાગ્રહ (આ હુકમનામા પૂરતો જ) છે. એટલે કે શહેરીઓ સરકારને વિનયપૂર્વક લખે કે આ હુકમનામાની બજાવણી સરકાર કરે તો શહેરીઓ તે તરફ પોતાની નાપસંદગી બતાવવા બીજા કર જ ન ભરે. ચાળીસ હજારનો ઉપયોગ કંઈ કોઈએ અંગત નથી કર્યો. એટલે પૈસા ભલે સરકાર વસૂલ કરે પણ તેની સાથે કર વસૂલ કરવાનો બોજો પણ વહોરે. બધા કરો આપવાનું બંધ કરવું મુશ્કેલ હોય તો જે બંધ કરવા લાયક જણાય તે કર બંધ કરે.

એવો અવસર હતો કે જ્યારે આ પગલું આપણે સહેલું માનતા હતા. હવે લોકોનો ઉત્સાહ મોળો પડ્યો છે એટલે આવું પગલું મુશ્કેલ લાગે. પણ ગુજરાતમાં બોરસદનો[1] દાખલો તાજો છે તેથી એ પગલું મુશ્કેલ ન લાગવું જોઈએ.

હવે બે શબ્દ સ્વરાજવાદીઓ પ્રત્યે. સ્વરાજવાદીઓ જેઓ ધારાસભામાં ગયા છે તેઓ સરકારને લખી શકે છે કે જો આવી રીતે રૂપિયા વસૂલ કરવાની ધારણા સરકાર રાખે તો પોતે ધારાસભામાં નહીં રહી શકે. કોઈ કહેશે કે સરકારને તો એટલું જ જોઈએ. એ સંભવિત છે. આપણે તો આપણા કર્તવ્યનો જ સવાલ વિચારવાનો છે. આવી નજીવી બાબતમાં પણ જો ધારાસભાના સભ્યો નિરુપાય હોય તો ધારાસભામાં રહીને શું કરશે?

મારી તો ખાતરી છે કે સ્વરાજવાદી અને પૂરા અસહકારી બંને પાછા મળી જાય તો સુરત હતું તેવું થઈ જઈ પાછું પોતાનું અગ્રસ્થાન ગ્રહણ કરે. હા, એટલું ખરું કે તેમ થવા સારુ આત્મવિશ્વાસની જરૂર રહેશે. ધારાસભામાં જનાર પણ જો સમજપૂર્વક ધારાસભાથી કંટાળીને

૧. ખેડા જિલ્લાના બોરસદ તાલુકામાં એક નાનકડા કરની વિરુદ્ધમાં ૧૯૨૩ના ડિસેમ્બરમાં સત્યાગ્રહ શરૂ કરવામાં આવ્યો હતો. અને સરકારને એ કર ૧૯૨૪ના જાન્યુઆરીમાં ઉઠાવી લેવો પડયો હતો.

Gandhi Heritage Portal

બહાર ન નીકળે તો પુરાણું તેજ પાછું નહીં આવે. અસહકારનાં બધાં અંગો વિષે અંધ નહીં પણ જ્ઞાનમય વિશ્વાસ હોય તો જ કામ દીપી નીકળશે. શાંતિમાં, સત્યમાં, પાંચ બહિષ્કારમાં શ્રદ્ધા હોવી જોઈએ. તે ન હોય ને લોકમતને કે મારા મતને વશ થઈ કામ કરવા ધારશે તો તેમાં નિષ્ફળતા જ અનુભવશે.

અસહકાર અને અહિંસા (મર્યાદિત) પ્રયોગભૂમિમાંથી નીકળી ગયાં છે. હવે તો સમજ્યા છે તેમને સારુ તે સિદ્ધ થયેલ પ્રયોગ એટલે સિદ્ધાંત થઈ ચૂક્યો છે. તેઓને મન તો સ્વરાજ આજ મળે વા કાલ, પણ તેને મેળવવાનું સાધન શાંતિમય અસહકાર જ છે.

આટલું મેં સુરત શહેરની ઉપર જે આપત્તિ આજે આવી છે તેને વિષે લખ્યું.

પણ બારડોલી શો જવાબ આપે છે? બારડોલી અઢી વર્ષ પહેલાં[1] તૈયાર મનાતું હતું. આજે વધારે તૈયાર થયું છે? ત્યાં કેટલા કામદારો કામ કરી રહ્યા છે? બારડોલી વિષે મેં બહુ સાંભળ્યું છે પણ આ સમયે હું વધારે લખવા નથી ધારતો. ત્યાંથી જે ખબર મને આજ લગી મળેલ છે એ આશાજનક નથી. આભડછેટનું અંગ હજુ કાયમ છે. કાળીપરજ[2] ધોળીપરજ[3] નથી થઈ, દૂબળા સબળા નથી થયા. નિશાળો[4] પડું પડું કરી રહી છે. ખાદીનું પણ ઠીક જ ચાલે છે. આ બધી ફરિયાદોનો જવાબ તો બારડોલી જઈને તેના લોકો પાસે માગવાની મને તીવ્ર ઈચ્છા થાય છે. બારડોલીના પ્રતિનિધિઓએ ઈશ્વરને દરમ્યાન સમજી મને જે વચન આપ્યું હતું તે હજુ મારા હૃદયમાં ચોંટેલું છે. તેઓએ પ્રતિજ્ઞા કરેલી કે અસ્પૃશ્યતાને કાઢશે, કાળી-પરજને ઊજળી કરશે, દૂબળાનાં દુઃખ મટાડશે ને બારડોલી ખાદીમય થશે. આજ તો હું એ આશા રાખું કે બારડોલી મને કહે "અમે તો તમારા જેલ જવા બાદ છ માસમાં જ તૈયાર થઈ ગયા હતા. જ્યારે તમે કહો ત્યારે સવિનયભંગ કરવા તૈયાર છીએ." હું જાણું છું કે બારડોલી એટલે દરજ્જે તૈયાર નથી. પ્રશ્ન તો આ છે. તૈયાર થશે? ક્યારે થશે? કામદારો શું કહે છે?

આ લખતો હતો તેવામાં તાર મળ્યો કે પ્રાગજી[5] પકડાયા. એમના પકડાવામાં અર્થ છે. તે તો છૂટયા પણ પ્રજા કંઈ છૂટી છે? સુરત જિલ્લો શું કરશે?

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૧૫–૬–૧૯૨૪

૧. ૧૯૨૨ના જાન્યુઆરીની ૨૯મીએ મળેલી બારડોલી તાલુકા પરિષદે સવિનયભંગ કરવાની ગાંધીજીની દરખાસ્ત સ્વીકારી લીધી હતી.

૨. કાળી ચામડીવાળી દક્ષિણ ગુજરાતની પછાત કોમ.

૩. અક્ષરશઃ ધોળી ચામડીવાળી કોમ; અહીં આર્થિક તેમ જ સંસ્કારની દૃષ્ટિએ આગળ વધેલી કોમ.

૪. ૧૯૨૦–૨૧માં સ્થપાયેલી રાષ્ટ્રીય શાળાઓ.

૫. પ્રાગજી ખંડુભાઈ દેસાઈ; દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીના સાથી; ઘણાં વરસો સુધી ગુજરાતની કોંગ્રેસના કાર્યકર.

Gandhi Heritage Portal

## ૧૨૫. "મેડતા"નું "ખેડતા"

"રેંટિયાના સ્વાધ્યાય"ના[1] લેખમાં એક "ભયંકર ભૂલ" રહી ગઈ છે એમ તેના મોકલનાર "શિખરનિવાસી" લખે છે. આ તો જોડણીની ભૂલ. બીજી ભૂલ પણ સમજફેરથી રહી ગઈ. મેં જે લખ્યું તે તો નીચે છાપવાની નોંધ હતી. તે પ્રસ્તાવના તરીકે છપાઈ ને "શિખરનિવાસી"ની સરસ પ્રસ્તાવના હતી તે રહી ગઈ. પણ જે ભૂલ તરફ "શિખરનિવાસી"એ મારું ધ્યાન ખેંચ્યું છે એ તો બીજી જ છે. તેમાં "મેડતા"નું "ખેડતા" છપાઈ ગયું છે. "મેડતા" નામે રાજસ્થાનમાં એક ગામ છે. હું "શિખરનિવાસી"ના મતને મળતો આવું છું કે આ ભૂલ "ભયંકર" કહેવાય. બીજી ભૂલોની નોંધ તો થઈ જ રહી છે, તે કોઈ દિવસે "શિખરનિવાસી" વાંચનાર આગળ જરૂર રજૂ કરશે. "તલ્લીન" શબ્દ "લીન"ના અર્થમાં હું ઘણી વાર વાપરી નાખું છું એમ તે ભાઈ જણાવે છે. "તલ્લીન"નો અર્થ "તેમાં લીન" હોઈ "ગાવામાં તલ્લીન" થયો ન કહેવાય પણ "ગાવામાં લીન" થયો કહેવું જોઈએ. આ ભૂલ તો વાંચનાર સુધારી લે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૧૫-૬-૧૯૨૪

## ૧૨૬. દેશી રાજ્યમાં સત્યાગ્રહ

એક ભાઈ લખે છે:[2]

મારા લેખમાંથી એવો ધ્વનિ નીકળતો લાગ્યો હોય તો હું દિલગીર છું. સત્યાગ્રહને મર્યાદા માત્ર સત્યની અને અહિંસાની જ હોય. જ્યાં તે જોડી હોય ત્યાં સત્યાગ્રહ હમેશાં થઈ શકે. એ જ દૃષ્ટિએ વિચારતાં મારાં લખાણોમાં ક્યાંય વિરોધ ન હોય એમ હું માનું છું.

હિંદમાં સ્વરાજ્ય મેળવવાને સારુ દેશી રાજ્યમાં સત્યાગ્રહ ન હોઈ શકે. દેશી રાજ્યમાં સ્થાનિક પ્રશ્નોને અંગે હોઈ શકે. પણ જરાયે અસત્યનો અંશ હોય તો ત્યાં કે બીજે ક્યાંય સત્યાગ્રહ ન થાય. વસ્તુ સત્ય હોય છતાં જે શાંતિ ન જાળવી શકે, જે ક્રોધી હોય, જે સત્ય બોલતાં સંકોચ રાખે, જે દુઃખ સહન કરવા તૈયાર ન હોય તે સત્યાગ્રહ ન આદરી શકે.

સામાન્ય દૃષ્ટિએ જોતાં હાલ આખા દેશનો વાયુ સત્યાગ્રહને પ્રતિકૂળ જોઉં છું. અદેખાઈ, જૂઠ, અશાંતિ વગેરે ખૂબ વધ્યાં છે. સત્યાગ્રહનો અર્થ વિરોધીની કનડગત જ થઈ રહ્યો છે. સત્યાગ્રહને નામે દુરાગ્રહ ચાલતો જોવામાં આવે છે. આવે કવખતે જ્યાં સત્યાગ્રહનો વિષય હોય ત્યાં પણ સત્યાગ્રહી સાવધાનીથી કામ લે. પણ સાવચેત રહેતાં છતાંયે જો એવું માલૂમ પડે

૧. નવજીવનમાં પ્રગટ થયો; જુઓ પા. ૧૨૦-૧.

૨. આ પત્ર અહીં આપ્યો નથી. પત્રલેખકે લખ્યું હતું કે નવજીવનમાં હમણાં પ્રગટ થતા લેખો પરથી સામાન્ય વાચકના મનમાં એવો ભાવ પેદા થતો લાગે છે કે ગાંધીજી દેશી રાજ્યોમાં સત્યાગ્રહ કરવાની વિરુદ્ધ છે.

Gandhi Heritage Portal

કે અમુક પ્રસંગ એવો છે કે જ્યાં સત્યાગ્રહ અનિવાર્ય છે તો ત્યાં સત્યાગ્રહી કોઈનો રોક્યો રોકાય જ નહીં.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૧૫–૬–૧૯૨૪

## ૧૨૭. આજ વિ૰ કાલ

જે ભાઈએ દેશી રાજ્યમાં સત્યાગ્રહ વિષે પ્રશ્ન પૂછયો છે તે જ લખે છે:[૧]

આ લખાણનો વિચાર કરતાં વાંચનાર ભાવનગરની પરિષદને ભૂલી જાય. તે પરિષદની વાત અહીં દાખલા તરીકે જ છે. પરિષદ વિષે મારા વિચારો મેં દર્શાવ્યા છે. તે ભાવનગરમાં ન ભરવાનું જે કારણ મેં આપ્યું છે તે જ છે ને બીજું નથી. આટલું યાદ નહીં રખાય તો એક વસ્તુ સાફ કરતાં બીજી ગૂંચવાઈ જવાનો સંભવ છે.

મને તો નથી લાગતું કે મારા અગાઉના ને હાલના સત્યાગ્રહ વિષેના લખાણમાં વિરોધ કે તફાવત હોય. પરિસ્થિતિ બદલાતી જાય તેમ તેમ નવી લાગતી શરતો જોવામાં આવે ખરી. પણ વિચારવાન તુરત જ જોઈ શકે કે એ શરતો મૂળ સિદ્ધાંતમાં રહેલી જ હોય છે. જેમ કે શાંતિ મનથી, વાચાથી ને કર્મથી હોવી જોઈએ એમ અમદાવાદની મહાસભાએ[૨] ઠરાવ્યું. એ કંઈ નવી શરત ન હતી. જ્યારે અનુભવ મળ્યો કે લોકો મનમાં તો ઊલટું ઇચ્છી કેવળ હિંસક ક્રિયા કરતાં અટકે છે ત્યારે સ્પષ્ટ કરવાની જરૂર પડી કે અમુક માણસ અહિંસક ત્યારે જ રહ્યો ગણાય જ્યારે તે મનથી, વાચાથી, કાયાથી તેવો હોય. એટલે કે દંભી શાંતિ એ શાંતિ જ નથી એ બતાવ્યું. આ નવી વાત ન જ ગણી શકાય. ચારિત્ર્ય વગેરેની શરતો સત્યાગ્રહના સંચાલકને સારુ છે ને અગાઉ હતી જ. સામાન્ય કાર્યમાં પણ આપણે ચારિત્ર્યની જરૂર જોઈએ છીએ, તો પછી સત્યાગ્રહમાં જોઈએ એમાં નવાઈ નથી. મોટા જનસમુદાયની પાસેથી આકરી શરતોની આશા મેં કદી રાખી જ નથી. એવી આશાએ બોરસદમાં જ સત્યાગ્રહ[૩] ન થઈ શકત. આમવર્ગને પાળવાની બે જ શરત હતી: તેઓએ લડતને અંગે પશુબળનો ઉપયોગ ન જ કરવો ને આગેવાનો કહે તેમ કરવું.

ભાવનગર ને વાઈકોમના સત્યાગ્રહીઓ વિષે મેં ધારી જ લીધું છે કે તેઓ મહાસભા-સમિતિઓનાં સભ્યો છે. મહાસભાના કામદારો તેના ઠરાવો જાણતા છતાં જો મહાસભાની સામાન્ય અને સ્થાયી શરતોનું પાલન પણ ન કરે તો એ સત્યાગ્રહ કરવાને લાયક કેમ ગણાય? એક કાર્યને સારુ લીધેલી પ્રતિજ્ઞાનું પાલન તેઓ ન કરે તો બીજી પ્રતિજ્ઞાનું કેવી રીતે કરે? સ્વરાજના સત્યાગ્રહને ખાદીની સાથે સીધો સંબંધ છે. સ્વરાજવાદીને બીજો સત્યાગ્રહ કરતાં પણ પોતાનું સ્વરાજવાદીપણું સિદ્ધ કરવાની જરૂર રહે છે. બોરસદના લાખોને સત્યાગ્રહ કરતાં પહેલાં ખાદીની કે દારૂનિષેધની જરૂર ન હતી, પણ કામદારોને હતી જ. હવે જો બોરસદનાં

૧. આ પત્ર અહીં આપ્યો નથી.
૨. ૧૯૨૧ના ડિસેમ્બરમાં ભરાઈ હતી.
૩. ૧૯૨૩–૨૪માં આ સત્યાગ્રહ વલ્લભભાઈ પટેલના નેતૃત્વ હેઠળ કરવામાં આવ્યો હતો.

Gandhi Heritage Portal

ધારાળા ભાઈબહેનો સ્વરાજને ખાતર સત્યાગ્રહ કરવા માગે તો તેઓએ અવશ્ય ખાદી પહેરવી જોઈએ, દારૂનિષેધ કરવો જોઈએ, અસ્પૃશ્યતાના પાપમાંથી મુક્તિ મેળવવી જોઈએ. મને તો આ સ્વયંસિદ્ધ વસ્તુ લાગે છે. જો આપણે ખાદી વગેરે સર્વમાન્ય કર્યા વિના સત્તા મેળવીએ તો લોકોની ઉપર બળાત્કાર કર્યા વિના આપણે ખાદી વગેરેનો પ્રચાર ન કરી શકીએ. એમ થાય તો એ ખરું સ્વરાજ તો ન જ હોય. વળી ઘણા માણસો ખાદીના ભક્ત ન બને તો ખાદીને સર્વમાન્ય કરવાનો કાયદો પણ ન ઘડી શકીએ એટલે આટલાં દૃષ્ટાંતો પરથી જોઈ શકાશે કે જે નવું લાગે છે તે નવું નથી પણ જૂનું છે. સામુદાયિક ભાંગને સારુ ન પાળી શકાય એવી આકરી શરત એક પણ નથી રહી એ હવે તો સ્પષ્ટ થયેલું હોવું જોઈએ. પણ સત્યાગ્રહ શરૂ કરી ચલાવનારને સારુ તો આકરી શરતો આવશ્યક છે ને હમેશાં હતી. સંગીતશાસ્ત્રીને વર્ષોની તાલીમની જરૂર છે. તેનો અંકુશ ઝીણામાં ઝીણા સૂર ઉપર હોવો જોઈએ, તેનામાં બોદા બારીકની પરીક્ષાની શક્તિ હોવી જોઈએ. પણ સમાજમાં તો સંગીતશાસ્ત્રીનો સૂર ઉપાડી લે એટલી આવડત બસ જણાય છે. સત્યાગ્રહનો નાયક સંગીતશાસ્ત્રી જેવો હોવો જોઈએ.

અહીં એક વસ્તુનો ખુલાસો કરી નાખું. અખબારોમાં મારી ઉપર એવો આરોપ મુકાતો જોઉં છું કે સત્યાગ્રહમાં હરેક વેળા ગાંધી કંઈ ને કંઈ ઝીણવટો કાઢ્યા જ કરે છે, ને એ પ્રમાણે તો દરેક સત્યાગ્રહમાં તે જાતે હોવો જોઈએ એમ સિદ્ધ થાય.

આ કેવળ વહેમ છે. બોરસદ, નાગપુર, ચિરાળાપેરાળામાં[1] હું ન હતો. મને પૂછવા પણ કોઈ નહોતું આવ્યું એમ કહી શકાય છતાં એ સત્યાગ્રહ કેમ ચાલી શક્યા? પણ મને પૂછ્યા વિના સત્યાગ્રહ કરનાર અનુભવી ને સંયમી ન હોય તો અવશ્ય મૂંઝાય. પણ હવે આપણે એટલી હદ સુધી પહોંચ્યા છીએ કે જેની ઇચ્છામાં આવે તે પોતાને જોખમે સત્યાગ્રહ કરી શકે છે. મને પૂછે જ તો મારી મતિ પ્રમાણે હું જરૂર જવાબ આપું. પણ મને પૂછ્યા વિના સત્યાગ્રહ શરૂ ન જ કરાય એવું કંઈ જ નથી. એવું હોય તો સત્યાગ્રહનું શાસ્ત્ર નિરર્થક જ ગણાય. હું ક્યાં ક્યાં પહોંચી શકું? ને હું કેટલી મુદત જીવવાનો છું? સત્યાગ્રહ હમેશનું શસ્ત્ર હોય તો તેને ચલાવનારાં અનેક સ્ત્રીપુરુષો હોવાં જ જોઈએ અને છે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૧૫-૬-૧૯૨૪

૧. બોરસદ સત્યાગ્રહ ૧૯૨૩-૨૪માં, નાગપુર ઝંડા સત્યાગ્રહ ૧૯૨૩માં અને ચિરાળાપેરાળાનો સત્યાગ્રહ આંધ્ર પ્રદેશમાં ૧૯૨૧માં હાથ ધરવામાં આવ્યો હતો.

Gandhi Heritage Portal

## ૧૨૮. ગુજરાતી આર્યસમાજીઓ પ્રત્યે

સમસ્ત હિંદુસ્તાનના આર્યસમાજના તારો અને કાગળો મને મળ્યા છે. તેનો જવાબ તો હું યંગ ઇન્ડિયામાં[1] આપી ચૂક્યો છું. ગુજરાતના આર્યસમાજીઓ પણ ગુસ્સે થયા છે. હું એવી ઉમેદ રાખતો હતો કે તેઓ તો મારા અર્થનો અનર્થ નહીં કરે, કેમ કે તેઓ કદાચ મને વધારે સમજે. ગુજરાતીઓના પાંચ કાગળ તો હું વાંચી ગયો. બીજા હજુ હશે. તેમને પણ બહુ દુઃખ થયું છે. તેઓ મને માફ કરે. મને જે સાચું લાગે તે હું સરળભાવે કહું તેમાં દુઃખ લગાડવાનું કારણ શું હોય એ જ મારી સમજબહાર છે. કોઈ અણગમતું કહે તેટલા ઉપરથી આપણને દુઃખ જ લાગ્યા કરે તો આપણામાં સહિષ્ણુતા કેમ ને ક્યારે આવશે?

આ પાંચે કાગળમાં મારી સાથે દલીલ કરવાનો પ્રયત્ન ઓછો છે. એક ભાઈ તો એવા ગુસ્સે થયા છે કે મને આપઘાત કરવાની સલાહ આપે છે. તેઓ લખે છે:

> હવે આપનાથી લાભ થતો હોય તોપણ તે લેવા દેશ ખુશી નથી. માટે આપે રામનામનું ભજન કરી સ્વર્ગ મેળવવાની ઇચ્છા કરવી તે સારુ આ વિનંતીપત્ર લખું છું.

બીજાઓ લખે છે કે મેં હમેશાં મુસલમાનોને જ ચડાવ્યા છે. વળી એક ભાઈ હિંદુઓના દુઃખની કહાણી છાપાંમાંથી તારવી મોકલે છે.

આ બધાનો જવાબ મારા યંગ ઇન્ડિયામાં આપેલા જવાબમાં ઘણે ભાગે તો આવી જાય છે. અહીં એટલું જ ઉમેરું છું કે આ બધો ગુસ્સો અસહિષ્ણુતા સિદ્ધ કરે છે. એકબીજાની ટીકા સહન કરવાની શક્તિ આપણામાં હજુ આવી નથી. જાહેર જીવનમાં આ વસ્તુ બહુ જરૂરની છે. હિંદુઓની ઉપર દુઃખ પડતાં હોય તેની તપાસ કરવા તો હું તૈયાર છું. છાપામાં આવતી બધી વાતો માનવા હું તૈયાર નથી. બધા વાંચનારને તેમાંથી ઘણા ટકા બાદ કરવાની હું ભલામણ કરું છું. જો મારા ઉપર કાગળો લખનારાઓ મુસલમાની છાપાં વાંચે તો હિંદુઓ ઉપર થતા આક્ષેપોની મોટી નોંધો તેઓ જોશે. આનો હિંદુઓ શો જવાબ આપે? જેમ હિંદુ છાપાંઓમાં તેમ તેમાંયે ઘણું તો બનાવટી હોય છે. સંગઠનથી જો હિંદુઓ પોતાના ભયનો ત્યાગ કરી શકતા હોય તો તો હું સંગઠનમાં ભળી જાઉં. સંગઠનનો અર્થ અખાડા એટલો જ હું સમજ્યો છું. હું તેમાં નથી પડતો કેમ કે હું જાણું છું કે એથી તાત્કાલિક બચાવ થઈ શકવાનો નથી. તેને સારુ તો નિર્ભયતા કેળવવી જોઈએ. એ જો અખાડાઓમાં કેળવાઈ શકે તો ભલે હિંદુઓ અખાડા બનાવે. અખાડા ન બનો એવું તો મેં કહેલ જ નથી. ગુજરાતમાં પુરાણી ભાઈઓના અખાડાને મેં કદી નિષેધ્યા નથી. એટલું જ નહીં પણ મારી પસંદગી પણ મેં જાહેર કરી છે. મુસલમાનના હુમલામાંથી બચવા સારુ સંગઠન એ ઉપાય નથી એટલું જ મેં સૂચવ્યું છે. તેથી કલેશ વધે છે; ઘટતો નથી.

આ પ્રશ્નનો નિકાલ આમ પ્રશ્ન કરવાથી થઈ શકે: આપણે હિંદુમુસલમાન ઐક્ય જોઈએ છે? તેની જરૂર છે? જો જરૂર હોય ને જોઈતું હોય તો હિંદુઓએ પ્રતિકારની તૈયારીઓ છોડવી જ પડશે અથવા જેમ સરકારની સાથે તેમ જ મુસલમાનની સાથે શરીરબળમાં મુકાબલો કરી

૧. જુઓ "આર્યસમાજ", ૧૨-૬-૧૯૨૪.

Gandhi Heritage Portal

લોહીની નદીઓ ચાલવા દઈ શાંતિ મેળવવી પડશે. તે પણ હિંદુમુસલમાનની બાબતમાં અ-સંભવિત છે. કેમ કે સરકારની બાબતમાં તો અંગ્રેજોની સાથે વેર બાંધી તેઓને દેશમાંથી કાઢવાનો આશય છે. આ વાત ભલે કદાચ સંભવિત હોય, કેમ કે અંગ્રેજો આ મુલકને પોતાનો માનતા નથી. તેઓ થાકે તો ચાલ્યા જાય, પણ જેમ હિંદુનો તેમ મુસલમાનોનો આ દેશ છે. તેઓને હિંદુસ્તાનમાંથી કાઢી મૂકવા એ કેવળ અશક્ય માનું છું. એટલે તેઓની સાથે શાંતિથી રહેવું એ જ એક ઉપાય છે અથવા આપણી જીવનદોરી અંગ્રેજી સરકારને હસ્તક કરવી એ છે.

આપણે કરવું છે શું એ વિચારીએ. મુસલમાનો સ્ત્રીઓનું હરણ કરે છે તેમાંથી બચવું. આ બચાવ તો પ્રત્યેક હિંદુ પોતે મરણિયો થઈને જ કરી શકે. બધા મુસલમાનો તો કંઈ સ્ત્રીઓનું હરણ નથી કરતા? ધારો કે કેટલાક ધર્મને નામે કરે છે. તેવું હરણ કેટલાક હિંદુઓ હિંદી સ્ત્રીઓનું ક્યાં નથી કરતા? માત્ર તફાવત એ કે હિંદુ હરણ કરનાર કેવળ પોતાની વિષયવાસનાને વશ થઈને કરે છે. તેની સામે બચાવ કરવાની શક્તિ આપણામાં ન હોય તો તે કોણ આપશે? આવા વ્યાધિનો તાત્કાલિક અને હમેશ ચાલે તેવો ઇલાજ મેં તો બતાવ્યો છે. તે સત્યાગ્રહ છે. એટલે કે માર્યા વિના બચાવ કરતાં મરી છૂટવું. આટલું તો સ્ત્રી અને બાળક પણ કરી શકે. એ તાલીમ સૌ હિંદુ કાં ન લે? મારવાની શક્તિ કેળવતાં શરીરબળ કેળવવું જોઈએ છે. મરવાની શક્તિ કેળવતાં આત્મબળ કેળવવું જોઈએ છે. જો સૂઝી જાય તો આત્મબળ કેળવવું પ્રમાણમાં સહેલું છે. જે શરીરે અપંગ હોય તે શરીરબળ ક્યાંથી કેળવે? આત્મા તો કોઈનો અપંગ હોતો જ નથી. મારાં વહાલાં ઉપર જો કોઈ હુમલો કરે તો મારે મરી છૂટવું એટલું તો હું સ્થિર થઈ વિચાર કરીને શીખી શકું છું. પણ આવી તૈયારી કરવા સારુ મારે શાંત સ્વભાવ જરૂર કેળવવો જોઈએ, મારે ગુસ્સાને રોકી તેમાંથી નવી શક્તિ પેદા કરવી જોઈએ. જો મારે એ શક્તિ કેળવવી હોય તો છાપાંઓના લખાણથી ઉશ્કેરાવું ન જોઈએ. જે જગ્યાએ મારે રક્ષણ કરવાની ઇચ્છા થઈ જાય ત્યાં મારે પહોંચી જવું જોઈએ. ને મરણપથારી કરવી જોઈએ.

જેમ લડવૈયાનું લશ્કર થઈ શકે તેમ સત્યાગ્રહીનો સંઘ પણ થઈ શકે. હજારો ધારાળાને સારુ એકલા રવિશંકર બસ થઈ રહે છે. રવિશંકર તો હજુ જીવતા છે. સેંકડો રવિશંકર પેદા થઈ નિર્બળ હિંદુને હુમલાઓથી બચાવી શકે છે ને તેમ કરતાં નિર્બળને બળવાન પણ કરી શકે છે.

આટલું તો હુમલાઓ વિષે. ગાયને બચાવવાને સાર તો હિંદુ મુસલમાન ઉપર બળાત્કાર ન જ વાપરે. તેનું દિલ હરીને જ ગાયને બચાવે.

મસ્જિદો પાસે બને ત્યાં લગી વાજાં ન વગાડે. તે બાબત મુસલમાન સાથે મસલત કરે, ને મુસલમાન ન જ માને, અયોગ્ય દબાણ કરે તો તેમના દબાણને વશ ન થતાં વાજાં વગાડે ને વગાડતાં મરે.

આ ઉપરાંત જે વસ્તુઓ છે એ તો કેવળ નજીવી છે. એટલે કે ધારાસભામાં કેટલા મુસલમાન જાય, ઇત્યાદિ. હું તો જેટલાને જવું હોય તેટલાને જવા દઉં. અત્યારે તો મારી દૃષ્ટિએ એ સવાલ જ ઉત્પન્ન નથી થતો. જે અસહકારને સેવે છે તેને ધારાસભાનો કે સરકારી નોકરીનો વિચાર જ કરવાનું નથી રહેતું.

[મૂળ ગુજરાતી]

नवजीवन, १५-६-१९२४

Gandhi Heritage Portal

# ૧૨૯. વલ્લભભાઈની મૂંઝવણ

નવજીવનનું તંત્ર મેં હાથમાં લીધું ત્યારથી વલ્લભભાઈ મોટી મૂંઝવણમાં પડ્યા છે. ગુજરાતની પાસેથી મારે નામે તેઓ દસ લાખ રૂપિયા ઉઘરાવી ગુજરાતનું કામ કરવા ઇચ્છે છે. આવા આ પરસ્વાર્થી કામમાં નવજીવનની મદદ લેતા. હવે હું તંત્રી થયો એટલે મારે સારુ થેલી ભરવાની વાત મારા જ છાપામાં છાપવા જેટલી બેશરમ મારાથી કેમ થાય? આવા સંકોચથી વલ્લભભાઈની વિનય પત્રિકાઓ નવજીવનમાં છપાતી બંધ થઈ!

હવે સવાલ આ છે. વલ્લભભાઈને દસ લાખ રૂપિયા ન મળે તો મારી ઉપર બહિષ્કારનો હુકમ કાઢે ને મારું તંત્રીપદ ખૂંચવી લે. પણ એ બીકથી જો હું નવજીવનમાં તેમની પત્રિકાઓ છાપું તો નિર્લજ્જ ઉપરાંત ભીરુમાં ખપું. તંત્રીપદ છોડવું મને પોસાય તેમ નથી. તેમ ખુલ્લી રીતે નિર્લજ્જ થવું પણ પોસાતું નથી. તેથી મધ્ય રસ્તો કાઢવાનો વિચાર રાખ્યો છે. તે એ કે મારે વલ્લભભાઈનો ભરમ ખોલી દેવો.

સીધી વાત એ છે કે ગુજરાતને રચનાત્મક કામ પસંદ હોય તો વલ્લભભાઈને પૈસા જોઈએ જ. કેટલાક રચનાત્મક કાર્યને નામે નહીં તો મારે નામે પૈસા આપવા તૈયાર થાય એ લોભે પૈસાની માગણીની સાથે મારું નામ જોડ્યું. વલ્લભભાઈને પૈસાનું કામ છે, પછી ભલે તે ગમે તે નામે મળે. વલ્લભભાઈએ ગુજરાતની સેવા ઠીક કરી છે એમ જો ગુજરાત માને, એમણે ગુજરાતને સારુ ભેખ લીધો છે અને લેવડાવ્યો છે એમ પણ માને અને વળી માને કે પૈસાનો દુરુપયોગ નથી થતો, હિસાબ રહે છે ને પ્રગટ થાય છે, વિદ્યાપીઠનું કામ ગમે તેવું અધૂરું લાગે છતાં કીમતી છે એમ લાગે, તે વાટે આપણાં હજારો છોકરાં સ્વતંત્રતાની તાલીમ લઈ રહ્યાં છે એમ પણ લાગે, ખાદીનો પ્રચાર થઈ રહ્યો છે ને અંત્યજોની સેવા થઈ રહેલ છે, —આ બધું ગુજરાતીઓ માને તો ગાંધીથેલી અથવા સ્વરાજથેલી કે ગરીબની થેલીમાં દસ લાખ ભરે. "નહીં નાચનારીને આંગણું વાંકું" એ કહેવત પ્રમાણે "વેપાર ખરાબ છે" વગેરે બહાનાં સૌ કોઈ કાઢી શકે એમ છે. પણ વેપાર ખરાબ હોવા છતાં આપણે ખાઈએ છીએ, પીએ છીએ, વિવાહ ઇત્યાદિ કરીએ છીએ તો આ પ્રજાનું આવશ્યક કામ પણ કરીએ. જો દરેક ગુજરાતી સમજે કે મહાસભાનું ગુજરાતનું સુકાન ચલાવવું એ દરેક ગુજરાતીનું કામ છે, તો આ થેલીમાં "ફૂલ નહીં તો ફૂલની પાંખડી" જરૂર આપે ને વલ્લભભાઈની મૂંઝવણ ટાળે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૧૫–૬–૧૯૨૪

Gandhi Heritage Portal

# ૧૩૦. "વાઘરી સારુ ભેંસ"

એક ભાઈએ મને "લક્ષ્મીનો વિનાશ" નામનું ચોપાનિયું મોકલ્યું છે. તેમાં નથી છપાવનારનું નામ, નથી છાપખાનાનું નામ. તે મફત વહેંચવામાં આવે છે. તેનો હેતુ પોતાના ચોપડા વેચવાનો છે. પણ તેટલા તુચ્છ હેતુને સારુ તેણે મુસલમાનો ઉપર હુમલો કર્યો છે. તેની થોડી વાનગી આપું છું. "મુસલમાનો યવન છે". "જે માણસોને આપણે ઉત્તેજન આપીએ છીએ તે કેવા છે?" "તેઓ કૂકડાં, બકરાં અને ગાયોને ગળે કટ કટ કરતી છરીઓ ચલાવી રહ્યા છે." "જેનું આપણને પાણી પણ પીવાને કામ લાગતું નથી તેને માટે તમો શા માટે દયા બતાવો છો?" "તમે મુસલમાનો પાસેથી શા માટે ચોપડા ખરીદ કરો છો?" "તમારો ધર્મ દયામય છે"—"યવનનો પાપમય છે." આમાં આવાં બીજાં પણ ધર્માંધ વાક્યો છે. મારા નામનો પણ દુરુપયોગ છે. મારી ઉમેદ છે કે આ ચોપાનિયાને કોઈ હિંદુ નહીં અડકે. અને મારી વધારે ઉમેદ તો એ છે કે ચોપાનિયાના લખનાર પોતે જ પોતાના દયાધર્મનો ભંગ કર્યાને સારુ પશ્ચાત્તાપ કરશે ને એ ચોપાનિયું બાળી નાખશે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૧૫-૬-૧૯૨૪

# ૧૩૧. કામદારોને

આ ફકરાઓ[1] એક ભાઈના કાગળમાંથી મેં ટાંકયા છે. તેમાંથી કેટલાંક વિશેષણો ટૂંકું કરવાને ખાતર કાઢી નાખ્યાં છે. એકેએક કામદારને એકાંતમાં બોલાવવા જેટલો મારી પાસે વખત જ નથી. પણ બધા જેઓ ખાસ હકીકત જાણતા હોય તેઓને હું ખાસ હકીકત કે સૂચનાઓ મોકલવા નોતરું છું. ઘણા કાગળ લખનારા મારા કરતાં પણ ખરાબ અક્ષર લખે છે. તેમને મારી ઉપર દયા ખાઈને પણ ચોખ્ખા અક્ષરમાં લખવા વીનવું. ઘણા મોટી પ્રસ્તાવના લખે છે. અડધો કાગળ વાંચ્યા પછી જ તેમનો કહેવાનો હેતુ સમજાય. પ્રસ્તાવના છોડી દેવા સૂચવું છું. ઘણા પોતાના કાગળને વિશેષણોથી જ શણગારે છે કે બગાડે છે જે કહો તે. તેમને વિશેષણોનો ત્યાગ કરવાની ભલામણ કરું છું. હું તો આવા નમૂનાના કાગળો માગું છું.

"તા. ૧૫-૬-૧૯૨૪ના નવજીવનની તમારી માગણી વિષે:

મેં પોતે મહાસભાનું કામ છોડયું છે, કેમ કે अ, ब, क, જેઓની સાથે મારે સંબંધ હતો તેઓએ ફલાણે વખતે ફલાણું જૂઠાણું કર્યું, અથવા મારા ને તેમના વિચારો મળતા જ ન આવ્યા, અથવા મારા પ્રત્યે તેમણે આવી વર્તણૂક ચલાવી, અથવા મારા વિચારો બદલાયા છે. મારો વિશ્વાસ અહિંસામાં કે સત્યમાં કે રેંટિયામાં કે બહિષ્કારમાંથી નીકળી ગયો છે. મારી

૧. આ ફકરા અહીં આપ્યા નથી. એ પત્રલેખકે સૂચવ્યું છે કે ગાંધીજીએ ગુજરાતમાં ફરી વાર કામ કરવાનું ઉપાડતાં પહેલાં સાચી પરિસ્થિતિથી પોતાની જાતને માહિતગાર કરી લેવી જોઈએ.

Gandhi Heritage Portal

તો સલાહ છે કે સમિતિ ફલાણા સુધારા કરે, ફલાણું છોડે, ફલાણા કામદારોને દૂર કરે તો જ વહાણ ચાલશે.”

આમ સાફ હકીકત આપનાર કાગળ આવે તો મદદ મળે. જાહેર જીવનમાં કશું ખાનગી રાખવું એ મારી દૃષ્ટિએ વિરોધી વાત છે. પણ મને ઓળખનારા જાણે છે કે હું નામો તો જાહેર કરતો જ નથી. કાગળો હું સંઘરતો નથી. કીમતી કાગળો પણ મેં ફાડીને ફેંકી દીધા છે. જાહેર ઉપયોગના જ કાગળો સાચવવા પ્રયત્ન કરું છું. પણ મળેલી હકીકતનો ઉપયોગ સુધ્ધાં ન કરવો એવી શરતે તો મને એક પણ કાગળ ન જોઈએ, કેમ કે ઉપયોગ વિનાની કંઈ વસ્તુ જાણવાની મને ઇચ્છા જ નથી. નનામા કાગળ પણ કોઈ ન લખે. એવા કાગળો હજુ આવ્યા કરે છે. ઉપલા કાગળ ઉપરથી જણાય છે કે આપણું જાહેર જીવન હજુ ચોખ્ખું નથી થઈ ગયું. એટલે અંશે આપણી અસહકારની હિલચાલ નિષ્ફળ થઈ મનાય; અથવા તેની સફળતાનું પ્રમાણ જાહેર જીવનની સ્વચ્છતાથી જ આંકી શકાય. આપણે ચાલુ રાજ્યતંત્રની સામે થયા છીએ કેમ કે એ તંત્ર મેલું છે એમ આપણને સિદ્ધ થયું છે. એનો અર્થ જ એવો થયો કે આપણે પોતે પ્રમાણમાં સ્વચ્છ છીએ ને સ્વચ્છ તંત્ર સ્થાપવા ઇચ્છીએ છીએ. એટલે આપણા જાહેર જીવનમાં સ્વચ્છતા હોવી જોઈએ. તે સ્વચ્છતા એટલે સુધી કે આપણો વિરોધ કરનાર પણ જોઈ શકે ને કબૂલ કરે. અસહકારની હિલચાલનો અર્થ જ એ છે કે દુશ્મનને મિત્ર બનાવવો. જેનો એ સૂત્ર પર વિશ્વાસ ન હોય તે કદી શાંત અસહકારી ન થઈ શકે.

પણ આપણામાં એક દોષ છે એનો પણ વિચાર કરી લેવાની જરૂર છે. આપણે બીજાના ને તેમાંયે આપણા સાથીઓના દોષ જોવા તત્પર હોઈએ છીએ. તેના ગુણ તો જોતા જ નથી. પરિણામે આપણે કેવળ નિંદા જ કરીએ છીએ. એક સેવક ઘણું કામ કરતો હોય છતાં તેણે જરા આંખ લાલ કરી અથવા એ તોછડું બોલ્યો એમ આપણને ભાસ્યું એટલે એ કોડીનો થઈ ગયો. તેણે આપણને આવકાર ન દીધો અથવા તે આપણી વાત ન સમજ્યો એટલે તેની સેવા ઉપર ધૂળ વળી ગઈ. આ સ્વભાવનો અનુભવ મને ખૂબ થયો છે, તેથી નિંદાની આદતની સામે પણ સાવચેતી આપવા ઇચ્છું છું.

આમ બંને પક્ષ વાંચનારની આગળ મૂકવાનો હેતુ એ છે કે જેમણે ઊજળું એટલું દૂધ જ જોયું હોય તે નિરીક્ષણ કરી મેલ હોય તે સ્વીકારે ને જેણે મેલ જ જોયો હોય તે સફાઈ જોવાનો પણ પ્રયત્ન કરે ને પછી તટસ્થ ભાવે લખે તો તેના કાગળમાં રહેલી ખબર મદદગાર થઈ પડશે.

છેવટમાં મારે એટલું પણ કહી નાખવાની જરૂર છે કે હું સુકાની બનવા ઇચ્છતો નથી. સુકાની તો વલ્લભભાઈ છે જ. મારાથી થઈ શકે તે કેવળ સલાહ આપવાનું છે. यंग इन्डिया ને नवजीवननुं તંત્રીનું કામ તો મારી પાસે છે. એ તંત્ર જ બસ છે. જો કોમ મારી પાસે એ વસ્તુ છોડાવે તો મારી પાસે આશ્રમનું તંત્ર છે. અત્યારે તો આશ્રમના તંત્રને સારુ પણ હું લાયક નથી રહ્યો, કેમ કે આ બે પત્રો મારે સારુ વખત જ નથી રહેવા દેતાં. એટલે મારો ઉપયોગ ગુજરાતને અને પ્રજા સમસ્તને અત્યારે તો કેવળ સલાહકારનો જ રહ્યો છે. હકીકતોથી ભર્યા પત્રો મને મારો અભિપ્રાય બાંધવામાં ખૂબ મદદ દે છે.

[મૂળ ગુજરાતી]

नवजीवन, १५-६-१९२४

Gandhi Heritage Portal

# ૧૩૨. નોંધ[1]

## મિથ્યા ભ્રમ

"તમે અમે તો સારાં કપડાં પહેરી ઊતર્યા એટલે હવે ખાદી પહેરતા થયા, પણ આ કુમળાં બાળકોને ખાદી પહેરાવીએ તો તેઓને તો બિચારાંને કંઈ લહાવો જ ન મળ્યો" આમ કેટલાંક મોટેરાં પોતાના પૌત્રોને જોઈ છોકરાના બાપ સામે નજર કરી કહે છે અને પૌત્રો પ્રત્યેનું વહાલ જાહેર કરે છે, એમ એક ગૃહસ્થ લખે છે ને પૂછે છે, "આવે ધર્મસંકટે શું કરવું?" હું તો આમાં ધર્મસંકટ જ જોતો નથી. વડીલોના આવા અતિપ્રેમને વશ થઈ કુમળાં બાળકોનું ભવિષ્ય આપણે કેમ બગાડીએ, અથવા હિંદુસ્તાનનો ભૂખમરો કાઢવાની મહાન લડતને ધક્કો કેમ પહોંચાડીએ? જેને આપણે ધર્મ સમજીએ તે વસ્તુને આવા પ્રેમને વશ થઈને કેમ છોડીએ? વળી પરદેશી કે દેશી મિલનું કાપડ વધારે બારીક તેથી વધારે સારું એ કેવળ ભ્રમ છે. આજે તો એવાં ઘણાંયે બાળકો છે કે જે બારીક કપડાંને નહીં અડે ને ખાદી જ પહેરશે. બાળકોને તો જેવી ટેવ પાડીએ તેવી પડે છે. મિલના કાપડમાં શો લહાવો રહ્યો છે એ જ સમજવું મુશ્કેલ થઈ પડે. થોડાં વર્ષ પછી જ્યારે બધા ખાદી જ પહેરતા થઈ જઈશું ત્યારે ખાદીમાં જ લહાવો છે એમ પણ માનતા થઈ જઈશું. નિર્દોષ બાળકોનાં નાનકડાં શરીર ઉપર ઊજળી દૂધ જેવી ખાદી જેટલી શોભે છે તેટલાં રંગીન, શરીરને ચોંટી જાય તેવાં ને ઘણી વેળા તો મેલાં કપડાં કદી નથી શોભતાં. વળી આપણા દેશની હવામાં તો બાળકોને સારુ ઓછામાં ઓછાં કપડાં જ ઠીક ગણાય. આપણાં બાળકોને સારુ તો જોડા, મોજાં ને અનેક કપડાં એ રોગનું ઘર છે. એ તેમને નાજુક બનાવવાનો માર્ગ છે ને નકામું ખર્ચ છે. બાળકને ખોટાં વહાલ કરી પ્રથમથી જ આપણે ખોટું શિક્ષણ આપીએ એ કેવો અન્યાય?

[મૂળ ગુજરાતી]

નવજીવનનો વધારો, ૧૦-૬-૧૯૨૪

# ૧૩૩. નવીનચંદ્રને પત્ર

જેઠ સુદ ૧૪, સં. ૧૯૮૦ [જૂન ૧૬, ૧૯૨૪]

જીવનના પરમ આદર્શને આચારમાં મૂકવા મારે શું કરવું? આ પ્રશ્ન છે. જરા વિચારતાં માલૂમ પડશે કે જવાબ પ્રશ્નમાં જ રહેલો છે. મને ગમે છે તે ખાવાને સારુ મારે શું કરવું? એમ કોઈ પૂછે તેને કહેશો "તે વસ્તુ ખાવી." તેમ જ આદર્શનો અમલ કરવો એ જ આપણને આચાર શીખવે છે. ખરું જોતાં મુશ્કેલી આદર્શ ગુમાવવામાં હોય છે. ઘણી વેળા આપણે "ગમે છે" એમ માનીએ છીએ તે વસ્તુ ખરેખર ગમતી નથી. સત્ય એ આદર્શ હોય તો સત્યાચરણ કરવું. બ્રહ્મચર્ય આદર્શ હોય તો તેના પાલનમાં આપણને રસ આવવો જોઈએ. અંગમહેનત આદર્શ હોય તો કાંતવા, પીંજવા, વણવામાં રસ આવવો જોઈએ. સેવા આદર્શ હોય તો સેવા કરતાં ન થાકશો. શીખવવાની સેવા કરવી હોય તો ઉત્તમમાં ઉત્તમ શીખવીએ.

**મોહનદાસના આશીર્વાદ**

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્ર પરથી: જી. એન. ૨૧૭૦

૧. કાળાનુક્રમે આ લેખ ૧૬૦મા લેખ પછી આવવો જોઈતો હતો.

Gandhi Heritage Portal

## ૧૩૪. જે. બી. પિટીટના પત્ર પર નોંધ

[જૂન ૧૭, ૧૯૨૪ પછી][1]

આ પત્ર બનારસીદાસને બતાવજો અને એમને પૂછજો કે માગેલી રકમ પૈકી અમુક ભાગ આપવાનું શ્રી પિટીટે વચન આપ્યું હતું એવું એમને કોણે કહ્યું હતું?

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૯૯૭૮

## ૧૩૫. ગંગાદીન છાવણીવાળાને તાર[2]

[જૂન ૧૮, ૧૯૨૪ કે તે પહેલાં]

તેઓ દાખલ થઈ શકે. પ્રયત્ન કરે તો તેઓ ખાદીનો પ્રચાર વધારે અસરકારક રીતે કરી શકે.

[મૂળ અંગ્રેજી]

હિન્દુ, ૧૯-૬-૧૯૨૪

## ૧૩૬. વસુમતી પંડિતને પત્ર

સાબરમતી,

જેઠ વદ ૧ [જૂન ૧૮, ૧૯૨૪][3]

ચિ. વસુમતી,

આજના અક્ષરના દોકડા ચાર અપાય તેમ નથી. નિત્ય સુધરવા જોઈએ. છાપેલા સાથે રાખવા જ. કૉપી ન લીધી હોય તો અહીંથી મોકલું. બા ને દેવદાસ આવી ગયાં છે. આજે પ્રાગજીને જેલ વળાવવા સુરત જશે. પ્રાગજી પકડાયાનું તો વાંચ્યું હશે. અહીં પણ છાંટા તો

૧. આ લખાણ જે. બી. પિટીટના ૧૯૨૪ના ઑગસ્ટની ૧૭મીના નીચે ઉતારેલા પત્ર પર લખેલું હતું : “પંડિત બનારસીદાસના પગાર અને ખર્ચનો થોડો પણ ભાગ આપવાનું કદી માથે લીધાનું મને યાદ આવતું નથી. પંડિત બનારસીદાસનો આવી મદદ માગતો એક પત્ર આઈ. આઈ. સી. એ. સમક્ષ હું ધારું છું કે એક વરસ કરતાં વધારે મુદત પહેલાં રજૂ કરવામાં આવ્યો હતો, અને એ માગણી નામંજૂર કરવામાં આવી હતી. શ્રી બનારસીદાસ ઍસોસિયેશનના પૂરા સમયના કાર્યકર બને એવી સમિતિની ઇચ્છા હતી, પરંતુ એ માટે એમણે પોતાની અશક્તિ દર્શાવતાં મદદ માટેની એમની અરજી નામંજૂર કરવામાં આવી હતી. એટલે સમિતિ એમના ખર્ચ પેટે કંઈ પણ રકમ મંજૂર કરે એવું મને નથી લાગતું. તેમ છતાં એ પત્ર મારે વિચારણા માટે સમિતિ સમક્ષ ફરીથી રજૂ કરવો એવી આપની ઇચ્છા હોય તો આપનો જવાબ આવ્યેથી એમ કરતાં મને આનંદ થશે.” આ ઉપરાંત જુઓ “કે. નટરાજનને પત્ર”, ૧૫-૮-૧૯૨૪.

૨. કૅન્ટોનમેન્ટ બોર્ડોમાં અસહકારીઓએ દાખલ થવું કે નહીં, એવા તારથી પૂછેલા પ્રશ્નના જવાબમાં આ તાર કરવામાં આવ્યો હતો.

૩. ટપાલના સિક્કામાં આ તારીખ છે.

Gandhi Heritage Portal

પડયા. હવે તો વરસાદ આવે તો નિરાંત થાય. અંગ્રેજી અક્ષર ઠીક છે. પણ તેમાંયે સુધારો થાય. હું લખું છું તે શરમાવવા નહીં પણ ઉત્તેજન દેવા.

બાપુના આશીર્વાદ

વસુમતીબહેન
લીલાવતી સૅનેટોરિયમ
દેવલાલી

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્ર પરથી: સી. ડબલ્યુ. ૪૪૬; શ્રીમતી વસુમતી પંડિતના સૌજન્યથી

## ૧૩૭. પ્રભાશંકર પટ્ટણીને પત્ર

જેઠ વદ ૧ [જૂન ૧૮, ૧૯૨૪][1]

સુજ્ઞ ભાઈશ્રી,

બાબુસાહેબ (યશવંતપ્રસાદ), વીરુભાઈ અને દિનકરરાવ વચ્ચે જે કેસ ચાલી રહ્યો છે તે વિષે લખું છું. વીરુભાઈ અને માર્કંડરાય મારી પાસે આવેલા ત્યારે જ મેં એ કેસ વિષે કંઈ જાણ્યું. વીરુભાઈ અને બાબુસાહેબ તો પંચને કેસ સોંપવા તૈયાર છે પણ દિનકરરાવનું કોઈ કંઈ કહી શકતું નથી. તમે જ બધા પક્ષકારોને બોલાવી પંચથી નિકાલ કરવાનું સમજાવી આ કુટુંબકલેશ કોર્ટે જતો નહીં અટકાવી શકો? એક કેસ તો રપમીઓ ભાવનગરમાં છે જ. જે કરો તે તે પહેલાં કરવા વિનંતી છે. આ કુટુંબની સાથે મારા કરતાં તમારો સંબંધ ઘણો વધારે નિકટ છે એટલે હું તમને શી ભલામણ કરું? તમે અમલદાર રહ્યા એટલે તમારી પાસે કોઈએ આવવું જોઈએ. હું ત્રણે વતી આવ્યો છું એમ સમજજો.

મોહનદાસના
વંદે માતરમ્

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્ર પરથી: સી. ડબલ્યુ. ૩૧૮૦; શ્રી મહેશ પટ્ટણીના સૌજન્યથી

૧. શ્રી પ્રભાશંકર પટ્ટણી પરના ૩-૭-૧૯૨૪ના પત્રમાં ગાંધીજી આ પત્રમાં ઉલ્લેખાયેલ દિનકરરાવનો ઉલ્લેખ કરે છે. સંભવ છે કે આ પત્ર પણ ૧૯૨૪માં લખાયો હોય. એ વરસે જેઠ વદ ૧ જુલાઈની ૧૮મીએ હતી.

Gandhi Heritage Portal

## ૧૩૮. અબ્બાસ તૈયબજીને પત્ર

જૂન ૧૮, ૧૯૨૪

ભાઈસાહેબ,

તમે તો હદ વાળો છો. તમારા ગુજરાતી કાગળો અંગ્રેજી કરતાં ક્યાંય ચડી જાય છે. તમારા ગુજરાતી કાગળમાં હું તમને જોઉં છું. અંગ્રેજીમાં અંગ્રેજી ભાષાને જોતો હતો.

રેંટિયાનો જે તાર આજે તમારી ને ખુદાની વચ્ચે આવે છે તે જ તાર ઉપર તમે ખુદાને નાચતો જોશો. જ્યાં શ્રદ્ધા હોય ત્યાં તે તો હાજર જ છે.

તમને બૂઢાપણામાં એ વરસાદે શરદી ન આપી તેનું કારણ એક તો તમારી વધતી જતી જુવાની ને બીજું તમારું સેવાનું કામ. જે ખુદાને કામે ને તેને નામે નીકળે તેને તે જ ન બચાવે તો તે ખુદા જ શાનો?

રેંટિયાની ધૂન મિસિસ અબ્બાસ, રેહાના વગેરે કુટુંબીઓને આપજો.

તમે જેટલા ને જેવા કાગળો લખો તે બધાની સામટી માફી આપું છું.

તમારો

**મોહનદાસ ગાંધી**

[મૂળ ગુજરાતી]

મૂળ પત્રની છબી પરથી: એસ. એન. ૯૫૪૭

## ૧૩૯. નોંધ

### વાઈકોમ સત્યાગ્રહ

એવા ખબર આવ્યા છે કે તિય્યાઓના[1] ધર્મગુરુ શ્રી નારાયણ ગુરુએ વાઈકોમમાં ચાલી રહેલા સત્યાગ્રહની રીત પોતાને નાપસંદ હોવાનું જાહેર કર્યું છે. તેમનું કહેવું છે કે સ્વયંસેવકોએ બંધ કરેલા રસ્તાઓ ઉપર બેલાશક આગળ ધસવું અને વાડો ભરી લીધી હોય ત્યાં તે ઓળંગીને પણ ખરું. વળી તેમણે મંદિરોમાં પણ જવું અને બીજાઓ જોડે પંગતમાં જમવા પણ બેસી જવું. તેમના સંવાદને ટૂંકાવીને તેનો સાર માત્ર મેં અહીં આપ્યો છે છતાં મેં લગભગ એમના જ શબ્દો ટાંક્યા છે કહું તો ચાલે.

મારી દૃષ્ટિએ તો શ્રી નારાયણ ગુરુએ સૂચવેલું પગલું મુદ્દલ સત્યાગ્રહ નથી. ભરેલી વાડો પર ચડીને ઉપર જવું એ ચોખ્ખી હિંસા છે. જો વાડો ચડી જઈ શકાય તો પછી મંદિરોનાં બારણાં તોડીને અગર તો મંદિરોના ગઢની દીવાલો તોડીને અંદર ઘૂસવામાં શી હરકત છે? અને સ્વયંસેવકો પણ શરીરબળ વાપર્યા વગર પોલીસ સિપાઈઓની હાર વચ્ચે થઈને શી રીતે પેલી મેર જવાના હતા? વળી જો તિય્યાઓ બળવાન હોય અને પોતાનો હેતુ પાર પાડવાને પૂરતી સંખ્યામાં મરવા તેઓ તૈયાર હોય તો તેમણે સૂચવેલે માર્ગે તેમને સફળતા ન મળી

૧. કેરળની એક કોમ.

Gandhi Heritage Portal

શકે એવું સૂચવવાનો મારો મુદ્દલ આશય નથી. મારું કહેવું એટલું જ છે કે એ સફળતા સત્યાગ્રહથી અવળી એવી જ કોઈ વસ્તુથી મેળવેલી હશે, અને તેમ કર્યા છતાં પણ જૂના વિચારવાળાઓને પોતાના કરી લઈ તેમની પાસે તો તેમણે એ વસ્તુ નહીં જ સ્વીકારાવી હોય; માત્ર તેમના ઉપર પોતાની વાત જોરાવરીથી લાદેલી હશે.

જે મિત્રે ઉપલા સંવાદની કાપલી મારા પર મોકલી આપી છે તેઓ સૂચવે છે કે શ્રી નારાયણ ગુરુએ આપેલી ઉપલી હિંસાત્મક સલાહ સામું જોઈને મારે ત્યાંની સ્થાનિક મહાસમિતિને સત્યાગ્રહ રોકી દેવાની સલાહ આપવી. મને લાગે છે કે તેમ કરવું એ પોતાના સાધનને વિષે પોતાની અશ્રાદ્ધા જાહેર કર્યા બરોબર તેમ જ શરીરબળ આગળ નમી પડ્યા બરોબર છે. જ્યાં સુધી કાર્યકર્તાઓ પોતે દોરી મૂકેલી મર્યાદાઓની અંદર રહીને લડત ચલાવી રહ્યા છે ત્યાં સુધી સત્યાગ્રહને રોકવાનું હું તો કશું જ પ્રયોજન જોતો નથી. ઉપલા મિત્ર ચૌરીચૌરાનો દાખલો ટાંકે છે. તેમ કરવામાં મજકૂર મિત્ર કાં તો થાપ ખાય છે અગર તો હકીકતથી તેઓ અજાણ છે. બારડોલી સત્યાગ્રહ એટલા સારુ રોકવામાં આવ્યો હતો કે મહાસભા અને ખિલાફતનાં મંડળો જોડે સંબંધ ધરાવનારા લોકો ચૌરીચૌરાના હત્યાકાંડમાં સંડોવાયેલા હતા. જો વાઈકોમની લડત જોડે સંબંધ ધરાવનારા મહાસભાવાદીઓ તિય્યાઓના ધર્મગુરુએ સૂચવેલા માર્ગને આવકાર આપવાના મતના થઈ જાય તો જ પ્રાયશ્ચિત્તનો અને પરિણામે સત્યાગ્રહને રોકી લેવાનો સવાલ ઊભો થાય, નહીં તો નહીં જ. તેથી વાઈકોમના કાર્યકર્તાઓને હું આગ્રહ કરું છું કે તેઓ પોતાના પ્રયત્નો બમણા જોરથી ચલાવે અને સાથે સાથે લડતમાં ભાગ લેનારાઓના વર્તનની બારીક ચોકી કરે. આપણા ધ્યેયને પહોંચતાં આજ થાય કે કાલ થાય પણ પહોંચવાનો રસ્તો એક જ છે અને તે શુદ્ધ આત્મબલિદાન અને આત્મશુદ્ધિના બળ વડે જૂના વિચારવાળાઓનાં હૃદય પલટાવવાનો બીજો માર્ગ નથી જ.

## "જૂઠા"નો અર્થ

સિમલાથી એક સ્વરાજવાદી મિત્ર મારાં આજકાલનાં લખાણોનો ઉલ્લેખ કરીને તેમાં આવતાં "હિંસાત્મક" અને "જૂઠા" એ વિશેષણો ટાંકી બતાવીને નીચે પ્રમાણે સવાલ પૂછે છે:

> મને લાગે છે કે "જૂઠા" વિશેષણથી આપનો કહેવાનો આશય એવો છે કે જેઓ ત્રિવિધ બહિષ્કાર પ્રત્યે જૂઠા છે. તે છતાં આ બાબતમાં આપની નોંધમાં સ્પષ્ટ ખુલાસો કરવા હું આપને વિનંતી કરું? અહીંના કેટલાક આગેવાન મિત્રોનાં આથી મન કચવાયાં છે અને તે જ પ્રમાણે બીજે પણ અનેક મિત્રોને દુઃખ થયું હોવું જોઈએ. મેં પોતે તો ઉપર જણાવ્યો એવો જ એ વિશેષણનો અર્થ કર્યો છે. છતાં મને લાગે છે કે આપ તો આપનાં વચનને વિષે ગેરસમજ ફેલાય એવું કદાપિ ન ઇચ્છો. એટલા સારુ આપની કોઈ નોંધમાં આનું સ્પષ્ટીકરણ કરવું અલેખે નહીં જ ગણો.

મજકૂર મિત્રે દયા કરીને આ ગેરસમજની બાબતમાં મારું ધ્યાન ન ખેંચ્યું હોત તો મને એ વિષે કશીયે ખબર ન જ પડી હોત. આજકાલનું મારું બધું જ લખાણ જે જૂઠાપણાનું વાતાવરણ આજે આપણી ચોગરદમ વર્તી રહ્યું છે તેને ઉદ્દેશીને હોય છે. એ ટીકામાં બધી વાતોનો સમાવેશ થાય છે. હું એવા નાફેરવાદીઓને જાણું છું જેઓ ખાદીને લગતા ઠરાવને પોતાના આચારવહેવારમાં અમલ કરતા નથી. આ તેમનું આચરણ મારી દૃષ્ટિમાં અવશ્ય જૂઠાણાભર્યું છે. વળી અદાલતોના બહિષ્કારમાં આપણને વિશ્વાસ ન હોય અને છતાં હોય


Gandhi Heritage Portal

એવો ડોળ કરીએ તો આપણું એ વલણ જૂઠાણાભર્યું છે. તે જ પ્રમાણે આપણામાંના ઘણા મન, વાચા અને કાર્યમાં અહિંસાનું પાલન કરવાની વાતમાં માનતા નથી અને છતાં અહિંસાની નીતિની તરફેણમાં હોવાનો દંભ કરીએ છીએ. આવી મનોવૃત્તિમાં આપણે નાફેરવાદી હોઈએ કે ફેરવાદી હોઈએ પણ આપણે જૂઠા છીએ.

## મહાસભાની ખાસ બેઠક

ડૉ. પટ્ટાભી સીતારામૈયાએ[1] આવતી મહાસમિતિમાં મહાસભાની ખાસ બેઠક ભરવાની જરૂર છે એવી મતલબનો ઠરાવ રજૂ કરવાની નોટિસ આપી છે એમ જોઉં છું. મહાસભાની ખાસ બેઠક બોલાવવા જેવી અત્યારે કશી અગત્ય ઊભી થઈ હોય એમ મને લાગતું નથી. મહાસભાના ઠરાવો તો મોજૂદ છે જ. એ ઠરાવોના અર્થની બાબતમાં મતભેદ ન જ હોવા જોઈએ. અને એવા મતભેદ થાય તોપણ દરેક પક્ષે નોખા મત ધરાવવાનું કબૂલ રાખી પોતપોતાના ક્ષેત્રમાં કામ કરવા લાગી જવું જોઈએ. જરૂરી વસ્તુ એટલી જ છે કે આવતા છ માસમાં કાર્યકર્તાઓએ કઈ ઢબે કામ કરવું એ નક્કી કરી લેવું. મહાસભાની બેઠકમાં તો ધોરણો જ નક્કી થાય. મહાસભાની ખાસ બેઠક ભરવાથી આજની અનિશ્ચિતતા-માંથી, પ્રમાદમાંથી કે એદીપણામાંથી આપણે ઊગરી શકવાના નથી. મારી તો ખાતરી છે કે જ્યાં સુધી આપણા પક્ષો એકબીજાના વાંક કાઢવાનું અને દેશની પ્રગતિ પાછળ પાડ્યાનાં એકબીજાને દૂષણ દેવાનું ચાલુ રાખશે ત્યાં સુધી એવી અનિશ્ચિતતા અને પ્રમાદના પંજામાંથી આપણે કદી છૂટવાના નથી. હું તો માનું છું કે પોતપોતાના પ્રામાણિક અંતર્નાદને અનુ-સરીને જે કોઈ કામ કર્યે જાય છે તે દેશની પ્રગતિને હરગિજ પાછી હઠાવતો નથી પણ જે જાતે વિચાર કરવા કે તેનો અમલ કરવા તસ્દી જ લેતો નથી અગર તો બીજાને રખેને માઠું લાગે એવી બીકમાં ને બીકમાં સદાય અકર્મણ્ય રહે છે એવો માણસ દેશની પ્રગતિને અવશ્ય પાછી પાડે છે. કોઈનું દિલ દુખાતું હોય તોપણ યોગ્ય પ્રસંગે "ના" કહેવાની હિંમત આપણામાં આવવી જ જોઈએ.

## ઝેરી સાહિત્ય

એક મિત્રે મારા પર એક ઉર્દૂ ચોપાનિયું મોકલ્યું છે. તેનું નામ છે રંગીલા રસૂલ. લેખકનું નામ આપવામાં આવ્યું નથી. મૅનેજર, આર્યપુસ્તકાલય, લાહોર તરફથી એ પ્રગટ કરવામાં આવેલ છે. ચોપાનિયાનું નામ જ ભારે અપમાનકારક છે. અંદરનું વસ્તુ પણ નામને છાજે એવું જ છે. વાચકની રસવૃત્તિને ઈજા પહોંચાડ્યા વગર એમાંના કેટલાક ફકરાઓના તરજુમા હું અહીં ન ટાંકી શકું. કોમી લાગણી ઉશ્કેરવા સિવાય આવી ચોપડી લખવામાં કે તે છાપી પ્રગટ કરવામાં બીજો શો ઉદ્દેશ હોઈ શકે એ જ તો મારી સમજમાં આવતું નથી. પેગંબરને ગાળો દેવાથી અગર તો એને વિષે ઠેકડીભર્યું લખાણ લખી બહાર પાડવાથી એક પણ મુસલમાનને એના ધર્મમાંથી કાઢી શકાય નહીં તેમ પોતાની ધર્મમાન્યતાને વિષે શંકાશીલ એવા કોઈ હિંદુને પણ આવી ચોપડીથી કશો લાભ થવા સંભવ નથી. આમ ધર્મપ્રચારના કાર્યની દૃષ્ટિએ આવા ચોપાનિયાની કોઈ પણ જાતની કિંમત નથી. એનાથી નીપજનારું નુકસાન દેખીતું છે.

૧. ૧૮૮૦-૧૯૫૯; દાક્તર અને જાહેર કાર્યકર્તા; ૧૯૪૮માં હિંદી મહાસભાના પ્રમુખ; हिस्टरी ऑफ ध इन्डियन नेशनल कॉंग्रेसना લેખક.

Gandhi Heritage Portal

બીજા એક મિત્રે મારા ઉપર પતાકડું મોકલ્યું છે તેનું નામ છે શેતાન. લાહોર પબ્લિક પ્રિન્ટિંગ પ્રેસમાં છપાયેલું છે. તરજુમો ન કરી શકાય એવી મુસલમાનોને લખેલી ગાળોથી એ ભરપૂર છે. મુસલમાનો તરફથી પણ આવી જ ગાળગલોચથી ભરેલાં પતાકડાં નીકળે છે એની મને ખબર છે. પણ એ કંઈ હિંદુઓ તરફથી દેવામાં આવતી ગાળોનો બચાવ નથી. આ વસ્તુઓ વિષે હું નોંધ સરખી પણ ન જ લેત. પણ મને એવી ખબર આપવામાં આવી છે કે આ બધાં ગલીચ લખાણોનો પુષ્કળ ઉઠાવ થાય છે. સ્થાનિક આગેવાનોની ફરજ છે કે તેઓ આવું સાહિત્ય છપાતું તાબડતોબ અટકાવી દેવાનો કોઈ ને કોઈ રસ્તો કાઢે, અગર તેમ ન જ બની શકે તેવું હોય તો છેવટે આવા બધા સાહિત્યને સંપૂર્ણપણે વખોડી કાઢી તેને કોઈ હાથ ન ઝાલે એવું વાતાવરણ ઊભું કરે અને આવા ઝેરી સાહિત્યની અવેજીમાં એકબીજાના ધર્મો પ્રત્યે સહિષ્ણુતા દર્શાવનારા સ્વચ્છ સાહિત્યનો ફેલાવો કરે.

### એકની સામે ત્રણ

એક મુસલમાન મિત્ર જણાવે છે કે ભોપાળ રાજ્યનો મુર્તિદ કાયદો બૂરો તો છે જ. છતાં એની સામે ઊભી કરવામાં આવેલી હિલચાલ સાચી નથી. મજકૂર મિત્રનું કહેવું છે કે મુર્તિદોને લગતો આ કાયદો પુરાણો છે અને તેનો અમલ તો કોઈ દિવસ કરવામાં આવ્યો જ નથી. એમનું કહેવું છે કે ભોપાળ રાજ્યમાં હિંદુઓને હમેશાં પૂરો ન્યાય મળતો આવ્યો છે અને ઘણી વાર રાજની મોટામાં મોટી જવાબદારીની જગાઓ પણ તેમણે સંભાળી છે. "પણ" આ મિત્ર આગળ લખે છે: "પલોલ, રીવાં અને ભરતપુરનાં હિંદુ રાજ્યોમાં શું ચાલી રહ્યું છે એ આપ જાણો છો? પલોલનો હિસ્સો તો આપ પોતે જ આપના હિંદુ-મુસલમાન વિષેના નિવેદનમાં વર્ણવી ચૂકયા છો. ભરતપુરમાં ત્રણ મસ્જિદો અત્યાર અગાઉ પાડવામાં આવી ચૂકી છે. વળી રીવાં રાજ્યમાં એવો હુકમ છે એમ કહેવાય છે કે જો કોઈ હિંદુ વટલાઈને મુલસમાન થાય તો તેને એક વરસની કેદ મળે અને જે માણસ એને મુસલમાન બનાવે તેને બે વરસની મળે." જો આ હકીકત સાચી હોય તો હિંદુઓને જેનો કદી અમલ થયો નથી એવા એક મૃતવત્ કાયદાની સામે ઝાઝું કહેવાપણું ન જ હોવું જોઈએ. આમ છતાં મારી પોતાની દૃષ્ટિએ તો બે જૂઠ ભેગાં કરવાથી કંઈ એક સાચ ન જ થઈ શકે એ સિદ્ધાંતને અનુસરીને ગમે તે હાલતમાં ને ગમે તે સંજોગોમાં પણ બૂરું એ બૂરું જ છે અને તેથી તે નિંદ્ય જ છે. જ્યાં ક્યાંય ધર્માંતરને સારુ સજા ફરમાવવામાં આવી હોય ત્યાં તે ગમે તે દૃષ્ટિએ હોય અને ગમે તેવી આકરી કે હળવી હોય તોપણ તે અસહિષ્ણુતાની સૂચક છે અને તે નિર્મૂળ જ થવી જોઈએ. પણ આ બાબતમાં હિંદુઓએ પહેલાં તો હિંદુઓને જ વીનવવા રહ્યા છે એ દેખીતું છે.

### કેન્યાના હિંદીઓ[1]

કેન્યાના હિંદીઓ તેમની સામેની અસાધારણ મુશ્કેલીઓ છતાં બહાદુરીભરી લડત આપી રહ્યા છે. સર્વશ્રી ગુલામ હુસેન અલાદીના, અહમદભાઈ કરીમ, વલીભાઈ ઈસ્માઈલ, કાસિમ નૂર મહમદ અને બીજા ઘણા ભાઈઓ જેલમાં પહોંચી ગયા છે. અને હવે ખબર મળે

૧. આ નોંધમાં આવતા "કેન્યાના હિંદીઓ" અને "મૂંગા કાર્યની કિંમત" આ બે પેટામથાળાંવાળા ભાગનું ભાષાંતર નવજીવનમાં નથી, યંગ ઇન્ડિયા, ૧૯-૬-૧૯૨૪ના અંકમાંથી આપવામાં આવ્યું છે.

Gandhi Heritage Portal

છે કે શ્રી દેસાઈને પણ એ જ માન મળ્યું છે. લડત ચાલુ રાખવા બદલ કેન્યાના હિંદીઓને અભિનંદન ઘટે છે. પરંતુ સવિનયભંગ માટે પસંદ કરાયેલો કાયદો માત્ર થોડા હિંદીઓને જ લાગુ પડે છે. અને એને માટેની સજા નજીવી છે. એટલે ન્યાય મળતાં સુધી લડત ચાલુ રાખવાનો કેન્યાના આપણા દેશબંધુઓનો નિરધાર હોય, તો તેમણે સવિનયભંગ માટે રાજ્યે ઘડેલા બીજા એવા અનૈતિક કાયદા શોધી કાઢવા પડશે જેનો ભંગ કરીને વધારે લોકો ઇચ્છે તો લડત આપી શકે અને વધારે આકરા કષ્ટસહનનો લહાવો લઈ શકે. અત્યારે લંડનમાં કામ કરી રહેલી કેન્યા કમિટી એમને થોડા વખત માટે રાહત આપી શકે. અહીંના લોકો ઊહાપોહ કરે તેથી એમને પ્રોત્સાહન મળી શકે. તેમ છતાં સાચો ઉપાય એમના જ હાથમાં છે. તેમણે પોતાની સામેની વાજબી ફરિયાદનું એકેએક કારણ દૂર કરવું જોઈએ, અને સાથે સાથે કાયદાનો સવિનયભંગ કરીને બતાવી આપવું જોઈએ કે પોતાની કોમ ખાતર લાંબા સમય સુધી કષ્ટ સહન કરવાની પોતાનામાં તાકાત છે. એમ થાય તો જીત નિશ્ચિત છે:

## મૂંગા કાર્યની કિંમત

બડોદાદાએ (દ્વિજેન્દ્રનાથ ટાગોરે) નીચેની આશાભરી નોંધ મોકલી છે:

નીચેનો વિચાર મારા મનમાં વીજળીના ઝબકારાની માફક એકાએક સ્ફુર્યો છે. સર્વસાક્ષી ઈશ્વર સમક્ષ એક નાનુંસરખું સત્કાર્ય મૂંગા મૂંગા કરવામાં આવે એનું કેટલું બધું મહત્ત્વ છે તેની અત્યારની આપણી પેઢીના મોટા ભાગના લોકોને ખબર નથી એવું મને લાગે છે. બીજી બાબતોમાં ડાહ્યા ગણાતા ઘણાખરા લોકો વસ્તુઓ અને વ્યક્તિઓનાં આડંબરી નામોને, એમના સાચા મર્મની સદંતર અવગણના કરીને વધારે-પડતું મહત્ત્વ આપે છે. અત્યારના ઉપરચોટિયા ઇતિહાસોમાં પ્રાચીન ભારતના ઋષિઓનાં નામ આવતાં નથી તેથી શું એ ઋષિઓ ઋષિઓ તરીકે મટી જાય છે એમ આપણે કહીશું? કેવળ નામો એ તો એક મોંએથી બીજા મોંએ ઉચ્ચારાતા અર્થહીન શબ્દો છે, એ સાદા અને આત્માને સંતોષ આપનારા સત્ય પ્રત્યે આપણી અક્કલની આંખો ક્યારે ઊઘડશે? શેક્સપિયરનો એક પણ ગ્રંથ કદી પણ ઉઘાડ્યા વિના જ કેટલા બધા લોકો શેક્સપિયરના નામ ઉપર વારી જાય છે? ખ્રિસ્તનું નામ સાંભળીને અંતરનો પૂજ્યભાવ દેખાડવા માટે કેટલા બધા લોકો નીચા નમે છે? અને છતાં કોમ કે ધર્મનો ભેદભાવ રાખ્યા વિના સમસ્ત માનવતા પ્રત્યે પ્રેમ દર્શાવી બોલાયેલા એ જ ખ્રિસ્તના એકેએક શબ્દને તેઓ પોતાના રોજિંદા જીવનમાં કેવો નિરર્થક કરી મૂકે છે? મને પૂરેપૂરી ખાતરી છે કે દેખાવમાં ગમે તેટલું નજીવું લાગતું હોય તોપણ એકેએક સત્કાર્ય, ઘણું કરીને ઇતિહાસમાં નામના મેળવવાના હેતુથી કરાયેલાં આડંબરી અને ભભકભર્યાં કાર્યોની સરખામણીમાં દસગણું ફળ આપશે. એટલું સ્પષ્ટ છે કે પરમાત્માએ આપણા હાથમાં મૂકેલી આ વણમાગી મહાન ચળવળમાં જો આપણે સફળ થવું હોય તો આપણે કરવાનાં સાચાં કામમાં આપણે તનમનધનથી મંડી પડવું જોઈએ અને આપણાં અણઘડ મગજો પર વધારેપડતો પ્રભાવ પાડી રહેલી તથા મેકબેથની ડાકણોની માફક આપણા અજ્ઞાન (અવિદ્યા)ના "ઘનઘોર અંધકારમાં" આપણી ઉપર ઘૂમી રહેલી વસ્તુઓ અને વ્યક્તિઓનાં નામો સાથેનો તમામ સંબંધ સદંતર કાપી નાખવો જોઈએ. શાળાઓમાં શીખવાતા

Gandhi Heritage Portal

અવાસ્તવિક નીતિશાસ્ત્ર ભણતા વિદ્યાર્થીના પૂર્વગ્રહથી ભંભેરાયેલા કાનને અસહકારનું નામ ભલે આઘાત પહોંચાડે એવું બને પરંતુ અસહકાર ચીજ તો આપણી અત્યારની અર્ધ-ભૂખમરાની અને ચીંથરેહાલ દશામાં આપણે જે ખાધેપીધે અને પહેરવે-ઓઢવે સુખી ગૃહસ્થને બારણે ભીખ માગતા ઊભા છીએ અને કહી રહ્યા છીએ કે આપણા બંનેના લાભાર્થે અમને અન્નવસ્ત્ર વાજબી પ્રમાણમાં મળે તે માટે તમારી સાથે સરખે દરજ્જે સહકાર કરવાનો લહાવો અમને લેવા દો, તે ગૃહસ્થે આપણી ઠેકડી ઉડાડવા આપણા તરફ ફેંકેલા પથરાને રોટલો માનીને એમાંથી બને એટલું પોષણ મેળવવાની આપણી ગાંડીઘેલી મથામણનો રોગ મટાડવાની સારામાં સારી દવા છે.

હું ઇચ્છું છું કે બડોદાદાના આ સંદેશામાં રહેલા સુંદર વિચારને દરેક કાર્યકર કીમતી ગણી સંઘરી રાખે, અને એમની માફક એવું માનતો થાય કે નામો જ્યારે ભુલાઈ ગયાં હશે ત્યારે સઘળું સાચું કાર્ય જીવંત રહેશે.

## ૧૮૧૪ અને ૧૯૧૪

ખાદીપ્રતિષ્ઠાનવાળા બાબુ ક્ષિતીશચંદ્ર દાસગુપ્ત જણાવે છે કે આજથી સો વરસ ઉપર એટલે સને ૧૮૧૪માં બે કરોડ રૂપિયા (અત્યારે ૧૨ કરોડ બરાબર)ની કિંમતની ખાદી એકલા કલકત્તામાંથી જ દેશાવર ગઈ હતી. જ્યારે સને ૧૯૧૪માં હિંદુસ્તાને ૬૬ કરોડ રૂપિયાનું પરદેશી કાપડ આયાત કર્યું! આવી દશા વર્તતી હોય ત્યાં હિંદુસ્તાન કંગાલ મુફલિસોનો મુલક બને એમાં શી નવાઈ? જો આપણે જે તે લાલચ પાછળ પડી કાંતવા-વણવાનો ધંધો ન ગુમાવી બેઠા હોત તો આજે આપણી આટલી નાદાર દશા કદી ન હોત. આપણે તેમ કરી શક્યા નહીં કારણ કે દેશનો આ જીવનદોરી સમાન ઉદ્યોગ ઇરાદા-પૂર્વક પ્રયત્નો કરીને જમીનદોસ્ત કરવામાં આવ્યો અને તેના તોડનારાઓએ તેની અવેજીમાં બીજો કોઈ ઉદ્યોગ પ્રજાને આપ્યો નહીં.

## ત્રિવેન્દ્રમ જેલમાં રેંટિયો

શ્રી કુમાર જેઓ ત્રિવેન્દ્રમની સેન્ટ્રલ જેલમાં એક સત્યાગ્રહી કેદી છે તેઓ લખે છે:

> આજનો દિવસ હું જેલમાં દાખલ થયાનો એટલે મારા જીવનમાં સૌથી સુખનો શુભ દિન છે. (આજે જેલમાં એક મહિનો પૂરો થઈ બીજો શરૂ કરું છું.) આ જોડે જેલમાં રહ્યાં કલાકો સુધી કાંતવાને પરિણામે એકઠું થયેલું સૂતર આપને મોકલું છું. અહીં અમારે ત્યાં રોજ સવારના છથી સાંજના છ સુધી લગભગ આખો વખત રેંટિયાનો ગુંજારવ ચાલુ રહે છે. . . . હું રોજ ઓછામાં ઓછા ત્રણ કલાક કાંતું છું. . . . અમારામાંના કેટલાક હિંદી તથા ઉર્દૂ શીખે છે, અમે ગીતા અને પુરાણો વાંચીએ છીએ. સાંજના છ વાગ્યે અમો પ્રાર્થના કરીએ છીએ તેમાં કોઈ પણ જાતના જાતિભેદ કે ધર્મભેદ વગર બધા જ ભળે છે. . . . અમલદારો પણ અમારી દરેક જાતની સગવડ સાચવે છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १९-६-१९२४

ભાષાંતર: नवजीवन, २२-६-१९२४ અને २९-६-१९२४

Gandhi Heritage Portal

# ૧૪૦. ફરી પાછા આર્યસમાજીઓ

એટલા બધા આર્યસમાજીઓએ તેમને હિસાબે આર્યસમાજના સિદ્ધાંતના મારા અજ્ઞાન વિષે અને તે સિદ્ધાંતોની ઉત્તમતા વિષે મારા ઉપર એવા તો લાંબા નિબંધો મોકલ્યા છે કે મારી ટીકા વિષે આર્યસમાજીઓનો શો મત છે એ જણાવવાને ખાતર કંઈ નહીં તો એક કાગળ પ્રસિદ્ધ કરવાની મારી ઇચ્છા હતી. આખરે એક કાગળ મારા હાથમાં આવ્યો છે કે જે પ્રસિદ્ધ કરતાં મને આનંદ થાય છે. એ પત્ર કાંગડી ગુરુકુળના આચાર્ય રામદેવજીનો છે. એ પત્રનો સાર અહીં આપું છું:

> હિંદુમુસલમાન ઐક્ય વિષેનો આપનો લેખ વાંચી મને બહુ જ દુ:ખ થયું. મારી જિંદગીમાં આપના જેવા મહાપુરુષની કલમે લખાયેલો આવો નિરાશાભર્યો લેખ મેં કદી વાંચ્યો નથી. સહુ આર્યસમાજીઓનાં મન ઊંચાં થયાં છે. અને એમ લાગે છે કે ઇસ્લામનો પક્ષપાત કરતાં આર્યસમાજીઓને આપે અન્યાય કર્યો છે. આર્યસમાજના સિદ્ધાંતો ઉપર વિચાર કરવાનો આપને અવકાશ નથી તો શા સારુ આપે તેના ઉપર હુમલા કર્યા? વેદ અપૌરુષેય છે એવી આર્યસમાજીની માન્યતાને હિંદુમુસ્લિમ અણબન સાથે શો સંબંધ છે? અને વેદના અક્ષર વિષે શ્રદ્ધા એમાં જો સંકુચિતતા આવતી હોય તો ઇસ્લામમાં સંકુચિતતા શું ઓછી છે? વેદ જ બાધરહિત પ્રમાણ છે એમ કહેનારા શું મહર્ષિ દયાનંદ જ પહેલા હતા? અને વેદમાં શાસ્ત્ર અને વિજ્ઞાનનાં બીજો રહેલાં છે એ વાત તો આર્યભટ્ટ અને ભાસ્કરાચાર્ય જેવા પ્રાચીન વિજ્ઞાનશાસ્ત્રીઓએ પણ સ્વીકારી છે અને આધુનિક વેદાભ્યાસી પંડિતો, જેવા કે પાવગી, પરમશિવ આયર અને દ્વિજદાસ દત્ત જેવા આર્યસમાજ બહારના પંડિતોએ એ જ વાત સ્વીકારેલી છે. વેદના અર્થને માટે સ્વામી દયાનંદે સાચામાં સાચાં પ્રમાણ શોધ્યાં છે એમ અરવિંદ ઘોષે જ કહ્યું છે એ આપને ખબર ન હોય! ક્યાં આ બધા સાક્ષી અને ક્યાં પાંચ વર્ષ પણ વેદ અને વેદાંતના અભ્યાસને માટે જેમણે નથી આપ્યાં એવા આપનું બાબાવાક્ય! બધા ધર્મના રાજદ્વારી આગેવાન તરીકે લખતાં લખતાં આ ધાર્મિક કજિયામાં ઊતરવામાં આપે ગંભીર ભૂલ કરી છે. સત્યાર્થપ્રકાશને આપે અતિશય અન્યાય કર્યો છે. જે પહેલા દસ ઉલ્લાસમાં મનુષ્યજીવનને અતિશય મહત્ત્વના એવા વિષયો ચર્ચાયા છે તે તો આપે વાંચ્યા જ નથી લાગતા. અને આપે તો છેલ્લા ચાર ઉલ્લાસનો ઉપરચોટિયો ખ્યાલ આપ્યો છે. સત્યાર્થપ્રકાશ વાંચ્યા પહેલાં જ આપે નિશ્ચય કરી લીધો કે સ્વામી દયાનંદમાં સહિષ્ણુતા નહોતી. જેમણે સત્યાર્થપ્રકાશ વાંચ્યો છે અને જેઓ તેમને ચરણે બેઠા હતા એવા તમારા મિત્ર ઍન્ડ્રૂઝ, હ્યુમ, સ્કૉટ, સર સૈયદ અહમદ, રાનડે, તેલંગ, મલબારી, રઘુનાથરાવ, બિશનનારાયણ ધાર જેવાઓએ તો બેધડક કહ્યું છે કે મહર્ષિ અતિશય સહિષ્ણુ ધર્મસુધારક હતા, અને માનવજાત માટેનો તેમનો પ્રેમ જાતિ, દેશ અથવા વર્ણનાં બંધન જાણતો નહોતો. આપને મ જે લખ્યું છે તે ભક્તિથી પ્રેરાઈને લખ્યું છે એટલે માઠું ન લગાડશો.

Gandhi Heritage Portal

મેં હમેશાં કહ્યું છે કે મારું રાજ્યપ્રકરણ મારા ધર્મને અધીન છે. મારું ધાર્મિક જીવન એટલે કે સેવાજીવન રાજકાજમાં પડયા વિના મારાથી ન ચલાવાયું એટલે હું રાજ્યપ્રકરણમાં પડયો. બાકી આજે જ રાજકાજ મને વિઘ્નરૂપ લાગે તો હું તેનો ત્યાગ કરું. એટલે રાજકીય આગેવાન થઈ ધાર્મિક વિષયોમાં મારે માથું ન મારવું એ સિદ્ધાંત હું કબૂલ કરી શકતો નથી. આર્યસમાજ વિષે મારે બોલવું પડયું, કારણ મને જણાયું કે તેની ઉપયોગિતા જતી રહેવા લાગી છે અને તેની વર્તમાન પ્રવૃત્તિ દેશને ખૂબ હાનિકારક છે. જેમણે પોતાનો સિદ્ધાંત એક જ મૂળમાંથી મેળવ્યો છે, તેમને મિત્ર તરીકે અને હિંદુ તરીકે ભાર મૂકીને અમુક વાતો કહેવાનો મેં દાવો કર્યો. જો જુદા જુદા ધર્મોના ગુણની હું ચર્ચા કરતો હોત તો ઈસ્લામ વિષે પણ મેં મારા વિચારો અવશ્ય બતાવ્યા હોત.

હું કબૂલ કરું છું કે વેદનું મને પ્રત્યક્ષ જ્ઞાન નથી. પણ વેદને વિષે હું એટલું તો જાણું છું કે જેથી મને મારા પૂરતો નિર્ણય કરવાનું મળી રહે. મહર્ષિ દયાનંદના ઉપદેશની વિરુદ્ધ પહેલેથી જ મેં વિચાર બાંધી લીધેલા હતા એમ માનવામાં આચાર્ય રામદેવજી ભૂલ કરે છે. આચાર્ય રામદેવજીએ જે મહાપુરુષોનાં નામ દીધાં છે તેમણે એ મહાન સુધારકને વિષે જે સ્તુતિનાં વચનો વાપર્યાં છે તે ચોક્કસ વચનો હું જાણતો નથી. પણ કદાચ તેવી સ્તુતિ કરવામાં હું એ સહુની સાથે જોડાયો હોત અને છતાં મારો અભિપ્રાય મેં કાયમ રાખ્યો હોત. મારી સ્ત્રીની ત્રુટિઓ હું જાણું છું તેથી હું તેને કંઈ ઓછી ચાહતો નથી. મારા ટીકાકારોએ એવું માની લેવાની ભૂલ કરી છે કે આર્યસમાજના સંસ્થાપકની મેં ટીકા કરી છે તેથી તેમને માટે મને પ્રીતિ નથી અથવા આદર નથી. વળી આચાર્ય રામદેવજીને હું એટલી પણ ખાતરી આપું છું કે મેં सत्यार्थप्रकाशના બધાયે ઉલ્લાસ વાંચ્યા છે. એક માણસ ઉત્તમમાં ઉત્તમ નીતિનો ઉપદેશ કરતો હોય છતાં તેની દૃષ્ટિ સંકુચિત હોઈ શકે છે એ તેઓ કેમ ભૂલી જાય છે? હું જાણું છું કે મારા ઘણા મિત્રો મને અતિશય નીતિમાન પુરુષ માને છે. અને મારા નૈતિક ઉપદેશોને પણ ઊંચી પ્રતિના માને છે, છતાં જીવન વિષેની મારી દૃષ્ટિ સંકુચિત અને મતાંધતા-વાળી છે એમ પણ તેઓ માને છે. હવે હું પોતે તો જીવન વિષે મારી દૃષ્ટિ વિશાળ છે એમ માનું છું અને માનવજાતિના પરમસહિષ્ણુ એવાઓમાં ગણાવાને હું પાત્ર છું એમ પણ માનું છું. છતાં મારા મિત્રોની ટીકાનું મને દુ:ખ થતું નથી. મારા આર્યસમાજી મિત્રોને હું ખાતરી આપું છું કે જો મેં તેમના ઉપર ટીકા કરી હોય તો તે મારા ઉપર તેમને જેવી ટીકા કરવાનો અધિકાર છે તેવી જ ટીકા કરે, એટલે હવે આપણો હિસાબ ચૂકતે. ભલે તેઓ મને તેમના દેશબંધુઓમાં સૌથી અસહિષ્ણુ અને અજ્ઞાન માને, અને મેં જે અભિપ્રાય બતાવ્યો છે તે અભિપ્રાય કાયમ રાખવાની મને છૂટ આપે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १९-६-१९२४

ભાષાંતર: नवजीवन, २२-६-१९२४

Gandhi Heritage Portal

# ૧૪૧. ખરી કસોટી

આવતી મહાસમિતિમાં નીચેના ઠરાવો હું રજૂ કરવા ધારું છું:

૧. રેંટિયો અને રેંટિયામાંથી ઉત્પન્ન થતી ખાદી સ્વરાજ સ્થાપવાને માટે અગત્યનાં મનાયાં છે છતાં, અને સવિનયભંગ શરૂ કરતાં પહેલાં તેમનો સ્વીકાર એ મહાસભાએ આવશ્યક શરત તરીકે માન્યો છે તોપણ, આખા દેશની મહાસભાસંસ્થાઓના સભ્યોએ અત્યાર સુધી કાંતવાને વિષે દુર્લક્ષ રાખ્યું છે, તેથી મહાસમિતિની આ બેઠક ઠરાવ કરે છે કે જુદી જુદી સંસ્થાઓના તમામ સભ્યોએ, માંદગી અથવા સતત પ્રવાસના સંજોગો સિવાય દરરોજ ઓછામાં ઓછો અરધો કલાક કાંતવું અને ભારતીય ખાદીમંડળના મંત્રીને ઓછામાં ઓછા દસ નંબરનું[1] સરખું અને વળદાર ઓછામાં ઓછા દસ તોલા[2] સૂતર દરેક મહિનાની ૧૫મી તારીખે મળે એવી રીતે મોકલી આપવું. આ પ્રથમ હપતાનું સૂતર મંત્રીઓને[3] મોડામાં મોડું આવતા ઑગસ્ટ મહિનાની ૧૫મી તારીખ સુધીમાં અને ત્યાર પછી દર મહિને તે તારીખે મળે એ રીતે મોકલવું જોઈએ. ઉપર જણાવ્યા પ્રમાણે સૂતર ઠરાવેલી તારીખે મોકલતાં જે સભાસદ ચૂકશે તેણે[4] પોતાની જગ્યાનું રાજીનામું આપ્યું ગણાશે. અને ખાલી પડેલી જગ્યા શિરસ્તા મુજબ ભરી દેવી, માત્ર એટલું કે આવી રીતે ખસી જનારો સભ્ય તે તે સંસ્થાઓની સામાન્ય ચૂંટણી પહેલાં ફરી નિમાવાનો હકદાર ગણાશે નહીં.[5]

૨. પ્રાંતિક સમિતિના મંત્રીઓ અને મહાસભા સંસ્થાઓના બીજા સભ્યો તેમને અધિકાર ધરાવનાર અમલદારો તરફથી વખતોવખત કરવામાં આવતા હુકમોનો અમલ કરતા નથી એવી ફરિયાદ આવી છે તેથી મહાસમિતિની આ બેઠક ઠરાવે છે કે સદરહુ હુકમનો અમલ ન કરનારા મંત્રીઓ અથવા અમલદારોએ પોતાની જગ્યાનું રાજીનામું આપ્યું છે એમ સમજવું અને સદરહુ ખાલી પડેલી જગ્યા શિરસ્તા મુજબ ભરવી, માત્ર એટલું કે આવી રીતે ખસી જનાર સભ્ય આવતી સામાન્ય ચૂંટણી સુધી પાછો ચૂંટાવાને હકદાર ગણાશે નહીં.[6]

૩. આ મહાસમિતિના અભિપ્રાય પ્રમાણે ઇષ્ટ છે કે મહાસભા સંસ્થાઓના મતદારો એવા સભ્યોને ચૂંટે કે જેઓ મહાસભાના ધ્યેયનો સંપૂર્ણ અમલ કરતા હોય અને પાંચ બહિષ્કારો

૧. જૂનની ૨૭મીએ અખિલ હિંદ કૉંગ્રેસ સમિતિની બેઠકમાં થોડાએક શાબ્દિક ફેરફાર સાથે ગાંધીજીએ આ ઠરાવ રજૂ કર્યો હતો. "ઓછામાં ઓછા દસ નંબરનું" શબ્દો પડતા મુકાયા હતા.

૨. "દસ તોલા" શબ્દને બદલે "બે હજાર વાર" શબ્દો મુકાયા હતા.

૩. "દરેક મહિનાની પંદરમી તારીખે મળે એવી રીતે મોકલી આપવું. આ પ્રથમ હપતાનું સૂતર મંત્રીઓને" એ શબ્દો પડતા મૂકવામાં આવ્યા હતા.

૪. અહીં "તે અનિવાર્ય કારણે ન મોકલાયું હોય તો" એટલા શબ્દો ઉમેરવામાં આવ્યા હતા.

૫. ગાંધીજીએ રજૂ કરેલા ઠરાવમાં આ દંડસૂચક કલમ મૂકવામાં આવી હતી તોપણ સ્વરાજવાદીઓના વિરોધને લીધે પાછળથી એ તેમણે રદ કરી હતી. જુઓ "શિક્ષાની કલમ અંગે ભાષણ અને ઠરાવ", ૨૮-૬-૧૯૨૪.

૬. પાછળથી આમાં ગાંધીજીએ ૨૯મી જૂને સુધારો કરીને ઠરાવ રજૂ કર્યો હતો; જુઓ "અખિલ હિંદ કૉંગ્રેસ સમિતિની બેઠકના ઠરાવો", ૨૯-૬-૧૯૨૪.

Gandhi Heritage Portal

(એટલે કે તમામ જાતના મિલના કાપડનો, સરકારી અદાલતોનો, નિશાળોનો, ખિતાબોનો અને ધારાસભાઓનો) સુધ્ધાં મહાસભાના બધા ઠરાવોના અમલ કરતા હોય. તેથી મહાસમિતિ ઠરાવે છે કે ઉપર કહેલા બહિષ્કારો વિષે જેમને શ્રદ્ધા ન હોય અને જેઓ ખુદ તેનો અમલ ન કરતા હોય તેમણે પોતપોતાની જગ્યા ખાલી કરવી, અને આવી જગ્યાઓના સંબંધમાં ફરી ચૂંટણી કરવી. માત્ર એટલું કે એવા સભ્યોને ફરીથી ચૂંટાવાનો અધિકાર રહેશે.[1]

૪. આ મહાસમિતિ મરહૂમ મિ. ડેનું મરહૂમ ગોપીનાથ સહાએ ખૂન કર્યું તેને માટે દિલગીરી દર્શાવે છે અને મરનારના કુટુંબ પ્રત્યે સહાનુભૂતિ દર્શાવે છે. આ મહાસમિતિને આ ખૂન જે દેશભક્તિને લીધે (પછી ભલે તે ભ્રાંત હોય) થયું હતું તેનું ઊંડું ભાન હોવા છતાં પણ તે એ ખૂન તથા તેવાં બધાં રાજદ્વારી ખૂનોને સખત રીતે વખોડી કાઢે છે અને આગ્રહની સાથે પોતાનો અભિપ્રાય બતાવે છે કે આવાં સઘળાં કૃત્યો મહાસભાના ધ્યેયની અને અહિંસામય અસહકારના ઠરાવની વિરુદ્ધ છે, અને એવો પણ અભિપ્રાય ધરાવે છે કે એવાં કૃત્યો સ્વરાજ્ય પ્રતિ પ્રગતિ થતી અટકાવે છે અને શુદ્ધમાં શુદ્ધ સ્વાર્થત્યાગને જાગ્રત કરી શકે છતાં કેવળ સંપૂર્ણ શાંત વાતાવરણમાં જ ચલાવી શકાય એવા સવિનયભંગની તૈયારીઓની આડે આવે છે.[2]

મહાસભાવાદીઓમાં ફૂટ પાડી આખા દેશને વાદના વમળમાં ચડાવવાની મારી ઇચ્છા નથી, પણ હાલ ઘડી તો હું જાણે એવું જ કરવા બેઠો હોઉં એમ લાગે છે. છતાં વાચકને હું ખાતરી આપું છું કે એ વાદ મારા તરફથી તો બહુ નહીં જ લંબાવવામાં આવે. વાતાવરણમાં વ્યાપી રહેલી અનિશ્ચિતતા દૂર કરી તેને સાફ કરવાની મારી ચિંતા અને ઉત્કંઠામાં સૌ કોઈ ભાગ ભરશે. આપણે કેટલા પાણીમાં છીએ એ જાણવું હોય તો થોડી ચર્ચા તો કર્યા વિના ન જ ચાલે. હું તો જાદુ કરનારો મનાયો છું. દેશને તેના નિર્ધારેલા લક્ષ્યે પહોંચાડવાની શક્તિવાળો મનાયો છું. સુભાગ્યે આવી કોઈ ભ્રમણા મારા મનને વિષે નથી. પણ એક અદનો સિપાઈ હોવાનો હું જરૂર દાવો કરું છું. જો વાંચનાર મને હસી ન કાઢે તો હું તેને એટલું પણ કહી દઉં કે યોગ્ય શરતે હું કુશળ સેનાપતિ પણ થઈ શકું એમ છું. પણ તેને માટે પૂરા વફાદાર અને પોતામાં તથા પોતાના સેનાપતિમાં શ્રદ્ધાવાળા તથા રાજીખુશીથી હુકમનો અમલ કરે એવા સિપાઈઓ મારે જોઈએ. મારી કાર્યરચનામાં કશું છૂપું નથી કે કશું અનિશ્ચિત નથી. કેટલીક સાફ શરતો પાળવામાં આવે તો સફળતા જરૂર મળે એવી એ રચનાને વિષે જ ખાતરી રહેલી છે. પણ જો કોઈ બિચારા સેનાપતિને તેની શરતો કબૂલ કરનારા છતાં તેનો અમલ પોતે ન કરનારા અથવા કદાચ તેને વિષે શ્રદ્ધા પણ ન હોય એવા સિપાઈઓ મળે તો તેની શી ગતિ થાય? ઉપરના ઠરાવો સિપાઈની લાયકાત તપાસવાને માટે યોજવામાં આવેલા છે.

આ જ વાત બીજી રીતે કહેવાની હું રજા લઉં છું. સિપાઈઓને તો કશું દુ:ખ નથી. તેમણે તો પોતાનો સેનાધિપતિ ચૂંટી લેવો રહ્યો. હવે આ સિપાઈઓની નોકરીમાં રહેવાની શરતો

૧. આ ઠરાવ બે વખત સુધારવામાં આવ્યો હતો. પહેલી વાર કારોબારી સમિતિમાં અને ફરી વાર ગાંધીજીએ જૂનની ૨૯મી તારીખે અખિલ હિંદ કૉંગ્રેસ સમિતિમાં ઠરાવ રજૂ કર્યો તે પહેલાં.

૨. આ ઠરાવ કશા ફેરફાર વિના રજૂ કરવામાં અને પસાર કરવામાં આવ્યો હતો. જુઓ "અખિલ હિંદ કૉંગ્રેસ સમિતિની બેઠકના ઠરાવો", ૨૯–૬–૧૯૨૪.

Gandhi Heritage Portal

સેનાપતિ થનારા માણસે તો જાણવી જ જોઈએ. હું તો ૧૯૨૦માં જે હતો તેનો તે જ છું. માત્ર મારી શ્રદ્ધા ત્યારથી અત્યાર સુધીમાં વધી ગઈ છે. જો મારી નિમણૂક કરનારાઓની શ્રદ્ધા પણ તેવી રીતે વધી હોય તો તો મારાં તન અને મન તેમને અર્પણ થયેલાં જ છે. મને બીજી કોઈ પણ યોજના વિષે શ્રદ્ધા નથી. એટલે બીજી કોઈ પણ શરતે મારી સેવા ન જ મળી શકે; સેવા કરવાની મારી મરજી ન હોવાને કારણે નહીં, પણ હું બીજી કોઈ પણ શરતે કામ કરવાને નાલાયક છું તે કારણે. છ ફૂટ છ ઈંચ ઊંચાઈવાળા પાંત્રીસ વર્ષના પુખ્ત જુવાનની માગણીની જાહેર ખબર વાંચી પળિયાવાળો, દાંત વિનાનો પંચાવન વર્ષનો ખખડી ગયેલો બુઢ્ઢો અરજી કરે તો પછી બીજું શું થાય?

એટલે ઉપરના તમામ ઠરાવો એ સેનાપતિ તરીકે નિમાવાની મારી અરજીરૂપ છે. અને તેમાં મારી શક્તિ તેમ જ મારી મર્યાદા જણાવેલી છે. આમાં કોઈની ઉપર આપખુદી કરવાનો સવાલ નથી, ન થઈ શકે એવી એકે વાતની માગણી કરવામાં આવી નથી. જો મહાસમિતિના સભ્યો દેશને અને પોતાને છેતરવા ન માગતા હોય તો તેમણે, હું તેમને ખોટો લાગતો હોઉં તો, મારી જરા પણ દયા ન રાખવી. દેશના કલ્યાણને માટે જેના વિના ન જ ચલાવી શકાય એવો હું કોઈને માનતો નથી. આપણે દરેક આપણી જન્મભૂમિના, અને તેના દ્વારા જનતાના ઋણી છીએ અને ઋણી ઋણ અદા કરતો બંધ થાય કે તરત તેને રજા આપી દેવી જોઈએ. ભૂતકાળની ગમે તેવી તેજસ્વી સેવા વર્તમાન જગાઓ ભરતી વખતે ગણતરીમાં લેવાની કશી જરૂર નથી. દેશના કલ્યાણની ન એક માણસ ખાતર આહુતિ અપાય કે ન સો માણસની ખાતર. દેશના કલ્યાણની ખાતર તો તે એકની અથવા સોની આહુતિ આપવી પડે. મહાસમિતિના સભ્યોને પોતાનું કામ અડગ નિશ્ચયથી, શંકાદૃષ્ટિ વિના કે ખોટી લાગણીને વશ થયા વિના આટોપવાને હું વિનંતી કરું છું. મારે વિષે અંધશ્રદ્ધા ન રાખવાનું હું એમને વારીવારીને કહું છું. અમુક વસ્તુ મેં કહી એટલે તે સાચી, એવું હોઈ જ ન શકે. તેમણે પોતે જ કઈ વસ્તુ સારી છે અને કઈ નરસી છે તેનો વિચાર કરી લેવો ઘટે. તેમણે પોતાના મનને વિષે શું રહેલું છે તે અને પોતાની શક્તિ પણ જાણી લેવી જોઈએ. આજ સુધીમાં તો તેઓ સમજી ગયેલા હોવા જ જોઈએ કે મારા સાથી થવું અને મારા હાથ નીચે કામ કરવું એ ભીના ઘઉં દળવા જેટલું કઠણ છે. હવે પહેલાંના કરતાં પણ હું તેમને વધારે આકરો લાગીશ.

ખાદીથી સ્વરાજ્ય ન મળે એવી દલીલ થતી મેં સાંભળી છે. આ દલીલ હવે જૂની થઈ ગઈ છે. જો હિંદુસ્તાનને યુરોપનાં તખતખતાં કપડાં જોઈએ — પછી તે માન્ચેસ્ટરની મિલમાં બનેલાં હોય કે મુંબઈની મિલમાં બનેલાં હોય — તો હિંદુસ્તાને તેના લાખો દીકરા અને દીકરીઓ માટે સ્વરાજ્ય મેળવવાનો ખ્યાલ બંધ કરવો. જો રેંટિયાના મંત્રમાં આપણને શ્રદ્ધા હોય તો આપણે તે જાતે કાંતવો જ જોઈએ; અને હું વચન આપું છું કે એ કામમાંથી આપણને ચેતન મળ્યા વગર નહીં રહે. જો અહિંસાને માર્ગે, એટલે અહિંસામય કાયદાભંગને માર્ગે, આપણને સ્વરાજ્ય જોઈતું હોય તો આપણે અહિંસાનું વાતાવરણ ઉત્પન્ન કર્યે જ છૂટકો છે. ટોળાંઓને ભેળાં કરી તેમની આગળ બકબક કરવાને બદલે તેમને રેંટિયા ચલાવવાના પાઠ આપીશું, તો આપણને અહિંસામય વાતાવરણ મળી રહેશે. જો મારું ચાલે તો હું તો મારા સિવાય અને કદાચ શૌકતઅલી સિવાય મહાસભાના દરેક સભ્યના મોંએ સ્વરાજ્ય મળે ત્યાં સુધી ડૂચો મારું અને તેને રેંટિયે બેસાડું અથવા કોઈ કંતામણના થાણાનો હવાલો સોંપું. જો આ મૂંગા

Gandhi Heritage Portal

ધર્મચક્રમાંથી શ્રદ્ધા, ધૈર્ય અને આશા નહીં મળતાં હોય તો તે પણ સભ્યોએ બેધડક થઈને કહેવું ઘટે.

બીજો અને ત્રીજો ઠરાવ એ પહેલાની પુરવણી રૂપ છે.

ચોથા ઠરાવમાં અહિંસાનીતિ વિષે આપણી શ્રદ્ધાની કસોટી રહેલી છે. ગોપીનાથ સહાના ઠરાવ વિષે દેશબંધુ દાસનું નિવેદન મેં વાંચ્યું છે. ગયે અઠવાડિયે મેં જે લખ્યું છે તેમાં કશો ફેરફાર કરવા જેવું હું જોતો નથી. જ્યાં સુધી મહાસભા હાલનું પોતાનું ધ્યેય કાયમ રાખે અને તે વિષે વિશ્વાસ રાખે ત્યાં સુધી મેં જે ઠરાવ રજૂ કર્યો છે તે ઠરાવને બદલે મધ્યમ એવો બીજો એકે ઠરાવ નથી.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १९–६–१९२४

ભાષાંતર: नवजीवन, २२–६–१९२४

# ૧૪૨. હિંદુ શું કરે?

હિંદુમુસલમાન વિખવાદને લગતા મારા નિવેદનના સંબંધમાં મારા ઉપર અનેક કાગળો આવ્યા છે. પરંતુ તેમાં કશું ખાસ નવું કે જાણવાજોગ ન હોવાથી તે મેં પ્રગટ કર્યા નથી. પણ બાબુ ભગવાનદાસે આ વિષે એક કાગળ મોકલીને કેટલાક પ્રશ્નો કર્યા છે. તેઓ માને છે કે કેટલાંક સત્યો જે અત્યાર સુધી બરાબર જણાયાં નહોતાં તે આ નિવેદનથી હજારોના જાણ્યામાં આવશે. છતાં તેમને લાગે છે કે રોગની ચિકિત્સા વધારે ઊંડી થવી જોઈએ અને ઉપચાર પણ વધારે જલદ અને આકરો થવો જોઈએ. તેમના કાગળનો સાર નીચે પ્રમાણે છે: [૧]

પહેલા બે સવાલોનો જવાબ તો લેખકે પોતે જ આપી દીધો છે. મારા અભિપ્રાય મુજબ આ જવાબ માત્ર અંશત: જ સત્ય છે. હિંદુસ્તાનના હિંદુમુસલમાનોનો મોટો ભાગ જોકે એક જ જાતિમાંથી ઊતરી આવેલો છે છતાં જે ધાર્મિક વાતાવરણમાં બેઉ ઊછરે છે તે જુદાં હોવાથી તેમની પ્રકૃતિ જુદી બની છે. હું માનું છું અને મારો એવો પણ અનુભવ છે કે વિચાર માણસના ચારિત્ર્યને પલટાવે છે તેમ તે તેના શારીરિક બાંધામાં પણ ફેરફાર કરે છે. શીખ કોમ આનો તાજામાં તાજો દાખલો છે. મુસલમાન ઘણીખરી જગ્યાએ નાની સંખ્યામાં હોવાથી એક કોમ તરીકે સ્વાભાવિકપણે જ લાંઠ પ્રકૃતિનો બન્યો છે. વળી એનો ઇતિહાસ અને એની પરંપરાઓ હજુ તાજેતરનાં રહ્યાં, તેથી પ્રમાણમાં એક તાજા દમની કોમ તરીકે મુસલમાનમાં આપણે કૌવત જોઈએ છીએ. વળી જોકે મારી દૃષ્ટિએ તો કુરાનમાં પણ અહિંસાને પ્રાધાન્ય જ અપાયું છે છતાં તેરસેં વરસના સામ્રાજ્યવિસ્તારથી એક સમુદાય તરીકે મુસલમાનો લડવૈયા બન્યા છે. તેથી જ તેઓ હુમલો કરવામાં હમેશ પહેલ કરનારા છે. આવી હુમલાખોર પ્રકૃતિની અતિશયતા એ જ ગુંડાઈ. હિંદુને માથે તો કંઈક કાળાંતરની સભ્યતા ને અહિંસાવૃત્તિ એની પ્રકૃતિમાં મળી ગયેલી. આધુનિક બે (મુસલમાની તેમ જ પાશ્ચાત્ય) સભ્યતાઓ જે અનુભવો

૧. સાર અહીં આપ્યો નથી. કાગળ માટે જુઓ પરિશિષ્ટ ૩.

Gandhi Heritage Portal

વચ્ચે થઈને હજુ પસાર થઈ રહેલ છે તે અનુભવો હિંદુ સભ્યતાને જરીપુરાણા છે. જો હિંદુ ધર્મમાં આજના અર્થવાળો સામ્રાજ્યવાદ કોઈ કાળે હતો એમ માની લઈએ તોપણ તેને આજ એ વટાવી ગયો છે અને એ વૃત્તિને એણે કાં તો ઇરાદાપૂર્વક તજી દીધી અગર તો એ એનામાંથી સ્વાભાવિક ક્રમે ભૂંસાઈ ગઈ. વળી અહિંસાવૃત્તિને પ્રાધાન્ય મળતાં શસ્ત્રનો ઉપયોગ એક નાના વર્ગમાં મર્યાદિત કરી દેવામાં આવ્યો અને એ લડાયક વર્ગ પણ ઊંચી આધ્યાત્મિક કોટિએ પહોંચેલ જ્ઞાની અને નિ:સ્વાર્થી એવી સામાજિક સત્તાનો સેવક ગણાયો. આ કારણોથી એક સમુદાય તરીકે હિંદુ લડવાના કામને સારુ તૈયારીવાળો નથી. પણ હિંદુઓ પોતાની આધ્યાત્મિક તાલીમ જાળવી રાખી શકચા નથી તેથી શસ્ત્રની અવેજીના તેટલા જ પરિણામકારક શસ્ત્રનો ઉપયોગ તેઓ વીસરી ગયા એટલું જ નહીં પણ તેનો ઉપયોગ કરી શકવાની લાયકાત પણ ગુમાવી બેઠા ને પરિણામે ડરકુ અને નમાલા ગણાય એટલા રાંકડા બની ગયા. આમ આ દોષ નમ્રતાના ગુણની સ્વાભાવિક અતિશયતા ગણાય.

આવો મારો અભિપ્રાય હોવાથી હિંદુની બીજાઓથી અતડા રહેવાની ખાસિયત બીજી રીતે ખચીત ભૂંડી હોવા છતાં હિંદુઓના ડરકુપણા જોડે એને ઝાઝી નિસબત નથી એમ હું માનું છું. આ જ કારણથી આત્મરક્ષાના સાધન તરીકે અખાડાઓમાં હું માનતો નથી. શરીર-ખિલવણીને સારુ હું અખાડાઓને કીમતી ગણું છું. પણ આત્મરક્ષાને સારુ તો હું આપણા આધ્યાત્મિક સંસ્કારોનું જ કોમમાં પુનરુજ્જીવન કરવા ઇચ્છું. સારામાં સારી અને સૌથી ચિરંજીવ આત્મરક્ષા એટલે આત્મશુદ્ધિ. અમુક વસ્તુઓ બાઉઓ તરીકે જણાવવામાં આવે તેથી ભડકીને ભાગાભાગ હું હરગિજ ન કરું. જો હિંદુઓ માત્ર આત્મવિશ્વાસ રાખશે અને પોતાની પરંપરાને વળગી રહીને કામ કરશે તો ગુંડાપણાથી બીવાનું તેમને કશું કારણ રહેશે નહીં. જે ક્ષણે તેઓ ખરી આધ્યાત્મિક તાલીમ ફરી શરૂ કરશે તે જ ક્ષણે મુસલમાન તેમની લાગણીઓને ઝીલવા લાગશે. એનો છૂટકો જ નથી. જો હિંદુ નૌજવાનોની એક પોતાનામાં, અને તેથી મુસલમાનમાં પણ, વિશ્વાસવાળી ટુકડી હું એકઠી કરી શકું તો તે નબળાઓને ઢાલરૂપ થઈ પડે. આ હિંદુ નૌજવાનો માર્યા વગર કેમ મરવું એનો પદાર્થપાઠ શીખવશે. બીજો નુસખો મારી પાસે છે જ નહીં. આપણા પૂર્વજો પણ જ્યારે જ્યારે પોતાની ચોમેર દુ:ખ જ અનુભવતા ત્યારે તપસ્યા આદરતા. તપસ્યા એટલે જ આત્મશુદ્ધિ. પાર્થિવ શરીરની અલ્પતા ને અખંગતા તેઓ જાણતા; અને એ અખંગ દશા ઓળખીને જ તેઓ એવી તો ઉગ્ર તપસ્યા આદરતા કે અંતે પ્રભુને તેમની ભીડ ભાંગવા ધાવું પડતું. મારા હિંદુ મિત્ર મને કહેશે, "સાચું, પણ ત્યારે પણ ભગવાન કોઈ ને કોઈ ત્રાતાને શસ્ત્ર ચલાવવાને સારુ મોકલતો." આ જવાબની યથાર્થતાનો ઇનકાર કરવા જોડે મને નિસબત નથી. એ મિત્રને મારું એટલું જ કહેવું છે કે હિંદુ તરીકે તેણે માત્ર પરિણામને જ ગણતરીમાં લઈ, તે પરિણામને જન્મ આપનાર કારણ તરફ આંખ મીંચવી યોગ્ય નથી. આપણે પ્રથમ પૂરતી તપસ્યા કરી છૂટીએ પછી લડવાને જોઈએ તેટલો વખત મળશે. હું પૂછું છું કે આપણે પૂરી આત્મશુદ્ધિ કરી લીધી શું? અરે, વ્યક્તિગત આત્મશુદ્ધિની વાત તો કોરે રહી પણ એક અસ્પૃશ્યતાના પાપને સારુ પણ હજુ શું આપણે આપખુશીથી પ્રાયશ્ચિત્ત કર્યું છે? આપણા ધર્મગુરુઓ જેવા જોઈએ તેવા છે શું? આ સ્થિતિમાં રોજ ઊઠીને મુસલમાનોના આચરણના દોષ ગાંઈ બતાવવા પાછળ જ આપણું બધું લક્ષ રોકવામાં આપણે નિરર્થક શક્તિક્ષય નહીં તો બીજું શું કરીએ છીએ? જેવું અંગ્રેજનું તેવું જ મુસલમાનોનું.

Gandhi Heritage Portal

આપણે કહેતા ફરીએ છીએ તે બધું જો સાચું હોય તો અંગ્રેજોને જીતવા કરતાં મુસલમાનોને જીતવા એ આપણે સારુ હજારગણું ઓછું કઠિન હોવું જોઈએ. પણ હિંદુઓને હું ગણગણતા સાંભળું છું કે અંગ્રેજોની બાબતમાં તો તેમને કંઈકે આશા છે પણ મુસલમાનોની બાબતમાં તો મુદ્દલ નથી. આવાને હું કહું છું કે "જો મુસલમાનનાં મન જીતવાની તમને આશા ન હોય તો અંગ્રેજને જીતવાની તમારી આશા આકાશકુસુમવત્ છે."

બીજા સવાલોનો તો ટૂંકમાં જવાબ આપી શકાય એમ છે. આગેવાનોમાં એકબીજાને વિષે વિશ્વાસ નથી. અવિશ્વાસનાં કારણો સ્પષ્ટ દેખાય એવાં નથી જ હોતાં. એના મૂળમાં અનેક કારણો હોય છે, જેની અસર સ્પષ્ટ જણાય છે, પણ જે સૌના સમજ્યામાં નથી આવતાં. દાખલા તરીકે આપણને હજુ એટલું પ્રત્યક્ષ ભાન નથી થયું કે હિંદુમુસલમાન આપણે બધા એક જ નાવમાં છીએ ને આપણા હિતસંબંધ એક જ છે. દરેક પક્ષના મનમાં બસ કંઈક એવી જ અસ્પષ્ટ ભાવના વસે છે કે કોઈ ને કોઈ તદબીર વડે પોતે બીજા પક્ષને કાઢી મૂકી શકશે. પણ બાબુ ભગવાનદાસ સૂચવે છે તેમ, દેશની કોમો વચ્ચે આવો અણવિશ્વાસ જન્મ પામવાના મૂળમાં આપણે કેવી જાતનું સ્વરાજ સ્થાપવા માગીએ છીએ એ બાબતનો કશો ચોક્કસ ખ્યાલ પ્રજા આગળ મૂકવામાં આવ્યો નથી એ પણ એક મોટું કારણ છે એ હું વગર આનાકાનીએ કબૂલ કરું છું. અગાઉ પણ મને એમ લાગતું ખરું, અને જ્યારે હું યરવડાની જેલમાં મુંબઈના ગવર્નર સર જૉર્જ લૉઇડનો મહેમાન થયો એ અરસામાં બાબુ ભગવાનદાસના આ વિચારોમાં હું લગભગ સંમત થવા આવ્યો હતો. હવે તો એમના એ વિચારમાં હું દૃઢપણે માનવા લાગ્યો છું.

બંને કોમોમાં એકબીજાની "પ્રકૃતિમાંનાં અનુકૂળ તત્ત્વો" શોધી કાઢીને મિત્રભાવના કેળવવાની મેં જે વાત કરી છે તેમ તે સામાજિક, ધાર્મિક, તેમ જ રાજદ્વારી બધી જાતના સંબંધો અને તે જ પ્રમાણે વ્યક્તિઓ વચ્ચેના જ નહીં પણ સમુદાયો વચ્ચેના પરસ્પર સંબંધને વિષે પણ કહી છે. દાખલા તરીકે, એકબીજાના ધર્મ વચ્ચે રહેલા ભેદ કાઢી દેખાડવાને બદલે હું તો જે જે સારી વાતો બંને ધર્મોમાં સમાન હોય તે જ કાઢી બતાવવામાં રોકાઉં. એ જ પ્રમાણે મારી ધાર્મિક માન્યતાને બાધ ન આવે એવી રીતે જ્યાં જ્યાં બની શકે ત્યાં બંને કોમો વચ્ચેનું અંતર સાંધવા હું કોશિશ કરું. રાજદ્વારી બાબતમાં પણ બંને કોમને એક જગાએ મેળવવાને સારુ હું મારા રસ્તા બહાર જઈને પણ ખાસ કોશિશ કરું.

પંચની બાબતમાં હકીમજીનું નામ મેં અલબત્ત એટલા સારુ સૂચવ્યું છે કે એઓ આખા દેશભર સૌના માનીતા છે. સૌને એમના પ્રત્યે સરખો જ આદરભાવ છે. પણ હું તો નિર્ણયની કલમ કોઈ પક્ષપાતી અને ધર્માંધ તરીકે પંકાતા મુસલમાનના હાથમાં સુધ્ધાં મૂકતાં ન અચકાઉં. કારણ હિંદુ તરીકે હું તો એવી જ શ્રદ્ધા રાખું કે મજકૂર પંચ એકેએક પ્રાંતમાં મુસલમાનોને પ્રતિનિધિમંડળોમાં વધુ જગ્યાઓ આપે તોપણ મારી કોમને એમાં કશું જ ખોવાપણું નથી. પ્રતિનિધિમંડળોમાં જગ્યાઓ મેળવવી અગર બીજાને આપવી એમાં કશાયે સિદ્ધાંતને જોખમ નથી. વળી અનુભવે મને એ પણ શીખવ્યું છે કે આખી જવાબદારી માથે પડયાથી માણસની તત્કાળ કસોટી થાય છે અને પોતાના દરજ્જાનો વિચાર કરીને અગર તો ઈશ્વરથી ડરીને તે ડાહ્યો બની જાય છે.

Gandhi Heritage Portal

છેવટમાં આપણામાંથી આંગળીને વેઢે ગણાય એટલા જણ પણ જ્યાં સુધી આપણા બોલ્યા પ્રમાણે અમલ કરવા લાગીશું નહીં ત્યાં સુધી આપણે ચાહે તેવડી લાંબીચોડી વાતો કરીશું કે જાહેરનામાં કાઢીશું તેથી કશું વળવાનું નથી.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १९–६–१९२४

ભાષાંતર: नवजीवन, २२–६–१९२४

## ૧૪૩. વસુમતી પંડિતને પત્ર

સાબરમતી

[જૂન ૨૦, ૧૯૨૪][1]

ચિ. વસુમતી,

તમારું પત્તું મળ્યું. અક્ષર તો છાપેલા જેવા કરી નાખજો. કૉપીબુકનું નથી લખ્યું. રામદાસ ને બા કાલે પાછાં સુરતથી આવ્યાં. પ્રાગજીનો કેસ મુલતવી રહ્યો છે. ત્યાં નિશ્ચિતપણે રહી તબિયત સુધારજો. રાધાનું ગાડું ચાલે છે. મણિનું દોડે છે. વરસાદ હજુ નથી. ડોકિયાં કરી રહ્યો છે.

બાપુના આશીર્વાદ

વસુમતીબહેન . . .

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્ર પરથી: સી. ડબલ્યુ. ૪૪૭; શ્રીમતી વસુમતી પંડિતના સૌજન્યથી

## ૧૪૪. ઘનશ્યામદાસ બિરલાને પત્ર

જેઠ વદ ૫ [જૂન ૨૧, ૧૯૨૪][2]

ભાઈ ઘનશ્યામદાસજી,

તમારો પત્ર મળ્યો છે.

કાર્ય સિદ્ધ થાય કે ન થાય તોપણ આપણે અહિંસક જ રહેવું જોઈએ. અહિંસાના સિદ્ધાંતને આપણે સ્વાભાવિક રીતે આચરણમાં મૂકી બતાવવાનો છે. સાચી વાત એ છે કે અહિંસાનું પરિણામ શુભ જ હોય છે, એવી અમારી પાકી શ્રદ્ધા હોવાથી ફળ આજે મળે કે વર્ષો પછી મળે એની સાથે આપણને કશી નિસબત નથી. ૨૦૦ વરસ પહેલાં જેમને બળજબરીથી ઈસ્લામ ધર્મમાં લાવવામાં આવ્યા હતા તેમનાથી ઈસ્લામને લાભ થઈ જ ન શકે, કેમ કે એમાં બળાત્કારની નીતિને સ્થાન મળેલું છે. એ જ રીતે જો કોઈને બળાત્કારથી અથવા દગાથી હિંદુ બનાવવામાં આવે તો તેમાં હિંદુ ધર્મના નાશની જડ રહેલી છે. સામાન્ય રીતે તાત્કાલિક

૧. ટપાલના સિક્કામાં આ તારીખ છે.

૨. આ પત્ર શ્રી ઘનશ્યામદાસના ૧૯૨૪ના જૂનની ૧૧મીના પત્રના જવાબમાં લખાયો હતો. ૧૯૨૪માં જેઠ વદ ૫ જૂનની ૨૧મીએ હતી.

Gandhi Heritage Portal

પરિણામો જોઈને આપણે ભુલાવામાં પડીએ છીએ. એક મોટી કોમના ઈતિહાસમાં બસો વર્ષ કશા હિસાબમાં નથી.

કાયદાની મદદથી કોઈની બૂરી આદત છોડાવીએ એટલાને પશુબળ નહીં કહી શકાય. કાયદાની મદદથી દારૂનો ધંધો બંધ કરાવીએ અને એને પરિણામે દારૂડિયા દારૂ છોડે એ બળાત્કાર નથી. જો એમ કહેવામાં આવે કે દારૂ પીનારને નેતરથી ફટકારવામાં આવશે તો અવશ્ય એ પશુબળ ગણાશે. દારૂ વેચવો એ રાજ્યનું કર્તવ્ય નથી.

તમારો

**મોહનદાસ**

[તા. ક.] યંગ इन्डिया બાબતમાં સ્વામી આનંદ કહે છે કે તમને બિલ મોકલી આપવામાં આવ્યું છે.

[મૂળ હિંદી]

મૂળ પત્ર પરથી: સી. ડબલ્યુ. ૬૦૧૧; શ્રી ઘનશ્યામદાસ બિરલાના સૌજન્યથી

## ૧૪૫. એમ. આર. જયકરને પત્ર

[જૂન ૨૧, ૧૯૨૪]

પ્રિય શ્રી જયકર,

તમારા પત્ર બદલ આભાર માનું છું. તમારા ઉપરના મારા પત્રનો આપણા મિત્રો ભલે લાભ લે. આ બાબતમાં હું તમારી સાથેનો સંપર્ક છોડવા માગતો નથી. તેમનું કાર્ય સ્વચ્છ રહે તે માટે મારો બધો આધાર તમારા પર છે. મારી ચિંતાનો વિષય એ છે કે તેમણે પોતાના ચારિત્ર્યના જોરે જ નાણાં ઉઘરાવવાં જોઈએ. એ નાણાં ઓછાં પડે તો આપણે બાકીનાં ઉઘરાવી આપીએ. તમે મારી તબિયત વિષે કાળજી બતાવી તે બદલ હું તમારો આભારી છું. અત્યારના સંજોગોમાં જેટલો આરામ મળી શકે તેટલો લઈ રહ્યો છું.

તમારો સહૃદયી

**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]

ध स्टोरी ऑफ माय लाइफ, પુસ્તક ૨, પા. ૨૯૮

Gandhi Heritage Portal

## ૧૪૬. મથુરાદાસ ત્રિકમજીને પત્ર

જેઠ વદ ૫ [જૂન ૨૧, ૧૯૨૪][1]

મહાસભા સમિતિ મળે ત્યારે અહીં આવવામાં તો મુદ્દલ અડચણ નથી, પણ મીટિંગમાં જવાનો આગ્રહ છોડી દેવો. રજાચિઠ્ઠી આપવાનું તો મૌલાના મહમદઅલીને હાથ જ રહેશે એમ માનું છું. પણ જેટલા ઓછા માગે એટલું ભલું.

[મૂળ ગુજરાતી]

બાપુની પ્રસાદી, પા. ૭૧

## ૧૪૭. અબ્બાસ તૈયબજીને પત્ર

જૂન ૨૧, ૧૯૨૪

ભાઈસાહેબ,

આ કાગળ[2] વાંચી પાછો મોકલજો. મારી અટકળ સાચી ઠરી.

મોહનદાસ ગાંધીના
ખુદા હાફિઝ

અબ્બાસ તૈયબજી
કૅમ્પ બાવડા

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની માઇક્રોફિલ્મ પરથી: એસ. એન. ૧૦૪૬૮

## ૧૪૮. મારી નોંધ

### રેંટિયાની ધૂન

એક બુઢ્ઢા મિત્ર જુવાનિયાઓની ભૂલ કાઢતાં આત્મપરીક્ષા કરવા મંડયા અને તેમ કરતાં લખે છે:[3]

આ મિત્રે રેંટિયો હમણાં જ શરૂ કર્યો છે. એટલે કાંતતી વેળા દુનિયા ભૂલી જાય છે, એ પણ ઓછું નથી. મારી ખાતરી છે કે જ્યારે સૂતર સહેજે સીધું નીકળવા માંડશે ત્યારે પ્રભુની ઝાંખી હૃદયમાં થશે ને પ્રભુ સૂતરના તાર ઉપર પણ નાચતો જોવામાં આવશે. તેના વિના ક્યાંય એકે વસ્તુ કે જગ્યા ખાલી છે? દેખતા છતાં આપણે આંધળા છીએ તેથી તેને જોતા નથી. રેંટિયાથી હિંદનું દુ:ખ મટશે, ભૂખ્યાંનાં પેટ ભરાશે, ઓરતોની લાજ રહેશે, આળસુનું આળસ જશે, સ્વરાજવાદીને સ્વરાજ ને સંયમ પાળનારને સહાય મળશે એવો પવિત્ર ખ્યાલ જ્યારે

૧. છાપેલા મૂળ પ્રમાણે.

૨. આ કાગળ મળતો નથી.

૩. આ લખાણ અહીં આપ્યું નથી. પત્રલેખકે લખ્યું છે કે કાંતતી વખતે પોતે દુનિયાને ભૂલી જાય છે પરંતુ ઈશ્વરનો વિચાર કરી શકતા નથી.

Gandhi Heritage Portal

રેંટિયાની સાથે જોડાઈ જશે ત્યારે જરૂર સૂતર ઉપર પ્રભુ નાચશે ને મજકૂર ભાઈને રેંટિયો ચલાવતાં પ્રભુનાં દર્શન પણ થશે. "ભાવના તેવી સિદ્ધિ."

### સોમાલી દેશમાં રેંટિયો

સોમાલી દેશના એક ખોજા વેપારી ભાઈ મહમદ હાસમ ચમન જણાવે છે કે સોમાલી દેશમાં ઘણી ઓરતો વણે છે. આજ લગી મિલનું સૂતર વણતી. હવે તો રેંટિયો પણ ચાલે છે. તેનો પ્રચાર ઘણો નથી થયો પણ ઠીક થતો જાય છે. સોમાલી આરબોમાં હિંદુસ્તાનની ચળવળની અસર ખૂબ થઈ છે. ભાઈ ચમન માને છે કે સોમાલી દેશમાં રેંટિયો ઘણી ઝડપથી ચાલશે. આ ભાઈ વળી જણાવે છે કે ત્યાં નિશાળો લગભગ મફત ચાલે છે એમ કહી શકાય. દરેક બાળકને પ્રથમ કેળવણી તો કેવળ ધાર્મિક જ મળે છે. બધાં બાળકોએ કુરાન શરીફ તો શીખવું જ જોઈએ. મકાનો વાંસની સળીનાં બનેલાં હોય છે જેનું ખર્ચ નહીં જેવું હોય છે. દરેક બાળક નિશાળે હમેશાં મૂઠી જાર લઈને આવે ને તે મહેતાજીનો પગાર ગણાય! છેવટમાં ભાઈ ચમન એ પણ ખબર આપે છે કે જોકે સોમાલી દેશમાં કેવળ આરબોની વસ્તી છે ને હિંદુ વેપારી જૂજ છે છતાં તેઓ ત્યાં સુખેથી વસે છે ને આરબ લોકો તેઓની સાથે મિત્રભાવથી રહે છે. પોતાના દેશમાં જ હિંદુમુસલમાનને લડવાની જરૂર પડતી હશે શું?

### લગ્ન વખતે ખાદી

વઢવાણથી એક ભાઈ લખે છે કે ઝાલાવાડ વીશા શ્રીમાળી સ્થાનકવાસી ગોળમાંથી ત્રણસો ઘરો કંઈ કારણસર જુદાં પડયાં છે અને તેઓએ કેટલાંક ખર્ચો ઓછાં કર્યાં છે. આમાં એક એવો પણ ઠરાવ કર્યો છે કે લગ્ન વખતે કન્યાને ખાદીનાં કપડાં પહેરાવવાં ને ચૂડલો ચંદનનો. આ નિયમ બીજાઓ પણ કરે તો કેટલી મુસીબતોમાંથી પ્રજા બચે ને ગરીબોને સહાય મળે? પણ આ ખબર સાથે જ મજકૂર ભાઈ જણાવે છે કે બીજે બધે અવસરે તો આ ઘરોમાં આજે વિલાયતી કાપડ ચાલે છે ને ચાલુ જ રહેવાનો સંભવ છે. ત્રણસો ઘરનો નાનો સમુદાય ધારે તો બધા પ્રસંગોને સારુ ખાદીનું વ્રત લઈ શકે છે. વઢવાણમાં જ ઉત્પન્ન થયેલો ખાદીનો ભંડાર હજુ પડયો છે. ખાદીની આટલી ચળવળ છતાં થોડી જ ખાદી ઉત્પન્ન થઈ છે તે પણ તુરત નથી ખપી જતી એ સૂચવે છે કે ખાદી સાર્વત્રિક નથી થઈ, એટલું જ નહીં પણ તે સ્થાયી જ નથી થઈ. કાઠિયાવાડની છવ્વીસ લાખની વસ્તી દર વર્ષે દસ લાખની ખાદી પણ ન ઉપાડી શકે એ કેવી દિલગીરીની વાત ગણાય?

### એક નિશાળમાં

એક અધ્યાપિકા બહેન લખે છે:[1]

એક જ બહેનની ભાવનાથી કેટલું બધું કામ થઈ શકે છે તેનો આ સુંદર દાખલો છે. ખેડુ માબાપની બધી દીકરીઓ આ પ્રમાણે પોતાને પિયરથી કપાસ મંગાવે ને બાળકોની પાસે પીંજાવે, કંતાવે, વણાવે ને કપડાં તૈયાર કરાવે તો? આ હિસાબ સહુ પોતાની મેળે ગણી શકે છે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨૨-૬-૧૯૨૪

૧. આ લખાણ અહીં આપ્યું નથી. પત્રલેખક બહેને લખ્યું હતું કે પોતે ગાંધીજીને જે હાથરૂમાલ મોકલે છે તે પોતાના પિતાના ખેતરમાં ઉગાડેલું રૂ કાંતીને પોતાની શાળામાં વણેલા છે.



Gandhi Heritage Portal

# ૧૪૯. પડદો ને પ્રતિજ્ઞા

આ બે શબ્દની વચ્ચે સંબંધ છે તેથી મેં તે વતી મથાળું નથી બાંધ્યું. પણ રજપૂત પરિષદને[1] વિષે લખતાં આ બે બાબત ઉપર જ હું કંઈ લખવા ધારું છું તેથી એ બે શબ્દો સાથે મૂકયા છે. પરિષદનો એક પ્રેક્ષક જણાવે છે કે આ પરિષદમાં જુસ્સાનો પાર ન હતો. લગભગ પંદર હજાર રજપૂતો એકઠા થયા હશે. કોઈએ ન ધારેલું એવી સંખ્યામાં સ્ત્રીઓ પણ હાજર હતી. તેઓની સંખ્યા લગભગ એક હજાર હશે. આ સંખ્યા ખરેખર બહુ મોટી ગણાય. પણ પડદાનો બંદોબસ્ત એવો સખત હતો કે અજાણ્યાને માલૂમ ન પડે કે પરિષદના મંડપમાં કોઈ જગ્યાએ સ્ત્રીઓ પણ બેઠી હશે. આ સ્ત્રીઓને તેમને ઉતારેથી લાવવામાં પણ એવી ખૂબી વાપરવામાં આવતી હતી કે સ્ત્રીઓ જાય છે એવી ખબર પણ કોઈને ન પડે.

આવી સંપૂર્ણ વ્યવસ્થાને સારુ પરિષદના કારભારીઓને અવશ્ય ધન્યવાદ ઘટે. પણ પડદાની હસ્તીને સારુ તો શોક જ બતાવાય. પડદાની આવશ્યકતાનો કાળ ગયો કહીએ તો ચાલે. રામરાજમાં તો પડદો હોય એમ જણાતું નથી. રામરાજ હજુ નથી આવ્યું એ તો છે જ, પણ આપણે તે ઇચ્છીએ તો તેને રુચતું વર્તન આજથી શરૂ કરીએ. પડદો ન હોય છતાં આપણે મર્યાદા જાળવી રહી શકીએ છીએ એ સિદ્ધ કરવાનું રહ્યું છે. જે વર્ણો પડદો નથી જાળવતા તેઓમાં મર્યાદા ઓછી છે એમ કોઈ નહીં કહી શકે. જ્યારે સ્ત્રીઓને મિલકત તરીકે સમજવામાં આવતી, જ્યારે તેમનાં હરણ થઈ શકતાં, ત્યારે પડદાની ભલે જરૂર હોય. પુરુષોનું હરણ થાય તો તેને પણ પડદે રહેવું પડે. દીઠા માણસને વેઠ પકડવામાં આવે છે ત્યાં આજે પણ પુરુષો પડદો પાળે છે, એટલે સંતાઈ રહે છે. પણ પુરુષની કુદૃષ્ટિથી સ્ત્રીઓનું રક્ષણ કરવા સારુ પડદો ઇલાજ નથી પણ પુરુષની પવિત્રતા એ ઇલાજ છે.

પુરુષને પવિત્ર કરવામાં સ્ત્રી બહુ મોટો ભાગ લઈ શકે છે. પડદામાં રહેલી, દબાયેલી સ્ત્રી પુરુષને પવિત્ર કેમ બનાવી શકે? તેને પુરુષથી બીને ચાલવાની પ્રથમથી જ ટેવ પાડવામાં આવે તો પુરુષને કેમ સુધારે? વળી પડદામાં રાખવામાં જ સ્ત્રીમાં એક દોષ પેદા કરવા જેવું થાય છે. મારી માન્યતા છે કે પડદો નીતિનો પોષક નથી પણ ઘાતક છે. નીતિને પોષવા નીતિની કેળવણી, નીતિનું વાતાવરણ, મોટેરાંઓમાં નીતિનું આચરણ, એ જોઈએ. પડદાને વિષે હું આટલું લખું છું તે પરિષદનો દોષ બતાવવા સારુ નહીં. પ્રથમ પગલે પડદાને તોડવો કઠિન કામ હતું. પણ ભવિષ્યને સારુ કેટલાક રજપૂતોએ તૈયારી કર્યે જ છૂટકો છે.

હવે પ્રતિજ્ઞા વિષે. પ્રતિજ્ઞા ઠીક સંખ્યામાં લેવાઈ એમ સાંભળું છું. પ્રતિજ્ઞા ચીવટપૂર્વક હતી એમ પણ સાંભળ્યું. પ્રતિજ્ઞા લેતી વેળા વિધિ પણ ઠીક જાળવવામાં આવ્યો હતો. એટલે આપણે આશા રાખીએ કે પ્રતિજ્ઞાનું પૂરું પાલન થશે. પણ મારો અનુભવ એવો છે ખરો કે મોટા મેળાવડાઓમાં લેવાયેલી ઘણી પ્રતિજ્ઞાઓ ત્યાં જ રહી જાય છે. આનો અર્થ પ્રતિજ્ઞા ન લેવી એવો નથી. મારો તો અભિપ્રાય ને અનુભવ છે જ કે પ્રતિજ્ઞાઓ વિના મનુષ્ય આગળ ચડી જ નથી શકતો. પ્રતિજ્ઞા એટલે મરણતોલ નિશ્ચય. એવા નિશ્ચય વિના કંઈ જ કાર્ય

૧. કાઠિયાવાડ રજપૂત પરિષદ.

Gandhi Heritage Portal

થાય નહીં. "યથાશક્તિ"નો અર્થ જ નથી. પ્રતિજ્ઞા મનુષ્યને અખૂટ શક્તિ આપે છે. યથા-શક્તિ કરવા ઇચ્છનાર કોઈ વેળા તો નિર્બળ બને જ. તે વેળા તેની પાસે કંઈ મદદ નથી રહેતી. પણ એવે સમયે પ્રતિજ્ઞા ઉગરી જાય છે. તેણે તો ઈશ્વરને દરમિયાન ગણી વ્રત લીધું. જ્યારે તે શક્તિ ગુમાવે ત્યારે અનાથનો નાથ તેની પાસે ઊભો જ હોય છે.

દુર્ભાગ્યે આપણે પ્રતિજ્ઞાની કિંમત ઓછી કરી નાખી છે. લેતાં વિચાર નથી કરતા એટલે પળાતી નથી. ન પાળવાની ટેવ પડી જવાથી પાળવાની જરૂર નથી એવું લગભગ માનતા થઈ ગયા છીએ! રજપૂત ભાઈબહેનો, જેમણે પ્રતિજ્ઞા લીધી છે તેઓ તે પાળો એમ આપણે ઇચ્છીએ.

પરિષદની સાદાઈ મહાસભાને અનુકરણ કરવા યોગ્ય હતી. આ મોટા સમુદાયને સારુ માત્ર રોટલાદાળ સિવાય કંઈ ભોજન જ ન હતું. મોટા સમુદાયમાં બીજું સંભવે નહીં, શોભે પણ નહીં. શીખ ભાઈઓ પણ પોતાના સંઘોમાં એવી જ સાદાઈ જાળવે છે. સાદાઈનો પાઠ મહાસભાના સભ્યોએ શીખવાનો રહ્યો છે. એથી ખર્ચનો, વખતનો, મહેનતનો બચાવ થાય છે ને સાથે શરીર કસાય છે ને સચવાય છે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨૨-૬-૧૯૨૪

## ૧૫૦. વણાવનારને

જેઓ સૂતર કાંતે છે તેઓને વણાવવાની સગવડ નથી હોતી એવી ફરિયાદ ઘણી વેળા જોવામાં આવે છે. વિજાપુર (કલોલ થઈને) કાર્યાલય જે શ્રી ગં. સ્વ. ગંગાબહેન મજમુદાર ચલાવે છે તેમાં નીચેને ભાવે ખાદી વણાવી આપી છે:

| પનો ઇંચ | લંબાઈ | સૂતર જાડાનો દર રૂ. | સૂતર ઝીણાનો દર રૂ. | ચાર પાવડી લહેરભાતનો દર રૂ. |
|---|---|---|---|---|
| ૨૪ | પંદર વારના તાકા દીઠ | ૨ા | ૨ાા | ૨ાા |
| ૨૮ | ,, ,, | ૨ાા | ૩ | ૩ા |
| ૪૨ | આઠ વારના તાકા દીઠ | ૨ાા | ૩ | |
| ૪૮ | ,, ,, | ૩ | ૩ા | |

જે સૂતર વણાવવું હોય તે ઉપરને ઠેકાણે મોકલી દેવું. વધારે વિગત જેને જોઈએ તે પણ ત્યાં જ પત્ર લખી પુછાવે. એ જ ઉદ્યોગાલયે રીચી રોડ પર (ચૂડગરઓળ, અમદાવાદ) શ્રી શુદ્ધ ખાદી ભંડાર કાઢ્યો છે. ત્યાં જેને જોઈએ તેને એક રૂપિયાની એક શેર એ ભાવે પૂણી પણ વેચે છે.

વણાવનારે યાદ રાખવું કે ગમે તેવું ને ગમે તેટલું સૂતર મોકલે તો તેને નિરાશા પણ ઉત્પન્ન થશે. એક તાણી[1] કરવા જેટલું આછામાં આછું સૂતર મોકલવું જોઈએ. વળી સૂતર

૧. તાણી એટલે 'તાણો' જેની લંબાઈ ૨૦ વારની હોય છે. કાપડનો આખો તાકો સાધારણ રીતે આ લંબાઈનો હોય છે.

Gandhi Heritage Portal

સારું ને વળદાર નહીં હોય તો માલ સારો નહીં હોય. પૂણી મળવાની સગવડ છે એ ઠીક છે પણ સહુ પોતપોતાનું રૂ પીંજી લે એ બહુ જરૂરનું છે. પીંજવાની ક્રિયા ઘણી સહેલી છે ને હમેશાં થોડું જ કાંતનારને પોતાની જરૂરજોગું રૂ પીંજી લેવું રમત વાત છે. અર્ધો કલાક પીંજાયેલું રૂ સારી રીતે કાંતતાં જરૂર ઓછામાં ઓછા ચાર કલાક જાય.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨૨-૬-૧૯૨૪

## ૧૫૧. વણાટમાં કમાણી

વણાટમાં કમાણી વિષેના અનુભવની માગણીમાં કેટલાક જવાબ આવ્યા છે. તેમાંના કેટલાક જાણવાયોગ્ય આ વખતે આપું છું. ભાવસાર ચંદુલાલ છગનલાલ ખંભાતથી લખે છે:[1]

એટલું દિલગીરીભરેલું છે કે ભાઈ ચંદુલાલ વિલાયતી તાણોવાણો વાપરે છે. આપણે ઉમેદ રાખીએ કે મહેનત કરીને પણ તેઓ હાથનું સૂતર વાપરતા થઈ જશે. પણ ઉપરની હકીકત ઉપરથી જોઈ શકાય છે કે જો હાથનું સૂતર મળે ને ખાદીની ખપત ઠીક થાય તો વણકર કુટુંબને સારી કમાણી થાય જ. ભાઈ ચંદુલાલ પોતે અને ખંભાતના બીજા ભાવસાર ખાદી જ વાપરે છે, એ બીજા વણકરો વગેરેને ધડો લેવા જેવું છે. ન છૂટકે વિલાયતી કાપડનો વેપાર કરનાર પણ પોતે ખાદી જરૂર વાપરી શકે.

ઉપાધ્યાય વજેશંકર કાશીરામ પોતાનો અનુભવ નીચે પ્રમાણે લખે છે:[2]

આ અનુભવ કેવળ હાથે કાંતેલા સૂતરનો ને નવા શિખાઉ વણનારનો છે. તેથી આપણને વધારે ઉપયોગી ગણાય. જો કાંતેલું સૂતર એકતારું ને વળદાર હોય તથા વણનાર વધારે મહાવરાવાળો હોય તો કમાણી વધારી શકે એ દેખીતું છે.

ત્રીજો અનુભવ ભાઈ જીવણલાલ ચાંપાનેરિયા મોકલે છે તે નીચે પ્રમાણે છે:[3]

૧. આ લખાણ અહીં આપ્યું નથી. પત્રલેખકે લખ્યું છે કે અસહકારની ચળવળમાં ભાગ લેવાને પરિણામે મારી નોકરી ગઈ; આથી થોડા મહિનામાં મારો કૌટુંબિક ધંધો (વણકરનો) મેં શીખી લીધો, અને હવે માસિક રૂ. ૫૦ કમાઉં છું.

૨. આ લખાણ અહીં આપ્યું નથી. પત્રલેખક લખે છે કે જો પુરુષ રોજ ૧૦થી ૧૨ કલાક કામ કરે તો તે હાથે કાંતેલા સૂતરમાંથી ૬થી ૭ વાર ખાદી વણી શકે. બીજી ક્રિયાઓ પર ધ્યાન આપવા ઉપરાંત એક વણકર ચાર દિવસમાં ૧૬ વાર વણી શકે; એ હિસાબે એની માસિક કમાણી રૂ. ૧૫ થાય. ગામડામાં શિક્ષક અગર કારકુન ૮થી ૧૦ રૂપિયા માસિક કમાય છે, તેના કરતાં આ વધારે સારું છે.

૩. આ અનુભવ અહીં આપ્યો નથી. પત્રલેખકે લખ્યું છે કે ગાંધીજીએ ગણ્યું છે કે એક વણકર સરેરાશ બેથી ત્રણ રૂપિયા રોજના કમાઈ શકે છે. પત્રલેખક આ ગણતરી સમજી શકતો નથી. એ લખે છે કે બોરસદમાં ભાવસાર જ્ઞાતિના માણસોમાં પુરુષ, સ્ત્રી અને બાળક(છોકરો કે છોકરી)ની મળીને રોજની કમાણી એક રૂપિયો છ આનાથી વધારે થતી નથી. એણે ફરિયાદ કરી છે કે જીવનનિર્વાહ માટે આખા કુટુંબને કામ કરવાની ખાસ જરૂર હોવાથી તેઓ હિંદની અમર સંસ્કૃતિ વિષે બહુ થોડું જાણે છે; સ્ત્રીઓ સ્વચ્છતા તેમ જ અંગત આરોગ્યની જરૂરિયાત વિષે અજ્ઞાન છે; પરિણામે તેમનું જીવન નીરસ અને કંટાળાભર્યું તથા સંસ્કારવિહોણું હોય છે.

Gandhi Heritage Portal

ભાઈ જીવણલાલ લખે છે તેમ વણકરની નહીં પણ વણકર કુટુંબની આવક મેં બેથી ત્રણ રૂપિયા ગણાવી છે.

ઉપરના ત્રણે દાખલામાંથી આપણે જોઈએ છીએ કે વણકરનો માલ સીધો વાપરનારને હાથ નથી જતો પણ વેપારીની મારફતે જાય છે. સામાન્ય રીતે તો આમ જ હોય. જો વેપારીનું કામ પણ વણકર કરે ને કંતામણ ઉપર પોતાનો અંકુશ હોય તો દેખીતું છે કે તેની કમાણીમાં વધારો થાય. આંધ્રના જેવું સૂતર બધે કંતાય તો તેની ખપે એવી સાડીઓ વગેરે પેદા થાય ને તેની ઉપર વધારે નફો મળે જ.

સામાન્ય વણકરને નૈતિક ઉન્નતિને સારુ અવકાશ જ નથી રહેતો એવી ફરિયાદ છે તે યોગ્ય છે. જમાનાઓથી ચાલતાં આવેલાં કારીગર કુટુંબોમાં અક્ષરજ્ઞાન અને નીતિજ્ઞાનનો અભાવ હોય છે એ જ્ઞાતિની અતિશયતા છે. ભણેલાઓનો કેમ જાણે એક નોખો વર્ગ હોય નહીં એવું અત્યારે થઈ રહ્યું છે. તેણે બીજાઓ એટલે કારીગર, ખેડૂત વગેરે ઉપર ધ્યાન જ ન દીધું. કારીગર ઈત્યાદિ વર્ગોની પીઠ પર આપણે બધા ભણેલા ચડી બેઠા. મારો તો દૃઢ અભિપ્રાય છે કે જો શિક્ષિતવર્ગ અશિક્ષિતની પીઠ ઉપરથી નીચે ઊતરે તો અશિક્ષિતને સારુ જે પ્રશ્નો ઊઠ્યા કરે છે તે ન ઊઠે. આપણી આજની પ્રવૃત્તિનો એ જ મુદ્દો છે. શિક્ષિત વર્ગમાંના ઘણા પોતે મજૂરીની કિંમત સમજતા થયા છે, ને અશિક્ષિતની ઉપર સવારી કરવામાં રહેલું પાપ પણ જોવા લાગ્યા છે. દરમ્યાન સમજુ વણકર વધારે નિયમિત થઈ, પોતાના હુન્નરને વધારે વ્યવસ્થિત કરી થોડો અવકાશનો સમય બચાવી શકે છે. જેમ જેમ ખાદીપ્રવૃત્તિ વધતી જશે તેમ તેમ વણાટ વગેરેનું કાર્ય સુવ્યવસ્થિત ને સુદૃઢ થતું જશે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨૨-૬-૧૯૨૪

## ૧૫૨. ત્રણ પ્રશ્નો

એક સજ્જન લખે છે:

(૧) કાંતવા-વણવાનું કામ કરવાથી શું માણસ શૂદ્ર નથી બનતો?

(૨) જે માણસ પોતાના બુદ્ધિબળ વડે વધારે કમાણી કરતો હોય તે પણ કાંતીવણીને આજીવિકા પેદા કરે એ અર્થશાસ્ત્રની વિરુદ્ધ નથી?

(૩) બધા લોકો કાંતવા-વણવાનું કામ કરે એનાથી શ્રમવિભાજનનો સિદ્ધાંત નાબૂદ નથી થતો?

મારા ખ્યાલ પ્રમાણે શૂદ્ર એ છે કે જે નોકરી અથવા બીજાઓની મજૂરી કરીને આજીવિકા મેળવે છે. આ હિસાબે જેટલા માણસો નોકરી કરે છે તે બધા શૂદ્ર હોય છે. જે માણસ સ્વતંત્ર ધંધો કરતો હોય એને શૂદ્ર શી રીતે કહી શકાય? આમાં વર્ણાશ્રમધર્મને કઈ પણ નુકસાન થતું હોય એવું મને દેખાતું નથી.

હવે બીજો પ્રશ્ન લઈએ. મારી બુદ્ધિ મને એમ કહે છે કે ઈશ્વરે આપણને આત્મદર્શન માટે બુદ્ધિ આપી છે. આજીવિકા ખેતી વગેરેમાંથી મેળવવી જોઈએ. જગતમાં જે અનીતિ થાય છે એનું મોટું કારણ બુદ્ધિનો દુરુપયોગ છે. બુદ્ધિના જ દુરુપયોગને કારણે દુનિયામાં ભારે

Gandhi Heritage Portal

અસમાનતા ફેલાઈ ગઈ છે. કરોડો લોકો ભીખ માગે છે અને સોબસો માણસો કરોડપતિ બને છે. સાચું અર્થશાસ્ત્ર એ છે જેનાથી એકેએક સ્ત્રીપુરુષને શારીરિક ઉદ્યમથી આજીવિકા મળે. દા. ત. પ્રાચીન કાળમાં આપણા ઋષિઓ ખેતી કરતા હતા, ગોશાળાઓ રાખતા હતા, વિદ્યાર્થીઓ જંગલમાં જઈને લાકડાં લઈ આવતા હતા, વગેરે.

હવે બાકી રહ્યો ત્રીજો પ્રશ્ન. બધા કાંતે-વણે એથી શ્રમવિભાજનના સિદ્ધાંતને કશી હાનિ થતી નથી, કેમ કે કડિયા, સોની વગેરેને વણાટકામ કરવાની સલાહ આપવામાં આવતી નથી. હા, જે લોકો નોકરી કરે છે, વકીલાત કરે છે, જેમની પાસે કશો ધંધો નથી, એમને કાંતવા-વણવાનું કામ કરીને આજીવિકા મેળવવાની સલાહ જરૂર આપવામાં આવે છે. કાંતણ કામને આજના જમાનામાં અને આ ક્ષેત્રમાં હું યજ્ઞ સમજું છું. બચ્ચાં, બુઢ્ઢાં, સ્ત્રી, પુરુષ, પૈસાદાર, ગરીબ સૌને માટે કાંતવું એ આવશ્યક યજ્ઞ છે. પ્રામાણિક લોકો ભૂખે મરે છે. તેઓ રેંટિયો કાંતીને પેટ ભરી શકે. પરંતુ બીજા બધા એમના નિમિત્તે રોજ ઈશ્વરનું નામ લેતા લેતા રેંટિયો ફેરવે.

[મૂળ હિંદી]

હિંદી નવજીવન, ૨૨-૬-૧૯૨૪

## ૧૫૩. ગંગાબહેન વૈદ્યને પત્ર

જેઠ વદ ૬ [જૂન ૨૨, ૧૯૨૪][1]

પૂ. ગંગાબહેન,

તમારો કાગળ મળ્યો. તમે એક માસમાં આવી શકશો એ જાણી રાજી થયો છું.[2] જ્યારે આપણે દુ:ખી હોઈએ ત્યારે બીજાનો માનવાને બદલે આપણો પોતાનો વાંક માનવો એ અવશ્ય સારું છે.

તમે છોકરીનો ત્યાગ ન જ કરી શકો. તમારા પુત્રની[3] સાથે સમજણ કરી ઠીક વખત તમે દૂર રહો તો . . . શાંત થાય એમ હું માનું છું. જો એવો થોડી મુદતનો વિયોગ અસંભવિત હોય તો દુ:ખ અનિવાર્ય સમજી વેઠી લેવું જોઈએ. મોટા દીકરાથી મા નોખી રહે એમાં નવાઈ જ નથી. તમારો પુત્ર આજ્ઞાંકિત છે એટલે તમને વિયોગમાં પણ અડચણ ન જ આવે એમ માનું છું. તમને જોઈતા પૈસા તે પૂરા પાડયા કરે તેમાં . . .ને જાણવાપણું કે કહેવાપણું ન જ હોય. આમ કરવામાં પણ પૂરી મીઠાશ હોય તો છેવટે મેળાપ થાય જ. આનું જ નામ કૌટુંબિક અસહયોગ. જે અસહયોગ સહયોગને ખાતર હોય તે ધર્મ્ય છે.

મોહનદાસના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્ર પરથી: સી. ડબલ્યુ. ૬૦૧૨; શ્રીમતી ગંગા-બહેન વૈદ્યના સૌજન્યથી તથા બાપુના પત્રો – ૬ ગં. સ્વ. ગંગાબહેનને

૧ અને ૨. ગંગાબહેન વૈદ્ય પોતાની પુત્રીનાં બે બાળકો સાથે ૧૯૨૪માં આશ્રમમાં ગયાં હતાં. એ વરસે જેઠ વદ ૬ જૂનની ૨૨મીએ આવતી હતી.

૩. પુત્રસમા ભત્રીજા બચુભાઈ ભીમજી રામદાસ.

Gandhi Heritage Portal

## ૧૫૪. વસુમતી પંડિતને પત્ર

જેઠ વદ ૭ [જૂન ૨૩, ૧૯૨૪][1]

ચિ. વસુમતી,

તમારો કાગળ સુંદર અક્ષરવાળો મળ્યો છે. હવે તો ૫ દોકડા અપાય એવું લાગે છે. કૉપી મોકલીશ.

ઘણા સુધારા કરવાના હોય તેમાંથી થાય એટલા મુખ્ય શોધી તેને વળગી રહીએ તો બીજા તેની મેળે થાય છે.

માનસિક દુઃખ રાખવાની તો મનાઈ જ સમજવી. મન એ જ આપણો શત્રુ છે ને મિત્ર છે. એને અંકુશમાં રાખવાનું કામ તો આપણું જ છે. એને સારુ કોઈ દાક્તરી પડીકીની જરૂર નથી પડતી. તમારા માનસિક દુઃખમાં મને પૂરો ભાગ આપજો. તમે મને પ્રથમ મળ્યાં ત્યારથી જ મારી આંખ તમારી ઉપર ઠરી છે. ત્યારથી જ મેં તમને એક સુશીલ દીકરી તરીકે ગણેલ છે. હું જાણું છું કે હું તમારા દુઃખમાં ધારું તેટલો ભાગ નથી લઈ શક્યો કેમ કે તમને એટલો વખત નથી આપી શક્યો. એ મારું અપંગપણું બતાવે છે. માનસિક દુઃખ તો કાઢી જ નાખજો. એ જ ખરો ને કહીએ તો એક જ સુધારો છે.

રામદાસને તમારો કાગળ આપીશ. તે આવવા ઇચ્છશે તો નહીં રોકું.

બાપુના આશીર્વાદ

મેં જેઠ વ. ૦)) લખ્યાનું તો યાદ નથી. લખાયું હોય તો તે કેવળ સરતચૂક.

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્ર પરથી: સી. ડબલ્યુ. ૫૪૭; શ્રીમતી વસુમતી પંડિતના સૌજન્યથી

૧. ગાંધીજીએ વસુમતી પંડિતને ૧૯૨૪ના જૂનની ૧૩મી, ૧૯મી અને ૨૦મીએ પત્ર લખ્યા હતા. તે પરથી ફલિત થાય છે કે આ પત્ર પણ એ જ વરસમાં લખાયો હતો. ૧૯૨૪માં જેઠ વદ ૭ જૂનની ૨૩મીએ હતી.

Gandhi Heritage Portal

# ૧૫૫. ઍસોસિયેટેડ પ્રેસ ઑફ ઇન્ડિયાને[1] મુલાકાત

[અમદાવાદ,
જૂન ૨૪, ૧૯૨૪]

શ્રી ગાંધીને એમ પૂછવામાં આવ્યું કે આપે જે કંઈ જોયું તે ઉપરથી આપને હજી પણ ખાતરી છે કે આપ અંદર અંદરનો કલહ ટાળી શકશો? એમણે જવાબ આપ્યો:

જરૂર. આંતરિક ઝઘડા અટકાવી શકાય એ માટે નિરાશ થવું પડે એવું કશું મને દેખાતું નથી. આંતરિક ઝઘડા એટલે શું એ બાબતમાં મતભેદ હોઈ શકે. પરંતુ બેહૂદા ઝઘડા તો નહીં જ થાય એ વિષે મારા મનમાં સહેજ પણ શંકા નથી. અખિલ હિંદ કૉંગ્રેસ સમિતિના સભ્યો સ્વરાજવાદીઓ હોય કે નાફેરવાદીઓ હોય, હું માનું છું કે એમનામાં એટલો દેશપ્રેમ તો છે જ કે તેઓ બીજા કોઈ પણ પ્રશ્ન કરતાં દેશહિતનો વિચાર પહેલો કરશે. એ સંપૂર્ણ રીતે સાચું છે કે હું જેટલો મારા વિચારો માટે આગ્રહી છું એટલા જ સ્વરાજવાદીઓ પોતાના વિચારો માટે આગ્રહી છે. પરંતુ દેશપ્રેમની બાબતમાં મારી જાતને હું જેટલો યશ આપું છું તેટલો જ એમને પણ આપું છું. આમ હોવાથી એવું એક પણ કારણ નથી જેને લીધે બંને વિચારસરણીવાળા લોકો માટે પોતપોતાના વિચારો પ્રમાણે કામ કરી શકાય એવી સમજૂતી પર આવવું અશક્ય બને.

"આપને એમ નથી લાગતું કે રેંટિયો ચલાવવાનું કામ જુવાન કાર્યકર્તાઓ માટે ખૂબ જ નીરસ છે?" એવા બીજા પ્રશ્નના જવાબમાં શ્રી ગાંધીએ કહ્યું:

રેંટિયો ખૂબ જ નીરસ તો કેવળ એવા લોકોને લાગે છે જેમણે એ ચલાવ્યો નથી અને જેમણે એનું અર્થશાસ્ત્ર તથા દેશની એકતા સાધવાની એની શક્તિ વિષે વિચાર કરવાની તસદી લીધી નથી. પશ્ચિમના લેખકોએ ત્યાંના સંજોગો પરથી તારવેલા રાજદ્વારી અર્થશાસ્ત્રના સિદ્ધાંતો મુજબ વિચારતાં શીખેલા લોકોએ આ દેશના વિશિષ્ટ સંજોગો ધ્યાનમાં લીધા જ નથી. મેં ફરી ફરીને કહ્યું છે તે પ્રમાણે આ દેશના સંજોગો એની પોતાની નિરાળી સમસ્યા ઊભી કરે છે. મેં હિમાયત કરી છે એવી અનેક બાબતો વિષે ભલે ગમે તે ફેંસલો કરવામાં આવે, પણ રેંટિયા વિષે તો ઇતિહાસ એક જ ફેંસલો આપશે કે એ એક જ વસ્તુ એવી છે જે હિંદુસ્તાનને પોતાના પગ પર ઊભું કરી શકે. હું જાણું છું કે આમાં મુસીબતો બહુ મોટી છે. પરંતુ એ એવી નથી કે જે પાર ન કરી શકાય. અને એવરેસ્ટ પર્વતની ટોચે પહોંચવા જેટલી મોટી તો એ મુસીબતો નથી જ. એ સાહસમાં થોડા બહાદુર અંગ્રેજો જ્યારે સફળ થશે ત્યારે દુનિયાને એનાથી શો ફાયદો થશે તે કહેવાનું મારે નિષ્ણાતો પર છોડવું જોઈશે. પરંતુ રેંટિયાની સફળતાનો અર્થ શો થાય એ કહેવા માટે કોઈ નિષ્ણાતની જરૂર નથી. મને તો ખાતરી છે કે આ સાદી જણાતી શોધમાં રહેલી શક્યતાઓનો કૉંગ્રેસના કાર્યકરોને જ્યારે જાતઅનુભવ થશે

૧. ઍસોસિયેટેડ પ્રેસ ઑફ ઇન્ડિયાના એક ખાસ પ્રતિનિધિએ સાબરમતી આશ્રમમાં બપોર પછી ગાંધીજીની મુલાકાત લીધી હતી.

Gandhi Heritage Portal

ત્યારે માન્યામાં ન આવે એટલા ટૂંકા સમયમાં રેંટિયાનું સ્થાન હિંદનાં ઘરોમાં સાદા ગ્રામ-ચૂલાથી માત્ર બીજા નંબરે જ હશે.

[મૂળ અંગ્રેજી]

હિન્દુ, ૨૫–૬–૧૯૨૪

## ૧૫૬. મહાસમિતિના સભ્યોને

[જૂન ૨૬, ૧૯૨૪ પહેલાં]

પ્રિય મિત્રો,

સારા કે નરસા માટે મહાસભાને પ્રજાનું વધારેમાં વધારે પ્રતિનિધિત્વ આપવામાં આપણે યોગ્ય જ કર્યું છે. મારા ધારવા પ્રમાણે મહાસભાનું બંધારણ પ્રજાના પૂરેપૂરા પ્રતિનિધિત્વને માટે યોજાયેલું હોઈ લગભગ નિર્દોષ છે. પણ આપણે પોતે અપૂર્ણ હોવાથી તેનો અમલ આપણે ઘણી બેદરકારીથી કર્યો છે. આપણા મતદારોનું રજિસ્ટર હિંદુસ્તાનના ઘણા ભાગોમાં લગભગ કોરું થઈ ગયું છે કહું તો ચાલે. પણ એ બધું છતાં ચાળીસ વર્ષ થયાં ટકી રહેલી અને અનેક વાવાઝોડાં વચ્ચે ઊભી રહેલી સંસ્થા દેશમાં સૌથી વધારે સત્તાવાન રહેવી જ જોઈએ. આપણે પોતાને એના ચૂંટાયેલા પ્રતિનિધિઓ માનીએ છીએ.

સને ૧૯૨૦માં મહાસભાએ એક ઠરાવ[1] એવો યોજ્યો હતો કે જેના અમલથી એક વરસમાં સ્વરાજ મળે, અને એ એક વરસની અંદર સ્વરાજ લગભગ આપણા હાથમાં હતું. પણ તે તે વેળા હાથમાં આવતું અટક્યું તેથી હમણાં આપણને એમ માની બેસવાનો કશો અધિકાર નથી કે એ અનિશ્ચિત મુદતને માટે મુલતવી રહ્યું છે. ઊલટા આપણે તો પહેલાંના જેવી જ આશાવાદી વૃત્તિ રાખવી જોઈએ. ખાસ કરીને સ્વરાજ તુરત મેળવવાનો આપણો નિશ્ચય હોવો જ જોઈએ — તુરત એટલે હાલના થિજાવનારા વાતાવરણમાં આપણને આશા રહે તેના કરતાં વધારે જલદી.

આ જ વૃત્તિથી મેં આપની સમક્ષ રજૂ કરવાને માટે મારા ઠરાવો ઘડ્યા છે. હવે તો દેશની આગળ તેમને પહોંચી ગયે એક અઠવાડિયું થયું. તેની વિરુદ્ધ કરવામાં આવેલી કેટલીક ટીકા મેં વાંચી છે. હું માનું છું કે મને મારા નિશ્ચયોને વિષે દુરાગ્રહ નથી, મારે કોઈ સ્વાર્થ પણ નથી અથવા જો કોઈ સ્વાર્થ હોય તો તે આપણા સ્વરાજ્યના માર્ગમાં નડતા દરેક વિઘ્નને નિર્મૂળ કરવાને કામ આવે એવું સાધન મેળવવાનો જ છે.

ખાદીમાં મને શ્રદ્ધા છે. રેંટિયામાં મને શ્રદ્ધા છે. આ વસ્તુનાં બે સ્વરૂપ છે. એક રુદ્ર અને એક સૌમ્ય.

તેના રુદ્ર સ્વરૂપથી પ્રજાને સંપૂર્ણ રીતે સ્વાશ્રયી બનાવવાને માટે જોઈતો એક જ બહિષ્કાર — એટલે પરદેશી કાપડનો બહિષ્કાર — સિદ્ધ થશે. એ બહિષ્કારથી આપણો તેજોવધ કરનારા, આત્માને હણનારા, બ્રિટિશ સ્વાર્થનો નાશ થઈ શકશે. અને તેમ કરી શકીશું તો જ આપણે

૧. જુઓ પુસ્તક ૧૯, પરિશિષ્ટ ૧.

Gandhi Heritage Portal

બ્રિટિશ રાજ્યધુરંધરોની સાથે સમાન નાતે વાત કરી શકીશું. આજે તો તેઓ સ્વાર્થથી આંધળા થયેલા છે, જેમ તેમની જગાએ આપણે હોઈએ તો આપણી પણ તેવી જ સ્થિતિ હોય.

એ શ્રદ્ધાનું સૌમ્ય સ્વરૂપ એટલે ગામડાંની પ્રજાને માટે નવજીવન અને આશા. લાખો ભૂખ્યાંની ખાદીએ ભૂખ ભાંગશે. ખાદીના તારથી જ ગામડાંઓની સાથે આપણે એકતાર થઈ શકીશું. હિંદુસ્તાન પોતાનું કાપડ ઉત્પન્ન કરી લે એના જેવું ઉત્તમ શિક્ષણ લાખો લોકોને માટે બીજું કયું? એ જીવનદાયી છે. એટલે મહાસભાને સ્વરાજ મળે ત્યાં સુધી કેવળ ખાદી ઉત્પન્ન કરનારું ખાદીપ્રચારક મંડળ બનાવી મેલવામાં મને જરાયે સંકોચ ન થાય; જેમ જો હું શસ્ત્રબળમાં માનતો હોઉં અને ઈંગ્લંડની સામે કેસરિયાં કરવાની મારી વૃત્તિ હોય તો મહાસભાને કેવળ શસ્ત્રબળની જ તાલીમ આપનારી સંસ્થા કરી મૂકતાં મને સંકોચ ન થાય. ખરી રીતે રાષ્ટ્રીય બનવાને માટે જે કાર્ય પ્રજાને વહેલામાં વહેલું સ્વરાજની લગોલગ લઈ જાય તે જ કાર્યમાં મહાસભાએ પરાયણ થઈ જવું જોઈએ.

સ્વરાજ આપવાની ખાદીમાં તાકાત છે એવી મારી શ્રદ્ધા હોવાને લીધે આપણા કાર્યક્રમમાં મેં એને પ્રથમ સ્થાન આપ્યું છે. તમને જો એ શ્રદ્ધા ન હોય તો તમે મારો કાર્યક્રમ ઘસીને ફગાવી દેતાં ન અચકાશો.

પણ જો તમને ખાદીને વિષે શ્રદ્ધા હોય તો મેં જે વસ્તુ માગી છે તે અલ્પમાં અલ્પ માગણી છે એમ ખચીત માનજો. હું તમને ખાતરી આપું છું કે તમારા ઉપર અયોગ્ય દબાણ થશે એવો ભય મને ન હોત તો એક ભૂંડા અડધા કલાકને બદલે રોજ ખાસા ચાર કલાક રેંટિયો કાંતવાની તમને આજીજી કરતાં મને મુદ્દલ સંકોચ ન થાત.

આ સંબંધમાં સ્વરાજીઓ વિષેની મારી અશ્રદ્ધા મારે કબૂલ કરવી જોઈએ. મને ભાસે છે કે ખાદી ઉપરથી એમનો ભાવ હવે ઓછો થવા લાગ્યો છે. ઘણા સ્વરાજીઓ ખાદીને તિલાંજલિ આપી હવે પરદેશી વસ્ત્ર પહેરે છે એ જાણી મને અતિશય દુ:ખ થયું. કોઈ કોઈએ તો એવી પણ ધમકી આપી છે કે હમણાં તમે અમારી પાછળ પડ્યા છો એમ ને એમ જ પડ્યા રહેશો તો અમે ખાદી અને રેંટિયાનો સદંતર ત્યાગ કરીશું. મને કહેવામાં આવ્યું છે કે ઘણા નાફેરવાદીઓની પણ આ જ દશા છે. હજી તેઓ પ્રસંગોપાત્ત ખાદી પહેરે છે, પણ ઘરમાં તો પરદેશી અગર તો મિલનું કાપડ પહેરતાં અચકાતા નથી. મને રાજી રાખવા ખાતર ખાદી પહેરવી એ તો વળી છેક જ ભૂંડું છે. અને ખાસ પ્રસંગોએ ખાદી પહેરવી એ દંભ છે. ખુશામત અને દંભનો આપણામાંથી સદંતર બહિષ્કાર થવો જોઈએ એમ તમે નથી કબૂલ કરતા? જો તમને ખાદીની તાકાતમાં શ્રદ્ધા હોય તો તમે હું તેનો આગ્રહ કરું છું તેટલા સારુ નહીં પણ એ તમારી જિંદગીની સાથે વણાઈ ગયેલી વસ્તુ છે એટલા ખાતર તમારે તેને ગ્રહણ કરવી રહી. વાઈસરૉયને ત્યાં કંઈક ખાસ પ્રસંગ હોય તે વેળા જવાને માટે ખાસ પોશાક પહેરવાનો હોય છે એ મારી જાણબહાર નથી. આ પછીનું તરતનું બીજું પગલું ખાદીની બિલકુલ મનાઈ રૂપે લેવાય તો નવાઈ ન ગણાય. વળી એક પગલું આગળ, એટલે મોટી અને નાની બંને ધારાસભાઓમાં ખાદીની મનાઈ સમજવી.

બીજો મુશ્કેલ સવાલ ધંધો કરનારા વકીલોનો છે. મને સ્પષ્ટ ભાસે છે કે જો આપણે તેમના વિના મહાસભા ન ચલાવી શકીએ તો આપણે એ વાત સાફ સાફ કબૂલ કરી લેવી જોઈએ, અને બહિષ્કાર ઉઠાવી લેવો જોઈએ. હું એ પણ કબૂલ કરવાને તૈયાર છું કે

Gandhi Heritage Portal

ધારાસભાઓનો બહિષ્કાર બંધ થયો એટલે તેની પાછળ અદાલતોનો બહિષ્કાર બંધ થયો જ. ધારાસભાઓમાં જવાથી કંઈક રાહત મળી શકતી હોય તો અદાલતમાં જવાથી પણ તેવી રાહત જરૂર મળે છે. સ્વર્ગસ્થ મનમોહન ઘોષે પોતાની વકીલાતની આખી કમાણી ગરીબોને માટે વાપરીને જે ભારે સેવા બજાવી છે તે આપણે સૌ જાણીએ છીએ. સરકારી સંસ્થાઓમાં મોહ પમાડે એવું કંઈ જ ન હોત તો તે અત્યાર સુધી શેની ટકી જ રહી હોત? પણ તેમાં અમુક મોહ રહેલો છે એ કંઈ આજની નવી શોધ નથી. આપણું તો શુદ્ધ નિર્ભેળ આત્મબલિદાનનું યુદ્ધ છે. આ સંસ્થાઓથી થનારો શક્ય અને ક્ષણિક લાભ આપણે છોડયો અને દેશના શાશ્વત કલ્યાણનો આપણે વિચાર કર્યો. હવે જો આપણામાં આબરૂ જેવી કશી ચીજ હોય તો આંધ્ર, કર્ણાટક વગેરે પ્રાંતોમાં જેમની વકીલાતની સનદો રદ કરવામાં આવી તેમની ખાતર પણ અદાલતોનો બહિષ્કાર આપણે ચાલુ ન રાખવો જોઈએ? આપણામાંના અલ્પમાં અલ્પની પણ ઈજ્જત જાળવીને જ આપણે ઈજ્જતની તવારીખ ઘડી શકવાના છીએ. એટલે વકીલાત કરનારા વકીલો સાવધાન થાઓ. ઈજ્જતના વિચારની આગળ ગૃહસ્થિતિના ખ્યાલને પ્રાધાન્ય ન જ મળી શકે. એમ ન માનશો કે ઈજ્જતનો ખ્યાલ આપણામાંથી બિલકુલ નાબૂદ થવા દઈને પણ આપણે થોડા વખતમાં સ્વરાજ મેળવી શકીશું. મહાસભા જ્યાં સુધી ટેકીલા, મગરૂર, સ્વમાની, તેજીલા, નિ:સ્વાર્થી, આત્મત્યાગી અને કોઈ પણ ભોગ આપતાં પાછા ન પડનારા દેશભક્તો ઉત્પન્ન ન કરી શકે ત્યાં સુધી આપણા ગરીબ દેશને માટે, રાંકમાં રાંક જેને ભોગવી શકે એવું સ્વરાજ સ્વપ્નવત્ છે. તમે અને હું દેશની નિચોવણીમાંથી આજે મળે છે તેના કરતાં કદાચ મોટા કોળિયા મેળવવા પામીએ, પણ મને ખાતરી છે કે તમે તેને સ્વરાજ ન જ કહો.

શિક્ષણસંસ્થાઓના બહિષ્કાર વિષે મારે કશું કહેવાની જરૂર છે? જો આપણાં બાળકોને સરકારી નિશાળોમાં મોકલવાનો મોહ આપણે ન રોકી શકીએ તો રાજ્યતંત્ર સામેનો તમારો વિરોધ હું તો નથી સમજી શકતો. જો સરકારી નિશાળો, અદાલતો અને ધારાસભાઓ વિષે આપણને મોહ થાય એવું તેમાં કશું હોય તો આપણો વિરોધ એ તંત્રની સામે ન થયો પણ તંત્ર ચલાવનારાઓની સામે થયો. અસહકાર આથી વધારે ઉન્નત હેતુને માટે યોજાયો હતો. જો આપણો આશય એટલો જ હોય કે સરકારી ખાતાંઓમાં અંગ્રેજોની જગાઓ આપણા લોકો ભરી મૂકે, તો હું કબૂલ કરું છું કે આ બહિષ્કારો નિરર્થક જ નહીં પણ હાનિકર્તા છે. સરકારના ધોરણનું અંતિમ પરિણામ હિંદુસ્તાનને જંગલા બનાવી મૂકવામાં જ આવે; અને આપણે જંગલા બન્યા કે લાગલા જ આપણા અંગ્રેજ શેઠો રાજની લગામ આપણા હાથમાં સોંપી દેશે. તેઓ સુખે આપણને તેમના આડતિયા તરીકે સ્વીકારશે. આ પ્રાણઘાતક ક્રિયામાં મારો હિસ્સો તેનો અંત લાવવાના પ્રયત્ન સિવાય બીજો હોઈ જ ન શકે. મારું સ્વરાજ આપણી સંસ્કૃતિનો આત્મા અમર રાખવામાં રહેલું છે. હું અનેક નવી વસ્તુઓ લખવા માગું છું પણ તે હિંદી ધરતી ઉપર જ લખાવી જોઈશે. પશ્ચિમની પાસેથી લીધેલી વસ્તુ ઘટતા વ્યાજ સાથે હું પાછી વાળી શકીશ ત્યારે પશ્ચિમની પાસે કરજ લેતાં હું નહીં અચકાઉં.

મેં તમારી આગળ રજૂ કર્યા તે સ્વરૂપમાં પાંચે બહિષ્કાર મહાસભાના પ્રાણસમા છે, પ્રજાના સ્વરાજના પ્રાણસમા છે.

આવા મહાપ્રશ્નનો નિર્ણય કેવળ હાથ ઊંચા કરાવીને ન જ થઈ શકે, ન દલીલથી તેનો ફેંસલો લાવી શકાય. એનો તો આપણામાંના દરેકે પોતપોતાના અંતરનો નાદ સાંભળીને જ

Gandhi Heritage Portal

નિર્ણય કરવો રહ્યો. એટલે કે આપણે દરેકે અંતર્મુખ થઈ સ્પષ્ટ માર્ગ દાખવવા માટે ઈશ્વરની આજીજી કરવી રહી.

આ સ્વાતંત્ર્યનું યુદ્ધ તમારે ને મારે માટે રમત નથી. આપણી જિંદગીની એ ગંભીરમાં ગંભીર વસ્તુ છે. એટલે જો મેં ઘડયો છે તે કાર્યક્રમ તમને પસંદ ન આવે તો તમે બેલાશક તેને ફેંકી જ દેજો.

માતૃભૂમિની સેવામાં
તમારો સાથી
**મોહનદાસ કરમચંદ ગાંધી**

[મૂળ અંગ્રેજી]
यंग इन्डिया, २६–६–१९२४
ભાષાંતર : नवजीवननो વધારો, ૨૯–૬–૧૯૨૪

# ૧૫૭. મારા જેલના અનુભવ – ૯

## કેટલાક કેદી વૉર્ડરો – ૧

કેદીઓને જેલના અમલદાર અથવા વૉર્ડર નીમવાની પ્રથા વિષે હું લખી ચૂક્યો. એ પ્રથાને હું તદ્દન ખરાબ અને અનીતિકારક માનું છું. જેલના અમલદારોને પણ એ વાતની ખબર છે. તેઓ કહે છે કે કરકસરને લીધે આમ કરવું પડે છે. તેઓ માને છે કે હાલના પગારદાર નોકરો ઉપરાંત કેદી નોકરો ઉમેરવામાં ન આવે તો જેલની સુવ્યવસ્થા થઈ ન શકે. છેલ્લા પ્રકરણમાં મેં જે સુધારો સૂચવ્યો છે તે દાખલ કરવામાં ન આવે તો કેદીઓને જવાબદારીનું કામ સોંપ્યા વિના ન ચાલે, અથવા તો જેલનું ખર્ચ બહુ વધી જાય.

છતાં આ પ્રકરણમાં હું જેલસુધારા વિષે વધુ કહેવા ઈચ્છતો નથી. કેટલાક કેદી અમલદારો જેમને અમારી દેખરેખ અને દરકાર રાખવાને નીમવામાં આવ્યા હતા તેમની સાથેના મારા કેટલાક સુખદ અનુભવો જ હું કહીશ.

જ્યારે ભાઈ બૅંકરને અને મને યરવડા સેન્ટ્રલ જેલમાં લઈ જવામાં આવ્યા ત્યારે અમારા ઉપર એક વૉર્ડર અને એક બરદાસી મૂકવામાં આવેલ હતો. બરદાસી એટલે બરદાસ કરનારો નોકર. પેલા જે કેદી વૉર્ડરની સાથે અમારે પહેલું ઓળખાણ થયું તે પંજાબ તરફનો હિંદુ હતો. એનું નામ હરકરણ હતું. એ ખૂનને માટે ગુનેગાર ઠર્યો હતો. તેના કહેવા પ્રમાણે તેણે ઈરાદાપૂર્વક ખૂન નહોતું કર્યું પણ ક્રોધના આવેશમાં કર્યું હતું. તેનો ધંધો પરચૂરણ દુકાનદારીનો હતો. તેને ચૌદ વર્ષની સજા હતી જેમાંનાં લગભગ નવ વર્ષ તો એણે પૂરાં કર્યાં હતાં. એની ઉંમર ઠીક મોટી કહેવાય. જેલજીવનની તેના ઉપર અસર દેખાતી હતી. હમેશાં તે વિચારમાં મશગૂલ રહેતો, અને છૂટવાની આતુરતાથી રાહ જોતો. આ કારણથી તે અતિશય મૂંજી અને ચીડિયો હતો. તેને પોતાના હોદ્દાનું ભાન હતું. તેનું જે માનતા અને તેની જે સેવા કરતા તેમના ઉપર તેના ચારે હાથ હતા. જે તેની આડે આવતા તેને તે ડરેલા રાખતો. દેખે તો તે ખૂનનો ગુનેગાર હોય એમ ભાગ્યે જ કોઈને લાગે. તે ઉર્દૂ સડસડાટ વાંચી શકતો. ધાર્મિક વૃત્તિનોયે હતો, અને ઉર્દૂ ભજનો વાંચવાનો તેને શોખ હતો. યરવડા જેલના પુસ્તકાલયમાં અનેક હિંદી ભાષામાં

Gandhi Heritage Portal

લખાયેલી ચોપડીઓ કેદીઓ માટે છે. આમાં હિંદી, ઉર્દૂ, ગુજરાતી, મરાઠી, સિંધી, કાનડી અને તામિલ આવી જાય છે. જેલનિયમોને ઊંચા મૂકીને નાની નાની વસ્તુઓ પોતા પાસે સંતાડી રાખતાં તે ન અચકાતો. કારણ તેના મતના બીજા ઘણાય હતા. નાની નાની વસ્તુઓને ન ચોરવી એ તો વાયડાઈ અને મૂર્ખાઈ ગણાય. આ અણલખેલો કાયદો ન માનનારા કેદીની બીજા કેદીઓ બૂરી વલે કરતા. ઓછામાં ઓછી સજા અસહકાર ગણાતી. જેલના કમ્પાઉન્ડની બધી જમીન એક ફૂટ ખોદી નાખવામાં આવે તો તેમાંથી ચમચા, ચપ્પુ, વાસણો, સિગારેટ, સાબુ અને એવી એવી અનેક સંતાડેલી વસ્તુઓ નીકળે. હરકરણ તો યરવડામાં ઘરડો થયેલો હતો એટલે કેદીઓના તે મુખ્ય મોદી જેવો જ થઈ પડયો હતો. કેદીને કંઈ પણ જોઈએ તો હરકરણ તે લાવી આપવાનો. એક વાર રોટી ને લીંબુ કાપવાને માટે મને છરી જોઈતી હતી. હરકરણની મારફતે હું એ મગાવત તો જરૂર તે લઈ આવત. સુપરિન્ટેન્ડેન્ટની પાસે માગણી કરવાની લપમાં મારે પડવું હોય તો ભલે પડું, ત્યાંથી ઠપકો મેળવવાને પણ મારે તૈયારી રાખવી જ જોઈએ. આખરે અમે જ્યારે મિત્રો થયા ત્યારે તેણે પોતાનાં બધાં અદ્‌ભુત પરાક્રમો મને વર્ણવી સંભળાવ્યાં—અમલદારોને ઠગવાની વાતો, પોતાને માટે અને બીજાને માટે અનેક મનપસંદ ચીજો મેળવવાની વાતો, કેદીઓ પોતાને જોઈતી વસ્તુ મેળવવાને માટે કેવી કેવી યુક્તિઓ રચતા તેની વાતો અને એવી યુક્તિ વિના જેલમાં ન જીવી શકાય એવો તેમનો અભિપ્રાય તે બહુ વિસ્તારથી અને ખૂબ બડાશથી કહેતો. તેના પરાક્રમમાં મને કશો રસ ન પડતો કે તેના ધંધામાં કશો હિસ્સો લેવાને મારું મન ન થતું એ જોઈને તેને ત્રાસ છૂટતો. મારી આગળ એવી એવી વાત કરવાની તેનાથી જે ભૂલ થઈ ગઈ હતી તેને કંઈક સુધારી લેવાનો તેણે પાછળથી પ્રયત્ન કર્યો હતો અને મને ખાતરી આપી હતી કે “હું તમે કહો છો તે સમજ્યો છું. હવે નિયમોનો આવી રીતે ભંગ નહીં કરું.” પણ મને શક છે કે આ પશ્ચાત્તાપ ઉપર ઉપરનો જ હતો. પણ વાચકે આ બધી વાતોથી એવું ન સમજવું કે જેલઅમલદારોને આ નિયમભંગોની ખબર નથી હોતી. એ તો જગજાહેર છે. તેમને એ બધી વાતોની ખબર હોય છે એટલું જ નહીં પણ સુખમાં અને ચેનમાં રહેવાને માટે આવી યુક્તિઓ કરનારા કેદીઓ માટે તેમને ઘણી વાર સમભાવ પણ હોય છે. એ અમલદારો “તું તારે રસ્તે અને હું મારે રસ્તે”ના સિદ્ધાંતમાં માનનારા હોય છે. ઉપરીઓની રૂબરૂ જે બરોબર વર્તન રાખે, તેમના હુકમ માને, પોતાના સાથીઓ સાથે લડે નહીં અને અમલદારોને કનડે નહીં એવા કેદીઓને વધારે સુખ મેળવવાને માટે ગમે તે નિયમ તોડવાની છૂટ છે એમ કહી શકાય.

વારુ, ત્યારે હરકરણની સાથે પહેલું ઓળખાણ કંઈ ખાસ મીઠું નહીં કહી શકાય. એ જાણતો હતો કે અમે “મોટા દરજ્જા”ના કેદીઓ હતા. પણ તેનો દરજ્જો કંઈ નાનો ન હતો. તે એક અમલદાર અને લાંબી આબરૂભરી નોકરી બજાવ્યાનું તેની ટિકિટમાં નોંધાયેલું હતું. એને કોઈની શરમ પડે એમ નહોતું. અમે ગયા તેને બીજે જ દિવસે બૅંકરને મારી પાસેથી ખસેડવામાં આવ્યા, એટલે હરકરણે પોતાની સત્તાનો પૂરેપૂરો દોર મારા ઉપર ચલાવવા માંડયો. “તમારે ફલાણું ન કરવું, ઢીંકણું ન કરવું, ધોળી લીટી (હકીમજીના કાગળમાં મેં વર્ણવેલી ધોળી લીટી) બહાર ન જવું.” પણ તેનું વેર વાળવાનો અથવા તેની સામા થવાનો મને તો જરા સરખોયે ખ્યાલ ન હતો. હું મારા પોતાના કામ અને અભ્યાસમાંથી પરવારું તો જ મને હરકરણના નાદાન અને બાલિશ હુકમોનો વિચાર કરવાનો વખત મળે ને? મને તો ઘડીક ગમ્મત પડતી. હરકરણને પાછળથી પોતાની ભૂલ માલૂમ પડી. જ્યારે તેણે જોયું કે તેની ઘાલમેલથી હું ચિડાતો

Gandhi Heritage Portal

નહીં, કે તેની કશી દરકાર કરતો નહીં ત્યારે તે બાઘો બન્યો. આવા પ્રસંગને માટે એ તૈયાર નહોતો. એટલે તેને માટે રહેલો એકમાત્ર માર્ગ તેણે પસંદ કર્યો. તે એ કે તેણે મારો અને તેની પોતાની વચ્ચેનો ભેદ સ્વીકાર્યો, અને તેને અનુકૂળ થવાની મેં ના પાડી એટલે તે મને અનુકૂળ થવા લાગ્યો. મારા અહિંસાત્મક અસહકારને પરિણામે તેણે મારી સાથે સહકાર કર્યો. વ્યક્તિ વ્યક્તિ વચ્ચે, સમાજ સમાજ વચ્ચે, સરકાર અને પ્રજા વચ્ચે ચાલતા બધા અહિંસાત્મક અસહકારનું પરિણામ હાર્દિક સહકારમાં આવ્યા વિના રહે જ નહીં. ગમે તેમ હો, હરકરણ ને હું પાકા દોસ્ત બન્યા. અને બૅંકરને મારી પાસે આવવાની રજા મળી ત્યારે તેણે કંઈ કસર હતી તેટલી પૂરી કરી. જેલમાં ભાઈ બૅંકરનું એક કામ મારી દાંડી પીટવાનું હતું. તેમને એમ લાગ્યું કે હરકરણ અને બીજાઓ મારી મોટાઈ પૂરી સમજ્યા નહોતા. બેત્રણ દિવસમાં તેમણે મને લાડકવાયો લાલ કરી મૂક્યો. ઓરડો વાળવાનું અને કામળા સૂકવવાનું મારું કામ મારા જેવા "મોટા" માણસને કરવા દેવાય? અગાઉથી જ હરકરણ મારે માટે અર્ધોઅર્ધો તો થઈ જતો હતો, પણ હવે તો તેની વધારે પડતી માવજતથી હું અકળાવા લાગ્યો. કંઈ પણ મારે હાથે કરવું, અરે એક નાનકડો રૂમાલ ધોવો, એ પણ મારે માટે અશક્ય થઈ પડ્યું. હરકરણ મને ધોતો સાંભળે કે તરત નાહવાની ઓરડીમાં દોડી આવે અને મારી પાસેથી રૂમાલ ઝૂંટવી લે. હરકરણ અમારે માટે કંઈક ગેરકાયદેસર કરી રહ્યો છે એવી અમલદારોની શંકા થઈ, કે પછી કંઈ પણ ઈરાદા વિના, પણ હરકરણને અમારી પાસેથી ખસેડવામાં આવ્યો. અમને તો દુઃખ થયું જ, પણ હરકરણને અમારા કરતાં કદાચ વધારે દુઃખ થયું હશે. અમારી સાથે તેને બાદશાહી ભોગવવાની હતી. તેને જોઈએ એટલું ખાવાનું મળતું. અને તે પણ ખુલ્લી રીતે અમારા ખોરાકમાંથી. કારણ મિત્રો બહારથી ફળ મોકલતા, એટલે અમારું ખાવાનું વધી પડતું. અને અમારી તો કીર્તિ ચારે દિશામાં સંભળાતી હતી, એટલે અમારી સાથેના સમાગમને લીધે બીજા કેદીઓમાં હરકરણનો દરજ્જો વધી ગયો હતો.

મને જ્યારે કોટડીના વરંડામાં સૂવાની રજા મળી ત્યારે અમલદારોએ ધાર્યું કે મને એક જ વૉર્ડરને ધીરવો એમાં જોખમ રહેલું છે. કદાચ નિયમ જ એવા હશે કે જેની કોટડી ખુલ્લી રાખવામાં આવે તેના ઉપર દેખરેખ રાખનારા બે વૉર્ડરો મૂકવા જોઈએ. કદાચ મારા રક્ષણ માટે પણ એક વૉર્ડર વધારવામાં આવ્યો હોય. ગમે તે કારણ હોય પણ રાતના પહેરો ભરવા માટે એક નવો વૉર્ડર મૂકવામાં આવ્યો. એનું નામ શાબાશખાન. મેં કદી કારણ પૂછ્યું નથી પણ મને લાગેલું કે હિંદુ હરકરણનું સાટું વાળવા માટે મુસલમાન વૉર્ડરને રાખવામાં આવ્યો હતો. શાબાશખાન એક જોરાવર બલૂચી હતો. એ હરકરણની સાથે જ જેલમાં દાખલ થયેલો. બંનેને એકબીજા સાથે સારું પિછાન હતું. શાબાશખાન પણ ખૂનનો ગુનો કરીને આવેલો હતો. તેની ટોળીમાં બખેડો થયેલો તેમાંથી એ ગુનો થવા પામેલો. શાબાશખાન જેટલો લાંબો હતો તેટલો જ પહોળો હતો. તેનું કદ જોઈ મને હમેશાં શૌકતઅલી યાદ આવતા. પહેલે જ દિવસે શાબાશખાને મને અભયદાન દીધેલું. તેણે કહેલું, "હું તમારા ઉપર જરાય પહેરો રાખવાનો નથી. મને દોસ્ત સમજજો. અને તમારી ઈચ્છા પડે તેમ કરજો. હું કદી તમારી આડે આવવાનો નથી. મારા સરખું કંઈ કામકાજ હોય તો ખુશીથી હું કરીશ; ફરમાવજો." અને શાબાશખાને પોતાનું વચન પૂરેપૂરું પાળ્યું. હમેશાં તે સભ્યતાથી વર્તતો, અનેક વાર જેલની વાનગી મને ચખાડવાનો તે પ્રયત્ન કરતો. પણ હું તે નહીં લેતો તેથી તેના દિલને બહુ દુઃખ થતું. મને તે કહેતો, "જુઓને આવી નહીં જેવી વસ્તુઓ આપણે નહીં મેળવી લઈએ તો જિંદગી રોજ

Gandhi Heritage Portal

એકની એક વસ્તુ ખાધે અસહ્ય થઈ પડે. તમારા લોકોની વાત જુદી. તમે તો ધરમને માટે આવેલા એટલે તમને કશી મૂંઝવણ ન થાય. પણ અમે તો ગુના કરીને આવેલા; એટલે અહીંયાંથી જેમ બને તેમ જલદી ભાગવાનું જ મન થાય." શાબાશખાન જેલરનો માનીતો હતો. એક દિવસ તેનાં ગુણગાન કરતાં જેલર કહે, "જુઓ તો ખરા, કેવો સજ્જન લાગે છે. ગુસ્સામાં બિચારાએ ખૂન કરેલું પણ તેનો એને હવે પસ્તાવો થાય છે. નક્કી માનજો કે જેલ બહાર શાબાશખાનના કરતાં વધારે સારા માણસો જોવાના ન મળે. બધા કેદીઓ ગુનેગાર છે એમ માનવું એ ભૂલ છે. શાબાશખાન તો અતિશય વિશ્વાસપાત્ર અને શરીફ છે, જો મારું ચાલતું હોય તો હું તેને આજે જ છોડી દઉં." અને જેલરની વાત ખોટી નહોતી. શાબાશખાન સરસ માણસ હતો. અને જેલમાં તે જ એકલો સરસ કેદી હતો એમ નહીં, બીજા પણ હતા. પણ અહીંયાં હું કહી દઉં કે જેલે તેને સારો નહોતો બનાવ્યો, બહારથી જ તે સારો આવેલો.

કેદી અમલદારને લાંબો વખત સુધી એકના એક કામ પર રહેવા ન દેવાનો જેલમાં રિવાજ છે. એટલે વારંવાર ફેરબદલીઓ થયા કરે છે. એ સાવચેતી રાખવી જરૂરી રહે છે. ચાલુ પ્રથામાં તો કેદીઓને એકબીજા સાથે ઘાડો સંબંધ ન જ રાખવા દેવાય એટલે અમને અવનવા કેદી અમલદારોના અવનવા અનુભવ થયા. બે'ક મહિના પછી શાબાશખાનને બદલી આદનને મૂકવામાં આવ્યો. પણ આદનની વાત તો હવે આવતા પ્રકરણમાં.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २६-६-१९२४

ભાષાંતર: नवजीवन, २९-६-१९२४ तथा यरवडाना अनुभव

## ૧૫૮. આટલી પાશવતા!

એક આદરણીય મિત્ર લખે છે:

જો આપણે વખતસર અસરકારક પગલાં નહીં લઈએ તો જે અનુભવ આજે પંજાબને થઈ રહ્યો છે, તે આવતી કાલે સંયુક્ત પ્રાંતને પણ થાય એવો સંભવ છે. ઔંધમાં હિંદુ-મુસ્લિમ તંગદિલી વધી રહી છે. આનો આપને ખ્યાલ આપવા બારાબંકી વિષે થોડી હકીકતો નીચે આપું છું. એ શહેરના મ્યુનિસિપલ બોર્ડ સામે ગંભીર આક્ષેપો થઈ રહ્યા છે. એ બોર્ડના બધા જ મુસ્લિમ સભ્યો જેઓ પાકા અસહકારીઓ હતા અને હજી પણ છે, તેમણે રાજીનામાં આપ્યાં હોવાથી હવે એમાં એકલા હિંદુ ગૃહસ્થો જ રહ્યા છે. આ આક્ષેપો સંબંધમાં કશી વિગતવાર તપાસ કરવાનો મને સમય મળ્યો નથી, પરંતુ એક હકીકત સારી પેઠે જાણીતી થઈ છે અને તે મુસલમાનોનાં દિલમાં કડવાશ પેદા કરી રહી છે. આ હિંદુ મહાશયોએ એવો કાયદો કર્યો છે કે બોર્ડને આપવાની તમામ અરજીઓ હિંદી લિપિમાં લખવી, બીજી કોઈ લિપિમાં લખેલી અરજીઓ સ્વીકારવામાં આવશે નહીં.

ઉપરના સમાચાર જાણી મને સખેદ આશ્ચર્ય થયું કેમ કે મને બરાબર યાદ હોય તો બારાબંકી માટે મૌલાના શૌકતઅલી ગર્વ કરતા હતા. તેઓ બારાબંકીના હિંદુઓ તેમ જ મુસલમાનો બંને વિષે બહુ સારું બોલતા. હું હજુ પણ આશા રાખું છું કે મને ખબર આપનાર ભાઈને

Gandhi Heritage Portal

ખોટી માહિતી મળી હોય. હિંદુ સભ્યોએ જે પગલું લીધાનું કહેવાય છે એવું અવિચારી પગલું લેવાયું હોય એ હું માની શકતો નથી. તેઓ જો મુસલમાનોને હિંદી લિપિ વાપરવાની ફરજ પાડશે તો હિંદી લિપિના હિતની એમને હાથે કુસેવા જ થશે. હિંદુસ્તાનમાં જે જે સ્થળે પ્રાંતીય ભાષા હિંદુસ્તાની હોય ત્યાં બધે જ અરજીઓ દેવનાગરી અથવા ઉર્દૂ લિપિમાં લખવાની લોકોને છૂટ હોવી જોઈએ. આખરે કઈ લિપિ સ્વીકારાશે એનો આધાર તો મોટે ભાગે બંને લિપિના સ્વાભાવિક ગુણો પર છે.

મુસલમાન સભ્યોએ રાજીનામાં શા માટે આપ્યાં એ સમજવું પણ મુશ્કેલ છે. બારાબંકીના કોઈ ભાઈ પૂરેપૂરી વિગતો મોકલી આપશે અવી આશા રાખું છું.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २६–६–१९२४

# ૧૫૯. અકાલીઓની લડત

લોકોને આશા હતી કે અકાલી નેતાઓ અને પંજાબ સરકાર વચ્ચે ચાલી રહેલી વાટાઘાટો સફળ થશે, ગુરુદ્વારાનો પ્રશ્ન સંતોષકારક રીતે ઊકલી જશે અને અકાલીઓની યાતનાઓનો અંત આવશે. પણ શિરોમણિ ગુરુદ્વારા પ્રબંધક સમિતિ કહે છે તે સાચું હોય તો સરકારની દાનત જુદી જ હતી. કહે છે અકાલી આગેવાનો તો જે કરવું ઘટે તે બધું કરવા તૈયાર હતા, પરંતુ સરકાર હાલમાં સજા ભોગવી રહેલા કેદીઓને છોડી મૂકવાનું વચન આપવા પણ તૈયાર નહોતી. સજા માટે એમણે કોઈ ખરેખરું હિંસક કાર્ય કર્યું નહોતું કે કરવાનું વિચાર્યું પણ નહોતું, એમનો ગુનો માત્ર એટલો જ હતો કે એમણે ગુરુદ્વારા આંદોલનમાં ભાગ લીધો હતો.

એટલે અકાલીઓની લડત ઘણુંખરું વધારે જુસ્સાથી ચાલુ રાખવામાં આવશે. સરકાર પણ મોટે ભાગે વધારે દમનકારી પગલાં લેશે. સદ્ભાગ્યે આપણે હવે દમનથી ટેવાઈ ગયા છીએ. આપણે એનાથી થથરતા મટી ગયા છીએ. અકાલીઓએ એમનું પાણી બતાવી આપ્યું છે.

અકાલીઓ જેને એક અત્યંત મહત્ત્વનો ધાર્મિક પ્રશ્ન માને છે તેની ખાતર એમણે અત્યાર સુધી શું શું સહન કર્યું છે તે આપણે જોઈએ. નાનકાના હત્યાંકાડ,[1] કૂંચી પ્રકરણ,[2] ગુરુ-કા-બાગનો પાશવી અત્યાચાર કે જૈતોંના ગોળીબાર[3] વિષે હું કશું કહીશ નહીં. શિરોમણિ ગુરુદ્વારા પ્રબંધક સમિતિને ગેરકાયદે મંડળી જાહેર કર્યા અંગે પણ હું કશું કહીશ નહીં. કોંગ્રેસે એ પગલાંને સરકારવિરોધી તમામ જાહેર સંસ્થાઓ માટે પડકાર રૂપ માન્યું છે. જૈતોંના ગોળીબાર પછી અકાલીઓ સમજ્યા કે ધરપકડ સામેના એમના નિષ્ક્રિય વિરોધને ગેરસમજથી હિંસા ગણી શકાય તેમ છે, એટલે એમણે શાંતિથી તાબે થઈ પકડાઈ જવા માટે જૈતોંમાં સામાન્ય રીતે પખવાડિયે પખવાડિયે ૫૦૦–૫૦૦ના શહીદી જથા નિયમિત રીતે મોકલ્યા કર્યા છે. આ લોકો કશો વિરોધ કર્યા વિના પકડાઈ જતા. પકડાયા પછી એમને જંગલ કહેવાતાં સ્થળે સ્પેશિયલ ટ્રેન મારફતે મોકલી દેવામાં આવે છે. અને ત્યાં કશો આરોપ મૂકયા વિના, કશો મુકદ્દમો ચલાવ્યા વિના,

૧. જુઓ પુસ્તક ૧૯, પા. ૩૫૩–૬.

૨. જુઓ પુસ્તક ૨૨, પા. ૧૬૦–૧.

૩. જુઓ પુસ્તક ૨૩, પા. ૨૦૪.

Gandhi Heritage Portal

અટકાયતમાં રાખવામાં આવે છે. એમને કાચી ખાદ્ય સામગ્રી આપવામાં આવે છે, જે તેમણે જાતે રાંધી લેવાની હોય છે. એ જંગલ મલેરિયા લાગુ પડે એવું છે અને એમાં એટલું બધું ઘાસ ઊગ્યું હોય છે કે એને કેદખાનું જ ગણી લેવું જોઈએ. મેં સાભળ્યું છે કે ખુલ્લી હવાને લીધે અને મલેરિયાવાળાં હવાપાણીને લીધે તાવ આવવાથી થોડા તો મરી પણ ગયા છે. ૩૦૦૦ કરતાં વધુ કેદીઓ આ રીતે પીડા ભોગવી રહ્યા છે. આ શહીદી જથા ઉપરાંત ૨૫-૨૫ના નાના નાના જથા છેલ્લા નવ મહિનાથી રોજરોજ જૈતોંની હદમાં દાખલ થતા રહ્યા છે. એમને બાવલ નામના સ્ટેશને લઈ જઈને છોડી દેવામાં આવે છે, જ્યાંથી એમણે ફાવે ત્યાં ચાલ્યા જવાનું હોય છે. આ અકાલીઓને પોતાના મુકામે પહોંચતાં પહેલાં ઘણી વાર સખત હાડમારીઓ વેઠવી પડે છે અને આ રીતનો ભયંકર નિત્યક્રમ ઘડિયાળના કાંટાની માફક નિયમિત રીતે ચાલ્યા કરે છે, પણ સત્તાવાળાઓ ઉપર એની કશી અસર થતી દેખાતી નથી.

તો આ જથા આવાં દુ:ખો શા માટે સહન કરે છે? કેવળ એટલા માટે કે “અખંડ પાઠ”નો વિધિ એમનાથી થઈ શકે. આ વિધિ નાભાના સત્તાધારીઓએ જોહુકમીથી બંધ કરાવ્યો હતો અને હજી પણ તેઓ એ કરવા દેતા નથી. અકાલીઓએ વારંવાર જાહેર કર્યું છે કે નાભાના મહારાજા માટે નિષ્પક્ષ અને ખુલ્લી તપાસની માગણી કરવાનો અને એ તપાસ મેળવવાનો અમને હક્ક છે, તેમ છતાં “અખંડ પાઠ”ના અંચળા હેઠળ અમે એમની તરફેણમાં કોઈ આંદોલન ચલાવવા માગતા નથી. “અખંડ પાઠ” શા કારણે રોકવામાં આવ્યો છે તે કોઈ જાણતું નથી. આનું કારણ એટલું જ હોઈ શકે કે અકાલીઓના જે અદમ્ય જુસ્સાએ આ ધર્મસુધારણાની ચળવળ યોજી છે અને જે હજી પણ તે ચલાવી રહ્યા છે તેને કચડી નાખવી.

અકાલીઓની માગણીઓ તદ્દન સરળ દેખાય છે. મારા જાણવા પ્રમાણે એ માગણીઓ આ પ્રમાણે છે:

૧. ઐતિહાસિક ગુરુદ્વારાઓ પર શીખોએ ચૂંટેલા એક મધ્યસ્થ મંડળનો કબજો.

૨. એકેએક શીખને કોઈ પણ માપની કિરપાણ રાખવાનો અધિકાર.

૩. જૈતોંમાં “અખંડ પાઠ” કરવાનો અધિકાર.

દેખીતી રીતે જ આમાંની એકેએક માગણી એવી છે કે એની સામે વાંધો લઈ શકાય નહીં એટલે માગણી કરતાંની સાથે જ તે માન્ય થવી જોઈએ. કોઈ પણ કોમ એવી નથી જેણે પોતાનું ધ્યેય સિદ્ધ કરવા સારુ અકાલીઓના જેટલી બહાદુરી, બલિદાનની ભાવના અને કુશળતા દાખવી હોય. સત્યાગ્રહની ભાવના એમના જેટલી ખૂબીથી બીજી એક પણ કોમે જાળવી રાખી નથી. હિંદી સરકારની જગાએ બીજી કોઈ સરકાર હોત તો તેણે અકાલીઓની માગણીઓની અને એમના બલિદાનની ક્યારનીય કદર કરી હોત અને એમને પોતાના વિરોધીઓ મટાડી પોતાના ઐચ્છિક ટેકેદાર બનાવી દીધા હોત. પરંતુ હિંદી સરકારે જો જાહેર મતની દરકાર કરી હોત અને એને માન આપ્યું હોત તો જે સર્વવ્યાપી વિરોધની ભાવના એણે જગાવી છે તે જાગી ન હોત.

આ પ્રશ્ન અંગે હિંદુ, મુસલમાન અને અન્ય ભગિની કોમોની ફરજ સ્પષ્ટ છે. પોતાના નૈતિક ટેકાથી તેમણે સુધારકોને મદદ કરવી જોઈએ, અને સ્પષ્ટ શબ્દોમાં સરકારને જણાવી દેવું જોઈએ કે ઉપર ગણાવેલી બાબતોમાં અકાલીઓને આખા હિંદુસ્તાનનો નૈતિક ટેકો છે. હું જાણું છું કે હિંદુસ્તાનના વાતાવરણમાં જે અવિશ્વાસ વ્યાપેલો છે તેની અસરમાંથી અકાલીઓ પણ મુક્ત રહી શક્યા નથી. હિંદુઓ અને કદાચ મુસલમાનોને પણ તેમના આશયો વિષે વિશ્વાસ નથી. એમની પ્રવૃત્તિ પ્રત્યે તેઓ શંકાની નજરે જુએ છે. કહે છે કે આ પ્રવૃત્તિ


Gandhi Heritage Portal

પાછળનો એમનો આશય જુદો છે. એમની મહત્ત્વાકાંક્ષા એ દ્વારા શીખ રાજ્ય સ્થાપવાની છે. આવો કોઈ આશય હોવાનો અકાલીઓએ ઇનકાર કર્યો છે. હકીકતમાં આવા કોઈ ઇનકારની જરૂર નથી, અને ભવિષ્યમાં આવો કોઈ પ્રયત્ન કોઈનાથી અટકાવી શકાય તેમ નથી. કેમ કે એમના વારસોના મનમાં ક્યારેક પણ આવી અઘટિત મહત્ત્વાકાંક્ષા જાગે તો તમામ શીખોએ પ્રતિજ્ઞાપૂર્વક કરેલી જાહેરાતને પણ સહેલાઈથી કચરાના ટોપલામાં ફેંકી દઈ શકાય. એટલે સલામતી કેવળ એ વાતમાં રહેલી છે કે આપણે સૌ તમામ લોકોની મુક્તિ માટે કામ કરવાનો પાકો નિશ્ચય કરીએ. વ્યવહારુ દૃષ્ટિથી જોતાં પણ એટલું સ્પષ્ટ છે કે શીખોની ધર્મ-સુધારાની પ્રવૃત્તિને નૈતિક ટેકો આપવાથી એમના હૃદયમાં અઘટિત આકાંક્ષાઓ સેવાવાનો સંભવ ઓછો થઈ જાય છે. વાસ્તવિક રીતે જોઈએ તો પરસ્પરનો આવો સહેજ પણ અવિશ્વાસ સ્વરાજ્યની ચળવળને અનિવાર્ય રીતે બાધક બને છે, કેમ કે જુદી જુદી કોમો વચ્ચેના હાર્દિક સહકારને એ રોકી રાખે છે અને એ રીતે આ રળિયામણા દેશનું શોષણ કરનારાં બળોને મજબૂત બનાવે છે અને આજે સ્પષ્ટ રીતે અશક્ય દેખાતી મહત્ત્વાકાંક્ષાને કદાચ શક્ય બનાવે છે. માટે દરેક કોમી ચળવળને આપણે એના ગુણદોષ તપાસીને મૂલવવી જોઈએ અને ચળવળ પોતે સંગીન હોય તથા એને ચલાવવા સારુ કામે લગાડેલાં સાધનો પ્રામાણિક, જાહેર અને શાંતિમય હોય તો તેને ખરા દિલથી ટેકો આપવો જોઈએ.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २६-६-१९२४

## ૧૯૦. નોંધ

### જા-મીન વિરુદ્ધ આમીન

એક મિત્ર લખે છે:

ભવિષ્યને માટે એક સ્પષ્ટ કાર્યક્રમ આપવા બદલ આપનો આભાર માનું છું. હું જાણું છું કે આપ જૂના કાર્યક્રમને જ ફરીથી આગળ લાવી રહ્યા છો. એ નવો અને ચોંકાવનારો એટલા માટે લાગે છે કે અમે સાચા માર્ગથી ચલિત થયા છીએ. ડેનિશ ભાષામાં એક શબ્દ વપરાય છે: "જા-મીન", જેનો અર્થ "હા-પણ" એવો થાય છે. આ શબ્દ "આમીન" શબ્દથી ઊલટો છે. "આમીન"નો અર્થ માત્ર "હા" થાય છે. અમારાંમાંના ઘણાખરા લોકો "જા-મીન"માં જ માનતા જણાય છે. અમે એમ કહેતા જણાઈએ છીએ કે "હા, અમે વચન તો આપેલું કે સરકારી સંસ્થાઓનો બહિષ્કાર કરીશું અને આપણા પર જુલમ કરનારની નોકરી નહીં કરીએ. પણ એમના વિના અમે શી રીતે ચલાવી શકીએ?" આ બધા "પણ" સેતાનની શોધ છે.

કમનસીબે સેતાન મહાશય આપણને કદી છોડતા નથી. એ આપણી નબળાઈઓને પંપાળે છે, એમની મારફત આપણા પર જાદુ કરે છે અને પોતાની માયાજાળમાં આપણને ફસાવે છે. રાષ્ટ્રીય કાર્યકરોએ આ સેતાનના સકંજામાંથી નીકળવું જોઈશે અને તમામ "પણ"ને ચૂલામાં બાળી નાખવા જોઈશે. કોઈ શરત વગર "હા" કહેવાની એમની મરજી હોય તો જ તેમણે

Gandhi Heritage Portal

બહિષ્કારોની બાબતમાં "હા" કહેવી જોઈએ. બહિષ્કારોમાં માનવા છતાં જો પોતાની નબળાઈને કારણે એમનાથી "હા" ન જ કહી શકાતી હોય તો પોતાની એ નબળાઈ એમણે ખુલ્લેખુલ્લી કબૂલ કરવી જોઈએ. એમ કરવાથી એમને પોતાને તથા દેશને પારાવાર લાભ થશે.

## ડૉ. મહમૂદ અને બળજબરીથી થયેલાં ધર્મપરિવર્તનો

હિંદુમુસ્લિમ તંગદિલી અંગેના મારા નિવેદનમાં મેં બળજબરીથી થયેલાં ધર્મપરિવર્તનોનો ઉલ્લેખ કર્યો હતો તે સંબંધમાં મારા પર કેટલાયે પત્રો આવ્યા છે. એમાંના કેટલાક રોષભર્યા છે અને કેટલાકમાં ગાળો પણ ભાંડેલી છે. આમાંનો એક પત્ર શ્રી માધવન્ નાયરે લખેલો હતો, જે સ્વસ્થ ચિત્તે, વિચારપૂર્વક લખેલો હતો. ડૉ. મહમૂદે જે વિધાન કર્યાનું મેં મારા નિવેદનમાં જણાવ્યું હતું તેનો એમાં વિરોધ કરવામાં આવ્યો હતો. એ પત્ર મેં ડૉ. મહમૂદને મોકલી આપ્યો અને એનો જવાબ માગ્યો, જેથી એમના પોતાના શબ્દોમાં એમનું કથન વાચક સમક્ષ રજૂ કરી શકાય. પરંતુ મારો પત્ર પહોંચે તે પહેલાં ડૉ. મહમૂદે આ જ વિષયને લગતો એક પત્ર મને રવાના કરી દીધો હતો. કારણ એ હતું કે એમને પોતાને વિરોધના ઘણા પત્રો મળ્યા હતા. ડૉ. મહમૂદનો પત્ર ઉર્દૂમાં લખાયેલો છે. એમાંથી આપણી વાતને લગતા ભાગનો તરજુમો હું નીચે આપું છું:

> અનેક હિંદુ મિત્રોએ મારા પર એવો આક્ષેપ મૂકતા પત્રો લખ્યા છે કે મલબારમાં બનેલા બનાવો સંબંધમાં મેં આપને ખોટી માહિતી આપી છે. એમાંના કેટલાકે તો મને પેટ ભરીને દેવાય એટલી ગાળો પણ દીધી છે. મને લાગે છે કે એમનો રોષ વાજબી છે. આ પ્રશ્ન અંગે કંઈક ગેરસમજ થયેલી જણાય છે. મેં એવું લખ્યું હતું કે સુન્નત કરાવીને મુસલમાન બનાવ્યાના દાખલા મળી શક્યા નહોતા. એક જ કિસ્સો બન્યાનું જાણવા મળ્યું હતું જે મિ. ઍન્ડ્રૂઝે જાતે જોયો હતો. છતાં એ કિસ્સાની પણ પૂરતી તપાસ થઈ શકી નહોતી. બાકી ફેઝ ટોપી પહેરવાની ફરજ પાડીને, અથવા સ્ત્રીઓને કુરતું પહેરવાની ફરજ પાડીને તથા ચોટલી કાપી નાખીને મુસલમાન બનાવ્યાના સંખ્યાબંધ દાખલા મળી શકે તેમ છે. શ્વેબને લખાવેલા મારા નિવેદનમાં પણ મેં આ મુદ્દો જણાવ્યો હતો. કૃપા કરીને યંગ ઇન્ડિયામાં જરૂરી સુધારો અચૂક પ્રગટ કરશો, નહીં તો છાપામાં નવો વિવાદ ઊભો થશે.

હું જોઉં છું કે ડૉ. મહમૂદને મેં અન્યાય કર્યો છે. મારા મનમાં કેવળ સુન્નત કરીને બળાત્કારે મુસલમાનો બનાવ્યાનો ખ્યાલ હતો. એ વસ્તુને લીધે જ હિંદુઓનાં દિલને ભારે આઘાત લાગ્યો હતો. ગમે તેમ, પણ મને તો બીજી કોઈ વસ્તુ કરતાં એ વસ્તુએ જ વધારે ચોંકાવ્યો હતો.

ડૉ. મહમૂદે જે નિવેદનનો ઉલ્લેખ કર્યો છે તે આ પ્રમાણે છે:

> બળજબરીથી ધર્મપરિવર્તન.
>
> (ક) સુન્નત કરીને. કોઈ નજરે જોનાર સાક્ષી મળ્યો નથી. કોઈ પ્રત્યક્ષ પુરાવો મળતો નથી. કોઈ કિસ્સો બતાવાયો નથી. હિંદુઓમાંથી વિશ્વાસપાત્ર વ્યક્તિઓ કહે છે કે ત્રણચાર કિસ્સા બન્યા છે. આવા પ્રકારના કિસ્સાનો એકમાત્ર પ્રત્યક્ષ પુરાવો એ છે કે મિ. ઍન્ડ્રૂઝે સુન્નત કરેલી એક વ્યક્તિને જોયાનું કહેવાય છે. મેં એની ખાતરી કરાવી નથી.

Gandhi Heritage Portal

(ખ) "કલમા" પઢાવીને. (૧) જબરજસ્તીથી; (૨) કેવળ ભયથી, સીધી જબરજસ્તી કર્યા વિના.

(ગ) ચોટલી કાપીને.

(ઘ) હિંદુ (પુરુષો)ને ટોપી પહેરાવીને.

(ઙ) હિંદુ સ્ત્રીઓને બૉડીસ અથવા ચોળી પહેરાવીને.

(ખ) થી (ઙ) હેઠળ મુસલમાન બનાવ્યાની કુલ સંખ્યા (હિંદુઓના કહેવા પ્રમાણે) ૧,૮૦૦ થી ૨,૦૦૦ વચ્ચે આંકવામાં આવી છે. મુસલમાનો એ સંખ્યા થોડા સેંકડાની આંકે છે.

મેં માન્યું હતું કે મારું વિધાન સ્પષ્ટ છે. જોકે મેં મિ. ઍન્ડ્રૂઝનું નામ નહોતું દીધું. તેમ છતાં સૌ કોઈ જાણતું હતું કે એમણે બળાત્કારે થયેલી સુન્નતનો એક એવો દાખલો ટાંકયો હતો જે એમણે જાતે જોયો હતો. જો આટલું ધ્યાનમાં લેવામાં આવે તો મારો અર્થ સમજવામાં ભૂલ થાય નહીં. પરંતુ હવે હું જોઉં છું કે બળજબરીથી મુસલમાન બનાવેલા લોકોની સંખ્યા ઓછી દેખાય એવું વિધાન કરીને ડૉ. મહમૂદને પક્ષપાતી કહેવાનું લોકોને મેં કારણ આપ્યું અને એ રીતે મેં એમને હલકા પાડયા. અજાણતાં થયેલી આ ભૂલ માટે હું દિલગીર છું. લાગણીઓ ઉશ્કેરાયેલી હોય ત્યારે માણસથી જોઈએ તેટલી કાળજી કે ચોકસાઈ રાખી શકાતી નથી. ડૉ. મહમૂદને ન્યાય આપવા જતાં મારાથી એમને અન્યાય થઈ ગયો છે. વાચકોને હું ખાતરી આપું છું કે દરેક કિસ્સામાં મેં નક્કર હકીકતો જ આપી છે અને એના પર ભભરાવેલું તમામ મીઠુંમરચું ખંખેરી નાખ્યું છે. મારી પાસે પડેલા કાગળો તો એમ કહે છે કે બધા જ પક્ષ ડૉ. મહમૂદ કરતાં કયાંય વધારે અને ભયંકર રીતે દોષપાત્ર સિદ્ધ થાય છે. પરંતુ દરેક કિસ્સામાં મેં એમની સામેના આક્ષેપો મોળા બનાવી દીધા છે અને જયાં હું જાતે અભિપ્રાય ન બાંધી શકયો ત્યાં લાગતાવળગતા લોકોની વતી કેવળ આ મોળા કરેલા આક્ષેપો રજૂ કરીને અટકયો છું.

## નિઝામ રાજ્ય અને પેલું ચોપાનિયું[1]

હિંદુમુસલમાનવાળા મારા નિવેદનમાં મેં લખ્યું હતું કે ઝેરી રીતોથી ધર્મપ્રચારની હિમાયત કરનારું એક ચોપાનિયું નિઝામ રાજ્યમાં બહોળા પ્રમાણમાં આવકાર પામ્યું છે.[2] મજકૂર નિવેદન વાંચીને ખ્વાજા સાહેબ હસન નિઝામીએ નીચેનો તાર મારા ઉપર મોકલ્યો છે:

> મારા દાયે ઇસ્લામ નામક ચોપાનિયા વિષે આપે છાપામાં જે ફરિયાદ ઉઠાવી છે તે બાબતમાં ઈસ્લામને ખાતર, હિંદુમુસલમાન એકતાને ખાતર તેમ જ આપની મહોબતને ખાતર આપે આપેલી સલાહ માન્ય કરવા હું તૈયાર છું. શરત એટલી જ કે તેથી ઈસ્લામના પ્રચારમાં, મુસલમાન કોમને ઉન્નત કરવામાં, સુધારવામાં અગર તો સંગઠિત કરવામાં અને ઈસ્લામ સામેના આર્યસમાજના ખુલ્લા કે છૂપા પ્રયત્નોનો પ્રતિકાર કરવાની બાબતમાં ખલેલ ન પહોંચવી જોઈએ. કારણ એ કાર્ય કરવાને હું ધર્મથી બંધાયેલ છું. મજકૂર ચોપાનિયામાંની ઘણીખરી કહેવાતી વાંધાભરી બાબતો નવી આવૃત્તિઓમાંથી મેં અત્યાર અગાઉ જ કાઢી નાખી છે અને આપની ઈચ્છાને માન આપીને હવે પછીની

૧. આ પેટામથાળાવાળા ભાગનું ભાષાંતર નવજીવન, ૨૯-૬-૧૯૨૪ના અંકમાંથી આપવામાં આવ્યું છે.
૨. જુઓ પા.૧૩૯.

Gandhi Heritage Portal

આવૃત્તિમાં એથી પણ વધુ સુધારા કરવા તૈયાર છું. કૃપા કરીને એક વાર આ ચોપાનિયાની છેલ્લામાં છેલ્લી આવૃત્તિ ધ્યાનપૂર્વક વાંચી જઈને આપની સૂચનાઓ મારા પર મોકલી આપવા તસ્દી લેશો. આ આવૃત્તિ ઉર્દૂની જ વાંચવી, એનો હિંદી તરજુમો નહીં, કારણ કે એ તરજુમો કેવળ ગેરસમજ ઉત્પન્ન કરવા અને પોતાની તરફ લોકમત વાળવાને જ થયેલો છે.

આ તારની પછવાડે જ ટપાલ રસ્તે તેમણે ઉર્દૂમાં જુદો કાગળ પણ મને લખ્યો. તેનો તરજુમો નીચે આપું છું:[૧]

આટલા ઉપરાંત ગયે અઠવાડિયે તેમણે જાતે પધારીને મને મુલાકાતનો લાભ આપ્યો, અને આ બાબત રૂબરૂ પણ ખુલાસો કર્યો. તેમણે મને કહ્યું કે છોકરાં ભગાડી જવાં ઈત્યાદિ પેરવીઓને લગતા તેમની સામેના બધા આક્ષેપો તદ્દન બિનપાયાદાર છે. અને મજકૂર ચોપાનિયું પ્રગટ કરવામાં તેમનો આશય પણ મેં તેનો જેવો અર્થ કરેલ છે તેવો નહોતો.

દુર્ભાગ્યે તેમની મુલાકાત વેળાએ મારું મૌન ચાલુ હતું, તેથી હું તેમના ચોપાનિયા વિષે તેમને મારો અભિપ્રાય જણાવી શક્યો નહીં. ખ્વાજા સાહેબે નિઝામ રાજ્યમાંના પ્રચારની બાબતમાં એમણે મને આપેલી ખાતરી જાહેર કરવાનું મને ઘણા જ આગ્રહપૂર્વક કહ્યું. તેથી તેમનો તાર અને ખુલાસો હું ઘણી ખુશીથી છાપું છું. એમ છતાં મારે કહેવું જોઈએ કે મેં જણાવેલી ઢબે ચાલતા કહેવાતા ધર્મપ્રચારની બાબતમાં મને મળેલી માહિતી પૂરા વિશ્વાસપાત્ર ગૃહસ્થો તરફથી મળી હતી. એ ઉપરાંત એ માહિતીને દૃઢ કરનારા બીજા કાગળો પણ મને મળ્યા છે. અને મારા મદદનીશો મને જણાવે છે કે દેશી છાપાંઓમાં પણ એવી જ જાતના આરોપો હમેશાં આવ્યા કરે છે. આવી સ્થિતિમાં નિઝામ રાજ્યમાંની વસ્તુસ્થિતિના પ્રત્યક્ષ જ્ઞાનને અભાવે મારો ધર્મ તો એટલો જ રહ્યો કે બંને બાજુની હકીકત હું રજૂ કરું અને મારો પોતાનો ચોક્કસ અભિપ્રાય ન આપું. આમ આ બાબતમાં નિઝામ રાજ્યના અધિકારીઓને જો કંઈ કહેવાનું હશે તો તે હું ઘણી ખુશીથી પ્રગટ કરીશ.

ખ્વાજા સાહેબના ચોપાનિયાની બાબતમાં તો કહેવું જ જોઈએ કે મજકૂર ચોપાનિયું પોતાના ધર્મને બાધ ન આવે એવી રીતે સુધારી લેવા તેઓ સાહેબ તૈયાર છે એ પ્રશંસનીય છે જ, છતાં જે જરૂરી વસ્તુ છે તે એથી કંઈક વિશેષ, કંઈક જુદી છે. ખ્વાજા સાહેબે બૂરા આશયનો ઈનકાર કર્યો છે છતાં મારે કહેવું જોઈએ કે મજકૂર ચોપાનિયાની મેં જે નકલ વાંચી છે તેમાંથી તો મેં કર્યો છે એવો અર્થ નીકળે જ છે, વળી જે મુસલમાન મિત્રોને મેં એ ચોપાનિયું બતાવ્યું છે તેઓ પણ મેં કરેલા અર્થની જોડે મળતા આવે છે. આ સ્થિતિમાં હું સૂચનાઓ કરવા રાજી હોઉં તોપણ મારી સૂચનાઓ મુજબ ખ્વાજા સાહેબે તેમાં સુધારા કરવા એ બસ નથી. જરૂરી વસ્તુ તો એ છે કે તેઓ પોતે પોતાની વિચારસરણીમાં રહેલો દોષ ઓળખે અને ધર્મપ્રચારની શંકાભરી પદ્ધતિઓ સૂચવવામાં તેમણે ઈસ્લામની સેવા નહીં પણ હાનિ જ કરી છે એ જુએ. આટલા સારુ ઈસ્લામમાં ધર્મપ્રચારને સારુ જેને માન્ય અને વખાણવાલાયક ગણ્યું છે એવી જ દૃષ્ટિ સ્વીકારીને તેમણે આખા ચોપાનિયાને ફેરવવું ઘટે છે. બાકી જે તત્પરતાથી ખ્વાજા સાહેબે આ પ્રમાણે આગળ આવીને પોતાનો ખુલાસો કર્યો છે

૧. આ તરજુમો અહીં આપ્યો નથી.

Gandhi Heritage Portal

અને હિંદુમુસલમાન એકતા વિષેની પોતાની ઇંતેજારી પુરવાર કરી આપી છે તે વિષે તો તેમને ધન્યવાદ જ ઘટે છે.

### મારા માટે નવી વાત

એક ભાઈ લખે છે કે તમે એવું બોલ્યાનું કહેવાય છે કે "સાત બકરાં કરતાં એક ગાયનું બલિદાન અપાય એ વધારે સારું." પછી એ ભાઈ લખે છે કે કાં તો એ વિધાનને તમે નકારી કાઢો અથવા મંજૂર રાખો. જો મંજૂર રાખતા હો તો એનું કારણ બતાવો. પત્ર લખનાર ભાઈ જણાવે છે એવું કોઈ વિધાન કર્યાનું મને યાદ આવતું નથી. એટલે જે કોઈ ભાઈએ મને આવું કહેતાં સાંભળ્યો હોય તે મને એ પ્રસંગ સંભારી આપીને આભારી કરે. એ ભાઈ તો એમ કહે છે કે *યંગ इन्डियाના* તંત્રી તરીકે મેં આવું વિધાન કર્યું છે એમ લોકોનું માનવું છે. જો એવું હોય તો તો એ લખાણ મને સહેલાઈથી બતાવી શકાય. પણ મેં એવું કહ્યું કે લખ્યું હોવાનો સંભવ છે કે જો લોકોને અહિંસક રીતે સમજાવી શકાતા હોય તો હું એમને કહું કે જેવી રીતે તમે ગાયનું રક્ષણ કરો એમ હું ઇચ્છું છું તેવી જ રીતે હું એમ પણ ઇચ્છું છું કે તમે બકરાનું પણ રક્ષણ કરો. આ પાનાંઓમાં અગાઉ હું લખી ચૂક્યો છું તે પ્રમાણે માનવીથી ઊતરતી કોટિનાં પ્રાણીઓમાં મારે મન ગાય સૌથી વધારે પવિત્ર પ્રાણી છે. મનુષ્યેતર પ્રાણીઓની આખી ઓલાદ વતી એ આપણને કહી રહી છે કે માનવી તો તમામ જીવોમાં શ્રેષ્ઠ છે. એને હાથે અમારી ઓલાદને ન્યાય મળવો જોઈએ. એ પોતાની આંખો દ્વારા જાણે આપણને એમ કહી રહી છે કે (વાચક મારા જેવી જ ભાવનાથી એ આંખો તરફ જુએ તો): "તમને અમારા ઉપરી બનાવ્યા છે તે અમને મારીને અમારું માંસ ખાવા માટે અથવા અમને બીજી રીતે દુઃખ દેવા માટે નહીં, પણ અમારા મિત્ર અને રક્ષક બનવા માટે."

### શાબાશ, દિલ્હી!

આખરે હિંદુમુસ્લિમ તંગદિલીનો ઉકેલ લાવવા લવાદપંચ નીમવામાં દિલ્હીએ પહેલ કરી છે. માત્ર બે જ વરસ પહેલાં આપણને એમ લાગતું હતું કે દિલ્હીમાં હિંદુમુસ્લિમ એકતાને કશી આંચ આવશે નહીં, કારણ કે હકીમ સાહેબ ત્યાંના બેતાજ બાદશાહ હતા અને સ્વામી શ્રદ્ધાનંદજીને ખુદ જુમ્મા મસ્જિદમાં જઈને મુસલમાનો સમક્ષ ભાષણ આપવાનો અધિકાર હતો. એટલે દિલ્હીમાં કાયમી શાંતિ સ્થાપવાનો હિંદુ અને મુસલમાન હળીમળીને પ્રયત્ન કરે તો એ કામ તેમના ગજા બહાર ન હોવું જોઈએ એટલું ચોક્કસ છે. દિલ્હી જેવું કેન્દ્ર-સ્થળ જો આવી શાંતિ સ્થાપી શકે તો બીજાં સ્થળો એનું અનુકરણ કરશે એ વિષે મને શંકા નથી. દિલ્હીથી મને અત્યંત ઝેરી સાહિત્ય મળ્યું છે. એમાં દરેક પક્ષે સામા પક્ષને બને એટલો બિહામણો ચીતર્યો છે. વાચકની સુધારણા માટે એ બધું સાહિત્ય પ્રસિદ્ધ કરવાની મારી હિંમત ચાલતી નથી. તેમ છતાં વાચકને એટલું જણાવવું જોઈએ કે મારા નિવેદનમાં મેં જેની ઝાંખી કરાવી છે તે બધી વાત એ સાહિત્યમાં મળી આવે છે. જો લાગતાવળગતા પક્ષો પોતાના આક્ષેપો લવાદપંચના ધ્યાન પર લાવશે અને એ પંચ પાસે એક સત્તાવાર નિવેદન કરાવશે તો તે એક મોટા આશીર્વાદરૂપ થઈ પડશે.

### શીખોનો આત્મસંયમ

ઉશ્કેરાવા માટે ઘણું ગંભીર કારણ હોવા છતાં કલકત્તાના શીખોએ જે અદ્‌ભુત આત્મ-સંયમ દાખવ્યો છે તેને માટે તેઓ લોકોના ઉષ્માભર્યા અભિનંદનના અધિકારી છે. બુમરાણ

Gandhi Heritage Portal

મચાવતા વહેમી લોકોના ટોળાએ તદ્દન પાયા વગરની શંકાને લીધે કલકત્તામાં કેટલાક શીખોની નિર્દય હત્યા કરી હતી. જ્યાં જાઓ ત્યાં શીખો પોતાનું રક્ષણ કરવા પૂરેપૂરા શક્તિમાન હોય છે અને ઇચ્છે તો વેર પણ સારી રીતે લઈ શકે છે. પરંતુ પ્રસ્તુત પ્રસંગે તેઓ તદ્દન શાંત રહ્યા. પોતે બહાદુર હોવાથી તેઓ જોઈ શક્યા કે આ તોફાન પાછળ જાતિદ્વેષની ભાવના નહોતી. ટોળાને જો કોઈ બીજી કોમ ઉપર શંકા ગઈ હોત તો અંધશ્રદ્ધાને લીધે એટલી જ બેપરવાઈથી એણે એ લોકોને પણ રહેંસી નાખ્યા હોત. કસોટીના અને ઉશ્કેરાટના પ્રસંગોએ સાચું વર્તન કેવું હોય એનો એક દાખલો કલકત્તાના શીખોએ આપણને પૂરો પાડ્યો છે.

## અધિકારીઓની ઢીલ

વાચકને યાદ હશે કે નાભા રાજ્યના ઍડમિનિસ્ટ્રેટરે મને આપેલો જવાબ વાંચીને પંડિત જવાહરલાલ નેહરુએ એ મહાશયને એક પત્ર લખ્યો હતો. તેમાં પોતાની અને આચાર્ય ગિદવાણી સહિત પોતાના બીજા સાથીઓની જેલમુક્તિ શરતી હોવાનો એમનો ખ્યાલ ખોટો હોવાનું જણાવ્યું હતું.[1] આ પત્ર ગઈ ૨૪મી મેએ લખાયો હતો. ઍડમિનિસ્ટ્રેટર તરફથી એનો જવાબ ન મળવાથી પંડિતે આ બાબતની યાદ આપવા માટે ૧૯મી જૂને નીચેનો પત્ર પાઠવ્યો છે :

> ૨૪મી મેને દિવસે મેં આપને એક પત્ર રજિસ્ટર્ડ પોસ્ટથી પાઠવ્યો હતો. એમાં પ્રિન્સિપાલ ગિદવાણીની, શ્રી સંતાનમની અને મારી સજાઓ મોકૂફ રાખ્યાના હુકમની તથા એ અંગે જે કંઈ હુકમ એ વખતે નીકળ્યો હોય તેની નકલો મોકલી આપવા મેં આપને વિનંતી કરી હતી. મારા એ પત્રનો મને હજી સુધી જવાબ મળ્યો નથી, તેમ નકલો માગી હતી તે પણ મળી નથી.
>
> યંગ ઇન્ડિયાના તંત્રી ઉપરના આપના પત્રમાં આપે એવું વિધાન કર્યું છે કે આચાર્ય ગિદવાણીને, શ્રી સંતાનમને તથા મને શરતી મુક્તિ આપવામાં આવી હતી. આ વિધાન સદંતર ખોટું છે એ બાબતમાં મારા મનમાં લેશ પણ શંકા નથી. અને એ અંગેના હુકમો તથા બીજા કાગળો જોયા પછી આપને આની ખાતરી થઈ જ હોવી જોઈએ. મને વિશ્વાસ છે કે આ બાબતની ખાતરી થઈ જતાં આપ આપનું અગાઉનું વિધાન સુધારી લેવા તાકીદે તજવીજ કરશો અને ચોખવટ કરશો કે આચાર્ય ગિદવાણીને, શ્રી સંતાનમને તથા મને કશી શરત વિના જ છોડવામાં આવ્યા હતા. આમ આચાર્ય ગિદવાણીને કેસ ચલાવ્યા વિના કે સજા ફરમાવ્યા વિના જેલમાં મોકલવાનું કારણ એમણે કરેલો શરતનો ભંગ છે એવો પ્રશ્ન જ ન હોઈ શકે, કેમ કે કોઈ શરત કદી પણ કરવામાં આવી નહોતી.
>
> હું આપને ફરીથી વિનંતી કરું છું કે સજા મોકૂફ રાખ્યાના હુકમની એક નકલ મને મોકલી આપો. હું એ પણ સાફ સાફ જાણવા માગું છું કે નાભા રાજ્યની હદમાં પ્રવેશવાની મને મનાઈ છે કે કેમ? અને જો હોય તો કયા હુકમને આધારે? હાલ તુરત નાભા જવાની મારી ઇચ્છા નથી. પરંતુ ધારો કે મને એવી ઇચ્છા થાય તો ત્યાં મને કઈ જાતનો આવકાર મળશે એ મારે જાણવું છે.

૧. જુઓ પા. ૧૭૧.

Gandhi Heritage Portal

આપણે આશા રાખીએ કે પંડિત જવાહરલાલ નેહરુએ પૂછેલા સીધા સવાલનો જવાબ આપવામાં ખાસ વિલંબ નહીં થાય. જાહેર જનતા તરફથી થતી પૂછપરછનો જવાબ આપવામાં અધિકારીઓ બિનજરૂરી ઢીલ કરતા હોય છે, અને તેમાં પણ આવી પૂછપરછ એમને મૂંઝવે તેવી હોય ત્યારે તો વિલંબ થવાનો જ, એવો એક શિરસ્તો પડેલો છે. જો કશો જવાબ ન આવે અગર તો જવાબ સંતોષકારક ન હોય તો પંડિત નેહરુએ અને શ્રી સંતાનમે કારોબારી સમિતિને કહેવું પડે કે અમને ધરપકડ કરાવવા માટેનો પડકાર ફેંકવાની રજા આપો. એક સાથી પ્રત્યેની ફરજ તરીકે પણ આવું પગલું આવશ્યક ગણાય. જવાહરલાલના પત્રનો છેલ્લો ફકરો દેખીતી રીતે જ એમના તરફથી પડકાર ફેંકાવાની આગાહી આપે છે. જૈતોંના ગોળીબાર વખતે આચાર્ય ગિદવાણી નાભાની હદમાં પ્રવેશ્યા ત્યારે સવિનય કાનૂનભંગ સાથે એમને કશી લેવાદેવા નહોતી, તેમ છતાં એમને જેલમાં રાખવામાં આવે એ સમજમાં ન ઊતરે એવી વિચિત્ર વાત છે. એ પગલું તો એમણે માનવતાનો સાદ સાંભળીને લીધું હતું. એને માટે મિ. ઝિમંડ જેવી નિષ્પક્ષ વ્યક્તિનું પ્રમાણપત્ર મોજૂદ છે.

### મ્યુનિસિપાલિટીઓ

એક સ્થાનિક કૉંગ્રેસ મંત્રી લખે છે:

> આ (સરકારી) સંસ્થાઓમાંથી ખસી જવાનો આપે જે વ્યક્તિઓને અનુરોધ કર્યો છે તેમાં જિલ્લા બોર્ડો અને મ્યુનિસિપાલિટીઓ કબજે કરી બેઠેલા લોકો વિષે આપે કાંઈ પણ કહ્યું નથી. હું જાણું છું કે નાફેરવાદીઓમાં ઘણા લોકો એવા છે જેઓ હજી પણ કહે છે કે જિલ્લા બોર્ડો અને મ્યુનિસિપાલિટીઓમાં એમના જવાથી અસહકારના સિદ્ધાંતને કશી પણ આંચ આવતી નથી. પણ હું તો માનું છું કે આ બોર્ડો અર્ધ-સરકારી સંસ્થાઓ છે. એમને સરકારના અંકુશ નીચે કામ કરવાનું નથી હોતું? તેઓ શિક્ષણ કે સ્વાસ્થ્ય-સંરક્ષણની પ્રથામાં કશું અસરકારક પરિવર્તન લાવી શકે તેમ છે?

કૉંગ્રેસના ઠરાવોને લાગેવળગે છે ત્યાં સુધી, કૉંગ્રેસના સભ્યોને આ સંસ્થાઓમાં દાખલ થવાની અને હોદ્દેદારો બનવાની સુધ્ધાં છૂટ છે. વધારામાં પાછળથી થયેલો એક ઠરાવ તો કૉંગ્રેસીઓને આ સંસ્થાઓ કબજે કરવાનો આદેશ પણ આપે છે. આ સંસ્થાઓ સરકારને તાબે હોવાથી સિદ્ધાંતથી તે સરકારી સંસ્થાઓની કોટિમાં આવે છે. પરંતુ આપણો અસહકાર અમુક એવી સંસ્થાઓ પ્રત્યે જ ખાસ કરીને તાકવામાં આવ્યો છે કે જેની પાછળ સરકારનો આપણને વધારેમાં વધારે નીતિભ્રષ્ટ કરવાનો આશય છે અને જેનાથી સરકારની પ્રતિષ્ઠા ટકી રહેવામાં સૌથી વધારે મદદ મળે છે. એટલે જેનો કૉંગ્રેસે નામ દઈને બહિષ્કાર ન પોકાર્યો હોય તેવી સરકારી સંસ્થાઓ સંબંધમાં સારામાં સારી યોજના એ છે કે તેઓ રચનાત્મક કાર્યક્રમની કેટલા પ્રમાણમાં સેવા કરી શકે તેમ છે તે તપાસી જોવું. જો એ સંસ્થાઓ રચનાત્મક કાર્યક્રમની આડે આવતી હોય તો મારા મનથી એટલું સ્પષ્ટ છે કે કૉંગ્રેસીઓએ એમને પડતી મૂકવી જોઈએ. અનેક સ્થળોએથી મને એવી ફરિયાદ કરતા પત્રો મળ્યા છે કે કૉંગ્રેસીઓ મ્યુનિસિપાલિટીઓ અને જિલ્લા બોર્ડોમાં પ્રવેશ્યા હોવાને કારણે તમામ રચનાત્મક કાર્ય બંધ કરી દેવામાં આવ્યું હતું, અને કેટલેક સ્થળે તો ખુદ કૉંગ્રેસીઓ હરીફ ઉમેદવારો તરીકે ઊભા રહ્યા હતા. આવા દરેક દાખલામાં કૉંગ્રેસીઓએ એમાંથી ખસી જવું જોઈએ એમાં શક નથી. કૉંગ્રેસીઓ અંદરઅંદર હરીફાઈ કરે એ તો મારી સમજમાં જ આવતું નથી. તેઓ શિસ્તથી

Gandhi Heritage Portal

બંધાયેલા હોવાથી એમની કૉંગ્રેસ સમિતિ જેમને ચૂંટણી માટે પસંદ કરે તેઓ જ ચૂંટણીમાં ઊભા રહી શકે. (પ્રાથમિક) શિક્ષણ અને સ્વાસ્થ્ય સંરક્ષણ પર અંકુશ રાખવાની શક્તિનો વિચાર કરીએ તો સામાન્ય રીતે એમ કહી શકાય કે મ્યુનિસિપાલિટી એ બે ક્ષેત્રોમાં સારી પેઠે અંકુશ રાખી શકે એમ છે. કોઈ પણ પરિસ્થિતિમાં, મ્યુનિસિપાલિટીઓ મોટે ભાગે ચૂંટેલા પ્રતિનિધિઓની બનેલી સંસ્થાઓ હોવાથી યોગ્ય અવસર ઊભો થતાં સવિનય કાયદાભંગ માટે એમાં પૂરતો અવકાશ છે.

## એક ખતરનાક રિવાજ

(૧૨મી જૂનના) હિન્દુની કટારોમાં મારી સાથે થયેલી એક મુલાકાત તરીકે ગણાવેલો હેવાલ હમણાં મારા વાંચવામાં આવ્યો છે. મને બરાબર યાદ છે કે એક સદ્‌ગૃહસ્થ સાથે મારે લાંબી વાતચીત થયેલી. પણ એ ભાઈ એક ખાસ મુલાકાતી હશે એવો તો મને ખ્યાલ જ આવ્યો નહોતો. મને એવું લાગ્યું હતું કે એ ભાઈને સાચી શંકાઓનું સમાધાન જોઈએ છે, અને તેથી તેમના પ્રત્યે મેં સારું એવું ધ્યાન આપ્યું હતું અને એમના તમામ પ્રશ્નોના જવાબ ધીરજથી આપ્યા હતા. મારી પાસે સમય નહોતો એટલે તે વખતે લાંબી મુલાકાત આપવાની મેં જરૂર ના પાડી હોત. મારી પાસે છૂપાવવાનું કશું નથી. મારે વિષે કે મારી પાસેથી જે કાંઈ જાણવા મળે તે વિષે લોકોએ પ્રસિદ્ધિ કરવી હોય તો તેની છૂટ છે. પરંતુ મારે નામે ખોટી વાતો વહેતી મુકાય તે માટે તો હું જરૂર વાંધો લઉં. જે હેવાલ તેઓ છાપે તે મને બતાવીને છાપે તો મને કશો વાંધો ન હોય. આ કહેવાતી મુલાકાતનો પ્રસિદ્ધ થયેલો હેવાલ મારા કથનને વિકૃત સ્વરૂપે રજૂ કરે છે. દાખલા તરીકે એમાં લખ્યું છે કે "એકેએક મુસલમાન વંઠેલો હોય છે" એવું હું બોલ્યો હતો. દરેક મુસલમાન વંઠેલો હોય છે એવો વિચાર મને સ્વપ્ને પણ આવ્યો નથી. દા. ત. હકીમ સાહેબને હું વંઠેલા માનતો નથી. એ જ રીતે મારા અનેક મુસલમાન મિત્રોમાંના કોઈને પણ હું વંઠેલો માનતો નથી. હું અનેક મુસલમાન દાદાઓને ઓળખું છું, પરંતુ વંઠેલા શબ્દનો લોકો જે અર્થ કરે છે તે અર્થમાં કોઈ વંઠેલા મુસલમાનોને હું મળ્યો હોઉં એવું મને યાદ આવતું નથી. મુસલમાનમાત્ર દાદો હોય છે એવું પણ હું માનતો નથી. મેં એમ કહ્યું હોવાનો મારા પર આરોપ મુકાયો છે કે સરકાર અત્યારે મારા પ્રત્યે ઉદાસીન છે, પણ જો હું છ મહિના માટે અખિલ હિંદના પ્રવાસે નીકળું તો એના હાંજા ગગડી જાય. આનો મારો જવાબ એ છે કે મારામાં એટલું માનવા પૂરતી મગરૂરી જરૂર છે કે હું જે કંઈ બોલું છું અથવા કહું છું તેના પ્રત્યે સરકાર કદી પણ ઉદાસીન રહેતી નથી અને મારા કોઈ પ્રવાસથી સરકાર ગભરાઈ જશે એવું નહીં માની લેવા જેટલી નમ્રતા પણ મારામાં છે. પરંતુ ગમે તેના પ્રયાસથી પણ જો સાચી હિંદુમુસ્લિમ એકતા સધાઈ જાય તો સરકાર ગભરાય ખરી. મુલાકાત લેનારે એક ખાદી કાર્યકરે કરેલી છેતરપિંડીની વાત લખી છે. આ તો મારા સહકાર્યકરો જોડેની વાતચીત એમને સાંભળવા દેવામાં આવી તેનો દુરુપયોગ કર્યો કહેવાય. છેતરપિંડી થઈ હોવાની વાત થયેલી ખરી. પણ ખરેખર કશી છેતરપિંડી થઈ હતી કે કેમ તે હજી પણ હું જાણતો નથી. ઝટ ધ્યાન ખેંચાય એવી ગેર-રજૂઆતોના જ દાખલા મેં ઉપર આપ્યા છે. બેશક, "મુલાકાતી"નો આશય તો શુભ જ હતો. પરંતુ જવાબદારી સમજ્યા વિના શુભ આશયથી કામ કરનારા મિત્રો, બૂરી દાનતથી વર્તનારા વિરોધીઓ કરતાં વધારે નુકસાન કરે છે. માટે મને મળવા આવનારા લોકોને મારી આગ્રહભરી

Gandhi Heritage Portal

વિનંતી છે કે જ્યાં સુધી હું જવાબદારીના સ્થાન પર છું ત્યાં સુધી તેઓ મારા પર મહેરબાની રાખે. હું જવાબદારી ફગાવી દઉં ત્યારે તેઓ મારાં કૃત્યો અને કથનો સાથે ભલે ગમે તેવી છૂટ લે. મારી સાથેની "મુલાકાતો"ના અહેવાલો જેમના જોવામાં આવે તેમને મારી વિનંતી છે કે એ હેવાલોને મેં સંમતિ ન આપી હોય તો તેઓ તેમને અવિશ્વસનીય માની નામંજૂર કરે.

### સંચા વિ૦ હાથકંતામણ[1]

એક વખતે રેંટિયામાં પૂરી શ્રદ્ધા ધરાવનારા એક મિત્ર નીચેના ભાવનું લખે છે:

> આપની બધી પ્રવૃત્તિ નકામી છે, નવજીવન અને યંગ ઇન્ડિયામાં બધી વાસી વાનીઓ પીરસીને આપ તન અને મનની શાને ખરાબી કરો છો? આજે તમારાં છાપાં વાંચવામાં મને જરાય રસ પડતો નથી. મારા અનુભવને અંતે મને લાગ્યું છે કે રેંટિયો કંઈ કામનો નથી. આપને ક્યાં ખબર છે કે જુસ્સાના પહેલા પૂરમાં લોકોએ જે રેંટિયા વેચાતા લીધા હતા તે આજે ઘરખૂણે સડે છે. એનાથી કંઈ દળદર ફીટે તેમ નથી.
>
> આપ કોઈ વધારે સારી વસ્તુ તરફ ધ્યાન દો એવી મારી સૂચના છે. હાથકંતામણને બદલે સંચાનું કંતામણ દાખલ કરો. દરેક તાલુકામાં એક સંચાથી ચાલતી રેંટિયા મિલ ઊભી કરો. તેના નફાનો ઉપયોગ રાષ્ટ્રીય કાર્ય માટે કરો. કમાણી કરવાના ઉદ્દેશથી નહીં પણ સ્વદેશ તરફના પ્રેમને ખાતર કામ કરનાર દેશભક્તોએ જ આ મિલ ચલાવવી. તેનું સૂતર સ્થાનિક વણકરોને વહેંચી આપો. અને તેનું કપડું તે તે તાલુકાના જ ઉપયોગ માટે રાખી મૂકવું. આમ કરવાથી તમે વખત અને રેલવેનૂરની ખરાબી થતી અટકાવી શકશો. શરૂઆતને માટે, આ પ્રમાણે ફક્ત એક જ તાલુકાને તૈયાર કરો એટલે તમે ભારે મોટી સેવા કરી ગણાશે.

આ દલીલ ઉપરથી બહુ ઠાવકી લાગે છે અને પોતાની રીતે રેંટિયાનો ઉપયોગ કરી જોનાર તે કરે છે, તેથી આ મિત્રના જેવા વિચાર ધરાવનારાઓની ખાતર એની તપાસમાં ઊતરવાનું યોગ્ય ધારું છું. વાચકને જણાવવાની જરૂર નથી કે આ યોજના ખાદીપ્રવૃત્તિ જેટલી જ જૂની છે, અને પેલી વાતમાંના ખોટા સિક્કાની માફક તે ફરી ફરીને આગળ આવ્યા કરે છે.

ભૂખમરામાંથી બચવા ખાતર જેમને વધુ કમાણીની જરૂર છે એવા લાખોને રેંટિયાથી ઉદ્યમ અને થોડી કમાણી થાય છે એ મુખ્ય વાત આ મિત્ર ભૂલી ગયા લાગે છે. ઘેરઘેર સાળો દાખલ ન કરી શકાય. ઘેરઘેર રેંટિયા અને ગામડે ગામડે સાળ એ જ એક કાયદો છે.

એકેએક તાલુકામાં જો કાંતવાની મિલ ચાલુ કરીએ તો ઘણાની થોડાએ કરેલી ખરાબીમાં આપણે આખા દેશને ભાગ ભરાવીશું. એક જ તાલુકા મિલમાં બધાયને ધંધો ન મળી શકે. વળી ૨૦૦૦થી વધુ તાલુકાઓને પૂરા પાડવા માટે જોઈતા સંચા પરદેશથી લાવવા પડશે અને મિલો ચલાવવા અને તેની વ્યવસ્થાને માટે કુશળ માણસોને કેળવવા જોઈશે. મિલો કાંઈ બિલાડીની ટોપીની જેમ અસંખ્ય ઊભી ન થઈ શકે, ત્યારે રેંટિયા તો થઈ શકે. એક રેંટિયો પડી ભાંગે તો કોઈને આંસુ ન આવે; પણ કોઈ તાલુકા મિલ પડી ભાંગે તો તે તાલુકાના તમામ લોકોમાં હાહાકાર થઈ રહેશે. મારા મત પ્રમાણે આ મિત્રે રજૂ કરેલ મુદ્દો તદ્દન વજૂદ વિનાનો છે. તોપણ તેની યોજનામાં તેને શ્રદ્ધા હોય તો તેનો અનુભવ લઈ જોવાની મેં તેને

1. આ પેટામથાળાવાળા ભાગનું ભાષાંતર નવજીવન, ૬-૭-૧૯૨૪ના અંકમાંથી આપવામાં આવ્યું છે.

Gandhi Heritage Portal

સૂચના કરી છે. બીજી કોઈ વસ્તુમાં મને રસ નથી પડતો એટલે મારે તો મારા નાવડાને એકલે હાથે હલેસાં માર્યા કરવાં જ રહ્યાં. રેંટિયાને માટે મને કોઈ અજબ મોહ છે.

કદાચ રેંટિયાની નિષ્ફળતા ન જોઈ શકું એટલો બધો જડ હું હોઉં એવો સંભવ છે. પણ મારી ભૂલ સાબિત કરી બતાવવામાં આવે તો તે કબૂલ કરવા હું આનાકાની નહીં કરું.

જે દિવસે મને આ મિત્રનો કાગળ મળ્યો તે જ દિવસે બીજા એક મિત્રનો કાગળ મળ્યો. તેમને મિલઉદ્યોગનો દસ વર્ષનો અનુભવ છે, એમ તેઓ જણાવે છે. તેઓ સંચાના કાંતેલા સૂતરનો હાથવણાટમાં ઉપયોગ કરી ચૂકયા છે, અને હવે પોતે હાથકંતામણ અને હાથવણાટના ધંધામાં પડયા છે. આર્થિક સંકટ દૂર કરવાના ઉપાય તરીકે આ છેલ્લો જ અખતરો તેમને ઉત્તમ જણાય છે.

આ અનુભવ અહીં આપી દઉં છું, તેનો ઉપયોગ જેને લાગે તે કરે. આખો પ્રયોગ હજી તો એટલો બધો અનિશ્ચિત દશામાં છે કે તેને વિષે નિશ્ચિત મત ન આપી શકાય પણ એટલું તો દેખીતું છે કે આજે રેંટિયો ઘણાંય ગરીબ ઘરમાં એકલો જ આશીર્વાદરૂપ નીવડયો છે. અને તેની જગ્યા આજે બીજી કોઈ વસ્તુ લઈ શકે એમ નથી.

नेहाभिक्रमनाशोऽस्ति प्रत्यवायो न विद्यते ।
स्वल्पमप्यस्य धर्मस्य त्रायते महतो भयात् ।।

એ કાંતવાને વિષે જેટલું સાચું છે તેટલું ભાગ્યે જ બીજી કોઈ વસ્તુ વિષે હશે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २६–६–१९२४

## ૧૯૧. અખિલ હિંદ કૉંગ્રેસ સમિતિની બેઠકના ઠરાવો[1]

અમદાવાદ,
જૂન ૨૭, ૧૯૨૪

પંડિત મોતીલાલ નેહરુએ ઉઠાવેલા કાયદાના મુદ્દા અંગે પોતાની સ્થિતિ સ્પષ્ટ કરવા પ્રમુખ તરફથી ફરમાન થતાં શ્રી ગાંધી હિંદીમાં બોલ્યા. એમણે કહ્યું કે આ ઠરાવ લાવવામાં હું કૉંગ્રેસના બંધારણની મર્યાદા ઓળંગતો નથી. શ્રી દાસ અને પંડિત મોતીલાલ નેહરુએ આધારભૂત માનેલી કલમો ૨૧ અને ૩૧માં અમુક શરતો લાદવામાં આવી છે અને એ શરતોનું હું માનું

૧. જૂનની ૨૭મીથી ૩૦મી સુધી મળેલી અખિલ હિંદ કોંગ્રેસ સમિતિની બેઠકમાં ગાંધીજીએ ચાર ઠરાવો રજૂ કર્યા હતા. એમણે પહેલો ઠરાવ રજૂ કર્યા પછી મોતીલાલ નેહરુ અને સી. આર. દાસે એ ઠરાવ રજૂ થઈ શકે કે કેમ એવો કાનૂની સવાલ ઉઠાવ્યો. સી. આર. દાસે કહ્યું કે "કલમ ૨૧ મુજબ માત્ર નવી બાબતોની જ વિચારણા કરી શકાય. કોઈ નવો મુદ્દો ઊભો ન થયો હોય ત્યાં સુધી કોંગ્રેસના કાયદા ઘડવાના તમામ અધિકારોનો લાભ લઈ શકાય. કલમ ૩૧ હેઠળ કાંતણ ફરજિયાત બનાવતો આ ઠરાવ કાયદેસર નહીં ગણાય, કારણ કે મતદારોના તેમના પોતાના પ્રતિનિધિઓ ચૂંટવાના મૂળભૂત અધિકારનો એનાથી ભંગ થાય છે. બીજું, ભૂતપૂર્વ પ્રમુખો જેવા હોદ્દાની રૂએ સભ્યો ગણાતા મહાશયોને આ ઠરાવથી અન્યાય થાય છે, અને સભામાં હાજર રહેવાનો એમને બંધારણથી મળેલો અધિકાર છીનવી લેવાનો આમાં આશય છે." ગાંધીજીના ભાષણનો હેવાલ એ. પી. આઈ. તથા હિન્દુના ખાસ ખબરપત્રીએ નોંધ્યો હતો. અહીં આ બંને હેવાલોને સરખાવીને સમાવી લેવામાં આવ્યા છે. ઠરાવના મૂળ પાઠ માટે જુઓ "ખરી કસોટી", ૧૯–૬–૧૯૨૪.

Gandhi Heritage Portal

છું કે ઉલ્લંઘન થયું નથી. મારો અભિપ્રાય એવો છે કે કૉંગ્રેસનું અધિવેશન ભરાયું ન હોય ત્યારે એના બધા અધિકારો અખિલ હિંદ કૉંગ્રેસ સમિતિ ભોગવે છે. મારા ઠરાવોથી મતદારોના અધિકાર પર મર્યાદા મુકાઈ નથી, એમાં તો જરૂરી તજવીજ કરવા માટે મતદારોને માત્ર સલાહ જ અપાઈ છે.

એમણે કહ્યું કે કૉંગ્રેસનો કાર્યક્રમ સભ્યો કુશળતાથી પાર પાડે છે કે નહીં તે જોવા માટેના નિયમો બનાવવાની કુલ સત્તા એકલી મહાસમિતિને જ છે. પોતાના પ્રતિનિધિઓ ચૂંટવાનો મુક્ત અને અબાધિત અધિકાર મતદારોને અવશ્ય છે, પરંતુ એક વાર ચૂંટણીઓ થઈ ગયા પછી પોતાના પ્રતિનિધિઓના આચરણ ઉપર મતદારો કોઈ પણ જાતનો અંકુશ રાખી શકતા નથી. માત્ર મહાસમિતિ જ એ કાર્ય કરી શકે છે. કૉંગ્રેસની કોકોનાડાની બેઠકે પસાર કરેલા અસહકારના કાર્યક્રમને પૂરેપૂરી બહાલી આપતા અને કામ કરવાની રીતમાં ક્ષમતા લાવવાની ખાતરી આપતા ઠરાવોનો અમલ કરવાની દિશામાં પ્રગતિની આડે આવતો એકેએક અંતરાય દૂર કરવાની ફરજ ખરેખર આ સમિતિની છે. જો એવી દલીલ કરવામાં આવતી હોય કે પ્રાંતિક સમિતિઓને પોતાના સભ્યપદ અંગે શરતો લાદે એવા પોતાના નિયમો ઘડવાનો અધિકાર છે, તો દેખીતી રીતે જ એમાંથી એવું ફલિત થાય છે કે મહાસમિતિ તમામ અધિકારનું ઊગમ-સ્થાન હોવાથી તેને પણ પોતાના સભ્યપદ અંગે શરત લાદવાનો એટલો જ અધિકાર છે.[1]

આગળ બોલતાં શ્રી ગાંધીએ કહ્યું કે એક નવી પરિસ્થિતિ ઊભી થઈ છે. મહાસભા અમુક ઠરાવો પસાર કરે છે, અને એ ઠરાવોનો અમલ થાય એ મહાસમિતિએ જોવાનું છે. ભૂતપૂર્વ પ્રમુખોની બાબતમાં મારે એ કહેવાનું છે કે એમને પણ થોડી સલાહ આપી શકાય. જો પ્રાંતિક સમિતિઓ પોતાના નિયમો બનાવી શકતી હોય તો મહાસમિતિને તો એમના કરતાં એમ કરવાનો વધારે સારો અને વ્યાપક અધિકાર છે. એટલા માટે હું કહું છું કે મેં રજૂ કરેલા ઠરાવો જરા પણ નિયમ બહારના નથી.

[મૂળ અંગ્રેજી]

હિન્દુ, ૨૮–૬–૧૯૨૪

## ૧૬૨. એક શોકગ્રસ્ત પિતાને પત્ર

જૂન ૨૮, ૧૯૨૪

પ્રિય મિત્ર,

જૉર્જ જોસેફે મારા દીકરાને લખેલા પત્ર ઉપરથી જાણવા મળ્યું કે આપનો બહાદુર પુત્ર કૃષ્ણસ્વામી જેલમાં છે તેવે વખતે આપ આપની દીકરીને ગુમાવી બેઠા છો. મેં એ પણ જાણ્યું છે કે આપનો એક છોકરો ગાંડો છે. હું પોતે ચાર છોકરાનો બાપ હોવાથી, આ શોકને પ્રસંગે આપની શી દશા હશે તે સમજી શકું છું. ઈશ્વર પ્રત્યેની આપણી નિષ્ઠા ત્યારે જ સાચી ઠરે છે જ્યારે આપણે આવું અને એથીયે મોટું દુઃખ સમર્પણની ભાવનાથી સહન કરી શકીએ છીએ. આવી સહનશક્તિ માટે જરૂરી બળ ઈશ્વર આપને આપે એવી મારી પ્રાર્થના છે. દક્ષિણ આફ્રિકાની જેલોમાં હું તામિલ ભાષા શીખતો હતો ત્યારે આ સુંદર તામિલ કહેવત મારા વાંચવામાં આવી હતી: "નોધારાનો એકમાત્ર આધાર ઈશ્વર છે."[2] હું જે તામિલ શીખેલો તેમાંનું

૧. આ પૅરેગ્રાફ હિન્દુના ખાસ ખબરપત્રીના હેવાલમાંથી લેવામાં આવ્યો છે.
૨. અહીં ગાંધીજીએ તામિલ લિપિમાં લખ્યું હતું: दिक्कट्रवर्कु दैवमे तुणै.

Gandhi Heritage Portal

ઘણું અત્યારે ભૂલી ગયો છું. પરંતુ ઉપરની કહેવતનો મધુર ધ્વનિ હજી પણ મારા કાનમાં ગુંજે છે. ઘણી વાર એનાથી મને બળ મળે છે. આપને પણ એનાથી બળ મળે એમ ઇચ્છું છું.

આપનો સહૃદયી
મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : જી. એન. ૬૮૩૩

## ૧૬૩. મહાસમિતિમાં ગાંધીજી

અમદાવાદ,
જૂન ૨૮, ૧૯૨૪

મિત્રો,

મારી જોખમદારી પૂરેપૂરી સમજીને જ આ ઠરાવો ઘડીને અહીં તમારી આગળ રજૂ કરવાનું મેં માથે લીધું છે. સદ્‌ભાગ્યે કે દુર્ભાગ્યે હું કાર્યવાહક સમિતિના[1] સભાસદોની બહુમતીને આ ઠરાવો સ્વીકારવાની તરફેણમાં મેળવી શક્યો છું. મારે જે કંઈ કહેવાનું હતું તેમાંનું લગભગ બધું હું યંગ ઇન્ડિયામાં કહી ચૂક્યો છું. એટલે હવે આ ઠરાવો રજૂ કરતાં મારે કશું વિશેષ નવું કહેવાપણું રહ્યું નથી. જે ઠરાવો હું રજૂ કરવા માગું છું તેને અંગે ભારે મતભેદ અને કડવાશ ઊભાં થયાં છે. એ હકીકત હું વીસરતો નથી. એટલું જ નહીં પણ આ મતભેદને લઈને અત્યાર લગી સાથે ચાલતા આવેલા સાથીઓથી નોખા પડવાનો પણ વખત આવે એવો સંભવ છે એ વાત મારા ધ્યાન બહાર નથી. "સાથી" શબ્દ મેં જાણીને જ વાપર્યો છે કારણ કે "દોસ્તી" તો એક એવી દોરી છે કે તેને ગમે તેટલું તાણ પડે તોપણ તે કદી તોડી તૂટતી નથી. એ તો સ્વધર્મ હોય છે. અને હું જાણાવું છું કે દેશબંધુ, પંડિત મોતીલાલજી, મૌલાના આઝાદ સાહેબ અને બીજા ઘણાઓ આજે ભલે મારી વિરુદ્ધ ઊભેલા જોવામાં આવતા હોય, પણ તેથી કંઈ અમારી વચ્ચેની દોસ્તીની ગાંઠ તૂટે તેમ નથી. જે માણસને જાહેર જિંદગીમાં પડવું છે તેણે પ્રસંગોપાત્ત પોતાના નિકટમાં નિકટ મિત્રોનો સાથ છોડવો પડે અને નવા સાથીઓ શોધવા પડે એવા પ્રસંગો નમ્રપણે પણ દૃઢતાપૂર્વક માથે લીધે જ છૂટકો. માલવિયાજી અને હું સામસામી છાવણીઓમાં હોઈએ છીએ અને છતાં કોઈ એમ નહીં કહી શકે કે એથી અમારી દોસ્તીમાં કોઈ દિવસ જરા પણ ન્યૂનતા આવી છે.

મતભેદ થતાંની સાથે બે મિત્રો વચ્ચેની દોસ્તી પણ તૂટવી જ જોઈએ એમ માનવું એ ગંભીર ભૂલ છે. તેથી સાથમાં ભંગાણ પડે ખરું. પણ અમારા સાથને વિષે ગમે તે કહેવાઓ છતાં એટલી વાતની તો ઇતિહાસ જરૂર સાક્ષી પૂરશે કે અમારી મૈત્રી જેવી ને તેવી અખંડિત રહી હતી.

આવા પ્રકારની ભાવના હૃદયમાં ધારણ કરીને મારા આ ઠરાવો પર વિચાર કરવા હું તમને વીનવું છું. દેશમાં વ્યાપી રહેલી સ્થિતિની ગઈ કાલે મને ઝાંખી થઈ. મેં ઘણાં વરસ સુધી વકીલાત

૧. આ બેઠક જૂનની ૨૭મીએ મળી હતી.

Gandhi Heritage Portal

કરી છે અને મારો અનુભવ છે કે માણસો જ્યારે કોઈ મુદ્દા ઉપર પોતાનો અભિપ્રાય એક વાર ચોક્કસ કરી લે છે ત્યાર પછી તેની વિરુદ્ધ અગર તો તરફેણમાં તરેહતરેહની કાયદાની બારીકીઓ શોધી કાઢવામાં એને ઝાઝી મુશ્કેલી નથી પડતી. અને આ જ કારણથી હું એ પણ કબૂલ કરું છું કે મારા ઠરાવને કાયદેસર ગણાવવાની તરફેણમાં મેં પોતે જે કંઈ દલીલ કરી છે તે સુધ્ધાં મારી તેવી દૃષ્ટિથી રંગાયેલી હોય તો નવાઈ નહીં. હું એ પણ કબૂલ કરવા તૈયાર છું કે મારી વિરુદ્ધ મત ધરાવનારા જેઓ મારા ઠરાવોને મહાસભાના બંધારણના નિયમોનો ભંગ કરનારા અને તેથી ગેરકાયદેસર માને છે તેઓ તદ્દન પ્રામાણિકપણે તેમ માને છે.

શ્રી શ્રીનિવાસ આયંગર[1] અને મારી વચ્ચે ગાઢ સંબંધ છે. અમારી વચ્ચે નિકટમાં નિકટ મિત્રાચારીનો નાતો છે એમ હું કહી શકું. તેમણે આજે સવારે મારી પાસે આવી મને કહ્યું : "શું તમે ક્યાંક એમ નથી કહ્યું કે જો બંને બાજુએ એક સરખા મત પડશે તો હું મહાસભામાંથી નીકળી જઈશ?" હું આ પ્રમાણે બોલ્યો છું; છતાં આ ઠરાવ રજૂ કરવાનો આગ્રહ રાખું છું. કારણ હું, તમે અને આખો દેશ ક્યાં છીએ તે જાણવા હું ઇંતેજાર છું. જો હું જોઈશ કે આમાંથી કજિયા ને કડવાશ સિવાય બીજું કંઈ જ ફળ નથી નીપજવાનું અને મારા પક્ષે પણ મારા પ્રત્યેની વ્યક્તિગત વફાદારીને ખાતર જ મારી તરફેણમાં મત આપ્યા છે, તો હું મારો સંબંધ છોડી પણ દઉં.

મારી સ્થિતિ કફોડી છે. આજે દેશ મારી પાસેથી તેમની આગેવાની કરવાની આશા રાખે છે. મારે કબૂલ કરવું જોઈએ કે ચોક્કસ શરતો હેઠળ હું એવી આગેવાની કરી પણ શકું એમ છું. પણ મારે મારા ખપનાં સાધનો ને ઓજારો ખોળવાં રહ્યાં. તેથી જ આજે દેશમાં તડાં ઊભાં કરવાનું અને વહાલામાં વહાલા મિત્રોથી જુદા પડવાનું જોખમ વહોરીને પણ મેં આ ઠરાવો રજૂ કર્યા છે.

પણ અત્યારે વર્તી રહેલી પરિસ્થિતિમાં મારી તો ક્યાંય નાંખી નજર પહોંચતી નથી. આમ કાં તો તમારે કોઈ બીજો આગેવાન પસંદ કરવો રહ્યો છે અગર તો મારી શરત કબૂલ રાખવી રહી છે. મારી ખાતરી થઈ ચૂકી છે કે આ સિવાય બીજો રસ્તો નથી. કોઈ પણ માણસ જાણી-જોઈને નાહક કાયદેસર બંધારણનું આવું ઉલ્લંઘન કરવા પ્રેરાતો નથી. ત્રીજા ઠરાવમાં[2] મેં બંધારણનું આવું ઉલ્લંઘન કર્યું છે. મેં કહ્યું છે કે બંધારણ તો જ્યાં સુધી આપણને ચડવામાં મદદ કરે ત્યાં સુધી જ સારું કહી શકાય. તે આપણને પાછા પાડવામાં કે નામર્દ બનાવવામાં કારણભૂત થવા લાગે ત્યારે તેને તેમ ન જ કરવા દેવાય. એ સાચું છે કે જો મહાસભા એ એક જીવંત સંસ્થા હશે તો તે બંધારણનું આવું ઉલ્લંઘન કર્યાને સારુ તમને દંડશે. હું કહીશ કે મહાસભા તેમ કરે ને આપણને કાઢી મૂકે તો તેમ નીકળી જવાની અને વધુ સારા સેવકોને સારુ જગ્યા કરી આપવાની આપણામાં હિંમત હોવી જોઈએ. પણ જો આપણે માનતા હોઈએ કે ચાલુ બંધારણને પગ તળે કચડીને પણ આગળ ગયા વિના આપણે સ્વરાજ નજીક આણી શકવાના નથી તો તે બંધારણને કોરે મૂકવાની ને તેનું ઉલ્લંઘન કરવાની આપણી પવિત્ર ફરજ થઈ પડે

૧. એસ. શ્રીનિવાસ આયંગર (૧૮૭૪-૧૯૪૧); વકીલ અને મદ્રાસના કૉંગ્રેસ આગેવાન; ૧૯૨૬માં કૉંગ્રેસની ગૌહત્તીની બેઠકમાં પ્રમુખ હતા; ૧૯૨૯માં વડી ધારાસભામાં ચૂંટાયા.
૨. પ્રતિનિધિઓની ચૂંટણી અંગેનો ત્રીજો ઠરાવ.

Gandhi Heritage Portal

છે. આમ છતાં જ્યારે મેં જોયું કે મારા ઠરાવોને મહાસમિતિ આગળ પોતાની ભલામણ તરીકે રજૂ કરવાને કાર્યવાહક સમિતિ તૈયાર છે ત્યારે મેં મારા ત્રીજા ઠરાવમાં કેટલોક ફેરફાર કર્યો.

આજ સવારના ત્રણ વાગ્યાથી હું મારા મનને પૂછી રહ્યો છું કે અત્યારે મારો ધર્મ શેમાં રહેલો છે. મેં ચારે મેરનો વિચાર કરી જોયો અને જોયું કે મારી વિરુદ્ધ કાયદાનો વાંધો લેનારા પંડિતજીના[૧] ઠરાવ ઉપર પડેલા મતો ઉપરથી જણાય છે કે બંગાળ સિવાય બાકીના ઘણાખરા પ્રાંતો આવી જાતનો કાર્યક્રમ સ્વીકારવાની તરફેણમાં છે. હકીકતમાં ગઈ કાલે પડેલા મતો જ ખરો કયાસ કાઢવાને યોગ્ય હતા. મહાસમિતિની લાગણીનો યથાર્થ ચિતાર જો આમાંથી મળી શકતો હોય તો હું વાજબી રીતે જ એવા નિર્ણય ઉપર આવ્યો છું કે પ્રાંતોનો મોટો ભાગ આ ઠરાવ માગે છે. આથી મેં મારા મનને પૂછ્યું કે પ્રાંતોનું સંગઠન કરવું શક્ય છે કે કેમ. ખાદી એ કાંઈ નાનીસૂની વસ્તુ નથી. આપણે ખાદી પહેરવા લાગ્યા છીએ એટલા સારુ નહીં પણ ખાદી એક એવી વસ્તુના ચિહ્નરૂપે આપણામાં પુનરુજ્જીવન પામી છે કે જે બીજા કશાથીયે આપણને મળી શકે તેમ નથી એટલા સારુ અત્યારે એકલી ખાદી જ આપણને એક-સૂત્ર કરી શકે એમ છે. એનાથી જ આપણે દેશની આમપ્રજા જોડે નિકટનો નાતો બાંધી શકીએ. ધારાસભાઓમાં કે અદાલતોમાં જઈને તમે દેશને સૂત્રબદ્ધ કરી શકશો નહીં.

હજી કાલે જ એક દેશી મૅજિસ્ટ્રેટે એક નૌજવાન અસહકારીને જેલમાં મોકલ્યો. મારે તો આપણને કચડી નાખવા માગતી સરકારના દોરને તુચ્છકારનારા હજાર નૌજવાનો ઊભા થયેલા જોવા છે. માતૃભૂમિની યજ્ઞવેદી ઉપર દસ હજાર પ્રાગજીનું[૨] બલિદાન દેવા હું રાજી છું; કારણ હું જોઉં છું કે આ સરકારની અદાલતોની એવી અવગણના કરવી એ આપણે સારુ જરૂરનું છે. હું વગર સંકોચે કહેવા માગું છું કે એમ કરી શકીએ તો લોકલાગણીને આટલી તુમાખીપૂર્વક કચડવી એ નોકરશાહીને માટે અસંભવિત છે. મને લાગે છે કે સરકારને આપણે દેખાડી દેવાની જરૂર છે કે તે આપણને કચડી ન શકે — કચડવાની હિંમત પણ કરી શકે નહીં.

પંડિતજી પોતે પણ જાણે છે કે ધારાસભાઓ એકલી કંઈ સ્વરાજ મેળવવાને સારુ બસ નથી. પંડિતજીને મન ધારાસભાઓ સર્વસ્વ નથી. તેમને પણ પોતાની પાછળ દેશ આખો ઊભો રહેલો જોઈએ છે. ધારાસભામાંના તેમના કામને સચોટ બનાવવા માટે તેમને કાયદાભંગના જુસ્સાથી થનથનાટ કરતો પ્રજાસમુદાય પોતાની પાછળ જોઈએ છે. હું કહું છું કે આ બાબતમાં એમની ધારાસભાઓ લાંબી ધાડ નહીં મારી શકે. આપણામાંના કેટલાકનાં જીવનમાં ભલે તે મહત્ત્વનો ભાગ ભજવી શકતી હોય પણ ત્રીસ કરોડ પ્રજાના જીવનની દૃષ્ટિએ એને કશું મહત્ત્વ નથી.' અને આ ઠરાવનો વિચાર એ કરોડો પ્રજાની દૃષ્ટિએ કરવા હું તેમને વીનવી રહ્યો છું. તમે તમારા આ લાખો-કરોડો દેશી ભાઈઓ અને બહેનોના જીવનમાં પ્રાણ પ્રેરવા ઉત્સુક છો? તમારે ગામડાંમાં વસતી આ રાંકડી પ્રજાને તેમની વચ્ચે જઈને સુસંગઠિત નથી કરવી? ૫,૦૦૦ માણસો બડી બડી સભાઓ ભરીને લાંબાંચોડાં ભાષણો આપવાં મેલી તેને બદલે ગામે-ગામ કાંતનારા ને પીંજનારા તરીકે ફરી વળે અને જાતે કાંતીપીંજી લોકોને હિંદુસ્તાનને ખાતર કાંતવા કહે એ સ્થિતિની કલ્પના કરી જુઓ. શ્રદ્ધા વગર, બુદ્ધિની તેજસ્વિતા વગર, તમે એ ચિતાર અંતરમાં નહીં આણી શકો. રેંટિયો એ હિંદુસ્તાનની ત્રીસ કરોડ પ્રજાની સાથે તમને

૧. મોતીલાલ નેહરુ.
૨. પ્રાગજી દેસાઈને ૧૯૨૪ના જૂનમાં બે વરસ અને ત્રણ માસની જેલ મળી હતી.

Gandhi Heritage Portal

એકસૂત્ર કરનારી કામધેનુ છે. અને જો તમારે પ્રજા જોડે એવો નિકટનો નાતો બાંધવો હોય તો આ કસોટીમાંથી તમારે પસાર થયે જ છૂટકો છે.

જરા વિચાર કરી જુઓ, નીચામાં નીચા દરજ્જાના દેશવાસી સાથે એકમાત્ર રેંટિયો જ આપણો નાતો કરાવે છે. રેંટિયાને હું એક નાહકની બુત (દેવમૂર્તિ) બનાવી દેવા નથી માગતો. જો હું જોઉં કે સ્વરાજ મેળવવાના કામમાં રેંટિયો વિઘ્નરૂપ છે તો હું તેને તત્કાળ સળગાવી દઉં. એ રીતે હું મૂર્તિભંજક છું. અને એ અર્થમાં હું મુસલમાન છું. છતાં વળી હું મૂર્તિપૂજક પણ છું. જો મને એમ લાગે કે નર્મદા નદીનો એક પથ્થર પણ મને મારા ઈષ્ટદેવ પર ચિત્ત એકાગ્ર કરવામાં મદદ કરે છે, તો હું જરૂર તેને રાખું ને તેની પૂજા કરું. એ અર્થમાં હું હિંદુ છું.

મારા બીજા એક મિત્રનું કહેવું છે કે મારે રેંટિયાને આમ એકાદ જપ કરવાની માળારૂપ કરી મેલવો ન ઘટે. હું કબૂલ કરું છું કે મારે સારુ તો રેંટિયો અલબત્ત જપમાળાની જ ગરજ સારે છે. અને તમને બધાને પણ રેંટિયા વિષેની મારી એ જ શ્રદ્ધાનો ચેપ લાગેલો જોવા હું ઉત્સુક છું. જો તમારી શ્રદ્ધાની મદાર ગાંધી ઉપર જ હોય અને રેંટિયા પર ન હોય, તો તમે નર્યા ધુમાડાને બાચકા ભરી રહ્યા છો એ ખચીત માનજો. તમે ૨,૦૦૦ વાર સૂતર મારા મોં પર ફેંકશો એટલાથી શું? એટલાથી મારું સમાધાન થાય એમ નથી. એમ તો એક જણનું મોકલેલ સૂતર પણ ફાંસીના લાકડા પર મને ગળે ફાંસો દેવા બસ થઈ પડે. પણ હું કંઈ એવી રીતે મરવા નથી માગતો. મારે તો દેશને ખાતર જીવવું છે અને દેશને ખાતર જ એક નિષ્કલંક માણસ તરીકે — દેશના સૌથી નિષ્કલંક માણસ તરીકે — મરવાની મારી અભિલાષા છે. આવી શ્રદ્ધાથી તમને હું ઓતપ્રોત જોવા ઇચ્છું છું અને જો તમારામાં એવી શ્રદ્ધા હોય તો જ તમે મારી તરફેણમાં મત આપજો. યાદ રાખજો કે મારી નહીં પણ તમારી પોતાની શ્રદ્ધા સામું તમારે જોવાનું છે. તમારી શ્રદ્ધા જરૂરી છે.

હવે જેઓ મારી વિરુદ્ધ મત આપવા ઇચ્છે છે તેમને ઉદ્દેશીને બે શબ્દો કહી લઉં. પ્રસ્તુત ઠરાવ રજૂ કરવામાં મેં બ્રિટિશ નોકરશાહીની ઢબ અખત્યાર કીધી છે એવો કેટલાકનો આ બાબતમાં મારી ઉપર આરોપ છે. આપણે નોકરશાહી સામે બળીએ છીએ કારણ તેને આપણે થાપી નથી, તે આપણી ચૂંટી નથી. પણ આપણી પોતાની નિયમબદ્ધતાને ખાતર આપણે ઇરાદાપૂર્વક આપણા વર્તનની બાબતમાં કોઈ નિયમો ઘડીએ અને તેને આપણે માટે બંધનકર્તા ગણીએ તો તે સામે બળી ઊઠવાનો આપણને શો અધિકાર છે? વળી હું આજે તમારી સમક્ષ રજૂ કરી રહ્યો છું એ તો એક અનાદિકાળથી ચાલતો આવેલ સિદ્ધાંત છે, અને તે એ કે, આપણે જે બોલીએ તે પ્રમાણે ચાલીએ ને કહીએ તે પ્રમાણે કરીએ. જો આપણે કટ્ટા નિશ્ચયવાળી ધૃષ્ટ અને લડાયક પ્રજા ઘડવી હોય તો આપણે આપણા ઉપર કડકમાં કડક નિયમોનાં બંધન મૂકચે જ છૂટકો છે. હરકોઈ લશ્કરી છાવણીમાં જઈને જુઓ. હું તો લશ્કરી છાવણીમાં ગયો પણ છું ને મેં લશ્કરી છાવણીમાં જાતે કામ પણ કર્યું છે. ત્યાં તમારે દિવસના દિવસ ફાકા પડે, તમને મોઢામાં ન જાય એવું ગંદું પાણી પીવા આપવામાં આવે, કોઈ વાર અમલદારોની લાતો પણ ખાવી પડે અને તે વળી હસતે મોઢે ઝીલવી પડે અને આ તો જ્યાં ભાડૂતી સિપાઈઓ લડે છે એ છાવણીઓની વાત થઈ. આપણે તો સ્વેચ્છાએ દેશની સેવા કરવા નીકળેલા સ્વયંસેવકો છીએ; પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિઓ છીએ. આપણી બાબતમાં ઉપલી લશ્કરી શરતો કેટલી વધુ કડક

Gandhi Heritage Portal

પ્રમાણમાં લાગુ ગણાવી જોઈએ? નિયમબદ્ધતાના નિર્બંધ સામે આપણાથી બળી ઉઠાય જ કેમ? જો તમે અંતઃકરણપૂર્વક આવા પ્રકારના નિર્બંધની વિરુદ્ધ હો તો તમે રાજીખુશીથી આમાંથી ખસી જાઓ અને બહાર નીકળી દેશના પ્રજામતને તમારી તરફેણમાં વાળવા મથો એમાં શોભા છે. પણ જે ઠરાવ એક વાર પસાર કર્યો તેનો તો પૂરેપૂરો અમલ કરવાની તમારી પવિત્ર ફરજ થઈ પડી એમ જ સમજવું જોઈએ. એ ફરજ આગળ આપણામાંની સર્વશ્રેષ્ઠ વ્યક્તિએ પણ નમવું જ જોઈએ.

જો આપણી તૈયારી નહીં હોય, જો આપણી વચ્ચે તડાં હશે તો અંગ્રેજો આપણને આજે જ સ્વરાજ આપવાના હશે તોપણ આપણી વચ્ચે કજિયા અને વિખવાદોનો પાર નહીં રહે. હું કહું છું કે અંગ્રેજો જઈને તેની જગ્યાએ જો અફઘાનો કે જાપાનીઓ જ આવવાના હોય તો સ્વરાજની અને સ્વરાજની લાયકાત વિષેની આપણી બધી વાતો અને કોશિશો વાહિયાત છે. હું તો તમે સ્વરાજને ખૂંચવી લઈ બેસી જાઓ એ જોવા ઇચ્છું છું. અંગ્રેજોનું આપ્યું સ્વરાજ તમે લો એ જોવા હું નથી માગતો. બ્રિટિશ પાર્લમેન્ટ આપણે માટે શું કહે છે એની મને છાંટાભાર દરકાર નથી. તેમ આજે યુરોપનો પ્રજામત આપણી પ્રવૃત્તિઓ વિષે કેવા પ્રકારનો છે તેની પણ મને પરવા નથી. પણ સામા રસ્તા પર થઈને ચાલ્યો જનારો માણસ આપણે માટે શું કહે છે તે જાણવા હું ખસૂસ ઇંતેજાર છું.

હું તમને ખાતરી આપું છું કે આપણે જરાક પણ વિચાર કરી જોઈશું તો સહેજે જોઈ શકીશું કે આ કાર્યક્રમ કલ્પના થઈ શકે તેટલો ત્વરિતમાં ત્વરિત છે. આ કાર્યક્રમને અમલમાં મૂકચો કે સ્વરાજ્ય મળ્યું જ સમજજો. ૧૯૨૦–૨૧ના મશહૂર વર્ષમાં તમે આ કાર્યક્રમને અમુક અંશે અમલમાં મૂકચો હતો તેની અસર સૌ કોઈની જાણમાં છે. આ બધું કંઈ ગાંધીને લીધે જ થયું હતું એવું નથી. ગાંધીના તો કંઈક ધ્યેો છે, એ બધા જો તેણે દેશ આગળ મૂકચા હોત તો લોકોએ તેને કચાંય ધુતકારી કાઢચો હોત. પણ ગાંધીએ તો દેશની નાડ પારખી છે. એની પાછળ એ મરી ફીટવા તત્પર છે. જો તમે આજે મારો ત્યાગ કરશો તો તમે મને બડબડતો કે કસાણે મોંએ નહીં પણ વિનયપૂર્વક અને રાજીખુશીથી બહાર જતો જોશો. બહાર રહી હું સ્વતંત્ર સંઘ કે મંડળ ઊભું કરવા પ્રયત્ન કરીશ. તમારા કામમાં વિઘ્નો નહીં નાખું. હું નડતર કરવાની નીતિમાં માનનારો નથી. હું તો સાવ શુદ્ધ અને નિર્મળ અસહકારમાં જ માનનારો છું. તમારી સાથે હું અસહકાર કરીશ.

જો તમે આ ઠરાવ બહુમતીથી પસાર કરવા માગતા હો તો તેના મૂળની બરોબર ગણતરી કરજો. તમારે દર મહિને ખાદી મંડળને[1] ૨,૦૦૦ વાર સૂતર તો ઓછામાં ઓછું દેવું પડવાનું. આનો અર્થ તમારે પણ રેંટિયા પાછળ મારી માફક ગાંડા થવું પડવાનું. જો તમારી શ્રદ્ધા એટલી પ્રખર ન હોય તો તમે આ ઠરાવને અવશ્ય ફેંકી દેજો. તમને લાગતું હોય કે આ પગલું લઈને આપણે આપઘાત કરી રહ્યા છીએ તો તમે આમાંથી નીકળી જઈ આવતી બેઠકમાં મહાસભાને તમારા પક્ષમાં આણવા મથજો. ખરું જોતાં તો મહાસભા કોઈ એક વ્યક્તિની થોડી જ છે? જે કોઈ દેશની વધુમાં વધુ સેવા કરશે તેના હાથમાં તે રહેવાની. એમ કહેવામાં આવે છે કે આ ઠરાવ કરાવીને સરમુખત્યારીની રૂએ મારો કક્કો ખરો કરાવવાનો મારો આ પ્રયત્ન છે. જ્યાં સુધી

૧. આ વાત અખિલ હિંદ ખાદી મંડળને અનુલક્ષીને છે.



Gandhi Heritage Portal

મારું ભેજું ઠેકાણે છે ત્યાં સુધી મને આમ સરમુખત્યાર કહેવામાં આવે તોપણ તેની મને પરવા નથી. બાકી હું તો મને પોતાને દેશનો એક અદનો સેવક માનું છું. પણ સેવા કરનારાઓનો એક એવો વર્ગ છે કે જેઓ અમુક શરતે જ સેવા કરવાનું માથે લે. અને એ શરતો કોઈ વાર કોઈને સરમુખત્યારી જેવી પણ ભાસે. હું તો ઈશ્વરને માથે રાખીને ઈશ્વરને નામે મારી શરતો તમારી સમક્ષ મૂકું છું; અને એટલું જ કહું છું કે તેમાં તમારી સેવા સિવાય બીજો કશો પણ હેતુ નથી.

[મૂળ ગુજરાતી]

નવજીવનનો વધારો, ૧૭-૭-૧૯૨૪

## ૧૯૪. શિક્ષાની કલમ અંગે ભાષણ અને ઠરાવ[1]

અમદાવાદ,
જૂન ૨૮, ૧૯૨૪

પ્રમુખે કહ્યું કે મેં રજૂ કરેલો ઠરાવ માત્ર ૬૭ વિરુદ્ધ ૩૭ મતે પસાર થયો છે. સભાત્યાગ કરી ગયેલા સ્વરાજ્યવાદીઓએ મત આપ્યા નથી. એમના મતો પણ ગણતરીમાં લેવામાં આવે તો મને બહુ બહુ તો માત્ર અલ્પ બહુમતી મળે. માટે સભાને મારી સલાહ છે કે શિક્ષાવાળી કલમ કાઢી નાખો, હાજર રહેનારાઓ પૈકી એક ગૃહસ્થે કહ્યું કે આમ કરવું એ બંધારણની ભાવનાને અનુરૂપ નહીં ગણાય.[2]

આના જવાબમાં શ્રી ગાંધીએ અમૃતસરની કોંગ્રેસમાં બનેલા એક પ્રસંગની સભાને યાદ આપી. એ કોંગ્રેસની વિષયવિચારિણી સમિતિએ રૉલેટ ઍક્ટની ચળવળના દિવસો દરમ્યાન પંજાબના ટોળાએ કરેલાં તોફાનો અંગે એક ઠરાવ પસાર કર્યો હતો. પરંતુ પાછળથી મારા આગ્રહથી મૂળ ઠરાવ લગભગ તરત જ રદ કરવામાં આવ્યો હતો.[3]

મહાસમિતિની કાર્યવાહી ચાલુ હતી તે દરમ્યાન ફરજિયાત કાંતણના ઠરાવમાંની શિક્ષાની કલમ પ્રત્યેના પોતાના વિરોધને કારણે કેટલાક સભ્યોને સભાત્યાગ કરવાનું જરૂરી લાગ્યું તે જોતાં, અને ઠરાવમાંની શિક્ષાવાળી ઉક્ત કલમ માત્ર ૬૭ વિરુદ્ધ ૩૭ મતે જ પસાર થઈ હતી તે જોતાં, તથા સભાત્યાગ કરી ગયેલા સભ્યોએ એની વિરુદ્ધ મત આપ્યો હોત તો એ કલમ

૧. ગાંધીજીના ભાષણ (જુઓ આ પહેલાંનો લેખ) પછી શિક્ષાની કલમ કાઢી નાખવાનો સુધારો નામંજૂર થયો અને મૂળ ઠરાવ પસાર થયો. તે પછી સમિતિ ઔપચારિક રીતે સ્થગિત કરવામાં આવી, પરંતુ અનૌપચારિક રીતે એ ગાંધીજીના પ્રમુખપદે તરત જ મળી.

૨. તે પછી શ્વેબ કુરેશીએ કહ્યું કે માત્ર થોડી મિનિટો પહેલાં પસાર કરેલા પોતાના જ ઠરાવને રદ કરવાથી આ સભાની પ્રતિષ્ઠામાં વધારો થશે નહીં. હું માનું છું કે આ સભા ગાંધીજીની સલાહ સ્વીકારશે તો તે એક ખરાબ શિરસ્તો પાડશે.

૩. ગાંધીજીની વાતને પટ્ટાભિ સીતારામૈયાએ ટેકો આપ્યો. એટલે સભા વિધિસરની બેઠકના રૂપમાં ફેરવાઈ ગઈ અને પોતાના હોદ્દાની રૂએ મહમદઅલી એના પ્રમુખ બન્યા. એ પછી ગાંધીજીએ આ પછીનો ઠરાવ રજૂ કર્યો.

Gandhi Heritage Portal

નામંજૂર થઈ હોત એ જોતાં, આ મહાસમિતિ માને છે કે ઠરાવમાંથી પ્રાસ્તાવિક કલમ સહિત શિક્ષાવાળી કલમ રદ કરવી એ વાજબી અને ઇચ્છનીય છે.[૧]

[મૂળ અંગ્રેજી]

हिन्दु, ૨૯–૬–૧૯૨૪

## ૧૯૫. કેટલાક પ્રશ્નો

૧. આપણી સાથેના સહચારી ઇરાદાપૂર્વક આપણી સાથે અયોગ્ય વર્તણૂકથી વર્તે, કારણ વગર નારાજ રહે અને ઈર્ષ્યાથી ધૂંધવાય તો તેને માટે શું કરવું?

આ અને આવા પ્રશ્નોના મારી ઉપર કાગળો આવી રહ્યા છે તેમાંથી ઉતારું છું. અયોગ્યની સામે યોગ્ય રહેવું. નારાજની ઉપર રાજી રહેવું ને ઈર્ષ્યા કરે તેની ઉપર પ્રેમ કરવો એ વિના આ સંસારમાં શાંતિથી રહેવાનો બીજો રસ્તો હું જાણતો નથી. એમ વર્તવાનો ઇરાદો કર્યા પછી એવું વર્તન સહેલું અને સ્વાભાવિક થઈ રહે છે. જ્યારે આપણાથી એવું સરળ વર્તન ન રહી શકે ત્યારે આપણે દૂર થવું.

૨. સાધારણ બાબતમાં મતભેદ પડે અને દરેક પોતાની ઇચ્છા પ્રમાણે વર્તવા માગે તો આપણે શું કરીએ?

આવું બને તે સામાજિક જીવનના અનુભવની ખામી સૂચવે છે. બધા નોખે માર્ગે ચાલ્યા જ કરે તો જેનો માર્ગ આપણને વધારેમાં વધારે સારો લાગે તેને સાથ દેવો. એટલે છેવટે બે સાથી તો થયા જ. તેઓ સાચા, દૃઢ ને નમ્ર હશે તો બીજા પોતાની મેળે મળી જશે. જે વાર્યો ન વળે તે હાર્યો વળશે.

૩. એક કામદાર સંસ્થાને ખરેખર નુકસાન કરે છે એમ બીજાને ચોક્કસ લાગે તો તેણે શું કરવું?

તેણે નમ્રપણે નુકસાન કરનારને તેની ભૂલ બતાવવી. તે કબૂલ ન કરે તો આપણે ખસી તે નુકસાનના ભાગીદાર થતા બચી જવું. આમ સરળ ભાવે વર્તવાથી સંસ્થાને, નુકસાન કરનારને અને આપણને એમ ત્રણેને લાભ થાય છે.

૪. કોઈ જગ્યાએ મુખ્ય કામદાર વ્યભિચારી જોવામાં આવે ત્યારે શું કરવું?

આ નાજુક અને ભયંકર પ્રશ્ન છે. આગેવાનની ઉપર હમેશાં બધાની આંખ ફરે છે. તેમાં કોઈની ઝેરી નજર પણ હોય છે. નવરાને બીજાની એબ જોયા સિવાય બીજું સૂઝતું જ નથી. એટલે આવી ભયંકર અફવાઓ ઉપર વિશ્વાસ ન જ રાખવો. બધા આગેવાનો વિષે જે બધું કહેવાય તે માનીએ તો જગતમાં એક પણ મનુષ્ય સંગ કરવા લાયક ન રહે. બધા મનુષ્યોમાં દોષ તો હોય જ. તુલસીદાસજી કહે છે કે જડ ચેતન બધા દોષમય તો છે જ. સંતરૂપી હંસ દોષરૂપી વારિવિકારને તજી ગુણરૂપી દૂધ જ ગ્રહણ કરે છે.

પણ આંખે જોયેલાને આપણે ન જોયું નથી કરી શકતા. આપણે ન જોયું હોય પણ આપણે ઇચ્છયા વિના આપણી પાસે જોયા જેવો જ પુરાવો આવી પડે ત્યારે પણ આપણે કેમ કરીએ?

૧. આ ઠરાવને વલ્લભભાઈ પટેલે અનુમોદન આપ્યું હતું. તે પછી અખિલ હિંદ કૉંગ્રેસ સમિતિ બીજા દિવસની સવારના ૮–૩૦ વાગતાં સુધી મુલતવી રહી હતી.

Gandhi Heritage Portal

આપણામાં નિર્ભયતા અને નમ્રતા હોય તો અવશ્ય આગેવાનને તે વાત કહીએ ને આગેવાની છોડવા વીનવીએ. તેમ ન કરે તો આપણે તે જ કારણ બતાવી તેનો ત્યાગ કરીએ.

આમાં એક મહત્ત્વનો સવાલ ઊઠે છે. જાહેર જીવનમાં ને તેને અંગે જ્યાં સુધી આગેવાન ભૂલ ન કરે ત્યાં લગી આપણે તેના ખાનગી જીવનનો ખ્યાલ પણ કેમ કરી શકીએ? એમ કરવા બેસીએ તો દરેક આગેવાનની નીતિના આપણે ચોકીદાર બનીએ છીએ. એવી સ્થિતિમાં આગેવાનને પોતાનું જીવન કડવું ઝેર થઈ પડે. એટલે આપણે આગેવાનના ખાનગી જીવનને જાહેર જીવનથી તદ્દન નોખું ગણી તેના ખાનગી જીવન વિષે છેક ઉદાસીન રહીએ તો ન ચાલે? સામાન્ય રીતે આવી દલીલ કદાચ બરોબર ગણાય, પણ આપણી લડતને વિષે એ મુદ્દલ લાગુ નથી પડતી. આપણી લડતને આપણે આત્મશુદ્ધિની લડત માની છે. આત્મશુદ્ધિથી આપણે દુષ્ટ રાજનીતિ નાબૂદ કરવા ઇચ્છીએ છીએ. એટલે આપણાં સાધન ને સાધક બંને પવિત્ર હોવાં જોઈએ. આપણી લડતમાં આપણે ખાનગી જીવન ને જાહેર જીવન વચ્ચે જાતિભેદ નથી રાખી શકતા. પરંતુ આપણે જાણીએ છીએ કે ખાનગી જીવનની અસર આપણા જાહેર કામ ઉપર પૂરેપૂરી પડે છે. આપણે સુધારક છીએ અને સુધારકનું ખાનગી જીવન પવિત્ર હોવું જોઈએ, એવી પુરાતન કાળની માન્યતા છે ને તે યથાર્થ છે. એક દૃષ્ટાંત લઈએ. આપણા કામદારો ભોળા ગામડિયાઓની વચ્ચે કામ કરે છે. કેટલીક ગામડિયા કોમો નીતિ અનીતિનો ભેદ જાણતી નથી. તે તો આપણને વિશ્વાસથી વધાવી લે. પોતાની બૈરી, દીકરી, બહેન કામદારો પાસે છૂટથી આવે. એમની ઉપર આપણો એક પણ કામદાર કુદૃષ્ટિ કરે તો? સ્પષ્ટ દેખાઈ આવે છે કે સુધારાના વેપારની આપણી મુખ્ય મૂડી પ્રત્યેક કામદારના ખાનગી જીવનની પવિત્રતા છે. જો આપણા કામદારોના જીવનમાં અપવિત્રતા પેસે તો આપણું કામ કાગળના વહાણની સમાન પોતે બૂડશે, આપણને બુડાડશે ને પ્રજાને ભયભીત કરી મૂકશે. આવો સડો આપણા કોઈ કામદારોમાં દાખલ થયા વિષે મારા ઉપર કાગળો આવ્યા છે. તેમાં શું ખરું છે કે શું ખોટું છે તે હું નથી જાણતો.

કચ્છમાં એક કામદારે સજ્જડ ભૂલ ખાધી હતી. તે ખાદીપ્રચારનું કામ કરતો હતો. તેની અપવિત્રતાની સૌને ખબર પડી. કામને અત્યંત નુકસાન પહોંચ્યું. કામદારને તે સ્થળ છોડવું પડ્યું. હવે તે પ્રાયશ્ચિત્ત કરવા એકાંત સેવે છે એમ સાંભળ્યું છે. શુદ્ધ પશ્ચાત્તાપ થયો હશે તો તે હજુ કોઈ દહાડો સેવા કરી શકશે. પણ તેની અપવિત્રતાથી જે ધક્કો લાગવાનો હતો તે લાગી ગયો.

તેથી દરેક કામદારને મારી આટલી દીન વિનંતી છે: "તમે સંભાળીને રહેજો. તમારું મન તમારે તાબે ન હોય, તમારી દૃષ્ટિમાં મેલ હોય, શ્રાવણેન્દ્રિયમાં મેલ હોય, તમારા હાથમાં મેલ હોય, તમારા પગ તમને ન જવાની જગ્યાએ લઈ જતા હોય, — તો તમે નાસજો; પ્રાયશ્ચિત્ત કરજો; સેવાનું કામ છોડજો. તમારા પવિત્ર થવામાં તમે સાચી સેવા કરશો એમ ખચીત માનજો. જાહેર કામમાં રહી એક દોષમાં બીજાનો ઉમેરો ન કરતા — નિરંતર યાદ કરો કે તમે અગ્નિની મધ્યમાં બેઠા છો. સંયમના બખ્તરમાં જરા પણ છિદ્ર થવા દેશો તો તે વાટે અગ્નિ પ્રવેશ કરી તમને કોરી ખાશે. જેને પોતાનું મન પોતાને હાથ નથી તે બીજાને પોતાને હાથ રાખવાનો વિચાર જ શા સારુ કરે?

૫. કામદારોમાં શોખ વધ્યો છે, તેઓને હાલતાંચાલતાં વાહન જોઈએ ને ઘોડાગાડી મળે તો બળદગાડી ન ચાલે અને જો મોટર મળે તો પેલી બંને ગાડી નકામી ગણે.

Gandhi Heritage Portal

હું પોતે અપંગ રહ્યો એટલે વાહન વિષે ટીકા કરવાનું મારી કલમમાં જે પ્રથમ જોર હતું તે નથી રહ્યું. તે છતાં ખેડાની લડતના પુરાણા પવિત્ર દિવસોનું સ્મરણ કરી કરાવી લખું છું કે નિયમ તો ઊલટો રાખવો જોઈએ. જ્યાં સુધી આપણા પગ ચાલે ત્યાં લગી વાહનનો વિચાર જ ન કરીએ. બે પગ જેવા ઘોડા મનુષ્યની પાસે બીજા છે જ નહીં. ગાડું હોય તો ઘોડાગાડીનો વિચાર ન કરીએ ને ઘોડાગાડી હોય તો મોટરનો ત્યાગ કરીએ. મોટરમાં જવા જેવી ઉતાવળ હોય ત્યારે આપણા ઉપર જે મુખી હોય તે કહી દેશે. ત્યારે મોટરમાં જરૂર બેસીએ. પણ સ્વેચ્છાએ તો પગગાડીને જ માન આપીએ. આપણને હજારો કામદારો જોઈએ. હજારો કામદારોને ગાડીઘોડા જોઈએ તો આપણો સંઘ દ્વારકા ન જ પહોંચે.

૬. કામદારોને જ્યાં જ્યાં જાય ત્યાં મિજબાની જોઈએ તો?

તો કામદાર પોતાનો હોદ્દો છોડી દે. મેં સાંભળ્યું છે કે કેટલાંક ગામડાં તો સ્વયંસેવક — કામદારના નામથી જ ધ્રૂજતાં થઈ ગયાં હતાં. કામદારને સારુ મિષ્ટાન્ન, ઠંડાં પાણી, તળાઈ ઇત્યાદિ અનેક પ્રકારની સગવડો જોઈએ. એટલે ગામડિયા બિચારા કામદારની પાસેથી સેવા લેવાને બદલે સેવા દેતા થઈ ગયા હતા.

કામદારની સ્થિતિ તો એ હોય કે તે ગામને ભારે પડે જ નહીં. પોતાની સાથે ટીમણ બાંધી જાય. માત્ર સ્વચ્છ પાણીની આશા રાખે. લોટો તો સાથે હોય જ. એટલે તળાવ નદી કે કૂવો જુએ તો ત્યાં જઈ પોતે જ પાણી ભરી લે. સ્વચ્છ જમીન મળે ત્યાં પડયો રહે. તેને સેજતળાઈ શોભે નહીં. તે બરદાસ માગે નહીં કેમ કે તે પોતે બરદાસ કરવા જાય છે. એટલે તે બરદાસ — મિજબાની — ને અભાવે નિરાશ ન થાય. તે હુકમ કરવા નથી જતો પણ હુકમ ઉઠાવવા. તેથી અતિ નમ્રપણે બધાની સાથે બોલે. તેને સેવા કરવી ગમે છે, સેવા તેના આત્માનો આહાર થઈ પડયો છે. એટલે તેને બદલામાં ગાળો મળે તોય તે સેવા કરે. "અવગુણ ઉપર જે ગુણ કરે તે નર જ્ઞાની જાણવો," એવું વાકય અનુભવી ને વ્યવહારુ કવિએ રચ્યું છે. સેવકમાત્ર એવો જ્ઞાની હોવો જોઈએ. આપણે ગુજરાતમાં અને બીજા ભાગમાં ફરી જય નથી મેળવ્યો, તેનું મોટું કારણ એ છે કે આપણે પોતાને સેવક માન્યા છતાં સરદાર મનાવ્યા છે. કામદાર તરીકે આપણું નામ નોંધાવ્યા છતાં આપણે કામ લેનાર બન્યા છીએ.

આપણે ગામડાંઓ ઉપર બોજારૂપ ન થઈએ એમ હું લખી રહ્યો છું તેનો અર્થ કોઈ એમ ન કરે કે આપણે ગંદકી સહન કરવાની છે. હું કેટલાક આળસુ કામદારોને ઓળખું છું કે જેઓ પોતે બહુ મેલા રહે છે ને સાફ જગ્યાએ જાય તેને મેલી કરતા જાય છે. સેવકે જેમ અંતરની પવિત્રતા મરણાંતે પણ જાળવવી રહી છે તેમ તેણે બાહ્ય સ્વચ્છતા પણ જાળવવાની છે. પોતાનાં કપડાં ભલે પચાસ થીગડાંવાળાં હોય પણ તે સાફ તો હોય જ. લોટો અરીસા જેવો સ્વચ્છ હોય. જ્યાં ઊતરે ત્યાં મેલું હોય તો પોતે તે જગ્યા સાફ કરીને લોકોને સ્વચ્છતાનો પદાર્થપાઠ શીખવે. પાયખાનું મેલું હોય તો પોતે જ સાફ કરે. જંગલમાં જાય તો સાથે નાની કોદાળી લઈ જાય ને તેનો ઉપયોગ શૌચ પહેલાં ને પછી કરે. મેલુંમાત્ર જો આપણે સાફ માટીથી ઢાંકીએ તો માખી ઇત્યાદિ જીવોનો ઉપદ્રવ હળવો પડે ને શરીર-સુખાકારી વધે. કામદારે આરોગ્યના નિયમો તો જાણી જ લેવા જોઈએ.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨૯–૬–૧૯૨૪

Gandhi Heritage Portal

# ૧૯૯. ધાડ પડે ત્યારે

ઘાટકોપરમાં જ્યારે વધારે ધાડ પડવા લાગી ત્યારે ત્યાંના રહેવાસીઓ ગભરાયા. એવી સ્થિતિમાં સહુ ગભરાય. હવે મ્યુનિસિપાલિટીએ ઘટતા ઉપાય લીધા છે, તેથી ને વરસાદ શરૂ થવાથી ધાડપાડુઓને ભાગી જવાની સગવડ ઓછી થવાથી ધાડનો ભય ઘણો ઓછો થયો છે. એટલે તાત્કાલિક ઇલાજ ઘાટકોપરવાસીઓએ શો લેવો એનો વિચાર કરવાપણું રહેતું નથી.

પણ વધારે પોલીસ ગોઠવાઈ એ ઇલાજ ખરો ઇલાજ નથી. એવા ઇલાજો સદાય લેવાયા છે છતાં ધાડો બંધ નથી થઈ. અમેરિકા જેવા બહુ સુધરેલ ગણાતા દેશમાં ચાલતી ગાડીઓ ઉપર ધાડો પડે છે, જાહેર રસ્તા ઉપર ધોળે દિવસે સાહસિક લૂંટારા કોઈ વેળા લૂંટી શકે છે. ચોરીઓ તો થયા જ કરે છે. સુધારાના વેગ જોડે ગુના પણ વધ્યા છે એમ ઘણા અવલોકન-શાસ્ત્રીઓની માન્યતા છે. બહુ તો ગુનાની જાત ફરી છે. માણસોની સફાઈ સાથે ગુનાની સફાઈ પણ વધી છે. ગુના શોધવાની શક્તિ સાથે જ ગુના છુપાવવાની શક્તિનો વધારો થયો છે. એટલે સરવાળે આપણે હતા ત્યાંના ત્યાં જ છીએ.

ધાડપાડુઓ ક્યાં ને કેમ ઉત્પન્ન થાય છે એ જરા જોઈએ. જંગલમાં વસનારા અપરિગ્રહી સાધુને કોઈ લૂંટતું નથી. તેને લૂંટનારને મળે પણ શું? લૂંટનાર પૈસાને લોભે જ લૂંટે છે. જો માણસો પૈસાના લોભની હદ બાંધે તો લૂંટનું પ્રમાણ ઘટે. જો બધાની પાસે એકંદરે સરખી દોલત હોય તો એ ધાડપાડુનો ધંધો બંધ થાય. પણ આવી શુભ સ્થિતિ આ યુગમાં તો નથી જ આવવાની એમ આપણે સમજવું જોઈએ.

તેમ છતાં ઉપરનો સિદ્ધાંત ધ્યાનમાં રાખવાની જરૂર છે. આપણે ધનલોભની હદ ભલે ન આંકીએ, પણ આપણે ધાડપાડુઓની સ્થિતિ સમજવાનો પ્રયાસ તો કરીએ જ. તેઓ ભૂખે મરતા હોય તો તેમને ઉદ્યમ બતાવીએ, તેઓએ ધાડને જ આજીવિકાનું સાધન બનાવ્યું હોય તો તેઓને ધાડની અનીતિ સમજાવીએ. આ કામ સુધારકનું છે. તેથી સાધુઓ તેમ કરવા સૌથી વધારે લાયક હોવા જોઈએ. આ સાધુ ભગવું પહેરી ભીખ માગે છે તે નહીં પણ જેનાં હૃદય ભગવાં થયાં છે ને જે સેવાધર્મપરાયણ છે તે.

સુધારાનું કામ ધાડપાડુ ધાડ પાડતા હોય ત્યારે શરૂ નથી થઈ શકતું. એવું કામ તો આજથી ઊપડવું જોઈએ. તેમાં બહુ અથવા મુદ્દલ દ્રવ્યની જરૂર નથી હોતી. તેમાં ઘણા માણસોની જરૂર નથી પડતી. એ રિવાજ શરૂ થાય એટલે તે કામ આગળ ચાલી શકે છે. આધુનિક કાળના સુધારકોએ તેવા સુધારા કર્યા છે. સહજાનંદ,[1] રામ, ચૈતન્ય,[2] રામકૃષ્ણ[3] આદિએ તેવા સુધારા મોટા

૧. ૧૭૮૧–૧૮૩૦; સ્વામીનારાયણ પંથના સ્થાપક.

૨. બંગાળના સોળમી સદીના હિંદુ ધર્મસુધારક; ભગવાન શ્રીકૃષ્ણ પરની શ્રદ્ધા આગળ જ્ઞાતિ ગૌણ છે એમ તેમણે શીખવ્યું હતું.

૩. ૧૯મી સદીના ધર્મસુધારક; એમણે માનવોની સમાનતાનો તથા ગરીબ અને જ્ઞાતિઓથી બહિષ્કૃત વ્યક્તિઓની સેવા કરવાનો ઉપદેશ આપ્યો હતો.

Gandhi Heritage Portal

પ્રમાણમાં કર્યા હતા. તે કાયમ ન રહ્યા અથવા તેથી ધાડની પ્રથા નાબૂદ ન થઈ એમ માની કે કહીને કોઈ સુધારાની અવગણના ન કરે. આવા સુધારા વ્યાપક નથી હોતા કેમ કે ઘણે ભાગે તે એકદેશી હોય છે.

આપણે એવું માનીએ છીએ કે ધનિક વર્ગમાં એવા સુધારા કરવાપણું રહેતું જ નથી. ખરી વાત તો એ છે કે ધાડપાડુનો ધંધો ધનિક વર્ગની ધાડનું પ્રતિબિંબ છે. ધનિક વર્ગની સૂક્ષ્મ ધાડ ધાડપાડુઓમાં સ્થૂલ સ્વરૂપ ગ્રહણ કરે છે. તેથી સુધારકે ધનિક ને ગરીબ સૂક્ષ્મ અને સ્થૂલ ધાડપાડુ બંનેને હાથમાં લેવા પડશે. તો જ ઘટતું કામ થઈ શકે. આચાર્યો,[૧] ફકીરો, સંન્યાસીઓ વગેરેનું આ કામ છે. તેઓ સમાજની નીતિના ખરા રક્ષક ને ચોકીદાર થઈ શકે છે; ને તેથી જ ધાડનો દોષ દૂર કરવાનું કાર્ય પણ તેઓનું જ છે.

આવા સુધારા ચાલતા હશે ત્યારે ધાડો તો પડતી જ હશે. આવા સુધારામાં "ધા ભેળા કીડા" નથી પડી શકતા. તે ધીમે ધીમે થાય છે. દરમ્યાન ધનિક વર્ગે પોતાની મિલકતનું કઈ રીતે રક્ષણ કરવું?

સિપાઈની મદદથી રક્ષણ થોડેઘણે અંશે થયા કરે છે. બધી ખામીઓ, બધા દોષોને સારુ સરકાર જવાબદાર છે એમ કહેવાનો રિવાજ પડી ગયો છે. તે સુંદર છે, તે ઘણે અંશે સાચો છે. આજે તો પરરાજ્ય છે એટલે દોષ દેવાનું સુગમ છે. આવતી કાલે સ્વરાજ્ય હશે ત્યારે પણ આપણે અપૂર્ણ હોઈશું, ને આપણે સ્વરાજ્યની સરકારને ગાળો દઈશું. પણ સ્વરાજ્યની સરકાર તે આપણે પોતે જ હોઈશું, તેથી હાલની સરકારને માથે દોષ ન ઢોળવાની ટેવ પાડવી એ પણ સ્વરાજ્યની તાલીમ ગણાય. ધાડો પડે છે તેને સારુ બધો દોષ સરકાર ઉપર ઢોળવો એ આપણી દુર્બળતાની કબૂલાત છે. જંગલોમાં વસતી પ્રજાને સારુ કેટલા સિપાઈ સરકાર રાખી શકે? જે પ્રજામાં સ્વરક્ષાની શક્તિ જ ન હોય તે પ્રજા સ્વરાજ કેમ ભોગવી શકે? અપંગ પ્રજાને નસીબે તો હમેશાં ગુલામી હોવી જ જોઈએ. તેથી દરેક જગ્યાએ લોકોએ સ્વરક્ષાની તૈયારી કરી લેવી જોઈએ. આ દૃષ્ટિએ વિચાર કરતાં ઘાટકોપર જેવાં પરાંનાં માણસો ને બધી જગ્યાના હિંદીઓએ પોતાનો બચાવ કરવાનું જાણી લેવું જોઈએ. દરેક ઘરમાંથી જુવાનિયાઓએ સ્વરક્ષાની તાલીમ લઈ લેવાની જરૂર છે. ભાડૂતી માણસોથી આ કામ થઈ શકે છે, પણ એ અત્યંત જોખમકારક છે. જો મધ્યમ વર્ગના માણસો પોતાની રક્ષા પોતે કરવાને બદલે બીજાની મારફતે કરાવી લે, તો તેઓ પૈસા આપીને પોતાના સરદાર તૈયાર કરશે. જેને પરિગ્રહ કરવો છે તેણે પોતાનો બચાવ કરવાને સારુ તૈયાર રહ્યે જ છૂટકો છે.

આટલે સુધી તો મારી ટીકા હિંદુમુસલમાન બધાને લાગુ પડે છે. હિંદુને વર્ણાશ્રમની મુશ્કેલી નડે છે. પણ એ ભ્રમ છે. મનુષ્યમાત્રમાં ચારે ગુણ હોવા જોઈએ. જ્ઞાન, શૌર્ય, વાણિજ્ય ને સેવાભાવ, તે તે વર્ણોમાં પોતાનો વિશેષ ગુણ પ્રધાનપદ ભોગવે એટલો જ વર્ણાશ્રમનો અર્થ હોઈ શકે. વળી તે તે વર્ણનો ધંધો — આજીવિકાનું સાધન — તેનો વિશેષ ગુણ હોય. એટલે કે બ્રાહ્મણને જ્ઞાન આપી મૂઠી બાજરો લેવાનો અધિકાર છે. ક્ષત્રીને રક્ષા કરીને, વૈશ્યને વેપારાદિ કરીને અને શૂદ્રને સેવા કરીને. પણ જે મનુષ્ય અવસર આવ્યે પોતાની રક્ષા કરવા સમર્થ નથી તે અધૂરો છે. સમાજની ઉપર બોજારૂપ છે. પોતાની રક્ષા આત્મબળથી અથવા શરીરબળથી કરાય. જેણે આત્મબળ કેળવ્યું નથી તે પોતાની ને પોતીકાંની રક્ષા શરીરબળથી કરવા બંધાયેલો છે.

૧. ધર્માચાર્યો.

Gandhi Heritage Portal

બંનેને મરવાની તાલીમ લેવાની છે. આત્મબળવાળો શરીરને તુચ્છ ગણી ધાડપાડુને દંડ દીધા વિના મરશે ત્યારે બીજો મારતો મારતો મરશે. બધા આત્મબળ કેળવવા તૈયાર ન હોય. વળી દ્રવ્યાર્થી અને આત્માર્થી એ બે વિરોધી અર્થવાળા શબ્દો છે. દ્રવ્યાર્થી દ્રવ્યની લોલુપતા ન છોડે ત્યાં સુધી પૂરો આત્માર્થી ન જ બની શકે. પણ બેમાંથી એકે ભય જોઈને ભાગે તો નામર્દ બને. તેથી બંનેએ પોતાની શક્તિ અનુસાર સ્વરક્ષાનું સાધન કેળવવાનું રહ્યું છે. ઘાટકોપર જેવાં પરાંમાં વસનારનો સ્પષ્ટ ધર્મ એ છે કે તેઓએ પોતે જ એટલે દરેક કુટુંબના કેટલાક માણસોએ ધાડપાડુ ઇત્યાદિની સામે થવાની તાલીમ લેવી.

[મૂળ ગુજરાતી]

**નવજીવન**, ૨૯-૬-૧૯૨૪

## ૧૯૭. હું હાર્યો

કોઈ વાર સજ્જનો આવી મારી સાથે શાસ્ત્ર-સંવાદ કરવા માગે છે. “અસ્પૃશ્યતા વિષે બીજા ભલે ગમે તેમ કહે કે કરે પણ તમારે તો એનો ઉચ્ચાર સરખોયે ન કરવો જોઈએ, કેમ કે તમે ધર્મને નામે વાતો કરો છો. તેથી લોકો તમારાથી છેતરાય છે. જો અસ્પૃશ્યતાને શાસ્ત્રે પાપ માન્યું હોય તો તે શાસ્ત્ર બતાવી પુરવાર કરો. નહીં તો હું વેદમાંથી બતાવી શકું છું કે અસ્પૃશ્યતાને તેમાં સંપૂર્ણ સ્થાન છે. જો અસ્પૃશ્યતા જાય તો સનાતન ધર્મનો લોપ થાય.” આવાં વેણ એક સ્વામીએ આવીને મારી પાસે કાઢ્યાં.

હું ગભરાયો. મેં તો આટલો જ જવાબ વાળ્યા કર્યો: “હું તો વાદવિવાદ કરવામાં હમેશાં મને હારેલો જ સમજું છું. હું તમારી સાથે શાસ્ત્રાર્થ નહીં કરી શકું ને પ્રથમથી જ કબૂલ કરું છું કે હું તમારાથી વાદ કરવામાં હારી જાઉં, છતાં એમ કહ્યા જ કરીશ કે અસ્પૃશ્યતા એ હિંદુ ધર્મમાં મહાપાપ છે.” આથી કંઈ હું સ્વામીજીને સંતોષ ન આપી શક્યો. મારા મનની સાથે મેં પૂરો સંતોષ માન્યો. આવો ટૂંકો જવાબ આપી હું તો ઊગરી ગયો એમ મને લાગ્યું. સ્વામીજી આવ્યા ત્યારે હું મારા **યંગ ઇન્ડિયા**ના ને **નવજીવન**ના વાંચનારને રીઝવવાના નિત્યકર્મમાં રોકાયેલો હતો. એક ક્ષણ પણ વાતમાં ગાળવા તૈયાર ન હતો. તેથી “નન્નો” તો મને રામબાણ જેવી દવા લાગી. આપણા વડવાઓએ કેટલુંક અનુભવશાસ્ત્ર શીખવ્યું છે તે મારે સારુ બસ હતું. “એક નન્નો છત્રીસ રોગને હરે” એ કહેવતનો અમલ મેં ઘણી વાર કર્યો છે ને મને તો એમ લાગ્યું છે કે એક નન્નો છત્રીસ જ નહીં પણ છત્રીસ સો રોગને હરનારો છે.

શાસ્ત્રાર્થનો ધંધો વકીલના ધંધા જેવો છે. શાસ્ત્રાર્થવાદી કાળાનું ધોળું કરી બતાવે છે એ કોણે નથી અનુભવ્યું? ઘણા વેદવાદરત પ્રાણી વેદમાંથી અનેક વસ્તુ સાબિત કરે છે. બીજા પણ એ જ નામે ઓળખાતી તેથી વિરુદ્ધ વસ્તુ એટલા જ આગ્રહથી સિદ્ધ કરે છે.

મારા જેવા પ્રાકૃત મનુષ્યોને એક સહેલો રસ્તો જે મેં અનુભવ્યો છે તે બતાવવા ઇચ્છું છું. દરેક ધર્મનો વિચાર કરીને મેં દૃઢભાજક કાઢ્યો છે. કેટલાક સિદ્ધાંત અચલિત જેવા માલૂમ પડે છે, અનુભવ તેનો અનાદર નથી કરી શક્યો. ભક્ત તુલસીદાસે અર્ધ દોહામાં કહી દીધું કે “દયા ધર્મકા મૂલ હૈ.” “સત્ય સિવાય બીજો ધર્મ જ નથી” એ સનાતન વાક્ય છે. કોઈ પણ ધર્મે આ સૂત્રનો ઇનકાર નથી કર્યો, દરેક સૂત્ર જેને વિષે શાસ્ત્રવાક્યનો દાવો કરવામાં

Gandhi Heritage Portal

આવે તેને સત્યરૂપી એરણ ઉપર દયારૂપી હથોડા વતી ટીપી જોવું. જો તે નક્કર લાગે ને તૂટી ન જાય તો યોગ્ય માનવું, તેમ ન લાગે તો હજારો શાસ્ત્રવાદીઓની સામે "નેતિ" "નેતિ" કહ્યા કરવું. અખાની અનુભવવાણીમાં શાસ્ત્રાર્થ એ "અંધારો કૂવો" છે, તેમાં પડે તે ગોથાં ખાધા જ કરે. આત્મા એક છે. શરીર માત્રમાં તે જ રહેલો છે. ત્યાં અસ્પૃશ્ય કોણ હોઈ શકે?

અસ્પૃશ્યતાનો અર્થ પણ સમજી લઈએ. રજસ્વલા સ્ત્રી અસ્પૃશ્ય છે, સ્મશાનેથી આવેલો મનુષ્ય અસ્પૃશ્ય છે, મેલું ઉપાડયા પછી સ્વચ્છ ન થયો હોય તે અસ્પૃશ્ય છે. એ અસ્પૃશ્યતા તો આપણે માબાપ પ્રત્યે પણ પાળીએ છીએ. પણ રજસ્વલા માતા માંદી હોય ત્યારે દીકરો તેની સેવા ન કરે તો નરકવાસી બને, પછી ભલે તે પણ અસ્પૃશ્ય બને. મેલું ઉપાડનાર બધા અંત્યજ છે. તેઓ મેલું ઉપાડીને ન નહાય ને આપણે તેમને અડીને નાહવું હોય તો નાહીએ. પણ એવા સાદા ને વ્યવહારુ વિચારમાંથી અંત્યજ જાતિ પેદા કરવી, તેને નોખા વાડામાં પૂરવી તેને જાનવર કરતાં પણ વધારે ત્યાજ્ય ગણવી, તે મરો કે જીવો તેનો ખ્યાલ પણ ન કરવો, તેના ખોળામાં એઠું કે કોહેલું ખાવાનું ફેંકવું, તેનાં છોકરાંને ભણાવવા ના પાડવી, તેને વ્યાધિ થાય તો તે દૂર કરવામાં મદદ ન આપવી, તેને મંદિરમાં ન પેસવા દેવા, તેને કૂવે પાણી ન ભરવા દેવું — એ ધર્મ ન હોય પણ એ અધર્મ જ હોય. એને હિંદુ ધર્મનું અંગ માનીને આપણે હિંદુ ધર્મની જડ ઉખેડવા બેઠા છીએ.

આવી અસ્પૃશ્યતા આત્મઘાતક છે. એ અસહિષ્ણુતાની પરિસીમા છે. એ દૂર કરવાને સારુ પ્રયત્ન કરવો ને તેમ કરતાં મરવું એ દરેક હિંદુનો પરમ ધર્મ છે એ વિષે મને લવલેશ પણ શંકા નથી.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨૯-૬-૧૯૨૪

## ૧૯૮. પ્રાગજી અને સુરત

"થઈ સુરત બેહાલ હવે તું રડતી સુરત"

પ્રાગજી ખંડુભાઈ દેસાઈને સુરતના મૅજિસ્ટ્રેટે બે વર્ષ ને ત્રણ માસને સારુ સરકારી પરોણા તરીકે નોતર્યા છે. તે હવે મારા પડોશી થયા છે.[1] ક્યાં સુધી સાબરમતી જેલની મિજબાની ભોગવશે એ તો સરકાર જાણે.

જો પ્રાગજી શુદ્ધ સત્યાગ્રહી હશે તો તેમણે કંઈ ખોયું નથી. તે તો જંજાળમાંથી છૂટયા છે. અને એમ છતાં દેશની સંપૂર્ણ સેવા કરી શકે છે, એવી મારી દૃઢ માન્યતા છે. એટલે તેમને તો હું ધન્યવાદ જ આપું છું.

જે લેખ ઉપરથી તેમને જેલ મળી છે તે લેખ હજુ મારી પાસે નથી એટલે મારા અભિપ્રાયમાં કંઈક અનિશ્ચય છે. ખરો ધન્યવાદ તેને જ ઘટે જે શુદ્ધ સ્ફટિકમણિની માફક નિર્દોષ હોવા છતાં જેલમાં જાય. તેમાં મૂર્છાઈને અવકાશ નથી.

છતાં હું એટલું તો જાણું છું કે પ્રાગજીને જેલ મોકલનારી સરકાર નિષ્પક્ષપાત નથી. પ્રાગજીનો જ લેખ હુ લખું તો મને જેલમાં ન મોકલે એવું મને અભિમાન છે, પણ તે જ

૧. સાબરમતીમાં ગાંધીજીના આશ્રમ પાસે જેલ હતી.

Gandhi Heritage Portal

લેખને સારુ શાસ્ત્રિયારને ન મોકલે એ તો હું નિરભિમાન રહીને કહી શકું છું. એથી પણ આકરું કોઈ અંગ્રેજ લખે તો તેને સરકાર તરફથી મુબારકબાદી મળે. તેથી સામાન્ય દૃષ્ટિએ તો પ્રાગજી તદ્દન નિર્દોષ છે. તેમના મનમાં લોકોને અવળે માર્ગે ઉશ્કેરવાનો ખ્યાલ સરખોયે ન હતો એ હું જાણું છું. એટલે એકંદરે પ્રાગજીનું તો શ્રેય જ છે. પ્રાગજી અનુભવી કેદી છે. તેમણે દક્ષિણ આફ્રિકામાં જેલનો સારો અનુભવ લીધો છે. દુઃખથી ન ડરે એવા છે. તેમનું સ્વદેશાભિમાન ઊંચા પ્રકારનું છે.

આમ છતાં મેં કેમ સુરતને વિષે ઉપરની કવિ નર્મદાશંકરની[1] કડી ટાંકી છે? કેમ કે સુરત આજે નિસ્તેજ જેવું લાગે છે. પ્રાગજી સુરતના પ્રખ્યાત સેવકમાંના એક છે. તેનાથી સુરત અજાણ્યું નથી. પ્રાગજી જેવાના જેલ જવાથી બેમાંથી એક સ્થિતિ ઉત્પન્ન થવી જોઈતી હતી. કાં તો તેની પાછળ ઘણા માણસો જેલ જાય — જવા ધારે તે જઈ શકે છે. અથવા સુરતના લોકો રચનાત્મક કાર્ય કરવા મંડી જાય. પણ આજે તો સુરત સૂના જેવું ભાસે છે. રૂ. ૪૦,૦૦૦)નું હુકમનામું સુરત સામે છે,[2] તે હજુ તો સુરત સાંખી બેઠું છે. સુરતની રાષ્ટ્રીય શાળાની સ્થિતિ ત્રિશંકુના જેવી છે. સુરતની મહાસભાની તિજોરીમાં પૈસા નથી.

સુરતના કામદારો જાગ્રત થાઓ ને સુરતને જગાડો એવી મારી પ્રાર્થના છે. સુરત નિસ્તેજ હોય એવો વિચાર પણ સહી શકાતો નથી.

[મૂળ ગુજરાતી]

**નવજીવન**, ૨૯–૬–૧૯૨૪

## ૧૯૯. ખુદાનો ગુનો કે કુદરતનો?

એક ભાઈ નીચે પ્રમાણે લખે છે:[3]

કુદરતનો જે અર્થ આ ભાઈ કરે છે એ જ અર્થ તે શબ્દોનો લઈએ તો મારે મૌલાના મહમદઅલી સાથેના પ્રસંગ સારુ "ખુદા" શબ્દ જ રાખવો પડશે. મોટરના અકસ્માત વેળાએ પોતાની હાજત રોકીને બધાય ઘવાયેલાની મદદે દોડશે. તેમાં મારા જેવા પામર "મહાત્મા"ની જરૂર ન પડે. હું એમ પણ માનું છું કે તેવે સમયે રોકેલી હાજતનું માઠું પરિણામ નથી થતું, કેમ કે દયાભાવથી શરીરમાં જે ફેરફારો થાય છે તે હાજત રોકવાથી થતાં માઠાં પરિણામને રોકે છે. વળી કુદરતના નિયમોને જાણનાર માણસ એવે સમયે અપવાસ કરી હાજત રોકવાનું માઠું પરિણામ રોકી શકે છે.

એટલે મારા કહેવાની મતલબ કેવળ કુદરત શબ્દ જે અર્થમાં આ ભાઈએ વાપર્યો છે તેથી નથી સરી શકતી.

૧. ઓગણીસમી સદીના ગુજરાતી કવિ; એમનાં દેશાભિમાનનાં કાવ્યો ખૂબ જાણીતાં છે.

૨. જુઓ "સુરત જિલ્લો", ૧૫–૬–૧૯૨૪.

૩. આ લખાણ અહીં આપ્યું નથી. મહમદઅલીએ ગાંધીજીને સવાલ પૂછ્યો હતો કે "આપના જેવાને આવો મંદવાડ?" એના જવાબમાં ગાંધીજીએ કહ્યું હતું: "ખુદાકા ગુનાહ કિયા હોગા." પત્રલેખકે લખ્યું હતું: ગાંધીજીએ "ખુદાકા ગુનાહ કિયા હોગા" એમ કહેવાને બદલે "કુદરતકા ગુનાહ કિયા હોગા" એમ કહેવું જોઈતું હતું.

Gandhi Heritage Portal

મારા "મહત્ત્વ"ને ખાતર પણ મારાથી મારી ખામીઓ છુપાવી શકાય તેમ નથી. હું મને પોતાને અતિ પ્રાકૃત મનુષ્ય માનું છું. મારામાં કંઈ ચમત્કાર હોય તો તે સત્યની અને અહિંસાની અનન્ય સેવા કરવાની મહેચ્છાનો જ છે. મારા જેવાથી "ખુદાનો એવો ભયંકર મંદવાડ થવા જેવો ગુનો થાય તો પામર માણસો ખુદાના ગુનાથી નિરાળા રહેવાની હિંમત જ નહીં કરી શકે," આ વાક્ય જ દોષિત છે. હું પોતે પામર છું, એટલે કોઈને નાહિંમત થવાની જરૂર નથી. અંતરતાપ એ જ ભયંકર મંદવાડ છે. ઍપેન્ડિક્સ એટલે ફાજલ અવયવ. તેનો વરમ તે ઍપેન્ડિસાઈટિસ. આવા વધારાના અવયવના વરમને હું ભયંકર મંદવાડ નથી માનતો. પણ મેલું બોલાય ને મેલું કરાય એને જ ભયંકર મંદવાડ માનું છું. ઈશ્વરી નિયમો એવા સૂક્ષ્મ છે ને તેનું પાલન એવું કઠિન છે કે આપણાથી અણજાણ્યે પણ ભૂલો થઈ જાય છે. તે ભૂલોથી બચવામાં આત્માનું આરોગ્ય – કલ્યાણ છે. એમ બચવા જતાં મનુષ્ય શરીરના વ્યાધિનો ભોગ થઈ પડે તો તેથી નિરાશ થવાનું કારણ નથી.

હવે હું મારી જાણમાં રહેલા "ખુદાના ગુના"નો પ્રકાર સમજાવું.

પ્રથમ તો ખોરાકનો વિષય લઈએ. મિતાહારને તો મેં ખૂબ જાણ્યો છે. યથાશક્તિ તેનું પાલન કર્યું છે. પણ જેનો બહુ વખત વિચારમાં જતો હોય, જેને હૃદયની ઊંડાણમાં ઊતરીને નવી શોધો કરવી હોય તે અલ્પાહારી હોવો જોઈએ. તે શરીરની ક્ષીણતાથી ન ડરે. હું એ અર્થમાં અલ્પાહારી ન હતો, કદી અલ્પાહારી રહ્યો નથી ને આજે પણ નથી. શરીરની ક્ષીણતાને વિષે હું ઉદાસીન નથી થયો. પણ શરીરનો બાંધો જાળવીને વિચારો પણ કરવા ઇચ્છું છું. આ દ્વંદ્વયુદ્ધની વચ્ચે હું કચરાઈ રહ્યો છું. મારા પ્રયોગો જારી છે. પણ હજુ મને મારા અલ્પાહારનું માપ નથી મળ્યું. આ વસ્તુ મંત્રની જેમ નથી થઈ શકતી. સ્વાભાવિક રીતે થયેલા ફેરફાર જ નભાવી શકાય છે.

વળી અલ્પાહાર છતાં એ માણસે રસોને જીતવા પડે છે. સ્વાદવૃત્તિને જીતવાનું વ્રત પાળવાનો મારો આગ્રહ છે, છતાં હું હજુ તો એ જીતથી બહુ દૂર છું. આહાર કેવળ બકરીના દૂધનો કર્યો છે. તેમાંથીયે મેં મને સ્વાદ લેતો પકડયો છે. જ્યાં સુધી એ સ્વાદ રહ્યો છે ત્યાં સુધી મંદવાડનો ભય છે. સ્વાદને ન જીતવો એ "ખુદાનો ગુનો" છે.

પણ મેં મારા વિકારો ઉપર કાબૂ ક્યાં મેળવ્યો છે? જેણે મારા જેલના અનુભવ વાંચ્યા હશે તે જાણે છે કે મારે નસીબે જેલમાં પણ લડાઈઓ જ હતી. મારા પૂરા અનુભવો તો મેં આપ્યા જ નથી. ઘરની લડાઈઓનો તો ઈશારો સરખો પણ નથી કર્યો. એ લડાઈઓ જે ધાર્મિક દૃષ્ટિએ લડતા હોય તેને જ ખબર હોય કે તેને અંગે કેટલી વિટંબણાઓ હોય છે. જો આપણે રાગદ્વેષથી રહિત થઈને તે લડાઈઓ લડી શકીએ તો આપણને શારીરિક વ્યાધિ થાય જ નહીં. હું તો ક્રોધને વશ છું. સારું, સારું લાગે છે. માઠું, માઠું લાગે છે. હું એ જણાવા ન દઉં તેથી શું? ન જણાવા દેવામાં કેટલો પ્રયત્ન કરવો પડે એ તો હું જ જાણું. રાગદ્વેષને વશ કરવામાં જે પ્રયત્નની જરૂર પડે છે તેના સોમા હિસ્સાની જરૂર વીજળીની મોટી શોધ કરવામાં નથી પડતી. અને તે જીત મેળવ્યા પછી જે આનંદ મળે છે તે ગુરુત્વાકર્ષણની શોધ કર્યા પછી ન્યૂટનને મળ્યો હશે તેના કરતાં ઘણો વધારે હોય. ક્રોધના ઘણા પ્રસંગો જેલમાં આવતા. એ બધી વેળાએ મનને વશ રાખવું મુશ્કેલ પડતું. જેલના વાતાવરણની સામે લડાઈ કરવામાં બહુ પ્રયત્નની જરૂર પડે છે. તેવે સમયે ક્રોધાદિથી થતા વિકારો શરીરની ઉપર પોતાની અસર પહોંચાડયા વિના રહેતા જ નથી. છેવટે સ્વપ્નવિકારનું

Gandhi Heritage Portal

તો હું લખી જ ગયો. જ્યાં સુધી વિચારના વિકારો નથી જિતાયા ત્યાં સુધી શરીરના "ભયંકર" વ્યાધિનો ભય રહેવાનો જ.

ખરી વાત એ છે કે માનસશાસ્ત્રમાં આપણે હજુ માત્ર ચંચુપાત જ કર્યો છે. વૈદોએ, હકીમોએ અને દાક્તરોએ શરીરને ચૂંથ્યું છે. મનનું પૃથક્કરણ કર્યું જ નથી. તેઓ પોતે વિકારવશ હોઈ કેવળ શરીરના ફેરફારોને જોઈ વ્યાધિ મટાડવાના ઉપાયો શોધવામાં તેઓએ કાળક્ષેપ કર્યો છે.

મનોવિકારની અસર શરીર ઉપર કેટલી બધી ભયંકર થાય છે એ તેઓએ સૂક્ષ્મ રીતે શોધ્યું નથી. બાહ્ય ઔષધ વિના ઇંદ્રિયદમનથી કેમ વ્યાધિઓ રોકી શકાય છે એ શોધ તો હજુ હવે થવાની છે. એમ પણ કહી શકાય કે એ શોધો થયેલી હતી પણ એ પાછી ભુલાઈ ગઈ છે. આધુનિક વૈદ્યો, હકીમો જો આત્માને ધ્યાનમાં રાખીને વ્યાધિઓ વિચારે તો જરૂર બાહ્યોપચારને બદલે અંતરોપચારનો પુનરુદ્ધાર કરે. અનેક પ્રકારના સીરમ—ચેપો—ની પિચકારીઓ આપી શરીરને મલિન કરવાને બદલે તેઓ આરોગ્ય જાળવવાના કુદરતી—ઈશ્વરી—નિયમો બતાવી શકે છે. કંઈક એવી દૃષ્ટિથી મેં આરોગ્યનું પુસ્તક લખ્યું.[1] તે જ દિશામાં મારે તો બહુયે પ્રયોગો કરવાના હતા. એ પ્રયોગો કરતાં હું માંદો પડ્યો તેથી આત્મવિશ્વાસ ખોઈ બેઠો, ને મારી ઉપર સત્યાગ્રહની લડાઈઓની જવાબદારી આવી પડી એ મારા રસ્તામાં બીજી રોકાણ. તેમાંથી મને મુક્તિ મળે તો મારા પ્રયાસો શરૂ કરું.

દરમ્યાન હવે વાંચનાર સમજે કે મને જે જે વ્યાધિઓ થયા છે તેમાં હું પોતે મુખ્ય કારણ હતો એવો મારો દૃઢ વિશ્વાસ છે. હજુયે હું વિચારોમાં પણ નિર્વિકારી થઈ શકું તો આ જન્મે જ મારું શરીર નીરોગી થાય, ક્ષીણ થતા છતાં વજ્રમય થાય ને તે ચેપો ઇત્યાદિના ભયથી મુક્ત રહે.

આ લખાણમાંથી વાંચનાર એવો સાર કાઢે કે મનોવિકારને જીતવાથી તે આરોગ્યવાન થઈ શકે છે. વિકારોને જીતતાં તે માંદો પડે તો ધ્રૂજે નહીં પણ પોતાના પ્રયત્ન જારી રાખે. ઇષ્ટ ફળ ન મળે તેથી તે હતાશ ન થાય પણ શ્રદ્ધા રાખી પ્રયત્ન કર્યા જ કરે. શરીરને પંપાળતાં છતાં તે પડવાનું તો છે જ. ક્યારે પડશે તેની તેને ખબર જ નથી. આવી કંકણથી પણ નાજુક વસ્તુને વિષે તે અતિ મોહ ન રાખે, ને પોતાના મનને છેતરવાને બદલે માને કે તેને થતા ઘણાખરા વ્યાધિનું કારણ ઈશ્વરના સામાન્ય નિયમોના ભંગ છે.

એ નિયમો બહુ વસમા છે એમ માનવાની આપણને ખોટી ટેવ પડી ગઈ છે. સૌ એમ કહે છે તેથી એ જ બરોબર છે એમ આળસને લીધે આપણે માની લઈએ છીએ. ઉત્સાહપૂર્વક પ્રયત્નથી આપણે અનુભવી શકીએ કે મનુષ્યનો સ્વભાવ વિકારને વશ થવાનો નહીં પણ તેને જીતવાનો છે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨૯–૬–૧૯૨૪

૧. ઇન્ડિયન ઓપીનિયનમાં કકડે કકડે ૧૯૧૩માં આ પુસ્તકનાં પ્રકરણો અપાયાં હતાં. જુઓ "આરોગ્ય વિષે સામાન્ય જ્ઞાન", પુસ્તક ૧૧ તથા ૧૨.

Gandhi Heritage Portal

# ૧૭૦. નોંધ

## ખાદી વિ૦ કૅલિકો

ધારવાડ જિલ્લાથી એક ભાઈ લખે છે:[1]

આવા કાગળો અનેક વેળા આવે છે. તે બતાવે છે કે ખાદી ભલે ટકાઉ ન હોય, વાર દીઠ પ્રમાણમાં ભલે કૅલિકો કરતાં મોંઘી હોય, સૂતર કાચું હોવાથી ભલે તેની ખાદી તુરત ફાટી જાય, પણ ખાદીથી તેની મેળે સાદાઈ આવે છે. તેમાં તેનું સસ્તાપણું છે એ વાત ન ભુલાવી જોઈએ. ખાદીનાં ચારપાંચ કપડાં પહેરવાની ઇચ્છા જ નહીં થાય. મલમલના પહેરણ માત્રથી સંતોષ નહીં થાય. એમ કહેવાનો આશય નથી કે જે અસર મજકૂર ગૃહસ્થ ઉપર થઈ છે એવી અસર બધાની ઉપર થાય છે. અથવા તો એવી અસરનું કારણ ખાદીમાં રહેલું છે. એનું કારણ ખાદીની આસપાસ રહેલું વાતાવરણ અને તેમાં રહેલી ભાવના છે. ખાદીથી સેંકડો માણસોના જીવનમાં મહાન ફેરફાર થાય છે એ તો હરકોઈ માણસ થોડા અવલોકનથી જોઈ શકે તેમ છે.

## દહાડો અથવા કારજ

તે જ ભાઈ પોતાની ઉપર આવેલું ધર્મસંકટ વર્ણવે છે. તેમનાં માતુશ્રીના સ્વર્ગવાસ પછી જ્ઞાતિભોજન આપવાનો આગ્રહ તેમને નાતીલાઓ કરી રહ્યા છે. પોતાને તેને વિષે શ્રદ્ધા નથી. એવાં ભોજનોથી નુકસાન છે એમ માને છે. બીજી તરફથી જો કારજ ન કરે તો નાતીલાનું મન દુખાય છે. આવે સંકટ સમયે શું કરવું એ સવાલ છે. સમાજમાંથી પુરાણા દોષો કાઢવા હોય ત્યારે પહેલ કરનારને આવાં ધર્મસંકટો આવ્યા જ કરે છે. વિનય અને દૃઢતા એ બે શરતો તે વખતે ઉપયોગી થઈ પડે છે. વિરોધીઓનો વિરોધ વિનયપૂર્વક સહન કરવો ને દૃઢતાપૂર્વક પોતાના નિશ્ચયને વળગી રહેવું. નાતીલાઓને રાજી રાખવાને સારુ પણ આપણે અધર્મ ન આચરીએ. મરણ પાછળ ભોજન કરાવામાં કંઈ પુણ્ય હોવાનો સંભવ નથી. મરણ પાછળ દાન કરવાનો રિવાજ સાર્વજનિક જણાય છે. જો દાનના ઇરાદાથી નહીં તોયે આપણને કોઈ કંજૂસ અથવા નાતના અભિપ્રાયને વિષે બેદરકાર ન ગણે તેટલા સારુ આપણે જ્ઞાતિ-ભોજનમાં જેટલું ખરચ થવાનો સંભવ હોય તેટલો કે તેથી વધારે પૈસો નાતનાં છોકરાછોકરી-ઓને કેળવણી આપવામાં જ વાપરીએ તો પૂરો અર્થ સરે. મિથ્યાભિમાનથી કે ડરથી આપણે જે પૈસા વિવાહ મરણ ઇત્યાદિ પ્રસંગો પર વાપરીએ છીએ તે બધા અથવા તેમાંનો ઘણો ભાગ બચાવતાં શીખીએ તો હમેશાં પૈસાની ભીડનો સવાલ આપણી સમક્ષ આવ્યા કરે છે તે ન હોય. પણ દૈવ જાણે એ કેવી માયા છે, જ્ઞાની પણ તેવે પ્રસંગે પામર બની જ્ઞાન ભૂલી કરજ કરીને કારજ કર્યે જાય છે! પણ આ ખાદીની સાદાઈના જમાનામાં એવાં ખરચોથી આપણે સહુ બચી જઈ શકીએ છીએ.

૧. આ લખાણ અહીં આપ્યું નથી. પત્રલેખકે લખ્યું છે કે પરદેશી કાપડ કરતાં તેને ખાદી ઘણી સસ્તી લાગી. અને ખાદી વાપરવાનું શરૂ કર્યા પછી સાદાં કામો હલકી કોટિનાં છે એમ મને જે લાગતું હતું તે માન્યતા ચાલી ગઈ છે.

Gandhi Heritage Portal

### અનુકરણીય

કરાડમાં[1] હિંદુમુસલમાન વચ્ચે કડવાશ પેદા થઈ હતી. કોઈ મુસલમાનોએ હિંદુ મૂર્તિઓ તોડી હતી; આ બાબત કેટલાક મુસલમાનો પકડાયા હતા, ને કચેરીમાં કામ શરૂ થયું હતું. હવે મહાસભા સમિતિના મંત્રીનો તાર છે કે કરાડમાં હિંદુમુસલમાનની જાહેર સભા મળી. જાહેર સભામાં મુસલમાનોએ માફી માગી પોતાની દિલગીરી જાહેર કરી ને મૂર્તિ તોડનારને શોધી કાઢવાનું માથે લીધું. વળી, એવું પણ કબૂલ કર્યું કે હવે પછી મૂર્તિભંજન ન થાય તેને સારુ મુસલમાનો ખોળાધરી આપશે. હિંદુમુસલમાન બંને મળી ભવિષ્યના વર્તનને સારુ ધારા ઘડશે. મુસલમાનો મૂર્તિભંગથી થયેલું નુકસાન ભરી આપશે.

આ સમાધાની પછી કલેક્ટરની પાસે કેસ ખેંચી લેવાની તેઓએ અરજી કરી; ને ઉપલી સમજૂતી થયાની ખાતરી કર્યા પછી કેસ પાછો ખેંચી લેવાની કલેક્ટરે રજા આપી. આ સમાધાની ખરેખરી થઈ લાગે છે. દિલ્હીમાં પંચ નીમવાની શરૂઆત થઈ છે; ને હવે કરાડમાં તેનું સરસ અનુકરણ થયું છે. આપણે આશા રાખીએ કે જ્યાં જ્યાં હિંદુમુસલમાન વચ્ચે કડવાશ છે ત્યાં ત્યાં બંને સાથે મળી સમજૂતી કરી લે, ને તેમાં જ એકબીજાનો સ્વાર્થ છે એમ સમજી બંને સાથે મળીને રહે ને અરસપરસ મદદ કરે. જો બંને કોમ સમજી જાય ને ખરા દિલથી મળે તો ફરી પાછી ગેરસમજ ન જ થાય. બુરહાનપુરમાં[2] કરાડના જેવો જ કિસ્સો બન્યો છે એમ સાંભળ્યું છે. શું ત્યાં પણ હિંદુમુસલમન ઘરમેળે સમજૂતી ન કરી લે?

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨૯-૬-૧૯૨૪

## ૧૭૧. સુંદર સુધારો[3]

એક ભાઈ લખે છે "પ્રેમનો અભાવ કે ઊભરો"[4] એ લેખમાં "તું" વિષે ઠીક સમજાવો છો. પણ એક વાક્ય તેમાં છે તે ફરી "તમે"નો સંબંધ બતાવે છે. "રામ મારો છે ને હું તેનો ગુલામ છું" એમ લખો છો તેના કરતાં "રામ મારો ને હું રામનો છું" એમ લખત તો "તું"ની વ્યાખ્યા શોભી નીકળત. આ વાત સાવ સાચી લાગે છે. "તેનો ગુલામ" એ અળગાપણું બતાવે છે. "હું રામનો" એ તન્મયતા સૂચવે છે. પણ એ દિલમાં નહીં હોય તે ક્યાંથી આવે? હજુ ગુલામગીરી જ વહાલી હશે. હજુ અળગાપણું ગમતું હશે, ત્યારે જ ગુલામ હોવાનું યાદ આવ્યું: અવ્વાઇ માઈ થવું સહેલું નથી એ પળે પળે સમજાય છે. ભાષા જો વિચાર દર્શાવવાને જ સારુ વાપરીએ ત્યારે તો જે મનમાં હોય તે જ સૂર નીકળે. મને સાક્ષાત્કાર નથી થયો તે સાક્ષાત્કારની ભાષા ક્યાંથી લાવું? પણ પ્રયત્ન તો જરૂર કરીશ. વાંચનાર પણ કરે.

[મૂળ ગુજરાતી]

નવજીવનનો વધારો, ૨૬-૬-૧૯૨૪

૧. મહારાષ્ટ્રનો એક કસબો.
૨. મહારાષ્ટ્રનો એક કસબો.
૩. કાળાનુક્રમે આ લેખ ૧૬૦ પછી આવવો જોઈતો હતો.
૪. જુઓ પા. ૧૯૩-૯૫.

Gandhi Heritage Portal

# ૧૭૨. અખિલ હિંદ કૉંગ્રેસ સમિતિની બેઠકના ઠરાવો[1]

અમદાવાદ,
જૂન ૨૯, ૧૯૨૪

તે પછી શ્રી ગાંધી બોલ્યા. એમણે સ્વરાજવાદીઓને કહ્યું કે તમે રેંટિયાના કાર્યક્રમનો અમલ કરજો. અને હું આશા રાખીશ કે એ અમલ તમે શુભ નિષ્ઠાથી કરશો. એ પછી શ્રી ગાંધીએ પોતાનો બીજો ઠરાવ રજૂ કર્યો:

ઠરાવ ૨: મહાસમિતિના ધ્યાન પર એ વાત લાવવામાં આવી છે કે યોગ્ય સત્તા ધરાવતા અધિકારીઓ અને સંસ્થાઓ તરફથી વખતોવખત અપાતી સૂચનાઓનો કેટલીક વાર બરાબર અમલ કરવામાં આવ્યો નથી, એટલે ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં પ્રાંતિક કૉંગ્રેસ સમિતિઓની કાર્યવાહક સમિતિઓને યોગ્ય લાગે તેવાં, બરતરફી સહિતનાં, શિક્ષાત્મક પગલાં લેવાની સત્તા રહેશે; અને જ્યાં આવી કસૂર પ્રાંતિક અધિકારીઓની હશે ત્યાં પ્રાંતિક સમિતિઓની જે તે સમિતિઓને સલાહભર્યાં લાગે તેવાં, બરતરફી સહિતનાં શિક્ષાત્મક પગલાં લેવાની સત્તા મહાસમિતિની કારોબારી સમિતિને રહેશે.

આ ઠરાવ રજૂ કરતી વખતે શ્રી ગાંધીએ ગઈ કાલે રાતે પંડિત મોતીલાલ નેહરુ, સી. આર. દાસ અને મૌલાના અબુલ કલામ આઝાદે લીધેલી તેમની મુલાકાતનો ઉલ્લેખ કર્યો. અને કહ્યું કે એમણે મને પૂછ્યું હતું કે ગઈ કાલે પસાર થયેલા પહેલા ઠરાવમાંથી શિક્ષાવાળી કલમ રદ કરવાની સલાહ મેં શા માટે આપી? એમણે મને એમ પણ પૂછ્યું કે તે વખતે મારા મનમાં કેવા વિચારો ઘોળાતા હતા? આના જવાબમાં ગઈ કાલે સભાને મેં કહી હતી તે જ વાત એમને કહી કે એ કલમને વાસ્તવિક બહુમતીનો ટેકો નહોતો એટલે મહાસમિતિ માટે એને રદ કરવી એ શોભાસ્પદ માર્ગ હતો. આ પછી શ્રી ગાંધીએ શિક્ષાની જોગવાઈવાળી કલમ સામેના શ્રી દાસના વાંધા ગણી બતાવ્યા અને કહ્યું કે શ્રી દાસે એમની સમક્ષ રજૂ થયેલું સમાધાન સ્વીકારી લીધું હતું અને રચનાત્મક કાર્યક્રમનો પોતાની પૂરી તાકાતથી અમલ કરવા તથા હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસની કારોબારી સમિતિમાં સામેલ થવા સંમતિ આપી હતી. આ ઠરાવ ઘડતી વખતે મેં કોઈની સલાહ લીધી નથી. મેં તો સ્વરાજ્યવાદીઓને સંતોષ આપવાનો મારાથી બની શકે એટલો પૂરો પ્રયાસ કર્યો છે. આ રીતે સમાધાનની મારી વાત સભા સમક્ષ મેં મૂકી છે. હવે આ ઠરાવ ઉડાવી દેતી વખતે તમે ક્ષણભરને માટે મને તમારા મગજમાંથી અળગો કરી દેજો.

શ્રી ગાંધીએ કહ્યું: તમારે ઠરાવને ઉડાવી દેવો હોય તો ઉડાવી દેજો, પણ જો એને બહાલ રાખવો હોય તો જવાબદારીઓ ઉપાડી લેજો.[2]

ઠરાવ ૩: મહાસમિતિ કૉંગ્રેસના મતદારોનું એ હકીકત પ્રત્યે ધ્યાન ખેંચે છે કે પાંચે બહિષ્કારો —એટલે કે મિલમાં કાંતેલા સૂતરના તમામ પ્રકારના કાપડનો બહિષ્કાર, સરકારી ન્યાય કચેરીઓનો

૧. આગલી રાત્રે આશ્રમમાં મોતીલાલ નેહરુ, સી. આર. દાસ અને અબુલ કલામ આઝાદ સાથે ચર્ચાઓ થયા પછી ગાંધીજીએ આ બીજો ઠરાવ સુધારીને રજૂ કર્યો હતો. આ તેમ જ બીજા ઠરાવોના કાચા ખરડા માટે જુઓ, "ખરી કસોટી", ૧૯-૬-૧૯૨૪.

૨. વલ્લભભાઈ પટેલે ઠરાવને ટેકો આપ્યો હતો. તે પછી કશી ચર્ચા વિના એ સર્વાનુમતે પસાર થયો હતો.

Gandhi Heritage Portal

બહિષ્કાર, સરકારી શિક્ષણસંસ્થાઓનો બહિષ્કાર, સરકારી ખિતાબોનો બહિષ્કાર અને ધારાસભાઓનો બહિષ્કાર—કોકોનાડામાં થયેલા ઠરાવની તેમના પર થયેલી અસર બાદ કરતાં, હજી પણ કૉંગ્રેસના કાર્યક્રમનું અંગ છે. અને તેથી આ સમિતિ એ વાત ઇચ્છનીય માને છે કે ઉક્ત પાંચે બહિષ્કારોનો ઉક્ત કોકોનાડા ઠરાવની અસર બાદ કરતાં પોતાના જીવનમાં અમલ કરવામાં નહીં માનનારા લોકોને કૉંગ્રેસ કાર્યક્રમમાં માનનારા કૉંગ્રેસ મતદારો વિવિધ કૉંગ્રેસ સંગઠનોમાં ન ચૂંટે. અને તેથી મહાસમિતિ જે લોકો ચૂંટણી વડે રચાયેલાં કૉંગ્રેસ સંગઠનોના હાલમાં આ પ્રકારના સભ્યો છે તેમને પોતાના હોદ્દાનાં રાજીનામાં આપવા વિનંતી કરે છે.[1]

શ્રી ગાંધીએ એ પછી ટૂંકો જવાબ આપ્યો.[2] એમણે કહ્યું કે અહીં રજૂ થયેલા પ્રશ્નોને મારા પ્રત્યેની તમારી વફાદારી સાથે ભેળવી દો એને હું કોઈ રીતે ઉત્તેજન આપતો નથી. કાલે ઊઠીને મારું મરણ થાય તો તમે શું કરશો? મને ઓચિંતો અકસ્માત નડે તો તમે શું કરવા ધારો છો? બધું મારી આસપાસ કેન્દ્રિત થાય એ મનોવૃત્તિ મને પસંદ નથી. એટલે મહાસમિતિને મારો અનુરોધ છે કે જો તમારી ખાતરી થઈ હોય કે આ માર્ગ ગ્રહણ કરવો વાજબી છે તો મારો ઠરાવ પસાર કરો, અથવા એને ઉડાવી દો અને શ્રી વરદાચારીનો સુધારો તમને સારો લાગતો હોય તો એને બહાલ રાખો.

સુધારા ઊડી ગયા અને મૂળ ઠરાવ ભારે બહુમતીથી પસાર થયો.[3]

તે પછી શ્રી ગાંધીએ નીચેનો ઠરાવ રજૂ કર્યો.[4]

શ્રી ગાંધીએ એવું કારણ આપીને કશો જવાબ[5] આપવાની ના પાડી કે જો લડતને આ તબક્કે પણ દેશને પોતાનું ધ્યેય ન સમજાયું હોય તો હું કંઈ કહું તેનો કશો અર્થ નથી.

[મૂળ અંગ્રેજી]

हिन्दु, ૩૦–૬–૧૯૨૪

૧. આ ઠરાવ અંગે ગાંધીજીએ કોઈ ભાષણ કર્યું નહોતું; વલ્લભભાઈ પટેલે એને ટેકો આપ્યો હતો. જે સ્વરૂપે અગાઉ આ ઠરાવ કારોબારી સમિતિ સમક્ષ રજૂ થયો હતો અને સ્વીકારાયો હતો તેનો પાઠ આ પ્રમાણે હતો: "અખિલ હિંદ કૉંગ્રેસ સમિતિનો એવો અભિપ્રાય છે કે જેમની વકીલાત ચાલુ હોય, જેઓ મિલનું કાપડ પહેરતા હોય કે તેનો વેપાર કરતા હોય, જે માબાપો અને વાલીઓ પોતાનાં સગીર બાળકોને સરકારી શિક્ષણસંસ્થાઓમાં ભણવા મોકલતાં હોય, જેઓ સરકારી ખિતાબો ધરાવતા હોય અને જેઓ ધારાસભાના સભ્યો હોય, તેમને કૉંગ્રેસ મતદારો વિવિધ કૉંગ્રેસ સંસ્થાઓમાં ચૂંટે નહીં એ ઇચ્છવાજોગ છે; તેથી જે ગૃહસ્થો ચૂંટણી વડે રચાયેલી કૉંગ્રેસની વિવિધ સંસ્થાઓમાં આ પ્રકારના સભ્યો હોય તેમને તે તે સંસ્થાઓમાંથી પોતાની જગ્યાનું રાજીનામું આપવા મહાસમિતિ વિનંતી કરે છે."

૨. રજૂ કરવામાં આવેલા કેટલાક સુધારા અંગે.

૩. તે પછી સમિતિ રાતના ૯–૦૦ વાગતાં સુધી મુલતવી રહી. તે વખતે ગોપીનાથ સહા અંગેનો ઠરાવ ચર્ચાવાનો હતો.

૪. એ ઠરાવ અહીં ઉતાર્યો નથી. કશા ફેરફાર વિના પસાર થયેલા આ ચોથા ઠરાવના પાઠ માટે જુઓ "ખરી કસોટી", ૧૯–૬–૧૯૨૪.

૫. એક સુધારો સૂચવાયો હતો તે બાબતમાં.

Gandhi Heritage Portal

# ૧૭૩. મહાસમિતિમાં ભાષણ[1]

જૂન ૩૦, ૧૯૨૪

ગોપીનાથ સહાના ઠરાવ પછી જે કાંઈ જોયું તેથી મને જરા ગમ્મતે પડી, અને દુઃખ પણ થયું. મને થયું કે હું તમને શું કહું? યંગ ઇન્ડિયાની મારફત પાછળથી કાંઈક કહીશ. મને અતીવ દુઃખ થયું તે શા સારુ? એટલા માટે કે આપણે સૌ સ્વરાજ લેવાની પ્રતિજ્ઞાવાળા ત્યાં ભેગા થયા હતા. અહિંસામય અસહકારનો જ ઉપાય વાપરવાની કબૂલાત કરીને બેઠેલા હતા છતાં આપણે કેવળ હિંસાની જ વાતો કરી. મહાસમિતિમાં આપણાથી હિંસાની વાતો જ કેમ થઈ શકે? મહાસભાનું જે ધ્યેય, જે સંકલ્પ છે, તે આપણા હોય તો એવી વાત આપણે હોઠે ન ચડે. છેલ્લા ઠરાવ[2] ઉપર આઠ મતે મને જીત મળી! જીત જેવી વસ્તુ મેં દુનિયામાં જાણી નથી. . .[3] ડૉ. પરાંજપેએ નવી વાત નથી કરી, તેણે તો મારો સિદ્ધાંત ઊલટો મોળો કરીને બતાવ્યો છે, મેં તો "શઠં પ્રત્યપિ સત્યં" એમ કહેલું છે. તમારી બહેનની લાજ લૂંટનાર, તમને ઘા કરનાર દુશ્મનના પગ ચૂમવાની મેં તો વાત કરી છે. મને દુનિયાનું રાજ મળે તોયે એ વાત હું ન છોડું. પણ હિંસાનો પણ માર્ગ છે એ મને કબૂલ છે. એટલે જ મેં દિલ્હીમાં કહેલું કે આપણે સાચી વાત કરવી જોઈએ. પણ આપણે તો આજે ખેલ કર્યા. શમશેર ખેલવી હોય તો ખેલજો, અને ખરી રીતે ખેલશો તો હું હિમાલયમાં જઈને તમને ધન્યવાદ મોકલીશ. પણ ખેલથી હું ત્રાસું છું. મારે ગોપીનાથના ઠરાવ વિષે બોલવાનું શા સારુ હોય? બીજા ઠરાવો વિષે તો હું જરૂર બોલું, દલીલ કરું, સમજાવું. પણ જેની અંદર મહાસભાની જડ રહેલી છે તે વિષે મારે આજે ભાષણ આપવું પડે તો તો આપણે આપણી લડત છોડવી જોઈએ.

અને એ હિંસાનું[4] કામ કરીને પછી આપણે ઠઠ્ઠામશ્કરીએ ચડયા. ગંગાધરરાવે[5] મને પૂછયું કે શું કરવું? મેં કહ્યું તુરત રાજીનામું આપો. હું તો તેમને બધી માલમિલકત સળગાવી દેવાનું કહું. અસફઅલી આવ્યા. તેણે પણ એ જ વાતો કરી, તેણે કહ્યું વકીલોએ શું બગાડયું? એ સંજોગોમાં મેં મારો ઠરાવ[6] ઘડયો. તમે કેવી રીતે એ ઠરાવને વધાવ્યો એ પણ મેં જોયું.

૧. વિધિસરની બેઠક પૂરી થયા પછી મહાસમિતિની બેઠક અવિધિસર રીતે મળી હતી.

૨. ગાંધીજીનો ઠરાવ નંબર ૪. આમાં અર્નેસ્ટ ડેના ગોપીનાથ સહાએ કરેલા ખૂનને વખોડવામાં આવ્યું હતું.

૩. મૂળ પ્રમાણે.

૪. ઘણું કરીને અહીં ગાંધીજીના ૪થા ઠરાવ અંગે મહાસમિતિના કેટલાક સભ્યોએ કરેલા ભાષણોનો ઉલ્લેખ છે. ગોપીનાથ સહાના કાર્યના તેમણે કરેલા બચાવમાં તેમની "હિંસા" સમાયેલી હતી.

૫. ગંગાધરરાવ બાલકૃષ્ણ દેશપાંડે; પત્રકાર અને કર્ણાટકના કૉંગ્રેસના આગેવાન.

૬. મહાસમિતિએ ન સ્વીકારેલો ગાંધીજીનો ૫મો ઠરાવ. મહાસમિતિએ પસાર કરેલા ગાંધીજીના ઠરાવ નંબર ૩ અનુસાર મુકદ્દમાઓમાં ભરાઈ પડેલા દાવાવાળાઓનું રક્ષણ કરવાનો એનો ઉદ્દેશ હતો. ઠરાવ ત્રીજામાં પાંચ પ્રકારના બહિષ્કારમાં ન માનનારા સભ્યોએ રાજીનામાં આપવાં એવું સૂચન હતું; આ બહિષ્કારોમાં અદાલતોનો બહિષ્કાર હતો અને જે સભ્યો પોતે એનો અમલ કરતા નહોતા તેમને રાજીનામાની સૂચનાઓ આપવામાં આવી હતી.



Gandhi Heritage Portal

તમે સામા થયા એ તો મને ગમ્યું. કારણ એ રજૂ કરવો એ મારે માટે નામોશી હતી — ઝેરનો પ્યાલો પીવા જેવું હતું, પણ એ પીધો. કારણ ૩૦ વર્ષથી જે જનતાને જોવાનો મેં ધંધો કર્યો છે, તેની સ્થિતિ મેં જાણી લીધી. મેં આપણી સૌની શક્તિ જોઈ, અને મને થયું કે મારે આવો ઠરાવ ઘડયા વિના ન ચાલે. પણ મારી સામે તો "લૉ પૉઇન્ટ" (કાયદાની બારીકી) ઉઠાવવામાં આવી. ત્યારે હું ચમકયો. મને થયું : "અરે જીવ! તું ખુદાની બંદગી કરે છે કે શેતાનની! તને આ શી ઉપાધિ લાગી છે!"

ડૉ. ચોઈથરામની વાત કરતાં કરતાં તેમની આંખમાં અનેક કાળનાં રોકાઈ રહેલાં આંસુ નીકળી પડયાં, ઘડીક તેમનો કંઠ ભરાઈ ગયો. પણ તત્ક્ષણ સાવધ થઈ તેમણે ટૂંકામાં પોતાના અંતરની વાત રજૂ કરી :

હું તો સીધા માણસ સાથે કામ લેવા માગું છું. તમે બધા ટેઢા રહ્યા. મહાસભા એ શું ચીજ છે? તમે એને જેવી રીતે બનાવશો તેવી એ બનશે. તમે સાચા બનવા ચાહતા હો તો મહાસભામાંથી નીકળી ગામડાંઓમાં કામ કરો. મારી પાસેથી તમે ગધ્ધાની માફક વૈતરું લઈ શકો છો, પણ તે સીધાપણાથી, ટેઢાઈથી નહીં. તમે મને ફોસલાવી શકો ખરા, પણ હું જ્યારે જોઉં કે તમે મને વેચી રહ્યા છો તો પછી હું ખુદાનો આશરો લઉં, અને તમારી પાસે ઊભો ન રહું.

[મૂળ ગુજરાતી]

नवजीवन, ૬–૭–૧૯૨૪

# ૧૭૪. ઍસોસિયેટેડ પ્રેસ ઑફ ઇન્ડિયાને મુલાકાત[1]

અમદાવાદ,
જુલાઈ ૧, ૧૯૨૪

મહાસમિતિની બેઠક સંબંધી મારા વિચારો અત્યારે જણાવવાનું ઘણું મુશ્કેલ છે. તે એટલા માટે નહીં કે મારી પાસે કહેવા જેવા કોઈ વિચારો નથી, પણ એટલા માટે કે વિચારો સંખ્યાબંધ છે. જેમ ખૂબ ખાનાર માણસ પોતાની પાચનશક્તિને બગાડવા સિવાય પોતાની જાતને બીજો કંઈ ફાયદો કરી શકતો નથી, તેવી જ રીતે આ વિચારો પચ્યા નહીં હોવાથી અને તે કારણે મગજમાં ગોઠવાયા નહીં હોવાથી વાંચવા ગમે એવી ભાષામાં ઉતારી શકાય તેમ નથી. આટલા માટે જિજ્ઞાસુ વાચકને મારે કહેવું પડશે કે હાલ તુરત પ્રેક્ષકોના પ્રામાણિક અભિપ્રાય વાંચીને અથવા સંવાદદાતાઓએ રજૂ કરેલાં કાલ્પનિક શબ્દચિત્રો વાંચીને તેમણે સંતોષ માનવો. એ વાત ખૂબ સંભવિત છે કે નાટક ભજવનાર કરતાં નાટક જોનાર નાટકને વધારે સારી રીતે નીરખી શકે છે. એ સિદ્ધાંત અનુસાર પ્રેક્ષકોના પ્રામાણિક અભિપ્રાય અને સંવાદદાતાઓની સાહસિક કલ્પના બંને સાથે મળીને જનતાને મહાસમિતિની અતિ મહત્ત્વની કાર્યવાહીનો ખ્યાલ આપી શકશે.

૧. તાજેતરમાં જ પૂરી થયેલી મહાસમિતિની બેઠક વિષેના પોતાના વિચારો જણાવવા ગાંધીજીને કહેવામાં આવ્યું હતું.

Gandhi Heritage Portal

તેમ છતાં એક નિશ્ચિત અભિપ્રાય હું ઉચ્ચારી શકું છું. તે એ કે જે ચાર ઠરાવો રજૂ કરવાનું માન મને મળ્યું હતું તે ચારે ઠરાવો બાબતમાં બહુમતી મારા પક્ષમાં હતી, તેમ છતાં મારે કબૂલ કરવું પડશે કે મારા ખ્યાલ મુજબ તો હું હાર્યો જ હતો. મહાસમિતિની કાર્યવાહીએ મારી આંખો ખોલી નાખી છે. એટલે અત્યારે હું અંતરની ઊંડી ખોજમાં પડયો છું. હજી સુધી મને માર્ગદર્શન મળ્યું નથી.

ગઈ કાલનાં છાપાંઓના હેવાલો તથા તેમનું વર્ણન કરતો એક ખાનગી તાર વાંચ્યા પછી મને લાગે છે કે કેરળના સભ્યોને મહાસમિતિ પર વાઇકોમ સત્યાગ્રહ અંગે એક ઠરાવ પસાર કરવાનું દબાણ લાવતાં મેં રોકયા એ વાજબી નહોતું. મારો સામાન્ય અભિપ્રાય એવો છે કે આવી તમામ સ્થાનિક લડતોએ સફળતા મેળવવા માટે, મધ્યસ્થ સંસ્થા પાસે ઉછીની લીધેલી તાકાત પર નહીં પણ પોતાની આંતરિક તાકાત પર આધાર રાખવો જોઈએ. પરંતુ ઘણું કરીને ત્યાં ઊભી થયેલી નવી પરિસ્થિતિ સાબિત કરે છે કે એ બાબતમાં મહાસમિતિએ પોતાનું મંતવ્ય ભારપૂર્વક જાહેર કરવું જ જોઈએ. એટલે કારોબારી સમિતિ મંજૂર કરી શકે એવા કોઈક ઠરાવની હું જરૂર ભલામણ કરીશ. મળેલા સમાચાર સાચા હોય તો ત્રાવણકોર રાજ્યના અધિકારીઓએ નિર્દોષ સત્યાગ્રહીઓને ગુંડાઓને હવાલે કરી દીધા છે, અને કહે છે કે આ ગુંડાઓને સુધારાઓ માટે લડી રહેલા સત્યાગ્રહીઓનો વિરોધ કરનારા સનાતની-ઓએ પૈસા આપીને રોકયા છે. ત્રાવણકોર તો હિંદુસ્તાનનાં સૌથી વધારે સંસ્કારી દેશી રાજ્યોમાંનું એક ગણાય છે. એટલે હું આશા રાખું છું કે માનવતાને ખાતર નહીં તો એ રાજ્યની ખુદ ખ્યાતિને ખાતર પણ આ સમાચારો પાયા વગરના સાબિત થાય. ગુંડાઓ જો સત્યાગ્રહીઓને નિર્દય માર મારતા હોય તો વાત ગંભીર ગણાય. એમની આંખોમાં ચૂનો નાખવામાં આવે છે અને એમનાં ખાદીનાં પહેરણ ઉતારી લઈ સળગાવી દેવામાં આવે છે. રાજ્યના અધિકારીઓ સ્વયંસેવકો પાસેથી નિરુપદ્રવી રેંટિયા ઝૂંટવી શકતા હોય એ વાત મારી સમજમાં આવતી નથી. મને આશા છે કે ત્રાવણકોર દરબાર આ બાબત તાબડતોબ સુધારી લેશે અને સુધારકો તથા રૂઢિચુસ્ત વર્ગ વચ્ચે માત્ર શાંતિ જાળવી રાખવાની પોતાની અસહ્ય પ્રશંસનીય નીતિ ફરીથી અખત્યાર કરશે.

હું એવી પણ આશા રાખું છું કે સત્યાગ્રહીઓ શાંત, સ્વસ્થ અને સાથે સાથે ખાસ કરીને અહિંસક રહેશે. આ સમય એમની આકરી કસોટીનો છે. એમને માથે જે કંઈ વીતે તે બધું જો તેઓ હિંમત રાખીને માનભેર સહી લેશે અને વેરબુદ્ધિ નહીં રાખે તો એમનો જરૂર વિજય થશે. એમનું મૂગું કષ્ટસહન ગુંડાઓનાં પણ હૃદય પિગળાવશે અને રૂઢિચુસ્ત વિરોધીઓને પણ લાગશે કે આપણા આ અમાનુષી વર્તાવના બદલામાં આખરે બદનામી સિવાય કશું મળવાનું નથી.

[મૂળ અંગ્રેજી]

हिन्दु, २–७–१९२४

Gandhi Heritage Portal

## ૧૭૫. વાઈકોમના સત્યાગ્રહીઓને સંદેશો

સાબરમતી,
જુલાઈ ૨, ૧૯૨૪

વાઇકોમમાં ઊભી થયેલી અણધારી પરિસ્થિતિએ સત્યાગ્રહીઓને માથે આકરો બોજો નાખ્યો છે. પરંતુ સફળતા મેળવવા માટે બે ચીજોની જરૂર છે — અખૂટ ધીરજ અને અજેય હિંમત. ધીરજ એટલે અહિંસા. રૂઢિવાદીઓ એમનાથી થાય તે કરી લે. સુધારાવાદીઓ આકરામાં આકરા પ્રહારો ઝીલશે છતાં સામો ઘા નહીં કરે. હિંમત એટલે સહનશક્તિ. યાતનાઓ ગમે તેટલી કુનેહભરી અને સૂક્ષ્મ હોય છતાં તે સહી લેવાને તૈયાર હોય એવા સત્યાગ્રહીઓ પૂરતી સંખ્યામાં હોવા જ જોઈએ. મારો એ અનુભવ છે કે પ્રામાણિક કારણ માટે અને ઈશ્વરના નામ પર લડનારને કષ્ટસહનની પૂરતી શક્તિ મળી જ રહે છે.

મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]
हिन्दु, २–७–१९२४

## ૧૭૬. હાર્યો અને હણાયો

છાપાંવાળાઓ મુલાકાત કરવા આવે છે ત્યારે મને ભાગ્યે જ તેમનામાં રસ પડે છે પણ પેલે દિવસે એક ભાઈ એવા આવેલા કે જેના પ્રશ્ને મને તેના તરફ ધ્યાન આપવાની ફરજ પાડી, અને મુલાકાતની આખરે તેણે મારી પાસે આશા રાખી હતી તેના કરતાં વિશેષ તેને આપીને મેં સંતોષ્યા. તેણે મને પ્રશ્ન પૂછેલો "તમારા ઠરાવો ઉપર સરખા મત પડે તો તમે શું કરો?" મેં તેને કંઈક એવા ભાવનું કહ્યું હતું કે એવી અણધારી ઘટના અટકાવવાને માટે ઈશ્વર જરૂર કંઈક તજવીજ કરશે. તે વેળા મને બિલકુલ ખ્યાલ નહોતો કે મારા નિર્દોષ અને અડધા મજાકમાં કહેલા વચનમાં ભવિષ્યની આગાહી થતી હતી.

આ મહાસમિતિનું કામકાજ જોઈને મારા જેલમાં જવાની તુરત આગમચ થયેલી દિલ્હીની મહાસમિતિ મને યાદ આવી. અને દિલ્હીમાં જેવી મારી આંખ ઊઘડી હતી, તેવી અમદાવાદમાં પણ ઊઘડવાની સામગ્રી હતી.

ચારે ઠરાવોને[1] માટે મને માત્ર કહેવાની બહુમતી મળી. પણ એને મારે અલ્પમતી જ સમજવી જોઈએ. બંને પક્ષનું બળ લગભગ સમાન જ હતું. ગોપીનાથ સહાવાળા ઠરાવે એ સમાનતા બરોબર આણી મૂકી. એ ઠરાવ ઉપર થયેલાં ભાષણો, તેનું પરિણામ અને ત્યાર પછી થયેલાં દૃશ્યોએ મારી આંખ પૂરેપૂરી ઉઘાડી દીધી. હું તો મતના પરિણામે શ્રી દાસનો વિજય થયેલો માનું છું. જોકે આઠ મતથી એમની દેખીતી હાર થઈ હતી. ૧૪૮ જણે મત આપ્યા

૧. જુઓ "ખરી કસોટી", ૧૯–૬–૧૯૨૪.

Gandhi Heritage Portal

તેમાંથી ૭૦ જણા તેમને ટેકો આપનારા મળ્યા, એ વાતને હું તો ઘણું મહત્ત્વ આપું છું. અંધકારમાંથી કેટલાંક પ્રકાશનાં કિરણો આ બિનાએ નાખ્યાં. જોકે એ કિરણો ઝાંખાં જ કહેવાય.

મતનું પરિણામ જાહેર થાય ત્યાં સુધી તો આખી વસ્તુને એક મોટી મજાક સમજી હું ગમ્મત મેળવી રહ્યો હતો. જોકે મને તો આખો વખત ખાતરી હતી કે એ મજાક જેટલી મોટી તેટલી જ ગંભીર હતી. હવે હું જોઉં છું કે મારી ગમ્મત એ માત્ર ઉપર ઉપરની જ હતી. તેની તળે તો મર્મના ઘા ઢંકાયેલા હતા.

મત ગણાઈ જાહેર થઈ ગયા બાદ દૃશ્યનાં મૂળ પાત્રો ખસી ગયાં અને સભા ઠઠ્ઠામશ્કરીએ ચડી. અતિશય મહત્ત્વના ઠરાવો અતિશય બેદરકારીથી પસાર કરવામાં આવ્યા. આ ઠરાવો કરતાં કરતાં વચ્ચે વચ્ચે મજાકના સપાટા ચાલતા હતા. ગમે તે જણ ગમે તે વખતે ગમે તે વસ્તુને નિયમ વિરુદ્ધ ઠરાવવાને માટે અને ગમે તે માહિતી માગવાને માટે ઊભો થતો હતો. આ સંજોગોમાં કોઈ પણ અધ્યક્ષની ધીરજ ખુટાડે એવી આકરી કસોટી રહેલી હતી. મૌલાના મહમદ-અલી એ કસોટીમાંથી અવંગ પસાર થયા. તેમણે પોતાનો મિજાજ ઠીક જાળવ્યો હતો. માહિતી પૂછવા ઊભા થનારાઓને બેસાડી દેવામાં તેમણે યોગ્ય જ કર્યું હતું. અને મારે કબૂલ કરવું જોઈએ કે આ કીર્તિઘેલાઓ તેમના તુરત થતા હુકમો આનંદથી ઉઠાવતા હતા. કોઈ પણ પ્રસંગે કોઈએ અપમાનભર્યું વર્તન કર્યું એવી કલ્પના વાચક રખે કરે. મેં ભાગ્યે જ ઘણી સભાઓ એવી જોઈ હશે કે જ્યાં આ સભાની જેમ લાગણી ઉશ્કેરાવાના સંભવ છતાં અને મતભેદ તીવ્ર અને ગંભીર હોવા છતાં આટલી બધી ઓછી કડવાશથી અને ઓછામાં ઓછી વ્યક્તિગત ટીકાથી કામ ચાલ્યું હોય. મેં એવી સભાઓ જરૂર જોઈ છે કે જ્યાં પ્રમુખને વ્યવસ્થા રાખવી બહુ મુશ્કેલ પડી છે. અમદાવાદની મહાસમિતિમાં તો પ્રમુખના હુકમો સહુએ ખુશીથી ઉઠાવ્યા.

છતાં ગોપીનાથ સહાવાળા ઠરાવ પછી ગાંભીર્યનું નામ ન રહ્યું. અને એ ગાંભીર્યશૂન્ય સભા આગળ મારે મારો છેલ્લો ઠરાવ રજૂ કરવાનો હતો. જેમ કામ ચાલતું ગયું તેમ હું વધારે ગંભીર થતો ગયો હોઈશ. ઘણી વાર તો મને એમ થઈ ગયું કે આ અકળાવી નાખનારા દૃશ્યમાંથી ભાગી જવું. મારે જે ઠરાવ રજૂ કરવાનો હતો એ આ સભાની આગળ રજૂ કરતાં હું ગભરાયો. સવારે અદાલતના બહિષ્કાર સુધ્ધાં પાંચ બહિષ્કારોનું તત્ત્વ ન માનનારા અને તેનો પોતે અમલ ન કરનારાઓને કાર્યવાહક મંડળોમાંથી રાજીનામું આપવાની વિનંતી કરનારો ઠરાવ પસાર થઈ ચૂક્યો હતો. એ ઠરાવ કરતાં મેં સભાને વચન આપ્યું હતું કે હું અદાલતોમાં જનાર પક્ષકારોને બચાવવાને માટે કંઈક ઉપાય સૂચવીશ અથવા તો ઠરાવ રજૂ કરીશ. આ વચન ન આપ્યું હોત તો ઠરાવ મુલતવી રાખવાની હું માગણી કરત. જેમને વાદી અથવા પ્રતિવાદી તરીકે અદાલતમાં ઘસડાવું પડે એવાને માટે આ ઠરાવમાં અપવાદ રાખવાની જરૂર હતી. મારો મૂળ ઠરાવ જે કાર્યવાહક સભાએ સ્વીકાર્યો હતો અને મહાસમિતિના સભ્યોને પ્રથમથી વહેંચવામાં આવ્યો હતો, તે ઠરાવમાં તેમને રક્ષણ મળતું હતું. પણ તેને બદલે આખરે મહાસમિતિએ પસાર કર્યો તે ઠરાવ રજૂ કરવામાં આવ્યો હતો. હવે આ ઠરાવ વાંચવાથી જણાશે કે એમાં કોકોનાડાના ઠરાવનો અપવાદ કરવામાં આવ્યો છે. પણ એ અપવાદ દાખલ કરતાં વાદીપ્રતિવાદીઓનો અપવાદ કરવાનું મારાથી બની શક્યું નહોતું. કારણ જુદો જ ઠરાવ ઘડીને તેમ કરવાની મારી ઇચ્છા હતી. ઠરાવ રજૂ કરતી વેળા એ વાત મેં જાહેર કરી અને આ ઠરાવ જે રજૂ કરવાનું હું વચન આપી ચૂક્યો હતો, તેના દ્વારા ગાઢ અંધકારમાંથી મને રસ્તો

Gandhi Heritage Portal

દેખાયો. એ ઠરાવ રજૂ કરતાં પણ હું પ્રસ્તાવના કરતાં ન ચૂકેલો કે સવારે આપેલું વચન પાળવા માટે આ ઠરાવ રજૂ કરવામાં આવે છે. મેં સાથે સાથે ત્રીજા ઠરાવનો કડક અમલ થાય તો રાજીનામું આપવાની જરૂર પડે એવા માણસોમાં શ્રી ગંગાધરરાવ દેશપાંડેનો દાખલો આપ્યો હતો. અપવાદોમાં અને "બની શકે તેટલા અંશે"માં હું માનતો નથી. પણ હું એટલું જાણું છું કે કેટલાક ચુસ્તમાં ચુસ્ત અસહકારીઓને અદાલતોનો ત્યાગ કરવો બહુ કઠણ પડયો છે. બેશરમ દેણદારોએ અસહકારી લેણદાર તેના ઉપર દાવો માંડી શકશે નહીં એમ જાણીને કરજ ભરવાની ના પાડી છે. તેવી જ રીતે અસહકારી બચાવ ન કરશે એ કારણથી તેમની સામે દાવા લાવનારા માણસો મેં જોયા છે. આમ છતાં તપાસ કરનાર તપાસી જોશે તો આમવર્ગના અસહકારીમાં ઘણા એવા માલૂમ પડશે કે જેમણે બચાવ કરવાને કે દાવો માંડવાને બદલે ખોટ ખમવાનું વધારે પસંદ કર્યું છે. પણ એટલી વાત તો સાચી છે કે કાર્યવાહક મંડળોના કામ કરનારાઓ હમેશાં બહિષ્કાર કરી શકયા નથી. એટલે દાવા માંડવા સામે અને ખાસ કરીને બચાવ કરવા સામે અખાડા કરવાની પ્રથા પાડેલી છે. મહાસમિતિએ પણ વખતો-વખત આ પ્રથાને અમુક દરજ્જે કાયદેસર ઠરાવનારા નિયમો પસાર કર્યા છે. આ સંજોગોમાં મેં વિચાર્યું કે મહાસમિતિ પાંચે બહિષ્કારોના પાલનનો કડક નિયમ કરે છે ત્યારે વાદીપ્રતિવાદી-ઓની સ્થિતિ બરોબર ચોખ્ખી થવી જોઈએ. મહાસભા કાર્યવાહક મંડળોમાં પાંચે બહિષ્કારોનું સંપૂર્ણ પાલન કરનારાઓને જ લે તો મને તો તે સોના કરતાં પીળું લાગે. પણ હાલની દશામાં અદાલતોનો બહિષ્કાર પૂરેપૂરો કરવો ઘણાખરાને માટે તો લગભગ અશકય થઈ પડયો છે. એ કારણને માટે તો અપરિગ્રહનાં — ઇચ્છાપૂર્વક નિષ્કિંચન થવાનાં — વ્રત લેવાવાં જોઈએ. આવાં સ્ત્રીપુરુષોથી મહાસભાની સંસ્થાઓ આપણે ભરી દઈએ, અને સફળતાથી ચલાવતા થઈએ તે માટે તો થોડો વખત જોઈશે. આ કઠણ સ્થિતિ સ્વીકારી લઈને વાદીપ્રતિવાદીઓના બચાવ-વાળો ઉપર કહેલો ઠરાવ રજૂ કરવાનું અણગમતું કામ કરવાને હું તૈયાર થયો હતો. હું ઠરાવ પૂરો વાંચી રહું તે પહેલાં તો આંધ્ર પ્રાંતના બહાદુર હરિસર્વોત્તમરાવ ખડા થયા અને એક જબરદસ્ત અને સચોટ ભાષણથી તેનો વિરોધ કર્યો. તેમણે જણાવ્યું કે "મને આ ઠરાવનો વિરોધ કરવાની દુઃખદ ફરજ બજાવવી પડે છે." મેં તેને કહ્યું કે "ભાઈ દુઃખ તો મને થાય છે, કારણ જેનો હું બચાવ નથી કરી શકતો એવો ઠરાવ મેં રજૂ કર્યો છે. એવા ઠરાવની સામે થવામાં અને મહાસભાની સંસ્થાને કોઈ પણ ભોગે શુદ્ધ રાખવામાં તમને તો આનંદ જ થવો જોઈએ." મને એમનો વિરોધ ગમ્યો. અને મત કેવા પડે છે તેની રાહ જોતો હતો. પણ તરત જ સિંધના સ્વામી ગોવિન્દાનન્દ ઊઠયા અને તેમણે કાયદાનો એવો વાંધો લીધો કે એક જ બેઠક અગાઉ થઈ ગયેલા ઠરાવમાં ફેરફાર કરનારો બીજો ઠરાવ રજૂ થઈ શકે નહીં. પણ પ્રમુખ સાહેબે એ વાંધો કાઢી નાખ્યો, બીજું કાંઈ નહીં તો એટલા જ કારણે કે આગલે જ દિવસે પહેલો ઠરાવ બહુમતીથી પસાર થયા પછી તેમાં ફેરફાર કરનારો બીજો ઠરાવ પસાર થયો હતો. પણ મારી ધીરજ પૂરેપૂરી ખુટાડવામાં અજાણતાં જ ડૉક્ટર ચોઈથરામ નિમિત્ત થયા. હું એમને જવાબદાર માણસ તરીકે જાણું છું. એમને ખાતે લાંબી મુદતની અખંડ દેશ-સેવા પડેલી છે. એણે દેશને માટે ભેખ લીધો છે. આગાઉ તો અનેક વાર આ જ મહાસમિતિએ બહિષ્કારના ઠરાવની અસર મોળી કરનારા ઘણા ઠરાવો સ્વીકાર્યા હતા, તેમ છતાં આ બાબતમાં ડૉક્ટર ચોઈથરામે કાયદાનો વાંધો ઉઠાવ્યો એથી હું દિગ્મૂઢ થયો. પણ તેણે તો અવિચારી રીતે

Gandhi Heritage Portal

પૂછ્યું કે ગાંધીનો ઠરાવ બહિષ્કાર વિષેના મહાસભાના ઠરાવથી વિરુદ્ધ નથી શું? મૌલાના મહમદઅલીએ મને પૂછ્યું કે "આ વાંધો બરાબર નહીં કહેવાય?" મેં કહ્યું: "બેલાશક." એટલે મારા ઠરાવને કાયદાવિરુદ્ધ ઠરાવવાની તેમને ફરજ પડી. એટલે હું સમસમી ગયો. કોઈના વચનમાં કે વર્તનમાં કશું પણ અયોગ્ય હતું એમ તો નહીં જ. સૌનાં ભાષણ ટૂંકાં હતાં, તેમ જ તેમનામાં વિનયની પણ ખામી નહોતી અને વળી સૌની વાત દેખીતી રીતે સાચી હતી. છતાં એ બધો ખેલ હતો. જે વાંધા લેવામાં આવ્યા તે હાડપિંજર થઈ ગયેલા કોઈ ભૂખ્યા માણસને સંયમની શક્તિનું પ્રવચન સંભળાવવા જેવા હતા. દરેક જણ જાણીબૂજીને નહીં પણ ભાનભૂલો થઈને વર્ત્યો હતો. મને થયું કે તેમની દ્વારા ઈશ્વર મને કહી રહ્યો છે, "બેવકૂફ સમજતો નથી કે તું અસ્પૃશ્ય છે. તારો વખત ભરાઈ ગયો છે." મારો ઠરાવ ઊડી જતાં વાર જ ગંગાધરરાવે મને પૂછ્યું, "મારે રાજીનામું આપવું જોઈએ ને?" મેં કહ્યું, "હા, તરત જ આપો." અને તેમણે તરત જ રાજીનામું લખી કાઢ્યું. પ્રમુખ સાહેબે સભાને તે વાંચી સંભળાવ્યું. લગભગ સર્વાનુમતે તે પસાર થયું. ગંગાધરરાવને તો લાભ જ થયો.

શૌકતઅલી સાતઆઠ કદમ દૂર મારી સામે જ બેઠા હતા. તેણે મને ભાગી જતો અટકાવ્યો. મને સવાલ ઊઠયા જ કરતો હતો. "અસત્યમાંથી સત્ય નીપજે ખરું? હું શેતાનની સાથે સહકાર નથી કરી રહ્યો?" શૌકતઅલી જાણે પોતાની વિશાળ આંખોના પલકારામાં મને કહેતા હતા: "કશું ખોટું નથી. સહુ સીધું થશે." એના મોહપાશમાંથી ભાગવાને હું તલપાપડ થઈ રહ્યો હતો પણ ન ભાગી શક્યો.

પ્રમુખે પૂછ્યું: "સભા હવે બરખાસ્ત કરીશું?" મેં કહ્યું: "જરૂર." પણ મૌલાના અબુલ કલામ આઝાદ મારા મોં પર બદલાતા રંગ ધ્યાનથી નિહાળી રહ્યા હતા. તરત જ આવીને તેમણે કહ્યું: "આપે સંદેશો આપવાનું વચન આપેલું છે, તે વિના સભા બરખાસ્ત નથી થઈ શકતી." મેં કહ્યું: "મૌલાના સાહેબ, તમારી વાત સાચી છે કે ભવિષ્યમાં કરવાના કામ વિષે મારે કંઈક કહેવું હતું. પણ ગોપીનાથના ઠરાવ પછી છેલ્લા એક કલાક થયાં જે ચાલી રહ્યું છે તેથી મને દુ:ખ થયું છે. હવે મારી શી સ્થિતિ છે અને મારે શું કરવું જોઈએ એની મને ખબર નથી." તેમણે કહ્યું: "વારુ એટલું તો કહેશો ને?" હું કબૂલ થયો. અને હિંદુસ્તાનીમાં એક ટૂંકું ભાષણ આપી, મારું હૃદય ચીરી તેમાંથી ટપકતું લોહી મેં પ્રગટ કર્યું. મને રડાવવો એ કાંઈ નાનીસૂની વાત નથી. આંસુનો પ્રસંગ હોય તોપણ આંસુ ખાળવાનો હું પ્રયત્ન કરું. પણ આ પ્રસંગે તો છાતી કઠણ કરવાના પૂરેપૂરા પ્રયત્ન છતાં મારી હિંમત છેક ભાંગી ગઈ. સભાની ઉપર પણ અસર ચોખ્ખી દેખાતી જ હતી. મેં તેમને મારી આખી મનોદશા વર્ણવી બતાવી અને કહ્યું કે શૌકતઅલી આડા ઊભા ન હોત તો હું ભાગી જાત કારણ મુસલમાનની આબરૂ જાળવવી જેમ મારા હાથમાં હોવાનું મેં અભિમાન લીધું છે તેમ હિંદુની આબરૂ એના હાથમાં છે એમ મેં માન્યું છે. અને પછી મેં જણાવ્યું કે મારા ભવિષ્યના કાર્યક્રમ વિષે હું હમણાં કંઈ નથી કહી શકતો. આટલું ગ્લાનિભર્યું ભાષણ મેં ભાગ્યે જ કોઈ વાર કર્યું હશે. એ પૂરું કરી તરત જ હું મૌલાના અબુલ કલામ આઝાદની તપાસ કરવા લાગ્યો. એ તો મારી પાસેથી ચૂપકીથી ખસી જઈ દૂર મારી સામે ઊભા હતા. મ તેમને કહ્યું: "હવે તો જઈશું." તેમણે કહ્યું: "ના, જરા ખમી જાઓ. અમારે પણ અમારા વિચાર થોડા જણાવવા જોઈએ." આમ કહી તેમણે સભાને બોલવાની વિનંતી કરી. બધા

Gandhi Heritage Portal

ગળગળા થઈને બોલ્યા. લાંબી સફેદ દાઢીવાળા શીખ મિત્રને બોલતાં ગળગળા થઈ બેસી જતા જોઈ મને ખૂબ જ લાગી આવ્યું. શૌકતઅલી પણ બોલેલા અને બીજા પણ સહુએ માફી માગી. અને પોતાના અડગ ટેકાની મને ખાતરી આપી. મહમદઅલી બે વાર બોલતાં બોલતાં ભાંગી પડયા. મેં તેમનું સાંત્વન કરવાનો પ્રયત્ન કર્યો.

મારે કશી વાતની માફી આપવાની નહોતી કારણ કોઈએ મારું કશુંયે બગાડયું નહોતું. ઊલટા સહુએ મારા પ્રત્યે મમતા બતાવી. મને દુ:ખ થયું હતું. કારણ મહાસભાના સંકલ્પને ત્રાજવે ચડી આપણે અધૂરા નીવડયા હતા. દેશના આપણે આટલા બધા પામર પ્રતિનિધિઓ હતા. મને મારું સ્થાન જ ત્યાં ન જણાયું. જેમને મારો સંદેશો સ્વીકારવાની કશી પડી નથી તેવાઓનો નેતા થવાની મારી શક્તિ વિષે મને શંકા થઈ અને તેનું જ મને દુ:ખ હતું.

મને અનુભવ થયો કે હું તદ્દન હાર્યો અને મારો ગર્વ ગળી ગયો. પણ હાર મને નાહિંમત નથી કરી શકતી. એથી તો કેવળ હિંમત વધે છે. મારા પોતાના સિદ્ધાંત વિષે મારી શ્રદ્ધા તો અચળ જ છે. મને વિશ્વાસ છે કે ઈશ્વર મને માર્ગ બતાવશે. માણસનું ડહાપણ જ્યાં ન ચાલે ત્યાં સત્ય તો જરૂર ચાલે.

મોહનદાસ કરમચંદ ગાંધી

ઉપરનો લેખ સોમવાર તા. ૩૦મી જૂને લખાયો હતો. મેં એ લખ્યો, પણ તેથી મને ન તે વેળા સંતોષ થયો કે હજી પણ થાય છે. એ વાંચી જોતાં મને થાય છે કે મેં સભાને તેમ જ મને બંનેને અન્યાય કર્યો છે. સમિતિની બેઠક પૂરી થયા પછી જે સભામાં ઉપર કહેલી હૃદયની વાત થઈ તે સભા ભારે થઈ પણ તેની આગળ થયેલી સમિતિની બેઠક જેના કામકાજથી મને દુ:ખ થયું હતું તે પણ કંઈ ઓછી ભારે નહોતી. કોઈ પણ વક્તાના હૃદયમાં દ્વેષ તો નહોતો જ. એ વસ્તુ મારા ઉપરના લેખમાંથી નીકળે છે કે કેમ એ વિષે મને શંકા છે. મારા મનને દુ:ખ થયું તે તો અજાણપણે જે બેજવાબ વર્તન થયું હતું તેથી, અને મહાસભાના અહિંસાના સંકલ્પની જે અવગણના થઈ હતી તેથી.

આ હૃદયની ગોઠડીથી હૃદય તપાસવાનો પ્રસંગ મળ્યો. વાતાવરણ સ્વચ્છ થયું. મંગળવારે આખો દિવસ મારા સાથીઓની સાથે મારી સ્થિતિ વિષે મેં ચર્ચા કરી. મારી અંતરની ઇચ્છા તો એવી હતી અને છે કે મહાસભામાંથી નીકળી જઈ કેવળ હિંદુમુસલમાન ઐક્ય, ખાદી અને અસ્પૃશ્યતાનું કામ કર્યા કરવું. પણ તેમણે મારી વાત ન સ્વીકારી. તેમણે કહ્યું : "પ્રજાના ઇતિહાસમાં કટોકટીની ઘડીએ નીકળી જવાનો તમને હક નથી. તમારા નીકળી જવાથી સ્થિતિ સુધરવાની નથી. એથી ઊલટી લોકોની નિરાશા વધશે. અને મહાસભાની બેઠકોમાંથી જીવતો-જાગતો અંકુશ ચાલ્યો જશે. જે કાર્યક્રમ તમે ઘડયો તેને વિષે જ્યાં સુધી બહુમતી છે ત્યાં સુધી તો તમારે તેનો પૂર્ણપણે અમલ કર્યે જ છૂટકો. મહાસમિતિમાં પડેલા મત ઉપરથી જણાય છે તેના કરતાં દેશમાં તમારા કાર્યક્રમમાં માનનારી ઘણી મોટી સંખ્યા પડેલી છે. આપ દેશમાં પ્રવાસ કરો અને જાતે બધું જુઓ." મારી બીજી દરખાસ્ત એ હતી કે મહાસભાનો સંકલ્પ જેમને પૂરેપૂરો માન્ય હોય તેમણે મહાસભા છોડીને સ્વરાજીઓને સોંપી દેવી. એની વિરુદ્ધ પણ દલીલો થઈ. અને મેં એ દરખાસ્તને અવિચારી ગણીને કાઢી નાખી. સ્વરાજીઓને થોડી જ એવી ઇચ્છા હતી. અને તેમની પાસેથી અશક્ય વસ્તુ કરાવવાની આશા રાખવી એ તેમની હિંસા કરવા જેવું છે. હું તો જાણું છું કે તેઓ મારી પહેલી દરખાસ્ત પણ ન કબૂલ કરે.

Gandhi Heritage Portal

મેં જૂહુમાં એ દરખાસ્ત એમને કરી હતી અને અમદાવાદમાં ફરી પાછી કરી હતી એટલે મેં અનિચ્છાએ કડવો ઘૂંટડો પીવાનો અને મહાસભાની સંસ્થામાં ચાલુ રહી મહાસભામાં મને ઓછા મત ન મળે ત્યાં સુધી તેના કામનો બોજો ઉઠાવવાનો નિશ્ચય કર્યો.

ટૂંકા રસ્તા કાઢી મજલ પૂરી કરવાની આશા હું કેમ રાખું? આસ્તે આસ્તે જ મારે પંથ કાપવો જોઈએ. મારું માન ખીસામાં મૂકી મને કાઢવામાં ન આવે ત્યાં સુધી મારે રોકાઈ રહેવું જોઈએ.

દેખીતી રીતે મારે અમુક પક્ષમાં ભળવું જોઈએ અને છતાં બતાવી આપવું જોઈએ કે નિષ્પક્ષ માણસ તરીકે હું કામ કરી શકું છું. આવતી મહાસભામાં વધુ મત મેળવવાનો જેટલી નિષ્પક્ષ રીતે થઈ શકે તેટલી નિષ્પક્ષ રીતે પ્રયત્ન કરવો જોઈએ. સત્યાગ્રહીથી આ બધું જરૂર થઈ શકે.

આને માટે શરતો દીવા જેવી સાફ અને સાદી છે. સંગીન કામ બતાવીને જ વધુ મત મેળવી શકાય.

૧. અરધો કલાક કાંતવા ઉપરાંત જેટલો વખત નવરાશનો મળે તે બધો વખત કાંતવું જોઈએ.

૨. ખાદીનું કામકાજ કરતાં નવરાશના વખતનું કાંતવાનું છોડી દઈ શકાય.

૩. મહાસભાના સભ્યો બની શકે તેટલા વધારીને મતદારની સંખ્યા મોટી કરી શકીએ છીએ.

૪. મતપત્રોની સાથે કશી ઘાલમેલ થવી ન જોઈએ.

૫. મત મેળવવવાને માટે કશી ખટપટ થવી ન જોઈએ.

૬. વિરુદ્ધ પક્ષના સિદ્ધાંતની ટીકા થઈ શકે પણ વ્યક્તિઓની ન જ થવી જોઈએ.

૭. મતદારોના ઉપર કોઈ પણ પ્રકારનું અયોગ્ય દબાણ ન જ થવું જોઈએ.

કહેવાય છે કે ભૂતકાળમાં બંને પક્ષોએ પ્રતિનિધિ ચૂંટવામાં અને અધીન સંસ્થાઓના સભ્યો ચૂંટવામાં નિર્લજ્જ રીતભાત ગ્રહણ કરી હતી. આ મેલા કામમાંથી બચી જવાનો રસ્તો એ જ છે કે મનદારોને સમજાવવાના તમામ પ્રામાણિક પ્રયત્ન કર્યા પછી પરિણામ શું આવશે એને વિષે ઉદાસીન રહેવું.

સનાતન કાર્યક્રમ ખરેખરો સનાતન હોવો જોઈએ. મહાસમિતિના કામકાજથી મારો મત તો દૃઢ થયો છે કે એક જ સંસ્થામાં બે કાર્યપ્રયોગો ન ચાલી શકે. સ્વરાજીઓની રીતમાં બ્રિટિશ લોકમતના ઉપર અસર પાડવાનું રહેલું છે અને સ્વરાજને માટે બ્રિટિશ પાર્લમેન્ટ પાસે આશા રખાય છે. નાફેરવાદીની રીતમાં સ્વરાજને માટે સ્વરાજ લોકો પાસેથી જ લેવાની આશા રખાય છે. બંને રીતો ભિન્ન ભિન્ન મનોદશા દર્શાવે છે. એક ખોટી હોય તો બીજી સાચી છે એમ કહેવાનો આશય નથી. બંને પોતપોતાને સ્થાને સાચી હોય પણ એક સંસ્થા બંને ચલાવવાનું કરે તો પરિણામે બંને સંસ્થા નબળી થશે અને રાષ્ટ્રકાર્યને હાનિ થશે. એક સંપ્રદાય ધારાસભા મારફતે રાજકીય શિક્ષણ આપવાનો દાવો કરે છે. બીજો સંપ્રદાય પ્રજામાં કામ કરીને અને પ્રજાની વ્યવસ્થાશક્તિ અને વહીવટશક્તિને ઉત્તેજન આપીને જ તે આપવાનો દાવો કરે છે. એક લોકોન્નતિને માટે રાજ્યની આશા રાખવાનું શીખવે છે. બીજો શીખવે છે કે અતિશય આદર્શ રાજ્ય પણ સ્વરાજ ભોગવતી પ્રજાને વિષે પ્રજાકીય ઉન્નતિમાં અતિશય

Gandhi Heritage Portal

અલ્પ ભાગ ભોગવે છે. એક પ્રજાને શીખવે છે કે કેવળ રચનાત્મક કાર્યક્રમથી સ્વરાજ ન મળી શકે. બીજો સંપ્રદાય શીખવે છે કે કેવળ તેથી જ સ્વરાજ મળી શકે અને બીજા કશાથી ન મળી શકે.

દુર્ભાગ્યે આ દીવા જેવી વાત સ્વરાજીઓને હું ન સમજાવી શક્યો. અને એકવર્ણી સંસ્થા બનાવવામાં મને કાયદાની મુશ્કેલી નડી એટલે હવે બીજો સારામાં સારો ઉપાય લેવો રહ્યો. ડિસેમ્બરમાં શું થશે તેની કશી ચિંતા વિના શાંતિથી રચનાત્મક કાર્ય આપણે ચલાવ્યે જ જવું જોઈએ. અને તેમ કરતાં આપણને પૂરેપૂરી શ્રદ્ધા હોવી જોઈએ કે મહાસભા આપણો કાર્યક્રમ સ્વીકારે કે ન સ્વીકારે તોપણ આપણે માટે તો એ સનાતન કાર્યક્રમ છે. બીજો કાર્યક્રમ જ નથી. પોતાને નાફેરવાદી કહેવડાવનારાં વર્તમાનપત્રોના અધિપતિને હું આગ્રહ કરું છું કે તેમણે સ્વરાજીઓની કોઈ પણ રીતે ટીકા ન કરવી. મને ખાતરી છે કે વર્તમાનપત્રો જનતાની નીતિ અને કાર્યક્રમ ઘડવામાં બહુ અલ્પ ભાગ લે છે. જનતા વર્તમાનપત્ર જાણતી નથી. નાફેરવાદી-ઓએ – સનાતનીઓએ – જેમને રાજકીય શિક્ષણ કશું નથી મળ્યું તેવા લોકોને પહોંચવાનું છે અને તેમના પ્રતિનિધિ બનવાનું છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ૩–૭–૧૯૨૪

ભાષાંતર : नवजीवन, ૬–૭–૧૯૨૪

## ૧૭૭. મુંબઈ સરોજિનીને યાદ રાખે

આ મહિનાની ૧૨મી તારીખે શ્રીમતી સરોજિની નાયડુ મુંબઈ પાછાં આવે છે. મુંબઈ એમનું ઉમળકાભેર સ્વાગત કરશે જ એમાં મને કોઈ શંકા નથી. પૂર્વ અને દક્ષિણ આફ્રિકાના એ દૂર દૂરના દેશોમાં વસતાં પોતાનાં સંતાનોના હિત માટે ખાસ કરીને કંઈક કરી શકે એવો એથી વધારે બીજો કોઈ સારો સંદેશવાહક કૉંગ્રેસ ત્યાં મોકલી શકી ન હોત. સરોજિની એ બાળકોનાં સાચાં મા બની રહ્યાં. એમની સેવાઓ માટે સરોજિનીએ કંઈ ઓછો પરિશ્રમ ઉઠાવ્યો નથી. એમના તરફથી આવેલો એમનો છેલ્લામાં છેલ્લો કાગળ હું મુંબઈ આગળ એ ઉદ્દેશથી રજૂ કરું છું કે જ્યારે ભારતનું બુલબુલ એના સુમધુર સંગીતથી ભારતના કાનને ખુશ કરવા પાછું આવી રહ્યું છે ત્યારે મુંબઈને એના કર્તવ્યનું ભાન થાય. આ રહ્યો એ પત્ર :

> ખૂબ દુ:ખ સાથે મારે કહેવું પડે છે કે દક્ષિણ આફ્રિકામાં વસતાં તમારાં અસંખ્ય સંતોનોનાં મારા હૃદયતંતુ સાથે જડાઈ ગયેલાં સ્નેહબંધનોને તોડીને હું ઘણે વખતે પાછી આવી છું.
>
> ત્રણ મહિનાના સખત પરિશ્રમ અને પ્રવાસ પછી જ્યારે હું कारगोला જહાજમાં પહોંચી ત્યારે મને થયું કે ધરાઈ ધરાઈને ઊંઘ કાઢું. મારા શરીરની નસેનસમાં થાક ભરાઈ ગયો હતો. અને શરૂઆતના થોડા દિવસ તો હું જડ પિંડની જેમ મારી ખુરસીમાં પડી રહી. પણ મારા (વફાદાર મિત્ર) તાવની પરવા કર્યા વગર હવે પૂર્વ આફ્રિકામાં બીજા એક મહિનાનું કાર્ય શરૂ કરવા હું તદ્દન તૈયાર થઈ ગઈ છું. કાલે હું દારેસલામ ઊતરીશ.

Gandhi Heritage Portal

ટાંગાનિકાની મારી યાત્રા પૂરી કરીને હું કેન્યા જઈશ. ત્યાંથી જુલાઈની બીજી તારીખે હું નીકળીશ અને ૧૨મીએ મુંબઈ પહોંચીશ. હું જાણું છું કે કેન્યામાં વધારે વખત રોકાવાનો મને ખૂબ જ આગ્રહ થશે. પણ મારા સ્વાર્થને કારણે હું મક્કમ રહીશ. ઑક્સફર્ડમાં લાંબું વૅકેશન હોવાથી મારી નાની દીકરી ઘેર પાછી આવે છે. ત્રણ વરસ થયાં મેં એને જોઈ નથી. સારી માતા હોવાનો આરોપ તમે મારા ઉપર નથી મૂક્યો?

મારું લગેજ જુઓ તો તમને હસવું જ આવે. મારા જીવનમાં અને મનમાં એવી સ્થિતિ આવી ગઈ છે કે ઘણી બધી માલિકીની વસ્તુઓ જોઈને હું ઢીલી થઈ જાઉં છું. પણ આફ્રિકાએ તો બંને હાથે એમાં ઉમેરો કર્યો છે. હું એક એવો ઉપાય શોધી રહી છું જેથી હું એનો મારા લાભમાં નિકાલ કરી શકું. મારું અહોભાગ્ય કે મારે એક ઘણું મોટું કુટુંબ છે. સાત સાત જ્વેલરી-બૉક્સ છે પણ એમાંના એકમાં મૂકવા જેટલાં પણ રત્નો નથી! ચાંદીની સાત સાત પર્સ છે પણ એમાંની એકે ભરવા પૂરતા પણ પૈસા નથી! હૅર-બ્રશના સુંદર સુંદર સેટ છે પણ એ બ્રશ કરવા પૂરતા વાળ ક્યાં રહ્યા છે! અને બાપ રે! કેટલું સરસ પરદેશી રેશમ! પણ એ તો હું પહેરી ન શકું! સોના, ચાંદી, હાથીદાંત અને કાચબાની ઢીબનાં કાસ્કેટ! એમાં કાગળનાં ભૂંગળાં અને એમાં કોઈ કાલ્પનિક નારીની પ્રશસ્તિ! અને એ સ્ત્રીને તો હું જાણતીયે નથી! આ અને આવી લગભગ ૧૭૫ જેટલી ભેટસોગાદો અને પુસ્તકો મને મળ્યાં છે. અને હું તો માત્ર એક રખડતું બુલબુલ! જીવનની આ આનંદદાયક વક્રોક્તિ ઉપર તમે કેવા હસશો! મને જેની ખાસ જરૂર હતી તે, એક દેશી પગરખાંની જોડ મને આખા આફ્રિકા ખંડમાં ક્યાંય ન મળી.

આ કાગળ છેક જ નાદાનીભર્યો છે. પણ દક્ષિણ આફ્રિકાના અનેક મુત્સદ્દીઓ- અને ભારે સ્તુતિવાળાં માનપત્રોમાંથી એ તાત્પૂરતો છતાં હિતકારક પ્રત્યાઘાત છે. જહાજમાં હું હળવાં માસિકોમાં અને ભૂરી આંખોવાળાં બાળકો સાથે રમવામાં આનંદ મેળવું છું.

મારી સાથેના યાત્રીઓ મિત્રભાવ રાખનારા છે. એ મારું અહોભાગ્ય છે કે મને દરેક સ્થળે મિત્રતા જ દેખાય છે. મારા ઉપર કડક રાજદ્વારી પ્રહારો કરનારા કેટલાક એશિયાઈ વિરોધી લોકો પણ વ્યક્તિગત રીતે મારી સાથે મિત્રભાવ રાખતા હતા. કેટલાક લોકો મને હાસ્યાસ્પદ સવાલો પૂછતા. જેમ કે એક અમેરિકન યુવકે ગાડીમાં વાતચીત દરમ્યાન મને ખૂબ જ ગંભીરતાથી પૂછ્યું કે શું ગાંધી હૃદયથી સાચા દેશભક્ત હતા? હું તો મારી બેઠક ઉપર લગભગ ઢગલો જ વળી ગઈ.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ३–७–१९२४

Gandhi Heritage Portal

# ૧૭૮. ગઈ મહાસમિતિ

મહાસમિતિના બધા ઠરાવો આ જ અંકમાં બીજે સ્થળે આપવામાં આવ્યા છે. પહેલા ઠરાવમાંથી શિક્ષાના પ્રબંધવાળો ભાગ ઊડી ગયો છે. અનેક હારોમાંની એ મારી પહેલી હાર. દેખીતી બહુમતીથી હું છેતરાઉં એમ નથી. સમિતિમાંથી ચાલ્યા ગયેલા સ્વરાજવાદી સભ્યોના મત લેવામાં આવે તો મને ચોખ્ખી હાર મળશે, એવી મારી ખાતરી હોવાથી દેખીતી બહુમતીથી સંતુષ્ટ થવું મારે માટે અશક્ય જ હતું. એટલે મેં સમિતિના સભ્યોને સમિતિ છોડી ગયેલાઓના મત પણ ગણવાનો અને ઠરાવમાંથી શિક્ષાવાળો ભાગ કાઢી નાખવાનો આગ્રહ કર્યો.

બીજો ઠરાવ અસલના બીજા ઠરાવ જેવો રહ્યો નથી. પણ તેનો ભાવ તો એનો એ જ છે. કરવામાં આવેલા હુકમ ન માનવાને માટે શિક્ષા કરવાનો સિદ્ધાંત નવા ઠરાવમાં પણ જળવાઈ રહ્યો છે.

ત્રીજા ઠરાવમાં ખરી નિષ્ફળતા રહેલી છે. હું તો હજી પણ એવું માનું છું કે મહાસભાની ચૂંટાયેલી સમિતિઓ એ બધી કાર્યવાહક સમિતિઓ છે, અને, તેથી મહાસભાનો કાર્યક્રમ શ્રદ્ધાપૂર્વક સ્વીકારનાર અને તેમાં વિઘ્ન કરવાનો અથવા તેને મોળો પાડવાનો ઇનકાર કરનાર માણસો જ તેમાં હોઈ શકે. આખા કાર્યક્રમને પાર લાવવાની તેમની ઇચ્છા હોવી જ જોઈએ પણ કાયદાની મુશ્કેલીમાંથી નીકળવું કઠણ હતું. કોકોનાડાનો કાર્યક્રમ કોઈ પણ રીતે મર્યાદિત થાય તો તે મહાસભાના બંધારણનો ભંગ ગણાવો જોઈએ. હું જે અર્થ હજી પણ કરું છું તે જ અર્થમાં તો મારા મૂળ ઠરાવથી કાયદાનો ભંગ થતો નહોતો. પણ મને જણાવવામાં આવ્યું કે એનો મારી ઇચ્છા પ્રમાણે અર્થ કરવાનો મને કશો હક નથી અને ધારાસભામાં જનારાઓને કાર્યવાહક મંડળોમાં કામ કરવાનો હક જતો રહેતો નથી એવો દાવો કરવાનો સ્વરાજવાદીઓને અધિકાર છે. તેમણે એમ પણ જણાવ્યું કે મહાસભાની કાર્યવાહક સભામાં હાલ પણ સ્વરાજવાદીઓ મોજૂદ છે. આ દલીલનું મારા ઉપર બહુ વજન પડયું, અને સ્વરાજવાદીઓને કાર્યવાહક મંડળમાં રહેવાને નાલાયક ઠરાવનાર અસલ ઠરાવ પણ માત્ર ગણ્યાગાંઠ્યા વધારે મતથી પસાર થઈ શકે એવી મારી ખાતરી હોવાથી તેમની દલીલને વશ થઈ આખરે જે સ્વરૂપમાં એ ઠરાવ સ્વીકારાયો છે તે સ્વરૂપમાં મેં તે સ્વીકારી લેવાનું મારા મનને મનાવ્યું. તે ઠરાવ કંઈ મને પસંદ નથી. પણ આખો ઠરાવ છોડી દેવાને બદલે એમાં એટલો સુધારો સ્વીકારી લીધા સિવાય છૂટકો નહોતો. દેશની સામે એકવર્ણી સંસ્થાનો આદર્શ રાખવાને માટે અને રાજકાજમાં સ્વચ્છતાની ઉપર ભાર દેવાની ખાતર એ અસલ ઠરાવની જરૂર હતી. પ્રતિનિધિઓ જે ધોરણે બીજાને માટે નિયમો ઘડે છે તે જ ધોરણ પોતે સ્વીકારવાને બંધાયેલા છે. અનેક રીતે બતાવી શકાય કે મહાસભા હવે કોઈ ભીખ માગનારી સંસ્થા રહી નથી પણ મુખ્યત્વે કરીને તે આંતરિક બળ વધારીને આદર્શને પહોંચવા માટે યોજાયેલી આત્મશુદ્ધિની એક સંસ્થા છે. એટલે રાષ્ટ્રજીવનને માટે જેટલી વસ્તુઓ જરૂરની હોય તે વસ્તુના પક્ષમાં લોકમત ઉત્પન્ન કરવો જોઈએ. લોકમત ઉત્પન્ન કરવાનો ઉત્તમ રસ્તો ઠરાવ ઘડવાનો અને ઠરાવને ટેકો આપનારા તૈયાર કરવાનો છે. આ કારણથી તાત્કાલિક અનેકવર્ણતાનું જોખમ મેં ખેડી લીધું છે, તોપણ બંને પક્ષને હું ખૂબ આગ્રહ કરીશ કે કોઈ એકબીજાના માર્ગમાં આડે ન આવે.

Gandhi Heritage Portal

પણ ચોથા ઠરાવે તો મારી હારમાં કાંઈ બાકી હતું તે પૂરું કર્યું. એ વાત સાચી છે કે ગોપીનાથવાળો ઠરાવ દેખીતી બહુમતીથી પસાર થયો, પણ એવી તાણેલીતોષેલી બહુમતીના કરતાં ચોખ્ખી અલ્પમતી મળી હોત તો હું બહુ રાજી થાત. દેશબંધુ દાસના સુધારા માટે મત આપનારા ઘણા જણ એવા હતા કે જેમણે બંગાળામાં ઝઝૂમી રહેલી ધરપકડની અફવાને લીધે જ મત આપ્યા હતા એ વાત હું ભૂલતો નથી. ઘણાને તો સ્વાભાવિક રીતે એમ લાગ્યું કે મહામૂલા નાયક અને સાથીને બચાવવામાં આબરૂ રહેલી છે, ખાસ કરીને જ્યારે તેણે દેશની ભારે સેવા કરી હોય અને ભારે ત્યાગ કરેલો હોય. આમ ઘણી વાર તત્ત્વના વિચારની આગળ લાગણીને પ્રાધાન્ય મળે છે, અને મને ખાતરી છે કે જો બંગાળ સરકાર દેશબંધુ દાસને અને તેમના અનુયાયીઓને પકડશે તો તે ગંભીર ભૂલ કરશે. મત અથવા વિચારને દંડવાના દહાડા ગયા. જો મને દેશબંધુના સુધારાને ટેકો આપતાં તત્ત્વનો બાધ ન આવતો હોત તો નિ:સંકોચ મેં તેને ટેકો આપ્યો હોત. પણ મારાથી તેમ થઈ શકે એમ નહોતું. કોઈ પણ મહાસભાવાદીથી તેમ થાય એમ નહોતું. શ્રી દાસ મારા ઠરાવ અને પોતાના સુધારા વચ્ચે કશો ભેદ જોતા નથી. હુ આને કેવળ આત્મપ્રતારણા જ કહી શકું. એમના સુધારાને ટેકો આપવા જેઓ ઊભા થયા તેમણે તડ ને ફડ ચોખ્ખું કહી સંભળાવ્યું. તેમની નીતિમાં તો રાજકીય ખૂનને સ્થાન હતું. અને ખરું પૂછો તો એ જ સામાન્ય નીતિ નથી? કહેવાતી સુધરેલી પ્રજાનો મોટો ભાગ એ જ નીતિમાં માને છે, અને પ્રસંગ આવ્યે તેનો અમલ કરે છે. તેઓ માને છે કે છિન્નભિન્ન અને દલિત પ્રજાને માટે રાજકીય ખુનામરકી એ જ એક ઉપાય છે. આ નીતિ ખોટી છે, આ નીતિથી જગત વધારે વસવાલાયક નથી બની શક્યું એ તો ઉઘાડું જ છે. હું તો એટલું જ કહું છું કે જો શ્રી દાસ અને તેમને ટેકો આપનારાઓએ ભૂલ કરી હોય તો (સુધરેલા) લોકમતનો મોટો ભાગ તેમના પક્ષમાં છે. હિંદુસ્તાનના પરદેશી ધણીઓને ખાતે એ નીતિ સિવાય કંઈ બીજી વધારે ઊજળી વસ્તુ નથી જણાતી. જો મહાસભા સાધન વિષેના કોઈ પણ બાધ વિનાની રાજકીય સંસ્થા હોત તો ગુણદોષની દૃષ્ટિએ શ્રી દાસના ઠરાવની સામે વાંધો ન લઈ શકાત. ત્યારે તો માત્ર તેની ઉપયોગિતાનો જ પ્રશ્ન વિચારવાનો રહેત.

પણ મહાસભાના ૭૦ પ્રતિનિધિઓ દેશબંધુના ઠરાવને ટેકો આપનારા નીકળ્યા એથી હું આભો બન્યો. તેમણે પોતાના સંકલ્પને તોડ્યો છે. મારા ધારવા પ્રમાણે શ્રી દાસનો સુધારો મહાસભાના અહિંસાના સંકલ્પ અથવા નીતિથી વિરુદ્ધ હતો. પણ તેવો વાંધો મેં જાણીજોઈને જ ન ઉઠાવ્યો. જો સભ્યોને એવો ઠરાવ જોઈતો હોય તો તે ભલે તેમને કરવા દેવો. મારા ધારવા પ્રમાણે કાયદાના સવાલ સામાન્ય રીતે સભ્યોને જ પતાવવા દેવા એ ઉત્તમ છે.

બીજા ઠરાવો વિષે કશી ચર્ચાની જરૂર નથી.

શીખ લોકોના આપભોગ અને શૂરાતનની સ્તુતિ કરનારો ઠરાવ મહાસભાની પરંપરાથી ચાલી આવેલી નીતિને અનુરૂપ હતો.

અફીણ વિષેનો ઠરાવ કરવાની બે કારણોએ જરૂર પડી. દુનિયામાં અફીણની પેદાશ કેવળ તેની વૈદકીય જરૂર પૂરતી જ થાય તે માટે ઉત્તમ કાર્ય કરી રહેલી બહેન લા મૉટે હિંદુસ્તાન સરકારની ભ્રષ્ટ અફીણનીતિ વિષે કરુણ ઉદ્‌ગારો કાઢ્યા છે. ભાઈ ઍન્ડ્રૂઝે બતાવ્યું છે કે અફીણ પરિષદમાં લોકોની જરૂરિયાત બતાવવાને માટે "વૈદકીય" શબ્દને બદલે "યોગ્ય" શબ્દ દાખલ કરવામાં હિંદુસ્તાન સરકાર જ જવાબદાર હતી. આ કારણથી જીનિવામાં ભરાનારી આવતી

Gandhi Heritage Portal

પરિષદ ધ્યાનમાં લેતાં પ્રજા હિંદુસ્તાન સરકારની નીતિ વિષે શું ધારે છે તે પ્રગટ કરવાનું મહાસમિતિને આવશ્યક લાગ્યું. તેમ જ અફીણની ટેવને લીધે આસામીઓની સ્થિતિ કેવી થાય છે તેની તપાસ કરવાની પણ તેટલી જ જરૂર જણાઈ. એ ભૂંડી ટેવને પરિણામે આસામની સુંદર પ્રજાનાં શરીર ખવાઈ જાય છે. આસામ પ્રાંતિક સમિતિ તે વિષે તપાસ કરવાને તૈયાર છે. એટલે તે પ્રાંતિક સમિતિની સાથે રહીને સદરહુ તપાસ કરવાને માટે ભાઈ ઍન્ડ્રૂઝને નીમવાનું મહાસમિતિને ઇષ્ટ લાગ્યું છે.

સાતમા ઠરાવથી મલાયાના દ્વીપકલ્પ અને લંકાના હિંદી મજૂરોની સ્થિતિ તપાસવાને માટે જરૂર જણાય તો એક ડેપ્યુટેશન મોકલવાની સત્તા કાર્યવાહક સભાને આપવામાં આવી છે. લંકા અને મલાયા દ્વીપકલ્પમાં મજૂરી કરવા જતા લોકોની સ્થિતિ વિષે છાપાંમાં આવતા છૂટાછવાયા હેવાલ ઉપરાંત આપણે કશું જાણતા નથી. તેમની સ્થિતિ તપાસવાનો અને તે સુધારવાને બનતા ઉપાય લેવાનો આપણો ધર્મ છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ૩–૭–૧૯૨૪

ભાષાંતર : नवजीवन, ૬–૭–૧૯૨૪

## ૧૭૯. નોંધ

### शुभस्य शीघ्रम् ।[૧]

મહાસમિતિની બેઠકમાં બહિષ્કારોનો અમલ પોતે ન કરતા હોય તેવાઓને રાજીનામું આપવાની વિનંતી કરનારો ઠરાવ પસાર થયો કે તરત જ હાલ વકીલાત કરતા ભાઈ કાળિદાસ ઝવેરીએ જુદી જુદી સમિતિઓમાંથી સભ્ય તરીકે પોતાનું રાજીનામું આપ્યું. તેમણે વકીલાત પાછી શરૂ કરી છે એમ જાણ્યા છતાં પણ મતદારોએ એમને ચૂંટેલા હતા. સમિતિની માગણીનો તુરત જવાબ વાળવા માટે ભાઈ કાળિદાસ ઝવેરીને હું ધન્યવાદ આપું છું. એ સારા કામદાર છે. એમના રાજીનામું આપ્યાથી મહાસભા એમની સેવા નહીં ખુએ એવી આશા રાખીએ. મહાસભાનો પૂરેપૂરો કાર્યક્રમ જે સ્વીકારી શકતા ન હોય અથવા તો નબળાઈને લીધે કે અનિવાર્ય સંજોગોને લીધે કાર્યક્રમનો અમલ ન કરી શકતા હોય અને તેમ કરવાથી કાર્યવાહક મંડળમાં સ્થાન ન મળી શકતું હોય તેઓ દરેક જણ કાર્યવાહક મંડળમાં ચાલુ હોય તેવી રીતે જ પોતાનું કામ સરસ રીતે બજાવ્યે જઈ શકે છે. દાખલા તરીકે ભાઈ કાળિદાસ મહાસભાના સભ્યો બનાવે, કાંતે, ખાદીનો પ્રચાર કરે, ટિળક સ્વરાજ ફંડ ભેગું કરે તો તેઓ ખુશીથી તેમ કરી શકે એમ છે. ખરી રીતે તો સાચો કામ કરનાર હોદ્દાની જવાબદારીથી ભાગે છે અને કામ કરવાનું જ પસંદ કરે છે. અને તેમ કરીને કાર્યવાહક મંડળોમાં જે ચડભડાટ થાય છે તેમાંથી બચી જાય છે.

વાદીપ્રતિવાદીઓનો અપવાદ કરનારો ઠરાવ મહાસમિતિએ કાઢી નાખ્યો કે તરત જ ગંગાધરરાવ દેશપાંડેએ પોતાનું રાજીનામું આપ્યું અને તે તરત સ્વીકારાયું. શ્રી દેશપાંડે મહાસભાના

૧. આ પેટામથાળાવાળા ભાગનું ભાષાંતર नवजीवन, ૬–૭–૧૯૨૪ના અંકમાંથી આપવામાં આવ્યું છે.

Gandhi Heritage Portal

જનરલ સેક્રેટરી (સામાન્ય મંત્રી) હતા. કર્ણાટક પ્રાંતિક સમિતિના તેઓ પ્રમુખ છે. કર્ણાટકમાં કર્તાહર્તા ગંગાધરરાવ જ છે તો ત્યાં કામકાજની મુશ્કેલી કેમ ઉકેલાશે એ જોવા જેવું છે. મહાસભાનું કામ પણ તેઓ જ કરે છે.

ગંગાધરરાવનો દાખલો એક ભારે અખતરો માની શકાય. જો તેઓ કાંઈ પણ હોદ્દો ન ભોગવતાં છતાં પોતાના વર્ગના લોકોને દિશા બતાવી શકશે તો આપણા બધાને માટે તેઓ દૃષ્ટાંતરૂપ થશે. આપણે તો જેમને હોદ્દાની પરવા ન હોય અને છતાં મોટો હોદ્દો ભોગવનારા અમલદારના જેટલી જ ભારે સેવા આપી શકે એવા કાર્યકર્તા ઉત્પન્ન કરવાની જરૂર છે. એવાં સ્ત્રીપુરુષો દેશનું ગૌરવ છે. તેઓ દેશનું અનામત લશ્કર છે.

આ રસમય સ્થિતિમાંથી એક બીજો વિચાર પણ ઉત્પન્ન થાય છે. આપણે સૌએ શા સારુ પરિગ્રહ કરવો જોઈએ? અમુક કાળે આપણે સૌ બધો પરિગ્રહ છોડી શા સારુ ન દઈએ? બેશરમ વેપારીઓ પારકાઓને ઠગવાને માટે મિલકતની માલિકી છોડે છે. આપણે ઉચ્ચ અને મહાન આશયથી શા સારુ મિલકત ન છોડીએ? હિંદુને માટે તો જીવનને અમુક કાળે એમ કરવું એ સામાન્ય વસ્તુ હતી. દરેક સજ્જન હિંદુ અમુક સમય ગૃહસ્થ જીવન ગાળ્યા પછી અપરિગ્રહનું જીવન શરૂ કરશે એવી આશા રાખવામાં આવતી. આપણે શા સારુ એ ઉદાત્ત પ્રથાને સજીવન ન કરીએ? આનો અર્થ તો એટલો જ થાય છે કે નિર્વાહને માટે જેમને આપણી મિલકત આપી દઈએ તેમના ઉપર આપણે આધાર રાખીએ. મને તો એ વિચાર મોહક લાગે છે. આવા મિલકત છોડવાના અસંખ્ય માનભર્યા દાખલાઓમાં મિલકતના ત્યાગનો દુરુપયોગ થયાનો એક પણ દાખલો મળતો નથી. હા, આવા વ્યવહારમાંથી પણ નવી નીતિ ઊભી થાય છે. એક બાપદીકરાનો દાખલો લો. જો દીકરો બાપના જેવો જ અસહકારી હોય તો બાપ દીકરાના ઉપર મિલકતની માલિકીનો બોજો નાખીને શા સારુ તેને પરિગ્રહના પાશમાં નાખે? આવા પ્રશ્નો જરૂર ઊઠયા જ કરવાના અને માણસનું મહત્ત્વ નીતિના આવા સામસામા ઊભા થતા પ્રશ્નોનો તોડ કાઢવામાં જ અંકાશે. આ પ્રથા અપ્રામાણિક માણસોને ઉત્તેજન આપ્યા વિના શી રીતે અમલમાં આવે, એ તો લાંબા અનુભવ પછી જ નક્કી થઈ શકે, છતાં પોતાના દાખલાનો દુરુપયોગ થશે એવા ભયથી એ પ્રયોગનો અમલ કરતાં કોઈએ અટકવું ન જોઈએ. ગીતાપ્રણેતા ભગવાનને કદાચ ખબર હશે કે તેમના ઉપદેશનો દરેક પ્રકારનાં પાપો અને ખૂન સુધ્ધાંનો બચાવ કરવા માટે દુરુપયોગ થશે. છતાં તે જ્ઞાનથી તેમણે જગતને ગીતા આપવાનું મુલતવી ન રાખ્યું.

## વાઈકોમ

વાઈકોમનો સત્યાગ્રહ ઘણુંખરું છેલ્લે તબક્કે પહોંચ્યો છે.[૧] છાપામાં સમાચાર આવ્યા છે અને ખાનગી ખબરથી એને સમર્થન મળે છે કે ત્રાવણકોરની સરકારે સત્યાગ્રહીઓને હવે ગુંડાઓની કૂણી દયા પર લગભગ છોડી દીધા છે. સૌમ્ય રીતે કહીએ તો આને રૂઢિચુસ્ત વર્ગનો સંગઠિત સામનો કહેવામાં આવે છે. સૌ કોઈ જાણે છે કે રૂઢિચુસ્તો ઘણી વાર સારામાઠાનો વિવેક જાળવતા નથી. સુધારકોની સરખામણીમાં સામાન્ય રીતે એમને પ્રતિષ્ઠા અને લોકમતનું પીઠબળ વધારે હોય છે. એટલે જે ચીજો કરવાની બિચારા સુધારકો હિંમત કરી શકતા નથી

૧. જુઓ "ઍસોસિયેટેડ પ્રેસ ઑફ ઇન્ડિયાને મુલાકાત", ૧-૭-૧૯૨૪.

Gandhi Heritage Portal

તે ચીજો તેઓ બેધડક કરી શકે છે. પરંતુ ન સમજાય એવી વાત તો છે ત્રાવણકોર સરકારની મનોદશા. નિર્દોષ સત્યાગ્રહીઓ ઉપર થઈ રહેલા આ ઉઘાડા અત્યાચાર પ્રત્યે શું તેઓ આંખ આડા કાન કરી રહ્યા છે? શું ત્રાવણકોર જેવી પ્રગતિશીલ રિયાસતે લોકોના જાનમાલનું રક્ષણ કરવાનું પોતાનું પ્રાથમિક કર્તવ્ય પણ છોડી દીધું છે? ગુંડાઓની જુલમ ગુજારવાની આ રીતમાં ખાસ પ્રકારની બર્બરતા રહેલી છે એમ કહેવાય છે. તેઓ સ્વયંસેવકોની આંખોમાં ચૂનો નાખીને તેમને આંધળા બનાવી દે છે.

કેરળના પ્રતિનિધિઓએ મને પૂછયું હતું કે અમારી ચળવળને ટેકો આપતો એક ઠરાવ અમે કૉંગ્રેસ પાસે કરાવીએ તો કેમ? મેં એમને કહ્યું કે એ વિચાર મને ગમતો નથી. એમને નૈતિક ટેકો જોઈતો હતો. જો એમણે પ્રમુખને એક ઠરાવ મોકલીને આવો ટેકો માગ્યો હોત તો મહાસમિતિએ તે માગતાંની સાથે જ આપી દીધો હોત. આથી એમને એવો ઠરાવ મોકલતા રોકીને મેં ગંભીર જવાબદારી વહોરી હતી. પરંતુ મારી એવી દૃઢ માન્યતા છે કે તમામ સ્થાનિક આંદોલનો પોતાના પગ ઉપર ઊભાં રહેવાં જોઈએ. અને મહાસમિતિએ તો અપવાદરૂપ કિસ્સાઓમાં જ પોતાનો નૈતિક ટેકો આપવો જોઈએ. પ્રતિનિધિઓ સાથે ઉપરની વાતચીત થયા પછી શીખો વિષેનો ઠરાવ હાથમાં લેવાયો. એમણે મને એ ઠરાવના ખરડાને આખરી સ્વરૂપ આપતો દીઠો એટલે ફરીથી પૂછયું કે શીખો માટે ઠરાવ થાય છે તે જોતાં આપ અમારી બાબતમાં ઢીલું નહીં મૂકો? મેં એમને કહ્યું કે શીખોનો પ્રશ્ન કૉંગ્રેસે આ પહેલાં હાથમાં લઈ લીધો છે, એટલે હવે જો એ પીછેહઠ કરે તો શીખોને એવી શંકા થાય કે કૉંગ્રેસે આપણો પ્રશ્ન છોડી દીધો છે. કેરળના પ્રતિનિધિઓને કદાચ મારી દલીલ રુચી નહીં હોય. તેમ છતાં એમણે એને રાજીખુશીથી સ્વીકારી લીધી. પરંતુ ત્રાવણકોર રાજ્યના સત્તાધીશોને સાદર જણાવી દેવામાં આવે કે કૉંગ્રેસ આ જંગલીપણાને તત્ત્વજ્ઞાનીની માફક ઠંડે કલેજે જોતી રહી ન શકે. સત્યાગ્રહનો સામનો જ્યાં સુધી રાજ્યની સામાન્ય કાર્યવાહીઓ મારફત થતો હોય ત્યાં સુધી ચળવળ સ્થાનિક જ રહેવી જોઈએ. પરંતુ એકનિષ્ઠ સત્યાગ્રહીઓનાં માથાં ભાંગવા ગુંડાઓને છૂટા મૂકવામાં આવે ત્યારે તો સમસ્ત હિંદુસ્તાનના લોકમતનું પૂરેપૂરું વજન એ સત્યાગ્રહીઓની આસપાસ જરૂર એકઠું થાય.

હવે બે શબ્દ હું વાઈકોમ સત્યાગ્રહના સંચાલકોને કહીશ. ગુંડાઓનો પડકાર તો એમણે ઝીલવો જ જોઈએ. પરંતુ સત્યાગ્રહીઓએ પોતાની સાન ગુમાવવી ન જોઈએ. કહે છે કે સ્વયંસેવકોએ પહેરેલાં ખાદીનાં કપડાં ઉતારી લઈને બાળી મૂકવામાં આવે છે. આ બધું ખૂબ જ ઉશ્કેરણી કરનારું છે. પરંતુ ઉશ્કેરાટ માટે ગમે તે કારણ મળે તોપણ સ્વયંસેવકોએ શાંત રહેવાનું છે અને ગમે તેટલી સતામણી થાય તોપણ હિંમત હારવાની નથી. અંત્યજોની આઝાદી ખાતર સો બસો માણસોના જાન કુરબાન કરવા પડે તોપણ એ બહુ મોટું બલિદાન નથી. માત્ર એટલું ધ્યાનમાં રાખવાનું છે કે આ બલિદાનો નિષ્કલંક હોવાં જોઈએ. સિઝરની પત્નીની પેઠે, સત્યાગ્રહીઓ શંકાથી પર હોવા જ જોઈએ.

### એક ક્ષમાયાચના

નીચેનો પત્ર છાપતાં મને ઘણો જ આનંદ થાય છે. બારાબંકી અંગેની મારી નોંધમાં મને માહિતી આપનારનું નામ મેં આપ્યું નહોતું. પણ હવે એ નામ મારાથી છૂપું રાખી શકાય તેમ નથી. હું ઇચ્છું છું કે બધા ભાઈઓ પોતાની ભૂલો કબૂલ કરવા શ્રી શ્વેબ જેટલા જ

Gandhi Heritage Portal

તત્પર રહે અને હિંદુઓ તથા મુસલમાનોનાં દુષ્કૃત્યોની વાતો સાચી માનવાની ઉતાવળ ન કરે. વાચક એ જાણીને મારી માફક રાજી થશે કે બારાબંકીની મ્યુનિસિપાલિટીના હિંદુ સભ્યો પર મૂકવામાં આવેલા આરોપમાં કશું તથ્ય નહોતું. એમને એક અન્યાય કરવામાં અજાણતાં હું નિમિત્ત બન્યો તે માટે હું એમની ક્ષમા યાચું છું.

તંત્રી, यंग इन्डिया

મહાશય,

બારાબંકીની પરિસ્થિતિ અંગે આપને લખ્યા પછી ત્યાંની જિલ્લા કૉંગ્રેસ સમિતિના એક મુસલમાન સભ્ય, જેઓ યુ. પી.ની પ્રાંતિક કૉંગ્રેસ સમિતિના પણ સભ્ય છે, તેમણે મને જણાવ્યું છે કે વાસ્તવિક હકીકતો મને જણાવ્યા પ્રમાણે નથી. જે કંઈ બન્યું હતું તે એટલું જ હતું કે બારાબંકીના જે જૂના નિયમને લીધે બોર્ડને આપવાની અરજીઓ ઉર્દૂ લિપિમાં જ લખવી પડતી તેની જગાએ બોર્ડે એવો નિયમ કર્યો કે આવી અરજીઓ દેવનાગરી અથવા ઉર્દૂ લિપિમાં લખી શકાશે. મને પોતાને તો આ નિયમ ન્યાયી અને વાજબી લાગે છે. મને ઘણો ખેદ થાય છે કે મેં આપને એવી માહિતી આપી જે ખોટી નીકળી છે. મારો બચાવ માત્ર એટલો જ છે કે મને માહિતી આપનારા માણસો ખૂબ જ ભરોસાપાત્ર હતા. હું એમનાં નામ નહીં આપું, પણ એટલું કહીશ કે તેઓ બંને જણા કૉંગ્રેસના હોદ્દેદારો છે અને એમનામાં કોમી રાગદ્વેષ બિલકુલ નથી એવું સૌ કોઈ સ્વીકારે છે. આ કારણે જ એમનું કહેલું મેં ઝટ સાચું માન્યું. પરંતુ એમને પણ મારે દોષ દેવો નથી, કેમ કે સાથે સાથે હું એટલું કહી દઉં કે એમણે પોતે પણ એ હકીકતો બિલકુલ સાચી માની હતી. ભૂલ તો સર્વાંશે મારી જ છે. મારો પાકો વિશ્વાસ ધરાવતા માણસોએ જ એ હકીકતો મને કહી હોવા છતાં તે વિષે આપને લખતાં પહેલાં મારે એની પૂરેપૂરી ખાતરી કરવી જોઈતી હતી. ભવિષ્યમાં કેમ કામ કરવું એનો મને ખ્યાલ રહેશે. પરંતુ અત્યારે તો હું એટલું જ કરી શકું કે સારા પ્રમાણમાં તંગ થઈ ચૂકેલા હિંદુમુસ્લિમ સંબંધોને માઠી અસર પહોંચાડે એવી હકીકતોને પ્રસિદ્ધિ આપવામાં અજાણતાં હું હાથો બન્યો તે બદલ હું અંતઃકરણપૂર્વક ઊંડો ખેદ વ્યક્ત કરું છું.

આપનો વગેરે

શ્વેબ કુરેશી

## મીઠા સંબંધો

હિંદુઓ અને મુસલમાનો વચ્ચે કડવાશના બનાવો તો બન્યા જ કરે છે, પણ તેમાં જુદી ભાત પણ હોય છે એ દર્શાવવા તિરુપતિથી શ્રી કે. રાજગોપાલાચારીએ નીચેનું બયાન લખી મોકલ્યું છે:

આપની સમક્ષ હિંદુમુસ્લિમ તંગદિલીની કેવળ કાળી બાજુ જ રજૂ થયેલી જણાય છે, એટલે એની ઊજળી બાજુ પણ મારે રજૂ કરવી છે.

તિરુપતિ ૧૮,૦૦૦ની વસ્તીવાળું એક નાનું સ્થળ છે. એમાં પાંચસોએક જેટલા મુસલમાનો છે અને બાકીના હિંદુઓ છે. આપ જાણો છો કે એ હિંદુઓનું એક તીર્થધામ છે અને દેશભરમાંથી રોજ હજારો લોકો અહીં યાત્રા કરવા આવે છે. સ્વાભાવિક રીતે જ હિંદુઓની લાગવગ ઘણી છે. મંદિરના મહંત ઉત્તર હિંદના એક વૈરાગી છે અને


Gandhi Heritage Portal

સરકારમાં એમની લાગવગ અસાધારણ છે. મુસલમાનો બધા જ વેપારીઓ છે અને તે પૈકીના કેટલાક તો અહીંના આગેવાન વેપારીઓ છે. આ મુસલમાનો નવા આવેલા છે. પરંતુ એમની અને હિંદુઓની વચ્ચેના સંબંધો અત્યંત મીઠા છે. ગયા સપ્ટેમ્બર મહિનામાં અહીંના એક આગેવાન મુસલમાને પયગમ્બરના જન્મમાસની ઉજવણી અર્થે શહેરમાંના એકમાત્ર મુખ્ય માર્ગમાં આડાં કાગળનાં તોરણો બાંધ્યાં અને એક લાલ કપડું લટકાવ્યું. આ કપડાની એક બાજુએ "મહમદના જન્મમાસનો ઉત્સવ" અને બીજી બાજુએ "પયગમ્બરોના પયગમ્બર" એવા શબ્દો લખેલા હતા. આ બીજી બાજુના લખાણ પ્રત્યે હિંદુઓ મનમાં ને મનમાં વિરોધ દર્શાવતા હતા. પણ અગાઉનાં વર્ષોમાં કોઈ પણ વખતે કશો ઝઘડો જાગ્યો નહોતો. તેમ છતાં હિંદુઓ અને મુસલમાનો વચ્ચે કોઈ પણ જાતનો ઝઘડો ઊભો થતો અટકાવવા મંદિરના કારભારીઓએ એ રસ્તે થઈને જતા હિંદુ મૂર્તિના ઘણા વરઘોડા બંધ કર્યા. આમાં એમનો હેતુ ખાસ તો મુસ્લિમોની લાગણીઓને માન આપવાનો હતો એમ લાગે છે. પરંતુ એક દિવસે એવું બન્યું કે મૂર્તિનો વરઘોડો એ રસ્તેથી લઈ જવાનું રોકી શકાયું નહીં. મંદિરના કારભારીઓએ મુસલમાન મિત્રો સાથે આ અંગે અગાઉથી વાત કરી લેવાની સાવચેતી રાખી, અને મૂર્તિ એ રસ્તેથી પસાર થાય ત્યારે માત્ર પેલું લાલ કપડું ઉઠાવી લેવડાવવાનું ગોઠવ્યું. પેલા મુસલમાન દુકાનદારે એ વાત સ્વીકારી જણાય છે. પણ દેવમૂર્તિ એની દુકાનની ખરેખર નજીક આવી ત્યારે હિંદુઓએ કહ્યું કે આ કાગળનાં તોરણો પણ ઉઠાવી લો, એટલે મુસલમાન ભાઈએ પેલું કાપડ પણ લઈ લેવાની ના પાડી. તે જ વખતે મારે એ રસ્તેથી પસાર થવાનું બન્યું. મેં જોયું કે એ દુકાન આગળ હિંદુઓ મોટી સંખ્યામાં એકઠા થયા હતા, અને જરૂર પડે તો લડાઈ વહોરી લેવા માટે સોએક મુસલમાનો પણ આવ્યા હતા. તોરણો તળેથી મૂર્તિને લઈ જવામાં કશું ખોટું નથી એવું હિંદુઓને સમજાવવામાં અને તોરણો ઝટપટ ઉપાડી લેવાથી મુસલમાનોની આબરૂ જવાની નથી એવું મુસલમાનોને સમજાવવામાં હું ફાવ્યો નહીં. હિંદુઓ મારું માનવાની મનોદશામાં નહોતા, કારણ કે એમનામાંના ઘણાએ દારૂ પીધેલો હતો અને કોઈ પ્રતિષ્ઠિત હિંદુ ત્યાં હાજર નહોતો. દારૂ નહીં પીધેલા અને સમજુ દેખાતા હિંદુઓને મેં કહ્યું કે આપણા દેવને તોરણો નીચેથી લઈ જઈએ એમાં હિંદુ ધર્મને કશી હીણપત લાગતી નથી. ત્યારે તેમણે કહ્યું કે તમે તો મુસલમાનોનો પક્ષ લો છો. અને એમ કહીને એમણે મને મારવાનું પણ કાવતરું રચ્યું. દરમ્યાન, મંદિરના બેત્રણ જવાબદાર અધિકારીઓ ત્યાં આવી પહોંચ્યા અને એકાએક જાહેર કર્યું કે મૂર્તિ તોરણો નીચે થઈને લઈ જવાવી જોઈએ અને અમારે પોતાને પોલીસની મદદની કશી જરૂર નથી. આ સાંભળીને મુસલમાનોનું વલણ તરત જ બદલાયું. તેમણે કહ્યું કે આપણા જ માણસો ઉપર ચડી જાય અને તોરણોને ઊંચાં કરે જેથી પવિત્ર મૂર્તિના કોઈ ભાગને તથા તેના શણગારને એમનો સ્પર્શ થાય નહીં અને કપડું તો હમણાં જ ઉતારી લો. આ રીતે તે રાત્રે મામલો કશા ઘર્ષણ વિના પતી ગયો. બીજે દિવસે સવારે એક ભલા મુસલમાન હકીમ મિત્રને આગલી સાંજે બનેલા બનાવની ખબર પડી કે તરત તેમણે ફરમાવ્યું કે બધાં તોરણો ઉઠાવી લો, નહીં તો હું જાતે ત્યાં આવીને ઉઠાવી લઈશ. તોરણો તરત જ ઉઠાવી લેવામાં આવ્યાં. થોડા દિવસો બાદ પણ મંદિરના

Gandhi Heritage Portal

અધિકારીઓએ મૂર્તિને એ રસ્તેથી લઈ જવાની ના પાડી. એના કારણમાં એક અધિકારીએ પાછળથી મને કહ્યું હતું કે અમે મુસલમાનોના મનમાં એવો ખ્યાલ ઊભો થવા દેવા માગતા નહોતા કે હિંદુઓ સંખ્યામાં અને તાકાતમાં અમારાથી ચડિયાતા હોવાથી જે ચીજો અમે રાજીખુશીથી ન કરત તે અમને બળજબરીથી કરાવતા હતા. ઘણા પ્રતિષ્ઠિત હિંદુઓને આ વાત વાજબી લાગી અને એમણે કહ્યું કે તમે કર્યું તે વખાણવા જેવું છે અને તેના પ્રત્યે અમારી હમદર્દી છે.

બે ત્રણ દિવસ પછી હકીમ સાહેબે મને બોલાવી મગાવ્યો. અને કહ્યું કે મુસલમાનોની જડતાની સરખામણીમાં હિંદુઓની ખેલદિલીને લઈને કોઈ પણ હિંદુની સામે ઊંચું માથું રાખીને જોતાં મને શરમ આવે છે. એ પછી થોડા દિવસે હિંદુઓ અને મુસલમાનો બંનેએ દુકાનો બંધ રાખી અને એ રીતે હિંદુઓએ રમજાન દરમ્યાન મુસલમાનો પ્રત્યે સહાનુભૂતિ દર્શાવી. બીજી વાર અમાસને દિવસે હિંદુઓને રાજી કરવા એમની સાથે મુસલમાનોએ પણ પોતાની દુકાનો બંધ રાખી. પરસ્પરનો આ મિત્રાચારીભર્યો સંબંધ હજી પણ ચાલુ છે અને મને ખાતરી છે કે સદાને માટે ચાલુ રહેશે. ઘણા વખતથી આ શહેરમાં માત્ર એક જ મસ્જિદ હતી એટલે હમણાં તાજેતરમાં બીજી એક મસ્જિદ બાંધવામાં આવી છે. આ નવી મસ્જિદ આગળ પણ હિંદુઓ આજે વાજાં વગાડતા નથી. હિંદુઓ એટલા શક્તિમાન છે કે ધારે તો મુસલમાનોની પરવા ન રાખતાં પોતાને ફાવે તેમ કરી શકે, પરંતુ મુસલમાનો પ્રત્યે તેઓ ખૂબ જ વિચારપૂર્વક વર્તે છે અને જરૂર જણાતાં નમતું પણ મૂકે છે. આવું વર્તન રાખીને અમે મુસલમાનોના દિલમાં અમારા પ્રત્યે અમુક વિશ્વાસ પેદા કર્યો છે એટલે ઘણા લાગણીશીલ મુસલમાનો ગયા સપ્ટેમ્બર માસના બનાવની વાત કરતાં પણ શરમાય છે. એમની માગણીઓ ગેરવાજબી હોય તો પણ માન્ય રાખીને અમે તમામ વિરોધને ઠંડો પાડી દઈએ છીએ. આપણા ભણેલા લોકો સારું પણ કરી શકે અને ઊંધું પણ વેતરી શકે. જનતા તો આપણને અનુસરે છે, અને આપણે જો તેને સાચે રાહે દોરીશું તો કશો હિંદુમુસ્લિમ ઝઘડો રહેશે નહીં અને આપણે આપણી મંજિલે ઝડપથી પહોંચી શકીશું.

બંને કોમો વચ્ચેના આ મીઠા સંબંધો સદાને માટે ટકી રહેશે એવી આપણે આશા રાખીએ.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ३-७-१९२४

Gandhi Heritage Portal

# ૧૮૦. પંડિત મોતીલાલ નેહરુને પત્ર

જુલાઈ ૩, ૧૯૨૪

પ્રિય મોતીલાલજી,

આજે એક પત્ર[૧] મારા વાંચવામાં આવ્યો, જેણે મને અસ્વસ્થ કરી મૂકયો છે. મને વિચાર આવ્યો કે આ વિષે તમને લખીને હું મૈત્રીના અધિકારનો દુરુપયોગ તો નથી કરતો ને? અંતરાત્મા એમ કહે છે કે આનો નિર્ણય મારે જાતે નહીં કરતાં તમારા પર છોડવો જોઈએ. જો તમને આમાં મૈત્રીનો દુરુપયોગ લાગે તો બેઅદબી માફ કરશો અને આ પત્રને ભૂલી જજો.[૨]

લેખકે મને આ સાથે બીડેલી (લીડરમાંથી) કાપેલી કાપલી મોકલી આપી છે.[૩] એ લખાણ મેં અગાઉ વાંચ્યું નહોતું. એ ભાઈ લખે છે કે એક બીજા ખાણા વખતે તમે આ પ્રમાણે બોલ્યા હોવાનું કહેવાય છે: "પાણી પવિત્ર કહેવાયું છે. પણ દારૂ તો ત્રણ વાર ડિસ્ટિલ કર્યા પછી તૈયાર થાય છે. માટે દારૂ પાણીથી વધારે પવિત્ર છે."[૪] આ વાંચીને માઠું લગાડશો નહીં. જો તમે ફરીથી દારૂ પીવા માંડયો હોય તો તે વિષે મારે કશું કહેવાનું નથી. પણ જો આ સમાચાર સાચા હોય તો દારૂવિરોધી ઝુંબેશના આગેવાન હોવા છતાં તમે જાહેરમાં દારૂ પીઓ અને વધારામાં દારૂબંધીની મજાક ઉડાવો એ જાણીને મને દુઃખ થયા વિના રહે નહીં.

મારે વિશેષ કંઈ કહેવાનું નથી. કહેવાની જરૂર ન હોય કે તમારા જવાબની હું અત્યંત આતુરતાપૂર્વક રાહ જોઈશ.

તમારો સહૃદયી

**મો. ક. ગાંધી**

[તા. ક.]

હું જાણું છું કે માણસ જો ખાનગીમાં દારૂ પીતો હોય તો તે જાહેરમાં પણ પી શકે. પરંતુ જાહેરમાં પીવાથી લોકોની લાગણી દુભાવાનો સંભવ હોય તો લોકસેવક જાહેરમાં દારૂ ન પીએ. ખાનગીમાં દારૂ પીવો અને ચોરીછૂપીથી દારૂ પીવો એ બે વચ્ચે હું ભેદ પાડું છું.[૫]

**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]

ધ સ્ટોરી ઑફ માય લાઇફ, પુસ્તક ૨, પા. ૩૩૨

૧. આ પત્ર મળતો નથી. સિમલાના એક ખાણા વખતે પંડિત મોતીલાલ નેહરુ મુખ્ય અતિથિ હતા. ત્યાં એમણે દારૂ પીધો હતો એ હકીકતનો એ પત્રમાં ઉલ્લેખ હતો એ દેખીતું છે. જુઓ એમ. આર. જયકરકૃત ધ સ્ટોરી ઑફ માય લાઇફ, પુસ્તક ૨, પા. ૩૩૧-૯.

૨. જુલાઈ ૧૦મીના એક લાંબા જવાબમાં આને અનુલક્ષીને મોતીલાલ નેહરુએ લખ્યું હતું: "શરૂઆતમાં જ આપને ખાતરી આપી દઉં કે હકીકત જાણવા માટેની આપની વિનંતીને હું મૈત્રીના અધિકારનો દુરુપયોગ નથી માનતો. ઊલટું હું એને આપનો એ વાત જાણવાનો અધિકાર તથા કર્તવ્ય સમજું છું કે આપના તરફથી પોતાની પ્રત્યે જાહેરમાં અવિશ્વાસ પ્રગટ થયો હોવા છતાં જે લોકો આપની સાથે અને આપના હાથ નીચે પોતાની શક્તિ અનુસાર કામ કરી છૂટવા પ્રયત્ન કરી રહ્યા છે તેઓ આપનું કહેલું કેટલે અંશે માનવા તૈયાર છે."

૩. જયકરે ટાંકેલા લીડરના હેવાલમાં આ બનાવ ઉપર કટાક્ષભર્યું વિવેચન કરવામાં આવ્યું હતું.

૪. આના જવાબમાં મોતીલાલ નેહરુએ લખ્યું હતું કે આ શબ્દો તો ફારસી કવિતામાં કરાતા દારૂના વર્ણનનું માત્ર એક ઉદાહરણ છે.

૫. મોતીલાલ નેહરુએ આનો જવાબ આ પ્રમાણે આપ્યો હતો: "મારા મનથી એટલું સ્પષ્ટ છે કે ખોટા દેખાવો રાખી માણસોને છેતરવા એ તો એમને નારાજ કરવા કરતાં વધારે ખરાબ છે. એટલે

Gandhi Heritage Portal

## ૧૮૧. પ્રભાશંકર પટ્ટણીને પત્ર

ગુરુવાર, જેઠ વદ અમાસ [જુલાઈ ૩, ૧૯૨૪][1]

સુજ્ઞ ભાઈશ્રી,

આપનો પત્ર મળ્યો. સરદાર મંગલસિંગ[2] અહીં લગભગ પખવાડિયું રહ્યા. પરમ દિવસે ગયા પછી કાગળ મળ્યો. નહીં તો એ જરૂર ત્યાં આવી જાત.

પડી ભાંગવાનું ખરું કારણ જ આ વેળા લૉર્ડ રીડિંગ[3] છે. લગભગ બધું ચોક્કસ થયું હતું. હું હજ ઉમેદ તો રાખું છું કે ખુનામરકીથી લડત[4] બચી જશે. પણ ભવિષ્ય કોણ ભાખી શકે?

દિનકરરાવ વળી કહીં ચાલ્યા ગયા જણાય છે.

મોહનદાસના
વંદે માતરમ્

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્ર પરથી : સી. ડબલ્યુ. ૩૧૭૯; શ્રી મહેશ પટ્ટણીના સૌજન્યથી

## ૧૮૨. ઘનશ્યામદાસ બિરલાને પત્ર

[અમદાવાદ]
[જુલાઈ ૩, ૧૯૨૪ પછી][5]

ભાઈશ્રી ૫ ઘનશ્યામદાસ,

તમારા બંને પત્રો મળ્યા છે. હું દિલ્હી જઈશ ત્યારે તમને તાર કરીશ.

શ્રી સરોજિની નાયડુની પ્રશંસામાં હું માનું છું કે અતિશયોક્તિ નથી. હું એમને આદર્શ હિંદી મહિલા નથી માનતો, પરંતુ દક્ષિણ આફ્રિકાના કાર્ય માટે તેઓ આદર્શ એલચી હતાં. તેમ

મારે દારૂ પીવો હોય તો ખાનગીમાં પીવો એ સૂચનનો આપની માન્યતા સાથે કઈ રીતે મેળ બેસે છે તે સમજવાની તો મારામાં શક્તિ જ નથી એ મારે કહી દેવું જોઈએ. વળી ખાનગીમાં પીવું અને ચોરીછૂપીથી પીવું એ બેની વચ્ચે આપ જે ભેદ પાડો છો તે મને કબૂલ નથી એ પણ મારે સાદર જણાવવું જોઈએ. મારા નમ્ર મત પ્રમાણે એ ભેદ નામનો જ છે.”

૧. ૧૯૨૪ના વિક્રમ સંવતના પંચાગમાં જેઠ મહિનાની અમાવાસ્યા જુલાઈની ૧લી અને ૨જીએ આવતી હતી; જોકે ગુરુવાર જુલાઈની ૩જીએ આવતો હતો.

૨. અકાલી ચળવળના નેતાઓ પૈકી એક.

૩. તે વેળાના હિંદુસ્તાનના વાઇસરૉય અને ગવર્નર-જનરલ.

૪. અકાલી ચળવળ.

૫. ઘણું કરીને આ પત્ર, ૩-૭-૧૯૨૪નો “મુંબઈ સરોજિનીને યાદ રાખે”, એ લેખ પ્રગટ થયા પછી લખાયો હતો.

Gandhi Heritage Portal

છતાં હું એટલું કબૂલ કરી દેવા ઇચ્છું છું કે હું લોકોના ગુણ જોઉં છું અને એમના દોષ ભૂલી જાઉં છું. આમ કરવાથી મને કશું નુકસાન થયું નથી. તેમ જે વ્યક્તિઓનાં મેં વખાણ કર્યાં છે તેમને પણ એથી નુકસાન થયું નથી.

મૌલાના મહમદઅલી મને વહેલા[1] નહીં બોલાવે તો સપ્ટેમ્બર પહેલાં હું દિલ્હી જનાર નથી.

તમારો
**મોહનદાસ ગાંધી**

બિરલા હાઉસ
હરિદ્વાર

[મૂળ હિંદી]

મૂળ પત્ર પરથી : સી. ડબલ્યુ. ૬૦૨૮; શ્રી ઘનશ્યામદાસ બિરલાના સૌજન્યથી

## ૧૮૩. લાલા લજપતરાયને પત્ર[2]

જુલાઈ ૪, ૧૯૨૪

પ્રિય લાલાજી,

આપ જ્યાં હોવા જોઈએ ત્યાં આખરે આપ પહોંચી ગયા છો તે જાણીને મને આનંદ છે. આશા રાખું છું કે સંપૂર્ણ તંદુરસ્તી પ્રાપ્ત થતાં સુધી આપ ત્યાંથી ખસશો નહીં.

અહીંના બનાવોથી આપ બેચેન નહીં થાઓ એવી મને આશા છે. એક જ મંચ પર સ્વરાજવાદીઓ અને હું સહકાર સાધીએ એ શક્ય નથી. જો બંનેનાં સંગઠન અલગ અલગ હોય તો સહકાર સંભવિત છે. કૉંગ્રેસે એકીવખતે એક જ સંસ્થાને અપનાવવી જોઈએ. સરકાર અને જનતા બંને તરફ એકીવખતે કેવી રીતે ધ્યાન આપી શકાય?

આપનો શુભેચ્છક
ગાંધી

[મૂળ હિંદી]

લાલા લજપતરાય : જીવની, પા. ૪૧૮

૧. મહમદઅલીના આમંત્રણથી ગાંધીજી ૧૯૨૪ના ઑગસ્ટની ૧૯મીએ દિલ્હી ગયા હતા.
૨. મૂળ અંગ્રેજી પત્ર મળતો નથી.

Gandhi Heritage Portal

## ૧૮૪. વસુમતી પંડિતને પત્ર

સાબરમતી,
અસાડ સુદ ૨ [જુલાઈ ૨, ૧૯૨૪][1]

ચિ. વસુમતી,

તમારો કાગળ ને પત્તું મારા હાથમાં સાથે જ આવ્યાં છે.

ત્યાં એક માસ રહેવાનું તારે વધારે થયું એ ઠીક થયું. જેમ જેમ આપણો વિશ્વાસ પ્રભુ ઉપર વધતો જાય ને આપણી અલ્પતાનું આપણને ભાન આવતું જાય તેમ તેમ આપણે નિશ્ચિત થઈએ. ચિંતાથી કંઈ દુ:ખ ઘટે?

બાપુના આશીર્વાદ

વસુમતીબહેન

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્ર પરથી: સી. ડબલ્યુ. ૪૪૮; વસુમતી પંડિતના સૌજન્યથી

## ૧૮૫. નાફેરવાદીઓને સંદેશો[2]

જુલાઈ ૪, ૧૯૨૪

નાફેરવાદીઓને મારે એક જ વાત કહેવાની છે. આપણી પોતાની જાત સિવાય બીજું કોઈ આપણને કામ કરતાં રોકી શકે તેમ નથી. હાથે કાંતવું અને ખાદી તૈયાર કરી તે વેચવી એ સિવાય આપણી પાસે બીજો કોઈ સક્રિય કાર્યક્રમ નથી. માટે જુવાન તેમ જ વૃદ્ધ, સ્ત્રીઓ તેમ જ પુરુષો સહુ કોઈએ આ કામમાં મંડી પડવું જોઈએ. જો આપણા પાડોશીઓ આપણી વાત ન સાંભળે તો આપણને કાંતવાનો એટલો વધારે સમય મળે છે એમ સમજવું. એટલે કોઈ પણ સાચો કાર્યકર પોતાની પાસે કશું કામ નથી એવી ફરિયાદ કરી ન શકે. રાષ્ટ્રીય શાળાઓને હું ખાદીકાર્યક્રમને સહાય કરનારી સંસ્થાઓ માનું છું.

મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]

अमृतबझार पत्रिका, ૮–૭–૧૯૨૪

૧. ટપાલની છાપમાં આ તારીખ છે.

૨. આ સંદેશો હરદયાળ નાગ નામના એક જાણીતા કોંગ્રેસી મારફત બંગાળના નાફેરવાદીઓને પાઠવવામાં આવ્યો હતો.

Gandhi Heritage Portal

## ૧૮૬. જી. નલગોલાને તાર

[સાબરમતી,
જુલાઈ ૫, ૧૯૨૪ કે તે પછી][1]

કૉલેજ બંધ ન જ થવી જોઈએ.

ગાંધી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૮૯૮૮

## ૧૮૭. ગંગાબહેન વૈદ્યને પત્ર

અસાડ સુદ ૫ [જુલાઈ ૭, ૧૯૨૪][2]

પૂ. ગંગાબહેન,

તમારો કાગળ મળ્યો. ભવિષ્ય ઉપર આપણો અંકુશ નથી, ભવિષ્ય આપણે જાણતા નથી. નાનામાં નાના બનાવમાંયે આપણે નિમિત્તમાત્ર હોઈએ છીએ. તો પછી દુ:ખ શાને માનીએ? જે થાય તે જોયા કરીએ. જે આપણું કર્તવ્ય લાગે તે કર્યા કરીએ ને પછી આનંદમાં રહીએ. આમાં બધો ધર્મ આવી જાય છે. તમે જેને દુ:ખ માન્યું છે તે જ સુખ કાં ન ગણીએ? તેમાંથી તમે સહનશક્તિ શીખ્યાં છો. સંતોષમાં સુખ છે. સુખ ગોતવા જતાં તો દુ:ખ વહોરવું પડે છે. ને દુ:ખ સહન કરતાં સુખ મળે છે.

આપણે મજૂર જન્મ્યા છીએ. મજૂરી કરતાં — સેવા કરતાં — આંખ મીંચીએ તો જન્મારો સફળ થયો.

તમે આવવાનાં થાઓ ત્યારે ખબર દેજો.[3]

મા અને નવું બાળક બંને સુખી હશે.

મોહનદાસના
વંદે માતરમ્

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્ર પરથી : સી. ડબલ્યુ. ૬૦૧૩; શ્રીમતી ગંગાબહેન વૈદ્યના સૌજન્યથી તથા બાપુના પત્રો–૬ ગં. સ્વ. ગંગાબહેનને

૧. જી. નલગોલાના જુલાઈ ૫મીના એક તારનો આ જવાબ હતો. એ તાર આ પ્રમાણે હતો : "ઢાકા રાષ્ટ્રીય કૉલેજ વિષે પ્રફુલ્લ ઘોષે આપને વાત કરી છે. અમારે શું કરવું તે તારથી જણાવો. વિદ્યાર્થીઓ." જુઓ "ઢાકા નૅશનલ કૉલેજના વિદ્યાર્થીઓને તાર", ૯–૭–૧૯૨૪ કે તે પછી.

૨ અને ૩. ગંગાબહેન વૈદ્ય આશ્રમની મુલાકાતે આવવાનાં છે એવા સૂચન પરથી આ કાગળ ૧૯૨૪ ના જુલાઈની ૨૨મી પહેલાં લખાયો હોય એમ લાગે છે. જુઓ "ગંગાબહેન વૈદ્યને પત્ર", ૨૨–૭–૧૯૨૪. ૧૯૨૪માં અસાડ સુદ ૫ જુલાઈની ૭મીએ આવતી હતી.

Gandhi Heritage Portal

## ૧૮૮. મથુરાદાસ ત્રિકમજીને તાર

[જુલાઈ ૭, ૧૯૨૪ કે તે પછી]

કશી બીમારી નથી. માત્ર અશક્તિ છે.[૧]

ગાંધી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૮૯૯૦

## ૧૮૯. ઢાકા નેશનલ કૉલેજના વિદ્યાર્થીઓને તાર

[જુલાઈ ૯, ૧૯૨૪ કે તે પછી][૨]

બહારથી કશી મદદ ન મળે તો વિદ્યાર્થીઓએ જાતે અભ્યાસનો પ્રબંધ કરી સાથે મળી કામ કરવું.

ગાંધી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૮૯૯૩

## ૧૯૦. નોંધ

### ધારાસભાપ્રવેશ[૩]

મહાસમિતિની બેઠક થઈ રહ્યા પછી પંડિત મોતીલાલજી પોતાનાં સ્વજનોને મળવા રાજકોટ ગયા હતા, અને પાછા મુંબઈ વળતાં અમદાવાદ રોકાયા હતા. અમારી વચ્ચે વાતચીત થઈ તે દરમ્યાન મેં કહ્યું કે જો સ્વરાજીઓ આજે ધારાસભામાંથી નીકળે તો તો ભારે હાનિ થાય. તેમણે મને તરત જ યાદ આપ્યું કે તમે તો અગાઉ એક વાર લખી[૪] ચૂક્યા છો કે સ્વરાજીઓને હું સમજાવી શકું તો જરૂર તેમને ધારાસભામાંથી નીકળવાનું કહું. મેં કહ્યું, એ બંને વાતમાં

૧. મથુરાદાસ ત્રિકમજીએ કૃષ્ણદાસને ગાંધીજીની તબિયત જાણવા તાર કર્યો હતો તેનો આ જવાબ છે. એ તાર ૧૯૨૪ના જુલાઈની ૭મીએ મળ્યો હતો.

૨. ઢાકાની નેશનલ કૉલેજના વિદ્યાર્થીઓએ ૧૯૨૪ના જુલાઈની ૯મીએ કરેલા તારનો આ જવાબ છે. એ તાર આ પ્રમાણે હતો : "કૉલેજના સત્તાવાળાઓએ તાર દબાવી રાખ્યો છે. પ્રિન્સિપાલ તથા પ્રોફેસરોને શાળાઓના બહિષ્કારમાં વિશ્વાસ નથી. એમના હાથ નીચે અભ્યાસ કેમ થાય? જિલાની ૩૦ ઝિંદાબહાર ઢાકા એ સરનામે તારથી સ્પષ્ટ જવાબ આપો." જુઓ "જી. નલગોલાને તાર", ૫–૭–૧૯૨૪ કે તે પછી.

૩. આ તથા એ પછીના "મારી સ્થિતિ" પેટામથાળાવાળા ભાગનું ભાષાંતર નવજીવન, ૧૩–૭–૧૯૨૪ના અંકમાંથી આપવામાં આવ્યું છે.

૪. જુઓ "ઍસોસિયેટેડ પ્રેસ ઑફ ઇન્ડિયાને નિવેદન", ૨૨–૫–૧૯૨૪.

Gandhi Heritage Portal

કશો વિરોધ નથી. એક વાત હમેશને માટે સાચી છે, અને તત્ત્વની દૃષ્ટિએ ઉત્પન્ન થાય છે, જ્યારે બીજી કેવળ હાલના સંજોગોને લીધે હું કરું છું, અને તેમાં તત્ત્વનો વિચાર નથી રહ્યો, પણ લાભાલાભનો વિચાર રહ્યો છે. સ્વરાજીઓએ સરકારી વાડાઓમાં ખળભળાટ કર્યો છે એ વિષે કશી શંકા નથી. વળી એ વિષે પણ શંકા નથી કે હાલ જો સ્વરાજીઓ નીકળે તો તેઓ ભાગી ગયા અને એ તેમની નબળાઈ બતાવે છે એમ જ કહેવાય. ખરી રીતે, મહાસમિતિમાં તો સ્વરાજીઓનું આજે જેટલું બળ છે તેટલું બળ કદી ન હતું. તેઓના સિદ્ધાંતનો વિજય થયો છે એવો તેઓ જરૂર દાવો કરી શકે છે. વડી અને પ્રાંતિક ધારાસભાઓમાં સરકારની સાથે ઝઘડવામાં તેઓ માનનારા હોઈ આ ઘડીએ ધારાસભામાંથી નીકળવાનું તેમને કશું કારણ નથી. ઊલટું તેમના નીકળવાથી દેશની હાલની ઉત્સાહહીન દશામાં વધારે બગાડો થાય, અને ન્યાયને વશ ન થતાં કેવળ માધુર્ય વિના, અને નછૂટકે કાંઈ આપનાર સરકારના હાથ મજબૂત થશે.

સ્વરાજીઓને નીકળવાની યોગ્ય ઘડી ત્યારે આવશે કે જ્યારે આપણે કટ્ટા અસહકારીઓ આપણો કાર્યક્રમ ચલાવતા થઈ ગયા હઈશું, — જેનાથી જ કેવળ સ્વરાજ મળે એમ આપણે માનીએ છીએ — અથવા તો જ્યારે સ્વરાજીઓને કડવા અનુભવને પરિણામે ઊગી જાય કે ધારાસભામાંથી તો તીખા મસાલા મળી શકે છે, પણ રોટી ન જ મળી શકે, એટલે રચનાત્મક કાર્યક્રમની પાછળ તમામ કાળ અને શક્તિ ખર્ચ્યે જ છૂટકો છે.

એટલે કૂંચી કટ્ટા અસહકારીઓના હાથમાં છે. આપણો દાવો છે કે પ્રજાનો આપણને ટેકો છે. ગમે તેમ મને એવું ભાસે છે તો ખરું જ. તેમનો આપણને ટેકો છે એમ તો પરિણામ વડે જ બતાવી શકીએ — માત્ર મહાસભામાં બહુમતી મેળવીને નહીં, પણ સંગીન કામ બતાવીને. બધા પ્રાંતોમાં નાફેરવાદીઓ પૂરાં પરિણામ બતાવી શકે એમ નથી. એમાં વાંક કદાચ તેમનો ન હોય. આપણને કાર્યક્રમ ગમે છે, પણ તેને અમલમાં મૂકવાની કળ આપણને નથી હાથ લાગી. પણ જો મારી એ ચિકિત્સા સાચી હોય તો હવે તો આપણે કામે લાગી જવું જોઈએ, કારણ કામથી એ કળ આવશે, જીભથી ન આવે. અને તેમ થશે ત્યારે જ — આપણે સંગીન કામ બતાવ્યું હશે ત્યારે જ — સ્વરાજીઓ આપોઆપ ધારાસભામાંથી નીકળી આવશે.

મારા ધારવા પ્રમાણે મધ્યસ્થોને માટે તો અવકાશ જ નથી. મધ્યપક્ષ એટલે અનિશ્ચિત પક્ષ. એ પૂરની સાથે તણાવાનો. જ્યારે વખત એવો આવ્યો છે કે આપણે સૌએ આમ કે તેમ નિશ્ચય કરી જ નાખવો જોઈએ. જેમને ધારાસભામાં શ્રદ્ધા હોય તેમણે ધારાસભામાં રહીને, અથવા ન ગયા હોય તો તેમાં જઈને અથવા તેમને માટે કામકાજ કરીને પોતાની શ્રદ્ધાનું પારખું આપવું જોઈએ. જો તેમને શ્રદ્ધા હોય છતાં લોકમતના ડરને લીધે તેઓ ધારાસભાથી દૂર રહે તો તેમાં તેમનું અને દેશનું પારાવાર અહિત છે. સ્વરાજની અભિલાષા રાખતા કોઈ પણ જણ પોતાની એક પણ ક્ષણ નકામી તો ન જ ગાળી શકે.

## મારી સ્થિતિ

મહાસભા ઉપર મારો કાબૂ હું ખોટી અથવા બનાવટી બહુમતીથી નથી રાખવા માગતો — મારા નીકળવાથી અવ્યવસ્થા અને ઉત્સાહહીનતા ઉત્પન્ન થશે એટલા ખાતર મને બમહુતી મળે એથી હું મારો કાબૂ ન રાખવા માગું, કારણ મારો કાર્યક્રમ દેશ ન સ્વીકારે તો ઉપર કહેલી અવ્યવસ્થા અને ઉત્સાહહીનતાની સ્થિતિ પણ સ્વીકાર્યે જ છૂટકો. પહેલી નિર્જીવતા દેખાશે, પણ તે પછી પાછું ચેતન આવશે. મહાસભા ૧૯૨૦–૨૧માં સાચી બની હતી. પણ

Gandhi Heritage Portal

૧૯૨૦ પહેલાં તે જેવી અસત્ય વસ્તુ હતી તેના કરતાં પણ વધારે ભૂંડી બનવાનો આજે ભય છે. ૧૯૨૦માં તો વ્યવસ્થાબદ્ધ અપ્રામાણિકતા નહોતી. તે વેળા પ્રતિનિધિઓની સંખ્યાની મર્યાદા નહોતી. મહાસભાવાદીઓ ઉપર અખંડ કાર્ય કરવાની જવાબદારી નહોતી કે નહોતી તેમની પાસે નાણાંની થેલી. હવે પ્રતિનિધિની સંખ્યા મર્યાદિત છે, ઠરાવો બધા તેમને ઉદ્દેશીને થાય છે, અને ૧૯૨૦ પહેલાં મહાસભા પાસે નહોતાં એટલાં નાણાં આજે તો આપણી પાસે છે.

એટલે આપણે સતત સાવધાનતા ન રાખીએ તો સ્વાભાવિક રીતે અપ્રામાણિકતા આવવાની જ. સ્વરાજીઓ કહે છે કે નાફેરવાદીઓએ અપ્રામાણિકપણે મહાસભાના નિયમોનો અમલ કર્યો અને નાફેરવાદીઓ સ્વરાજીઓ ઉપર પણ એ જ આરોપ મૂકે છે. મને સત્ય શું છે તેની ખબર નથી. પણ આપણે મહાસભાના નિયમોનો અતિશય પ્રામાણિકતાથી અમલ ન કરતા હોઈએ, અથવા ન કરી શકીએ તો સ્વરાજની ભાગ્યે જ આશા રાખી શકાય.

હું તો મહાસભા દિનપ્રતિદિન વધારે લોકપ્રિય થતી જાય એમ ઈચ્છું. એટલે તેને હું તો વેપારી, કારીગર અને ખેડૂતવર્ગથી ભરી મૂકું. એટલે જ બધા બહિષ્કાર હું ચાલુ રાખવા માગું, અને કાર્યવાહક મંડળોને એ બહિષ્કારોનો જાતે અમલ કરનારાઓને માટે જ ખુલ્લાં રાખું. જેઓ તેનો અમલ આજે નથી કરી શકતા પણ તેમાં માનતા હોય તેઓ તેનો અમલ કરતા હોય પણ સંસ્થાઓ ચલાવવામાં અનનુભવી હોય, અને કાર્યકર્તા તરીકે પ્રજાની આગળ જાણીતા થયેલા ન હોય તેમને મદદ કરી શકે છે. આજ સુધી જેઓ મહાસભાથી અળગા રહ્યા છે તેમને લોકજીવનમાં હડસેલવાની અને તેમને ટેકો આપવાની કેળવાયેલા વર્ગની ફરજ છે, તેમ કરવામાં તેમણે પોતાનું ભાગ્ય સમજવું જોઈએ.

આવી જે સંસ્થાની કલ્પના છે તેમાં ખાસ પ્રતિષ્ઠા ભોગવતા વર્ગને કાર્યવાહક મંડળ પર સ્થાન ન જ હોય. તેઓ સૌ વાર્ષિક વિચારક સભામાં આવી શકે છે. પંડિત મોતીલાલજી સૂચના કરે છે કે એક નાનકડું વિચારક મંડળ હોવું જોઈએ. મને તે સામે કશો વાંધો નથી. એવું કોઈ મંડળ મહાસભાની બધી સત્તાવાળું હોય તેમાં કદાચ લાભ હોય. મહાસભાનું બંધારણ છેક જ ઉથલાવીને નવું કરવું જોઈએ એ વિષે કશી શંકા નથી. કાર્યસાધકતા અને સત્વરતા આપણે મેળવ્યે જ છૂટકો છે. અને સરસમાં સરસ નિયમોનું બંધારણ હોય તોયે જો તેનો અમલ કરનારા પ્રામાણિક ન હોય, અથવા તેમને કાર્યસાધકતા અને સત્વરતા ન જોઈતી હોય તો તે મેળવી નથી શકવાના.

## એક વાજબી લપડાક

પંજાબની સરકારે એક અખબારી યાદીમાં જાહેર જનતાને એક વાજબી લપડાક મારી છે. એમાં જણાવવામાં આવ્યું છે કે જે હિંદુ અને મુસલમાન પત્રિકાઓ એકબીજાના ધર્મને ગાળો દેવાનો ધંધો લઈ બેઠી છે તેમના પર કાયદેસર કેસ કરવાનો સરકારનો ઈરાદો છે. એ યાદી આ પ્રમાણે છે:

> થોડા સમયથી પંજાબની સરકારના ધ્યાન પર એવી હકીકત આવી છે કે આ પ્રાંતમાં પ્રસિદ્ધ થતાં હિંદુ તેમ જ મુસલમાન બંને કોમોનાં કેટલાંક છાપાં એવાં લખાણો પ્રગટ કરે છે જેમાં એકબીજા વિષે તથા પોતાના હરીફના ધર્મ વિષે ગાળો અને ઉશ્કેરણીભરી સામગ્રી ભરેલી હોય છે. આ ઝુંબેશ તરફ સરકાર ચિંતાતુર નજરે જોઈ રહી છે. એને

Gandhi Heritage Portal

એવી આશા હતી કે જે ગાળાગાળી સાથે અને કેટલાક કિસ્સામાં દુર્ભાગ્યે અશ્લીલતા સાથે આ ઝુંબેશ ચલાવાઈ રહી છે તે બંને કોમોના તમામ પ્રતિષ્ઠિત સભ્યોને કંટાળો આપશે અને લાગતાંવળગતાં છાપાંને સમજાશે કે લોકોના એક પણ વર્ગ ઉપર એમના લેખોની અસર પડતી નથી. પરંતુ કમનસીબે આ આશા ફળી નથી. એટલે હવે સરકારને આવાં છાપાં પૈકી બે ઉપર ફોજદારી રાહે પગલાં લેવાની ફરજ પડી છે. સરકારને બંને કોમોના આગેવાનોની શુભનિષ્ઠામાં વિશ્વાસ છે, એટલે તે માને છે કે ધાર્મિક વેરવૃત્તિનાં આ અતિશય વાંધાભર્યાં ઉચ્ચારણોને દાબી દેવામાં એ આગેવાનો સરકારને પોતાનાથી બની શકતી તમામ સહાય આપશે, કેમ કે ધાર્મિક વેરવૃત્તિનાં આ ઉચ્ચારણો આ બે મહાન કોમો વચ્ચેના સારા સંબંધોની જાળવણીમાં એક ગંભીર ખતરો બની રહ્યાં છે.

સખેદ કબૂલ કરવું પડશે કે જાહેર પ્રજાએ આ છાપાં સામે જો સક્રિય ઝુંબેશ ઉપાડી હોત તો તેમને બંધ કરાવી શકાયાં હોત. હજી પણ આપણે આશા રાખીએ કે આ પત્રિકાઓના પ્રકાશકો પોતાના અધાર્મિક વર્તન બદલ માફી માગશે અને પોતાનાં પ્રકાશનો બંધ કરી દેશે.

## સ્વરાજ્ય સરકારમાં નોકરી[1]

સ્વરાજ્યમાં સરકારી નોકરીમાં કોમી ભેદનું પ્રમાણ ન જાળવતાં કેવળ લાયકાતનું જ પ્રમાણ સંભાળવું જોઈએ એવી મેં સૂચના કરેલી છે તેની સામે પટણાના ભાઈ અલીહસન વાંધો ઉઠાવે છે. તેઓ સર્વસાધારણ લોકોક્તિ ટાંકી બતાવે છે કે મોટા ભાગની સરકારી નોકરીઓનો આજે હિંદુઓએ જ ઇજારો રાખી લીધો છે. એ લોકોક્તિની પરીક્ષા કરી શકું એવા આંકડા મારી પાસે નથી. પણ એ વાત સાચી સિદ્ધ થાય તોપણ મારો અભિપ્રાય તો અચલ જ રહેવાનો. ચાલુ સરકારની મુખ્ય ચિંતા તેની પોતાની સ્થિરતા સંબંધે જ રહી એટલે તે તો જે કોમ બૂમાબૂમ કરે તેને રીઝવીને જ પોતાની સલામતી સાચવી લે. એવી સરકારના અમલમાં જે વસ્તુસ્થિતિ હોય તે ઉપરથી આપણે કશાં જ અનુમાન બાંધી શકીએ નહીં. ન્યાય કરવાનો એકમાત્ર રસ્તો એ જ છે કે કેળવણીમાં પછાત એવી કોમોને તેઓ કેળવણી મેળવી શકે તેવી ખાસ સગવડો કરી આપવી. રાજ્યની ફરજ છે કે પોતાની પછાત રહી ગયેલી રૈયતને હારમાં લાવી મૂકવી, અને તેની એ પણ તેટલી જ ફરજ છે કે નોકરીમાં કોઈને લેતી વખતે તો તેની કાર્યકુશળતા અને ચારિત્ર્યની જ કસોટી રાખવી. તેમ કરવામાં ખૂબ નિષ્પક્ષપાતતા રહે તેની સાવચેતી તો જરૂર રાખવી જોઈએ, પરંતુ આ બાબતમાં કોમી ટકા રાખવા વિષે કશા જડ નિયમો ન જ હોઈ શકે.

## હિંદુ કોણ?

આ સંબંધમાં ભાઈ અલીહસન એક આવું અજાયબીભર્યું વિધાન કરે છે:

> આજના હિંદુ એટલે ખરું જોતાં બ્રાહ્મણ અને કાયસ્થ. જે અંત્યજો સાથે તેઓ બરોબરીના નાતાથી વર્તતા નથી, તેવાઓને પોતાની અંદર ગણી લઈ તેમનો લાભ ઉઠાવવાનો આ લોકને કંઈ હક નથી. હલકા વર્ણના અને અસ્પૃશ્ય વર્ગના લોકો તદ્દન જુદી જ

૧. આ નોંધમાં આવતા "સ્વરાજ્ય સરકારમાં નોકરી", "હિંદુ કોણ" અને "અમલદાર તરીકે કોણ ચડે?" આ ત્રણ પેટામથાળાંવાળા ભાગનું ભાષાંતર ૨૪–૭–૧૯૨૪ના નવજીવનના વધારામાંથી આપવામાં આવ્યું છે.

Gandhi Heritage Portal

કોમો છે, અને તેઓની સાથે વધુ સારું વર્તન રાખવામાં આવવું જોઈએ. હિંદુ તેમ જ મુસલમાન બંનેએ તેમની પ્રત્યે તેમ જ બીજી નાની કોમોનો વિચાર રાખવો ઘટે.

આ જ માન્યતા બીજા ઘણા મુસલમાનોની છે એવું જ્ઞાન મને ન હોત તો હું આ વિધાન પર લક્ષ ન આપત. લેખક તો બીજાથીયે એક પગલું આગળ જઈને હલકી વર્ણના હિંદુઓને હિંદુઈતર કોમ તરીકે ગણે છે. આવી માન્યતા બાંધવી એ એક મુસલમાનને માટે જોખમકારક છે, કારણ કે તેમાં હિંદુ કોણ અને કોણ નહીં તેનો નિર્ણય કરવાનો પ્રયત્ન રહેલો છે. હવે લેખકના કહેવા પ્રમાણે બ્રાહ્મણો અને કાયસ્થો (ક્ષત્રિયો નહીં) એ જ ખરા હિંદુઓ છે. તો તો પછી હિંદુઓ તો અત્યંત અલ્પસંખ્ય થઈ ગયા. ખરું તો એ છે કે એક માણસ કેવો છે તેનો નિર્ણય બીજો કોઈ ન જ બાંધી શકે. અસ્પૃશ્ય લોકોએ પોતે કોણ છે તે પોતાની મેળે નિશ્ચિત કરી લીધું છે. આજ સુધી મેં એક પણ એવો અસ્પૃશ્ય દેખ્યો નથી, કે જે હિંદુ હોવાનો દાવો ન કરતો હોય. જેઓએ ધર્માંતર કરેલું છે તેવાઓને હું સ્વાભાવિકપણે બાદ જ રાખું છું.

## અમલદાર તરીકે કોણ ચડે?

આગળ જતાં લેખક કહે છે કે હિંદુ કરતાં મુસલમાનોને અમલદાર તરીકે મેં ચડિયાતા કહેલા હોવાથી સરકારી નોકરીમાં મુસલમાનોને સરખેસરખો હિસ્સો મળવો જોઈએ એ વાત કબૂલ કરવામાં મને કશી મુશ્કેલી ન હોવી જોઈએ. પણ મેં આવું કશું કહ્યું જ નથી. તેમની પાસે મારું એક પોસ્ટકાર્ડ[૧] છે તેમાં “નહીં” એવો શબ્દ સરતચૂકથી રહી ગયો છે. એ પોસ્ટ-કાર્ડ છાપામાં છપાયેલું મારા જોવામાં આવ્યું કે તરત મેં તેમને એ ભૂલની ખબર આપી દીધી. મુસલમાનો ઘણી બાબતોમાં હિંદુઓ કરતાં ચડે છે, પરંતુ અમલદારો તરીકે તેઓને મેં કદી ચડિયાતા ગણ્યા નથી. દરેક બાબતમાં તેમને ઉપર નંબર આપી શકું એ મને ગમે ખરું. તો તો તકરાર કે ઈર્ષ્યાનું કારણ જ ન રહેવા પામે. ઈર્ષ્યા સામાન્યપણે જ્યાં બરોબરિયાઓ એક જ વસ્તુ પાછળ પડેલા હોય ત્યાં પેદા થાય છે. વકીલો એકબીજાની ઈર્ષ્યા કરતા જાણ્યામાં આવ્યા છે. પરંતુ વકીલોએ દાખલા તરીકે દાક્તરોના ધંધાની ઈર્ષ્યા કરેલી મેં જાણી નથી. પણ ધારો કે મુસલમાનો ખરેખર હિંદુઓ કરતાં અમલદાર તરીકે ચડિયાતા છે, તો એ સ્થિતિમાં તો નિષ્પક્ષપાત અને ખુલ્લી હરીફાઈમાં ઊતરીને પચાસ ટકા જ શા માટે, સોએ સો ટકા જગાઓ રોકી પાડવામાં એમને કશી જ અડચણ ન હોવી જોઈએ. અને એમ થાય તો તેમાં થનારી હિંદુઓની ભોંઠપને સારુ હું તો લેશમાત્ર વલોપાત ન કરું. મેં તો મૌલાના શૌકતઅલીને કે દહાડાનું કહી મૂક્યું છે કે જે દિવસે હું હિંદી પ્રજાતંત્ર કે એવી જ કોઈ ચીજનો પહેલો પ્રમુખ બનીશ તે દિવસે પહેલા સેનાધિપતિનું પદ તેમને અને પહેલા શિક્ષણખાતાના પ્રધાનનું પદ એમના ભાઈને આપવાનો! અમારી દોસ્તીનું રહસ્ય પણ કદાચ આ લાંચમાં જ સમાયેલું છે એમ પણ માનવું હોય તેને માનવાની છૂટ છે. પણ આ ઉપરથી મુસલમાનો રખે એવું માની લે કે સિપાઈ અગર શિક્ષણશાસ્ત્રીના પેશામાં હું મુસલમાનોને એક નિયમ તરીકે હિંદુઓ કરતાં ચડિયાતા માનું છું. મારો પોતાનો અભિપ્રાય તો એવો છે કે સરવાળે આપણે બધા જ સરખા શક્તિવાળા છીએ અને ઘટતા આશ્રય હેઠળ ખુલ્લી હરીફાઈમાં ધારીએ તો એકબીજાને સરખા જ હરાવી શકીએ એમ છીએ.

૧. આ પોસ્ટકાર્ડ મળતું નથી.

Gandhi Heritage Portal

## એક સુધારો

યંગ ઇન્ડિયાની[1] મારી પ્રાસંગિક નોંધમાં એવી માહિતી અપાઈ છે કે રેવા રાજ્યમાં પણ ભોપાલના જેવો કાયદો છે. આ સંબંધમાં એક પત્રલેખક લખે છે:

> રેવા રાજ્યમાં હિંદુને મુસલમાન બનાવવાની મનાઈ કરતો કોઈ હુકમ અમલમાં નથી, તેમ ધર્મપલટો કરનાર અગર કરાવનારને માટે કોઈ સજા ઠરેલી નથી.
>
> તેમ છતાં એ સાચું છે કે કોઈ હિંદુને મુસલમાન બનાવવામાં આવે તે પહેલાં દરબારની મંજૂરી મેળવવી પડે છે. કોઈ પણ વ્યક્તિ આ હુકમનો ભંગ કરે તો દરબારના હુકમનો અનાદર કર્યા બદલ જે સામાન્ય કાર્યવાહી અને સજા થાય તેને તે પાત્ર ઠરે છે. આ હુકમનો હેતુ જ્યાં ધર્મપલટાની પાછળ મુખ્ય આશય કોઈક આર્થિક લાભ લેવાનો, વેશ્યાવૃત્તિ કરવાનો કે અન્ય ગેરકાનૂની કારવાઈ કરવાનો હોય ત્યાં તેના ઉપર લોકહિતાર્થે અંકુશ મૂકવાનો છે.
>
> આ હુકમને લીધે રાજ્ય ધર્મપલટા અંગેના આંકડા પણ અદ્યતન રાખી શકે છે. આ હુકમનો અર્થ એવો થઈ શકતો નથી કે ખરા દિલથી હિંદુ ધર્મ છોડી મુસલમાન બનવા સામે એ પ્રતિબંધ મૂકે છે અથવા બીજી રીતે એના પર અસર પાડે છે.

મારો પત્રલેખક આ સુધારો પ્રમાણભૂત હોવાની ખાતરી આપે છે, એટલે એ પ્રગટ કરતાં મને આનંદ થાય છે. પરંતુ મને જરૂર એમ લાગે છે કે દરબારની અગાઉથી મંજૂરી મેળવવાની શરત પાછળ, લોકહિતાર્થે અંકુશ મૂકવા ઉપરાંત કંઈક ખાસ હેતુ રહેલો છે. પૂરી સમજણ ધરાવનાર પુખ્ત વયની વ્યક્તિને મંજૂરી મેળવવાની ફરજ શા માટે પાડવી જોઈએ? આવો ધર્મપલટો ખરા દિલનો છે એનો નિર્ણય કોણ કરશે? હિંદુને તો ધર્મપલટાના દરેક કિસ્સામાં અધઃપતન જ દેખાવાનું. અને તેથી એવા દરેક કિસ્સા પ્રત્યે તે પૂર્વગ્રહથી જ જોવાનો. એટલે દરબારશ્રીને મારી નમ્ર સલાહ છે કે તેઓ મંજૂરી અંગેની કલમ રદ કરે. ધર્મપલટાની નોંધ રખાય એ બનાવટી ધર્મપલટા થતા અટકાવવા માટેનું પૂરતું સાધન થઈ પડશે. તેમ છતાં આ કાયદાએ એના હાલના સ્વરૂપે રાજ્યમાં કેવું કામ આપ્યું છે તે જાણવું રસપ્રદ થઈ પડશે. હિંદુ રાજ્યો માટે હિંદુ ધર્મનું રક્ષણ કરવાનો સૌથી સારો ઉપાય એ છે કે તેમણે બધાએ પોતે આદર્શ રાજ્યો બની જવું અને હિંદુ ધર્મમાં ઘૂસેલાં દૂષણો નાબૂદ કરી દેવાં. મારી ઉમેદ તો એવી છે કે રેવા રાજ્યમાં અસ્પૃશ્યતા વિરુદ્ધ કાયદો કરવામાં આવે. જે સંપ્રદાય અંદરના સડાને કારણે મરવા પડ્યો છે તેને બહારનું કોઈ પણ રક્ષણ ભાગ્યે જ જીવંત રાખી શકે.

## મિથ્યાભિમાન?

મને ખબર પડી છે કે મોટી સંખ્યામાં નવજવાનોને ખાદીકામમાં રોકનારા ખાદી બોર્ડને પોતાનો બધો સમય આ કામમાં આપે એવા લાયક માણસો મળતા નથી. આવા માણસો પોતાની આજીવિકા બીજું કામ કરીને કમાવા માગે છે. મને લાગે છે કે કામના બદલામાં વેતન સ્વીકારવાની આ આનાકાની સારું લક્ષણ નથી. આપણે તો પૂરો સમય કામ કરે એવા કાર્યકરોની આખી ફોજની જરૂર છે. હિંદુસ્તાન જેવા ગરીબ દેશમાં વેતન આપ્યા વિના આવા કાર્યકરો મળી શકે નહીં. પ્રામાણિકપણે અને સારી રીતે કરેલા રાષ્ટ્રીય કાર્ય બદલ

૧. જુઓ "નોંધ", ૧૯-૬-૧૯૨૪.

Gandhi Heritage Portal

વેતન સ્વીકારવામાં મને કશી નાનમ તો નથી જ દેખાતી, ઊલટી શોભા દેખાય છે. સ્વરાજ્ય સ્થપાશે ત્યારે પૂરો સમય આપનારા કેટલાયે કાર્યકરો આપણે રોકવા પડશે. તે વખતે સ્વરાજ-સેવામાં જોડાતાં શું આપણે ઇન્ડિયન સિવિલ સર્વિસમાં જોડાતા અત્યારના અંગ્રેજો કરતાં ઓછું ગૌરવ અનુભવીશું? તો પછી અત્યારની સ્વરાજસેવામાં જ્યાં પેનશન તો બાજુએ રહ્યું પણ નોકરીની સલામતીની પણ ખાતરી નથી ત્યાં વેતન લઈને કામ કરવામાં કેટલું બધું ઔચિત્ય છે? એક બાજુ એમ કહેવાય છે કે નિર્વાહના સાધનને અભાવે વકીલોએ પોતાની વકીલાત ફરીથી શરૂ કરી છે, ત્યારે બીજી બાજુ ખાદી બોર્ડને જોઈએ એવા વેતન લઈને કામ કરનારા કાર્યકરો મેળવતાં મુશ્કેલી થાય છે, એ પણ એક ક્રૂર કટાક્ષ જ કહેવાય ને?

એક બીજી બાબત તરફ પણ ધ્યાન આપવાની જરૂર છે. જ્યારે કોઈ વ્યક્તિ રાષ્ટ્રીય કાર્ય માટે પોતાની સેવા રાજીખુશીથી આપે છે ત્યારે, પોતે પગાર લે કે ન લે તોપણ તે સામાન્ય નોકરની તમામ શિસ્ત પાળવાનું સ્વીકારે છે. સ્વયંસેવકની બાબતમાં કાંઈ વિશેષતા હોય તો એને માટે એ શિસ્ત વધારે આકરી હોય છે. એટલે એનાથી રજા સિવાય ગેરહાજર રહેવાય નહીં. મંજૂરી મેળવ્યા વિના એનાથી જેલ જવાનું પણ વહોરી શકાય નહીં. સવિનય કાનૂનભંગ એક કરતાં વધારે અર્થમાં સવિનય હોવો જ જોઈએ. એમાં ખોટાં સાહસને કે ધાંધલધમાલને સ્થાન ન હોઈ શકે. એ પદ્ધતિસરનું, યોજનાપૂર્વકનું અને નમ્ર બલિદાન હોવું જોઈએ.

## સ્ત્રીઓ વહારે આવે

મહાસમિતિનાં સભ્ય શ્રીમતી હેમપ્રભા મઝુમદાર મારે માટે નીચેની ચિઠ્ઠી મૂકતાં ગયાં છે:

> મને લાગે છે કે જ્યાં સુધી આપણા દેશની સ્ત્રીઓ કાંતણકામને પોતાની ખાસ ફરજ સમજી ઉપાડી નહીં લે ત્યાં સુધી એ પ્રવૃત્તિ સફળ નહીં થાય. માટે મારી નમ્ર વિનંતી છે કે આપ મહાસમિતિના તમામ સભ્યોને ખાસ અપીલ કરો કે તેઓ સ્ત્રીઓને કાંતવાની તાલીમ આપવાની ખાસ કાળજી રાખે.

આ વિચારને હું હૃદયપૂર્વક અનુમોદન આપું છું અને વધારામાં કહું છું કે હિંદુસ્તાનમાં સ્ત્રીઓની સહાય વિના બીજી ઘણી ચીજો પાર પડવી અસંભવિત છે. સવાલ માત્ર એટલો જ છે કે આ કામ કોણ કરશે અને કેવી રીતે કરશે. ઘણી બહેનો આ કામ કરી રહી છે, પણ ઘણી વધારે સંખ્યાની જરૂર છે. જેમ પૂરો સમય આપનારા પુરુષ કાર્યકરો છે તેવી જ રીતે પૂરો સમય આપનારી સ્ત્રી કાર્યકરો પણ હોવી જોઈએ. આવી કેટલીક સ્ત્રી કાર્યકરો આ ક્ષેત્રમાં છે તે હું જાણું છું. પણ એમની સંખ્યા ઘણી થોડી છે. પોતાની જાતથી જ શરૂઆત કરવા એ બહેનને મારી સલાહ છે. એને માટે પ્રથમ તો એ બહેન જાતે કાંતવા માટે ખાસ સમય અલગ કાઢે. પછી પીંજવાનું, રૂની જાત પારખવાનું, સૂતરના નંબર કાઢવાનું, સૂતરની મજબૂતાઈ પારખવાનું વગેરે કામો કરીને પોતે આ શાસ્ત્રમાં પાવરધાં થાય. આ રાષ્ટ્રીય વ્યવસાયમાં પોતાના પડોશની બહેનોને રસ લેતી કરીને પણ આરંભ થઈ શકે. અનુભવ એવો થશે કે કાંતનારનું વર્તુળ વધતું જશે. બેશક પતિદેવોને મારી વિનંતી છે કે તેઓ પોતાની પત્નીઓને આ કામ કરવા દે. બંગાળમાં આ કામ કરવું કદાચ સૌથી વધારે વિકટ છે, કેમ કે ત્યાં સ્ત્રીઓ, હિંદુ હોય કે મુસલમાન હોય, પડદો પાળે છે. તેમ છતાં જે કોઈ સ્ત્રી શ્રદ્ધા અને ખંતપૂર્વક આ કામ ઉપાડશે તેને એમાં ઘણો જ રસ પડશે અને રાષ્ટ્રીય દૃષ્ટિએ એ અત્યંત લાભદાયી જણાશે, એની હું ખાતરી આપું છું.

Gandhi Heritage Portal

## બકરી ઈદ

બકરી ઈદનો તહેવાર હિંદુઓ અને મુસલમાન બન્ને માટે કાયમને માટે ચિંતાનો સમય હોય છે. જો આપણને એકબીજા પ્રત્યે સહિષ્ણુતા અને માન હોય તો આવું બનવું ન જોઈએ. મુસલમાનો પશુના બલિદાનમાં માને છે અને તેથી ગાયોનું પણ બલિદાન કરે છે તેમાં હિંદુઓએ શા માટે માથું મારવું જોઈએ? એ જ રીતે મુસલમાનોએ પણ ગાયનું બલિદાન અથવા એનો વિધિ જાણીબૂજીને એવી રીતે શા સારુ કરવો જોઈએ કે જેથી હિંદુઓની લાગણી દુભાય? ૧૯૨૧માં એમણે કરેલો ઉમદા વર્તાવ તેઓ આ વખતે પણ કેમ ન રાખે? તે વખતે મુસલમાનોએ પોતાના હિંદુ પડોશીઓની લાગણીને માન આપવા ખાતર ગાયને બચાવવાનું માથે લીધું હતું અને હકીકતમાં સેંકડો ગાયો બચાવી પણ હતી, અને આ હકીકતનો હિંદુઓએ પોતે સ્વીકાર પણ કર્યો હતો. ખરેખર, બકરી ઈદના તહેવારને દિવસે તો મુસલમાનોએ હિંદુઓ પ્રત્યે પ્રેમભાવ કેળવવાનો ખાસ પ્રયત્ન કરવો જોઈએ. અને હિંદુઓએ પણ, પોતે જેમ અપેક્ષા રાખે છે કે મુસલમાનોએ તેમની મૂર્તિપૂજાને નહીં ગમતી હોવા છતાં માન આપવું જોઈએ, તેવી જ રીતે મુસલમાનોના ધાર્મિક રીતરિવાજને પોતાને ન ગમતા હોય તોપણ માન આપવું જોઈએ. ઈશ્વર આપણને દરેકને આપણા પડોશીઓનાં કૃત્યો માટે નહીં પરંતુ આપણાં પોતાનાં જ કૃત્યો માટે જવાબદાર ગણશે.

## ફરી પાછું બારાબંકી

બારાબંકી સંબંધી મેં લખેલી નોંધ વિષે મને બે પત્રો મળ્યા છે. એમાંથી ઘણું જાણવાનું મળે છે. એક કોઈ મુસલમાને લખ્યો છે અને બીજો હિંદુએ. આ પત્રો એકબીજાથી સ્વતંત્ર રીતે લખાયા હોવા છતાં બંનેમાં લખેલી હકીકતો એકસરખી છે. દરેકમાં થોડી નવી હકીકતો છે. બંને તટસ્થ ચિતાર આપતા જણાય છે. આ પત્રો હું દાબી રાખું છું કેમ કે એમને પ્રગટ કરવાથી કશો લાભ થઈ શકે એમ નથી. એમાં જણાવેલી હકીકતો લખનાર સિવાય બીજા કોઈને યશ આપતી નથી. તેમ છતાં એક વસ્તુ દીવા જેવી સ્પષ્ટ છે કે મ્યુનિસિપાલિટી કબજે કરવાનું પ્રકરણ ત્યાંના હિંદુઓ અને મુસલમાનો વચ્ચે ઝઘડાનું કારણ બન્યું છે. અસહકારનો મુદ્દો બાજુએ રાખીએ તોપણ, મને એટલું તો સ્પષ્ટ દેખાય છે કે જ્યાં આ બે કોમો વચ્ચે હૃદયની એકતા ન હોય ત્યાં, હિંદુ કે મુસલમાન, બધા જ અસહકારીઓએ મ્યુનિસિપાલિટીમાં કે જિલ્લા બોર્ડોમાં દાખલ ન થવું જોઈએ. એક પક્ષ પણ દાખલ થવા આતુર હોય ત્યાં બીજા પક્ષે અળગા રહેવું જોઈએ. એવું કહેવાય છે કે કોઈનેય ન શોભે એવો આ ડખો મ્યુનિસિપાલિટીમાં ઊભો થયો તે પહેલાં બંને કોમો સંપૂર્ણ મેળથી રહેતી હતી. હવે મ્યુનિસિપાલિટીની હરીફાઈને કારણે મ્યુનિસિપાલિટીનાં હરીફ જૂથોમાં જ નહીં, પણ આખા શહેરમાં તંગદિલીનું વાતાવરણ પ્રસર્યું છે. હું જરૂર આશા રાખું છું કે બારાબંકી પોતાના અસલ સ્નેહભાવ પર આવી જઈને પોતાની એક વખતની નામના પાછી મેળવશે.

## એક રદિયો

તિય્યા લોકોના ધર્મગુરુ શ્રી નારાયણ ગુરુસ્વામી સાથેની મુલાકાતના પ્રગટ થયેલા અહેવાલ સંબંધમાં શ્રી નારાયણન્ તરફથી મળેલો નીચેનો પત્ર હું ખુશીથી પ્રગટ કરું છું:

> વાઇકોમમાં ચાલી રહેલા સત્યાગ્રહની અત્યારની રીતરસમો વિષેના પરમ પૂજ્ય શ્રી નારાયણ ગુરુસ્વામીના વિચારો સંબંધમાં યંગ ઇન્ડિયામાં આપે લખેલી નોંધ વાંચી મને

Gandhi Heritage Portal

ઘણું દુ:ખ થયું. એ નોંધ પ્રગટ થઈ તેના થોડા દિવસ પહેલાં મારે સ્વામીજીને મળવાનું થયું હતું. તે વખતે વાઈકોમની લડત વિષે મારે એમની સાથે ઠીક ઠીક લાંબી વાતચીત થઈ હતી. શરૂઆતમાં સ્વામીજીએ પોતે જ મને કહેલું કે શ્રી કેશવન નામના એક ભાઈ સાથે મારે થોડા વખત પહેલાં રેલગાડીમાં વાત થઈ હતી. એ કહેવાતી મુલાકાતનો અનધિકૃત હેવાલ સ્થાનિક ભાષાના વર્તમાનપત્રમાં છપાવીને એ ભાઈએ મારા વિચારો વિષે લોકોમાં ગેરસમજ ફેલાવી છે. પહેલી વાત એ કે છાપાંના પ્રતિનિધિઓને મુલાકાતો આપવાનો સ્વામીજીનો રિવાજ નથી. પરંતુ પોતે જેની સાથે વાત કરે તેની આગળ કોઈ પણ વિષય ઉપર પોતાના વિચારો તેઓ છૂટથી વ્યક્ત કરે છે. થોડા જ વખત પહેલાં શ્રીયુત સી. રાજગોપાલાચારીને પણ વાઈકોમના મામલા વિષે સ્વામીજી સાથે છૂટથી ચર્ચા થઈ હતી. તે વેળા, કહે છે કે, વાઈકોમમાં ચાલી રહેલા સત્યાગ્રહની અત્યારની રીતરસમો પોતાને મંજૂર હોવાનું સ્વામીજીએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું.

સ્વામીજીનું મંતવ્ય આ પ્રમાણે છે. તેઓ મંદિરપ્રવેશ અને સહભોજનની તરફેણમાં બોલ્યા હતા એ વાત સાચી છે. પણ તેનું કારણ એ હતું કે પોતે મંદિરપ્રવેશ અને સહભોજનની હમેશાં હિમાયત કરતા આવ્યા છે. પરંતુ અહિંસા ઉપર તેઓ ઘણા ભાર મૂકે છે. એમનું કહેવું એમ છે કે અટકાયતી વાડ ન હોય તોપણ મનાઈ કરેલા વિસ્તારમાં આગળ વધવું એ પણ હિંસાનું કૃત્ય છે, કેમ કે સરહદ ઉપરનું પ્રવેશની મના ફરમાવતું સરકારી હુકમવાળું પાટિયું પોતે જ એવા પોલીસોની વાડની ગરજ સારે છે જેઓ સ્વયંસેવકો આગળ વધે ત્યારે પાટિયા પરનો એનો એ મનાઈહુકમ માત્ર મોઢેથી બોલ્યા કરતા હોય. સ્વામીજી એમ માને છે કે મનાઈહુકમવાળું પાટિયું જ્યાં સુધી ત્યાં લગાડેલું હોય ત્યાં સુધી સ્વયંસેવકોએ સરહદરેખા આગળ અટકી જવું જોઈએ અને ઈશ્વરને પ્રાર્થના કરવી જોઈએ કે તે વિરોધીઓને પોતાના વિચારો બદલવાની હિંમત આપે અને તેમની પાસે એ પાટિયું ત્યાંથી ખસેડાવે. શ્રી કેશવનને એમણે એવું કહ્યું હશે કે જો સ્વયંસેવકો પાટિયા પરના સરકારી મનાઈહુકમનો અનાદર કરીને મના કરેલા વિસ્તારમાં આગળ વધી શકતા હોય તો તો તેઓ વાડ પર ચડી જઈને પણ આગળ વધી શકે. સ્વામીજી કહે છે કે આ મુદ્દો સમજવામાં શ્રી કેશવનની ભૂલ થઈ હોય એ બનવાજોગ છે. એમણે કહ્યું કે ખાસ ધ્યાનમાં રાખવાની બાબત એ છે કે સ્વયંસેવકોની ચાલચલગત અનુકરણીય હોવી જોઈએ, અને ઉશ્કેરણી ગમે તેટલી થાય તોપણ મિજાજ ગુમાવ્યાનાં ચિહ્ન સરખાં પણ એમણે દેખાવા દેવાં ન જોઈએ. સ્વામીજીએ પોતાનો એ ખ્યાલ પણ પ્રદર્શિત કર્યો કે વાઈકોમથી ત્રિવેન્દ્રમ સુધી ૫૦૦ સવર્ણ હિંદુઓ પગે ચાલીને સરઘસરૂપે જાય એ દરખાસ્તનો જો અમલ થશે તો તેની સંબંધ ધરાવતા તમામ લોકો પર ભારે નૈતિક અસર પડશે. અંતમાં આ ચળવળને એમણે સંપૂર્ણ સફળતા ઈચ્છી અને કહ્યું કે અત્યારે ચાલે છે તે રીતે જો ચળવળ ચાલુ રહેશે તો સફળતા બહુ દૂર નથી.

ઉપરનું લખાણ તૈયાર થયા પછી મને નીચે પ્રમાણેનો સત્તાવાર પત્ર મળ્યો છે:

રેલગાડીમાં શ્રી કે. એમ. કેશવનને મારી સાથે થયેલી મુલાકાતનો દેશાભિમાનીમાં પ્રસિદ્ધ થયેલો હેવાલ મારા કહેવાનો આશય બરાબર સમજ્યા વિના તૈયાર કરાયેલો લાગે છે. એ હેવાલ પ્રગટ કરતાં પહેલાં મને બતાવવામાં આવ્યો નહોતો, તેમ પ્રગટ થયા



Gandhi Heritage Portal

પછી તુરત એ મારા જોવામાં આવ્યો નહોતો. સામાજિક સુમેળ સ્થાપવા માટે અસ્પૃશ્યતા નાબૂદ થાય એ ખાસ આવશ્યક છે. આ અનિષ્ટ સામે લડવા માટે મહાત્મા ગાંધીએ આદરેલી સત્યાગ્રહની ચળવળ સામે કે લોકો એને સહકાર આપે તે સામે મને સહેજ પણ વાંધો નથી. અસ્પૃશ્યતાની બદીને જડમૂળથી ઉખેડી નાખવા માટે જે કોઈ કાર્યપદ્ધતિ અપનાવાય તે પૂરેપૂરી અહિંસક હોવી જોઈએ.

નારાયણ ગુરુ

મુટાવકડુ,
૨૭-૬-૧૯૨૪

## તે તેવા તમે[૧]

રંગીલા રસૂલ નામના વાંચવાને અયોગ્ય એવા ચોપાનિયા ઉપરની અને શેતાન નામના નિંદ્ય વર્તમાનપત્ર ઉપરની મારી ટીકાથી ઉશ્કેરાઈને મારા પર અનેક આર્યસમાજીઓએ થોકડાબંધ પત્રો લખ્યાં છે. આ ભાઈઓ મારી ટીકા કબૂલ કરે છે, પણ બચાવમાં કહે છે કે બીજાં કેટલાંક મુસલમાન છાપાંઓ અને ચોપાનિયાંઓ ઉપર કહેલાંઓનાં મોંમાં થૂંકે એવાં છે, અને ગાળોની શરૂઆત કરનારા મુસલમાનો હતા, આર્યસમાજીઓએ તો માત્ર સાટું વાળ્યું છે. આ લેખકોએ આવાં કેટલાંક ફરફરિયાં મને જોવાને સારુ મોકલ્યાં છે, અને તેમાંનાં કેટલાંકમાંના ઉતારા વાંચી જવાનો ત્રાસ મેં વેઠયો છે. કેટલાક ભાગમાં ભાષા તો ચીતરી ચડે એવી છે, તેને અહીં ઉતારી આ પાનાંઓને હું કાળાં કરવા નથી ઇચ્છતો.

વળી મને એક મુસલમાનનું લખેલું સ્વામી દયાનંદનું જીવનચરિત્ર પણ મોકલવામાં આવ્યું છે. મને જણાવતાં દુ:ખ થાય છે કે એમાં મોટે ભાગે એ મહાન સુધારકને તેઓ હતા તેનાથી ઊલટા જ ચીતરવામાં આવ્યા છે. તેમના કૃત્યમાત્ર ઉપર લેખકે પોતાનું ઝેર વરસાવ્યું છે. એક પત્ર લખનાર તો સખત ફરિયાદ કરે છે કે આર્યસમાજ વિષેની મારી ટીકાને લીધે કેટલાક મુસલમાન વક્તાઓ અને લેખકોને આર્યસમાજ અને આર્યસમાજીઓ ઉપર પહેલાંનાં કરતાં વધારે ગાળો વરસાવવાનું શૂર ચડયું છે. એક જણ લાહોરમાં હમણાં જ થયેલી એક સભાનો હેવાલ મોકલીને જણાવે છે કે તે સભામાં આર્યસમાજના ઉપર ન લખાય એવી ગાળોનો વરસાદ વરસાવવામાં આવ્યો હતો.

આવાં ભાષણો કે લેખોને માટે મને છાંટાભાર પણ દિલસોજી ન હોય એમ લખવાની ભાગ્યે જ જરૂર હોય. મેં આર્યસમાજને વિષે જે વિચારો દર્શાવ્યા છે તેને હું વળગી રહેલો હોવા છતાં સમાજના સંસ્થાપકના અનેક નમ્ર પ્રશંસકોમાંના એક હોવાનો મારો દાવો છે. સ્વામી દયાનંદે હિંદુ સમાજને બગાડનારા અનેક દુરાચારો બતાવી આપ્યા. તેમણે સંસ્કૃતના અભ્યાસનો શોખ ઉત્પન્ન કર્યો. તેમણે વહેમભરેલી માન્યતાઓના ઉપર પ્રહારો કર્યા. પોતાના નિર્મળ ચારિત્ર્યથી જે સમાજમાં તેઓ રહેતા હતા તે સમાજના જીવનમાં તેમણે નવો રણકાર આણ્યો. તેમણે નિર્ભયતા શીખવી અને અનેક હતાશ થઈ ગયેલા યુવાનોમાં નવી આશા રેડી. તેમણે રાષ્ટ્રની જે અનેક સેવાઓ કરી છે તે પણ હું ભૂલતો નથી જ. આર્યસમાજે રાષ્ટ્રને

૧. આ પેટામથાળાવાળા ભાગનું ભાષાંતર ૧૭-૭-૧૯૨૪ના નવજીવનના વધારામાંથી આપવામાં આવ્યું છે.

Gandhi Heritage Portal

અનેક સાચા આપભોગી સેવકો આપ્યા છે. એણે હિંદુ કન્યાઓનું શિક્ષણ જેટલું વધાર્યું છે અને પોષ્યું છે તેટલું ભાગ્યે જ બ્રહ્મસમાજ સિવાય બીજી કોઈ પણ સંસ્થાએ કર્યું હશે.

અજ્ઞાન ટીકાકારો એવો આક્ષેપ કરતાં પણ અચકાયા નથી કે શ્રદ્ધાનંદજી વિષેની મારી ટીકા તેમણે મારા ઉપર કરેલી ટીકાથી પ્રેરાયેલી હતી. પણ એ આક્ષેપ ભલે થતો. તેથી કંઈ સ્વામી શ્રદ્ધાનંદજીએ ગુરુકુળનો પાયો નાખવાની જે સેવા બજાવી તે સેવાની પુનરુક્તિ કરતાં હું અટકું એમ નથી. સારાંશ, જોકે આર્યસમાજ, सत्यार्थप्रकाश, ઋષિ દયાનંદ અને સ્વામી શ્રદ્ધાનંદજી વિષે કરેલી મારી ટીકામાંનો એક પણ શબ્દ હું પાછો ખેંચી લેવાને તૈયાર નથી, છતાં પણ હું ફરીથી જણાવું છું કે મારી ટીકા મિત્રદાવે થઈ છે અને મેં બતાવેલી ત્રુટીઓ દૂર કરીને આર્યસમાજ હાલના કરતાં વધારે ભારે સેવા બજાવે એવા આશયથી જ તે થયેલી હતી. કાળની સાથે સાથે જ આર્યસમાજ પ્રગતિ કરે, પોતાની વાદપ્રિયતા તજે અને પોતાના સિદ્ધાંતને વળગી રહેવા છતાં પોતાને વિષે જે સહિષ્ણુતાની તે આશા રાખે છે તે સહિષ્ણુતા બીજા ધર્મો પ્રતિ પણ તે દાખવે એમ હું ઇચ્છું છું. આર્યસમાજ પોતાના કાર્યકર્તાઓ ઉપર ખૂબ ચોકીદારો રાખે અને નામોશીભરેલું લખાણ સદંતર બંધ કરે એ હું માગું છું. વગોવણીની ઝુંબેશ મુસલમાનોએ શરૂ કરી એમ કહેવામાં કશો બચાવ રહેલો નથી. મુસલમાનોએ તેમ કર્યું છે કે નહીં તે હું જાણતો નથી. પણ મને એ વિષે તો શંકા નથી જ કે તેમણે કરેલાંનું સાટું વાળવામાં ન આવ્યું હોત તો તેઓ વગોવણી કરતાં કરતાં થાકી જાત. મેં તો આર્યસમાજીઓને તેમની શુદ્ધિની પ્રવૃત્તિ છોડી દેવાનો પણ આગ્રહ નથી કર્યો, પણ મુસલમાનોને તેમની તબલીઘનો હાલનો ખ્યાલ બદલવાની જેમ હું વિનંતી કરું તેમ આર્યસમાજીઓને પણ શુદ્ધિ વિષેનો તેમનો ખ્યાલ બદલવાનો આગ્રહ કરું. જે મુસલમાન લેખકો અને વક્તાઓના વર્તન વિષે ઉપર જણાવેલા કાગળો મને મળ્યા છે તેમને એટલું જણાવવાની હું હિંમત ધરું છું કે પોતાના વિરોધીઓને બે-લગામ ગાળો દઈ તેઓ નથી પોતાની પ્રતિષ્ઠા વધારતા કે નથી જે ધર્મના હોવાનો તેઓ દાવો કરે છે તેની. આર્યસમાજને અને સમાજીઓને ગાળો દેવામાં એમને કશો લાભ મળે એમ નથી. એથી ઇસ્લામની કશી સેવા થવાની નથી.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १०-७-१९२४

Gandhi Heritage Portal

## ૧૯૧. મારા જેલના અનુભવ – ૧૦

### કેટલાક કેદી વૉર્ડરો – ૨

આદન એક સોમાલીલૅન્ડનો વતની જુવાન સિપાઈ હતો. અને મહાયુદ્ધ દરમ્યાન બ્રિટિશ લશ્કરને છોડી ગયાના ગુનાને કારણે તેને દસ વરસની સજા થયેલી. જેલ અમલદારોએ તેને એડનથી બદલી કરી મોકલેલો. અમે યરવડા ગયા ત્યારે એણે પોતાની સજાનાં ચાર વર્ષ ભરેલાં. એ નિરક્ષર હતો એમ જ કહેવાય. મુશ્કેલીપૂર્વક કુરાન વાંચી શકતો પણ તેમાંથી જોઈ જોઈને પણ કશું સાચું લખી શકતો નહીં. ઉર્દૂ તે ઠીક બોલતો અને ઉર્દૂ ભણવા ઇંતેજાર રહેતો. સુપરિન્ટેન્ડેન્ટની રજા લઈને મેં એને શીખવવા માંડયું. પણ મૂળાક્ષર જ એને બહુ અઘરા પડયા અને એણે મૂકી દીધું.

આમ છતાં આદન ભારે ચકોર અને કુશાગ્ર બુદ્ધિનો માણસ હતો. ધાર્મિક બાબતોનો એને સૌથી વધારે રસ. પોતે ચુસ્ત મુસલમાન હતો. એકેએક નિમાજ નિયમસર પઢે અને મધરાતની નિમાજ પણ ચૂકે નહીં. રમઝાન મહિનામાં રોજું તો એકે તૂટવા જ શેનું દે? તસબી તો આઠે પહોર એની સંગાથી. નવરો પડે ત્યારે કુરાન શરીફમાંથી આયતો પઢે. ઘણી વાર મારી જોડે હિંદુ રિવાજ મુજબના આખા રાતદિવસના અપવાસ ઉપર ચર્ચા કરે. અહિંસા વિષે વાદવિવાદ ચલાવે. પોતે શૂરવીર માણસ હતો. પૂરો વિનયી હતો છતાં કોઈની ખુશામત કે આજીજી કદી ન કરતો. મિજાજમાં જરા ગરમ હતો તેથી ઘણી વાર બરદાસી જોડે અગર તો બીજા વૉર્ડર જોડે લડી પડતો. આમ અમારે કોઈ કોઈ વાર તેમના કજિયા પતાવવા પડતા. હાડનો સિપાઈ અને માણસ સમજુ તેથી આવી સમાધાનીના પ્રસંગોએ અપાયેલો ચુકાદો બિનતકરાર માથે ચડાવતો પણ પોતાની બાજુ કોઈથી ન દબાતાં સચોટ ભાષામાં રજૂ કરતો.

આદન જ બધા વૉર્ડરોમાં અમારી જોડે સૌથી વધારેમાં વધારે રહ્યો. એનું હેત મારાં કીમતીમાં કીમતી સંસ્મરણોમાં રહેશે. મારી બરદાસ સાચવવામાં એણે કશી મણા રાખી નથી. મારો ખોરાક મને બરોબર નીમેલા કલાકને ટકોરે નિયમિતપણે મળે એ વિષે એ ભારે ખબરદારી રાખતો. જો કદી હું માંદોસાજો થાઉં તો તે ગમગીન બની જાય. મને જરૂરી વસ્તુઓનો હમેશાં ખ્યાલ રાખ્યા કરે. મને જાતે કશી જ મહેનત કરવા દે નહીં. છૂટી જવા અથવા તો છેવટ પોતાના મુલક તરફ એટલે એડન જેલબદલી મેળવવા એ અતિશય ઇંતેજાર હતો. મેં એને મદદ કરવા પુષ્કળ મહેનત કરી. મેં એને અરજીઓ ઉપર અરજીઓ[1] ઘડી આપી. સુપરિન્ટેન્ડેન્ટે પણ પોતાથી બનતો બધો પ્રયાસ કર્યો, પણ વાત એડનના જેલ અમલદારોના હાથમાં હતી. એને આશા આપવામાં આવી હતી કે વરસ (૧૯૨૩) આખર થતાં પહેલાં એને છોડી મૂકવામાં આવશે. હું ઉમેદ રાખું છું કે અત્યારે એ જેલબહાર હશે.

મેં એની આમ જરાતરા સેવા બજાવી એથી તો વળી એ મારો અંગત મિત્ર બની ગયો અને અમારી વચ્ચે પાકી માયા બંધાઈ. અને જ્યારે આદનને અમારા વૉર્ડમાંથી બીજા ભાગમાં બદલવામાં આવ્યો ત્યારે એ વિદાય કારી થઈ પડી.

૧. આ અરજીઓની નકલ મળતી નથી.

Gandhi Heritage Portal

બીજી પણ એક વાતનો ઉલ્લેખ કરતાં મારે ભૂલવું ન જોઈએ. તે એ કે જ્યારે મેં જેલમાં કાંતવાપીંજવાનું કામ ચલાવવા માંડયું ત્યારે આદન એક હાથે અપંગ છતાં ભારે ઉદ્યમ અને ખંતપૂર્વક પૂણીઓ બનાવવામાં મચ્યો રહેતો. વખત જતે એ કળામાં એ પૂરો પ્રવીણ બન્યો અને એ કામ ઉપર એને ખૂબ પ્રેમ પણ ઊપજ્યો.

જેમ શાબાસખાનની જગ્યા આદને લીધી હતી તેમ હરકરણની જગ્યાએ ભીવો આવ્યો. જરા વારમાં જ અમને આશ્ચર્યપૂર્વક ખબર પડી કે ભીવો દક્ષિણી મહાર એટલે અસ્પૃશ્ય જાતિનો હતો અને તેથી અમારા આનંદનો પાર રહ્યો નહીં. જેટલા કંઈ વૉર્ડરોના પ્રસંગમાં જેલમાં હું આવ્યો છું તે બધામાં મને લાગે છે કે આ ભીવો સૌથી વધારે ઉદ્યોગી હતો. વાંચનારને સાંભળીને નવાઈ લાગશે કે જેલો પણ આ અસ્પૃશ્યતાના સડાથી મુક્ત રહેવા પામી નથી. બાપડો ભીવો! અમારી કોટડીઓમાં દાખલ થતાં પણ ધ્રૂજે! અમારા પાણીના માટલાને અડકે નહીં. અમે એને તાબડતોબ હૈયાધારણ આપી કે અમને અસ્પૃશ્યોને વિષે કોઈ પ્રકારની સૂગ નથી. એટલું જ નહીં પણ અમે તો એ કલંક ધોવા અમારાથી બનતું બધું કરનારા છીએ. ભાઈ શંકરલાલે તો એની જોડે ખાસ દોસ્તી બાંધી અને જોતજોતામાં અમારી જોડે પૂરેપૂરો હેળવી દીધો. તેમણે ભીવાને પોતાની સાથે એટલી હદ સુધી છૂટથી વર્તતો કરી દીધો કે કોઈ વાર શંકરલાલ એની ઉપર ચિડાય ત્યારે ભીવો સામો થઈ રિસાય અને અંતે શંકરલાલ એની માફી માગી એને મનાવી લાવે! શંકરલાલે એને ભણવા પણ લલચાવ્યો અને કાંતતાં તો અલબત્ત શીખવ્યું જ. પરિણામ એ આવ્યું કે માની ન શકાય એટલા ટૂંક વખતમાં ભીવો એક ચુંનદો કાંતનાર બની ગયો અને એ કામ ઉપર એને એવું તો વહાલ ઊપજ્યું કે એણે વણાટ શીખી લેવાનો અને જેલમાંથી છૂટયા પછી આ ધંધાથી જ પોતાનું ગુજરાન મેળવવાનો સંકલ્પ કર્યો!

જેલમાં મેં સવારના ૪-૧૫ વાગ્યે ગરમ પાણીમાં લીંબુ નિચોવીને તે પીવાની ટેવ પાડી હતી. ચાર વાગ્યે ઊઠીને મારે સારુ ગરમ પાણી તૈયાર કરવાનું કામ કરવા બાબત જ્યારે મેં શંકરલાલ સામે વાંધો લેવા માંડયો ત્યારે શંકરલાલે ધીમે રહીને ભીવાને આ રહસ્યની દીક્ષા આપી દીધી! કેદીઓ જેલમાં ઊઠે છે તો ઘણા વહેલા પણ એટલું વહેલું એમને પોતાની પથારી(કાથાની દોરીનું ટાટ)માંથી ઊઠવું ગમતું નથી. પણ ભીવાએ તો શંકરલાલની સૂચનાને તત્કાળ દિલોજાનથી વધાવી લીધી.

પણ રોજ ચાર વાગ્યે ભીવાને જગાડવાનું કામ તો શંકરલાલને જ માથે રહ્યું. જ્યારે ભીવો ગયો (એને ખાસ લાભ આપીને છોડી મૂકવામાં આવેલો) ત્યારે આદને એ કામ માથે લીધું. મેં જાતે એટલું કરી લેવા કરેલું પણ એ મને શાનો દાદ દે? આમ આ પરોઢિયાના ગરમ પાણીની પરંપરા ભાઈ શંકરલાલના છૂટી ગયા પછી પણ ચાલુ જ રહી. વૉર્ડ છોડી જનારો દરેક જૂનો વૉર્ડર નવા આવેલા વૉર્ડરને આ બધાં રહસ્યની દીક્ષા આપતો જાય! મારે કહેવાની જરૂર ન જ હોય કે કેદીને કરવાના આખા દિવસના ફરજિયાત કામમાં આ મળસકાના કામનો સમાવેશ થતો નહોતો. વળી જેલનિયમ પ્રમાણે કેદીઓ વૉર્ડરની જગ્યા મળે એટલે જાતે કામ કરવાની ફરજમાંથી નીકળી જાય છે. તેમને તો હુકમ ચલાવવાનો જ હોય છે.

પણ જેમ જીવલગ મિત્રોને પણ કોઈ ને કોઈ દિવસ વિયોગનો દિવસ આવી પહોંચે છે તેમ એક દિવસ ભીવાએ અમને રામરામ કર્યા. શંકરલાલ આપે તે ખાદીની ટોપીઓ, ખાદીનાં

Gandhi Heritage Portal

પહેરણો, ખાદીનાં ધોતિયાં અને એક ખાદીનો ચોફાળ લેવાની તેને પરવાનગી મળી હતી. તેણે બહાર જઈને ખાદી સિવાય બીજું કશું જ ન પહેરવાનો કોલ આપ્યો હતો. હું આશા રાખું છુ કે ભલો ભીવો જ્યાં હોય ત્યાં પોતાની પ્રતિજ્ઞા પાળી રહ્યો હશે.

### કેટલાક કેદી વૉર્ડરો – ૩

ભીવાની પાછળ ઠમુ આવ્યો. એ પણ દક્ષિણી હતો. ઠમુ સૌમ્ય રીતભાતનો વૉર્ડર હતો. એનામાં ઝાઝું શહૂર ન હતું. ચીંધેલું કામ કરતો પણ પોતાની મેળે પ્રેરાઈને ખાસ તસ્દી ઉઠાવી કામ કરવા તરફ તેને પ્રીતિ નહોતી. તેથી તેને અને આદનને બરાબર ભડતું નહીં. પણ ઠમુ બીકણ હોવાથી અંતે હમેશાં આદનને વશ થતો. ઠમુને તો અમારે ત્યાં એવી મોજ હતી (જેટલા આવતા તે દરેકને થતી) કે અમારાથી વિખૂટા પડવાની તેની મુદ્દલ ઇચ્છા નહોતી. તેથી બદલી થાય તે કરતાં આદનની ઝૂંસરી વેઠવા તે રાજી હતો. ઠમુ આદન પછી ઘણે વખતે આવેલો તેથી અમારે ત્યાં આદન ઉપરી ગણાતો. આ બધા કાલ્પનિક ઉપરીપણાના વગેરે ખ્યાલો જેલ જેવાં સ્થળોમાં કેવા ઘર કરી બેસે છે એ જોવા જેવું હોય છે.

યરવડા તો અમારે મન એક દુનિયા જ હતી, બલ્કે એ જ અમારી એકમાત્ર આખી દુનિયા હતી કહું તો ચાલે. એકેએક નાનીમોટી વઢવેડો કે ક્ષુલ્લકમાં ક્ષુલ્લક બોલાચાલી પણ જેલના કેદીઓની દુનિયામાં એકેએક ભારે બનાવ ગણાય. એવા બનાવની ઝીણામાં ઝીણી વિગતોની પણ દિવસોના દિવસો લગી પડપૂછી ચાલે અને તેનાં લંબાણભર્યાં વર્ણનો એક કેદી બીજા આગળ પચાસમી વેળા કરી બતાવતાં કદી થાકે નહીં. જો જેલ અમલદારો જેલમાં કેદીઓને માત્ર કેદીઓમાં જ વંચાય એવું એક "જેલ અખબાર" ચલાવવાની પરવાનગી આપે તો તે કેદીઓમાં સોએ સો ટકા ફેલાવો પામે એ ચોક્કસ છે. અને વળી તેમાં ખબરો પણ કેવી લજ્જતદાર આવે? સરસ ચડેલી દાળની ખબરો, સારા સમારેલા શાકની ખબરો, કેદીઓ વચ્ચે શબ્દોની સાઠમારીઓની અને પ્રસંગોપાત્ત બોલાચાલી ઉપરથી મારામારી અને પરિણામે જેલ સુપરિન્ટેન્ડેન્ટ આગળ જનારા તેના "ખટલા"ની હકીકતો, આવી આવી બધી ખબરો બહારના લોકો મોટાં મોટાં ખાણાંઓ કે લડાઈઓની ખબરો જેટલી ઉત્સુકતાપૂર્વક વાંચે તેટલી જ ઉત્સુકતાપૂર્વક કેદીઓ વાંચે! આપણા ધારાસભામાં ગયેલા મિત્રોમાંના સાહસી સભાસદોને ઉપલી સૂચનાની હું ભેટ કરું છું કે જો તેઓ ઇચ્છે તો એવી જાતનો એક ખરડો ધારાસભામાં લાવી શકે છે કે જેની રૂએ દરેક જેલના સુપરિન્ટેન્ડેન્ટને કહેવામાં આવે કે તેમણે અમલદારોના કડક અંકુશ હેઠળ પણ જેલના કેદીઓને માત્ર તેમના પોતાના ઉપયોગ પૂરતું એક એક અખબાર ચલાવવા અને ફેલાવવા દેવું.

વળી પાછા આપણે ઠમુ તરફ વળીએ. જોકે એ માણસ તરીકે પોચો હતો છતાં બીજી રીતે એ એની અગાઉના કોઈ પણ વૉર્ડર જેટલો જ સારો હતો. રેંટિયાને તો એણે માછલું પાણીને અપનાવે તેમ અપનાવ્યો. એક અઠવાડિયામાં તો એણે મારા કરતાં પણ વધુ સરખું સૂતર કાંતવા માંડ્યું અને એક મહિનાની અંદર શિષ્યે ગુરુને ક્યાંયનો ક્યાં પાછળ મૂકી દીધો! તે એટલે સુધી કે ઠમુની સરસાઈની મને ઈર્ષ્યા થવા લાગી. વળી ઠમુની પ્રગતિ જે ત્વરાથી થતી હતી તે ઉપરથી મેં જોયું કે મારી મંદ પ્રગતિ મારી ખસૂસ હાર સૂચવનારી હતી. અને હરકોઈ સામાન્ય મનુષ્ય એક મહિનામાં સહેલાઈથી સૂતરનો આદર્શ તાર કાઢતો થઈ જઈ શકે. મેં જેટલા જેટલાને કાંતતાં શીખવ્યું તે દરેકે જોતજોતામાં મારા પર સરસાઈ કરી. ભીવાની પેઠે

Gandhi Heritage Portal

જ ઠમુને પણ રેંટિયો એક મહા સુખદાયી સાથી થઈ પડ્યો. એના ધીમા મીઠા સંગીતમાં તેઓ પોતાનાં વહાલાંઓનું વિયોગદુ:ખ ડુબાવી શકતા. વખત જતે રેંટિયો એ ઠમુનું સવારનું સૌ પહેલું કામ થઈ પડ્યું ને એ રોજના ચાર કલાક કાંતતો.

જ્યારે અમને યુરોપિયન વૉર્ડમાં ખસેડવામાં આવ્યા ત્યારે ઘણા ફેરફારો થયા. સૌ પહેલી બદલી આદનની થઈ. આ બદલીથી એ કે અમે કોઈ રાજી થયા નહીં પણ અમે બહાદુર બનીને તે સ્વીકારી. પછી આવ્યો ઠમુનો વારો. બાપડો બદલીની વાત સાંભળતાંની સાથે જ રડી ઊઠ્યો. એણે પોતાને રાખી લેવાનો પ્રયત્ન કરવા મને કહ્યું. પણ હું કઈ રીતે વચ્ચે પડી શકું? મને લાગ્યું કે એ બાબત મારા ઇલાકા બહારની હતી. જેલ અમલદારોને ચાહે તે કેદીને ચાહે ત્યાં લઈ જવાનો હક હતો.

આદન અને ઠમુની જગ્યાએ કુન્તી કરીને એક ગુરખો અને ગંગાપ્પા કરીને એક કાનડી કેદી આવ્યા. ગુરખો આખી જેલમાં "ગુરખા" નામે જ ઓળખાતો. એ ઓછાબોલો હતો પણ પાછળથી સંકોચ મેલી ગોઠડીઓ કરવા લાગેલો. શરૂઆતમાં તો એ પોતાની સ્થિતિ જ ચોક્કસ કળી શકેલો નહીં. કદાચ એને એમ પણ લાગ્યું હોય કે ડગલે ને પગલે અમે એની સામે અમલદારો આગળ રિપોર્ટ કરીશું, પણ જ્યારે એણે જોયું કે અમારો એનું એવું કશું જ અનિષ્ટ કરવાનો મુદ્દલ ઇરાદો ન હતો ત્યારે એ વધુ નિકટ આવ્યો. પણ થોડા દિવસમાં જ એની બદલી થઈ ગઈ.

ગંગાપ્પાનું થોડુંક વર્ણન જેલ પત્રવ્યવહારના ઉપોદ્‌ઘાતમાં હું આપી ચૂક્યો છું. એ આધેડ વયનો હતો. જેલનિયમોનું ઝીણામાં ઝીણું પાલન અને પોતાના નીમેલા કર્તવ્ય પ્રત્યે તેની અસાધારણ નિષ્ઠા એ બે વસ્તુએ મારા મનમાં એના પ્રત્યે ભારે ભાવ ઉત્પન્ન કર્યો. અમલદારો એને જે કંઈ કામ કરવાને હુકમ કરે તે એ સંપૂર્ણ નિષ્ઠાથી જીવ તોડીને બજાવે. જે કરવાની એની ફરજ ન હોય એવી ફરજો એ સ્વેચ્છાપૂર્વક માથે લે. નવરો તો તમે એને ભાળો જ નહીં. મારા સાથીઓને માટે રોટલીઓ કરતાં અને શેકતાં એણે શીખી લીધું. મારા પોતા પ્રત્યેનો એનો ભાવ તો હું કદી વીસરી શકું એમ નથી. ગંગાપ્પાએ જેટલો જીવ તોડીને મારી ચાકરી કરી છે તેથી વધુ કોઈ પણ માણસની ચાકરી તેની સ્ત્રી કે બહેન કરી શકે નહીં. જ્યારે જુઓ ત્યારે એ જાગતો જ હોય. મારી જરૂરિયાતોના અગાઉથી ખ્યાલ રાખવામાં જ એને સુખ થાય. મારી એકેએક ચીજ અરીસા જેવી સ્વચ્છ રહે અને કોઈ જગાએ ડાઘોડૂઘી કે રજનું નામ સરખું ન રહેવા પામે એ તરફ એની રાતદિવસ કાળજી. હું માંદો થાઉં ત્યારે ગંગાપ્પા જ મારો બાહોશમાં બાહોશ નર્સ. કારણ મારું જતન એ જ એનું ચોવીસે કલાકનું લક્ષ.

જ્યારે અમને યુરોપિયન વૉર્ડમાં લઈ જવામાં આવ્યા ત્યારે ભાઈ મનઝરઅલી તેમ જ ઇન્દુલાલ પ્રાર્થના વેળાએ મારી જોડે આવી બેસતા. વખત જતે મનઝરઅલીને છૂટવાનો વખત નજીક આવ્યો અને તેમને અલ્લાહાબાદ લઈ જવામાં આવ્યા. ભાઈ ઇન્દુલાલને નર્યા ભક્તિભાવ કરતાં કંઈક વધુ પ્રબળ અને તાત્ત્વિક ચિંતનની જરૂર લાગતી તેથી વખત જતે તેઓ મારી પ્રાર્થનામાં ભળતા બંધ થયા. ગંગાપ્પાને થયું કે આ મિત્રોના સાથ વગર પ્રાર્થનામાં મને એકલવાયું લાગશે અને કદાચ હું હિજરાઈશ. આથી જે દિવસે એણે મને પહેલવહેલો એકલો પ્રાર્થનામાં બેઠેલો જોયો તે જ દિવસે એ ચુપચાપ આવ્યો અને મારી સામે બેસી ગયો. કહેવાની જરૂર ન જ હોય કે આના આ કાર્યની પાછળ રહેલો મુલાયમ વિવેકભાવ નીરખી હું હરખાયો.

Gandhi Heritage Portal

એનું કાર્ય તદ્દન સ્વયંપ્રેરિત, વિનયપૂર્ણ અને ગંગાપ્પાને સારુ તદ્દન સ્વાભાવિક હતું. રૂઢ અર્થમાં હું એને ધાર્મિક નહીં કહું, જોકે મારી પોતાની કલ્પના પ્રમાણે તો એ અણિશુદ્ધ ધાર્મિક હતું. મારી આ પ્રાર્થનાની બેઠકોમાં હું કોઈને પણ નોતરતાં હમેશાં અચકાતો. કારણ સ્વયંસ્ફૂર્તિ વગર મારી ખાતર કોઈ પ્રાર્થનામાં બેસે એવું હું ન ઇચ્છું. એકલા પ્રાર્થના કરતાં મને કદી એકલવાયું લાગ્યું નથી. એ સમયે હું સૌથી વધુમાં વધુ ઈશ્વરસાન્નિધ્ય અનુભવતો. આવે સમયે જો કોઈ આવે તો તેને મારા સાથ ખાતર નહીં પણ એ ઈશ્વરસાન્નિધ્યના અનુભવમાં તે ભાગ લેવા પામે એટલા સારુ હું ઇચ્છું. આમ હોવાથી વૉર્ડરોને પ્રાર્થનામાં ભળવા નોતરતાં મને ખાસ આનાકાની થતી. મને થતું કે રખે તેઓ મારા બોલાવવાને લીધે નર્યા બાહ્ય વિવેકને ખાતર પ્રાર્થનામાં આવે. એમાં શું? હું તો તેમને પોતાને ઈશ્વરપ્રાર્થનામાં ભળવાની સ્વાભાવિક ઊર્મિ થઈ આવે તો જ પ્રાર્થનામાં ભળતા જોવા ઇચ્છું. ગંગાપ્પાએ જે મારો સાથ દીધો તેમાં તો કંઈક મારી એકાકી હાલત પ્રત્યે દયાભાવ અને કંઈક પવિત્ર અરધા કલાકના વાતાવરણમાં ભાગ લેવાની એની પોતાની ઇચ્છા એમ બેઉ લાગણીઓનું મિશ્રણ હતું એમ માનું છું, જોકે પ્રાર્થનામાં હું જે જે કંઈ ગાતો તે બધામાં એક "રામનામ" સિવાય બીજા કશાનો એક શબ્દ સુધ્ધાં તે સમજી શકતો નહોતો. ગંગાપ્પા ભળ્યા પછી બીજો પણ એક અણ્ણાપ્પા નામનો કાનડી વૉર્ડર આ પ્રાર્થનાની બેઠકમાં ભળ્યો અને પાછળથી ભાઈ અબ્દુલ ગની પણ શરીક થવા પ્રેરાયા. મને લાગે છે કે ભાઈ અબ્દુલ ગની અજાણતાં પણ ગંગાપ્પાના વર્તનની અસરથી પ્રેરાયા હતા.

આમ વાચક જોશે કે કેદી વૉર્ડરોને લગતો મારો બધો જ જેલઅનુભવ એકસરખો સુખી સ્મરણોથી ભરેલો છે. મને મળ્યા તેથી વધુ નિષ્ઠાવાન સાથીઓ કે વધુ વફાદાર બરદાસીઓ હું ઇચ્છી જ શકું નહીં. પગારદાર માણસોની સેવા તો આના ઉપર એક થીંગડું જ ગણાય અને મિત્રોની સેવા બહુ તો આની બરોબરી કરી શકે.

અને છતાં સમાજ આવા માણસોને દુર્દૈવવશાત્ તેમને જેલ થઈ એટલા સારુ ગુનેગાર કે અસ્પૃશ્ય તરીકે ગણી સદાય હડધૂત કરે એ કેવું દયાજનક? પાછલા પ્રકરણમાં[1] જેલરનું જે વચન હું ટાંકી ચૂક્યો છું તે જોડે હું તદ્દન સંમત છું કે આપણી જેલોમાં એવા અનેક માણસો છે જેઓ બહાર વસનારાઓના કરતાં ચડિયાતા છે. વાચક હવે સમજી શકશે કે જ્યારે સરકારે મને છોડી મૂક્યાના ખબર મેં સાંભળ્યા ત્યારે મને એક રીતે દુ:ખ શા સારુ થયું. મને થયું કે મને છોડયો અને મારા જે બધા સાથીઓએ મને આટઆટલી દયામાયાથી તરબોળ કર્યો, અને મારા મત પ્રમાણે જેમને જેલોમાં પૂરી રાખવાનું સરકારને મુદ્દલ કારણ રહ્યું નથી, તેઓ તો હજુ જેમના તેમ જેલોમાં રહ્યા એ કેવું અસહ્ય?

એક વાત કહી લઈને ગંગાપ્પાની દુ:ખભર્યા અંત:કરણે હું રજા લઈશ. ગંગાપ્પા પોતાની ત્રુટિઓ હમેશાં જાણતો. એ કાંતતો નહીં. એ કહેતો કે મારાથી એ બનતું નથી. મારી આંગળીઓમાં એટલી ચતુરાઈ નથી. પણ અમારી રેંટિયાખોલીની એ રજેરજ વ્યવસ્થા રાખતો. મારા રેંટિયાને અરીસા જેવો સાફ રાખતો અને પોતાને બચતો બધો વખત રૂને તડકે નાખવામાં અને સાફ કરી પીંજણને સારુ તૈયાર કરવા પાછળ આપતો.

૧. જુઓ પા. ૨૭૧.

Gandhi Heritage Portal

મારા જેલજીવનનાં અનેક સુખદ સ્મરણોમાં હું જાણું છું કે કેદી-વૉર્ડરોના સહવાસનાં સ્મરણો મારા મન પર વધુમાં વધુ કાળ લગી ટકી રહેશે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १०-७-१९२४

ભાષાંતર: નવજીવન, ૧૩-૭-૧૯૨૪ અને નવજીવનનો વધારો, ૧૭-૭-૧૯૨૪ તથા यरवडाना अनुभव

## ૧૯૨. કાંતવાનો ઠરાવ

મહાસમિતિનો કાંતવાનો ઠરાવ,[1] મારા અભિપ્રાય પ્રમાણે, મહાસમિતિના બધા ઠરાવોમાં સૌથી વધારે મહત્ત્વનો છે. કેટલાકને તે જોઈને હસવું આવે છે. એક માસની અંદર મહાસભાની સમિતિઓના સભ્યો તે હસવાની અયોગ્યતા સિદ્ધ કરી આપી શકે એમ છે. ખાદીની આર્થિક કિંમત સ્વીકારવામાં આવે તોપણ અનુભવથી જણાશે કે સદરહુ ઠરાવની આર્થિક પરિવર્તન આણવાને માટે જરૂર હતી. મહાસભાનો જે સૌથી વધારે સાર્વજનિક કાર્યક્રમ છે તેની પાછળ મહાસભાના કાર્યકર્તાઓ પોતાનો અડધો કલાક આપે તે કાંઈ બહુ નહીં કહેવાય.

જેમણે એ ઠરાવને માટે મત આપ્યો હતો તેઓ તો તેને પાળવાને માટે બંધાયેલા છે જ. મારા ધારવા પ્રમાણે શિક્ષાની વ્યવસ્થાવાળા ભાગને પણ ઠરાવમાં યોગ્ય સ્થાન હતું. દરેક સંસ્થાને પોતાના સભ્યોએ પોતે કરેલા નિયમોના ભંગને માટે શિક્ષા ઠરાવવાનો સંપૂર્ણ હક છે. પણ હવે શિક્ષાનો ઠરાવ ગયો એટલે તો તે ઠરાવની સામે જેમને વાંધો હતો તેવા પણ મૂળ ઠરાવનો અમલ કરશે એવી આશા રાખું.

એનું પાલન થાય તો ભારે પરિણામ નીપજવા સંભવ છે. દરેક ચૂંટાયેલી સમિતિના સભ્યો માટે કાંતવાનું ફરજિયાત કરવામાં આવ્યું છે. વીસ પ્રાંતોમાં દરેકમાં પ્રાંતિક, જિલ્લા, તાલુકા અને ગ્રામ સમિતિઓ છે, અથવા હોવી જોઈએ. એટલે દરેકમાં ચૂંટાયેલી સમિતિઓના ઓછામાં ઓછા ૫૦૦ સભ્યો તો છે જ. મને લાગે છે કે કેટલાક પ્રાંતોમાં તો આ સભ્યોની સંખ્યા હજારોની છે. પણ ઓછામાં ઓછી સંખ્યા લઈએ તોયે બધા પ્રાંતો મળી ઓછામાં ઓછા ૧૦,૦૦૦ સભ્યો તો થયા. ૧૦ નંબરનું બે હજાર વાર સૂતર એટલે લગભગ ૧૦ તોલા સૂતર થયું. એટલે ૧૦,૦૦૦ સભ્યો ૨,૫૦૦ રતલ સૂતર મોકલવાના. એટલે કે ૫,૦૦૦ ગરીબ માણસોને પહેરણ માટે ચાલે એટલું કપડું તૈયાર થાય એટલું આ સભ્યોએ કાંત્યું હશે. બીજી બધી વાત જવા દઈએ તોપણ આટલી મહેનત ગરીબોને માટે કરવા જેવી નથી શું? અને એ કામની ગરીબો ઉપર કેવી અસર થશે તેની કલ્પના કરો! મહાસભાના કાર્યકર્તાઓ અમારે માટે કામ કરે છે એટલી વાતથી તેમનામાં નવો જીવ આવશે.

બીજી એક વાતનો વિચાર કરીએ. ૧૦,૦૦૦ પ્રતિનિધિઓ કંઈ પોતે જ કાંતીને સંતોષ નહીં માને. તેમણે પોતાને ચૂંટનારા સભ્યોને પણ રંગ લગાડયો હશે. અને આમ જે ખાદીના જુવાળ ઊતરતા માનવામાં આવે છે તે પાછા બેવડા વેગથી ચડતા થઈ જશે.

કાર્યકર્તાઓ અક્કલવાન સ્ત્રીપુરુષો હશે, એટલે કાંતવાનું શાસ્ત્ર હસ્તગત કરી લેશે અને તેથી તેઓ આસપાસના લોકોમાં હાથકંતામણનો યોજનાપૂર્વક પ્રચાર કરી શકવાની સ્થિતિમાં હશે.

૧. જુઓ પા. ૨૪૮-૫૧.

Gandhi Heritage Portal

બીજું, અરધો કલાક અને દસ તોલા એ તો ઓછામાં ઓછી માગણી છે. વસ્તુસ્થિતિ તો એ છે કે માણસ અરધા કલાકમાં ૧૦૦ વાર તો રમતો રમતો કાંતી શકે. એટલે ઓછામાં ઓછું ત્રણ હજાર વાર સૂતર તો માણસ મોકલી શકે જ. વળી અરધા કલાકની સૂચના એ તો કામના ભારે બોજાવાળા કાર્યકર્તાઓને માટે છે. ઘણા કાર્યકર્તાઓ જરૂર એક કલાક કાંતી શકે. કેટલાક આજે રોજ બે કલાક કાંતનારા હું જાણું છું એટલે એકંદરે જે સૂતર મોકલવામાં આવે તે મેં ગણેલા ઓછામાં ઓછા આંકડા કરતાં કંઈ નહીં તો બમણું — એટલે ૫,૦૦૦ રતલ હોવું જોઈએ.

આ હાથે કાંતવામાં શું રહસ્ય રહેલું છે તે હજુ કોઈના સમજવામાં આવ્યું હોય એમ હું નથી ધારતો. બધી રાષ્ટ્રીય પ્રવૃત્તિ તેનાથી પગભર થઈ જાય એ એનું રહસ્ય છે. કેટલાક આંકડા અહીં આપું છું. આમાં મેં ઓછામાં ઓછા સરેરાશ દર અને ઓછામાં ઓછું સરેરાશ કામ ગણ્યું છે:

| | | | | |
|---|---|---|---|---|
| લોઢામણ | ૧ | મણ | ૧૨ કલાક | ૦–૮–૦ |
| પીંજામણ | ૧ | મણ કપાસમાંથી ૧૩ શેર રૂ પીંજવાનું | ૪૦ કલાક | ૨–૮–૦ |
| કંતામણ | ૧૨ાા | શેર રૂનું દસ આંકનું સૂતર, કલાકે ૨૭૫ વારની ઝડપે | ૪૦૦ કલાક | ૨–૬–૦ |
| | | | રૂ. | ૫–૬–૦ |

આ પ્રમાણે એક માણસ ૪૫૨ કલાક (૪૫૦ કહીએ) કામ કરે તો રૂ. ૫–૬–૦ (રૂ. ૫ કહીએ) કમાય; માટે ૪૫૦ માણસ ૩૦ દહાડા રોજ એક એક કલાક કામ કરે તો રૂ. ૧૫૦ કમાય; માટે ૪૫૦ માણસ મહિના સુધી રોજ એક એક કલાક કામ કરે તો રૂ. ૩૦ દરમાયાવાળા ૫ સેવકોને પોષી શકે.

અને આટલાં ૪૫૦ સ્ત્રીપુરુષોમાં ૫ સ્વયંસેવકો આખું મહાસભાનું કાર્ય સહેલાઈથી સુગઠિત કરી શકે. એક એક માણસની મહેનતનું વ્યવહારુ ફળ જોકે કંઈ જ જોવામાં નથી આવતું. છતાં એક જ વસ્તુ ઉપર મોટી સંખ્યામાં એકત્રિત મહેનત કરવામાં આવે તો તેમાં અપાર ફળનો સંભવ રહેલો છે.

કોઈ ખંતીલો કાર્યકર્તા ગણિત કરવા બેસશે તો અનેક ચમકાવનારા આંકડા કાઢી શકશે. એવા ગણિત કરવા સારુ હું ત્રણ દાખલાઓની ભેટ કરું છું:

૧. જો કોઈ ગરીબ પ્રદેશમાં હાથકંતામણ મુખ્યત્વે મજૂરીથી કરાવવામાં આવતું હોય તો તેનાથી તે પ્રદેશની ગરીબી નાબૂદ થાય.

૨. જો કોઈ સુખી પ્રદેશમાં કંતામણ મુખ્યત્વે આપમરજીથી થતું હોય તો તેમાંથી તે પ્રદેશને જોઈતા સર્વ સ્વયંસેવકોનું ગુજરાન નીકળી શકે.

૩. ગામડાંની રાષ્ટ્રીય શાળાઓમાં જો દરેક બાળક પાસે શાળાના ચાલુ દિવસોમાં રોજના ત્રણ કલાક કાંતવા સુધીની બધી ક્રિયાઓ કરાવવામાં આવે તો દરેક શાળા વધુ નહીં તો પોતાનું અરધોઅરધ ખર્ચ તેમાંથી કાઢી શકે.

જો ખાદીનો ઉપાડ બજારમાં ટપાલની ટિકિટના જેટલો સ્વાભાવિક ન થઈ પડે તો આવાં પરિણામો કશાં ન આવે, એ બતાવવાની જરૂર નથી. જે દેશ પોતાની જરૂરિયાત કરતાં વધારે

Gandhi Heritage Portal

રૂ ઉત્પન્ન કરે છે, જેની પ્રજાને કાંતવાનો મહાવરો છે, જેની પાસે તેને લગતાં બધાં સાહિત્યો તૈયાર છે, અને જ્યાં આવાં કામ માટે ટાંપી બેઠેલા ભૂખે મરતા લોકો સંખ્યાબંધ પડેલા છે એવા દેશમાં જો ખાદીનો ઉપાડ તેવો સ્વાભાવિક ન બને તો એ ઈશ્વરનો ગુનો ગણાય.

આ કામને જો કુશળતાથી અને આર્થિક ઝીણવટ સાથે કરવું હોય તો બધા પ્રાંતોના મંત્રીઓ વગેરેએ ખાદી બોર્ડ તરફથી જે સૂચનાઓ મળતી રહે તેનો સંપૂર્ણ અમલ કરવો પડશે. મુખ્ય કાર્યાલયમાં જે જે સભ્યોએ કાંતવાનું છે તેમનાં નામનું અનુક્રમ નંબરવાર રજિસ્ટર (બે નકલોમાં) રહેવું જોઈએ. સૂતરની દરેક આંટી ઉપર ચિઠ્ઠી ચોડી તેમાં કેટલા વાર, કેટલું વજન અને કાંતનારનું નામ અને અનુક્રમ નંબર એટલી વિગતો ભરવી જોઈએ. પ્રાંતિક સમિતિઓએ બધાં કાંતનારાંઓને પૂરું પડે તેટલું રૂ સંઘરી રાખવું પડશે. પીંજણની વ્યવસ્થા પણ કરવી પડશે. આમ જેટલું સૂતર આવવું જોઈએ તેટલું પૂરેપૂરું પહેલે જ મહિને આવી જાય તેમ કરવું હોય તો જરા પણ સમય ગુમાવ્યે પાલવે તેમ નથી.

છેલ્લે, જે લોકોને કાંતતાં આવડતું નથી તેઓ શરૂઆતમાં રોજ અડધો અડધો કલાક કાંતશે તો તેમનું ગાડું કંઈ જ ચાલવાનું નથી. પહેલા થોડા દિવસ, આંગળી પર કળા ચડી જાય ત્યાં સુધી તો શિખાઉ માણસે રોજ કેટલાક કલાક કાંતતા રહેવું પડશે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १०–७–१९२४

ભાષાંતર : नवजीवन, १३–७–१९२४

## ૧૯૩. સૌનો એક કાર્યક્રમ

મિત્રો કહે છે કે કોઈ એવો કાર્યક્રમ સૂચવો કે જેમાં રાજામહારાજા, નાફેરવાદી, ફેરવાદીઓ, લિબરલો, ઇન્ડિપેન્ડન્ટો, વકીલાત કરનારા વકીલો, અને ઍંગ્લો-ઇન્ડિયનો સૌ કોઈ વિનાસંકોચે ભાગ લઈ શકે. આવો કાર્યક્રમ સ્વરાજ મેળવવા માટે પૂરતો કાર્યસાધક અને ત્વરિત હોવો જોઈએ એવી પણ તેઓ શરત કરે છે. હું તો અતિશય કાર્યસાધક અને ત્વરિત કાર્યક્રમ આ સૂચવી શકું : ખાદીસ્વીકાર અને પ્રચાર; હિંદુમુસલમાન ઐક્યની વૃદ્ધિ; અને હિંદુઓ તરફથી અસ્પૃશ્યતાનિવારણ. જો આ ત્રણ વસ્તુઓ સિદ્ધ થાય તો કાંઈ પણ વિઘ્ન વિના આપણે સ્વરાજ સ્થાપી શકીએ એવી મારી અચળ શ્રદ્ધા છે. વળી હું એમ પણ માનું છું કે જો બધા જ પક્ષો એકચિત્તે એ કાર્યક્રમ ઉપાડી લે તો તે એક જ વર્ષમાં પૂરો કરી શકાય. ખાદીનું કાર્ય સફળ થયું એટલે પરદેશી કાપડનો બહિષ્કાર પૂરો થયો. હિંદને જેટલું કાપડ જોઈએ તે બધું ઉત્પન્ન કરવાનો તેનો હક છે, તેની ફરજ છે. અને તેમ કરવાનાં તેની પાસે સાધન છે. અને પરદેશી કાપડનો બહિષ્કાર થયો એટલે આપોઆપ અંગ્રેજોનાં હૃદય સ્વાર્થરહિત થશે, અને હિંદની પ્રત્યે હિંદીની આંખે જોવામાં તેમને જે એક નડતર છે તે રદ થશે.

એટલે જો આખો દેશ આ ત્રિવિધ કાર્યક્રમ ઉપાડી લે તો અસહકારનો કાર્યક્રમ અને સવિનયભંગ એક વર્ષને માટે મુલતવી રાખવાને માટે હું તૈયાર થાઉં. એક વર્ષને માટે કહું છું, કારણ એ કાર્યક્રમ એક વર્ષ સુધી પ્રામાણિકપણે ચલાવવામાં આવે તો તેટલા સમયમાં પરદેશી કાપડનો બહિષ્કાર થઈ રહ્યા જેવી સ્થિતિ થાય એમાં શક નથી.

Gandhi Heritage Portal

મારે એટલું કહેવાની ભાગ્યે જ જરૂર હોય કે સ્વરાજીઓ આ કાર્યક્રમમાં ભાગ લે તેથી કંઈ હું અસહકાર કે સવિનયભંગ મુલતવી ન જ રાખું. કારણ તેમની તો એ કાર્યક્રમને વિષે સંમતિ આજે પણ છે જ. બધા મહાસભાવાદીઓની જેમ તેઓ પણ રચનાત્મક કાર્યક્રમનો પૂરેપૂરો અમલ કરવાને બંધાયેલા છે. સરકારનો હૃદયપલટો નથી થયો ત્યાં સુધી અસહકારની જરૂર છે. અને એ પલટા વિના મહાસભાની બહાર રહેનારા પણ એ કાર્યક્રમમાં સંપૂર્ણપણે અને મન મૂકીને ભાગ ન લે.

પણ મને ભય છે કે સરકાર અથવા જેમની સ્થિતિ અને પ્રતિષ્ઠા સરકારની મહેરબાની ઉપર ટકી રહેલાં છે તેઓ લોકો સાથે એક દિલથી સહકાર કરે એવો સમય હજી નથી આવ્યો.

વળી હું એ પણ જાણું છું કે શુદ્ધ ખાદીના કાર્યક્રમને હજી ઘણા લોકો વર્યા નથી. રેંટિયાની મહાશક્તિ વિષે તેમને શ્રદ્ધા નથી. હિંદી મિલો ઉપર મારો ડોળો છે એવી તેમને શંકા છે. રેંટિયો સાર્વત્રિક થઈ જાય તો કેવી સ્થિતિ આવે તેની કલ્પના કરવાની પણ ભાગ્યે જ કોઈ તસ્દી લે છે.

મને તો શંકા નથી કે રેંટિયા વિષે જેમને શ્રદ્ધા છે તેઓ જો તેમની શ્રદ્ધાનું સાચું પારખું આપે તો દેશ પણ રેંટિયાને સ્વીકારશે. પણ કેટલાક મિત્રો કહે છે કે મારી ચિકિત્સા ખોટી છે. તેઓ કહે છે કે જો હું અસહકાર અને સવિનયભંગની વાત છોડી દઉં તો સૌ રેંટિયો સ્વીકારશે, અને તેઓ એમ પણ જણાવે છે કે હિંદુમુસલમાનોમાં ફૂટ પાડવાની સરકારની ઇચ્છા છે એવી શંકા કરવી એ મૂર્ખાઈ છે. મારી ચિકિત્સા ખોટી હોય તો કેવું સારું! મિલોના સંબંધમાં મારી સ્થિતિ ફરી એક વાર સ્પષ્ટ કરી દઉં. હું તેમનો શત્રુ નથી. કેટલોક સમય સુધી મિલોનો આપણા જીવનમાં હિસ્સો હશે એમ હું માનું છું. મિલોની મદદ વિના કદાચ પરદેશી કાપડનો બહિષ્કાર સત્વર નહીં સિદ્ધ કરી શકાય. પણ જો એ બહિષ્કારમાં તેમણે મદદ કરવી હોય તો તેમણે રાષ્ટ્રીય બનવું જોઈએ. તે મિલો તેના આડતિયાઓ અને શેરવાળાઓ માટે ન ચાલતાં પ્રજાને માટે ચાલવી જોઈએ.

છતાં આપણા કાર્યક્રમમાંથી તો મિલોને ભૂંસી નાખવી જ પડશે, કારણ ખાદીને પગભર થવું છે. હજી તો હિંદુસ્તાનનાં સાત લાખમાંથી એક લાખ ગામડાંમાં પણ ખાદીનો સંદેશો નથી પહોંચવા પામ્યો. એટલે મિલોને માટે હજી દેશના હું કરતાં વધારે મેદાન ખુલ્લું છે. જો ખાદીનો પાયો કાયમને માટે પાકો કરવો હોય તો મહાસભાવાદીઓએ મિલના કાપડને છોડી કેવળ ખાદી જ વાપરવી જોઈએ અને ખાદીનો જ પ્રચાર કરવો જોઈએ. દેશભક્ત મિલવાળાને તો એક આંખના આણસારામાં મારી વાતની ઉપયોગિતા, આવશ્યકતા અને યુક્તિયુક્તતા સમજાવી જોઈએ. અરે તેઓ તો પોતાને હાનિ કર્યા વિના ખાદીને મદદ કરી શકે છે. આખો દેશ ખાદી સ્વીકારે એવો સમય આવે તો દેશની સાથે તેમણે પણ તે સમયને વધાવી લેવો જોઈએ. અને જેમ લૅંકેશાયરના મિલવાળઓને કોઈક દિવસ તો પોતાની મૂડી અને સંચાને માટે બીજો કાંઈ ઉપયોગ શોધવો પડશે, અને શોધનારા છે તેમ તેઓ પણ શોધ્યા વિના નહીં રહે.

આમ મેં આગ્રહી મિત્રોને સંતોષવાને માટે સાર્વજનિક કાર્યક્રમ સૂચવ્યો છે. પણ તેથી કાર્યકર્તાઓ પોતાનું તાત્કાલિક કાર્ય — એટલે કે પોતાના અને પોતાના પાડોશીઓના રેંટિયા ચાલતા કરી દેવાનું કામ — ખબરદાર છોડતા! આજે રેંટિયાનો સાર્વત્રિક સ્વીકાર ન થાય તો તો કાર્યકર્તાઓનો સ્વીકાર અને શ્રદ્ધા તેના સાર્વત્રિક સ્વીકારનો રસ્તો સરળ કરી મૂકશે. એ દિવસ આવશે એ વિષે તો શંકા નથી જ. એની ચોક્કસ તિથિ તો રેંટિયામાં જેમને જાગ્રત શ્રદ્ધા

Gandhi Heritage Portal

છે, અને જેમણે ભારેમાં ભારે વિઘ્નો છતાં તેનો અમલ કરી તે શ્રદ્ધાને અખંડ રાખી છે તેઓ જ નક્કી કરી શકે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १०–७–१९२४

ભાષાંતર: नवजीवन, १३–७–१९२४

## ૧૯૪. વા. ગો. દેસાઈને પત્ર

અસાડ સુદ ૮ [જુલાઈ ૧૦, ૧૯૨૪][1]

ભાઈશ્રી ૫ વાલજી,

અભેચંદભાઈ વિષે શું લખું એ વિચારમાં જ વખત વહી ગયો. જે ધંધો મળી શકે એવો ભાસે છે એ તો નામાઠામાનો કે સૂતરનું કામ કરાવવાનો. મારી પ્રવૃત્તિઓ તો તમે જાણો છો એટલે તમારે જ સૂચવવું રહ્યું. તમને મારા (મહાસભા બહારના) કારભારના તંત્રી નીમ્યા હોય તો શું કરો? તમે લખો છો એમાંનો એક લેખ Simla under Swaraj મળ્યો છે. બીજો સ્વામીની[2] પાસે હોય તો પૂછીશ.

**મોહનદાસના**

વંદે માતરમ્

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્ર પરથી: સી. ડબલ્યુ. ૬૦૧૪; શ્રી વા. ગો. દેસાઈના સૌજન્યથી

## ૧૯૫. વસુમતી પંડિતને પત્ર

અસાડ સુદ ૯ [જુલાઈ ૧૧, ૧૯૨૪][3]

ચિ. વસુમતી,

તમારો કાગળ તેમ જ ભાઈ શંકરનો મળ્યા છે. તમારી તબિયત વિષે હું તો નિશ્ચિત થયો હતો. હવે તો શું સલાહ આપું? મારી નજર આગળ હો તો કંઈક ઉપાયો સૂઝે પણ ત્યાંની હવા અહીં કયાં છે? મારી ઇચ્છા તો એ છે કે વરસાદની મોસમ ગયે તમે લાંબો કાળ હજીરામાં રહો. હવાબદલ એ જ સારામાં સારો રસ્તો છે.

૧. આ પત્રમાં જેનો ઉલ્લેખ થયો છે તે લેખ "સ્વરાજમાં સિમલા", यंग इन्डिया, ૧૧–૯–૧૯૨૪ના અંકમાં પ્રગટ થયો હતો. ૧૯૨૪માં અસાડ સુદ ૮ જુલાઈની ૧૦મીએ આવતી હતી.

૨. સ્વામી આનંદાનંદ.

૩. આ પુસ્તકમાંના વસુમતી પંડિતને લખેલા અગાઉના પત્રો અને આ પત્રમાંની પથ્ય ખોરાક અંગેની સૂચનાઓ પરથી લાગે છે કે આ પત્ર ૧૯૨૪માં લખાયો છે. એ વરસમાં અસાડ સુદ ૯ જુલાઈની ૧૧મીએ આવતી હતી.

Gandhi Heritage Portal

દરમ્યાન આટલું કરજો. દાળ ઓછી, ચટણીનો ત્યાગ, શાક બાફેલું, નારંગી અથવા લીલી દ્રાક્ષ ખવાય તેટલી ખાવી ને એપોલિનારિસ (Apollinaris) નામનું પાણી બાટલીઓમાં આવે છે એ બાટલી રોજ એક કે બે પીવી. તરસ લાગે ત્યારે એ જ પીવું. દવા છોડવી ને હાજત હોય કે ન હોય પણ દસ્ત ન આવે તો પિચકારી લેવી. પિચકારીનું પાણી નવશેકું રાખવું ને તેમાં અર્ધી ચમચી બોરિક ઍસિડ નાખવું. તેથી ખુલાસો ન થાય તો બીજે દિવસે પાણીમાં એક ચમચી એરંડિયું તેલ ને દસ ટીપાં ટર્પેન્ટાઇન નાખવાં. એ પાણીમાં સાફ સાબુ પણ ચોળવો.

હું જોઉં છું ખરો કે દવાથી તમારું શરીર બગડે જ છે. એટલે હવાફેર તથા પિચકારી એ બે વસ્તુથી બધું સારું થઈ જશે.

તમારા આગલા કાગળ ને પોસ્ટકાર્ડનો જવાબ તે જ દિવસે મેં આપેલો. હવે તો મળી ગયેલ હશે.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્ર પરથી: સી. ડબલ્યુ. ૫૪૮; શ્રીમતી વસુમતી પંડિતના સૌજન્યથી

## ૧૯૯. ગુજરાત કૉંગ્રેસ સમિતિની સભામાં ભાષણ[1]

અમદાવાદ,
જુલાઈ ૧૧, ૧૯૨૪

મહાત્માજી, પોતાના કચ્છમાં અને એમનું લાક્ષણિક સ્મિત વેરતા, સવા ત્રણવાગ્યે આવી પહોંચ્યા. બધા ઊભા થઈ ગયા. સભામાં ભાષણ કરતાં એમણે શ્રોતાઓને કહ્યું કે ૧૯૨૦માં અમદાવાદમાં ભરાયેલી ચોથી ગુજરાત રાજકીય પરિષદના દિવસો યાદ કરો,[2] એ કલકત્તા કૉંગ્રેસનું ખાસ અધિવેશન ભરાતાં પહેલાં ગુજરાતે પહેલ કરીને અસહકારની ઘોષણા કરી હતી. અત્યારે દેશમાં નિરાશાનાં ચિહ્નો દેખાય છે, તેમ છતાં હું જાગ્રત છું અને તે વખતે હતો તેવો જ આશાવાદી છું. ગુજરાતે હમેશાં કૉંગ્રેસ કરતાં આગળ રહેવું જોઈએ. વધુમાં મહાત્માજીએ આગળ ચાલતાં કહ્યું:

આપણા પ્રતિનિધિઓએ મહાસમિતિના આદેશ અનુસાર રોજ માત્ર અર્ધો કલાક કાંતીને ૨૦૦૦ વાર જ સૂતર પેદા કરી બેસી રહેવું ન જોઈએ. પણ એને બદલે રોજ એક કલાક કાંતીને ૫૦૦૦ વાર સૂતર પેદા કરવું જોઈએ, જેથી બીજા પ્રાંતોને પ્રોત્સાહન મળે અને એમને માટે એક દૃષ્ટાંત પણ ખડું થાય. હવે ઉપદેશ આપવાનું છોડીને જાતે કાંતો અને તે દ્વારા ચરખાનો સંદેશો આપણા પાડોશીઓ અને મિત્રો સુધી પહોંચાડો. હું જાણું છું કે એવા પણ મિત્રો છે જેઓ આ કાર્યક્રમ પાર પાડવાની ગુજરાતની શક્તિ વિષે શંકાશીલ છે. પરંતુ હું ઇચ્છું

૧. ગુજરાત કૉંગ્રેસ સમિતિની એક સભા ૧૧મી જુલાઈએ બપોર પછી ૩ વાગ્યે ભરવામાં આવી હતી. એની કાર્યસૂચિમાં બીજી બાબતો સાથે નીચેના પ્રશ્નો હતા: ગુજરાતનો ભાવિ કાર્યક્રમ, મહાસમિતિના ઠરાવોનો અમલ કેવી રીતે કરવો અને આગામી કૉંગ્રેસના પ્રમુખની પસંદગી.

૨. જુઓ પુસ્તક ૧૮, પા. ૨૦૪-૫.

Gandhi Heritage Portal

છું કે ગુજરાત પ્રસંગને અનુરૂપ વર્તે અને આ મિત્રોની શંકાકુશંકાને અને અશ્રાદ્ધાને ખોટી પાડે. ગુજરાત જ મારી એકમાત્ર આશા છે—અલબત્ત, એ સિવાય મને કદી નહીં તરછોડનાર સર્વશક્તિમાન ઈશ્વર વિષેની આશા મને છે જ. જો આપણે રોજ અડધો કલાક પણ કાંતવા ઉપર એકાગ્ર નહીં થઈએ તો મને સહેજ પણ શંકા નથી કે અહિંસક સાધનો વડે આપણે સ્વરાજ્ય હાંસલ કરી શકીશું નહીં. એટલું ચોક્કસ માનજો કે ધારાસભાઓ આપણને સ્વરાજ્ય લાવી આપનાર નથી. બહારના રચનાત્મક કાર્ય વિના ધારાસભાઓ કશું જ મેળવી ન શકે. રચનાત્મક કામ બંધ પડ્યું તો સ્વરાજ્ય મરી પરવાર્યું જાણજો.

આગામી બેલગામ કૉંગ્રેસના પ્રમુખપદના મુદ્દા પર આવતાં મહાત્માજીએ કહ્યું કે સદ્ભાગ્યે કે દુર્ભાગ્યે કૉંગ્રેસ પક્ષમાં ફૂટ પડી છે અને કાંઈક અંધશ્રાદ્ધાથી લોકો માને છે કે આ ફૂટ હું જ દૂર કરી શકું એમ છું. સભ્યોને હું ખબર આપું છું કે સરોજિની નાયડુ એક બે દિવસમાં મુંબઈ બંદરે ઊતરશે, અને बॉम्बे क्रॉनिकले આ વર્ષની કૉંગ્રેસના પ્રમુખ તરીકે એમનું નામ સૂચવ્યું છે એ સૂચન સાથે હું સંમત થાઉં છું.

હું ઇચ્છું છું . . . કે દક્ષિણ આફ્રિકામાં[૧] એમણે બજાવેલી ઉમદા સેવાઓની કદર કરવા, દેશે એમને શોભે એવું એમનું સ્વાગત કરવું જોઈએ. હું જાણું છું કે તેઓ દરેક વ્યક્તિને રાજી કરી શકતાં નથી. તેમ છતાં દેશ આપી શકે એવા મોટામાં મોટા માન માટે હું સરોજિનીદેવીના નામની દરખાસ્ત મૂકું છું એનું કારણ એ છે કે સ્ત્રી હોવા છતાં આફ્રિકામાં એમણે કોઈ પુરુષ પણ કદી ન કરી શક્યો હોત એવું કામ કરી બતાવ્યું છે. બીજું કારણ એ પણ ખરું કે એ બહેન હિંદુમુસ્લિમ એકતાનાં પણ એલચી છે. જો આપને પ્રમુખ તરીકે એક મુસલમાન જોઈતા હોય તા એ માનને લાયક બીજી વ્યક્તિ ડૉ. અનસારી છે.

જો તમારે મારું જ નામ જોઈતું હોય તો એને છેલ્લું રાખજો. મારા માથા પર એટલી બધી જવાબદારીઓનો બોજો છે કે મારું ચાલે ને એમાંની કેટલીકમાંથી મુક્ત થવાય તો હું રાજી થાઉં. જવાબદારીનો બોજો મને એટલો બધો ભારે લાગે છે કે આગળ પડીને કોઈ પણ નવી જવાબદારી વહોરતાં મને ડર લાગે છે.

પ્રમુખની ચૂંટણીમાં પ્રાંતિક સમિતિઓ પર આસપાસના વાતાવરણની અસર ન પડવી જોઈએ. આ બાબતમાં અત્યારે મેં કશો નિર્ણય કર્યો [નથી.] પરંતુ આખરી પસંદગી થતાં પહેલાં હું એ કરી લેવાની આશા રાખું છું.

ભાષણ પૂરું થયા પછી મહાત્માજીએ સભ્યોને કહ્યું કે તમારે મને કોઈ પ્રશ્નો પૂછવા હોય તો પૂછો.

એમને પુછાયેલા એક પ્રશ્નના જવાબમાં મહાત્માજીએ કહ્યું કે કૉંગ્રેસના પ્રતિનિધિઓએ કાંતેલા સૂતરમાંથી બનાવેલી ખાદી લોકોના મન પર એવી રીતની અસર પાડશે જે બીજી કોઈ વસ્તુ પાડી શકશે નહીં.

બીજા એક પ્રશ્નના જવાબમાં એમણે કહ્યું કે ગઈ કાલના यंग इन्डियामां જાહેર થયેલા ખાસ કાર્યક્રમનો જેમને અમલ કરવો હોય તેમણે પ્રથમ એટલી ખાતરી કરી લેવી જોઈએ કે એ બાબતમાં બધા લોકો સર્વાનુમતિથી સંમત થયા છે. જો એવી ખાતરી ન થાય તો એ કાર્યક્રમનો અમલ એમણે કૉંગ્રેસ સંગઠનની બહાર કરવો જોઈએ.

[મૂળ અંગ્રેજી]

हिन्दु, ૧૨–૭–૧૯૨૪

૧. જુઓ પુસ્તક ૨૩, પા. ૩૯૫–૬.

Gandhi Heritage Portal

## ૧૯૭. વસુમતી પંડિતને પત્ર

સાબરમતી,
અસાડ સુદ ૧૧ [જુલાઈ ૧૨, ૧૯૨૪][1]

ચિ. વસુમતી,

તમારું પત્તું મળ્યું. વરસાદ રિબાવી રહ્યો છે. હમેશાં આવવાનાં ચિહ્ન છે. પણ આવતો નથી. નદીમાં પાણી ગયું એથી જણાય છે કે ઉપર વરસાદ પડયો છે. રાધા હજુ અશક્ત છે. પેરીનબહેન અને નરગીસબહેન આવી ગયાં ને જમનાબહેન સાથે પાછાં ગયાં. હવે અહીં સેવાસદનનાં જે સુપરિન્ટેન્ડેન્ટ હતાં તે બહેન અહીં છે. તમે જેટલું લંબાવાય તેટલું લંબાવી રહેજો. સૂચનાનો મારો કાગળ મળ્યો હશે.

બાપુના આશીર્વાદ

વસુમતીબહેન

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્ર પરથી: સી. ડબલ્યુ. ૪૪૯; શ્રીમતી વસુમતી પંડિતના સૌજન્યથી

## ૧૯૮. બળાત્કાર કે સંયમ?

એક મિત્રે બહુ ગૂઢ પ્રશ્ન ઊભો કર્યો છે. તેઓ કહે છે:

જો બળાત્કારથી કંઈ પણ સુધારા કરવા એ અહિંસાનીતિ વિરુદ્ધ હોય તો કાયદેથી કોઈની પાસે મદ્યપાન છોડાવવું એ પણ બળાત્કાર ગણાય.

આમાં કેટલીક ગેરસમજ છે. કાયદોમાત્ર બળાત્કારસૂચક છે, એમ આ મિત્રની માન્યતા જણાય છે. પણ દરેક કાયદો બળાત્કારસૂચક નથી. પોતાના સ્વાર્થને અંગે અને બીજાને દુ:ખ દેવાને અર્થે દુ:ખ દેવું એ હિંસા છે. એથી ઊલટું કોઈના સુખને અર્થે કોઈને દુ:ખ થવા દેવાનો પ્રસંગ આવે તો સ્થિર અને નિ:સ્વાર્થવૃત્તિથી તેમ કરવું એ અહિંસા હોઈ શકે. ચોરના ભયથી બચવા (એટલા મારા સ્વાર્થને સારુ) હું ચોરને દંડ કરું તે હિંસા છે. દરદીના સુખને સારુ શસ્ત્રવૈદ્ય તેની ઉપર શસ્ત્રપ્રયોગ કરે ને તેને દુ:ખ દે તે અહિંસા છે. આ દૃષ્ટિએ ચોરને પકડીને તેને દુ:ખ દેવાને સારુ નહીં પણ સુધારવાને સારુ તેને ચોરસુધારગૃહમાં રાખી, તેની ઉપર માયા બતાવી, તેને એવા શુભ સંજોગોમાં મૂકવો કે તે સારો થાય, — તેમાં બળાત્કાર કે હિંસા નથી પણ સમાજનો કે શાસનકર્તાનો સંયમ છે. આવો શાસનકર્તા ચોરને ફરિયાદના ભયમાંથી બચાવી લે છે એ તેનો વધારાનો ઉપકાર છે. એ જ રીતે મદ્ય પીને ફટકા મારવાના કાયદામાં કેવળ બળાત્કાર છે; પણ કાયદાથી પ્રત્યેક પીઠું બંધ કરી પીનારની આગળથી લાલચ

૧. ટપાલના સિક્કામાં ૧૯૨૪ના જુલાઈની ૧૩મી છે.

Gandhi Heritage Portal

હરી લેવી એ સંયમ છે અને અહિંસા છે. તેમાં શુદ્ધ પ્રેમ સિવાય બીજું કશું જ નથી. તે જ રીતે ધમકી આપીને કોઈની પાસે હું વિલાયતી કપડાંનો ત્યાગ કરાવું એ બળાત્કાર છે. પણ કાયદો કરી વિલાયતી કપડું આવતું બંધ કરું એ સંયમ છે. એમાં શુદ્ધ પ્રેમ સિવાય બીજું કંઈ જ નથી. પણ વિલાયતી કપડાં પહેરનારને કાયદાથી સજા કરવી તે બળાત્કાર છે. તેમાં સમાજનો રોષ છે.

આ ઉપરથી જોઈએ છીએ કે કાયદોમાત્ર બળાત્કારની નિશાની નથી. આધુનિક કાયદાઓમાં બળાત્કાર હોય છે કેમ કે તેના ઘડનારનો મુદ્દો ભય ઉત્પન્ન કરવાનો ને તેમ કરી સમાજને ગુનેગારથી બચાવવાનો હોય છે, ગુનેગારને સુધારવાનો નથી હોતો.

હવે પ્રશ્ન માત્ર એક રહે છે. બળાત્કારથી પણ સુધારા થયેલા જોવામાં આવે છે. મારીને ચોરી ભુલાવાય છે. મારથી ઘણાં બાળકો સુધર્યાં છે એવું ઘણા કહે છે ને માને છે. આવી માન્યતાને લીધે જ જગતમાં અત્યારે આપણે પાપોનો પુંજ વધતો જતો જોઈએ છીએ. બળાત્કારથી મનુષ્યનો આત્મા હણાય છે અને તેની અસર માત્ર તે હણનારની ઉપર જ નહીં પણ વારસો પર ને તેના વાતાવરણ ઉપર પણ પડે છે. બળાત્કારનાં સમગ્ર પરિણામ અને તે પણ લાંબા કાળ સુધીનાં તપાસવાં જોઈએ. બળાત્કાર લાંબા કાળથી ચાલતો આવ્યો છે છતાં આપણે જે જે વસ્તુ વિષે બળાત્કાર વપરાયો છે તે તે વસ્તુને નાબૂદ થયેલી જોતા નથી. ચોરીને સારુ પૂર્વે આકરા દંડ હતા. સહુ અવલોકનશાસ્ત્રીઓનો એવો મત છે કે તેથી ચોરીઓ થતી અટકી નથી. જેમ જેમ સજામાં દયાભાવ દાખલ થતો ગયો છે તેમ તેમ ચોરીઓ ઓછી થઈ છે. ગુનાની સજા કરવા કરતાં ગુનાઓ થવાનાં કારણો શોધી તે નાબૂદ કરવાથી ગુના ઓછા થાય છે.

પણ બળાત્કારથી થતી હાનિનો મોટામાં મોટો પુરાવો તો એ છે કે બળાત્કારથી સુધારો કરવાનો રિવાજ જ્યાં પડી જાય છે ત્યાં લોકો મંદ ને જડ જેવા બને છે ને દરેક બાબતમાં દંડનો જ ઉપયોગ કરવાનો આળસુ ને જંગલી ઈલાજ લેવામાં આવે છે, તેથી માણસ પોતાના બે મોટા કીમતી ગુણો ખોઈ બેસે છે; ધીરજ અને પ્રયત્ન, એટલે આપણને બળાત્કારના ઉપયોગથી શાંતિ મળે છે એવો આભાસ કદાચ આવે તોપણ તેનું એકંદર પરિણામ તો ખરાબ જ છે એમ અગણિત દાખલાઓથી પુરવાર કરી શકાય.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૧૩–૭–૧૯૨૪

Gandhi Heritage Portal

# ૧૯૯. બાળહત્યા

નીચેનો કાગળ[1] મારી પાસે મેં ઘણા દિવસો થયાં સાચવી રાખેલો :

આ કાગળમાંનો કેટલોક વિગતવાળો ભાગ મેં કાઢી નાખ્યો છે. એમાં સૂચવેલા દોષ ક્યાં લગી ખરા છે તે તો પાટીદારો જાણે. હું તેઓમાં ઠીકઠીક વસેલો ગણાઉં છતાં મારો ધંધો ગુણો જાણવાના હોવાથી દોષ જાણવા પ્રયત્ન નથી કર્યો, નથી કોઈએ જણાવ્યા.

પરંતુ કાગળમાંની હકીકત ખરી હોય તો શરમાવા જેવું છે. દીકરીનો જન્મ અપશુકનરૂપ છે એવો પાપી વહેમ આપણામાં સામાન્ય છે. એમાં સ્વાર્થ ઉપરાંત કંઈ પણ કારણ હોય એમ જણાતું નથી, તેની ઉત્પત્તિ ભલે ભયાનક કાળમાં હોય. જ્યારે કન્યાઓનાં હરણ થઈ શકતાં ત્યારે લોકો કન્યાના જન્મથી ત્રાસે એ કંઈક સમજી શકાય એવું છે. આજે એવો ભય નહીં જેવો છે. હોય તોયે આપણે તેનો ઈલાજ લઈ શકીએ છીએ. જન્મથી હર્ષ પામવાનું કંઈ કારણ હોય તો છોકરાનો હોય કે છોકરીનો, બંને સરખા પ્રિય હોવા જોઈએ. સંસારને બંનેની પૂરી જરૂર છે. એક બીજાની પૂરણી છે. ત્યાં એકથી હર્ષ પામવો ને બીજાથી દુ:ખ માનવું એ એ બંનેને નુકસાનકારક છે. સુવ્યવસ્થિત કોમમાં સ્ત્રીપુરુષ બંને જાતિનું પ્રમાણ સરખું હોવું જોઈએ.

કન્યાના બાપને લગ્નમાં બહુ ખર્ચ કરવું પડે છે એ રિવાજ પણ હિંદુ જાતિમાં સામાન્ય છે. પાટીદારોમાં તેણે પ્રચંડ સ્વરૂપ પકડયું હોય એ સંભવે છે. આ ખર્ચ નાબૂદ કરવાની પૂરતી જરૂર છે એ વિષે બે મત ન હોય. બહુ ખર્ચાળ રિવાજથી ગરીબ માબાપ તો બેહાલ જ થાય ને તેઓને સારુ કન્યાના વિવાહ અશક્ય જેવા થઈ પડે ને પરિણામે છોકરીઓને ઝેર દેવાની પ્રથા પડે.

સુણાવના મહેતાજીનો દાખલો[2] અનુકરણીય છે. આ ખાદીના જમાનામાં તો ખાદીની વરમાળાથી જ વિવાહ ઉકેલી શકાય.

લેખકે બધો દોષ ઘરડાઓ ઉપર ઢોળ્યો છે. એમાં કંઈક અતિશયતા હોવી જોઈએ. પણ જો ઘરડા ખરેખર મિથ્યાભિમાનને લીધે ન જ માને એમ હોય તો યુવક મંડળે લગામ પોતાને હાથ ધરવી જોઈએ. યુવકવર્ગ ખર્ચાળ વિવાહમાં ભાગ લેવાની ચોખ્ખી ના પાડે તો વિવાહનું ખર્ચ તુરત અટકે. આમાં નથી અવિનય ને નથી ભારે પ્રયત્નની જરૂર. ખેદકારક હકીકત તો એ છે કે યુવકવર્ગે આજ લગી આવી વસ્તુઓને પોતાના ક્ષેત્રની બહાર ગણી છે. પોતાની કેળવણીને પણ સંસારસુધારાને સારુ વાપરી જ નથી.

પણ હવે જમાનો બદલાયો છે; યુવકવર્ગ વિચારતો થઈ ગયો છે. એટલે આ સુધારો મહાપ્રયાસ વિના થઈ શકે એવો છે. માત્ર અડગ નિશ્ચયની આવશ્યકતા છે.

મને તો બાર ગામની મર્યાદા પણ સાલે છે. હું તો ચાર વર્ણને જ માનું છું. પેટાવર્ણોને મેળવી દેવાની જરૂરિયાત છે. પણ તેને સારુ કાળ જોઈએ. છતાં પાટીદારોના ગામવિભાગ પાડી

૧. આ કાગળ અહીં આપ્યો નથી.

૨. સુણાવની રાષ્ટ્રીય શાળાના એક શિક્ષકના લગ્ન-સમારંભમાં જાનમાં કેવળ દસ માણસો જ હતા; કન્યા તેમ જ વરરાજાએ ખાદીનાં — પોતે કાંતેલ સૂતરમાંથી બનાવેલી ખાદીનાં — કપડાં જ પહેર્યાં હતાં, અને લગ્નનું ખર્ચ માત્ર સો જ રૂપિયા થયું હતું.

Gandhi Heritage Portal

વાડા બાંધવા એ તો વર્ણવિભાગની અતિશયતા છે. આખા ગુજરાતના પાટીદારો વચ્ચે જેને જમણવહેવાર છે તેને બેટીવહેવાર કેમ ન હોય? બાર ગામના સંકેતમાં સંયમ કારણ નથી પણ મિથ્યાભિમાન જ કારણ દેખાય છે. જ્યાં મિથ્યાભિમાન છે ત્યાં પાપ હોય છે. એટલે શાણા અને પીઢ પાટીદારોએ મળીને જોઈતો સુધારો કરી બાળહત્યાનો ને તેના કારણરૂપ જે દોષિત રિવાજો આપણે તપાસી ગયા તેનો પ્રતિબંધ તુરત કરવો ઘટે છે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૧૩–૭–૧૯૨૪

## ૨૦૦. ઇન્દ્ર વિદ્યાવાચસ્પતિને પત્ર

અસાડ સુદ ૧૪ [જુલાઈ ૧૫, ૧૯૨૪]

ભાઈ ઇન્દ્ર,

તમારો પત્ર મળ્યો. મેં [એ વિષયમાં] થોડુંક લખ્યું ત્યાર પછી એ મારા હાથમાં આવ્યો. પણ કોઈને નુકસાન થાય એવું મેં કશું પણ લખ્યું નથી. આશા રાખું છું કે હવે કોઈ કોરટે નહીં જાય અને મામલો થાળે પડી ગયો છે.

મોહનદાસના આશીર્વાદ

શ્રી ઇન્દ્ર વિદ્યાવાચસ્પતિ
अर्जुन ऑफिस
दिल्ही

[મૂળ હિંદી]

મૂળ પત્ર પરથી: સી. ડબલ્યુ. ૪૮૫૭ તથા જી. એન. ૭૧૯૮; શ્રી ચંદ્રગુપ્ત વિદ્યાલંકારના સૌજન્યથી

## ૨૦૧. કુંવરજી ખેતશી પારેખને પત્ર

અસાડ સુદ ૧૪ [જુલાઈ ૧૫, ૧૯૨૪][1]

ચિ. કુંવરજી,

તમારા પૂજ્ય મામાશ્રીના સ્વર્ગવાસના ખબર વાંચી ખેદ થાય છે. તમને તેમની ભારે ઓથ હતી એ હું જાણતો હતો. પણ જન્મમરણ તો આપણા સાથી છે એમ સમજી એકથી હર્ષ ને બીજાથી શોક ન જ કરીએ.

મોહનદાસના આશીર્વાદ

ચિ. કુંવરજી ખેતશી
પારેખ ગોકુળદાસ ત્રિભુવનને ત્યાં
મોરબી

[મૂળ ગુજરાતી]

મૂળ પત્રની નકલ પરથી: સી. ડબલ્યુ. ૬૭૬; નવજીવન ટ્રસ્ટના સૌજન્યથી

૧. પોસ્ટના સિક્કામાં ૧૬ જુલાઈ, ૧૯૨૪ છપાઈ હતી.

Gandhi Heritage Portal

## ૨૦૨. મથુરાદાસ ત્રિકમજીને પત્ર

અસાડ સુદ ૧૫ [જુલાઈ ૧૬, ૧૯૨૪][1]

મારી તબિયતની ચિંતા ન કરવી. મેં પાછો ખોરાક વધાર્યો છે. મારા મનને અત્યારે કોણ ઓળખી શકે? હું પોતે નથી જાણતો તે મને ક્યાં ઉતારશે. મંથન તો ચાલી જ રહ્યું છે. કશો આગ્રહ નથી રાખતો. માત્ર બની શકે તેટલો પવિત્ર રહેવા ને બનવા મથું છું. એટલું જ મારું કર્તવ્ય સમજું છું. પછી તેમાં પ્રભુને ગમે તે રેડે. ઘણે ભાગે યંગ ઇન્ડિયા ને નવજીવન મારા મનની આરસી છે.

[મૂળ ગુજરાતી]

બાપુની પ્રસાદી, પા: ૭૩

## ૨૦૩. મથુરાદાસ ત્રિકમજીને પત્ર

અસાડ સુદ ૧૫ [જુલાઈ ૧૬, ૧૯૨૪][2]

હમણાં બાનું ત્યાં આવવું અશક્ય જેવું છે[3] . . . ત્યાં આવીને પણ શું કરશે? એટલે તેને આગ્રહ કરી મોકલવા નથી માગતો. આણંદને[4] કહેજે મને માફ કરે.

[મૂળ ગુજરાતી]

બાપુની પ્રસાદી, પા: ૭૪

## ૨૦૪. ગંગાબહેન વૈદ્યને પત્ર

અસાડ સુદ ૧૫ [જુલાઈ ૧૬, ૧૯૨૪][5]

પૂ. ગંગાબહેન,

તમારો કાગળ મળ્યો છે. ક્રોધ આવે ત્યારે મનને પૂછવું, "આ બધું કોની ઉપર?" આત્મા નિર્વિકારી હોવો જોઈએ. તે ક્રોધ કોની ઉપર કરે? ક્રોધને રોકવાનો બાહ્ય ઉપાય મૌન છે. શાંતિ થાય પછી જ બોલવું.

પાછલી વાતો ભૂલી જવી જોઈએ. જેમ એઠું અનાજ ન ખાઈએ તેમ ગુજરેલી વસ્તુ સંભારી તેનો સ્વાદ સારો કે માઠો ન જ લઈએ. આજનું સંભાળી લેવું એટલો જ આપણને અધિકાર છે. ભવિષ્યનોયે વિચાર ન કરીએ.

૧. મૂળ પ્રમાણે.

૨. મૂળ પ્રમાણે.

૩. મથુરાદાસ ત્રિકમજીએ પોતાની માતાના કહેવાથી કસ્તૂરબા ગાંધીને મુંબઈ મોકલવા સારુ ગાંધીજીને લખ્યું હતું. પોતાની પત્નીના સીમંત ઉપર તેમણે કસ્તૂરબાને તેડાવ્યાં હતાં.

૪. મથુરાદાસ ત્રિકમજીનાં માતુશ્રી.

૫. બોરીવલીનું પોતાનું ઘર છોડીને ગંગાબહેન વૈદ્યના આશ્રમમાં આવવાના ઉલ્લેખ પરથી સાબિત થાય છે કે આ પત્ર ૧૯૨૪માં લખાયો હતો. એ વરસે અસાડ સુદ ૧૫, જુલાઈની ૧૬મીએ આવતી હતી.

Gandhi Heritage Portal

તમે બોરીવલી ક્રોધથી કે રીસથી નથી છોડવાનાં. એટલે જો તમારા પુત્રની તાણ હોય તો તેને વશ થઈ જઈ આવવું. તમે તેનો કે . . . નો ત્યાગ તો કરવાનાં જ નથી. તમે તો . . .ને માર્ગ આપવાનાં છો કે જેથી તે કોચવાય નહીં ને તમને ઉદ્વેગ ન થાય.

હું આ માસ આખો તો છું જ. ઑગસ્ટનું પણ પહેલું અઠવાડિયું તો ખરો જ.

મોહનદાસના
વંદે માતરમ્

[મૂળ ગુજરાતી]

મૂળ પત્ર પરથી: સી. ડબલ્યુ. ૬૦૧૫; તથા બાપુના પત્રો–૬ ગં. સ્વ. ગંગાબહેનને; શ્રીમતી ગંગાબહેન વૈદ્યના સૌજન્યથી

## ૨૦૫. વસુમતી પંડિતને પત્ર

સાબરમતી,
અસાડ સુદ ૧૫ [જુલાઈ ૧૬, ૧૯૨૪][૧]

ચિ. વસુમતી,

તમારો કાગળ મળ્યો. નવા ઉપચારની અસર જણાવતાં રહેજો. ઑગસ્ટ આખો કદાચ અહીં જ રહેવાનું થાય. હજીરા તમે જાઓ એ તો મને બહુ ગમશે. ત્યાંને સારુ હું તજવીજ કરું? પંજાબ તો ઑક્ટોબર માસ પછી જવાથી સારું રહે. ફળ શું મળે છે ને ખાઓ છો?

બાપુના આશીર્વાદ

વસુમતીબહેન

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્ર પરથી: સી. ડબલ્યુ. ૪૫૦; શ્રીમતી વસુમતી પંડિતના સૌજન્યથી

## ૨૦૬. મથુરાદાસ ત્રિકમજીને ચિઠ્ઠી[૨]

[જુલાઈ ૧૬, ૧૯૨૪ આસપાસ][૩]

કૉંગ્રેસ મને કાઢી મૂકે તો મારે તે નમ્રભાવે સાંખી લેવું જોઈએ; પણ મારાથી એકે પક્ષ ઉપર પ્રહાર ન કરાય.

[મૂળ ગુજરાતી]

બાપુની પ્રસાદી, પા. ૭૩

૧. ટપાલના સિક્કામાં સાબરમતી, ૧૭મી જુલાઈ ૧૯૨૪ છે.

૨. મથુરાદાસના પત્રના જવાબમાં મૌનવારે આ ચિઠ્ઠી લખાઈ હતી. મથુરાદાસે ગાંધીજીને કૉંગ્રેસ છોડી દેવાનું લખ્યું હતું, કેમ કે એમાં અંદર અંદરના ઝઘડા હતા.

૩. મૂળ પ્રમાણે.

Gandhi Heritage Portal

# ૨૦૭. નોંધ

## કોકિલકંઠી સરોજિની

આ દેશની પ્રતિભાશાળી પુત્રીએ કરેલા અદ્ભુત કાર્ય વિષે દક્ષિણ આફ્રિકાથી મારા પર આવેલા અનેક પત્રો[1] યંગ ઇન્ડિયાના વાચકોએ વાંચ્યા છે. શ્રી પી. કે. નાયડુના એક પત્રમાંનું એક વાકય હું તેમને માટે અહીં ઉતારું છું:

> અહીંનું એમનું કાર્ય અદ્ભુત હતું. એમના આંજી નાખે એવા વ્યક્તિત્વે અને મનોહર વક્તૃત્વે આપણે માટે સેંકડો નહીં પણ હજારો યુરોપિયન મિત્રો જીતી આપ્યા છે અને સ્મટ્સ સરકારને પણ હચમચાવી મૂકી છે.

એટલે એમને માન આપીને આ દેશ પોતાનું જ સન્માન કરી રહ્યો છે. મારી પોતાની વાત કરું તો મારે કબૂલ કરવું જોઈએ કે એમના આવવાથી હું ઘણી રાહત અનુભવું છું. કેમ કે હિંદુમુસ્લિમ એકતા વધારવામાં હું મારો નમ્ર ફાળો આપી શકું એમ છું એવું માનવા છતાં મને લાગે છે કે ઘણી બાબતોમાં તેઓ મારા કરતાં ઘણું સારું કામ કરી શકે તેમ છે. કારણ એ છે કે એમને મારા કરતાં વધારે મુસલમાનોનો અંગત પરિચય છે. તેઓ મુસલમાનોનાં હૃદય સુધી પહોંચી શકે છે, જે કરી શકવાનો ડોળ હું કરી શકું તેમ નથી. એમની આ લાયકાતોમાં એ વાત પણ ઉમેરો કે તે પોતે સ્ત્રી છે. આ એમની મોટામાં મોટી લાયકાત છે, અને એ બાબતમાં કોઈ પુરુષ એમની બરોબરી કરી શકે એમ નથી. કેમ કે સુલેહસંપ સ્થાપવો એ સ્ત્રીનો એક વિશિષ્ટ અધિકાર છે. પોતાની જાતિનો આ ખાસ ગુણ સરોજિની દેવીએ પ્રયત્નપૂર્વક કેળવ્યો છે. ૧૯૨૧નાં મુંબઈનાં શરમજનક રમખાણો વખતે એમનો આ ગુણ સોળે કળાએ ખીલ્યો હતો. એમની અંગત બહાદુરી અને અથાગ કાર્યશક્તિએ સૌ કોઈને પ્રેરણા આપી હતી. તેઓ જ્યાં જ્યાં ગયાં ત્યાં ત્યાં તોફાનીઓએ હથિયાર હેઠાં મૂકયાં હતાં. પૂર્વ આફ્રિકામાં અને દક્ષિણ આફ્રિકામાં તો તેઓ શાંતિનાં સાક્ષાત્ દેવી નીવડયાં છે. હિંદુસ્તાન એમનું સારામાં સારું સ્વાગત, ઈશ્વરને એવી પ્રાર્થના કરીને કરી શકે કે શાંતિ સ્થાપનાનું એમનું ધર્મકાર્ય ચાલુ રાખવા એમને બળ મળે અને તેઓ બંને કોમો વચ્ચેની અતૂટ એકતા સ્થાપવાનું સાધન બની રહે. જે કામમાં અમે સબળા કહેવાતા પુરુષો નિષ્ફળ ગયા છીએ તેમાં અબળા કહેવાતી સ્ત્રીજાતિને સફળતા મળે એવી મારી શુભેચ્છા છે.

ઈશ્વર અભિમાનીને નહીં પણ નિરભિમાનીને પોતાની સેવાનું સાધન બનાવે છે, પુરુષ સંહાર કરી જાણે છે, સર્જન કરવું એ સ્ત્રીના ખાસ અધિકાર છે. તો હિંદુઓ અને મુસલમાનો વચ્ચે સાચી એકતા સ્થાપવાનું ઈશ્વરી સાધન સરોજિની દેવી બનો એવી મારી પ્રાર્થના છે.

## દિલ્હી અને નાગપુર

દિલ્હીએ પોતાની આબરૂ ગુમાવી છે. દિલ્હીના દંગા બતાવી આપે છે કે ત્યાં હવે અસહકાર બિલકુલ રહ્યો નથી, કેમ કે સરકાર સાથે અસહકાર કરીએ એનો અર્થ એ છે કે લોકોમાં પરસ્પર સહકાર હોવો જોઈએ. પરંતુ ગયે અઠવાડિયે દિલ્હીમાં સરકાર સાથેના

૧. જુઓ પુસ્તક ૨૩, પા. ૩૯૫-૬.

Gandhi Heritage Portal

અસહકાર કરતાં પરસ્પરનો અસહકાર વધારે હતો. કૉંગ્રેસવાળા અને ખિલાફતવાળા, લોકોને શાંત પાડી શકયા નહોતા. એ કામ પોલીસ અને લશ્કર માટે અનામત રખાયું હતું. એટલે યશ એમને ભાગે, અને નામોશી આપણે ભાગે હતી. મારા પર આવેલા પત્રો ઉપરથી જણાય છે કે આપણા સ્વયંસેવકો શાંતિ સ્થાપવાના પ્રયત્નોમાં ફાવ્યા નહીં, એટલે એમણે એનાથી બીજા નંબરનું ઉત્તમ કામ એટલે ઘવાયેલાઓની સારવાર કરવાનું કામ પસંદ કર્યું. આ લોકો પોલીસના મારથી નહીં પણ અંદરઅંદર લડવાથી ઘવાયેલા હતા.

કહે છે કે એક મુસલમાન છોકરા પર કેટલાક હિંદુઓએ હુમલો કર્યો, તેમાંથી આખો મામલો ઊભો થયો. એ છોકરો મરી ગયો હોત તોપણ દંગો કરવાની શી જરૂર હતી? દુભાયેલા મુસલમાનો તાજેતરમાં જ નિમાયેલા લવાદપંચ મારફતે અથવા સરકારી અદાલતો મારફતે એનો ન્યાય કરાવી શકતા હતા.

માની લો કે કેટલાક હિંદુઓએ એક મુસલમાન છોકરાને માર્યો, અને તે કારણે કેટલાક મુસલમાનોએ હિંદુઓને માર્યા. એનો બીજા હિંદુઓએ, પછી તેઓ ગમે તે હોય, બદલો શા માટે લીધો? આમ લખવાનું કારણ એ છે કે મને મળેલા પત્રોમાં લખ્યું છે કે આ લડાઈ હિંદીઓના આખા લત્તામાં ફેલાઈ હતી. એ જ પત્રોમાં એમ પણ લખ્યું છે કે લડાઈ આ રીતે આખા લત્તામાં ફેલાઈ હોવા છતાં મુખ્ય વસ્તી એનાથી અલિપ્ત રહી હતી અને એવું પણ બન્યું હતું કે હિંદુઓએ મુસલમાનોને અને મુસલમાનોએ હિંદુઓને આશ્રય આપ્યો હતો. આ બધું બેશક પ્રશંસનીય છે તેમ છતાં એ હકીકત સાચી છે કે દિલ્હીની મુખ્ય વસ્તી ટોળાને કાબૂમાં રાખી શકી નહોતી. વસ્તીના તોફાની તત્ત્વ પર આપણે હજી કાબૂ મેળવ્યો નથી.

નાગપુરની દશા આનાથી સારી નથી. અત્યાર સુધીમાં બહુ થોડી વિગતો મળી છે. તેમ છતાં જે બની ગયું તે ઉપરથી એટલું જોઈ શકાય છે કે નાગપુરના હિંદુઓ અને મુસલમાનો પોતે સંપી જઈને સરકાર સામેની લડતમાં (જોકે એ અહિંસક જ હોવી જોઈએ) જોડાવા કરતાં આપસમાં નિરંકુશ રીતે લડવામાં વધારે લાભ સમજે છે.

આમ, દિલ્હી અને નાગપુરમાં બનેલા બનાવો ઉપરથી આમજનતાના મિજાજનું જો કોઈ પ્રમાણ મળતું હોય, તો આપણે લાંબા સમય સુધી હિંદુમુસ્લિમ એકતાની આશા છોડી દેવી પડશે અને એ કારણે આઝાદ બનવાનો પ્રયત્ન કરવાને બદલે ગુલામો તરીકે જીવવાનું કબૂલ રાખવું પડશે.

પણ હું નિરાશ થતો નથી. મૌલાના શૌકતઅલીની માફક હું પણ માનું છું કે આ ઝઘડા બંને કોમોની એક અલ્પજીવી અસ્વસ્થતા છે અને નજીકના ભવિષ્યમાં આ બંને કોમો સ્વસ્થ થઈને એક શાંતિમય કાર્યક્રમના અમલમાં મચી પડયા વિના રહેવાની નથી.

અને જો આપણે આવા કોઈ કાર્યક્રમનો અમલ કરવા લાગી જવું હોય, તો દિલ્હી અને નાગપુર બંને સ્થળોના કૉંગ્રેસીઓ અને ખિલાફતીઓને મારી સલાહ છે કે ગમે તે બન્યું હોય તોપણ બેમાંથી એકેય પક્ષે અદાલતમાં નહીં જતાં લવાદ મારફતે ઝઘડા પતાવવા. વકીલો પોતે વકીલાત કરતા હોય કે ન કરતા હોય, આ દિશામાં ઘણી મદદ આપી શકે. તેઓ એટલું જ કરે કે કેસોને અદાલતોમાં લઈ જવાની ના પાડી દે અને લાગતાવળગતાને સમજાવે કે અદાલતમાં જવાથી કશો લાભ તો થવાનો નથી જ, પણ ઘણું નુકસાન થવાનો સંભવ છે. તેઓ એમને એમ પણ કહી શકે કે જો તમારે સાચી શાંતિ જોઈતી હોય તો તે તમને અદાલતો મારફતે મળવાની નથી.

Gandhi Heritage Portal

## બડા બજારના મહાસભાવાદીઓ[1]

જ્યારે મેં કલકત્તા બડા બજારના મહાસભાવાદીઓ વચ્ચે ચાલેલ મારામારીની હકીકત પહેલવહેલી વાંચી ત્યારે તે માનવા હું તૈયાર નહોતો. પણ સદરહુ કિસ્સો નજરે જોનાર જુદા જુદા મહાસભાવાદીઓએ લખેલા એકબે નહીં પણ ત્રણ પત્રો મારા પર આવ્યા અને એ બધામાં એ વાતની સાક્ષી પૂરેલી જોઈ ત્યારે મારો ઉપાય રહ્યો નહીં. મારા પરના કાગળોમાં લખ્યું છે કે ખાસી મારામારી ચાલેલી અને તે મહાસભાનો કોઈ ઉદ્દેશ પાર પાડવા ખાતર નહીં પણ સમિતિ હાથ કરવા ખાતર!

ત્રણે કાગળ લખનારા પોતાને નાફેરવાદી કહેવડાવનારા છે. કાગળો વાંચીને કોઈ એક પક્ષને નિશ્ચયપૂર્વક દોષી ઠરાવી શકાય તેવું નથી. સ્વરાજીઓ તરફની હકીકતમાં નાફેરવાદીઓ ઉપર જ બધો દોષ ઢોળવામાં આવે એ વિષે પણ મને શંકા નથી. એક જ વાત મારી સમજમાં નથી આવતી અને તે એ કે અહિંસાવાદી તરીકે ગણાવવામાં આવતા કોઈ પણ સંઘ કે મંડળને કબજે કરવામાં કોઈ પણ પક્ષથી બળજોરી વાપરી જ કઈ રીતે શકાય? પત્રો લખનાર કહે છે કે તેઓ પોતે "મારા અનુયાયી" છે. જો તેઓ પોતાને "મારા અનુયાયી" કહેવડાવીને પોતાને અહિંસાના પૂજારી ગણાવવાનો તેમનો દાવો હોય તો તેમણે અથડામણનો દરેક પ્રસંગ ટાળવો જોઈએ. આને સારુ તેમણે મહાસભાને અગર તો તેની કોઈ પણ સમિતિને બળ વાપરીને કબજે કરવાના કોઈ પણ પ્રયત્નથી દૂર રહેવું જોઈએ.

મને પત્ર લખનારા જણાવે છે કે જોકે બડા બજારમાં નાફેરવાદીઓની ચોખ્ખી બહુમતી છે છતાં સ્વરાજીઓ તેમની સભાઓમાં ગિરદી કરવાના અગર તો તેમની સભાઓમાં ભંગાણ પાડવાના અને એ રીતે મહાસભાના તંત્ર ઉપર પોતાની સત્તા ચલાવવાના. ધારો કે આ બધા આરોપો સત્ય હોય તોપણ નાફેરવાદીઓની પાસે તો એની સામે પણ અહિંસાત્મક ઇલાજ પડેલો જ છે. તેમણે સ્વરાજીઓવાળી સભામાં જવાનું જ બંધ કરી દેવું અને પોતાનો કાર્યક્રમ ચલાવવાને માટે પોતાનું સ્વતંત્ર મંડળ ઊભું કરવું. એટલું સાચું કે આમ કરવાને સારુ તેમનું લક્ષ પોતાનો કાર્યક્રમ પાર ઉતારવાની ઉપર જ હોવું જોઈએ, મહાસભાને કબજે કરવા ઉપર નહીં. હું વચન આપું છું કે જો નાફેરવાદીઓ કામમાં પરોવાઈ જશે તો સ્વરાજીઓને તેમના વગર ચાલવાનું નથી. ઈશ્વર એક જ છે. ધ્યેય પણ એક જ છે. સાધન પણ એક જ છે. આપણો રોગ સામાન્ય છે. તેથી તેના ઇલાજમાં પણ સરખાપણું હોવું જ જોઈએ. સરકારનો ઇલાજ કરવાનો હોય કે સ્વરાજીઓનો, આપણી પાસે તો એક જ રામબાણ છે અને તે અહિંસાત્મક અસહકાર. તેથી "મારા અનુયાયી"ઓને તો એ જ છાજે કે તેમણે કામ કરનારું પોતાનું મંડળ જમાવવું અને વાતો કરવાનું છોડી દેવું. તેમણે સેવા કરીને જ પ્રજાના અંતઃકરણને જઈ વળગવું જોઈએ. આ દલીલ નાફેરવાદીઓને ઉદ્દેશીને હું એટલા સારુ કરી રહ્યો છું કે જે કંઈ બન્યું તે સામે પોકાર ઉઠાવનાર તેઓ છે અને પોતે "મારા અનુયાયી"ઓ તરીકે લખે છે. હું તો સ્વરાજીઓ સામે તેમણે કરેલા આરોપોને માનવાની અગર ન માનવાની બંને વાતની ના પાડું છું. હું તો સ્વરાજીઓને પણ "મારા અનુયાયી"ઓમાં ગણું છું કારણ કે તેઓ પણ નાફેરવાદીઓના જેટલા જ મહાસભાના ધ્યેયના પૂજારી હોવાનો દાવો કરે છે. જો

૧. આ પેટામથાળાવાળા ભાગનું ભાષાંતર નવજીવનનો વધારો, ૨૪-૭-૧૯૨૪ના અંકમાંથી આપવામાં આવ્યું છે.

Gandhi Heritage Portal

તેઓ કહે — અને મારી ખાતરી છે કે તેઓ કહેવાના — કે જે કંઈ બન્યું તેમાં પોતાનો દોષ હતો જ નહીં તો તેમને પણ હું મારા નાફેરવાદી "અનુયાયી"ઓને મેં ઉપર સૂચવ્યો તે જ ઈલાજ સૂચવું. "મારા અનુયાયી" સામા પક્ષ તરફથી જવાબ મળવાની આશા ઉપર બેસી જ ન રહે. કારણ તેમને સામો ઘા તો કરવો જ નથી. અને જેને સામા થવું નથી તેઓ બદલાની પણ આશા રાખતા નથી. આમ તેઓ કદી જ પછડાતા નથી. સાવ સ્થૂળ ભાષામાં આ વાત મૂકું તો કહું કે જેને કાંતવાની, અગર તો હિંદુમુસલમાન એકતા વધારવાની અગર તો પોતે હિંદુ છે અને અસ્પૃશ્યતાનું કલંક ધોવાની ખરી તાલાવેલી લાગી છે તો તે શું કોઈ સંઘ કે મંડળ સ્થપાવાની રાહ જોઈને બેસી રહેવાનો છે? સંઘો જોઈએ તો એની સેવાની માગણી કરે અને તે રાજી થઈને જ્યાં જોઈએ ત્યાં તેવી સેવા આપે પણ ખરો.

એક સ્વરાજી મિત્રે મને કહ્યું કે મહારાષ્ટ્રમાં તો નાફેરવાદીઓ કેવળ પશુબળના જોર ઉપર જ પોતાની બહુમતી ટકાવી રહ્યા છે અને બિહારમાં તેમણે જ મારામારી કરવામાં પહેલ કરેલી. આ સાચું હોય તો ત્યાંના નાફેરવાદીઓને હું માફી માગવા અને જ્યાં જ્યાં ક્યાંય તેમણે તેવા પશુબળના જોર ઉપર અગર તો બીજા એવા જ મલિન ઉપાયો વડે સમિતિની જગ્યાઓ મેળવી હોય તે બધી ખાલી કરી દેવા અને છતાં પોતાને ભાગે આવેલું કામ બરાબર બજાવ્યે જવા કહું. મહાસભાની પ્રતિષ્ઠા પોતાની પાછળ ન હોય તો આપણાથી આજે પરિણામકારક સેવા ન થઈ શકે એમ માનવું એ ચોખ્ખો વહેમ છે.

## એક પગલું આગળ[1]

ગુજરાત પ્રાંતિક સમિતિએ મહાસમિતિનો ફરજિયાત કાંતવા બાબતનો ઠરાવ સ્વીકારવા ઉપરાંત એક પગલું આગળ ભર્યું છે, અને ઠરાવ કર્યો છે કે પ્રાંતના બધા નિયુક્ત મંડળોના સભ્યોએ પહેલે મહિને ૩,૦૦૦ વાર સૂતર આપવું, તથા બીજે મહિને ૫,૦૦૦ વાર ફરજિયાત કરી શકાય કે કેમ તેનો વિચાર કરવો. વળી એ સમિતિએ મહાસમિતિના ઠરાવમાંથી મૂળના શિક્ષાના નિર્બંધનો ભાગ જે ઊડી ગયો હતો તે કાયમ કીધો છે. મારો હમેશ એવો અભિપ્રાય રહ્યો છે કે દરેક પ્રાંતિક સમિતિને મહાસમિતિના ઠરાવોથી આગળ વધવાનો અધિકાર છે. હું તો એમ માનું છું કે જે જે પ્રાંતમાં એમ કરવાની શક્તિ હોય તેણે તેમ કરવાની પોતાની ફરજ સમજવી. ૨,૦૦૦ વાર સૂતર એ તો દરેક પ્રતિનિધિએ મહાસભાને આપવાનું લવાજમ છે. એથી વધારે આપવામાં પુણ્ય છે. અને જે લવાજમ ન ભરે તે સભ્યને બાતલ કરવામાં કશું જ ખોટું નથી. એટલે બીજા પ્રાંતો જો ગુજરાતનું અનુકરણ કરી શકે તો જરૂર કરશે એમ આશા રાખું છું. મહાસભાના પ્રતિનિધિઓની કાંતવા વિષેની શ્રદ્ધા કેટલી છે તે ૧૫મી ઑગસ્ટે ચોક્કસ જણાઈ આવશે. તેઓ યાદ રાખે કે કર્મ વિના શ્રદ્ધા એ આત્મા વિનાની કાયા જેવી છે — દાટવા અથવા બાળવા લાયક શબવત્.

દરેક પ્રાંતમાં કાંતવાની વ્યવસ્થા કરવાનો ભાર પ્રાંતિક સમિતિઓ ઉપર છે. તેમણે પ્રતિનિધિઓનાં નામ જાણી લેવામાં અને સાધન અથવા જ્ઞાનને અભાવે તેઓ પોતાનું કર્તવ્ય ન ચૂકે એવી તજવીજ કરવામાં બિલકુલ વિલંબ ન કરવો જોઈએ. આપણી નિરાધાર દશા દયાજનક છે. આપણે માથે ઝઝૂમતી આફતમાંથી તો જ બચી શકીશું, જો એક વાર આપણો દેશ કાંતનાર અને વણકરોનો દેશ હતો તેવો તેને પાછો બનાવી મૂકીએ. આ વાત મહાસભાએ

૧. આ પેટામથાળાવાળા ભાગનું ભાષાંતર નવજીવન, ૨૦–૭–૧૯૨૪ના અંકમાંથી આપવામાં આવ્યું છે.

Gandhi Heritage Portal

કાગળ ઉપર તો સ્વીકારી છે જ. હવે તેના તમામ પ્રતિનિધિઓ કુશળ પીંજારા અને કાંતનારા બની જાય, કાંતવાનું શાસ્ત્ર હસ્તગત કરે, અને પોતપોતાના જ જિલ્લાને તૈયાર કરે.

અર્ધા કલાકની મહેનત એ તો પ્રથમારંભી છે પણ આરંભ કરતાં અનેક વાતોનું ધ્યાન રાખવું ઘટે છે. રૂ ભેગું કરી જુદું પાડવું, પીંજીને તેની પૂણી કરવી, અને તેને કાંતવું. ભેગું થયેલું સૂતર પ્રાંતને મથકે તપાસવું જોઈશે. રેંટિયા બરોબર હોવા જોઈએ. સારો રેંટિયો અને સારી ત્રાક હશે તો મહેનત ઘણી બચશે અને કાંતવામાં મજા આવશે.

પ્રતિનિધિઓની કાંતવાની ફરજ તો જાણે મહાસમિતિ અને પ્રાંતિક સમિતિના ઠરાવને લીધે છે પણ ખરી રીતે તો કાંતવાની ફરજ તો સૌ કોઈની છે, પછી તે મહાસભાવાદી હોય કે ન હોય. દરેક ઉત્સાહી કાર્યકર્તાએ કાંતવાનાં મંડળ બનાવી તેના દરેક સભ્ય પાસે બની શકે તેટલું સૂતર કંતાવીને ખાદી મંડળના મંત્રીને મોકલવું ઘટે.

### ખબરદાર ![1]

ગુજરાત અત્યાર સુધી આંધ્ર, પંજાબ અને બિહારમાંથી પુષ્કળ ખાદી લેતું આવ્યું છે. આરંભમાં જ્યારે ગુજરાતમાં બિલકુલ ખાદી ઉત્પન્ન થતી નહોતી અને આ પ્રાંતોને ઉત્તેજન આપવાની જરૂર હતી ત્યારે કદાચ આમ પારકા પ્રાંતમાંથી ખાદી લાવવી એ જરૂરનું હોય. પણ એ પ્રથા તો દૂષિત જ છે. ખાદીનું મૂળ તત્ત્વ જ એ છે કે દરેક ગામને અન્ન અને વસ્ત્રના સંબંધમાં સ્વાશ્રયી બનાવી દેવું, એટલે દરેક પ્રાંતે પણ સ્વાશ્રયી બનવું રહ્યું. જો તે બીજા પ્રાંતમાંથી ખાદી મગાવે તો સ્વાશ્રયી ન થઈ શકે. કારણ એક તો એ છે કે આવો પ્રાંત દુકાળની સામે ટકી શકે એમ નથી. નિકાસ કરતા પ્રાંતને પણ આ પ્રથાથી હાનિ છે. ઉત્પત્તિ અને વેચાણમાં સડો દાખલ થશે અને હાથે કાંતેલા સૂતરને બદલે મિલનું કાંતેલું સૂતર વાપરવાની ભારેમાં ભારે લાલચ રહેશે. મને હમણાં મછલીપટ્ટમથી એક પત્ર મળ્યો છે જેમાં લખ્યું છે કે વેપારીઓ હાથે કાંતેલું સૂતર ભરી રાખી નિકાસને માટે તેને વણાવી રાખવાની ટેવ પાડવા લાગ્યા છે. પત્રમાં એમ પણ લખેલું છે કે કાંતનારા પોતે હાથે કાંતેલા સૂતરની ખાદી પહેરવાને બદલે હમેશાં મિલનું કપડું જ વાપરે છે. એટલે ખાદીમાં આવી ઘાલમેલ ન ચાલે એ વિષે કાર્યકર્તાઓએ બહુ સાવધાનતા રાખવાની જરૂર છે. પેલા કાંતનારાઓને તો શુદ્ધ ખાદી તેમને માટે મફત વણી આપીને જ પહેરાવી શકાય. કેટલાક વખત સુધી એક વાર શુદ્ધ ખાદીના કરતાં વાર મિલનું કપડું વધારે સોંઘું મળવાનું. જે ગરીબ કાંતનારાઓ કેવળ પોતાના નિર્વાહને માટે કાંતે છે તેઓ દેશભક્તિની દલીલને અથવા દેશનાં નાણાં બચવાની દલીલને કાને નથી ધરવાના. તેમને તો માત્ર તેમનાં પોતાનાં ખિસ્સામાં પાંચ પૈસા પડવાની વાત કરશો તો ગળે ઊતરશે. અને જો તેમને પોતાનું સૂતર મફત વણી દેવામાં આવે તો તેઓ તે જરૂર પહેરવાના. આ કામ પાકે પાયે અને સસ્તું થાય એટલા માટે અનેક જુવાનોને કાંતવાની જ નહીં પણ વણવાની જરૂર રહેશે કે જેથી તેઓ પોતાની ગરીબ બહેનોને માટે વણી આપી શકે. અને મહાસભા જ્યાં સુધી મુખ્યત્વે ખાદીપ્રચાર સંસ્થા થઈ જાય નહીં ત્યાં સુધી આ બધી વસ્તુ બનવી કઠણ છે.

પણ ઉપરની દલીલથી એમ ન સમજવું કે ખાદી પરપ્રાંતમાં મોકલવી જ બંધ કરવી. આંધ્રના ખૂબીદાર વણાટની તો હમેશાં માગ ચાલુ રહેવાની જ. પણ એવી રીતે પરપ્રાંતમાંથી

૧. આ પેટામથાળાવાળા ભાગનું ભાષાંતર નવજીવન, ૨૭-૭-૧૯૨૪ના અંકમાંથી આપવામાં આવ્યું છે.

Gandhi Heritage Portal

કાપડ મગાવવું, વેચવું એ ખાનગી વેપારીઓ ઉપર જ છોડી દેવું જોઈશે. મહાસભા તો જે વસ્તુની કાળજીથી માવજત કરવી જોઈએ તેવી વસ્તુ જ હાથમાં લઈ શકે.

### વધારામાં મોઢે ડૂચા

એક અંગ્રેજ મિત્ર લખે છે:

માત્ર એક અઠવાડિયા પહેલાં જ એક મિત્રને મેં લખેલું કે "ગાંધીએ જ્યારે રેંટિયાની ભલામણ કરી ત્યારે એની સાથે બુકાનીની એટલે કે મોઢે ડૂચા મારવાની ભલામણ કરવાનું તેઓ ભૂલી ગયા." આપને યાદ હશે કે મારા એક ભાષણમાં મેં કહેલું કે નવરાશનો અથવા ફાલતુ સમયનો દુરુપયોગ એ હિંદુસ્તાનનું મોટામાં મોટું દૂષણ છે, અને તે દૂર કરવા માટે મેં બાગકામ, સુથારીકામ, ફોટા પાડવા, ઇતિહાસ, તત્ત્વજ્ઞાન જેવા વિષયોના ગ્રંથો વાંચવા વગેરે શોખ કેળવવાની સલાહ આપી હતી. આ દેશના લોકોનો નવરાશનો બધો સમય મૂર્ખાઈ-ભર્યાં અને માલ વગરનાં ગપ્પાં મારવામાં વીતે છે. તેઓ પુસ્તકો વાંચતાં, અવલોકન કરતાં, નવું નવું શીખતાં અને એ બધું જીવનમાં ઉતારતાં શીખ્યા નથી. આનો ઉપાય એ છે કે શાળાઓ અને કૉલેજોમાં દરેક જાતના વિષયો ઉપર વિદ્યાર્થીઓ પાસે સતત રીતે નિબંધો લખાવવા. એને માટે એમને પુસ્તકો વાંચવાની અને એમાંની માહિતી પચાવવાની, વિચારોનું નિરૂપણ કરવાની અને તેમને સુસંગત રૂપમાં ગોઠવવાની ફરજ પડશે.

મોઢું બંધ રાખવાના આ મિત્રના સૂચન સાથે સંમત થતાં મને સંકોચ થતો નથી. આપણને વધારેપડતું બોલવાનો અને લખવાનો રોગ લાગુ પડ્યો છે એ બાબતમાં સંદેહ નથી. આપણા બોલવાલખવામાં સરકારને કે આપણા વિરોધીને ગાળો દેવામાં આવી નથી હોતી ત્યારે એ સંભાષણ કે લખાણ પોકળ હોય છે. મેં તો કહ્યું જ છે કે બોલવાનું કામ મૌલાના શૌકતઅલી અને મારા ઉપર છોડી દો. બાકી રહ્યું લખવાનું કામ. એ તો હું કરી જ રહ્યો છું. ટીકા કરનાર મિત્ર અંગ્રેજ છે તેટલા જ કારણે એમના અભિપ્રાયની કિંમત આપણે ઓછી ન આંકવી જોઈએ. સંજોગવશાત્ એ ભાઈ "ગુનેગાર" પણ છે, કેમ કે જે રાજ્યતંત્રનો નાશ કરવા આપણે મથી રહ્યા છીએ તેને ચલાવવામાં તેઓ ભાગ લઈ રહ્યા છે. પરંતુ આ અંગ્રેજ "ગુનેગારો" પ્રત્યે, તેઓ આ તંત્ર ચલાવતા હોવા છતાં, મારા મનમાં વેરભાવ નથી, એટલે એમના શાસનતંત્ર સામે મારો વિરોધ હોવા છતાં (એમાંના કેટલાકને મારો આ વિરોધ ગાંડપણ લાગતો હોય છતાં) તેઓ મારી દોસ્તી રાખી રહ્યા છે. એટલા માટે વાચકને મારી વિનંતી છે કે તે આ મિત્રની ટીકાને ઘટતું મહત્ત્વ આપે. નિબંધ લખવાનું અમુક અંશે જ લાભદાયી છે. નિબંધ લખવાથી માણસ ટૂંકું લખતાં શીખે એવું હમેશાં બનતું નથી. એને માટે તો એણે થોડામાં ઘણું કહેવાની કળા કેળવવી પડે છે. પોતે ઇચ્છે તો દરેક જણ પોતાના બધા વિચારોને એટલા ટૂંકાવી શકે કે એ લખવામાં ફૂલ્સ્કૅપનું એક બાજુનું માત્ર અડધું જ પાનું વપરાય.

એક વાર આવું જ પરાક્રમ કરી બતાવવા મોર્લીએ ગોખલેને કહ્યું હતું. અને ગોખલેએ એ કરી બતાવ્યું હતું. કોઈએ વાંચ્યાં ન હોત એવાં ૫૦ પાનાં લખતાં એમને જેટલો સમય લાગ્યો હોત તેના કરતાં આ લખતાં એમને વધારે સમય લાગ્યો હતો. શંકરે ब्रह्म सत्यं जगन्मिथ्यानो પોતાનો આખો જગપ્રસિદ્ધ સંદેશો શ્લોકના એક જ ચરણમાં આપ્યો છે. પરંતુ ખરી તપસ્યા

Gandhi Heritage Portal

બોલવાલખવાની વૃત્તિને કાબૂમાં રાખવામાં રહેલી છે. આવી તપસ્યા કરનાર મનુષ્ય ન છૂટકે જ બોલશે અથવા લખશે.

પરંતુ હકીકત એ છે કે કાંતણમાં મોઢું આપોઆપ જ બંધ રહે છે. પુરુષ અથવા સ્ત્રીને જ્યારે કાંતવાની લગની લાગે છે ત્યારે બીજી કોઈ પ્રવૃત્તિ માટે તેની પાસે સમય જ રહેતો નથી. બીજું, આ અંગ્રેજ મિત્ર આપણે જેવી લાગણી અનુભવીએ છીએ તેવી લાગણી અનુભવતા નથી. આપણા દેશના લોકોની સ્થિતિ આપણે જાણીએ છીએ તે રીતે તેઓ જાણતા નથી. એટલે કાંતણ પ્રવૃત્તિને તેઓ નવરાશનો સમય ગાળવા માટેના અનેક શોખો પૈકીના એક શોખ તરીકે જ ગણાવી શકે. પરંતુ કાંતણ પ્રવૃત્તિને આપણે, જે જમાનામાં અને જે દેશમાં આપણે રહીએ છીએ તેને માટેનું એક પવિત્ર કર્તવ્ય માનીએ છીએ. તેથી આ હકીકતને લીધે એ પ્રવૃત્તિ ખાસ મહત્ત્વ ધરાવે છે, અને એને બીજા વ્યવસાયોની કોટીમાં મૂકી શકાય નહીં. અંગ્રેજોને જ્યારે આ હકીકતનું ભાન થશે ત્યારે તેઓ એક પારકા દેશમાં રહેતા શોષણ કરનારા પારકા લોકો તરીકે મટી જશે. પછી તો તેઓ પણ કાંતવા માંડશે, અને તે કુતૂહલ કે શોખને ખાતર નહીં હોય, પણ જે દેશનું પોતે અન્ન ખાય છે તેના પ્રત્યેના કર્તવ્ય તરીકે હશે. પરંતુ એમની પાસેથી આવી અપેક્ષા રાખતાં પહેલાં આપણે કામ કરી બતાવીને રેંટિયા પ્રત્યેની આપણી શ્રદ્ધા પુરવાર કરવી જોઈએ.

### લોકોનું બજાર

ચંપારણમાં વસતા લોકો આ દેશના સૌથી ભીરુ લોકો પૈકીના છે. હજુ હમણાં જ એમણે ટટાર ઊભા રહેવાનો પ્રયત્ન આરંભ્યો છે. ચંપારણમાં નાના નાના સરકારી અધિકારીઓ આબરૂદાર લોકોનું અપમાન કરતા હોય કે એમને માર મારતા હોય એ દૃશ્ય આજે પણ અસાધારણ નથી. અત્યારે બેતિયા ગામમાં એક લોક-બજાર સ્થપાયું છે અને રાજ્યે સ્થાપેલા બજારનો લોકોએ ત્યાગ કર્યો છે. આ શી રીતે બન્યું તેનું વર્ણન કરતો એક ટૂંકો હેવાલ બાબુ રાજેન્દ્રપ્રસાદે મને મોકલી આપ્યો છે. આ બાબતમાં લોકોને જે જુલમ સહન કરવો પડયો છે તેની ચર્ચામાં હું ઊતરવા માગતો નથી. પરંતુ એ અંગેના એક બનાવને હું નજીવો ગણી શકતો નથી. એવા ખબર છે કે સરકારી અધિકારીઓની ઉશ્કેરણીથી કેટલાક લોકો એવી અફવા ફેલાવી રહ્યા છે કે લોક-બજારો સ્થપાય એ વાત મને પસંદ નથી. આ અફવા ખોટી છે એમ હું બેધડક કહું છું. સાચું તો એ છે કે આ બજાર અસ્તિત્વમાં આવ્યું છે એની અત્યાર સુધી મને ખબર જ નહોતી. પરંતુ આવાં લોક-સાહસોને હું હમેશાં આવકારું છું. એટલે હું આશા રાખું છું કે ગમે તેટલો વિરોધ હોય અને ગમે તેટલી અગવડ પડે તોપણ બેતિયાના લોકો પોતે આરંભેલા સાહસને વળગી રહેશે. એમણે પ્રલોભનો કે ધમકીઓને વશ થવું જ ન જોઈએ.

### ઓરિસ્સાની કંગાલિયત

હિંદુસ્તાનની કંગાલિયતનો હું જ્યારે જ્યારે વિચાર કરું છું ત્યારે ત્યારે જગન્નાથપુરીમાં જગન્નાથ ભગવાનના મંદિરની પડખે જ મેં જોયેલાં જીવતાં હાડપિંજરો મારી આંખ આગળ ખડાં થાય છે. તેઓ મને એમ કહેતાં લાગે છે કે અલ્યા, તેં તો ગરીબ રહેવાનું વ્રત લીધું છે અને એની શેખાઈ કરતો ફરે છે, તેમ છતાં અમારા કરતાં તું વધારે સુખચેનથી રહે છે એ

Gandhi Heritage Portal

કેવું? ઉત્કલ પરિષદ સમક્ષ આચાર્ય રાયે[1] આપેલા પ્રતિભાભર્યા ભાષણે ઓરિસ્સાના મારા પ્રવાસ દરમ્યાન મેં જોયેલાં બેચેન કરી મૂકે એવાં દૃશ્યોની સ્મૃતિ તાજી કરાવી છે. લોકોની કંગાલિયતનો ખ્યાલ આપવા માટે ડૉ. રાયે એ ભાષણમાં કેટલાક ચોંકાવનારા આંકડા ટાંકયા છે. તેઓ કહે છે કે બિહાર અને ઓરિસ્સામાં મરણનો દર એક હજારે ૩૫ છે અને જન્મનો દર ૧૯.૪ છે. એટલે બંને પ્રાંતોમાં એકંદરે મૃત્યુ કરતાં જન્મ દર હજારે ૧૫.૬ જેટલા ઓછા થાય છે. ઓરિસ્સા એકલામાં આ ખાધ એથીયે વધુ એટલે હજારે ૩૧ છે. આ આંકડા શું સૂચવે છે તે વાચક વિચારી જુએ. એનો અર્થ એ થાય છે કે ઓરિસ્સાના લોકો વરસ દહાડે હજારે ૩૧ના હિસાબે મરી રહ્યા છે. ત્યાંની સ્થિતિ આજે છે તેવી જ જો ચાલુ રહેશે તો વસ્તીનો આ ચોખ્ખો ઘટાડો ઉત્તરોત્તર વધતો જ જવાનો. ઓરિસ્સામાં દુકાળ વારંવાર આવે છે. લોકો પાસે ખેતી સિવાય બીજો કોઈ ધંધો નથી. આવી હકીકતો જાણ્યા પછી જ ડૉ. રાય રેંટિયાના હિમાયતી બન્યા છે.

### રાજીનામાં

મહાસમિતિના ત્રીજા ઠરાવને કારણે કૉંગ્રેસના પ્રતિનિધિઓએ રાજીનામાં આપ્યાના સમાચારો મળ્યા છે. રાજીનામાં જો ખેલદિલીથી અપાયાં હોય અને એ આપવાનો અર્થ એવો ન થતો હોય કે એ સભ્યો કૉંગ્રેસનું કામ હવે પછી કરવાના નથી, તો આ સમાચારને હું એક શુભ નિશાની સમજું છું. કોઈ પણ કાર્યકરની જરા સરખી પણ સેવા ગુમાવવાનું દેશને પાલવે તેમ નથી. માત્ર આ સેવા દેશ ઠરાવે એ પ્રકારની અને તેની જરૂર મુજબની હોવી જોઈએ. એટલે દરેક પ્રાંતમાં કાર્યકરોએ પોતાનાં મગજ ઠંડાં રાખવાં પડશે અને કશા ટંટાફિસાદ વિના કામ કરવું પડશે. રાજીનામાંની સંખ્યા જ્યાં મોટી હશે ત્યાં સમિતિઓની નવરચના કરતાં કાર્યકરોને ઘણી મહેનત પડશે. અનેક પ્રાંતોમાં પ્રાંતિક સમિતિઓનું કદ ખૂબ જ મોટું છે. પ્રાંતોમાં એમને લગભગ સંપૂર્ણ સ્વશાસન મળેલું છે. એટલે તેઓ નિયમો બનાવીને સમિતિઓનું કદ અત્યારના કરતાં ઘણું નાનું બનાવી શકે છે. સમિતિઓ તો શોભાની નહીં પણ ઉપયોગી હોવી જોઈએ, અને ઘણી મોટી નહીં પણ કાર્યક્ષમ હોવી જોઈએ.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १७-७-१९२४

૧. પ્રફુલ્લચંદ્ર રાય (૧૮૬૧-૧૯૪૪); કલકત્તાની પ્રેસિડેન્સી કૉલેજમાં રસાયણશાસ્ત્રના પ્રાધ્યાપક; હિસ્ટરી ઑફ હિન્દુ કેમિસ્ટ્રીના લેખક; કેળવણીકાર અને દેશભક્ત.

Gandhi Heritage Portal

## ૨૦૮. "પ્રજાને વિનંતી"

શ્રી શિરીષચંદ્ર ચેટરજી અને બીજા અઢાર સજ્જનોની સહીવાળો નીચે પ્રમાણેનો એક લેખ વર્તમાનપત્રોમાં પ્રગટ થયો છે.[૧]

જગતમાં પ્રજાઓનાં ભાવિ આજે કંઈક અજબ રીતે બદલાઈ રહ્યાં છે. હિંદ પણ ભારે કટોકટીના સમયમાંથી પસાર થઈ રહ્યું છે. પુનર્જન્મ પામેલું હિંદ કદી કોઈની સત્તા ન જ સ્વીકારી શકે. તેણે સ્વતંત્ર પ્રજા થવું જોઈશે. બધી પ્રજાઓ જ્યારે સંપૂર્ણ સ્વતંત્રતાને માટે લડી રહી છે ત્યારે હિંદ પોતાનું ધ્યેય સંપૂર્ણ સ્વતંત્રતા રાખતાં અચકાય એ શરમભરેલું કહેવાય. આપણે ભરી મહાસભામાં સાફ સાફ જાહેર કરી દેવું ઘટે છે કે સંપૂર્ણ સ્વતંત્રતા એ જ અમારું ધ્યેય છે. કંઈ પણ વિશેષણ વિના ઉઘાડી રીતે આપણું ધ્યેય જાહેર કરવાથી જ પ્રજા ચડશે. એટલે અમે મહાસભાના પ્રતિનિધિઓને વીનવીએ છીએ કે તેમણે સ્વરાજની આ પ્રમાણે વ્યાખ્યા કરવી : હિંદુસ્તાનનાં સંયુક્ત રાજ્યોનો પ્રજાસત્તાક સંઘ.

વળી અમારી એવી પણ વિનંતી છે કે મહાસભાના પ્રતિનિધિઓ, મહાસભાના સંકલ્પમાંથી "શાંત અને કાયદેસર સાધન" એ શબ્દો કાઢી નાખે, કે જેથી કરીને દરેક જાતના મત ધરાવનારાઓ મહાસભામાં જોડાઈ શકે. સાધન એ આખરે સાધન જ છે સાધ્ય નથી, અને તેને અને સાધ્યને એક બનાવી દેવામાં કશો લાભ નથી. પણ ધ્યેય બદલ્યે અથવા ઠરાવો કર્યે કંઈ વળે નહીં એટલે અમે પ્રજાને વીનવીએ છીએ કે મહાસભાની સંપૂર્ણ શક્તિ તેમણે પોતાનો બધો સમય અને શક્તિ દેશને અર્પણ કરનારા કાર્યકર્તાઓનું એક સુંદર સૈન્ય તૈયાર કરવામાં વાપરવી. આપણા કાર્યક્રમમાં બીજી મહત્ત્વની વસ્તુઓ આ હોવી જોઈએ :

(૧) બ્રિટિશ માલનો બહિષ્કાર.

(૨) સંપૂર્ણ સહકારી રીતે કારખાનાંઓ અને ગૃહઉદ્યોગો સ્થાપવા અને તેમને મદદ કરવી.

(૩) મજૂરો અને ખેડૂતોની ફરિયાદ દૂર કરવામાં તેમને મદદ કરવી અને તેમના આર્થિક અને નૈતિક કલ્યાણને માટે તેમનાં સંગઠન કરવાં;

(૪) તમામ એશિયાઈ જાતિઓનું તુરતમાં સંગઠન રચવું.

હું જાણું છું કે "પ્રજાને વિનંતી" કેટલોક સમય થયાં લોકોની સમક્ષ રજૂ થઈ છે. એમાં કશું નવું નથી. છતાં કેવળ સહી કરનારાઓના જ નહીં પણ અનેક કેળવાયેલા હિંદીઓના વિચારો એમાં આવી જાય છે. એટલે એ વિનંતીની સમીક્ષા કરવી એ કેવળ શક્તિક્ષેપ થયો નહીં ગણાશે.

મહાસભાએ સ્વરાજની વ્યાખ્યા નથી કરી, જ્યારે વિનંતી ઉપર સહી કરનારા સજ્જનોને સંપૂર્ણ સ્વાતંત્ર્ય જોઈએ છે એટલે તેઓ કહે છે કે સ્વરાજની વ્યાખ્યા "હિંદુસ્તાનના સંયુક્ત રાજ્યોનો પ્રજાસત્તાક સંઘ" એ પ્રમાણે કરવી. મહાસભાના સંકલ્પમાં એવું કશું નથી કે જેથી હિંદુસ્તાનને સ્વાતંત્ર્યની અભિલાષા રાખવામાં કાંઈ બાધ હોય. પણ ઉપર કહેલા સજ્જનોનું

૧. અહીં આ લેખનો સારાંશ જ આપ્યો છે.

Gandhi Heritage Portal

સ્વાતંત્ર્ય તો કોઈ પણ ભોગે અને કોઈ પણ સંજોગોમાં ઈંગ્લંડથી છૂટા પડવામાં જ રહેલું છે. હું માનું છું કે હિંદની ઉન્નતિ અને સ્વતંત્રતાને માટે આવી રીતે ઈંગ્લંડથી છૂટા પડવાનું આવશ્યક નથી જ. છૂટા પડવું હોય તો અંગ્રેજ પ્રજા ભલે પહેલ કરે. આપણે તો સ્વતંત્ર રાજ્યોના સંઘમાં અંગ્રેજ પ્રજા સાથે સરખાપણાની શરતે અને પોતપોતાની ઇચ્છા અનુસાર ભાગીદાર થવાને તૈયાર છીએ એમ જાહેર કરવામાં જ વધારે શોભા રહેલી છે. આ જાતની સ્થિતિ અંગ્રેજો સ્વીકારે એ કદાચ અશકય હોય, પણ જે વસ્તુ અશકય નથી તેને અશકય માની લેવાને આપણને કશો હક નથી. જગતનાં સ્વતંત્ર રાજ્યોનું ધ્યેય એકબીજાથી સ્વતંત્ર રહી એકલા એકલવાયાં રહેવાનું નથી, સ્વેચ્છા મુજબ એકબીજાની અધીનતામાં રહેવાનું છે. ઈંગ્લંડ કોઈ પણ રીતે એવું સ્વતંત્ર તો ન જ કહેવાય કે તે ચાહે તે યુરોપીય રાજ્યને ગળી જઈ શકે. તેની સ્વતંત્રતા થોડે ભાગે તેના પડોશીની ભલમનસાઈ ઉપર અને થોડે ભાગે તેનાં સૈન્ય ઉપર આધાર રાખે છે. સૈન્યનો જેટલે અંશે તે આધાર રાખે છે તેટલે અંશે તે જગતને જોખમરૂપ છે, જેમ ગઈ લડાઈમાં તેવી સ્થિતિ તેણે પ્રાપ્ત કરી હતી. આપણે હવે જાણીએ છીએ કે તે લડાઈ ધર્મને માટે નહોતી, લૂંટને માટે હતી. તેના રાજ્યધુરંધરોએ ફ્રાંસ અને બીજાં રાજ્યોની જેમ ગુપ્ત કોલકરારનો, છેતરપિંડીનો, કપટનીતિનો અને જર્મનીથી ભાગ્યે જ ઊતરે તેવા જંગલીપણાનો અપરાધ કર્યો હતો. ઉપર કહેલા સજ્જનો આ પ્રમાણેની શસ્ત્રથી જળવાઈ રહેલી સ્વતંત્રતા ઇચ્છતા હોય એ અશકય છે એ તો સૌ કોઈ સમજી શકશે. અને જો તેવી તેમની ઇચ્છા હોય તો તેવી ઇચ્છાવાળા તેમના સિવાય બીજા કોઈ જ નથી. "સ્વાતંત્ર્ય" શબ્દ જમાનાના પ્રયોગથી પુનિત થયેલો છે એટલે તેના પક્ષમાં પુષ્કળ લોકમત ઉત્પન્ન કરી શકાય. પણ સૌને અનુકૂળ પડે એવી એ શબ્દની વ્યાખ્યા ભાગ્યે જ કોઈ કરી શકશે. એટલે મારો મત એવો છે કે સ્વરાજને બદલે બીજો એકે શબ્દ ન મૂકી શકાય, અને તેની સર્વમાન્ય વ્યાખ્યા આ જ હોઈ શકે: "હિંદુસ્તાનની પ્રજા અમુક કાળે હિંદુસ્તાનની જે સ્થિતિની અભિલાષા રાખે તે."

જો મને પૂછવામાં આવે કે હિંદુસ્તાનને આ ઘડીએ શું જોઈએ છે તો હું કહી દઉં કે હું જાણતો નથી. હું એટલું કહી શકું ખરો કે હિંદુ અને મુસલમાન વચ્ચે શુદ્ધ સંબંધ રહે, પ્રજાને રોટી મળે અને અસ્પૃશ્યતા દૂર થાય એટલી તે અભિલાષા રાખે એમ હું ઇચ્છું. આ ઘડીએ સ્વરાજની હું એવી વ્યાખ્યા કરું. હું એ વ્યાખ્યા આપું છું તેનું કારણ એ છે કે હું વ્યવહારજ્ઞ હોવાનો દાવો કરું છું. હું જાણું છું કે આપણે ઈંગ્લંડની સત્તાથી સ્વતંત્ર થવા માગીએ છીએ, અને તે સ્થિતિ ઉપર કહેલી ત્રણ વસ્તુઓ મેળવ્યા સિવાય, આપણી પાસે શસ્ત્ર હોય અને તે વાપરતાં આવડતાં હોય તોપણ, પ્રાપ્ત કરવી અશકય છે.

"પ્રજાને વિનંતી" કરનારા સજ્જનો બીજી વસ્તુ એ ઇચ્છે છે કે, મહાસભાના સંકલ્પમાં સ્વરાજનાં સાધન "શાંત અને કાયદેસર" હોવા વિષેના જે શબ્દો છે તે રદ કરવા. હુંયે એ જ અભિપ્રાયનો છું; પણ તેમના કારણે નહીં, તેથી ઊલટા જ કારણે. તેઓ તો કહે છે કે "સાધન એ આખરે સાધન જ છે." હું કહું છું કે "સાધનમાં જ બધું સમાઈ ગયું." જેવાં સાધન તેવું સાધ્ય. હિંસાના સાધનથી હિંસાવાળું સ્વરાજ મળશે અને તે જગતને અને હિંદુસ્તાનને બંનેને જોખમ થઈ પડશે. ફ્રાંસે હિંસાયુક્ત સાધનથી સ્વાતંત્ર્ય મેળવ્યું. એ હિંસાની કિંમત હજી તે ભારોભાર આપી રહ્યું છે. થોડા જ સમયમાં તે તેના જંગલી આફ્રિકન લશ્કરની દયાને વશ થઈ પડશે. માણસમાત્રની સંપૂર્ણ સમાનતામાં મને દૃઢ શ્રદ્ધા છે, પણ મારી શ્રદ્ધા ફ્રાંસના

Gandhi Heritage Portal

લોકો જેટલી હદ સુધી ગયા છે તેટલી હદ સુધી મને નથી લઈ જઈ શકતી. આફ્રિકનોની ટુકડીઓને ફ્રાંસ તાલીમ આપે છે તેથી તે સમાનતાનો સિદ્ધાંત સ્વીકારે છે એમ સાબિત નથી થતું, માત્ર તેનો નિરંકુશ સત્તાનો લોભ સાબિત થાય છે. સાધ્ય અને સાધન વચ્ચે અંતર નથી. જગતકર્તાએ તો સાધનના ઉપર આપણને જૂજજાજ પણ કાબૂ બક્ષ્યો છે, સાધ્યના ઉપર બિલકુલ નહીં. એટલે જેટલાં શુદ્ધ સાધન રાખશો તેટલા જ પ્રમાણમાં સાધ્યની શુદ્ધિ હોવાની. આ વિધાનને એકે અપવાદ નથી. આવી મારી માન્યતા હોવાને લીધે દેશ "શાંત અને કાયદેસર સાધન"ને જ વળગી રહે એવો મારો પ્રયત્ન છે, પણ અનુભવે મને શીખવ્યું કે સાધ્યને નિયંત્રિત કરવામાં ધારેલો હેતુ કદાચ ન સધાયો હોય. કારણ હું જોઉં છું કે સ્વરાજ મેળવવાને માટે અહિંસા અને સત્ય આવશ્યક છે એમ માનતા નથી તેવાઓ પણ મહાસભામાં જોડાયા છે, કારણ મહાસભાના સંકલ્પ વિષે શ્રદ્ધા ન હોવા છતાં તેની નીચે સહી કરવામાં તેમને કશી અડચણ જણાતી નથી; કદાચ "શાંત" અને "કાયદેસર" એ શબ્દોનો "અહિંસાયુક્ત" અને "સત્યયુક્ત" એવો અર્થ તેઓ નથી કરતા. આ કારણથી હું પોતે જ કદાચ એવી સૂચના કરું કે "શાંત અને કાયદેસર સાધન" એ શબ્દો કાઢી નાખવામાં આવે. આમ થાય તો જ હાલની મનોદશાનું સત્ય સ્વરૂપ એમાં પ્રગટ થાય. કાંઈ નહીં તો આપણા ઉપર દંભનો આરોપ તો ન આવે. સૌ સૌને ગમે તે ધોરણે વર્તે.

"વિનંતી"નો છેલ્લો ફકરો વાંચતાં સુંદર લાગે છે. પણ અમલીકાર્યને વિષે લેખકોને કેટલો અલ્પ અનુભવ છે એ તેમાં દેખાઈ આવે છે. તેમને એ તો સૂઝયું નથી લાગતું કે પોતાનો સંપૂર્ણ સમય અને શક્તિ દેશને સમર્પણ કરનારા કાર્યકર્તાઓ નથી મળ્યા તેનું કારણ એ નથી કે મહાસભાએ પ્રયત્ન નથી કર્યો, પણ કારણ એ છે કે પ્રયત્ન કર્યા છતાં એવા કાર્યકર્તા નથી મળ્યા. "વિનંતી" કરનારા સજ્જનો જ આવા કાર્યકર્તાઓનો એક સંઘ ન ઊભો કરી શકે? યોગ્ય પ્રકારના કાર્યકર્તાઓ માટે તેમને પૂરતાં નાણાં મળી રહેશે. જો એ સજ્જનો હિંદુસ્તાનની જુદી જુદી સંસ્થાઓ તપાસી જોશે તો તેમને જણાશે કે તેમાંની એક પણ ધનને અભાવે સુકાતી નથી. પ્રજાને જે સંસ્થા જોઈએ તે સંસ્થાનું ખર્ચ તે આપશે જ આપશે એ સ્પષ્ટ નથી? ગયે જ અઠવાડિયે મેં વાચકોનું ધ્યાન ખેંચ્યું હતું કે ખાદીમંડળને જોઈતા કાર્યકર્તા મળી શકતા નથી.

કાર્યક્રમમાં બીજી જે જે બાબતો સૂચવવામાં આવી છે તેની ઉપર લાંબા વિવેચનની જરૂર નથી.

બ્રિટિશ માલનો બહિષ્કાર કેવળ અવ્યવહારુ છે એમ મેં અગાઉના એક લેખમાં[1] સિદ્ધ કરી આપ્યું છે એમ હું માનું છું.

કારખાનાંઓ સ્થાપવા સંબંધી સૂચનામાં પાશ્ચાત્ય ગંધનું પ્રાધાન્ય છે અને હિંદની સ્થિતિનો તેમાં ખ્યાલ રાખવામાં આવ્યો જ નથી.

જે એક ગૃહઉદ્યોગ વ્યવહારુ છે તેનું તો ઉપરના કાર્યક્રમમાં નામનિશાન નથી.

મજૂરો અને ખેડૂતોને મદદ કરવાની સૂચના જેટલી કહેવી સહેલી છે તેટલી અમલમાં મૂકવી સહેલી નથી.

અને તુરતાતુરત બધી એશિયાઈ જાતિઓનો સંઘ બનાવવાની આખરની સૂચના સદરહુ કાર્યક્રમ હાલ તો અશક્ય છે એમ સિદ્ધ કરી આપે છે.

૧. જુઓ "સામ્રાજ્યના માલનો બહિષ્કાર", ૧૫-૫-૧૯૨૪.

Gandhi Heritage Portal

એટલે મારી માનપૂર્વક સૂચના છે કે "વિનંતી" ઉપર સહી કરનારા ઓગણીસ સજ્જનોએ તેમણે સૂચવેલો કાર્યક્રમ પોતપોતા વચ્ચે વહેંચી લેવો. અને દરેક ટોળીએ પોતે જે કામ પસંદ કર્યું હોય તેનો પાર કાઢે અને તેમ કર્યા પછી તે કામ ઉપાડી લેવાની મહાસભાને વિનંતી કરે. પણ જો ઉપરની સૂચનાઓ અમલ કરવાના બિલકુલ ખ્યાલ વિના કરવામાં આવી હોય તો હું તેમને વિનંતી કરું કે તેમણે ઉપર જણાવેલો મારો મત સ્વીકારી ખાદીના કામમાં લાગી જવું. એ જ કામ, કામ કરવા ઇચ્છનારા દરેક જણની શક્તિ રોકી લે એમ છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १७-७-१९२४

ભાષાંતર : नवजीवन, ૨૦-૭-૧૯૨૪

## ૨૦૯. પ્રમુખ કોને કરવા?

બેલગામની આવતી મહાસભાના પ્રમુખપદના માન માટે જ્યારથી બીજાં નામો સાથે મારું નામ સૂચવવામાં આવ્યું છે ત્યારથી બે મતમાં મારું ચિત્ત ડામાડોળ થઈ રહ્યું છે. પહેલાં તો મને એવો વિચાર થયો કે મારું નામ સૂચવાતું તાબડતોબ અટકાવી દેવું. પાછળથી મેં મારા મનને એમ પણ સમજાવેલું કે રાષ્ટ્રીય જહાજ હાલ જે તોફાનમાંથી પસાર થઈ રહ્યું છે તેમાંથી તેને કિનારે લઈ જવાને માટે કદાચ હું જ વધારેમાં વધારે લાયક હોઉં. પણ હવે મને સાફ દીસે છે કે મારો બીજો વિચાર ખોટો હતો. આવતી મહાસભાના કામકાજનો ચિતાર મારા મન આગળ ઊભો કરતાં હું કંપું છું. આવતા વર્ષમાં મહાસભાનું કામ પ્રમુખ તરીકે ચલાવવાનો વિચાર મને હરાવી દે છે. વહાણ કઈ દિશામાં જઈ રહ્યું છે એની ખાતરી ન હોવાને લીધે સુકાન મારા હાથમાં લેવાને હું મને નાલાયક સમજું છું. ખાદી, હિંદુમુસલમાન ઐકય અને અસ્પૃશ્યતાનિવારણ સિવાય બીજો કાર્યક્રમ મારી પાસે નથી. બીજો કોઈ પણ કાર્યક્રમ — જેવો કે બ્રિટિશ માલના બહિષ્કારનો અથવા તો ધારાસભાના કામકાજથી લોકોને શૂર ચડાવવાનો કાર્યક્રમ — ચલાવવાને હું તદ્દન નાલાયક જ ગણાઉં.

આ તો આવતી મહાસભામાં રજૂ થાય એવા કાર્યક્રમના મેં બે દાખલા આપ્યા. અને જો મારાથી તેવા કાર્યક્રમને મદદ ન કરી શકાય તો મારે અંદર રહીને તેમાં અંતરાય તો ન જ નાખવો જોઈએ. જે કાર્યક્રમને વિષે મને શ્રદ્ધા ન હોય અથવા ન બેસી શકે તેની જવાબદારી લેવી એ મારા સ્વભાવમાં જ નથી. વળી આકસ્મિક પ્રસંગોને માટે પણ મારે છૂટા રહેવું ઘટે. જો મહાસભાના પ્રતિનિધિઓ દરરોજ અડધો કલાક કાંતી દર મહિને બે હજાર વાર સારું સૂતર આપવાની સાદી ફરજ અદા ન કરે તો મહાસભાને હું શી રીતે ઉપયોગી થાઉં એ મને સમજાતું નથી. હું પ્રમુખ થાઉં તો રેંટિયાનો ધર્મ, પોતાના સૌ આર્થિક અભિલાષો મુસલમાનોને અને બીજી નાની કોમોને સોંપી દેવાનો ધર્મ અને અસ્પૃશ્યતાને પાપ માની તે કલંકમાંથી દૂર થવાનો હિંદુઓનો ધર્મ — એટલા જ મારા ભાષણના વિષય હોઈ શકે. જો આ ત્રિવિધ કાર્યક્રમથી દેશને શૂર ન ચડી શકે એમ હોય તો હું નકામો પ્રમુખ થઈ પડું. આખા દેશમાં પાટલૂન પહેરાવવાનો કાર્યક્રમ રજૂ કરનાર પ્રમુખ ચૂંટીને મહાસભા બિચારી શું કરે? તેવા પ્રમુખે પોતાનો કાર્યક્રમ ગમે તેટલી પ્રામાણિકતાથી ઘડયો હોય અને તેની યોજના વિષે ગમે તેટલી નિપુણતા રહેલી



Gandhi Heritage Portal

હોય તોપણ આપણે જરૂર તે પ્રમુખની વિરુદ્ધ જ મત આપીએ. એવો પ્રમુખ આપણને ન કામ આવે, કારણ તે આપણને પોસાય નહીં. કદાચ મારી દશા પણ આવી જ ન હોય?

એટલે મારે મારું નામ ન ચૂંટાવા દેવું જોઈએ. જેમણે મારું નામ સૂચવ્યું છે તેમનો પ્રેમ હું સમજું છું. પણ હું તેમની પાસે એટલું માગું કે તેઓ મારી સ્થિતિ સમજે અને મારું નામ ખેંચી લે.

ચૂંટી શકાય એવાં બે નામ મને સૂઝે છે: શ્રીમતી સરોજિની નાયડુ અને ડૉ. અનસારી. ડૉ. અનસારી સાહેબનું મેં જ્યારે નામ લીધું ત્યારે એક મિત્રે કહ્યું કે તેઓ નિમાય તો ચાર વરસમાં તે ચોથા મુસલમાન પ્રમુખ થાય. પણ એને હું વાંધો સમજતો નથી. મુસલમાન સજ્જનને પ્રમુખ નીમી હિંદુઓ હિંદુમુસલમાન ઐક્ય વિષેની પોતાની તીવ્ર ઇચ્છા પ્રગટ કરી શકે છે. બંને કોમોમાં જે ગણ્યાગાંઠ્યા નિષ્પક્ષ આગેવાનો છે તેમાંના એક ડૉક્ટર અનસારી સાહેબ છે. એટલે કેવળ હિંદુમુસલમાન ઐક્યની જ દૃષ્ટિથી તો ડૉક્ટર અનસારીનું નામ જ ઉત્તમ ગણાય.

પણ મારે કબૂલ કરવું જોઈએ કે આજની કટોકટીને ટાણે હું મારો મત શ્રીમતી સરોજિનીને જ આપું. તેઓ હિંદુમુસ્લિમ ઐક્યનાં પક્કાં હિમાયતી છે. મુસલમાનોને તેમનો અવિશ્વાસ નથી. અત્યાર સુધી પ્રમુખ તરીકે આપણે એકે હિંદી સ્ત્રીને નથી ચૂંટી એટલે આપણી હિંદી બહેનો જે માનને માટે કેટલોય સમય થયાં લાયક થઈ ચૂકેલી છે તે માન આપવાને આ ઉત્તમોત્તમ અવસર છે. સરોજિનીદેવીએ પૂર્વ અને દક્ષિણ આફ્રિકામાં કરેલી સેવા હજી આપણી સ્મૃતિમાં તાજી છે, અને તે સેવાનો બદલો વાળવાની આવતી મહાસભાનાં તેમને પ્રમુખ નીમવાં તે કરતાં બીજી વધારે સારી રીત ન હોઈ શકે. એમ કરવાથી આપણા પરદેશવાસી બંધુઓનો પક્ષ પણ મજબૂત થશે. તેમને વિશેષરૂપે આપણે જણાવી શકીશું કે આપણે તેમના હિત વિષે ઉદાસીન નથી. વળી એ બંને ખંડોમાં સેંકડો ગોરાઓએ આપણા આ ખૂબસૂરત એલચી પ્રત્યે બતાવેલા વિવેક અને માયાની એમને પ્રમુખ નીમી આપણે સુંદર કદર કરી કહેવાશે અને એ ગોરાઓમાંના જેઓ આપણા દેશબંધુઓના વિરોધી છે તેમને તેમ કરીને આપણે બતાવી આપીશું કે આપણા દેશાવર વસતા ભાઈઓનું કાર્ય આપણું પોતાનું કરી લેવાનો આપણો નિશ્ચય છે.

છેવટે આપણને આ સાલ એક નિષ્પક્ષ પ્રમુખની જરૂર છે. હું તો જૂના કાર્યક્રમનો પૂરેપૂરો પક્ષપાતી રહ્યો એટલે કોક પક્ષનો તો હું જરૂર કહેવાઉં જ. શ્રીમતી સરોજિની નાયડુ પોતાના તેમ જ દેશના સદ્‌ભાગ્યે કોઈ અટલ વિચારસરણીને વળગેલાં નથી અને એથીય વિશેષ કારણ તો એ છે કે કોઈ પણ કાર્યક્રમ વિષે તેમને પક્ષપાત છે એમ તો કોઈ ન જ કહે, જ્યારે મને તો મારા કાર્યક્રમને વિષે પક્ષપાત છે એમ સૌ કોઈ કહેશે. એટલે હું માનપૂર્વક બધી પ્રાંતિક સમિતિઓની પાસે માગું છું કે તેઓ મારું નામ ખેંચી લઈ સરોજિનીદેવીને પ્રમુખ નીમે, સિવાય કે હું અગાઉ જણાવી ગયો તે કારણોસર તેમને કોઈ મુસલમાન સજ્જન ચૂંટવાની વધુ જરૂર જણાય અને તે કારણે તેઓ ડૉ. અનસારીને પસંદ કરે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ૧૭–૭–૧૯૨૪

ભાષાંતર : नवजीवननो વધારો, ૨૪–૭–૧૯૨૪

Gandhi Heritage Portal

## ૨૧૦. વર્ણસંકર કે વર્ણાશ્રમ?

એક વિદુષી લખે છે:

મુસાફરીમાં એક વ્યક્તિનો મારે સંગાથ થયો. તેણે વરતેજ ખાતે ભરાયેલી રાજપૂત પરિષદને તમે મોકલેલા સંદેશા[1] તરફ મારું ધ્યાન ખેંચ્યું. વાંચીને મનની ભીતર ઘણા દિવસથી દબાઈ રહેલો વિરોધ ઊછળી આવ્યો. ચિંતનમનન કરે તે જ માણસ. તેથી મને આશા છે કે મારા ચિંતનને તમે સહી લેશો અને તે તમારાથી નિરાળું હોય છતાં તે પર ધ્યાન દેશો. ૧૯૨૦ની સાલમાં આશ્રમ અને તેનું સાળખાતું જોઈને આ વિચારો આવેલા. પછી જતા રહેલા તે કોઈ કોઈ વાર દેખા દેતા. પણ હમણાં થોડું થયાં એ વિચારોએ મારા મનમાં કાયમનું ઘર કર્યું છે અને રાજપૂત પરિષદને તમારો સંદેશ એના ઉછાળાનું છેલ્લું નિમિત્ત બન્યો છે.

જ્યાંનું આખું સ્ટેશન એકથી બીજા છેડા સુધી લશ્કરી ઢબે ખભે લટકતી તલવારોવાળા સ્વયંસેવકોથી ઊભરાતું હતું, જ્યાંનું આખું વાતાવરણ ક્ષત્રિયજાતિનાં શૌર્ય અને દાક્ષિણ્યનાં સ્મરણોથી ગુંજતું હતું, ત્યાં એમની તલવારોની જગ્યા રેંટિયાને આપવાની તમારી સલાહ શું ખ્રિસ્તી પાદરીઓના જેટલી જ તદ્દન અસ્થાને નહોતી? તમારે તો પ્રાચીન ઋષિઓની પેઠે શું બ્રાહ્મણને વધુ સાચો બ્રાહ્મણ બનવાની, ક્ષત્રિયને આદર્શ ક્ષત્રિય બનવાની, વૈશ્યને વૈશ્ય બનવાની સલાહ ન આપવી જોઈએ? બ્રાહ્મણનું ચિહ્‌ન પોથી કે કલમ, ક્ષત્રિયનું તલવાર અને વૈશ્યનું રેંટિયો કે હળ છે. તમે ભલે પોતાને વણકર કે ખેડૂત કહેવડાવીને અભિમાન માનો, તેમ કરવામાં તમે તમારા જાતિધર્મની સ્વાભાવિક વૃત્તિને જ વફાદાર છો. પણ તમારા જેવા વર્ણાશ્રમને માનનાર હિંદુએ બ્રાહ્મણો અને ક્ષત્રિયો પાસે તેમના સ્વાભાવિક જાતિધર્મો છોડાવીને વૈશ્યધર્મનો અંગીકાર કરવાનો શા સારુ આવડો આગ્રહ કરવો? વૈશ્યવૃત્તિ અંગીકાર કર્યા વગર આજે ક્ષત્રિય ગરીબોનું રક્ષણ અને સેવા ન જ કરી શકે શું?

ભારતવર્ષના મહાપુરુષોએ તો દરેક વ્યક્તિના સ્વભાવ અનુસારના સ્વધર્મને જ હમેશાં ઉપદેશ્યો છે. તમે જ પહેલવહેલા એ બધા ધર્મોને છાપરે ફેંકીને આખા રાષ્ટ્રને એક વૈશ્યવૃત્તિ જ અંગીકારવાનો ઉપદેશ આપવા માંડ્યો છે. વૈશ્યધર્મનો તમે ભલે ઉદ્ધાર કરો પણ કૃપા કરીને બ્રાહ્મણ-ક્ષત્રિયોને શા સારુ પાછા પાડો છો? તમારી જ્ઞાતિને આધ્યાત્મિક ભલે કરો પણ બીજી જ્ઞાતિવાળાને તમારી વિભૂતિના બળથી મુગ્ધ કરીને વણકર તથા પીંજારા બનાવી મેલી દુન્યવી શા સારુ કરી મેલો છો? મારા મત પ્રમાણે તો તમારા આશ્રમના વિનોબા અને બાળકોબા તમે કરી મેલ્યા છે તેવા આધ્યાત્મિક વણકર બન્યા છે તે કરતાં શુદ્ધ બ્રાહ્મણ રહ્યા હોત અને પોતાની મેધાને પૂરી રીતે ખીલવી હોત તો રાષ્ટ્રની તેમણે વધુ સંગીન સેવા કરી હોત.

આખો કાગળ મેં અહીં નથી ઉતાર્યો પણ તેનો સાર આપી દીધો છે. બાકીનામાં ઉપર ટાંક્યું છે તેનું વિવેચન જ છે. લખનાર વિદુષી બહેન જન્મે હિંદુ છે અને હું કરું છું તેમ

૧. જુઓ પા. ૨૦૯.

Gandhi Heritage Portal

પોતે પણ હિંદુ હોવાનો દાવો કરનારાં છે. કાંતવાને મેં સાંપ્રદાયિક ધર્મો કરતાં શ્રેષ્ઠ ધર્મ ગણ્યો છે તેથી વિદ્વાન મિત્રમંડળોમાં તેનો ગેરઅર્થ નહીં થાય એવી મેં આશા રાખી હતી. પણ તેમ થવું નિર્માયેલું નહોતું. ઉપલાં વિદુષી બહેન જણાવે છે કે રેંટિયાનો આવો વિરોધ કરનારાં તેઓ એકલાં નથી. તેથી તેમની દલીલને મારે ધીરજપૂર્વક તપાસવી રહી. સને ૧૯૦૪થી માંડીને મારા વર્તમાનપત્ર ચલાવવાને લગતા અનુભવમાં મેં જોયું છે કે વર્તમાનપત્રોના તંત્રીઓ ઉપર આવનારાં ચર્ચાપત્રોમાંની ઘણીખરી ટીકા વિરોધીની વાત વિષેની અપૂર્ણ સમજણથી જ થયેલી હાય છે. પ્રસ્તુત દાખલામાં મજકૂર બહેને સમજવું જોઈતું હતું કે રેંટિયાનો સંદેશો કંઈ મેં આ દેશના હિંદુઓને જ એકલાને સારુ આપ્યો નથી. એ સંદેશો તો સ્ત્રીપુરુષ, મુસલમાન, પારસી, ખ્રિસ્તી, યહૂદી, શીખ તેમ જ કશા પણ અપવાદ વિના પોતાને હિંદી કહેવડાવનારા એકેએક હિંદીને માટે છે. આટલી વાત આ બહેને ધ્યાનમાં રાખી હોત તો તેમની ટીકા જુદી જ રીતે લખાત એમ હું માનું છું. તો તેમણે જોયું હોત કે મેં તો હિંદુસ્તાનના આગળ એક એવી વસ્તુ મૂકી છે કે જે કોઈના ધર્મની આડે આવતી નથી અને ઊલટું જેટલે દરજ્જે એનો અંગીકાર કરવામાં આવે તેટલે દરજ્જે તે તે ધર્મને અને હિંદુ ધર્મમાં તે તે વર્ણ કે જ્ઞાતિને ઉજ્જવળ કરનારી છે. તેથી જ મારો દાવો છે કે મારી પદ્ધતિ વર્ણસંકર કરનારી નહીં પણ વર્ણશુદ્ધિ કરનારી છે. હું કોઈને તેનો સ્વધર્મ કે બાપીકો ધંધો છોડવાનું કહેતો નથી પણ દરેકના સ્વાભાવિક વ્યવસાયમાં રેંટિયો ચલાવવાનો ઉમેરો કરવા કહું છું. કાઠિયાવાડના રજપૂતો આ વાતથી વાકેફ હતા. તેમણે મને પૂછેલું કે શું હું તેમને તેમની તલવારો મેલી દેવા કહું છું? મેં તેમને કહ્યું હરગિજ નહીં. ઊલટું મેં તો એમને એમ કહ્યું કે જ્યાં સુધી તમે તલવારના બળમાં વિશ્વાસ રાખનારા છો ત્યાં સુધી તમારા દરેકે કદી દગો ન દેનારી તલવાર અવશ્ય બાંધવી. અલબત્ત, મેં એમને એ પણ કહ્યું કે મારો આદર્શ ક્ષત્રિય તે એ છે કે તલવાર વીંઝ્યા વગર રક્ષણનું કાર્ય કરે અને જે માર્યા વગર પોતાનું નાકું સંભાળતો મરે. તલવાર તો કોઈ ઝૂંટવી પણ લે પણ ઘા કર્યા વગર ઘા ઝીલીને મરી છૂટનારનું શૂરાતન કોણ ખૂંચવી શકે?

પણ આ તો બીજી વાત થઈ. ઉપલા પ્રશ્નમાં તો હું એટલું જ કહીશ કે રજપૂતોએ નબળાંનું રક્ષણ કરવાનો પોતાનો ધંધો છોડી દેવાનો નથી જ. તેમ બ્રાહ્મણો પણ વિદ્યાદાનનો વ્યવસાય છોડી દે એવું હું માગતો નથી. હું તો એટલું જ કહું છું કે કાંતવા રૂપી યજ્ઞથી તેઓ વધારે સારા વિદ્યાગુરુઓ બનશે. વિનોબા અને બાળકોબાએ કાંતનારા, વણનારા અને પાયખાનાં સાફ કરનારા બનવાનું પસંદ કરીને પોતાના બ્રાહ્મણત્વને ગૌરવ આણ્યું છે. તેઓ આજે શ્રેષ્ઠતર બ્રાહ્મણ બન્યા છે. તેમનું જ્ઞાન વધુ સંગીન બન્યું છે. બ્રાહ્મણ એ છે જેણે ઈશ્વરને ઓળખ્યો. મારા આ બંને સાથીઓએ રેંટિયાને અપનાવીને હિંદુસ્તાનનાં લાખો ભૂખ્યાં જોડે જેટલી લાગણી અને જેટલું તાદાત્મ્ય સાધ્યું તેટલા તેઓ આજે ઈશ્વરની વધુ નજીક છે. ઈશ્વરી જ્ઞાન કંઈ ગ્રંથો પઢવાથી નથી આવતું. એ તો પોતાના આત્માના ઊંડાણમાં ભીતર અનુભવાય છે. પુસ્તકો નો બહુ તો ક્વચિત્ મદદરૂપ થઈ શકે; બાકી ઘણી વાર તો ઊલટાં વિઘ્નરૂપ થઈ પડે છે. એક મહાવિદ્વાન બ્રાહ્મણને યથાર્થ ઈશ્વરજ્ઞાન પ્રાપ્ત કરવા એક ધર્મવ્યાધ (ખાટકી ભગત) પાસે જવું પડ્યું હતું!

વળી આ વર્ણાશ્રમ પણ શું છે? એ કંઈ લોખંડી ભીંતોથી ચણી લીધેલું તંત્ર નથી. મારી દૃષ્ટિએ તો એ એક શાસ્ત્રીય સત્યનો સ્વીકાર છે પછી તે માન્ય કરનારા તેને જાણતા હોય કે ન હોય. બ્રાહ્મણ કંઈ એકલું અધ્યયન-અધ્યાપન કરવા માટે જ છે એમ નથી. એ

Gandhi Heritage Portal

વૃત્તિ એનામાં પ્રધાન હોય એટલો જ એનો અર્થ છે. દાખલા તરીકે જે બ્રાહ્મણ શરીરયજ્ઞ (જાતમહેનત) કરવાની ચોખ્ખી ના જ પાડે તેને સૌ કોઈ મૂઢ કહેશે. પ્રાચીન ઋષિઓ વનમાં રહેતા ને હાથે લાકડાં કાપતા, ભારા બાંધી ઘેર ઊંચકી લાવતા, ઢોર ચરાવતા અને શસ્ત્રધારણ પણ કરતા. આ બધું છતાં તેમનો પ્રધાન વ્યવસાય ઈશ્વરી સત્યની શોધ એ હતો. તે જ પ્રમાણે વિદ્યાહીન ક્ષત્રિય, પછી તે ચાહે તેવડો તલવારબાજ હોય તોપણ નકામો ગણાતો. તેમ પોતાના જીવનને વિષે શ્રેય અને પ્રેયનો વિવેક કરી શકવા પૂરતા અધ્યાત્મજ્ઞાન વગરનો વૈશ્ય પણ સમાજનું હીર ચૂસી લેનારો રાક્ષસ જ ગણાવો જોઈએ, જેમ આજના જમાનાના વૈશ્યો અત્યારે બની ગયેલા જોઈએ છીએ; પછી તે પશ્ચિમના હોય કે પૂર્વના. ગીતાની ભાષામાં તો "માત્ર પોતાની જ ખાતર જીવનારા એવા પાપાત્માઓ આસુરી રૌરવના અધિકારી" છે. રેંટિયો તો ચારે વર્ણને — એકેએક ભારતવાસીને તેના સ્વધર્મ પ્રત્યે જાગ્રત કરવાને યોજાયેલ છે. એ વડે દરેક મનુષ્ય પોતપોતાનો સ્વધર્મ અગર ફરજ વધુ સારી રીતે બજાવવા પ્રેરાશે. જ્યારે વહાણ શાંત પાણી ઉપર થઈને ચાલી રહ્યું હોય છે ત્યારે વહાણ ઉપરનાં માણસો પોતપોતાનાં કામોમાં કલ્લોલ કરતાં હોય છે, પણ જ્યારે બેડો વાવાઝોડામાં સપડાઈ હાલકલોળ થવા લાગે અને બૂડવાની અણી પર હોય ત્યારે તો બચાવવાના એકમાત્ર જરૂરી કામ પાછળ જહાજ પરના એકેએક માણસે જીવતોડ મહેનત કરવી રહી.

આપણે એ પણ ન ભૂલીએ કે આખી દુનિયાની જોડે હિંદુસ્તાન પણ આજે જગદ્વ્યાપી વેપાર રૂપી કાળસર્પના જીવલેણ ભરડામાં સપડાયેલું છે. આજે ત્રાજવાંતોળ સિપાઈઓની જાતિ આપણા પર રાજ્ય કરવાનો દાવો કરી રહી છે. એ ભરડામાંથી પોતાને છોડવવાને સારુ આજે હિંદુસ્તાનને એના શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ બ્રાહ્મણોની પણ કુલ બુદ્ધિમત્તા ખરચી નાખવી પડશે. આમ હિંદુસ્તાનના એકેએક બુદ્ધિમાન માણસનું તેમ જ સિપાઈનું સામર્થ્ય આજે હિંદુસ્તાનની વેપારી ભૂખ ભાંગવા પાછળ ખર્ચવું પડશે અને તેમનો આ ધર્મ તેઓ સાંગોપાંગ બજાવી શકે તે સારુ તેમણે આજે કાંતતાં શીખવાની અને નિયમપૂર્વક કાંતવાની અગત્ય છે.

આ ઉપરાંત જેમને પ્રામાણિકપણે પોતાનો રોટલો કમાવાની ઇચ્છા છે તેવાઓને પણ આજીવિકાના રોજગાર તરીકે વણાટના ધંધાની ભલામણ કરતાં હું મુદ્દલ ન અચકાઉં. વળી જે બધા બ્રાહ્મણો, ક્ષત્રિયો તેમ જ બીજાઓ આજે બાપીકો ધંધો પડયો મેલી ધનની પાછળ ઘેલા થઈ પડયા છે તેમને પણ વણકરના આ પ્રામાણિક અને નિઃસ્વાર્થી (તેમને સારુ) ધંધાની હું ભેટ કરું છું અને હાથની સાળ જે અલ્પસ્વલ્પ આપે તેટલાથી સંતુષ્ટ રહેવાના તેમના મૂળ ધર્મ તરફ વળવા નોતરું છું. જેમ આહાર નિદ્રા ઇત્યાદિ વસ્તુઓ બધા વર્ણોને અને બધા ધર્મોના અનુયાયીઓને સામાન્ય છે તેમ રેંટિયો પણ જ્યાં સુધી ભેળાભેળ સ્વાર્થી તૃષ્ણા અને તેને પરિણામે આવતી કંગાલિયત આપણી વચ્ચે ઘર કરી બેઠાં છે ત્યાં સુધી કશા અપવાદ સિવાય એકેએક વર્ણને, કોમને અને ધર્મને સામાન્ય થઈ પડવો રહ્યો છે.

આમ મારું કાર્ય વર્ણસંકર કરવાનું — એટલે વધારે ગોટાળો ઉત્પન્ન કરવાનું — નહીં, પણ વર્ણાશ્રમ સ્થાપવાનું — એટલે શુદ્ધિના કાર્યને વધુ સંગીન કરવામાં રહેલું છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १७–७–१९२४

ભાષાંતર: नवजीवन, २०–७–१९२४

Gandhi Heritage Portal

# ૨૧૧. ખાદીની ગુંજાશ

આંધ્ર જિલ્લામાંથી એક પત્રલેખક લખે છે:

૧૯૨૧ના જાન્યુઆરી માસમાં મેં મદ્રાસની પ્રેસિડેન્સી કૉલેજમાં ભણવાનું બંધ કર્યું ત્યારે એમ કરવાનું કારણ એ હતું કે આપની અપીલથી પ્રભાવિત થયા વિના મારાથી રહી શકાયું નહીં. તે વખતે ખાદીની મહત્તા વિષે મને કશું જ જ્ઞાન નહોતું. મદ્રાસથી મારે ગામ આવ્યા પછી ખાદીનાં બે ધોતિયાં અને ત્રણ પહેરણની ખાદી મેળવવા માટે મારે ચાર માસ સખત મહેનત કરવી પડી હતી તે વખતે આવી સ્થિતિ હતી, અને કૉલેજ છોડી હોવાથી શું કરવું તે મને સૂઝતું નહોતું. સદ્‌ભાગ્યે ૧૯૨૧ના મે માસમાં મારા કાકાએ ખાદીનો ધંધો કરવા માટે મને ૨૦ રેંટિયા બને એટલું લાકડું, થોડું રૂ અને ૨૦ રૂપિયા આપ્યા. એક સુથારની મદદથી એ લાકડામાંથી મેં રેંટિયા બનાવ્યા અને એમાંથી ચારેક રેંટિયા પંચમોને વહેંચ્યા. આ પાંચ રેંટિયાથી મેં કામની શરૂઆત કરી, અને આજે મારી દેખરેખ નીચે ચાલતા રેંટિયાની સંખ્યા આશરે ૪૦૦ની છે. આજથી બે મહિના પહેલાં મારી ખાદીપ્રવૃત્તિની પ્રક્રિયા આ પ્રમાણે હતી: રૂ ખરીદવું, પીંજારા પાસે એની પૂણીઓ બનાવ-રાવવી, એ પૂણીઓ કાંતનારીઓને વહેંચવી, અને તેઓ સૂતર કાંતે એટલે એ સૂતર વણકરો પાસે વણાવી કાપડ તૈયાર કરાવવું. કાંતનાર અને વણનારને એમના કામ બદલ હું રોજી આપતો. આજ પર્યંત મારે આ પ્રમાણે કરવું પડતું અને જ્યારે હું રૂ ન લાવું અથવા ન મેળવી શકું ત્યારે કાંતનારીઓને તથા વણકરોને બેસી રહેવું પડતું. આ રીતે એમને હમેશાં મારા ઉપર અથવા મારા જેવા બીજા કોઈક ઉપર આધાર રાખવો પડતો. ખાદીપ્રવૃત્તિમાં આ રીતે ત્રણ વર્ષ સુધી મંથામણ કર્યા પછી, મને અને કુર્નુલ જિલ્લાના નાગાલાપુરમ ગામમાં આ જ પ્રવૃત્તિ ચલાવી રહેલા શ્રી પોન્નિયાને, અમારા જેવા ખાદી-કાર્યકરોની મદદના અભાવે કાંતનાર-વણનારને નુકસાન સહન ન કરવું પડે એવી ખાદી-પ્રવૃત્તિ ચલાવવાની બીજી કોઈક યોજના વિચારી કાઢવાની ફરજ પડી. ત્રણ વરસના અનુભવ પછી ગામલોકો પાસેથી અમને જાણવા મળ્યું કે ત્રીસચાળીસ વરસ પહેલાં કાંતનારીઓ પોતાને જોઈતું રૂ પોતાના ઘરમાં સંઘરી રાખતી, એનું સૂતર બનાવતી, એ સૂતરના ૧૫ હાથ અથવા ક્યુબિટ (ક્યુબિટ = ૧૮ ઇંચ) લાંબા અને પાંચ પંજમ (એક પંજમમાં ૬૦ તાર હોય છે)ના તાણા બનાવી રૂપિયાના ૮ તાણાના દરે વેચતી, અને વણકરો એમની પાસેથી સૂતર ખરીદી એનું કાપડ બનાવી એ કાપડ લોકોને વેચતા. આટલી વ્યવસ્થા ગોઠવવામાં આવે તો કાંતનારીઓને અમારા જેવા વચલા માણસોને અભાવે સહન કરવું ન પડે, અને વણકરો વણે એટલું બધું જ કાપડ ખરીદનાર જો મળી આવે તો તો કશી મુસીબત રહે નહીં. નાગાલાપુરમ્‌માં શ્રી પોન્નિયા અને અહીં હું પોતે આ કાર્યક્રમનો અમલ કરવા પ્રયાસ કરી રહ્યા છીએ. એમાં અમે લગભગ સફળ થયા છીએ અને લોકોને તથા અમને ઘણી રાહત મળી છે.

ઉપરનું લખનારે પોતાના રસપ્રદ કાર્યની વધુ વિગતો આપી છે, પણ અહીં એમાં ઊતરવાની જરૂર નથી. કેમ કે ખાદી દેશના આર્થિક જીવનમાં કેવી મૂંગી ક્રાંતિ લાવી રહી છે તેનો ખ્યાલ આપવા માટે ઉપરના લખાણમાં પૂરતી સામગ્રી છે.

Gandhi Heritage Portal

બિજાપુર જિલ્લાના એક હેવાલમાંથી થોડા ઉતારા આપું છું :

બિલગીથી અમે બડગી ગયા. આ ગામમાં અમે ૧૯૨૩ના ફેબ્રુઆરી માસમાં આવ્યા હતા. તે વખતે ત્યાં માત્ર ૧૦–૧૫ રેંટિયા ચાલતા હતા, સાળો નહોતી. ખાદીના લાભ ગામલોકો સાનમાં સમજી ગયા છે. હવે આશરે ૯૦ રેંટિયા કામ કરી રહ્યા છે. બહારના વણકરો પાસે ખાદી વણાવવાની તકલીફથી કંટાળીને એ લોકોએ નગરાલથી એક વણકર આણ્યો છે. એણે બે સાળો બડગીમાં ચાલુ કરી છે અને આવતા પંદર દિવસમાં બીજી બે ચાલુ કરવાનો છે. નગરાલના વણકરને ઘેર એકબે ગ્રામવાસીઓ વણાટ-કામ શીખી રહ્યા છે. આ ગામના લોકો પોતાનું સૂતર વેચવા રાજી નથી. એમણે નક્કી કર્યું છે કે આપણું સૂતર આપણા પોતાના જ ઉપયોગ સારુ વણાવવું અને વધે તે જ વેચવું. ગામની કાંતનારીઓની એક કાંતણ હરીફાઈ અમે યોજી હતી. વીસ રેંટિયા એક કલાકથી વધારે સમય સુધી ચાલ્યા હતા. કંતાયેલું સૂતર એકધારું હતું અને એનો આંક ૧૫થી ૨૦ સુધીનો હતો. અમારી ખુશાલી પ્રદર્શિત કરવા દસેક સ્ત્રીઓને અમે ઇનામો આપ્યાં હતાં. અત્યાર સુધી ત્યાંના મહારોમાંથી કોઈ કાંતતું નહોતું. અમારી શિખામણ સાંભળીને એક મહાર સ્ત્રી કાંતવા તૈયાર થઈ. તે પોતાનો ભાંગ્યોતૂટ્યો રેંટિયો કૉંગ્રેસ સમિતિ પાસે લઈ આવી. સમિતિ એને તરત જ સમરાવી આપશે, અને આ ઉત્સાહી બાઈને પૂણીઓ અને ત્રાક પણ આપશે. મને આશા છે કે ખાદીની બાબતમાં બડગી એક નમૂનેદાર ગામ બની જશે. બધો આધાર સ્થાનિક કાર્યકરો પર છે. . . .

ગણીથી હું બિદરી ગયો. આ ગામ પહેલેથી જ કાંતવામાં બધાથી મોખરે છે. સૂતર ઝીણું છે અને કંતાય પણ છે ઘણા મોટા પ્રમાણમાં. હું પચાસેક ઘરોમાં ફર્યો અને જોયું કે દરેક ઘરમાં ૨થી ૪ રેંટિયા હતા. એટલે કે ઘરમાં જેટલી કાંતી શકે એવી સ્ત્રીઓ હોય એટલા રેંટિયા હતા. એક ડોસીએ કહ્યું કે હું છેલ્લાં બે વરસથી રેંટિયા વડે ગુજારો કરું છું. આ ગામમાં આશરે ૨૫૦ રેંટિયા ચાલુ છે. પોતાને જોઈતું રૂ તેઓ ભરી રાખે છે અને સૂતર વેચી દે છે. બિજાપુર, જમખંડી વગેરે સ્થળોના ખાદી બનાવનારા પોતાને જોઈતું સૂતર અહીંથી ખરીદે છે. જે સ્થાનિક ખાદી કાર્યકરને અહીંની કૉંગ્રેસ સમિતિ નિભાવે છે તેને સમિતિના સભ્યોને માટે ધોતિયાં બનાવવાનું કામ સોંપવામાં આવ્યું છે. આ ગામમાં અને એની આસપાસનાં ત્રણચાર ગામોમાં પણ ઘણું કામ થવાની શક્યતા છે. . . .

બિદરીથી ૧૯મી તારીખે હું દેવારગન્નુર ગયો. ૧૯૨૩ના ફેબ્રુઆરી માસમાં અમે અહીં આવી ગયેલા. તે વખતે માત્ર ૧૦ રેંટિયા ચાલતા હતા. અત્યારે ઓછામાં ઓછા ૧૦૦ રેંટિયા ચાલે છે અને એ કુટુંબો પોતાનું સૂતર પોતાનાં જ કપડાં માટે વણાવે છે. જો વધારાનું સૂતર હોય તો તે સ્થાનિક કૉંગ્રેસના ખાદી કાર્યકરોને વેચવામાં આવે છે. અહીં અમે એક કાંતણ હરીફાઈ યોજી. પૂરા એક કલાક સુધી, નાની અને મોટી, ગરીબ અને તવંગર ૨૫ ગ્રામનારીઓને પૂરી તાકાતથી કાંતતી જોવી એ એક આનંદદાયક દૃશ્ય હતું. આ સ્ત્રીઓને અમે ઇનામ આપ્યાં. શહેરોમાં આવેલી સુસ્તીથી નાસીપાસ થયેલા ખાદી કાર્યકરે પોતાના કાર્યમાં આશા અને આસ્થા લાવવા માટે આવી હરીફાઈઓ જોવા માટે આવાં ગામોમાં જવું જોઈએ.

આ દૃષ્ટાંતો પૈસા લઈને કાંતનારા લોકોનાં છે, પણ જ્યારે મહાસમિતિના ઠરાવની રૂએ કૉંગ્રેસના ચુનંદા પ્રતિનિધિઓ અને બીજા લોકો રાષ્ટ્રીય કર્તવ્ય સમજીને કાંતવા માંડશે ત્યારે

Gandhi Heritage Portal

શહેરોમાં પણ મંદી રહેશે નહીં. પછી તો શહેરો આજે છે તેવાં, પરદેશથી આવીને વસ્યાં હોય એવાં અને ગામડાંના લોકોના તંદુરસ્ત જીવનનું હીર ચૂસી લેનારાં અને તેને ચિમળાવી નાખનારાં નહીં પણ આપણે ઇચ્છીએ છીએ તેવાં એટલે કે વિસ્તરેલા ગ્રામસ્વરૂપનાં બની રહેશે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १७-७-१९२४

## ૨૧૨. મિલોના બચાવમાં

એક ભાઈ લખે છે:

> આપના અભિપ્રાય પ્રમાણે સ્વરાજ મેળવવાનું સૌથી ઉત્તમ સાધન રેંટિયો છે. આપના ઉચ્ચ આશય અને સ્વાર્થત્યાગને વિષે ના પાડી શકાય એમ નથી; પણ ખાદીનો સાર્વત્રિક વપરાશ કરાવી આપ અનેક મિલવાળા અને તેથીય વધારે શૅરવાળાઓને ભયંકર આફતમાં નાખવાના છો એ આપ કેમ સમજતા નથી એ કલ્પવું મુશ્કેલ છે. મિલોવાળાઓએ મિલમાં લખલૂટ પૈસો ખર્ચ્યો છે અને તેના શૅર લેનારાઓ જેમાંના ઘણાક બિચારાની તો પૂરી રોજી પણ નથી નીકળતી તેમણે મિલોની આબાદી જોઈ સારા વ્યાજમાંથી નિર્વાહનું એક વધુ સાધન મળે એ ખાતર પોતાની બધી પૂંજી શૅરમાં જ રોકી છે. એટલે પરિણામ એ આવે છે કે જેને માન કે ઇજ્જતનું કશું ભાન નથી અને જેઓ ગમે તે પ્રકારે પોતાનું પેટિયું કાઢી શકે છે તેવા નીચલા વર્ગના ઘણા લોકોની સ્થિતિ આબાદ કરવાની આશામાં આપ તેટલા જ અથવા તેથી વધારે મધ્યમ વર્ગના લોકોનું સત્યાનાશ વાળશો.
>
> જનતા તરફ અતિશય નિઃસ્વાર્થ સમભાવવાળા મહાત્મા હોઈ આપે તો ન્યાય યોગ્ય રીતે તોળવો ઘટે. એકને નુકસાન કરી બીજાને આબાદ ન કરતાં વચલો માર્ગ કાઢી રેંટિયાને પણ અમુક હદ સુધી ઉત્તેજન આપવું અને બીજી તરફ મિલવાળા અને શૅરવાળાની મોટી સંખ્યાને પણ મદદ આપવી ઘટે.
>
> પરદેશી કાપડનો બેલાશક બહિષ્કાર કરો, પણ ખાદીને બદલે મિલનું કાપડ વાપરવાની પણ છૂટ આપો. તેમ કરવાથી આપ અનેક ઉપલા અને વચલા વર્ગના લોકોને મદદરૂપ થશો.

આ કરુણાજનક પત્ર છે. લખનારના બધા ભય સાચા પડે તો કેવું સારું એમ મને થઈ જાય છે, કારણ તેમ થાય તો જ મિલો અને શૅરોવાળાઓની પાયમાલ થવાની ઘડી જ તેમના પોતાના અને હિંદુસ્તાનના ઉદ્ધારની ઘડી છે એમ એ ભાઈ સમજી શકશે. તેમ થશે તો તેને એ પણ સમજાશે કે હિંદુસ્તાનની નાડીમાં નવું લોહી વહેતું હશે, અને વચલો વર્ગ આજે ભૂખે મરતા ખેડૂતોના જીવ પર જીવી રહ્યો છે તેને બદલે સુખી અને સમૃદ્ધ ખેડૂતોની સાથે સુંદર સહકાર કરી પોતાનો નિર્વાહ મેળવતો જણાશે; કારણ આ ખેડૂતો જે વસ્તુ પોતાને જોઈતી હોય છતાં ઉત્પન્ન ન કરી શકતા હોય તે વસ્તુ ખુશીથી પોતે ઉત્પન્ન કરેલી વસ્તુ આપીને તેના બદલામાં લેશે. જરાક વિચાર કરવાથી ઉપરના કાગળ લખનારને સૂઝી જશે કે મિલોને કાઢવા જેટલી હદ સુધી રેંટિયાને પગભર થવાને માટે પત્રલેખકે પોતે તેમ જ બીજા શૅરવાળાઓએ અને મિલના ડિરેક્ટરોએ લોકોની સાથે સંપૂર્ણ સહકાર કરવો પડશે. રેંટિયો હિંદુસ્તાનની મિલોના કાપડ ઉપર અસર પહોંચાડતો થાય તે પહેલાં તો તેણે લગભગ સાઠ કરોડ રૂપિયાના પરદેશી કાપડને મારી હઠાવવું રહ્યું. આટલી જ વાતથી પત્રલેખકની ચિંતા દૂર થવી જોઈએ.

Gandhi Heritage Portal

પણ મેં આ પત્રમાં વારંવાર જણાવ્યાં છે તે કારણે આપણે તો મિલનું કાપડ તજી કેવળ ખાદીનો જ વિચાર કર્યે છૂટકો. આપણી મિલોને મારા કે બીજા કોઈના આશ્રયની ગરજ નથી. તેમની પાસે તેમના પોતાના આડતિયા હોય છે અને પોતાના માલની દાંડી પીટવાની ખાસ રીતો હોય છે. એટલે મહાસભાના વાડામાં જેઓ હોય તેમને ખાદીને બદલે મિલનું કાપડ વાપરવાની છૂટ આપવી એ ખાદીનો ઉદ્યોગ નાશ કરવા બરાબર છે. ખાદી કાપડબજાર ઉપર અસર કરતી થાય તે પહેલાં તેને જેટલું રક્ષણ આપી શકાય તેટલું આપવું જોઈએ.

આટલું તો ઉપરનો પત્ર લખનાર અને તેના જેવા વિચાર ધરાવનારા બીજાઓના ચિત્તની શાંતિને માટે. પણ એટલું જણાવી દઉં કે સદરહુ પત્ર મિલો અને વચલા વર્ગ ઉપર આવનારી આફતના અજ્ઞાનભર્યા ભયથી ન લખાયેલો હોત તો એ પત્ર હૃદયશૂન્ય છે એમ જ કહેવું પડત. “જેને માન કે ઇજ્જતનું કશું ભાન નથી” એમ કહી “નીચલા વર્ગ”ને વર્ણવવામાં લેખકનો શો આશય છે? શું એમની ખાતરી છે કે નીચલા વર્ગને ઇજ્જતનું કશું ભાન નથી? શું તેમને લાગણી નથી? શું કડવા શબ્દથી તેમને માઠું નથી લાગતું? તેમના નીચા હોવાનું કારણ તો તેમની ગરીબાઈ સિવાય બીજું કશું નથી. અને એ ગરીબાઈને માટે વચલો જ વર્ગ જવાબદાર નથી? અને પત્રલેખકને એ પણ જણાવી દઉં કે નીચલો વર્ગ “ગમે તે પ્રકારે પોતાનું પેટિયું કાઢી” શકતો નથી એટલું જ નહીં પણ તેનો મોટો ભાગ અડધા ભૂખમરાની દશામાં જિંદગી ગુજારે છે. જો વચલો વર્ગ નીચલા વર્ગને માટે ઇચ્છાપૂર્વક નુકસાન ખમે તો તેમને અત્યાર સુધી ચૂસવાનું તેણે કંઈક વળતર આપ્યું કહેવાશે. કહેવાતા નીચલા વર્ગ કરતાં ઊંચા હોવાનું આ અભિમાન અને તેને પરિણામે ઉત્પન્ન થતી તેમના દુઃખ વિષેની નિષ્ઠુરતા એ જ સ્વરાજના માર્ગમાં અંતરાયરૂપ છે અને જીવનપ્રદ રેંટિયાની પ્રગતિને રોકે છે. પત્ર લખનારને આખી સ્થિતિનો સામાન્ય લોકોની દશા ધ્યાનમાં લઈને વિચાર કરવાની અને રેંટિયો ગ્રહણ કરી પોતાનાથી ઓછા સુખી એવા પોતાના દેશબંધુઓની સાથે આત્મભાવ રાખવાની હું વિનંતી કરું છું.

જનતા વિષેના મારા વિશાળ સમભાવને કારણે “નીચલા વર્ગ”ને ભોગે મિલોના તરફ દયા રાખવાનું જો મને કહી શકાતું હોય તો તે જ કારણે બીજા કેટલાક મિત્રોએ પરદેશી મિલો તરફ દયાભાવ રાખવાનો મને આગ્રહ કર્યો છે તેવો આગ્રહ જરૂર કરી શકાય એ પણ આ પત્રલેખકે ધ્યાનમાં રાખવું જોઈએ. પણ જો પરદેશી મિલોએ આપણી સામાન્ય પ્રજાને પાયમાલ કરી છે એ વાત સાચી હોય—અને એ વાત સાચી છે જ—તો તો પરદેશી મિલવાળાઓને નુકસાન થાય તોપણ માનવદયાની ખાતર આમવર્ગને પાછો રેંટિયો હાથમાં લેવાનું શીખવ્યા વિના આરો નથી. એ જ પ્રમાણે જે આમવર્ગની પાયમાલી પર આપણા દેશની મિલો બાંધવામાં આવી છે તે મિલોને પણ નુકસાન ખમવાની જરૂર જણાય તો નુકસાન વેઠયે જ છૂટકો. આપણાં ગામડાંઓમાં જઈ કોક સાહસિક ભઠિયારો ચૂલા બંધ કરવાને માટે સોંઘી બેકરી કાઢે તો મને આશા છે કે આખી પ્રજા આવા સાહસની સામે થશે. આ વિરોધ જેટલો સકારણ છે તેટલો જ સકારણ મારો મિલોનો વિરોધ ગણાવો જોઈએ, जो मिलो आमवर्गना हितनी आडे आवती होय.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १७–७–१९२४

ભાષાંતર : नवजीवननो वधारो, २४–७–१९२४

Gandhi Heritage Portal

# ૨૧૩. અધિકાર છીનવ્યાનો કિસ્સો

શ્રી જમાલુદ્દીન મખમૂર લખે છે:

૧૯૨૩ના નવેમ્બર માસમાં થયેલી મ્યુનિસિપાલિટીની ચૂંટણી વખતે પોલિંગ અધિકારી તરીકે કામ કરતા મેરવાડાના વધારાના મદદનીશ કમિશનરે બિયાવર મ્યુનિસિપાલિટીની મતદાર યાદીમાંથી મારું નામ તદ્દન આપખુદ રીતે કમી કર્યું હતું. કારણ એવું આપવામાં આવ્યું હતું કે ફોજદારી કાયદાની કલમ ૧૦૮ હેઠળ મને ૬ માસની સજા થઈ હતી. મારું નામ કમી કરતો હુકમ ૧૯૨૩ના ઑક્ટોબરમાં નીકળ્યો હતો, અને એના ઉપર અપીલ થઈ શકે એમ હોવાથી મેં ૧૦મી ઑક્ટોબરે કમિશનરને અપીલ કરી હતી. એક માસ સુધી એ વિષે સંપૂર્ણ મૌન ધારણ કરવામાં આવ્યું. દરમ્યાન, મતદાન માટે નવેમ્બરની ૨૯મી તારીખ નક્કી કરવામાં આવી. એટલે ૨૦મી નવેમ્બરે મેં કમિશનરને એક રિમાઈન્ડર લખ્યો અને મેરવાડાના વધારાના મદદનીશ કમિશનરને રજિસ્ટર્ડ નોટિસથી મારી અપીલનો આખરી નિકાલ ન આવે ત્યાં સુધી આગળની કાર્યવાહી બંધ રાખવા જણાવ્યું. આના ઉપર કશું ધ્યાન ન અપાયું અને તે જ દિવસે મતદાન કરવામાં આવ્યું. કમિશનરની ઑફિસમાંથી જવાબ આવવાની હું ત્યારથી રાહ જોતો હતો. આખરે માત્ર આજે, ૧૦મી જુલાઈએ મને નીચેનો પત્ર મળ્યો છે:

એમના ૨૨મી જૂન, ૧૯૨૪ના પત્ર નં. ૧૧૭ / જે ના જવાબમાં શ્રી જમાલુદ્દીનને ખબર આપવામાં આવે છે કે બિયાવર મ્યુનિસિપાલિટીની મતદાર યાદીમાંથી એમનું નામ જે હુકમને આધારે કમી કરવામાં આવ્યું હતું તે હુકમ કમિશનરે સુધાર્યો છે અને તેમણે જણાવ્યું છે કે શ્રી જમાલુદ્દીનનું નામ એ યાદીમાં દાખલ કરવું. પરંતુ આ સુધારેલો હુકમ ૧૯૨૩ના નવેમ્બરની ૨૯મીએ જ નીકળ્યો હોવાથી, અરજદાર મત આપવાના પોતાના અધિકારનો ઉપયોગ કરી શકે તે રીતે સમયસર એમને પહોંચાડી શકાયો નથી.

આ તો ફાંસી દીધા પછી સજા મુલતવી રાખ્યાનો હુકમ મોકલવા જેવું થયું. હાલના તબક્કે મતાધિકાર બહુ મહત્ત્વની વસ્તુ ન હોય. પરંતુ જ્યારે લોકો પોતાના અધિકારો વિષે જાગ્રત બને ત્યારે કટોકટીના પ્રસંગોએ એક મત પણ બાજી પલટી નાખવા પૂરતો થઈ પડે. આ બાબતમાં લાંબી તપાસની જરૂર નહોતી અને ચૂંટણીઓ નજીકમાં થવાની છે એ વાત કમિશનરે જાણી જ હોવી જોઈએ ત્યારે, આ કામમાં આવી અસાધારણ ઢીલ શાથી થઈ તેનો ખુલાસો માગવાનો શ્રી જમાલુદ્દીનને હક છે. મને પોતાને તો આ બનાવ સરકાર સાથે અસહકાર કરવાનું એક વધારાનું કારણ પૂરું પાડે છે. સરકારી અધિકારીઓનાં આવાં તમામ કૃત્યો પ્રત્યે હું ભારે શંકાની નજરે જોઉં છું. એમાં લોકોના અભિપ્રાય અને અધિકારો પ્રત્યે તિરસ્કાર વ્યક્ત થતો જણાય છે. આ ગેરવહીવટનો તાત્કાલિક ઉપાય લોકો કરી શકતા ન હોય તેથી કંઈ લોકમતની સદંતર અવગણના કરીને હિંદનો કારભાર ચલાવવાના કામમાં સત્તાવાળાઓને સીધો કે આડકતરો સહકાર આપવાનું મને આવશ્યક લાગતું નથી.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १७–७–१९२४

Gandhi Heritage Portal

## ૨૧૪. નાનાભાઈ ઇચ્છારામ મશરૂવાળાને પત્ર

સાબરમતી,
અસાડ વદ ૩ [જુલાઈ ૧૯, ૧૯૨૪][1]

ભાઈ નાનાભાઈ,

તમારો કાગળ મળ્યો. તરજુમો જોઈ ગયો. તમારે દુઃખી થવાનું કંઈ જ કારણ નથી. જગત આપણને પૂજે ત્યારે જ ડરવાનો વખત હોય છે. જગત તરછોડે ત્યારે પ્રભુ નજીક હોવાનો સંભવ છે. જગતની વંચના સાંભળી મીરાંબાઈ હસતી. તમે અવશ્ય રાજીનામું આપો. તબિયતને ભોગે રહો એ જરાયે ઇચ્છવા જેવું નથી. છતાં સાવચેતી ખાતર જમનાલાલજીને[2] પૂછી જોજો. ધર્મની કસોટી શીતોષ્ણ સુખદુઃખ સહન કરવામાં જ રહેલી છે.

મોહનદાસના આશીર્વાદ

શ્રી નાનાભાઈ ઇચ્છારામ
અકોલા
વિરાર

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્ર પરથી : સી. ડબલ્યુ. ૪૩૧૬; શ્રી કનુભાઈ મશરૂવાળાના સૌજન્યથી

## ૨૧૫. જ્ઞાની કે અર્ધદગ્ધ?

ગણપત નામે એક વિદ્યાર્થી પોતાના કુટુંબીને આ પ્રમાણે પત્ર[3] લખી તા. ૭મી જુલાઈએ ચાલી નીકળ્યા.

આ કાગળમાં જેટલો દેશપ્રેમ છે તેટલું જ અજ્ઞાન છે. ક્યાં ડાયરશાહી ને ક્યાં એક અંગ્રેજનું એક બાઈને ગાળ દેવું? શહેરોમાં ફરનારને નસીબે આવાં દૃશ્યો તો નિરંતર આવે છે. ગોરા જ હિંદી ઓરતોને ગાળો ભાંડે છે એમ નથી. હિંદીઓ પણ ગાળો ભાંડે છે અને મારે પણ છે. ઉદ્ધત હિંદી સ્ટેશન માસ્તરો અને સિપાહીઓ બહેનો ઉપર ત્રાસ ગુજારે છે એ કોણે નથી જોયું? આ દુષ્ટતાઓનું નિવારણ કંઈ ભાગી ગયે થવાનું શું?

ગોરાએ જ્યારે બાઈને ગાળો ભાંડી ત્યારે વિદ્યાર્થી ગણપત કેમ જોઈ રહ્યા? તેમને દુઃખ લાગ્યું તો તેમની પાસે બે કે ત્રણ રસ્તા હતા. અહિંસાનો પ્રયોગ કરીને નમ્રભાવે પેલા ગોરાને સમજાવવા જતાં માર ખાવો પડત તો ખાઈ લેત અને પેલાં બહેન ગાળોથી બચી જાત. અથવા

૧. પોસ્ટના સિક્કામાં આ તારીખ છે.
૨. જમનાલાલ બજાજ.
૩. આ પત્ર અહીં આપ્યો નથી.

Gandhi Heritage Portal

જો તે "શઠમ્ પ્રતિ શાઠ્યમ્"ના ન્યાયને માનનાર હતા તો કજિયો પોતાનો કરી ગોરાની સાથે લડાઈ કરી શકતા હતા. જો તે સહકારી હતા તો ત્રીજો રસ્તો તે બાઈને પોલીસ ચોકીમાં લઈ જઈ ફરિયાદ કરવાનો હતો. તેમ કરતાં ન્યાય ન મળત તો પોતે અસહકારી બનત. ગમે તેમ વિચારી જુઓ પણ ભાગી છૂટવું એ રસ્તો જ ન હતો. આવો ઉપાય તે બંધનરૂપ થવાનો સંભવ છે. વિદ્યાર્થી ગણપત લખે છે કે હવે તે જિંદગીનું રહસ્ય સમજ્યા છે. શું સમજ્યા છે તે તો ભગવાન જાણે. ભાગીને શી સાધના કરશે? ઘેર રહેતાં છતાં જેટલું કરવાનું હતું તે કરી શકત. કાયર થઈને ભાગવાથી જ્ઞાન નથી આવવાનું, નથી હિંમત આવવાની. બધા બુદ્ધ નથી થઈ શકતા. સરસ્વતીચંદ્ર તો ગોવર્ધનભાઈની કલ્પનામાં વસતા હતા. વિદ્યાર્થી ગણપત તો સરસ્વતીચંદ્ર કરતાં પણ આગળ વધવાની આશા રાખે છે. સરસ્વતીચંદ્રને[1] તો ગોવર્ધન-ભાઈએ ઘાંચીના બેલની જેમ ત્યાંનો ત્યાં જ ઘુમાવ્યો. તે "નવીન" થયો જ નહીં. નવીન અનુભવો લઈને પણ કુમુદને[2] છોડી કુસુમને[3] લઈને બેસી ગયો અને છેવટે પોતાની આરતી ઉતરાવી. સરસ્વતીચંદ્રમાંથી તો શીખવાનું એ છે કે આપણે કર્તવ્યથી ચળીએ નહીં. જે દુ:ખનું નિવારણ થઈ ન શકે તેના સાક્ષી થઈ સહન કરીએ, તેના ઉપાયો શોધીએ. ઉપાયો તો દુ:ખોના અવલોકનથી મળશે, દુ:ખથી દૂર ભાગ્યે નહીં મળે.

વિદ્યાર્થી ગણપત જો હજુ અરણ્યવાસી ન થયા હોય અને છૂપા પડ્યા પણ નવજીવન વાંચતા હોય, ને તેમની નજરે આ અંક ચડે, તો મારા જેવા અનુભવીની વિનંતી ધ્યાનમાં લઈ પાછા ફરે. પોતાનો અભ્યાસ જારી રાખે, શરીરસંપત્તિ ન હોય તો કેળવે, બ્રહ્મચારી જરૂર રહે, ઈશ્વરભક્ત જરૂર બને, જિંદગીનું રહસ્ય સેવા છે એમ શીખે અને સેવા એ ભાગવાથી નથી થઈ શકતી એમ જાણે.

અરણ્યનો રસ્તો નથી જ એમ હું નથી કહેવા માગતો. ત્યાં જઈને તો ઘણુંયે શિખાય છે, પણ તેને સારુ અધિકાર જોઈએ. આપણે બધા બુદ્ધ થવાની હામ ન ભીડીએ. આપણે તો સુદામા રહીએ. અર્જુનને ભાગતો રોકનાર કૃષ્ણચંદ્ર ગાંડો ન હતો. રામે પિતાનું વચન પાળ્યું પણ ભરતને તો અયોધ્યામાં બાંધ્યો ને પોતે જંગલમાં જઈને મંગળ કર્યાં. જંગલમાંયે પોતાની તૈયારીઓ કરી આદર્શ પુરુષ બન્યા. સારે નસીબે ઘણા વિદ્યાર્થી ભાગતા નથી એટલે મારે વિદ્યાર્થી ગણપતના કિસ્સાને લંબાવવાની જરૂર નથી. પણ રહેલા વિદ્યાર્થીઓને ગણપતની પાસેથી બોધ લેવાનું તો ઘણુંયે છે. આપણે દુ:ખો જોઈ શુષ્ક કે જડ નથી બનવા માગતા. ગણપતના જેવી જ લાગણી કેળવવા ઇચ્છીએ. આપણે વિદ્યાને કોડીને દામે વટાવીએ નહીં. વિદ્યાધન દેશને સારુ કમાઈએ ને તે વડે સેવા કરીએ. ગણપતના જેટલી જ લાગણી કેળવી, આપણે તેમાં વિવેકબુદ્ધિ ઉમેરીએ ને પ્રમાણ જાળવીએ. પ્રમાણવિદ્યા શીખી ધીરજ કેળવીએ. સ્થિતિનું પૃથક્કરણ કરી ઇલાજો શોધી તે અજમાવવામાં દૃઢ થઈએ. નિશ્ચય કરતાં પહેલાં ખૂબ વિચારીએ. પણ કરેલા નિશ્ચયને વજ્ર જેવા થઈ પાળીએ. ગણપત તિરસ્કારને પાત્ર તો નથી જ. તે દયાને પાત્ર પણ નથી. તે સ્તુતિને પાત્ર છે. માત્ર તેણે ઉતાવળ કરીને પગલું ભર્યું છે તેવું પગલું આપણે ન ભરતાં જ્યાં છીએ ત્યાં જ અરણ્ય પેદા કરીએ. શાંતિ, વૈરાગ્ય ઇત્યાદિ માનસિક સ્થિતિ છે. કેટલાકને ભટકવાથી શાંતિ મળે છે એ ખરું છે,

૧. ગોવર્ધનરામ ત્રિપાઠીની પ્રખ્યાત નવલકથા સરસ્વતીચંદ્રનો નાયક.
૨ અને ૩. સરસ્વતીચંદ્ર નવલકથાની બે બહેનોનાં પાત્રો.

Gandhi Heritage Portal

પણ ઘણાને તો જંજાળમાં રહી ઘડાતાં જ તે મળે છે. આપણો માર્ગ તે ઘણાનો છે. તે રાજ-માર્ગ છે:

"સુતર આવે ત્યમ તું રહે
જ્યમ ત્યમ કરીને હરિને લહે"

એમ અખો લખી ગયો. તે જ્ઞાની હતો.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨૦-૭-૧૯૨૪

# ૨૧૯. પ્રશ્નોત્તરી

અસહકારના અભ્યાસી એક મિત્રે કેટલાક પ્રશ્નો પૂછ્યા છે તે ઘણાને ઉપયોગી હોઈ અહીં ઉતારું છું:

## "સિસ્ટમ"નો અર્થ

સ. : આપણો વિરોધ વ્યક્તિ સામે નથી. "સિસ્ટમ" સામે છે. ત્યારે "સિસ્ટમ"નો અર્થ શું? સમુદાય કે પદ્ધતિ કે સંસ્કૃતિ?

જ. : સમુદાય નહીં જ. પદ્ધતિ ખરો ને તેને સારુ જેટલે અંશે સંસ્કૃતિ જવાબદાર હોય ત્યાં લગી તે પણ ખરી.

સ. : "બળિયાને બધું છાજે"વાળા યંગ ઇન્ડિયાના[1] લેખમાં આપ લખો છો કે સર શંકરનને અન્યાય મળ્યો તેમાંથી આ રાજ્યતંત્રની બૂરાઈ વધારે સ્પષ્ટ થઈ છે. મહાસમિતિના સભ્યોને લખો છો કે "આપણને સરકારી અદાલતો અને નિશાળો લોભાવે છતાંયે જો આપણે તેનો વિરોધ કરતા હોઈએ તો આપણો વિરોધ પદ્ધતિની સામે નહીં પણ વ્યક્તિની સામે છે. . . . મારું સ્વરાજ તો આપણી સંસ્કૃતિનો પ્રાણ અવિચ્છિન્ન રાખવામાં છે."

આ બે ફકરાઓનો વિચાર કરતાં પહેલામાં ગોરાની સરકાર એવો ધ્વનિ જોવામાં આવે છે, ત્યારે બીજામાં સંસ્કૃતિ ઉપર કટાક્ષ છે.

જ. : એમ મુદ્દલ નથી. સર શંકરનનો ન્યાયાધીશ કાળો હોત તોપણ એવો જ અન્યાય આપત. તેમનો ન્યાયાધીશ આધુનિક બ્રિટિશ રાજનીતિ ચલાવનાર હોવાથી તેનાથી બીજો ન્યાય ન આપી શકાયો. આપણે હિંદુસ્તાનમાં જોઈએ છીએ કે ચાલુ તંત્રમાં પડેલા હિંદી ન્યાયાધીશો પાસેથી આપણે આણીની વેળાએ ન્યાયની આશા ન રાખીએ. એ તેમનો દોષ નથી પણ પદ્ધતિનો છે. સામાન્ય માણસ પોતાના વાતાવરણને ઓળંગી શકતો જ નથી. જે ઓળંગી શકે તે એવી ત્યાજ્ય પદ્ધતિમાં એક ક્ષણભર પણ ન રહે. અસહકાર આપણને એ જ તત્ત્વ શીખવે છે. મેં તો ઘણી વેળા કહ્યું છે કે ચાલુ પદ્ધતિ કાયમ રહે અને તેમાં એકેએક અમલદાર હિંદી હોય તોયે તે મને ત્યાજ્ય છે.

સ. : મને લાગે છે કે અસહકારની યોજના આપણી સંસ્કૃતિ જાળવવા માટે નહીં (સંસ્કૃતિનું રક્ષણ એ તેનું ભલે અપ્રત્યક્ષ છતાં એક રીતે વધારે મહત્ત્વનું પરિણામ હોય), પણ આપણી ઇજ્જત જાળવવા માટે થઈ હતી.

૧. જુઓ "નોંધ", ૧૨-૬-૧૯૨૪.

Gandhi Heritage Portal

જ. : આપણી ઈજ્જત ઉપર હુમલો થતો હતો તે પ્રત્યક્ષ હતું તેથી તેની વાત કરવી વધારે અસરકારક હતી. પણ ઈજ્જત આપણી સંસ્કૃતિમાં છુપાયેલી હતી. હવે જ્યારે ઈજ્જત પાછી ન મળ્યા છતાં સરકારી અદાલતો, નિશાળો ઇત્યાદિનો મોહ પાછો વધવાનો ભય જોવામાં આવે છે ત્યારે તેમાં રહેલો સંસ્કૃતિ ઉપરનો છૂપો હુમલો આપણે સ્પષ્ટ કરી બતાવીએ છીએ. આવી ઉત્તરોત્તર દલીલો કંઈ ઇરાદાપૂર્વક કરાતી નથી. સંજોગો તેને ઉત્પન્ન કરે છે. ઊંડા ઊતરીએ તો ઇજ્જત, સંસ્કૃતિ, પદ્ધતિ વગેરે શબ્દોનો પરસ્પર નિકટ સંબંધ જોઈ શકીએ છીએ ને તે બધાનું મૂળ એક જ વસ્તુમાં હોય છે.

સ. : સરકારી અદાલતોમાં વિઘાતક એવું કાંઈ છે જ એવી મારી ખાતરી નથી છતાંય હું તેમાં મારા પડોશીની સામે તકરાર ન લઈ જાઉં કારણ કે આપણા ઉપર જુલમ ચલાવનાર પારકી સરકારની તે અદાલત છે. તેમ જ હાલની શિક્ષણપદ્ધતિમાં દોષ ન જોનાર માણસ પણ તેમનો બહિષ્કાર કરે. સરકારી ઇસ્પિતાલની દવા બહુ સારી હોય કે પોલીસનો બંદોબસ્ત વખાણવા યોગ્ય હોય છતાંયે અસહકારી તેનો લાભ ન લે.

જ. : અદાલતો અને નિશાળો પારકાની હોવા પૂરતો જ દોષ જેણે જોયો છે તેને અસહકાર કઠિન થઈ પડયો છે. એ દોષનું મૂળ સંસ્થાઓના પારકાપણામાં નથી. પણ તેના દોષિત પદ્ધતિના અંગ હોવામાં છે. પણ આ સ્થાને પદ્ધતિની વ્યાખ્યાની જરૂર છે કેમ કે પ્રશ્નકારે શિક્ષણપદ્ધતિ શબ્દ વાપર્યો છે. સરકારની શિક્ષણપદ્ધતિમાંયે દોષ જોઉં છું. પણ મારા વિરોધનું તે કારણ નથી. મારો વિરોધ રાજ્યની પદ્ધતિ પ્રત્યે છે. એ પદ્ધતિ કે જેમાં રાજ્યકર્તાનો આર્થિક સ્વાર્થ પ્રધાનપદ ભોગવે છે ને તેથી જેમાં ધર્મને કહો કે નીતિને કહો, ગૌણ સ્થાન છે, એ પદ્ધતિ કે જેમાં રાજ્યકર્તા પોતાનો આર્થિક લાભ સાચવવા સારુ ડાયરશાહી રમવામાંયે પછાત નથી પડતા, એક પણ પાપ કરતાં નથી ડરતા. જો આવી સ્વાર્થી પદ્ધતિ ન હોત તો અંગ્રેજી રાજ્યને પારકું કહેવાનો પ્રસંગ જ ન આવત. આ દલીલના સત્યપણાની કસોટી આ છે: માની લો કે આ સરકાર પંજાબના હત્યાકાંડને સારુ પશ્ચાત્તાપ કરે, પરદેશી કાપડ આવતું બંધ કરે, ખાદીને ઉત્તેજન આપે, અફીણદારૂની આવક નાબૂદ કરે, સેનાખર્ચના પોણોસો ટકા કમી કરે, હિંદુમુસલમાનની એકતાને પોતાનું કર્તવ્ય સમજે ને બીજી રીતે પ્રજામતને માન આપે તો તેનો વિરોધ કોણ કરશે? ને કોઈ કરશે તો તેને કોણ સાંભળશે? પછી તો બીજી રીતે સદોષ હશે તોપણ ચાલુ અદાલતનો ને નિશાળોનો બહિષ્કાર આપણે નહીં કરીએ. ઉપલી સ્વાર્થી રાજનીતિ કે પદ્ધતિ એ આધુનિક કે પશ્ચિમ સંસ્કૃતિના મૂળમાં જ રહેલી છે. પણ આમ આટલો ઊંડો વિચાર કરી જોવા જેઓ ઇચ્છે નહીં તેમનો પણ વિરોધ જાગ્રત કરવા સારુ એ સંસ્કૃતિનું ઉઘાડું પરિણામ આ સરકારની ડાયરશાહી ઇત્યાદિ બસ હતાં.

સ. : તમે લખો છો "સરકારી રાજ્યનીતિનો હેતુ આપણને જાંગલા બનાવવાનો છે. આપણે જાંગલા થઈ જઈએ કે તુરત આપણા અંગ્રેજ રાજ્યકર્તા આપણા હાથમાં રાજ્યની લગામ ખુશીથી સોંપી દેશે ને આપણને તેમના આડતિયા તરીકે વધાવી લેશે." એટલા નિ:સ્વાર્થી હેતુથી અંગ્રેજો અહીં રહ્યા છે? તમે જેને તેનો દોષ માનો છો તે જ તેઓએ પોકારી પોકારીને ગુણ રૂપે કહ્યો છે. આપણે યુરોપિયન પદ્ધતિ સ્વીકારીએ તો શું અંગ્રેજો ચાલ્યા જશે? આપણે તોપણ તેમના મરજિયાત આડતિયા કેવી રીતે બનવાના? ઇંગ્લંડ અને જર્મનીની સંસ્કૃતિ એક જ છે તોપણ તેમની વચ્ચે ઝઘડા તો થાય જ છે કે નહીં? હું તો કહું કે સંસ્કૃતિ એક છે તેથી જ ઝઘડા થાય છે.

Gandhi Heritage Portal

જ. : આમાં બહુ વસ્તુઓનો સમાવેશ થઈ ગયો છે. જો આપણે જાંગલા બની જઈએ તો આપણે ખાદીવાદી રહેવાના જ નહીં. આધુનિક સંસ્કૃતિ પરિણામે જડવાદી અને અનાત્મવાદી છે. આપણે જાંગલા થઈએ એટલે દુનિયાને લૂંટવાની પદ્ધતિનો સ્વીકાર કરીએ. પછી આપણે ખેડૂતની સ્થિતિ તરફ દુર્લક્ષ કરવાના અને પશુબળને આપણી હસ્તીનો આધાર બનાવવાના. એમ કરીએ એટલે સેનાખર્ચ ઇત્યાદિ જેમનાં તેમ જ રહેવાનાં. આમ બને તો તેઓને આપણી સામે કંઈ કહેવાપણું ન જ રહે.

આપણી હાજતો ખૂબ વધે તો આપણે ઇંગ્લંડના મોટામાં મોટા ઘરાક બનીએ, ને તેથી તેના મરજિયાત સોદાગર એટલે આડતિયા બનીએ. જર્મની અને ઇંગ્લંડ લડ્યાં એ પણ એ જ સંસ્કૃતિનું જુદી રીતે આવેલું ફળ. બંનેને નબળી પ્રજાઓની પાસેથી લાભ જોઈતો હતો. અને બંને વધારેમાં વધારે હિસ્સો માગતાં હતાં તેથી લડ્યાં. પણ એ લડત ને આપણી લડત વચ્ચે મોટો ભેદ છે. તેઓની ભેટ બરોબરિયાની હોઈ તેમાં સ્વમાનનો સવાલ ન હતો. આપણને તો પ્રતિક્ષણ સ્વમાનનો ખ્યાલ રહે છે. યુરોપની સંસ્કૃતિ આપણે ગ્રહણ કરીએ પછી તો જ્યાં લગી અંગ્રેજના ઘરાક રહીએ ત્યાં લગી તો પછી આપણી અને તેમની વચ્ચે લાંબો કાળ લડાઈ થવાનો સંભવ નથી રહેવાનો. આપણે આપણું ગાડું ચલાવવાને સારુ હજુ લાયક નથી થયા એમ અંગ્રેજો વારંવાર કહે છે તે છેક દંભ નથી. ઘણા એમ માને છે ને કહે પણ છે કે જ્યાં સુધી આપણી સંસ્કૃતિ જુદી રહેશે, ત્યાં લગી આપણે યુરોપની પદ્ધતિ પ્રમાણે રાજ્ય ચલાવવા લાયક નહીં બનીએ. દક્ષિણ આફ્રિકા વગેરેને પૂરી સત્તા છે તેનું શું કારણ? શોધક જોશે કે ત્યાંના ગોરાઓ એક જ સંસ્કૃતિના પૂજારી છે તેથી તેઓ ઇંગ્લંડના આડતિયા બન્યા છે. ઇંગ્લંડ પોતાનો માલ તે ગોરાઓ મારફત વેચે છે તેથી ત્યાં તેને પોતાના જ માણસો રાખવાની જરૂર નથી રહેતી. તેઓનું લોહી એક જ છે એમ કોઈ ન કહે. જો દક્ષિણ આફ્રિકાના ગોરા આજે નિ:સ્વાર્થી થઈ ત્યાંના હબસીઓના સ્વાર્થને પ્રથમ સ્થાન આપે તો તેઓ ગોરા હોવા છતાં ઇંગ્લંડને વિમાસણ થાય ને વિચાર થઈ પડે. આપણે જોઈએ છીએ કે એવા પરોપકારી અંગ્રેજો નીકળી પડે છે તો તેનો અંગ્રેજ સમાજ બહિષ્કાર કરે છે.

[મૂળ ગુજરાતી]

नवजीवन, २०-७-१९२४

Gandhi Heritage Portal

# ૨૧૭. મારી નોંધ

## ભાઈ ઈન્દુલાલનો લેખ

ભાઈ ઇંદુલાલ યાજ્ઞિકે મારી ઉપર લખેલો પ્રગટ પત્ર સહુએ વાંચ્યો હશે એમ માની લઉં છું. તેમના લખાણની દરેક લીટીમાં દેશપ્રેમ ઝળકી ઊઠે છે. ક્યાંય અવિનય તો છે જ નહીં. આમ સદ્‌ભાવે લખેલા લેખમાં દોષ હોય તોયે તે બતાવવાની ઇચ્છા ન થાય. મારું મન એમ જ કહ્યા કરે છે કે એ લેખનો જવાબ આપવામાં પાપ છે. તેનો જવાબ ન જ આપવો એ પૂર્ણ જવાબ નથી? ભાઈ ઇંદુલાલ ઝીણું કાંતનાર છે. દરેક પ્રશ્નનો છેડો જોઈ લેવા ઇચ્છે છે. તે સ્વભાવે સિપાહી છે તેથી સાહસિક છે. જેમ બધું જાણવા ઇચ્છે છે તેમ બધું કરવા ઇચ્છે છે. પ્રેમઘેલા હોવાને લીધે કંઈ પોતાની શક્તિ બહાર છે એમ તેને ક્ષણ વાર પણ લાગતું નથી. પ્રેમની પાસે વધારેપડતું શું હોય? પ્રેમ શું ન કરે? તેથી પોતે પોતાની મર્યાદા આંકવાને બદલે મર્યાદા આંકવાનું ઈશ્વર ઉપર છોડી દે છે. આ ગુણ છે તેમ જ અવગુણ છે. તેમના પત્રમાં હું તેમને આ બંનેને વશ જોઈ શકું છું.

પ્રેમથી લખાયેલા આવા તેમના પત્રને હું તો વધાવી લઉં છું. મારે સારુ તે અને તેવા લેખો ચોકીદાર છે. તેમાંથી હું ધીરજ શીખું છું ને મારી મર્યાદા મને મળી રહે છે.

જે ત્રુટીઓ ભાઈ ઇંદુલાલે બતાવી છે, જે દલીલો તેમણે કરી છે તેમાંની એક પણ મેં નથી વિચારી એવું નથી. એ વિચારતાં છતાં હું જે નિશ્ચય ઉપર આવ્યો તે મેં પ્રજા આગળ વિનયપૂર્વક મૂક્યો છે. તેમાં ઊઠેલી શંકાઓનું નિરાકરણ ઘણું તો આ પાનાંઓમાં કરી ચૂક્યો છું ને પ્રસંગે હજુ કર્યા કરીશ. છતાં જે ન સમજાવી શકું તેને વિષે માત્ર એટલું જ કહું "બાકીનો જવાબ મારા વર્તનમાંથી તારવી કાઢજો."

## હાસ્યરસ

એક સજ્જન લખે છે:[1]

ધારવાડવાળા સજ્જને[2] પોતાનાં કપડાંનો હિસાબ આપવો હશે તો આપશે પણ લખનારની ગૂંચવણનો કેટલોક ઉકેલ તો હું જ કરી દઉં. નિર્દોષ ચીજનો જવાબ નિર્દોષ ચીજથી અપાય. આ સજ્જને નિર્દોષ વિનોદ કર્યો છે એટલે મને તેમના વિનોદમાં ભળી જવાની ઇચ્છા થાય છે. પેલા ધારવાડના ભાઈને બદલે હું જ આ ભાઈને કપડાં પૂરાં પાડવાનો ઇજારો લેવા ધારું છું. માત્ર આટલો ફેરફાર કરવો પડશે. એક હજારનાં કપડાંનો ઇજારો કોઈ પંદર રૂપિયે ન લઈ શકે. ધારવાડના ભાઈની પાસેથી જાણી શકાય કે તે કેટલાં કપડાંથી ચલાવી શકે છે. તેમને તો પંદર રૂપિયાનું ખર્ચ થાય છે. મને તો ત્રણ રૂપિયાનુંયે નહીં થતું હોય. મારા કચ્છના રૂપિયા તેથી વધારે ન જ પડે. ટુવાલ તો જેલમાં એક જ વાપરતો. તે મને એક

૧. આ લખાણ અહીં આપ્યું નથી.

૨. એ ભાઈએ ૧૯૨૪ના જૂનમાં ગાંધીજીને લખ્યું હતું કે પોતે બધાં કપડાં ખાદીનાં વાપરે છે, અને એનું વાર્ષિક ખર્ચ રૂ. ૧૫ આવે છે. જ્યારે તેઓ પરદેશી કાપડ વાપરતા ત્યારે એ ખર્ચ રૂ. ૫૦નું થતું હતું.

Gandhi Heritage Portal

વર્ષથી વધારે ચાલ્યો હતો. અને મને નાકના નોખા રૂમાલની ટેવ છે તે હું કચ્છના ત્રાંસમાંથી પેદા કરી લેતો. તેનો ભંડોળ તો મારી પાસે હાલ પણ પડયો છે. પણ આ સજ્જનને હું કચ્છથી સંતોષ માનવાનું નહીં કહું. પણ તેને કબજા, કોટની કે ભારે ધોતીજોટાની જરૂર હોય નહીં. ચાદરનું ખર્ચ પહેરવાનાં કપડાંમાં ગણાય નહીં એટલે તે ભાઈની ગણતરી પ્રમાણે જ પહેરણ રૂ. ૪, પંચિયાં રૂ. ૩, ટુવાલ રૂ. ૧, ટોપીઓ રૂ. ૧, એટલે રૂ. ૯નું ખર્ચ થયું. ગુજરાતનું સુકાન જેના[૧] હાથમાં અત્યારે છે તેનું અનુકરણ કરતાં આ સજ્જન શરમાય નહીં તો ટોપી ન પહેરે તોય ચાલે તો વળી રૂ. ૧ બચાવે. આટલું પહેરી રૂ. ૩૪માંથી[૨] જે બચે તે મને મોકલી આપે તો હું તે ઓરિસ્સાનાં કે તેના જેવાં હાડપિંજરને સારુ વાપરીશ. કપડાં શરીર ઢાંકવા તથા ટાઢતડકાથી બચવા સારુ હોય છે. એ દૃષ્ટિએ વિચારતાં ઢીંચણ નીચે પહોંચી શકે તેવાં પંચિયાં, પહેરણ ને ટોપી ઉપરાંત કશાં કપડાંની આપણને જરૂર નથી. આપણા દેશની હવામાં કોટ કબજા કેવળ બોજારૂપ છે. મોતીલાલજી પોતાનાં પહેરણ, પંચિયાં ને ટોપીમાં વડી ધારાસભામાં જતાં શરમાતા નથી. દેશબંધુનો[૩] પોશાક પણ એથી વિશેષ નથી હોતો. અલીભાઈઓ ધોતીને બદલે ઇજાર રાખે છે એ જ તફાવત છે. આ સજ્જને એક વસ્તુ લખી છે તે ભૂલભરેલી છે. દેશને ખાતર મેલાં કપડાં કોઈએ પહેરવાની જરૂર હોય જ નહીં. જે પોતાનાં ધોતિયાં ને પહેરણ હમેશાં ચીવટ રાખી ધુએ તેને સાબુની જરૂર ન પડે. કદાચ જોઈએ તોપણ ઘણો જ થોડો. મેલાપણું એ એદીપણાની નિશાની છે. તેને દેશભક્તિની સાથે કશો સંબંધ નથી. ખાદીનાં કપડાં પહેરનારનો તો ખાસ ધર્મ છે કે તે પોતાનાં કપડાં ઊજળાં દૂધ જેવાં રાખે. હા, એટલું ખરું કે પછી કોઈ બિનજરૂરી કપડાંને સારુ અવકાશ ન હોય. તે પણ પહેરવાં હોય તો સાબુનું કે ધોબીનું ખર્ચ વધે જ.

## "કાંત, કાંત, કાંત"

એક મહારાષ્ટ્રી ભાઈ લખે છે :[૪]

આ ભાઈનું દૃષ્ટાંત હું દરેક ગુજરાતી ભાઈબહેન આગળ રજૂ કરું છું. જેઓની અચળ શ્રદ્ધા એવી છે કે શાંતિથી જ હિંદને ખરું સ્વરાજ મળે તેમ છે, તેમણે બીજા પ્રપંચમાં પડવાની જ જરૂર નથી. શાંતિથી સ્વરાજ ત્યાં જ સંભવે જ્યાં લોકોમાં એકનિષ્ઠા હોય ને એકકાર્ય હોય. અશાંતિની જરૂર ત્યાં જ હોય કે જ્યાં કેટલાક માણસો અધીરા થાય, બીજા તેમને સાથ ન દે ને તેથી તેઓ બળાત્કારે બીજાને ઘસડે. એ કંઈ સ્વરાજ નથી. એ તો ઓલમાંથી નીકળીને ચૂલમાં પડવા જેવું થયું. તેમાં કરોડો હાડપિંજરનો શુક્રવાર નહીં વળે. એટલું જ નહીં પણ તેમાં તો તેઓનું અનિચ્છાએ બલિદાન થશે. નરમેધનો જમાનો ગયો ગણાય છે. એ પાછો આવશે. યુરોપમાં તો નરમેધ ચાલે જ છે. આજકાલનાં ત્યાંનાં દારુણ યુદ્ધ એ નરમેધ નહીં તો શું છે? હિંદુસ્તાનમાં તે આવે તો તે કરોડોનું બલિદાન લે. કેમ કે લોકોમાં તેની સામે થવા જેટલું શૌર્ય નથી.

૧. ગાંધીજીના મનમાં વલ્લભભાઈ પટેલનો વિચાર હતો.

૨. પત્રલેખકે પોતાના પત્રમાં જણાવ્યું હતું કે કરકસર કરવા છતાં માણસ બધાં ખાદીનાં કપડાં વાપરે તોપણ તેને વાર્ષિક રૂ. ૩૪નું ખર્ચ આવે.

૩. સી. આર. દાસ.

૪. આ લખાણ અહીં આપ્યું નથી.



Gandhi Heritage Portal

અત્યારે જ્યાં ઘણા શંકિત મનવાળા છે, જ્યાં એકબીજાનો દ્વેષ રહેલો છે, જ્યાં ટીકાની અસહિષ્ણુતા છે, જ્યાં આક્ષેપોની હદ નથી ત્યાં મૌન એ જ સુવર્ણમાર્ગ છે, પણ મૌનની સાથે જ કાર્ય જોઈએ અને તે કાર્ય રેંટિયો છે.

"પણ બીજાઓ કાંતવાના જ નથી" આવી શંકા એ મનનું ભૂત છે. બીજાઓ ખાવાના જ નથી એવો પ્રશ્ન જેમ નથી ઊઠતો તેમ આ પણ ન ઊઠે. મને વિશ્વાસ છે તો બીજાની મને શાને ચિંતા હોય? બીજા નહીં કાંતે તો તેમની વતી હું વધારે કાંતીશ એવો આગ્રહ હોવો જોઈએ. એમ થયે એનો ચેપ સહેજે બીજાને લાગશે.

**અતિશયતા**

એક ભાઈ લખે છે:[1]

આ દલીલ મોહક છે અને તેથી જ તે ત્યાજ્ય છે. મનુષ્ય પરાવલંબી જન્મે છે. જો તેમ ન જન્મ્યો હોત તો તેના ગર્વની મર્યાદા જ ન રહેત. સંન્યાસ એ પરાવલંબનની પરાકાષ્ઠા છે. કેમ કે તે દશામાં જગત જે આપે તેથી જ નિર્વાહ કરવાનો હોય છે. તેમ કરીને મનુષ્ય આત્માની સ્વતંત્રતા ને તદાકારતા સાધે છે. બીજાને કષ્ટ ન આપવા ખાતર આપણે બધું કરી લઈએ, ન બને તેના વિના ચલાવી લઈએ પણ સ્વાવલંબનનો દાવો સિદ્ધ કરવાને અર્થે જે માણસ બધું પોતાને હાથે કરી લેવાનો પ્રયાસ કરે છે તે છેવટે સ્વેચ્છાચારી બની રહે છે. અન્નવસ્ત્રને સારુ આપણે આખા સમાજને સ્વાવલંબી જોવા ઇચ્છીએ છીએ. વસ્ત્રની બાબતમાં સમાજ પરાવલંબી થઈ ગયો છે ને હવે સ્વાવલંબી થવાય કે નહીં તેની તેને શંકા થઈ છે. તેથી પ્રત્યેક સ્ત્રીપુરુષને વસ્ત્રની બાબતમાં સ્વાવલંબી થઈ જવાની હું સલાહ આપું છું. વ્યક્તિઓ સ્વાવલંબી થાય પછી જ સમાજ તેમ થવાનો સંભવ હોય. આ ઉપરાંત બીજી ક્રિયાઓને વિષે સ્વાવલંબી બનવાનો પ્રયત્ન વસ્ત્ર વિષેના મહાન, વ્યાપક ને આવશ્યક પ્રયાસને રોકનારો છે. ધારો કે સહુ પોતાને સારુ સાબુ, પેન્સિલ, કલમ, ખડિયો વગેરે બનાવતા થઈ જાય તે સાથે સાથે વસ્ત્ર પણ બનાવે તો એવા એકબે માણસ ભલે તૈયાર થાય પણ તેથી હિંદનું દારિદ્ર ન ફીટે.

હિંદનું દારિદ્ર કાઢવાને સારુ તો એથી ઊલટે રસ્તે જવું જોઈએ. એટલે કે બીજી બધી અનાવશ્યક પ્રવૃત્તિઓ છોડી સહુ હિંદને વસ્ત્રની બાબતમાં સ્વાવલંબી બનાવવાનો પ્રયત્ન કરે ને તે પ્રયત્ન એ કે સહુ કાંતે. આપણી પ્રવૃત્તિઓમાં વર્ણનો વ્યભિચાર પેસી ગયો છે. કોઈ કહે છે કે હું સાબુનાં કારખાનાં કરી દેશને ગુલામીમાંથી છોડવું, કોઈ કહે છે, તાળાંનાં કારખાનાં કાઢી, કોઈ ચામડાનાં કારખાનાં કાઢી, કોઈ કહે છે વાંસની સાદડીઓ બનાવી. આનું નામ સમાજનો વ્યભિચાર. જ્યારે આપણી અચળ બુદ્ધિ એક વસ્તુ ઉપર ઠરે ને તેનો અમલ કરવામાં આપણે બધા એકતાન થઈ જઈએ ત્યારે જ સ્વરાજ સાધીએ. એવી પ્રવૃત્તિ મને રેંટિયો જડી છે તેથી તેનું રટણ હું કર્યા કરું છું. હજુ લગી કોઈ એવી બીજી વસ્તુ મને બતાવી શક્યું નથી.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨૦-૭-૧૯૨૪

૧. આ લખાણ અહીં આપ્યું નથી. પત્રલેખકે જણાવ્યું હતું કે ગાંધીજીની ઇચ્છા બધાએ જાતે રાંધી લેવાની અને પોતા માટે કાંતી લેવાની હતી. તે ભાઈ જાણવા માગતા હતા કે શું ગાંધીજી એમ ઇચ્છતા હતા કે દરેક વ્યક્તિએ તમામ કામોમાં સ્વાવલંબી થવું?

Gandhi Heritage Portal

## ૨૧૮. વણાટમાં આવક

એક ભાઈ વણાટનો પોતાનો અનુભવ વિગતવાર જણાવે છે. તે વિગતો આપવાને બદલે તેનો અનુભવ અહીં ઉતારું છું :[1]

આવા સુઅવસરો કે અનુભવો બીજાને ન થઈ શકે એ દેખીતું છે. પણ ખંતથી ને આવડતથી વણાટમાં આજીવિકા છે એમ તો આ અને બીજા અનુભવો જે હું પ્રગટ કરી ગયો છું તે બતાવે છે.

વળી એ ભાઈ લખે છે :[2]

[મૂળ ગુજરાતી]

નવજીવનનો વધારો, ૨૦–૭–૧૯૨૪

## ૨૧૯. "નવી જાતનો રેંટિયો"

નવી જાતના રેંટિયા વિષે એક નોંધ મુંબઈનાં છાપાંઓમાં જોવામાં આવે છે. તે વિષેની તપાસ ખાદીબોર્ડ પાસે આવેલી છે. આજ લગીનો અનુભવ એ છે કે વધારે સારું સૂતર અથવા વધારે સહેલાઈથી સૂતર આપી શકે એવો રેંટિયો હજુ સુધી કોઈ બનાવી શકયું નથી. જૂજ ફેરફારોવાળા જુદા જુદા પ્રકારના રેંટિયા જોવામાં આવે છે. પણ તેની ઉપર ભાર દેવાની કશી જરૂર નથી.

દરેક ખાદીપ્રેમીને મારી ભલામણ તો એ છે કે ખાદીબોર્ડે પસંદ ન કરેલ હોય એવો એક પણ "નવી જાતનો રેંટિયો" કોઈ ખરીદ ન કરે. ઘણા નવી જાતના રેંટિયા તદ્દન નકામા નીવડયા છે ને તેઓએ જે દાવા કર્યા છે એ સિદ્ધ નથી થઈ શકયા. હજુ સુધી તો એમ જ કહી શકાય કે જૂના રેંટિયાને તેના થોડા ફેરફાર કર્યા બાદ કોઈ હરાવી શકે એમ નથી, એટલે "નવી જાતના રેંટિયા" તરફ કોઈ વલણ ન રાખે એ જ સારું છે. એવો ચમત્કારી રેંટિયો થશે ત્યારે તે છાનો નહીં રહે. પણ "નવી જાતના રેંટિયા" કોઈના જોવામાં આવે તો તે ખાદીબોર્ડને તપાસવા મોકલી આપે ને તે પસંદ કરે તો જ તેનો પ્રચાર કરે અથવા લે એ ઈષ્ટ છે.

[મૂળ ગુજરાતી]

નવજીવનનો વધારો, ૨૦–૭–૧૯૨૪

૧. આ ઉતારો અહીં આપ્યો નથી. પત્રલેખકે લખ્યું હતું કે વણાટનું બધું કામ જાણનારી બે વ્યક્તિઓ રોજ ૮થી ૯ કલાક કામ કરે તો સરેરાશ રૂ. ૨થી ૩ સહેલાઈથી કમાઈ શકે. કાંતણ અને વણાટકામ નવરાશના સમય માટેનું ઘણું ઉત્તમ કાર્ય છે એવું એમણે પોતે અનુભવ્યું છે.

૨. આ લખાણ અહીં આપ્યું નથી. એ ભાઈએ વધારામાં જણાવ્યું હતું કે તેમણે ૩થી ૪ મણ રૂ ખરીદ્યું હતું, અને એમાંથી કુટુંબના ૮થી ૯ સભ્યો માટે કાપડ પૂરું પડી શકતું હતું. તેમનું ૧૯૨૨ની સાલનું કપડાં માટેનું વાર્ષિક ખર્ચ રૂ. ૩૦૦ હતું; હવે તેમણે અને કુટુંબે કાંતવાનું અને વણવાનું જાતે શરૂ કર્યું હોવાથી એ ખર્ચનો સરવાળો રૂ. ૪૦થી રૂ. ૫૦નો થાય છે.

Gandhi Heritage Portal

## ૨૨૦. વા. ગો. દેસાઈને પત્ર

અસાડ વદ ૪ [જુલાઈ ૨૦, ૧૯૨૪][1]

ભાઈશ્રી ૫ વાલજી,

તમારું પત્તું મળ્યું. સિમલા વિષેનો લેખ સ્વામીએ તમને મોકલ્યો છે એમ મહાદેવે કાલે કહ્યું. તેને ૨૦ દિવસ થયા એમ પણ કહ્યું. તમને તે નથી મળ્યો? તમે જણાવો છો તે ઉતારાની તપાસ કરું છું. સિમલા મારું આવવું તો કોણ જાણે? પંજાબની પણ તારીખ મુકરર નથી થઈ. ત્યાં તમે સિમલાનું લખો છો. તમે કંઈ ઉમરાવ નથી સૂબા નથી રીડિંગ નથી. એટલે તમારી આમંત્રણ પત્રિકાનું તો એમ જ સમજવું.

મોહનદાસના
વંદે માતરમ્

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી: સી. ડબલ્યુ. ૬૦૧૬;
શ્રી વા. ગો. દેસાઈના સૌજન્યથી

## ૨૨૧. ગંગાબહેન વૈદ્યને પત્ર

અસાડ વદ ૬ [જુલાઈ ૨૨, ૧૯૨૪][2]

પૂ. ગંગાબહેન,

તમારો કાગળ મળ્યો. તમે જ્યારે આવવું હોય ત્યારે આવજો. પ્રભુ સહુ સારું જ કરશે. તમારા દીકરાની દીકરીને તમે ન લાવો એ મારી સલાહ છે. પાછળથી વરવહુ સમજીને યોગ્ય લાગે તેમ કરે.

બાપ પોતે છોકરીને ભલે મૂકી જાય. હાલ તમે લઈ આવો તેથી વિક્ષેપ વધવાનો સંભવ છે.

મોહનદાસના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

મૂળ પત્ર પરથી: સી. ડબલ્યુ. ૬૦૧૭; તથા બાપુના પત્રો–૬ ગં. સ્વ. ગંગાબહેનને;
શ્રીમતી ગંગાબહેન વૈદ્યના સૌજન્યથી

૧. આ પત્રમાં સિમલા અંગેના જે લેખનો ઉલ્લેખ છે તે લેખ યંગ ઇન્ડિયામાં સપ્ટેમ્બર ૧૯૨૪માં પ્રગટ થયો હતો. એ વરસે અસાડ વદ ૪, જુલાઈની ૨૦મીએ આવતી હતી.

૨. આ પુસ્તકમાં અગાઉ આવેલા ગંગાબહેન પરના પત્રો પરથી લાગે છે કે આ પત્ર ૧૯૨૪માં લખાયો હતો. અસાડ વદ ૬, જુલાઈની ૨૨મીએ આવતી હતી.

Gandhi Heritage Portal

## ૨૨૨. ઈન્દ્ર વિદ્યાવાચસ્પતિને પત્ર

અસાડ વદ ૬ [જુલાઈ ૨૨, ૧૯૨૪][1]

ચિ. ઈન્દ્ર,

તમારો બીજો પત્ર મળ્યો. તમારા આ પહેલાંના પત્રનો મારો જવાબ તમને મળી ગયો છે એવી હું આશા રાખું છું. મને ફાઈલ પણ મળી છે. હું દિલ્હી પહોંચવા ખૂબ જ અધીરો થયો છું.[2] દાક્તરોની ચેતવણીને લીધે મેં મુસાફરી મુલતવી રાખી છે. શક્ય એટલો જલદી ત્યાં આવી પહોંચીશ.

મોહનદાસના આશીર્વાદ

પ્રો. ઈન્દ્ર
अर्जुन કાર્યાલય
દિલ્હી

[મૂળ હિંદી]

મૂળ પત્ર પરથી: સી. ડબલ્યુ. ૪૮૫૮; શ્રી ચંદ્રગુપ્ત વિદ્યાલંકારના સૌજન્યથી

## ૨૨૩. ફૂલચંદ કે. શાહને પત્ર

અમદાવાદ,
[જુલાઈ ૨૩, ૧૯૨૪][3]

ભાઈ ફૂલચંદ,

તમારો કાગળ મળ્યો. તમારે સારુ એક જ માર્ગ છે. એ નિશાળમાં[4] અંત્યજ લેવાની વ્યવસ્થાપકોની પ્રતિજ્ઞા છે. તેનો ભંગ થાય જ નહીં. તમારે અંત્યજોને વધાવી લેવા જ જોઈએ. ને તેથી શાળા ખાલી થાય, તો સહન કરવું જોઈએ. વ્યવસ્થાપકોએ એ મકાન તમારે હસ્તક રાખી નવી શાળા ઉત્પન્ન કરવી હોય તો તે કરી શકે. પાયો નાખતી વેળા કરેલા સિદ્ધાંત કેમ ફરે? હું નવજીવનમાં[5] નોંધ જરૂર લઈશ.

બાપુના આશીર્વાદ

તમે શાંતિ, ધીરજ ને વિનય ન છોડજો.

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્ર પરથી : સી. ડબલ્યુ. ૨૮૨૧; શ્રીમતી શારદાબહેન શાહના સૌજન્યથી

૧ અને ૨. મહમદઅલીના બોલાવવાથી ગાંધીજી ૧૯૨૪ના ઑગસ્ટની ૧૬મીએ દિલ્હી જવા નીકળ્યા હતા. એ વર્ષે અસાડ વદ ૬, ૨૨મી જુલાઈએ હતી.

૩. ટપાલના સિક્કામાં આ તારીખ છે.

૪. કાઠિયાવાડમાં આવેલી વઢવાણની રાષ્ટ્રીય શાળા.

૫. જુઓ "ધર્મની કસોટી", ૨૭-૭-૧૯૨૪.

Gandhi Heritage Portal

## ૨૨૪. શિક્ષકોની દશા

એક જિલ્લામાં ચૌદ રાષ્ટ્રીય શાળાઓમાંની સાત બંધ થઈ ગઈ છે, બાકીની બંધ થવાની તૈયારીમાં છે, અને વિદ્યાર્થીઓની સંખ્યા બે હજારથી ઘટી પાંચસેં થઈ ગઈ છે. આ શાળાઓમાંની એક શાળાના આચાર્ય શાળાઓની પડતી દશાનો ચિતાર આપી નીચે પ્રમાણે લખે છે:

> સાચું કહું તો રાષ્ટ્રીય શાળાઓના ઘણા શિક્ષકોના એવા હાલ થઈ ગયા છે કે પોતાનાં અડધાં ભૂખ્યાં કુટુંબનો અને ભયંકર કરજના બોજાનો વિચાર કરતાં તેમનાં હૈયાં સમસમી જાય છે, અને મનમાં એવો અંદેશો થવા લાગે છે કે આટલા કરજવાળા માણસને માટે આટલું બધું દુ:ખ ભોગવવું એ ડહાપણભરેલું કહેવાય કે મૂર્ખાઈ કહેવાય? અને એમ પણ પ્રશ્ન થાય છે કે ભૂખ્યા શિક્ષક તરીકે કામ કરવાને બદલે બીજી રીતે દેશની સેવા કરવી એ વધારે સલાહભરેલું નહીં હોય? મારે અહીંયાં કહી દેવું જોઈએ કે આમાંના કેટલાક શિક્ષકોએ દેશની હાકલનો જવાબ આપીને જે જગાઓ છોડી હતી તે વધારે પગારવાળી હતી.

આ દુ:ખની કહાણીથી ડરી જવાની જરૂર નથી. અપાર સંકટને પરિણામે રાષ્ટ્ર નિર્માણ થાય છે. કાં તો આપણે સશસ્ત્ર બળવામાં માખીની માફક ચોળાઈ જઈ કોઈ આપખુદ સૈનિક સત્તાને તાબે થવું જોઈએ અને દૂર દૂરના ભવિષ્યમાં પ્રજાસત્તાક રાજ્ય સ્થાપવાની આશા રાખવી જોઈએ; અથવા તો ધીરજથી, સ્વાભાવિક રીતે અને બહાર પ્રગટ કર્યા સિવાય, દુ:ખ સહન કરીને, સ્વરાજવાળું, સ્વમાનવાળું રાષ્ટ્ર નિર્માણ કરવું જોઈએ. પત્ર લખનાર શિક્ષક જે દુ:ખોનું વર્ણન કરે છે તેવાં દુ:ખો ખમીને જ હાલ આપણી સામે ઝઝૂમી રહેલી મુશ્કેલીઓનો નિકાલ કરી શકીશું. આ દુ:ખો જ સ્વરાજની સાચી તાલીમ છે. દોષ બધો બાળકોનાં માતપિતાનો નથી. એ તો આપણી પરિસ્થિતિની સાથે જડાયેલો છે. આપણે હજી ગમે તે મુશ્કેલી નડે તેને લાત મારી અનવરત કાર્ય કરવાનો ગુણ શીખ્યા જ નથી. રાષ્ટ્રીય શિક્ષણનું આખું તંત્ર જે કેન્દ્રની આસપાસ ફરવું જોઈએ તે કેન્દ્ર શિક્ષકો છે. જો આ કેન્દ્ર ખસી જાય તો આખું તંત્ર ઊંધું વળે. પણ આપણા શિક્ષકો અનુભવ વિનાના હતા. તેમના બધામાં રાષ્ટ્રીય શિક્ષણનો રસ જીવંત રાખવા માટે જરૂરની કદી ઠંડી ન પડે એવી ધગશ નહોતી. તેમનામાં આજે વ્યવસ્થાશક્તિ નથી, એકાગ્રતા અને સ્વાર્પણની શક્તિ નથી. દરેક ઠેકાણે કાર્યકર્તાઓએ સેવાના એક ક્ષેત્રમાં નિષ્ણાત થવાને બદલે બધી બાબતોમાં માથું માર્યું છે અને પરિણામે તેઓ કશું સંગીન કરી શક્યા નથી. પણ આ અનિવાર્ય હતું. આ ખેલના આપણે નવા ખેલાડી છીએ. આપણા રાજ્ય-કર્તાઓએ આપણને કારકુનીની તાલીમ આપી છે અને જેને વિષે કશું વિચારવાનું ન હોય અને કશું સ્વતંત્ર કરવાપણું ન હોય એવું કામ આપણને સોંપ્યું છે. પણ જૂની પ્રથા બદલાતી ચાલી છે. પહેલી વારના આવેશમાં તદ્દન સારું નહીં તો ઠીક ઠીક આપણે કર્યું એમ જણાયું. હવે એ પ્રથમનો વેગ બંધ થયો છે અને સાર્વજનિક આશ્રયનો ભેજ ન મળવાને લીધે કેવળ પ્રથમથી જ મજબૂત એવા જ છોડ ટકવાની આશા રહી છે. જે શાળાઓ અને શિક્ષકો હજી સુધી ટકી રહ્યા છે તેઓ ખરા પાણીદાર હશે એમ આશા રાખીએ. તેમણે નિર્વાહને માટે ઘેરઘેર

Gandhi Heritage Portal

ભીખ માગવી પડશે. અને જો તેઓ પ્રામાણિક કાર્યકર્તા હોય તો તેમ કરતાં તેમણે શરમાવું ન જોઈએ.

આ આચાર્યે કેટલાક ખાસ સવાલો પણ પૂછ્યા છે જે સામાન્ય ઉપયોગના હોઈ જવાબ સાથે હું નીચે આપું છું:

સ. : વધતા જતા કરજના બોજા તળે કચડાયેલા ગરીબ શિક્ષકોએ ભૂખમરાના મહેનતાણા ઉપર ક્યાં સુધી આ શાળાઓની સાથે પોતાનો સંબંધ ચાલુ રાખવો?

જ. : મરણપર્યંત—જેમ સિપાઈ વિજયની ભેટ કરે ત્યાં સુધી લડે છે અથવા તો મરણની ભેટ કરી વિજય મેળવે છે.

સ. : જો લોકોનો સેંકડે એક ટકો પણ શાળાઓની પરવા ન રાખતો હોય તો ચાલકોએ ક્યાં સુધી પૈસાની પુષ્કળ ખોટ ખમી તે શાળાઓને ચલાવ્યા કરવી?

જ. : જો લોકોને શાળા વિષે કશી ન પડી હોય તો તે શાળાને રહેવાનો કશો જ હક નથી. પણ જે લોકોએ શાળા સ્થાપી હોય તેઓને પાછળથી તેની ગરજ ન જણાય તો હું તો ચાલકોનો જ વાંક કાઢું.

સ. : શિક્ષણ બંધ રખાય અને કાર્યકર્તાઓ દુ:ખ સહન કરે તે એક વરસ સુધી, બે વરસ સુધી, બહુ બહુ તો ત્રણ વરસ સુધી, પણ સ્વરાજની લડત વરસો સુધી ચાલ્યા જ કરે તો શું કરવું?

જ. : એકથી ત્રણ વરસ સુધી જેઓ દુ:ખ ખમી શકશે તેમનામાં ત્રીસ વરસ દુ:ખ ખમવાની શક્તિ આવી જશે.

સ. : જ્યાં એકે રાષ્ટ્રીય શાળા નથી ત્યાં રાષ્ટ્રીય શિક્ષણની ઇચ્છા રાખનારા ગણ્યાગાંઠ્યા છોકરાનું શું થાય?

જ. : જો માબાપમાં અથવા બાળકો અથવા બાલિકાઓમાં સૂઝ હોય તો તેમને રસ્તો અવશ્ય જડશે. શિક્ષણ કેવળ શાળાઓમાં, અથવા કેવળ અંગ્રેજી દ્વારા, અથવા તો ખાસ જૂને ચીલે જ મળી શકે છે એમ માનવું એ વહેમ છે. આજની ઘડીએ તો કાંતતાં અને વણતાં શીખવું એ જ સર્વશ્રેષ્ઠ શિક્ષણ છે. અને આપણે ભૂલવું ન જોઈએ કે મોટા ભાગનાં ગામડાંઓમાં બિલકુલ શાળા જ નથી.

સ. : આપણા દેશબંધુઓની પાસે ક્યાં સુધી એવા ઠરાવો કર્યા કરાવશું કે જે પાળવાની તેમની કદી મરજી ન હોય? સરકારી નિશાળના બહિષ્કાર માટે સૌ મત આપશે પણ એમાંના ગણ્યાગાંઠ્યા પોતાનાં બાળકોને રાષ્ટ્રીય શાળાઓમાં મોકલશે.

જ. : મારું ચાલે તેથી એક ક્ષણ પણ વધારે નહીં. ગઈ મહાસમિતિમાં મારી બધી લડત ઠરાવો કરીને આપણે પ્રામાણિકપણે પાળીએ એ હેતુથી જ હતી.

હું જાણું છું કે મેં જે જવાબ આપ્યા છે તેથી ઘણાને સંતોષ નહીં થાય. પણ હું કહેવાની હિંમત કરું છું કે એ જ જવાબ સાચા અને વ્યવહારુ છે. આપણે દંભને તિલાંજલિ આપવી જ જોઈએ. સરકારી નિશાળોના વધારા તરીકે નહીં પણ સરકારી નિશાળોના બહિષ્કારને માટે રાષ્ટ્રીય શાળાઓ આખા દેશને ન જોઈતી હોય તો બહિષ્કારમાં ફેરફાર કર્યે જ છૂટકો છે. આમ કર્યા પછી જે નાનકડો વર્ગ બહિષ્કારના પક્ષમાં રહેશે તેણે મહાસભાના આશ્રય તળે નહીં પણ સ્વતંત્ર રીતે પોતાની રાષ્ટ્રીય શાળાઓ ચલાવી બહિષ્કારની પોતાની ઇચ્છા પૂરી

Gandhi Heritage Portal

પાડવી જોઈએ. આ શાળાઓ જ્યાં તેની ગરજ હશે ત્યાં જ ચાલશે. આવી એક જ શાળા હશે તોપણ તે હતાશ થયા વિના ચાલ્યા કરવાની. શ્રદ્ધાને નિરાશા છે જ નહીં.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २४-७-१९२४

ભાષાંતર : नवजीवन, २७-७-१९२४

## ૨૨૫. સી. એફ. ઍન્ડ્રૂઝના લેખ વિષે નોંધ[1]

કવિશ્રીની માનવતા અને શાંતિના પ્રચાર માટેની ધર્મયાત્રાએ પાડેલી અસરના વિગતવાર હેવાલ માટે વાચકને મારી ભલામણ છે કે તે विश्वभारती સામયિકના સંપાદકોએ આ વિષય પર પ્રસિદ્ધ કરેલાં ખૂબ સુંદર विश्वभारती બુલેટિનો વાંચે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २४-७-१९२४

## ૨૨૬. સૂતરનું શું કરવું?

મહાસભાના પ્રતિનિધિઓ પાસેથી જે સૂતર આવશે તેનું શું કરવા ધાર્યું છે એવી પૂછપરછ ખાદી મંડળની પાસે થઈ રહી છે. મહાસમિતિના ઠરાવ મુજબ દરેક પ્રતિનિધિએ દર મહિને ૨,૦૦૦ વાર સરખું અને વળદાર સૂતર મોકલવાનું છે. એ એક જાતનું લવાજમ છે. કેટલાક સભ્યો એ સૂતર પોતાની પાસે રહેવા દેવા ઇચ્છે છે, અને પોતાને પહેરવા માટે તેને વણાવવા માગે છે. એ વિચાર સુંદર છે, પણ આ ઘડીએ એ ઇચ્છા દબાવવામાં આવે એવી મારી સૂચના છે. કોઈ પણ કાર્યક્રમની સફળતાનો આધાર સમાનતા, નિયમિતતા અને મોટા પ્રમાણમાં તેનો અમલ થવા ઉપર આધાર રાખે છે. પરિણામ જ મોટી વસ્તુ છે. અને પરિણામ તો, જો દરેક સભ્ય પોતાના સૂતરનો ઇચ્છા પ્રમાણે ઉપયોગ કરવા ધારે તો ભાગ્યે જ મેળવી શકાય. દરેક સભ્ય પોતાનાં કપડાં જેટલું પોતા માટે ઉત્પન્ન કરી લે એ વિચારના પક્ષમાં ઘણી દલીલ થઈ શકે એમ છે, પણ હાલની ઘડીએ સહકારી રીતે કાંતવાના પક્ષમાં વધારે દલીલ થઈ શકે એમ છે. સૂતર મોકલવાની કિંમત તો કાંઈ હિસાબમાં નથી કારણ દરેક પ્રાંતમાં સ્થાનિક પ્રતિનિધિઓનું સૂતર એકઠું કરીને વડા મંડળને મોકલવાનું છે. અને સૂતર ખાદી મંડળને મોકલી દેવાના લાભ તો જુઓ :

(૧) દર મહિને સૂતર આવશે;

(૨) સૂતરના પ્રકારની દર મહિને પરીક્ષા થશે અને પરિણામે સૂતર સુધરવાનો સંભવ રહેશે;

(૩) કાંતનારા મંદ થઈ જવાનો ભય પણ ઓછો રહેશે;

૧. આ નોંધ પછી તરત ઍન્ડ્રૂઝનો "ઇન્ડિયા ઇન ધ ફાર ઈસ્ટ" (દૂર પૂર્વમાં ભારત) એ લેખ આવે છે. એ લેખમાં બીજી બાબતોની સાથે રવીન્દ્રનાથ ટાગોરની જાપાન-યાત્રાનો હેવાલ આપ્યો છે.

Gandhi Heritage Portal

(૪) સૂતરના પ્રકાર અને પરિમાણ વિષે પ્રાંત પ્રાંત વચ્ચે અને કાંતનારા વચ્ચે હરીફાઈ ચાલશે;

(૫) જો ઠરાવને માન આપીને બધા જ પ્રતિનિધિઓ સૂતર મોકલશે તો ખાદી સોંઘી કરવાનું જરૂર બની શકશે.

ખાદી મંડળને મારી સલાહ એવી છે કે બધું સૂતર જ્યાં સોંઘામાં સોંઘું વણાવી શકાય ત્યાં વણાવવું, સિવાય કે દરેક પ્રાંત પોતાને ત્યાં જ તે વણાવી લેવા ઇચ્છે. દુકાળના ભાગોમાં ગરીબને એ ખાદી, ખાદી મંડળની મુનસફી પ્રમાણે, સોંઘી વેચવી. જો કાંતનારા ઇચ્છે તો તેમને તે સસ્તે ભાવે આપી શકાય. પણ સૂતરમાંથી બનેલી ખાદીનું શું કરવું તેનો વિચાર કરવો ખરી રીતે આજે તો બહુ ઉતાવળ ગણાય. ઘણો આધાર તો મળેલા જથાના ઉપર રહેશે. પોતાના હાથે કાંતેલા સૂતરનાં કપડાં પહેરવાને જે ઉત્સુક હોય તેમને મારી એવી સૂચના છે કે બધું સૂતર સેળભેળ કરીને, પોતાના સૂતર જેટલું કપડું લઈ લેવું એમાં વધારે પુણ્ય છે. મહાસમિતિના ઠરાવથી ઉત્પન્ન થયેલા સંજોગોમાં તો પોતાના સૂતરનું કપડું પહેરવાની ઇચ્છા, સામાન્ય ફાળામાં તે સૂતર એનાયત કરી દેવાને મુકાબલે સ્વાર્થી ગણાય. છેવટે કોઈ પણ સભ્યને ૨,૦૦૦ વારથી વધારે આપવાની મરજી ન હોય તો તેમ કરવાની તેને કોઈ ફરજ પાડતું નથી. દેશને તે પોતાનો અર્ધો કલાક અર્પણ કરે, અને બાકીનો અર્ધો કલાક પોતાને માટે રાખે. નવા કાંતનારાઓને મારે કહી દેવું જોઈએ કે ઘણાએ પોતાનો બે હજારનો ફાળો પૂરો પણ કરી દીધો છે, અને જેઓ પોતાનો બધો જ ફાજલ વખત કાંતવામાં ખરચે છે તેઓ તો ૧૦,૦૦૦ વારથી વધારે આપવાની આશા રાખે છે. ગૂજરાત વિદ્યાપીઠના નિશ્ચયની વાત તો હું કહી ચૂક્યો છું. હું તો મહાસભાના સજ્જનો અને સન્નારીઓને આગ્રહ કરું છું કે તેઓ પ્રતિનિધિ હોય કે ન હોય તોપણ તેમણે ઇચ્છાપૂર્વક અને ખરા દિલથી, આ કાર્યક્રમ તેમને અધૂરો લાગતો હોય તોપણ તેમાં ભાગ લેવો. ખરા દિલના સહકારથી એ અધૂરો લાગતો કાર્યક્રમ પૂરો થશે. મનુષ્યની બુદ્ધિમાંથી એક પણ યોજના એવી નથી ઉત્પન્ન થઈ કે જેમાં દોષો ન હોય અથવા જેની ટીકા ન થઈ હોય. પણ ડહાપણ તો બહુમતે સ્વીકારેલી યોજનાને પાર પાડવામાં મદદ કરવામાં રહેલું છે. દરેક વાંધાને અંતરનો અથવા તત્ત્વનો વાંધો ન બનાવી મૂકવો જોઈએ. તત્ત્વની વાત તો બહુ જૂજ છે. કાંઈ નહીં તો, ૨,૦૦૦ વાર સૂતર સામાન્ય ફાળામાં આપી દેવું કે તે પોતા માટે રાખવું એ પ્રશ્ન તો તત્ત્વનો નથી જ.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २४–७–१९२४

ભાષાંતર : नवजीवन, २७–७–१९२४

Gandhi Heritage Portal

# ૨૨૭. દુઃખદ ચિતાર

અમૃતસરથી એક મુસલમાન ભાઈ અતિશય દર્દભરી રીતે લખે છે :

આજકાલ ઉત્તર હિંદુસ્તાનમાં હિંદુઓ અને મુસલમાનોની વચ્ચે ખુલ્લી બાથંબાથી થયાનું દરરોજ સાંભળીએ છીએ એથી બંને ગુલામી પ્રજા પોતાના દેશમાં ઊઠતા પ્રશ્નોનો નિકાલ લાવવાને અશક્ત છે, એટલું જ નહીં પણ અનેકવર્ણા લોકોના બનેલા આ વિશાળ દેશનું રાજ્ય હાથમાં લેવાને તેઓ અશક્ત છે એમ સિદ્ધ થાય છે.

બંને વચ્ચેનો વિરોધ મટાડવાના આપના પ્રયત્નો બેશક સફળ થયેલા પણ આપ જેલમાં ગયા કે તરત કજિયાખોરોએ પાછું માથું ઊંચકેલું. જ્યાં જ્યાં આપના જેલ જવા પહેલાં બંને કોમો વચ્ચે માયાભાવ અને સમભાવની લાગણી હતી ત્યાં આજે કુસંપ અને વેર છે. પંજાબનાં બધાં મોટાં શહેરો આ બંને પ્રજાની લડાઈના અખાડા થઈ પડ્યા છે અને ભૂતકાળનો મીઠો સંબંધ પાછો બંધાશે એવી કશી જ આશા દેખાતી નથી.

રોગ અસાધ્ય થઈ જાય તે પહેલાં આપ કંઈ સૂચના ન કરી શકો? કૃપા કરીને પંજાબ પધારો અને બધું આપની આંખે જુઓ. ખાદીને માટેનો આપનો ઉત્સાહ નકામો છે, જ્યાં સુધી આપે અસલની સ્થિતિ પાછી સ્થાપિત નથી કરી. ક્યાં ૧૯૧૯નું અમૃતસર અને ક્યાં આજનું! અમૃતસરની વસ્તીના બે લાખ લોકોમાંથી આજે ૫૦ જણા ભાગ્યે જ ખાદીવાળા દેખાશે અને તે પણ એટલા જ કારણે કે મહાસભાની સમિતિઓમાં તેઓ કોઈ નહીં તો કોઈ હોદ્દો ધરાવનારા હોય છે. અને આ બધી સ્થિતિ હિંદુમુસલમાનની ફૂટનું પરિણામ છે. એ મૂળ કારણના ઉપર કુહાડો મૂકો અને બધું આપોઆપ સુધરવા માંડશે. અફસોસ! સંગઠનનો પાયો કોઈ બહુ ખરાબ ચોઘડિયે નાખવામાં આવ્યો હોય એમ લાગે છે.

પત્ર લખનાર ભાઈએ આપેલું ચિત્ર કંઈક વધારેપડતું કાળું છે એ વિષે તો શંકા નથી જ. હિંદુઓ અને મુસલમાનો વચ્ચે પંજાબમાં દરરોજ ખુલ્લી બાથંબાથી થતી હોય તો ત્યાં તો વસવું પણ બહુ દોહ્યલું થઈ પડયું હશે. પણ મને તો એ વાતની કશી શંકા નથી કે બાહ્ય દૃષ્ટિએ તો પંજાબ હિંદુસ્તાનના બીજા કોઈ પણ પ્રાંતના જેટલું જ શાંત છે. વળી સદરહુ ભાઈ બધો જ વાંક સંગઠનના ઉપર ઢોળે છે તેમાં તેની ભૂલ છે. રોગ તો હતો જ. સંગઠનથી તે વધ્યો એમાં શંકા નથી. બંને કોમોએ પોતાની સમતા ખોઈ દીધી છે.

જો હિંદુમુસલમાન વૈમનસ્યને લીધે પંજાબીઓએ ખાદીનો ત્યાગ કર્યો હોય તો ખાદી અને દેશ પ્રત્યેનો તેમનો પ્રેમ દેખાવ પૂરતો જ હોવો જોઈએ. પણ બીજાઓના કરતાં તેમની દેશભક્તિ ઓછી છે એમ હું માનતો ન હોવાથી ખાદી ઓછી થયાનું કારણ ક્યાંક બીજે શોધવું પડશે. એનું ખુલ્લું કારણ તો એ છે કે ખાદી વિના સ્વરાજ ન મળે એ શ્રદ્ધા ઊડી ગઈ છે અને મલમલ અને કૅલિકોથી સૂચિત થતી એશઆરામની જિંદગીની ઇચ્છા વધી છે. પંજાબ જો ઇચ્છે તો બધા પ્રાંતોમાં તે જ એક એવો છે કે પરદેશી કાપડનો બહિષ્કાર આજે જ કરી શકે. પણ તેની ઇચ્છા જ નથી. મેં એવું કહેવાતું સાંભળ્યું છે કે ઘણા હિંદુઓ ખાદી પહેરવાની ના પાડે છે, એટલા કારણસર કે તે મુસલમાને વણેલી હોય છે અને મુસલમાનો તે પહેરવાની

Gandhi Heritage Portal

ના પાડે છે એ કારણસર કે તેમને સ્વરાજ સાથે કશી નિસ્બત નથી. તેમને તો અંગ્રેજને કાઢવા છે પણ અંગ્રેજને કાઢી જૂનું મુસલમાન રાજ આણવું છે. અને વળી કહેવાય છે કે આ જૂનું રાજ ન જ આણી શકાય, જો હિંદુ અને મુસલમાનો ચરખાના સૂત્રથી એક સામાન્ય ધ્યેય મેળવવાને માટે સંધાય. આ બધી ફાટેલા મગજની વરાળ છે. આવી વાતોનો વિચાર કરવાનો પણ ગરીબ હિંદુ અને ગરીબ મુસલમાનને વખત નથી મળતો. તેઓ તો ખુશીથી રેંટિયો ચલાવી પોતાની આવકમાં બેપાંચ રૂપિયા વધારવાને ઉત્સુક હોય છે.

પણ ખાદી ઓછી થઈ ગઈ છે તે વાત અને ઉપરના પત્રમાં બીજી જે વધારેપડતી વાતો કરી દીધી છે તેને છોડી દઈએ. બંને કોમો વચ્ચે વૈમનસ્યે ગંભીર સ્વરૂપ લીધું છે એને વિષે કોઈ ના પાડી શકે એમ નથી. દિલ્હીમાં આગેવાનો પોતાનો બધો વગ અને વજન ખોઈ બેઠા છે એ વાતની સામે થોડી આંખો બંધ કરી શકાય એમ છે?

સુભાગ્યે ડહાપણ પાછું આવવાનાં ચિહ્નો દેખાવા લાગ્યાં છે. જાટ અને ખાટકીઓને એકબીજાનાં માથાં ભાંગવાની કરેલી પોતાની બેવકૂફી સમજાઈ છે અને તેમની વચ્ચે સલાહ થઈ છે એમ કહેવાય છે પણ સૌથી વધુ આશાજનક ખબર તો બીજા પત્રોમાંથી મળે છે. તેમાં એવા ખબર છે કે ખૂન કરવાનું મનમાં લઈને બેઠેલા પાગલો જેમ ત્યાં હતા તેમ લોકોને બચાવવાનો નિશ્ચય કરીને બેઠેલાં ડાહ્યાં સ્ત્રીપુરુષો પણ ત્યાં હતાં. અને આ દાખલા કંઈ છૂટાછવાયા નથી પણ એટલી મોટી સંખ્યામાં છે કે જેથી દિલ્હીમાં લડાઈની જેટલી તીવ્ર ઇચ્છા હતી તેટલી જ તીવ્ર ઇચ્છા શાંતિની હતી. લડાઈ એ સ્વાભાવિક નથી. એ તો નીરોગી શરીર ઉપર થઈ આવતી ગાંઠ જેવી ક્ષણિક છે. જ્યારે શાંતિ એ સ્વાભાવિક છે—ચિરસ્થાયી છે. બંને કોમો એક વખત એકબીજાના ધાર્મિક રિવાજોને માન આપવાનું મનમાં લે તો પછી તો કાંઈ મુશ્કેલી નથી. મારા પંજાબ જવા વિષે તો હવે ક્યાં છૂપી વાત છે કે ત્યાં અને બીજી જે જે જગ્યાઓએ આ વૈમનસ્ય છે ત્યાં જવાને મારું મન તલસી રહ્યું છે? ઇચ્છા પાર વગરની છે, માત્ર શરીર જ મન પાછું પાડે છે. મારા આરોગ્યને બહુ જોખમમાં નાખ્યા વિના હું મુસાફરી કરી શકું એમ મને લાગે કે તરત જ મૌલાના શૌકતઅલીની સાથે સિંધ અને પંજાબ જવાનો મારો ઇરાદો છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २४–७–१९२४

ભાષાંતર: નવજીવનનો વધારો, ૨૪–૭–૧૯૨૪

Gandhi Heritage Portal

## ૨૨૮. સંકટગ્રસ્ત દક્ષિણ

ચોમાસાનાં ચેડાં જોઈને અકળામણ થાય છે. દક્ષિણ પાણીમાં ગરક થઈ ગયું છે અને ઉત્તર વરસાદ માટે તલસી રહ્યું છે. દક્ષિણ કાનડાથી એક હૃદયભેદક તાર આવ્યો છે. એમાં લખ્યું છે: "તારાજ કરનારી રેલ ફરીથી આવી છે. નદીની સપાટી હમેશ કરતાં ચાળીસ ફૂટ વધી છે. ગયા વરસ કરતાં માત્ર ચાર ફૂટ નીચી છે." એ પછી તારમાં બેઘર બનેલાં કુટુંબોનું તથા ભયભીત બની ચોતરફ નાસભાગ કરતા લોકોનું વિગતવાર વર્ણન છે. સ્વયંસેવકોને આશા હતી કે ગયા વરસની રેલ પછી એમણે કરેલું રાહતકાર્ય ભૂખે મરતાં કુટુંબોને પગભર કરી શકશે. હવે એ આશાના ચૂરા થઈ ગયા લાગે છે. વાચકોને યાદ હશે કે આ સ્વયંસેવકો રેલ-પીડિત કુટુંબોને કાંતવાપીંજવાનું કામ આપીને ઠેકાણે પાડતા હતા. પરંતુ આ બિચારાં ઘરબાર વગરનાં કુટુંબો માટે કુદરતે વધારે દુ:ખ નિર્માણ કર્યું છે. એટલે શ્રી સદાશિવરાવ[1] મદદ માટે અપીલ કરે છે એમાં નવાઈ જેવું નથી. આપણે આશા રાખીએ કે આ રેલની અસર મને મળેલા હેવાલ ઉપરથી ખ્યાલ બંધાય છે એટલી ગંભીર નહીં હોય. આ બાબતમાં વિગતવાર અને સાચી માહિતીની અહીં આતુરતાથી રાહ જોવાય છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ૨૪–૭–૧૯૨૪

## ૨૨૯. અફીણ સામે લડત

"વ્હાઇટ ક્રૉસ" નામનું કેફી વસ્તુઓની સામે લડનારું એક આંતરરાષ્ટ્રીય મંડળ છે. તેનું મથક અમેરિકામાં વૉશિંગ્ટન શહેરમાં છે. તેની આખા જગતમાં શાખાઓ હોય એમ લાગે છે. એ મંડળનાં પત્રોને મથાળે એના ટ્રસ્ટીઓ અને કાયમના સલાહકારો તરીકે ચુનંદી વ્યક્તિઓનાં નામો છે. તેના કાર્યવાહક મંત્રી મિ. મૅક્કીબિને એક લાંબો પત્ર લખી અફીણ સામેની "વ્હાઇટ ક્રૉસ"ની ઝુંબેશમાં હિંદુસ્તાનનો સહકાર મેળવી આપવાનો મને આગ્રહ કર્યો છે. એ પત્રમાંથી નીચેના ઉતારા હું લઉં છું:

> અફીણના હુમલાની સામે ચીનાઓ બે લડાઈ લડયા અને ૧૯૦૬માં લાખો એકરમાં વાવેલા અફીણના છોડ સૂંઢી કાઢી અથવા કડબી નાખી ૧૫૦ વરસમાં પહેલી વાર અફીણના ત્રાસમાંથી ઊગરી જવાની તક સાધી. એ લોકો અફીણના એટલા તો લાંબી મુદતના અને રીઢા બંધાણી હતા કે એવું કહેવામાં આવતું હતું કે ચીનાઓની પાસેથી અફીણ લઈ લેવાનો જરા પણ પ્રયત્ન થયે તેઓ બળવો કર્યા વિના નહીં રહે. સને ૧૮૮૨માં સ્પેન્સ નામના એક અંગ્રેજ લેખકે લખ્યું હતું કે જો ચીન સરકાર અફીણનો પાક બંધ કરવાનું પગલું લે તો ચીનનાં શાંત બંદરોમાં નરકની જવાળા ઊઠશે અને

૧. કરનાડ સદાશિવરાવ (૧૮૮૧–૧૯૩૭); વકીલ, સમાજસેવક અને દક્ષિણ કાનડાના કૉંગ્રેસી નેતા; ચાર વખત કર્ણાટક પ્રાંતિક કૉંગ્રેસ સમિતિના પ્રમુખ.

Gandhi Heritage Portal

મહોલ્લાઓમાં લોહીની નદીઓ વહેશે. આ કાળી આગાહી એટલી તો ખોટી પડી છે કે અફીણના છોડોનો નાશ કરવાની ચીન સરકારની પાકા પાયાની અને ફતેહમંદ ઝુંબેશ જેટલી લોકપ્રિય થઈ પડી તેવું લોકપ્રિય એ સરકારનું એકે પગલું નહીં થઈ પડયું હોય. એ ઝુંબેશ તો એક ઊછળતી ઊકળતી ધમધમાટવાળી ધાર્મિક હિલચાલ થઈ પડી. હજારો શહેરોમાં અને ગામડાંઓમાં અફીણના જૂના બંધાણીઓએ પોતાની ચુંગીઓના ઘર ઘર જેવડા ઢગલા કર્યા અને ઈશ્વરને જાણે તેની આહુતિ આપી અનેક ખુશાલીનાં સરઘસો વાજતેગાજતે ઢોલ, નોબત અને ધજાઓની સાથે કાઢી પ્રજાનો પ્રભુ પ્રત્યે આભાર દર્શાવવામાં આવ્યો, અને આ સૈકાજૂની બદી નાબૂદ થઈ તે માટે સ્ત્રીઓએ હરખનાં આંસુ ઢાળ્યાં.

પણ તેમનો હરખ ક્ષણજીવી હતો. બ્રિટિશ સરકારે અફીણની આયાત કરવાનું બંધ કરવાનું પોતાનું વચન પાળ્યું, પણ આપ સારી પેઠે જાણો છો તેમ અનેક કાળથી ચાલતું આવ્યું છે તેમ પાશ્ચાત્ય જગતે આપેલા બોલનો અક્ષર પાળ્યો પણ આત્માને ઊંધો વાળ્યો. અફીણને બદલે બિચારા ચીનના અફીણના કરતાં દસગણાં ખરાબ એવાં મૉર્ફિન, હીરૉઈન અને કોકેન નામનાં કેફી વસાણાંનો ધોધ વરસાવ્યો. આ અત્યાચારમાં, મને કબૂલ કરતાં શરમ આવે છે કે લગભગ ગઈ કાલ સુધી અમેરિકા ભાગીદાર હતું. અરાજકતાના સંજોગોને લીધે લશ્કરી સરદારોએ બળાત્કારે ચીના ખેડૂતોની પાસે પાછા અફીણના છોડ વવડાવ્યા છે, અને તેમ કરવાનું બહાનું એ કાઢ્યું છે કે પરદેશી મૉર્ફિનના કરતાં દેશી અફીણ વધારે સારું છે. ચીનને બરોબર ઓળખનારા તો માને છે કે જ્યારે બીજી પ્રજાઓ તેને ટેકો આપશે અને અફીણના ત્રાસમાંથી તે દેશને મુક્ત કરશે ત્યારે ચીનાઓનાં નિર્મળ અંતર પાછાં જવાબ આપ્યા વિના નહીં રહે.

એ તો હવે સૌ સ્વીકારે છે કે કોઈ પણ પ્રજા એકલે હાથે પોતાનો ઉદ્ધાર કરી શકે એમ નથી. અફીણની બનાવટો એવી તો સગવડવાળી હોય છે કે, એટલી તો સહેલાઈથી છુપાવી શકાય છે, અને એના વેપારમાંથી એટલો તો નફો મળે છે કે એ વસ્તુ જ્યાં સુધી ઉત્પન્ન થયા કરશે ત્યાં સુધી તેનાં ઘરાક પણ મળ્યા જ કરવાનાં. આ કારણથી અમેરિકન કૉંગ્રેસે બધા દેશોના અફીણના અને કોકેનના છોડોનો કેવળ દવા અને રસાયણના ઉપયોગ પૂરતા અપવાદ રાખી સદંતર નાશ કરવાની વિનંતી કરી છે. આ સાલના નવેમ્બર માસમાં આ સૂચના અમલમાં મૂકવા માટે જીનિવામાં પરિષદ ભરવાનું નક્કી થયું છે. આ પરિષદને જગતને આ ત્રાસમાંથી મુક્ત કરવાને માટે જરૂરનાં પગલાં લેવાની જો તેની વૃત્તિ થાય તો સત્તા આપવામાં આવશે.

હવે જગતની આગળ પ્રશ્ન એ છે કે આ કેફનિષેધક પરિષદ આદેશનો અક્ષર અને આત્મા કેવી રીતે પાળશે? જગતની આશા તેઓ પાર પાડશે કે ધૂળ મેળવશે? આપને ભાગ્યે જ જણાવવાની જરૂર હોય કે જગતનો લોકમત આ પરિષદની આગળ જાહેર કરવાની કેટલી બધી જરૂર છે! હું જે મંડળનો પ્રતિનિધિ છું તે જગતનો મત આ પરિષદને જણાવવાનો પ્રયત્ન કરે છે અને આ ભયંકર આધિભૌતિક ત્રાસમાંથી જગતને ઉગારવાની તેમને ઈશ્વરે આપેલી તક સાધવાનો તેમને આગ્રહ કરશે.

ચીનના અનુભવે હિંદુસ્તાનને સમજાવું જોઈએ કે અફીણ જવાથી પૂર્વની પ્રજા બળવો કરવાની એ હાઉ જેમ ચીનમાં જૂઠો પડયો તેમ હિંદુસ્તાનમાં પણ જૂઠો પડશે. આશ્ચર્ય નથી કે બ્રિટિશ સરકારના હિંદુસ્તાનમાં કેટલાક પ્રતિનિધિઓ એવા પડ્યા છે કે

Gandhi Heritage Portal

જેઓ માને છે કે હિંદુસ્તાન અફીણનું એવું તો બંધાણી છે કે અફીણ બંધ કરવાથી ભયંકર પરિણામ નીપજશે. આવા પરિણામનો ચીનમાં જેટલો ભય હતો તેના કરતાં હિંદુસ્તાનમાં વધારે ઓછો ભય છે. હિંદુસ્તાનમાં પ્રજાનું ભાવિ જેમના પર આધાર રાખે છે એવાં કુમળાં બાળકોને તેમની માતાઓ કારખાનામાં કામ કરવા જાય ત્યારે જ અફીણ ગળાવીને ઊંઘાડી જાય છે એ વાત સાચી છે, છતાં હિંદ ચીનના જેટલું બંધાણી તો નહીં જ ગણાય. જો બળવો કદી થાય તો તે અફીણ બંધ કરવાની સામે નહીં પણ સરકારની નીતિની સામે થશે, કે જેને આધારે અસંખ્ય બાળકો કાં તો માતાના ખોળામાં મરી જાય છે અથવા જીર્ણ, સુકાયેલાં, ફીકાં, હિમાઈ ગયેલાં અને તવાઈ ગયેલાં શરીર-વાળાં જીવે છે. એ નીતિનો ઉદ્દેશ તો કેવળ સરકારને મહેસૂલ મળતું બંધ ન થાય એ જ.

હવે હિંદુસ્તાન જ્યાં સુધી પોતાની ભાવિ પ્રજાને અફીણનું ઝેર આપતું અને અફીણનો પાક કરી બીજી પ્રજાઓની નસમાં તે ઝેર રેડતું બંધ ન થાય ત્યાં સુધી જગત આ બદીમાંથી કદી ન બચી શકે. એટલે હિંદુસ્તાન અને જગતની ખાતર મિ. ગાંધી અને હિંદુસ્તાનના લોકોને વિનંતી કરીએ છીએ કે તેમણે આવતી પરિષદમાં જાહેર કરવું કે હિંદ અફીણની બદીમાંથી પોતે બચવા ઇચ્છે છે, અને જગતને બચાવવા ઇચ્છે છે.

વળી અમે એ પણ પૂછીએ ખરા કે હિંદુસ્તાનને કયા પ્રતિનિધિઓ અને વકીલો એ પરિષદમાં મોકલવાની ઇચ્છા છે? અગાઉની એવી પરિષદોમાં હિંદુસ્તાનનો નિશ્ચય બરોબર રજૂ કરવામાં આવ્યો હતો ખરો? અમે ઇચ્છીએ છીએ કે હિંદુસ્તાન પોતાના ઉત્તમોત્તમ પુત્રોને ખાસ ચૂંટીને, અથવા પૂરેપૂરી સત્તા આપીને, તેનો મત જાહેર કરવાને માટે આ પરિષદમાં મોકલી આપે. જો કોઈ પણ રીતે અમારી સંસ્થા હિંદુસ્તાનનો નિશ્ચય આ પરિષદ આગળ જાહેર કરવામાં મદદ કરી શકે એમ હોય તો અમે આપની સેવા કરવા તૈયાર છીએ.

"વ્હાઇટ ક્રૉસ" જે ઉત્તમ કાર્ય કરી રહ્યું છે તેમાં હિંદુસ્તાનના સહકારની તે અવશ્ય આશા રાખે. મહાસમિતિએ હમણાં જ એક ઠરાવ પસાર કરી હિંદુસ્તાન સરકારની અફીણ-નીતિને સખત રીતે વખોડી કાઢી છે. જો દરેક અફીણનો છોડ સૂંઢી નાખવામાં આવે તો હિંદુસ્તાનમાં તો તેની વિરુદ્ધ કોઈ પણ વાંધો ન ઉઠાવે. કેફી વસાણા અને કેફી પીણામાંથી ઉત્પન્ન થતું બધું મહેસૂલ જે દિવસે બંધ થશે, તેનું વેચાણ પ્રમાણપત્ર આપેલા રાસાયણિકો અને દવા વેચનારાઓ મારફત સિવાય સદંતર બંધ થશે તે દિવસે લોકો જરૂર રાજી થશે.

પણ અમારા અને જગતના દુર્ભાગ્યે હિંદુસ્તાનનો લોકમત આજે લોકોની પ્રતિનિધિ નહીં એવી સરકાર રજૂ કરે છે. એટલે આવતી પરિષદમાં હિંદુસ્તાનની પ્રજાના પ્રતિનિધિઓ નહીં હશે, પણ જે પરદેશી રાજ્ય હિંદુસ્તાન ઉપર રાજ્ય કરે છે તેના પ્રતિનિધિઓ જનતાના હિતની દૃષ્ટિએ નહીં પણ પોતાના મહેસૂલની દૃષ્ટિએ મત રજૂ કરશે. મિ. ઍન્ડ્રૂઝ જેવા અ-સરકારી પ્રતિનિધિ જેઓ પ્રજાના સાચા પ્રતિનિધિ થઈ શકે એમ છે તેમને મોકલવામાં કંઈ લાભ છે કે નહીં તેનો તો મહાસમિતિ જ નિર્ણય કરી શકે.

પણ માનવદયાથી ઊભી થયેલી એ ઝુંબેશનો ઉદ્દેશ આપણે સમજી લેવો ઘટે. મિસ લા મૉટે સાચા આંકડા વડે સિદ્ધ કરી બતાવ્યું છે કે જગતમાં અફીણની દવાને માટે જેટલી જરૂર છે તેના કરતાં અનેકગણી ઉત્પત્તિ છે; અને જ્યાં સુધી એ ઉત્પત્તિ ચાલુ રહેશે ત્યાં સુધી તેનો પ્રાણનાશક અને અનીતિજનક વેપાર પણ તેને દબાવી દેવાના અનેક પ્રયત્નો છતાં ચાલુ

Gandhi Heritage Portal

રહેશે. તે વિદુષીએ એમ પણ બતાવી આપ્યું છે કે આ બાબતમાં હિંદુસ્તાન સરકાર જ મોટામાં મોટી ગુનેગાર છે. હિંદુસ્તાન સરકાર પોતાની હદમાંથી અફીણનો પાક ઓછામાં ઓછો કરી નાખવાની જગતની ઇચ્છાનો પ્રામાણિકપણે અને કોઈ પણ ભોગે અમલ કરવાને તૈયાર ન થાય ત્યાં સુધી અફીણની બદીનો નાશ કરવાનું ધ્યેય પાર પડનાર નથી. હિંદુસ્તાન સરકાર જ અંતરાય નાખી રહી છે, અને એવી દહેશત છે કે ફરી તે તેમ કરશે. અને તે તેમ કરશે તેનું કારણ એ નથી કે હિંદુસ્તાન તે ઇચ્છે છે, પણ એ છે કે હિંદુસ્તાન લાચાર છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २४–७–१९२४

ભાષાંતર : નવજીવનનો વધારો, ૭–૮–૧૯૨૪

## ૨૩૦. "એવા રે અમો એવા"

જ્યારે વડી ધારાસભાના સભ્ય શ્રી આચાર્યે મને એક પ્રગટ પત્ર લખ્યો ત્યારે તેનો જવાબ આપવાનો પ્રયત્ન કરવાનું મેં વચન આપ્યું હતું. એમનો પત્ર અતિશય કાળજીપૂર્વક હું વાંચી ગયો છું, ને મને લાગે છે કે અમારી વચ્ચે બહુ ભેદને અવકાશ નથી. સુખની વાત એ છે કે હું વસ્તુઓને મારા વિરોધીના દૃષ્ટિબિંદુથી જોઈ શકું છું અને તેટલે દરજ્જે તેમના મતમાં ભાગ લઈ શકું છું. પણ દુઃખની વાત એ છે કે મારા વિરોધીઓને વસ્તુઓ મારા દૃષ્ટિબિંદુથી જોવાને હું હમેશાં સમજાવી નથી શકતો. જો હું તેમ કરી શકતો હોત તો અમારા ભેદમાં પણ એક પ્રકારનો મધુરો અભેદ થઈ શકત.

અસહકારની હિલચાલનાં કારણો અને મૂળ શ્રી આચાર્યે જણાવ્યાં છે તે વિષે મારો અને તેમનો ઠીક ઠીક મેળ છે. પણ મહાસભાના ઠરાવોની રચના વિષે અમારો મતભેદ છે. પણ હું તેમના દૃષ્ટિબિંદુથી જોતાં તેમની સાથે એમ માનવામાં મળતો થાઉં છું કે મહાસમિતિની આગળ રજૂ કરેલા મારા ઠરાવની પ્રસ્તાવના મહાસભાના કેટલાક ઠરાવોના અક્ષર કરતાં આગળ જાય છે. પણ ત્યાર પછી તો કાવેરીના પુલ તળેથી ઘણાં પાણી વહી ગયાં છે. હું તેમને મહાસમિતિના અગાઉના ઠરાવો તપાસી જોવાને વિનંતી કરું છું. અને તેમને મારી પ્રસ્તાવનાની છાયા તે ઠરાવોમાં જરૂર દેખાશે. મેં તો માન્યું છે કે રેંટિયો ગ્રહણ કરવો એ સવિનયભંગની એક અગત્યની શરત માનવામાં આવી છે. ઠરાવોમાં વારંવાર એ શરતોની પુનરુક્તિ કરવામાં આવી છે. ગઈ મહાસમિતિ વખતે અનેક બાબતો સામે પૂરતો વિરોધ બતાવવામાં આવ્યો હતો, પણ મારા ઠરાવની પ્રસ્તાવના વિરુદ્ધ તો કોઈએ પણ વાંધો ઉઠાવ્યો નહોતો. એનું કારણ સાફ છે, અને તે એ કે લગભગ દરેક જણે સવિનયભંગને માટે કાંતવાની આવશ્યકતા તો પહેલેથી જ સ્વીકારેલી હતી. એટલે હું માનું છું કે મારા ઠરાવના આરંભમાં મેં જે પ્રાસ્તાવિક ભાગ મૂક્યો હતો તે મૂકવાનો મને હક હતો.

હવે એ ઠરાવના ગુણદોષ વિષે. મારે મારી માન્યતા ફરીથી જણાવવી જોઈએ કે જ્યાં સુધી કાંતવાનું સાર્વત્રિક ન થઈ જાય ત્યાં સુધી આમવર્ગને માટે તો સ્વરાજ નથી જ. પરદેશી રાજ્ય આપણા ઉપર થયું તે પહેલાં પણ આપણે કાંતતા હતા તે વાત સાચી, પણ તે વેળા કાંતવાની રાષ્ટ્રીય આવશ્યકતા આપણે જાણતા નહોતા. ઘણી વાર આપણે ખરાબ હવા

Gandhi Heritage Portal

લઈને આપણાં ફેફસાંની અવગણના નથી કરતા શું? પણ જ્યારે ફેફસાં બગડે છે ત્યારે ફેફસાંની જેમ જ સ્વચ્છ હવાની જરૂરિયાત આપણને સમજાય છે. કાંતવાનું ફરીથી સાર્વત્રિક કરી મૂકવું એ કંઈ નાનીસૂની વાત નથી. એમાં એટલી બધી વ્યવસ્થાની, એટલા બધા સહકારની, એટલું બધું ધન બચાવવાની અને આમવર્ગમાં તેને એટલું બધું વહેંચવાની વાત આવી જાય છે, તેમ જ અંગ્રેજોના માર્ગમાંથી એટલી બધી લાલચ દૂર કરવાપણું આવી જાય છે કે કાંતવાથી સ્વરાજ મળવાની શકયતા વિષે કોઈ વાંધો કેમ ઉઠાવે છે એનું જ મને આશ્ચર્ય થાય છે. મારે ભાગ્યે જ અહીંયાં જણાવવાની જરૂર હોય કે દરેક પ્રજાને માટે દરેક સંજોગમાં સ્વરાજ મેળવવાનું સાધન રેંટિયો છે એમ મેં કહ્યું જ નથી. શ્રી આચાર્યને સમજાશે કે જે વિધાન મેં સ્વીકાર્યાં નથી તે વિધાનનો મારે વિષે આરોપ કરીને જ તેમણે રેંટિયાની વિરુદ્ધ દલીલ કરી છે.

હવે ધારાસભાની વાત લઈએ. અમુક દરજ્જે ધારાસભા ઉપયોગી છે એની હું ના પાડતો નથી. મારું કહેવાનું તાત્પર્ય તો એ છે કે આમવર્ગને તેમાંથી કશું મળવાનું નથી અને મહાસભાને જો રાષ્ટ્રીય રાખવી હોય તો મુખ્યત્વે તેને આમવર્ગની પ્રતિનિધિ બનાવવી જ જોઈએ, અને આમવર્ગ જેમાં પૂરેપૂરો ભાગ લઈ શકે એવો કાર્યક્રમ તેણે રજૂ કરવો જોઈએ. તેથી મારા ધારવા પ્રમાણે ધારાસભાનો બહિષ્કાર કાયમ રાખવામાં જ ડહાપણ છે. મારું કહેવું કેટલું સાચું છે તે તો જેટલે અંશે આપણે આપણી ઊંચી સ્થિતિએથી ઊતરીને આમવર્ગની પાસે જઈને બેસશું અને તેમની સાથે એક થઈ જઈશું તેટલે જ અંશે સમજી શકાશે. જો વકીલો અને ધારાસભાના સભ્યો હું જે કહું છું તેનું રહસ્ય સમજશે તો મહાસભાના કાર્યવાહક મંડળમાં હોદ્દાની ઈચ્છા રાખ્યા વિના આમવર્ગની સેવા કરી શકશે અને મહાસભામાં રહી શકશે.

સાચી વાત તો એ છે કે દોષ કાર્યક્રમનો નથી. દોષ તો આપણાં અન્યોન્ય અવિશ્વાસનો, અસહિષ્ણુતાનો, કલ્પનાશક્તિના અભાવનો અને હોદ્દાઓની લાલસાનો છે. જો બંને પક્ષ સત્તાની લાલસા રાખતા બંધ થશે અને કેવળ સેવા કરતાં શીખશે તો અસહકારનો કાર્યક્રમ એ જ સાચો રાષ્ટ્રીય કાર્યક્રમ છે એમ માલૂમ પડશે. રેલરસ્તાના ખખડાટ જે ગામોની હદમાં સંભળાતા નથી તેવાં ઘણાં ગામોને તો અદાલત, શાળાઓ અને ધારાસભાનો કશો ખ્યાલ નથી, એટલે નછૂટકે તેઓ બહિષ્કાર કરી રહ્યાં છે. આટલી વાત સમજવી મુશ્કેલ છે? આપણે તેમની સેવા કરવા ઈચ્છતા હોઈ જો સરકારની સત્તાનો ત્યાગ કરીશું તો ગામડાંમાં રહેનારા લાખો ગામડિયાઓના ઉદ્ધારની કંઈક આશા છે. જો આપણે તેમ જ કરીએ તો એક ભડ દેશભકતે ગંભીરતાપૂર્વક કહેલા એક વચનને આપણે સાચું પાડીશું. એ વચન આ:

> મને તમારા કાર્યક્રમ વિષે શ્રદ્ધા નથી, કારણ તમને આમવર્ગને માટે જેવી લાગણી છે તેવી મને નથી. ભૂખમરા અને મરકીથી તેઓ મરી જાય તેના કરતાં હું તો તેમને રણસંગ્રામમાં હડસેલીને જ તેમને તેમાં હોમી દઉં. એ આપભોગ અનિચ્છાએ થયેલો હશે એ સાચું, પણ એ જરૂરનો છે. સમાજને ભારરૂપ આવાં લાખો પ્રાણીઓને સમરાંગણમાં હોમી દેવામાં આવશે ત્યારે જ હિંદુસ્તાન વસવા જેવી ભૂમિ થશે, ત્યારે જ હિંદુસ્તાન ભૂખે મરતાં કંગાલો અને ગુલામોનો દેશ મટી આઝાદ લોકોનું આઝાદ હિંદુસ્તાન બની રહેશે.

મેં એ મિત્રને કહેલું કે હું જો તમારું વિધાન સ્વીકારું તો તમારી દલીલ તો જડબેસલાક છે. પણ હું તેમનું વિધાન નહોતો સ્વીકારતો, તેઓ મારું વિધાન નહોતા સ્વીકારતા એટલે અમે અમારા મતભેદ રહેવા દીધા, એકબીજાના અનુમાનને માન આપ્યું, અને ઉત્તમ મિત્રો તરીકે છૂટા પડયા. મારે તો મારા દેશબંધુઓમાંના અદનામાં અદનાની સાથે મરવું કે તરવું છે. જો

Gandhi Heritage Portal

શ્રી આચાર્ય મારી આ સ્થિતિ સમજી શકે તો તેમને જણાશે કે ૧૯૨૦માં જેવો તેઓ મને જાણતા હતા તેવો ને તેવો જ હું હજી છું.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २४-७-१९२४

ભાષાંતર : नवजीवन, २७-७-१९२४

## ૨૩૧. નોંધ

### પી. બી.ને

તમારા પ્રશ્નોનો મારો જવાબ ઢીલમાં નાખવા બદલ મારે તમારી ક્ષમા માગવી જોઈએ. જવાબ આ રહ્યો :

(૧) પરદેશી કાપડ પર આકરી આયાત જકાત નાખવાથી ખાદીને લાભ ન થતો હોય અને એકલી દેશી મિલોને જ લાભ થતો હોય તોપણ હું જરૂર એની હિમાયત કરું છું. હું પરદેશી કાપડનો સંપૂર્ણ બહિષ્કાર અમલી બનાવવા અધીરો થયો છું. હું દેશી મિલોની ખાદી સાથેની હરીફાઈથી ડરતો નથી, કેમ કે હું જાણું છું કે આપણી મિલો આજે હિંદુસ્તાનની જરૂરિયાત પૂરી પાડી શકે એવી સ્થિતિમાં નથી. પણ ધારો કે મિલો ખાદીની હરીફાઈ કરે, તો જેમ અત્યારે હું પરદેશી હરીફાઈ સામે આપણી મિલોનું રક્ષણ કરવાનું કહું છું તેવી જ રીતે મિલોની હરીફાઈથી લોકોને બચાવવા માટે મિલોની સામે ખાદીનું રક્ષણ કરતાં હું અચકાઈશ નહીં. આંકડાઓના મારા અભ્યાસ ઉપરથી મને ખાતરી થાય છે કે પરદેશી કાપડના બહિષ્કારથી આપણી મિલોને તથા હાથે કાંતેલી ખાદીને બંનેને સરખો લાભ થશે.

(૨) દારૂ પીવાની મનાઈને જેમ હું બળજબરી ગણતો નથી, તેવી રીતે ખાદીને રક્ષણ અપાય તેને પણ હું બળજબરી ગણતો નથી. લોકો જે વસ્તુને સમસ્ત પ્રજાના નૈતિક કે ભૌતિક ઉત્કર્ષની દૃષ્ટિએ હાનિકારક માનતા હોય તેને એક લઘુમતી વર્ગને ખાતર ઉત્તેજન આપવાની રાજ્યની ફરજ નથી.

(૩) પરદેશની મૂડી અથવા પરદેશના લોકો હિંદુસ્તાનમાં આવે તેથી હું ડરતો નથી. શરત એટલી જ કે અત્યારની માફક એમની સાથે એમને લાભ થાય એ રીતનો અનેક પ્રકારનો પક્ષપાતભર્યો વ્યવહાર ન થવો જોઈએ. વાજબી અને સરખેસરખા વચ્ચેની હરીફાઈમાં આપણે સારી રીતે ટકી શકીએ તેમ છીએ.

(૪) હું પોતે હરીફાઈ સામે ટકવા માટે ઊભાં થતાં ઉદ્યોગોનાં મોટાં મોટાં ટ્રસ્ટોનો તથા ગંજાવર યંત્રો વડે થતા ઉદ્યોગોનાં કેન્દ્રીકરણનો વિરોધી છું. પરંતુ અત્યારે તો મારે હિંદુસ્તાનનું કાસળ કાઢી રહેલી આ પ્રચંડ શોષણપ્રણાલીનો નાશ કરવા સાથે જ લેવાદેવા છે. જો હિંદુસ્તાન ખાદી અને ખાદીને લગતી બીજી બધી બાબતો અપનાવી લે, તો જીવનની સુખાકારી અને સંરક્ષણ માટે આવશ્યક ગણાય એટલી જ આધુનિક યંત્રસામગ્રી અપનાવશે એવી આશા હું છોડી દેતો નથી.



Gandhi Heritage Portal

## આચાર્ય ગિદવાણી

શ્રીમતી ગંગાબાઈ ગિદવાણીને એમના પતિ તરફથી નીચેનો પત્ર મળ્યો છે:

સુપરિન્ટેન્ડેન્ટે કૃપા કરીને તારા ઉપર બે પાનાંનો પત્ર લખવાની મને છૂટ આપી છે. મારો હકનો પત્ર મને આવતા માસની આખરે જ મળશે. તને લખવા દેવામાં આવે એવું મારે ખરેખર કશું જ લખવાનું નથી. મારી તબિયત બિલકુલ સારી છે. એથી વિરુદ્ધની કોઈ પણ અફવાઓ તારે માનવી નહીં. મારી કોટડીથી હું ટેવાઈ ગયો છું અને મને તદ્દન સારો ખોરાક મળે છે. જેલમાંથી મને એક પાકો શેર દૂધ અને બે અધોળ ઘી મળે છે અને કોળું અને બટાટા હું બજારમાંથી મગાવું છું. કોઈક વાર કેરીઓ પણ મગાવું છું. અહીં બીજું કશું જ મળતું નથી. મને ખાટલો આપ્યો હતો પણ મેં તે રાખ્યો નથી. કારણ કે તું જાણે છે કે હું હમેશાં ધરતી માતાની સોડમાં સપાટ અને કઠણ જમીન પર સુવાનું પસંદ કરું છું. મને રોજ સવારે ને સાંજે અડધો-અડધો કલાક કોટડીની બહાર નીકળવાની પણ છૂટ આપવામાં આવી હતી. પણ તે છૂટ લેવાની મેં ના પાડી, કેમ કે મને લાગે છે કે એવી છૂટ લેવાથી તો બાકીના ૨૩ કલાકનું એકાંત મને વધારે સાલે. રોજના ૨૪ કલાકમાંથી હું ૮ વાંચવામાં, ૬ ઊંઘવામાં, ૩ કાંતવામાં, ૪ ચાલવામાં અને કસરત કરવામાં, અને બાકીના રાંધવા-ખાવામાં તથા આળસમાં ગાળું છું. રસોઈના તથા સફાઈના કામમાં મદદ કરવા માટે મને એક કેદી આપવામાં આવ્યો છે. મારે માટે આવતા બધા પત્રો અને પારસલો મને આપવામાં આવતાં હતાં. પણ કંઈક ગેરસમજ થવાથી ત્રણ અઠવાડિયાં પહેલાં એ બંધ કર્યાં હતાં. પરંતુ તને જણાવતાં મને આનંદ થાય છે કે સુપરિન્ટેન્ડેન્ટે આ પ્રથા ફરીથી ચાલુ કરવાની કૃપા કરી છે. બધી ખાસ છૂટછાટોમાં આ છૂટ મને સૌથી વધારે પ્રિય છે, એટલે હું આશા રાખું છું કે હવે તું તારા અભ્યાસમાં થઈ રહેલી પ્રગતિના, બાળકોના આરોગ્યના અને સગાંસંબંધીઓ તથા મિત્રો વિષેના તમામ સમાચાર મને રોજ ને રોજ મોકલતી રહેશે. બાપુ, જિવત, કોડુ, ચાંપાનેરિયા, કરમચંદ, અને વાલેચાનો તેમના પત્રો બદલ આભાર માનજે. આશા છે કે તું નિયમિત કાંતતી હશે અને તેં હિંદીને નેવે નહીં મૂક્યું હોય. બે પાનાં પૂરાં થયાં.

## "ખાદીકામની ઝાંખી"

ઉપરના શીર્ષક હેઠળ ભડવીર શ્રી બી. એફ. ભરૂચાએ બંગાળની પોતાની મુસાફરીનો હેવાલ બહાર પાડ્યો છે. એ કેવળ નક્કર કામની વિગતો આપતો એક બોધપ્રદ દસ્તાવેજ છે. એમાંનો એક પૅરેગ્રાફ હું છોડી દઉં છું જેમાં એ વાત પર અફસોસ વ્યક્ત કરવામાં આવ્યો છે કે બંગભંગના દિવસોમાં જો અમદાવાદની મિલોએ દગો ન દીધો હોત તો આજે બંગાળ સંપૂર્ણ રીતે સ્વદેશી બની ગયું હોત. એમાં જે એમ પણ લખ્યું છે તે હકીકતને પણ હું છોડી દઉં છું કે સિરાજગંજના સ્વદેશી પ્રદર્શનમાં રજૂ થયેલી, ડૉ. પી. સી. રાયના સ્ટૉલ સિવાયની બધી ખાદી અશુદ્ધ હતી. શ્રી ભરૂચાએ દેશબંધુ દાસને જે અપીલ કરી છે કે તેઓ પોતાના સત્યાગ્રહીઓ ખાદી પહેરે એવો આગ્રહ રાખે અને શુદ્ધ ખાદીના સંગઠન માટે અમુક સંખ્યામાં કાર્યકરો અલગ કાઢે એ ભાગ પણ હું છોડી દઉં છું. પરંતુ ડૉ. રાય અને એમના સમર્થ સાથીદાર બાબુ સતીશચંદ્ર દાસગુપ્તા જે સુંદર કાર્ય કરી રહ્યા છે તેનું શ્રી ભરૂચાએ ખૂબ ઉત્સાહથી જે વર્ણન કર્યું છે એ તો એમની પોતાની જ ભાષામાં મારે આપવું પડશે:

Gandhi Heritage Portal

ડૉ. પી. સી. રાય બંગાળમાં રેંટિયાના ફિરસ્તા છે. શરીર દૂબળું અને તબિયત નરમ હોવા છતાં રસાયણશાસ્ત્રના આ બુઢ્ઢા પ્રોફેસર બંગાળના ખેડૂતને દુકાળ અને રેલની તારાજીથી બચાવવા માટે ખેતરો અને પાણી ભરેલાં મેદાનો ખૂંદી રહ્યા છે, અને આ તારાજીમાંથી બચવા માટે આજે તેઓ જે અમોઘ ઔષધ બતાવે છે તે પશ્ચિમના દેશોમાં બનેલી કોઈ કરામત કે જડીબુટ્ટી નથી. એ છે ઘરઘરમાં ગુંજનારું પુરાતન ચક્ર – રેંટિયો. રાજાશાહી વગેરે રેલગ્રસ્ત વિસ્તારોમાં રેંટિયાને સજીવન કરીને તથા લોકોને ખાદી પહેરતા કરીને ભૂખે મરતા લોકોને એમણે બચાવી લીધા છે. આ ઉપરાંત બંગાળમાં ખાદીનો પ્રચાર કરવા માટે એમણે ખાદી બોર્ડ, ખાદી પ્રતિષ્ઠાન અને દેશી રંગ ફંડ નામની સંસ્થાઓ સ્થાપી છે. પોતાના રેંટિયા અને સાળોને ચાલુ રાખવા માટે એમને દર અઠવાડિયે ત્રણ હજાર રૂપિયાની જરૂર પડે છે. એમની પાસે ખાદીનો ઠીક ઠીક મોટો જથો સિલકમાં રહે છે. જો આ માલ નિયમિત વેચાતો નહીં રહે તો વૃદ્ધાવસ્થાએ પહોંચેલા ડૉ. રાયને માટે બધા રેંટિયા ચાલતા રાખવાનું ઘણું મુશ્કેલ થઈ પડશે. સિરાજગંજના ખાદી પ્રદર્શનમાં તો આ પૂજનીય આચાર્ય પગે લાગીને લોકોને ખાદી ખરીદવા આજીજી કરતા હતા. શું દેશ-ભક્ત, સંવેદનશીલ, સ્વદેશી એવું બંગાળ એના ખાદીભક્ત પુત્રની "ખાદી ખરીદો અને રેંટિયા ચાલતા રાખો" એવી હાકલ નહીં સાંભળે? ડૉ. રાયે પોતાની રૂ. ૪૦,૦૦૦ની બચત પણ ખાદીકામ માટે આપી દીધી છે. ખરેખર તેઓ બંગાળમાં ખાદીના ફિરસ્તા છે.

હવે હું મેં જોયેલાં કાંતણવણાટનાં કેન્દ્રોની થોડી ઝાંખી કરાવીશ. આ કેન્દ્રો છે અતરાઈ, રાણીનગર, તલોરા, અને સુખિયા (ચિત્તાગોંગમાં). અતરાઈમાં તેઓ (ડૉ. રાય અને સતીશબાબુ) લોઢવાનું, પીંજવાનું, કાંતવાનું, રંગવાનું અને વણવાનું શીખવવા માટે એક શાળા ચલાવે છે. એક દવાખાનું અને નાની ઇસ્પિતાલ પણ તેમની પાસે છે, જે ગ્રામજનોને માટે મોટા આશીર્વાદરૂપ થઈ પડી છે. અતરાઈ મુખ્ય મથક છે. ત્યાં તેઓ કપાસ ભરી રાખે છે અને આજુબાજુનાં ગામોમાં લોઢવા, પીંજવા, કાંતવા તથા વણવા માટે વહેંચે છે. અતરાઈમાં જૂનો રેશમ ઉદ્યોગ હતો. આ ઉદ્યોગને ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ લગભગ નષ્ટ કરી નાખ્યો. અહીં અમે રેંટિયા ફરીથી ચાલતા દીઠા, અને સૂતર પણ સારું હતું. એક છોકરો જે મૅટ્રિકની પરીક્ષામાં બેઠો હતો તે રેંટિયો ઘણી સારી રીતે ચલાવી શકતો હતો. રાણીનગરમાં અમે હાથસાળો ચાલતી જોઈ. આ સાળો જોઈ આનંદ થયો, પરંતુ વણકરોએ પરદેશી કપડાં પહેર્યાં હતાં એ જોઈ દુ:ખ થયું. એથીયે દુ:ખદ તો એ હતું કે તેઓ પોતાને જોઈતાં કપડાં મિલના અથવા વિલાયતી સૂતરમાંથી બનાવતા હતા. આ બંધ કરવા એમણે અમને વચન આપ્યું હતું. તલોરામાં અમે કાંતણનાં અને વણાટનાં કેન્દ્રો જોયાં. આ બધી જગ્યાએ રેંટિયા માટે તથા સાળ માટે ઘણો ઉત્સાહ જોવામાં આવ્યો. સાતઆઠ વરસની છોકરીઓ પણ ઘણું સારું કાંતી શકતી હતી. અમે એક જાતની કાંતવાની હરીફાઈ ગોઠવી, તો ડઝનેક છોકરીઓ પોતાની મેળે જ આગળ આવી અને મોટી ઉંમરની બહેનો પણ એમની સાથે ભળી. ભાઈઓ આ બધું શાંતિથી જોઈ રહ્યા. એમની પાસે અમે હવેથી વિલાયતી કાપડ નહીં ખરીદવાની પ્રતિજ્ઞા લેવડાવી.

અને ડૉ. રાયના કાર્યદક્ષ, નિરાડંબર અને ભડવીર સાથીદાર બાબુ સતીશચંદ્ર દાસ-ગુપ્તાએ કેવું મઝાનું સંગઠન ઊભું કર્યું છે! એમણે લોઢવાનો ચરખો, ધનુષ-પીંજણ અને રેંટિયો – એ ત્રણેને "સ્ટૅન્ડર્ડાઇઝ" કર્યાં છે. આ સાધનો અને એમના છૂટા ભાગો તેઓ

Gandhi Heritage Portal

મુખ્ય મથકે સ્ટૉકમાં રાખે છે. જે નિશાળમાં લોઢવાનું, પીંજવાનું, કાંતવાનું અને વણવાનું શીખવાય છે તે પણ તેઓ જ ચલાવે છે. આ નિશાળમાં તેઓ પોતાને જોઈતા સ્વયંસેવકો, કાર્યકરો અને નિરીક્ષકો તૈયાર કરે છે. કાર્યકરોને સૂચનાઓ આપવા માટે એમણે બંગાળી ભાષામાં ત્રણ પુસ્તિકાઓ લખી છે. કામકાજની નોંધ રાખવાની એક સંપૂર્ણ પદ્ધતિ એમણે દાખલ કરી છે. કપાસ ખરીદાય, વેચાય અને સિલકમાં રહે તેનો; રૂ ખરીદાય, વેચાય અને પીંજાય તેનો; અને રૂ કંતાય અને સૂતર વણાય તેનો પૂરેપૂરો હિસાબ રાખવા માટે એમની પાસે બધા મળીને જુદી જુદી જાતના ૧૮ છાપેલા ચોપડા છે. પીંજનારા, કાંતનારા અને વણનારાની ખાતાવહીઓ તેઓ રાખે છે. અઠવાડિક હેવાલો તૈયાર કરવાની પ્રથા પાડી છે અને કપાસ લોઢવાના ચરખા, પીંજણો, રેંટિયા અને સાળોની વર્ગીકૃત યાદીઓ રાખવામાં આવે છે. બધે રખાય છે એવા હિસાબી ચોપડા પણ તેઓ રાખે છે. આ બધા ચોપડા અને પત્રકોમાં પૂરી માહિતી હોય છે અને તે ઘણી સારી રીતે રાખેલા હોય છે. આ ઉપરાંત સતીશબાબુએ કામ કરવામાં ઉત્સાહી અને મહેનતુ કાર્યકરોનું એક જૂથ પણ તૈયાર કર્યું છે. આ કાર્યકરો ખભે બે થેલા લટકાવીને વહેલી સવારે મુખ્ય મથકેથી નીકળી પડે છે. આ થેલામાં રૂ, રેંટિયા વગેરેના છૂટા ભાગો, ત્રાજવાં અને હિસાબી પત્રકો ભરેલાં હોય છે. તેઓ ગામડાના ટપાલી જેવા દેખાય છે અને લોકો પણ એમને ટપાલીના જેટલા જ પ્રેમથી આવકારે છે! એટલું જ નહીં પણ બુરખામાં રહેતી સ્ત્રીઓ પણ એમને આવકારે છે. તેઓ રૂ આપે છે, સૂતર લે છે, મજૂરી ચૂકવે છે, અને કાંતનારનાં હિસાબી કાર્ડ ભરી આપે છે. તેઓ રેંટિયા સમારી આપે છે, જરૂર હોય તેમને કંઈક મદદ કે સૂચના આપે છે, અને આ રીતે કુટુંબની આવક વધારવાનું સાધન બને છે. સામાન્ય રીતે વણકરો સૂતર લેવા માટે મુખ્ય મથકે જાય છે, તૈયાર થયેલી ખાદી ત્યાં આપી દે છે, એની મજૂરીના પૈસા મેળવે છે, અને નવું સૂતર લેતા જાય છે. એમને પણ કાર્ડ આપેલાં હોય છે. તે નિયમિતપણે ભરી આપવામાં આવે છે. ગામડામાં પોતાનો ફેરો પૂરો થતાં આ કાર્યકરો સાંજે પાછા આવે છે. બળબળતા તાપમાં કે મુશળધાર વરસતા વરસાદમાં કષ્ટાવા છતાં તેમને સદા હસમુખા જોવાનો પણ એક લહાવો છે! સતીશબાબુએ ખાદીકામમાં પોતાનો પ્રાણ રેડ્યો છે, એટલું જ નહીં પણ પોતે શ્રીમંત નહીં હોવા છતાં એમણે શરૂઆતમાં રૂ. ત્રણ હજાર અને ગયા જૂન માસમાં રૂ. છ હજાર આ કામ માટે આપી દીધા છે. ખાદીના પ્રચાર માટે એમણે સ્લાઇડો બનાવી છે, આકર્ષક ચિત્રોવાળું એક પુસ્તક લખ્યું છે. ડૉ. પી. સી. રાય અને એમના સમર્થ સાથીદાર બાબુ સતીશચંદ્ર દાસગુપ્તા જેવા પુરોગામીઓ અને કાર્યકરો ઉપર ભગવાનના આશીર્વાદ ઊતરો! આમીન!

શ્રી ભરૂચાના "આમીન"માં હું મારાં આમીન ઉમેરું છું.

શ્રી ભરૂચા હિંદુઓ અને મુસલમાનોને એક કરવાની રેંટિયાની શક્તિ વિષે એટલા જ ઉત્સાહી છે. આ વિષે એમણે લખેલો પૅરેગ્રાફ આ રહ્યો:

બંગાળામાં બંગાળ રાહત સમિતિ તરફથી ચાલતા ખાદીકામના, ખાદી બોર્ડના, ખાદી પ્રતિષ્ઠાનના અને દેશી રંગ ફંડના સ્વયંસેવકો ને કાર્યકરો લગભગ બધા જ હિંદુઓ છે. અને આ સંસ્થાઓનો લાભ લેનાર મોટા ભાગના લોકો મુસલમાનો છે. આ હિંદુ કાર્યકરો પોતાનાં કેન્દ્રોથી માઈલો સુધી ચાલતા જઈ મુસલમાનાનાં નાનાં નાનાં ગામોમાં કપાસ કે

Gandhi Heritage Portal

રૂ પહોંચાડી આવે છે. તેઓ કંતાયેલા સૂતરનું વજન કરે છે, એના પૈસા ચૂકવે છે, રેંટિયા સમારી આપે છે, ખૂટતા ભાગો પૂરા પાડે છે, કાંતનારીઓનો હિસાબ લખી આપે છે, અને જોઈએ એટલો કપાસ કે રૂ એમને આપે છે. આ રીતે તેઓ (હિંદુઓ) એમની મુસલમાન બહેનોની આવી સુંદર સેવા એમના સગા ભાઈઓની પેઠે બજાવે છે. હિંદુ કાર્યકરો અને મુસલમાન કાંતનારા, વણનારા, અને એમનાં કુટુંબો પરસ્પર એવાં આદરમાન રાખે છે કે એમને જોતાં કોઈને કદી ખ્યાલ પણ ન આવે કે એમના ધર્મોએ એમને અલગ કર્યા છે. તેઓ એવી રીતે બોલે છે ને વર્તે છે કે જાણે તેઓ એક જ વંશમાંથી ઊતરી આવેલા બંગાળી છે અને એક જ ભ્રાતૃભાવનાવાળા માનવબંધુઓ છે. ખરેખર, સતીશબાબુના “છોકરાઓ” જેટલી મહેનત અને મીઠાશથી રેંટિયાને આગળ ધપાવી રહ્યા છે તેટલી જ મહેનત અને મીઠાશથી એને દેશના બીજા ભાગોમાં ફેલાવવામાં આવશે તો હિંદુઓ અને મુસલમાનોમાં પ્રવર્તતી હાલની ઘણી તંગદિલી ઓછી થઈ જશે, અને ઈશ્વર સહાય કરશે તો નષ્ટ પણ થઈ જશે.

## ખાદીનો ભરાવો?[1]

શ્રી ભરૂચાએ બંગાળના પોતાના પ્રવાસનો અહેવાલ મોકલ્યો છે તેમાં તેઓએ ડૉ. રાયને પોતાની ખાદી ખરીદનારા ખોળતાં કેટલી મુશ્કેલી પડે છે તેનું વર્ણન કર્યું છે. એ જ ફરિયાદ કર્ણાટકથી ડૉ. હાર્ડીકરે કરી છે. પંજાબમાં ખાદીનો જથો વેચાયા વિના પડી રહ્યો છે તેની વાત તો હું અગાઉ કરી ગયો છું. ગુજરાતને આંધ્રથી ઝાઝો માલ મગાવવાનું બંધ કરવું પડશે એટલે આંધ્ર પણ કદાચ ખાદીના ભરાવાની ફરિયાદ કરશે. એ જ વાત ખાદી પેદા કરતા લગભગ દરેક પ્રાંતને લાગુ પડે છે, અને છતાં હિંદુસ્તાનના બધા પ્રાંતોમાં મળીને વધારેમાં વધારે ગણીએ તોપણ વીસ લાખથી વધારે કિંમતની ખાદી નહીં હોય. કરોડો રૂપિયાના પરદેશી કાપડના જથાની સાથે આ આંકડાને સરખાવી જુઓ. આપણા કામ ઉપર અને તવંગર માણસોની સ્વદેશપ્રીતિ ઉપર એ એક દુ:ખદાયક ટીકા નથી? એક જ લક્ષાધિપતિ અત્યારે પડી રહેલી બધી ખાદી લઈને સસ્તે ભાવે ગરીબોને વેચી શકે એમ છે. હા, કોઈ સ્વદેશપ્રેમી મિલમાલિક પણ પોતે નુકસાન ખમ્યા વગર એટલું તો કરી શકે છે. આપણી સભાઓમાં લાખો સ્ત્રીપુરુષો ઊભરાય છે. તેઓ જો ખાદી ખરીદે તો તેમને કંઈ ભૂખે મરતાં ન થવું પડે અને બધી ખાદી એક જ દિવસમાં ઊપડી જાય. જાહેર સંસ્થાઓ કંઈ જ કે ઘણી ખોટ ખમ્યા વિના પોતાને કાપડ જોઈએ ત્યાં ખાદી ખરીદી શકે છે. મુંબઈએ હમેશાં આવી બાબતોમાં અગ્રભાગ ભજવ્યો છે. મુંબઈ ધારે તો તેની વિશાળ વસ્તી તેનાં વીસ લાખ ખીસાંને ઝાઝાં ખંખેર્યા વિના જ આજે પડી રહેલી ખાદીનો ઉઠાવ કરી શકે છે. પણ હું રોદણાં રોવા નથી માગતો. વાંક લોકોનો નથી. હોય કે ન હોય, હજુ તે પુરવાર નથી થયો. વાંક કાર્યકર્તાઓનો છે. જેમ આપણે ઉત્પત્તિની વ્યવસ્થા કરીએ છીએ તેમ વેચાણની પણ વ્યવસ્થા કરવાની આપણી ફરજ છે. દરેક પ્રાંત પોતે ઉત્પન્ન કરે તેટલું વેચે એ આપણું સૂત્ર હોય. સાથે સાથે દરેક પ્રાંત પોતાની વધારેમાં વધારે શક્તિ હોય એટલી ખાદી પેદા કરે અને જો વધારાની ખાદી રહે તો મુંબઈ, કલકત્તા, મદ્રાસ જેવાં મુખ્ય શહેરો જે પોતે ખાદીની ઉત્પત્તિનાં સરસ મથકો નહીં બની શકે ત્યાં મોકલી આપે. આ બધાને સારુ વ્યવસ્થા ને વિચાર જોઈએ. દરેક પ્રાંતે

૧. આ પેટામથાળાવાળા ભાગનું ભાષાંતર નવજીવન, ૧૦-૮-૧૯૨૪ના અંકમાંથી આપવામાં આવ્યું છે.

Gandhi Heritage Portal

પોતાના ઓછામાં ઓછા વેચાણનો આંકડો ઠરાવવો જોઈએ. પ્રાંતના કાંતનારા અને કામ કરનારા પોતે પરદેશી કે મિલનું કાપડ પહેરે અને પોતાની પેદા કરેલી ખાદી બહાર વેચવા મોકલે એ નહીં ચાલે. આવી આ યોજનાને માટે પહેલું પગથિયું બેશક એ છે કે મહાસમિતિના કાંતવાના ઠરાવનો સંપૂર્ણ અમલ કરવો.

## બિન-પ્રતિનિધિઓનું કર્તવ્ય

એટલે જુદા જુદા પ્રાંતો કાંતણ સંબંધી ઠરાવને બહાલી આપી રહ્યા છે અને પોતપોતાના પ્રાંતમાં કાંતવાનો પ્રબંધ કરી રહ્યા છે એ જાણીને આનંદ થાય છે. હું આશા રાખીશ કે આ બાબતમાં એક પણ પ્રાંત પાછો નહીં પડે. પણ હું માની લઉં છું કે કોઈ ભાઈ કે બહેન એમ નહીં સમજતાં હોય કે કાંતણ અંગેનો ઠરાવ પોતાને લાગુ પડતો નથી એટલે તેણે કાંતવાની કે કાંતેલું સૂતર અખિલ હિંદ ખાદી બોર્ડને મોકલવાની જરૂર નથી. આ ઠરાવ આદેશાત્મક છે અને મહાસમિતિ આખા દેશ પર આદેશ ફરમાવી શકતી નથી. પરંતુ જો આ ઠરાવ કૉંગ્રેસના પ્રતિનિધિઓને માટે બંધનકર્તા હોય, તો એમાંથી એવું ફલિત થાય છે કે કૉંગ્રેસના બીજા બધા સભ્યોએ, એટલે કે ચાર આના ફી ભરનાર મતદારોએ અને બીજાઓએ સુધ્ધાં, એ બંધન પોતાની ઉપર લાદવું જોઈએ અને પોતાનાથી બને એટલું હાથે કાંતેલું સૂતર મધ્યસ્થ સંસ્થાને મોકલી આપવા માટે અખિલ હિંદ ખાદી બોર્ડના મંત્રીને અથવા પોતાના પ્રાંતના પ્રતિનિધિને મોકલી આપવાનું પોતાનું નૈતિક કર્તવ્ય સમજવું જોઈએ. જો આખી પ્રજા પક્ષાપક્ષી છોડીને આ બાબતમાં સાથ આપે તો આપણે જોઈશું કે આ દેશમાંથી પરદેશી કાપડને અને તેની સાથે દરિદ્રતાને ન માની શકાય એટલા થોડા સમયમાં આપણે દેશવટો દઈ શકીશું. આ ખાદીકામના સંગઠન જેવું સહેલું કામ બીજું એક પણ નથી. એટલે આટલી સહેલી વસ્તુ જો આપણે એક રાષ્ટ્ર તરીકે સંગઠિત ન કરી શકીએ, તો બીજું કોઈ રચનાત્મક કામ આપણે મોટા રાષ્ટ્રવ્યાપી પાયા પર ગોઠવી શકવાના નથી.

## શેનું રક્ષણ કરવું — કાપડનું કે લોખંડનું?

આચાર્ય રાયે પ્રજાજોગ એક દિલદ્રાવક અપીલ બહાર પાડી છે. એમનું કહેવું એમ છે કે લોખંડનું રક્ષણ કરવા માટે દર વર્ષે દોઢ કરોડ રૂપિયા આપવા એ જો વાજબી હોય, તો એનાથી ઘણી મોટી રકમ આપીને ખાદીકાપડનું રક્ષણ કરવું એ નિઃસંશય અનેકગણું વધારે વાજબી છે.

ડૉ. રાય લખે છે:

> કાપડ અને લોખંડ એ બે ઉદ્યોગો પૈકી કયો ઉદ્યોગ વધારે મહત્ત્વનો છે? આપણો કાપડનો ઉદ્યોગ પરદેશોની અન્યાયી હરીફાઈને કારણે નાશ પામ્યો. જો રક્ષણ આપવું જ હોય, તો રાજ્યનું રક્ષણ મેળવવાનો વધારેમાં વધારે અધિકાર કયા ઉદ્યોગનો છે? અન્ન અને વસ્ત્ર જેવી જીવનની પ્રાથમિક જરૂરિયાતોના આપણા લોકોને વખા પડે છે. તો આયાત થતા સુતરાઉ માલ ઉપર જકાત નાખીને એની હરીફાઈમાંથી આપણા હાથકાંતણ ઉદ્યોગનું રક્ષણ ન થઈ શકે? પણ સરકાર એ કરવાની નથી. સ્વરાજ મળતાં સુધી દેશ પોતે એ કરી શકવાનો નથી. તેમ છતાં સરકાર જે ન કરે તે લોકો ધારે તો કરી શકે. એટલે આપણે કહી દેવું જોઈએ કે અમે પરદેશથી આણેલું સુતરાઉ કાપડ પહેરવાના નથી, અમે તો હાથે કાંતેલી અને હાથે વણેલી ખાદી જ વાપરીશું અને એ રીતે દર વર્ષે ૬૦ કરોડ

Gandhi Heritage Portal

રૂપિયા દેશમાંથી જતા અટકાવીશું. આપણા કાપડ ઉદ્યોગને પરદેશોની હરીફાઈથી બચાવવો એ આપણા હાથની વાત છે.

મારા અનુભવ પરથી હું કહી શકું છું કે હાથકાંતણનો ઉદ્યોગ હવે દેશમાં જામી ગયો છે. એને ટકાવી રાખવા માટે આટલું જ જરૂરી છે: આપણા દેશવાસીઓએ દેશદાઝની ખાતર માત્ર થોડાં જ વરસ માટે જાડી અને મોંઘી ખાદી નિભાવી લેવી પડશે. તમે અત્યારે તાતાના લોખંડ ઉદ્યોગને અજાણતાં જ દોઢ કરોડ રૂપિયા આપી દો છો. તો હું તમને કહું છું કે જેની સરખામણીમાં તાતાનો લોખંડ ઉદ્યોગ ઘણો નાનો લાગે છે, તેના પુનરુત્થાન માટે તમે સમજીને કંઈક આપો. આપણો આ ઊછરતો ઉદ્યોગ પાકે પાયે પગભર થાય ત્યાં સુધી, આપણા સંગ્રામના આ પ્રારંભિક દિવસો દરમ્યાન આપણે આપણી દેશદાઝને જોરે જ ઝૂઝવું રહ્યું.

## આસામમાં અફીણ

આસામ પ્રાંતિક કૉંગ્રેસ સમિતિએ નીમેલી અફીણ તપાસ સમિતિએ પોતાનું કામ ક્યારનુંયે શરૂ કરી દીધું છે અને શિવસાગરમાં અનેક સાક્ષીઓને તપાસ્યા છે. ઘણા સાક્ષીઓ જિલ્લાના આગળપડતા માણસો હતા અને તેમને બધા પક્ષોમાંથી પસંદ કરવામાં આવ્યા હતા. એમણે સંપૂર્ણ અફીણનિષેધની સર્વાનુમતે હિમાયત કરી. એક અનુભવી સાક્ષીએ કહ્યું કે "અફીણમાં કાલા-આજાર કે મલેરિયા રોકવાનો ગુણ છે એમ કહેવું વધારેપડતું છે." એમણે એમ પણ કહ્યું કે શિવસાગર જિલ્લાના અંગેરા ખોવા નામના એક ગામમાં સૌથી મોટી સંખ્યાનાં મરણ અફીણ ખાનારાઓમાં થયાં હતાં. કેટલાક સાક્ષીઓએ એવી રસપ્રદ માહિતી આપી કે "લોકોને ચલમમાં અફીણ ન પીવા કે અફીણ ન ખાવા વિનંતી કરવા બદલ" નશાબંધીનો પ્રચાર કરતા કાર્યકરોને હેરાન કરવામાં આવ્યા હતા અને એમના ઉપર ફોજદારી કરવામાં આવી હતી. હું આશા રાખું છું કે આ તપાસ સમિતિ સાક્ષીઓનાં સામાન્ય નિવેદનો લઈ સંતોષ નહીં માનતાં અફીણની ખેતી, અફીણની દુકાનો અને અફીણના અડ્ડાઓના તુલનાત્મક આંકડા પણ એકઠા કરશે. અફીણે આસામના લોકોના આરોગ્ય પર કેવી અસર કરી છે તે મુદ્દા પર દાક્તરોની જુબાની પણ લેવી જોઈએ. અફીણનો સંપૂર્ણ નિષેધ ફરમાવાય તો એની શી અસર થવા સંભવ છે તે દર્શાવતી જુબાનીઓ પણ લેવાવી જોઈએ. ટૂંકમાં આ તપાસ સમિતિનો રિપોર્ટ માહિતીથી ભરપૂર હોવો જોઈએ, જેથી એ ઉપયોગી નીવડી શકે.

## અખિલ હિંદ ખાદી બોર્ડની ફરિયાદ

અખિલ હિંદ ખાદી બોર્ડ ખાદીની પ્રગતિનું માપ કાઢવા માટે પ્રાંતો પાસેથી ખાદી વિષે અમુક માસિક આંકડા છેલ્લા છ માસથી માગ્યા કરે છે. ખાદીના ઉત્પાદન તેમ જ વેચાણના કામમાં વેગ લાવવા માટે પ્રસિદ્ધિનું કાર્ય અત્યંત મહત્ત્વનું છે. પરંતુ બોર્ડ જણાવે છે કે જો કોઈ પ્રાંતો કંઈકે નિયમિત નિવેદનો મોકલતા હોય તો તે આટલા જ છે: તામિલનાડુ, ઉત્કલ, પંજાબ, બિહાર અને મહારાષ્ટ્ર. કેરળે હજી હમણાં શરૂઆત કરી છે. મહારાષ્ટ્રના આંકડા અધૂરા છે. કેટલાક પ્રાંતોમાંથી આવતાં નિવેદનો અનિયમિત હોય છે. દિલ્હી અને બ્રહ્મદેશમાં તો ખાદી બોર્ડો રચાયાં પણ નથી. આ સ્થિતિ ખરેખર શોચનીય છે. કૉંગ્રેસનાં તમામ ખાતાંમાં ચાલી રહેલી તમામ પ્રવૃત્તિઓના પૂરેપૂરા આંકડા મધ્યવર્તી કચેરીને મળવા જોઈએ. આ બધી પ્રવૃત્તિઓમાં ખાદી સૌથી વધારે મહત્ત્વની પ્રવૃત્તિ છે. એટલે પ્રાંતો પાસેથી સ્વાભાવિક રીતે જ એવી

Gandhi Heritage Portal

અપેક્ષા રખાય છે કે તેઓ જે માહિતી આપે તે અદ્યતન હોય અને ચોક્કસ હોય. દાખલા તરીકે, દરેક પ્રાંતમાં અને દરેક જિલ્લામાં કૉંગ્રેસના આશ્રયે અને કૉંગ્રેસની બહાર કેટલી ખાદી પેદા થાય છે તે જાણવાની જરૂર છે. એ જ રીતે પ્રાંતોમાં અંદર અને બહાર કેટલી ખાદી વેચાય છે તે અને તેઓ બહારથી કેટલી ખાદી લાવે છે એ પણ જાણવાની જરૂર છે. આવું કામ ઘડિયાળના કાંટાની માફક નિયમિત અને સમયસર થવું જોઈએ. મધ્યવર્તી કચેરીને રિમાઈન્ડરો મોકલવાની જરૂર ન પડવી જોઈએ. સંગઠન શબ્દનો અર્થ જ એ છે કે ઉપરથી નીચે સુધી એકેએક જરૂરી વિગત પર ધ્યાન અપાય અને એનાં બધાં અંગો મેળપૂર્વક કામ કરે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, २४–७–१९२४

## ૨૩૨. એક મિત્રને પત્ર

સાબરમતી,
જુલાઈ ૨૪, ૧૯૨૪

મારા વહાલા મિત્ર,

તમે બતાવેલી મુશ્કેલી હું સમજું છું. તેમ છતાં મારો એ અભિપ્રાય કાયમ છે કે હું પ્રમુખ ન થાઉં એથી આપણા કાર્યની વધુ સારી સેવા થશે. હું પ્રમુખપદ ન સ્વીકારું તેથી ખાદીને નુકસાન શા માટે થવું જોઈએ? કલકત્તા, નાગપુર કે અમદાવાદમાં કશી મુશ્કેલી નહોતી. તો બેલગામ વિષે કશી ફિકર શા માટે કરવી? મારો કાર્યક્રમ નામંજૂર થયા પછી મારે કૉંગ્રેસમાંથી નીકળી જવું પડે તો દેશ પર કેવી અસર થાય એનો વિચાર કરો. તમારા ધ્યાનમાં એ વાત આવી હશે કે મૌલાના શૌકતઅલીએ મને તાર કર્યો છે. એમના મનમાં શું છે તે હું જાણતો નથી. પણ આ મુદ્દાની ચર્ચા કરવા માટે ઘણે ભાગે તેઓ અહીં આવશે. મારે તો માત્ર જે સાચું હોય તે જ કરવું છે.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

નકલ પરથી : એસ. એન. ૯૦૦૦

Gandhi Heritage Portal

## ૨૩૩. વિઠ્ઠલભાઈ ઝ. પટેલને પત્ર

સાબરમતી,
જુલાઈ ૨૪, ૧૯૨૪

મહાશય,

૧૯મી તારીખનો આપનો પત્ર મળ્યો. હું માનું છું કે કૉર્પોરેશનનું માનપત્ર સ્વીકારવા માટે ઑગસ્ટની આખર તારીખ હું નક્કી કરું તો તે પણ કૉર્પોરેશનને એટલું જ અનુકૂળ થશે. તેમ છતાં આપને અનુકૂળ હોય તો આપનું માનપત્ર સ્વીકારવા માટે હું ૩૦મી ઑગસ્ટ સૂચવું છું. તો એ તારીખે કયા સમયે અને કયે સ્થળે મારે આ સમારંભમાં આવવાનું છે તે કૃપા કરીને મને જણાવશો?

હું છું
આપનો વિશ્વાસુ

શ્રી વિ. ઝ. પટેલ, બાર-ઍટ-લૉ
પ્રમુખ, મ્યુનિસિપલ કૉર્પોરેશન
મુંબઈ

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૮૮૧૧

## ૨૩૪. ઘનશ્યામદાસ બિરલાને પત્ર

અસાડ વદ ૮ [જુલાઈ ૨૪, ૧૯૨૪][1]

ભાઈશ્રી ઘનશ્યામદાસજી,

તમારો પત્ર મળ્યો છે.

અહિંસક મનોવૃત્તિ માણસને હિંસાના કૃત્ય તરફ કેવી રીતે દોરી જઈ શકે એ વાત હજી સુધી મારી કલ્પનામાં આવી શકી નથી. એ વિષે મેં ઘણો વિચાર કર્યો છે. હું એમ પણ માનું છું કે જ્યાં સુધી આપણે પોતે [ત્રિ]ગુણાતીત ન થઈ શકીએ ત્યાં સુધી આપણે આ બાબતનો સંપૂર્ણ રીતે વિચાર પણ કરી શકતા નથી.

સ્વામી આનંદે તમને યંગ ઇન્ડિયા વગેરેનું બિલ મોકલી દીધું છે.

હું દિલ્હી જવા વિચારું છું, પણ હજી થોડો વખત લાગશે. ઇચ્છા તો તરત ઊપડી જવાની થાય છે, પરંતુ શારીરિક શ્રમ ઉઠાવવાની હજી મારી તૈયારી નથી.

તમારો
**મોહનદાસ ગાંધી**

[મૂળ હિંદી]

મૂળ પત્ર પરથી: સી. ડબલ્યુ. ૬૦૧૮; શ્રી ઘનશ્યામદાસ બિરલાના સૌજન્યથી

૧. પત્રમાં યંગ ઇન્ડિયાના બિલનો ઉલ્લેખ છે. તે બતાવે છે કે આ પત્ર શ્રી બિરલાને લખાયેલા ૧૯૨૪ના જૂનની ૨૬મીના પત્ર પછી લખાયો હતો. ૧૯૨૪માં અસાડ વદ ૮, ૨૪મી જુલાઈએ હતી.

Gandhi Heritage Portal

## ૨૩૫. મહમદઅલીને તાર[1]

[જુલાઈ ૨૬, ૧૯૨૪][2]

તમારો તાર મળ્યો. આનંદાનંદ મુંબઈ અને અમદાવાદ વચ્ચે આવજા કરી રહ્યા છે. મશીનરી જલદી મોકલવા તાકીદ કરું છું.

ગાંધી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૯૦૦૩

## ૨૩૬. મોતીલાલ નેહરુને પત્ર

સાબરમતી,
જુલાઈ ૨૬, ૧૯૨૪

પ્રિય મોતીલાલજી,

તમારા પ્રશ્નોના[3] મારા ઉત્તર :

૧. મારો અભિપ્રાય એવો છે કે, નાફેરવાદીઓ ધારાસભાપ્રવેશની સામે સક્રિય પ્રચાર કરી શકે. પણ હું ધારું છું કે રાષ્ટ્રીય કાર્યના હિતની દૃષ્ટિએ તેમ કરવું બિલકુલ સલાહભરેલું નહીં ગણાય.

૨. તે જ પ્રમાણે બીજો પક્ષ પણ તેમ કરી શકે. પરંતુ બંને પક્ષોને તેમ ન કરવાની હું સલાહ આપું.

૫. બહુમતી મેળવવાને માટે અત્યારે તેમ જ ભવિષ્યમાં હું "કામ" કરું એવો સંભવ નથી, સિવાય કે એ કામમાં કાંતવાનું અને એના જેવી બીજી વસ્તુઓ આવતી હોય.

૬. નાફેરવાદીઓ કાંઈ કરે કે ન કરે, પણ હું જરૂર ધારું છું કે સ્વરાજ પક્ષને તમામ વાજબી સાધનોથી પોતાનું બળ સંગઠિત કરવાનો હક છે.

૭(અ). એ બધાં અમલી મંડળો હોવાં જોઈએ. આજે તેવાં છે કે નહીં તે હું જાણતો નથી. મેં તમને કહ્યું છે તેમ બંધારણમાં એટલો સુધારો થાય, એમ હું તો સૂચવું, જેથી કૉંગ્રેસનું તંત્ર વધારે કામ કરી શકે એવું થાય.

૧. આ તાર મહમદઅલીના જુલાઈ ૨૫ના તારના જવાબમાં હતો. એમાં લખ્યું હતું : "આજે સવારે આવ્યો. આપની સૂચનાઓની રાહ જોઉં છું. મારા પર પડેલી છાપ તથા માહિતી થોડા જ વખતમાં મોકલીશ. મારું પ્રેસ ક્યારે મળવાની અપેક્ષા રાખું ? રાહ જોઈ રહ્યો છું."

૨. જુલાઈની ૨૭મીએ મહમદઅલી ઉપરના પોતાના પત્રમાં ગાંધીજી લખે છે : "ગઈ કાલે મારા બંને તાર તમને મળ્યા હશે." આ તાર એમાંનો એક હોવો જોઈએ.

૩. આ પ્રશ્નો મૂળમાં મહમદઅલીને પૂછવામાં આવ્યા હતા, અને પાછળથી જુલાઈ ૨૫મીના પત્ર સાથે ગાંધીજીને મોકલવામાં આવ્યા હતા. જુઓ પરિશિષ્ટ ૪ (અ). આ પ્રશ્નાવલિના ખુદ ગાંધીજીના જવાબોનો ખરડો એસ. એન. ૯૦૦૨માં મળી શક્યો છે.

Gandhi Heritage Portal

૭(બ). મારો ચોક્કસ મત છે કે કૉંગ્રેસે અસરકારક કામ કરવું હોય, તો તેનું કારોબારી-મંડળ એવા માણસોના હાથમાં હોવું જોઈએ, જેઓ કૉંગ્રેસનો જે વખતે જે કાર્યક્રમ હોય તેમાં માનતા હોય અને તેને અમલમાં મૂકતા હોય.

હું જરૂર માનું છું કે મૌલાના મહમદઅલીએ[1] તમારા પ્રશ્નોના જવાબ આપવા જોઈએ.

૩૦મી ઑગસ્ટે હું મુંબઈમાં હોઈશ. તમારા ગયા પત્રના જવાબમાં મેં તમને પોસ્ટકાર્ડ[2] લખ્યું હતું તે તમને મળ્યું હશે.[3]

સ્નેહાધીન
**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી; શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી
ભાષાંતર : મહાદેવભાઈની ડાયરી, પુસ્તક છઠ્ઠું

## ૨૩૭. જે. બી. પિટીટને પત્ર

સાબરમતી,
જુલાઈ ૨૬, ૧૯૨૪

પ્રિય ભાઈ પિટીટ,

મારા કાગળના જવાબમાં ગયા મહિનાની ૧૭મી તારીખે તમે મને કાગળ લખ્યો હતો તેનો જવાબ આપવામાં મેં જાણીજોઈને ઢીલ કરી છે. જેલ જતાં પહેલાં એક કાગળ મેં તમને લખેલો તેની વિગતો શોધી કાઢવાની હું આશા રાખતો હતો. પણ એ હું ન મેળવી શક્યો. કાગળનું શ્રી ચતુર્વેદીને યાદ છે. પણ એ કાગળનો પત્તો લાગતો નથી. તમારા કાગળમાં જેનો ઉલ્લેખ છે તે કાગળ તો શ્રી બનારસીદાસ ચતુર્વેદીએ લખેલો. શ્રી બનારસીદાસને સ્પષ્ટ યાદ છે કે મારા કાગળના જવાબમાં તમે અહીંથી તેમને અપાતી રકમની અડધી રકમ આપવાનું વચન આપેલું. હું એમ સૂચવું છું કે શ્રી બનારસીદાસે પૂરા વખતના કાર્યકર્તા થવાની જરૂર નથી. એમને માટે પૂરતું કામ નથી. પરંતુ આ વિષયના તેઓ નિષ્ણાત હોઈ, આપણામાંના ઘણા કરતાં તેઓ વધારે કામ કરે છે. એમની કેટલીક સાહિત્યિક જવાબદારીઓ છે; એમાંથી તેમને કશું મળતું નથી અને એ કામ વધુ ખર્ચામાં ઊતર્યા સિવાય તેઓ મુંબઈમાં રહી કરી શકે નહીં. તમે જાણો છો કે એમની રહેણી બહુ સાદી છે. તેથી અહીં રહીને તેઓ, મુંબઈમાં રહીને કરી શકે તે કરતાં, મૂલ્યની દૃષ્ટિએ ચારગણું વધારે કામ કરી શકશે. પોતાનો ત્રણચતુર્થાંશ વખત તો તેઓ વસાહતી કામને આપે જ છે. તેથી મારો અભિપ્રાય એવો છે કે એ કામને માટે આંકેલા પૈસા તેમના કામમાં વપરાય તે યોગ્ય છે. ઍસોસિયેશનને પણ તેમને મુંબઈ રાખી

૧. મૌલાના મહમદઅલી.
૨. આ પોસ્ટકાર્ડ મળતું નથી.
૩. આ અંગેના પંડિત મોતીલાલ નેહરુના જવાબ માટે જુઓ પરિશિષ્ટ ૪ (બ).

Gandhi Heritage Portal

ભારે પગાર આપવા કરતાં અહીં રહી તેઓ જે કામ કરે છે તેને માટે પૈસા આપવાનું સસ્તું પડશે. અલબત્ત જ્યારે તેમની સેવાની ત્યાં જરૂર હોય ત્યારે તેમને ત્યાં બોલાવી શકાય છે.

મારો કાગળ તમે કમિટી આગળ રજૂ કરો તે પહેલાં મેં જે સૂચના કરી છે તે બરાબર હોવા વિષે તમારી પ્રતીતિ થઈ હોવી જોઈએ એમ હું ઇચ્છું છું. તમે મને જવાબ લખો તે વખતે કમિટીના સભ્યોનાં નામ મને લખી મોકલશો, જેથી મારા વિચારો તેમની સમક્ષ પણ હું રજૂ કરી શકું.

સેવક

મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૯૯૭૮

ભાષાંતર : મહાદેવભાઈની ડાયરી, પુસ્તક છઠ્ઠું

## ૨૩૮. ડબલ્યુ. પોટોનને પત્ર

સાબરમતી,

જુલાઈ ૨૬, ૧૯૨૪

પ્રિય મિત્ર,

તમારા કાગળ માટે આભારી છું. યંગ ઇન્ડિયાના આ અંકમાં અફીણ[1] વિષે મારો ચોક્કસ અભિપ્રાય મેં આપેલો છે. અફીણનો વેપાર આજે સદંતર બંધ કરી નાખવામાં આવે અને તેનું વેચાણ દવાના કામ પૂરતું જ મર્યાદિત કરી નાખવામાં આવે, તો મને લાગે છે કે તેની સામે ખાસ કશો ગણતરીમાં લેવા જેવો ઊહાપોહ ન થાય. નૈતિક દૃષ્ટિએ હિંદુસ્તાન સરકારની અફીણની નીતિનો કશો બચાવ નથી.

મારી તબિયત સાધારણ ઠીક રહે છે. આભાર.

સેવક

મો. ક. ગાંધી

મિ. ડબલ્યુ. પોટોન

૧૧૧એ, રૂસા રોડ

કલકત્તા

[મૂળ અંગ્રેજી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી; શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી

ભાષાંતર : મહાદેવભાઈની ડાયરી, પુસ્તક છઠ્ઠું

૧. જુઓ "નોંધ", ૨૪-૭-૧૯૨૪.

Gandhi Heritage Portal

## ૨૩૯. ચાર્લ્સ એફ. વેલરને પત્ર

સાબરમતી,
જુલાઈ ૨૬, ૧૯૨૪

પ્રિય શ્રી વેલર,

તમારા તા. ૨૨મી મેના માયાળુ કાગળને છેક આજે હાથમાં લઈ શકું છું. તમારા કાગળ માટે અને તમારે ઘેર ઊતરવાની સૂચના તમે કરી છે તે માટે તમારો આભારી છું. પરંતુ અત્યારે તો એ લાલચને મારે રોકવી જોઈએ. અત્યારે જે પ્રયોગ હું કરી રહ્યો છું તેને હું સફળ પુરવાર ન કરી શકું ત્યાં સુધી મારે બીજો કોઈ પ્રયોગ કરવો જોઈએ નહીં. આજે હું સફળતાનો દાવો કરી શકું એમ નથી. ઊલટું મારા ઘણા બુદ્ધિપ્રધાન સાથીઓને મારી પદ્ધતિથી અસંતોષ હોય એમ લાગે છે. આ ક્ષણે તો મારી પ્રવૃત્તિ છોડીને બીજે કયાંય જવા હિંમત હું કરી શકું એમ નથી. જે છોડને હું ઉછેરી રહ્યો છું તેમાંથી મજબૂત વૃક્ષ ઊભું થશે, તો પછી બીજું બધું સહેલું છે. તેથી તમને અને બીજા મિત્રોને હું વીનવું છું કે મારા અત્યારના કાર્યક્ષેત્રમાંથી મને બીજે લલચાવવાને બદલે મેં હાથ ધરેલા પ્રશ્નનો અભ્યાસ કરીને અને જો મારી વાત સાચી લાગે તો તેની તરફેણમાં દુનિયાનો લોકમત કેળવીને મારા કાર્યને સફળ બનાવવામાં મને મદદ કરો.

તમને અને બીજા મિત્રોને મારા સપ્રેમ વંદન.

સેવક
**મો. ક. ગાંધી**

શ્રી ચાર્લ્સ એફ. વેલર
લીગ ઑફ નેબર્સ
બ્રૉડ ઍન્ડ વેસ્ટ ગ્રાન્ડ સ્ટ્રીટ
ઇલિઝાબેથ, ન્યૂજર્સી, યુ. એસ. એ.

[મૂળ અંગ્રેજી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી; શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી
ભાષાંતર: મહાદેવભાઈની ડાયરી, પુસ્તક છઠ્ઠું

Gandhi Heritage Portal

## ૨૪૦. વસુમતી પંડિતને પત્ર

સાબરમતી,
અસાડ વદ ૧૦ [જુલાઈ ૨૬, ૧૯૨૪][1]

ચિ. વસુમતી,

તમારું પત્તું મળ્યું. મનની ચિંતા છોડી યોગ્ય ઉપચારો કરી ત્યાં તબિયત ખૂબ સુધારજો. હજીરાની તજવીજ કરું છું. ગંગાબહેન સોમવારે આવશે એમ લખે છે. રાધા બરોબર ખાઈ શકતી નથી.

બાપુના આશીર્વાદ

વસુમતીબહેન

[મૂળ ગુજરાતી]

મૂળ પત્ર પરથી: સી. ડબલ્યુ. ૪૫૫૧; શ્રીમતી વસુમતી પંડિતના સૌજન્યથી

## ૨૪૧. મારી નોંધ

### આચાર્ય રાય કાંતે છે

આચાર્ય રાયની ઉંમર અત્યારે સાઠ વરસ કરતાં વધારે છે, પણ તેમણે કાંતવાના પાઠ શરૂ કર્યા છે. તેઓ લખે છે:

ખરેખર રેંટિયાની ગતિનું માધુર્ય મને શાંતિ આપનારું નીવડયું છે. ખાદી વિષેની મારી શ્રદ્ધા દિનપ્રતિદિન વધતી જાય છે, અને જેમ મારું તે કામ વધતું જાય છે તેમ તેમ રેંટિયો મારા પ્રોત્સાહનને કાયમ રાખનાર અખંડિત ઝરણ બનતો જાય છે.

આ પ્રમાણે જો આચાર્ય રાય જેવા અતિઉદ્યમી બુઝુર્ગો કાંતતા થઈ જાય તો જુવાન સ્ત્રીપુરુષો જેઓની પાસે પુષ્કળ વખત રહે છે તેઓ કેમ ન કાંતે? આચાર્ય રાયના ઉત્સાહનું કારણ સમજવું સહેલું છે. તેમણે કેટલાંયે વર્ષોથી દુકાળિયા બંગાળીઓને મદદ દેવાનું કામ હાથ ધર્યું છે. તેમ કરતાં તેઓએ જોયું કે દુકાળિયાઓને કેવળ દાન કરવાથી તો તેઓ નીતિભ્રષ્ટ થાય છે ને તેથી તેઓને ફાયદો થવાને બદલે નુકસાન થાય છે. હજારો સ્ત્રીપુરુષોને કયું કામ અપાય કે જેથી તેઓને રોજી મળી શકે? રેંટિયા સિવાય બીજી કઈ વસ્તુ એવી વ્યાપક હોઈ શકે? તેમની તીક્ષ્ણ અને પરોપકારી બુદ્ધિને આટલું પારખી લેવું મુશ્કેલ ન હતું.

### રાજીનામાં

હુબલીના ઘણા મહાસભાના કારભારીઓએ મહાસમિતિના ઠરાવની રૂએ રાજીનામાં આપ્યાં છે. આ સ્થિતિથી કોઈ ગભરાયા છે, ત્યારે હું તેને શુભ ચિહ્ન ગણું છું, કેમ કે તેમાં સમિતિના ઠરાવો તરફ આદર રહેલો છે. જે સંસ્થાઓની પાસે રાજદંડ નથી તે સંસ્થાઓની હસ્તી કેવળ તેના સભ્યોના આદર ઉપર નિર્ભર રહે છે. પાંચ બહિષ્કારોને નહીં માનનારા કે તેનું પાલન

૧. ટપાલના સિક્કામાં આ તારીખ છે.

Gandhi Heritage Portal

નહીં કરનારા એવા કારભારીઓ ઘણા છે એવું મને જ્ઞાન હતું તેથી તો મેં તેવાઓને નીકળી જવાનું વીનવવાનો ઠરાવ સૂચવ્યો. તેવા કારભારીઓ રોષ વિના ને નીકળવું યોગ્ય સમજી નીકળ્યા હોય તો તેવાઓને અને કોમને બેવડો લાભ છે. તેઓએ ઘટતું પગલું ભરી પોતાની સારમાણસાઈ પ્રગટ કરી, રાજીનામાં આપી સમિતિને શુદ્ધ કરી. તેમ છતાં તેઓની સેવા તો કોમની પાસે રહી જ. જો તેઓ રોષથી નીકળી ગયા હશે તો તેમને પોતાને ગેરલાભ છે, કેમ કે લોકોનો જે ભાવ તેઓ સંપાદન કરી શક્યા છે તે ગુમાવવાનો સંભવ છે. પણ મને જે ખબર મળ્યા છે તે પ્રમાણે તો સહુ સાધુભાવથી મુક્ત થયા છે. તેમની સેવા કોમને મળ્યે જશે. શ્રી ગંગાધરરાવે કર્ણાટકને જ નહીં પણ આખા હિંદુસ્તાનને જે સરસ દાખલો આપ્યો છે તેથી સહુ રાજીનામાં આપનારા તેમનું અનુકરણ કરી નીકળી જવા છતાં સેવા કર્યા કરશે એવી ઉમેદ રાખી શકાય. ગુજરાતની આગળ તો ભાઈ કાળિદાસ ઝવેરીનો દાખલો છે જ. તેમના રાજીનામાથી કંઈ તે સેવા કરતા બંધ રહેશે એમ છે જ નહીં. મહાસભાના ઠરાવોનો અમલ ન કરી શકે એવા કારભારીઓ તેમાં રહેવાથી તો પ્રજાને ને પોતાને છેતરવા જેવું થાય. કોઈ સંસ્થા એ પ્રમાણે કરવાથી ચાલી જ ન શકે. વિલાયતી કપડાં પહેરનાર તે કપડાંનો બહિષ્કાર કઈ રીતે કરાવે? વકીલાત કરનાર બીજાની પાસે વકીલાત કઈ રીતે છોડાવે? પોતાનાં છોકરાંને સરકારી નિશાળમાં ભણાવનાર રાષ્ટ્રીય શાળા કઈ રીતે ચલાવે? વળી જો બહિષ્કારને માનનાર ને તેનું પાલન કરનારમાં મહાસભાસંઘ ચલાવવાની શક્તિ ન હોય તો સ્વરાજનો અર્થ શો? અને જો બહિષ્કારનું પાલન કરનાર કોઈ ન જ હોય તો તે બહિષ્કાર ભાવનારૂપે પણ કેમ રાખી શકાય? ભાવનારૂપે એ જ વસ્તુ રહે જેનો અમલ કોઈક તો કરતા જ હોય. અમુક વસ્તુ ભાવનારૂપે રાખવામાં મુદ્દો એ હોય છે કે કોઈક દિવસ એ અમલમાં ઊતરે. કોઈ જ તેનો અમલ ન કરે તો એ ભાવના નહીં પણ દંભ ગણાય. આજ થઈ રહેલી ચોખવટ દંભનો બહિષ્કાર કરે છે એ નાનીસૂની વાત નથી. એટલે જે રીતે આપણે વિચારીએ તે રીતે એક જ જવાબ મળે છે કે મહાસમિતિનો ઠરાવ ને તે ઉપરથી મળતાં રાજીનામાં બંને આવકારલાયક છે.

## શિક્ષકોનું શું?

પણ એક કુમારમંદિરના આચાર્ય પૂછે છે કે જે ગામમાં લોકોને રાષ્ટ્રીય શાળાની દરકાર ન હોય, શિક્ષક પગાર વિના ભૂખે મરે, ત્યાં શિક્ષકોએ શું કરવું? આવો જ સવાલ એક બંગાળી શિક્ષકે કરેલો તેનો જવાબ મેં યંગ ઇન્ડિયામાં[1] આપ્યો છે. અહીં તે જ પ્રશ્ન જરા વધારે વિચારીએ. અબ્બાસ સાહેબે તે પ્રશ્ન વિચારવાનું મને બીજી રીતે સોંપ્યું છે. તેઓ કહે છે કે ઘણાં ગામડાંમાં નિશાળો જ નથી, ત્યાં શું કરવું? પ્રથમની મુશ્કેલીનો જવાબ સીધો છે. શિક્ષકમાં વિભૂતિ હશે તો ગમે તેમ કરીને તે પોતાનું કાર્ય સિદ્ધ કરશે. શિક્ષક તો લોહચુંબકની માફક કામ કરે. તેની પાછળ છોકરાંઓ વીંટળાઈ વળે, તેને એક ક્ષણ વાર પણ ન છોડે. શિક્ષકનો વિયોગ શિષ્યોને અસહ્ય થઈ પડે. આવા શિક્ષકને માબાપ કદી તરછોડે નહીં. શિક્ષક શાહુકાર થાય તો ચોર ગણાય ને ભૂખે મરે તો "ઠોઠ" ગણાય. મજકૂર શિક્ષકને મારી સલાહ છે કે તે ઘેર ઘેર ભિક્ષા માગી ઉદર ભરે પણ પોતાનો શિક્ષણનો ધર્મ ન છોડે. કાકાએ[2] લખ્યું છે કે શિક્ષણને ધંધો ન ગણવો જોઈએ એ વાત સાચી જ છે.

૧. જુઓ "શિક્ષકોની દશા", ૨૪–૭–૧૯૨૪.

૨. દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર, કાકા અથવા કાકાસાહેબના નામથી જાણીતા.

Gandhi Heritage Portal

વળી આજ તો શિક્ષણ સસ્તું થઈ પડવું જોઈએ. છોકરાં ભણે ને ભણતર કમાય. અસલના સમયમાં એમ જ હતું. વિદ્યાર્થી "સમિત્પાણિ" થઈ ગુરુ પાસે જતો તેના બે અર્થ છે. એક તો તેમ કરી એવી પ્રતિજ્ઞા કરતો કે તે ગુરુની ઉપર નહીં પડે પણ મજૂરી કરી પોતે પોતાનું ને ગુરુનું પેટ ભરશે. તેનો બીજો અર્થ એ કે શિષ્ય સદાય વિનયી રહેશે. આજ પણ એ બંને વસ્તુની જરૂર છે. રેંટિયામાં મજૂરી છે ને વિનય છે. મજકૂર શિક્ષક છોકરાઓને રૂની બધી ક્રિયા શીખવે ને સુંદર સૂતર કઢાવે. સૂતર કઢાવતાં પોતે પણ સામે બેસે ને કાઢે. સાથે છોકરાંઓને પાડા યાદ કરાવે, સંસ્કૃત રૂપો ગોખાવે, શ્લોકોના અર્થ સમજાવે, સારી ઐતિહાસિક વાર્તાઓ કહે. છોકરાંઓનું કાંતવું રસમય ને જ્ઞાનમય કરી મૂકે. એમ થાય એટલે છોકરાંઓને કંટાળો પણ ન આવે. મેં ચકરડી(તકલી)નો રેંટિયો સૂચવ્યો છે તેનો ઉપયોગ કરવાથી કાર્ય તુરત શરૂ થઈ શકે છે.

હવે અબ્બાસ સાહેબનો પ્રશ્ન વિચારીએ. નવજીવનના વાંચનાર ભાગ્યે જાણતા હશે કે હિંદુસ્તાનમાં અંગ્રેજી જ્ઞાન ભલે વધ્યું હોય પણ અક્ષરજ્ઞાન એકંદરે ઘટયું છે. હિંદુસ્તાનમાં છેલ્લાં પચાસ વર્ષમાં ગામઠી નિશાળો ઘટી છે. એટલે કે જેટલે અંશે આપણે મધ્યમ વર્ગના લોકો પોતાને ચડયા માનીએ છીએ તેટલે જ અંશે ગામડિયાં બાળકો પડયાં છે. જેમ આપણી આર્થિક ઉન્નતિ થઈ છે તેમ ગામડાંની અવનતિ થઈ છે તેમ જ આપણી વિદ્યાઉન્નતિ તેમ ગામડાંની અવનતિ. આ ભયંકર વાત છે પણ અક્ષરશઃ સાચી છે એમ હરકોઈ આંકડાશાસ્ત્રી સિદ્ધ કરી શકે તેમ છે. બ્રહ્મદેશમાં એવું જોવામાં આવ્યું છે કે અંગ્રેજી રાજ્ય દાખલ થયા પહેલાં પ્રજાનાં લગભગ બધાં બાળકો અક્ષરજ્ઞાન ધરાવતાં હતાં, કેમ કે એક પણ ગામડું ગ્રામશાળારહિત ન હતું. આજ તે સ્થિતિ બદલાતી જાય છે. ગ્રામશાળાઓનો નાશ થતો જાય છે તેથી અક્ષરહીનતા વધતી જાય છે.

આપણી હિલચાલ મુખ્યત્વે ગરીબોને અંગે હોવાથી જેટલે અંશે ફેલાય તેટલે અંશે ગરીબોની આર્થિક અને અક્ષર ઉન્નતિ થાય. દરેક ગામમાં ત્યાંના મહેતાજીને શોધી તેની પાસે નિશાળ ખોલાવવી એ રસ્તો છે. તે ઝાડ નીચે બેસી ભણાવે. હિંદુ છોકરાં મંદિરમાં ભણે, મુસલમાન મસ્જિદમાં. એમ આરંભ કરી છેવટે બંનેને સારુ એક નિશાળ ગોઠવાય. આમ મુશ્કેલીઓ પુષ્કળ છે જ, પણ તેને દૂર કરવામાં જ આપણી શક્તિની કસોટી થવાની છે. ગામડાંઓમાં એટલી જાગૃતિ, એટલો વિદ્યારસ પેદા કરવો જોઈએ. રેંટિયાની ચળવળની પાછળ આ બધી વસ્તુઓ રહેલી છે. જિલ્લા ને તાલુકા સમિતિઓએ સાવધાન થઈ આ કાર્યો કરવાનાં છે.

### ખેડા જિલ્લો

ગુજરાતમાં કાંતવા વિષે ચાલતી હરીફાઈ વધાવી લેવા યોગ્ય છે. ખેડા જિલ્લા સમિતિએ ૫,૦૦૦ વાર દર માસે કાંતવાનો ઠરાવ કર્યો છે ને ઓછામાં ઓછાં ૫૦૦ સ્ત્રીપુરુષોનું સૂતર પૂરું પાડવાનો નિશ્ચય કરી તે મુજબ તાલુકા ને મહાલમાં વહેંચણી કરી નાખી છે. મારી ઉમેદ છે કે એટલેથી જ ખેડા જિલ્લાનિવાસી સંતુષ્ટ નહીં રહે. આપણે છેવટે તો લાખોના અર્ધા કલાકની મજૂરી માગીએ છીએ. એટલે ખેડા જિલ્લાની સમિતિને ધન્યવાદ આપવાની સાથે એટલી ચેતવણી પણ આપું છું કે ૫૦૦ કાંતનાર મેળવવાની તેમની પ્રતિજ્ઞા એ મોટી સંખ્યાની સૂચક તરીકે ગણું છું. તે કંઈ ખેડાની શક્તિની હદ ન હોઈ શકે. ખેડા જિલ્લા સમિતિની જેમ બીજી સમિતિઓ પણ જોઈતાં પગલાં ભરી લેશે એવી ઉમેદ રાખું છું.

Gandhi Heritage Portal

## મુસ્લિમ ખાદી કમિટી

ભાઈ સૈયદ હુસેન ઉરેઝી નીચે પ્રમાણે યાદી[1] છાપવા મોકલે છે:

મૌલાના આઝાદ સુબાની સાહેબને અને અમદાવાદના મુસલમાન ભાઈઓને આ કમિટી સ્થાપવા વિષે હું મુબારકબાદી આપું છું. ખાદીનો પ્રચાર હિંદુસ્તાનમાં મોળો તો પડ્યો જ છે, પણ મુસલમાન ભાઈઓએ તો સામાન્ય રીતે ત્યાગ જ કર્યો જણાય છે. ગઈ ઈદને દિવસે ભાગ્યે કોઈ મુસલમાન ખાદી પહેરી નીકળેલા જોવામાં આવ્યા હતા એમ સાંભળ્યું છે. મજકૂર ખાદી કમિટી જો ધારે તો ઘણું કામ કરી શકે છે. રેંટિયો એક એવી પ્રવૃત્તિ છે કે જેમાં હિંદુમુસલમાન બધા એકસરખી રીતે ફાળો ભરી શકે છે. કેટલીક કારીગીરીમાં મુસલમાનો દુનિયામાં ચડી જાય છે, એમાંની એક કારીગીરી વણાટકામ છે. ઢાકાની મલમલ મુસલમાનો જ વણતા. તેથી જ વણકરોનું મીઠું ને મરતબાવાળું નામ નૂરબાફ[2] છે. જરીના કામમાં તેઓની હરીફાઈ કોઈ કરી શકતું નથી. પટનાના મશહૂર નૂરબાફનો કસબ દુનિયામાં પંકાયેલો છે. આજ પણ બારીક કસબી કામ વણનારા મુસલમાનો જ છે. તેઓ હાલ વિલાયતી સૂતર વણે છે. તેઓ જ પૂર્વે હાથનું કાંતેલું સો નંબરનું ઝીણું સૂતર વણતા. ઢાકાની "શબનમ" એટલે ઝાકળ જેવી પાતળી ને સુંદર લાગતી ખાદી પણ તેઓ જ વણતા. તે જ કસબનો પુનરુદ્ધાર આ ખાદીની હિલચાલમાં રહેલો છે. હજારો નૂરબાફ પોતાનો ધંધો છોડી બેઠેલા છે. તેઓની રોજી આ ખાદીના રોજગારથી પાછી શરૂ થઈ શકે છે. આજ પણ વિજાપુરની મુસલમાન બહેનો ઝીણું સૂતર કાંતે છે. ધારે તો મુસલમાન બહેનો સુંદરમાં સુંદર સૂતર કાંતી શકે છે. આ કમિટી જો મહેનત કરે તો ઘણું કામ કરી શકે. હું માની લઉં છું કે દરેક સભાસદ શુદ્ધ ખાદી જ પહેરે છે. હું એ પણ ધારી લઉં છું કે દરેક સભાસદ દર માસે ઓછામાં ઓછા બે હજાર વાર કાંતશે. કમિટી જો સફળ થવા ઇચ્છતી હોય તો કેટલાક સભાસદોએ પોતાનો બધો વખત આ કામને દેવો જોઈશે. હું કમિટીને ફતેહ ઇચ્છું છું.

## વિદ્યાર્થી ગણપત

વાંચનાર જાણીને રાજી થશે કે વિદ્યાર્થી ગણપત પાછા ફર્યા છે.[3] હું ઉમેદ રાખું છું કે તે ભાઈએ જોયેલા અન્યાયના નિવારણની શોધ તો તે નહીં જ છોડે. શોધ કરશે તો માલૂમ પડશે કે સ્વરાજ એ જ ઉપાય છે અને સ્વરાજ મેળવવાનો ઉપાય રેંટિયો છે. તેથી વિદ્યાર્થી ગણપત પોતાનો અભ્યાસ કરતાં છતાં રેંટિયાની પૂરી માહિતી મેળવી નિત્ય નિયમિત રીતે સૂતર કાંતે ને પ્રાંતિક સમિતિને મોકલે. કાંતતાં કાંતતાં બીજા ઉપાયો પણ તેમને મળી રહેશે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨૭-૭-૧૯૨૪

ગાંધી સ્મારક સંગ્રહ ગ્રંથાલય અમદાવાદ-૧૩.

૧. આ યાદી અહીં આપી નથી.

૨. વણકરોમાં આગળ પડતા.

૩. જુઓ "જ્ઞાની કે અર્ધદગ્ધ?", ૨૦-૭-૧૯૨૪.



Gandhi Heritage Portal

# ૨૪૨. ધર્મની કસોટી

વઢવાણની રાષ્ટ્રીય શાળા ઉપર વાદળ ઘેરાયું છે. એ વાદળ વીખરાઓ કે વધો ને છેવટે શાળા ઉપર તૂટી પડો, પણ આ અવસર શાળાની કસોટીનો છે.

મારી સમજ એવી છે કે શાળા સ્થપાઈ તે વેળા જ અંત્યજને દાખલ કરવાનો પ્રશ્ન ઊઠયો હતો અને એ શાળામાં અંત્યજ પણ દાખલ થઈ શકે એવો નિશ્ચય વ્યવસ્થાપક મંડળે કરેલો. તે શાળાના મકાન સારુ પૈસા અપાયા તે પણ અંત્યજોને દાખલ કરવાના છે એ સમજની સાથે.

હવે તેમાં અંત્યજ બાળકોને દાખલ કરવાનો સમય આવ્યો ત્યારે અનેક પ્રકારના સવાલો ઊઠયા લાગે છે. અંત્યજો આવે તો સમિતિના સભ્યો નીકળી જાય, માબાપો પોતાનાં બાળકોને ખેંચી લે, શિક્ષકો રાજીનામાં આપે. એ બધું બને તોપણ જે શિક્ષકને કે માબાપને ધર્મ વહાલો હોય તે ધર્મપંથથી એક તસુ પણ ન હઠે.

મારી અલ્પમતિ પ્રમાણે આ પ્રસંગે ધર્મ શો છે એ વિષે બે મત ન હોઈ શકે. મૂળ પ્રતિજ્ઞાનું પાલન એ જ ધર્મ છે. એવી એક પણ નવી સ્થિતિ પેદા નથી થઈ કે જેથી ધર્મ શો છે એ વિષે શંકા હોઈ શકે. એ શાળા ઉપર જેટલો બીજાઓનો હક છે તેટલો જ અંત્યજોનો છે. આપણે કોર્ટે જનાર હોઈએ તો કોર્ટ પણ એક જ ફેંસલો આપે, ને તે એ કે શિક્ષકો અને વ્યવસ્થાપકો અંત્યજ બાળકોને શાળામાં લેવા બંધાયેલા છે. જે વ્યવસ્થાપક કે શિક્ષક તેમાં આનાકાની કરે તે દાન આપનારનો વિશ્વાસઘાત કરે.

મહાસભાના અનુયાયી અથવા સહાયકને સારુ તો અસ્પૃશ્યતાભંગ એ રાષ્ટ્રનો અચલિત સિદ્ધાંત થઈ પડયો છે. આ પ્રશ્ન પ્રજાની આગળ ૧૯૨૦ની સાલથી પડયો છે. તેમાં ફેરફાર સૂચવવાની કોઈની હિંમત નથી ચાલી. એ સિદ્ધાંતને વળગી રહેવા સારુ વિદ્યાપીઠે[1] પોતાની હસ્તી જોખમમાં મૂકી હતી. આ સિદ્ધાંતને વળગી રહેવા સારુ ટિળક સ્વરાજ ફંડ ઉઘરાવનારાઓએ લખાયેલાં ઉઘરાણાં જતાં કર્યાં હતાં. એ જ સિદ્ધાંતને અનુસરવા, ધર્મને જાળવવા સારુ વઢવાણના ધાર્મિક વ્યવસ્થાપકો, શિક્ષકો અને બીજા શહેરીઓ તૈયાર રહો એમ હું ઇચ્છું છું.

વઢવાણના શહેરીઓ શાણા છે. તેઓ ઉદાર છે. તેઓ ધર્માંધ નથી પણ ધર્માળ છે, એવી અસર તેઓએ મારી ઉપર હમેશાં પાડી છે. એ શહેરમાં અંત્યજનો તિરસ્કાર ન હોવો જોઈએ. એ શહેરની રાષ્ટ્રીય શાળા અંત્યજને વધાવો, તેને ઉત્તેજન આપો, જ્યાં અંત્યજ આવતા હોય ત્યાં પોતાનાં છોકરાંઓને મોકલવામાં માબાપો ધર્મ માનો. મારી તેમને વિનંતી છે કે તેઓ આ બાબત પુખ્ત અને કેવળ નીતિને ધોરણે વિચાર કરે ને થયેલી પ્રતિજ્ઞાનું પાલન કરે.

શાળાને અંગે સામાન્ય નિયમોમાં ફેરફાર થઈ શકે, પણ શાળા જે સિદ્ધાંતો પર રચાઈ છે તે સિદ્ધાંતોમાં ફેરફાર કરવા કોઈ સમર્થ નથી. એ શાળા તો અમુક કાર્યને સારુ અંકિત થઈ છે, એ આંક તો છઠ્ઠીના લેખ જેવા અચલિત ગણાય. વધારેમાં વધારે આટલું જ થઈ

૧. અમદાવાદની રાષ્ટ્રીય યુનિવર્સિટી, ગૂજરાત વિદ્યાપીઠ; આ વિદ્યાપીઠની સ્થાપના ૧૯૨૦માં ગાંધીજીએ કરી હતી.

Gandhi Heritage Portal

શકે. જે માબાપોને ધર્મનો બાધ હોય તે પોતાનાં બાળકોને પાછાં ખેંચી શકે છે. પણ વ્યવસ્થાપકોને કે શિક્ષકોને નીકળવાનો અવકાશ જ નથી. તેઓએ તો એક જ અંત્યજ હોય તો તેને સારુ શાળા ચલાવવા કટિબદ્ધ રહેવું જોઈએ. તેમાં જ શાળાનું, શિક્ષકોનું, વ્યવસ્થાપકોનું ને વઢવાણનું મહત્ત્વ છે.

અરે! આ મહાન સ્વરાજના — ધર્મના યુદ્ધમાં આવી અનેક વિટંબણાઓ આવશે. આ યુદ્ધમાં આપણે બે જ સાધનો સેવવાનો નિશ્ચય કર્યો છે: સત્ય ને અહિંસા. જો શાળાના સિદ્ધાંતને બદલવામાં આવે તો સત્યનો અને અહિંસાનો ત્યાગ થયો ગણાય. ધનનો, માનનો, કુટુંબનો, પ્રાણનો ત્યાગ કરવો પણ સત્યનો — અહીં પ્રતિજ્ઞાનો, ને અહિંસાનો — અહીં અંત્યજો પ્રત્યેના પ્રેમનો ત્યાગ કદી ન કરાય એવું સર્વધર્મનું દોહન છે. તેના પાલનમાં કચાશ એટલી ધર્મમાં કચાશ ગણાય. બધા છોકરાઓ નિશાળ છોડે તેથી ધર્મને હાનિ નથી, સ્વરાજને આંચ નથી, વઢવાણને નામોશી નથી. પણ જો બીજાં બાળકો જવાની બીકથી અંત્યજ બાળકોનો તિરસ્કાર થાય તો ત્રણેને નામોશી પહોંચે તેમ છે.

અસ્પૃશ્યતા એ મહાપાપ છે એ સિદ્ધ કરવાપણું હવે ન હોય એમ મારી માન્યતા છે. મહાસભાના સભ્યો, સ્વરાજના રસિયાને એ વિષે શંકા હવે હોય જ નહીં.

વઢવાણના શહેરીઓ ધર્મ રક્ષો, વ્યવસ્થાપકો ને શિક્ષકો પોતાની પ્રતિજ્ઞાનું પાલન કરો એવી તેમની પાસે મારી દીન યાચના છે. તેમને એટલું બળ મળો એવી ઈશ્વર પ્રત્યે મારી પ્રાર્થના છે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨૭–૭–૧૯૨૪

## ૨૪૩. ઝીણવટની જરૂર

કાંતવાની પ્રતિજ્ઞાના સાંગોપાંગ પાલન સારુ ઝીણામાં ઝીણી વિગતો સંભાળવાની જરૂર છે. અંગ્રેજીમાં કહેવત છે કે જો આપણે પેનીની સંભાળ રાખીએ તો સોનામહોર પોતાની સંભાળ રાખશે. જેને પાઈનો હિસાબ નથી તે રૂપિયા કદી નહીં બચાવે. આ વાત બધાં મોટાં કાર્યોને વિષે લાગુ પડે છે. જ્યારે ઝીણી વાતોને પડતી મેલવામાં આવે છે ત્યારે મોટી બગડે છે. મોટાં યંત્રોમાં એક નાની સરખી ખીલી રહી જાય છે અથવા ઢીલી પડે છે અથવા તેમાં રજકણ પડે છે તો તે ઘણી વેળા ખટકી પડે છે.

સ્વરાજતંત્ર ચલાવવાની શક્તિનું માપ આપણી ઝીણવટ જાળવવાની શક્તિથી થવાનું છે. એ શક્તિ આપણને આ કાંતવાની પ્રતિજ્ઞા આપશે. નિયમસર કંતાય, સૂતર એકઠું થાય, તેની નોંધ પ્રાંતિક સમિતિ આગળ થાય, ત્યાંથી પાછી મહાસમિતિ પાસે જાય, ત્યાં નોંધ થાય, તે સૂતરનું એકીકરણ થાય, તેની ખાદી બને, તેનો નિકાસ થાય — આ લખાઈ ગયું, પણ એટલું કરતાં તો ઘણા પ્રકારની શક્તિની ને ઘણા કામદારોની જરૂર પડશે.

ગામે પોતાની તપાસ રાખવી રહી. ગામની તાલુકાએ, તાલુકાની જિલ્લાએ ને જિલ્લાની પ્રાંતે, પછી ખાદીમંડળે.

Gandhi Heritage Portal

જ્યાં દરેક પોતાની ફરજ સમજે ને દરેકને આવડત હોય ત્યાં તો બધું સહેલું હશે. પણ જ્યાં જવાબદારીની સમજ નહીં હોય ત્યાં પ્રાંતિક સમિતિઓએ બધી સંભાળ રાખવી જોઈશે.

રેંટિયાનો સંગ્રહ રાખવો, તે દુરસ્ત કરવા, દુરસ્ત રખાવવા.

ત્રાકો સારી ને સીધી રાખવી.

ચમરખાં બરોબર બેસે તેવાં રાખવાં.

માળની ગોઠવણ કરવી.

કપાસ સંઘરવો.

કપાસ લોઢવો, તેને પીંજવો, તેની પૂણીઓ બનાવવી અને જ્યાં જોઈએ ત્યાં પહોંચાડવી, ને પછી સૂતર એકઠું કરવું.

આ કામમાં રસ લેનારને નહીં ભાષણનો વખત રહે, નહીં ટીકાનો, નહીં દ્વેષનો. એ તો પોતાના જ કામમાં ગૂંથાયેલ રહેશે.

આદર્શ એ છે કે દરેક પોતાનો રેંટિયો પેદા કરી લે, કપાસની ભિક્ષા કરી લે, તેને લોઢે, પીંજે, પૂણી બનાવે, કાંતે ને સૂતર ફૂંકારી, ઉતારી, ગોઠવી, પોતાનું નામ, નંબર, સૂતરનું વજન, વાર ને આંક માંડી લપેટીને દર માસે પ્રાંતિક સમિતિને પહોંચાડે.

પણ જ્યાં સુધી બધા કાંતનાર એ રીતે તૈયાર ન થયા હોય ત્યાં લગી પ્રાંતિક સમિતિએ આમાંની ઘણી જવાબદારી ઉઠાવવી પડશે, અને એને સારુ એક કે વધારે કાંતનારા ઉસ્તાદો પણ થોડીક મુદત સારુ રાખવા જોઈશે.

કાંતનાર અને કાંતનારીઓ સંખ્યાબંધ તૈયાર થાય તો આપણી પાસે પૂરતા રેંટિયા નથી. ને સંખ્યાબંધ રેંટિયા તૈયાર થતાં કંઈક વખત જાય. વળી તેમાં ઠીક પૈસા જોઈએ. જ્યારે કાંતવાનું આપણે શરૂ કર્યું ત્યારે ભાઈ લક્ષ્મીદાસે[1] ચકરડી (તકલી) દાખલ કરી. મેં તેમના હાથમાં એ પહેલી જોઈ ત્યારે હું આનંદથી ખૂબ હસ્યો હતો. પણ તેની પૂછપરછ મેં ન કરી. પછી પાછી તે મેં ભાઈ મથુરાદાસના હાથમાં જૂહુમાં જોઈ. મને તે કળા જાણી લેવાની ઈચ્છા થઈ. મેં થોડી જાણી લીધી. પણ ત્યારથી જ તે મારા મનમાં રહી ગઈ છે. તેની કિંમત વધારેમાં વધારે બે આના છે. તેને તૈયાર કરતાં બહુ વખત નથી જતો ને તે સામાન્ય રેંટિયા કરતાં અરધું કામ આપી શકે છે. તેની સગવડનો તો પાર જ નથી. ગમે ત્યાં લઈ જઈ શકાય છે. તે વડે સૂતર એકધારું ને વળદાર નીકળે છે. આજ પણ બ્રાહ્મણો જનોઈનું સૂતર બનાવવા એ ચકરડીઓનો ઉપયોગ કરતા જોવામાં આવે છે. મારી પાસે ઘણા નિશાળિયાઓ મળવા આવે છે. મારા સવાલના જવાબમાં તેમાંના કોઈ કહે છે રેંટિયો નથી, કોઈ કહે છે કોઈ શીખવતું નથી. કેટલીક શાળાઓ એટલી સાંકડી હોય છે કે તેમાં રેંટિયા રાખવાની જગ્યા પણ નથી હોતી. આવી સ્થિતિમાં ચકરડી અતિશય ઉપયોગી વસ્તુ છે. તેની ઉપર સૂતર કાંતતાં શીખી જનારને રેંટિયા ઉપર સૂતર કાઢતાં અડચણ ન જ આવે. એટલે કાંતવાની ક્રિયા તો ચકરડીથી જ શીખી લઈ શકાય છે; ને તે સુંદર પણ સાદા યંત્ર વડે હમેશાં સો વાર સૂતર કાંતવું સહેલું થઈ પડે છે. મારી ઉમેદ છે કે જેની પાસે કે જે સંસ્થામાં રેંટિયાનું સાધન ન હોય ત્યાં ચકરડીનો ઉપયોગ કરી સૂતર કાંતવામાં આવશે.

૧. લક્ષ્મીદાસ આસર; ખાદીના કાર્ય માટે એમણે પોતાની જાત સમર્પી દીધી હતી.

Gandhi Heritage Portal

"કાંકરે કાંકરે પાળ બંધાય, ટીપે ટીપે સરોવર ભરાય" આ કહેવતમાં ચમત્કાર છે. એક ટીપું કંઈ કામ ન આવે. એક કાંકરો પાણીનો બંધ ન બની શકે. પણ ઘણા કાંકરા ને ઘણા ટીપાંનો ચમત્કાર આપણે જાણીએ છીએ. એ જ ચમત્કાર ઘણાના થોડા પણ નિયમસર કાંતવામાં રહેલો છે. જેમ ઈંટોના ઢગલાથી મકાન નથી બનતું પણ તેને નિયમિત ગોઠવવાથી જ બને છે, તેમ નિયમિત રીતે કાંતેલું સૂતર નિયમિત રીતે ગોઠવવાથી પોષક ખાદી બને છે.

સામાન્ય રીતે થોડા ખેડૂત ઘણું અનાજ વાવે છે. યુરોપના મહાભારત યુદ્ધને સમયે ઈંગ્લંડમાં ખોરાક ખૂટી પડ્યો હતો. ખેતરોમાં હતું તે બસ ન હતું. પટેટાં સહેલામાં સહેલો પાક હતો. તેથી દરેક શહેરીને પોતાના પાંચ પચ્ચીસ ગજ આંગણામાં પટેટાં વાવવાની ફરજ પાડવામાં આવી હતી. એક આંગણામાં ઊગેલાં પટેટાંથી તો એક કુટુંબ પણ ભાગ્યે જમે. પણ હજારો આંગણામાં વવાયેલાં પટેટાંની મદદ અમૂલ્ય થઈ પડી હતી. તે જ પ્રમાણે અસંખ્ય રેડક્રૉસ બૅજની ને કુરતાંની જરૂર હતી. એકલા દરજીઓ તેને પહોંચી ન વળે. તેથી જેઓએ સોય હાથમાં ન ઝાલી હોય તેવાઓની પાસેથી પણ આ કામ લેવામાં આવતું હતું. શિખાઉને સારુ નમૂના વગેરે રાખવામાં આવતા. તેઓને સારુ શીખવનાર પણ યોજવામાં આવ્યા હતા. અને આમ હજારો સ્વયંસેવકો જે લડાઈમાં નહોતા જઈ શકતા ને જેઓની પાસે થોડોઘણો પણ વખત બચતો હતો તેઓની પાસેથી આવું કામ લઈ લાખો રેડક્રૉસના બાજુબંધ ને કુરતાં વગેરે મફત તૈયાર થતાં. એક માણસની મહેનતની કિંમત કંઈ નહીં, પણ સમુદાયે એક જ પ્રકારની કરેલી મહેનતે એ વેળાએ સુવર્ણથી વધારે કામ આપ્યું. તે કામમાં વકીલો, વિદ્યાર્થીઓ, દલાલો, સ્ત્રીઓ, પુરુષો બધાં ભાગ લેતાં ને ભાગ લઈ અભિમાન માનતાં. વાંચનાર નહીં જાણતા હોય કે તે કામમાં સરોજિનીદેવી[1] પણ સામેલ હતાં ને હું પણ હતો. અમને એમ ન લાગ્યું કે એ કામ તો દરજીનું હતું. અમીર ઉમરાવોએ એને પોતાના દરજ્જાથી હલકું ન માન્યું. આજે કાંતવાના કામની હાંસી કરતાં જ્યારે કોઈ સાક્ષરને હું જોઉં છું ત્યારે મને લડાઈનો મારો અનુભવ યાદ આવે છે. આ વખત ને તે વખતને હું સરખાવું છું ત્યારે હું જોઉં છું કે હિંદુસ્તાનમાં જે દાવાનળ સળગી રહ્યો છે તે મટાડવાને અર્થે જેટલી જરૂર બધાએ કાંતવાની છે તેટલી જરૂર પેલી ભયંકર લડાઈ વેળા લોકોને રાતા સ્વસ્તિકવાળા બાજુબંધ બનાવવાની કે કુરતાં સીવવાની ન હતી.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨૭–૭–૧૯૨૪

૧. સરોજિની નાયડુ.

Gandhi Heritage Portal

# ૨૪૪. મારો કચ્છ

એક મુસલમાન ભાઈ લખે છે:[૧]

આ પત્ર જેવો છે તેવો જ મેં આપ્યો છે. બીજા મુસલમાન ભાઈઓને અને કેટલાક હિંદુ ભાઈઓને પણ કદાચ આ ભાઈના જેવી જ શંકા થઈ હોય એમ જાણી કાગળનો જવાબ આપવાની હિંમત કરું છું. મને પોતાને લગતા ઘણા કાગળો મળે છે, પણ તેની ચર્ચા નિરર્થક માની નવજીવનમાં ચર્ચતો નથી. પણ આ કાગળમાં કેટલીક ભૂલો સમાયેલી છે, એ બતાવવી આવશ્યક જોઉં છું. કચ્છનું કારણ ટીકાકારે બરોબર કળ્યું છે. તે કારણ દૂર કરવાનો રસ્તો સ્વરાજ સિવાય બીજો નથી. એ કચ્છ હિંદુસ્તાનનાં ભાઈબહેનો સ્વરાજ મેળવી ઉતરાવી શકે છે; અથવા ઈશ્વર મને એવો અપંગ બનાવે કે મારે વધારે કપડાં પહેર્યા વિના ન જ ચાલે ત્યારે તે ઊતરે. કચ્છ ધારણ કરતી વેળા તેમાં અસભ્યતાનું આરોપણ થવાનો ડર મને હતો જ. પણ મારું જીવન જે દિશામાં વહે છે તેનો વિચાર કરતાં અસભ્યતાનું સાહસ ખેડવું એ મને યોગ્ય લાગ્યું. મારા મુસલમાન મિત્રોને સારુ હું હમેશાં ઘણું કરવાને તૈયાર રહું છું. તેમની મને બહુ ગરજ છે. એક મુસલમાન મિત્રની સાથે મેં પોશાક બદલતાં પહેલાં ચર્ચા પણ કરી. તેમણે મારો વિચાર પસંદ કર્યો. એટલે મને વધારે હિંમત આવી. ત્રણ વરસના અનુભવ પછી કરેલા ફેરફારને સારુ મને મુદ્દલ પશ્ચાત્તાપ નથી; વધારે સંતોષ થતો જાય છે.

હું છેક ગરીબ હિંદીના જીવન સાથે મારા જીવનનું અનુસંધાન કરવા માગું છું. ઈશ્વરનાં દર્શન મને તો બીજી રીતે ન જ થાય એમ હું જાણું છું. મારે તેને સન્મુખ જોવો છે. એને સારુ હું અધીરો બનેલો છું. હું ગરીબમાં ગરીબ ન બનું ત્યાં સુધી એ સાક્ષાત્કાર થનારો નથી. તેઓને જ્યાં સુધી પૂરું ખાવાનું નથી મળતું, પહેરવાનું નથી સાંપડતું ત્યાં સુધી મને ખાવું-ઓઢવું આકરું લાગે છે. મને ઈશ્વરે નબળો ન બનાવ્યો હત તો મેં મારા જીવનમાં હજુ વધારે ફેરફારો કર્યા હત. હિંદુસ્તાનનાં હાડપિંજરની હાલતની કલ્પના સરખી પણ મજકૂર ટીકાકારને આવી શકે એમ નથી. તે અનુભવ લેવા સારુ તેણે દૂર રહેલાં ગામડાંમાં જવું જોઈએ ને ગામડિયાઓની સાથે રહેવું જોઈએ.

હિંદુસ્તાનને સારુ જે પોશાક આ ભાઈ માગે છે તે તો તેને બસેં ચારસેં વર્ષોમાં પણ નહીં મળી શકે. તેણે જાણવું જોઈએ કે હિંદુસ્તાનના કરોડો માણસોને કચ્છ પણ નથી મળતો. તેઓ તો માત્ર લંગોટી પહેરીને ફરે છે. કરોડોએ ચંપલ જોયાં નથી હોતાં. તેમની તેઓને જરૂર પણ નથી લાગતી. ગળપટ્ટાવાળું કુરતું આ ગરીબો ક્યાંથી કાઢે? તેઓને ટોપી કોણ આપે? આપણે આવાં કપડાં પહેરીને ગરીબોને નહીં પહેરાવી શકીએ. પણ આપણે, તેમને પહેરાવીને પહેરીએ, ખવડાવીને ખાઈએ એ ધર્મ છે. આ ટીકાકારને પોશાકનું સૂઝે છે. તે ભાઈને હું નમ્રતાપૂર્વક ખબર આપું છું કે આ દેશના કંગાલને અત્યારે તો ખાવાનું પણ પૂરતું નથી મળતું, ત્યાં પોશાકના સુધારાની શી વાત કરવી?

હવે સભ્યતા વિષે. સભ્યતા એ એકાન્તિક બોલ નથી. તેનો અર્થ દરેક જગ્યાએ એક જ નથી થતો. પશ્ચિમની સભ્યતા તે પૂર્વની અસભ્યતા હોઈ શકે છે. પશ્ચિમનો કેટલોક પહેરવેશ

૧. આ લખાણ અહીં આપ્યું નથી.

Gandhi Heritage Portal

પૂર્વમાં અસભ્ય ગણાયો છે. મને અમેરિકામાં તો કેદમાં જ પૂરે. નારાયણ હેમચંદ્રને[1] ધોતિયું પહેરવા સારુ કેદમાં લઈ ગયા હતા. મારી માતા અમને ભાઈઓને પાટલૂન પહેરતા જોઈ અકળાતી. એને તે નાગો પહેરવેશ ગણતી. અસંખ્ય હિંદુ કચ્છને અસભ્ય પોશાક ગણતા જ નથી. સાધુઓ કેવળ લંગોટી જ પહેરે છે તેથી કંઈ તે અસભ્ય ગણાતા નથી.

મારી દૃષ્ટિએ ઓછા પોશાકમાં અસભ્યતા છે જ નહીં. પોશાકની જરૂરિયાત કેવળ શરીરની રક્ષાને અર્થે છે. જે દૃષ્ટિથી પોશાકને વિષે મજકૂર ટીકાકારે લખ્યું છે તે દૃષ્ટિએ તો ઘણાં કપડાં પહેરવામાં જે એબ છે તે મારા જેવા ભિખારીના કચ્છમાં નથી. માણસનું શરીર જેવું છે તેવું જોવા કે વિચારવા બેસીએ ત્યારે તેમાં કંઈ પણ મોહનું કારણ જ નથી રહેતું. હાડકાંની કોથળીને જ્યારે આપણે અનેક કાપનાં, અનેક ભાતનાં કપડાંથી શણગારીએ છીએ ત્યારે તે દેખી જાય છે. આ વિચાર બરોબર છે એનો એક જ દાખલો આપું છું. મુડદાના શરીર ઉપર કોઈ મુગ્ધ થયું આજ લગી જાણ્યું નથી. મોહ માત્ર તેમાં રહેલા જીવને વિષે છે. તો પછી શરીરને વિષે આટલા વિચાર શા? આટલા શણગાર શા?

બહેનો મને દર્શન દેવા આવે છે, મારી ઉપર પ્રેમ રાખે છે, મને આશીર્વાદ આપે છે. તેમાં હિંદુ અને મુસલમાન બંને બહેનો હોય છે. તે મારા શરીરને જોવા આવતી જ નથી એવી મારી ખાતરી છે. તે મારા શરીર તરફ જુએ છે એમ મને કદી લાગ્યું નથી. હોવું પણ એમ જ જોઈએ. પુરુષ કે સ્ત્રી કોઈએ મિત્રના શરીર તરફ જોવું જ ન જોઈએ. અજાણ્યે જોવાઈ જાય તો આંખ ઉઠાવી લેવી ઘટે છે. એકને કેવળ બીજાનો ચહેરો જ જોવાનો અધિકાર છે. લક્ષ્મણ જેવા સંયમીએ તો સીતાજીના માત્ર અંગૂઠા જ જોયા, કેમ કે તે સીતાજીનાં ચરણ-વંદન કરતો. એટલે બહેનો મને આશીર્વાદ દેવા આવે છે તેમને જોઈ મારા કચ્છ વિષે મને કદી સંકોચ થયો જ નથી. મારી ઉપર હું તેમની દયાનો જ ભૂખ્યો છું. મારે તેમની બહુ મદદ જોઈએ છે. તે થોડી આવી રહી છે, પણ હજુ બહુ ઓછી આવે છે. હિંદુ ને મુસલમાન બહેનો જ્યારે રેંટિયો પોતાનો કરશે, તેઓ જ્યારે ખાદીને પોતાનો શૃંગાર બનાવશે ત્યારે મને સર્વસ્વ મળ્યું માનીશ. ત્યારે તો જરૂર મજકૂર ભાઈને પણ ધોતી ને કાંઠલાવાળું પહેરણ પહેરીને સંતોષીશ. કેમ કે જ્યારે બહેનોને ખાદીનો રાગ ચડશે ત્યારે સ્વરાજ મળ્યું જ સમજું છું. દરમ્યાન મજકૂર ભાઈએ મારી ઉપર ને મારા જેવા કચ્છ પહેરનાર ઉપર મહેરબાની કરવી ને કચ્છને અસભ્ય માને તોપણ પોતાના ભાઈઓ જાણી કચ્છવાળાની અસભ્યતા દરગુજર કરવી ઘટે છે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨૭–૭–૧૯૨૪

૧. ગુજરાતના એક ભાષાશાસ્ત્રી અને પંડિત; ગાંધીજી એમને ઇંગ્લંડમાં મળ્યા હતા; જુઓ આત્મકથા, ભાગ ૧, પ્રકરણ ૨૨.

Gandhi Heritage Portal

# ૨૪૫. એક ટેક

આ શબ્દોનો પ્રયોગ પ્રથમ મિલ કામદારોની સન ૧૯૧૭ની[1] સાલની હડતાળ વેળા થયો હતો. મજૂરો એ શબ્દોનો વાવટો લઈને ફરતા. હરતાંફરતાં થાક લાગેલો, પડવાની અણી ઉપર આવ્યા હતા. પણ ભગવાને લાજ રાખી. સમાધાન થયું. પણ હું કંઈ તે હડતાળનો ઇતિહાસ લખવા બેઠો નથી.

હું તો ગુજરાતને પોતાની ટેકની યાદ દેવડાવવા ઇચ્છું છું ને તે સમયે કામદારોની ટેકનો દાખલો ટાંકું છું. આજ લગી આપણે સ્વરાજ મેળવવાનાં પગથિયાંમાં સામુદાયિક કાર્ય કરવાની વાત હતી. એટલે કોઈને પોતાની જવાબદારીનો પૂરો ખ્યાલ નહોતો. પોતે ચાર આના ભર્યા એટલે મહાસભા તરફની ફરજ અદા થઈ એમ કહી શકાતું. હવે સ્થિતિ બદલાઈ છે. હવે તો સ્વરાજને નિમિત્તે હમેશાં દરેકે અર્ધો કલાક આપવાનો છે. મહાસમિતિનો ઠરાવ માત્ર ચૂંટાયેલા અધિકારીઓને લાગુ પડે છે એમ કોઈ ન માને. એ ઠરાવ તેઓને સારુ હુકમરૂપે છે. પણ તેની અસર તો દરેક સમજુ હિંદહિતેચ્છુ ઉપર પડવી જોઈએ. દરેક સ્ત્રી, પુરુષ અને બાળકનો ધર્મ દેશને ખાતર કાંતવામાં અર્ધો કલાક આપવાનો છે. એ મહાસમિતિની ટહેલ છે ને તે કબૂલ કરવાની દરેકની ટેક હોવી જોઈએ.

સૂતર ગમે તેવું ન ચાલે, પણ સારું, વળદાર ને એકધારું હોવું જોઈએ. ગુણમાં દિન-પ્રતિદિન વધવું જોઈએ.

પૈસા દઈને છૂટી જવું સહેલું હતું. ભાષણ કરવાં એ તેથીયે સહેલું હતું. બીજાઓનાં નામ નોંધાવવાં એ પણ પ્રમાણમાં સહેલું હતું. પણ નિયમસર અચૂક રીતે પ્રજાને અર્ધા કલાકની મજૂરી પ્રામાણિકપણે આપવી એ મુશ્કેલ લાગે એવું છે. પણ વિચાર કરીએ તો એ સૌથી સહેલું છે. કેમ કે એમાં વખતનો નકામો વ્યય નથી. નાસીપાસ થવાપણું તો હોય જ શું? ખુશામત કરવાની નથી. અર્ધો કલાક દેશને સારુ આપવો એમાં કંઈ જ નથી એમ સહુ દેશપ્રેમીને લાગવું જ જોઈએ.

પણ મને એક મિત્રે કહ્યું છે કે પહેલા એકબે માસ તો થોડાઘણા પોતાનું કાંતેલું સૂતર ધારા મુજબ આપશે પણ પછી પોતાની મેળે થાકી જશે. હું ઉમેદ રાખું છું કે આ ભય ખોટો નીવડશે. જેણે પ્રતિજ્ઞા લીધેલી છે તે પાળશે એવી હું તો ઉમેદ રાખું છું.

હું સાંભળી રહ્યો છું કે ગુજરાતમાં તો ખૂબ હરીફાઈ થઈ રહી છે. કોઈ ત્રણ જ હજાર વાર આપવાનો તો ખ્યાલ જ નથી કરતું. સહુને વધારે કાંતવાની હોંશ છે. એ સ્તુત્ય છે, જો હમેશાં નભવાવાળી હોંશ હોય તો.

આ ટેક પળશે તો અત્યારે જેઓ કાંતવાની હાંસી કરે છે તે જ તેનું અનુકરણ કરતાં થઈ જશે.

જો ટેકનું પૂરું પાલન થાય તો, ગુજરાતમાં ઝીણું સૂતર કંતાય નહીં, ગુજરાતમાં કંતામણ કદી પોસાય નહીં એવાં નિરાશાનાં વચનો બંધ થઈ ગુજરાતમાં આપણે ઝીણું સૂતર કાંતતા થઈ જઈશું એને વિષે મને શંકા નથી. એટલું જ નહીં પણ ખાદી મોંઘી મટી સોંઘી થઈ

૧. અમદાવાદના મિલમજૂરોની હડતાળ ૧૯૧૮માં પડી હતી; જુઓ પુસ્તક ૧૪.

Gandhi Heritage Portal

જશે. પ્રજાને પોતાની શક્તિને વિષે અવિશ્વાસ પેદા થઈ ગયો છે તેને બદલે વિશ્વાસ પેદા થશે.

ગુજરાતે અસહકારની પહેલ કરી. ગુજરાત તેની પૂર્ણાહુતિ કરી શકે છે. એક ભયથી આપણે બચી જવાનું છે. અસહકાર ઉપરના તહોમતોમાં અભિમાનનું તહોમત પણ છે. અસહકારીને સહકારીને ગાળો ભાંડવાનો ઈજારો મળ્યો ગણાયો છે, અસહકારી થયા એટલે તો સર્વોપરી બન્યા એમ અસહકારી માને છે, એવો ખ્યાલ સહકારીને આવ્યો છે. આ આરોપ ખોટો છે એવું આપણે સિદ્ધ કરીએ. કાંતનાર ન કાંતનારની નિંદા ન કરે. પણ પોતાની નમ્રતાથી તેને જીતે. કાંતનાર માત્ર મહાસભાની સાથે જ સંબંધ ધરાવનારને ન નોતરે પણ સહકારીને પણ કાંતવા વીનવે. વકીલોને રીતસર વીનવે તો તેઓ પોતાનો અર્ધો કલાક આપે એવો સંભવ છે. બીજા પણ આટલું તો કરે જ. જેને ખાદીને વિષે શ્રદ્ધા ન હોય તે પણ કંઈ અર્ધો કલાક ન કાંતવાનો આગ્રહ નહીં કરે. કાંતવાથી દેશને ગેરલાભ થવાનો તો નથી જ એમ સહુ માને એવો સંભવ છે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૨૭–૭–૧૯૨૪

## ૨૪૬. ઈનકાર[1]

પેટલાદના સ્ટેશન પર અંત્યજ ઉપર કોઈ વાણિયાએ હુમલો કર્યાનો કિસ્સો *નવજીવન*માં થોડી મુદત પહેલાં આપવામાં આવ્યો હતો. તે વિષે એક વૈષ્ણવ ભાઈ લખે છે કે તપાસ કરતાં એ વાત તદ્દન પાયા વગરની માલૂમ પડી છે. આ ઈનકાર હું પ્રગટ કરું છું તે એમ માનીને નહીં કે કિસ્સો નહીં બન્યો હોય. મને તો ઈનકાર પાયા વગરનો લાગે છે. જ્યાં સુધી ફરિયાદીનાં નામઠામ ન મળે, ફરિયાદીને જોયો ન હોય, ત્યાં લગી હુમલો થયો નથી એવો નિર્ણય કોણ કરી શકે? આખું પેટલાદ હુમલો જોયાનો ઈનકાર કરે. તેનો ઈનકાર બરોબર પણ હોય છતાં હુમલો થયો હોય એમ બની શકે. આવા ઈનકાર કરવા કરતાં આવા કિસ્સા બને છે એમ આપણે જાણીએ છીએ તેથી આ પણ બનવાજોગ છે એવી માન્યતાથી એવા હુમલાની સામે લોકમત કેળવવો એ આપણું કર્તવ્ય છે એમ મારી તો અલ્પમતિ છે.

[મૂળ ગુજરાતી]

નવજીવનનો વધારો, ૨૪–૭–૧૯૨૪

૧. કાળાનુક્રમે આ લેખ ૨૩૧મા લેખ પછી આવવો જોઈતો હતો.

Gandhi Heritage Portal

# ૨૪૭. જવાહરલાલ નેહરુને પત્ર

સાબરમતી,
જુલાઈ ૨૭, ૧૯૨૪

પ્રિય જવાહરલાલ,

મારો અભિપ્રાય એવો છે કે તમારે સરકાર સાથે પત્રવ્યવહાર ચલાવવો અને બંધીનું કારણ જાણી લેવા પ્રયત્ન કરવો. સરકારને તમારે કહેવું કે એમાં કંઈ પણ વાંધાભરેલું છે એવું તમે અમારી કમિટીને બતાવી આપશો તો કમિટી તે ફકરા કાઢી નાખશે. સરકારનો જવાબ જો સંતોષકારક ન લાગે તો તમારે સરકારને ખબર આપવી કે એ પુસ્તકોનો જાહેરમાં થતો પ્રચાર અમે બંધ કરીશું નહીં.

બાળકોને તો સરકાર કાંઈ કરી શકે એમ લાગતું નથી. તેમને કાંઈ કરવું હોય તો એટલું જ કરી શકે કે બાળકો પાસેથી એ ચોપડીઓ લઈ લે. આપણે બાળકોને સલાહ આપવી કે ચોપડીઓ લઈ લેવામાં આવે તેનો વિરોધ ન કરવો, તમારે પોલીસને ચોપડીઓ સોંપી દેવી. મને નથી લાગતું કે આમાં બીજી કશી સજા હોય. છતાં તમે કાયદો જોઈ લેજો અને મને જણાવજો. મને એમ લાગે છે કે આપણામાં ગમે તેટલી શિથિલતા આવી ગઈ હોય તોપણ લડત આપણા ઉપર લાદવામાં જ આવે ત્યારે આપણે લડતને ટાળીએ નહીં. અત્યારે આપણે આક્રમણકારી સવિનય કાયદાભંગ કરવાની જરૂર નથી. સામુદાયિક સવિનય કાયદાભંગ તો આપણે ન જ ઉપાડીએ; પરંતુ આપણા માર્ગમાં જ લડત આવી પડે અને આપણી કસોટીનો પ્રસંગ આવે તો આપણે તેનો સામનો કરવો જોઈએ. તમને એમ નથી લાગતું? શી રીતે લડત આપવી તેનો નિર્ણય, પરિસ્થિતિ કેવી ઊભી થાય છે એ જોઈને તમારે કરવો પડશે.

તમારો સહૃદયી
**મો. ક. ગાંધી**

તા. ક.

મારી તબિયતની જરાય ચિંતા કરશો નહીં. તબિયત બરાબર છે અને મારું ગાડું ગબડે છે. રેંટિયો સુધારવાનું તમને આવડવું જોઈએ. હાથાને માટે એક લોઢાની ચકતીની જરૂર છે. લાકડું હમેશાં લોઢા સાથે અસહકાર કરે છે અને હારી જાય છે. તમે લોઢાની ચકતી બેસાડી દેશો કે તરત તમે જોશો કે તે બરાબર ચાલે છે. એ ધ્યાનમાં રાખજો કે એમાં કેવળ ખીલા નહીં ચાલે. હાથાનો કોઈ ભાગ લોઢાની ધરી સાથે ઘર્ષણમાં ન આવવો જોઈએ.

તમારો
**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી; નારાયણ દેસાઈના સૌજન્યથી
ભાષાંતર : महादेवभाईनी डायरी, પુસ્તક છઠ્ઠું.

Gandhi Heritage Portal

# ૨૪૮. મહમદઅલીને પત્ર

સાબરમતી,
જુલાઈ ૨૭, ૧૯૨૪

પ્રિય ભાઈ,

તમારું કામ મુશ્કેલ છે. મને ઘણી વાર વિચાર આવે છે કે તબિયત જોખમમાં નાખીને પણ હું દિલ્હી દોડી આવું. તમને એમ લાગે કે મારે આવવાની જરૂર છે તો તમારે માત્ર મને એક શબ્દ લખવાનો છે. ગઈ કાલે મારા બંને તાર[1] તમને મળ્યા હશે. તમે જો એ બોજો ઉઠાવી શકો તો હું ઇચ્છું કે તમારે વિગતવાર તપાસ કરવી જોઈએ અને તમારા અભિપ્રાયો બહાર પાડવા જોઈએ. હું જાણું છું કે તમે બહાદુરીથી કામ કરી શકો એવા છો. હિંદુઓનો કે મુસલમાનોનો જેનો વાંક હોય, તેને તમારે છાવરવા જોઈએ નહીં. બધા પક્ષોને ધીરજપૂર્વક સાંભળો, તેમને જાહેર આમંત્રણ આપો અને તેમનો લેખી પુરાવો લો.

પંડિત મોતીલાલજીએ તમને જે પ્રશ્નો પૂછ્યા છે તેની નકલ મને મોકલી આપી છે. તેમણે ફરિયાદ કરી છે કે હજી સુધી તેના જવાબ તમે આપ્યા નથી. ગઈ કાલે જ તેમનો કાગળ મને મળ્યો. તેમના સર્વસામાન્ય પ્રશ્નોના જવાબ આપવાનું તેમણે મને પણ લખ્યું છે. અને મેં તો જવાબ આપી પણ દીધા છે. તમે હજી સુધી જવાબ ન આપ્યા હોય તો મારી સૂચના છે કે તમારે જવાબ આપવા જોઈએ. આપણું બળ આપણા કામમાં જ રહેલું છે. એ જ ખરું બળ છે.

પ્યાર.

તમારો
**મો. ક. ગાંધી**

મૌલાના મહમદઅલી
દિલ્હી

[મૂળ અંગ્રેજી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી; શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી
ભાષાંતર : महादेवभाईनी डायरी, પુસ્તક છઠ્ઠું

૧. આ બે તાર પૈકી એક જ તાર મળી શક્યો છે; જુઓ "મહમદઅલીને તાર", ૨૬-૭-૧૯૨૪.

Gandhi Heritage Portal

## ૨૪૯. ભગવાનદાસને પત્ર

સાબરમતી,
જુલાઈ ૨૭, ૧૯૨૪

પ્રિય બાબુ ભગવાનદાસ,

તમારા કાગળ માટે આભારી છું. તમને ખાતરી આપું છું કે આ ઝઘડાનો અંત શી રીતે લાવવો તે હું નિરંતર શોધી રહ્યો છું. હું જાણું છું કે બંને નીતિઓને (નાફેરવાદીઓની અને સ્વરાજપક્ષની) માટે અવકાશ છે. પણ તમે બહુ યોગ્ય શબ્દોમાં કહ્યું છે તેમ બંને માત્ર સબમરીનો અને ઍરોપ્લેનોની માફક કામ કરે છે. બંનેનાં કાર્યક્ષેત્રો નોખાં નોખાં હોવાં જોઈએ. (એ સમજી જવાય તો) બે વચ્ચે અથડામણો ન થાય પણ બંને એકબીજાને મદદગાર થાય. હું કોઈ પણ જાતનો ધડાકો ન થાય એવી રીતે કૉંગ્રેસમાંથી નીકળી જવાનું વિચારી રહ્યો છું. ટિળક મહારાજના વખતમાં પણ મારી રીતે કામ કરવામાં મને કશી મુશ્કેલી આવતી નહોતી. તેમના પ્રત્યે મને પૂજ્યભાવ હતો. અને હું જાણું છું કે તેમને મારા પ્રત્યે અણગમો નહોતો. જ્યાં જ્યાં બની શકે ત્યાં ત્યાં તેઓ મને મદદ કરતા.

સેવક
મો. ક. ગાંધી

બાબુ ભગવાનદાસજી
સેવાશ્રમ, સિગરા
બનારસ છાવણી

[મૂળ અંગ્રેજી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી; શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી
ભાષાંતર: મહાદેવભાઈની ડાયરી, પુસ્તક છઠ્ઠું

Gandhi Heritage Portal

## ૨૫૦. ડૉ. સત્યપાલને પત્ર

સાબરમતી,
જુલાઈ ૨૭, ૧૯૨૪

પ્રિય ડૉ. સત્યપાલ,

તમારો કાગળ મળ્યો. દિલ્હીની બાબતમાં મારાથી બની શકે એ બધું કરું છું. દિલ્હી જવામાં મારી નબળી તબિયત આડે આવે છે.

કાંતવા ન ઇચ્છતા હોય તે સભ્યો રાજીનામાં આપે તો ભલે આપે. જો કૉંગ્રેસીઓ કાંતવામાં માનતા હોય અને કૉંગ્રેસના કાર્યક્રમમાંથી ખાદીને કાઢી નાખવા ન દેતા હોય, તો તેમણે કાંતવું જ જોઈએ.

ખેડૂતો જો તાવણીમાંથી પસાર થવા તૈયાર હોય તો તેમને માટે ઘણું થઈ શકે.

સેવક
**મો. ક. ગાંધી**

ડૉ. સત્યપાલ
બ્રૅડલૉ હૉલ,
લાહોર

[મૂળ અંગ્રેજી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી; શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી
ભાષાંતર : મહાદેવભાઈની ડાયરી, પુસ્તક છઠ્ઠું

## ૨૫૧. ડૉ. ચીમનદાસ જે. જગતિયાનીને પત્ર

સાબરમતી,
જુલાઈ ૨૭, ૧૯૨૪

પ્રિય ભાઈ ચીમનદાસ,

તમારો કાગળ મળ્યો. શા માટે અડધો કલાક કાંતેલું સૂતર આપણે રાષ્ટ્રને માટે કૉંગ્રેસને આપી દેવું જોઈએ, તે વિષેની મારી દલીલ યંગ ઇન્ડિયામાં તમે જોઈ હશે. તમારે પોતાને માટે તમે જરૂર કાંતો, પરંતુ રાષ્ટ્રને માટે પણ તમારે કાંતવું જોઈએ.

મારી તબિયતની કશી ચિંતા કરશો નહીં.

સેવક
**મો. ક. ગાંધી**

ડૉ. ચીમનદાસ
નિહાર જૂં ગો પીર
હૈદરાબાદ (સિંધ)

[મૂળ અંગ્રેજી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી; શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી
ભાષાંતર : મહાદેવભાઈની ડાયરી, પુસ્તક છઠ્ઠું

Gandhi Heritage Portal

## ૨૫૨. એમિલી હૉબહાઉસને પત્ર

સાબરમતી,
જુલાઈ ૨૭, ૧૯૨૪

પ્રિય બહેન હૉબહાઉસ,[૧]

તમારો તા. ૮-૧૨-૧૯૨૨નો કાગળ મિત્રોએ સાચવી રાખ્યો હતો. એ કાગળ જોતાં તમને મળ્યા જેટલો આનંદ થયો. મિસ એડમ્સને હું કદી મળ્યો નથી.

જેલમાં હું તદ્દન સુખી હતો. મારે જેટલી જોઈએ તેટલી ચોપડીઓ મને મળી શકતી હતી, શરત એટલી જ હતી કે તે બિનરાજદ્વારી હોવી જોઈએ.

તમે *यंग इन्डिया* કદી વાંચો છો ખરાં? જો વાંચવા ઇચ્છો તો તમને હું ખુશીથી મોકલી આપું. તમારી તબિયત કેમ રહે છે?

સેવક
મો. ક. ગાંધી

મિસ એમિલી હૉબહાઉસ
ધ વૉરેન હાઉસ સેન્ટ ઇન્સ
કૉર્નવૉલ

[મૂળ અંગ્રેજી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી; શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી
ભાષાંતર : *महादेवभाईनी डायरी*, પુસ્તક છઠ્ઠું

## ૨૫૩. ખુશીરામ દરિયાનોમલને પત્ર

સાબરમતી,
જુલાઈ ૨૭, ૧૯૨૪

પ્રિય મિત્ર,

તમારો કાગળ મળ્યો, હું કેવળ સત્યને જ વળગી રહેવા પ્રયત્ન કરું છું. મુસલમાનોની બાબતમાં (તેઓ જે કરે તેની) સંપૂર્ણ અવજ્ઞા કરવાની હું હિંદુઓને સલાહ આપું.

સેવક
મો. ક. ગાંધી

શેઠ ખુશીરામ દરિયાનોમલ
"ઝમીનદાર"
જેકોબાબાદ (સિંધ)

[મૂળ અંગ્રેજી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી; શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી
ભાષાંતર : *महादेवभाईनी डायरी*, પુસ્તક છઠ્ઠું

૧. ઉદાર મત ધરાવનારી એક અંગ્રેજ બાનુ; જુઓ *आत्मकथा*, ભાગ ૪, પ્રકરણ ૪૦.

Gandhi Heritage Portal

## ૨૫૪. ધરણીધરપ્રસાદને પત્ર

સાબરમતી,
જુલાઈ ૨૭, ૧૯૨૪

પ્રિય ધરણીધર બાબુ,

તમારો કાગળ મળ્યો તેથી આનંદ થયો. જુદી સંસ્થા કાઢીને કામ કરવું જોઈએ એ બાબતમાં હું તમારી સાથે સંમત થાઉં છું. પરંતુ મુખ્યત્વે સ્વરાજીઓને ખાતર હું હાલ (કૉંગ્રેસની) અંદર રહું છું. પરંતુ જુદા તંત્ર માટે અથવા તો ઠીક ઠીક એકમતીવાળી કૉંગ્રેસ માટે હું પ્રયત્ન કરી રહ્યો છું.

હું આશા રાખું છું કે તમારી કૌટુંબિક મુશ્કેલીઓ જલદી ઊકલી જશે.

તમારો
**મો. ક. ગાંધી**

બાબુ ધરણીધરપ્રસાદ
પો. ઑ., સીમરી (દરભંગા)

[મૂળ અંગ્રેજી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી; શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી
ભાષાંતર : મહાદેવભાઈની ડાયરી, પુસ્તક છઠ્ઠું

## ૨૫૫. ડૉ. પટ્ટાભી સીતારામૈયા

સાબરમતી,
જુલાઈ ૨૭, ૧૯૨૪

પ્રિય ડૉ. પટ્ટાભી,

મને કળાશાળાના વિચારો આવતા જ હતા. અને તમારા કાગળની હું આશા પણ રાખતો હતો. હવે એને માટે પ્રયત્ન કરીશ. પરંતુ તમે ઇચ્છો એટલી હું મદદ ન પણ કરી શકું. કદાચ મદદ મેળવવામાં હું નિષ્ફળ પણ જાઉં. કૉંગ્રેસ મારફત મદદ મળે એમ તમે ઇચ્છો ખરા? રૂપિયા દસ હજાર મળે એટલે પતી જશે કે પ્રાંત બહારની મદદ માટે તમારે સતત આધાર રાખવો પડશે? દાતાઓને સમજાવવા માટે બની શકે તેટલું બધું (સાહિત્ય) મને મોકલી આપો.

હા, કાંતવાનું ચેપી છે. અહીં એક મિત્ર પોતે એકલા જ (મહિને) પચાસ હજાર વાર કાંતવાનો પ્રયત્ન કરે છે.

સેવક
**મો. ક. ગાંધી**

ડૉ. પટ્ટાભી સીતારામૈયા
મછલીપટ્ટમ

[મૂળ અંગ્રેજી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી; શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી
ભાષાંતર : મહાદેવભાઈની ડાયરી, પુસ્તક છઠ્ઠું

Gandhi Heritage Portal

# ૨૫૬. મોતીલાલ નેહરુને પત્ર

સાબરમતી,
જુલાઈ ૨૯, ૧૯૨૪

પ્રિય મોતીલાલજી,

તમારા પ્રેમાળ કાગળ[૧] માટે આભારી છું. મેં તમારી વાત જરૂર માની હોત જો તમે જ મને ન કહ્યું હોત કે તમારા એક બહુ ઘનિષ્ઠ મિત્ર પોતાને ખૂબ તાવ આવતો હોવા છતાં ધારાસભામાં બેસી રહ્યા અને દાક્તરોની સલાહ છતાં ધારાસભા છોડી નહીં. ધારાસભાની ચર્ચાઓ પૂરી થયા પછી પણ તેમણે આરામ ન લીધો. આવા ઘનિષ્ઠ મિત્રને તમે ન સમજાવી શક્યા તો મને કેમ કરીને સમજાવવાના હતા? આપણી કૉપીબુકોમાં શિખામણનું સૂત્ર હોય છે કે, કહેવા કરતાં કરી બતાવવું એ વધારે સારું છે. પરંતુ મારી તબિયત માટે તો ખરેખર જરાયે ચિંતા કરવા જેવું નથી. એ વાત સાચી છે કે મેં એટલું વજન ખોયું છે, જેથી ભય ઊપજે. પરંતુ જ્યારે કામનું દબાણ બહુ હોય છે ત્યારે હું ખોરાક લઈ શકતો નથી. પેલી સભાઓ દરમ્યાન કેવળ બેસી રહેવાનો શ્રમ જ મારે માટે ભારે હતો. ઘણાં કામોમાં મારે વખત આપવાનો ન હોત તો ગંગાતટે શાંતિમાં આરામ લેવાની તમારી સૂચના મેં કૂદીને વધાવી લીધી હોત. પરંતુ દિલ્હીના લોકો મને લખ્યા જ કરે છે. વળી આશ્રમમાં ઘણા નાજુક પ્રશ્નો મારે ઉકેલવાના છે. એ વિષે તમને લખવાનું મને બહુ ગમે. લખીને હું હળવો થાઉં. પણ એ બધું લખવાનો મને વખત ક્યાં છે? અને તમે પણ એ બધું સાંભળવાનો વખત ક્યાંથી લાવો? એટલે જ હું નથી લખતો.

આજે જ તમને એક અગત્યનો કાગળ લખવાનું હું વિચારી રહ્યો હતો પણ કેટલાક મિત્રો મળવાની રાહ જોતા બેઠા છે એટલે આજે લખાય તેમ નથી. કાલે લખવાનો પ્રયત્ન કરીશ. મારી તમને વિનંતી છે કે કામકાજની બાબતમાં ક્યારે પણ મને કંઈ કહેવા જેવું તમને લાગે ત્યારે મને લખતાં સંકોચ રાખશો નહીં.

મેં મહમદઅલીને કાગળ લખ્યો છે કે તમને જવાબ લખે.[૨] તમને જવાબો મેં લખી મોકલ્યા છે તેની નકલ મેં તેમને મોકલી છે.

સેવક
**મો. ક. ગાંધી**

[મૂળ અંગ્રેજી]
મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી; શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી
ભાષાંતર: મહાદેવભાઈની ડાયરી, પુસ્તક છઠ્ઠું

૧. જુઓ પરિશિષ્ટ ૪ (બ).
૨. જુઓ "મહમદઅલીને પત્ર", ૨૭–૭–૧૯૨૪.

Gandhi Heritage Portal

# ૨૫૭. શૌકતઅલીને પત્ર

સાબરમતી,
જુલાઈ ૨૭, ૧૯૨૪

પ્રિય ભાઈ,

તમારો ઈટારસીથી કરેલો તાર મળ્યો હતો. મહમદઅલી દિલ્હીમાં છે તેથી રાજી થયો છું. મેં એમને તાર[1] કર્યો છે, અને કૉંગ્રેસના પ્રમુખ તરીકે વિનંતી કરી છે કે તપાસ કરીને પ્રાથમિક હેવાલ તેઓ બહાર પાડે. હકીમજીનો તાર છે કે ખબરો બહુ અતિશયોક્તિભરેલી છે. તે ગમે તેમ હો. આપણે દિલ્હીનું કામ વ્યવહારકુશળતાથી પતાવી શકીએ તો ઘણી ઉપાધિમાંથી બચી જઈ શકીએ. હું પોતે જલદી ત્યાં જવાને ઇંતેજાર છું. પણ મારું નબળું શરીર મને રોકે છે. ઘણી વાર વિચાર આવે છે કે કોઈ પણ સંજોગોમાં મારે ત્યાં જવું જ જોઈએ અને મહમદઅલીને પડખે રહેવું જોઈએ. છતાં જ્યાં સુધી સ્પષ્ટ અવાજ ન આવે ત્યાં સુધી હું રોકાઈ રહ્યો છું.

બેલગામની કૉંગ્રેસના પ્રમુખ મારે થવું એમ તમે શા માટે કહો છો? હું પ્રમુખ હોઉં કે ન હોઉં લોકો ઉપર તેમ જ કૉંગ્રેસના કામકાજ ઉપર હું અસર તો પાડીશ જ. દેશ પાસે જો હું, રાષ્ટ્રના શ્રદ્ધેય સિદ્ધાંતો તરીકે, હિંદુમુસ્લિમ એકતાનો અને ચરખાનો સ્વીકાર ન કરાવી શકું તો મારી ઉપયોગિતા કશી જ રહેતી નથી. આવતા થોડા મહિનામાં કાંતવા વિષે ધારેલો જવાબ ન મળી શકે અને હિંદુઓ તથા મુસલમાનોને વધુ નજીક ન લાવી શકાય તો બેલગામમાં પ્રમુખ થઈને હું શું કરવાનો હતો? તેના કરતાં તો અડગ લઘુમતીનું પ્રતિનિધિત્વ કરીને ઘણું કામ કરી શકાય એમ છે. મન મનાવવાની ઉપલકિયા બહુમતીથી તો ચળવળમાં અંતરાય આવશે.

સ્નેહાધીન
**મો. ક. ગાંધી**

મૌલાના શૌકતઅલી

[મૂળ અંગ્રેજી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી; શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી
ભાષાંતર : મહાદેવભાઈની ડાયરી, પુસ્તક છઠ્ઠું

૧. આ તાર મળતો નથી.



Gandhi Heritage Portal

## ૨૫૮. નાનાભાઈ ઇચ્છારામ મશરૂવાળાને પત્ર

સાબરમતી,
અસાડ વદ ૧૧ [જુલાઈ ૨૭, ૧૯૨૪][1]

ભાઈશ્રી ૫ નાનાભાઈ,

તમારો કાગળ મળ્યો. મને કહેનાર તો જમનાદાસ મહેતા[2] હતા. હું તેમને લખીને પુછાવું છું. કહેનારા કહે તેની તો ચિંતા જ નથી. આપણો દોષ ન હોય એટલે થયું.

તમે હવે ચિંતાનો ત્યાગ કર્યો હશે. મારો આગલો કાગળ મળ્યો હશે.

મોહનદાસના
વંદે માતરમ્

શ્રી નાનાભાઈ ઇચ્છારામ
અકોલા
વિરાર

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્ર પરથી: સી. ડબલ્યુ. ૪૩૧૭; શ્રી કનુભાઈ મશરૂવાળાના સૌજન્યથી

## ૨૫૯. વા. ગો. દેસાઈને પત્ર

અસાડ વદ ૧૧ [જુલાઈ ૨૭, ૧૯૨૪][3]

ભાઈશ્રી ૫ વાલજી,

My Magazine અહીં આવેલું. તમે જે ફકરા મોકલ્યા છે તે વિષે કોઈ વખતે લખીશ. એ તો evergreen (એનું ગુજરાતી શોધી મોકલજો) કહેવાય. મારી તબિયત મને કામ આપે એવી છે. અભેચંદભાઈ શું શું કામ કરી શકે અને તેમને શું પગાર જોઈએ એ જાણું તો જ કંઈ ધ્યાનમાં હોય તો બતાવું. सत्याग्रहनो इतिहासमां શુદ્ધિપત્રક મૂકવાનું કહ્યું તો છે. તમે તૈયાર કરી મોકલ્યું હોત તો કેવું સારું! તમે એ ધંધો તો પાછો છોડી જ દીધો છે. charity અને colourless ને સારુ જેટલા ગુજરાતી શબ્દો મળે તેટલા મોકલજો. મેં colourless કાગળ લખ્યો. એવો પ્રયોગ હોય ત્યાં શું વપરાય?

મોહનદાસના
વંદે માતરમ્

૧. પોસ્ટની ડિલિવરીની છાપ ૧૯૨૪ના જુલાઈની ૨૯મી છે. અસાડ વદ ૧૧ જુલાઈની ૨૭મીએ હતી.

૨. જમનાદાસ માધવજી મહેતા; બૅરિસ્ટર-ઍટ-લૉ, અને રાજદ્વારી પુરુષ.

૩. ૧૯૨૪ના જુલાઈની ૧૦મીએ લખાયેલા વા. ગો. દેસાઈ પરના પત્રમાં અભેચંદભાઈનો ઉલ્લેખ છે. તે ઉલ્લેખ પરથી સૂચન થાય છે કે આ પત્ર પણ એ જ વરસમાં લખાયો હતો.

Gandhi Heritage Portal

તા. ક.

માલવિયાજીની તબિયત જોવા જાઓ છો? મારી વતી જજો ને ખબર લખજો.

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી : સી. ડબલ્યુ. ૬૦૧૯; શ્રી વા. ગો. દેસાઈના સૌજન્યથી

## ૨૬૦. ત્રિવેન્દ્રમ્ કૉંગ્રેસ રાહત સમિતિને તાર[1]

[જુલાઈ ૩૦, ૧૯૨૪ કે તે પછી]

પ્રમુખ કૉંગ્રેસ રાહત સમિતિ
ત્રિવેન્દ્રમ

હોનારતને પહોંચી વળવું કૉંગ્રેસના ગજા બહાર છે. શક્ય હોય ત્યાં મદદ કરવા સરકારી સંસ્થાઓને સલાહ આપું છું. નહીં તો વ્યક્તિગત મૂગી અંગત મદદ ખૂબ જ કીમતી થઈ પડશે અને એવી મદદ અપાવી પણ જોઈએ.

ગાંધી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૯૦૦૫

## ૨૬૧. વર્ણાશ્રમ વિષે વધુ

જે સન્નારીના પત્રનો થોડો ભાગ મેં મારી ટીકા સાથે ૧૭મી તારીખના અંકમાં[2] છાપ્યો હતો તેમની ફરિયાદ છે કે એમના પત્રનો માત્ર થોડો ભાગ છાપીને તથા જે ભાગ મારી દલીલને અનુકૂળ નહોતો તે બાતલ રાખીને મેં તેમને અન્યાય કર્યો છે. એમણે દર્શાવેલા કારણસર એમના પત્રનો કોઈ ભાગ દાબી રાખવાનો મારો સહેજ પણ ઈરાદો નહોતો. એટલે એમનો આખો પત્ર અને મારી ટીકા ઉપર એમણે કરેલું સ્પષ્ટીકરણ હું વાચક સમક્ષ ખુશીથી રજૂ કરું છું. આ બાબતમાં બીજી કોઈ જાતની વધારે ચર્ચામાં હું ઊતરવા માગતો નથી એટલે એ બહેનને મેં કહી દીધું છે કે એમના લખાણ પછી વધુ ચર્ચાને સ્થાન રહેશે નહીં.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ૩૧–૭–૧૯૨૪

૧. આ તાર ત્રિવેન્દ્રમ્ કૉંગ્રેસ સમિતિના મંત્રીના ૧૯૨૪ના જુલાઈની ૩૦મીના એક તારના જવાબમાં કરવામાં આવ્યો હતો. ત્રિવેન્દ્રમવાળો તાર આ પ્રમાણે હતો : “કેરળમાં અને ખાસ કરીને ત્રાવણકોરમાં પ્રચંડ પૂર આવ્યાં છે. ભયંકર તારાજી અને દુકાળ છે. કૉંગ્રેસ રાહત કાર્ય ગોઠવી રહી છે. સંગીન મદદની જરૂર છે. કૃપા કરીને ઘટતું કરજો. ચંગાનાચેરી પરમેશ્વરન્ પિલ્લે, પ્રમુખ કૉંગ્રેસ રાહત સમિતિ ત્રિવેન્દ્રમ્ એ સરનામે નાણાં મોકલવા સૂચના આપશો.”

૨. જુઓ “વર્ણસંકર કે વર્ણાશ્રમ?”, ૧૭–૭–૧૯૨૪.

Gandhi Heritage Portal

# ૨૬૨. લોકમાન્યની પુણ્યતિથિ

લોકમાન્યના ભૌતિક દેહનો વિયોગ થયાને તા. ૧લી ઑગસ્ટે ચાર સાલ થશે. એ પુણ્યતિથિનું મારે માટે અને જે હિલચાલનો હું આજે પ્રતિનિધિ છું તેને માટે ખાસ રહસ્ય છે. મિત્રો ને ટીકાકારો મને જણાવે છે કે મહારાષ્ટ્રી વર્તમાનપત્રોનો એક ભાગ હિલચાલ ઉપર અને મારા ઉપર પ્રહારની ધારા ચલાવી રહ્યો છે, તે મારે વાંચવા જોઈએ અને તેનો જવાબ આપવો જોઈએ. પણ તેમ કરવાના લોભને હું વશ થયો નથી. પણ તેઓ લખે છે તે ઉપરથી અને તેમણે મોકલેલા ઉતારા ઉપરથી તેમનો ભાવાર્થ કળવા જેટલી મને માહિતી મળી રહી છે.

લોકમાન્યની આ ચોથી પુણ્યતિથિને પ્રસંગે તેમના આત્માને મારી શ્રદ્ધાંજલિ અર્પણ કરવાને હું ઉત્સુક છું. પણ લોકમાન્યના કેટલાક ઉત્તમ અનુયાયીઓનો મારે વિષેનો અવિશ્વાસ જોતાં હું તે શી રીતે અર્પણ કરીશ?

એ કાર્ય મુશ્કેલ છે. ૧૯૨૦ની એ ચિરસ્મરણીય રાત્રિએ સરદાર ગૃહમાં સ્વર્ગસ્થના અવશેષનાં અંતિમ દર્શન કરી પાછાં ફરતાં મારી ઉપર આવી પડેલા એકલાપણાની લાગણીથી હું ગૂંગળાઈ ગયો. લોકમાન્ય હતા ત્યાં સુધી હું સુરક્ષિત હતો પણ તેમના જવાથી મારી અતિશય અરક્ષિત દશાનું મને ભાન થયું. તેમનાથી જુદો મત હું ધરાવી શકતો હતો. અને મારો મતભેદ માનપૂર્વક હું દર્શાવી શકતો હતો. પણ અમારા એકબીજા વચ્ચે કદી ગેરસમજ થવાનો અવકાશ જ ન હતો. ગેરસમજ વિષે આવી રીતે નિર્ભય રહેવાનું હવે તેમના અનુયાયીઓના સંબંધમાં બની શકે એમ નથી. એનું કારણ એ નથી કે તેઓ મારો અવિશ્વાસ કરવા ઇચ્છે છે. પણ જેમનો પડયો બોલ તેમને વેદવાક્ય હતું એવા માર્ગદર્શક વિના તેમને મારા મત વિષે હમેશાં ભય અને સંશયની જ લાગણી હોવાની, અને માંહોમાંહે સંપૂર્ણ એકમત પણ ન હોવાનો. એમના પક્ષમાં ભેદ પડે એવી મારી તો કદી ઇચ્છા જ નહોતી. મેં તો અનેક વાર મહારાષ્ટ્ર પક્ષની પ્રશંસા કરી છે. એ પક્ષ નિયમિત ધોરણે ચાલે છે. તેમને સારી તાલીમ મળેલી છે. તેઓ શક્તિવાન છે અને તેમનો ઇતિહાસ મહાસ્વાર્થત્યાગથી ભરેલો છે. એ પક્ષને તોડવાની નહીં પણ કબજે કરવાની મારી ઇચ્છા હતી અને હજી છે. સ્વરાજ મેળવવાનાં સાધન વિષેના મારા વિચાર એ પણ ગ્રહણ કરે એમ હું ઇચ્છતો હતો. અને હજી ઇચ્છું છું. લોકમાન્ય હોત તો મારે માત્ર તેમને જ મારા વિચારના કરવાના હોત અથવા તો મારે તેમના વિચારનું થવાનું હોત. વસ્તુસ્થિતિ વિષેની તેમની સૂઝ સ્વભાવસિદ્ધ હતી. મને તેમણે કહેલું, “જો લોકો તમારી રીત સ્વીકારે તો મને તમારો જ સમજજો.”

પણ આજે તો વિભક્ત મહારાષ્ટ્ર આપણે જોઈએ છીએ. જો સત્યાગ્રહને વિષેની મારી શ્રદ્ધા અચળ હોય તો જેમ અંગ્રેજને જીતવાની હું આશા રાખું છું તેમ મહારાષ્ટ્રને પણ મારે જીતવું જ રહ્યું. પણ તેમ કરવાને મહારાષ્ટ્રી નાફેરવાદીઓની મારે મદદ જોઈશે. જો તેઓ સત્ય અને અહિંસાનું રહસ્ય સમજ્યા હોય તો તેમણે તેમનાથી જુદા વિચારના ફેરવાદીઓ પ્રત્યે સક્રિય પ્રેમ બતાવવો જોઈએ. તેમણે તેમની ટીકા ન કરવી જોઈએ. એકબીજાનાં માથાં ભાંગવા કરતાં બીજું ઘણુંયે કામ દરેક પક્ષ માટે પડેલું છે.

Gandhi Heritage Portal

બે પ્રસિદ્ધ મિત્રોએ બંને પક્ષોને એક કરવાની અને તેમની આગેવાની કરવાની મને વિનંતી કરી છે. એક લાંબા પત્રમાં તેઓમાંના એક જણાવે છે:

> મારા વિચાર પ્રમાણે ટિળકનીતિ અને ગાંધીનીતિમાં કોઈ અનિવાર્ય અથવા તાત્ત્વિક વિરોધ નથી, માત્ર ભેદ જ છે; જેવો પાણીમાં ચાલતી સબમરીનના હુમલા અને હવાઈ એરોપ્લેનના હુમલા વચ્ચે વિરોધ નથી પણ ભેદ છે. એટલું જ નહીં પણ બંને સાથે સાથે, ખુલ્લી રીતે સામાન્ય શત્રુની સામે, સામાન્ય કલ્યાણની ખાતર પ્રગટ ધર્મસંધિ જોડી કામ કરી શકે છે. હા, જુદે જુદે ધોરણે — ટિળકનીતિ ધારાસભામાં અને ગાંધીનીતિ ધારાસભાની બહારના ખુલ્લા મેદાનમાં.

આ વાક્યોમાં એક હદ સુધી સ્થિતિ બરોબર મૂકવામાં આવી છે. એક હદ સુધી હું કહું છું કારણ અસહકાર ધારાસભા દ્વારા હું કલ્પી શકતો જ નથી. એ કદાચ મારી ન્યૂનતા હોય અને છે. એક માણસ બંને હિલચાલ — સબમરીન અને ઍરોપ્લેનના હુમલા એકીસાથે નહીં ચલાવી શકે અને બંનેનું લક્ષ્ય એક હોય છતાં બંને કર્ત્તાનો એકબીજાની જગા નહીં લઈ શકે. ધારાસભાનું કાર્ય ધારાસભાની બહાર કામ કરીને અને ધારાસભાને વગોવીને અને તેમ કરી લોકોનું ધ્યાન તેના તરફથી વાળી લઈને પણ હું મજબૂત કરી શકું. મારા ધારવા પ્રમાણે તો એ બંને રીતો વચ્ચેના ભેદને "ઍન્ટિસેપ્ટિક" અને "એસેપ્ટિક" ઉપચાર વચ્ચેના ભેદની સાથે સરખાવી શકાય. એકનો જંતુમાત્રને નાશ કરવાનો હેતુ હોય છે; બીજીનો સ્વચ્છતા પોષી જંતુને ઉત્પન્ન થતાં અટકાવવાનો હેતુ હોય છે. એ બે પ્રયોગો એકી વખતે અને એક જ દરદીના ઉપર ન ચલાવી શકાય. પણ એ બે પ્રયોગોના હિમાયતી સર્જનનો પોતપોતાના પ્રયોગ, તે પ્રયોગને વશ થનારા દરદીની ઉપર ચલાવી શકે છે. અને તેમ કરતાં એકબીજાંના કાર્યમાં અટકાવ નાખવાનો પણ સંભવ નથી. એ જ મિત્ર વળી લખે છે:

> જ્યાં સુધી ટિળકજી અને ગાંધીજીનો વિરોધ શમ્યો નથી ત્યાં સુધી બંનેની વચ્ચે ભારતના હૃદયની ખેંચતાણી ચાલુ રહેશે અને દેશ સ્થિર કાર્ય કરતો થવાને અશક્ત રહેશે.

જો આ દુષ્પરિણામ આવે, દેશ ઠરીઠામ થઈ નહીં બેસે તો હું અણઘડ સર્જન અને મારા પોતાના પ્રયોગનો ખોટો પ્રતિનિધિ નીવડું. હું એ મિત્રને અને વાચકને ખાતરી આપું છું કે હું સંપૂર્ણ સાવધાન છું. એ વિરોધ ચાલ્યા કરે તે કંઈ મને આનંદની વાત નથી, પણ નભાવી લેવાય તેના કરતાં તે એક દિવસ પણ વધારે નહીં લંબાવવામાં આવે.

સ્થિર કાર્યમાં લાગી જવાની ક્રિયા જલદી લાવવામાં હું નાફેરવાદીઓની મદદ માગું છું. નાફેરવાદીઓની શ્રદ્ધા અંતર્મુખ વૃત્તિથી કાર્ય કરવામાં જ રહેલી છે. એટલે તેઓ મૌનવ્રત લઈ બેસી જઈ શકે છે. તેમ કરશે તો તેઓ વધારે સારું કામ આપશે, જવાબ વાળવાની વાત જ તેમણે છોડી દેવી જોઈએ. જ્યાં જ્યાં મતો મેળવવાની અને વગ ચલાવવાની લડત હોય ત્યાં મહાસભાનો કબજો તેમણે છોડી દેવો. ફેરવાદીઓને બાહ્ય પ્રવૃત્તિ વિના નહીં ચાલી શકે. એટલે તેમણે વર્તમાનપત્રો અને ઇચ્છા થાય તો મહાસભાની સંસ્થાને પણ કાબૂમાં લેવી રહી. તેમની પરવાનગીથી મહાસભાને હું તો આમવર્ગની સંસ્થા બનાવવા માગું. અને બીજું બધું કાર્ય છોડી તેટલું એક જ કાર્યકર્તાઓ લઈને બેસે તો જ તે બની શકે એમ છે. જો સંસ્થાને આમવર્ગની જ બનાવી દેવા માટે કડવા યુદ્ધના મોરચા માંડવા પડે એમ હોય તો બહેતર છે કે તેમ ન થાય.

જો તેમ હોય તો નાફેરવાદીઓ ખટપટ કરીને બહુમતી મેળવી શકે એમ હોય તોપણ તેમણે ફેરવાદીઓને અતિશય માધુર્યપૂર્વક મહાસભાનો કબજો સોંપી દેવો જોઈએ. આટલી એક

Gandhi Heritage Portal

વાત આપણે કબૂલ કરી લેવાની જરૂર છે તે એ કે આમવર્ગ હજી સુધી આપણી કામ કરવાની રીતમાં સમજપૂર્વક ભાગ લેતો નથી. માત્ર તેમની વચ્ચે કામ કરનારા લોકો જ તેમના ઉપર પ્રભાવ મેળવી શકે. આપણા પ્રસિદ્ધ ભાષણબાજોના કરતાં ગામડાંઓમાં કામ કરી રહેલા મૂંગા કામદારોની તેના ઉપર વધારે અસર પડે છે. આના હું ગમે તેટલા દાખલા આપી શકું. એટલે આપણે આમવર્ગને શતરંજના મહોરાંની માફક નહીં વાપરવા જોઈએ. વળી મહાસભાનો કબજો ફેરવાદીઓને મૂંઝવણ થાય એવી રીતે ન છોડવામાં આવે એ પણ જરૂરનું છે. એ કબજો સોંપવાનું કાર્ય તો અતિશય વિનયભર્યું, નિખાલસ અને પાપ મૂકીને થયેલું હોવું જોઈએ. એ કાર્ય હું કહું છું તેવી રીતે તો તેમનાથી થઈ શકે કે જેઓને રેંટિયામાં જાગ્રત શ્રદ્ધા હોય અને રેંટિયાના કામમાંથી જેઓને એક ક્ષણ પણ નવરા થવાને અળખામણું લાગે.

પણ નાફેરવાદીઓને મારી સલાહ ગમે કે ન ગમે, અને માને કે ન માને તોપણ ઈશ્વરેચ્છા હશે તો ફેરવાદીઓને મૂંઝવણ ન થાય તેવે કાળે અને તેવી રીતે, અને રાષ્ટ્રકાર્યને હાનિ ન પહોંચે એવી રીતે મહાસભાનો કબજો તેમને સોંપીને હું મારો ધર્મ તેમને સિદ્ધ કરી આપીશ. જ્યારે આ હું કરી શક્યો હોઈશ ત્યારે જ મેં લોકમાન્યને મારી નમ્ર શ્રદ્ધાંજલિ આપી હશે. હું તો મારા ધર્મપાલનથી જ તેમણે આપેલા વારસાને લાયક થઈ શકું.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ૩૧–૭–૧૯૨૪

ભાષાંતર : नवजीवन, ૩–૮–૧૯૨૪

## ૨૯૩. નોંધ

### દુ:ખી મલબાર

ગયે અઠવાડિયે મેં દક્ષિણ કાનડામાં આવેલાં પૂરની વાત લખી હતી. આ અઠવાડિયે મલબાર આખું લગભગ પાણીમાં ડૂબ્યાના દુ:ખદ સમાચાર લોકોને મળ્યા છે. મને શ્રી નામ્બુદ્રિપાદનો તાર પણ મળ્યો છે. એમાં પૂરે સર્જેલી હોનારતની વિગતો આપી છે અને મારી પાસે મદદની માગણી કરી છે. પરંતુ આ કામ મને ખાનગી સંસ્થાની શક્તિ બહારનું લાગે છે. કૉંગ્રેસ પાસે નથી એવું ધન, નથી એવી લાગવગ કે નથી એવું સંગઠન જે મલબાર સામે આવી પડેલા આવડા મોટા સંકટને પહોંચી વળી શકે. એટલે તદ્દન નમ્ર બનીને આપણે આપણી મર્યાદાઓ કબૂલ કરીએ એ જ ઉત્તમ છે. સત્તાવાળાઓ જે કોઈ સમિતિ નીમે તેની મારફતે પણ, જરૂર જણાયે, સંકટગ્રસ્ત લોકોને મદદ પહોંચાડતાં હું અચકાઈશ નહીં. અલબત્ત, તે એ શરતે કે સમિતિ આપણી મદદનો સ્વીકાર કરે. આપણને એમ લાગે કે એ સમિતિને આપણી સેવા આવકારલાયક નથી અથવા તો સરકારી મદદનું તંત્ર માત્ર દેખાવ પૂરતું જ છે, તો સરકારી સમિતિમાં નહીં જોડાતાં હું મારાથી બની શકે એટલી અંગત અને વ્યક્તિગત મદદ આપીશ. મારામાં શક્તિ નહીં હોય તે કારણે ઈશ્વર મને શિક્ષા નહીં કરે, પણ જો હું દિલ ચોરીશ તો એ મને જરૂર દંડશે. એટલે સ્થાનિક કાર્યકર્તાઓને મારી સલાહ છે કે તેઓ પોતાનાથી બનતું બધું કરી છૂટે અને સંકટને હળવું કરવાનો એક પણ અવસર જતો ન કરે. ખરું કહીએ તો આવે વખતે પૈસા બહુ ઓછા કામ લાગે છે. રૂબરૂમાં જઈને દાખવેલી દિલસોજી

Gandhi Heritage Portal

દુખિયાનાં દુઃખમાં ભાગ લેવાની તત્પરતા, સંકટમાં સપડાયેલા પડોશીને પોતાના છેલ્લા કોળિયામાંથી પણ ખવડાવીને ખાવાની તૈયારી — આ બધી વસ્તુઓનું મહત્ત્વ લાખો રૂપિયા કરતાં પણ ઘણું વધારે છે. આપત્તિમાં સપડાયેલા અતિથિને પોતાના અલ્પ ભોજનમાંથી ભોજન કરાવનાર બ્રાહ્મણના ત્યાગનું પુણ્ય બ્રાહ્મણોને દક્ષિણા આપવા માટે સોનાની મહોરો ઉછાળનાર રાજા યુધિષ્ઠિરના વૈભવશાળી ત્યાગના પુણ્ય કરતાં ક્યાંય વધારે ચડિયાતું હતું.

## એસ. વી. કે.ને

તમારા પ્રશ્નોનો જવાબ મોડો આપવા બદલ મારે તમારી ક્ષમા માગવી જોઈએ. જવાબ આ રહ્યો :

(૧) ૧૯૧૭ની[1] મિલહડતાળ સંબંધમાં અમદાવાદમાં મેં કરેલો ઉપવાસ મારા "પ્રેમાળ મિત્રો" મિલમજૂરો સામે હતો, માલિકો — "જુલમગારો" સામે નહોતો. તે વખતે જ મેં જાહેર કરેલું કે મારો ઉપવાસ નિર્દોષ નથી, કેમ કે મિલમાલિકો મારા અંગત મિત્રો હોવાથી એ ઉપવાસની એમના ઉપર અસર પડ્યા વિના રહેવાની નથી. પરંતુ મારા સાથી મિલમજૂરો મારી હાજરીમાં ૨૧ દિવસ સુધી ફરી ફરીને સોગનપૂર્વક લીધેલી પ્રતિજ્ઞા તોડે તે હું મૂગે મોંએ જોઈ રહું એ સંભવિત નહોતું. એ ઉપવાસની અસર વીજળી જેવી હતી. ડગી ગયેલા મજૂરો પોતાના નિશ્ચયમાં એકદમ મક્કમ બની ગયા હતા.

(૨) મારી ફિલસૂફી જ મને એવું શીખવે છે કે મિત્ર અને શત્રુ બંને પ્રત્યે એકસરખો પ્રેમ રાખવો. પરંતુ એથી શત્રુ મિત્ર ન બને ત્યાં સુધી આ ભેદ મટી જતો નથી. શ્રી જૉસેફને લખેલો પત્ર ગૂઢાર્થવાળો હતો, છાપવા માટે નહોતો. એમાં જે ખૂટતું હતું તે શ્રી જૉસેફ સહેલાઈથી સમજી શકે એમ હતું. શ્રી જૉસેફ આગળ મૂકેલી દરખાસ્ત લંબાણથી આપીએ તો આ પ્રમાણે રજૂ કરી શકાય :

કામમાં અને વિચારમાં આપણા સાથી હોય એવા માણસની ભૂલ સુધારવા માટે ઉપવાસ થઈ શકે. પરંતુ જો એ માણસ આપણો વિરોધી હોય, તો એની સાથે ગમે તેટલી મૈત્રી હોય તોપણ એને આપણા પક્ષમાં લાવવા ઉપવાસ ન થઈ શકે. દાખલા તરીકે, પંડિત મોતીલાલજી નેહરુ મારા પરમ મિત્ર છે. તેમ છતાં ધારાસભાપ્રવેશ સંબંધમાં એમને મારા વિચારના કરવા માટે મારાથી એમની સામે ઉપવાસ ન થઈ શકે, પણ મેં મુંબઈના તોફાનીઓ સામે ઉપવાસ કર્યા હતા. તેનું કારણ એ હતું કે તેઓ મારા અંગત મિત્રો નહીં હોવા છતાં, એક જ ધર્મકાર્યમાં મારા સાથી હતા. ઉપવાસ કરીને આપણા આદર્શો બીજા પાસે કબૂલ કરાવવાનો આપણને કશો અધિકાર નથી. એ એક પ્રકારની હિંસા ગણાય. પરંતુ સમાન આદર્શોની હિમાયત કરનાર લોકો દબાણને વશ થઈને ઢીલા પડતા જણાય ત્યારે ઉપવાસ કરીને એમને ટટાર રાખવા એ આપણી ફરજ છે.

(૩) આયર્લૅન્ડના મહાન દેશભક્ત મૅકસ્વીનીના અવસાન નિમિત્તે એક શોકસભાનું પ્રમુખ-પદ મેં સ્વીકાર્યું હતું. તે વખતે મેં નમ્રતાપૂર્વક એવો અભિપ્રાય વ્યક્ત કર્યો હતો કે અત્યારે જનતા સમક્ષ જે હકીકતો મોજૂદ છે તેને આધારે સદ્‌ગતના ઉપવાસનો હું નૈતિક દૃષ્ટિથી બચાવ કરી શકતો નથી. ત્યાર પછી મારો અભિપ્રાય બદલવો પડે એવી નવી કોઈ હકીકતો મારા જાણવામાં આવી નથી. એ પ્રસિદ્ધ ઉપવાસનું કંઈ રાજકીય મહત્ત્વ હોય તો તેની સાથે

૧. અહીં ૧૯૧૮ હોવું જોઈએ; જુઓ પુસ્તક ૧૪, પા. ૨૨૨–૪.

Gandhi Heritage Portal

મારે અહીં કશી નિસ્બત નથી. આ ઉપરથી એમ પણ નથી સમજવાનું કે મરહૂમ દેશભક્તની સ્મૃતિને હું મારા આ વિચારોથી કશી ઝાંખપ લગાડું છું. હું તો એ ઉપવાસની નૈતિકતા વિષે એક સત્યાગ્રહી તરીકે માત્ર મારો અભિપ્રાય આપી રહ્યો છું.

### અફીણના વેપારમાં હિંદુસ્તાનનો ફાળો

એક અમેરિકન સન્નારીએ હિંદ સરકારની અફીણનીતિ વિષે મને એક લાંબો પત્ર લખ્યો છે. એમાં એ બહેને અફીણનો વેપાર બંધ કરાવવા માટે સ્થપાયેલી બ્રિટિશ સોસાયટીએ પ્રગટ કરેલા એક બુલેટિનમાંથી નીચેનું અવતરણ ટાંકયું છે:

> દુનિયાના દેશો સમક્ષ આજે એક એવું વધતું જતું અનિષ્ટ આવીને ઊભું છે, જેને ઝડપથી, આંતરરાષ્ટ્રીય ધોરણે અને જલદ પગલાં લઈને અટકાવવામાં નહીં આવે તો તે દુનિયાએ કદી નહીં અનુભવેલો એવો અતિ ગંભીર શાપ નીવડવા સંભવ છે. અફીણના વ્યસનને પરિણામે ભાવિનું જે ભયાનક ચિત્ર ખડું થાય છે એનાથી વધારે ભયાનક ચિત્ર પ્લેગ, યુદ્ધ અને દુકાળ ત્રણે ભેગાં મળીને પણ ખડું કરતાં નથી. . . . આખી પરિસ્થિતિનો સૌથી મહત્ત્વનો મુદ્દો શું છે? બેશક, હિંદુસ્તાનમાં અફીણ જરૂર કરતાં ઘણું વધારે પાકે છે એ જ છે. જો એને અટકાવી શકાય, તો અફીણ ઉત્પાદનનાં બીજાં કેન્દ્રોને પ્રમાણમાં સહેલાઈથી ઠેકાણે લાવી શકાય. હિંદી સરકાર આટલો એક જ વેપાર જાળવી રહી છે. આ વેપાર જ્યારે ચીન સાથે ચાલતો હતો ત્યારે નીતિની દૃષ્ટિએ એનો બચાવ થઈ શકે એમ નથી એવું કહી હાઉસ ઑફ કૉમન્સે એને સર્વાનુમતે વખોડી કાઢયો હતો. પણ હિંદુસ્તાનને હજી પણ પૂર્વના પાંચ દેશોને એમની સરકાર માગે એટલું અફીણ મોકલવાની છૂટ છે. હિંદુસ્તાન બડાશ મારે છે કે એ પાંચ દેશોમાં ખાનગી વ્યક્તિઓને અમે અફીણ વેચતા નથી, પણ કરાર પ્રમાણે તે આ દેશોને માદક પદાર્થોથી ઉભરાવી દે છે અને ત્યાંથી દાણચોરો મારફતે એ પદાર્થો ચીન જાય છે. આપણા પોતાના દેશ માટે તો આપણે "હાનિકર્તા ઔષધ ધારો" પસાર કર્યો છે, જે લાઈસન્સ વિના અફીણ અને એમાંથી બનેલા પદાર્થો રાખવાની મનાઈ કરે છે, છતાં બ્રિટિશ હિંદી સરકાર હજી પણ આ નિંદ્ય અને દુષ્ટ વેપાર ચલાવી રહી છે.

### અજ્ઞાન

એક મિત્રે ગાર્ડિયનમાંથી કાપેલી એક કાપલી મને મોકલી આપી છે અને એનો જવાબ આપવા કહ્યું છે. એ કાપલીમાં હિંદુસ્તાનના એક નિવૃત્ત પોલીસ અમલદારે હિંદના પ્રશ્નોના પોતાના એકંદર અજ્ઞાનનું અસરકારક રીતે પ્રદર્શન કર્યું છે. છાપાંનાં આવાં લખાણો શોધી કાઢવાં અને તેને સુધારવાં એ ઘણું કપરું કામ છે. સફળ થવા માટે કોઈ પણ ચળવળે ગેરસમજ અને મહેણાંટોણાંની અવસ્થામાંથી પસાર થવું પડે છે. પણ એટલું હું બેધડક કહી શકું છું કે અસહકારની ચળવળ જો રચનાત્મક ન હોય તો તે કશી કિંમતની નથી. એનું ખાદીકામ, અસ્પૃશ્યતાનાબૂદીના એના પ્રયત્નો (એ પ્રયત્નો અત્યારે નિષ્ફળ જતા દેખાતા હોય તેનો વાંધો નથી), અસ્પૃશ્યો વચ્ચે અને અસ્પૃશ્યોને ખાતર કરાતું એનું કામ, એની રાષ્ટ્રીય શાળાઓ, પંચાયતો સ્થાપવાના એના પ્રયાસો, દારૂ અને અફીણ વિરુદ્ધનો એનો પ્રચાર, દુકાળ અને રેલસંકટ વખતે એના તરફથી થતાં રાહતકાર્યો — આ બધાં રચનાત્મક કાર્યનાં ઉદાહરણો છે. બીજું, આ ચળવળનો ઉદ્દેશ "બ્રિટિશરાજની મહેરબાની"થી હિંદુરાજ સ્થાપવાનો નથી.

Gandhi Heritage Portal

એનો ઉદ્દેશ સ્વરાજ સ્થાપવાનો છે. એટલે કે બ્રિટિશ રાજની જગાએ — અર્થાત્ લોકોને સહેજ પણ જવાબદાર નહીં અને આ દેશ અને એના લોકોનું શોષણ કરવા માટે જ નિમાયેલા બ્રિટિશ રાજ્યની એટલે કે બ્રિટિશ કે હિંદી શાસકોના રાજ્યની જગાએ ચૂંટણીથી પસંદ થયેલા લોકપ્રતિનિધિઓનું રાજ્ય સ્થાપવાનો છે. આ લડત દરમ્યાન થયેલી એકેએક ભૂલનું હમેશાં પૂરેપૂરું અને નિખાલસભાવે પ્રાયશ્ચિત્ત કરવામાં આવ્યું છે. અસહકારની ચળવળ જેટલી હિંસાથી મુક્ત રહી છે તેટલી એના જેટલા મોટા પાયા પર ચાલતી એક પણ ચળવળ રહી નથી. આ દેશની ચળવળને બીજી એકેએક સમકાલીન રાષ્ટ્રીય ચળવળ સાથે સરખાવો અને જુઓ કે એ દરેક ચળવળમાં દેશદાઝને નામે કેટલાં ખૂન થયાં છે અને કેટલી અન્ય પ્રકારની હિંસા થઈ છે. કાપલીના લેખકે અસ્પૃશ્યોમાં ખ્રિસ્તીઓ દ્વારા થઈ રહેલા કાર્યની પ્રશંસા કરી છે. આ દેશમાં ખ્રિસ્તીઓએ કરેલા કાર્યથી ફાયદો થયો છે કે નુકસાન એની ચર્ચામાં મારે ન ઊતરવું જોઈએ. ખ્રિસ્તી ધર્મની આડકતરી અસર એ થઈ છે કે હિંદુ ધર્મમાં જાગૃતિ આવી છે. સંસ્કારી હિંદુ સમાજે અસ્પૃશ્યો પ્રત્યે પોતે આચરેલા ઘોર પાપનો એકરાર કર્યો છે. પરંતુ ખ્રિસ્તી ધર્મની આ દેશ ઉપર એકંદર અસર કેવી થઈ છે તેનું માપ તો સામાન્ય ખ્રિસ્તી આપણી વચ્ચે રહીને કેવું જીવન ગાળે છે અને એની આપણા ઉપર શી અસર થઈ છે તે ઉપરથી કાઢવું જોઈએ. આ બાબતમાં મારો અભિપ્રાય જાહેર કરતાં મને દુ:ખ થાય છે કે એ અસર વિનાશકારી છે. મારે સખેદ કહેવું પડે છે કે થોડા સન્માનપાત્ર અપવાદો બાદ કરતાં ખ્રિસ્તી મિશનરીઓએ સમૂહગત રીતે એક એવી શાસનપ્રથાને સક્રિય સાથ આપ્યો છે કે જેણે જગતમાં સૌથી વિનયી અને સુસંસ્કૃત ગણાતી એક પ્રજાને ગરીબ બનાવી છે, નિર્માલ્ય બનાવી છે અને નીતિભ્રષ્ટ કરી મૂકી છે. છેવટે કહું તો દુનિયામાં એક જ ધર્મ થશે કે થઈ શકશે એ માન્યતા મને મંજૂર નથી. એટલે બધા ધર્મોનો સમાન હેતુ શોધી કાઢી પરસ્પર સહિષ્ણુતા પ્રેરવા હું પ્રયાસ કરી રહ્યો છું.

### હૃદયપલટો

ઉપરના કરતાં ઊલટું દૃષ્ટાંત અહીં આપું છું. એક અંગ્રેજ પત્રલેખક લખે છે:

૧૯૧૯ના બનાવો બન્યા ત્યારે હું હિંદુસ્તાનની એક લશ્કરી ટુકડીમાં હતો. એટલે સત્યની સામે આંખ બંધ કરવાનું કેટલું સહેલું છે અને અંગ્રેજો માટે પોતાનાં અતિ સંકુચિત દૃષ્ટિબિંદુને ઉદાર બનાવવાનું કેટલું મુશ્કેલ છે, તે હું ઘણી સારી રીતે સમજું છું. હું લશ્કરમાંથી નીકળી ગયો અને યુનિવર્સિટીમાં દાખલ થયો. અભ્યાસ કરતો હતો તેવામાં મારી નિમણૂક ઇન્ડિયન સિવિલ સર્વિસમાં થઈ. હવે હું જોઉં છું તેમ સદ્ભાગ્યે મારે એ નોકરીનું રાજીનામું આપવું પડ્યું. તાજેતરમાં યુનિવર્સિટીના એકાંતમાંથી બહાર આવતાં મેં ઉદ્યોગવાદ, ભૌતિકવાદ અને યંત્રવાદની ભીષણતા જાતે અનુભવી છે.

હિંદુસ્તાન માટેના આપના મહાન કાર્યનો મેં અભ્યાસ કર્યો છે. આધ્યાત્મિક સત્યને લૌકિક ક્ષેત્રમાં લાગુ પાડવાનું એ એક વિરલ ઉદાહરણ છે. જેમ જેમ મને વધારે સ્પષ્ટતાથી સમજાતું ગયું કે ઇંગ્લંડ બે છે તેમ તેમ આપના કાર્યે મારા મનમાં વધારે ને વધારે મંથન જગાવ્યું છે. હું આશા અને વિશ્વાસ રાખું છું કે ભૌતિકવાદી સંસ્કૃતિના ખતરામાંથી હિંદુસ્તાનને ઉગારી લેવાની સાથે સાથે આપ વિશાળ અંગ્રેજ જનસમુદાયને પણ એ સંસ્કૃતિનાં બૂરાં પરિણામોથી બચાવશો.

Gandhi Heritage Portal

હિંદુસ્તાનની ચળવળની આ બાજુ, બેશક, આપનાથી અજાણી નથી.

પણ મને લાગ્યું કે અનિવાર્ય નિરાશાઓ અને કષ્ટોથી વીંટળાયેલા આપના જીવનમાં, ૧૯૧૯માં "ઍંગ્લો-ઇન્ડિયન" ગણાતો એક અંગ્રેજ આપના કાર્યની કદર કરે અને પ્રશંસા કરે તે આપને આવકારલાયક જ થશે.

## પાઠ્યપુસ્તકોની બંધી

યુ. પી.ની સરકારે ચાલુ માસની ૧૫મી તારીખે નીચેનું જાહેરનામું બહાર પાડ્યું છે:

> ૧૮૯૮ના પાંચમા ધારાની કલમ ૯૯(એ)થી મળેલા અધિકાર હેઠળ ગવર્નર-ઇન-કાઉન્સિલ આથી જાહેર કરે છે કે પંડિત રામદાસ ગૌરે રચેલી, હિંદી પુસ્તક એજન્સી, ૧૨૬, હૅરિસન રોડ, કલકત્તાવાળા બૈજનાથ કેડિયાએ પ્રસિદ્ધ કરેલી અને કલકત્તાના વણિક પ્રેસમાં છપાયેલી હિંદી વાચનમાળાઓના ભાગ ૩, ૪, ૫ અને ૬ની તમામ નકલો જ્યાંથી મળે ત્યાંથી નામદાર શહેનશાહ વતી જપ્ત થયેલ જાહેર કરવામાં આવે છે. આ ઉપરાંત આ જ વાચનમાળાની અન્યત્ર છપાયેલી બીજી તમામ નકલો તથા તેમાંથી લીધેલા ઉતારા પણ જપ્ત કરવામાં આવશે. આનું કારણ એ છે કે સ્થાનિક સરકાર માને છે કે ઉક્ત વાચનમાળાઓમાં હિંદી ફોજદારી કાયદાની કલમ ૧૨૪(એ) અનુસાર સજાને પાત્ર થાય એવી રાજદ્રોહી સામગ્રી છે.

આ વાચનમાળાઓ લગભગ ત્રણ વર્ષથી તો જાહેરમાં મુકાયેલી છે. રાષ્ટ્રીય શાળાઓમાં એમનો છૂટથી ઉપયોગ થાય છે. મ્યુનિસિપલ શાળાઓએ પણ તે અપનાવી છે. તેથી પ્રાંતિક કૉંગ્રેસ સમિતિએ પ્રોફેસર રામદાસ ગૌરને અભિનંદન આપ્યાં છે, વાચનમાળાઓને નિર્દોષ જાહેર કરી છે અને સરકારી હુકમ નીકળ્યો હોવા છતાં એ ચોપડીઓ ચાલુ રાખવાની ભલામણ કરી છે એ યોગ્ય જ કર્યું છે. કોઈ એવું માની લે કે સરકારે હવે અસહકારીઓ સામે આપખુદ કાર્યવાહીનો ઉપયોગ કરવાની નીતિ છોડી દીધી છે, એ વાત ખોટી ઠરી છે. સરકાર કહે છે કે આ ચોપડીઓથી ફોજદારી કાયદાની કલમ ૧૨૪(એ)નો ભંગ થાય છે. જો એમ હતું તો તે લેખક ઉપર કામ ચલાવીને એમને સજા કરાવી શકાતી હતી. એમ થયું હોત તો ચોપડીઓની બંધી કરી તે વાજબી લેખાત. મેં એ પુસ્તકોના બધા ભાગોનું લખાણ વાંચી જવાની તસ્દી લીધી છે. સરકારના દૃષ્ટિબિંદુથી પણ મને તો એ તદ્દન નિર્દોષ લાગે છે. લોકો પ્રત્યે સરકારની કંઈ નહીં તો એટલી ફરજ તો હતી જ કે આ ચોપડીઓમાં વાંધાજનક શું છે તે તેણે તેમને જણાવવું જોઈતું હતું. જો એમ કર્યું હોત તો સરકારનો હુકમ વાજબી છે કે ગેરવાજબી તેનો તોલ લોકો જાતે જ કરી લેત. અલબત્ત, અહીં એટલું માની લેવામાં આવે છે કે આવા કિસ્સામાં આપખુદ સત્તા વાપરવાની સરકારને છૂટ છે. પરંતુ જે બન્યું છે તે ઉપરથી એવું અનુમાન અચૂક થાય છે કે આ વાચનમાળાઓ લોકપ્રિય થતી જાય છે એ સરકારને રુચતું નથી, એટલે તે ગેરવાજબી પગલાં લઈને પોતાના આશ્રિતોને લાભ આપવા માગે છે, કેમ કે પ્રોફેસર રામદાસ ગૌરની વાચનમાળાઓની હરીફાઈમાં એમની વાચનમાળાઓને ધક્કો લાગ્યો હોવો જોઈએ. જો આ ચોપડીઓ રાજદ્રોહ ફેલાવનારી હોત તો એની ખબરદાર છૂપી પોલીસે એ ચોપડીઓ ક્યારનીયે એના ધ્યાન પર આણી હોત. પણ જપ્તી ઘણા વખત પછી થઈ છે એ હકીકત મારા અનુમાનને ટેકો આપે છે. એટલે સંયુક્ત પ્રાંતની સરકારને મારું આવાહન છે કે તે પોતે લીધેલા નિર્ણયનો પૂરેપૂરો ખુલાસો બહાર પાડે. એ વાંચ્યા પછી

Gandhi Heritage Portal

જો મને એમ લાગશે કે મેં બાંધેલું અનુમાન વાજબી નથી તો હું રાજી થઈશ. હું તો સમિતિના પ્રમુખને પણ સલાહ આપું છું કે તે સરકાર પાસે આનાં કારણો માગે અને જો સમિતિને ખાતરી થાય કે સરકારનો નિર્ણય વાજબી છે તો તે પ્રોફેસર રામદાસ ગૌરને સલાહ આપે કે તમારી ચોપડીઓ સુધારો અથવા એમનું વેચાણ બંધ કરાવો.

### હિંદુમુસ્લિમ એકતા

તાજેતરમાં દિલ્હીમાં બની ગયેલા બનાવો વિષે હકીમ સાહેબ અજમલખાને બહાર પાડેલું નિવેદન વાંચનાર કોઈ પણ વ્યક્તિનું ધ્યાન, એ નિવેદનની પાછળ રહેલી ઊંડી વ્યથા તરફ ખેંચાયા વિના રહી શકે એમ નથી. એ નિવેદનમાંથી કંઈ નહીં તો એક પૅરેગ્રાફ મારે અહીં ઉતારવો જ જોઈએ :

> દિલ્હીનાં તાજેતરનાં રમખાણોમાં જે બનાવો બની ગયા તેમાં સ્ત્રીઓ ઉપર થયેલા નીચ અને નામર્દ હુમલાઓ મને સૌથી વધારે નીચું જોવડાવનારા અને હૃદયવિદારક લાગે છે. અત્યાર સુધીમાં મને એટલું જાણવા મળ્યું છે કે હિંદુઓએ એક મુસલમાન સ્ત્રીને રંજાડી છે. પણ એથી ઘણી બૂરી વાત એ છે કે ૧૫મી તારીખનાં હુલ્લડો દરમ્યાન ઈસ્લામી મજહબના ઉપાસક હોવાનો દાવો કરનાર કેટલાક લોકોએ એક હિંદુ મંદિર પર હુમલો કરીને તથા મૂર્તિઓનું ખંડન કરીને સંતોષ નહીં માનતાં સ્ત્રીઓ અને બાળકો ઉપર હલકટ હુમલા કર્યા હતા. મારા ધર્મના લોકો સ્ત્રીજાતિના શિયળનું અને એની પવિત્રતાનું આ રીતે નિરંકુશ અને નિષ્ઠુર અપમાન કરે એ વિચારમાત્રથી મને ખૂબ સંતાપ થાય છે અને હું ધ્રૂજી ઊઠું છું. આવા ગુનેગારોને ધુત્કારી કાઢવા માટે ગમે તેટલી આકરી ભાષા વપરાય તેમાં વાંધો નથી. એટલે તમામ સાચા મુસલમાનોને હું અનુરોધ કરું છું કે તેઓ આ દુરાચારને અસંદિગ્ધ અને તદ્દન સ્પષ્ટ ભાષામાં વખોડી કાઢે. હું જમિયત-ઉલ-ઉલેમાને તથા ખિલાફત સમિતિને હાકલ કરું છું કે તેઓ આળસ ખંખેરીને ઊભાં થઈ જાય અને આવાં જંગલી અને ગેરકાયદે કૃત્યોને વખોડી કાઢવા માટે તથા એમનું પુનરાવર્તન થતું અટકાવવા માટે ઈસ્લામમાં જે કંઈ ઉત્તમ તત્ત્વ હોય તેને કામે લગાડે. સાચા મુસલમાનો તરીકે આપણી નૈતિક ફરજ છે કે આવાં કૃત્યોને આપણે તદ્દન અશક્ય બનાવી દઈએ. અને જો એમાં આપણે સફળ ન નીવડીએ તો રાષ્ટ્રીય આઝાદી અને સ્વરાજ મેળવવાના આપણા પ્રયાસોમાં આપણે હારી જવાને લાયક છીએ.

હકીમજીએ ઉલ્લેખેલા હુમલાઓ વિષે મારા નિવેદનમાં મેં કશું લખ્યું નથી તે બદલ એક પત્રલેખકે મને ઠપકો આપ્યો છે. આ વિષયની મારી પ્રાસંગિક નોંધ મેં તોફાનના પહેલવહેલા સમાચારને આધારે લખી હતી. આ સમાચારમાં સ્ત્રીઓ ઉપર હુમલા થયાનો ઉલ્લેખ નહોતો. આ પછી બનાવોએ વધારે ઉગ્ર સ્વરૂપ પકડયું. સમાચાર એટલા ગંભીર હતા કે ચોંકાવનારા તારોને આધારે જાહેર ટીકા કરી શકાય તેમ નહોતું. એટલે દિલ્હીના મિત્રો સાથે મેં પત્રવ્યવહાર શરૂ કર્યો. પણ હાલમાં પણ હું કશી ટીકા અસરકારક રીતે કરી શકું એમ નથી. સદ્‌ભાગ્યે, મૌલાના મહમદઅલી હવે દિલ્હીમાં છે. તેઓ તપાસ કરી રહ્યા છે અને મેં એમને સૂચવ્યું છે કે કોઈ પણ રીતે શકય હોય તો કૉંગ્રેસના પ્રમુખ તરીકે એમણે પોતાની પ્રાથમિક તપાસનાં પરિણામો જાહેર કરી દેવાં. આ બાબતમાં મારા કર્તવ્યનો મને પૂરેપૂરો ખ્યાલ છે. અત્યારની ઘડીએ મારે મૌલાના સાહેબની પડખે રહેવું જોઈએ. પરંતુ દાક્તર મિત્રોની સલાહને લીધે મારાથી ત્યાં

Gandhi Heritage Portal

જઈ શકાયું નથી. દાક્તરોએ જેટલી સાવધાની રાખવાનો આગ્રહ રાખ્યો છે તેટલી બધી સાવધાનીની કદાચ જરૂર નહીં હોય, કેમ કે હું બહાર જતોઆવતો નથી છતાં મારાથી ઘણું બધું કામ થઈ શકે છે. પરંતુ શકય હોય ત્યાં સુધી હું જોખમ ટાળવા માગું છું. આ કટોકટીના પ્રસંગે જે મિત્રો મને મારા કર્તવ્યની વાજબી યાદ આપી રહ્યા છે તેમને હું ખાતરી આપું છું કે મેં મારી જાતને કશી શરત વિના મૌલાના મહમદઅલીને તાબે કરી દીધી છે અને એમને કહી રાખ્યું છે કે જો તમારે દિલ્હીમાં મારી હમણાં જ જરૂર હોય તો મને નિ:સંકોચ બોલાવજો, મારી તબિયતની પરવા કરશો નહીં. અને કોઈ પણ સ્થિતિમાં હું દિલ્હી એકદમ જલદી પહોંચવાનો પ્રયત્ન કરી રહ્યો છું. પણ મૌલાના મહમદઅલી જો એમ માનતા હોય કે અત્યારે મારે દિલ્હી જવાની જરૂર નથી, તો ઑગસ્ટ આખર સુધી મારે પ્રવાસ શરૂ કરવો નથી. અમદાવાદમાં મારી તબિયત કંઈક બગડવાને કારણે જ શ્રી વિઠ્ઠલભાઈ પટેલને વિનંતી કરવામાં આવી હતી કે મુંબઈ કૉર્પોરેશનનું માનપત્ર મને અર્પણ કરવાની તારીખ ઑગસ્ટ આખર સુધી લંબાવો. તેમ છતાં જરૂર હશે તો માનપત્ર માટે મુંબઈ જતાં પહેલાં દિલ્હી જવામાં મને કશો વાંધો આવવાનો નથી.

### પક્ષપાત કે ન્યાય?

હું જોઉં છું કે કલકત્તા કૉર્પોરેશનના મુખ્ય વહીવટી અધિકારીએ ૩૩ જગાઓમાંથી ૨૫ જગા પર મુસલમાનોની નિમણૂક કરી હોવાથી તેઓ વિરોધી ટીકાના સારી પેઠે ભોગ બન્યા છે. આ સંબંધમાં થયેલી ટીકાઓ મેં પોતે વાંચી નથી પણ મુખ્ય વહીવટી અધિકારીએ આ સંબંધમાં કરેલું નિવેદન મેં વાંચ્યું છે. મારા નમ્ર અભિપ્રાય પ્રમાણે એ નિવેદન એમને યશ અપાવે એવું છે. અત્યાર સુધી નિમણૂકો નિષ્પક્ષ રીતે થઈ નથી એ બાબતમાં મને સંદેહ નથી, પછી ભલે નિમણૂક કરનાર યુરોપિયન હોય કે દેશી હોય. એ વાતમાં પણ સંદેહ નથી કે કેટલીયે વાર હિંદુઓએ લાગવગ લગાડીને પોતાના લાભમાં નિર્ણયો કરાવ્યા છે. એટલે હવે વધારે જગાઓ મુસલમાનો લઈ ગયા તેના વિરોધમાં તેઓ ઝઘડો કરે એ તેમને શોભતું નથી. આ નિમણૂકો પાછળ પોતાના પક્ષને લાભ આપવાનો હેતુ છે એ આક્ષેપ સાચો હોય તોપણ તે જો બીજી રીતે વાજબી હોય તો ખુદ એ હકીકતમાં કશું અનૈતિક કે નિંદાપાત્ર નથી. ઇંગ્લંડમાં આવી નિમણૂકો જરૂર પક્ષના હિતની દૃષ્ટિએ થાય છે, છતાં એને લીધે કાર્યક્ષમતા ઘટે નહીં એની હમેશાં તકેદારી રાખવામાં આવે છે. હું પોતે તો એમ ઇચ્છું કે નિમણૂકો શ્રેષ્ઠ લાયકાતવાળા માણસોની જ થવી જોઈએ, એમાં પક્ષનો ખ્યાલ ન હોવો જોઈએ. અને આ કારણે નિમણૂકો કરવાનું કામ એક કાયમી અપક્ષ બોર્ડે કરવું જોઈએ. પણ જો હિંદુઓ આ દેશને આઝાદ થયેલો જોવા માગતા હોય તો તેમણે તેમનાં મુસલમાન અને અન્ય કોમોનાં ભાંડુઓના લાભમાં ત્યાગ કરવા ખુશી બતાવવી જોઈશે અને તૈયાર રહેવું પડશે. મુખ્ય વહીવટી અધિકારીની નીચેની ટીકાને હું ખરા દિલથી સંમતિ આપી શકું એમ છું:

> એક બાજુ હજારો શિક્ષિત યુવાનો બેકાર હોય અને લગભગ ભૂખે મરતા હોય, અને બીજી બાજુ નોકરી આપી શકાય એવી ખાલી જગાઓ ઘણી થોડી હોય, એ સંજોગોમાં બધા રાજી થાય એવું કંઈ પણ કરવું કોઈ પણ માણસ માટે શકય નથી. હું ગમે તે કરું તોપણ મોટા ભાગના બેકાર લોકો અગાઉની જેમ જ અસંતુષ્ટ રહેવાના. આ પ્રશ્નનો એકમાત્ર ઉકેલ લોકોને હુન્નરઉદ્યોગ શીખવવાની વ્યવસ્થા કરવાનો છે, અને આ બાબતમાં મને લાગે છે કે કૉર્પોરેશન ઘણું કરી શકે એમ છે.

Gandhi Heritage Portal

આ નોકરીઓ વિના ચલાવી લેતાં આપણે શીખવું જ રહ્યું, કેમ કે બહુ જ થોડા લોકોને એ મળી શકે તેમ છે. કેળવણી અત્યારે કેવળ કારકુની શીખવે છે તે બંધ થવું જોઈએ. એક ગ્રેજ્યુએટ કારીગર શા માટે ન બને? અથવા તે શાકભાજી કે ખાદી વેચવાની ફેરી શા માટે ન કરે?

## એક મુસ્લિમ ખાદી સમિતિ

અમદાવાદમાં થોડા દિવસ પહેલાં સ્થપાયેલી મુસ્લિમ ખાદી સમિતિના મંત્રી શ્રી એસ. એચ. ઉરેઝી મને નીચેનું લખાણ પ્રસિદ્ધિ અર્થે મોકલે છે:

> કાનપુરના હજરત મૌલાના આઝાદ સુભાની સાહેબ કેટલાક ઉત્સાહી મુસ્લિમોની મદદથી અમદાવાદમાં આ મહિનાની પંદરમી તારીખે મુસ્લિમ ખાદી સમિતિની રચના કરી શકયા છે. એનો ખાસ ઉદ્દેશ મુસલમાનોમાં ખાદીનો વ્યાપક પ્રચાર કરવાનો છે. સમિતિમાં નીચેના સજ્જનો છે:
>
> પ્રમુખ — હકીમ સૈયદ અહમદ સાહેબ દહેલવી; ઉપ-પ્રમુખ — હકીમ સમીર સાહેબ સિદ્દિકી; મંત્રી — સૈયદહુસેન ઉરેઝી; ખજાનચી — શેઠ મહમદભાઈ રાજાભાઈ શેખ; સભ્યો — મૌલવી સૈયદ સજ્જાદહુસેન સાહેબ; હકીમ રહીમુલ્લા સાહેબ અજમેરી; મુનશી મંઝરઅલી સાહેબ; શેઠ નૂરમહમદ મહમદભાઈ મનસૂરી સાહેબ; શેઠ પીરભાઈ આદમજી મોદી સાહેબ; શેઠ અબદુર્ રહીમ અબદુલ કરીમ સાહેબ; મૌલાના શરાફ સાહેબ દહેલવી.

આ સમિતિની જાહેરાત કરવામાં મેં મારી મર્યાદા ઓળંગી છે, કેમ કે સામાન્ય રીતે આવી વિગતો પ્રગટ કરવાથી હું કંટાળતો રહ્યો છું. કડવા અનુભવે મને શીખવ્યું છે કે આવી સમિતિઓ બિલાડીના ટોપની માફક ફૂટી નીકળે છે અને એમનું આયુષ્ય પણ એવું જ ટૂંકું હોય છે. ઘણી વાર તે કેવળ કાગળ પર જ જીવતી હોય છે. પણ આ સમિતિની બાબતમાં હું અપવાદ કરું છું તે એવી આશાએ કે એ એના સ્થાપક મૌલાના આઝાદ સુભાનીને યશ અપાવશે. એકલું ખાદીકામ જ કરતાં હોય એવાં ઝાઝાં મુસ્લિમ સંગઠનો મારા જાણવામાં નથી. તેમ એવા મુસ્લિમો પણ ઝાઝા જોવામાં આવતા નથી જે આ અત્યંત આવશ્યક એવા રાષ્ટ્રીય કાર્યમાં સક્રિય રસ લેતા હોય. ખાદી પ્રત્યેની મુસલમાનોની ઉદાસીનતા એટલી બધી છે કે એક મિત્ર મને કહેતા હતા કે અમદાવાદમાં બકરી ઈદને દિવસે ખાદી પહેરેલા મુસલમાનો એક હાથની આંગળીએ ગણી શકાય એટલા જ હતા. એમણે પહેરેલાં કપડાં દેશી મિલનાં પણ નહોતાં. જ્યાં જુઓ ત્યાં વિલાયતી કપડાં દેખાતાં હતાં. હું આશા રાખીશ કે આ સમિતિ આ વસ્તુસ્થિતિમાં પલટો લાવશે. હું એવી પણ આશા રાખું છું કે આ સમિતિના બધા સભ્યો કાંતનારા અને ખાદી વણનારા છે.

## કાંતનારાને

સત્યાગ્રહ આશ્રમના વ્યવસ્થાપક મને કહે છે કે એમની પાસે પૂણીઓ, ત્રાકો, ચમરખાં, રેંટિયા, પીંજણો અને લોઢવાના ચરખાની માગણીઓનો રાફડો ફાટયો છે. મહાસમિતિના ઠરાવના જવાબની આ એક સરસ નિશાની છે. પરંતુ આ બાબતમાં ચેતવણીના બે બોલની જરૂર છે. જેમને માટે આ કામ નવું છે તેમને સ્વાભાવિક રીતે જ મદદ અને માર્ગદર્શનની જરૂર પડવાની. પરંતુ વ્યવસ્થાપકો અને કાંતનારાઓએ સમજવું જોઈએ કે જો દરેક કાંતનારને દૂરના કેન્દ્રમાંથી પૂણીઓ મગાવી આપવી પડતી હોય તો તો આખા દેશમાં કાંતવાની વ્યવસ્થા ગોઠવવાનું

Gandhi Heritage Portal

શકય નથી. પૂણીઓ ઘણી પોચી હોવાથી એક સ્થળેથી બીજે સ્થળે મોકલતાં રસ્તામાં ખરાબ થઈ જાય છે. જો એમને ધાતુના ડબામાં પૅક કરીને મોકલીએ તો તે દબાતી બચે. પણ એમાં તો પૂણી કરતાં પૅકિંગખર્ચ વધી જાય. એટલે સૌથી સારી વાત એ છે કે દરેક જણ પીંજવાનું અને કાંતવાનું બંને શીખી લે. પણ જ્યાં આ થઈ શકે તેમ ન હોય ત્યાં ૩૦ કે ઓછા માણસો થઈને કાંતણમંડળો સ્થાપે. એવાં મંડળમાં એક સભ્ય પૂરા સમયનું કામ કરનારો હોય. તે એકલું પીંજવાનું અને પૂણીઓ બનાવવાનું કામ કરે. એમાંથી માત્ર અર્ધો કલાક તે પોતાનું ફરજિયાત કાંતવાનું પતાવે. જો રેંટિયા, ત્રાકો વગેરે સામાન પણ એક સ્થળેથી મગાવવો પડે તેમ હોય તો કાંતણપ્રવૃત્તિ સારી રીતે ચલાવી શકાય નહીં. તમામ સરંજામ વેચવા માટે અને મરામત કરી આપવા માટે દરેક પ્રાંતિક સમિતિને લગતા ડેપો રાખવા જોઈએ. રેંટિયાને રેલવેમાં ચડાવવા માટે પૅક કરવાનું કામ મુશ્કેલ હોય છે અને એનું રેલવેનૂર ઘણું મોઘું પડે છે. કોઈ પણ સામાન્ય સુથાર પાસે એક સારો નમૂનો હોય તો તેની મદદથી તે એક સારો રેંટિયો જરૂર બનાવી શકે. કોઈ પણ સંગઠનને અસરકારક બનાવવા માટે હજારો વિગતો વિચારી કાઢવી પડે છે. એ કારણે જો મારું ચાલે તો હું કૉંગ્રેસને એક એવું કારખાનું બનાવી દઉં કે જ્યાં કાંતવા-વણવાને લગતો તમામ સામાન વેચાતો મળી શકે અને જ્યાં ખાદી વેચવા માટે એક વખાર પણ હોય. અંદર અંદરના પ્રયાસ વડે પરદેશી કાપડનો સંપૂર્ણ બહિષ્કાર સિદ્ધ કરવા માટે આપણે સખત વિચારમંથન કરવું પડશે અને તેથીયે સખત પરિશ્રમ કરવો પડશે. એક વ્યક્તિ કે એક તાલુકો પૂરેપૂરો ખાદીધારી બને એટલાથી સ્વરાજ ન આવે, પણ આખો દેશ ખાદી પહેરતો થઈ જાય તો સ્વરાજ જરૂર આવે, કેમ કે સફળ બહિષ્કારનો અર્થ જ એ થાય. જો આપણામાં ખાદીનું રહસ્ય સમજવાની થોડી પણ કલ્પનાશક્તિ હોય તો આપણી બધી શંકાઓનું નિરાકરણ થઈ જાય. એવું બને કે ખાદી પ્રત્યે આખો દેશ ન પણ આકર્ષાય, પણ એ જુદી વાત છે. જ્યાં સુધી પ્રામાણિક પ્રયત્ન ન થાય ત્યાં સુધી એ બાબતમાં અભિપ્રાય આપી ન શકાય. અને એવો પ્રામાણિક પ્રયત્ન તો આંતરિક શ્રદ્ધા હોય તો જ થઈ શકે.

### એક પ્રશ્ન પૂછનારને

ના, એ વાત સાચી નથી કે દેશ કાંતતો નથી તે કારણે મેં મારો ખોરાક ઘટાડયો છે. ખોરાક ઓછો કરવાનું કારણ તો એ છે કે મારે મારી માનસિક શક્તિ અને શારીરિક તંદુરસ્તી જાળવી રાખવી છે. હવે હું અગાઉની માફક ત્રણ વાર જમું છું અને ભાખરી પણ લઉં છું. પણ જ્યારે સિયામથી આવેલા જોડિયા ભાઈઓએ અમદાવાદથી વિદાય થતાં પહેલાં મને પ્રેમપૂર્વક આગ્રહ કર્યો કે હવેથી તમે ત્રણ વાર જમજો અને ખોરાકનું પ્રમાણ પણ વધારજો, ત્યારે મેં એમને હસતાં હસતાં કહ્યું હતું કે જો તમે હિંદુમુસ્લિમ એકતા ફરીથી સ્થાપી આપો અને લોકોને ખાદી પહેરતા કરો તો હું તમારું કહેવું માની લઉં. એટલે મેં મારો ખોરાક ઘટાડયો છે એ વાત એમણે મિત્રભાવે કહેવાની છૂટ લીધી હશે અથવા મેં મશ્કરી કરી તે તેઓ સમજ્યા નહીં હોય અને મારી શરત સાચી માની હશે. એ જે હોય તે ખરું. પણ પ્રશ્ન પૂછનાર કહે છે તે સાચું છે કે મારી અંગત ટેવોનો કે મારા યમનિયમોનો આ વાતમાં ઉલ્લેખ કરવાની જરૂર નહોતી. હિંદુમુસ્લિમ એકતા અને ખાદીના બંને પ્રશ્નો અંગેનો નિર્ણય એમના ગુણદોષ ઉપરથી થવો જોઈએ. આપણા રાષ્ટ્રના અસ્તિત્વ માટે એ બંને અત્યંત આવશ્યક છે અને જ્યારે આપણે દેશને આ બાબતમાં આપણા વિચારનો બનાવી દીધો હશે ત્યારે જ આપણને સફળતા મળશે.

Gandhi Heritage Portal

## "ગાંધીજીને ખાતર કે દેશને ખાતર?"

એક મિત્ર એવી મતલબનું લખે છે કે "ગાંધીજીને ખાતર કાંતો" એમ કહીને વિદ્યાર્થીઓને કાંતવામાં પરોવવાની આજકાલ ફેશન થઈ ગઈ છે. તે પૂછે છે કે આ રીતે મારા નામનો ઉપયોગ થાય એ વાજબી છે? જ્યાં સુધી હું દેશને માટે અને કેવળ દેશને જ માટે કાર્ય કરતો હોઉં ત્યાં સુધી અમુક સંજોગોમાં આ પ્રકારની અપીલ કેટલેક અંશે અનુચિત નથી. મારે ખાતર કાંતવાની અપીલ "દેશને ખાતર કાંતવાની" અપીલ કરતાં વધારે સોંસરી ઊતરી જાય એ સંભવિત છે. બેશક, વાજબી તો એ કહેવાય કે દરેક જણ દેશને ખાતર સૂતર કાંતે. અને એથીયે સારું તો એ કહેવાય કે દરેક જણ અલબત્ત, એના ઉદાત્ત અર્થમાં પોતાની જાત માટે કાંતે કારણ કે દેશને ખાતર કામ કરીએ એમાં આપણી જાત પણ આવી જ જાય. પણ જે માણસ કેવળ પોતાની જાત માટે જ કામ કરે છે તે તો પોતાની પાયમાલી જ નોતરે છે. દેશને લાભ થાય એમાં જ આપણો લાભ રહેલો છે અને તેથી દેશના લાભમાં આપણો લાભ ભેળવી દેવો જોઈએ. પરંતુ જે લોકો કેવળ ક્વચિત જ કાંતે છે અને તે પણ દેખાવ ખાતર, અને પ્રસંગ પત્યે કાંતવાનું પડતું મૂકે છે, તેઓ તો છેતરપિંડી જ કરે છે.

## સૌથી પહેલું સૂતર મોકલનાર

અખિલ હિંદ ખાદી બોર્ડને કાંતવા અંગેના ઠરાવનો પ્રત્યુત્તર મળવો શરૂ થઈ ગયો છે. કેટલાકે તરત જ પ્રત્યુત્તર વાળ્યો છે એનું કારણ દેખીતું છે. કાંતવાના મહાવરાવાળા લોકો અર્ધા કલાકમાં ૧૫૦ વાર સૂતર સહેલાઈથી કાંતી શકે છે. એટલે સરેરાશ ઝડપ કલાકે ૩૦૦ વારની થઈ. કેટલાયે લોકોએ પોતાનો ક્વોટા પૂરો કરી દીધો છે. વધારેમાં વધારે ઝડપ કલાકના ૫૦૦ વારથી ઉપર ગઈ છે.

સૌથી પહેલું સૂતર મોકલનાર શ્રીમતી અવંતિકાબાઈ અને એમની સહિયરો છે. એમાંની ઘણીખરી બહેનો કૉંગ્રેસ સંસ્થામાં જોડાયેલી નથી. તેઓ કૉંગ્રેસની કોઈ કારોબારીમાં તો નથી જ. પરંતુ મેં અગાઉ લખ્યું છે તે પ્રમાણે એકેએક હિંદવાસી સ્ત્રીપુરુષની ફરજ છે કે તે ગમે તે પક્ષમાં હોય છતાં પોતાનો ક્વોટા અખિલ હિંદ ખાદી બોર્ડને મોકલી આપે. એટલે આ બહેનોને એમની ભેટ માટે હું ધન્યવાદ આપું છું. એમના સૂતરની જાત વિષે અભિપ્રાય જાણવાનું સ્વાભાવિક રીતે જ એમને મન હશે. સૂતરના ગુણની વાત કરીએ તો તે સારું છે. પરંતુ સૂતરની આંટી બનાવવાની રીત વગેરે સ્વાભાવિક રીતે જ જોઈએ તેવાં નથી. સૂતર પારખવામાં અને એનું વર્ગીકરણ કરવામાં એક કલાકથી વધુ સમય આપવો પડ્યો હતો. સૂતરનો આ જથ્થો તપાસ્યા પછી મંત્રીએ મને કાંતનારાનું ધ્યાન ખેંચવા માટે નીચેની ખાસ સૂચનાઓ લખી મોકલી છે:

(૧) દરેક કાંતનાર સ્ત્રીપુરુષે પોતાની દરેક આંટી ઉપર નીચેની વિગત દર્શાવતું લેબલ લગાડવું જોઈએ:

(क) તારની લંબાઈ અને સંખ્યા.

(ख) વજન, તોલામાં.

(ग) ગણતરી કરતાં નીકળતો આંક.

કાંતનારનું નામ વગેરે દર્શાવતા મુખ્ય લેબલનો અગાઉ ઉલ્લેખ થયો છે. તે ઉપરાંત આ લેબલો લગાડવાનાં છે.

Gandhi Heritage Portal

**(૨) તમામ આંટીઓનું કદ અને આકાર એકસરખાં હોવાં જોઈએ.**

(૩) દરેક આંટીમાં બે કે તેથી વધારે છૂટી પાડી શકાય એવી લટો હોવી જોઈએ. ૮૦, ૧૦૦ કે તેથી વધારે તારની બનેલી દરેક લટની આસપાસ મજબૂત દોરો વીંટાળી એ દોરો આગળની લટ ઉપર ચોકડી પાડીને આગળ જાય એ રીતે બાંધવાથી આવી મોટી આંટી બનશે.

(૪) કાંતવા માટે કયા પ્રકારનું રૂ વપરાયું છે તે પડીકા ઉપરના લેબલમાં લખાય તો સારું. એનાથી સૂતર એકઠું કરનારને જુદા જુદા પ્રાંતોમાં કેવા કેવા પ્રકારનું રૂ વપરાય છે તે જાણવાનું મળશે અને અમુક પ્રકારના રૂમાંથી કેટલા આંકનું સૂતર કાઢવું તેની સૂચના તે આપી શકશે.

મુંબઈમાં અને બીજે પણ મિલની પૂણીઓ વાપરવાનો રિવાજ છે. આ પ્રવૃત્તિનો ઉદ્દેશ જોતાં મિલની પૂણીઓમાંથી કાંતેલું સૂતર કશા કામનું નથી. ઉદ્દેશ એ છે કે લોકો કાચા રૂમાંથી પૂણી બનાવવાની તમામ ક્રિયા શીખી લે. મિલની પૂણીઓ અને મિલમાં પીંજેલું રૂ એ બેમાં બહુ થોડો તફાવત છે. જો આપણે મિલની પૂણી વાપરીએ, તો મિલનું સૂતર પણ વાપરી શકાય.

હાથકાંતણની પાછળ મુખ્ય વિચાર એ છે કે બધાથી થઈ શકે એવો એક સહેલો ગૃહ-ઉદ્યોગ સુલભ કરી આપીને લાખો લોકોને કમાતા કરવા. આ કારણે પૂણીઓ હાથે જ બનાવેલી હોવી જોઈએ. સૂતર વીંટવાના ફાળકાનો ઘેરાવો કેટલો હોવો જોઈએ તે પણ નક્કી થવું જોઈએ. બધા ફાળકા એકસરખા માપના હોવા જોઈએ એ કહેવાની જરૂર ન હોય. જો તે એકસરખા ન હોય તો અમુક વજનના સૂતરનો આંક સહેલાઈથી કાઢી શકાય નહીં. અનુભવથી સમજાયું છે કે ફાળકાનો ઘેરાવો ચાર ફૂટ હોવો જોઈએ. જો એમ થાય તો ૩૭૫ તારની એક આંટી ૫૦૦ વારની બને. આવી ચાર આંટીઓનું સૂતર ૨,૦૦૦ વાર થાય. આવી આંટીઓનું વજન જો આપણે જાણતા હોઈએ તો તેનો આંક કાઢતાં વાર ન લાગે. તોલાની આની બનાવો. એ આની વડે તારની સંખ્યાને ભાગો. જે જવાબ આવે તે સૂતરનો આંક. દા. ત. ૩૭૫ તારની આંટીનું વજન જો ૧૫ આની હોય, તો આંક ૩૭૫ ÷ ૧૫ = ૨૫ થાય. ફાળકાના કદ સંબંધમાં અનેક સૂચનો થયાં છે. અનુભવ ઉપરથી ચાર ફૂટ ઘેરાવો રાખવો વાજબી લાગે છે. આવા ફાળકા આશ્રમના રેંટિયાને લગાડેલા હોય છે. ફાળકાને આ રીતે રેંટિયા સાથે જોડેલા રાખવાથી બેશક સગવડ થાય છે. પણ વાંસની ચીપો જોડીને ફાળકા સહેલાઈથી તૈયાર થઈ શકે છે. જરૂરી માપની ચાર કે છ વાંસની ચીપો લો. એ દરેકની વચ્ચે કાણું પાડો. પછી એક ઊભી દાંડી લઈ તેના છેડા પાતળા કરી તેમાં બંને બાજુ ત્રણ ત્રણ ચીપોને સામસામી રાખી તેમનાં કાણાંમાંથી એ છેડા નાખો. પછી એ ચીપો પોતપોતાની જગાએ રહે તે માટે એમને દોરી વડે બાંધી દો એટલે ફાળકો બનશે. એ ફાળકો કામ આપશે. આમ રેંટિયાની સાથે જે બીજાં સાધનો હોય છે તે પણ રેંટિયા જેટલાં જ સાદાં ને સરળ હોય છે. અંતમાં, એટલું યાદ રાખવું સારું કે સૂતર ફાળકા પર ચડાવ્યા પછી એના પર પાણી ફૂંકારવું જોઈએ અને તે પાણી સૂતરમાં ઊતરીને સુકાય તે માટે એક કલાક સુધી સૂતરને ફાળકા પર રહેવા દેવું જોઈએ. આ રીતે પાણી ફૂંકારવાથી સૂતરનો વળ સ્થિર થઈ જાય છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ३१–७–१९२४

Gandhi Heritage Portal

## ૨૬૪. શ્રીમતી વી. કે. વિલાસિનીને પત્ર

સાબરમતી,
જુલાઈ ૩૧, ૧૯૨૪

પ્રિય મિત્ર,

તમારા પ્રશ્નનો ઉત્તર :

કોઈ પણ ભોગે સત્યને ચાહો. આ ત્યારે જ બની શકે જ્યારે પ્રાણીમાત્ર પ્રત્યે આપણે પ્રેમ રાખીએ, અને તેમના પ્રત્યે આપણામાં સમભાવ હોય.

સેવક
**મો. ક. ગાંધી**

શ્રીમતી વી. કે. વિલાસિની
હિલ પૅલેસ
ત્રિપુણી તારા, કોચીન સ્ટેટ

[મૂળ અંગ્રેજી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી; શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી
ભાષાંતર : મહાદેવભાઈની ડાયરી, પુસ્તક છઠ્ઠું

## ૨૬૫. સી. રાજગોપાલાચારીને તાર[1]

[જુલાઈ ૩૧, ૧૯૨૪ કે તે પછી]

હું માનું છું કે નુકસાન આપણા ગજા બહારનું છે. આપણે વ્યક્તિગત સેવાઓ આપીને આપણા કરતાં મોટી સંસ્થાઓને મદદ કરવી જોઈએ.

**ગાંધી**

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૯૦૦૭

૧. આ તાર જુલાઈની ૩૧મીએ મળેલા સી. રાજગોપાલાચારીના જુલાઈની ૨૯મીના નીચેના તારના જવાબમાં કરવામાં આવ્યો હતો : "રેલને કારણે થયેલી પાયમાલીનું પ્રમાણ ભયંકર છે. કોંગ્રેસનાં નાણાંમાંથી અમે રાહતકાર્ય શરૂ કરીએ કે કેમ તેનો જવાબ આપો." આવો જ તાર જુલાઈની ૩૧મીએ મળેલા શ્રીનિવાસ આયંગરના જુલાઈની ૩૦મીના નીચેના તારના જવાબમાં કરવામાં આવ્યો હતો : "રાહતકાર્ય માટે મોટી રકમની તાત્કાલિક જરૂર છે. પૂરે ભયંકર આફત આણી છે, કૃપા કરીને વર્કિંગ કમિટીને સલાહ આપો કે તે પચાસ હજાર તરત જ મંજૂર કરે."



Gandhi Heritage Portal

## ૨૬૬. વન્દે માતરમ્‌ને સંદેશો

[ઑગસ્ટ ૧, ૧૯૨૪][1]

હું ઇચ્છું છું કે વન્દે માતરમ્‌ના વાચકો લોકમાન્યની સંવત્સરી પ્રસંગે એમના જીવન વિષે ચિંતનમનન કરે. એમ કરતાં તેમને સમજાશે કે લોકમાન્ય આપણી પાસેથી દેશના હિતમાં નિઃસ્વાર્થ ભક્તિભાવ રાખવાની અપેક્ષા રાખતા હતા. તો એ લોકો હિંદુસ્તાન સ્વતંત્ર થતાં સુધી નિયમિત રીતે નિષ્ઠાપૂર્વક કાંતવાના રૂપમાં માત્ર અર્ધા કલાકની મજૂરી આપશે?

મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]

बॉम्बे क्रॉनिकल, ५–८–१९२४

## ૨૬૭. અસફઅલીને પત્ર[2]

સાબરમતી,
ઑગસ્ટ ૧, ૧૯૨૪

પ્રિય મિત્ર,

તમારો કાગળ મળ્યો. તમારા એક કાગળમાં તમે અધીરાઈ બતાવી હતી કે ગેરવાજબીપણું બતાવ્યું હતું, એમાંથી શું કહેવું એ હું જાણતો નથી. ગમે તેમ હો તમારે માટે એ પૂરેપૂરું સ્વાભાવિક હતું. કારણ બહુ કસોટી કરે એવા સંજોગોમાં તમે કામ કરતા હતા, અને તે એવે વખતે કે જ્યારે બીજી ચળવળમાં તમારે શો ભાગ ભજવવો પડશે તેની તમને ખબર નહોતી. એવા જ સંજોગોમાં હું મુકાઉં તો કદાચ હું પણ તમારા જેવું જ કરું અને દરેક વસ્તુનો તથા દરેક માણસનો વાંક કાઢવાનું મન કરું. હમણાં જે નિવેદનો કાઢવામાં આવ્યાં છે તેની મને લાગે છે કે કાંઈક સારી અસર થશે. પણ મારી ઇચ્છા એવી છે કે કૉંગ્રેસના પ્રમુખ તરફથી કાંઈક સ્પષ્ટ અને આખરી જણાવવામાં ન આવે ત્યાં સુધી કોઈ પણ જાતનાં નિવેદનો હવે ન નીકળવાં જોઈએ.

અદાલતોના ખટલા બંધ રાખવાનું કંઈ થઈ શકે નહીં? અમુક ગુનાની તપાસ પોલીસે કરવી જ જોઈએ એમ હોય, તેની સાથે આપણે શી લેવાદેવા? છેવટે તો જો લાગતાવળગતા બધા પક્ષોને ખટલા ચલાવવા જ ન હોય તો પોલીસને કોઈ પણ ખટલો પુરવાર કરવામાં બહુ મુશ્કેલી પડે. તમારી માફક મને પણ એમ લાગ્યા વિના રહેતું નથી કે જો આ ખટલાઓ

૧. આ સંદેશો લોકમાન્યની સંવત્સરીને દિવસે, એટલે કે ૧૯૨૪ના ઑગસ્ટ માસની પહેલી તારીખે મોકલવામાં આવ્યો હતો.

૨. અસફઅલી (૧૮૮૮–૧૯૫૩); બૅરિસ્ટર અને રાષ્ટ્રવાદી મુસ્લિમ રાજપુરુષ; ખિલાફત ચળવળમાં આગેવાનીભર્યો ભાગ લીધો હતો.

Gandhi Heritage Portal

ચાલુ રહેશે તો આપણને સાચી હકીકત મળી શકશે નહીં. કારણ, તમે બરાબર જ કહો છો કે જેઓ કંઈ પણ જાણતા હશે તેઓ આપણી પાસે આવતાં બીશે.

તમે માગેલાં કાગળિયાં હું પાછાં મોકલું છું.

તમારો સહૃદયી
**મો. ક. ગાંધી**

જનાબ અસફઅલી
કૂચ-એ-ચેલાન
દિલ્હી

[મૂળ અંગ્રેજી]

મૂળ પત્ર પરથી : સી. ડબલ્યુ. ૫૯૯૫; શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી
ભાષાંતર : મહાદેવભાઈની ડાયરી, પુસ્તક છઠ્ઠું

## ૨૯૮. શિક્ષણ પરિષદમાં ગાંધીજી[૧]

અમદાવાદ,
ઑગસ્ટ ૧, ૧૯૨૪

ભાઈઓ અને બહેનો,

મને આટલું કહેતાં અત્યંત દિલગીરી થાય છે કે હું તૈયારી કરવા ઇચ્છતો હતો તેટલી નથી કરી શકયો. ખરી વાત એ છે કે મારે આ સાહસ બિલકુલ ખેડવું નહોતું જોઈતું. મારી પાસે એટલી શરીરશક્તિ પણ નથી, અને વખત પણ નથી. પણ મારા ઉપર દબાણ એવા પ્રકારનું થયું કે મારે કહેવું પડયું કે ઑગસ્ટની શરૂઆતમાં પરિષદ ભરો તો તેમાં હું હાજરી પૂરીશ. થોડા વિચાર પછી મને લાગ્યું કે હાજરી ઉપરાંત મારે કાંઈક કામ પણ કરવું પડશે. મારા વિચારો લખી નાખવાનો હું વખત શોધી રહ્યો હતો, પણ તેય ન બની શકયું, તેમ જ વિચાર કરવો હતો તેટલો પણ નથી થઈ શકયો. આને માટે તમે મને માફી આપશો એવી આશા છે.

### સખાભાવ

ભાઈ કિશોરલાલની યાચના મારી શક્તિની બહાર છે. શિક્ષકો પરસ્પર સખાભાવથી વર્તે એ તો સ્વરાજ કહેવાય. એ આપવું મારા હાથની વાત નથી. એવી ભિક્ષા તો ઈશ્વર પાસે જ માગી શકાય. ઈશ્વર એટલું આપે તો બધું જ મળી ગયું. આવી ભિક્ષા તમને તો નહીં જેવી જ લાગતી હોય, પણ એ મારે માટે આપવી અશકય છે. હું તો માત્ર કેટલીક સૂચના અને તમને ને મને ઉત્સાહ મળે એવા આંકડા આપવા ઇચ્છું છું.

૧. ગુજરાતની રાષ્ટ્રીય શાળાઓની આ પરિષદમાં ગાંધીજી પ્રમુખ બન્યા હતા. આ પરિષદનો હેતુ આ પ્રમાણે હતો : "ગુજરાતમાં કેળવણીના કાર્યને સુવ્યવસ્થિત બનાવવું, વધારે ઊંચી કોટિના શિક્ષકો તૈયાર કરવા સારુ સાધનો અને માર્ગો શોધવા તથા કેળવણીના કાર્યમાં પડેલાઓના પ્રયત્નોમાં પરસ્પર સહકાર અને ભ્રાતૃભાવ પેદા કરવો."

Gandhi Heritage Portal

### મારો કાળગજ

હિંદુસ્તાનમાં આજે નિરાશાનો કાળ આવી ગયો છે એમાં હું પણ એક કારણ છું. મેં હિંદુસ્તાન આગળ કાળગજ મૂકયો કે સ્વરાજ એક વર્ષમાં લેવું જ જોઈએ. એક વર્ષ તો ગયું, પણ એથીયે વધારે વર્ષો ગયાં છે, છતાં સ્વરાજ દૂર હોય એમ લાગે છે. સને ૧૯૨૧માં હતું તેના કરતાં પણ કદાચ કેટલાકને સ્વરાજ વધારે દૂર લાગે. પણ હું એમ નથી માનતો. મને તો તે નજીક આવેલું લાગે છે. એને માટે મારા જેવી અચલિત શ્રદ્ધા જોઈએ. એ શ્રદ્ધા આપેલી નહીં અપાય. એ તો અનુભવથી જ મળે. જો મેં કાળગજ ન મૂકયો હોત, અને તે પ્રમાણે ત્રિરાશી માંડવાનું ન હોત તો જેટલું થયું છે તેટલું કામ પણ ન થઈ શકયું હોત.

### કેટલાક આંકડા

જે આંકડા તમારી પાસે મૂકવા માગું છું તે તમને અજાણ્યા નથી. એટલા પણ આપણો ઉત્સાહ ટકાવવાને સારુ બસ છે. અસહકારના એકે અંગમાં ગુજરાતે કરેલું છે તે શરમાવા જેવું નથી — ગુજરાતને જ નહીં પણ હિંદુસ્તાનને પણ શરમાવા જેવું નથી. ત્રિરાશીના હિસાબે આપણે ભાગે આવે તેટલું આપણે નથી કરી શકયા એ વાત સાચી, પણ દરેક જણ યથાશક્તિ જેટલું થાય તેટલું કરી ચૂકયો હોય — અને હું જાણું છું કે તેમ ન માનવાને મને કારણ નથી — તો આપણને શરમાવા જેવું નથી. આમ હું કેમ કહું છું તેનું કારણ તમને સમજાવું.

આટલું જ કામ કેમ કર્યું એવો મેં મારા સાથીઓને ઠપકો આપ્યો છે, કારણ ઠપકો આપવો એ મારો ધર્મ છે. જે સેવા કરવા માગે, અને સેવાને અંગે જેના ઉપર સરદારી આવી હોય તેણે તો વધારે ને વધારે માગવાનું રહ્યું, ઠપકો આપવાનો તેનો ધર્મ રહ્યો. પણ નિષ્પક્ષપણે વિચાર કરવા બેસું છું ત્યારે મને નથી લાગતું કે કોઈએ અપ્રામાણિકપણું કરેલું છે.

આ તો ઊજળો પક્ષ રજૂ કરવાની દૃષ્ટિથી મેં કહ્યું. એના સમર્થનમાં આંકડા મેળવ્યા છે. એ તમે જાણો છો. એ મહામાત્રે લખેલા છે. અને તમે શિક્ષકોએ જ ભેગા કરેલા છે. તે આંકડાથી મને પોતાને અને તમને હું ઉત્સાહ આપવા ઇચ્છું છું. આપણી પાસે રાષ્ટ્રીય શાળાઓમાં ત્રણ મ્યુનિસિપાલિટીની શાળાઓ બાદ કરતાં, ૧૦,૦૦૦ વિદ્યાર્થીઓ છે. તેમની પાછળ આપણને સાડા ત્રણ લાખનું ખર્ચ થયું છે. વિદ્યાર્થીઓમાં ૫૦૦ કન્યાઓ છે. એ સંખ્યા ઓછી છે, પણ એટલીને આપણે ભણાવી રહ્યા છીએ. અમદાવાદ, નડિયાદ અને સુરતની મ્યુનિસિપાલિટીઓએ અસહકારનું તત્ત્વ સ્વીકારી પોતાની શાળાઓને રાષ્ટ્રીય બનાવી. તે શાળાઓના આંકડા સાથે વિદ્યાર્થીઓની સંખ્યા ૨૦,૦૦૦ થાય છે. આમાં ૧૦,૦૦૦ અમદાવાદના છે. આપણી પાસે ૮૦૦ શિક્ષકો છે. એમને આજીવિકા પણ આ સાડા ત્રણ લાખમાંથી જ મળે છે. મહાવિદ્યાલયો આપણી પાસે બે છે, પુરાતત્ત્વ મંદિર પણ છે. એને વિષે મેં સાંભળ્યું છે એ પ્રકારનું કામ હિંદુસ્તાનમાં બીજે કયાંય ઠેકાણે નથી થતું. ત્રણ જીવતી સંસ્થાઓ આપણને પોષી રહી છે, અને આપણી પાસેથી પોષણ મેળવી રહી છે. એ સંસ્થાઓ તે દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવન,[1] ચરોતર કેળવણી મંડળ[2] અને ભરૂચ કેળવણી મંડળ.[3] એના

૧. કાઠિયાવાડમાં.

૨. આણંદમાં.

૩. દક્ષિણ ગુજરાતમાં.

Gandhi Heritage Portal

સંસ્થાપકો અને સંચાલકો કબૂલ કરશે કે એ સંસ્થાઓએ અસહકાર કરીને અસહકારની હિલચાલને જેમ શોભા આપી છે તેમ અસહકાર પાસેથી પોષણ પણ લીધું છે.

### પાઠ્યપુસ્તકો

ઉપરાંત આપણે ઘણાં પાઠ્યપુસ્તકો ઉત્પન્ન કરેલાં છે. એમાંનાં ઘણાં હું જેલમાં જોઈ ગયો છું. દક્ષિણામૂર્તિનાં અને ચરોતર મંડળનાં પુસ્તકો પણ જોઈ ગયો છું—તપાસી ગયો છું. વાંચી ગયો એમ નથી કહેતો, પણ ઘણાં પુસ્તકો ઉથલાવવાથી એટલું જોવાની શક્તિ આવી ગઈ છે કે ઉપર ઉપરથી જોઈ જતાં એમાં શું લખેલું છે, કઈ શૈલીએ લખેલું છે, અને કર્તાએ શું કહેવા ઇચ્છયું છે એ કળી લઉં. એ કર્તાઓને અને સંસ્થાઓને ધન્યવાદ ઘટે છે. વિદ્યાપીઠનાં પુસ્તકો એ ઉપરાંત જુદાં છે. ગુજરાતનો આજકાલનો—એટલે છેલ્લાં ૫૦ વર્ષનો આખો ઇતિહાસ તપાસીએ તો જણાશે કે આવું કામ બિલકુલ થયેલું જ નથી. અત્યાર સુધીનું કામ બધું સરકારે કરેલું હતું. એનો જશ આપણે નથી ખાટી શકતા. એમાં આપણા માણસો તો હતા જ. પણ યોજના સરકારની અને સરકારના નીમેલા માણસોની હતી. એ યોજના હાલની રાજપદ્ધતિને પોષનારી અને તેને પોષવાના હેતુથી કેળવણી કેમ આપવી એ વિચારથી ઘડાયેલી હતી. એ કામ એમણે કર્યું ત્યારે પહેલા વર્ષમાં કેટલાં પુસ્તકો લખેલાં તેની ત્રિરાશી કાઢીએ તોપણ આપણે ચડી જઈએ. પણ આપણે કોઈની સાથે સરખામણી કરવા નથી બેઠા.

ગુજરાત પછાતમાં પછાત પ્રાંત હતો, આજે પણ છે. ગુજરાતીઓ નિરક્ષર રહ્યા, માત્ર વેપાર જ કરી જાણે, અને વેપારથી જેટલો પૈસો ગુજરાતમાં દાખલ થઈ શકે તેટલો કરવાનું સમજેલા. સમાજને માટે સાહિત્ય ઉત્પન્ન કરવાની ભાવના અસહકાર પહેલાં વ્યાપક નહોતી. પણ એ દિશામાં સૌથી પહેલું કાર્ય કરનાર સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય એટલે સ્વામી અખંડાનંદ. એમણે ગુજરાતમાં ખૂબ સસ્તાં પુસ્તકો ફેલાવ્યાં તથાપિ અસહકારની હિલચાલ એને પણ વટાવી ગઈ છે. એટલે અખંડાનંદના આબાદ કામને આપણે ભૂલી જઈ શકીએ છીએ, જોકે એ ભૂલી ન શકાય એવું છે.

### ચેતવણી

પાઠ્યપુસ્તકો વિષે મારે કહેવું હતું એના કરતાં વધારે કહી દીધું. હવે ચેતવણી પણ આપું છું. એવાં પાઠ્યપુસ્તકો ધોધબંધ ગુજરાતમાં નીકળ્યા કરે તો તેને વિષે હું મોહિત નથી. યરવડા જેલમાં મારા ઉપર એનો વરસાદ વરસવા લાગ્યો ત્યારે હું ચોંક્યો. છપાઈ વગેરે બધાંની સુંદર હતી. એકના ઉપર તો હું બહુ મોહિત થઈ ગયો. પણ એ બધું ગુજરાતને શોભે એવું નથી. ગુજરાત ભિખારી નથી. પ્રમાણમાં ગુજરાત પાસે ઠીક પૈસા છે, પણ ગુજરાત એટલો બોજો ન ઉપાડી શકે એમ મને લાગે છે. એટલાં ધોધબંધ પુસ્તકો એ પચાવી પણ ન શકે; એનાં ખિસ્સાં પણ એ ન સહન કરી શકે. અમદાવાદ, સુરત, નડિયાદ, ભરૂચ જેવાં શહેરો માટે જ એવાં પુસ્તકો લખીએ તો મારે કાંઈ કહેવાપણું નથી. જોકે, એ શહેરીઓનાં મગજો તો એટલો ભાર ન જ ઉપાડી શકે, ખિસ્સાં ભલે ઉપાડી શકે. પણ ગામડાંનાં માબાપો તો ન જ ઉપાડી શકે. આપણે પુસ્તકો છાપી નાખીએ ને પ્રજા આગળ મૂકીએ એ ગરીબમાં ગરીબ બાળકને મળી શકે એવાં જોઈએ. મારું ચાલે તો હું એક બે અને ચાર પૈસાનાં પુસ્તક કાઢું.

Gandhi Heritage Portal

### નવજીવન પ્રકાશન મંદિર

મને કહેવામાં આવે છે કે નવજીવન પ્રકાશન મંદિરે ઘણાં પુસ્તકો કાઢેલાં છે. લોકો નહીં જાણતા હોય કે એનો ધણી હું નથી. એનો ધણી સ્વામી આનંદાનંદ છે. એ તો બધું છાપી-કરીને જ મને ખબર આપે છે. મારી પાસે ફરિયાદો આવી છે કે આનંદાનંદે ગુજરાતને ધૂત્યું છે, અને નવજીવન પાસેથી ૫૦,૦૦૦ની ભેટ અપાવી છે, પણ એણે ખાધા છે કેટલા તે તમે શું જાણો? એવાને હું એવો જ જવાબ દઉં કે મારી પાસે એવા ખાનારા સાથી રહેતા નથી, અને રહેતા હોય તો મને ખબર નથી. સંસ્થામાં કેટલાક પગાર લેતા નથી અને કેટલાક જરૂર-જોગો લે છે, પણ બધાનો વ્યાજબી પગાર ગણું તો તે રકમ ૫૦,૦૦૦થીયે વધી જાય.

### પાઠ્યપુસ્તકો ન જોઈએ

એટલું સાચું છે કે હું હોત તો આટલાં બધાં પુસ્તકો નવજીવન પ્રકાશન મંદિર મારફતે બહાર ન પડવા દેત. હું તો એક પુસ્તક પ્રજા આગળ મૂકું તેના પહેલાં હજાર વાર વિચાર કરું. મેં એક નજીવું પુસ્તક — બાળપોથી[1] લખ્યું છે. એને વાંચવા બેસું તો પાંચ મિનિટમાં પૂરી કરું. જરા છટાથી વાંચું તો દસ મિનિટમાં પૂરી કરું. એના ઉપર ટીકાઓ આવી છે તે મેં વાંચી નથી. હું જાણું છું કે ઘણી ટીકા મને ખુશ કરે એવી નથી જ. મારી સ્તુતિનિંદાનો પાર નથી, એટલે બંનેની મારા ઉપર કશી અસર નથી થતી. છતાં એ પુસ્તકની પાછળ જે વિચાર છે તે ભારે છે. એ વિચાર એ કે શિક્ષક મોઢેથી જ કેળવણી આપે, પુસ્તકો અને પાઠ્યપુસ્તકો દ્વારા ન આપી શકાય. જે જે દેશમાં કેળવણીનાં પાઠ્યપુસ્તકોનો ઢગલો હોય છે તે દેશનાં બાળકોનાં મગજમાં શું ભરાય છે કોણ જાણે — ભૂત જ ભરાય છે, બાળકોની વિચારશક્તિ શૂન્ય થઈ જાય છે. અસંખ્ય બાળકોના અનુભવ ઉપરથી અને અનેક શિક્ષકો સાથે વાતચીત ઉપરથી મારો આ નિશ્ચય બંધાયો છે. દક્ષિણ આફ્રિકામાં હું આંખો ઉઘાડી રાખીને ફરતો હતો, ત્યાં દાવાનળ સળગેલો તેમાં હું ઘૂમતો હતો તે વેળા પણ મેં આ અનુભવ લીધો છે. શાળાઓને સરખાવો — એક કે જેમાં શિક્ષકોની પાછળ પુષ્કળ પાઠ્યપુસ્તકો હોય, અને બીજી કે જેમાં એકે પાઠ્યપુસ્તક વિના શિક્ષકને કામ લેવાનું હોય. બંને શિક્ષકમાં ઝવેરાત તો છે જ. જેની પાસે પાઠ્યપુસ્તક નથી તે બાળકોને જેટલું આપી શકશે તેટલું પાઠ્યપુસ્તકવાળો ન જ આપી શકે. હું બાળકો પાસે પાઠ્યપુસ્તકો મૂકવા ઇચ્છતો નથી. શિક્ષકોને પોતાને તે વાંચવાં હોય તો ભલે વાંચે, શિક્ષકોને સારુ આપણે ગમે તેટલું લખીએ. બાળકોને સારુ લખશો તો શિક્ષકોને યાંત્રિક બનાવશો, એથી શિક્ષકોમાં શોધકશક્તિ ને સ્વતંત્રતા મારી નાખવાના છો. પણ હું શિક્ષકોની ગતિને રોકવા નથી ઇચ્છતો. હું તો માત્ર એટલું જ ઇચ્છું કે મારી આ દૃષ્ટિ પણ તમે જાણી લો. પાઠ્યપુસ્તકોના લખનારા અનુભવી છે. પ્રજાને તેમનાં પુસ્તકની જરૂર હોય ત્યાં જરૂર તે લે. પણ મારા કહેવા પાછળ જે દૃષ્ટિ રહેલી છે તે તમે જાણી લો.

તમે પૂછશો, "તમે શિક્ષકનું કામ કરેલું છે?" મારા વિચાર પાછળ ઠીક ઠીક અનુભવ રહેલો છે. મેં શિક્ષણ વિષે ખૂબ વિચારેલું છે. મેં જે દૃષ્ટિ બતાવી તે દૃષ્ટિએ વિચાર કરી જોજો, અને તમારી ગતિને જરા હળવી કરજો. મારા કહેવાનું તાત્પર્ય એ છે કે લાખો બાળકોને માટે પુસ્તકો ઉત્પન્ન કરવાં હોય તો ગુજરાતની પાસે તેને માટે પૈસા નથી, તે થાકી જશે; બીજી વાત એ પુસ્તકોનો બોજો બાળકના મગજ ઉપર ન મૂકીએ.

૧. જુઓ પુસ્તક ૨૩, પા. ૧૧૫-૨૦.

Gandhi Heritage Portal

માણસને કોઈ નવો વિચાર આવે, તેના ઉપર તે કુરબાન થઈ જાય, અને તરત જ જગતને આપી દે તો તેમાં તેણે ખોયું છે, અને જગતે પણ ખોયું છે. પણ માણસ વિચાર સંઘરે, તેના ઉપર અખતરા કરે, પોતે કરે, બાળકો ઉપર અખતરા કરે અને આખરે તાળો મેળવે, અને પછી પણ રોકાઈ જાય તો જગત કશું ખોવાનું નથી. આને સારુ મારી પાસે મોટા મોટાનાં દૃષ્ટાંત છે. તેમણે વિચાર રોકી રાખ્યા છે તેથી નથી તેમણે ખોયું, નથી જગતે ખોયું; એવાઓએ પાછળથી વિચારો ફેરવેલા પણ છે, અને નવા અનુભવમાં જૂના વિચાર ભૂલી ગયા છે. એનો એક દાખલો ઉતાવળા ઍન્ડ્રૂઝ — મારા પરમ મિત્ર, મારી સાથે ઊઠનારા-બેસનારા, ખાનારાપીનારા દશ વર્ષ ઉપર એમને જે વિચારો સૂઝતા તે તરત જ લખી નાખતા, એવી એને લત હતી. એ દશ વર્ષ ઉપરના વિચારો આજે એના નથી. એ તો ધાર્મિક પુરુષ છે — આપણે પણ ધાર્મિક પુરુષ છીએ — આપણે જે વિચારો પ્રગટ કર્યા વિના મરીશું તે વિચાર આત્મા લઈને જશે. અને કોઈ કાળે તે જગતને જરૂર મળશે.

## રાષ્ટ્રીય કેળવણીની ઉત્પત્તિ

વિદ્યાપીઠ અને તેને અંગેની સંસ્થાઓ કેવા સંજોગોમાં ઉત્પન્ન થઈ તેનો વિચાર કરી લઈએ તો અનેક ગૂંચવણોનો ઉકેલ આવશે. આજે આપણે કેળવણીને કેળવણીકાર તરીકે વિચારી રહ્યા છીએ. શિક્ષકનો ધંધો માત્ર શિક્ષણ આપવાનો છે એ દૃષ્ટિએ આપણે સારામાં સારી કેળવણી આપવી જોઈએ. પણ આપણો પ્રશ્ન એટલો સહેલો નથી. કેવળ કેળવણીની ખાતર આપણે વિદ્યાપીઠશાળાઓ ઉત્પન્ન કરી નથી. આપણે અસહકારને અંગે વિદ્યાપીઠ સ્થાપી હતી. એનો અર્થ એ છે કે શિક્ષકો, શિષ્યો અને માબાપો સ્વરાજના સંઘમાં ભળ્યાં છે, સ્વરાજના સેવક છે, અસહકારી છે. પણ અત્યારે હું તમને અસહકારનો ચમત્કાર કહેવા નથી બેઠો, પણ રાષ્ટ્રીય શિક્ષક તરીકેનો ધર્મ કહેવા માગું છું. સ્વરાજના સંઘમાં દાખલ થયા ત્યારે જ અસહકારનો સિદ્ધાંત બરાબર છે એમ માની લીધેલું.

એ સિદ્ધાંતમાં ભૂલ હશે તો મહાસભા તે સુધારશે, અત્યારે તો ગાડું બરોબર જ ચાલે છે એમ માનીને જ ચલાવવું રહ્યું. અસહકાર બરોબર છે કે નહીં એનો તાત્ત્વિક નિર્ણય કરવા આપણે નથી બેઠા. આપણી બંનેની વચ્ચે એટલી વાત સામાન્ય છે કે આપણી, વિદ્યાપીઠની અને શાળાઓની હસ્તી સ્વરાજને અંગે છે. કેળવણીને ખાતર કેળવણીનો વિચાર સ્વરાજ મેળવ્યા પછી જ કરશું. આજે તો ઉપર કહેલી સંકુચિત દૃષ્ટિએ જ કેળવણીનો વિચાર કરવો રહ્યો.

આપણી પ્રાથમિક શાળાઓ, વિનય મંદિરો,[૧] મહાવિદ્યાલયો અને પુરાતત્ત્વ મંદિર પણ ચલાવવામાં આ દૃષ્ટિ આગળ રાખવી જોઈએ. સ્વરાજ અને અસહકારના સિદ્ધાંતનો ભંગ ન જ કરીએ. આપણે સ્વરાજ મેળવવું છે, એનાં સાધન સત્ય અને અહિંસા નક્કી કરેલાં છે, મહાસભાના સંકલ્પમાં "શાંતિમય" અને "કાયદેસર" શબ્દોનો ગમે તે અર્થ થતો હોય, મારી પાસે તો તેનો એક જ અર્થ છે — સત્ય અને અહિંસા, અને હું માનું છું કે ગુજરાત પણ એ જ અર્થ કરે છે. એ ઉપરાંત પંચવિધ બહિષ્કાર આપણે સ્વીકારેલો છે. એ તોડીએ તો આપણી પ્રતિજ્ઞાનું પાલન નથી થતું. બાળકોની નીતિના આપણે પાલક છીએ તો આપણે બહિષ્કાર છોડીને તેમના ઉપર ખોટો પાઠ બેસાડશું. જેમના મનમાં એ વિષે શ્રદ્ધા ન હોય

૧. માધ્યમિક શાળાઓ.

Gandhi Heritage Portal

તેમણે આ સંસ્થાઓમાંથી નીકળી જવું જોઈએ. ઉદરપોષણ તો સૌની પાછળ લાગ્યું છે, પણ તે આપણો પ્રધાન હેતુ ન હોય. પણ જેને અસહકારની શરતો કબૂલ ન હોય તેણે આમાંથી નીકળી જવું જોઈએ. કેવળ ઉદરપોષણને અર્થે રાષ્ટ્રીય શાળામાં દાખલ થવું એ ન શિક્ષણ આપનારને શોભે, ન લેનારને શોભે.

## લડતનાં બે અંગો

આપણી લડતનાં બે અંગ — એક ધ્વંસાત્મક, એ આપણે સાધી લીધું. હજી પણ એ જ કામ કર્યા કરીએ તો અડબાઉ જડ ખેડૂતના જેવું આપણે કરીએ. બી વાવવાં હોય તો ખેડૂત ઘાસ કાઢી નાખે, પથ્થર કાઢી નાખે, જમીનને ખેડીને એકરસ કરે, આટલું કર્યા પછી પણ જો તે ઊથલપાથલ કર્યા કરે તો કાળક્ષેપ જ કર્યો ગણાય તેમ જ પરિણામ જોયા પહેલાં બીજા ખેતરમાં પોતાના પ્રયોગો ચલાવે તે પણ બરોબર નથી. તેમ જ એક છોડીને જાય અને તેની જગ્યાએ બીજો બેસે તે પણ બરોબર નથી. તેણે તો ત્યાં સ્થાયી કામ જ કરવું રહ્યું. એ કામ કરતાં કરતાં તે ધીરજ રાખે કે એ ખેતર એની મેળે તૈયાર થશે. આપણું ધ્વંસાત્મક કામ પૂરું થયું છે, હવે રચનાત્મક — સ્થાયી — કામ કરવાનું રહ્યું છે. એ રચનાત્મક કાર્ય બહિષ્કારને પોષક છે. આપણે કરી રહ્યા છીએ એ કામ જો જગતની સ્તુતિ મેળવે, જગત એનો સ્વીકાર કરે તો બીજી શાળાઓ એની મેળે નાશ પામવાની. બીજી શાળાઓમાં આત્મા નથી એ સૌ કબૂલ કરે છે અને કહે છે કે એને સ્થાને બીજું કાંઈક મૂકો. આપણને આપણા કાર્ય વિષે અચળ શ્રદ્ધા હોય તો તેની સિદ્ધિ થતાં એક વરસ લાગો કે વીસ વરસ, આપણે તો એ જ ચાલુ રાખવાના.

## શિક્ષણનું સ્થાયી કામ

આપણું સ્થાયી કામ એક એ છે કે આપણે શાળાઓ ઉત્પન્ન કરીએ. શિક્ષકોએ પંચાયતોને અને અદાલતોને ભૂલી જવી જોઈએ. એ બધાનો વિચાર આપણે કરવાપણું નથી. આપણે આપણી જવાબદારી પૂરતો વિચાર કરીએ એટલે જગત જીતી ગયા. આપણી બીજી જવાબદારી એ શાળાને શોભાવવાની છે. આપણે વિસ્તાર ખૂબ કર્યો છે, હવે એ વિસ્તારમાંથી પણ ચૂંટણી કરવાની રહી. તમારામાંના જે ખેડૂત હશો તે સમજી જશો. ખેડૂત બીજ વાવે પણ એના જે છોડ થાય એમાંથી ખરાબ, પીળાં ને મરેલાં તે કાઢી નાખશે. ઘઉં પાક્યા પછી પણ સારામાં સારા બીજને તે સંઘરશે અને એમ દર વરસે સારો ને સારો પાક પેદા કરશે. આપણે વિસ્તારનું કરી લીધું, હવે શક્તિ અને ગુણ વધારવાનું કરી લેવું જોઈએ.

બીજું કામ તે રેંટિયાનું અને અસ્પૃશ્યતાનું, અને ત્રીજું હિંદુમુસલમાન એકતાનું. ગુજરાતમાં હિંદુમુસલમાનનું એટલું બધું નથી, પણ છે ખરું. હિંદુમુસલમાને સગા ભાઈની જેમ રહેવું જોઈએ એ ભાવ બાળકોમાં વ્યાપક કરીશું તો ગુજરાતમાં પણ જે ઝેરભાવ છે તે શમી જશે. ગુજરાતમાં આપણે માથાં નથી ફોડયાં એ ખરું, તોપણ આપણી વચ્ચે સખાભાવ નથી. એને સારુ શાળાઓ જવાબદાર છે, પણ બહુ નથી. બધી શાળાઓ ઉપર અંત્યજોને દાખલ કરવાનો બોજો છે જ. અંત્યજોને દાખલ કરવાનો નિયમ વિદ્યાપીઠે પોતાની હસ્તીને જોખમે કર્યો. શિક્ષકોએ શું કર્યું? માબાપોએ શું કર્યું? માબાપો ડરે છે. અંત્યજો વિના શાળા ચલાવવા તેઓ તૈયાર છે. અંત્યજોને દૂર રાખી શકાતા હોય તો સારુ એ એમની વૃત્તિ છે. તેથી શાળાઓમાં ઘણાં અંત્યજ બાળકો નથી. આપણે સદ્‌ભાગ્યે ઈન્દુલાલ, મામા અને

Gandhi Heritage Portal

બીજા સેવકોને પ્રતાપે આપણી પાસે ૧૫ અંત્યજ શાળાઓ છે. એ અંત્યજ શાળાઓ આપણી નામોશીની નિશાની છે — આપણી કાર્યશક્તિની કે ઉદારતાની નહીં. જ્યાં અંત્યજો પ્રત્યે તિરસ્કાર હોય ત્યાં જ જુદી શાળાની જરૂર પડે; નહીં તો અંત્યજ બાળકો સામાન્ય શાળાઓમાં જ હોય, આપણે પ્રેમનો બળાત્કાર કરીને અંત્યજ બાળકોને લઈ આવીએ. પહેલાં એને શિખવાડીએ, પછી બીજાને. એમને શણગારીએ, નવડાવીએ, ખવડાવીએ — તોતડા હોય તો એમના ઉચ્ચાર સુધારીએ. પણ આપણે એ નથી કર્યું, એ મોટો ગુનો છે, નાનો નથી.

અસ્પૃશ્યતાનિવારણને જો આપણે મહાસભાનું અંગ માનતા હોઈએ — માનવું પડશે — તો જ્યાં સુધી આપણે અંત્યજોને દૂર રાખ્યા કરીશું, એમને ભેટવા તૈયાર નહીં થઈએ ત્યાં સુધી હિંદુસ્તાનમાં સ્વરાજ અશક્ય છે. મારા આ વચનનો દુરુપયોગ અંગ્રેજી છાપાં કે વક્તાઓ કરે. પણ તેને વિષે હું બેફિકર છું. આપણે સ્વરાજ આત્મશુદ્ધિથી જ લેવું રહ્યું છે. એટલે આ વચન તો હું સંભળાવ્યા જ કરવાનો.

### બોદા રૂપિયા

મને સંભળાવવામાં આવે છે કે શિક્ષકો રાજીનામું આપશે, છોકરાંઓ ચાલ્યાં જશે, પણ તેથી શું? બેલગામવાળાએ અને જમનાલાલજીએ મને ખબર આપી કે ઠેકઠેકાણે રાજીનામાં અપાઈ રહ્યાં છે. કેટલીક જગ્યાએ તો સમિતિ ચલાવવા પૂરતા સભ્યો પણ નથી રહ્યા. હું એ સાંભળીને રાજી થયો. મારી પાસે એક કરોડ રૂપિયા હોય, એને એરણ ઉપર મૂકી જોઉં અને બોદા બોલે તો એને હું શું કરું? એને તો હું સાબરમતીમાં જ પધરાવી દઉં. પણ એક કરોડમાં એક સાચો હોય અને એ કોઈક દિવસ શોધી લેવાનું મને કહેવામાં આવે તો મને તે કયે દિવસે મળે? મારે મારા છોકરાને માટે આટો લાવવો હોય તેમાં મને એ શી રીતે કામ લાગી શકે? હું તો આજે જ એ સાચાને શોધી લઉં અને બીજાને નાખી દઉં. એટલે હું રાજીનામા વિષે બેફિકર છું. એ બોદા રૂપિયા ભલે જતા. આપણે શિક્ષકો નિર્ભય બનીએ, સત્ય ઉપર નિર્ભય રહીએ અને કહીએ કે અંત્યજ બાળકો જે શાળામાં ન આવી શકે તે રાષ્ટ્રીય શાળા નથી, સ્વરાજની શાળા નથી, અસહકારી શાળા નથી. હું તો સ્વરાજનો ચોકસી રહ્યો. જે કામની શાળા હોય એની જ હું કિંમત આંકું. આપણે જોરપૂર્વક દૃઢ નિશ્ચય કરીને જઈએ કે જે શાળામાં અંત્યજોને મનાઈ હોય, આડકતરી રીતે માબાપો અંત્યજોને દૂર રાખવા માગતાં હોય તે શાળાનો ત્યાગ કરીએ. અંત્યજવાડામાં જઈને રહીએ ને અંત્યજ બાળકોને શિખવાડીએ. શહેરનાં બાળકો ત્યાં આવે તો ઠીક, નહીં તો એટલો બોજો ઓછો, એટલું પૈસાનું જોખમ ઓછું. આપણી પાસે પૈસા નથી. આપણને પ્રજા પૈસા આપતી નથી. અંત્યજનું કામ પ્રજાને પસંદ નથી, એ કામ અત્યારે પ્રજાપ્રિય નથી તેથી પ્રજા પૈસા આપતી નથી એમ સમજવામાં શું ખોટું? છતાં આપણે તો એ કર્યે જ જવાનું છે. આપણને સૂઝે કે પ્રજા ખોટે પાટે છે, એણે સાચે પાટે ચડવું જ જોઈએ, અને જ્યારે જશે ત્યારે આપણે સિગ્નલર્સ તૈયાર છીએ. જે શાળામાં અસહકારના હમેશના અંગને આપણે ન પોષી શકીએ છતાં તે રાષ્ટ્રીય શાળા છે એમ મનાવીએ તો આપણે પાપમાં પડવાના.

### સૂતરને તાંતણે સ્વરાજ

હું દીવાનો થયો છું? સૂતરને તાંતણે સ્વરાજની વાત આપણે માનતા હોઈએ તો એ પ્રમાણે કરી બતાવવું જોઈએ. મારી ઉપર બે કાગળો આવ્યા છે તેમાં લખ્યું છે "તું મૂરખ

Gandhi Heritage Portal

થયો છે. પહેલાં તો રેંટિયાની વાતમાં કાંઈકે મર્યાદા રાખતો હતો, હવે તો એ પણ છોડી છે.” દુનિયા મને મૂરખ કહે, દીવાનો કહે, ગાળો દે તોયે હું તો એ જ વાત કરવાનો. મને બીજી વાત ન સૂઝે તો હું શું કરું? હું તો મહાવિદ્યાલયના સ્નાતકને પણ નાપાસ કરું. પ્રમાણપત્ર ન આપું જ્યાં સુધી તે રેંટિયાની પરીક્ષા પાસ ન કરે. એવો વાંધો લેવામાં આવે છે કે આમાં બળાત્કાર છે. બળાત્કાર એટલે શું? અંગ્રેજી, ગુજરાતી, સંસ્કૃત શીખવું પડશે એવા નિયમ રાખીએ છીએ ત્યાં બળાત્કાર નથી? તે જ પ્રમાણે કહીએ કે કાંતવાનું પણ ફરજિયાત શીખવું પડશે. આપણે એમાં ન માનતા હોઈએ તો બીજી વાત. વિદ્યાર્થીઓને કહેવું કે કાંતશો નહીં તો શાળામાં નહીં રહી શકો એમાં શું ખોટું છે? ગૂમડાંને અડતાં માણસ રાડ પાડે એટલે શું નહીં અડીએ? ગૂમડાંને ફોડી નાખીશું પછી તો એ રાજી જ થશે. એમાં બળાત્કાર નથી પણ સુવ્યવસ્થા છે. આપણે જે વસ્તુ જરૂરની કલ્પી છે તે શરમાયા વિના બાળકો આગળ મૂકવી જોઈએ. જે બાળકોને અને માબાપોને એ કબૂલ ન હોય તે ન આવે. પ્રાથમિક શાળા, વિનય મંદિર, મહાવિદ્યાલય સ્વરાજશાળા હોય તો તેમાં આ નિયમ હોવો જ જોઈએ. બીજો વિચાર આપણે માટે અપ્રસ્તુત છે. જેના વિચાર બદલાયા હોય તે રાજીનામું આપે. મહાસભાનો ઠરાવ કાયમ છે ત્યાં સુધી એવો માણસ રહી જ નથી શકતો.

આ બે શરતોને આપણે ન જ છુપાવીએ. માબાપોનો શો ડર? માબાપને એ વસ્તુ પસંદ ન હોય તો સરકારી શાળામાં મોકલે એ? તો પછી સરકારી શાળામાં અને રાષ્ટ્રીય શાળામાં ભેદ શો? હું જ કહેનારો હતો કે આપણી શાળાઓમાં સ્વતંત્રતાનું વાતાવરણ છે એ જ ભેદ છે. કોઈ કહેશે કે એટલું બસ નથી? છે જ. પણ રેંટિયાને અને અંત્યજને મેં કદી વિસાર્યાં જ નથી. સ્વતંત્રતા એ સ્વછંદ છે એમ મેં સ્વપ્ને પણ માન્યું નથી. બાળકો ભલે શિક્ષકોને માથે ચડે, ગાળો દે, તુંકારે, પણ કહ્યું તો જરૂર માને. જે બાળક અંત્યજની ગરદન ઉપર બેસે એ સ્વતંત્રતાને શું જાણે? એને સ્વતંત્રતાનો રસ પણ શો હોય? બારડોલીના ઊજળા લોકો દૂબળાને ચગદતા હોય એ તો જુલમને જાણે, એ સ્વરાજને શું જાણે? જુલમ માત્ર ટાળવાની શિક્ષકોની પ્રતિજ્ઞા છે. દરેક પરીક્ષા સાથે વિદ્યાર્થીએ આટલું સૂતર તો આપવું જ જોઈએ એવો નિયમ હું જરૂર મૂકું. પછી થોડા જ સમયમાં હું બતાવી શકું કે દરેક રાષ્ટ્રીય શાળા સ્વાશ્રયી બની શકે.

હિંદુસ્તાન આગળ સિદ્ધાંત મૂકી રહ્યો છું તે સાચા છે એમ બતાવી શકું, આપણે શાળાને “રાષ્ટ્રીય” રાખવા માગતા હોઈએ તો એ બંને વસ્તુ કરવી જ જોઈએ. દરેક શિક્ષક કાંતતાં, પીંજતાં, લોઢતાં, કપાસ ઓળખતાં ન જાણતો હોય તો જાણી લે. પોતાનો નવરાશનો બધો વખત એમાં જ આપે. પોતે નહીં જાણતો હોય તે બાળકોને શું શિખવાડશે? કોઈ શિક્ષક કહેશે કે અમે તો ભાષાજ્ઞાન જ આપીશું, કાંતતાં, વણતાં શીખવવા બીજાને રોકો. જેમ આપણને દરેકને ખાવાની શક્તિ છે અને કપડાં પહેરતાં આવડે છે, તેમ કાંતતાં વગેરે પણ આવડવું જ જોઈએ. એમ હોય તો જ બાળકને પદાર્થપાઠ આપી શકાય.

### હિંદનાં હાડપિંજરો

અત્યાર સુધી જેટલો પૈસો ખરચાયો છે તેટલો મહાવિદ્યાલય, વિનય મંદિરો અને અંત્યજ શાળાઓ ઉપર ખરચાયો છે. પ્રાથમિક શાળાઓ ઉપર વિદ્યાપીઠે ભાર નથી દીધો. મેં જે સિદ્ધાંતો બતાવ્યા તે જીવંત કરવા ઇચ્છતા હોઈએ તો વિદ્યાપીઠને ખાદીશાળા બનાવવી

Gandhi Heritage Portal

જોઈએ. અસહકારની ચળવળ સાર્વજનિક છે. થોડાને સારુ નથી. આપણે કરોડોનાં હાડપિંજરોની જાગૃતિ ઇચ્છીએ છીએ, એ હાડપિંજરોને ચરબીથી ઢાંકવા ઇચ્છીએ છીએ. આપણને ખોરાક મળે છે, એટલે આપણામાં ચરબી છે. આપણે ઠીક ઠીક દેખાઈએ છીએ એમ આપણને થાય છે. હિંદુસ્તાનનાં હાડપિંજરોને ચામડી સિવાય બીજું ઢાંકણ નથી. એ હાડપિંજરો જોઈ હું રોયો હતો. તમે જુઓ તો તમે પણ રડો. અને કહો કે "આવી સ્થિતિ છે?"

મુંબઈના માણસને શી ખબર હોય કે હાડપિંજર કેવાં હોય? આપણું કાર્ય જનતામાં જાગૃતિ આણવાનું છે. છાપાં બંધ થાય તોયે શું? આમવર્ગ છાપાં વાંચનારો નથી. એ તો મને વાંચે, તમને વાંચે. તેમની પાસે બે આંખ ખડી કરી દો, તેને જ તે જોવાના છે. આને વેદ-વાક્ય સમજજો. તમારી આંખમાં કંઈક હશે તો માણસો સમજશે. અને છાપાંને તેઓ હસી કાઢશે.

### ગંગોત્રી બનાવો

આપણે આમવર્ગને કેળવવા માગતા હોઈએ તો મહાવિદ્યાલય પર ભાર ભલે દઈએ પણ છેવટે તો તેને ગંગોત્રી જ બનાવી દઈએ. છેવટે તેના વિદ્યાર્થીઓ તૈયાર થઈ ગામડાંમાં જ જઈ બેસે. એ જ વિચારથી એમને તૈયાર કરો. ભલે થોડા આવે તો થોડા તોયે હરકત નહીં.

### પ્રાથમિક શાળાઓ

પણ હું ભાર તો પ્રાથમિક શાળાઓ ઉપર દેવા ઇચ્છું છું. પ્રાથમિક શાળાઓની ઉપર વિદ્યાપીઠ વધારે ધ્યાન આપે, તેને વિષે વધારે જવાબદારી લે એમ હું ઇચ્છું. પ્રાથમિક શાળાઓ કેવી રીતે ચલાવવી તેનો વિચાર કરવો જોઈએ. હું મારો વિચાર બતાવી દઉં છું. સરકારી શાળાનું અનુકરણ કરવા બેસવું એ મૂર્ખાઈ છે. બે વર્ષ ઉપર મેં यंग इन्डियामां[1] કેટલાક આંકડા છાપ્યા હતા, તેમાં બતાવેલું હતું કે પંજાબમાં ૫૦ વર્ષ પર પ્રાથમિક શાળાઓ હતી તેના કરતાં આજે ઓછી છે. બ્રહ્મદેશમાં પણ ઠેરઠેર શાળાઓ હતી. બધાં બાળકોને લખવા-વાંચવાનું અને હિસાબનું જ્ઞાન હતું. આજે તે સ્થિતિ નથી, કારણ જંગલી ગણાતી ગામઠી શાળાઓ સરકારે બંધ કરી અને પોતે સ્થાપેલી શરૂ કરી. સાત લાખ ગામડાંને સરકાર શું પહોંચે? સાતમાંથી ત્રણ લાખમાં તો શાળા નથી. એવી દીન સ્થિતિ હોય ત્યાં સરકારની ઢબની શાળાઓ ઊભી કરવામાં શો સાર હોય? આપણે શાળાના મકાન વિના ચલાવી લઈએ, માત્ર ચારિત્રવાન શિક્ષક જોઈએ. જૂના મહેતાજીઓ આવા શિક્ષકો હતા. તેઓ છોકરાને ભણાવતા અને ભિક્ષા માગીને ચલાવતા. લોટ માગી લાવે. ઘી મળે તો ઘી લાવે. આવા મહેતાજી સારા નહોતા ત્યાં સારી કેળવણી નહોતી મળતી, સારા હતા ત્યાં સારી મળતી. એનો આજે લોપ થઈ ગયો છે. સુશોભિત મકાનથી કેળવણી નહીં આપી શકાય. ગામડાંમાં જઈને સાદાઈથી રહીને રેંટિયા વગેરેનું કામ કરવાના હોઈએ તો સંઘ દ્વારકા પહોંચી શકશે. વિદ્યાપીઠ પાસે એનો વિચાર કરાવીએ પણ વિદ્યાપીઠ એ તમારા મારાથી પર વસ્તુ નથી. વિદ્યાપીઠ પાસે પાંચસાત માણસ યોજના ઘડીને મૂકે અને આપભોગી માણસ ગામડાંમાં બેસવા અને લૂખું-સૂકું જે મળે તે ખાવા તૈયાર હોય તો એ બને.

મારા ઉપર એક કાગળ છે જે नवजीवनમાં છાપ્યો છે. તેમાં એક શિક્ષક લખે છે કે પોતે ત્રણ બાળકથી શરૂઆત કરેલી. આજે તેમની પાસે ૯૬ બાળકો છે. ૭૩ છોકરા છે અને

૧. આ આંકડા ૧૯૨૦ના ડિસેમ્બરની ૮મી અને ૧૯૨૧ના જાન્યુઆરીની ૨૬મીના જુદા જુદા અંકોમાં છપાયેલા દૌલતરામ ગુપ્તાના લેખોમાં આપેલા છે.

Gandhi Heritage Portal

૨૩ છોકરીઓ છે. એમને તે ઝાડની નીચે ભણાવે છે. એ બાળકો બ્રાહ્મણ-વાણિયાનાં નથી. અંત્યજની જ શાળા છે, અને અંત્યજ શિક્ષક જે કરી શક્યો તે તમે અને હું નહીં કરી શકીએ? આપણને અંત્યજ બાળક પણ નહીં મળી આવે? તે પણ ન મળે તો અખતરો બીજે અજમાવશું. હું એ કહેવા ઇચ્છું છું કે પ્રાથમિક કેળવણીના કાર્ય ઉપર ખૂબ ધ્યાન આપવું જ જોઈએ.

### દુ:ખના દાવાનળ

મેં સાંભળ્યું કે માબાપ આપણા શિક્ષણક્રમથી કાયર થયાં છે. છોકરાંને માતૃભાષા દ્વારા શિક્ષણ અપાય છે, તે તેમને સાલે છે! આ સાંભળીને હું હસ્યો. દુ:ખ તો પાછળથી થયું. દુ:ખના દાવાનળ જ્યારે સળગે છે ત્યારે માણસ રડી નથી શકતો. હસે છે. મને થયું કે આ કેટલી બધી અધોગતિ! માબાપોને ભય છે કે છોકરાં અંગ્રેજી સારું ન બોલી શકે, ખરાબ ગુજરાતી બોલશે તે તેમને નથી સાલતું. ગુજરાતી ભણશે તો કેળવણી કાંઈક ઘરમાં પણ લાવશે એનો એમને વિચાર શેનો હોય? મને પોતાને ભૂમિતિ, બીજગણિત, ગણિતની પરિભાષા નથી આવડતી. "સર્કલ" શબ્દનું ગુજરાતી પૂછે તો મારે વિચાર કરવો પડે. ત્રિકોણનાં જુદાં જુદાં અંગ્રેજી નામ હું જાણું, પણ ગુજરાતી નામો એકે ન આવડે. આ તે કેવી સ્થિતિ? માબાપને હું તો કહું કે તમારાં છોકરાં તમને જ મુબારક. શું હું અંગ્રેજીમાં શીખવીને બીજાને ગુજરાતી શબ્દ પૂછવા જાઉં? તેને માટે રાષ્ટ્રીય શાળા ઊભી કરી પૈસા ભેગા કરું એના કરતાં હું પોતે જ બેસી જાઉં. આના કરતાં હું પોતે જ બધી જ પરિભાષા શીખી લઉં, અને પછી ધોધ ચલાવું. એકે અંગ્રેજી વિદ્વાનને પોતાની ભાષાના શબ્દોની મુશ્કેલી આવતી નથી જાણી. સ્પર્જ્યન કરીને એક અંગ્રેજ ભારે વિદ્વાન નહોતો, પણ બોલવા બેસે ત્યારે ધોધ ચાલે, ઝીણામાં ઝીણા નૌકાસૈન્યના શબ્દોનો ધોધ ચલાવીને બધાને છક કરી મૂકતો. આપણા મોટામાં મોટા સાક્ષરો નરસિંહરાવ[1] અને આનંદશંકર,[2] એમને આવા કોયડા પૂછું, એમની પરીક્ષા ખોટી દાનતથી લેવાને જાઉં, તો તેમને તરતોતરત નાપાસ કરી દઉં. આવી કંગાળ સ્થિતિ છે ત્યાં મને કહેવામાં આવે કે અંગ્રેજી મારફતે શિખવાડો તો હું ના પાડું. એટલું કબૂલ કરી લઉં ખરો કે માતૃભાષા દ્વારા શિક્ષણ એ કાંઈ અસહકારનું અંગ નથી. કોઈ માબાપ કહે કે મારા છોકરાને સારું અંગ્રેજી શીખવો, અને સાથે તમારો રેંટિયો, સંગીત વગેરે ભલે શીખવો, તો હું જરૂર એવું સાટું કરી લઉં. ચાર કલાક અંગ્રેજી ભણાવું, અને ચાર કલાક રેંટિયો ફેરવાવું. અંગ્રેજી શીખવતાં પણ ગુજરાતી શીખવાય એટલું શીખવી લઉં. એટલે અંશે તો માબાપોને છેતરું પણ, કારણ મારા મનમાં તો ચોરી જ હોય. એમ. એ. થયેલા પણ ખોટું અંગ્રેજી લખે છે, ખોટી જોડણી કરે છે.

### સ્ત્રીશિક્ષણ

સ્ત્રીકેળવણીને વિષે મારે બહુ કહેવું હતું. પણ એ વિષય ગંભીર છે. એક રીતે એને લડત સાથે સંબંધ નથી. આપણે સ્ત્રીઓને અજ્ઞાન તો નથી જ રાખવા માગતા. પણ સ્ત્રીકેળવણીની પદ્ધતિ કઈ હોય, કન્યાઓના અને સ્ત્રીઓના શિક્ષણના બે ફાંટા કયાં પડે એ બધો નોખો વિષય છે, કેવળ કેળવણીનો છે. અત્યારે તો આપણી દૃષ્ટિ સંકુચિત છે, અત્યારે તો બાળાઓને

૧. નરસિંહરાવ દિવેટિયા.
૨. આનંદશંકર ધ્રુવ.

Gandhi Heritage Portal

પ્રાથમિક શાળામાં ખેંચી આણી હું રેંટિયા જ કંતાવું. બીજા ઝીણા પ્રશ્નોનો વિચાર મેં નથી કર્યો, જોકે છોકરીઓના શિક્ષણના અખતરા મારા જેટલા બીજાએ ભાગ્યે કર્યા હોય. જુવાન છોકરાછોકરીઓને મેં સાથે ભણાવ્યાં છે; એને સારુ મને પશ્ચાત્તાપ નથી. મારાં આંગળાં દાઝયાં છે ખરાં, પણ તે ખોવાયાં નથી, કારણ તેમના ઉપર હું સિંહ જેવો ગર્જી રહ્યો હતો. તમે હરગિજ ન માનશો કે હું એ વિષે વધુ નથી બોલતો તેથી એની અવગણના કરું છું.

મારા વિચારોના દોહન તરીકે આ ઠરાવો[1] મેં ઘડયા છે. એના ઉપર તમે વિચાર કરી લેજો. મેં મૂકયા છે માટે જ તેને ન સ્વીકારશો. મહાસમિતિમાં તો હું ડાંગ લઈને ગયેલો કે મારા ઠરાવ તમારે કબૂલ કરવા જ જોઈએ; અહીં તો કેવળ સલાહરૂપે જ એ ઠરાવો રજૂ કરું છું. એ ઠરાવોનો નિર્ભયતાથી વિરોધ કરશો તેનું મને દુઃખ નહીં થાય પણ દુઃખ થશે પાખંડનું, પ્રતિજ્ઞા કરીને નહીં પાળે તેનું. અહીં પાખંડ નથી, કારણ પ્રતિજ્ઞા પણ નથી.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૩-૮-૧૯૨૪

## ૨૬૯. રાષ્ટ્રીય કેળવણી પરિષદના ઠરાવો[2]

અમદાવાદ,
ઑગસ્ટ ૧, ૧૯૨૪

દરખાસ્ત ૧લી – આ પરિષદનો એવો અભિપ્રાય છે કે રાષ્ટ્રીય શાળાઓની ઉત્પત્તિ સ્વરાજસિદ્ધિને અંગે ને અસહયોગને મદદ કરવાના હેતુ હોવાથી શાળાઓ ચલાવવામાં અસહયોગના સિદ્ધાંતોનો કોઈ પણ રીતે ત્યાગ ન થવો જોઈએ.

દરખાસ્ત ૨જી – આ પરિષદનો એવો અભિપ્રાય છે કે શાળાઓ ચલાવવામાં શિષ્યોની સંખ્યાઓ ઉપર નહીં પણ તેઓની લાયકાત ઉપર વજન દેવું જોઈએ. તેથી છોકરાછોકરીઓ એવાં દાખલ કરવાં, કે જેનાં માબાપો સ્વરાજ અને અસહયોગની દૃષ્ટિએ સ્વીકારેલા સિદ્ધાંતોને પસંદ કરતાં હોય, એટલે

(૧) જેઓ હિંદુ હોય તો અસ્પૃશ્યતાને પાપ માનતા હોય, ને જેઓને અંત્યજનાં બાળકો પોતાનાં બાળકોની સાથે બેસે ને ભણે તેનો બાધ ન હોય;
(૨) જેઓ પોતાનાં બાળકોને વણાટની કળાનું જ્ઞાન મળે તે પસંદ કરે; અને
(૩) જેઓ હિંદુમુસલમાન અને ઇતર ધર્મી ભારતવાસીઓની વચ્ચે ઐકયની આવશ્યકતા અને શકયતામાં શ્રદ્ધા રાખતા હોય.

દરખાસ્ત ૩જી – આ પરિષદનો અભિપ્રાય છે કે રાષ્ટ્રીય શાળાના શિક્ષકો એવા હોવા જોઈએ કે જેઓ સ્વરાજસિદ્ધિને સારુ શાંતિ અને સત્યને તથા અસહયોગનાં બધાં અંગોને આવશ્યક સાધનો માનતા હોય.

૧. જુઓ આ પછીનો લેખ.
૨. પરિષદના પ્રમુખ તરીકે ગાંધીજીએ આ ઠરાવો રજૂ કરી તે ઉપર ચર્ચા શરૂ કરી હતી.

Gandhi Heritage Portal

**દરખાસ્ત ૪થી** – આ પરિષદનો એવો અભિપ્રાય છે કે દરેક શિક્ષક અને શિક્ષિકા જેનામાં એ જ્ઞાન ન હોય તેણે કપાસની જાત ઓળખવાનું, તેને લોઢવાનું, પીંજવાનું, પૂણીઓ બનાવવાનું, સૂતર કાંતવાનું અને સૂતરના આંક અને ગુણની પરીક્ષા કરવાનું જ્ઞાન તુરત મેળવી લેવું જોઈએ.

**દરખાસ્ત ૫મી** – પ્રાથમિક શાળાઓના શિક્ષકોની શિક્ષણશક્તિ વધે એટલા સારુ શિક્ષકોને સારુ વિદ્યાપીઠ નીચે પ્રમાણે યોજના કરે એ ઇષ્ટ છે :

(૧) શિક્ષકોને સારુ અભ્યાસક્રમ ઘડવો;
(૨) બધા શિક્ષકોની એક સામાન્ય પરીક્ષા લેવી;
(૩) નવા શિક્ષકોની છ માસિક પરીક્ષા લેવી;
(૪) શિક્ષકોને સારુ પત્ર દ્વારા શિક્ષણવર્ગ (કૉરસ્પૉન્ડન્સ કલાસ) કાઢવા;
(૫) તે શિક્ષકોની શિક્ષણશક્તિ વધે એવાં બીજાં કાર્યો કરવાં.

**દરખાસ્ત ૬ઠ્ઠી** – અસહયોગનું શાશ્વત સ્વરૂપ આત્મશુદ્ધિ હોવાથી, અને અસહયોગનાં તત્ત્વો ગામડાંઓમાં વ્યાપક કરવાનો મહાસભાનો પ્રયત્ન હોવાથી અને ગામડાંઓમાં આત્મ-શુદ્ધિનું કામ બાળકોથી જ શરૂ થવું જોઈએ, એવી આ પરિષદની માન્યતા હોવાથી, આ પરિષદનો એવો અભિપ્રાય છે કે ઉચ્ચ શિક્ષા અને મધ્યમ શિક્ષાની સરખામણીમાં વિદ્યાપીઠે પ્રાથમિક શિક્ષણને પ્રધાનપદ આપવું જોઈએ; તેથી તે દૃષ્ટિએ ઉચિત લાગે તે ફેરફાર કરી વિદ્યાપીઠે ગામડાંઓમાં પ્રાથમિક કેળવણીનો પ્રચાર કરવો ઘટે છે.

**દરખાસ્ત ૭મી** – આ પરિષદનો એવો અભિપ્રાય છે કે રાષ્ટ્રીય ગ્રામ્ય શાળાઓની સ્થાપનામાં હાલની સરકારી શાળાઓનું અનુકરણ કરવાને બદલે પૂર્વે જે પ્રમાણે શાળાઓ ચાલતી હતી તેનું બને તેટલું અનુકરણ કરી ગ્રામ્ય શાળાઓ ચલાવવી ઘટે છે.

**દરખાસ્ત ૮મી** – રાષ્ટ્રીય શિક્ષણને ઉત્તેજન મળે એવા શુભ હેતુથી વિદ્યાપીઠે તથા સ્વતંત્ર રાષ્ટ્રીય સંસ્થાઓએ પાઠ્યપુસ્તકો પ્રગટ કર્યાં છે, તેને સારુ તેમને આ પરિષદ ધન્યવાદ આપે છે, પણ તેની સાથે જ આ પરિષદ એવો અભિપ્રાય રાખે છે કે પાઠ્યપુસ્તકોની સંખ્યા કરતાં તેના ગુણની તરફ વિદ્યાપીઠે તથા બીજી સંસ્થાઓએ વધારે ધ્યાન દેવું ઘટે છે; અને તેની જ સાથે આ મુલકની ગરીબાઈનો પણ ખ્યાલ રાખવાની આવશ્યકતા છે.

[મૂળ ગુજરાતી]

नवजीवन, ३–८–१९२४

Gandhi Heritage Portal

# ૨૭૦. રાષ્ટ્રીય કેળવણી પરિષદમાં ભાષણ[1]

ઑગસ્ટ ૨, ૧૯૨૪

આ ઠરાવ ઉપર ઠીક ચર્ચા થઈ છે. કાકાએ જે ઉત્તેજનના શબ્દો કહ્યા છે તેના ઉપર હું ઠંડું પાણી રેડવા માગું છું. ઉશ્કેરણીમાં આવી જઈને તમે આ ઠરાવને વધાવી લેશો તો તેથી લાભ નથી. આપણામાં એ ઠરાવનો અમલ કરવાની શક્તિ ન હોય તો તેમ કબૂલ કરવું જોઈએ. એમ કબૂલ કરવું એ નબળાઈ નથી પણ સબળાઈ છે. નબળાઈનો નમૂનો જોવો હોય તો હું છું. મારા ઉપર જેટલા કાંકરા ફેંકો તેટલા ફેંકી શકો એમ છો. પોતામાં ન હોય તેટલું બતાવ્યા જ કરવું એમાં હુંપદ છે, મમતા છે. જેમનાથી આ ઠરાવમાં કહ્યું છે તેટલું ન થઈ શકે તેઓ અહીંયાં જ ઊભા રહી જાય. બાકીના તો સોએ સો ટકા આવે. હું તો સો ટકા જ લેવા ઊભેલો છું. આપણી શક્તિનું માપ કાઢ્યા વિના આગળ વધશું તો પેલી જે મિલ[2] તૂટી પડી તેના જેવા આપણા હાલ થવાના છે. બીજાં મકાનો રહ્યાં ને એ મિલ જ તૂટી પડે તો એમાં કંઈક તો નબળાઈ હોવી જ જોઈએ. આપણે એ સ્થિતિમાં મુકાવા નથી ઇચ્છતા. તેથી આ ઠરાવથી આપણે એ જાણવા માગીએ છીએ કે આપણી પાસે અસહકારના સિપાઈ કેટલા છે, અસહકારના સિદ્ધાંતને માનનારા કેટલા છે.

ખરું જોતાં સિદ્ધાંતની વાત એ ગોળગોળ છે, પણ ખરી વાત તો બે જ છે : અંત્યજ અને રેંટિયો. એને સારુ આપણે તૈયાર છીએ કે નહીં? એકમાં હૃદય હલાવવાની ને આજીવિકા જોખમમાં મૂકવાની વાત છે. બીજીમાં આળસ તજી હાથ હલાવવાની વાત છે. એટલી જેની ઇચ્છા ન હોય, એટલું જેનામાં બળ ન હોય તેણે આમાંથી ખસી જવું ઘટે છે.

અસ્પૃશ્યતા એ તો હિંદુ ધર્મમાં મહાપાપ છે. જેમ કાળચક્ર ફરે છે તેમ હિંદુ ધર્મની કસોટી થતી જાય છે. એ કસોટીમાં નાપાસ થાય તો હિંદુ ધર્મ દુનિયામાંથી નીકળી જવાનો છે એ વિષે મારા મનમાં લવલેશ શંકા નથી. આપણી આગળ સવાલ એ છે કે આપણે હવે શુદ્ધ થવું છે કે બીજાંને અસ્પૃશ્ય રાખીને પોતે જગતમાં અસ્પૃશ્ય બનવું છે? દક્ષિણ આફ્રિકામાં, પૂર્વ આફ્રિકામાં અને અહીંયાં હિંદુસ્તાનમાં પણ આપણે અસ્પૃશ્ય બન્યા છીએ. અહીંયાં અંગ્રેજોનાં થાણાંમાં આપણને પેસવાની મનાઈ છે. અંગ્રેજો એ અહીં આવીને જ શીખ્યા છે. એમણે જોયું કે "અહીંયાં કંઈક વિચિત્ર ધર્મ છે, એક માણસને અડકતાં બીજો માણસ અભડાઈ જાય છે, એકનો છાંયો પણ બીજો લેતો નથી. આપણે પણ એ જ રીતે ચાલીએ નહીં તો જોખમમાં આવી પડશું." આમ માનીને તેમણે પોતાના વાડા તૈયાર કર્યા. એમાં એમનો દોષ છે એમ મને જરાયે નથી લાગતું, આપણે જ તેઓને અસ્પૃશ્યતા શીખવી છે.

તમારામાં હૃદયબળ હશે તો તમે રેંટિયો પણ લઈને બેસી જશો અને એવાં બાળકોને શોધી કાઢશો કે જેમને આ બે વસ્તુઓ તમે શીખવી શકશો. એ બે વસ્તુથી તમે તેમને ભીના

૧. આ ભાષણ પરિષદના મહાદેવ દેસાઈના હેવાલમાંથી લેવામાં આવ્યું છે. ગાંધીજીએ જ્યારે પાંચમો ઠરાવ રજૂ કર્યો ત્યારે આ ભાષણ આપ્યું હતું.

૨. જુઓ "મિલમાં અકસ્માત", ૩-૮-૧૯૨૪.

Gandhi Heritage Portal

કરી મૂકશો. એ બે થઈ શકે તો તમારે માટે ઘણું છે. તમે બીજાની ઉપાધિ ન રાખો. બીજુ બધું ઈશ્વર પર છોડી દો. તમારામાં બળ હશે તો તમારો રસ્તો સાફ પડેલો છે.

આમ કરતાં આજીવિકા જોખમમાં આવી પડે તો? આજીવિકા જોખમમાં ન આવી પડે એવી સ્થિતિ ઉત્પન્ન કરવાને સારુ જ આપણે સ્વરાજની ચળવળ ચલાવી રહ્યા છીએ. એ ચળવળને સફળતા મળી ત્યારે જ ગણાશે જ્યારે સેંકડો, હજારો, લાખો બાળકો અને બાળાઓ આજીવિકાની ચિંતા મૂકી દેશે, આજીવિકાને વિષે બેદરકાર બની જશે. સ્વતંત્રતા ભોગવતા દરેક દેશમાં છોકરાછોકરીઓ કર્તવ્ય કરતાં આજીવિકાનો ખ્યાલ જ નથી કરતાં. આજીવિકાની જેટલી હાય અહીં છે તેટલી બીજે ક્યાંય નથી. હિંદુસ્તાનનો દાવો છે કે પોતે આત્માના વ્યવસાયને પ્રધાનપદ આપે છે. જે દેશ આવો દાવો કરે છે તે જ દેશમાં મોતનો અને આજી-વિકાનો ભય જેટલો છે તેટલો બીજે ક્યાંય નથી. હું આમ બોલું છું કારણ મારું હાડ હિંદુ છે. આજીવિકાનો ભય આપણને શાને સારુ હોવો જોઈએ? આજીવિકાને સારુ વણાટ તો આપણી પાસે પડેલો જ છે. તે નહીં થાય તો લાકડાં ફાડશું, પથ્થર ફોડશું ને ઉપાડશું. એથી આગળ વધીને પાયખાનાં સાફ કરવાનું પવિત્ર કામ કરશું તો તેમાંથી આપણને જોઈએ એટલા ૧૫–૨૦ રૂપિયા તો મળી જ રહેશે, એટલું જ નહીં પણ આપણી ખુશામત પણ થશે. એટલે સાચું જોતાં આપણી પાસે આજીવિકાનો તો પ્રશ્ન જ નથી. જેઓ સ્વરાજ ઈચ્છતા ને ઝંખતા હોય, જેમને લાગતું હોય કે આ યજ્ઞમાં આપણે આહુતિ આપવી જોઈએ, તેઓ આજીવિકાને તો ભૂલી જ જાય. પછી ભૂખે મરવા વારો આવે તો? માબાપ, સ્ત્રી વગેરે ભૂખ્યાં રહે તો? જગતને ખવડાવીને પછી પોતે ખાવું એ મહાન ધર્મ છે. એટલે આપણે ધર્મને અનુસરીને થાય તેટલી મહેનત અવશ્ય કરી છૂટીએ. મહાભારતકારે પુરુષાર્થ પ્રધાન કે પ્રારબ્ધ પ્રધાન એ ચર્ચ્યું છે, પણ નિશ્ચય નથી કરી શક્યા કે કયું પ્રધાન. પણ આપણે તો જોઈએ જ છીએ કે જ્યાં ત્યાં નસીબ બે ડગલાં આગળનું આગળ જ હોય છે. આપણે તો વધારેમાં વધારે મહેનત કરી છૂટવી એટલો જ આપણો ધર્મ છે. બહેનને હું પરણાવીશ એમ કહેવા જેટલો આપણને અહંકાર શો? બહેનને ખવડાવનાર પહેરાવનાર હું કોણ? મારી આંખ મીંચાઈ ગઈ તો? મારા જેવો તો પાછળ લખી પણ જાય કે બહેનને માટે વારસામાં હું પૈસા નથી મૂકી જતો પણ રેંટિયો મૂકી જાઉં છું.

હું ઉત્સાહની ભાષા બોલવા નહોતો માગતો, ઠંડું જળ રેડવા માગતો હતો, પણ અનાયાસે મારાથી બોલાઈ ગયું. તમારી આ બે વસ્તુઓ કરવાની તૈયારી ન હોય તો આ ઠરાવને ફેંકી દેજો. તૈયારી હોય, બળ હોય તો એને વધાવજો. નહીં વધાવી લો તો કામ આગળ વધવાનું નથી. પછી આપણે હિંદુસ્તાનને નહીં કહી શકીએ કે ગુજરાતમાં અમારી પાસે આટલી રાષ્ટ્રીય શાળાઓ છે ને આટલાં બાળકો છે.

[મૂળ ગુજરાતી]

नवजीवन, १०–८–१९२४

Gandhi Heritage Portal

# ૨૭૧. રાષ્ટ્રીય કેળવણી પરિષદમાં ભાષણ[1]

ઑગસ્ટ ૨, ૧૯૨૪

ભાઈ ચંદુલાલ મારા કહેવાનો અર્થ નથી સમજ્યા. આ પ્રશ્ન ગંભીર છે, મહત્ત્વનો છે, એટલો બધો ગંભીર છે કે આ પરિષદ તેને ચર્ચવાને અસમર્થ છે. પદ્માબહેન બોલ્યાં તેથી તો મને આશ્ચર્ય જ થયું.[2] મને તો ગુણિકા, બહેનને સ્થાને છે. તેમનાં મેં જ્યાં ગયો ત્યાં દર્શન કીધાં છે, હજી તેમનાં દર્શન કરવાનો છું, અને તેમની આગળ રેંટિયો ધરવાનો છું. મારા વિચારો જેલમાં ગયા પછી જરાય નથી મોળા પડ્યા. સ્ત્રીકેળવણી વિષે મારા વિચારો એટલા વેગથી ઊભરાઈ રહ્યા છે કે તે હું અહીં નહીં મૂકી શકું. મારો દાવો છે કે બીજા કોઈના કરતાં આ બાબત મેં વધારે વિચાર્યું છે. હું એ પણ દાવો કરું છું કે આ ચળવળને અંગે સ્ત્રીઓની જેટલી જાગૃતિ થઈ છે તેટલી કોઈની નથી થઈ.

રેંટિયો સ્ત્રીઓનાં હૃદયને હલાવ્યા વિના ન જ રહે. એ જ તેમની ખરી કેળવણી છે, હાર્દિક કેળવણી છે અને જે વસ્તુ તે પોતે કરી રહી છે તે વિષે વળી ઠરાવ શા કરવા? આ ઠરાવો તો થોથાં જેવા છે. આપણે આંગણે કેટલું બને છે તે આપણે જોતા નથી. જંગલી જેવી, અભણ જેવી ગણાતી સ્ત્રી પડદો છોડીને બહાર નીકળે એથી વધારે કેળવણી આપણે અનેક વર્ષોમાં પણ આપી શકવાના હતા શું? આ આંદોલનને અંગે જ સ્ત્રીકેળવણી તો ચાલી રહી છે; બલ્કે સ્ત્રીકેળવણી ન ચાલી રહી હોય તો આ આંદોલન સંભવી ન શકે.

સ્ત્રીકેળવણીનો વિષય તમારા, મારા કે આખા સમૂહના ગજાની ઉપરવટનો છે. એનો વિચાર કરવો એ તો દરિયો ઉલટાવવા જેવું છે. ઝાંઝવાનાં નીર હાથમાં ઝાલવાનો પ્રયત્ન કરવા જેવું છે. સ્ત્રી તો અર્ધાંગના છે, એ કેળવણી કોણ આપી શકે? થોડી સ્ત્રીઓ કર્વેના વિદ્યાપીઠની[3] ગ્રૅજ્યુએટો થાય તેમાં શું વળ્યું? તેથી કેળવણી નથી થવાની. સ્ત્રી અર્ધાંગના છે એ સમજાય એમાં જ ખરી કેળવણી છે.

આપણે તો એને માટે નિરાંતે બેસવું જોઈએ, વિચારવું જોઈએ, અનેક જણ સાથે મસલત કરવી જોઈએ. જો વિદ્યાપીઠના કુલપતિ તરીકે મારે કંઈક તો કરવું જ જોઈએ એમ હોય તો હું કહું છું કે ચંદુલાલ વગેરે જે બોજો મૂકે છે તે અસહ્ય છે. નથી આપણી પાસે સાધનો, નથી આપણી પાસે એટલી બહેનો. કુલપતિને કેટલીયે લાલસા રહેલી છે પણ એ બિચારો શું કરે? થોડા રૂપિયા વેરીને અને થોડી કન્યાશાળાઓ ખોલીને સ્ત્રીકેળવણી નહીં થઈ શકે. તેથી હું ચુપચાપ બેઠો છું. આપણી શાળાઓ અને વિદ્યાલયો બાળાઓને લેવાને તૈયાર જ છે.

૧. મહાદેવ દેસાઈના પરિષદના હેવાલમાંથી ઉતારો. ચંદુલાલ દવે ઠરાવ લાવ્યા હતા કે અમદાવાદની રાષ્ટ્રીય વિદ્યાપીઠે સ્ત્રીઓની કેળવણી માટે ચોક્કસ ગોઠવણ કરવી જોઈએ. ગાંધીજીએ એ અંગે આ ભાષણ આપ્યું હતું.

૨. ચંદુલાલ દવેના ઠરાવને ટેકો આપતાં પદ્માબહેને કહ્યું હતું : "જે ગાંધીજી વેશ્યા છોકરીઓ માટે સદ્ભાવ રાખે છે, તેઓ આપણા પ્રત્યે ધ્યાન ન આપે તો આપણી શી દશા થાય?"

૩. પૂનામાં શ્રી ડી. કે. કર્વેએ સ્થાપેલી એસ. એન. ડી. ટી. મહિલા વિદ્યાપીઠ.



Gandhi Heritage Portal

વિદ્યાપીઠ કોઈ પણ યોજના ઘડીને લાવો તો વિચારવાને તૈયાર જ છે, પણ પોતે ન ઘડે. જે "એક્સપર્ટ" હોય તે એ બોજો ઉઠાવે, પોતાના વિચારો રજૂ કરે, પુષ્કળ આંદોલન કરે, નિયામક સભામાં દાખલ થાય. વિદ્યાપીઠને એ કાર્યમાંથી નીકળી નથી જવું. સ્વરાજને અંગે કેળવણીની કોઈ મોટી યોજના ધરે તો વિદ્યાપીઠ તે વિચારવાની ના જ પાડે. એ વિષયની વિદ્યાપીઠ અવગણના કરવા નથી માગતી, નથી ભૂલવા ઇચ્છતી. કેવળ અશક્તિની જ હું વાત કરું છું. હું પોતે આ ઠરાવને પા કલાકમાં વિચારવાને અશક્ત છું. સરદાર અને સિપાઈ તરીકે નમ્રતાપૂર્વક વિનંતી કરું છું કે આપણી હાંસી ન થાય તેટલા ખાતર, મને સ્ત્રીકેળવણી માટે કશું લાગતું નથી એવો વહેમ દૂર કરી, એ ઠરાવ આપ પાછો ખેંચી લો.[1]

આજે કામ થયું છે તેને માટે જશ તમારો જ છે. તમે મને ઉપકારના બોજા તળે કચરી નાખ્યો છે, ઠરાવોનો અમલ કરીને વધારે ઉપકાર તળે કચરી નાખજો. ઠરાવોને અહીં ન મૂકી જતાં, સાથે લઈ જજો એટલી જ વિનંતી છે. એનો અમલ કરી, મીઠાં ફળ ખાજો અને ગુજરાતને પણ ખવડાવજો. ઈશ્વર તમને એ કરવાનું બળ આપે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૧૦–૮–૧૯૨૪

## ૨૭૨. ઇર્વિન બૅંકટેના પત્ર પર લખેલી સૂચનાઓ[2]

[ઑગસ્ટ ૨, ૧૯૨૪ પછી]

ગણેશનનાં પ્રકાશના, यंग इन्डिया અને इन्डियन होम रूल મોકલવાં. શ્રી બિરલાને यंग इन्डिया નિયમિત મોકલવું અને એનું ખર્ચ તેમને ખાતે ઉધારવું. પત્ર લખનારને પૈસાની ચિંતા ન કરવા જણાવવું. તેઓ વગર પૈસે ભાષણો આપે અથવા એમાંથી પૈસા કમાય અથવા એનો જે ઉપયોગ કરવો હોય તે કરે.

[મૂળ અંગ્રેજી]

મૂળ પત્રની છબી પરથી : એસ. એન. ૧૦૦૯૧

૧. અહીં ચંદુલાલ દવેએ પોતાનો ઠરાવ પાછો ખેંચી લીધો હતો. ત્યાર પછી પરિષદનું કામ પૂરું કરતાં ગાંધીજી આ પછીનું બોલ્યા.

૨. ગાંધીજીના ૧૫મી માર્ચના પત્રની પહોંચ સ્વીકારતાં (જુઓ પુસ્તક ૨૩, પા. ૨૩૯) ઇર્વિન બૅંકટેએ ઑગસ્ટની બીજીના પોતાના પત્રમાં ગાંધીજીને લખ્યું હતું કે આપના કાર્યમાં ઊંડો રસ લેનાર લોકોની માગણી છે કે મારે હિંદુસ્તાનના ધર્મ, ઇતિહાસ, સાહિત્ય, વગેરે જેવા વિષયો પર થોડાં ભાષણો આપવાં. એમણે એમ પણ લખ્યું હતું કે, મારે આપનાં લખેલાં કેટલાંક પુસ્તકોની ઘણી જરૂર છે. મારી પાસે માત્ર एथिकल रिलिजियन છે. પણ મને લાગે છે કે આપનાં બીજાં પુસ્તકો પણ મારે મેળવી લેવાં જોઈએ. અને માટે જોઈતા પૈસા મારી પાસે હોત તો હું સંપાદક પાસેથી એ સીધાં જ મગાવી લેત. પણ હું મારી આજીવિકા મારી સાહિત્ય પ્રવૃત્તિમાંથી મેળવું છું અને એમાંથી મળતર બહુ થોડું થાય છે."

Gandhi Heritage Portal

## ૨૭૩. મિલમાં અકસ્માત

મનસુખભાઈની મિલનો અકસ્માત અમદાવાદમાં જ થવાથી આપણાં હૃદયને હલાવે છે. મલબાર ઉપર જે આપત્તિ હાલ પડી છે[1] તેનો આપણને વિચારસરખો નથી આવતો અથવા ક્ષણિક આવી ઊડી જાય છે. હિંદુસ્તાનની બહાર કંઈક મલબારનાથી પણ જાનમાલનું વધારે ભયંકર નુકસાન થાય તો આપણી ઉપર કદાચ કંઈ જ અસર ન થાય. પણ આ અકસ્માતો આપણને સૂચવે છે કે રાજા ને રંક, બ્રાહ્મણ ને ભંગી, મનુષ્ય ને જાનવર વચ્ચે ભેદ જ નથી. ઈશ્વરના અકસ્માતો સહુને સારુ સરખા છે. પશુ ને મનુષ્ય એક વહાણમાં બેઠેલાં બધાં સાથે ડૂબે છે. મનુષ્ય ભેદ પાડી પોતાનાં સગાં બચાવે, પછી બને તો પશુ પણ બચાવે. બચેલાં બીજે દહાડે મરે, તેમાંથીયે બચેલાં વળી થોડા દિવસ થોભીને જાય. પણ મોત કોઈને મૂકતું જ નથી. તો તેને આપણે ભાવે કાં ન ભેટીએ? મોત આપણો પરમ મિત્ર કાં ન હોય? તે આપણને ઘણી આપત્તિમાંથી છોડાવનાર દુ:ખભંજન કાં ન હોય? ઈશ્વર કાંઈ ઘાતકી નથી કે પોતાની રમતને ખાતર નીરોની જેમ જીવોને રિબાવે, જન્માવે ને મરાવે. એની બધી કૃતિમાં યુક્તિ જ છે.

પણ એમ તત્ત્વજ્ઞાન ડોળીને આપણે બેઠા રહીએ? જરાયે નહીં. આપણે મોતને ભેટીએ પણ બીજાંને જે પીડા થાય છે તેમાંથી તેને મુક્ત કરવાનું પણ મોતનો ભય છોડીને જ શોધી શકીએ. જે બીજાંને તે આપણને પણ છે. મોત મિત્ર છે. તેથી ભલે બધા કાલે મરતા આજે મરે એમ ધારવાનો આપણને હક નથી. યમરાજાની ગતિ ન્યારી છે. જો આપણે મોતની ઘડી જાણતા જ હોઈએ તો તો જરાયે દુ:ખ ન ભોગવીએ. કોઈને કાંઈ મદદ દેવાપણું ન રહે. પણ તેની ઘડી જાણતા જ નથી તેથી દુ:ખી થઈએ છીએ. આપણે કોઈ જ્ઞાની નથી છતાં જ્ઞાનની સ્થિતિ કલ્પી ચાલીએ તો આપણી અધોગતિ થાય. જ્ઞાનના વિચારો કરી આપણે શાંત રહીએ પણ એકબીજાને મદદ કરવાનું તો ન જ ભૂલીએ. એ ન ભૂલવામાં જ મોતની ભેટની તૈયારી છે.

અમદાવાદના અકસ્માતને સારુ તો આપણે માની લઈએ કે મૂએલાંનાં સગાંવહાલાંને મિલના માલિકો મદદ પહોંચાડશે જ એ તેમનો વિશેષ ધર્મ છે. પણ આ અકસ્માત કેમ બનવા પામ્યો? આજકાલનાં મકાનોમાં મજબૂતી ઓછી જોવામાં આવે છે. કન્ટ્રાકટરો, કારીગરો વગેરે વધારે દગા દે છે. સિમેન્ટને બદલે રેતી વાપરે છે, ઈંટો ભૂકો થઈ જાય એવી ઘણી વેળા નબળી હોય છે. લાકડું અમુક મજબૂતીનું વાપરવાનું હોય તેને બદલે ઓછી મજબૂતી-વાળું વાપરે છે. ચૂનાને બદલે ગારાથી ચણતર કરે છે. અને ઓછામાં પૂરું એન્જિનિયરો માલિકોને ખુશ કરવા કેટલીક વેળા ઓછામાં ઓછી મજબૂતીથી ચલાવી લે છે. આવાં કારણોથી મુંબઈમાં ઘણાં મકાનો પડી ગયાં છે ને લોકો દટાઈ મૂઆં છે. મારી ઉમેદ છે કે મિલના માલિકો મકાનની બાંધણી વિષે પૂરી તપાસ કરાવી અકસ્માતનાં સત્તાવાર કારણો બહાર પાડી શહેરીઓને સંતોષ

૧. જુઓ "મલબારમાં પ્રલય", ૧૦–૮–૧૯૨૪.

Gandhi Heritage Portal

આપશે. બીજાં મોટાં મકાનોની પણ તે મકાનોના માલિકો તપાસ કરાવી જ્યાં નબળાઈઓ હોય ત્યાં સુધારા કરાવી લેશે એમ પણ ઉમેદ રાખીએ.

મલબારમાં જે દુ:ખ પડયું છે એ તો સમુદ્રમાં આગ લાગ્યા બરોબર છે. અને તેને કોઈ ખાનગી સંસ્થા પહોંચી વળે એવું નથી. આવે સમયે મહાસભાના માણસો જે મદદનીશ સંસ્થા દુ:ખનિવારણ કરે તેને પોતાની સેવા આપે એમાં અસહકારના સિદ્ધાંતને દોષ લાગે છે એમ નથી માનવાનું. આપણી પાસે પૈસાનો અખૂટ ભંડાર હોય તો તો આપણે નોખું ખાતું ઉઘાડી મદદ કરીએ. પણ જ્યાં લાખો રૂપિયાથી પહોંચી વળાતું નથી ત્યાં ગરીબ મહાસભા શું કરે? તેથી સરકાર કંઈ મદદ કરે અને તેમાં આપણી સેવાનો સ્વીકાર થાય તો આપણે જરૂર આપીએ.

પણ દરેક સેવકે યાદ રાખવું જોઈએ કે સાચી સેવાને દ્રવ્યની ગરજ નથી રહેતી. સાચી સેવા હૃદયથી થયેલા કાર્યની છે. આંખની મીઠાશ, સમયે ઉચ્ચારેલો યોગ્ય શબ્દ જે સેવા કરે છે તે પૈસો નથી કરતો. ઘણાં ઘરબાર વિનાનાં થઈ ગયેલાં સ્ત્રીપુરુષોની પાસે જવું, તેમની મજૂરી કરવી, તેમને અનેક પ્રકારની ઝીણી ઝીણી મદદ કરવી અને તેમને આપણી હાજરીની હૂંફ આપવી તેમાં જે મદદ રહેલી છે તે અનુપમ છે. એવી મદદ કરનારા મૂંગા સ્વયંસેવકો જેટલા મળે તેટલા થોડા ગણાય. તે ક્ષેત્રમાં સહુ હરીફાઈ કરી શકે છે ને કોઈ કોઈની વચ્ચે નથી આવી શકતું. તેથી આવે સમયે મહાસભાદળ પૈસાને અભાવે હારી ન જાય એ ઇષ્ટ છે. આવી જાતનો ઉત્તર મેં મલબારથી મદદની માગણી કરનારા મહાસભાના માણસોને વાળ્યો છે. જ્યારે પહેલો તાર મારી ઉપર આવ્યો ત્યારે તો મેં માન્યું કે કંઈક દ્રવ્ય એકઠું કરી મોકલી દેવું. એક મિત્રની મદદ યાચી પણ ખરી. તેમણે રૂ. ૨૫૦) મોકલ્યા. પણ પાછળથી જ્યારે આભ ફાટવાના ખબર વાંચ્યા એટલે હું થથરી ગયો. મેં જોયું કે આ કામ મારા જેવાના ગજા ઉપરવટ છે. મહસભાની પણ શક્તિની બહાર છે. છતાં કોઈ ભાઈ પૈસા મોકલશે તો હું અવશ્ય મહાસભાના અધિકારીઓને મોકલીશ. વાઇકોમના સત્યાગ્રહને સારુ તો બહારથી નાણાંની મદદ પહોંચાડવાની જ હું વિરુદ્ધ હતો. અહીં મદદ પહોંચાડાય તો પહોંચાડવી એ આપણી ફરજ સમજું છું. અહીં અટકાયત અશક્તિની છે, અનિચ્છાની નથી. ઇચ્છા ચક્રવર્તીની હોય પણ શક્તિ કંગાળની હોય ત્યાં મૌનમાં જ વિવેક છે એમ જાણી મહાસભાના સ્થાનિક અધિકારીઓને મારા બીજા તારમાં શારીરિક સેવા કરી અને સરકારી મંડળની મારફતે બને તો તે સેવા પણ કરી સંતોષ માનવાની મેં સલાહ આપી છે.

[મૂળ ગુજરાતી]

नवजीवन, ३–८–१९२४

Gandhi Heritage Portal

## ૨૭૪. મારી નોંધ

### પૂર્વ આફ્રિકાનો સત્યાગ્રહ

પૂર્વ આફ્રિકામાં રહેનાર એક ભાઈ લખે છે :[1]

આવો જ ચિતાર બીજાએ પણ આપ્યો છે. એટલે એમાં કેટલેક અંશે સત્ય હશે. જે લડતમાં થોડાઘણા પણ શુદ્ધ દિલથી જેલમાં ગયા તેમાં કેવળ નિષ્ફળતા તો હોય જ નહીં. પણ લોકોની નજરે જ્યાં સુધી પ્રતિકૂળ કાયદા ન તૂટે ત્યાં લગી નિષ્ફળતા જ લાગવાની. લખનારે કારણો ઠીક બતાવ્યાં છે. એ કારણો કોમે દૂર કરવાં જ જોઈએ. પણ સત્યાગ્રહ કેવળ સરકારને પજવણી કરવાનું જ સાધન છે એવું જેઓ માને તેઓ મોટી ભૂલ કરે. સત્યાગ્રહનો મુદ્દો આત્મશુદ્ધિ છે. આપણે આપાણું કર્તવ્યપાલન કરીએ તેમાં જે પજવણી રહેલી છે તે તો થાય જ, પણ હેતુ પજવણી ન હોય. દારૂ પીનારા દારૂ છોડે તેથી પીઠાંવાળાને પજવણી થાય ખરી, પણ દારૂ છોડનારનો હેતુ પીઠાંવાળાને પજવવાનો નથી. તેનો હેતુ તો પીઠાંવાળાને પણ સુધારવાનો હોઈ શકે. વળી જેઓ સત્યાગ્રહમાં ન જોડાય તેનો બહિષ્કાર કરવો એ પણ ખોટું છે એમાં શંકા નથી. તેથી લડત બગડે, સુધરે નહીં. સત્યાગ્રહીએ તો પોતાના સત્ય ઉપર ને પોતાની દુ:ખ સહન કરવાની શક્તિ એટલે તપશ્ચર્યા ઉપર વિશ્વાસ રાખવો જોઈએ. બીજા તે પ્રમાણે ન કરે તેને વિષે તે નિશ્ચિંત રહે. જે તેમાં નથી ભળતા તે અવિશ્વાસ કે અશક્તિથી. અવિશ્વાસ અનુભવે જ દૂર થાય. શક્તિ બીજાની શક્તિ જોઈને આવે. બેમાંથી એકે સ્થિતિમાં બળાત્કાર ન જ શોભે.

### ગુજરાતના સહકારીઓને

સહકારીઓની પ્રીતિ સંપાદન નથી કરી શકચા તેમાં અસહકારીઓનો દોષ છે એવું તો મેં ઘણી વેળા કબૂલ કર્યું છે. પણ તેથી સહકારી કે અસહકારીને કંઈ દેશને નુકસાન પહોંચાડવાનો અધિકાર મળતો નથી. ૧૯૨૨ની શરૂઆતમાં અનેક સહકારી ખાદીનું કામ કરવા તૈયાર થઈ ગયા હતા. તેઓમાંના ઘણા માનતા થઈ ગયા હતા કે ખાદીથી દેશની આર્થિક સ્થિતિ અવશ્ય સુધારી શકાય. પછી એ વાત ત્યાં જ પડી રહી. હવે જ્યારે રેંટિયાપ્રવૃત્તિ ફરી વેગથી ચલાવવાનો પ્રયત્ન થઈ રહ્યો છે ત્યારે સહકારીની મદદ હું ફરી પાછી માગવાની હિંમત કરું છું. ભિક્ષુકને શરમાવાનું શું? સહકારી-અસહકારીનો દેશ પ્રત્યે ભલે જુદો ધર્મ હોય. હિંદુ એક રીતે મોક્ષ મેળવવા મથે, મુસલમાન બીજી રીતે. તેમાં બેને લડવાનું પ્રયોજન ન હોય. બંને પોતપોતાની દૃષ્ટિએ તો ખરા જ છે. પણ બંને એકબીજાને સહન કરે તેમાં જ આપણી રાજપ્રકરણી મુક્તિ છે એમ આપણે માનીએ છીએ.

તેમ જ અસહકારી-સહકારી પોતપોતાની દૃષ્ટિએ કામ કર્યા કરે તે એકબીજાએ સહન કરવું જ જોઈએ. ને જ્યાં તેઓના વિચારનો મેળ હોય, ત્યાં બંને સાથે કામ કાં ન કરે? એમ સાંભળ્યું છે કે જ્યાં લગી ગાંધી રેંટિયાને અસહકારનું વાહન ગણે, ત્યાં લગી સહકારી તેમાં સહાય નહીં જ કરે. એમ શા માટે? હું રેંટિયામાં રામને એટલે ધર્મને જોઉં તેથી શું

૧. આ લખાણ અહીં આપ્યું નથી.

Gandhi Heritage Portal

બીજા જે રેંટિયામાં માત્ર સૂતર એટલે અર્થને જ જોનાર છે તે તેનો ત્યાગ કરે? રેંટિયો રેંટિયારૂપે નથી રામને સૂચવતો, નથી સૂતર સૂચવતો. તેને ચલાવનાર સૂતર કાંતે છે ને જુએ છે. તેમાં મારા જેવો અસહકારની ભાવનાને આરોપે. પણ જો રેંટિયો વ્યાપક વસ્તુ થઈ જાય તો અસહકારનો છેદ જ ઊડી જાય છે એમ કહેનારો હું જ છું. એ છેદ ઉડાવવામાં કાં સહકારી મદદ ન કરે?

પણ બોજો બધો અસહકારીને શિર છે. અસહકારીના દોષથી સહકારી અને અસહકારીની વચ્ચે અંતરાય પડયો છે. એ અંતરાય મટાડનાર પણ આપણે જ હોવા જોઈએ. એ દૃષ્ટિએ મેં સહકારી પ્રત્યે આ પ્રાર્થના શરૂ કરી છે. અને તેમ કરી બીજા અસહકારીને સલાહ આપું છું કે તેઓ પોતાના પ્રસંગમાં આવતા સહકારીને વીનવે ને સૂતર કાંતવા નોતરે. તેમને કાંતતાં ન આવડે તો શીખવે. મહાસભામાં દાખલ થનારાનો જ કાંતવાનો ધર્મ છે એવું કંઈ નથી. એ ધર્મ તો હિંદી માત્રનો છે. તેથી આપણે સહકારીને પ્રેમપૂર્વક વીનવીએ. તેઓ આપણું ન સાંભળે તો દુ:ખ ન લગાડીએ. ફરી પ્રસંગ આવ્યે વીનવીએ ને વિશ્વાસ રાખીએ કે રેંટિયામાં માનેલી છે તે શક્તિ હશે ને આપણામાં રોષ નહીં હોય તો સહકારી રેંટિયો લેવાના જ છે.

## ખંતી શિક્ષક

આ બોટાદની અંત્યજ શાળાના શિક્ષકનો કાગળ[1] છે. જેમ આ શાળા ચાલી શકે છે તેમ બધી શાળાઓ ચાલે તો કેવું સારું?

## સુધારો

રંગૂનથી એક ભાઈ લખે છે:

> दक्षिण आफ्रिकाना सत्याग्रहना इतिहासमां[2] મર્હૂમ શેઠ અહમદ મહમદ કાછલિયાને મેં સુરતી મેમણ તરીકે ઓળખાવ્યા છે તે બરાબર નથી. તેઓ સુરત જિલ્લાના સુન્ની વહોરા હતા એમ મારે ઓળખાવવું જોઈતું હતું.

ભાઈ અહમદ કાછલિયા સુન્ની જમાતમાંના હતા તે મારી જાણમાં હતું. પણ દક્ષિણ આફ્રિકામાં સુરત તરફના સુન્ની વહોરાઓ સુરતી મેમણને નામે ઓળખાતા તેથી મેં તેવી ઓળખાણ આપેલી છે.

## વણાટમાં કમાણી

એક ભાઈ લખે છે:[3]

ઉપર પ્રમાણે મારી પાસે આ ભાઈ લખાવવા માગે છે તેમાં હું સંમત છું. જોકે હજી હું માનું છું કે દસ રૂપિયા કરતાં વધારે માસિક કમાણી હાથસૂતર સરખું હોય તો થાય જ. મારી કલ્પના તો એવી છે કે હોશિયાર એટલે ભણેલો તેમ જ મહેનતુ વણકર સૂતર કંતાવે, તે ખરીદે ને વણે. આમાં તેને વધારે કમાણી અવશ્ય થાય. છતાં એટલું તો બરાબર જ છે કે પૈસાદાર થવાનો ઇરાદો જે માણસ રાખે તેણે હાથે કાંતેલા સૂતરના ધંધામાં ન જ પડવું. એ તો દેશને ખાતર મહાન પ્રયોગ છે. તેમાં તો શૂરા જ ઝંપલાવે. મારો આટલ વિશ્વાસ છે કે તેમાં પડનાર ભૂખે તો ન જ મરે.

૧. આ કાગળ અહીં આપ્યો નથી.

૨. નવજીવનમાં ચાલુ લેખમાળા રૂપે આ લેખો ૧૯૨૪ના એપ્રિલથી ૧૯૨૪ના નવેમ્બર સુધી પ્રગટ થયા હતા.

૩. આ લખાણ અહીં આપ્યું નથી.

Gandhi Heritage Portal

### મારી સાથે સંવાદ

અસ્પૃશ્યતા વિષે એક સ્વામીજી સાથે મારે વાતચીત થયેલી તેની છપાયેલી હકીકત મને એક ભાઈએ મોકલી છે ને પૂછે છે કે એમાં કંઈ સત્ય છે કે નહીં. એ સંવાદ હું વાંચી ગયો ને તે જોઈને દિલગીર થયો. લગભગ દરેક લીટીએ તેમાં અર્ધ સત્ય જ જોઉં છું. મારા વાક્યને મરડવામાં જ આવેલાં છે. અસ્પૃશ્યતા વિષે મારા વિચારો એટલા વિસ્તારમાં પ્રગટ થયેલા છે કે મારે ફરીથી અહીં તેનું વિવેચન કરવાની જરૂર નથી. પણ મને મળવા આવનાર સહુને મારી વિનંતી છે કે તેમણે મારી સાથે થયેલા સંવાદો પ્રગટ ન કરવા અથવા કરવા જ હોય તો તે સંવાદનો મુસદ્દો મને પ્રથમ વંચાવીને પછી પ્રગટ કરવા. વાચકવર્ગને મારી એટલી વિનંતી છે કે જે સંવાદને વિષે મારું પ્રમાણપત્ર ન હોય તેમાં દર્શાવેલા વિચારો મારા જ છે એમ તેઓએ માની ન લેવું. અનેક ભાઈબહેનો મને મળી જાય છે. તેઓ મારે વિષે કે મારા વિચારો વિષે જે કંઈ લખે છે તે હું વાંચું અથવા તેમાં જે દોષો જોવામાં આવે તે સુધારવાની જવાબદારી મારે માથે લઉં તો મારે એ જ ધંધામાં મારો ઘણો કાળ ગાળવો પડે. આવો મારા વખતનો દુર્વ્યય કોઈ પણ ન ઇચ્છે એવી મારી ખાતરી છે. હું પોતે તેવો દુર્વ્યય કરવા મુદ્દલ તૈયાર નથી તેથી જેઓ મારા પ્રત્યે દયા ખાય તેઓને સારુ સારો રસ્તો એ છે કે મારી સાથે થયેલી વાતચીત તેઓએ બહાર પાડવી જ નહીં. મારી ઉપર દયા ન ખાનારા હોય તેઓએ પણ મારી સાથે થયેલી વાતચીતો બહાર ન પાડવી કેમ કે નિર્દયતાને લીધે તેઓ મને સમજશે જ નહીં. પણ કદાચ નિર્દય માણસ મારી વિનંતી ન માને તો સુજ્ઞ વાચક તે જે લખે તે ન માને.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૩-૮-૧૯૨૪

## ૨૭૫. સરોજિની નાયડુને તાર[1]

ઑગસ્ટ ૪, ૧૯૨૪

દેવી સરોજિની
તાજમહાલ
મુંબઈ

તબિયત બિલકુલ સારી. શુક્રવારે આવશો તો ચાલશે. તમે અને પદ્મિની કેમ છો?

ગાંધી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૦૦૯૪

૧. આ તાર સરોજિની નાયડુના ઑગસ્ટની ૪થીના નીચેના તારના જવાબમાં કરવામાં આવ્યો હતો: "તબિયતના સમાચાર તારથી મોકલો. વહેલી જરૂર ન હોય તો શુક્ર-શનિ અમદાવાદમાં ગાળીશ."

Gandhi Heritage Portal

## ૨૭૬. હકીમ અજમલખાનને તાર[1]

ઑગસ્ટ ૪, ૧૯૨૪

હકીમ સાહેબ અજમલખાન
શ્રીનગર

તબિયત તદ્દન સારી. મહમદઅલીના ગાઢ સંપર્કમાં છું. તેઓ કહે છે હજી હાજરી જરૂરી નથી. આપ અને બેટી કેમ છો? માસ આખર સુધી મુસાફરીએ નીકળવા વિચાર નથી. ન છૂટકે જવું પડે તો જુદી વાત.

ગાંધી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી એસ. એન. ૧૦૦૯૬

## ૨૭૭. ઈન્દ્ર વિદ્યાવાચસ્પતિને પત્ર

શ્રાવણ સુદ ૪ [ઑગસ્ટ ૪, ૧૯૨૪][2]

ચિ. ઈન્દ્ર,

તમારો પત્ર મળ્યો છે. તમે મને મારા ક્ષેત્રની બહાર લઈ જવા માગો છો? શિવાજી મહારાજ વિષે હું શું લખી શકું? મને કહેતાં શરમ આવે છે કે એમને વિષે વિદ્યાર્થી અવસ્થામાં મેં જે કંઈ વાંચ્યું છે તેથી વિશેષ હું કંઈ પણ જાણતો નથી.

મોહનદાસ ગાંધીના આશીર્વાદ

[મૂળ હિંદી]

મૂળ પત્ર પરથી: સી. ડબલ્યુ. ૪૮૫૯; શ્રી ચંદ્રગુપ્ત વિદ્યાલંકારના સૌજન્યથી

૧. આ તાર હકીમ અજમલખાનના ઑગસ્ટની ૪થીના નીચેના તારના જવાબમાં કરવામાં આવ્યો હતો: "તબિયત કેમ છે? તારથી જવાબ આપો. દિલ્હી ક્યારે જાઓ છો? ત્યાં આપની હાજરીની ઘણી જ જરૂર છે."

૨. ટપાલના સિક્કા ઉપર ૫મી ઑગસ્ટ, ૧૯૨૪ છે.

Gandhi Heritage Portal

## ૨૭૮. વસુમતી પંડિતને પત્ર

સાબરમતી,

શ્રાવણ સુદ ૪ [ઑગસ્ટ ૪, ૧૯૨૪][1]

ચિ. વસુમતી,

તમારું પત્તું મળ્યું છે. જેમ ચિંતાને દૂર રાખશો તેમ તબિયત સુધરશે. કાળી દ્રાક્ષ કે રાતી મોટી પાણીમાં રાતભર પલાળીને લેવી. સાફ કરીને પલાળવી. ચુસાઈ જતાં વધેલું પાણી ઊનું કરી પી જવું. દ્રાક્ષ સુધ્ધાં ઊનું કર્યું હોય તોયે ઠીક. હજીરાની તજવીજ કરી રહ્યો છું.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્ર પરથી : સી. ડબલ્યુ. ૪૫૨; શ્રીમતી વસુમતી પંડિતના સૌજન્યથી

## ૨૭૯. વા. ગો. દેસાઈને પત્ર

શ્રાવણ સુદ ૪ [ઑગસ્ટ ૪, ૧૯૨૪][2]

ભાઈશ્રી ૫ વાલજી,

તમારા પત્ર મળ્યા છે. મહાદેવ કહે છે તમને સિમલાવાળું લખાણ સ્વામીએ તુરત જ પાછું મોકલેલું. તે કેમ ન મળ્યું એ ખબર નથી પડતી. સ્વામીને પૂછીશ. મારાથી સિમલે આવી શકાય તો બીજું નહીં તો પંડિતજીને[3] અને તમને મળવા પણ આવી જાઉં. શ્રીનગર જવાની તો ભારે ઇચ્છા થાય પણ "નીપજે નરથી તો કોઈ ન રહે દુ:ખી" વગેરે. તમને મેં લખ્યું નથી કે "તલ્લીન" વિષે મેં કરેલા પ્રાયશ્ચિત્ત ઉપર આનંદશંકરભાઈએ મધુર કાગળ લખેલો કે મારો ઉપયોગ યથાર્થ હતો. એમ બેવડાયેલા અર્થવાળા શબ્દો વપરાય છે. છતાં આવકાર-દાયકનો સુધારો કરીશ. આયુર્વેદનો ઉતારો પણ વાપરી લેવાનો છું. મને તાવ તો છે જ નહીં.

મોહનદાસના

વંદે માતરમ્

શ્રી વા. ગો. દેસાઈ

સ્ટર્લિંગ કૅસલ

સિમલા

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી : સી. ડબલ્યુ. ૬૦૨૦; શ્રી વા. ગો. દેસાઈના સૌજન્યથી

૧. ટપાલના સિક્કા ઉપર ૫મી ઑગસ્ટ, ૧૯૨૪ છે.

૨. ટપાલના સિક્કા ઉપર ૫મી ઑગસ્ટ, ૧૯૨૪ છે.

૩. મદનમોહન માલવિયા.

Gandhi Heritage Portal

## ૨૮૦. અલ્લાહાબાદ કૉંગ્રેસના જનરલ સેક્રેટરીને તાર[1]

ઑગસ્ટ ૫, ૧૯૨૪

ગયે અઠવાડિયે બંનેને તારથી જણાવ્યું છે કે પૂર કૉંગ્રેસથી પહોંચી ન વળાય એટલું પ્રચંડ છે. આપણે બિનસરકારી સંસ્થાઓ સાથે અને આપણી સેવા સ્વીકારે તો સરકાર સાથે પણ સહકાર કરવો જોઈએ. વ્યક્તિગત સેવા તો હમેશાં આપી શકાય છે અને આપવી જ જોઈએ. કૉંગ્રેસથી બની શકે તેમ હોય તો આ પ્રસંગ માટે ખાસ ફાળો ઉઘરાવે.

ગાંધી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : એસ. એન. ૧૦૦૯૭

## ૨૮૧. ઍની બેસંટને અંજલિ[2]

સાબરમતી,
ઑગસ્ટ ૬, ૧૯૨૪

ડૉ. ઍની બેસંટના સુવર્ણ મહોત્સવ પ્રસંગે :

સૌ જાણે છે કે નીતિ અને સિદ્ધાંતોને લગતા અમુક વિચારોની બાબતમાં કમનસીબે હું ડૉ. ઍની બેસંટથી તદ્દન જુદો પડું છું. પણ તેથી તેમના પ્રત્યેના મારા આદરમાં કશી ઊણપ આવતી નથી. તેમના ઉચ્ચ ચારિત્ર્ય, ઉમદા હેતુઓ, અથાગ પરિશ્રમ અને અડગ હિંમત માટે મને ભારે માન છે. એક પુત્રીની ભક્તિથી તેઓ હિંદુસ્તાનને ચાહે છે. તેમનાં ઉદ્યોગ અને ખંતની આપણને સૌને અદેખાઈ આવે એમ છે. પોતાની લોકપ્રિયતા ગુમાવવાને ભોગે તેમણે અસહકારનો વિરોધ કર્યો ત્યારે તેમની હિંમત ભારે ઝળકી ઊઠી હતી. હિંદુસ્તાનની અને માનવતાની સેવા કરવાને માટે તેઓ દીર્ઘાયુ થાઓ.

મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી; શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી
ભાષાંતર : મહાદેવભાઈની ડાયરી, પુસ્તક છઠ્ઠું

૧. કૉંગ્રેસના જનરલ સેક્રેટરીના અલ્લાહાબાદથી આવેલા ઑગસ્ટની ૪થીના તારનો આ જવાબ હતો. તે તાર આ પ્રમાણે હતો : "શ્રીનિવાસ આયંગર કહે છે કે રેલરાહત માટે પચાસ હજારની ગ્રાન્ટ અત્યારે જ મંજૂર કરો. રાજગોપાલાચારી કહે છે કે તામિલને આપવાની પંદર હજારની લોનને ગ્રાન્ટમાં ફેરવી નાખો જેથી રેલસંકટમાં મદદ થઈ શકે. અખિલ હિંદ સિલક અત્યારે ફિક્સ્ડ ડિપૉઝિટમાં સવા લાખ, કરંટ ખાતામાં બાવીસ હજાર, અને દેવું બાર હજાર છે. બંને માગણીઓ વિષે અભિપ્રાય તારથી જણાવો."

૨. ઍની બેસંટની જાહેર જનતાની સેવાનાં પચાસ વરસ પૂરાં થયાં તે પ્રસંગે આ અંજલિ આપવામાં આવી હતી.

Gandhi Heritage Portal

## ૨૮૨. કામાક્ષી નટરાજનને પત્ર

ઑગસ્ટ ૬, ૧૯૨૪

પ્રિય શ્રી નટરાજન્,[1]

તમારા કાગળ માટે આભારી છું. તમે કૃપા કરીને મોકલેલી કાપલી જરૂર જોઈ ગયો છું. એ તાર મેં જોયો ત્યારે ખબરપત્રીને ગોળીએ દઉં એમ મને થયું. પરંતુ એમ કરવું મારા સિદ્ધાંતની વિરુદ્ધ હોઈ હું નરમ પડયો, અને મેં માની લીધું કે કોઈ ડાહ્યો પુરુષ અથવા સ્ત્રી હું આવી બેહૂદી ટીકા[2] કરું એમ માનશે જ નહીં. મેં કરેલા તારોમાં ચરખાનો ઉલ્લેખ કયાંય નથી, કેવી રીતે હોઈ શકે? આપણા હજારો દેશબાંધવો ઉપર જે આફત[3] આવી છે તેમાંથી તેમને કાંઈક કળ વળે અને તેઓ કોરી જમીન ઉપર ઠરીઠામ થાય ત્યારે ચરખો તેમને મદદ કરી શકે. મેં તો અમદાવાદના લોકોને એમ કહેલું કે આ કામ કોઈ બિનસરકારી એજન્સીના ગજા ઉપરવટનું છે. પરંતુ તમે મને પૈસા મોકલી આપશો તો હું યોગ્ય સ્થાને પહોંચાડવાનો પ્રયત્ન કરીશ. મેં ગરીબ તેમ જ શ્રીમંત સઘળા શ્રોતાઓને એમ પણ કહેલું કે આપણાં નગ્ન દેશબંધુઓ અને ભગિનીઓ માટે કાંતીને તેઓ મને સૂતર મોકલશે તો સંકટગ્રસ્તોની રાહત માટે તેનો ઉપયોગ કરવાનું હું માથે લઉં છું. પણ આ ખબરોથી તો મને ભારે આઘાત લાગ્યો છે. કુદરત આપણને બેબાકળા કરી નાખે એવા ફટકા લગાવે છે ત્યારે તેની સામે આપણે તદ્દન લાચાર થઈ પડીએ છીએ. તેની મને અકળામણ થાય છે. ઈશ્વરના હિતકારીપણા ઉપર મને એટલી અડગ શ્રદ્ધા છે કે આ દેખીતી આફતમાંથી પણ ભલાની આશા મારા મનમાં રહે છે અને મને લવરી કરતો, ગાંડો બનતો રોકે છે.[4] . . .

સેવક

મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી; શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી

ભાષાંતર : મહાદેવભાઈની ડાયરી, પુસ્તક છઠ્ઠું

૧. મુંબઈના ઇન્ડિયન સોશિયલ રિફૉર્મરના તંત્રી.

૨. જુઓ "ઍસોસિયેટેડ પ્રેસ ઑફ ઇન્ડિયાને મુલાકાત", ૭-૮-૧૯૨૪.

૩. સને ૧૯૨૪ના ઑગસ્ટના આરંભમાં મલબારમાં ભારે જળપ્રલય થયો તેનો આ ઉલ્લેખ છે.

૪. કે. નટરાજને જી. કે. પારેખના પ્રમુખપણા હેઠળ મળેલી જાહેર સભામાં ઑગસ્ટની ૮મીએ આ પત્ર વાંચી સંભળાવ્યો હતો.

Gandhi Heritage Portal

## ૨૮૩. વા. ગો. દેસાઈને પત્ર

શ્રાવણ સુદ ૬ [ઑગસ્ટ ૬, ૧૯૨૪][1]

ભાઈશ્રી ૫ વાલજી,

સ્વામી કહે છે સિમલામાં સ્વરાજ્યનો[2] લેખ તમને મોકલાઈ ચૂકયો છે એ તો ગુમ જ થયો જણાય છે. હવે તો ફરી લખો તો ઠીક. પરદેશી કાપડ વેચનારનો નોકર પરદેશી કાપડ પહેરનારનાં સગાંસાંઈનો ત્યાગ ન કરી શકે. તમે ભૂલો સુધારવાનું કામ જારી રાખ્યું હોત તો ઠીક થાત. હજુ એ કામ કરો તો ઠીક છે. નવજીવનના કયા લેખનો અંગ્રેજી તરજુમો કરવો જોઈએ એ તમે જ કાં ન વિચારી લ્યો?

મોહનદાસના

વંદે માતરમ્

શ્રી વા. ગો. દેસાઈ
સ્ટર્લિંગ કૅસલ
સિમલા

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી : સી. ડબલ્યુ. ૬૦૨૧
શ્રી વા. ગો. દેસાઈના સૌજન્યથી

## ૨૮૪. ક્ષત્રીવટની ખામી

આ સરકારને વિષે જે હમેશાં કહેવાય છે કે પ્રજાકીય ચળવળની અસર આગળ એને પ્રસંગોપાત્ત ગમે તેટલું નમતું આપવું પડે તોપણ અંતે તો યેનકેન પ્રકારેણ એ પોતાની જ નીતિને વળગી રહેવાનો આગ્રહ રાખે છે. છાપાંનો કાયદો ગયો તો તેની જગાએ રાજદ્રોહ અને આબરૂ-નુકસાનીની કલમો હેઠળ નવી ઢબે પગલાં લેવાનું કામ શરૂ થયું અને છાપાંના કાયદા હેઠળ સરકાર કરી શકતી તે બધું જ હાલ કશી મુશ્કેલી વગર સરકાર કરી રહી છે.

बॉम्बे क्रॉनिकल સામે હાલમાં જ અપાયેલો અસાધારણ ફેંસલો ઉપલા કથનનો એક આબાદ દાખલો છે. પ્રજાની નોકરી કરનારો એક સરકારી અમલદાર પોતાનાં કાર્યો ઉપર એક છાપાના તંત્રીએ પોતાના વ્યવસાયને અંગે કરેલી ટીકા સામે આવો નુકસાનીનો દાવો માંડી શકે એ કલ્પનામાં આવવું મુશ્કેલ છે. વળી क्रॉनिकल સામેનો આવો આ દાવો એવી ઢબનો પહેલવહેલો દાવો છે એમ પણ નથી. લાહોરના वंदे मातरम् અને ज़मीनदारને આવા જ

૧. સિમલા વિષેના લેખના ઉલ્લેખ પરથી આ પત્ર ૧૯૨૪માં લખાયો હોવાનું નક્કી થાય છે. એ વરસમાં શ્રાવણ સુદ ૬ ઑગસ્ટની ૬ઠ્ઠીએ આવતી હતી. આ ઉપરાંત જુઓ "વા. ગો. દેસાઈને પત્ર", ૪-૮-૧૯૨૪.

૨. લેખનું મથાળું હતું "સિમલા અંડર સ્વરાજ", (સ્વરાજ હેઠળ સિમલા).

Gandhi Heritage Portal

નુકસાનીના દાવા અત્યાર અગાઉ ભરવા પડ્યા છે. હવે છાપાંના પુરાણા કાયદા હેઠળ જપ્તી અગર તો હાલના નુકસાનીના દાવા હેઠળ નુકસાની ભરપાઈ એ બેમાં નપાવટ કયું? ક્રૉનિકલ સામેના આ ચુકાદા પછી સરકારી નોકરોનાં કાર્યો પર સ્પષ્ટ અને નિ:સંકોચપણે ટીકા કરવાની હિંમત કોણ કરી શકશે?

દૈનિક પત્રનો તંત્રી જ્યારે પોતાનો અગ્રલેખ લખવા બેસે છે ત્યારે પોતાનો શબ્દેશબ્દ ધારવાડી કાંટે તોળવા બેસતો નથી. કોઈ ઉતાવળિયો શબ્દ તેની કલમમાંથી નીકળી પણ જાય; એટલે પછી એ ટીકા એણે દેખીતી રીતે નિખાલસ બુદ્ધિથી, કશા દ્વેષ વગર અને જાહેર હિતની દૃષ્ટિએ કરી હોય તોપણ શું તેણે તેનું પ્રાયશ્ચિત્ત કરવું જ જોઈએ? ક્રૉનિકલમાંના લેખના લેખકની ધારવાડના કલેક્ટર મિ. પેઇન્ટર જોડે ઓળખાણ સરખી નહોતી અને એની નાલેશી કરવાનું કારણ ચુકાદો આપનાર જજ સાહેબને જેટલું હોઈ શકે તે કરતાં વધુ મજકૂર લેખકને નહોતું જ. આ દૃષ્ટિએ જોતાં જજ સાહેબે આપેલ ચુકાદાને હું કેવળ ખુન્નસભર્યો ગણવાની હિંમત કરું છું.

પ્રજા તો મિ. પેઇન્ટરની આબરૂને ક્રૉનિકલની ટીકાથી કશો ધક્કો પહોંચ્યો હોય એમ માનવાની ના જ પાડશે. હું હિંમતથી કહીશ કે ક્રૉનિકલ સામે અદાલતમાં ફતેહ મેળવીને તેની ટીકાથી પહોંચ્યો હોય તે કરતાં તેણે પોતાની આબરૂને અવશ્ય વધુ મોટો ધક્કો પહોંચાડ્યો છે. તેમ આથી તેણે મેલી માથાવટીને ઊજળી કરી છે એવું પણ કશું નથી. એણે એટલું જ સાબિત કર્યું છે કે ખરા ક્ષત્રિયની પેઠે કડક લોકટીકા સહન કરવાનું તેમનામાં બળ નથી. મને તો તેની દયા જ આવે છે.

પણ અહીંયાં તો એક છાપાંના તંત્રીની દૃષ્ટિએ હું વસ્તુસ્થિતિનો વિચાર કરવા માગું છું. જેને વિષે પોતાના મનની ખાતરી હોય તેવી બાબતો માણસ હમેશાં પુરવાર કરી જ શકે છે એમ નથી હોતું; અને જો માણસ જાહેર કાર્યો અને તેના કરનારાઓનાં ગુણદોષવિવેચન કરવાનો હકદાર મનાતો હોય તો માણસે પોતાના અંત:કરણને સત્ય લાગતી વસ્તુ કહ્યે જ છૂટકો. તેમ કરનારને કંઈ તેવી દરેક વસ્તુ પુરવાર કરી આપવાની ફરજ પડાય નહીં. દાખલા તરીકે મારા અંત:કરણની ખાતરી છે કે ડાયર-ઓડવાયર કેસમાં જજે રાજદ્વારી દૃષ્ટિથી ખેંચાઈને[1] સર માઈકલ ઓડવાયરનો પક્ષપાત કર્યો. આમ છતાં જો મારું કથન મજકૂર આસામીની નાલેશી કરનારું ગણવામાં આવે અને જો જજ મારા ઉપર દાવાની નોટિસ મોકલે તો પ્રજાહિતની દૃષ્ટિએ મારા અંત:કરણને સત્ય લાગી તેવી વાત કહ્યાને સારુ મારે તદ્દન આજીજી અને પામરતા-ભર્યું મોં માગ્યું માફીપત્ર લખી આપવું રહ્યું! આમ કર્યા વગર મારો છૂટકો નહીં; કારણ મારા કથનને કાંઈ હું પુરવાર કરી શકું નહીં.

પણ ખરું તો એ છે કે મિ. પેઇન્ટર તો મોટી રમતમાંનું એક અજાણ સોગઠું માત્ર છે. સરકાર તો સમય જોઈને અત્યારે સ્વકાર્ય સાધી રહી છે. આપણે અત્યારે છિન્નભિન્ન જણાઈએ છીએ. ઘરમાં જાદવાસ્થળી જામી છે. હિંદુમુસલમાનને એકબીજાનાં માથાં ભાંગવાનું ચાલુ રાખવામાં રસના ઘૂંટડા આવતા હોય એવું જોનારને લાગે છે. સવિનયભંગ તો જાણે ક્યાંનો ક્યાં જતો રહ્યો હોય એટલું છેટું પડી ગયેલું ભાસે છે. આમ જ્યારે આપણે આપસમાં લડી રહ્યા છીએ ત્યારે સરકાર હરપ્રયત્ને અને ચારેમેરથી પોતાની મજબૂતી કરી રહી છે. આમાં

૧. જુઓ "નોંધ", ૧૨-૬-૧૯૨૪.

Gandhi Heritage Portal

આપણે એનો દોષ પણ કેમ કાઢીએ? એ જ સ્વાભાવિક છે. આવા નુકસાનીના દાવાઓ પાછળ હિંદી છાપાંઓનું નીતિબળ ભાંગવાનો તેમ જ લોકટીકાને હદબહાર સાવધાન તથા બીકણ કરી મૂકવાનો આશય રહેલો છે. હું કંઈ બિનજવાબદાર કે ગેરવાજબી પ્રમાણમાં કડક ટીકાનો રસિયો નથી, પણ જે સાવધાની અંતરનાદમાંથી જન્મ પામે છે તે જ નીરોગી સંયમની જનેતા હોઈ લાભકારક નીવડે છે; બહારથી બીજાએ બેસાડેલો ચોકીદાર નહીં.

એક વાત તો દીવા જેવી સ્પષ્ટ જોઉં છું. જો આપણે આપણા રાજદ્વારી અગર ધાર્મિક કજિયાઓથી આપણું પોતાનું નુકસાન કર્યું છે તો આપણા દુઃખના દિનથી લાભ ઉઠાવીને અને સરકારી નોકરોની જાહેર વર્તણૂક ઉપર કરવામાં આવેલી નિર્દોષ ટીકા સામે નુકસાનીના દાવા માંડવા સરકારી નોકરોને લલચાવીને અગર તો તેમને તેમ કરવાની પરવાનગી દઈને સરકાર એથી વિશેષ જ ખોઈ રહી છે એવી મારી દૃઢ માન્યતા છે. આપણે ભલે તત્કાળ પ્રયત્નને માટે અત્યારે અપંગ જેવા બની ગયા હોઈએ, પરંતુ આપણી અત્યારની નબળાઈનો નીચ લાભ લેવા ભરવામાં આવેલું સરકારનું એકેએક પગલું, આમ યુદ્ધનીતિ વિરુદ્ધ કમ્મરથી નીચે કરવામાં આવતો એકેએક ઘા આપણા વિરોધને માત્ર વધુ પ્રખર કરશે. આપણી અપંગ દશા ચાર દહાડાની છે. પણ આપણો વિરોધ તો ત્યારે જ શમશે જ્યારે આ રાજતંત્ર નાબૂદ થશે, જે તંત્રથી જ આજની આપણી આ દુર્ભાગી અપંગ દશા સંભવે છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ७–८–१९२४

ભાષાંતર : નવજીવનનો વધારો, ૧૦–૮–૧૯૨૪

## ૨૮૫. શિક્ષકોની પરિષદ

ગુજરાત વિદ્યાપીઠની રાષ્ટ્રીય શાળાઓમાં અત્યારે લગભગ ૩૦,૦૦૦ બાળકો ભણે છે. અમને ભણાવનાર શિક્ષકોની સંખ્યા ૮૦૦થી વધારે છે. સંસ્થાઓ લગભગ ૧૪૦ છે. તેમાંની બે કૉલેજો છે અને એક પુરાતત્ત્વવિદ્યાનું સંશોધન કરે છે. ૧૪૦ના આંકડામાં ૧૩ હાઈસ્કૂલો, ૧૫ મિડલ સ્કૂલો, અને ૧૫ અંત્યજ શાળાઓ પણ છે. અંત્યજ શાળાઓમાં ૩૦૦થી વધુ છોકરાછોકરીઓ ભણે છે. આ બધી સંસ્થાઓમાં ભણતી છોકરીઓની સંખ્યા ૫૦૦થી વધારે નથી. વિદ્યાપીઠે જમીનનો એક પ્લૉટ મેળવીને તેના પર એક સુંદર છાત્રાલય ઊભું કરી દીધું છે. ભણાવવા માટે અલગ મકાન બંધાતાં સુધી આ છાત્રાલયનો ઉપયોગ ભણાવવાના કામમાં પણ થવાનો છે. આ આંકડામાં વિદ્યાપીઠ સાથે ન જોડાઈ હોય એવી રાષ્ટ્રીય શાળાઓનો સમાવેશ થતો નથી. તેમ તે આ ક્ષેત્રમાં થયેલી વધારેમાં વધારે પ્રગતિ પણ રજૂ કરતા નથી. એ પ્રગતિને શિખરે તો એ ક્ષેત્ર ૧૯૨૧માં પહોંચ્યું હતું. તે પછી ઘણી શાળાઓ બંધ થઈ છે, અને વખત જતાં બીજી કેટલીક બંધ થવા સંભવ છે. સંસ્થાઓમાં હાજરી પણ વધતી નથી. બીજા બધા પ્રાંતોની માફક ગુજરાતમાં પણ કૉંગ્રેસના સામાન્ય કાર્યકરોમાં ઉત્સાહ ઓછો થયો છે.

પરંતુ ઉત્સાહમાં ઓટ આવી હોવા છતાં ગુજરાતમાં જે કંઈ થઈ શક્યું છે તે ઘણું સ્તુત્ય છે, કેમ કે આ પ્રાંત શિક્ષણના ક્ષેત્રમાં આપણા સૌથી પછાત પ્રાંતોમાંનો એક હતો

Gandhi Heritage Portal

અને કદાચ હજી પણ છે. સ્વરાજના ધોરણે માપીએ તો આ અખતરો કોઈ મોટી સિદ્ધિ ન ગણાય. પરંતુ એક અખતરા તરીકે એને તપાસીએ તો ચાર વરસના અસ્તિત્વ દરમ્યાન થયેલી પ્રગતિ આશ્ચર્યજનક કહેવાય. એ બતાવે છે કે ગુજરાતના લોકોમાં વ્યવસ્થાશક્તિ સારા પ્રમાણમાં છે, તેઓ જરૂર પડે ત્યારે નાણાં ખર્ચી શકે છે અને શિક્ષણના ક્ષેત્રમાં અસહકાર વિષે એમને શ્રદ્ધા છે. આ બધું હું તદ્દન તટસ્થ ભાવે કહી શકું છું, કેમ કે હું ગુજરાતનો રહેવાસી હોવા છતાં આ અખતરો ચાલતો હતો ત્યારે ગુજરાતમાં ઓછામાં ઓછું રહ્યો છું અને અખતરો ચલાવવામાં તો મારો હાથ હતો જ નહીં. એનો બધો યશ વલ્લભભાઈને તથા એમના અત્યંત કાબેલ સાથીદારોને ફાળે જાય છે. આ ભારેમાં ભારે ઝંઝાવાતભર્યા અને સૌથી લાંબા ગાળા દરમ્યાન હું યરવડામાં આરામ કરી રહ્યો હતો અને એ કારણે એક સલાહકાર તરીકે પણ સુલભ નહોતો.

એટલે શિક્ષકો ગયે અઠવાડિયે એકઠા થયા અને તેઓ જ્યારે તેમની સ્થિતિનું સરવૈયું કાઢી ભાવિ નીતિ ઘડતા હતા ત્યારે તેમની ચર્ચાવિચારણાને હું દોરવણી આપું એવી એમણે માગણી કરી એમાં કશું ખોટું નહોતું. મને એમણે સોંપેલા કામ માટે હું વધારે સમય અને શક્તિ આપી શક્યો હોત તો ઘણું સારું થાત. પણ મારી તબિયત બરાબર નહોતી અને મારી પાસે બીજાં કામો ઘણાં હતાં, એટલે (આ કામ માટે પૂરતી) તૈયારી અને અભ્યાસ હું આગળથી કરી શક્યો નહોતો.

મોટી સંખ્યામાં પરિષદમાં આવેલા શિક્ષકોને હું ઉપર ટાંકેલા આંકડાથી દર્શાવાતી સફળતા બદલ હાર્દિક અભિનંદન તો આપી શક્યો, પણ તેઓ જે વિવિધ પ્રકારની સંસ્થાઓ ચલાવી રહ્યા હતા તેની ગંભીર અને દેખીતી ખામીઓ અને નબળાઈઓ પણ મારે એમને બતાવવી પડી. મેં એમને કહ્યું કે આ રાષ્ટ્રીય શાળાઓ સ્વરાજ મેળવવા માટે કાઢવામાં આવી છે. એટલે સ્વરાજની દૃષ્ટિથી તેમને સાર્થક બનાવવા માટે તેમનું સંચાલન શિક્ષણ સંસ્થાઓને લાગુ પડતા રાષ્ટ્રીય કાર્યક્રમને આગળ ધપાવવાના હેતુથી જ થવું જોઈએ. આ રીતે વિચારતાં, દાખલા તરીકે રાષ્ટ્રીય શાળાઓએ રેંટિયાનો સંદેશ ફેલાવવાનું, હિંદુઓ, મુસલમાનો અને અન્ય કોમોને એકબીજાની વધારે નજીક લાવવાનું, અસ્પૃશ્યોને ભણાવવાનું અને શાળાઓમાંથી અસ્પૃશ્યતાનું કલંક ભૂંસી નાખવાનું સૌથી વધારે શક્તિશાળી સાધન બનવું જોઈએ. આ ગજથી માપીએ તો આ અખતરો નિષ્ફળ છે એમ કહેવું પડે. નિષ્ફળ ન કહીએ તોપણ એટલું નક્કી છે કે એની સફળતા ઘણી નિરાશાજનક છે. ૩૦,૦૦૦ છોકરાછોકરીઓમાંથી ભાગ્યે જ ૧૦૦૦ છોકરાછોકરીઓ ૧૦૦ જેટલા રેંટિયા ઉપર દરરોજ અડધો કલાક કાંતે છે. સેંકડો રેંટિયા નકામા પડી રહ્યા છે અને ધૂળ ખાય છે. આ શાળાઓમાં અંત્યજ બાળકો ભણી શકે છે એમ કહેવાય છે ખરું, પણ હકીકતે બહુ થોડાં અંત્યજ બાળકો એમાં ભણે છે. આ શાળાઓમાં મુસલમાન બાળકોની હાજરી પણ નહીંવત્ છે. એટલે મેં નિ:સંકોચ એવી સલાહ આપી હતી કે હવે આપણે સંખ્યા વધારવાને બદલે શિક્ષણ સુધારવાનો પ્રયત્ન કરવો સારો. બાળકોને દાખલ કરવા માટેની કસોટી ક્રમે ક્રમે વધારે કડક કરવી રહી. જે માબાપોને પોતાનાં બાળકો કાંતતાં શીખે કે અંત્યજ બાળકો સાથે હળેમળે તે ન ગમતું હોય તેઓ તેમની મરજી હોય તો પોતાનાં બાળકોને ઉઠાડી લે. મેં એવી સલાહ આપતાં પણ સંકોચ ન રાખ્યો કે જો શાળાઓ ચાલુ રાખવા માટે અસ્પૃશ્યોને અને રેંટિયાને છોડી દેવા પડે એમ હોય તો પોતાની શાળાઓ બંધ કરી દેવાનું જોખમ પણ શિક્ષકોએ ખેડવું રહ્યું. અસ્પૃશ્યોનાં બાળકો છાનાંમાનાં

Gandhi Heritage Portal

આપણી શાળામાં દાખલ થઈ જાય અને આપણે એમને નિભાવી લઈએ એટલું બસ નથી. પણ શોધી શોધીને તથા પ્રેમપૂર્વક પટાવી સમજાવીને એમને આપણી શાળાઓમાં આકર્ષવાની જરૂર છે. મુસલમાન અને પારસી માબાપો પોતાનાં બાળકોને આપણી શાળાઓમાં મોકલે તેની રાહ નહીં જોતાં, શિક્ષકો એમને ઘેર જઈ એમનાં બાળકોને આપણી શાળાઓમાં મોકલવા એમને સમજાવે એ જરૂરી છે. રાષ્ટ્રીય શિક્ષકે તો એના પોતાના કાર્યક્ષેત્રની અંદર સ્વરાજના મિશનરી બની જવું જોઈએ. પોતાની શાળામાં ભણતા એકેએક બાળકની એને પૂરેપૂરી માહિતી હોવી જોઈએ અને પોતાની શાળામાં ન હોય એવાં બાળકોને પણ તે ઓળખતો હોવો જોઈએ. આવાં બાળકોનાં માબાપની ઓળખાણ કરી શિક્ષકે જાણી લેવું જોઈએ કે તેઓ પોતાનાં બાળકોને રાષ્ટ્રીય શાળામાં શા કારણે મોકલતાં નથી. આ બધું કામ એણે અસહિષ્ણુ બનીને નહીં પણ પ્રેમપૂર્વક કરવું જોઈએ. આ રીતે કામ કરવામાં આવશે તો જ રાષ્ટ્રીય શાળાઓ કૉંગ્રેસના ઠરાવમાં કહ્યું છે તે અર્થમાં સાચેસાચ રાષ્ટ્રીય બની શકશે.

કામ અઘરું છે એમાં શક નથી. આ સરકારે દરેક વસ્તુને પૈસાની પૂજાનું સાધન બનાવી દીધી છે. કોઈ બાબતમાં ચારિત્રની કસોટી કામ લાગતી નથી. શિક્ષક ઉપરચોટિયો અભ્યાસક્રમ પોપટની માફક ભણાવી દે એટલું જ બસ ગણાય છે. એકેએક ધંધાને આજીવિકાનું સાધન બનાવીને એનું મહત્ત્વ ઘટાડી દેવામાં આવ્યું છે. આપણે વકીલ, દાક્તર કે શિક્ષક બનીએ છીએ તે આપણા દેશબંધુઓની સેવા કરવા માટે નહીં પણ પૈસા કમાવા માટે. એટલે વિદ્યાપીઠને આવા આત્માને હણનારા વાતાવરણમાં શિક્ષકોની નિમણૂક કરવી પડી હતી. આ શિક્ષકો પૈકી મોટા ભાગનાને તો પોતાના સ્વાર્થ અને પોતાની આસપાસની પરિસ્થિતિથી પર થવાની જરૂર પડી હતી. એમણે દેશનો સાદ સાંભળ્યો અને વિદ્યાપીઠમાં જોડાયા એ જ મોટું અચરજ છે.

પણ હવે, લગભગ ચાર વરસના અનુભવ પછી, આપણે નવેસરથી બાજી ગોઠવવી જોઈએ. આપણે હાથ જોડીને બેસી રહીએ તે ચાલે એમ નથી. એમ કરીએ તો તો આપણું અસ્તિત્વ જ મટી જાય. માટે છોકરા અને છોકરીઓ રોજ ઓછામાં ઓછો અડધો કલાક રેંટિયો ચલાવે એવો આપણે આગ્રહ રાખવો જોઈએ. ત્રીસ હજાર છોકરાછોકરીઓ અને આઠસો શિક્ષકો રોજ અડધો કલાક કાંતે એટલે કે દેશને ખાતર મજૂરી કરે એ કંઈ જેવું તેવું શિક્ષણ નથી. રોજ દેશભક્તિ દાખવવાનો, ઉપયોગી શ્રમ કરવાનો અને દાન આપવાનો એ એક વ્યવહારુ પાઠ કહેવાય. એક છોકરો ભણતાં ભણતાં પણ કશા બદલાની આશા સિવાય દાન આપતો જાય એ સ્વાર્થત્યાગનો એવો પદાર્થપાઠ છે જે વિદ્યાભ્યાસ પૂરો થયા પછી પણ ભુલાવાનો નથી. અને વિદ્યાર્થીઓના આ સૂત્રયજ્ઞને પરિણામે દેશને દર મહિને ૧,૮૭૫ મણ સૂતર મળે. એમાંથી ૫૦૦૦ માણસોને કાંઈ નહીં તો એક એક ધોતી આપી શકાય. આ શિક્ષણથી બીજા શા ફાયદા થાય તેની વાત બાજુએ રાખીએ તોપણ દરેક બાળકને જો એટલો જ ખ્યાલ આવે કે, બીજાં પાંચ બાળકોને સાથે રાખીને જો પોતે રોજ અર્ધો કલાક સૂતર કાંતે, તો એક મહિનામાં એટલું બધું સૂતર તૈયાર થાય કે તેમાંથી મદ્રાસમાં થોડા વખત ઉપર આવેલી રેલને પરિણામે વસ્ત્રો ગુમાવી બેઠેલા પોતાના એકેએક દેશબંધુને એક એક ધોતી આપી શકાય, તો એ બાળક કેવો ઉમદા બોધપાઠ શીખ્યું તેનું દરેક શિક્ષક મૂલ્યાંકન કરી જુએ.

પરંતુ રાષ્ટ્રીય શાળાઓમાં કૉંગ્રેસ કાર્યક્રમોનું રચનાત્મક અંગ જોઈએ તેવું સફળ શા કારણે નથી થયું તે કહેવું પડશે. એક દુઃખદ હકીકત બહાર આવી રહી છે કે આપણે જેઓ લોકોના વરાયેલા પ્રતિનિધિઓ છીએ તેઓ હજી કાંતતાં પણ શીખ્યા નથી. પીંજવાનું અને કાંતવાનું

Gandhi Heritage Portal

શીખવવાની લાયકાત પ્રાપ્ત કરવા શિક્ષકોએ એક સમૂહ તરીકે હજી સુધી કશાં પગલાં લીધાં નથી. તો પછી તેઓ પોતાના વિદ્યાર્થીઓમાં ઉત્સાહ ન રેડી શકે અને દરેક જગ્યાએ રેંટિયાની ગેરહાજરી નજરે ચડે એમાં નવાઈ નથી.

પરંતુ એ એક ભારે સંતોષની વાત છે કે આ ખામી દૂર કરવા માટે રજૂ થયેલા તમામ ઠરાવો ઘણી મોટી બહુમતીથી પસાર થયા છે. શિક્ષકો અને વિદ્યાર્થીઓ ઉદ્યોગ કરે એ આપણે માટે નવી વાત છે. એટલે એના પ્રત્યે ઉત્સાહ જોવામાં ન આવે એ કદાચ સ્વાભાવિક છે. પણ હવે શિક્ષકોએ પોતે જ ઠરાવો કર્યા હોવાથી જો તેઓ તેના અમલમાં નિષ્ફળ જશે તો તેમને મોટું લાંછન લાગશે. જો શિક્ષકો આ વાત મન પર લે તો મને ખાતરી છે કે મોટા ભાગનાં માબાપો એમનાં બાળકો કાંતવાનો ઉમદા હુન્નર શીખે, રોજ અર્ધો કલાક દેશને આપે અને અંત્યજ બાળકો સાથે બેસીને ભણે એમાં વાંધો લેશે નહીં. અને હું આશા રાખું છું કે ગુજરાતના શિક્ષકોએ જે કામ કરવાનો નિશ્ચય કર્યો છે, તે કામ દેશભરના રાષ્ટ્રીય શિક્ષકો ઉપાડી લેશે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ७-८-१९२४

# ૨૮૯. નોંધ

## એક મુશ્કેલી

હુબલીથી એક પત્રલેખક લખે છે :

હુબલી તાલુકા કૉંગ્રેસ સમિતિના કારોબારી મંડળમાં અત્યાર સુધી અગિયાર સભ્યો રહેતા. કર્ણાટક પ્રાંતિક કૉંગ્રેસ સમિતિના બંધારણ પ્રમાણે સંપૂર્ણ કારોબારી સમિતિ ઓછામાં ઓછા ૧૦ સભ્યોની બનેલી હોવી જોઈએ.

અમદાવાદના ઠરાવો મંજૂર થયા કે તરત આ અગિયાર સભ્યોમાંથી નવ સભ્યોએ રાજીનામાં આપ્યાં, કેમ કે તેઓ આ ઠરાવોમાં કરેલી ભલામણો અમલમાં મૂકી શકે તેમ નહોતું.

હુબલી તાલુકા કૉંગ્રેસ સમિતિની સામાન્ય સભામાં તાલુકાની દોઢ લાખની વસ્તીમાંથી માત્ર ૧૦૦૦ સભ્યો છે. ૯મી તારીખે આ સામાન્ય સભાની એક બેઠક મળી હતી. એમાં માત્ર ૨૪ જણ હાજર હતા. આ સભાએ પેલા નવ સભ્યોનાં રાજીનામાં સ્વીકારી લીધાં, કેમ કે એ પાછાં ખેંચી લેવાનું એમને કોઈ પણ રીતે સમજાવી શકાય એમ નહોતું. પછી આ ખાલી પડેલી જગાઓ પુરાતાં સુધી કારોબારીનું કામ કરવા કારોબારીના બાકી રહેલા બે સભ્યોને સત્તા આપવામાં આવી. આ બે સભ્યો એટલે ઉપ-પ્રમુખ શ્રી વીસનજી શેઠ અને મંત્રી ડૉ. હાર્ડિકર. સાથે સાથે ઠરાવ કરવામાં આવ્યો કે સામાન્ય સભાની બીજી બેઠક ૧૯૨૪ના જુલાઈના છેલ્લા અઠવાડિયામાં બોલાવવી અને એમાં કારોબારીમાં ખાલી પડેલી જગાઓ પૂરવા માટે સભ્યોની ચૂંટણી કરવી.

આ બેઠક ગઈ કાલે ૧૯૨૪ના જુલાઈની ૨૭મીએ મળી ગઈ. આ મિટિંગનો જાહેરનામાં વહેંચીને અને શહેરનાં અનેક કુટુંબોને વ્યક્તિગત મળીને અમદાવાદના ઠરાવો



Gandhi Heritage Portal

સમજાવીને પણ સારી પેકે પ્રચાર કરવામાં આવ્યો હતો. આ બધું કરવા છતાં ૧૦૦૦ સભ્યોમાંથી માત્ર ૩૦ સભ્યો આ સભામાં હાજર રહ્યા હતા. આ સભાને કહેવામાં આવ્યું હતું કે આપણી કારોબારીની ખાલી જગાઓ પૂરવા ઉપરાંત બીજું પણ એક કામ કરવાનું છે. તે એ કે ૧૦મી ઑગસ્ટ પહેલાં ધારવાડ જિલ્લા કૉંગ્રેસ સમિતિના ૧૦ સભ્યોની ચૂંટણી કરવી, કેમ કે એ સમિતિની બેઠક એ તારીખે ભરાવાની છે. આમ છતાં કારોબારીના સભ્યોની ચૂંટણીનું કામ આ સભાએ મુલતવી રાખ્યું અને જિલ્લા સમિતિ માટે પ્રતિનિધિઓ પણ પસંદ ન કર્યા. હાજર રહેલા સભ્યોને સંસ્થાના ૧૦૦૦ સભ્યો વતી જિલ્લા સમિતિ માટે પ્રતિનિધિઓ પસંદ કરવાનું મુનાસીબ લાગ્યું નહીં. તેમ જ અમદાવાદની ભલામણોનો અમલ કરે એવા માણસોની દરખાસ્ત પણ કોઈએ રજૂ કરી નહીં. એટલે આ પ્રશ્નો વિચારવાનું આ સભાએ અચોક્કસ મુદત સુધી મુલતવી રાખ્યું.

અત્યારે પરિસ્થિતિ આ પ્રમાણે છે:

૧. સામાન્ય સભામાં આજકાલ ૨૫–૩૦ કરતાં વધારે સભ્યો હાજર રહેતા નથી.

૨. ૧૦૦૦ સભ્યો વતી કામ કરવાની જવાબદારી માથે લેવી કે કેમ તે બાબતમાં તેઓ હજી ઢચુપચુ છે.

૩. અમદાવાદની શરતો સંતોષે એવા પ્રતિનિધિઓ જો એમને ચૂંટવા હોય, તો એવા કોઈ માણસો પ્રતિનિધિત્વ ધરાવતી સંસ્થાઓમાં કામ કરવા તૈયાર થતા નથી.

૪. આ સંસ્થાઓ માટે કોઈ ચૂંટણી થાય તો તે એવા જ માણસોની થઈ શકે જે અમદાવાદની બધી ભલામણોનો અમલ કરવા શક્તિમાન ન હોય.

૫. એટલે સામાન્ય સભાએ કેવળ એવા જ માણસો પસંદ કરવા પડશે જે કૉંગ્રેસનું કામ કરવા આગળ આવે પણ અમદાવાદની ભલામણોનો અમલ તો પોતાનાથી થાય તેટલો જ કરે.

(જો સરકારી અદાલતોના કામકાજનો અને સરકારી શિક્ષણસંસ્થાઓનો બહિષ્કાર કરવાનો આગ્રહ ન રખાય તો અહીંના ઘણા પ્રતિનિધિઓ બાકીના બહિષ્કારોનો અમલ કરી શકે તેમ છે.)

૬. એટલે અહીંની કૉંગ્રેસ સમિતિએ પોતાનું કામ કાં તો અખિલ હિંદ કૉંગ્રેસ સમિતિ એની આકરી ભલામણો પાછી ખેંચી લે ત્યાં સુધી સ્થગિત કરી દેવું પડશે અથવા ભવિષ્યની કોઈ અનિશ્ચિત તારીખ સુધી નિષ્ક્રિય અને નિષ્પ્રાણ બનીને બેસી રહેવું પડશે. અને ગઈ કાલની બેઠકમાં પુરવાર થયું તેમ આ સામાન્ય સભા નિષ્ક્રિય બનીને બેસી રહેવાની હઠ લઈ બેઠી હોય એવું જણાય છે.

મને લાગે છે કે આખીયે મુસીબત મહાસમિતિના ઠરાવોનું રહસ્ય સમજવાની અશક્તિમાંથી ઊભી થઈ છે. પેલા નવ સજ્જનોએ રાજીનામું આપ્યું એ તો સારું જ થયું છે. જો એમણે રિસાઈને નહીં પણ ખેલદિલીથી રાજીનામાં આપ્યાં હોય તો પોતે હોદ્દેદારો ન હોવા છતાં તેઓ મદદગાર થઈ શકે, અને પૂરેપૂરી લાયકાતવાળા માણસો ચૂંટાઈ આવે તે માટે નવી ચૂંટણીઓ કરવામાં પણ ઉપયોગી થઈ શકે. પરંતુ જો તેઓ બહિષ્કારોમાં માનતા ન હોય તો તેમણે ફરીથી ચૂંટણીમાં ઊભા રહેવું જોઈએ, હિંમત કરીને મતદારોને પોતાના વિચારોના કરવા પ્રયત્ન કરવો જોઈએ અને તેમને કહેવું જોઈએ કે અમને ચૂંટી મોકલો. હુબલીની સમિતિ જો

Gandhi Heritage Portal

એક જીવંત સંસ્થા હોય તો આખીયે પરિસ્થિતિ મતદારોના હાથમાં છે. મહાસમિતિનો પ્રસ્તુત ઠરાવ મતદારોને માર્ગદર્શન આપવા માટે પસાર કરવામાં આવ્યો હતો, પસંદગીમાં એમના હાથ બાંધી દેવા માટે નહીં. કૉંગ્રેસની અત્યારની નીતિમાં સર્વાંશે કે અલ્પાંશે ન માનતા હોય એવા લોકોને ચૂંટવાનો એમને પૂરેપૂરો અધિકાર છે. યોગ્ય રીતે યોજાતી ચૂંટણીઓમાં દેશની રુખ પારખવાનો પ્રામાણિક રસ્તો એ જ છે, અને તે એ કે મતદારોને પોતાનો અધિકાર વાપરવા દેવો. જ્યાં સુધી આપણે શુભ ભાવનાથી ચૂંટણી નહીં યોજીએ ત્યાં સુધી દેશ ખરેખર શું માગે છે તેની આપણને કદી ખબર પડશે નહીં, તેમ આપણે કશી સાચી પ્રગતિ પણ કરી શકીશું નહીં. હુબલી સમિતિ કૉંગ્રેસના સિદ્ધાંતમાં માનનાર અને ચાર આનાનું લવાજમ આપનાર લોકોનાં નામ પોતાના રજિસ્ટરમાં દાખલ કરે અને પછી એ લોકો પોતાને મનગમતા સભ્યો ચૂંટી કાઢે. આ રીતે ચૂંટાયેલા લોકો જ સાચા પ્રતિનિધિઓ બનશે, પછી ભલે તેઓ કૉંગ્રેસના કાર્યક્રમમાં માનતા હોય કે ન માનતા હોય. મને પૂછવામાં આવ્યું છે કે એક જ માણસ સો માણસોનું લવાજમ ભરીને એમને સભ્ય બનાવી શકે કે નહીં? હું કહીશ કે આ તો મત ખરીદ્યા કહેવાય અને તે કારણે એ બેઈમાની થઈ કહેવાય. કહેવાની મતલબ એ છે કે સભ્ય બનવા માટે પોતે જ ચાર આના આપે એવાં સ્ત્રીપુરુષોને શોધી કાઢવાં જોઈએ. જો આ સાચા મતદારો, એમની સમક્ષ રજૂ થયેલા કાર્યક્રમના લાભાલાભ જાણ્યા પછી એમાં માનનાર સિવાય બીજા કોઈને ચૂંટવાની ના પાડે અને એ શરતોએ સેવા આપે એવા થોડા જ માણસો મળે તો એ થોડા પ્રતિનિધિઓનો સાથ લઈ કાર્યક્રમનો અમલ કરતાં હું અચકાઉં નહીં. ધાર્યાં પરિણામ લાવવા માટે નીતિ અને સિદ્ધાંતોનો અમલ જો વૈજ્ઞાનિક પદ્ધતિએ અને સાચી ભાવનાથી કરવો હોય તો આ સિવાય બીજો રસ્તો નથી.

## દુકાળરાહત માટે રેંટિયો

દુકાળરાહતનું સારામાં સારું સાધન રેંટિયો છે એવા મારા વિધાનના સમર્થનમાં તામિલનાડ ખાદી બોર્ડના સેક્રેટરી લખે છે:

> કોઈમ્બતુર જિલ્લાને "ગરીબ" કહેવો એ કદાચ વાજબી નહીં ગણાય. પણ ઘણેભાગે એ "સૂકો" જિલ્લો છે અને વરસાદ ન આવે ત્યારે, ગયે વર્ષે બન્યું હતું તેમ, ત્યાં અચૂક દુકાળ પડે છે. ગયા વર્ષને અંતે ત્યાં આકરો દુકાળ પડ્યો હતો. ઢોર વિનામૂલ્યે વેચાતાં હતાં. આ સંજોગોમાં રેંટિયો કાંતવો એ સ્ત્રીઓ માટે સૌથી સહેલો અને અત્યંત સ્વાભાવિક ધંધો થઈ પડ્યો. એટલે હજારો સ્ત્રીઓ રૂ મેળવવા માટે ખાદી ઉત્પાદકોના ઘરને ઘેરી વળી. એ લોકોએ અપાય એટલાંને રૂ આપ્યું. પરિણામ એ આવ્યું કે નવેમ્બર અને ડિસેમ્બર મહિનામાં લગભગ ૭૫,૦૦૦ રૂપિયાની ખાદી પેદા થઈ અને બધી મૂડી એમાં રોકાઈ ગઈ. ફેબ્રુઆરી મહિનામાં ખાદી બોર્ડના સભ્યો આ પ્રદેશમાં ફરવા નીકળ્યા ત્યારે ઉત્પાદકોને ખાદીનું ઉત્પાદન બંધ કરવું પડ્યું હતું. ગામલોકોએ જ્યારે જાણ્યું કે વેપારીઓએ રૂ આપવાનું બંધ કર્યું છે ત્યારે તેઓ કેવા દુ:ખી થયા હતા તે મેં જાતે જોયું છે. મને જણાવતાં આનંદ થાય છે કે આ ઘાંટીમાંથી અમે નીકળી ગયા છીએ અને ઉત્પાદન ફરીથી પુરબહારમાં ચાલી રહ્યું છે.

હજી શરૂઆત હોવા છતાં તિરપુરની ખાદીનો ભાવ વધારેપડતો નથી. આ ખાદી ૮ કે ૯ આને વાર વેચાય છે. આટલો ભાવ હોવાનું મુખ્ય કારણ એ છે કે આ ખાદીમાં

Gandhi Heritage Portal

સારામાં સારું રૂ જ વપરાય છે અને આપ જાણતા હશો કે છેલ્લા એક વરસથી સારું રૂ અતિશય ભારે દામે જ વેચાય છે. રૂના ભાવ ઘટશે ત્યારે ખાદીનો ભાવ સાત આને કે છ આને વાર સુધી પણ ઘટાડી શકાશે. આ ખાદીનું પોત મિલના કાપડ સાથે હરીફાઈમાં ઊતરે એવું હોય છે, એ હું બેધડક કહી શકું છું.

### કાંતવાનો મહિમા — એક બ્રાહ્મણની કલમે

એક મિત્રે નીચેનું લખાણ મોકલ્યું છે, જે વાંચતાં રસ પડશે:

હું કોંકણમાં જન્મેલો અને ત્યાં જ ઊછરેલો બ્રાહ્મણ છું. એમ કહી શકાય કે તેર વરસની ઉંમર થતાં સુધી હું કેવળ ગામડામાં રહ્યો છું અને તે પછીનાં સાત વરસ મારું જીવન થોડો વખત ગામડામાં અને થોડો વખત શહેરોમાં વીત્યું છે. મારા દાદાના દાદા મરતી વખતે સંન્યાસી હતા. અને મારા દાદા બ્રાહ્મણોનો આચારધર્મ પાળવામાં એટલા ચુસ્ત હતા કે મરવાને દહાડે પણ એ નાહ્યા હતા. મારા પિતા રોજ આખી રુદ્રીનો એટલે શંકર ભગવાનની આખીયે શાસ્ત્રોક્ત સ્તુતિનો અને તે ઉપરાંત ગીતાના બે અધ્યાયનો મુખપાઠ કરતા. દર સોમવારે અને ખાસ કરીને શ્રાવણ મહિનાના એકેએક સોમવારે તેઓ અમારા ગામના મહાદેવની સમક્ષ બેસીને આઠદસ કલાક સુધી રુદ્રીનું પારાયણ કરતા. હું નાનો હોવાથી મને રુદ્રી તો આવડે નહીં. એટલે મારા પિતા રુદ્રી બોલે ત્યારે હું મહાદેવના લિંગને અભિષેક કરું. રુદ્રીપાઠ ચાલે ત્યાં સુધી નહીં નહીં તો પાંચસો ઘડા પાણી હું મહાદેવના લિંગને ચડાવતો હોઈશ. આ બધું હું માત્ર એટલું જ જણાવવા લખું છું કે મારો જન્મ અને ઉછેર સાહેબશાહી કે સુધરેલા વાતાવરણમાં નહીં પણ ધાર્મિક વાતાવરણમાં થયો છે.

એ વાતાવરણમાં મને એવો બોધ આપવામાં આવ્યો હતો કે મારી જનોઈ માટે જોઈએ તેટલું સૂતર જાતે કાંતી લેવાથી પુણ્ય મળે છે. મારા દાદા, મારા પિતા અને મારા કાકાઓ બધા સૂતર કાંતતા. મારા ધર્મગુરુ મને સંધ્યા કે રુદ્રી શીખવતા હોય ત્યારે બધો વખત સૂતર જ કાંતે. અમારે આંગણે કપાસનો છોડ કાયમ રહેતો. પૂણીઓ અમે અત્યંત અણઘડ રીતે બનાવતા. સૂતર કાંતવાનો મને ઘણો શોખ હતો. મારી તકલી તદ્દન ગામઠી હતી. એક ઘસાઈ ગયેલા પૈસામાં વચ્ચે કાણું પાડી એમાં એક પાતળો સળિયો ખોસતા. એ મારી તકલી હતી. અમે એને "ચાટી" કહેતા.

અમારી સ્ત્રીઓ વિષે પણ મારે ઘણુંખરું એ જ વાત કહેવાની છે. સ્ત્રીઓ અને ખાસ કરીને વિધવાઓ કથાપુરાણ સાંભળવા જતી, કેમ કે એ જમાનામાં એમને પુણ્ય કમાવા સિવાય જીવનમાં બીજું કશું ધ્યેય નહોતું. કથા સાંભળતાં સાંભળતાં આ સ્ત્રીઓ કેવળ પોતાનાં આંગળાં વડે જ સૂતર કાઢતી. આ સૂતર તેઓ માટીના એક નાના ઘડાને ગળે વીંટતી. આ સૂતરને આમળીને તેઓ દિવેટો બનાવતી. આ દિવેટોને ઘીમાં પલાળીને એનો દીવો કરી તે ભગવાન સમક્ષ મૂકતી. એનાથી પુણ્ય મળે એવી એમની માન્યતા હતી. આ રીતે સૂતર કાંતવાથી એ સ્ત્રીઓ હલકી તો નહોતી જ ગણાતી, પણ એમને ઊંચું બ્રાહ્મણપદ અને ધાર્મિક મહત્ત્વ મળતું.

આ વિગતો લખવાનો મારો એકમાત્ર ઉદ્દેશ એ સાબિત કરવાનો છે કે સૂતર કાંતવાથી બ્રાહ્મણ વૈશ્ય બની જાય છે એ વાત તદ્દન ગલત છે. હું રત્નાગિરિ જિલ્લાનો વતની છું અને જ્ઞાતિએ ચિત્પાવન બ્રાહ્મણ છું.

Gandhi Heritage Portal

## શું ખાદીની ઉત્પાદન વ્યવસ્થા ખામીવાળી છે?

ઠરેલ સ્વભાવના એક મિત્ર લખે છે:

યંગ ઇન્ડિયાના છેલ્લા અંકમાં ખાદીના અતિઉત્પાદનનો તમે ઉલ્લેખ કર્યો છે અને એનું વેચાણ વ્યવસ્થિત કરવાની આવશ્યકતા ઉપર ભાર મૂકયો છે. તમે એમ પણ લખ્યું છે કે મુંબઈ જેવાં શહેરોએ વધારાનો પડી રહેલો માલ ખરીદી લેવો જોઈએ. પણ જો વેચાણની વ્યવસ્થાનો અભાવ છે, તો ઉત્પાદનની વ્યવસ્થા ખામીવાળી નથી? ખાદી આજે પણ મિલ-કાપડ કરતાં ઘણી મોંઘી છે અને એની કિંમતનો બદલો મળી રહે એટલી એ ટકે છે કે કેમ તે શંકાસ્પદ છે. અત્યારે તો તીવ્ર દેશદાઝવાળા અને પૈસાની છૂટ હોય એવા લોકો જ ખાદી પહેરવાની મજા માણી શકે એમ છે. તમારા લખવામાંથી એવો ધ્વનિ નીકળે છે કે લોકોએ જરા ઉદાર બનવું જોઈએ. પણ માત્ર ઉદાર બનવાથી શું વળે? જો ઉત્પાદનની વ્યવસ્થા જ ખામીવાળી હશે તો લોકોની ઉદારતાનો હેતુ માર્યો જશે. જો તમારાં લખાણો અને ભાષણોનો મર્મ હું બરાબર સમજતો હોઉં તો રેંટિયાની ચળવળનું ધ્યેય કાપડની બાબતમાં ગામડાંને સ્વાવલંબી બનાવવાનું છે. એનો અર્થ એ થયો કે કાંતણ-પ્રવૃત્તિ ઘેરઘેર સ્વાવલંબનના ધ્યેયથી ચાલવી જોઈએ. પણ શું એમ કહી શકાય તેમ છે કે ઉત્પાદન આ ધ્યેયથી વધારવામાં આવી રહ્યું છે? કેટલાં ગામ સ્વાવલંબી બની ચૂકયાં છે અથવા બનવાની અણી પર છે?

તમે કહો છો તેમ જો ખાદી એક પ્રાંતમાંથી બીજા પ્રાંતમાં વેચાવા માટે જાય એ ઇચ્છવાજોગ નથી, તો પછી બીજા કાપડ કરતાં એ મોંઘી હોવાથી એને વેચવાનું આર્થિક રીતે પોસાય એમ નથી એટલા જ કારણસર ખાદીને શહેરોમાં લાવવી અને ત્યાં સંઘરવી એ પણ એટલું જ અનિચ્છનીય છે. લોકોની ભાવના જાગ્રત કરીને ખાદી ખપાવી શકાય, પરંતુ હમેશને માટે એ માર્ગ અપનાવવો બરોબર નથી.

ખાદી આપણને માત્ર ઉપર ઉપરથી જોતાં મોંઘી લાગે છે. આ પાનાંમાં હું સમજાવી ચૂક્યો છું કે અમુક માપની ખાદી અને એટલા જ માપનું બીજું કાપડ લઈ બંનેની કિંમત સરખાવીને બંને જાતના કાપડની સરખામણી કરવી બરાબર નથી. ખાદીનું સસ્તાપણું માણસના કાપડના શોખમાં ક્રાંતિકારક ફેરફાર થાય છે એમાં રહેલું છે. ખાદી પહેરવાથી, શરીર શોભાવવા માટે કપડાં પહેરવાનો રૂઢિગત વિચાર ચાલ્યો જાય છે અને એની જગ્યાએ નવો વિચાર દૃઢ થાય છે કે કપડાં ઉપયોગને માટે પહેરવાં જોઈએ. ખાદી ટકાઉ નથી એ બાબતમાં મતભેદ છે. આનું કારણ કદાચ એ હશે કે લોકોને ખાદીના જુદા જુદા અનુભવ થયા છે. કાંતણકામમાં એકસરખાપણું ન આવે ત્યાં સુધી જુદા જુદા અનુભવ અનિવાર્ય છે. ચાર વરસનો કાંતવાનો ત્રૂટક અનુભવ હાથે કાંતેલા સૂતરને પ્રમાણભૂત ધોરણ પર મૂકવા માટે પૂરતો તો ન જ ગણાય. એકેએક નવા ઉદ્યોગને શરૂઆતમાં શોષવું તો પડે છે. પત્ર લખનાર મિત્રનું ઠરેલપણું ભાવનાને ગણતરીમાં લેતું નથી. પરંતુ દુનિયામાં ભાવના અત્યંત શક્તિશાળી તત્ત્વ છે. આપણે આપણું ભોજન ઘેર રાંધી લઈએ છીએ એનું કારણ એ નથી કે આધુનિક અર્થશાસ્ત્રની દૃષ્ટિએ હાથે રાંધવાનું સસ્તું પડે છે, પણ એનું કારણ એ છે કે એ પ્રથાની પાછળ જુગજૂની ભાવના રહેલી છે. અર્થશાસ્ત્ર ભણનાર નિશાળિયો પણ સમજાવી શકશે કે અનાજની કિંમત, રાંધવાની મહેનત, બળતણ, વાસણનો ઘસારો અને ઘરભાડું — આ બધાના ખર્ચની ગણતરી કરી જોશો તો ખ્યાલ આવશે કે હોટેલનો ખોરાક ઘરના ખોરાક કરતાં સસ્તો પડે છે. એટલે અત્યારને તબક્કે

Gandhi Heritage Portal

ખાદી માટે મદદની જોગવાઈ કરવી જરૂરી છે. આચાર્ય રાયે એમના તાજેતરના મૅનિફેસ્ટોમાં બહુ વાજબી રીતે કહ્યું છે તેમ રાજ્ય જે ન કરે તે લોકોની દેશદાઝની ભાવનાએ કરવું રહ્યું. ખાદી પ્રવૃત્તિનો ઉદ્દેશ લેખકે સાચા સ્વરૂપે રજૂ કર્યો છે. અને એ ઉદ્દેશ પૂરેપૂરો ત્યારે જ સિદ્ધ થાય જ્યારે જનતાની સેવા કરવા નીકળેલા આપણે રેંટિયાની આવશ્યકતા પિછાનીએ અને રેંટિયા માટે તથા એના દ્વારા પેદા થતી ખાદી માટે રુચિ કેળવીએ. ઓરિસ્સાના હાડપિંજર જેવા લોકો પાસે જઈ એમની સમક્ષ હું રેંટિયો પછાડું તો તેઓ એની સામે પણ નહીં જુએ. પણ જો એમની વચ્ચે બેસી હું કાંતવા માંડું તો માછલી જે સ્વાભાવિકતાથી પાણીમાં પેસે તેવી જ સ્વાભાવિકતાથી તેઓ પણ મારી માફક કાંતવા માંડશે. મોટા લોકો જે કરે તેનું જનતા અનુકરણ કરે છે, પણ એમના ઉપદેશનું તે અનુકરણ કરતી નથી. કાંતવાનું ફરજિયાત બનાવતો ઠરાવ કરવાની જરૂર આ કારણે હતી. એનાથી ગામડાં પ્રત્યેની જવાબદારીનું આપણને સાચું ભાન થાય છે, વાતાવરણમાં કાંતવા પ્રત્યે રુચિ ફેલાય છે, અને ખાદી સસ્તી બને છે. દેશ જો કાંતવાના ઠરાવનો વફાદારીપૂર્વક અમલ કરી બતાવે તો એમાં એવી શક્તિ છુપાયેલી છે જેનો હજી આપણને ખ્યાલ જ નથી.

### એક ઉપદેશ[1]

> મુસલમાનોની ખુશામત કરવાની આપને એવી ટેવ પડી ગઈ છે કે આપ તો એમ જ માનતા લાગો છો કે તેમના બે-લગામ વર્તનને માટે તેમને બિલકુલ દોષપાત્ર ન ગણીને જ તેમને હિંદુઓની સાથે રાખી શકો. હવે તો ન્યાય મુજબ આપે બંને પક્ષોને વખાણ અથવા ઠપકો વહેંચી આપવાં પડશે. કારણ પ્રજાના નબળા અને રાંક લોકોનો હમેશાં વાંક કાઢવાનું અને બળવાન ને ઉદ્દામ લોકોની ખુશામત કરવાનું ધોરણ એ ડહાપણ ન કહેવાય.

આ તો એક હિંદુ મિત્રે મને સંભળાવેલા એક લાંબા ઉપદેશમાંથી નાનકડો ઉતારો છે. હું જાણું છું કે બીજા અનેક હિંદુઓ આ જ ભાઈના વિચારના છે. પણ સાચી વાત એ છે કે વહેમ અને આવેશથી ભરેલા વાતાવરણમાં મારો નિષ્પક્ષપાત એ પક્ષપાત તરીકે સમજી લેવાય. ઈસ્લામ અથવા મુસલમાનોમાં કશું પણ સારું દેખવાની ના પાડનારા હિંદુઓને ઈસ્લામનો અથવા મુસલમાનોનો હું કંઈ પણ બચાવ કરું છું તો સામાન્ય રીતે આઘાત પહોંચે છે. મારું તો પેટમાંનું પાણીયે નથી હાલતું. કારણ હું જાણું છું કે કોઈક દિવસ તો મારા હિંદુ ટીકાકારો મારી દૃષ્ટિની યથાર્થતા કબૂલ કરશે. કદાચ તેઓ એમ પણ કબૂલ કરશે કે જ્યાં સુધી એક પક્ષ બીજા પક્ષનું દૃષ્ટિબિંદુ સમજવાને, તેની કદર કરવાને અને તેને અંગે કંઈક નમતું મૂકવાને તૈયાર ન હોય ત્યાં સુધી ઐક્ય થવું અસંભવ છે. આને માટે મોટું મન જોઈએ, ઉદારતા જોઈએ. બીજાઓ આપણી તરફ જેવી રીતે વર્તે એમ આપણે ઈચ્છીએ તેવી જ રીતે આપણે બીજાઓ તરફ વર્તવું જોઈએ.

### દિલ્હીમાં કામકાજ[2]

મૌલાના મહમદઅલી પાસેથી મળેલા એક પત્ર ઉપરથી જણાય છે કે દિલ્હીમાં જુદા જુદા પક્ષો વચ્ચે સમાધાની કરવાનો પૂરેપૂરો પ્રયત્ન તેઓ કરી રહ્યા છે. તેઓ એક તપાસ કમિટી

૧. આ પેટામથાળાવાળા ભાગનું ભાષાંતર નવજીવન, ૨૪–૮–૧૯૨૪ના અંકમાંથી આપવામાં આવ્યું છે.

૨. આ નોંધમાં હવે પછી આવતા "દિલ્હીમાં કામકાજ", "મૌલાના હસરત મોહાની" અને "આ ઉપાય ?" આ ત્રણ પેટામથાળાવાળા ભાગનું ભાષાંતર નવજીવન, ૧૦–૮–૧૯૨૪ના અંકમાંથી આપવામાં આવ્યું છે.

Gandhi Heritage Portal

નીમવાનો પણ પ્રયત્ન કરે છે. એને માટે અતિશય સાવચેતીથી વર્તવાની જરૂર છે. એટલો બધો અન્યોન્ય અવિશ્વાસ વર્તે છે કે મૌલાના સાહેબ કહે છે કે કેટલાક માણસોને તો તપાસ કમિટી જોઈતી નથી. આ બધી મસલત તેઓ અતિશય બીમાર હોવા છતાં ચલાવી રહ્યા છે. તેઓ એટલા માંદા છે કે આખો વખત પથારીમાં પડ્યા રહેવું પડે છે અને એક જગ્યાએથી બીજી જગ્યાએ જવા માટે તેમને ડોળીમાં લઈ જવા પડે છે. આપણે આશા રાખીએ અને પ્રાર્થના કરીએ કે મૌલાના સાહેબ જલદી સાજા થઈ પોતાના ભારે કાર્યને ન્યાય આપી શકે.

### ખાસ ગોઠવાયેલાં માનપત્રો

અત્યારે પંજાબમાં ખાદીનો પ્રચાર કરી રહેલા શ્રી બી. એફ. ભરૂચા લખે છે :

> છેલ્લા થોડા દિવસો દરમ્યાન અમૃતસરમાં ત્રણ પ્રચાર સમિતિઓ ફૂટી નીકળી છે — હિંદુ, મુસ્લિમ અને શીખ! ગવર્નર સર માલ્કમ હેઈલી અમૃતસર આવે ત્યારે આ જ સમિતિઓ એમને માનપત્રો આપનાર છે. ૨૮મી તારીખે જલિયાંવાલા બાગમાં મળેલી એક સાર્વજનિક સભામાં એવું જાહેર કરવામાં આવ્યું હતું કે એ સમિતિઓ જનતાએ નીમેલી નથી. પરંતુ એનાથી એમનો પ્રચાર બંધ થવાનો નથી. અમૃતસરમાં કૉંગ્રેસ સમિતિ, ખિલાફત સમિતિ અને શીખ લીગ તો છે જ. તે ઉપરાંત બીજી ત્રણ કોમી સંસ્થાઓ એટલે હિંદુસભા, ડૉ. કિચલુનું મુસ્લિમ સંગઠન અને શીખોની શિરોમણિ સમિતિ — પણ ત્યાં છે.

શ્રી ભરૂચા પૂછે છે : આ પ્રચાર સમિતિઓમાં કોણ લોકો છે? અને નવા ગવર્નરને માનપત્રો આપવા સિવાય એમના અસ્તિત્વને માટે બીજો કોઈ ઉદ્દેશ છે ખરો? આવા ગવર્નરો અને બીજા અમલદારો આ સંજોગોમાંથી ઉદ્‌ભવનારાં બૂરાં પરિણામોને પામી જાય અને માનપત્રો સ્વીકારવાની જ ના પાડી દે તો કેવું સારું! જો તેઓ કોઈ પણ વ્યક્તિને કોઈ પણ વ્યક્તિ તરફથી કોઈ પણ પ્રકારનું માનપત્ર ન આપાય તે માટે એક મંડળ સ્થાપે તો તેમની સાથે સહકાર કરવામાં પણ મને વાંધો નથી, પછી ભલે માનપત્ર આપનાર લેનાર કોઈ સરકારી અમલદારો હોય કે બિનસરકારી વ્યક્તિ હોય, મૉડરેટ, લિબરલ, સ્વરાજવાદી કે નાફેરવાદી પક્ષના હોય. આ માનપત્રોથી કોઈને પણ કશો લાભ થતો નથી, અને હવે તો તે પ્રચારનાં સાધન પણ રહ્યાં નથી. આ તમાશાઓથી આમજનતા હવે છેતરાવાની નથી, કેમ કે એનાથી બહુ બહુ તો માનપત્રો અર્પનારની સસ્તી જાહેરાત સિવાય બીજું કશું થતું નથી. તો પછી સાચી નિષ્ઠાથી કરેલું કામ પોતે જ લાયકાતનું પ્રમાણપત્ર શા માટે ન બને?

### મલબારનું રેલસંકટ

દક્ષિણ ઇલાકાનું પૂર એટલું પ્રચંડ છે કે એની કલ્પના જ આવી શકે તેમ નથી. એમાં મનુષ્યની લાચારીનું દર્શન થાય છે. વર્ષો સુધી શાંતિથી કરેલી મહેનતનાં ફળ એક ક્ષણમાં ધોવાઈ ગયાં છે. આવી પાયમાલીમાં મદદ તો મજાક જેવી લાગે છે. એટલે મેં જોકે એમ તો કહ્યું છે કે અસરકારક મદદ પહોંચાડવી એ કૉંગ્રેસની શક્તિ બહારનું કામ છે, તેમ છતાં મારા કહેવાનો આશય એવો નથી કે કૉંગ્રેસીઓ કશું જ ન કરે. વ્યક્તિએ જાતે જઈને તો ગમે ત્યારે સેવા આપવી જોઈએ પણ જેમનાથી આપી શકાય તેમણે વ્યક્તિગત આર્થિક મદદ પણ આપવી જોઈએ. એટલે જો યંગ ઇન્ડિયાના વાચકો રાહત માટે મારા ઉપર ફાળો મોકલવાની તસ્દી લેશે તો હું તે ખુશીથી સ્વીકારીશ અને મને આવડશે તેવો તેનો સારામાં સારો ઉપયોગ

Gandhi Heritage Portal

કરીશ. નુકસાન એટલું મોટું છે કે અસંગઠિત અથવા એકલદોકલ પ્રયાસથી એને પહોંચી વળાય તેમ નથી, એમ હું ચોક્કસ માનું છું. એટલે જેનામાં બધા લોકોને વિશ્વાસ હોય એવી કોઈક સંસ્થાએ આ રાહતકાર્ય હાથમાં લેવું જોઈએ. હું ફરીથી જણાવું છું કે સંકટની ભયાનકતા ધ્યાનમાં લઈ કૉંગ્રેસીઓએ સરકારી સંસ્થાને મદદ કરતાં અચકાવું ન જોઈએ. કહેવત છે કે આફત આવે ત્યારે દુશ્મનો પણ મિત્ર બની જાય છે.

### મૌલાના હસરત મોહાની

આખરે મૌલાના હસરત મોહાની[1] આ મહિનાની તારીખ ૧૨મીએ છૂટવાના. કાનપુર જતાં રસ્તામાં તેઓ અમદાવાદ રોકાવાના છે. જ્યાં જ્યાં જશે ત્યાં ત્યાં તેમને ભારે માન મળશે. તેમના વિચારો આજે કેવા છે તેની મને ખબર નથી. સૌ જાણે છે કે અનેક બાબતમાં હું તેમનાથી જુદો પડું છું. જેલમાં કેદીના વર્તન વિષેના તેમના વિચારો અને મારા વિચારોમાં તો જરાયે મેળ ખાય એમ નથી. સ્વદેશી વિષેના તેમના વિચાર તો મારા ધારવા પ્રમાણે ભયાનક પણ કહેવાય. પણ આટલા મતભેદ છતાં તેમને વિષેનો, તેમની દેશભક્તિ અને તેમની વિદ્વત્તા વિષેનો મારો આદર અતિશય છે. તેઓ એટલા તો મક્કમ છે કે તેમના મિત્રોને એ મક્કમતાની ઈર્ષા થાય છે અને શત્રુ પહોંચા કરડે છે. એમણે પોતાના ધર્મ અને દેશને માટે જેટલું કષ્ટ સહન કર્યું છે તેટલું બહુ ઓછાએ કર્યું હશે. એટલે હું આશા રાખું છું કે તેઓ જ્યાં જશે ત્યાં તેમનો દિલોજાનીભર્યો સત્કાર થશે.

### વરાડ નહીં, વિરાર

યંગ ઇન્ડિયાના હમણાંના અંકમાં મેં લખ્યું હતું કે એક સ્વરાજવાદી મિત્રની ફરિયાદ છે કે નાફેરવાદીઓ જબરજસ્તી વાપરીને એમની સ્થિતિ સાચવી રહ્યા છે. વરાડથી એક મિત્ર લખે છે કે આ વાત વરાડ વિષે ન હોઈ શકે. મેં પેલા સ્વરાજવાદી મિત્રને પૂછયું તો તેમણે કહ્યું કે વાત સાચી છે. ફરિયાદ પણ વરાડ સામે નહીં વિરાર સામે હતી. આ ગેરસમજ માટે વરાડના નાફેરવાદીઓની હું ક્ષમા માગું છું. તેઓ જોશે કે આ ગેરસમજ ક્ષમ્ય છે. વિરારના નાફેરવાદીઓ સાવધાન! જો હું સરમુખત્યાર હોત તો આ લડાયક નાફેરવાદીઓને કહી દેત કે કાં તો તમે સ્વરાજવાદીઓની અને કૉંગ્રેસની જાહેરમાં માફી માગો, નહીં તો હમણાં ને હમણાં કૉંગ્રેસમાંથી નીકળી જાઓ. અલબત્ત, આ વખતે હું માની લઉં છું કે મને ખબર આપનારનું કહેવું હું યથાર્થ રીતે રજૂ કરી રહ્યો છું, અને ખબર આપનારને પોતાને પણ સાચા સમાચાર મળ્યા છે.

### આ ઉપાય?

એક પત્રલેખક હિંદુમુસલમાન પ્રશ્નનો નીચે પ્રમાણે ખુલાસો સૂચવે છે:

> મુસલમાનો હિંદુઓને ત્યારે જ માન આપશે કે જ્યારે તેમને ખબર પડશે કે હિંદુઓ શરીરબળમાં તેમના બરોબરિયા છે, અને ત્યારે જ બેની વચ્ચે ઐક્ય સંભવશે. આ કારણથી હિંદુ પ્રજાનું શરીર બળવાન થાય એ દિશામાં તમારે પ્રયત્નો કરવા જોઈએ. દરેક ગામમાં અને શહેરમાં અખાડા ખોલવા અને પૌષ્ટિક ખોરાક આપવો. આપે તેમને બાળકબાળકીઓનાં

૧. ૧૮૭૫–૧૯૫૧; રાષ્ટ્રવાદી મુસ્લિમ નેતા; ખિલાફતની ચળવળમાં સક્રિય ભાગ લીધો હતો અને નવેમ્બર ૧૯૨૦ની ખિલાફત પરિષદ વખતે ગાંધીજીના મુખ્ય વિરોધી હતા.

Gandhi Heritage Portal

લગ્નમાં બહુ ખર્ચ ન કરતાં ૨૧ વર્ષની ઉંમર સુધી બ્રહ્મચર્ય પાળવાનો ઉપદેશ કરવો. આમ કરીને આપ હિંદુ પ્રજાની ભારે સેવા કરશો અને લાગલું જ સ્વરાજ મળી જશે.

આ ભાઈની ઇચ્છા તો હિંદુ અને મુસલમાનોને પશુની કક્ષામાં મૂકી દઈ હમેશાં એકબીજાની સાથે આથડતા કરી દેવાની છે. માત્ર એ ભૂલી જાય છે કે પશુઓ વચ્ચે પ્રેમ હોતો નથી. હિંદુઓ માત્ર બળવાન હોય એમ હું જરૂર ઇચ્છું. તેઓ કોઈ પણ માનવીનો ડર ન રાખે એ પણ હું ઇચ્છું. આ બંને વસ્તુ હિંદુમુસલમાન ઐક્યને માટે જ નહીં પણ ઐક્ય ઉપરાંત પ્રજા ટકી શકે એ માટે પણ આવશ્યક છે. પણ હું જાણું છું કે કેવળ શરીરબળ ઐક્ય આણી શકતું નથી. આપણામાં એકબીજા પ્રત્યે પ્રેમ ન હોય તો સદાય આપણી વચ્ચે ઉંદર-બિલાડીનાં વેર રહેવાનાં. શસ્ત્રો રાખી એક કોમ બીજીને હુમલો કરતી અટકાવી રાખે એવી સ્થિતિ ઉત્પન્ન કરવાને માટે હું મારું જીવન અર્પણ કરવા માગતો નથી. મારે તો ચિરકાલીન શાંતિ જોઈએ છે, જે કેવળ પરધર્મસહિષ્ણુતાથી જ ઉત્પન્ન થઈ શકે. એ વાત તો હવે જૂની થઈ ગઈ. અંગ્રેજો અને આપણી વચ્ચે અથવા તો હિંદુ અને મુસલમાન વચ્ચે હૃદયપલટો થાય એ જ આપણે ઇચ્છીએ છીએ. બાકી બીજું એની મેળે આવશે.

પત્ર લખનાર શરીરબળ કેળવવાને માટે બ્રહ્મચર્યનો ઉપાય સૂચવે છે. શરીરબળ મેળવવાને માટે સંયમ પાળવાનો વિચાર કરવો એ તો કોડીને દામે હીરો વટાવવા બરોબર છે. બ્રિટિશ સોલજરો સેન્ડો બનવાને માટે આત્મસંયમ પાળે છે કે? પત્રલેખકે જે ઉપાય સૂચવ્યો છે તેમાંથી નીકળતાં પરિણામોની ગણતરી કરવાની તેને હું ભલામણ કરું છું. આપણી પાસે દસ હજાર સાચા બ્રહ્મચારીઓ હોય તો કેવું સારું? એવી સેના વડે તો આપણે મુસલમાન, અંગ્રેજ અને સૌને જીતી લઈ શકીએ. શું એ ભાઈને સમજાતું નથી કે એના બ્રહ્મચારીઓ એણે કહ્યું છે તેવી રીતે લડવાના નથી? તેમ કરવાની તેમને જરૂર પણ નહીં રહે.

### કાંતનારા પ્રતિનિધિઓનો હેવાલ મોકલવા બાબત

નીચેની સમિતિઓએ દર મહિને કાંતનાર તરીકે નામો નોંધાવનાર પ્રતિનિધિઓનાં નામોવાળાં રજિસ્ટરો મોકલી દીધાં છે:

| | |
|---|---|
| બંગાળ | ૧૦૬૬ |
| મધ્ય પ્રાંત (હિંદુસ્તાની) | ૧૦૫૫ |
| બિહાર | ૭૯૦ |
| ગુજરાત | ૩૮૧ |
| મુંબઈ | ૨૩૭ |
| સંયુક્ત પ્રાંત | ૨૪૨ |
| બ્રહ્મદેશ | ૩૬ |

આસામ, દિલ્હી, વરાડ, ઉત્કલ, પંજાબ, સિંધ અને કેરળ સિવાયના બીજા પ્રાંતોએ જણાવ્યું છે કે તેઓ તેમનાં રજિસ્ટરો આ માસની ૧૦મી તારીખ પહેલાં મોકલી આપશે. હું અવશ્ય આશા રાખું છું કે આ બાકી રહેલા પ્રાંતો એમનાં રજિસ્ટરો અચૂક મોકલશે અને જે વધારે મહત્ત્વનું છે એવું એમના ભાગનું સૂતર પણ મોકલશે. હું માની લઉં છું કે રજિસ્ટરો મોકલનાર સમિતિઓ એમના સભ્યો સૂતર કાંતતા રહે એની પણ તકેદારી રાખશે. એ જાણવા જેવું છે કે પ્રતિનિધિઓની સંખ્યા બંગાળમાં સૌથી વધુ છે. બીજો નંબર મધ્ય પ્રાંત (હિંદુસ્તાની)નો આવે છે.

Gandhi Heritage Portal

જો આ બધા પ્રતિનિધિઓ પોતાનો ફાળો નિયમિત મોકલતા રહેશે તો આપણે ખાદીને સહેલાઈથી પગભર કરી શકીશું.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, ૭–૮–૧૯૨૪

## ૨૮૭. ઍસોસિયેટેડ પ્રેસ ઑફ ઇન્ડિયાને મુલાકાત[1]

[અમદાવાદ,
ઑગસ્ટ ૭, ૧૯૨૪]

તમે ઉલ્લેખ કર્યો તે પત્ર હમણાં જ મારા જોવામાં આવ્યો. આવી કોઈ વાત લોકમાન્યની સંવત્સરીની સભામાં કે બીજે કોઈ સ્થળે મેં કરી જ નથી. આ આફતગ્રસ્ત પ્રાંતને મેં અનેક તાર પાઠવ્યા છે, પણ એમાંના એકેયમાં મેં "કાંતણ" કે "ખાદી" શબ્દનો ઉલ્લેખ સરખો કર્યો નથી. આ વાત કોઈએ સાચી શી રીતે માની હશે તેનું જ મને આશ્ચર્ય થાય છે. પણ મેં જે અભિપ્રાય આપ્યો છે તેને હું વળગી રહું છું. મેં કહ્યું છે કે આ સંકટમાં રાહત આપવી એ કોઈ પણ બિનસરકારી સંસ્થાના ગજા બહારનું કામ છે, તેમ કૉંગ્રેસનાં નાણાંમાંથી પણ આવી રાહત આપી શકાય તેમ નથી. અખિલ હિંદ કૉંગ્રેસ સમિતિ પાસે હવે બહુ થોડા પૈસા રહ્યા છે. સંકટ એટલું મોટું છે કે સહકારીઓ, અસહકારીઓ, લિબરલો, અમલદારો, સૌ કોઈએ પોતાનાથી બની શકે તેટલી મદદ કરવી જોઈએ. હું કેવી રીતે મદદ કરી શકું તેનો હું પોતે ઊંડો વિચાર કરી રહ્યો છું. પહેલવહેલો તાર આવ્યો કે તરત જ મેં यंग इन्डियामां અપીલ બહાર પાડી હતી. એક મિત્રને અંગત રીતે પણ હું મળ્યો તો એમણે કંઈક રકમ આપી. હજી પણ આ માટે મારા પ્રયત્નો ચાલુ છે. नवजीवनना વાચકોને ઉદ્દેશીને પણ મેં આવી જ અપીલ છાપી છે. પણ મને લાગે છે કે કોઈ પણ એક વ્યક્તિનાં નાણાં ઉઘરાવવાના પ્રયાસો રાહત માટે જે રકમની જરૂર છે તે માટે પૂરતા થશે નહીં. આ કામ તો એકલું રાજ્ય જ સફળતાથી કરી શકે. આ કારણે જ કોઈ પણ સરકારી સંસ્થાને પોતાની સેવાઓ આપવાની કૉંગ્રેસીઓને સલાહ આપતાં હું અચકાયો નથી. સરકારી સંસ્થાએ કરેલા કામની ઊણપો પૂરવા માટે બિનસરકારી લોકો મદદ આપશે તો તે યોગ્ય જ ગણાશે. આવા રાહતકાર્યમાં ખૂંપી જવાનો મારા જીવનમાં આ પહેલો પ્રસંગ નહીં હોય. આ રાહતકાર્ય આવતા કેટલાયે મહિનાઓ સુધી ચાલુ રાખવું પડશે એટલું સમજવા જેટલો અનુભવ તો મને છે.

[મૂળ અંગ્રેજી]

हिन्दु, ૮–૮–૧૯૨૪

૧. આ મુલાકાતમાં टाइम्स ऑफ इन्डियामां પ્રસિદ્ધ થયેલા એક પત્ર તરફ ગાંધીજીનું ધ્યાન ખેંચવામાં આવ્યું હતું. એમાં મલબારના રેલસંકટમાં ફસાયેલા લોકોને એમણે કાંતવા અંગે આપેલી કહેવાતી સલાહ બદલ એમની ટીકા કરવામાં આવી હતી.

Gandhi Heritage Portal

## ૨૮૮. મહાવિદ્યાલયમાં ભાષણ[1]

અમદાવાદ,
ઑગસ્ટ ૮, ૧૯૨૪

અધ્યાપક ભાઈઓ, વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ,

આપને ભાઈ કૃપાલાનીએ રાજાનું ગીત[2] સંભળાવ્યું પણ રાજા કહીને ગયો હોય કે છ વરસમાં આવીશ અને તેને બદલે બે વરસમાં આવીને ઊભો રહે તો વાંક રાજાનો છે, પ્રજાનો નથી. રાજાએ વિચારી લેવું જોઈએ કે પ્રજાને તૈયારીનો વખત નથી મળ્યો.

તમારાથી બન્યું તેટલું તમે આપી ચૂક્યા, પણ તે વિષે કંઈ કહું તે પહેલાં મારે એક ફેંસલો આપવાનો છે. પક્ષકારોનાં નામો આપવાની જરૂર નથી. તમારે ત્યાં તો એ જાણીતાં જ હશે. એક અધ્યાપકે કાગળમાં પૂછ્યું છે કે ગાંધીને માટે રેંટિયો કાંતવો કે દેશને માટે? આ સવાલ સહેલો છે. તમે વિદ્યાલયમાં શિક્ષણ લ્યો છો એટલે સમજતા હશો કે દરેક વસ્તુને ઓછામાં ઓછા બે પક્ષ હોય છે. કાળો અને ધોળો યા તો તીવ્ર અને મોળો. આ બંને દૃષ્ટિ સાચી હોય, જો તેને તે તે માણસના દૃષ્ટિબિંદુથી વિચારીએ. જે માણસ ગાંધીને માટે સૂતર કાંતે છે તે પોતાની દૃષ્ટિથી સાચો. દેશને માટે કાંતે છે તે સાચો. કારણ તે જાણે છે કે ગાંધી કાલે જવાનો છે. તેની દૃષ્ટિ કંઈક વધારે સાચી કહેવાય કારણ જ્યારે પહેલાને ક્ષણિક વસ્તુને વિષે મોહ છે ત્યારે બીજાને દેશને માટે પ્રેમ છે, અને દેશ કંઈ ક્ષણિક નથી. આપણે જો તલવારથી સ્વરાજ લઈશું તો તે રાખવા માટે તલવાર જ રાખવાની જરૂર લાગવાની. એ દુનિયાનો નિયમ છે. એટલે જ્યાં સુધી દેશ છે ત્યાં સુધી રેંટિયો છે જ. એ દૃષ્ટિમાં નિર્મળતા છે; મોહ નથી. ત્રીજી વાત. આપણે આપણા પોતા માટે જ રેંટિયો કાં ન ચલાવીએ? આપભોગ, ત્યાગ વગેરેની આપણે જે વાતો કરીએ છીએ તેથી આપણે જગતને છેતરીએ છીએ. આપણો ત્યાગ એ આપભોગ નથી; એ તો વિલાસ છે. આપણી પોતાની ઇચ્છાને સંતોષવાનો સ્વાર્થ તેમાં રહેલો છે. અને દેશને સારુ એટલે આપણે સારુ. આપણે પોતાને સારુ જો રેંટિયો કાંતવા આપણે તૈયાર હોઈએ તો તે કદી ન છોડીએ, જેમ ખાવુંપીવું વગેરે શરીરના ધર્મ આપણે છોડી શકતા નથી. પણ આ ત્રણે દૃષ્ટિ તે તે માણસની દૃષ્ટિથી સાચી છે.

સૂતર આવે તેમ તું રહે,
જેમ તેમ કરીને હરિને લહે

૧. જેલમાંથી છૂટ્યા પછી ગાંધીજી ગૂજરાત મહાવિદ્યાલયની મુલાકાતે પહેલી વાર આવ્યા ત્યારે તેમના સ્વાગત માટે એક સભા ભરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ રૂ. ૧,૨૨૯ની થેલી ગાંધીજીને અર્પણ કરી હતી. એ ઉપરાંત તેમણે હાથે કાંતેલા સૂતરનો એક ઘણો મોટો જથો પણ ભેટ કર્યો હતો. એના વેચાણમાંથી જે રકમ મળે તે ઉક્ત થેલી સાથે મલબાર પૂરરાહત ફાળામાં આપવાની હતી. મહાવિદ્યાલયના મુખ્ય પ્રાચાર્ય જે. બી. કૃપાલાની પ્રમુખ હતા.

૨. ગાંધીજીને આવકાર આપતાં કૃપાલાનીએ પોતાના ભાષણમાં રવીન્દ્રનાથ ટાગોરની ગીતાંજલિમાંથી એક ગીત સંભળાવ્યું હતું. ગીતનો ભાવ એવો હતો કે રાજાનું સ્વાગત ઇચ્છા હતી તે રીતે થઈ શક્યું નથી.

Gandhi Heritage Portal

એમાં અખા ભગતે જિંદગીનું કર્તવ્ય મૂકી દીધું છે. રેંટિયો મને છેતરવા નહીં, દેશને છેતરવા નહીં કે બીજાને છેતરવા નહીં પણ પોતાના સંતોષને ખાતર જ. દંભથી કામ નહીં કરીએ ત્યાં સુધી બધું કામ શોભવાનું છે. જેટલું શુદ્ધ જ્ઞાન તેટલો મોહ ઓછો. છતાં જે સારી વસ્તુ છે તે મોહ કે પ્રેમથી કરીએ તો તેમાં પણ લાભ જ છે. પુત્રમાં પિતાને વિષે મોહ રહેલો છે. હું સાચું બોલતાં શીખ્યો તેમાં કંઈક મારા પિતાનો હિસ્સો છે. તે વેળા સાચું એ જ ઉત્તમ વસ્તુ છે એવું ભાન મને નહોતું. પણ પિતા માટે એટલું કરવું જોઈએ એવો મોહ મને હતો. માના પ્રેમને વશ થઈ મેં માંસ તજ્યું. માના પ્રેમને લીધે હું વ્યભિચારી થતાં અટક્યો. નહીં તો આજે હું દુનિયામાં કોઈ ભારે ખરાબમાં ખરાબ માણસ હોત. આમ મોહને વશ થઈને હું ચડયો, પણ ચડયો એમ તો કોણ જ કહી શકે? હું તો પડતો પડતો બચ્યો. એ માતા-પિતાના પ્રેમને વશ થઈને, વ્રતને વશ થઈને હું બચ્યો. વ્રત તો આ જિંદગીમાં મારી લાકડી છે. મતલબ કે માણસ શુભ કાર્ય અનેક ભાવનાથી કરે. તમે ઉઠાવેલો ઝઘડો તો ઊભો થવાની જરૂર જ નહોતી. આપણે કાંતવું જ હતું એ વાત બરાબર છે. મને પાંચ તોલા સૂતર આપીને તમે રેંટિયો ફેંકી દ્યો એ બરાબર નથી. તેમાં તો પતન છે. એ તો ચાલ્યા જ કરવો જોઈએ. તમારી ભાવના કેવી છે એના ઉપર જ એ વસ્તુનો નિભાવ અગર નાશ થવાનો આધાર છે.

મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓએ કેટલીક વસ્તુઓ સમજી લેવી જોઈએ, જેના ઉપર એ વિદ્યાલયનું મંડાણ રચાયું છે. તે એ સંસ્થામાં શીખવા આવનાર દરેક જણ જાણી લે. તેના વિના આ રાષ્ટ્રીય મહાવિદ્યાલય રાષ્ટ્રીય નથી રહેતું. સ્વરાજનાં જે જે સાધનો કલ્પેલાં છે તે સમજવાં જોઈએ. તે સમજીને તેનો અમલ ન કરશું તો જગતને છેતરશું. વિદ્યાલયમાં ખૂબ વિદ્યા મેળવી હોય, અંગ્રેજીનું સરસ જ્ઞાન હોય, સંસ્કૃતના એવા ભારે ઉચ્ચાર કરતા હોઈએ કે જેથી કાશીના પંડિત આપણને નમસ્કાર કરે, પણ તેમાં કશું નથી. અહીંથી તો તમારે એ વસ્તુઓ નથી મેળવવાની. કોઈક અલૌકિક વસ્તુઓ લેવાની છે. બીજી બધી વસ્તુઓથી એ સર્વોપરી છે. એ વસ્તુઓ રેંટિયો, અંત્યજને ભેટવું અને હિંદુ–મુસલમાન–પારસી કોમની એકતા સાધવી. તમે કોઈ અંત્યજના છોકરાને મળ્યા છો? કોઈ મુસલમાન અથવા પારસી છોકરાને ભેટો છો? અને સમજાવો છો ખરા કે મહાવિદ્યાલયમાં તેમને માટે અવકાશ છે? તેમને મહા-વિદ્યાલયમાં આવવાને વીનવો છો? આટલું કર્યા છતાં તેઓ ન આવે તો પછી દોષ તમારો નથી, વિધિનો જ છે.

બહારનો કોઈ માણસ તમારી પરીક્ષા લેવા આવે તો તે અંગ્રેજી, ગુજરાતી કે સંસ્કૃતનું જ્ઞાન બતાવનારા તમારા જવાબથી મુગ્ધ નહીં થાય. તેણે તો દૂરથી જ જોયું હોય કે રેંટિયો તમારે ત્યાં ચાલે છે કે નહીં, અસ્પૃશ્યતાનો બહિષ્કાર થયો છે કે નહીં. રેંટિયો, અસ્પૃશ્યતા અને હિંદુમુસલમાન એકતા એ બધાં અંગો ફૂલેલાંફાલેલાં કોઈ પણ પ્રેક્ષકને દેખાવાં જ જોઈએ. એ સિવાયની વસ્તુઓમાં તમે પાસ થાઓ તો તેમાં કશું નથી. તમે મહાવિદ્યાલયમાં ગાળેલાં વરસો મફત ગાળ્યાં છે.

તમે જે કરી રહ્યા છો તેને માટે હું ઉપકાર માનું છું. હવે એક પગલું આગળ વધો નહીં તો દેશને અને તમને શરમાવાનું થશે. તમે દેશના એવા સેવક થઈ જાઓ કે દેશ તમારા ઉપર આફરીન થાય. હું તો ગૂજરાત મહાવિદ્યાલય પાસે વધારેમાં વધારે આશા રાખું છું. તમે વિચારી જુઓ કે આપણે મહાવિદ્યાલય ઉપર કેટલા પૈસા ખરચ્યા છે. ૯૦ ટકા પૈસા ખરચાયા

Gandhi Heritage Portal

છે. એ ખરચના આંકડા માંડી હિસાબ કાઢી જોજો કે એક વિદ્યાર્થી ઉપર આપણે કેટલું ખરચ કીધું છે. જેમ હું ધ્રૂજી જાઉં તેમ પ્રજા પણ ધ્રૂજે. આપણા ઉપર ખરચાયેલી રકમના બદલામાં આપણે દેશને શું આપ્યું એ તાલાવેલી તમારા તનમાં લાગેલી હોવી જ જોઈએ. ભવિષ્યની પ્રજા આપણા કામથી સંતોષ ન માને તો આ વિદ્યાલય છોડવામાં જ તમારી શોભા છે. તમે સમજીને કટિબદ્ધ થઈ જાઓ કે અસહકારમાં સ્વરાજસિદ્ધિનાં હમેશનાં અંગ તો તમે તમારાં કરી લીધેલાં જ હોય. એ વસ્તુ સમજી લઈને જ તમે લાયક થશો, તમારી પાછળ જેટલું ખરચવામાં આવ્યું છે તે બધાનું અગણિત બળ તમને મળશે. જેમ ખેતરમાં બીજ ફળશે તેમ તમારા ઉપર ખરચેલા પૈસા ફળશે. મિત્ર, વિદ્યાર્થી અને કુલપતિ તરીકે હું તમને કહેવા ઇચ્છું છું કે તમારી પાસે કેવળ બે જ રસ્તા છે. તમારે એ બે જ વસ્તુને સ્વીકારવાની છે. કુલપતિને ખાતર સૂતર આપો એ એક વસ્તુ અને મારા સંતોષની ખાતર આપો એ જુદી વસ્તુ છે. મારે વિષે તમને શ્રદ્ધા હોય અને મારા પરના પ્રેમ કે મોહને વશ થઈને કરો એ તો ઠીક છે. પણ મને સંતોષવા ખાતર કરો એ જુદી વસ્તુ છે. રેંટિયામાં તમને શ્રદ્ધા હોય અને તમે ન કાંતતા હો અને હું આવીને તમારું આળસ છોડાવું તો મારી ખાતર તમે આળસ છાડો એ સારું છે. પણ જે વસ્તુને વિષે તમને શ્રદ્ધા જ ન હોય તે કેવળ મને સંતોષવા ખાતર કરો તે અતિશય ખરાબ છે. એમાં પાખંડ અને દગો છે, છેતરપિંડી છે. દેશની ખાતર રેંટિયો કાંતવો જોઈએ એમ કહેનાર અધ્યાપકે આ જ અર્થમાં પોતાનું વચન ઉચ્ચારેલું હોવું જોઈએ.

હિંદુ, મુસલમાન, પારસી, ખ્રિસ્તી, યહૂદી એ બધા તમારા ભાઈઓ છે એવી શ્રદ્ધા તમારામાં ન હોય અને તે પ્રમાણે વર્તવાની તૈયારી તમારામાં ન હોય તો તમે ખુશીથી મહાવિદ્યાલયનો ત્યાગ કરજો. તમે તમારે રસ્તે જાઓ અને વિદ્યાપીઠ પોતાની કાર્યરેખા નક્કી કરી લેશે.

આ વાત કરતાં મહાવિદ્યાલયનું મકાન મને યાદ આવ્યું. ત્યાં ઘણા અંત્યજ મજૂરો કામ કરે છે અને પાણીની તેઓને તકલીફ પડે છે. તમારામાં શક્તિ હોય તો બીજા મજૂરોને જવું હોય તો જવા દઈને તમે જ અંત્યજોની સાથે કામે લાગી જાઓ. પણ હું જોઉં છું કે તમારી પાસે એવાં શરીર નથી, એવો પ્રેમ નથી. તમે એવે પ્રસંગે અંત્યજોને અને બીજાઓને બંનેને પાણી આપવાની વ્યવસ્થા કરશો. તમે કહેશો કે મજરી કરતાં કાંડાં રહી જાય, વળી અમે અભ્યાસનો વખત ક્યાંથી કાઢીએ? હું તો કહું છું કે કૃપાલાનીને કહીને તમે તે પણ મેળવી શકો છો. તમે ઊંચ વર્ણના મજૂરોને પાણી કાઢીને અંત્યજોને પાવાનું કહી શકો છો. અને તેમને સમજાવી શકો છો કે તમને તમારાથી ઊતરતી વર્ણનાને માટે દયા આવે નહીં તો અમે પોતે પાણી ભરી આપીશું. એમાં દયાનો ને સત્યાગ્રહનો પદાર્થપાઠ આપી શકો. તમે એટલું તો કરો કે અંત્યજોને નવડાવીને અને ખવડાવીને જ ખાઓ. આપણે જંગલમાં, અધૂરા મકાનમાં રહીશું પણ અંત્યજનો ત્યાગ ન જ કરીએ. અને તેમ કરીને ઊંચ વર્ણનો ત્રાસ કાઢીશું. આ શિક્ષણ અધ્યાપકો તમને નહીં આપી શકે, ચોપડીમાંથી ન મળી શકે, આપશે તો પોતાના ચારિત્ર્યથી પદાર્થપાક આપીને જ આપી શકશે. વિદ્યાપીઠની સ્થાપનાની વખતે[1] મેં કહેલું કે અક્ષરજ્ઞાનને માટે જ આ સંસ્થા હાય તો હું કુલપતિ તરીકે નાલાયક છું. ચારિત્ર્યબળ વધે એ જ શરતે વિદ્યાપીઠ વગેરે સંસ્થાઓ હસ્તીમાં આવી. એ વસ્તુનું સ્મરણ કરાવવાનું મારું કર્તવ્ય છે અને તમે એ અનિવાર્ય અંગને સ્વીકારો અને શોભાવો.

૧. ૧૯૨૦માં.

Gandhi Heritage Portal

તમારા રેંટિયા તડકા અને વરસાદ ખાતા રહે તો તમે સમજજો કે તમે પાપ કરો છો. વિજ્ઞાનની પ્રયોગશાળામાં સાધનો કેવાં સાફ અને સુઘડ રાખો છો! તેવી જ રીતે તમારા રેંટિયા જોવામાં આવવા જોઈએ. તમારી પાસે ઉત્તમ ત્રાક, ચમરખાં, રૂ, પૂણી વગેરેની જરૂર હું આશા રાખું. એને માટે તમે આશ્રમની આશા રાખો એ બરોબર નથી. કારણ કે તમે તો "વિશારદ" કહેવાઓ છો. તમારી નહીં તો કોની આશા રાખું? એ વસ્તુ સ્વતંત્ર રીતે મેળવી લેવા જેટલું સ્વાભિમાન તમારામાં હોવું જ જોઈએ.[1]

મલબારમાં પ્રલયથી પીડાતાંઓનાં સંકટ નિવારણાર્થે મદદની માગણી ગાંધીજીએ આ જ અંકમાં બીજે ઠેકાણે કરી છે. વિદ્યાર્થીઓને ઉદ્દેશીને પણ તેમણે લાગણીભરી માગણી કરી:

"તમે ઓછું ખાઈને પૈસા આપો. તમારું દૂધ ઓછું કરી પૈસા આપો. વખત ગુમાવતા હો તો તેમાં કાંતીને પૈસા આપો. તમે જાતે આપો અને ઉઘરાવવા નીકળી પડો અને તમારી જવાબદારી ઉપર જેટલું ઉઘરાવી શકાય તેટલું ઉઘરાવો. રાષ્ટ્રને સારુ મરતાં શીખીએ, રાષ્ટ્રને સારુ દાઝ કેળવીએ એમાં જ રાષ્ટ્રીય શિક્ષણ રહેલું છે. બીજા ભીનામાં પોઢતા હોય તો તેમને સૂકામાં સુવાડી પોતે ભીનામાં સૂવાને કવિ દલપતરામે બાળપણમાં શીખવેલો માતૃપ્રેમ આપણામાં હોય તો જ રાષ્ટ્રસેવા થઈ શકશે. તમારી વધી પડેલી વસ્તુમાંથી આપશો તેનો કંઈ અર્થ નથી. તે ઉપરાંત ચોખ્ખી અગવડ ભોગવીને આપો તેમ કરવામાં શુદ્ધ પ્રેમ હશે, દાંડી પીટવાપણું નહીં હોય."

[મૂળ ગુજરાતી]

नवजीवन, ૧૦-૮-૧૯૨૪

## ૨૮૯. મોતીલાલ નેહરુને પત્ર

સાબરમતી,
ઑગસ્ટ ૯, ૧૯૨૪

પ્રિય મોતીલાલજી,

મેં તમને એક અગત્યનો કાગળ લખવાનું વચન આપેલું, પણ આજ સુધી હું તે લખી શક્યો નથી. ચાર દિવસ ઉપર મેં તમને લખવાનો વિચાર કર્યો પણ શ્રીમતી નાયડુનો કાગળ આવ્યો કે તેઓ અહીં આવે છે. એટલે તેઓ આવે ત્યાં સુધી કાગળ લખવાનું મેં મુલતવી રાખ્યું.

હું તમને એ કહેવા માગતો હતો કે કૉંગ્રેસનું તંત્ર તમારા હાથમાં આવે તેમાં સરળતા કરી આપવા હું તૈયાર છું. તે માટે સક્રિય મદદ કરવા પણ હું તૈયાર છું. અત્યારે તેનો જે અર્થ સમજવામાં આવે છે તે અર્થમાં મતો મેળવી આપવાના કામમાં હું કદી ભાગ ન લઉં. હું કૉંગ્રેસની બહાર રહીને કામ કરવા તૈયાર છું. પણ તેના વિરોધમાં કામ નહીં કરું. અહિંસાનું વાતાવરણ પેદા કરવું, ખાદી, હિંદુમુસલમાન એકતા અને અસ્પૃશ્યતાનિવારણ, એટલાં કામને આગળ ધપાવવાં, એ સિવાય બીજા કશામાં મને રસ નથી. આ બધાં કામોમાં તો હું જાણું છું કે તમારી મદદ મને મળવાની જ છે. આ કામો માટે સ્વાભાવિક રીતે જ હું અલગ

૧. એ પછી મલબારના પૂરગ્રસ્તોની રાહત માટે ગાંધીજીએ ફંડની માગણી કરી હતી.

Gandhi Heritage Portal

તંત્ર ઊભું કરું. પણ તેમ કરીને છેવટે કૉંગ્રેસનો કબજો લેવાની મારી જરાયે ઇચ્છા નથી. આજના વાતાવરણમાં બહુમતી મેળવવા માટે ઝઘડા કરવામાં રાષ્ટ્રનો સમય વેડફાય એ મને જરાયે પસંદ નથી.

કૉંગ્રેસનું આખું તંત્ર કબજે લેવાની તમારી તૈયારી ન હોય તો તમને એવી સરળતા કરી આપવા પણ તૈયાર છું કે જે પ્રાંતોમાં કૉંગ્રેસ ચલાવવાની તમને મુશ્કેલી ન લાગતી હોય તેટલા જ પ્રાંતો તમે લો.

તમારા કાર્યક્રમમાં દાખલ થયા સિવાય બીજી બધી રીતે તમને અનુકૂળ થવાનું મને ગમે.

બીજો સવાલ કૉંગ્રેસના પ્રમુખનો છે. રાજગોપાલાચારી, ગંગાધરરાવ અને રાજેન્દ્રબાબુ આગ્રહ કરે છે કે મારે એ પદ લેવું. તેનો સ્વીકાર ન કરવાના મારા વિચારને વલ્લભભાઈ અને શંકરલાલ બૅંકર પસંદ કરે છે. જમનાલાલજી તટસ્થ છે. શ્રીમતી નાયડુ પણ કદાચ તટસ્થ હોય. હું કહેવાનું ભૂલી ગયો કે શૌકતઅલી પણ મારે એ પદ સ્વીકારવું એવા આગ્રહવાળા છે. એક જ કારણે મારી સ્થિતિનો હું ફરી વિચાર કરું, જો તમે એમ ઇચ્છતા હો કે મારે એ પદ લેવું. શ્રી દાસ, કેળકર અને બીજાઓ સાથે મસલત કરીને તમે મને જણાવશો કે ઉપર જણાવેલી બંને બાબતોમાં મારે શું કરવું? એ બાબત તમારી સલાહ શી છે?

આ કાગળ મેં શ્રીમતી નાયડુને વંચાવ્યો છે.

તમારો સહૃદયી

[મૂળ અંગ્રેજી]

નકલ પરથી : સી. ડબલ્યુ. ૫૧૭૭; શ્રી કૃષ્ણદાસના સૌજન્યથી

ભાષાંતર : મહાદેવભાઈની ડાયરી, પુસ્તક છઠ્ઠું

## ૨૯૦. બદરુલ હુસેનને પત્ર

સાબરમતી,
ઑગસ્ટ ૯, ૧૯૨૪

ભાઈ બદરુલ,

શ્રીમતી નાયડુએ મને કહ્યું કે તમને એમ લાગ્યું છે કે મેં તમને એક ગામડામાં બેસી જવાનું અને તમારી વધારે કામ કરવાની શક્તિ હોવા છતાં બીજાં બધાં કામ છોડીને ત્યાં જ કામ કરવાનું કહ્યું છે, એ જાણી મને દુઃખ થયું. આવું કશું તમને કહ્યાનું મને બિલકુલ યાદ નથી. પણ તમને એવું કહ્યાનું મને યાદ છે કે બહારની મદદ વિના તમે મોટા પાયા ઉપર કામ ન કરી શકતા હો તો જરૂર તમારે કોઈ ગામડામાં જવું અને ત્યાં કામ શરૂ કરવું. જો સ્થાનિક બજાર ન મળી શકતું હોય તો મોટા પ્રમાણમાં ખાદીનું ઉત્પાદન કરવું એ ખોટું છે. પણ આત્મવિશ્વાસ હોય અને આખા હૈદરાબાદ રાજ્યનું કામ ઉપાડી શકતા હો તો મને એ બહુ ગમે. મારી શરત એટલી જ છે કે તમારે આર્થિક દૃષ્ટિએ સ્વાવલંબી થવું જોઈએ. વળી તમે ઝીણામાં ઝીણી ખાદી ઉત્પન્ન કરો અને એને બની શકે તેટલી કળામય બનાવો એમાં પણ હું તમને રોકવા ઇચ્છતો નથી. તમે ઝીણી ખાદી ઉત્પન્ન કરી શકો એમ છો છતાં હું તમારી પાસે જાડામાં જાડી ખાદી ઉત્પન્ન કરાવવા માગું છું, એવી છાપ મારા કહેવાની

Gandhi Heritage Portal

તમારા ઉપર પડી ત્યારે એમ કહેતી વખતે હું મૂઢ દશામાં હોઈશ. જેને વિષે પોતાની અભિરુચિ ન હોય એવું કશું કરવાનું હું કોઈને કદી કહું એ મારા સ્વભાવમાં જ નથી.

મારું કહેવું સ્પષ્ટ ન સમજ્યા હો તો મને ફરી લખજો. આ કાગળ પદ્મજાને[1] વંચાવશો, જેથી એ મારા વિચારો જાણે.

બાપુના આશીર્વાદ

જનાબ બદરુલ હુસેન
આબીદ મંઝિલ
હૈદરાબાદ (દખ્ખણ)

[મૂળ અંગ્રેજી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી; શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી
ભાષાંતર : મહાદેવભાઈની ડાયરી, પુસ્તક છઠ્ઠું

## ૨૯૧. હંસેશ્વર રાયને પત્ર

સાબરમતી,
ઑગસ્ટ ૯, ૧૯૨૪

પ્રિય મિત્ર,

તમારો કાગળ મળ્યો. પત્નીને પતિના વિચારો પસંદ ન આવતા હોય પરંતુ તે પવિત્ર હોય તો પતિ વિકારરહિત એવા પોતાના પ્રેમથી તેને જીતી લઈ શકે. આમ કરવામાં પતિએ પોતાને જે ઉત્તમ લાગે તે કરવું, અને પત્નીને તેને જે ઉત્તમ લાગે તે કરવાનું સ્વાતંત્ર્ય આપવું. પરંતુ પોતાના ખરચાળ શોખો પૂરા કરવા માટે પતિ તેને પૈસા આપે એવી તેણે આશા રાખવી જોઈએ નહીં. પતિ તેને ખોરાકીપોશાકી પૂરી પાડવાને બંધાયેલો છે. પતિની આવકમાંથી હિસ્સો મેળવવાને પત્ની હકદાર છે પણ તેને માટે પતિ દેવું કરે એવી આશા તેણે રાખવી જોઈએ નહીં. મારી ખાતરી છે કે જ્યાં શુદ્ધ પ્રેમ વર્તતો હોય ત્યાં બીજા બધા મતભેદો ઓગળી જાય છે, અથવા મતભેદો રહે તોપણ તેમાંથી માનભર્યો રસ્તો નીકળી શકે છે.

સેવક
મો. ક. ગાંધી

હંસેશ્વર રાય
૭/૧ . . . . :
કલકત્તા

[મૂળ અંગ્રેજી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી; શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી
ભાષાંતર : મહાદેવભાઈની ડાયરી, પુસ્તક છઠ્ઠું

૧. સરોજિની નાયડુનાં પુત્રી.

Gandhi Heritage Portal

# ૨૯૨. તીરથરામ જાનેજાને પત્ર

સાબરમતી,
ઑગસ્ટ ૯, ૧૯૨૪

પ્રિય મિત્ર,

તમારા દુઃખમાં મારી સહાનુભૂતિ છે. આત્મહત્યા કરવી એ પાપ છે અને હરકોઈ પાપ એટલે જુદાઈ; એમ હોવાથી તમે આત્મહત્યા કરશો તેથી તો તમારી અને તમારાં પત્ની વચ્ચેનું અંતર વધશે. વળી મૃત્યુથી તમારા દુઃખનો અંત આવી જવાનો નથી. કારણ, તમે તમારે નિયત સ્થાને જશો અને તે તેને નિયત સ્થાને ગઈ છે. પરંતુ જ્યાં સુધી આ શરીરે તમે જીવો છો ત્યાં સુધી તમારી જાતને સુધારવાને તમારે માટે અવકાશ છે. તમે તેના શરીરને ચાહો છો કે અંદર બેઠેલા આત્માને? જો શરીરને ચાહતા હો તો તેમાં મસાલા ભરીને તમે તેને તમારી ઓરડીમાં રાખી શકતા હતા. પરંતુ તમે જો આત્માને ચાહતા હો તો તેનો આત્મા તો જરૂર હજી તમારી પાસે જ છે. તેનામાં જે કંઈ સારું હતું તેનાં સ્મરણો તમારે માટે પૂરતાં નથી? કે પછી તમારો પ્રેમ કેવળ સ્વાર્થનો હતો? પ્રિયજનો મૃત્યુથી તો આપણી વધુ નજીક આવે છે.

સેવક
**મો. ક. ગાંધી**

શ્રી તીરથરામ જાનેજા
કાનપુર

[મૂળ અંગ્રેજી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી; શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી
ભાષાંતર : મહાદેવભાઈની ડાયરી, પુસ્તક છઠ્ઠું



Gandhi Heritage Portal

## ૨૯૩. અલી બંધુઓને પત્ર

સાબરમતી,
ઑગસ્ટ ૯, ૧૯૨૪

વહાલા ભાઈઓ,

તમારા બંનેના તારો મને મળ્યા છે. તમે ક્યાં છો તે મને ખબર પડતી નથી. બી અમ્માને જો મળી શકો એમ હો તો એમને મારા ઘણા ઘણા આદાબ કહેશો. એમને કહેશો કે ખુદા તેમને ઉપાડી લેશે તો હું દિલગીર થવાનો નથી. આ દુનિયામાંથી કોઈ માતા તેમના કરતાં વધારે ગર્વ અને સંતોષ સાથે જઈ શકે એમ નથી. પાછળ રહેલાંને શોક તો થશે. આપણાં ઘરડાંમાં ઘરડાં સગાંઓથી પણ છૂટા પડવાનું આપણને ગમતું નથી. સદાસર્વદા માતા આપણી પાસે જ રહે એમ આપણે ઇચ્છીએ છીએ. પણ અલ્લાની મરજી જુદી હોય છે. વળી શરીર નાશ પામે છે ત્યારે આત્મા તો રહે છે જ. એટલે હજી થોડો વખત અમ્મા આપણી સાથે રહે અથવા તો તેને ખુદા ઉપાડી લે. એમાં આપણું ભલું જ છે.

તમારો
**મો. ક. ગાંધી**

મૌ. શૌકતઅલી તથા મહમદઅલી

[મૂળ અંગ્રેજી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી; શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી
ભાષાંતર : મહાદેવભાઈની ડાયરી, પુસ્તક છઠ્ઠું

## ૨૯૪. મજૂર મહાજનને સલાહ[૧]

અમદાવાદ,
ઑગસ્ટ ૯, ૧૯૨૪

મજૂર મહાજને તપાસ સમિતિ સમક્ષ જુબાની આપવી હોય તો તે આપી શકે છે. પણ મેં એમને ઇરાદાપૂર્વક એવી સલાહ આપી છે કે એણે પોતાના તરફથી જુબાની આપવાની જરૂર નથી. મજૂર મહાજનના સંચાલકો અસહકારીઓ હોવાથી તેઓ તપાસમાં સીધો ભાગ લઈ શકે નહીં, પરંતુ મજૂરોના સલાહકાર અને રક્ષણહાર તરીકે થોડો ભાગ લઈ શકે. તપાસનું ક્ષેત્ર એટલું સંકુચિત રાખવામાં આવ્યું છે કે મજૂરોને એમાંથી કશો લાભ નહીં થાય. આ તપાસમાં મજૂર મહાજન ભાગ ન લે એ માટેનું બીજું વધારે સબળ કારણ છે એની પોતાની કાર્ય કરવાની રીતો. એણે મિલમાલિકો સાથે બનતા સુધી મીઠાશથી અને સમજાવટથી કામ લેવાનું પસંદ કર્યું છે. એટલે મજૂર મહાજન ઘણાં સબળ કારણો વિના એવી કોઈ પણ તપાસમાં સાથ આપી શકે નહીં. એણે તો માત્ર બે ચીજો સંભાળવાની છે—ભવિષ્યમાં મકાનોની વધારે સલામતી સચવાય તેનો

૧. ગુજરાત જિનિંગ મિલમાં થયેલા એક અકસ્માત સંબંધમાં આ સલાહ અપાઈ હતી. અમદાવાદ મજૂર મહાજનના મુખપત્ર મજૂર સંદેશમાં તે પ્રસિદ્ધ થઈ હતી.

Gandhi Heritage Portal

પ્રબંધ કરવો અને મરી ગયેલા તથા ઘાયલ થયેલા મજૂરોને વળતર મેળવી આપવું. આ તપાસને વળતરના પ્રશ્ન સાથે સીધો સંબંધ નથી. મકાનોની ભાવિ સલામતીની બાબતમાં મજૂર મહાજન પૂરેપૂરું જાગ્રત છે અને લાગતાવળગતા અધિકારીઓ સાથે વાટાઘાટો ચાલી રહી છે.

[મૂળ અંગ્રેજી]

बॉम्बे क्रॉनिकल, ११-८-१९२४

## ૨૯૫. મલબારમાં પ્રલય

મલબારમાં જે પ્રલય થયો છે તે વિષે મારી ઉપર મદદના તારો આવ્યા જ કરે છે. જ્યાં હજારો માણસોનાં ઘરબાર ઘસડાઈ ગયાં છે, જ્યાં બધા પાક ધોવાઈ ગયા છે, જ્યાં રસાળ જમીન હતી તે કેવળ રેતાળ બની ગઈ છે ત્યાં કોણ કોને મદદ દઈ શકે? આ વેળા તો જે કંઈ સરકાર કરે તે જ ખરું એમ માની બેસી રહેવું એ એક ઉપાય છે. સરકાર જે મદદ ઇચ્છે ને આપણાથી અપાય તેવી હોય તે દેવી. આટલું કરતાં છતાં ખાનગી દાનને અને સેવાને અવકાશ તો છે જ.

આ સંકટનું નિવારણ એક દહાડામાં કે એક માસમાંયે થઈ જવાનું નથી. તે તો વરસ સુધી કે વરસો સુધી ચાલે. ગયે વરસે દક્ષિણ કાનડામાં રેલ આવેલી તેનું કામ આજ લગી ચાલી રહ્યું હતું. તેટલામાં ત્યાં ફરી રેલ આવી એટલે બધું ફરી ગણવાનું રહ્યું છે. પણ એટલી નાની રેલ પછી થયેલા નુકસાનને પહોંચવાને લગભગ એક વરસ પૂરું ન હતું તો જ્યાં આખો પ્રાંત પાણીમાં ડૂબી ગયા જેવું થયું ત્યાં કેટલો બધો સમય જવાનો સંભવ છે? તેથી ગુજરાતી પ્રજાની ઉદારતાને હું ઉત્તેજિત કરવા અવશ્ય ઇચ્છું છું.

ગુજરાતીઓએ ઓરિસ્સાના દુષ્કાળથી પીડાતાંને[1] છૂટે હાથે મદદ આપી હતી. ગુજરાતીઓએ બીજા ઘણા ફાળાઓમાં મદદ આપી છે. જેને આપવાની ટેવ પડી છે તેની જ આગળ હાથ પણ લંબાવાય. એટલે મારી માગણી મલબારના નિરાધાર લોકોને અર્થે *નવજીવન*ના દરેક વાંચનારની પાસે છે. તે ગમે તે ને ગમે તેટલું મોકલે. બાળકોને પણ મલબારની ભૂગોળ શીખવી, તેના તાપની વાત કરી તેઓની પ્રેમવૃત્તિ ઉશ્કેરી તેમની પાસેથીયે કંઈ લઈ શકાય.

પ્રત્યેક વાંચનાર

૧. એક દિવસની પોતાની કમાણી આપી શકે છે.

૨. પોતાના પાડોશી પાસે એટલો ત્યાગ કરાવી શકે છે.

૩. પોતાના એક દિવસના ખોરાકની કિંમત આપી શકે છે.

૪. આ નિમિત્તે વધારે કાંતી સૂતર મોકલી શકે છે.

૫. પોતાનાં કપડાંમાંથી કંઈક ભાગ ઓછો કરી આપી શકે છે.

૬. પોતાને કંઈ વ્યસન હોય તો તે છોડી જેટલી બચત થાય તેટલું આપી શકે છે.

૭. જે બધું વ્યસન ન છોડી શકે તે થોડું છોડી બચે તે આપી શકે છે.

૮. જેને ઘણા ભોગો હોય તે આ નિમિત્તે ઓછા કરી મદદ કરી શકે છે. જે પોતે કરે તે પોતાના મિત્રને, સગાંને કરવા પ્રેરી શકે છે. આમાં સહકારી-અસહકારીનો ભેદ ન હોય.

૧. ૧૯૨૦-૨૧માં.

Gandhi Heritage Portal

જે પૈસા, જે વસ્તુ આવશે તેનો સદુપયોગ થાય એવી તજવીજ કરવા સારુ જેટલો બંદોબસ્ત થઈ શકે તેટલો થશે એમ વાંચનાર વિશ્વાસ રાખે.

કેટલા પૈસાની ગરજ છે એમ કોઈ નહીં પૂછે. અધિકનું અધિક ફળ એવો ન્યાય અહીં વાપરવો. જેટલું અપાય તેટલું, જેટલું કરીએ તેટલું ઓછું છે. જે સદ્ભાવે અપાયું હશે તે લાખ સમાન છે. સહુ શુદ્ધ ભાવે યથાશક્તિ આપો એવી મારી યાચના છે. જે કંઈ આવશે તેની નોંધ નવજીવનમાં બહાર પાડવા ધારું છું. એક ગૃહસ્થની પાસેથી રૂ. ૨૫૦ મળ્યા છે તે તો પ્રથમ દક્ષિણ કાનડાની રેલની ખબર આવી ત્યારે જ મળ્યા હતા. છતાં તેનો સ્વીકાર તો અહીં જણાવી દઉં છું.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૧૦–૮–૧૯૨૪

## ૨૯૬. શિક્ષણ પરિષદ

આ પરિષદ થઈ અને ગઈ. શિક્ષકોની દૃષ્ટિએ અને પ્રજાની દૃષ્ટિએ પણ આ પરિષદ મહત્ત્વની ગણાવી જોઈએ. પણ બેમાંથી કોઈ તેને મહત્ત્વ આપે એવો આ સમય નથી. શિક્ષકોની કિંમત પ્રજા પાસે કે પોતાની પાસે નથી. કિંમતનો આંક તેમના પગાર ઉપર રહે છે. શિક્ષકનો પગાર એક મહેતાના કરતાં ઊતરતો હોય છે. એટલે રિવાજ પ્રમાણે શિક્ષકની કિંમત મહેતા કરતાં ઓછી થઈ. તેથી જ શિક્ષકને આપણે મહેતાજી કહેતા હઈશું કે?

ત્યારે શિક્ષકની ગણના કઈ રીતે વધે? સાત લાખ ગામડાંના સાત લાખ શિક્ષકોના પગાર કોઈ વધારી શકે? એટલા બધા શિક્ષકોના પગાર ન વધે? ને પગાર વધારવા આવશ્યક ગણાય તો થોડાં ગામડાંમાં મોંઘા શિક્ષકો રાખી બીજાને શિક્ષણરહિત રાખી ચલાવી લેવું. એવું આપણે અંગ્રેજી રાજ્ય સ્થપાયા પછી કરતા આવ્યા છીએ. આ પદ્ધતિ ખોટી છે એમ આપણે જોઈએ છીએ. તેથી આપણે એવી યુક્તિ શોધીએ કે જેથી બધાં ગામડાંને પહોંચી વળીએ. તે યુક્તિ શિક્ષકોની કિંમત પગારથી ન આંકવાની ને શિક્ષકોએ પગારને ગૌણ ગણી શિક્ષણને પ્રધાનપદ આપવાની છે. ટૂંકામાં શિક્ષણ એ શિક્ષકનો ધર્મ ગણાવો જોઈએ. એ યજ્ઞ કર્યા વિના જે શિક્ષક જમે તે ચોર ગણાવો જોઈએ. એમ થાય તો શિક્ષકોની ત્રુટી ન રહે ને તેમ છતાં તેમની કિંમત કરોડપતિના કરતાં કરોડ ગણી વધારે ગણાય. દરેક શિક્ષક પોતાની ભાવના બદલી એ સ્થાન આજે ભોગવી શકે છે.

આ પરિષદને સફળ કરવી ન કરવી એ શિક્ષકોને હાથ છે. શિક્ષકોની પ્રતિજ્ઞામાં સફળતાની ચાવી રહેલી છે. શિક્ષકો ધર્મ સમજીને કાંતવાને અંગે રહેલી બધી ક્રિયા શીખી લે તો અને દર માસે ઓછામાં ઓછા ૩,૦૦૦ વાર મહાસભાને ભેટ કરે તો શિક્ષણ પરિષદ ઘણે ભાગે સફળ થઈ ગણાય. આટલું તો દરેક શિક્ષક કરી બતાવી શકે છે. રાષ્ટ્રીય શિક્ષકોનું તાત્કાલિક કાર્ય સ્વરાજ મેળવવામાં મદદ કરવાનું છે. સૂતર કાંતવું ને ખાદી પહેરવી એ ઓછામાં ઓછી

Gandhi Heritage Portal

ને પહેલી મદદ છે. એટલું જે કરે તે બીજું બધું કરે. બીજું બધું કરતાં છતાં જે એટલું ન કરે તે કંઈ જ નથી કરતો.

અને જેમ મોટા કરે તેમ બીજા કરે એ ગીતાન્યાયે જેમ શિક્ષક કરે તેમ શિષ્યો કરશે. એટલે પ્રજાને સહેજે શિક્ષક અને શિષ્યો તરફથી મોટી ભેટ મળશે.

બીજી કસોટી આભડછેટની. શિક્ષકોમાં આત્મબળ હશે તો તેઓ પોતાની શાળામાં અંત્યજોને જરૂર ખેંચશે. તેથી શાળા ભાંગી પડે તો શું થયું? ધર્મની પાછળ શાળા છે; કંઈ ધર્મ શાળાને અર્થે નથી. બાળકોને જો અસ્પૃશ્યતાનો ત્યાગ કરવાનો પદાર્થપાઠ ન અપાય તો બાળકોને બીજું શું શીખવશું? કોઈ માબાપ કહે, "અમારાં બાળકોને બહુ સત્ય ન શીખવજો કેમ કે સત્યાચરણી થવાથી અમારાં છોકરાં વેપારજોગાં નહીં રહે," તો શિક્ષક શું કહેશે? તે બાળકોને જતાં નહીં કરે? સત્ય વિનાનાં ઇતિહાસ, ભૂગોળ ને અંકગણિત શો લાભ આપશે? તેમ જ પોતાના ગામના મુસલમાનોને, પારસીઓને ને ઇતર કોમોને પણ શિક્ષક જરૂર તેમનાં બાળકોને રાષ્ટ્રીય શાળામાં મોકલવા વીનવે.

શિક્ષકો આજીવિકાને ભૂલી શિક્ષા આપવાના પોતાના કર્તવ્યને જ યાદ રાખે તો શાળાઓમાં નવું ચેતન રેડાય ને શાળાઓ ખરી રીતે રાષ્ટ્રીય બને, તો જ તેનો રાષ્ટ્રીય ચળવળમાં ઉપયોગ હોય, જેનો પોતે અંગીકાર કર્યો તેને વફાદાર રહેવું એ તો બાળક, વૃદ્ધ, સ્ત્રીપુરુષ બધાને સારુ પહેલો પાઠ છે.

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૧૦–૮–૧૯૨૪

## ૨૯૭. મારી નોંધ

### હિમાલયનો મહિમા

હિમાલયમાં રહેવાથી શરીરપ્રકૃતિ સુધરે છે એવું માત્ર અંગ્રેજોએ જ જાણ્યું કે શોધ્યું એમ નથી. એનો મહિમા પ્રાચીન ગ્રંથોમાં પણ છે એમ બતાવવા એક મિત્રે આયુર્વેદમાં હિમાલયની સ્તુતિ છે તેનો તરજુમો[1] મોકલ્યો છે તે વાંચનારને ગમશે.

આ વાક્યો વાંચતાં એમ કોને નહીં થાય કે જ્યારે એવાં વાક્યો લખાતાં ત્યારે આપણા પૂર્વજોનાં જીવન કાવ્યમય હોવાં જોઈએ? અતિશય સાદી વાતને અલંકારોથી શણગારી મધુર કરી મૂકી છે. આમ તેઓ કરી શકતા હતા, કેમ કે તે વેળા લોકોને સંતોષ હતો. હિંદુસ્તાન પ્રમાણમાં સુખી હતું. ગરીબ પણ ભૂખે નહોતા મરતા. ભરતભૂમિ સ્વાશ્રયી હતી એવો અવસર ફરી ન આવે? વૈદો સાચા થાય, આપણે સાચા થઈએ ત્યારે જ આવે. વૈદો પોતે હિમાલયમાં જઈ તાજા થાય, પ્રામાણિક થાય, ઔષધિઓ શોધે ને આપણને પુણ્યાર્થે આપે. આજ તો વૈદો પાઈનો રૂપિયો લેવા મથે છે, પશ્ચિમની શોધક શક્તિનો ત્યાગ કરે છે. પશ્ચિમના પૈસાના લોભનું અનુકરણ કરે છે, જૂના શ્લોકો ગોખી દવાઓ આપે જાય છે ને રોગો ઘટાડવાને બદલે વધારે છે. રોગથી પીડાયેલા આપણને છાપાંઓમાં અનેક પ્રકારની જાહેર ખબરો નાખી તેઓ લલચાવે છે

૧. આ તરજુમો અહીં આપ્યો નથી.

Gandhi Heritage Portal

ને દવાના ને તેમના સદાયને સારુ ગુલામ બનાવે છે. જો તેઓ હિમાલયમાં વસી શોધો કરી આપણને સંયમી બનાવવાનો પ્રયત્ન કરે તો તેઓનું પણ કલ્યાણ થાય ને આપણું પણ. સો દવા જે ન કરે એ કામ એક દવા કરી શકે એવું આપણે તેઓની પાસેથી શીખીએ. આજ તો પર્વતો કેવળ તવંગરને લાયક રહ્યા છે અથવા બાવાઓને લાયકના. મધ્યમ વર્ગે તો અનેક દવાઓ પીને જ પોતાનું જીવન જેમ તેમ પૂરું કરવાનું રહ્યું છે.

### મિલનો અકસ્માત

અમદાવાદમાં એક મિલ તૂટી પડવાથી થયેલો અકસ્માત કેમ થયો તેને વિષે હાલ સરકારી કમિટી તપાસ કરી રહી છે. એ કમિટીનું ક્ષેત્ર તો ઘણું સાંકડું છે. મિલના માલિકની ફરજ તેથી ઘણી વધારે છે. મિલમાલિકોના મંડળની ફરજ તેથી પણ વિશેષ છે અને મજૂર મંડળની કંઈક અંશે સૌથી વધારે.

સરકારી કમિટી ગમે તે કરે પણ મિલના માલિકનો સ્પષ્ટ ધર્મ છે કે તેમણે નિરાધાર થયેલાં કુટુંબોનું સંપૂર્ણ પોષણ કરવું. અકસ્માત ગમે તે કારણસર થયો હોય પણ તેમાં ગરીબ મજૂરોનો તો કંઈ જ હાથ ન હતો. મકાન બાંધવામાં તેઓનો હાથ ન હતો. આવી સ્થિતિમાં કાયદો ફરજ પાડો યા ન પાડો પણ માલિકોનો ધર્મ તેમને ફરજ પાડે છે કે તેઓએ નિરાધાર કુટુંબને પોષવાં, જખમી થયેલાની સારવાર કરવી ને હવે પછી મકાનની મજબૂતી વિષે વધારે સાવચેતી રાખવી.

મિલમાલિકોના મંડળની ફરજ માલિક માત્રની આબરૂ જાળવવાની છે. તેઓ બધી મિલોના મકાનને સારુ જોખમદાર ને જવાબદાર છે. તેઓએ નિષ્પક્ષપાત મકાનશાસ્ત્રીને બોલાવી તેની પાસે તપાસ કરાવી દરેક મિલોનાં મકાનો વિષે પ્રમાણપત્રો મેળવવાં જોઈએ અને જ્યાં ખોડો જોવામાં આવે ત્યાં સુધરાવવી જોઈએ ને મજકૂર મિલના જખમી થયેલા મજૂરોની સારવાર ને નિરાધાર થયેલાં કુટુંબોના નિભાવને સારુ મજકૂર મિલમાલિકે યોગ્ય બંદોબસ્ત કર્યો છે કે નહીં તે તપાસી લેવું જોઈએ.

મજૂરમંડળની જવાબદારી ઘણી છે તેમ જ નાજુક છે. મજૂરનું હિત તે મંડળનો વિશેષ ધર્મ છે. મિલમાલિકો તેને વિરોધી ધર્મ માને એવો ભય હંમેશાં રહ્યા જ કરે. છતાં મંડળે મજૂરોની જિંદગી રક્ષિત રહે તેને સારુ જે ઘટે તે ઉપાયો તો લેવા જ જોઈએ. મિલમાલિકોની માર-ફતે એવા ઉપાય લેવા એ તો સ્વાભાવિક અને પ્રથમ પગથિયું છે. મિલમાલિકની મદદ ન મળે તો તે વિના પણ યોગ્ય પગલાં તો લેવાં જ રહ્યાં. પણ આ વિષે હું વિગતવાર વિચાર મજૂર સંદેશ મારફતે જ જણાવવા ધારું છું તેથી નવજીવનની જગ્યા રોકતો નથી. માત્ર એટલું જ કહું કે મિલમાલિક મજૂરમંડળની સ્થિતિ કફોડી ન કરતાં મંડળના વ્યવસ્થાપકો તેમનું અહિત નથી ઇચ્છતા પણ હિત ઇચ્છે છે એમ તેઓ સમજે ને તેમ સમજી મજૂરમંડળને તેના વાલી તરીકેના કાર્યમાં મદદ દે ને માલિકને જોઈતી ઘટિત મદદ લે.

### આવકાર – લાયક કે – દાયક?

સિમલાનિવાસી લખે છે કે જેમ તમે "તલ્લીન" વિષે સુધારો કબૂલ કર્યો એમ જ "આવ-કારદાયક" ન સુધારો? મેં તો કૃતિમાં જ એ સુધારો મૂક્યો છે. દાયક — દેનારું, લાયક — યોગ્ય. એ અર્થે સત્યાગ્રહીને સરકારનો જુલમ આવકાર "લાયક" ગણાય — "દાયક" નહીં. આવી ભૂલો તો કોણ જાણે કેટલીયે થતી હશે? એટલા સારુ એક સુખદાયક સૂચના કરી મૂકું કે દરેક સુજ્ઞ વાંચનાર "ભૂલચૂક સુધારી"ને જ નવજીવન વાંચે.

Gandhi Heritage Portal

### શીખવાની સગવડ

એમ કહેવાય છે કે અમદાવાદમાં ઘણાં ભાઈબહેનો અને બાળકો કાંતવાનું શીખવા માગે છે. રેંટિયા વગેરેની સગવડ મળે તો ઘણા કાંતવા ઇચ્છે છે. આવી કોઈ પણ અગવડ ન રહે તે હેતુથી ભાઈ લક્ષ્મીદાસે નીચે પ્રમાણે ખબર લખી મોકલી છે.[1]

[મૂળ ગુજરાતી]

નવજીવન, ૧૦-૮-૧૯૨૪

## ૨૯૮. માળા કે રેંટિયો?

એક ભાઈ નીચે પ્રમાણે લખે છે:[2]

ધર્મ એ સીધી લીટી નથી, એ તો વિશાળ વૃક્ષ છે. તેનાં કરોડો પાંદડાંમાંનાં બે પણ સરખાં નથી હોતાં, પ્રત્યેક ડાળીમાં પણ ભેદ છે. તેમાંની એક પણ આકૃતિ ભૂમિતિની આકૃતિના જેવી માપસર નથી હોતી, તેમ છતાં આપણે જાણીએ છીએ કે બીજ, ડાળ અને પાતરાં એક જ છે; ભૂમિતિની આકૃતિ જેવું તેમાં કંઈ જ નથી. છતાં વૃક્ષની શોભાની સાથે ભૂમિતિની આકૃતિની સરખામણી પણ ન હોઈ શકે, ધર્મ સીધી લીટી નથી પણ વાંકીયે નથી. સીધી લીટીથી તે પર છે, કેમ કે બુદ્ધિથી પર છે. તે અનુભવથી ઓળખાય છે.

જેમાં મજકૂર લેખક અસંગતિ જુએ છે તેમાં હું કેવળ સુસંગતિ જ જોઉં છું. મારા જીવનમાં મને નથી વિરોધ જોવામાં આવતો ને નથી ગાંડપણ જોવામાં આવતું. પણ એટલું ખરું છે કે માણસ જેમ પોતાનો વાંસો નથી જોઈ શકતો તેમ પોતાના દોષ કે ગાંડપણ પણ ન જ જુએ. પણ જ્ઞાનીઓએ ધર્મી ને ગાંડા વચ્ચે ભેદ જોયો નથી. એટલે હું સંતોષ વાળી બેઠો છું કે હું ગાંડો નહીં હોઉં પણ ખરેખર ધર્મી હોઈશ. હું ગાંડો કે ધર્મી એનો ન્યાય તો મારા મૃત્યુ પછી જ થઈ શકશે.

જાદવજી મહારાજે ભીરુતાથી મારો વિરોધ ન કર્યો એમ હું નથી માનતો. કેમ કે મારા કહેવાનું હાર્દ તે પૂરું સમજ્યા હતા ને તે વેળા તો મારા બોલવામાં સંમત થયા હતા. કેમ ન થાય? મેં કંઈ નારાયણનું નામ છોડી રેંટિયો ગ્રહણ કરવાનું નહોતું કહ્યું. મેં તો સૂચવ્યું કે નારાયણના જપ રેંટિયો ચલાવતાં પણ જપી શકાય અને અત્યારે જ્યારે હિંદુસ્તાન બળી રહ્યું છે ત્યારે રેંટિયારૂપી ડોલમાં સૂતર રૂપી જળ ભરી નારાયણ નામ લેતાં આ અગ્નિને ઠારીએ એ જ આપણો બધાનો ધર્મ છે.

હું સર્વત્ર રેંટિયો જોઉં છું કેમ કે હું સર્વત્ર કંગાળિયત જોઉં છું. હિંદુસ્તાનનાં હાડપિંજરોને જ્યાં સુધી અન્નવસ્ત્ર ન મળે ત્યાં સુધી તેઓને મન ધર્મ એવી કોઈ વસ્તુ જ નથી. તેઓ અત્યારે ઢોરની જેમ જીવી રહ્યા છે તેમાં આપણો ભાગ છે. તેથી રેંટિયો આપણે સારુ પ્રાયશ્ચિત્ત છે. અપંગની સેવામાં ધર્મ છે. અપંગરૂપે ભગવાન આપણને હમેશાં દર્શન દે છે, પણ આપણે

૧. અને ૨ લખાણ અહીં આપ્યું નથી.

Gandhi Heritage Portal

તિલકો તાણતાં છતાં તેઓની અને તેથી ઈશ્વરની અવગણના કરીએ છીએ. ઈશ્વર વેદમાં છે અને નથી. વેદનો સીધો અર્થ કરનાર તેમાં તેની ઝાંખી કરે; તેના અક્ષરને વળગી રહેનારને આપણે વેદિયા કહીએ છીએ. નરસિંહ મહેતાએ માળાની સ્તુતિ કરી ખરી, ત્યાં તે યોગ્ય હતી. તે જ મહેતા શિરોમણિએ કહ્યું:

"શું થયું તિલક ને તુલસી ધાર્યા થકી,
શું થયું માળ ગ્રહી નામ લીધે;
શું થયું વેદ વ્યાકરણ વાણી વદે,
શું થયું વર્ણના ભેદ જાણ્યે."

મુસલમાન અવશ્ય "તસબી" ફેરવે છે. ખ્રિસ્તી "રોઝરી" ફેરવે છે. પણ કોઈને સર્પદંશ થયો હોય તેને તે તસબી કે રોઝરી છોડી મદદ દેવા ન જાય તો પોતાને ધર્મભ્રષ્ટ થયેલા માને. બ્રાહ્મણો કેવળ વેદ ભણીને જ ધર્મવિદ્યાગુરુ નહીં બને. જો એમ બનતું હોય તો ભટ્ટ મૅક્સમૂલર જ ધર્મવિદ્યાગુરુ બનત. આજનો ધર્મ જાણનાર બ્રાહ્મણ જરૂર વેદાભ્યાસને ગૌણ ગણી રેંટિયાધર્મ પ્રવર્તાવે, કરોડોની ભૂખ ભાંગે ને પછી પાછા વેદગ્રસ્ત થઈ જાય.

કાંતવાને સાંપ્રદાયિક ધર્મો કરતાં મેં અવશ્ય શ્રેષ્ઠ ગણ્યો છે. એનો અર્થ એવો નથી કે સંપ્રદાય છોડવા. પણ જે ધર્મ દરેક સંપ્રદાય, દરેક ધર્મવાળાને પણ પાળવાનો હોય તે દરેકના કરતાં શ્રેષ્ઠ હોય જ, અને તેથી જ હું કહું છું કે સેવાવૃત્તિથી જે રેંટિયો કાંતે તે બ્રાહ્મણ વધારે સારો બ્રાહ્મણ બને, તે મુસલમાન વધારે સારો મુસલમાન બને, તે વૈષ્ણવ વધારે સારો વૈષ્ણવ બને.

મેં અંત સમય આવ્યો જાણી રામનામ નથી જપ્યું કે માળા નથી ફેરવી. પણ તે વેળા રેંટિયો ચલાવવાની શક્તિ ન હતી. માળા મને જ્યારે રામનામ જપવામાં મદદ કરે છે ત્યારે માળા જપું છું. જ્યારે માળા પણ વિઘ્નરૂપ લાગે એટલો એકાગ્ર બનું છું ત્યારે તેને છોડું છું. સૂતાં સૂતાં જો રેંટિયો ચલાવી શકું, ને મને રામનામ લેવામાં તેની મદદની જરૂર જણાય તો હું અવશ્ય માળાને બદલે રેંટિયો ચલાવું. માળા અને રેંટિયો બંને ચલાવવાની શક્તિ હોય ને એકની પસંદગી કરવાની હોય તો જ્યાં લગી હિંદુસ્તાનમાં ભૂખમરો વર્તે છે ત્યાં લગી હું રેંટિયારૂપી માળા પસંદ કરું. એવો એક સમય આવવાની હું રાહ જોઉં છું કે જ્યારે રામનામ લેવું પણ ઉપાધિરૂપ જણાય. "રામ" વાણીથીયે પર છે એવો અનુભવ થશે ત્યારે તે "નામ" લેવાપણું પણ નહીં રહે. રેંટિયો, માળા અને રામનામ એ મારે સારુ નોખી વસ્તુ નથી. એ ત્રણે મને સેવાધર્મ શીખવે છે. સેવાધર્મ પાળ્યા વિના હું અહિંસાધર્મ પાળી નથી શકતો. અહિંસાના પાલન વિના હું સત્ય શોધી નથી શકતો. અને સત્ય સિવાય ધર્મ નથી. સત્ય એ જ રામ છે, નારાયણ છે, ઈશ્વર છે, ખુદા છે, અલ્લા છે, "ગૉડ" છે.

"ઘાટ ઘડિયા પછી નામ રૂપ જૂજવાં,
અંતે તો હેમનું હેમ હોયે."

હિંદ સ્વરાજમાં[1] યંત્ર વિષે જે લખ્યું છે તે યથાર્થ જ છે. તેમાં છાપાં વિષે પણ વાત આવી જાય છે. એ શંકાશીલે જોઈ લેવી. વળી એટલું પણ યાદ રાખવું કે અત્યારે હું

૧. જુઓ પુસ્તક ૧૦.

Gandhi Heritage Portal

હિંદ સ્વરાજ હિંદુસ્તાન આગળ નથી મૂકી રહ્યો, પણ પાર્લમેન્ટરી એટલે બહુમતીનું સ્વરાજ મૂકી રહ્યો છું. અત્યારે હું યંત્રમાત્રનો નાશ નથી સૂચવી રહ્યો, પણ રેંટિયાને સર્વોપરી યંત્ર બતાવી રહ્યો છું. હિંદ સ્વરાજમાં આદર્શ સ્થિતિ વર્ણવી છે. તેમાંનું જેટલું હું નથી પાળતો એને મારી નબળાઈ સમજી લેવી. હું અહિંસાને પરમ ધર્મ માનનારો છું, છતાં ખાવાપીવામાં રહેલી હિંસા કર્યા જ કરું છું. પણ અહિંસાનો આદર્શ મારી પાસે રાખી તેમાંયે સંયમ પાળવા પ્રયત્ન કરું છું. તે પ્રવૃત્તિ વધારવા નહીં પણ ઘટાડવા માગું છું.

ઇસ્પિતાલો વિષે મેં લખ્યું છે એ પણ યથાર્થ જ છે. છતાં મને શરીરનો મોહ રહ્યો છે ત્યાં લગી દવા કરું છું. તે મોહ ઓછો થાઓ એમ ઇચ્છું છું. હું ઇસ્પિતાલમાં કેદી તરીકે ગયો, પછી છૂટ્યો કે તુરત ભાગવાની જરૂર ન જોતાં જેઓએ વિનય ને માયા બતાવ્યાં હતાં તેમની સંભાળ નીચે રહેવું એ મને ધર્મ જણાયો. ઇસ્પિતાલમાં મેં મારાં વ્રતો પાળ્યાં. મને ત્યાં ન લઈ જાત તો હું નાસીપાસ ન થાત. ઇસ્પિતાલમાં હું સ્વેચ્છાએ નહોતો ગયો. ત્યાં જવાની સૂચનાની સામે પણ નહોતો થયો. પરદેશી ખાંડ ન ખાવાનું વ્રત મને છે નહીં, પણ હું પરદેશી ખાંડ ખાતો નથી. મને ખાંડ વગેરે ખાવાં જ નાપસંદ છે. છેલ્લી માંદગીને વખતે જ તે શરૂ કર્યાં, પણ તે સ્વદેશી જ. દવાઓ પણ અમુક જેનો મને બાધ નથી તે જ લીધી છે.

છતાં એટલું ખરું છે કે મને માંદગી આવી તે મારી તાત્ત્વિક કલ્પનાઓની વિરુદ્ધ હોઈ મને શરમાવે છે. મારે કંઈ પણ દવા લેવી એ મારે સારુ હીણપત છે. ઇસ્પિતાલમાં જવા જેવી મારી સ્થિતિ થાય એ એથી પણ વધારે. આ મારી નબળાઈઓ સારુ લેખક ને વાંચનાર મારી દયા ખાય ને મને નિભાવે તથા તે ઉપાધિઓમાંથી પણ મુક્ત થાઉં અને કેવળ નિર્વિકારી થાઉં એવો આશીર્વાદ આપે, ને જ્યાં સુધી તે આશીર્વાદ ન ફળે ત્યાં લગી મને જેવો છું તેવાને નિભાવે ને સહન કરે.

ધાડપાડુને મારવાનું મેં પસંદ નથી કર્યું. તેને પણ પ્રેમથી જીતવાનું મેં પસંદ કર્યું છે. પણ જે એ ધર્મ ન પાળી શકે અને પોતાનાં આશ્રિત, માલમિલકત વગેરે બચાવવા ઇચ્છે છે, ને જેને એટલી પ્રેમબળની પૂંજી નથી તેને ધાડપાડુને મારીને પણ સ્વરક્ષણ કરવાનો અધિકાર છે.

અંગ્રેજોને ધાડપાડુની ઉપમા આપવી એમાં મહા વિચારદોષ છે. ધાડપાડુ બળાત્કારે લૂંટે છે. અંગ્રેજો મનનું હરણ કરીને લૂંટે છે. તેથી તેની લૂંટમાં પદ્ધતિદોષ છે. દારૂના પીઠાવાળો પણ દારૂ વેચી મારો માલ ને મારો આત્મા લૂંટે છે. તેને હું મારવાનું શીખવું કે તેનો ત્યાગ શીખવું? પણ જો કોઈ અંગ્રેજ બીજાની ઉપર જાતે હુમલો કરવા આવે અથવા કોઈ દારૂના પીઠાવાળો બીજાને પરાણે દારૂ પાય તો અને એ બંનેને જો દુ:ખી થતો માણસ પ્રેમથી જીતી ન લે તો તેને મારીને હઠાવી શકે છે. પછી અંગ્રેજ કે દારૂવાળા એક હોય કે અનેક, સબળા હોય કે નબળા.

ઉપલા કાગળના જવાબમાં હું ઊતર્યો છું પણ એ ઉચિત હતું કે અનુચિત એ વિષે મને હજી શંકા છે. લખનારનો હેતુ નિર્મળ જાણ્યો તેથી જ જવાબમાં ઊતરેલો છું. પણ એવાં લખાણોમાં બહુ વિચારદોષો હોય છે એ મારા જવાબમાંથી જોઈ શકાય એવું છે એમ મને ભાસે છે.

ઘણા ભણેલાઓનું જીવન વિચારશૂન્ય થઈ ગયું જણાય છે. એક સિદ્ધાંતમાંથી ઉપસિદ્ધાંતો ઘટાવી લેવાની શક્તિ ન હોય ત્યાં લગી સિદ્ધાંતોનું જ્ઞાન જ નથી એમ કહી શકાય. લેખકે

Gandhi Heritage Portal

જો ઊંડે ઊતરી ખૂબ વિચારો કર્યા હોત તો જે જવાબો મેં આપ્યા છે તે બધા પોતે ઘટાવી શકત. ખરું જોતાં બધા જવાબો મારાં આગલાં લખાણોમાં આવી જ ગયા છે. પણ લખનારની વિચારશિથિલતા આપણો સામાન્ય દોષ છે એમ મારી ઉપર આવતા અનેક પત્રોમાંથી હું જોઉં છું તેથી આ જવાબમાં ઊતર્યો છું. પણ દરેક વાંચનારને અને લેખકને મારી સલાહ છે કે તેમણે પ્રત્યેક વસ્તુનો ખૂબ વિચાર કરવો, તો ઘણા મિથ્યાભાસોમાંથી તેઓ બચી જશે. "ભણતર મિથ્યા વગર વિચાર."

[મૂળ ગુજરાતી]

**નવજીવન**નો વધારો, ૧૦-૮-૧૯૨૪

## ૨૯૯. દાતાઓને વિનંતી

ગુજરાતી **નવજીવન**માં મેં મલબારના પ્રલય[1] વિષે લખ્યું છે. એ તો બધા વાચકો વાંચશે જ. પણ હું જાણું છું કે हिन्दी **नवजीवन** વાંચનારમાં કેટલાયે દાનવીરો પડેલા છે. એમને મારી વિનંતી છે કે તેઓ એમનાથી આપી શકાય એટલું નાણું મોકલી આપે.

[મૂળ હિંદી]

हिन्दी **नवजीवन**, ૧૦-૮-૧૯૨૪

## ૩૦૦. એ. ડબલ્યુ. બેકરને પત્ર

સાબરમતી,
ઑગસ્ટ ૧૦, ૧૯૨૪

પ્રિય શ્રી બેકર,[2]

તમારા બંને કાગળો મને મળ્યા છે. પહેલા કાગળની પહોંચ મેં સ્વીકારી હતી. ચોપડી પણ મળી છે. હમેશાં જરૂર લખતા રહેશો. મને લાગે છે કે મારે રસ્તે જ મારે જવું જોઈએ. આપણે બધા સાધકો — ખોજ કરનારા છીએ. જ્યાં સુધી ઈશ્વર અને આપણી વચ્ચે "અહમ્"ને આપણે પેસવા ન દઈએ ત્યાં સુધી આપણું કલ્યાણ જ છે.

સેવક
મો. ક. ગાંધી

શ્રી એ. ડબલ્યુ. બેકર
પો. ઑ. પોર્ટ શિપસ્ટોન
નાતાલ

[મૂળ અંગ્રેજી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી; શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી
ભાષાંતર : महादेवभाईनी डायरी, પુસ્તક છઠ્ઠું

૧. જુઓ "મલબારમાં પ્રલય", ૧૦-૮-૧૯૨૪.
૨. નાતાલના એક ઍડ્વોકેટ.

Gandhi Heritage Portal

## ૩૦૧. પોલ. એફ. ક્રેસીને પત્ર

સાબરમતી,
ઑગસ્ટ ૧૦, ૧૯૨૪

પ્રિય મિત્ર,

બાળપણથી જ અમને આત્મસંયમની શિસ્ત શીખવવામાં આવે છે. એ પ્રમાણે જીવન ગાળવામાં અમે પડીએઆખડીએ છીએ ખરા. પરંતુ પૂર્વના દેશોમાં અમે એટલું તો જાણીએ છીએ કે જીવન ભોગવિલાસ માટે નથી, પણ મુખ્યત્વે આત્મસંયમ માટે છે. અમેરિકાના વિદ્યાર્થીઓ આટલો એક પાઠ જીવનમાં ઉતારે એમ ઇચ્છું છું.

સેવક
**મો. ક. ગાંધી**

શ્રી પોલ. એફ. ક્રેસી
ગ્રેનવીલ, ઓહિયો
યુ. એસ. એ.

[મૂળ અંગ્રેજી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી; શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી
ભાષાંતર : મહાદેવભાઈની ડાયરી, પુસ્તક છઠ્ઠું

## ૩૦૨. લાલા બુલાકીરામને પત્ર

સાબરમતી,
ઑગસ્ટ ૧૦, ૧૯૨૪

પ્રિય મિત્ર,

અમીરને (અફઘાનિસ્તાનના) કશો સંદેશો મોકલવાની મારી ઇચ્છા થતી નથી. મારું કામ જ બોલે એમ હું ઇચ્છું છું. તેમ જ તેમને કશી ભેટ મોકલવાનું પણ મને ન ગમે. મારા સૂતરનું અલગ કપડું વણાતું નથી.

સેવક
**મો. ક. ગાંધી**

તા. ક.

હમણાં જ તમારો બીજો કાગળ મને મળ્યો. આ રાજીનામાં મને પસંદ પડે છે. આપણે સત્યને અનુસરીએ છીએ. સત્યાગ્રહમાં ઉત્તેજના ન હોય. તેમાં તો ઠંડો નિશ્ચય હોય છે. અચોક્કસ મુદત માટે રાહ જોવાને હું તૈયાર છું.

**મો. ક. ગાંધી**

લાલા બુલાકીરામ
ભાસ્કર પ્રેસ
૫, કચેરી રોડ
દહેરાદૂન

[મૂળ અંગ્રેજી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી; શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી
ભાષાંતર : મહાદેવભાઈની ડાયરી, પુસ્તક છઠ્ઠું

Gandhi Heritage Portal

## ૩૦૩. આર. કાણેને પત્ર

સાબરમતી,
ઑગસ્ટ ૧૦, ૧૯૨૪

પ્રિય મિત્ર,

તમારા કાગળ માટે આભારી છું.

૧. હું ફરજિયાત શિક્ષણની વિરુદ્ધ છું. ફરજિયાત કરવામાં અન્યાય થવાનો સંભવ છે. એ જરૂરનું તો નથી જ.

૨. આપણને આજે સ્વરાજ મળે તો પ્રાથમિક અથવા બીજું કોઈ શિક્ષણ ફરજિયાત કરવાના પ્રયત્નનો હું વિરોધ કરું. આપણે ઐચ્છિક પદ્ધતિને હજી પૂરી અજમાયશ આપી નથી.

૩. યવતમાલની મ્યુનિસિપાલિટી ફરજિયાત શિક્ષણ કરવાનું પગલું ભરવા માગે તો કૉંગ્રેસના ઠરાવથી એ વિરુદ્ધ નહીં થાય. પરંતુ આ બાબતમાં હું કાંઈ કહી શકું એમ હોઉં તો હું તો કમિટીને વિનંતી કરું કે શિક્ષણ ફરજિયાત કરવાનો પ્રયત્ન કર્યા પહેલાં ઐચ્છિક પદ્ધતિના બધા ઉપાયો અજમાવી લેવા જોઈએ. જ્યાં શિક્ષણ ફરજિયાત કરવામાં આવ્યું છે ત્યાં એનાં કેવાં અનિષ્ટ પરિણામો આવ્યાં છે તે હું જાણું છું.

સેવક
મો. ક. ગાંધી

શ્રી આર. કાણે, એમ. એલ. સી.
યવતમાલ

[મૂળ અંગ્રેજી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી; શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી
ભાષાંતર : મહાદેવભાઈની ડાયરી, પુસ્તક છઠ્ઠું

## ૩૦૪. મંગળસિંહને પત્ર

ઑગસ્ટ ૧૦, ૧૯૨૪

પ્રિય સરદાર મંગળસિંહજી,

આ પત્રથી આપને શ્રી વાલજી દેસાઈનો પરિચય થશે. તેઓ ઘણા સમયથી મારા સાથી છે. મારા પકડાયા પછી તરત જ એ જ આરોપસર એમને જેલની સજા થઈ હતી. કૃપા કરીને એમને કોઈ પણ રીતે એવી મદદ કરજો કે તેઓ પંજાબમાં રહીને પરિસ્થિતિનો અભ્યાસ કરી શકે.

આપનો સહૃદયી
મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી : સી. ડબલ્યુ. ૫૯૯૬; શ્રી વા. ગો. દેસાઈના સૌજન્યથી

Gandhi Heritage Portal

## ૩૦૫. અલી હસનને પત્ર

સાબરમતી,
ઑગસ્ટ ૧૦, ૧૯૨૪

પ્રિય મિત્ર,

તમારો કાગળ મને જરૂર મળ્યો છે. હિંદુ એ કહેવાય જે વેદો, ઉપનિષદો, પુરાણો અને વર્ણાશ્રમધર્મમાં માનતો હોય. હું તમારી સાથે એ બાબતમાં મળતો નથી થઈ શકતો કે કોઈ માણસ પોતે અમુક ધર્મનો છે એમ કહે તો એના દાવાનો આપણે ઇનકાર કરીએ. હું શું માનું છું તેનો ઉત્તમ ન્યાયાધીશ હું જ હોઈ શકું. તમે પણ એમ ન કરો?

સેવક
**મો. ક. ગાંધી**

જ. અલી હસન, બાર-ઍટ-લૉ
પટણા

[મૂળ અંગ્રેજી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી; શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી
ભાષાંતર : મહાદેવભાઈની ડાયરી, પુસ્તક છઠ્ઠું

## ૩૦૬. સી. આર. દાસને પત્ર

સાબરમતી,
ઑગસ્ટ ૧૫, ૧૯૨૪

પ્રિય મિત્ર,

શ્રી ખોપકરના એક મિત્રે, સાથે મોકલેલો કાગળ મને આપ્યો છે. તે કહે છે કે શ્રી ખોપકર એમ ધારે છે કે તમે એ કાગળ ઉપર સહી ન કરો. પણ જો તમે કરી હોય તો, એ કહે છે કે શ્રી ખોપકર તમને સંતોષ થાય એવી રીતે પોતાનું નિર્દોષપણું સાબિત કરવાને તૈયાર છે. શ્રી ખોપકરના મિત્રને મારે શું કહેવું એ મને જણાવશો.

હું આશા રાખું છું કે શ્રીમતી દાસની અને તમારી તબિયત સારી હશે.

સ્નેહાધીન
**મો. ક. ગાંધી**

શ્રી સી. આર. દાસ
કલકત્તા

[મૂળ અંગ્રેજી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી; શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી
ભાષાંતર: મહાદેવભાઈની ડાયરી, પુસ્તક છઠ્ઠું

Gandhi Heritage Portal

## ૩૦૭. જમનાલાલ બજાજને પત્ર

શ્રાવણ સુદ ૧૦ [ઑગસ્ટ ૧૦, ૧૯૨૪][1]

ચિ. જમનાલાલ,

મોતીલાલજી ઉપર મેં પત્ર લખ્યો છે તે તમે જોજો. તેની નકલ મોકલવા કૃષ્ણદાસને કહ્યું છે. ગોવિંદબાબુ ઓરિસ્સામાં કામ કરે છે એ તપાસજો ને તમને પસંદ પડે તો તેને મદદ સેવાસંઘમાંથી આપજો. તેને આવક ઓછી છે. તેની માગણી મોટી છે. દર માસે રૂ. ૨૦૦ની. એટલું તો આપવાનું નથી જ. તમારી પરીક્ષામાં પાસ થાય તો રૂ. ૫૦ સુધી આપજો. તપાસ ઝીણવટથી કરજો.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

મૂળ પત્રની છબી પરથી: જી. એન. ૨૮૪૮

## ૩૦૮. વસુમતી પંડિતને પત્ર

શ્રાવણ સુદ ૧૦ [ઑગસ્ટ ૧૦, ૧૯૨૪][2]

ચિ. વસુમતી,

તમારો કાગળ મળ્યો. મારું વજન ઘટ્યું છે પણ બીજી રીતે તબિયત સારી જ છે. નવજીવનમાં મલબાર બાબત વાંચી જે ત્યાંથી થાય તે કરજો. ફરવાનું બરોબર રાખ્યું હશે. અક્ષર છેકાય તેની જરાયે ચિંતા નથી. આજે હરિભાઈ . . . અહીં આવ્યા છે.

બાપુના આશીર્વાદ

કાળાં ફ્રેન્ચ પ્લમ્સ . . . આવે છે તે પલાળીને લેવાની ટેવ રાખજો. આજે હમણાં જ બીજો કાર્ડ મળ્યો. ઘણે ભાગે તો હું અહીં હોઈશ. જરૂર વહેલા આવવું.

બાપુ

વસુમતીબહેન

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્ર પરથી: સી. ડબલ્યુ. ૪૫૩; શ્રીમતી વસુમતી પંડિતના સૌજન્યથી

૧. ગાંધીજીના જમનાલાલ બજાજ ઉપરના પત્રોનો સંગ્રહ पांचवें पुत्रको बापुके आशीर्वादમાં આપ્યા મુજબની આ તારીખ લીધી છે.

૨. ટપાલના સિક્કા પર આ તારીખ છે.

Gandhi Heritage Portal

## ૩૦૯. વા. ગો. દેસાઈને પત્ર

શ્રાવણ સુદ ૧૦ [ઑગસ્ટ ૧૦, ૧૯૨૪][1]

ભાઈ વાલજી,

સિમલાવાળો લેખ મેં તો છાપવા આપેલો એટલે મારે મોકલવાપણું ન હતું. પણ તમે ને સ્વામી તો ભાઈબંધ રહ્યા. એટલે સ્વામી મરજીમાં આવે તેટલી છૂટ લેય. એ લેખ તમે એટલા બધા ઝીણા અક્ષરમાં ને સંકોચીને લખેલો કે વાંચનારાઓને કષ્ટ પડતું હતું તેથી સ્વામીએ પાછો મોકલી આપ્યો જણાય છે. હવે ફરી લખો.

ચોપાનિયાં ચલાવવા એટલી જ બાધ ત્યાં આવવામાં નથી.

આનંદશંકરભાઈનો પત્ર મોકલવા જતો હતો પણ વળી કંઈક વિચારથી માંડી વાળ્યું. મેં તો તમારો સુધારો માન્ય રાખેલો ને હજુ છે. પણ તમને આનંદશંકરભાઈનો કાગળ મોકલવામાં રખે મારી કંઈ મૂર્છા હોય એવી જાતનો ખ્યાલ આવેલો એમ યાદ છે. વિનોદી કાગળ લખવાનો વખત ન હતો.

લાયક દાયકનો ભેદ જાહેર કર્યો જ છે.

સરદાર મંગળસિંહ ઉપર કાગળ મોકલું છું. બધા શીખ સાદા ને ગરીબ હોય છે. તે ત્યાં ન હોય તો એક કાગળ જે શીખ (અકાલી) મળે તેને આપજો.

**મોહનદાસ**

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી: સી. ડબલ્યુ. ૬૦૨૪
શ્રી વા. ગો. દેસાઈના સૌજન્યથી

## ૩૧૦. ઘનશ્યામદાસ બિરલાને પત્ર

શ્રાવણ સુદ ૧૦ [ઑગસ્ટ ૧૦, ૧૯૨૪][2]

ભાઈશ્રી ઘનશ્યામદાસજી,

તમારા બધા પત્રો મળ્યા છે. મને એનાથી ઘણી મદદ મળે છે.

સરોજિની વિષે હું જે માનું છું તે ન લખવું પણ મુશ્કેલ છે. કયું કામ કોની પાસે લઈ શકાય એનો નિર્ણય જનતાએ કરી લેવો રહ્યો. એક વ્યક્તિની એક કાર્યમાં હું પ્રશંસા કરું તેથી કોઈ એવું શા માટે સમજે કે એ સંપૂર્ણ વ્યક્તિ છે? આટલું લખવા છતાં હું ઇચ્છું છું કે તમારા મનમાં જે વિચારો આવે તે તમે મને લખતા રહો.

હું જાણું છું કે હિંદુમુસ્લિમ પ્રશ્નમાં માલવિયાજીને મારા વિચારો પસંદ નથી. તેમ છતાં હું માનું છું કે આપણી પાસે બીજો કોઈ ઉપાય નથી. હા, થોડા દિવસ માટે આપણે કૃત્રિમ એકતા પેદા કરી શકીએ. પણ એથી આપણી ઉન્નતિ ન થઈ શકે.

૧. ૧૯૨૪ના સપ્ટેમ્બરમાં પ્રગટ થયેલા સિમલા અંગેના લેખના ઉલ્લેખ પરથી આ પત્ર ૧૯૨૪માં લખાયો હોવાનું સાબિત થાય છે. એ વરસમાં શ્રાવણ સુદ ૧૦ ઑગસ્ટની ૧૦મીએ હતી.

૨. આ પત્ર ૩–૭–૧૯૨૪ના "મુંબઈ સરોજિનીને યાદ રાખે", લેખ પછી લખાયો લાગે છે. ૧૯૨૪માં શ્રાવણ સુદ ૧૦ ઑગસ્ટની ૧૦મીએ હતી. આ ઉપરાંત જુઓ "ઘનશ્યામદાસ બિરલાને પત્ર", ૩–૭–૧૯૨૪ પછી.

Gandhi Heritage Portal

સુંદરલાલજીની બાબતમાં હું તમને કશી સલાહ આપી શકતો નથી. હા, હું આટલું જાણું છું કે જમનાલાલજીએ એમને જે શરતે એમણે સહાય માગી તે શરતે આપી નહીં. મારા કરતાં જમનાલાલજી એમને બહુ સારી રીતે ઓળખે છે. તમે જે કંઈ કરો તેમાં જમનાલાલજીની સલાહ લેવાનું રાખજો.

તમે બે મહિનાનું દાન જમનાલાલજીને ત્યાં મોકલવા લખ્યું તે માટે તમારો આભાર માનું છું. એને આધારે જ મેં દક્ષિણમાં હિંદી પ્રચાર માટે તથા બીજી બે સંસ્થાઓ માટે કંઈક પ્રબંધ કરવાની વાત જમનાલાલજીને કરી છે. એ નાણાં એમને હાથે ખર્ચાય છે.

તમારો
**મોહનદાસ**

[મૂળ હિંદી]

મૂળ પત્ર પરથી: સી. ડબલ્યુ. ૬૦૨૩; શ્રી ઘનશ્યામદાસ બિરલાના સૌજન્યથી

## ૩૧૧. શૌકતઅલીને પત્ર

સાબરમતી,
ઑગસ્ટ ૧૧, ૧૯૨૪

વહાલા ભાઈ,

તમારા બે કાગળ મને મળ્યા. બી અમ્મા માટે મને દિલગીરી થાય છે. હું આશા રાખું છું કે તમે માગેલી પરવાનગી તમને મળી જશે. આપણા પોતાના દેશમાં જ આપણે નિર્વાસિત છીએ એ કેવું? છતાં આપણે સ્વરાજના ખેલ ખેલીએ છીએ! આ બધું કરુણ છે.

મારી તબિયત બરાબર ન હોવાથી કૉર્પોરેશનનું માનપત્ર ૩૦મી ઑગસ્ટ ઉપર રાખવા મેં વિઠ્ઠલભાઈને સમજાવ્યા છે.[૧] એટલે સામાન્ય રીતે સપ્ટેમ્બરની શરૂઆતમાં આપણે પ્રવાસ શરૂ કરી શકીશું એમ લાગે છે. પરંતુ મેં મહમદઅલીને લખ્યું છે કે મારી જો જરૂર હોય તો હું હમણાં પણ દિલ્હી આવી શકું છું. મારે પ્રયત્ન કરીને જોવું જોઈએ કે હું કેટલો હડદોલો વેઠી શકું છું. તેમને મારી જરૂર ન હોય તોપણ મને લાગે છે કે દિલ્હી દ્વારા જ આપણે આપણું કામ શરૂ કરીએ. ૧૨મી ઑગસ્ટે મોહરમ આવે છે. આપણે માટે તે એક ચિંતા ઉપજાવનારો દિવસ છે. તે દિવસે આપણે ક્યાં હોઈશું તે મને ખબર નથી. આ બધું તમે વિચારજો અને તે દિવસે આપણે ક્યાં રહેવું તે પણ નક્કી કરજો.

ખિલાફતના કામ બાબત તમારી પોતાની મુશ્કેલીઓ હું જાણું છું. સ્વરાજને માટે તેમ ખિલાફતને માટે પણ આપણે માણસોની મોટી સંખ્યા કરતાં થોડા માણસોના ગુણ ઉપર વધારે આધાર રાખવો પડશે.

પ્રમુખની પસંદગી વિષે મારે જે કહેવું જોઈએ તે મેં કહી દીધું છે. અત્યારે એટલા રાગદ્વેષો જોવામાં આવે છે કે બહુમતી મેળવવાની ઇચ્છા રાખનારે સ્વચ્છતા જાળવવી લગભગ

૧. જુઓ "વિઠ્ઠલભાઈ ઝ. પટેલને પત્ર", ૧૭-૫-૧૯૨૪.

Gandhi Heritage Portal

અશક્ય છે એમ દેખાય છે. જો બહુમતી કશી પણ ઉપયોગી હોય તો એ સહેલાઈથી મળવી જોઈએ. બહુમતી મેળવવાની પશ્ચિમની પદ્ધતિ મને જરાયે ગમતી નથી.

ખિલાફત અખબાર વાંચવાનો હું પ્રયત્ન કરીશ. પ્યાર.

તમારો
**મો. ક. ગાંધી**

મૌલાના શૌકતઅલી
મુંબઈ

[મૂળ અંગ્રેજી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી; શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી
ભાષાંતર: મહાદેવભાઈની ડાયરી, પુસ્તક છઠ્ઠું

## ૩૧૨. આનંદાનંદને પત્ર

સોમવાર [ઑગસ્ટ ૧૧, ૧૯૨૪][1]

ભાઈશ્રી ૫ આનંદાનંદ,

તમારો કાગળ મળ્યો. વધારા આપ્યે જજો. આઠ ગૅલી હું આપ્યા કરીશ. તેનો રસ્તો મને કાલે મળ્યો છે. લખાયેલું પૂરું થયા પછી શું કરવું તે જોવું રહેશે. ત્યારની વાત ત્યારે. *નવજીવન*ના કૉલમનો તાર પણ કરીશ. એમાં કદાચ ગફલત થાય પણ જોઈશ.

આપણે "બિઝનેસ"ની બાજુ પણ જોયે જ છૂટકો છે એ હું બરોબર સમજું છું. તેને વળગી રહેવું તમારું કામ છે. હું બીજી બાજુઓને જાળવવા જતાં ઉતાવળે ભલે ગમે તે બકું છેવટે સીધો થઈ જઈશ. કેમ કે સત્યાગ્રહી તો છું જ ને રહેવાનો.

સત્યાગ્રહના ઈતિહાસના અંગ્રેજી વિષે વાલજીની દૃષ્ટિ મને બરોબર નથી લાગતી. આપણે તો ગુજરાતી શણગારવું છે. અંગ્રેજી વિભાગને મદ્રાસે પોતાનો કર્યો છે તેમાં આપણે દખલ ન જ દઈએ. ગણેશન સ્વચ્છ માણસ છે. પૈસો તેનો પરમેશ્વર નથી. તેનું સાહસ ઘણું જ મોટું છે. તેને ઉત્તેજન આપીએ ને આપણે ગુજરાતી ઈત્યાદિને આગળ કરીએ. આમાં જો કંઈ ત્રુટિ હોય તો જરૂર જણાવજો.

*યંગ ઇન્ડિયા*ને સારુ વધારે પાનાં કોઈ વેળા આપવાની આપણી તૈયારી હોવી જોઈએ.

બાપુના આશીર્વાદ

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્ર પરથી: જી. એન. ૭૭૫૩

૧. આમાં થયેલો ગણેશનનો ઉલ્લેખ એવું સૂચવે છે કે આ લેખ પછીના લેખવાળા વા. ગો. દેસાઈ ને લખેલા પત્રને દિવસે જ આ પત્ર લખાયો હશે.



Gandhi Heritage Portal

## ૩૧૩. વા. ગો. દેસાઈને પત્ર

શ્રાવણ સુદ ૧૧ [ઑગસ્ટ ૧૧, ૧૯૨૪][1]

ભાઈશ્રી ૫ વાલજી,

ગણેશનનું કહેવું ને તમારો પ્રશ્ન બરોબર સમજાયો નથી. પણ સામાન્ય રીતે હું એમ સલાહ આપું કે ગણેશન કરવા ઇચ્છે તે પ્રમાણે કરવા દેવું.

મોહનદાસના
વંદે માતરમ્

. . .બીજી બાબતના જવાબો કાલે અપાઈ ગયા છે.

વા. ગો. દેસાઈ
સ્ટર્લિંગ કૅસલ
સિમલા

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્રની છબી પરથી: સી. ડબલ્યુ. ૬૦૨૬; શ્રી વા. ગો. દેસાઈના સૌજન્યથી

## ૩૧૪. ઘનશ્યામદાસ બિરલાને પત્ર

શ્રાવણ સુદ ૧૧ [ઑગસ્ટ ૧૧, ૧૯૨૪][2]

ભાઈશ્રી ઘનશ્યામદાસ,

તમારો પત્ર મળ્યો છે. મિ. આયરના પત્રની મારા પર કશી અસર થઈ નહીં, કેમ કે હું હિંદુ ધર્મને બચાવવાનો રસ્તો જ જુદો સમજું છું. છાપું કાઢવાથી પણ કશો લાભ થાય એમ હું માનતો નથી. પંજાબમાં આજ સુધી આપણે મુસલમાનોને તક જ આપી નથી. મિ. દાસ બીજું કંઈ કરી શકે જ નહીં. એમણે પૅક્ટ બનાવ્યો. તક મળતાં તે પોતે જ તેનો ભંગ કેવી રીતે કરી શકે? દિલ્હી જતાં મને કોઈ રોકતું નથી. સપ્ટેમ્બરમાં તો કાંઈ પણ રીતે ત્યાં પહોંચવાની મારી ધારણા છે.

તમે મને બધી હકીકત લખતા રહેજો અને વાંચવા જેવું કંઈ હોય તો તે મોકલતા રહેજો.

તમારો
**મોહનદાસ**

૧. ૧૯૨૪ દરમ્યાન વા. ગો. દેસાઈ સિમલામાં રહેતા હતા.

૨. ગાંધીજીના સપ્ટેમ્બરમાં દિલ્હી જવાના ઉલ્લેખ પરથી જણાય છે કે આ પત્ર ૧૯૨૪માં લખાયો હતો. ૧૯૨૪ના વર્ષમાં ગાંધીજી પ્રથમ ઑગસ્ટમાં અને પછી સપ્ટેમ્બરમાં દિલ્હી ગયા હતા. તે વર્ષે શ્રાવણ સુદ ૧૧ ઑગસ્ટની ૧૧મીએ હતી.

Gandhi Heritage Portal

[તા. ક.]

મિ. આયરનો પત્ર પરત કરું છું. આજે મને રૂ. ૧૦,૦૦૦/- મળી ગયા છે. ગઈ કાલે એક પત્ર તમને હરદ્વારને સરનામે રવાના કર્યો છે.

[મૂળ હિંદી]

મૂળ પત્ર પરથી: સી. ડબલ્યુ. ૬૦૨૫; શ્રી ઘનશ્યામદાસ બિરલાના સૌજન્યથી

## ૩૧૫. સરોજિની નાયડુને તાર[1]

[ઑગસ્ટ ૧૨, ૧૯૨૪ કે તે પછી]

સરોજિની નાયડુ
તાજ
મુંબઈ

સભામાં હાજર રહેવાની જરૂર નથી. ખ્યાલ એવો છે કે અસહકારીઓએ સરકારી સંસ્થાને રાહતકાર્યમાં મદદ કરવી જોઈએ.

ગાંધી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૧૦૧૦૭

## ૩૧૬. કે. માધવન્ નાયરને તાર[2]

[ઑગસ્ટ ૧૨, ૧૯૨૪ કે તે પછી]

માધવન્ નાયર
વકીલ
કાલિકટ

નાણાં અને કપડાં ઉઘરાવી રહ્યો છું. અન્ન, વસ્ત્ર અને ઘરબાર વગરના થઈ ગયેલા દેશબંધુઓ વિષે રાતદિવસ ચિંતા કરી રહ્યો છું.

ગાંધી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૧૦૧૦૮

૧. આ તાર સરોજિની નાયડુના ઑગસ્ટની ૧૧મીના તારના જવાબમાં કરવામાં આવ્યો હતો. એ તાર ગાંધીજીને ૧૯૨૪ની ૧૨મી ઑગસ્ટે મળ્યો હતો. તે આ પ્રમાણે હતો: "શેરીફ કહે છે પ્રમુખપદ લેવા ગવર્નરને બોલાવીએ. રેલસંકટ અંગેની સભામાં હાજરી આપવા વિનંતી કરે છે. અસહકારીઓ એમાં ભાગ લઈ શકે કે કેમ એનો તારથી જવાબ આપો."

૨. આ તાર માધવન્ નાયરના ૧૯૨૪ના ઑગસ્ટની ૧૨મીના નીચેના તારના જવાબમાં હતો: "રેલગ્રસ્ત વિસ્તારમાં ફર્યો. જ્યાં સંકટ વધારે છે ત્યાં મારવાડી રાહત ફંડની મદદથી રાહતકેન્દ્રો ખોલ્યાં. આપનો લેખ દાન આપનારા લોકોને નિરુત્સાહ કરે એવો સંભવ છે. કૉંગ્રેસ પાસે પૈસા ન હોય તો મોટી કે નાની કોઈ પણ રકમનો ફાળો આવકારદાયક છે. કૃપા કરીને આમજનતાને ઉદ્દેશીને અપીલ બહાર પાડો. એક માસની અન્નરાહત શરૂ કરી દેવાની જરૂર છે. મકાનો માટે ગ્રાન્ટ આપવાનું સરકાર પર છોડી શકાય. એક લાખ રૂપિયા એક લાખ માણસોને બચાવશે."

Gandhi Heritage Portal

## ૩૧૭. મુંબઈ મ્યુનિસિપલ કૉર્પોરેશનને તાર

[ઑગસ્ટ ૧૨, ૧૯૨૪ કે તે પછી][1]

પ્રમુખ
મ્યુનિસિપલ કૉર્પોરેશન
મુંબઈ

આપનો તાર મળ્યો. ૨૯મીએ મુંબઈ ખુશીથી આવી પહોંચીશ.

ગાંધી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૮૮૧૧

## ૩૧૮. નગીનદાસ અમૂલખરાયને પત્ર[2]

સાબરમતી,
ઑગસ્ટ ૧૩, ૧૯૨૪

તમારું પહેલું પુસ્તક[3] વાંચી ગયો છું. તેમાં હું સરસ ઉદ્યમ જોઉં છું. ગોઠવણી એકંદરે સારી છે. લખનારના ઉદ્દેશનો ક્યાંય ભંગ થયો મારી નજરે નથી આવ્યો. એનું ભાષાંતર થાય એમાં મને મુદ્દલ અજુગતું નથી લાગતું.

[મૂળ ગુજરાતી]

ગુજરાતી, ૨-૧૧-૧૯૨૪

## ૩૧૯. મથુરાદાસ ત્રિકમજીને પત્ર

ઑગસ્ટ ૧૩, ૧૯૨૪

દરેક બાબતમાં મારી પાસેથી ફતવા મેળવવા એ ભૂલ છે ને ભયંકર છે, એ તદ્દન માનું છું. જે ઢબથી મને પૂછવું હોય તે ઢબથી જવાબ નીકળે. તેમ જવાબ દેતાં મારી ભૂલ પણ થાય. સિદ્ધાંતોમાંથી ઉપસિદ્ધાંતો સહુએ ઘટાવી લેવા જોઈએ.

[મૂળ ગુજરાતી]

બાપુની પ્રસાદી, પા. ૭૪

૧. આ તાર મુંબઈ મ્યુનિસિપલ કૉર્પોરેશનના પ્રમુખ તરફથી ઑગસ્ટની ૧૨મીએ મળેલા ૧૯૨૪ના ઑગસ્ટની ૧૧મીના નીચેના તારના જવાબમાં રવાના થયો હતો: "કૉર્પોરેશનનું માનપત્ર આપને અર્પણ કરવા માટે સર કાવસજી જહાંગીર હૉલ ત્રીસમી તારીખે મળી શકે તેમ નથી. માટે શુક્રવાર ૨૯મીએ સાંજે માનપત્ર સ્વીકારવા કૃપા કરીને અનુકૂળતા રાખશો."

૨. પોતે સંપાદિત કરેલી અને ૧૯૨૩માં પ્રગટ કરેલી ગાંધી શિક્ષણ નામની ગ્રંથમાળા સંબંધમાં તેમણે ગાંધીજીને પત્ર લખ્યો હતો તેનો આ જવાબ છે.

૩. આ પુસ્તકનું નામ સત્યાગ્રહ હતું; ગ્રંથમાળાનાં કુલ તેર પુસ્તકો પ્રગટ કરવામાં આવ્યાં હતાં.

Gandhi Heritage Portal

10154 11 AUG 1972

## ૩૨૦. તેજના સંપાદકને પત્ર

સાબરમતી,
શ્રાવણ સુદ ૧૩ [ઑગસ્ટ ૧૩, ૧૯૨૪]

ભાઈ ગુપ્ત,

હું એ કૃષ્ણને દરરોજ કોટિકોટિ પ્રણામ કરું છું જે ગીતાના પ્રણેતા છે, સોળ હજાર ઈંદ્રિયોના સ્વામી છે, જે અખંડ બ્રહ્મચારી છે, જે નિર્વિકારી છે, જે આપણા હૃદયના અધિષ્ઠાતા છે. બીજાને નહીં.

[મૂળ હિંદી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી; શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી
ભાષાંતર: મહાદેવભાઈની ડાયરી, પુસ્તક છઠ્ઠું

## ૩૨૧. ઇન્દ્ર વિદ્યાવાચસ્પતિને પત્ર

શ્રાવણ સુદ ૧૩ [ઑગસ્ટ ૧૩, ૧૯૨૪][1]

ચિ. ઇન્દ્ર,

"આજના વખતમાં દરેક ઉત્સવ પ્રસંગે હું તો એક જ પ્રાર્થના કરું છું: હે ઈશ્વર, તું હિંદુઓ અને મુસલમાનો બંનેનાં હૃદય પલટાવી દે. એમાંથી ઝેર કાઢી નાખ, ને પ્રેમ ભરી દે. એમને બધાંને તું સમજાવી દે કે તેઓ દેશના ગરીબો ખાતર સૂતર કાંતે. હિંદુઓનાં મન સ્વચ્છ કર અને અસ્પૃશ્યતા મિટાવી દે." બીજું શું પાઠવું? મને ઉમેદ છે કે તમારો પ્રયત્ન સફળ થશે.

મોહનદાસના આશીર્વાદ

[મૂળ હિંદી]

મૂળ પત્ર પરથી: સી. ડબલ્યુ. ૪૮૬૦; શ્રી ચંદ્રગુપ્ત વિદ્યાલંકારના સૌજન્યથી

ગાંધી સ્મારક સંગ્રહાલય ગ્રંથાલય ૧૬-૧૩

૧. ટપાલના સિક્કા પર આ તારીખ છે.

Gandhi Heritage Portal

# ૩૨૨. પૂછવાલાયક પ્રશ્નો

એક ભાઈ પત્ર લખી પૂછે છે:

> આપ હિંદુસ્તાનમાં ફરજિયાત પ્રાથમિક શિક્ષણ દાખલ કરવાની તરફેણમાં છો? શિક્ષણને ફરજિયાત કરવું એ એક અન્યાય છે? એ શું બિનજરૂરી છે? આપણને જો સ્વરાજ મળે તો આપ આજની સ્થિતિમાં હિંદુસ્તાનમાં બધે પ્રાથમિક શિક્ષણ ફરજિયાત કરો ખરા?

મને લાગે છે કે આમાંના મુખ્ય સવાલનો જવાબ મારે નકારમાં આપવો પડશે. હું એમ ખાતરીથી તો ન જ કહી શકું કે હું ફરજિયાત શિક્ષણનો કોઈ કાળે વિરોધ ન જ કરું. કોઈ પણ બાબતમાં — પછી તે ભલે ગમે તેટલી સરસ વસ્તુ હોય — ફરજ પાડવાની મને અતિ ચીડ છે. પ્રજા પાસે ફરજથી જેમ હું વ્યસનો ન છોડાવું તેમ જ પ્રજાને હું ફરજ પાડીને શિક્ષણ પણ ન આપું. પણ જે રીતે દારૂની નવી દુકાનો ઉઘાડવાનું નકારીને તથા ચાલુ દુકાનો બંધ કરીને હું દારૂની બદી દૂર કરું તે જ રીતે પ્રજામાંના અક્ષરજ્ઞાનના અભાવને હું જ્ઞાનની આડે આવતાં વિઘ્નો ટાળીને તથા પ્રજાની જરૂરિયાતોને પૂરી પાડનારા શિક્ષણની વગર ફીની શાળાઓ ખોલીને દૂર કરું. પણ આજે તો આપણે મફત શિક્ષણનો એક મોટો પ્રયોગ કર્યો નથી. આપણે માબાપોને કોઈ રીતે લલચાવ્યાં નથી. આપણે પ્રજાને અક્ષરજ્ઞાનની કિંમત જોઈએ તેટલી અથવા તો બિલકુલ સમજાવી નથી. આપણી પાસે એવી કેળવણી આપે એવા યોગ્ય શિક્ષકો પણ નથી. એટલે મને તો એમ લાગે છે કે આજે શિક્ષણમાં ફરજ પાડવાનો વિચાર કરવો અકાળે છે.

મને એમ પણ ખાતરી નથી કે જ્યાં જ્યાં ફરજિયાત કેળવણીનો પ્રયોગ કરવામાં આવ્યો છે ત્યાં બધે એ સફળ જ નીવડ્યો છે. પ્રજાના ઘણા મોટા ભાગને જો શિક્ષણની જરૂર હોય તો ફરજ પાડવી એ બિનજરૂરી છે, અને જરૂર ન હોય તો તેમ કરવું એ નુકસાનકારક છે. પ્રજાના આકરા વિરોધની સામે થઈને તો જુલમી સરકાર જ કાયદાઓ કરે.

પ્રજામાંના મોટા ભાગનાં બાળકોના શિક્ષણને સારુ સરકારે બધી પૂરી સગવડ કરી છે? છેલ્લાં સો કે તેથી વધારે વરસોથી આપણે એવા ફરજિયાત રાજતંત્રના ભાર નીચે કચડાઈ રહ્યા છીએ. એ રાજતંત્ર આપણને પૂછ્યા વિના જ આપણી વિવિધ શાખાઓમાં પ્રસરેલા જીવનનો કારભાર ડોળે છે. અત્યાર સુધી તેણે પ્રજાની પાસે બળાત્કારે બધું કરાવ્યું છે. એટલે આજીજી, પ્રાર્થના કે અરજીની તેના ઉપર અસર નથી થતી કારણ પ્રજાએ અત્યાર સુધી જે આજીજીઓ અને પ્રાર્થનાઓ કરી છે તે સરકારે ક્યાં સાંભળી છે? એટલે આવી સરકાર પાસેથી પણ પ્રજા બીજું શું શીખે? મરજિયાત પ્રયત્નથી કોઈ સુધારો ન જ થઈ શકે એમ માનવાની પ્રજાને ટેવ પડી જાય એના જેવી એના સાચા વિકાસને બાધક બીજી એકે વસ્તુ નથી. આમ ફરજિયાત તંત્રના દોર હેઠળ જે પ્રજા ઘડાય છે તે સ્વરાજને માટે બિલકુલ નાલાયક હોય છે. તેથી મારી ઉપરની દલીલનો એવો સાર નીકળે છે કે આજે જો આપણને સ્વરાજ મળે તો કંઈ નહીં તો મરજિયાત પ્રાથમિક શિક્ષણના બધા જ પ્રામાણિક પ્રયોગો નિષ્ફળ નીવડે ત્યાં સુધી તો મારે ફરજિયાત શિક્ષણનો વિરોધ કરવો જ રહ્યો. વાચક એટલું જરૂર યાદ રાખે કે આજથી પચીસ વરસ પર હતો તેના કરતાં આજે દેશમાં અક્ષરજ્ઞાનનો અભાવ વધારે છે. અને તેનું કારણ એ નથી કે પ્રજા પોતાનાં બાળકોને શિક્ષણ આપવા નથી માગતી પણ પ્રજા પાસે પહેલાં જે સવડો હતી તે બધી એક કૃત્રિમ અને પારકા રાજતંત્રની પદ્ધતિ નીચે નાશ પામી ગઈ છે.

Gandhi Heritage Portal

લખનાર ભાઈ બીજો સવાલ પૂછે કે:

> આજે ખાસ કરીને જ્યારે બધા મતના લોકોના સહકારથી એ બની શકે એમ છે ત્યારે હાલના "ફરજિયાત પ્રાથમિક કેળવણીના" કાયદાનો લાભ લઈ મ્યુનિસિપાલિટીઓ અને લોકલ બોર્ડો પ્રાથમિક શિક્ષણ ફરજિયાત કરે એમ આપ ઇચ્છો ખરા?

આ સવાલ અસહકારીઓને લગતો છે. મ્યુનિસિપાલિટીઓના અથવા લોકલ બોર્ડોના સભ્યો એ કાયદાનો લાભ લેવા માગે તો મહાસભાના ઠરાવથી અસંગત એવું એમાં કશું જ નથી એમ મને લાગે છે, પણ ઉપર જણાવેલા સબબસર એકદમ શિક્ષણ ફરજિયાત કરતાં હું તો અચકાઉં જ. પણ એના ગુણદોષ ઉપર નિશ્ચિત મત આપતાં પહેલાં અને ફરજ પાડવાની સામે રહેલા મૂળ વાંધાને બાજુએ મૂકતાં પહેલાં હું આટલું જાણવા માગું:

૧. મજકૂર સ્થળે અત્યાર સુધીમાં પ્રાથમિક શિક્ષણ મફત કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે કે કેમ? અને તેમ હોય તો તેનું શું પરિણામ આવ્યું છે?

૨. દરેક માબાપને મળીને તેમનો મત લેવાયો હતો? અને તેના વાંધાની યોગ્ય નોંધ લઈ તે સકારણ જણાયો હોય ત્યાં તેનો ઉપાય થયો હતો? બની શકે એટલા બીજા નરમ ઉપાયો યોજ્યા વિના આમ ફરજ પાડવાને ઉતાવળા થવું એમાં વિવેકની ખામી અને અધીરાઈ છે. આપણને એમ મનાવવાનો શો હક છે કે ઘરને આંગણે મફત શિક્ષણ મળે એવી ગોઠવણ હોય છતાં માબાપો એટલાં અણસમજુ અને ભાવહીન છે કે પોતાનાં બચ્ચાંઓનાં શિક્ષણની દરકાર ન કરે?

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १४–८–१९२४

ભાષાંતર: नवजीवन, ७–९–१९२४

## ૩૨૩. જોઈએ છે—"ધમધમાટ"!

રાષ્ટ્રકાર્યમાં ભારે આપભોગ જેમણે આપેલો છે એવા એક વકીલના પત્રમાંથી થોડા ઉતારા આપવા ઇચ્છું છું. અસહકાર કરીને તેમણે પોતાના કાયદાનાં પુસ્તકો પણ વેચી મારેલાં. હવે તેઓ હતાશ થઈ પડ્યા છે. તેમના પત્રનું છેલ્લું વાક્ય આ છે: "મારું ઊકળતું મગજ જરા શાંત કરવા માટે આ પત્ર લખ્યો છે. તેને પસ્તીમાં નાખશો તો મને દુ:ખ નહીં થાય." કિંમત-વાળી કોઈ પણ ચીજને હું પસ્તીમાં ન જ નાખું. એટલે મેં તો વચલો રસ્તો લીધો છે. એ પત્રમાંથી નિરાશાના અને ઉપદેશના ભાગો બાદ કરી મેં એનો સાર ખેંચી કાઢ્યો છે. આ રહ્યો એ પત્રનો ભાગ, જેની ઉપર વિચાર કરવો ઘટે છે:

> રેંટિયો, હિંદુમુસલમાન ઐક્ય અને અસ્પૃશ્યતાનિવારણ એ ત્રણ વસ્તુ આમવર્ગ આગળ બે વરસ થયાં છે, પણ તેની તેમના ઉપર અસર નથી થઈ. ભાવિ પરિવર્તનનું કશું ચિહ્ન દેખાતું નથી.
>
> નાફેરવાદીઓએ મનુષ્યસ્વભાવને અનુકૂળ થઈને પોતાનો કાર્યક્રમ રચવો જોઈએ. આમવર્ગમાં ઉત્સાહ જાગ્રત કરવાને માટે કાંઈક ધમધમાટ જોઈએ એ વસ્તુને તેમણે વિચારમાં રાખવી જોઈએ. સત્યાગ્રહ એ ઉત્તમ જાતનો ધમધમાટ છે પણ તે તો જ્યારે સરકારની

Gandhi Heritage Portal

સાથે સીધી અને ખુલ્લી લડતનું રૂપ પકડે ત્યારે. પ્રજામાં માંહોમાંહે સત્યાગ્રહ ચાલે તે તો નુકસાનકારક જ હોય. તેથી તો સરકારને અંધારામાં રહીને, અને ખાઈઓમાં ભરાઈ દૂર બેઠાં બેઠાં ઘા કરવાની તક મળે, એથી પારાવાર પ્રપંચ અને ઘાલમેલ ઘૂસી જવાનો પૂરેપૂરો સંભવ રહેવાનો. સરકારની સાથે ખુલ્લી લડત લડવાને માટે તો એવા મજબૂત મુદ્દાઓ શોધી કાઢવા જોઈએ કે જેથી આમવર્ગની વધારે પ્રમાણમાં સહાનુભૂતિ મળી શકે. નીચેનો કોઈ પણ એક મુદ્દો ઉપાડી લઈએ તો ધારેલી વસ્તુ મળે એમ છે:

૧. ગામડામાં, કસબાઓમાં અને શહેરોમાં અદાલતોનો બહિષ્કાર કરવો, પંચાયતોની સ્થાપના કરવી.

અને દરેક ઠેકાણે દસ્તાવેજો નોંધવાની કચેરીઓ ઊભી કરવી.

૨. હૂંડીઓ વડે ચલણી નાણાંનો બહિષ્કાર કરવો.

૩. દારૂ અને કેફી વસાણાં બંધ કરવાં.

રેંટિયો, અસ્પૃશ્યતાનિવારણ અને હિંદુમુસ્લિમ ઐક્ય આમવર્ગ ઉપર અસર પહોંચાડી શક્યાં નથી એની ખાતરી થવા માટે આમવર્ગમાં જેટલું કામ કરી જોવાની જરૂર છે તેટલું કામ આપણે કર્યું છે એમ હું નથી માનતો. આમવર્ગ — એટલે ગામડાંના લોકોનો જેટલો અનુભવ આપણને મળ્યો છે તેટલા ઉપરથી તો જણાય છે કે રેંટિયો તેમને રુચ્યો છે. માત્ર તેમને વ્યવસ્થાની જરૂર છે. પણ આપણે જેઓ તેમના નેતા થઈ બેઠા છીએ તેમને બહાર બેઠા બેઠા નેતા થવું છે, ગામડાંમાં જવું નથી, તેમની વચ્ચે રહેવું નથી, અને રેંટિયાનો જીવનપ્રદ સંદેશો તેમને આપવો નથી. પત્રલેખક આમવર્ગને વિષે તદ્દન અંધારામાં છે. નહીં તો તેમણે જાણવું જોઈએ કે આમવર્ગના હિંદુમુસલમાનો ઝઘડા કરતા નથી. દિલ્હી ગામડું નથી. અને ત્યાં પણ મારામારી ગરીબોએ કરી એમ કહીએ તો તેમની બદનક્ષી કર્યા બરોબર થાય. આપણે તેમને માંહોમાંહે વઢી મરવાને ઉશ્કેર્યા. અસ્પૃશ્યતાનિવારણ બેશક આમવર્ગને માટે વસમો ઘૂંટડો છે. પણ તેની અસર તો તેમના ઉપર થાય છે જ — માત્ર આપણે ઇચ્છીએ છીએ તેથી ઊલટી. જમાનાઓ થયાં જે એકલપેટાપણું તેમને વારસામાં મળ્યું છે તેને તેઓ સેવે છે. પણ આપણી નિર્મળતા, નિ:સ્વાર્થતા અને ધૈર્યથી જો આપણે તેમના રોગનું નિવારણ ન કરી શકીએ તો આપણે પ્રજા તરીકે નાબૂદ થવું જોઈશે. આ વાત દરેક રાજકીય સુધારક જેટલી જલદી સમજી લે તેટલું તેને અને દેશને માટે બહેતર છે. એ લડત છોડી દેવી, અથવા સ્વરાજ મળે ત્યાં સુધી એને બંધ રાખવી એ બને જ નહીં. એને બંધ રાખવી એટલે સ્વરાજને બંધ રાખવું એ તો ફેફસાં વિના જીવવાની વાત કરવા બરોબર છે. હિંદુમુસ્લિમ અનબન અને અસ્પૃશ્યતાનિવારણ સ્વરાજ પછી ટળી શકે એવું જે માનતા હોય તેઓ સ્વપ્નસૃષ્ટિમાં માણે છે. તેઓને એટલો બધો થાક ચડયો છે કે આ ત્રણ વસ્તુ વિના સ્વરાજ મળે એવા તેમના કથનની ગંભીરતાનો તેમને ખ્યાલ નથી. સ્વરાજના કોઈ પણ કાર્યક્રમમાં એ ત્રણ વસ્તુ તો મુખ્ય જ હોવાની. એ કામ મુશ્કેલ છે ખરું, પણ અશક્ય નથી. એટલે મારો દાવો છે કે આ ત્રિવિધ રચનાત્મક કાર્યક્રમ હિંદુસ્તાનના મનુષ્ય સ્વભાવને બરોબર અનુસરતો છે. જેણે પ્રગતિ કરવાનો સંકલ્પ કર્યો છે એવી પ્રજાની દિનપ્રતિદિનની જરૂરિયાતોની સાથે એ કાર્યક્રમ બંધબેસતો છે.

પણ આપણા મિત્રને તો “ધમધમાટ” જોઈએ છીએ. એ શબ્દનો અર્થ હું નથી જાણતો. ઉપર કહેલી ત્રણે વસ્તુમાં કાર્યકર્તાઓને તો જોઈએ તેટલો ધમધમાટ મળી રહે એમ છે. કોઈ પણ ગામડે જઈ ચડો, રેંટિયો લઈને બેસી જાઓ, અને ગામડિયાઓને અસ્પૃશ્યોને ભેટવાનું

Gandhi Heritage Portal

કહો. બાળકો અભરાઈ ઉપર પડી રહેલો રેંટિયો નીચે ઊતરવાથી તેની આસપાસ વીંટળાઈ વળશે, અને ગામડિયાઓ અસ્પૃશ્યોને ભેટવાની વાત કાઢવાને માટે તમને પથરા મારીને બહાર કાઢવાને તૈયાર થશે. હા, તમે મનોનુકૂળ અને મીઠી રીતે તેમ કરવાનું કહેશો તો જુદી વાત. આવા "ધમધમાટ"થી જીવન આવે. પણ બીજો પણ એક પ્રકારનો ધમધમાટ છે જે જીવન આપનારો નથી, પણ પ્રાણ હરનારો છે. તે ધમધમાટ ક્ષણિક, તેથી ઘડીક વાર ખળભળાટ થાય, ધૂળ ઊડે, અને લોકોની આંખ આંધળી થાય. એ ધમધમાટથી સ્વરાજ ન આવે. એવો ધમધમાટ ઉપયોગી છે ખરો. પણ કોને માટે? જેઓ બીજાના હાથમાંથી સત્તા ખૂંચવી લેવાને તૈયાર હોય એવી લડાયક પ્રજાને માટે હિંદુસ્તાનમાં સવાલ એટલો બધો સહેલો નથી. આપણે નથી તૈયાર, કે નથી આપણે હથિયાર લઈને લડનારા. અંગ્રેજો કેવળ બળથી રાજ નથી કરતા. તેમની પાસે તો ફોસલાવવાની અનેક રીત છે. તેઓ સુંવાળી મખમલના એવા મ્યાનમાં બહુ સુંદર રીતે તલવાર છુપાવી શકે છે. આપણે સમજપૂર્વક વ્યવસ્થાશક્તિ બતાવીએ, પ્રામાણિક પણ અડગ નિશ્ચય બતાવીએ અને ઉત્તમ તાલીમબદ્ધ સંઘશક્તિ બતાવશું કે તરત જ તેઓ એકે ઘા વિના બધો વહીવટ આપણને સીધો સ્વાધીન કરશે; અને આપણી શરતે હિંદુસ્તાનની સેવા કરવા તૈયાર થશે જેમ આજે આપણે અનિચ્છાએ અથવા અજાણપણે તેમની શરતે તેમનાં વૈતરાં કરી રહ્યા છીએ.

સત્યાગ્રહ ઉપર કહેલા બીજા પ્રકારનો ધમધમાટ નથી. એવા ધમધમાટના વાતાવરણમાં તો સત્યાગ્રહનો નાશ થાય. એને માટે તો શાંત હિંમત કેળવવાની જરૂર છે—જે હિંમત હારથી કદી હારે નહીં, અને જેમાં વેરભાવને સ્થાન ન હોય. પ્રજાની માંહેમાંહે પણ જો ખરે જ સત્યાગ્રહ હોય તો તો તેથી સરકારની સાથે લડવાની પ્રજાને તાલીમ મળે છે. નાફેરવાદીઓ અને ફેરવાદીઓ વચ્ચે જે ભૂંડા ઝઘડા ચાલે છે તે કોઈ પણ રીતે સત્યાગ્રહ કહી શકાય એમ નથી. અને દિલ્હીનાં ભૂંડાં રમખાણો કાંઈ સત્યાગ્રહ કહેવાનાં હતાં? આંતર સત્યાગ્રહના બે દાખલાઓ તો વાઈકોમ અને તારકેશ્વરમાં ચાલી રહેલા સત્યાગ્રહ છે. વાઈકોમ વિષે મને કંઈક ખબર છે, કારણ તેનો માર્ગદ્રષ્ટા હું છું એમ મનાય છે. જો સત્યાગ્રહીઓ ધીરજ ન છોડે, પૂરેપૂરું સત્ય જાળવે, વિચાર, વાણી અને વર્તનમાં પૂરેપૂરી અહિંસા જાળવે, અને પોતાના વિરોધીઓ તરફ ક્ષમાભાવ રાખે, અને પોતાની માગણીમાં વધારો ન કરે તો તે સત્યાગ્રહ જરૂર સફળ થશે જ. જો તેઓ આટલી શરત પાળે તો સનાતની હિંદુઓ તેમને આશીર્વાદ દેશે અને તેઓ રાષ્ટ્રકાર્યને નબળું નહીં કરે, સબળું કરશે. તારકેશ્વર વિષે મને કશી જ માહિતી નથી એમ કહું તો ચાલે. પણ જો તે સાચો સત્યાગ્રહ હશે તો ત્યાં પણ પરિણામ સારું જ આવવાનું.

પત્રલેખક "સત્યાગ્રહ"ને જેમ નથી સમજ્યા તેમ ધમધમાટ ઉત્પન્ન કરવાની રીતની પણ તેમને ખોટી સમજ છે. પંચાયતો અને દસ્તાવેજ નોંધવાનું કામ બળજોરીથી લેવાનું હોય તો તેથી જે હેતુ સાધવાનો એ મિત્રનો ઉદ્દેશ છે તે નિષ્ફળ જશે. અને જો તેમાં બળજોરી ન હોય તો તેમાંથી રેંટિયા કરતાં ઓછો ધમધમાટ ઉત્પન્ન થવાનો. એનું કારણ એક તો એ જ કે ખાનગી કચેરીમાં દસ્તાવેજો નોંધાવવાની કોઈ પરવા ન રાખે. ચલણી નાણાંનો બહિષ્કાર પણ ડાંગના જોર વિના એટલો જ દમ વિનાનો થઈ પડશે. દારૂની દુકાનોને ઘેરો ઘાલવાનું પાછું જો શરૂ થઈ શકે તો તો સોના કરતાં પીળું. પણ તેને માટે શાંત વાતાવરણ જોઈએ, અને "શાંત" ઘેરો ઘાલવાની શક્તિ જોઈએ. અનુભવ બતાવે છે કે ૧૯૨૧નો આપણો ઘેરો "શાંત" ન હતો.

Gandhi Heritage Portal

સાચું નિરાકરણ અંતરમાંથી મળે એમ છે. આમવર્ગ શ્રદ્ધા નથી ખોઈ બેઠો, આપણે ખોઈ બેઠા છીએ. કારણ પત્રલેખક મહાસભાની એક સમિતિના અધિકારી હોઈ જણાવે છે કે રાજીનામાંનો ધોધ ચાલી રહ્યો છે. શાથી? કારણ રાજીનામાં આપનારાઓને કાર્યક્રમમાં વિશ્વાસ નથી રહ્યો. આજ સુધી તેઓ ખેલ કરતા હતા, હવે તેઓ પોતે ગંભીર બન્યા છે, પ્રજા પણ ગંભીર બની છે એમ તેઓ સમજે છે, તેઓ પ્રામાણિક પણ બન્યા છે. આ રાજીનામામાં આપણી પ્રવૃત્તિને માટે તો હું ચોખ્ખો લાભ જ જોઉં છું. જો સૌ દાના ખેલાડીની જેમ વર્તે, અને ઠરાવોનો અમલ કરે અથવા રાજીનામાં આપે તો આપણે કેટલા પાણીમાં છીએ તે આપણને ખબર પડે. સદરહુ સમિતિના મંત્રીને મારી સલાહ છે કે તેમણે જો રજિસ્ટર ઉપર મતદારો હોય તો તેમને પોતાના પ્રતિનિધિ ચૂંટવાની વિનંતી કરવી. જો સભ્યો ઘણી જગ્યાએ છે તેમ પોતે જ પોતાથી ચૂંટાયેલા હોય તો તેનામાં આત્મશ્રદ્ધા હોય અને કાર્યક્રમ વિશે શ્રદ્ધા હોય તો મંત્રીએ એકલાએ જ મહાસભાના સાચા પ્રતિનિધિ રહેવું. આમ થશે એટલે તેને પોતાનો બધો વખત અને ધ્યાન કાંતવા પાછળ આપવાની નવરાશ મળશે. હું ખાતરી આપું છું કે તેમ થશે એટલે તેવી રીતે કાંતનારો તે એકલો જ નહીં રહે—ઘણાએ વધશે. શ્રદ્ધા અને નિશ્ચય એ બે વસ્તુ જેનામાં હોય તેને હતાશ થવાની કશી જરૂર નથી.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया १४–८–१९२४

ભાષાંતર : नवजीवन, १७–८–१९२४

## ૩૨૪. એમાંથી લેવાનો બોધ

પંજાબના સ્થાનિક સેક્રેટરીએ અખિલ હિંદ ખાદી બોર્ડને લખેલો પત્ર મેં વાંચ્યો છે. એમાં એમણે શ્રી ભરૂચાએ એ પ્રદેશમાં એમના અતિ ટૂંકા સમયના રોકાણ દરમ્યાન કરેલા પ્રયાસોની મુક્ત કંઠે પ્રશંસા કરી છે. શ્રી ભરૂચા ખાદી પ્રવૃત્તિમાં નવું જોમ લાવી શક્યા છે અને ઘેર ઘેર ફરી વધારાની ખાદી વેચી નાખવામાં મદદ કરી શક્યા છે. અમૃતસર અને લાહોરમાં થઈને ૬,૦૦૦ રૂપિયાથી વધારે કિંમતની ખાદી વેચાઈ છે. સેક્રેટરી લખે છે કે અત્યારે પંજાબમાં મંદીની મોસમ છે. બહાર ગયેલા બધા લોકો સપ્ટેમ્બરમાં પાછા આવી ગયા હશે તે વખતે જો શ્રી ભરૂચા ફરીથી પંજાબ આવી શકે તો આથી ઘણું વધારે કામ થશે. શ્રી ભરૂચાને એમની સફળ કામગીરી માટે હું ધન્યવાદ આપું છું અને આશા રાખું છું કે તેઓ ફરીથી પંજાબની મુલાકાતે જઈ શકશે. પરંતુ એમની આ મુલાકાતમાંથી બોધ એ મળે છે કે એકેએક પ્રાંત નિશ્ચય કરે તો પોતાની ખાદી પોતે જ વેચી શકે તેમ છે. કામ કરનારા કેડ બાંધે તો લોકો તો ખરીદવા તૈયાર જ છે.

[મૂળ અંગ્રેજી]

यंग इन्डिया, १४–८–१९२४

Gandhi Heritage Portal

## ૩૨૫. નોંધ

### શ્રી કેળકરે કરેલો તિરસ્કાર[1]

કેસરી પત્રની સામે તિરસ્કારના આરોપ ઉપર હાઈકોર્ટમાં કામ ચાલ્યું અને શ્રી કેળકરને રૂ. ૫,૦૦૦નો દંડ થયો. આ દંડથી હું નથી ધારતો કે શ્રી કેળકર કે કેસરી બેમાંથી એકેને કશું નુકસાન થયું હોય. એ દંડ છતાં શ્રી કેળકર પોતાનું કામ કર્યે જવાના, અને કેસરી પત્ર પોતાનું કામ કર્યે જવાનું. શ્રી કેળકરે જે બહાદુરીથી પોતાનો કેસ રજૂ કર્યો હતો તેને માટે વર્તમાનપત્રકારો અને દેશના કાર્યકર્તાઓ તરફથી તેમને ધન્યવાદ જ મળવાના. કેસરીની પ્રતિષ્ઠા ભારે તો હતી જ. આ દંડથી એ એથીયે વધી છે.

પણ ન્યાયાધીશો આવા અતિશય તીખા શા સારુ થઈ ગયા છે? નિર્ભય ટીકાથી તેમને કશું ખોવાપણું નથી. એ ટીકા હમેશાં વાજબી ન હોય, કે બચાવ થઈ શકે એવી ન હોય, તેમાં શું? મેં જે લેખને માટે શ્રી કેળકર તિરસ્કારના આરોપી ઠર્યા તે વાંચ્યો નથી. પણ દંડથી દેશને શો લાભ થયો છે? શું શ્રી કેળકર કે લોકો ન્યાયાધીશોની ઓછી આકરી ટીકા કરતા થશે? જો શ્રી કેળકરના લેખોમાં ન્યાયાધીશોની ઉપર પક્ષપાતનો જ આરોપ હોય તો તેમાં કશું જ નથી. લોકમતનો કેવળ પડઘો છે. પક્ષપાત જાણીબૂજીને થયેલો હોવાની જરૂર નથી. પણ લોકો માને છે કે યુરોપિયન અને હિંદીઓની વાત આવી ત્યાં ગોરી ચામડી માટે પક્ષપાત થવાનો જ. દક્ષિણ આફ્રિકાનો મારો વિશાળ અનુભવ, અને અહીંનો પરિમિત અનુભવ એ જ બતાવે છે તેમ જ આ માન્યતાને ટેકો આપે છે. સને ૧૯૧૯માં પંજાબની માર્શલ લૉ વખતની સ્પેશયલ ટ્રિબ્યુનલો (ખાસ અદાલતો)એ આપેલા ફેંસલાઓનું પૃથક્કરણ મેં યંગ ઇન્ડિયામાં કર્યું હતું, તેમાં તો સિદ્ધ કરી આપ્યું હતું કે પંજાબની એ અદાલતોના ન્યાયાધીશો પક્ષપાતથી દોરવાયા હતા.[2] યુરોપિયનોની વિરુદ્ધ હિંદીઓને ન્યાય મળવો દુર્લભ થઈ પડયો છે. હકીકતમાં તેમ ન હોય તો હું રાજી થાઉં, પણ તેમ જ બન્યું છે. હું એટલું કબૂલ કરવાને તૈયાર છું કે એના એ જ સંજોગોમાં કોઈ પણ માણસ એ જ રીતે વર્તે. એ તો દરેક સ્થળે કાળા માથાના માનવીનો સ્વભાવ એક જ જાતનો છે એમ કહેવા બરોબર છે. ન્યાયાધીશો પણ માનવી તો ખરા જ અને તેમનામાં પણ સામાન્ય માનવીની ત્રુટીઓ રહેલી છે, સામાન્ય માનવીની લાગણીને તેઓ પણ વશ થાય છે. એટલે હું ન્યાયાધીશોને માનપૂર્વક જણાવવાની રજા લઉં છું કે જો તેઓ જાહેર ટીકાથી કેસરી કેસમાં બન્યું તેમ ચિડાશે તો તેઓ સ્વાસ્થ્યપ્રદ હવાને તો બંધ કરશે. જ્યારે શ્રી કેળકરના જેવી પ્રતિષ્ઠા અને અનુભવવાળો પત્રકાર કોઈ ફેંસલાની ટીકા કરવી યોગ્ય ધારે ત્યારે ન્યાયાધીશોને તો તે આરોગ્યવર્ધક ગોળી સમાન લાગવી જોઈએ. યુરોપિયન

૧. આ નોંધમાં આવતાં "શ્રી કેળકરે કરેલો તિરસ્કાર" અને "રાજા કદી ગુનો ન કરે" આ બે પેટામથાળાંવાળા ભાગનું ભાષાંતર નવજીવન, ૧૭–૮–૧૯૨૪ના અંકમાંથી, "વાઇકોમનો કાગળ," "દુ:ખમાં સુખ", "શાંત કાર્ય" અને "પથ્થર પણ પીગળે" આ ચાર પેટામથાળાંવાળા ભાગનું ભાષાંતર નવજીવન, ૨૪–૮–૧૯૨૪ના અંકમાંથી અને "આવી વસ્તુ ખટકે" આ પેટામથાળાવાળા ભાગનું ભાષાંતર નવજીવન, ૭–૯–૧૯૨૪ના અંકમાંથી આપવામાં આવ્યું છે.

૨. જુઓ પુસ્તક ૧૭, પા. ૨૧૧–૬.

Gandhi Heritage Portal

ન્યાયાધીશો જો સ્વભાવસિદ્ધ પક્ષપાતની અને તેમના ઉપર ચાલતી એકતરફી અસરની સામે થવાને ઇચ્છતા હોય તો તેમણે મારા મત પ્રમાણે હિંદી વર્તમાનપત્રોની ટીકાને ઉત્તેજન આપવું જોઈએ અને વધાવી લેવી જોઈએ. દુ:ખની વાત એ છે કે જ્યારે આવી રીતે સજાને માટે તેમની પાસે કોઈ વર્તમાનપત્ર આવી પડે તે સિવાય તેઓ ભાગ્યે જ એવી ટીકા વાંચે છે.

શ્રી કેળકરની સામેના ફેંસલાથી કદાચ વર્તમાનપત્રકારો પોતાનો મત છુપાવતા થાય, અથવા તેને ઢોળ ચડાવીને પ્રગટ કરે એવો સંભવ છે. તેમ થશે તો લોકમત છૂપા માર્ગો શોધશે. અને લોકમત છૂપા માર્ગે ચડે છે તેનાં પરિણામ આપણે જોઈએ તે કરતાં વધારે ચાખી ચૂકયા છીએ. મને કહ્યા વિના ચાલતું નથી કે શ્રી કેળકરને થયેલી સજાથી આપણી આસપાસની જિંદગીનું પાખંડ વધશે અને યુરોપિયનો અને હિંદીઓના સંબંધ વધારે કડવા કરશે. એ સજા નાહક જ થઈ છે.

### "રાજા કદી ગુનો ન કરે"

શ્રી કેળકરને એક ન્યાયાધીશની ઉપર ટીકા કરે તો રૂ. ૫,૦૦૦ દંડ આપવો પડે, ક્રૉનિકલ એક કલેક્ટર ઉપર ટીકા કરે તો તેને રૂ. ૧૫,૦૦૦ આપવા પડે. પણ લૉર્ડ લિટન તો બંગાળમાં રાજાના પ્રતિનિધિ પડયા, એટલે તેને છચોક હિંદુસ્તાનની સ્ત્રીજાતિને ગાળો દેવાની છૂટ, તેનું કોઈ મોઢું ન બંધ કરી શકે, ઊલટું તેમની "સીધી સીધી વાતો" માટે તેના સ્તુતિગાયકો તેને તાળીના ગગડાટથી વધાવી લે. એ નામદાર એક ખાસા ગંભીર પ્રસંગે કરેલા ભાષણમાં એવું બોલ્યા કહેવાય છે કે "કેવળ અમલદારોના તિરસ્કારને લીધે હિંદી પુરુષો હિંદી પોલીસને નામોશી લગાડવાના હેતુથી જ હિંદી સ્ત્રીઓને તેમની લાજ લૂંટવાના ખોટા ગુના ઊભા કરવાનું કહેતાં અચકાતા નથી." જો આ વચન તેમના ભાષણમાં હોવાને બદલે કોઈ રિપોર્ટ લેનારે આપેલા સારાંશમાં હોય તો કોઈ જવાબદાર અંગ્રેજ આવો હડહડતો અવિવેક કરી શકે એમ હું ન જ માનત. લૉર્ડ લિટનને તો ખબર નથી અથવા જાણવાની દરકાર નથી કે હિંદી સ્ત્રીઓ ઉપર આવું આળ મૂકયાથી હિંદી લાગણી કેટલી હદ સુધી ઉશ્કેરાઈ શકે છે. એમણે જે આરોપ મૂકયો તેને માટે તેમની પાસે અતૂટ પુરાવો છે ખરો? જો તેમણે કેવળ પોલીસે આપેલી ખબર ઉપર આધાર રાખ્યો હોય તો ફૂટી બદામની તેમણે મોટી કિંમત આંકી નાખી છે. તેમના સલાહકારોએ તેમને એવી સ્વાર્થપ્રેરિત ખબરો માનતા અટકાવવા જોઈતા હતા. પણ આવું ભૂંડું આળ તેમણે ચડાવ્યું, અને તેમનું મોં આપણે કેમ નથી બંધ કરી શકતા? જો બંગાળનો એટલે હિંદુસ્તાનનો જ કહો — લોકમત અસરકારક હોય તો એકાદા રડયાખડયા કિસ્સામાં એ આળ સાબિત થઈ શકે એમ હોય તોયે તેમની તે વિષે હોઠ ફફડાવવાની હિંમત ચાલત કે? પણ આજે દેશમાં પોતાનું વજન પાડી શકે એવો લોકમત જ નથી. છતાં મોટા લાટ સાહેબે પણ યાદ રાખવું જોઈએ કે હમેશને માટે હિંદી લાગણીની એમ અવગણના ન થઈ શકે. હિંદુમુસ્લિમ અનબન અને નાફેરવાદી અને ફેરવાદીઓના મતભેદ એ રાષ્ટ્રકાર્યમાં ક્ષણિક વિઘ્નો છે. પણ મોટા હોદ્દા ધરાવતા અંગ્રેજોએ કરેલાં અપમાન હિંદીઓના હૃદયમાં શૂળની જેમ ખટકે છે. આપણી વચ્ચે મેળ નથી, મેળ કરવો ઘટે; પણ રાજાના બેજવાબદાર પ્રતિનિધિઓના અવિચારી કૃત્યની ઉત્તેજનાથી જ આપણને મેળ કરવાનું સૂઝે એ વાતમાં જ આપણે માટે ભારે હીણપત રહેલી છે.

### એક સુવ્યવસ્થિત હેવાલ

તામિલનાડુ ખાદી બોર્ડે અખિલ હિંદ ખાદી બોર્ડને પોતાના કામનો એક સુંદર હેવાલ લખી મોકલ્યો છે. જો મારા હાથમાં પૂરતી જગા હોત તો મેં એ આખોયે હેવાલ અહીં આપ્યો

Gandhi Heritage Portal

હોત. પણ મારી પાસે જગા એટલી થોડી છે કે મારે એનો ટૂંક સાર આપીને સંતોષ માનવો પડશે. આ હેવાલમાં બોર્ડ દ્વારા ચલાવાતાં કેન્દ્રોમાં થતા ઉત્પાદન અને વેચાણની વિગતો આપી છે. થોડા જ વખતમાં મહિને ૫૦,૦૦૦ રૂપિયાની કિંમતની ખાદી તૈયાર કરી શકવાની સેક્રેટરીને આશા છે. તિરુપુર કેન્દ્ર અત્યારે મહિને ૧૫થી ૨૦ હજાર રૂપિયાની કિંમતની ખાદી પેદા કરે છે. તૈયાર થયેલી બધી ખાદી સ્થાનિક બજારમાં વેચાઈ જાય છે. અને આ રીતે વેચાણ અને ઉત્પાદન એકબીજા પર અસર પાડે છે. ખાદીનું પોત તેઓ ક્રમેક્રમે સુધારતા જાય છે અને હવે ખાદીની રંગીન સાડીઓ તૈયાર કરવાની પણ કોશિશ ચાલે છે. ખાદી ઉત્પાદન માટે પ્રથમ તેઓ રૂનો સંગ્રહ કરે છે, જે યોગ્ય જ છે. એમણે ૫૦,૦૦૦ રૂપિયાની કિંમતનું રૂ ખરીદ્યું છે અને એ બધા રૂનો વીમો ઉતરાવ્યો છે. યુવાન કાર્યકરોને લોઢવા, પીંજવા અને કાંતવાનું શીખવવા માટે તાલીમ કેન્દ્રો પણ ખોલવામાં આવ્યાં છે. ખર્ચ પાસું માફકસરનું હોય એમ લાગે છે અને જુદા જુદા વિભાગો ઉપર દેખરેખ પૂરેપૂરી રહે છે. કોવુરમાં આવેલી આદર્શ તાલીમ શાળામાં અત્યારે ડઝનથી વધુ છોકરાઓ તાલીમ લઈ રહ્યા છે. એમણે શિસ્તનું કડક પાલન કરવું પડે છે. તેઓ પરોઢિયે ૪-૩૦ વાગ્યે ઊઠે છે અને બધું કામ જાતે કરે છે. તેઓ બધા પ્રકારની પીંજણોના અને બધી જાતના રેંટિયાના કામથી ટેવાઈ ગયા છે. આ હેવાલ સાથે એક જાણવા જેવું કોષ્ટક જોડવામાં આવ્યું છે. તેમાં દરેક તાલીમાર્થીએ કેટલું રૂ લોઢ્યું, પીંજ્યું અને કાંત્યું તેના આંકડા આપ્યા છે. એમના પ્રચારની ખાસ વિશેષતા એ છે કે એને માટે એમણે ભજન મંડળીઓ યોજી છે. એને લીધે લોકો એમના કામમાં ઘણો રસ લેતા થયા છે. કોવુરમાં પચાસેક કુટુંબો પાસે જાતે કાંતેલા સૂતરનાં કપડાં છે. આવા કામ માટે કેટલી એકાગ્રતાની, કાર્યપદ્ધતિની, વેપારીબુદ્ધિની, સાચી દાનતની, વ્યવસ્થાશક્તિની અને એકબીજાના સહકારની જરૂર પડે તેની વાચક કલ્પના કરે. પછી તે એવા એક જિલ્લાની કલ્પના કરે જેમાં ખાદી ઉત્પન્ન કરવા માટેનું સંગઠન પૂરેપૂરું ગોઠવાઈ ગયું છે અને સ્વાવલંબન સિદ્ધ થયું છે. તો પછી કંઈ નહીં તો એ જિલ્લામાં સ્વરાજ્ય આવી ગયું છે એ વાત સમજવાનું એને માટે સહેલું થશે. આવી કલ્પના કરનાર વાચક એ પણ સમજી લે કે આ પ્રગતિ સ્થિર હોવા છતાં આવા જિલ્લામાંથી જ્યાં સુધી અસ્પૃશ્યતાનું કલંક નહીં ભૂંસાય ત્યાં સુધી ખાદી માટે એ પૂરેપૂરો સજ્જ થઈ શકશે નહીં. કેમ કે ઉત્પાદન અને વેચાણ ઐચ્છિક બને તે માટે લોકોનો સહકાર ઐચ્છિક હોવો જરૂરી છે. અને આવો ઐચ્છિક સહકાર ત્યારે જ સંભવે જ્યારે અદનામાં અદના રહેવાસીને પણ એવા ગૌરવનો અનુભવ થાય કે પોતે એ નાનકડા પ્રજાસત્તાકનો સ્વતંત્ર નાગરિક છે.

## તાબડતોબ લેવાયેલું પગલું

પ્રોફેસર રામદાસ ગૌરની હિંદી વાચનમાળાઓ જપ્ત કરવા સંબંધમાં પંડિત જવાહરલાલ નેહરુએ યુ. પી.ની સરકારને નીચેનો પત્ર લખ્યો છે:

> પ્રોફેસર રામદાસ ગૌરની હિંદી વાચનમાળાઓ ભાગ ૩, ૪, ૫ અને ૬ની તેમ જ તેમાંથી લેવાતાં અવતરણોની બધી નકલો ૧૮૯૮ના ધારા પાંચની કલમ ૯૯ 'એ' હેઠળ નામદાર સમ્રાટે જપ્ત કર્યાનું જાહેરનામું યુ. પી. સરકારે બહાર પાડ્યું છે તેના પ્રત્યે યુક્ત પ્રાંત પ્રાંતિક કૉંગ્રેસ સમિતિનું ધ્યાન ખેંચવામાં આવ્યું છે. આ વાચનમાળાઓ છેલ્લાં કેટલાંક વર્ષથી અનેક શાળાઓમાં ચાલે છે. એમાં મુખ્યત્વે હિંદીના શ્રેષ્ઠ લેખકોનાં પુસ્તકોમાંથી પાઠો આપવામાં આવ્યા છે, એટલે કયા ફકરાઓ અથવા ઉતારાઓ હિંદી

Gandhi Heritage Portal

ફોજદારી કાયદાની કલમ ૧૨૪ 'એ'નો ભંગ કરનારા મનાયા છે તે સમજવું મુશ્કેલ છે. માટે કયા કયા ફકરાઓને વાંધાભર્યા માનીને સરકારે આ ચોપડીઓ સામે પ્રતિબંધ ફરમાવ્યો છે તે કૃપા કરીને આપ જણાવશો તો હું આભારી થઈશ. મારી સમિતિ એ પાઠો ઝીણવટથી તપાસશે અને તે વાચનમાળામાં રાખવા લાયક ન હોવાની જો એને ખાતરી થશે તો તે પ્રોફેસર ગૌરને જરૂર કહેશે કે તમે એ પાઠો તમારી ચોપડીઓમાંથી રદ કરો. આનો જવાબ જલદી આપવા કૃપા કરશો તો આનંદ થશે, કેમ કે આ ચોપડીઓ મારી સમિતિ સાથે સંબંધ ધરાવતી અનેક શાળાઓમાં અત્યારે ચાલે છે.

પંડિત જવાહરલાલે આવો જ એક પત્ર યુ. પી. સરકારના કેળવણી પ્રધાનને પણ લખ્યો છે. હવે શું બને છે તે જનતા કુતૂહલભરી નજરે જોતી રહેશે. દરમ્યાન, કહે છે કે પ્રકાશકોએ આ હુકમ રદ કરાવવા કાનૂની અરજી દાખલ કરાવી છે. આ ચોપડીઓની હજારો નકલો વેચાઈ ગઈ છે. એટલે જો ભણનાર બાળકો સ્વેચ્છાથી પોતાની ચોપડીઓનો નાશ નહીં કરે તો એ બધી ચોપડીઓ જપ્ત કરવાનું સરકારને ભારે પડી જશે. આ દિશામાં હજી સુધી તો કશાં પગલાં લેવામાં આવ્યાં નથી. બલકે આ વાચનમાળાઓનો ઉપયોગ અગાઉની પેઠે જ ચાલુ છે. પણ એવું ખરું કે સરકારનાં ભાથાંમાં અનેક બાણો હશે. એટલે એની પોતાની અનુકૂળતાએ એ આ ગુનાહિત ચોપડીઓ સંઘરનારને વિમાસણમાં મૂકે એવો સંભવ ખરો. જનતા એ જાણીને રાજી થશે કે વિદ્વાન લેખકે આ ચોપડીઓ અંગે કશો કૉપીરાઈટ રાખ્યો નથી.

### એક ભૂલનો આવકારદાયક સુધારો

યુક્ત પ્રાંત ખાદી બોર્ડના સંચાલકનો તાર આવ્યો છે કે "ગયે અઠવાડિયે પ્રસિદ્ધ થયેલા યુક્ત પ્રાંતના આંકડા કાંતવા માટે રજિસ્ટર થયેલા બધા પ્રતિનિધિઓની સંખ્યા દર્શાવતા નથી. તાબાની સમિતિઓ તરફથી યાદીઓ જેમ જેમ આવતી જાય છે તેમ તેમ રજિસ્ટરો મોકલાતાં રહે છે." ભૂલના આ સુધારાને હું આવકારું છું અને એવી યાદીની આશા રાખું છું કે તેનાથી બંગાળ પણ ઝાંખું પડશે. કારણ કે આપણા બધા પ્રાંતોમાં બંગાળ પછી યુક્ત પ્રાંત જ વધારે ગીચ વસ્તીવાળો છે.

### વાઈકોમનો કાગળ

વાઈકોમની સવર્ણ સભાના પ્રમુખે વાઈકોમના સત્યાગ્રહના મારા ટેકાનો વિરોધ કરનારા તથા મને તે બંધ કરવાનો આગ્રહ કરનારા ઠરાવોવાળો એક કાગળ મોકલ્યો છે. લખનાર ભાઈ જણાવે છે કે ખબર આપનારાઓએ ખોટી વાતો જણાવી મને ઊંધે રસ્તે દોર્યો છે. બંને પક્ષોનો નિષ્પક્ષ-પાત રીતે વિચાર કરવાનો મેં યત્ન કર્યો છે અને તે પછી એવા નિર્ણય ઉપર આવ્યો છું કે સત્યાગ્રહીઓના વર્તનની શુદ્ધતા સામે આંગળી ચીંધી શકાય એમ નથી, અને એમણે કઠણ સંજોગોમાં લડત ચાલુ રાખી છે. મારે તેથી દિલગીરી સાથે જણાવવું પડે છે કે સત્યાગ્રહ બંધ કરવાની સલાહ આપીને આ જૂના વિચારવાળા ભાઈઓને હું રાજી નહીં કરી શકું.

### દુ:ખમાં સુખ

મલબારમાં રેલે બધે કેર વરતાવ્યો હોવા છતાં એક દૃષ્ટિએ કેમ જાણે એણે આપણા દલિત ભાઈઓ પર મહેર કરી હોય એમ કહી શકાય. વાઈકોમ સત્યાગ્રહ છાવણીથી શ્રી રાજગોપાલાચારીને મળેલા કાગળમાં નીચેનું લખાણ મળ્યું છે:

Gandhi Heritage Portal

બાકી બધી રીતે પ્રતિબંધવાળાં ઘરોમાં ઊંચનીચ, સ્પૃશ્યઅસ્પૃશ્ય અઢારે વર્ણને રક્ષણ લેવાની ફરજ પાડીને મંદિરોમાં પેસવાના અને સામાજિક સમાનતાના સવાલનું રેલે નિરાકરણ આણી નાખ્યું છે. દૈવી કોપને પરિણામે નાંબ્રુદ્રી (ઊંચ બ્રાહ્મણ) અને પુલાયા (અસ્પૃશ્ય)ને ભોજન સુધ્ધાં સાથે કરવાનો પ્રસંગ આવ્યો છે! રેલથી ઘેરાવાને લીધે રાજ્યમાં વાઈકોમ એકલું પડી ગયું છે.

સમાન દુઃખ એ જગતમાં ઉત્તમોત્તમ રેવણ છે. એની નિષ્ઠુરતાથી ભલભલા ભૂપ પણ નથી બચતા. રાય અને રંકને એક જ જલશય્યામાં એ પોઢાડી શકે છે.

### શાંત કાર્ય

એ જ પત્રમાં વાઈકોમ સત્યાગ્રહ કેટલી મક્કમતાથી ચાલી રહેલ છે તેનું વર્ણન છે. આવી હિલચાલ બંધ કરવાની સલાહ શી રીતે આપી શકાય?

વરસાદની મોસમની મુશ્કેલીઓ છતાં, આશ્રમમાં રેંટિયાનું કામ ચલાવવામાં કશી કચાશ રાખવામાં નથી આવતી. લગભગ બધા જ સ્વયંસેવકો સારી રીતે કાંતી શકે છે અને ભારે ઝાપટાં આવતાં હોય તેટલો વખત બાદ કરીને વાડ આગળ પણ રેંટિયા મોકલવામાં આવે છે. અર્ધા સ્વયંસેવકોને પીંજતાં આવડી ગયું છે અને હું તો હવે કાંતનારાઓ માટે પોતાનું જ પીંજેલું રૂ વાપરવાનું ફરજિયાત કરવાનો છું. પટી બનાવવાનું કામ પણ ચાલે છે. થોડા વખતમાં અમે સાળ પણ ઊભી કરી દેશું.

સંસ્કારી યુવકો આવું પ્રામાણિક કાર્ય એ શુદ્ધિનું કાર્ય છે, તથા આવેશો અને દુરાગ્રહોની સામેના યુદ્ધમાં તેમને મદદ કરવાનું છે એવી શ્રદ્ધા રાખીને કર્યે જતા હોય તેઓ પ્રજાને અથવા મને છેતરે છે એમ માનવાની હું તો, માનપૂર્વક ના પાડું છું. તેમ કરવાનું તેમને કશું જ પ્રયોજન નથી, કારણ તેમની શ્રદ્ધા તેમના કાર્ય વિષે છે.

### પથ્થર પણ પીગળે

પણ સભાના પ્રમુખ પોતાના પત્રમાં કહે છે, “તમે એવું માનતા લાગો છો કે ભાઈની સામે સત્યાગ્રહ કરવામાં આવે તો તેથી ભાઈનો વિરોધ ગળી જશે અને તે સત્યાગ્રહીનો પક્ષ સ્વીકારશે. આવો અમારો તો અનુભવ નથી.” સનાતની હિંદુઓનાં હૃદય ઉપર સત્યાગ્રહીઓના કષ્ટસહનની અસર નથી થઈ તેથી મને આશ્ચર્ય નથી થતું. કારણ તેમણે હજી પૂરતું કષ્ટ નથી ભોગવ્યું કે પૂરતો વખત પણ નથી ભોગવ્યું. કષ્ટ પણ ઉત્પન્ન તો ન જ કરી શકાય. ઈશ્વર જેટલું આપે તેટલું જ લઈને તેમણે સંતોષ માનવો રહ્યો. જો ઈશ્વરની ઇચ્છા હોય કે તેમણે કષ્ટ સહન કર્યે જ જવું તો તેમણે તે ખુશીથી સહન કર્યે જ છૂટકો. કઠણમાં કઠણ તાવણી-માંથી પણ તેમનાથી ભાગી ન જવાય, કે કષ્ટ સહન કરવાનું નાટકે ન કરી શકાય. નાટક ન થવું જોઈએ એ કારણે જ મેં શીખ મિત્રોને પકડાવાનો વિરોધ કરતા અને બંદૂકની ગોળીને વધારે પસંદ કરતા અટકાવ્યા. મારો તો સનાતન અનુભવ છે કે સાચું કષ્ટસહન પથ્થરને પણ પિગળાવે. મારા મોટા ભાઈને પિગળાવતાં મને બરોબર ૧૩ વર્ષ લાગેલાં. અંગ્રેજ મિત્રો તરફથી મને કાગળો મળે છે તે બધા હું પ્રગટ નથી કરતો. પણ કેટલાક તો નમ્રપણે કબૂલ કરે છે કે અંગ્રેજ રાજકર્તાએ — સાચે જ અજાણતાં — આપણું સત્યાનાશ વાળ્યું છે. આ કબૂલતો શા કારણથી થાય છે? આપણે શુદ્ધ કષ્ટસહન કરીએ છીએ તે તેઓ જાણે છે અને તેના જવાબમાં એ કબૂલત તેઓ કરે છે. મારો તો અચળ નિશ્ચય છે કે યોગ્ય કારણ હોય અને તેને માટે

Gandhi Heritage Portal

શુદ્ધ કષ્ટસહન કરવામાં આવે તો તેની જેવી અસર થાય છે તેવી બીજા કશાની નથી થતી. સનાતની હિંદુઓને તપસ્યાની અમોઘ અસર વર્ણવવાની જરૂર જોતો નથી અને સત્યાગ્રહ એટલે સત્ય માટે તપસ્યા નહીં તો બીજું શું?

### આવી વસ્તુ ખટકે

વાઇકોમની સવર્ણ સભાના પ્રમુખે એ એક વસ્તુ લખી મોકલી છે જે ખટકે એવી છે. તેમના જ શબ્દોમાં એ આપી દઉં:

> ચેંગાનુરમાં મહાસભાના માણસોએ તા. ૬ઠ્ઠી જુલાઈ ૧૯૨૪ને દિવસે ભરેલી એક સભાના કિસ્સા ઉપર હું આપનું ધ્યાન ખેંચવા માગું છું. આ સભા યોજાયેલી હતી તો સવર્ણ હિંદુઓની સભા તરીકે. અમારી કમિટીના એક પ્રતિનિધિને પણ નિમંત્રણ હતું. પણ એક વિઘ્નસંતોષી દળની ખટપટને લીધે સભામાં કરવા ધારેલા ઠરાવથી વિરુદ્ધ જ ઠરાવો રજૂ થયા અને પસાર કરવામાં આવ્યા. અમારો પ્રતિનિધિ અને બીજા કેટલાક સવર્ણ સભ્યો લાગલા જ સભાસ્થાન છોડી ચાલ્યા ગયા. અને બીજા આબરૂદાર સવર્ણ હિંદુઓની સભા કરી. પણ આ ભૂંડી ખટપટની વાત જવા દો. દુઃખની વાત તો એ હતી કે તે સભાના પ્રમુખ, ચેંગાનુરના એ અગ્રગણ્ય જમીનદારને ગાળો આપવાનો અને તેને બેસાડી દેવાનો અને તેને બને તો મારવાનો પણ વ્યવસ્થિત પ્રયત્ન થયો. તેને બિચારાને ચુપકીથી સભા છોડી ભાગી આવવું પડયું. મહાસભાના માણસો ત્રાવણકોરમાં કેવી રીતે કામ ચલાવી રહ્યા છે તેનો ખ્યાલ આપને આપવાને માટે આ હું જણાવું છું.

સત્યાગ્રહ ચલાવનારાઓને મારી વિનંતી છે કે તેમણે આ બાબત ખુલાસો કરવો. એ હું છાપીશ. મને વિશ્વાસ છે કે તેમનાથી કાંઈ ભૂલ થઈ હોય તો તે કબૂલ કરતાં તેઓ સંકોચ ન ખાય.

### રિપોર્ટરો ચેતી જાય!

ઘણાં ઘણાં કષ્ટો વેઠીને દયાળુ હોવાની મેં મેળવેલી તમામ આબરૂ અમદાવાદના ઍસોસિયેટેડ પ્રેસના રિપોર્ટરે (આશા છે કે થોડા સમય માટે) ભૂંસી નાખી છે. કેમ કે એ ભાઈએ એવા સમાચાર ફેલાવ્યા કે હું એમ બોલ્યો કે સંકટગ્રસ્ત મલબારને હું માત્ર આટલો જ સંદેશો આપી શકું કે ત્યાંના ઘરબાર ગુમાવી બેઠેલા અને અન્નવસ્ત્ર વિના વલખાં મારી રહેલા લોકો સૂતર કાંતે. શ્રી પેઇન્ટરને જો પોતાની આબરૂને થયેલા નુકસાનના બદલાના ૧૫,૦૦૦ રૂપિયા મળી શકતા હોય, તો મને લાગે છે કે મારી આબરૂને થયેલા નુકસાનના મને ઓછામાં ઓછા ૧,૫૦,૦૦૦ રૂપિયા મળવા જોઈએ. અને જો એટલી રકમ મને મળી જાય તો તેમાંથી એક પાઈ પણ કાપી લીધા વિના આખીયે રકમ હું મલબારના પીડિતોને મોકલી દઉં અને એ રીતે મારી ગયેલી આબરૂ કંઈક અંશે પાછી મેળવી લઉં. પણ મારે શ્રી પેઇન્ટર જેવા થવું નથી. હું તો એ રિપોર્ટરને તથા એની સમાચાર-સંસ્થાને બંનેને બધા દોષમાંથી મુક્ત કરી દઉં છું. સ્થાનિક રિપોર્ટર તો કહે છે કે પોતે એ સભામાં હાજર જ નહોતો. સભામાં હાજર રહેલા લોકોને ઝાઝું સંભળાયેલું નહીં. પણ સાંભળનારને લાગ્યું હતું કે હું કાંતવા વિષે કંઈક બોલ્યો હતો. મલબારના દુખિયારા લોકોને જો હું એમ કહું કે તમારે ખાવા માટે અન્ન, પહેરવા માટે વસ્ત્ર અને રહેવા માટે ઘર જોઈતું હોય તો રેંટિયો કાંતો, તો મારે માટે એના કરતાં વધારે સ્વાભાવિક બીજું શું હોઈ શકે? શું આપણા માનીતા આચાર્ય રાય આવો જ ઉપદેશ નહોતા આપતા? બિચારો

Gandhi Heritage Portal

રિપોર્ટર ભૂલી ગયો કે ડૉ. રાય આ ઉપદેશ લોકો થાળે પડયા પછી આપે છે. ખેર, આ ભયંકર ભૂલમાંથી રિપોર્ટરોએ અને લોકોએ પાઠ શીખવાનો છે. જાહેર કાર્યકર્તાઓની આબરૂ રિપોર્ટરો પોતાની હથેળીમાં લઈને ફરે છે. તેઓ આ કાર્યકરોનાં ભાષણો અને કાર્યોના ખોટા રિપોર્ટો આપે એ નાનીસૂની બાબત નથી. લોકોએ પણ આ બાબતમાં એટલી જ સાવધાની રાખવી જોઈએ. તેમણે પ્રસિદ્ધ થયેલા દરેક રિપોર્ટને બ્રહ્મવાક્ય માની લેવું ન જોઈએ. મારી પોતાની બાબતમાં તો મારે લોકોને તથા લાગતાવળગતા સૌ કોઈને ચેતવણી આપતા જ રહેવું જોઈશે કે મારે વિષે જે કંઈ છપાય તે સાચું હોવાનું મેં પ્રમાણિત કર્યું ન હોય તો તેને સાચું માનવું નહીં. મારો બોલેલો એકેએક શબ્દ છાપામાં છપાય એવો કોઈ અભરખો મને નથી. એટલે રિપોર્ટરો પોતે તૈયાર કરેલો હેવાલ મારી પાસે મંજૂર ન કરાવી શકે ત્યારે મારે વિષે કશો હેવાલ મોકલે જ નહીં તો મારા ઉપર એમનો ઉપકાર થશે.

આ બધું મારે એટલા માટે કહેવું પડે છે કે ખોટા રિપોર્ટો છપાયાના અનેક દુ:ખદ પ્રસંગો મને યાદ છે. દક્ષિણ આફ્રિકામાં વસતા બ્રિટિશ હિંદીઓ વિષે ૩૦ કે તેથી વધારે પાનાંની એક પત્રિકા મેં ૧૮૯૬માં આ દેશમાં પ્રસિદ્ધ કરી હતી[૧]. એનો સાર પાંચ જ લીટીમાં રૉઈટરે કેબલથી નાતાલ મોકલ્યો.[૨] એ સાર મારી પત્રિકાના મંતવ્ય કરતાં તદ્દન ઊંધો હતો. આ તદ્દન ખોટા રિપોર્ટે જ નાતાલના ગોરાઓને ઉશ્કેરી મૂકયા. હું જ્યારે નાતાલ પાછો ગયો ત્યારે રોષે ભરાયેલા લોકોના ટોળાએ મને એટલો માર્યો કે હું મરણતોલ થઈ ગયો. વકીલ મિત્રોએ મને નુકસાનીનો દાવો માંડવા આગ્રહ કર્યો, પણ ત્યારેય હું અપ્રતિકારવાદી હતો. મેં દાવો માંડવાની ના પાડી.[૩] દાવો નહીં માંડવાથી મને કશું નુકસાન થયું નહીં. ગોરાઓએ જ્યારે જોયું કે હું કોઈ ખરાબ માણસ નહોતો અને મારા ઉપર નિર્દય જુલમ ગુજારવામાં પોતે ભૂલ કરી છે, ત્યારે એ ભૂલ માટે તેઓ પસ્તાયા. એટલે ખામોશીથી વર્તવામાં આખરે મેં કશું ગુમાવ્યું નહીં. પણ બીજી વાર આવી રીતે વર્તવાથી મારી આબરૂ વધતી હોય તોપણ મારે બીજો એવો અનુભવ કરવો નથી. ઈશ્વરની મરજી હોય તો મારે તો વધુ સેવા કરવી છે. એટલે રિપોર્ટરોને મારે કહેવું રહ્યું કે હજી થોડો સમય મને ખોટા રિપોર્ટોથી બચાવો.

### મલબારને સહાય

ઉપરની લીટીઓ મેં રિપોર્ટરોને તથા લોકોને કેવળ સાવધ કરવા માટે લખી નથી. સંજોગો બધી રીતે અનુકૂળ હશે તોપણ આવી ભૂલો તો થવાની જ. અમદાવાદમાં કે સમાચારસંસ્થાના મુખ્ય કાર્યાલયમાં કોઈએ જાણી જોઈને ભૂલ કરી નથી એની મેં ખાતરી કરી લીધી છે. પરંતુ આ પ્રસંગનો ઉપયોગ મારે પીડિતો માટે વધારે પૈસા મેળવવા માટે કરવો પડે છે. એટલે મારી કહેવાતી લાગણીહીનતાથી છેડાઈ પડેલા તમામ લોકોને મારી વિનંતી છે કે તેઓ આ દુ:ખી લોકોને મદદ કરવા માટે તેમનાથી મોકલાય તેટલી રકમ મને મોકલી આપે. નવજીવનના વાચકોને મેં અનુરોધ કર્યો છે કે તેઓ પોતાની બચતમાંથી જ નહીં પણ પોતાને જેના વિના ચાલે નહીં એવી ચીજોમાંથી પણ કાપ મૂકીને મને આ દુ:ખી લોકો માટે કંઈક મોકલી આપે. અને તે એટલે સુધી કે તેમનાં અન્નવસ્ત્રમાં પણ તેઓ કાપ મૂકે. લોકોએ આનો શીઘ્ર અને ઉદાર જવાબ

૧. જુઓ પુસ્તક ૨, પા. ૧-૩૮.

૨. રૉઇટરના કેબલ માટે જુઓ પુસ્તક ૨, પા. ૧૩૭-૮.

૩. જુઓ પુસ્તક ૨, પા. ૧૨૧-૨, તથા *આત્મકથા*, ભાગ ૩, પ્રકરણ ૩.

Gandhi Heritage Portal

આપ્યો છે. મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓ તો, ગુરુકુળમાં ભણતા શ્રદ્ધાનંદજીના વિદ્યાર્થીઓએ દક્ષિણ આફ્રિકાની લડત વખતે કર્યું હતું તેમ, પોતાને માટે બંધાઈ રહેલાં ખુદ મકાનોમાં જ મજૂરોને મળતી રોજી લઈને મજૂરી કરવા મંડી પડયા છે. આવા પ્રયાસમાંથી ભારે પરિણામો આવવા સંભવ છે.

બાર વર્ષથી પણ નાની ઉંમરનાં છોકરાછોકરીઓએ ઘણા દિવસ સુધી દૂધનો ત્યાગ કર્યો છે અને એ રીતે બચેલા પૈસા તેઓ રાહત ફંડમાં આપવાનાં છે. આ રીતે કેટલાંક બાળકો તો રોજના ત્રણ આના બચાવશે. મોટી ઉંમરના માણસોએ રોજનું એક ટંકનું ભોજન છોડયું છે.

છોકરાછોકરીઓ પોતાને માટે ઓછામાં ઓછાં કપડાં રાખીને બાકીનાં બધાં કપડાં દાનમાં આપી રહ્યાં છે. એક છોકરીએ પોતાના પગનાં ચાંદીનાં ઝાંઝર આપી દીધાં છે. એક છોકરાએ પોતાની સોનાની કીમતી કાનની વાળીઓ આપી દીધી છે. એક બહેને પોતાની ભારે વજનની સોનાની ચાર બંગડીઓ મોકલી છે. બીજી બહેને ભારે વજનનો પોતાનો સોનાનો અછોડો મોકલી .આપ્યો છે. દાન આપનાર આટલા જ નથી. આ તો દાન કેવા કેવા પ્રકારનાં મળી રહ્યાં છે તે બતાવવા મેં થોડાં દૃષ્ટાંતો આપ્યાં છે. એક બાળકીએ તો પોતે ચોરેલા બધા પૈસા કાઢી આપ્યા છે. રાષ્ટ્રીય વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ અને બીજા લોકોએ પોતે કાંતીને રાખી મૂકેલા સૂતરના ઢગલે ઢગલા મને આપ્યા છે. બીજાઓએ વળી પીડિતોને માટે રોજ અમુક સમય કાંતવાનો સંકલ્પ કર્યો છે.

આ પછીના કૉલમમાં અત્યાર સુધી મળેલાં દાનની યાદી આપી છે. એમાં કેટલાકે તો ખૂબ ઉદારતાથી આપ્યું છે. પણ તેના કરતાં પણ ઉપર ગણાવેલાં દાન મારે મન વધારે કીમતી છે.

આ બધાં દાનથી, ખાસ કરીને નાનાં બાળકોનાં નાનકડાં દાન અને સ્વાર્થત્યાગનાં કામોથી આફતગ્રસ્ત પ્રદેશોનાં નાગાંભૂખ્યાં અને ઘરબાર વિનાનાં સ્ત્રીપુરુષો તેમ જ બાળકોને આશ્વાસન મળો એવી મારી પ્રાર્થના છે. આ ફંડમાં અન્યત્ર ફાળો ન આપ્યો હોય એવા યંગ ઇન્ડિયાના વાચકોને મારી વિનંતી છે કે તેઓ પોતાનો ફાળો મોકલી આપે. મારી પાસે પડેલા તારોમાં જણાવ્યું છે કે કપડાં પણ પૈસા જેટલાં જ આવકારદાયક થઈ પડશે. ગરીબમાં ગરીબ લોકોએ પણ કશોક સ્વાર્થત્યાગ કરીને બતાવી આપવું જોઈએ કે તેઓ મલબારનાં પોતાનાં દેશભાઈઓના દુ:ખમાં ભાગ લઈ રહ્યા છે.

### કપડાં

કપડાં પુષ્કળ આવી રહ્યાં છે એ બાબતમાં વાચકોને જણાવવાનું કે હાથે કાંતેલાં અથવા બીજી જાતનાં કપડાં વચ્ચે કશો ભેદભાવ રખાતો નથી. જેમની પાસે હજી પણ મિલનાં કે વિલાયતી કપડાં હોય તેઓ એ કપડાં મોકલી શકે છે. મુંબઈથી પૂછવામાં આવ્યું કે કપડાં કયે સ્થળે આપવાં. મારી સલાહ એવી છે કે આનો પ્રબંધ પ્રાંતિક કૉંગ્રેસ સમિતિ કરે. તે થતાં સુધી મુંબઈમાં પ્રિન્સેસ સ્ટ્રીટમાં આવેલી **નવજીવન** શાખામાં કપડાં આપી આવવાં. પણ દાતાઓએ કૃપા કરીને નીચેની સૂચનાઓ ધ્યાનમાં રાખવી :

૧. મેલાં કપડાં ધોઈને ગડી વાળીને લઈ જવાં.

૨. ફાટેલાં કપડાં સાંધીને ગડી વાળીને આપવાં.

૩. તમામ કપડાં સારી રીતે ગોઠવીને ગાંસડી બાંધીને આપવાં. ગાંસડી ઉપર કપડાંની યાદી અને દાતાના નામવાળું લેબલ મારવું.

Gandhi Heritage Portal

આ કપડાંની પહોંચ આ કૉલમમાં જુદી છપાશે નહીં. પણ દાતાઓ કપડાં લેનાર કાર્યાલય પાસેથી પાવતી લીધા વિના કશું પણ આપે નહીં એની કાળજી રાખે. તેઓ સમજી રાખે કે ઉઘરાવનારને ઓળખ્યા વિના અને પાકી રસીદ લીધા વિના કોઈને પણ પૈસા કે બીજી ચીજ આપવી નહીં.

લોકો પૈસા, ઘરેણાં અને કપડાં નવજીવન અને યંગ ઇન્ડિયાનાં કાર્યાલયોમાં આપી જાય તેથી હું ફુલાઉં છું ખરો, પણ વાચકોને હું વિનંતી કરું છું કે તેઓ પોતાનો ફાળો ક્યાં આપે છે એની તેમણે ચિંતા કરવી નહીં. ફાળો ખુશી પડે ત્યાં આપવો. તેઓ ફાળો આપે છે એટલું જ બસ છે. દક્ષિણ હિંદુસ્તાન અત્યારે જે હોનારત ભોગવી રહ્યું છે તેની વ્યાપકતા જોતાં સહકારીઓ અને અસહકારીઓ વચ્ચે પણ કશો ભેદ રાખવો ન જોઈએ. મને મોકલાઈ રહેલાં નાણાંની વહેંચણી સારામાં સારી રીતે કેમ કરવી એ બાબતમાં હું શ્રી વલ્લભભાઈની સલાહ લઈ રહ્યો છું. નાણાંના ઉપયોગ બાબતમાં શ્રી રાજગોપાલાચારી સાથે મારે પત્રવ્યવહાર ચાલે છે. પણ મને તારો મોકલનાર ભાઈઓ જો કૃપા કરીને એમના વિચારો જણાવશે તો તે બદલ હું તેમનો આભારી થઈશ.

[મૂળ અંગ્રેજી]

યંગ ઇન્ડિયા, ૧૪–૮–૧૯૨૪

## ૩૨૯. મહમદઅલીને તાર

[સાબરમતી,
ઑગસ્ટ ૧૫, ૧૯૨૪][૧]

આજે રાત્રે શૌકતઅલીને મળીને આવતી કાલે સવારે મિટરગંજને રસ્તે નીકળીશ. મશીનરી હજી રવાના કરી નથી. યાદી મોકલવા સ્વામીને કહું છું. આશા રાખું છું કે બી અમ્મા મઝામાં હશે.

ગાંધી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૧૦૧૧૫

૧. આ તાર મહમદઅલીના ૧૯૨૪ના ઑગસ્ટની ૧૫મીના નીચેના તારના જવાબમાં કરવામાં આવ્યો હતો: "કૃપા કરીને બને તો ૧૫મીએ સવારનો મેલ પકડીને તરત જ આવો. એમ ન બને તો બ્રૉડગેજથી વડોદરા થઈને આવો. આપ આવશો તો કદાચ સમાધાન થશે. નીકળ્યાના ખબર તારથી આપો."

Gandhi Heritage Portal

## ૩૨૭. સી. એફ. ઍન્ડ્રૂઝને તાર[1]

[ઑગસ્ટ ૧૫, ૧૯૨૪][2]

ચાર્લી ઍન્ડ્રૂઝ
દ્વારકાનાથ ટાગોર લેઈન
કલકત્તા

સ્વાગત. તબિયત સારી હશે. સૌના તરફથી સ્નેહ. આવતી કાલે દિલ્હી જાઉં છું.

મોહન

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૧૦૧૧૬

## ૩૨૮. હકીમ અજમલખાનને તાર[3]

[અમદાવાદ,
ઑગસ્ટ ૧૫, ૧૯૨૪]

આવતી કાલે સવારે દિલ્હી જવા નીકળીશ. તબિયત સાધારણ છે. આશા છે કે આપ તથા બેટી કુશળ હશો. આપ દિલ્હી આવનાર છો?

ગાંધી

[મૂળ અંગ્રેજી]

છબી પરથી: એસ. એન. ૧૦૧૧૪

૧. આ તાર સી. એફ. ઍન્ડ્રૂઝના ૧૯૨૪ના ઑગસ્ટની ૧૪મીના નીચેના તારના જવાબમાં હતો: "સહીસલામત આવી ગયો. મારું હાર્દિક વહાલ. લેખો મોકલું છું."

૨. ગાંધીજી ૧૯૨૪ના ઑગસ્ટની ૧૬મીએ દિલ્હી જવા નીકળ્યા. આ તાર એના એક દિવસ પહેલાં કરવામાં આવ્યો હતો.

૩. આ તાર ૧૯૨૪ના ઑગસ્ટની ૧૪મીના હકીમ અજમલખાનના ૧૫મીએ મળેલા નીચેના તારનો જવાબ હતો: "તબિયત કેમ છે તે તથા દિલ્હી ક્યારે જાઓ છો તે તારથી જણાવો."

Gandhi Heritage Portal

## ૩૨૯. સૈફુદ્દીન કિચલુને પત્ર

સાબરમતી,
ઑગસ્ટ ૧૫, ૧૯૨૪

પ્રિય શ્રી કિચલુ,

કોઈ અજાણ્યા પત્રલેખકે અર્જુનમાંથી સાથેની કાપલી મને મોકલી આપી છે. મેં તેનો ઉર્દૂમાં તરજુમો કરાવ્યો છે. તમે એ જોઈ જશો, અને મને જણાવશો કે તેમાં કેટલું તથ્ય છે.

સેવક
મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી; શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી

ભાષાંતર: મહાદેવભાઈની ડાયરી, પુસ્તક છઠ્ઠું

## ૩૩૦. મોતીલાલ નેહરુને પત્ર

સાબરમતી,
ઑગસ્ટ ૧૫, ૧૯૨૪

પ્રિય મોતીલાલજી,

તમારા કાગળ માટે આભારી છું. મારા હૃદયની બધી વાત હું તમને કહું છું.

જેમ જેમ એ વાતનો હું વધારે વિચાર કરું છું તેમ તેમ બેલગામમાં સત્તા માટેની લડત થાય એની સામે મારો આત્મા કકળી ઊઠે છે. પરંતુ ધારાસભાના કાર્યક્રમ સાથે મારું નામ જોડાય એ હું ઇચ્છતો નથી. એ ત્યારે જ બને કે સ્વરાજ્યપક્ષ કાં તો કૉંગ્રેસનો કબજો લે, કાં તો કૉંગ્રેસ ઉપર કશી અસર ન પાડે. તમને અને આપણા મિત્રોને જે ઠીક લાગે એ રસ્તાને અનુસરવા હું તૈયાર છું. પણ હું જો કૉંગ્રેસમાં રહું તો ધારાસભાઓ વગેરે કૉંગ્રેસની બહાર રહેવાં જોઈએ. તો જ હું તમને મદદ કરી શકું. પરંતુ ધારાસભાનો કાર્યક્રમ કૉંગ્રેસમાં રહે તો મારે કૉંગ્રેસમાં શૂન્ય થઈને રહેવું જોઈએ. તો પછી ૧૯૧૫થી ૧૯૧૮ સુધી મારું જે સ્થાન (કૉંગ્રેસમાં) હતું તે સ્વીકારવા હું ખુશીથી તૈયાર છું. મારો હેતુ સ્વરાજપક્ષને નબળો બનાવવાનો નથી, જરૂર તેમને મૂંઝવણમાં નાખવાનો તો નથી જ. મને રસ્તો બતાવો અને તમને અનુકૂળ થવા હું પૂરેપૂરો પ્રયત્ન કરીશ. આમાં કાંઈ પણ તદ્દન સ્પષ્ટ ન હોય તો મને પૂછજો.

મહમદઅલીના તારના જવાબમાં હું આવતી કાલે દિલ્હી જાઉં છું.

તમારો સહૃદયી
મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી; શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી તથા એસ. એન. ૧૦૧૧૭

ભાષાંતર: મહાદેવભાઈની ડાયરી, પુસ્તક ૬ઠ્ઠું

Gandhi Heritage Portal

## ૩૩૧. કનિકાના રાજાને પત્ર

સાબરમતી,
ઑગસ્ટ ૧૫, ૧૯૨૪

પ્રિય રાજાસાહેબ,

તમારા પહેલાંના બે કાગળોની પહોંચ મેં નથી લખી એ માટે મારે તમારી માફી માગવી જોઈએ. જવાબ લખતાં પહેલાં મારી ફાઈલના બધા કાગળો હું વાંચી જવા ઈચ્છતો હતો. પણ મારી ઉપર કામનું દબાણ એટલું બધું છે કે હજી એ કાગળો હું વાંચી શકયો નથી. હવે જલદી વાંચી જવાની આશા રાખું છું. પછી તમને લખીશ.

તે ઉપર તાકીદે ધ્યાન આપવાના તમારા વચન માટે આભારી છું.

સેવક
મો. ક. ગાંધી

કનિકાના રાજા
ઓરિસ્સા

[મૂળ અંગ્રેજી]

મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી; શ્રી નારાયણ દેસાઈના સૌજન્યથી
ભાષાંતર: મહાદેવભાઈની ડાયરી, પુસ્તક છઠ્ઠું

## ૩૩૨. સૉન્જા શ્લેશીનને પત્ર

સાબરમતી,
ઑગસ્ટ ૧૫, ૧૯૨૪

પ્રિય બહેન શ્લેશીન,

તમારો કાગળ બહુ મોડો આવ્યો. પણ તેથી મને બહુ આનંદ થયો છે. તમે એને સ્વચ્છતાનો નમૂનો બનાવવા ઈચ્છયું હોય તો તમે તદ્દન નિષ્ફળ ગયાં છો. સ્વચ્છતાને વિષે તમારી બેદરકારી અને ડાઘાડબકા એના એ જ છે. તમારા કાગળમાંથી શાહીથી ખરડાયેલી તમારી આંગળીઓ હું જોઈ શકું છું. હવે તમારે જોઈતું પ્રમાણપત્ર.[1] મારા ઉપર અસત્યનો આરોપ મૂકવો હોય તો તમે મૂકી શકો છો. સ્વચ્છતા વિષેની તમારી બેદરકારી વિષેનું મેં તમને પ્રમાણપત્ર આપ્યું નથી. હું આશા રાખું છું કે તમારા નવા "શેઠ"ને વધારે સારો અનુભવ થશે. મારી સામે તમે જે જે તહોમત મૂકયાં છે તેનો મારે ઈનકાર કરવો જોઈએ. તમને "બીઝનેસ સર્ટિફિકેટ" હું શું કામ આપું? પણ ભલભલા ચમરબંધી કેવા પડે છે?

ચોવીસ પાઉંડની બાબતમાં મેં તો માની લીધેલું કે એકસો પચાસ પાઉંડની હૂંડીમાં એ આવી જાય છે. છતાં હું પારસી રુસ્તમજીને લખું છું કે એકસો પચાસ પાઉંડમાંથી જે કાંઈ બાકી રહ્યું હોય તે તેઓ માંડી વાળે.

૧. જુઓ સાથેનું બિડાણ.

Gandhi Heritage Portal

મારી તબિયત સાધારણ ઠીક ગણાય. હવે તમે કાગળ લખવાનું શરૂ કર્યું એટલે ચાલુ રાખશો ને? . . .

તમારો
મો. ક. ગાંધી[૧]

બિડાણ

સત્યાગ્રહ આશ્રમ,
સાબરમતી,
ઑગસ્ટ ૧૫, ૧૯૨૪[૨]

લગભગ સત્તર વર્ષ સુધી બહેન સોન્જા શ્લેશીને દક્ષિણ આફ્રિકામાં મને અંગત સેક્રેટરી તરીકે સેવાઓ આપી છે. અને મારા જાહેર જીવનના ખાસ મહત્ત્વના સમયે પણ તેમણે એ સેવાઓ મને આપી છે. હિસાબકિતાબ તથા ચાર આંકડા જેટલી રકમનો સોદો એકી સાથે કરવા જેવાં જવાબદારીભર્યાં કામ પણ તેમને સોંપવામાં આવ્યાં હતાં. જુદી જુદી જાતના અને જુદા જુદા દેશના સેંકડો લોકો સાથે તે પરિચયમાં આવ્યાં છે. દક્ષિણ આફ્રિકાની મારી છેલ્લી જેલયાત્રા દરમ્યાન તેમને ફક્ત મારું જ કામ સોંપવામાં આવ્યું હતું. તેમની સચ્ચાઈ કે યોગ્યતા વિષે શંકા લાવવાનું મને ક્યારેય કારણ મળ્યું નથી. સાચે જ તેમણે પૈસાની દૃષ્ટિએ કામ કર્યું નથી. તેમને કામ વહાલું હતું અને કેવળ કામના પ્રેમ માટે જ તેમણે કામ કર્યું છે. દિવસનો બધો જ સમય તેમની સેવાઓ મને મળી રહેતી. શૉર્ટહૅન્ડ અને સાહિત્યનું તેમનું જ્ઞાન મને ખૂબ મદદરૂપ નીવડ્યું. એથી બીજો કોઈ સારો સેક્રેટરી મેળવવાની મને ઇચ્છા જ નથી થઈ. ખૂબ ચીવટ, અત્યંત પ્રામાણિકતા અને બાહોશી માગી લે એવું કામ એમને સોંપાયું છે એ સાંભળીને મને આનંદ થશે.

[મૂળ અંગ્રેજી]

આ પત્ર મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરીમાંથી અને આ બિડાણ છબી પરથી: એસ. એન. ૧૦૧૧૮

૧. અહીં સુધીના ભાગનું ભાષાંતર મહાદેવભાઈની ડાયરી, પુસ્તક છઠ્ઠામાંથી આપ્યું છે.
૨. મૂળ લખાણમાં "૧૯૧૪" છે. લખનારની ભૂલ હશે.

Gandhi Heritage Portal

## ૩૩૩. કે. નટરાજનને પત્ર

સાબરમતી,
ઑગસ્ટ ૧૫, ૧૯૨૪

પ્રિય મિ. નટરાજન,

મારા જેલ જતાં પહેલાં મેં શ્રી પિટીટને પત્ર લખી પૂછયું હતું કે પંડિત બનારસીદાસને એમના દરિયાપારના હિંદીઓ વિષેના કામ અંગે આઈ. સી. એ.[1]ના ફંડમાંથી પૈસા આપી શકાય કે નહીં. જેલમાં મને એવા ખબર મળ્યા હતા કે માગેલી રકમમાંથી અડધી રકમ આપવાની ભલામણ કરવા શ્રી પિટીટ તૈયાર છે. પણ શ્રી પિટીટને આ વાત યાદ નથી. પંડિત બનારસીદાસ ગૂજરાત વિદ્યાપીઠને એની કૉલેજ ચાલતી હોય તે મહિનાઓમાં હિંદી શીખવવા માટે રોજ લગભગ બે કલાક આપે છે. પોતાનો બાકીનો તમામ સમય, ચાર માસથી લાંબી વેકેશનો સુધ્ધાં, તેઓ દરિયાપારના હિંદીઓના કામને આપે છે. આ વિષયને એમણે પોતાનો કરી લીધો છે અને એના તેઓ વિશેષજ્ઞ બની ગયા છે. શ્રી પિટીટ પંડિતજીની સેવાઓનું મહત્ત્વ સ્વીકારે છે, પણ કહે છે કે એમણે મુંબઈમાં રહેવું જોઈએ. પંડિત બનારસીદાસ શાંત પ્રકૃતિના એકાંતપ્રિય માણસ છે. એમનો મુખ્ય વ્યવસાય અધ્યયન છે. આશ્રમમાં મેં એમને રહેવા માટે રૂમો કાઢી આપી છે. અને તેઓ અત્યારે ત્યાં રહે છે. મને નથી લાગતું કે મુંબઈમાં રહેવાથી એમના કામનું મહત્ત્વ વધે. અલબત્ત, જરૂર જણાય ત્યારે તેઓ મુંબઈ જઈ શકે. અત્યારે મારી ભલામણથી ગૂજરાત વિદ્યાપીઠ એમને મહિને ૧૩૦ રૂપિયા આપે છે. એમના સહકાર્યકર ફીજીવાળા તોતારામજી પણ આશ્રમમાં રહે છે. એમને આશ્રમનાં નાણાંમાંથી મહિને ૫૦ રૂપિયા અપાય છે. આ ઉપરાંત પંડિતજીને તારટપાલ વગેરે ખર્ચ માટે માસિક ૫૦ રૂપિયા અપાય છે. પણ પંડિતજીનો ઘણોખરો સમય દરિયાપારના હિંદીઓ અંગેના કામમાં અપાતો હોવાથી આ ખર્ચનો બોજો કૉલેજ કે આશ્રમ ઉપર નાખવો એ મને લાગે છે કે બરાબર નથી. એટલે હું માનું છું કે અત્યાર સુધી થયેલા ખર્ચનો ઓછામાં ઓછો પોણો ભાગ અને હવેથી વિદ્યાપીઠ તથા આશ્રમ તરફથી જે માસિક ૨૩૦ રૂપિયા અપાય છે તેનો પોણો ભાગ ઍસોસિયેશને આપવો જોઈએ. મારી આ દરખાસ્ત તમને વાજબી લાગે છે કે કેમ તે કૃપા કરીને જણાવશો.[2]

તમારો સહૃદયી
મો. ક. ગાંધી

[મૂળ અંગ્રેજી]

ટાઈપ કરેલી ઑફિસ પ્રતની નકલની છબી પરથી: એસ. એન. ૯૯૮૯

૧. ઇમ્પીરિયલ સિટિઝનશિપ ઍસોસિયેશન.

૨. આ પત્રની પહોંચ સ્વીકારતાં બીજી બાબતો સાથે નટરાજને જવાબમાં લખ્યું હતું: "...પંડિત બનારસીદાસ અને તોતારામજીએ કરેલા કામ અંગે આશ્રમનાં નાણાંમાંથી આપે કરેલા ખર્ચનો અમુક ભાગ ભરપાઈ કરવા સંબંધમાં આપની ઇચ્છા મુજબ તજવીજ થઈ શકશે એમ ધારું છું.... પંડિતજી અને તોતારામજી ડાયરીના રૂપમાં અથવા આપ સૂચવો તેવી બીજી કોઈ રીતે માસિક હિસાબ રજૂ કરે એમાં હું નથી માનતો કે કંઈ વાંધો આવે...."

Gandhi Heritage Portal

# ૩૩૪. જમનાદાસ ગાંધીને પત્ર

શ્રાવણ વદ ૧ [ઑગસ્ટ ૧૫, ૧૯૨૪][1]

ચિ. જમનાદાસ,[2]

રેવાશંકરભાઈની સલાહ લેવી. મને લાગે છે કે દાક્તર સાહેબના પૈસા[3] મકાનમાં વાપરવામાં કશી હાનિ નથી.

હું કાલે દિલ્હી જાઉં છું. ખળભળાટ તેની મેળે શમી જશે.

બાપુના આશીર્વાદ

ચિ. જમનાદાસ ખુ. ગાંધી
મિડલ સ્કૂલ સામે
નવા પરામાં, રાજકોટ

[મૂળ ગુજરાતી]

ગાંધીજીના હસ્તાક્ષરમાં લખાયેલા મૂળ પત્ર પરથી: સી. ડબલ્યુ. ૬૦૨૭
શ્રી નારણદાસ ગાંધીના સૌજન્યથી

૧. ગાંધીજી ૧૯૨૪ના ઑગસ્ટની ૧૬મીએ દિલ્હી જવા નીકળ્યા હતા. આ પત્ર એક દિવસ અગાઉ લખાયો હતો. ૧૯૨૪માં શ્રાવણ વદ ૧ ઑગસ્ટની ૧૫મીએ આવતી હતી.

૨. જમનાદાસ ખુશાલચંદ ગાંધી; ગાંધીજીના ભત્રીજા; ૧૯૧૧માં ફિનિક્સમાં જોડાયા; ૧૯૨૯થી ૧૯૩૭ સુધી રાજકોટ રાષ્ટ્રીય શાળાના પ્રિન્સિપાલ.

૩. ડૉ. પ્રાણજીવન મહેતાએ દાનમાં આપેલા પૈસા.

Gandhi Heritage Portal

# પરિશિષ્ટ ૧

## ડૉ. ભગવાનદાસનો પત્ર

તંત્રી શ્રી
યંગ ઇન્ડિયા
મહાશય,

તા. ૧૭–૪–૧૯૨૪ના યંગ ઇન્ડિયામાં "શિક્ષકો અને વકીલો" એ મથાળાવાળા આપના લેખમાં ૧૩૦મે પાને નીચેનાં વાક્યો આવે છે:

"પણ જો પ્રજાને માટે સ્વરાજ સ્થાપવાનું હોય, અને એક વર્ગના રાજ્યને બદલે કદાચ તેથી પણ વધારે ખરાબ હોય એવું બીજા વર્ગનું રાજ્ય ન સ્થાપવું હોય, તો એ મુશ્કેલીની સામે આપણે હિંમતથી જ નહીં પણ મરણિયા થઈને કમર કસવી જોઈએ." બીજું વાક્ય આ પ્રમાણે છે:

"જો સ્વરાજમાં આપણે નગરજીવનને ગ્રામજીવનને અનુરૂપ બનાવવું હશે તો નગરજીવનની ઢબછબ બદલ્યે જ છૂટકો છે."

આ બે જોનો શો અર્થ થાય અને અસહકારની આખી ચળવળ ઉપર તથા સ્વરાજ માટે ચાલી રહેલા વિવિધ સંગ્રામો ઉપર એની કેટલી બધી અસર પડે અને તે અસર કેટલી મહત્ત્વની છે તે તરફ હું આપનું તથા યંગ ઇન્ડિયાના તમામ વાચકોનું અત્યંત ગંભીરપણે ધ્યાન ખેંચું છું. કારણ કે વિવિધ પક્ષો આ સંગ્રામો વિવિધ પદ્ધતિએ, વિવિધ ક્ષેત્રોમાં ચલાવી રહ્યા છે. એમણે કૉંગ્રેસનો નવો સિદ્ધાંત સ્વીકારી લીધો છે. એ સિદ્ધાંતમાં "સ્વરાજ" શબ્દ વપરાયો છે ખરો પણ એની કશી વ્યાખ્યા કરવામાં આવી નથી તેમ એની કશી સ્પષ્ટતા કરવામાં આવી નથી.

આપણા પૈકી કેટલાકનું ચોક્કસ માનવું છે કે અસહકારની ચળવળમાં રુકાવટ કરતી અને ખલેલ પહોંચાડતી તમામ ત્રુટીઓનું મૂળ કારણ આ વણઊકલ્યા અને અચોક્કસ જો જ છે. એટલે જ્યાં સુધી આ બે જો ના અર્થની ચોખવટ થશે નહીં ત્યાં સુધી જેમને સ્વરાજ જોઈએ છે અને જેઓ એ કેવું હોવું જોઈએ એ વિષે મતભેદો ધરાવે છે એવા તમામ લોકોમાંના કોઈ પણ બે વર્ગ વચ્ચે, કોઈ પણ બે સંપ્રદાયો વચ્ચે, કોઈ પણ બે કોમો વચ્ચે, હું તો એટલે સુધી કહું છું કે કોઈ પણ બે કાર્યકર્તાઓ વચ્ચે, કદી પરસ્પર વિશ્વાસ જામશે નહીં.

માત્ર એક જ શબ્દ (સ્વરાજ) વડે સધાયેલી એકતા એ તદ્દન જૂઠી એકતા છે, કારણ કે એ શબ્દનો શો અર્થ થાય તે લોકો સમજ્યા નથી, સમજ્યા છે તો અધૂરું કે ખોટું સમજ્યા છે. માટે જ આ એકતા વારંવાર તૂટી જાય છે. રાજકીય વિવાદો વખતે એ વિચાર અને વાણીની ઉગ્રતાનું રૂપ લે છે અને હિંદુમુસ્લિમ રમખાણો વખતે હિંસક કૃત્યોનું પણ રૂપ લે છે. અને આ કારણે જ આ ચળવળ કેટલીયે બાબતોમાં નિષ્ફળ નીવડી છે – સ્વસ્થ ચિત્તે પોતાના ધ્યેયમાં મંડી રહેવામાં, શિસ્તમાં, સંગઠનમાં, અને પદ્ધતિસરના રચનાત્મક કે ખંડનાત્મક કામમાં.

ઉપર ટાંકેલા પહેલા વાક્ય પછી થોડા અંતરે આપ લખો છો: "આજ સુધી ગામડિયાઓ થોકેથોક મૂઆ છે — આપણને જિવાડવા માટે. હવે આપણે મરવું પડશે — તેમને જિવાડવા માટે." પણ જે "લોકો" માટે સ્વરાજ સ્થાપવાનું છે તેમાં "આપણો" (શહેરવાળાઓનો) પણ સમાવેશ થાય છે; વાત સાચી છે ને? અને શહેરમાં વસનારા પૈકીનો એક મોટો વર્ગ ગામડાના લોકો જેટલો જ બેહાલ છે એ સાચી વાત છે ને?

શહેરના લોકોને ઊંડે ઊંડે એમ થયા કરે છે કે અસહકારની ચળવળથી મળનારું સ્વરાજ કેવું હશે તે તો કોઈ જાણતું નથી, તેમ છતાં એવો સંભવ છે કે એનાથી શહેરો હતાં-ન-હતાં થઈ જશે.

Gandhi Heritage Portal

(સ્વરાજ વિષે લોકો 'બૉલ્શેવિઝમ' કહીને પોકારો કરે છે તે જુઓ) એટલે સ્વાભાવિક રીતે જ શહેરવાસીઓના દિલમાં સ્વરાજ માટે ઉત્સાહ નથી. આપ એટલું ધ્યાનમાં લેશો કે ટિળક સ્વરાજ ફંડમાં સૌથી મોટો ફાળો શહેરોએ આપ્યો છે; મુંબઈ એમાં સૌથી મોખરે રહ્યું છે. આ ફાળો એવા લોકોએ આપ્યો છે જેમના વેપારધંધા અને નિર્વાહનાં સાધનોને અસહકારની ચળવળનો રચનાત્મક તેમ જ ખંડનાત્મક કાર્યક્રમ સીધી કે આડકતરી રીતે નિર્મૂળ કરવા બેઠો છે. આ વાત સમજવા છતાં એ લોકોએ ફાળો આપ્યો છે તેનું એક કારણ એ છે કે આ દેશના તમામ વર્ગોના લોકોને આપના પ્રભાવશાળી વ્યક્તિત્વ પ્રત્યે અત્યંત સ્નેહ અને આદર છે. બીજું કારણ એ છે કે તેઓને એવી આશા છે કે આખરે આ આપણે જ ઇચ્છેલું સ્વરાજ છેક શહેરોનો નાશ કરવાની જેહાદ તો નહીં જ જગવે, પણ શહેરોમાં જે દૂષણો છે તે સુધારવા પ્રયત્ન કરશે.

જો શહેરોને નાબૂદ કરવામાં આવશે તો આ દેશમાંથી લક્ષ્મી અને સરસ્વતી બંને વિદાય લેશે. અને એવું થશે તો દેવી અન્નપૂર્ણાને ધાન્યથી હર્યાંભર્યાં ખેતરોમાં એકલું રમવું પડશે. અને તે એકલી પડેલી અન્નપૂર્ણા દેવી માનવજીવનને કળાઓ વડે વૈભવવંતું, વિજ્ઞાન વડે ચાતુર્યવંતું, અને એ કારણે જીવવા-માણવા જેવું રસવંતું બનાવી શકશે નહીં. એટલે જરૂર એ વાતની છે કે દુનિયાના તમામ દેશોના, તમામ યુગોના, તમામ ધર્મોના માનવો વડે સાર્વત્રિક રીતે પૂજાતી આ ત્રણ મહાદેવીઓમાં સમતુલા જાળવવી જોઈએ, અને એમાંની એકેયનો ભોગ આપવો ન જોઈએ. રામરાજમાં લંકાના થોડા ભાગનો નાશ થવા છતાં અયોધ્યા નગરી તો સમૃદ્ધ જ થઈ હતી.

સદ્‌ભાગ્યે આગળના એક પૅરામાં આપે પોતે જ જે એવું લખ્યું છે કે "નગરજીવનની ઢબછબ બદલ્યે જ છૂટકો છે." એ વાંચીને અમને ટાઢક વળી. આ પહેલાંનાં વાક્યો વાંચીને લોકોના દિલમાં જે ફાળ પડી હતી તે આ વાક્યથી કંઈક હળવી થવા સંભવ છે, જોકે એનાથી પૂરેપૂરી નિરાંત તો નહીં જ વળે.

માનવજાતિનો મોટો સમૂહ સહજ વૃત્તિથી જ "નરમાશ," "સમાધાન," "વચલો રસ્તો," "સંયમ" એવા સદ્‌ગુણોની ઝંખના કરતો હોય છે અને એને માટે જ એના પ્રયાસો હોય છે. એટલે અમારા નેતાઓના નેતા તરીકે જ્યાં સુધી આપ આ દેશ સમક્ષ સ્વરાજની યોજનાની એવી કોઈક રૂપરેખા રજૂ નહીં કરો કે જે લોકોના તમામ વર્ગોમાં એવી આશા પ્રગટાવે કે બધા વર્ગોના કે કોઈ એક વર્ગના અતિરેકો પર જરૂર પ્રમાણે કાપ મૂકવામાં આવશે છતાં એક પણ વર્ગને પૂરેપૂરો નાબૂદ કરવામાં નહીં આવે, ત્યાં સુધી લોકોનો એક પણ વર્ગ આ લડતમાં પોતાનું આખું દિલ પરોવી શકશે નહીં, અને સ્વરાજ મેળવવાના પ્રયત્નોમાં કદી સાચી એકતા હાંસલ થશે નહીં, અને તે કારણે સ્વરાજ એટલે કે સાચું સ્વરાજ કદી પણ હાથમાં આવશે નહીં.

યંગ ઇન્ડિયામાં જગા થોડી છે અને તે કીમતી છે, એટલે એ જગા મારે વધારેપડતી ન રોકવી જોઈએ. જોકે મારું ચોક્કસ માનવું છે કે યંગ ઇન્ડિયામાં અત્યાર સુધીમાં ચર્ચાયેલા તમામ વિષયોમાં "હિંદુસ્તાનને કેવા પ્રકારના સ્વરાજની જરૂર છે" એ વિષય કરતાં વધારે મહત્ત્વનો કે વધારે દૂરગામી પરિણામો લાવનારો બીજો એકે વિષય નથી.

આ બાબત પ્રત્યે હું છેલ્લાં ત્રણ વર્ષથી, પ્રસંગ હોય કે ન હોય તોપણ, જાહેર જનતાનું, (બનારસની સ્થાનિક કક્ષાથી માંડીને અખિલ હિંદ કક્ષા સુધીની) તમામ કક્ષાની કૉંગ્રેસ સમિતિઓનું તથા જુદા જુદા નેતાઓનું ધ્યાન ખેંચતો રહ્યો છું. લગભગ આપના પકડાતાં સુધી અને આપ છૂટીને આવ્યા ત્યાર પછી પણ આ વિષયમાં મેં આપને પત્રો લખ્યા કર્યા છે અને છાપેલા લેખો પણ મોકલ્યા કર્યા છે. એટલે જે વિચારો મેં બીજી જગ્યાએ અનેક વાર પ્રગટ કરેલા છે તે અહીં ફરીથી લખવાની જરૂર નથી. ૧૯૨૩ના આરંભમાં થોડા વખત માટે મને પાકે પાયે એમ લાગેલું કે આ વિષયની યથાયોગ્ય વિચારણા થશે. આનું કારણ એ હતું કે દેશબંધુ દાસ જેવા નામાંકિત નેતાએ થોડો સમય આ વિષયમાં રસ લીધો હતો. પણ એ "ટૂંકો ગાળો" જોતજોતામાં ચાલ્યો ગયો. અને મારી પણ આસ્તે આસ્તે એવી માન્યતા બંધાતી ગઈ કે આ વિષયની ચર્ચા માટે "હજી સમય પાક્યો નથી."

પણ આપના લેખમાં આ બે અત્યંત મહત્ત્વના જો ઉપર મારી નજર પડતાં જ આ નવો પ્રયાસ કરવા હું જાગ્રત બની ગયો.

Gandhi Heritage Portal

અમારામાંના કેટલાકને આ વિષયમાં ઊંડો રસ છે. એટલે એ વિષે જો આપ અત્યંત કૃપાવંત થઈને યંગ ઇન્ડિયામાં કશુંક લખો, એવું કશુંક લખો જે અમારી નિરાશાના અંધકારમાં પ્રકાશનું એક કિરણ ફેંકે તો એ વિષયમાં રસ ધરાવતા અમે કેટલાક આપના ઘણા જ ઉપકૃત થઈશું.

હું છું વગેરે

**ભગવાનદાસ**

[મૂળ અંગ્રેજી]

યંગ ઇન્ડિયા, ૮–૫–૧૯૨૪

# પરિશિષ્ટ ૨

## ધારાસભાપ્રવેશ વિષે સ્વરાજ્યવાદીઓનું નિવેદન[૧]

મે ૨૨, ૧૯૨૪

ધારાસભાપ્રવેશના પ્રશ્ન સાથે સંબંધ ધરાવતા વિવિધ મુદ્દાઓની અમારી સાથે ચર્ચા કરવા મહાત્મા ગાંધીએ લીધેલી તસ્દી બદલ અમે એમનો આભાર માનીએ છીએ. આ વિષયમાં પોતે છાપાંને મોકલેલા નિવેદનની એક નકલ એમણે અમને નિવેદન પ્રગટ થતાં પહેલાં જોવા દીધી એ સૌજન્ય બદલ પણ અમે એમના આભારી છીએ. વાતચીત દરમ્યાન તેમ જ અખબારી નિવેદનમાં એમણે દર્શાવેલા બધા વિચારો ઉપર અમે એમના મહાન વ્યક્તિત્વને ખ્યાલમાં રાખીને કાળજીપૂર્વક અને ધ્યાનપૂર્વક વિચાર કર્યો છે. પણ એમના પ્રત્યે અને એમના વિચારો પ્રત્યે અમારા મનમાં ગમે તેટલો પૂજ્યભાવ હોવા છતાં, એમની દલીલો અમારે ગળે ઊતરી નથી.

અમને દુઃખ થાય છે કે ધારાસભાપ્રવેશ સંબંધમાં સ્વરાજવાદીઓની વિચારસરણી સાચી હોવાની વાત અમે મહાત્મા ગાંધીને સમજાવી શક્યા નથી. અમે કહીએ છીએ તે રીતના ધારાસભાપ્રવેશને નાગપુર કૉંગ્રેસના અસહકારના ઠરાવના સિદ્ધાંત સાથે અસંગત કેવી રીતે માની શકાય એ અમને સમજાતું નથી.

પરંતુ અસહકાર જો ખાસ કરીને માનસિક વલણની જ બાબત હોય અને એ જો આપણા રાષ્ટ્રીય જીવનની વર્તમાન વાસ્તવિકતાઓને એક જીવંત સિદ્ધાંત લાગુ પાડવાની વાત ન હોય અને એ રાષ્ટ્રીય જીવન પર હકૂમત ચલાવી રહેલી નોકરશાહી સરકારની બદલાતી જતી મનોવૃત્તિઓ પ્રમાણે એની સાથેનો આપણો વ્યવહાર બદલતા જવાની જો એમાં છૂટ ન હોય, તો અમને લાગે છે કે દેશનું સાચું હિત સાધવા માટે અસહકારને પણ તિલાંજલિ આપવી એ આપણું કર્તવ્ય છે.

અમે એમ માનીએ છીએ કે આ સિદ્ધાંતમાં રાષ્ટ્રના તંદુરસ્ત વિકાસને મદદ કરે એવી તમામ પ્રવૃત્તિઓમાં સ્વાશ્રય જાળવવાનો અને સ્વરાજ તરફની આપણી કૂચને અવરોધતી નોકરશાહી સામે પ્રતિકાર કરવાનો સમાવેશ થાય છે. પરંતુ અમે આ નિરર્થક જીભાજોડી બંધ કરી દેવા આતુર હોવાથી ચોખવટ કરીએ છીએ કે અસહકારના સિદ્ધાંતને અમે જે રીતે સમજીએ છીએ તે રીતે જોતાં ધારાસભાપ્રવેશ એ સિદ્ધાંત સાથે સંપૂર્ણ રીતે સુસંગત છે અને થઈ શકે છે.

વધારામાં અમે એ પણ સ્પષ્ટ કરવા માગીએ છીએ કે અમારા કાર્યક્રમમાં "અવરોધ" શબ્દ અમે બ્રિટિશ પાર્લમેન્ટના ઇતિહાસની પરિભાષાના અર્થમાં વાપર્યો નથી. એ અર્થમાં બેશક રિફૉર્મ્સ ઍક્ટ હેઠળ રચાયેલી વડી ધારાસભા અને પ્રાંતિક ધારાસભાઓ જેવી મર્યાદિત અધિકારવાળી અને નીચલી કક્ષાની ધારાસભાઓ માટે અવરોધ અસંભવિત વસ્તુ છે. આ વિવાદ જોતાં એમ લાગે છે કે અમારું કહેવું સ્પષ્ટ સમજાય તે માટે અમારે બીજો કોઈક શબ્દ શોધી કાઢવો જોઈતો હતો. તેમ છતાં અમે એટલું કહીશું કે અમે જે કંઈ

૧. આ નિવેદન સ્વરાજપક્ષ વતી સી. આર. દાસ અને મોતીલાલ નેહરુએ ભેગા મળીને બહાર પાડ્યું હતું.

Gandhi Heritage Portal

કરીએ છીએ અને કરવા માગીએ છીએ તે વાસ્તવમાં પાર્લમેન્ટની ભાષાના અર્થમાં અવરોધ હોવાને બદલે ખાસ કરીને નોકરશાહી સરકારે સ્વરાજના આપણા માર્ગમાં મૂકેલી અડચણો સામેનો પ્રતિરોધ છે. અમે જ્યારે અવરોધ શબ્દ વાપર્યો ત્યારે અમારા કહેવાની મતલબ આ પ્રકારનો પ્રતિરોધ જ હતી. સ્વરાજ-પક્ષના બંધારણની પ્રસ્તાવનામાં અસહકાર શબ્દની અમે જે રીતે વ્યાખ્યા બાંધી છે અને સમજૂતી આપી છે તેમાં આ વાત સ્પષ્ટ રીતે દર્શાવવામાં આવી છે. નોકરશાહીના આ પ્રકારના અવરોધને હઠાવવા પર જ, અમને લાગે છે કે અમારે ભાર મૂકવો જોઈએ. અત્યાર સુધી ધારાસભાઓમાં અમે આ જ નીતિને અનુસર્યા છીએ અને આપણા રાષ્ટ્રીય જીવનની બદલાતી જતી જરૂરિયાતો તથા સમસ્યાઓને ભવિષ્યમાં પણ આ જ નીતિ વધુ ને વધુ અસરકારક રીતે લાગુ પાડવી જોઈએ.

આ નીતિને "એકસરખો, એકધારો અને એકનિષ્ઠ અવરોધ" કહેવાય કે નહીં એની પણ કશી જીભાજોડીમાં અમે ઊતરવા માગતા નથી. અમે તો અમારી નીતિ વિગતથી સમજાવી છૂટીએ, પછી અમારા મિત્રો ઇચ્છે તો એને માટે વધારે બંધબેસતું નામ ભલે આપે.

એટલે આ સિદ્ધાંત અને નીતિ પ્રમાણે ધારાસભાઓની અંદર અને બહાર ભવિષ્યમાં અમે કેવાં કેવાં કામો કરવા માગીએ છીએ તેની રૂપરેખા અહીં આપીશું.

ધારાસભાઓની અંદર :

(૧) આપણા અધિકારો માન્ય કરવાની બાબતમાં અથવા પાર્લમેન્ટ અને આ દેશના લોકો વચ્ચે કોઈ સમજૂતી થવાને પરિણામે અત્યારની શાસન-વ્યવસ્થામાં ફેરફાર ન થાય ત્યાં સુધી ધારાસભામાં રજૂ થતાં બજેટો નામંજૂર કરતા રહેવાનું અમારે ચાલુ રાખવું પડશે. આવું શા માટે કરવું જોઈએ તેનો ખ્યાલ આપવા કેન્દ્ર સરકારના બજેટ સાથે સંબંધ ધરાવતી થોડી મુખ્ય બાબતોનો જ નિર્દેશ કરવાની જરૂર છે. એ બાબતો પ્રાંતિક બજેટોને પણ વત્તેઓછે અંશે લાગુ પડે છે. કેન્દ્રનું બજેટ (રેલવેને બાદ કરતાં) એકંદરે ૧૩૧ કરોડ રૂપિયાનું છે. તેમાંથી માત્ર ૧૬ કરોડ ઉપર જ મત આપવાનો આપણને અધિકાર છે. બીજું, મતાધિકારક્ષેત્રની બહાર રહેલી રકમ પૈકી ૬૭ કરોડ જેટલી રકમ, એટલે કે એકંદર બજેટની અર્ધા ઉપરાંતની રકમ લશ્કરના ખર્ચ માટે અલગ રખાય છે. આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે આ દેશના લોકોને તો કુલ બજેટના માત્ર આઠમા ભાગ કરતાં પણ ઓછી રકમ અંગે મત આપવાનો અધિકાર છે, અને આ મર્યાદિત અધિકારની બજવણી પણ નામંજૂર કરવાની ગવર્નર-જનરલની સત્તાને આધીન છે.[૧] એટલે એ હકીકત સ્પષ્ટ છે કે બજેટ બનાવવામાં લોકો કશો ભાગ લઈ શકતા નથી, તેમ બજેટ બનાવનારા ઉપર એમનો કશો કાબૂ નથી. એમને મહેસૂલ વસૂલ કરવાનો અધિકાર નથી, તેમ એનો વ્યય કરવાનો પણ અધિકાર નથી. તો પછી, અમે પૂછી શકીએ કે આવું બજેટ મંજૂર કરવાની ફરજ અને એ મંજૂર કરવામાં ભાગીદાર બનવાની જવાબદારી લેવાનું કયા સિદ્ધાંતને આધારે અમારે માથે આવે છે? આનો કોઈ જવાબ નથી. એટલે અમે તો માનીએ છીએ કે જ્યાં સુધી આ અન્યાયી રાજ્યવ્યવસ્થા બદલાય નહીં ત્યાં સુધી એકેએક ધારાસભામાં આવાં બજેટોને ફગાવી દેવાં એ આપણું સ્પષ્ટ કર્તવ્ય છે. દેશના અનેક સ્વમાની લોકો આ જ મતના છે એની અમને ખાતરી છે.

(૨) પોતાની સત્તા મજબૂત કરવાના ઇરાદાથી નોકરશાહી જે ધારાઓ ધારાસભામાં રજૂ કરે તે અંગેની તમામ દરખાસ્તો અમે ફગાવતા રહીશું. આવા થોડા કાયદાઓથી પ્રસંગ આવ્યે થોડો લાભ થાય એ કલ્પી શકાય છે. પરંતુ અમારો એવો સ્પષ્ટ અભિપ્રાય છે કે નોકરશાહીના અત્યારના અદમ્ય અધિકારોમાં સહેજ પણ વધારો કરવા કરતાં દેશના વિશાળ હિતમાં આવા નાના નાના લાભો થોડા સમય માટે જતા કરવા એ વધારે સારું છે.

(૩) આપણા રાષ્ટ્રીય જીવનના તંદુરસ્ત વિકાસ માટે અને એના પરિણામે નોકરશાહીને ઊથલાવી નાખવા માટે જરૂરી હોય એવા તમામ ઠરાવો, વિધાનો અને બિલો અમે રજૂ કરતા રહીશું. મહાત્મા ગાંધીએ એમના નિવેદનમાં કરેલાં સૂચનને અમે હૃદયથી માન્ય રાખીએ છીએ, અને અમને લાગે છે કે

૧. ગવર્નમેન્ટ ઑફ ઇન્ડિયા ઍક્ટની કલમ ૬૭–એ થી ગવર્નર-જનરલ-ઇન-કાઉન્સિલને એવી સત્તા મળી હતી કે બજેટમાં ધારાસભાએ મૂકેલા કાપ જરૂર જણાયે તે રદ કરી શકે.

Gandhi Heritage Portal

કૉંગ્રેસના રચનાત્મક કાર્યક્રમના સમર્થનમાં એમણે ઉલ્લેખ કર્યા મુજબના ઠરાવો સ્વરાજપક્ષે અવશ્ય સ્વીકારી લેવા જોઈએ. સ્વાશ્રય અને નોકરશાહીના અવરોધના પ્રતિકારના સિદ્ધાંતને આધારે અમે આજ સુધી કામ કર્યું છે એ સિદ્ધાંત જ અમને એ ઠરાવો અપનાવી લેવાની ફરજ પાડે છે. એટલે જો કૉંગ્રેસનું રચનાત્મક કાર્ય અસહકારના સિદ્ધાંતમાં સમાઈ જતું હોય તો આ ઠરાવો પણ એમાં આવી જ જાય. ફરક એટલો પડે છે કે આ ઠરાવો ધારાસભાઓની અંદર રહીને કરવાનાં રચનાત્મક કાર્યોની રજૂઆત કરે છે.

(૪) સ્વાશ્રય અને પ્રતિરોધના એ જ સિદ્ધાંત પર રચાયેલી એક સુનિશ્ચિત આર્થિક નીતિને અમે અનુસરતા રહીશું. એનો ઉદ્દેશ આ દેશનું શોષણ કરનારી તમામ પ્રવૃત્તિઓમાં વિઘ્નો નાખી દેશની સંપત્તિ પરદેશ જતી અટકાવવાનો રહેશે.

આ નીતિને અસરકારક બનાવવા માટે કેન્દ્રની ધારાસભાના તથા પ્રાંતોની ધારાસભાઓના સભ્યો ચૂંટણી દ્વારા જે જે હોદ્દાઓ કબજે કરી શકે તેમ હોય તે બધા અમારે કબજે કરવા જોઈએ અને ત્યાં રહીને કારભાર કરવો જોઈએ. અમે એમ પણ માનીએ છીએ કે ચૂંટણીથી મળે એવી જગાઓ કબજે કરવા ઉપરાંત આ મહત્ત્વના પ્રશ્ન પ્રત્યે અમારા પક્ષના સભ્યોનું ધ્યાન ખેંચવાનું શક્ય લાગતું હોય તો એકેએક સમિતિમાં દાખલ થઈને અમારે કામ કરવું જોઈએ. અને આ બાબતનો બનતી ઉતાવળે નિર્ણય કરવા અમારા પક્ષના સભ્યોને અમે અનુરોધ કરીએ છીએ.

ધારાસભાઓની બહાર અમારી નીતિ આ પ્રમાણે રહેવી જોઈએ :

સૌથી પહેલું તો એ કે મહાત્મા ગાંધીના રચનાત્મક કાર્યક્રમને અમારે અમારો હાર્દિક ટેકો આપવો જોઈએ અને કૉંગ્રેસ સંગઠનો મારફતે સાથે મળીને એ કાર્યક્રમનો અમલ કરવો જોઈએ. અમારો એવો દૃઢ અભિપ્રાય છે કે બહારના રચનાત્મક કાર્યના પીઠબળ વિના ધારાસભાના અમારા કાર્યની ઘણી તાકાત ઘટી ગયા વિના રહેશે નહીં; કારણ કે જે પીઠબળ વિના ધારાસભાની અમારી નીતિનો અસરકારક અમલ અશક્ય છે તે પીઠબળ તો અમારે ધારાસભાઓની અંદરથી નહીં પણ બહારથી જ મેળવવાનું છે. રચનાત્મક કાર્યની બાબતમાં તો અમને લાગે છે કે અંદર અને બહાર બંને ક્ષેત્રોમાં થતાં કામો એકબીજાને મદદરૂપ નીવડે અને તેથી અમે જેના પર આધાર રાખીએ છીએ તે પીઠબળમાં વધારો જ થાય. આ બાબતમાં સવિનયભંગ સંબંધી મહાત્મા ગાંધીના સૂચનનો અમે સહેજ પણ આનાકાની વગર સ્વીકાર કરીએ છીએ. અમે એમને વચન આપી શકીએ છીએ કે જે ક્ષણે અમને એમ લાગશે કે સવિનયભંગની લડત ઉપાડ્યા વિના નોકરશાહીના સ્વાર્થભર્યા દુરાગ્રહનો સામનો કરી શકાય તેમ નથી તે જ ક્ષણે અમે ધારાસભાઓમાંથી નીકળી જઈશું અને ત્યાં સુધીમાં જો દેશ આવા સવિનયભંગની લડત માટે તૈયાર નહીં થઈ ગયો હોય તો તેને તે માટે તૈયાર કરવામાં અમે એમને મદદ કરીશું, અને એવો સમય આવશે ત્યારે કશી પણ શરત કર્યા વિના અમે એમનું નેતૃત્વ સ્વીકારીશું અને સવિનયભંગની લડતનો કોઈ નક્કર કાર્યક્રમ બધા ભેગા મળીને ઘડી કાઢે તે હેતુથી એમના ધ્વજ નીચે કૉંગ્રેસ સંગઠન દ્વારા કામ કરીશું.

બીજું એ કે દેશભરનાં મજૂર અને ખેડૂત સંગઠનોને મદદ કરીને અમારે કૉંગ્રેસના કાર્યમાં પૂર્તિ કરવી જોઈએ. મજૂરોનો પ્રશ્ન ઉકેલવાનું કામ તો દરેક દેશમાં હમેશાં મુશ્કેલ હોય છે, પણ આ દેશમાં એ બાબતની મુશ્કેલીઓ વધારે મોટી છે. એક બાજુ સંગઠનની એવી કોઈ પદ્ધતિ આપણે શોધી કાઢવી જોઈએ જે વડે આપણે મૂડીપતિઓ ને જમીનદારોને મજૂરોનું શોષણ કરતા રોકી શકીએ. પણ બીજી બાજુથી વધારેપડતી અને ગેરવાજબી માગણીઓ કરવા મજૂરોને ઉશ્કેરીને એ સંગઠનો પોતે જુલમનાં સાધનો ન બની જાય એની પણ અમારે તકેદારી રાખવી જોઈશે. મજૂરોનું રક્ષણ કરવાની જરૂર છે એ વાત સાચી, પરંતુ ઔદ્યોગિક સાહસોનું પણ રક્ષણ થવું જોઈએ. અમારા સંગઠને શોષણ સામે બંને પક્ષને રક્ષણ આપવું જોઈએ અને ટ્રેડ યુનિયન કૉંગ્રેસને એવી રીતે સંગઠિત કરવી જોઈએ કે તે આ ઉપયોગી ધ્યેય પાર પાડે. અમે માનીએ છીએ કે આ બંનેનાં અને દેશની આમજનતાનાં વાસ્તવિક હિતો લાંબી નજરે જોતાં એક જ છે.

અમને એ વાતનો આનંદ છે કે મહાત્મા ગાંધીના વિચારોની સાથે જ અમારા વિચારો પણ દેશ સમક્ષ રજૂ કરવાની અમને આ તક મળી છે. કેમ કે અમને ચોક્કસ એમ લાગે છે કે આ નિવેદન વાંચવાથી

Gandhi Heritage Portal

જણાઈ આવશે કે હિંદી રાષ્ટ્રીય કોંગ્રેસના બંને પક્ષો વચ્ચે થોડો મતભેદ હોવા છતાં એક મૂળભૂત અને કાયમ ટકે એવી એકતા મોજૂદ છે. રચનાત્મક કાર્યક્રમનો અમલ કરવાની આવશ્યકતા બંને પક્ષોને સમન્વય છે, પછી એ અમલ ધારાસભાઓની અંદરનો હોય કે બહારનો હોય. અમને વિશ્વાસ છે કે મહાત્મા ગાંધી અને સ્વરાજપક્ષના ફળદાયી જોડાણનું બીજ આ દિશામાં રહેલું છે. અમારો સંયુક્ત પ્રયાસ એક જ દિશામાં હોય કે જુદી જુદી દિશાઓમાં હોય, પણ આ દેશના લોકોના અધિકારો અને એમની સ્વતંત્રતા કબૂલ નહીં રાખવા માગતી નોકરશાહીને રોકડો જવાબ તો એનાથી જ મળશે. એટલે અમે છાતી ઠોકીને કહીએ છીએ કે એક જ ધ્યેયથી એક જ ક્ષેત્રમાં કે જુદાં જુદાં ક્ષેત્રોમાં કામ કરવાના અમારા નિરધારમાં સ્વરાજની લડતને એના સફળ અંજામ સુધી પહોંચાડવાનો આખી હિંદી પ્રજાનો નિરધાર વ્યક્ત થાય છે.

[મૂળ અંગ્રેજી]

ધી વૉઇસ ઑફ ફ્રીડમ, પા. ૫૧૯–૨૩

# પરિશિષ્ટ ૩

## ડૉ. ભગવાનદાસનો પત્ર

બનારસ,
જૂન ૫, ૧૯૨૪

તંત્રીશ્રી
યંગ ઇન્ડિયા
પ્રિય મહાશય,

તા. ૨૯–૫–૧૯૨૪ના યંગ ઇન્ડિયામાં "હિંદુ-મુસલમાન" એ વિષય ઉપર આપનું ગંભીર વક્તવ્ય બીજા લાખો લોકોની માફક હું પણ અત્યંત કાળજીપૂર્વક અને પૂરેપૂરુ ધ્યાન દઈને વાંચી ગયો છું. એમાં અત્યાર સુધી ઠીક ઠીક જાણીતાં થયેલાં (પણ એટલી સારી રીતે ન સમજાયેલાં) અનેક સત્યો સ્પષ્ટતાથી, નિખાલસતાથી, નિર્ભયતાથી ઉત્તમ ભાષામાં રજૂ થયાં છે. આજ સુધી લોકોને ન સમજાયેલાં એ સત્યો હવે આપની અત્યંત વિશ્વાસભરી સત્યનિષ્ઠા વડે પ્રમાણભૂત બનવાને કારણે (ભાષાંતરો દ્વારા) લાખો લોકોને સમજાશે. તેમ છતાં મને લાગે છે કે આ સમસ્યાના કારણનું વધારે ઊંડું નિદાન કરવાની અને એના ઉપાય માટે વધારે આકરુ ઔષધ સૂચવવાની જરૂર છે. એટલે આપે પોતે જ લખેલી પાદટીપને માન આપીને આપનાં કેટલાંક વિધાનો સંબંધમાં થોડાક પ્રશ્નો હું રજૂ કરુ છું અને આશા રાખું છું કે એ મુદ્દાઓની આપ વધુ છણાવટ કરશો.

(૧) પા. ૧૭૬[1] ઉપર આપ લખો છો: "મારો જાતિઅનુભવ એ અભિપ્રાયને દૃઢ કરે છે કે મુસલમાન એક સામાન્ય નિયમ તરીકે ગુંડ હોય છે અને હિંદુ સામાન્યપણે બાયલો હોય છે." શું આ વાત ખરેખર હમેશાં અને બધી જગ્યાએ નિરપવાદ અનુભવાતી હોય છે? જો હમેશાં અથવા માત્ર કોઈક વાર આવો અનુભવ થતો હોય, તો એ પ્રમાણે શા કારણે થાય છે?

આ પ્રશ્નોના પૂરેપૂરા જવાબ આપ્યા વિના હિંદુઓને સલાહ આપવી કે અહિંસક રહીને કે હિંસક બનીને, ગમે તે રીતે બહાદુર બનો, તો એ સલાહ અસરકારક નહીં થાય.

શું આ દેશના મુસલમાનો અને હિંદુઓ બે ભિન્ન જાતિ છે? શું તેઓ બે ભિન્ન વંશોમાંથી ઊતરી આવેલા છે? બિલકુલ નિર્વિવાદ રીતે કહી શકાય કે એવું નથી. નવ્વાણુ ટકા મુસલમાનો હિંદુ પૂર્વજોના વંશજ છે અથવા તેમણે પોતે થોડો સમય પહેલાં જ ધર્મપલટો કર્યો છે.

હિંદુ લડવૈયાઓ, શીખો, ગુરખાઓ, ડોગરાઓ, રજપૂતો, જાટો, વૈશ્યો, મરાઠાઓ, આહીરો, નાયરો, તેલંગાઓ અને રણક્ષેત્રમાં લડાઈ કરવાને બદલે પાલખી ઊંચકનાર કહારો સુધ્ધાં — આ બધાનાં પરાક્રમોનો

૧. આ અને એની પછીના મુદ્દાઓમાં ટાંકેલા પાન નંબર યંગ ઇન્ડિયાના છે.

Gandhi Heritage Portal

વિક્રમ કોઈ પણ મુસલમાન, ખ્રિસ્તી, યુરોપિયન કે બીજી કોઈ પણ કોમના લડવૈયાનાં પરાક્રમના વિક્રમ કરતાં ઊતરતો છે ખરો? આનો જવાબ પણ નિર્વિવાદપણે ફરીથી “ના”માં જ છે.

તો પછી આપના એ વાક્યનો શો અર્થ કરવો કે, “મોટા ભાગના ઝઘડામાં હિંદુઓ જ માર ખાતા હોય છે?” જો ઝઘડા શબ્દનો અર્થ હિંદુસ્તાનમાં થતાં હિંદુમુસ્લિમોનાં “ધાર્મિક” રમખાણો અને અંગત મારામારીઓ એવો સમજવાનો હોય તો અને તો જ આપનું વાક્ય પૂરેપૂરું સાચું ઠરે છે, વાત સાચી ને? એ વાતની પૂરી સ્પષ્ટતા આપના એ પછીના આ વાક્યથી થાય છે: “રેલગાડીઓમાં, રસ્તાઓ પર તેમ જ આવા જે કેટલાક કજિયાઓ પતાવવાની મને તક મળી છે તેમાં બધે મેં આ જોયું છે.” હવે પ્રશ્ન એ છે કે જો બે કોમો વચ્ચે જાતિ કે વંશનો કશો તફાવત નથી, જો બહાદુરી (કે દાદાગીરી, જે ઘણી જુદી વસ્તુ છે) મુસલમાનને વારસામાં મળી નથી અને નામરદાઈ હિંદુને વારસામાં મળી નથી, તો પછી એવું શાથી બને છે કે આવા નાના નાના ઝઘડાઓ અને ધાંધલધમાલ વખતે હિંદુ નામર્દની માફક વર્તાવ કરે છે અને મુસલમાનને બહાદુરી બતાવવા અથવા દાદાગીરી કરવા પ્રેરે છે અને ઉત્તેજિત કરે છે?

આ બે ધર્મોની હાલની દશામાં જ કંઈક એવું હશે જે હિંદુને આવો નામર્દ બનાવે છે અને મુસલમાનને આવો “ગુંડ” બનાવે છે? એવો અડવાઆભડવાનો આ ઘૃણાસ્પદ વ્યવસાય, તથા અમુક જ્ઞાતિ ઊંચી અને અમુક જ્ઞાતિ નીચી એવા વંશપરંપરાથી ઊતરી આવેલા ખ્યાલમાંથી જન્મેલી એકલપેટુ સ્વાર્થાંધતાના તથા મિથ્યાભિમાની, ડોળઘાલુ, અને પોતે માની લીધેલી ધાર્મિકતાનો આ ભયંકર દંભ હિંદુઓની પરસ્પર સહાનુભૂતિ દાખવવાની બધી ભાવનાને કચડી નાખીને આવા ઝઘડાઓ વખતે એક હિંદુને બીજા હિંદુને મદદ કરતાં અટકાવે છે, અને તેથી અસહાયતાની લાગણીને કારણે એકેએક હિંદુને નામર્દ બનાવે છે જ્યારે બધાને સરખા ગણતો મુસલમાનનો ધર્મ તેને મદદ મળવાની ખાતરી આપે છે, “બહાદુર” બનાવે છે એવી શક્યતા છે ખરી?

હિંદુ કોમમાં કહેવાતા દલિત વર્ગના લોકો જ અસ્પૃશ્ય ગણાય છે એવું નથી. એની તમામ જ્ઞાતિઓ, પેટા-જ્ઞાતિઓ અને પેટા-જ્ઞાતિની પણ પેટા-જ્ઞાતિઓ બધી જ વત્તેઓછે અંશે એક કે બીજી બાબતોમાં, એકબીજાને અસ્પૃશ્ય ગણે છે! જે ધર્મ પરસ્પર આભડછેટની અને એ કારણે પરસ્પર ઉપેક્ષા અને અવિશ્વાસની આવી દશામાં આવી પડ્યો હોય એ ધર્મમાં તો નામર્દો જ પાકે જેમને પેલા “ગુંડ” ભરખી જ જાય, અને એ નામર્દો જ આ ગુંડાલોકોને પ્રલોભન ઊભું કરીને અવશ્યપણે જન્મ આપે છે. આજે તો ઇસ્લામ ધર્મ પણ પતિત દશામાં છે. તેમ છતાં કેટલીક બાબતોમાં તે આજના અધોગતિએ પહોંચેલા હિંદુ ધર્મ કરતાં સ્પષ્ટ રીતે ચડિયાતો છે. જો એ ધર્મમાં માત્ર કાપાકાપી ઓછી હોત અને તત્ત્વજ્ઞાન વધારે હોત, તો એ હિંદુ ધર્મનાં કોઈ પણ ઉન્નત સ્વરૂપો જેટલો સારો હોત અને તેનાં નિમ્ન કોટીનાં ઘણાંખરાં સ્વરૂપો કરતાં તો ક્યાંય ચડિયાતો હોત.

(૨) ૧૮૩મા પાન ઉપર આપ લખો છો: “જો હિંદુઓ પોતાનું ઘર રીતસર કરે તો ઇસ્લામ પણ એની પુરાણી ઉદાર પરંપરાઓને છાજે એવી જ ઢબે તેનો જવાબ વાળે એ વિષે મારા મનમાં લેશમાત્ર શંકા નથી. . . . આપણે બીકણપણું અને નામરદાઈ ખંખેરી કાઢીએ.” હિંદુઓએ પોતાનું ઘર રીતસર કેવી રીતે કરવું, નામરદાઈ કેવી રીતે ખંખેરી કાઢવી એ કૃપા કરીને આપ એમને વધારે સ્પષ્ટપણે સમજાવો. આજે હિંદુઓના આચારધર્મને કોરી ખાતો કીડો, એટલે કે પરસ્પર આભડછેડનો આ રિવાજ જ શું એના અધઃપતનનું મૂળ કારણ નથી? મલબારમાં બળજબરીથી મુસલમાન બનાવાયા હોવાનું કહેવાય છે એવા હિંદુઓને ફરીથી હિંદુ બનાવવાની મંજૂરી આપતા વ્યવસ્થાપત્ર (ફતવા) પર સહી કરવાની બનારસના કેટલાયે પંડિતો ના પાડી બેઠા છે! આ હિંદુઓ એમને ઇસ્લામ ધર્મનો સ્પર્શ થયો એટલે તેઓ કાયમને માટે હિંદુ મટી ગયા!

જો મારા પાડોશીને ઘેર એવો એક નોકર હોય જેની મારે પોતાને બહુ જરૂર હોય, અને જો મારા અડવા માત્રથી એ મારા પાડોશીની વધુ સેવા કરવા માટે તદ્દન નકામો બની જતો હોય, અને એ રીતે મારી સેવા માટે ઉપલબ્ધ થઈ શકતો હોય, તો હું એને શા માટે ન અડું? એને અડીને અભડાવવાનું મને જરૂર દરેક જાતનું પ્રલોભન થાય. હિંદુઓ અને મુસલમાનો વચ્ચે જે પ્રકારના ટંટાફિસાદ થાય છે તેવા ટંટાફિસાદ ખ્રિસ્તીઓ અને મુસલમાનો વચ્ચે શાથી થતા નથી? ખ્રિસ્તીઓ તો મુસલમાનો

Gandhi Heritage Portal

તેમ જ હિંદુઓ બંને કોમોના લોકોને ધર્મપલટો કરાવે છે, તેમ છતાં હિંદુઓના શુદ્ધિ અને સંગઠનના વિધિથી મુસલમાનો જેટલા ગુસ્સે થાય છે તેટલા ખ્રિસ્તી ધર્મપલટાથી થતા નથી. આનું શું કારણ છે? પાન ૧૮૦ ઉપર આપે લખ્યું છે તે ખરું છે કે મુસલમાનોના ગુસ્સાનું કારણ શુદ્ધિ અને સંગઠન કરવાની રીત છે. તે વખતે ઢોલ-શરણાઈઓ વગાડી હિંદુત્વનું પ્રદર્શન કરવામાં આવે છે તે એ લોકોને ખૂંચે છે. જો હિંદુઓમાં અને ખાસ કરીને એમના ધર્માચાર્યોમાં સહેજ જ વધારે સમજશક્તિ હોય, વધારે પ્રામાણિક વ્યવહારુ બુદ્ધિ હોય, ધાર્મિકતાનો જરા ઓછો દંભ હોય અને પોતાનો જ વિનાશ લાવનારી શઠતા ઓછી હોય, તો તેમણે માત્ર એટલું જ જાહેર કરવાની જરૂર છે કે જે કોઈ વ્યક્તિ પોતાને હિંદુ કહેવડાવવા ઇચ્છતી હોય તે તેમ કરી શકે છે અને ખાનપાન, સ્વભાવ અને રહેણીકરણીની બાબતમાં જેની અંગત આદતો પોતાના જેવી હોય તેવા બીજા કોઈ પણ હિંદુ સાથે ભોજન લઈ શકે છે, એટલે પછી બધા ઝગડા તરત જ બંધ થઈ જશે. માત્ર અડવાથી જ અભડાઈ જતી (અને છતાં એટલી નમાલી અને કાયર કે પોતાના સ્પર્શથી બીજાને પાવન કરવાને બદલે બીજા કોઈના સ્પર્શ માત્રથી જ ખલાસ થઈ જતી) પવિત્રતાની માથું ફેરવી નાખે એવી આ તુમાખી જો હિંદુઓ છોડી દે તો મરજી હોય કે ન હોય તોપણ હિંદુઓને મુસલમાન બનાવવા માટે મુસલમાનો પાસે કશું પ્રલોભન કે–કશું ઝનૂન બાકી રહેશે નહીં. હિંદુઓ અને મુસલમાનો એકબીજાની સાથે બંધન વિનાના અને ભાઈચારાની ભાવનાવાળા મનુષ્યોની પેઠે વર્તવા માંડશે. એમને સમજાશે, અથવા કંઈ નહીં તો અનુભવ થશે કે માણસો તરીકે બધા સરખા છે. પોતે મનુષ્ય પ્રથમ અને હિંદુ કે મુસલમાન તે પછી છે. માણસો તરીકે સરખા એટલે જેમ કપડાં પહેરવા અને બદલવાની સૌને છૂટ છે તે જ રીતે પોતાની મરજી પડે ત્યારે હિંદુ, મુસલમાન, ખ્રિસ્તી વગેરે ધર્મસંજ્ઞાઓ ધારણ કરવાની કે કાઢી નાખવાની સૌને સરખી છૂટ છે. તેમ છતાં સૌને સમાન એવો પિતા સ્વર્ગમાં બેઠેલો હોવાથી સૌ એકબીજા સામેના વ્યવહારમાં સગા ભાઈઓ પેઠે નેકીથી અને ઈમાનદારીથી વર્તવા બંધાયેલા છે, આટલું સમજાશે એટલે તદ્દન નજીવાં કારણોસર એકબીજાનાં માથાં ભાંગવાનો વિચાર એમને આવશે નહીં.

અને આવી જાહેરાત નહીં કરવા માટે હિંદુઓ પાસે પૂરતું હોય એવું એકે કારણ નથી. "શુદ્ધિ" કે "પવિત્રતા"માં ખાવું, પીવું અને લગ્ન કરવું એટલી બાબતોને મુખ્ય ગણવામાં આવે છે, અને એમાં શુદ્ધ વિચારો ઉમેરતાં એ મુખ્ય ગણાય છે પણ ખરી. દારૂ પીવાની બાબતમાં હિંદુ ધર્મ કરતાં ઇસ્લામ ધર્મ વધારે "પવિત્ર" છે, કેમ કે એ ધર્મમાં માદક દારૂ પીવાની સિદ્ધાંતથી મનાઈ છે, જ્યારે હિંદુ ધર્મ માદક પીણાંને વખોડતો હોવા છતાં એની ચુસ્ત રીતે મનાઈ કરતો નથી. ખોરાકની બાબતમાં બંને કોમો માંસ, મચ્છી અને મરઘી ખાય છે. ફેર એટલો છે કે મુસલમાનો ગોમાંસ ખાય છે અને ડુક્કરનું માંસ ખાતા નથી, ત્યારે હિંદુઓ ડુક્કરનું માંસ ખાય છે પણ ગોમાંસ ખાતા નથી. ખ્રિસ્તીઓ તટસ્થપણે ગાય અને ડુક્કર બંનેનું માંસ ખાય છે. અને દારૂ પણ પીએ છે. લગ્નની બાબતમાં હિંદુઓ અને મુસલમાનો બંનેમાં સિદ્ધાંતથી અને કેટલેક અંશે વ્યવહારમાં પણ એક કરતાં વધુ પત્નીઓ કરવાની છૂટ છે. તો પછી અડવા માત્રથી ધર્મ નષ્ટ થઈ જાય અથવા છેવટે નાહવું તો પડે જ એવા પ્રકારનો બે કોમો વચ્ચે હદપારનો અસહકાર શા માટે હોવો જોઈએ?

આ બાબતો વિષે મારા વહાલા સાહેબ, આપ આપના વિચારોની સ્પષ્ટ જાહેરાત કરો અને અવારનવાર એનું પુનરુચ્ચારણ કરતા રહો એ હિંદુઓ માટે અત્યંત જરૂરી છે એમ મને લાગે છે.

(૩) પાન ૧૭૭ ઉપર આપ લખો છો: "આપણે બીજ વાવ્યાં અને ગુંડાઓએ લણણી કરી." બી આપણે કેવી રીતે કયે રસ્તે અને શા માટે વાવ્યું? બંને કોમોના આબરૂદાર લોકો "મુખમેં રામ ઔર બગલમેં છૂરી" જેવો પાખંડી વર્તાવ શા માટે રાખી રહ્યા છે? તેઓ ખરા દિલથી શાંતિ માટે પ્રયાસ કેમ કરતા નથી? શું એનું કારણ એ છે કે એમના સ્વભાવમાં જ નર્યો દુરાગ્રહ છે, કે પછી એકબીજાને તથા બંનેના સમાન ઉદ્દેશને સમજવાની એમને પ્રેરણા આપવા પૂરતો પ્રયત્ન થયો નથી?

(૪) પાન ૧૭૭ ઉપર આપે લખ્યું છે: "હિંદુમુસલમાન વિખવાદનું બીજું સબળ કારણ છે આપણા સારામાં સારા લોકોમાં પણ સામી કોમને વિષે દિનપ્રતિદિન વધતો જતો અણવિશ્વાસ." થોડો પણ અવિશ્વાસ હોવો શા માટે જોઈએ? અને તે વધે છે શા માટે? આનું કારણ કદાચ એ ન હોય કે સ્વરાજ

Gandhi Heritage Portal

અને ધર્મ એ બે શબ્દોના અર્થ સ્પષ્ટતાથી સમજાયા નથી; આ બે અત્યંત મહત્ત્વના અને પરસ્પરાવલંબી શબ્દોના અર્થ બાબતમાં એકમત નથી; અને "અમારે સ્વરાજ જોઈએ છે, અમારે ઈશ્વરનો સાક્ષાત્કાર કરવો છે" એવું બધા લોકો મોઢેથી બોલતા હોવા છતાં આ મહત્ત્વની બાબતમાં તમામ કાર્યકરો વચ્ચે સુમેળ સાધવા કશો પ્રયત્ન કરવામાં આવ્યો નથી?

(૫) પાન ૧૭૯ ઉપર આપ લખો છો: "આપણે એકબીજામાંના અનુકૂળ ખવાસ ઉપર ... શ્રદ્ધા ટકાવી રાખી ને" આનો આપ શો અર્થ કરો છો? મેળ એટલે બે વ્યક્તિઓ વચ્ચેનો વ્યક્તિ તરીકેનો મેળ? સ્વભાવ, રુચિ અને રહેણીકરણીનો મેળ? અંગત મૈત્રી સ્થાપવા માટેનો મેળ? કે સામાજિક સુખસગવડો મેળવવા માટે કોમ-કોમ વચ્ચેનો મેળ? કે રાજકીય સંગઠન સાધવા માટે રાજકીય પક્ષો વચ્ચેનો મેળ? કે પછી ધર્મ-ધર્મ વચ્ચે ખરેખરા, દૃઢ-મૂળ, અને કાયમી સંપ – સહકાર સાધવા માટેનો મેળ?

(૬) પાન ૧૮૨ ઉપર આપે વિવિધ રાજકીય પ્રશ્નોના ઉકેલ માટે "હકીમસાહેબ અજમલખાનજી જેવાના હાથમાં કલમ" સોંપી દેવાની વાત કરી છે. આપ આ બાબતમાં બીજા કોઈનું નહીં ને એમનું નામ શા માટે આગળ કરો છો? આનું કારણ એ નથી કે આપ જાણો છો અથવા કંઈ નહીં તો આપને એમ લાગે છે (અમારામાંના કેટલાક બીજાઓને પણ એમ જ લાગ્યું છે) કે તેઓ ઇનસાન પ્રથમ છે અને મુસલમાન પછી છે; તેઓ જાતે ભલા, ન્યાયી અને પરોપકારી માણસ છે અને (કદાચ એ કારણે કે તેઓ) ધર્માંધ નથી. ન કરે નારાયણ ને તેઓ અપંગ બની જાય, તો તેમના નામની જગાએ આપ બીજાં અનેક નામો સૂચવી શકશો? અને આ રાજકીય પ્રશ્નોનો ઉકેલ લાવવા માટે કેવળ આપનાથી જ બીજે નંબરે બંને કોમોનો વિશ્વાસ ધરાવનાર છતાં નાજુક અને નબળી તબિયતવાળા એક જ માનવીને આખું કામ સોંપવાની આ અત્યંત જોખમભરેલી રીત કરતાં બીજી કોઈ વધારે સલામત અને વધારે સાબૂત રીત મળે એમ નથી? શું આવાં વિશ્વાસુ અને કાર્યક્ષમ સ્ત્રીપુરુષોની એક સંસ્થા ન સ્થાપી શકાય? દા. ત., લોકોની પાર્લમેન્ટ, લોકોની ધારાસભા, લોકોની લવાદ પંચાયત, લોકોની સર્વોચ્ચ અખિલ હિંદ પંચાયત ન સ્થાપી શકાય? પછી એમાં નવા નવા સભ્યોની ભરતી કરતા રહી એમની સભ્યસંખ્યા અમુક વાજબી આંકડા પર ચાલુ રાખી શકાય એવું કંઈક કરવાનો કોઈ માર્ગ જ નથી?

(૭) પાન ૧૮૨ ઉપર આપે લખ્યું છે: "હિંદુમુસલમાન એકતાનો જ અર્થ સ્વરાજ છે. આ દુઃખી દેશમાં હિંદુમુસલમાન વચ્ચે કાયમની એકદિલી થયા વગર કશું સુફળ મેળવવાનો સંભવ મને તો દેખાતો નથી." અને બીજા બધા પણ એ જ વાત કહે છે. પણ આ એકતા આપણે સાધવી કેવી રીતે? બંને કોમોને માત્ર આટલું કહ્યા કરીને કે: સંપી જાઓ સંપી જાઓ, લડશો નહીં લડશો નહીં, હિંદુઓ, તમે ગોવધની તકરારમાં પડશો નહીં, અને મુસલમાનો તમે વાજાંની તકરાર ઉઠાવશો નહીં: આવો ઉપદેશ તો રાતદિવસ અપાયા જ કરે છે, તેમ છતાં તેઓ સંપ કરવાની ના પાડે છે, ઝઘડા કર્યા જ કરે છે, અને પહેલાંનાં કરતાં પણ આજે વધારે તકરારો ઉઠાવ્યા જ કરે છે. આનું કારણ શું? આપને એમ નથી લાગતું કે "એકબીજામાંના અનુકૂળ ખવાસ," અથવા કહો કે "તમામ ધર્મોમાં રહેલાં સમાન તત્ત્વો," વધારે વિગતથી, વધારે મહેનત લઈને, વારંવાર જાહેર કરતા રહેવાથી ઘણું વધારે અસરકારક પરિણામ લાવી શકાશે?

હું છું પ્રિય મહાશય,
આપનો સહૃદયી
**ભગવાનદાસ**

[મૂળ અંગ્રેજી]
યંગ ઇન્ડિયા, ૧૯-૬-૧૯૨૪

Gandhi Heritage Portal

# પરિશિષ્ટ ૪

## મોતીલાલ નેહરુના પત્રો

ક

"સુનીતા,"
રિજ રોડ,
મલબાર હિલ,
જુલાઈ ૨૫, ૧૯૨૪

પ્રિય મહાત્માજી,

મૌલાના મહમદઅલી થોડા વખત ઉપર અલ્લાહાબાદ આવ્યા હતા, ત્યારે મેં એમને લેખી ઉત્તરો આપવાની વિનંતી સાથે આપેલા પ્રશ્નોની નકલ હું આ સાથે બીડું છું. તેઓ અમારે ઘેર ઊતર્યા હતા અને એ પ્રશ્નો એમને અપાયા પછી એક આખો દિવસ અલ્લાહાબાદમાં રહ્યા હતા. મારે ઘેરથી નીકળતી વખતે મેં એમને આ પ્રશ્નોની યાદ આપી, તો એમણે એટલું જ કહ્યું કે આમાં કંઈક ગેરસમજ થાય છે માટે વધારે જાણવું હોય તો મૌલવી રફીઅહમદને પૂછજો. આ ગૃહસ્થ બાજુમાં જ ઊભા હતા, એટલે તેમણે તરત જ વાંધો ઉઠાવી કહ્યું કે આમાં હું કશું જાણતો નથી, પણ આ સાંભળીને મૌલાના કશુંક મજાકમાં બોલીને તરત જ ચાલતા થયા. એ પછી મેં જવાહરલાલને પૂછ્યું કે મૌલાના સાહેબ આ પ્રશ્નોના જવાબ આપવા માગે છે કે નહીં તે વિષે તું જાણે છે? તો એણે કહ્યું કે મને કશી ખબર નથી. અલબત્ત, આ કે બીજા કોઈ પ્રશ્નોના મૌલાના સાહેબ જે જવાબ આપે તેની સામે કશો વાંધો નથી, પણ સ્પષ્ટ જવાબો નહીં મળતાં મારે તો મારો પોતાનો અર્થ કાઢવાનો રહે અને તે સાચો હોય કે ન પણ હોય.

હું એટલું જણાવી દઉં કે ત્રીજા અને ચોથા પ્રશ્નમાં ઉલ્લેખેલી હકીકતો વિશ્વાસપાત્ર પુરાવાઓ વડે સાચી હોવાની મને ખાતરી થઈ છે. આપ એ બાબતમાં શું માનો છો તે જાણવાની મારી ખૂબ જ ઇંતેજારી છે. બાકીના પ્રશ્નો બાબતમાં પણ જો હું આપના વિચારો જાણી શકું તો મારે કેવાં પગલાં ભરવાં તેનો વિચાર કરવામાં મને ઘણી મદદ થાય.

હું ચારપાંચ દિવસ મુંબઈમાં હોઈશ. આપ અહીં ક્યારે આવનાર છો તે કૃપા કરીને મને જણવશો?

સાદર,

આપનો સહૃદયી
**મોતીલાલ નેહરુ**

હિંદી રાષ્ટ્રીય કોંગ્રેસના પ્રમુખ મૌલાના મહમદઅલીને પંડિત મોતીલાલ નેહરુએ જવાબો મેળવવાના હેતુથી આપેલા પ્રશ્નો.[1]

પ્રશ્નો:

૧. અમદાવાદમાં ભરાયેલી અખિલ હિંદ કોંગ્રેસ સમિતિએ તેની છેલ્લી બેઠકમાં પસાર કરેલા ઠરાવોનો, દિલ્હી અને કોકોનાડામાં ભરાયેલી કોંગ્રેસે પસાર કરેલા એ જ બાબતને લગતા ઠરાવો ધ્યાનમાં રાખીને, આપ એવો અર્થ કરો છો કે ધારાસભાપ્રવેશની વિરુદ્ધમાં દેશવ્યાપી સક્રિય પ્રચાર કરવાની નાફેરવાદીઓને છૂટ છે?

૨. જો આપ એવો અર્થ કરતા હો, તો એ પ્રચારની વિરુદ્ધમાં સામો પ્રચાર કરવાની સ્વરાજ્યવાદીઓને પણ એટલી જ છૂટ છે એવું આપ કબૂલ રાખો છો?

૧. ગાંધીજીને આપવામાં આવેલી આ પ્રશ્નોની નકલમાં ગાંધીજીએ પ્રશ્નો ૧, ૨, ૫, ૬ અને ૭ના જવાબો લખ્યા હતા.

Gandhi Heritage Portal

૩. શું એ સાચું છે કે આપે અને મૌલાના શૌકતઅલીએ ધારાસભાપ્રવેશની વિરુદ્ધમાં સક્રિય પ્રચાર શરૂ કરી દીધો છે, અને ધારાસભાઓના સ્વરાજવાદી સભ્યોને બહાર નીકળી આવવાનું સમજાવવા માટે લખનૌમાં આપની લાગવગનો ઉપયોગ કરવાનો પ્રયત્ન સુદ્ધાં કર્યો છે?

૪. શું એ વાત સાચી છે કે આપે અથવા મૌલાના શૌકતઅલીએ અથવા બંનેએ સ્વરાજ્યવાદીઓને તથા અન્ય કૉંગ્રેસીઓને એમ કહ્યું છે કે ખરો મુદ્દો એ છે કે નેતા તરીકે તમે મહાત્મા ગાંધીને સ્વીકારશો કે મોતીલાલ નેહરુને?

૫. આગામી કૉંગ્રેસનો ચુકાદો મેળવવા માટે નીચેના મુદ્દા ઉપર બહુમતી મેળવવા આપ કામ કરી રહ્યા છો?

(૧) સામાન્ય રીતે મહાત્મા ગાંધી કૉંગ્રેસ સમક્ષ જે કંઈ ઠરાવો રજૂ કરે તેની તરફેણમાં?

(૨) ખાસ કરીને

(क) દિલ્હી અને કોકોનાડાનાં અધિવેશનોમાં ધારાસભાપ્રવેશ સંબંધમાં પસાર થયેલા સમાધાનના ઠરાવો રદ કરાવવા.

(ख) અખિલ હિંદ કૉંગ્રેસ સમિતિએ અમદાવાદમાં પસાર કરેલા હાથકાંતણ સંબંધી ઠરાવમાં શિક્ષા સંબંધી કલમ ફરીથી દાખલ કરાવવા અને

(ग) અખિલ હિંદ કૉંગ્રેસ સમિતિમાંથી તથા વિવિધ પ્રાંતિક, જિલ્લા અને તાલુકા કૉંગ્રેસ સમિતિઓમાંથી તમામ સ્વરાજવાદીઓને બાકાત રખાવવા.

૬. ઉપરના પ્રશ્નના કોઈ પણ ભાગનો આપનો જવાબ જો "હા" હોય તો વિરુદ્ધ પ્રચાર કરવાની સ્વરાજવાદીઓને છૂટ છે એ વાત આપ મંજૂર રાખો છો?

૭. (क) આપ એ હકીકત સ્વીકારો છો કે અખિલ હિંદ કૉંગ્રેસ સમિતિ અને વિવિધ પ્રાંતિક, જિલ્લા અને તાલુકા સમિતિઓ સામાન્ય વાતચીતમાં કૉંગ્રેસની કારોબારી કહેવાતી હોવા છતાં વાસ્તવમાં સેંકડો સભ્યોની બનેલી ચર્ચાવિચારણા કરનારી સંસ્થાઓ છે અને તદ્દન અમલી કામકાજ કરવા માટે એ દરેકને પોતાની નાની કારોબારી સમિતિ હોય છે?

(ख) જો આપ ઉપરની હકીકત સ્વીકારતા હો, તો આપનો ઇરાદો સ્વરાજવાદીઓને કેન્દ્રીય અને પ્રાંતીય સંસ્થાઓની કેવળ વાસ્તવિક નાની કારોબારી સમિતિઓમાંથી જ બાકાત રાખવાનો છે કે ઉપર દર્શાવેલી ચર્ચાવિચારણા કરનારી વધારે મોટી સંસ્થાઓમાંથી પણ બાકાત રાખવાનો છે? આ પ્રશ્નો મૌલાના મહમદઅલીને અલ્લાહાબાદમાં તા. ૧૮-૭-૧૯૨૪ના રોજ આપવામાં આવ્યા.

**મો. લા. ને.**

[મૂળ અંગ્રેજી]

ટાઇપ કરેલી નકલની છબી પરથી: એસ. એન. ૯૦૦૨

**(ખ)**

"સુનીતા,"
રિજ રોડ,
મલબાર હિલ,
જુલાઈ ૨૮, ૧૯૨૪

પ્રિય મહાત્માજી,

મૌલાના મહમદઅલીને મેં પૂછેલા કેટલાક પ્રશ્નોના જવાબો આપતો આપનો પત્ર મળ્યો. તે બદલ આભાર.

એ પ્રશ્નોની નકલ સાથે આપને મારો છેલ્લો પત્ર રવાના કર્યા પછી છાપામાં મેં વાંચ્યું કે આપનું વજન સારા પ્રમાણમાં ઘટી ગયું છે અને આપને માથાનો દુઃખાવો રહે છે તથા અવારનવાર તાવ આવે છે. આપના સ્વાસ્થ્યની આવી હાલતમાં એ પ્રશ્નો મેં આપને મોકલ્યા તે માટે કૃપા કરીને મને ક્ષમા કરશો. પત્ર લખતાં પહેલાં જો મેં છાપાં વાંચ્યાં હોત તો એ પ્રશ્નો મેં આપને મોકલ્યા ન હોત.

Gandhi Heritage Portal

હાલમાં મને આપની તબિયતની ઘણી જ ચિંતા થાય છે. સૌથી પહેલું દેખીતી રીતે જ એ કરવું જોઈએ કે તમામ કામ એકદમ બંધ કરી દઈ સંપૂર્ણ આરામ લેવો જોઈએ. પણ કમનસીબી એ છે કે આપ એ કામ કરવાના નથી. બધા મહાપુરુષોને એમની પોતાની નિર્બળતાઓ હોય છે અને કેટલીક વાર એ નિર્બળતાઓ સામાન્ય માનવીની નિર્બળતાઓ કરતાં મોટી હોય છે. ખાસ કરીને એ પોતાની જાતની સંભાળ લેવા બાબતમાં હોય છે. આપે ઉપાડેલું કામ કરવા જેટલી શક્તિ આપના શરીરમાં નથી એ વાત આપ સ્વીકારો છો, તેમ છતાં એ શક્તિ પાછી લાવવા માટે જે એક ચીજ (આરામ) કરવાની જરૂર છે એમ સૌ કોઈ સ્વીકારે છે અને આપ પણ સ્વીકારો છો તે ચીજ આપ કરવાના નહીં! આને દેશનું કમનસીબ જ કહેવું જોઈએ. એ સિવાય બીજો કોઈ શબ્દ મને જડતો નથી.

આપને ખોટું લાગે તો ભલે લાગે. પણ હું તો આપને ચોખ્ખેચોખ્ખું સંભળાવીશ. આપ એટલું સમજી લો કે અત્યારે આપ જે પ્રકારનું કામ કરી રહ્યા છો તેની કશી ઉતાવળ નથી. એ કામ બિલકુલ ન થાય અને એને બદલે એક કે બે મહિનામાં પણ અમારા ગાંધીની તબિયત સુધરી જાય અને તેઓ સશક્ત થઈ જાય તો દેશને તેથી કશું નુકસાન થવાનું નથી. મારું ચાલે તો થોડા વખત માટે હું આપને હિંદુસ્તાન સાથેના તમામ વ્યવહારથી અલગ પાડી દઉં અને દરિયાની એવી લાંબી સફરે મોકલી આપું કે છ અઠવાડિયાં સુધી આપને કિનારો જ જોવા મળે નહીં. આપ બીજું કંઈ ન કરો તો સિલોન જોવાને બહાને એક સફર ખેડી શકો. ત્યાં આપની આજુબાજુનું આખું વાતાવરણ બદલાઈ જશે. આપ બહાર હો તે દરમ્યાન આપની ટપાલ આશ્રમમાં જ પડી રહેવી જોઈએ. પણ આવા સૂરમાં લખ્યા કરવાનો કશો અર્થ નથી. મને દહેશત છે કે આપની આગળ મારું કશું ચાલે એમ નથી. એટલે નસીબમાં લખ્યું હશે તે થશે એવી લાચારીથી હાથ જોડીને બેસી રહેવા સિવાય અમારાથી બીજું કંઈ થઈ શકે તેમ નથી. પરંતુ એક વાતનો મેં નિર્ણય કરી લીધો છે. તે એ છે કે આપ જે આત્મવિલોપન કરી રહ્યા છો તેમાં ભાગ લેવાનો અપરાધ હું નહીં કરું. એટલે કે જ્યાં સુધી આપની તબિયત ખૂબ જ સુધરી ન જાય ત્યાં સુધી ગમે તેટલા તાકીદના કોઈ પણ કામ માટે વધુ પત્ર લખીને કે ચર્ચા કરીને આપને હેરાન કરીશ નહીં.

આપનું પોસ્ટકાર્ડ[1] અલ્લાહાબાદ પડી રહ્યું હશે તે હું ત્યાં જઈશ ત્યારે વાંચી શકીશ. હું પરમ દિવસે રાત્રે અલ્લાહાબાદ જઈશ. હું સહેજ પણ ઉપયોગી થઈ શકું એવું મને લાગ્યું હોત તો એક દિવસ માટે હું સાબરમતી દોડી આવ્યો હોત. પણ મારા આવવાથી કશો લાભ થાય એવી મને આશા નથી, તેથી એ વિચાર મેં માંડી વાળ્યો છે. તેમ છતાં હું આપને એક પ્રશ્ન પૂછું છું. અલ્લાહાબાદથી પાંચેક માઈલ દૂર ગંગાકિનારે મારા એક મિત્રની વાડી છે. તેનો મરજી મુજબ ઉપયોગ કરવાની મને છૂટ છે. તો આપ થોડાં અઠવાડિયાં ત્યાં રહો એમ જો હું આપને સૂચવું તો આપ મને ગાંડો કહીને હસી નહીં કાઢો ને? આપની તબિયત સુધારવા માટે દરિયાની સફરે ન જવું હોય તો એનો આ જ એક વિકલ્પ મને સૂઝે છે.

આપનો સહૃદયી

**મોતીલાલ નેહરુ**

[મૂળ અંગ્રેજી]

હસ્તલિખિત નકલની છબી પરથી: એસ. એન. ૯૦૦૪

૧. આ પોસ્ટકાર્ડ મળતું નથી.

Gandhi Heritage Portal

# આધારરૂપ સાહિત્ય

**अमृतबझार पत्रिका** : કલકત્તાનું અંગ્રેજી અખબાર, જે પ્રથમ ૧૮૬૮માં બંગાળી સાપ્તાહિક તરીકે પ્રસિદ્ધ થયું હતું. ૧૮૯૧થી એ દૈનિક બન્યું છે.

**इन ध शेडो ऑफ ध महात्मा** : જી. ડી. બિરલા, ઓરિયેન્ટ લૉન્ગમૅન્સ લિમિટેડ, કલકત્તા, ૧૯૫૩.

**ગાંધી સ્મારક સંગ્રહાલય, નવી દિલ્હી** : ગાંધી સાહિત્ય તથા તે સંબંધી દસ્તાવેજોનું કેન્દ્રસ્થ સંગ્રહસ્થાન તથા પુસ્તકાલય. જુઓ પુસ્તક ૧, પા. ૨૭૧.

**गुजराती** : મુંબઈથી પ્રસિદ્ધ થતું ગુજરાતી સાપ્તાહિક.

**टाइम्स ऑफ इन्डिया** : ૧૮૮૩થી મુંબઈથી પ્રસિદ્ધ થતું અંગ્રેજી દૈનિક; પાછળથી તે દિલ્હી અને અમદાવાદથી પણ પ્રસિદ્ધ થવા માંડયું છે.

**नरसिंहरावनी रोजनीशी** (ગુજરાતી) : નરસિંહરાવ ભોળાનાથ દિવેટિયા, ગૂજરાત વિદ્યાસભા, અમદાવાદ.

**नवजीवन** (૧૯૧૯–૩૧) : ગાંધીજીના તંત્રીપદે અમદાવાદથી પ્રસિદ્ધ થતું ગુજરાતી સાપ્તાહિક. (જે કોઈ કોઈ વાર અઠવાડિયામાં બે વાર પણ નીકળતું) તે નવજીવન અને સત્ય (૧૯૧૫–૧૯) નામના ગુજરાતી માસિકનું રૂપાંતર હતું અને તેનો પહેલો અંક ૧૯૧૯ના સપ્ટેમ્બરની ૭મીએ પ્રસિદ્ધ થયો હતો. ૧૯૨૧ના ઑગસ્ટની ૧૯મીથી એની હિંદી આવૃત્તિ પણ પ્રસિદ્ધ થવા લાગી હતી.

**बापुना पत्रो–४ : मणिबहेन पटेलने** (ગુજરાતી) : સંપાદક : મણિબહેન પટેલ, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, ૧૯૫૭.

**बापुनी प्रसादी** (ગુજરાતી) : મથુરાદાસ ત્રિકમજી, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, ૧૯૪૮

**बॉम्बे क्रॉनिकल** : મુંબઈથી પ્રસિદ્ધ થતું અંગ્રેજી દૈનિક.

**મહાદેવ દેસાઈની હસ્તલિખિત ડાયરી** : સ્વરાજ્ય આશ્રમ, બારડોલીમાં રાખેલી.

**यंग इन्डिया** (૧૯૧૮–૩૧) : મુંબઈમાં જમનાદાસ દ્વારકાદાસે શરૂ કરેલું સાપ્તાહિક; ૧૯૧૯ના મેની ૭મીથી એ અર્ધસાપ્તાહિક બન્યું; એના ઉપર ગાંધીજીની દેખરેખ રહેતી. ઑક્ટોબર ૧૯૧૯થી એ અમદાવાદથી ગાંધીજીના તંત્રીપદેથી સાપ્તાહિક તરીકે પ્રસિદ્ધ થવા લાગ્યું.

**लाला लजपतराय : जीवनी** (હિંદી) : સંપાદક : અલગુરાઈ શાસ્ત્રી, લોકસેવક મંડળ, નવી દિલ્હી, ૧૯૫૭.

**लीडर** : અલ્લાહાબાદથી પ્રસિદ્ધ થતું અંગ્રેજી દૈનિક.

**ध वॉइस ऑफ फ्रीडम** : સંપાદકો : કે. એમ. પણિક્કર અને એ. પરશાદ.

**સાબરમતી સંગ્રહાલય** : પુસ્તકાલય તથા લેખોનો સંગ્રહ, જેમાં ગાંધીજીના દક્ષિણ આફ્રિકાના સમયના તથા ૧૯૩૩ સુધીના ભારતીય સમયના કાગળો રાખવામાં આવ્યા છે. જુઓ પુસ્તક ૧, પાનું ૨૭૧.

**ध स्टोरी ऑफ माय लाईफ**, પુસ્તક ૨ : એમ. આર. જયકર, એશિયા પબ્લિશિંગ હાઉસ, મુંબઈ, ૧૯૫૯.

**हिन्दु** : મદ્રાસથી પ્રસિદ્ધ થતું અંગ્રેજી અખબાર; ૧૮૭૮માં સાપ્તાહિક તરીકે શરૂ થયેલું; ૧૮૮૩થી ત્રિ-સાપ્તાહિક થયું અને ૧૮૮૯થી દૈનિક થયું.

Gandhi Heritage Portal

# તારીખવાર વૃત્તાંત

## (મે ૮, ૧૯૨૪ — ઑગસ્ટ ૧૫, ૧૯૨૪)

મે ૧૬ : ગાંધીજીએ વાઇકોમ સત્યાગ્રહ સમિતિના પ્રતિનિધિઓ સાથે ચર્ચા કરી.

મે ૧૭ : વાઇકોમ સત્યાગ્રહ વિષે ચર્ચાઓ ચાલુ રહી. વાઇકોમ સત્યાગ્રહ તથા ધારાસભાપ્રવેશ વિષે હિન્દુને મુલાકાત આપી.

મે ૧૮ : જેલમાંથી છૂટયા પછી પહેલી વાર જાહેરમાં દેખા દીધી : મુંબઈમાં બુદ્ધ જયંતી સમારંભમાં પ્રમુખ બન્યા.

મે ૨૦ : વાઇકોમ સત્યાગ્રહ સમિતિના પ્રતિનિધિઓ સાથેની ચર્ચાઓ પૂરી થઈ.

મે ૨૨ : ગાંધીજી અને સ્વરાજ પક્ષના નેતાઓએ ધારાસભાપ્રવેશ અંગે અલગ અલગ નિવેદનો બહાર પાડયાં.

મે ૨૮ : ગાંધીજી મુંબઈથી અમદાવાદ જવા નીકળ્યા.

મે ૨૯ : ૨૬ મહિના બહાર રહ્યા પછી સત્યાગ્રહ આશ્રમમાં પાછા આવ્યા.

યંગ ઇન્ડિયાના લેખમાં હિંદુમુસ્લિમ તંગદિલીનું પૃથક્કરણ કરી એનાં કારણો અને ઉપાય બતાવ્યાં.

મે ૩૦ : હિંદુમુસ્લિમ પ્રશ્ન વિષે નાગપુરના સ્વાતંત્ર્ય અખબારને મુલાકાત આપી.

મે ૩૧ : ઍસોસિયેટેડ પ્રેસ ઑફ ઇન્ડિયાને મુલાકાત આપી.

જૂન ૩ : સ્વાતંત્ર્યને આપેલી મુલાકાતમાં અહિંસાની આચારસંહિતા અને નાગપુરમાં થયેલા કોમી ઝઘડાની ચર્ચા કરી.

જૂન ૫ : ટાઇમ્સ ઑફ ઇન્ડિયાને આપેલી મુલાકાતમાં ગોપીનાથ સહા વિષેના બંગાળ પ્રાંતીય પરિષદના ઠરાવ ઉપર પોતાનો અભિપ્રાય આપ્યો.

ઓડવાયર—નાયર કેસમાં સર માઇકલ ઓડવાયરને ખર્ચ સાથે નુકસાની અપાઈ.

જૂન ૮ : સ્વરાજવાદીઓનો કાર્યક્રમ, હિંદુમુસ્લિમ તંગદિલી અને અખિલ હિંદ કૉંગ્રેસ સમિતિનું આગામી અધિવેશન — એ વિષયો પર હિન્દુને મુલાકાત આપી.

જૂન ૧૦ : ગૂજરાત વિદ્યાપીઠમાં સત્રાંત પ્રવચન આપ્યું.

જૂન ૧૧ : સૌરાષ્ટ્ર રજપૂત પરિષદને સંદેશો પાઠવ્યો.

જૂન ૧૯ : મહાસમિતિની બેઠકમાં રજૂ કરવા ધારેલા ચાર ઠરાવો યંગ ઇન્ડિયામાં પ્રસિદ્ધ કર્યા.

જૂન ૨૪ : ઍસોસિયેટેડ પ્રેસ ઑફ ઇન્ડિયાને મુલાકાત આપી.

જૂન ૨૭ : મહાસમિતિના અમદાવાદ અધિવેશનમાં પોતાના ચાર ઠરાવોમાંનો પહેલો ઠરાવ રજૂ કર્યો.

જૂન ૨૮ : મહાસમિતિની બેઠકમાં બીજે દિવસે ભાષણ કર્યું.

જૂન ૨૯ : મહાસમિતિમાં પોતાનો બીજો અને ત્રીજો ઠરાવ રજૂ કર્યો.

Gandhi Heritage Portal

જૂન ૩૦ : મહાસમિતિની બેઠક પૂરી થયા પછી અવિધિસરની સભામાં ભાષણ કર્યું.

જુલાઈ ૧ : ઍસોસિયેટેડ પ્રેસ ઑફ ઇન્ડિયાને આપેલી મુલાકાતમાં મહાસમિતિની પોતાના ઉપર પડેલી છાપ વિષે કહ્યું.

10184

જુલાઈ ૩ : યંગ ઇન્ડિયામાં મહાસમિતિની કાર્યવાહીનું સિંહાવલોકન કર્યું.

જુલાઈ ૧૧ : ગુજરાત પ્રાંતિક કૉંગ્રેસ સમિતિને સંબોધન કર્યું.

જુલાઈ ૧૩ : નાગપુરમાં કોમી રમખાણો થયાના સમાચાર મળ્યા.

જુલાઈ ૧૫ : દિલ્હીમાં કોમી રમખાણો ફાટી નીકળ્યાં.
સરોજિની નાયડુ ગાંધીજીને સાબરમતી આશ્રમમાં મળ્યાં.

જુલાઈ ૧૭ : ડી. સી. ચેટરજી અને બીજા લોકોએ બહાર પાડેલી "રાષ્ટ્ર જોગ અપીલ"નું યંગ ઇન્ડિયાના એક લેખમાં વિશ્લેષણ કર્યું.

જુલાઈ આખર : મલબારમાં પ્રલયકારી પૂર.

ઑગસ્ટ ૧ : ગુજરાતની રાષ્ટ્રીય શાળાઓના શિક્ષકોની અમદાવાદમાં મળેલી પરિષદના પ્રમુખ બન્યા.

ઑગસ્ટ ૨ : ઉપરની પરિષદમાં રજૂ થયેલા ઠરાવો વિષે પરિષદમાં ભાષણ કર્યું.

ઑગસ્ટ ૭ : મલબાર રેલરાહત વિષે પોતાના વિચારોની થયેલી ટીકા સંબંધમાં ઍસોસિયેટેડ પ્રેસને મુલાકાત આપી.

ઑગસ્ટ ૮ : અમદાવાદના ગૂજરાત મહાવિદ્યાલયમાં ભાષણ આપ્યું.

ઑગસ્ટ ૯ : મહાસમિતિની આગામી બેઠકમાં કૉંગ્રેસના પ્રમુખની વરણી કરવા સંબંધમાં મોતીલાલ નેહરુને પત્ર લખ્યો.

ઑગસ્ટ ૧૨ : હસરત મોહાની જેલમાંથી છૂટયા.

ઑગસ્ટ ૧૪ : યંગ ઇન્ડિયાના લેખમાં ફરજિયાત કેળવણીની વિરુદ્ધમાં પોતાના વિચારો રજૂ કર્યા.

ગાંધી સ્મારક સંગ્રહ
ગ્રંથાલય.
અમદાવાદ-૧૩.

Gandhi Heritage Portal

# સૂચિ


**અકાલી(ઓ)**, ૭, ૩૭, ૪૫, ૮૭, ૯૮, ૨૭૨–૪; ૦ચળવળ ૨૨૫ પા. ટી.; ૦નેતાઓ ૨૭૨
અક્ષરજ્ઞાન ૭૨, ૭૪
અક્ષરજ્ઞાની ૭૯
અખબારો ૧૪૦
અખંડ પાઠનો વિધિ ૨૭૩
અખંડાનંદ, સ્વામી ૪૫૩
અખાડા ૧૩૧, ૨૫૨, ૪૮૮
અખિલ હિંદ કૉંગ્રેસ સમિતિ ૯, ૧૪૫ પા. ટી., ૧૭૮–૯, ૧૯૦ પા. ટી., ૧૯૮, ૨૪૮–૯ પા. ટી., ૨૬૪, ૨૮૩, ૨૯૧ પા. ટી., ૩૦૩, ૩૦૪ પા. ટી., ૪૮૨
અખિલ હિંદ ખાદી બોર્ડ ૪૦૬–૭, ૪૪૭, ૫૨૨, ૫૨૪
અખિલ હિંદ ખાદી મંડળ ૨૮૯ પા. ટી.
અખિલ હિંદ પ્રશ્ન ૮૫ પા. ટી., ૮૬
અખિલ હિંદ [કૉંગ્રેસ] સિલક ૪૭૪ પા. ટી.
અખો (કવિ, ભગત) ૩, ૬૬, ૨૯૭, ૪૯૨
અજમેર ૧૨૫, ૧૨૭
અડાજણિયા, રુસ્તમજી પારસી ૫૩૪
અઢારસો અઠ્ઠાણુ (૧૮૯૮)ના પાંચમા ધારાની કલમ ૯૯(એ) ૪૪૨
અણ્ણા (શર્મા, હરિહર) ૬૭–૮, ૧૫૫
અતરાઈ (કાંતણ વણાટ કેન્દ્ર) ૪૦૩
અદાલત(તો) ૧૩, ૨૬, ૧૩૦, ૧૭૫, ૧૮૦, ૧૯૪, ૨૪૧, ૨૪૯, ૨૮૭, ૩૫૯, ૩૮૧–૨, ૪૭૭, ૪૮૨; –ના ખટલા ૪૫; –ના ન્યાયાધીશો ૫૨૩; –નો બહિષ્કાર ૧૮૦, ૨૧૬, ૨૬૭, ૩૦૫ પા. ટી., ૩૦૯–૧૦, ૫૨૦
અધિકારી(ઓ) (અમલદારો) ૧–૩, ૫, ૪૬, ૫૨, ૫૪, ૫૬, ૮૯, ૯૨, ૧૦૦–૧, ૧૫૧, ૧૮૦, ૨૪૫, ૨૪૮, ૨૬૯–૭૦, ૨૭૮, ૨૮૦, ૨૮૮, ૪૮૭, ૪૯૧, ૫૨૪
અધ્યાપકો ૨૦૫
અનસારી, ડૉ. ૨૨૦, ૩૫૧, ૩૭૦
અનાવિલ ગાય ૨૦
અનાવિલ ભાઈ ૬૯
અનિયમિતતા ૪૦
અપરિગ્રહ –નું જીવન ૩૧૯
અપવાદ ૫૪, ૫૭
અપ્રતિકારવાદી ૫૨૯
અફઘાનો ૨૮૯
અફીણ ૨૬, ૩૪, ૧૦૪, ૨૨૩, ૩૧૭–૮, ૩૮૨, ૩૯૬–૯; ૦તપાસ સમિતિ ૪૦૭; –ના ઉત્પાદનનાં કેન્દ્રો ૪૦૦; ૦નિષેધ ૨૨૪, ૪૦૭; –ની નીતિ ૪૧૨, ૪૪૦; –નું વ્યસન ૪૪૦; –નો વેપાર ૧૦૦, ૪૪૦; ૦પરિષદ ૩૧૭
અફીણિયા ૧૩
અબ્દુલ ગની ૩૪૪
અબ્દુલ બારી, મૌ. ૧૩૫, ૨૦૦, ૨૧૮
અબ્દુલ રહીમ ૬૩
અબ્બાસ સાહેબ (તૈયબજી, અબ્બાસ) ૨૧, ૨૪–૫, ૧૫૪–૫, ૪૧૫–૬
અબ્બાસ, મિસિસ ૧૪૯
અબ્રહામ લિંકન ૧૬૩
અભેચંદભાઈ, શ્રી ૩૮, ૧૨૨, ૩૪૯, ૪૩૪
અમદાવાદ ૫ પા. ટી., ૨૪, ૩૧ પા. ટી., ૬૨, ૧૧૨, ૧૨૨, ૧૨૭, ૧૪૮, ૧૫૦ પા. ટી., ૧૫૧, ૧૫૬, ૧૬૦, ૧૬૨, પા. ટી., ૧૯૦ પા. ટી., ૧૯૪ પા. ટી., ૧૯૮, ૨૦૧ પા. ટી., ૨૬૪, ૨૮૩, ૨૯૦, ૩૦૬ ૩૦૮–૯, ૩૧૩, ૩૨૫, ૩૨૯, ૩૫૦, ૪૦૮, ૪૧૦, ૪૧૭, ૪૩૯, ૪૪૫, ૪૫૧–૩, ૪૬૫ પા. ટી., ૪૬૭, ૪૭૧ પા. ટી., ૪૭૫, ૪૮૮, ૪૯૦–૨, ૫૦૨–૩, ૫૨૮–૯, ૫૩૨; –ના મિલમજૂરોની હડતાળ ૪૨૪ પા. ટી; –ની મહાસભા ૨૩૦; –ની મિલો ૪૦૨; –ની રાષ્ટ્રીય યુનિવર્સિટી ૪૧૮ પા. ટી.; –નો અકસ્માત ૪૬૭
અમીર (અફઘાનિસ્તાનના) ૫૦૭
અમૃતસર ૧૭૩, ૩૯૪, ૪૮૭, ૫૨૨; –ની કૉંગ્રેસ ૨૯૦
અમેરિકન નેશન ૪૮
અમેરિકા ૨૯૪, ૩૯૬–૭, ૪૨૩, ૫૦૭
અરાજકતાવાદી(ઓ) ૧૮૮
અર્જુન ૧૧૪, ૩૮૦
અર્જુન ૩૫૫, ૩૮૯, ૫૩૩
અર્થશાસ્ત્ર ૨૬૧, ૨૬૪; ૦આધુનિક ૪૮૫; ૦સાચું ૨૬૨
અલાદીના, ગુલામહુસેન ૨૪૩
અલીગઢ યુનિવર્સિટી ૧૦૬ પા. ટી.


Gandhi Heritage Portal

અલીભાઈઓ (બિરાદરો) ૧૩૬, ૧૯૨, ૨૧૯, ૩૧૧, ૩૮૫, ૪૯૮
અલી હસન ૫૦૯
અલ્પમતિ ૧૬૭, ૨૧૬, ૩૧૭
અલ્લાહાબાદ ૩૪૩
અગ્રાઈ માઈ ૧૮૪, ૩૦૨
અશાંતિ ૩૫
અશિક્ષિત ૨૬૧
અસત્ય ૧૪૫, ૧૮૧, ૨૨૯, ૪૩૪; –માંથી સત્ય નીપજે ખરું? ૩૧૧
અસત્યાગ્રહી ગાળો ૧૮૪
અસફઅલી ૩૦૫, ૪૫૦
અસહકાર ૬, ૧૦, ૧૩–૫, ૨૪ પા. ટી., ૨૫, ૪૯, ૬૫, ૬૯, ૮૪, ૧૦૧–૩, ૧૦૬, ૧૨૬, ૧૪૬–૭, ૧૬૮, ૧૭૦, ૧૭૫, ૧૮૦, ૧૮૮, ૧૯૧, ૧૯૯, ૨૦૨, ૨૧૫–૬, ૨૨૧, ૨૨૮, ૨૩૩, ૨૩૬, ૨૪૫, ૨૪૯, ૨૬૦ પા. ટી., ૨૬૭, ૨૬૯–૭૦, ૨૮૦, ૨૮૪, ૩૦૫, ૩૩૬, ૩૪૮, ૩૫૦, ૩૫૮–૬૦, ૩૭૮, ૩૮૧–૨, ૩૯૭, ૩૯૯, ૪૦૦, ૪૧૨, ૪૧૫, ૪૨૫, ૪૩૬, ૪૪૦–૨, ૪૫૨–૩, ૪૫૫–૭, ૪૫૯ –૬૦, ૪૬૩, ૪૬૮, ૪૭૦, ૪૭૪, ૪૯૩, ૫૧૯
અસહકારી(ઓ) ૭–૧૦, ૧૨, ૨૭, ૬૯, ૮૪, ૧૦૧, ૧૦૩, ૧૧૨, ૧૧૮, ૧૪૨, ૧૫૨, ૧૬૮, ૧૭૮, ૨૩૬, ૨૩૮ પા. ટી., ૨૭૧, ૨૮૭, ૩૧૦, ૩૧૯, ૩૩૦, ૩૮૦, ૩૮૨, ૪૨૫, ૪૪૦–૨, ૪૫૨–૩, ૪૫૫–૭, ૪૫૯–૬૦, ૪૬૩, ૪૬૮, ૪૭૦, ૪૭૪, ૪૯૧, ૪૯૮, ૫૧૫, ૫૧૯
અસહયોગ ૪૬૧–૨; ૦સહયોગને ખાતર હોય તે ધર્મ્ય છે ૨૬૨
અસહિષ્ણુતા ૨૧૮, ૨૪૩, ૨૯૭
અસ્પૃશ્ય(શ્યો) ૭, ૧૨, ૧૭, ૨૬, ૩૬, ૮૪, ૧૦૧, ૧૧૪, ૧૩૨–૪, ૨૦૯, ૨૯૭, ૩૩૩, ૩૪૧, ૩૪૪, ૪૭૯, ૫૨૧; ૦ખ્રિસ્તીઓ ૬૩; ૦હિંદુઓ ૬૩
અસ્પૃશ્યતા ૭, ૧૪, ૨૯, ૩૨, ૩૬, ૬૪, ૬૯, ૭૨, ૮૪, ૮૫ પા. ટી., ૮૬, ૧૦૪, ૧૪૬, ૧૭૦, ૧૭૮, ૨૦૯–૧૦, ૨૨૧, ૨૨૮, ૨૩૧, ૨૫૨, ૨૯૬–૭, ૩૧૨, ૩૩૪, ૩૩૮, ૩૪૧, ૩૬૧, ૩૬૭, ૪૫૬, ૪૬૧, ૪૬૩, ૪૭૧, ૪૭૯; ૦એ તો હિંદુ ધર્મમાં મહાપાપ છે ૪૧૯, ૪૬૩; ૦નિવારણ ૨૯, ૩૦, ૩૬, ૬૬, ૮૬, ૮૭ પા. ટી., ૩૪૭, ૩૬૯, ૪૧૮, ૪૪૦, ૪૫૬, ૪૭૧, ૪૭૯, ૪૯૨, ૪૯૪, ૫૦૧, ૫૧૭, ૫૧૯, ૫૨૧, ૫૨૫; ૦સામેની ઝુંબેશ ૧૦૧
અસ્વરાજવાદી ૧૧૮
અહમદભાઈ કરીમ ૨૪૩
અહિંસા ૬, ૧૦, ૧૪, ૭૪, ૯૩–૪, ૧૧૮, ૧૨૭, ૧૩૦, ૧૩૨, ૧૪૫–૬, ૧૬૪–૫, ૧૬૮, ૧૭૫, ૧૭૮, ૧૮૧, ૧૮૭, ૨૧૪–૫, ૨૨૮–૯, ૨૩૫, ૨૪૨–૩, ૨૫૦, ૨૫૪, ૩૧૨, ૩૧૭, ૩૩૭, ૩૫૨–૩, ૩૬૦, ૩૬૮, ૩૭૮, ૪૧૯, ૪૩૬, ૪૬૪, ૫૦૪–૫, ૫૨૧; ૦એટલે પ્રેમ ૧૬૩; ૦તત્ત્વ ૧૨૯; ૦તો શૌર્યની કમાલ છે ૧૩૧; ૦ધર્મ ૪૯, ૧૨૧, ૧૨૪, ૧૨૮–૯, ૧૩૧, ૧૭૫–૬, ૨૧૫; ૦નીતિ ૩૫૨; ૦વાદી ૩૬૦; ૦વૃત્તિ ૧૩૧, ૨૫૨
અંગમહેનત ૨૩૭
અંગૂઠાનું નિશાન ૨
અંગેરા ખોયા (ગામ) ૪૦૭
અંગ્રેજ(જો) ૧૪, ૨૬, ૯૪, ૧૨૯, ૧૪૦, ૧૬૫, ૨૦૦, ૨૦૪, ૨૩૩, ૨૫૨–૩, ૨૬૪, ૨૬૭, ૨૮૯, ૩૮૨–૩, ૩૯૫, ૪૦૦, ૪૩૬, ૪૪૧, ૪૬૩, ૫૦૧, ૫૦૫, ૫૨૧, ૫૨૪; ૦પ્રજા ૩૬૭; ૦મિત્રો ૫૨૭; ૦રાજકર્તા ૫૨૭; ૦શિક્ષકો ૧૯૨; ૦સમાજ ૩૮૩
અંગ્રેજી ૦રાજ્ય ૪૬૭, ૫૦૦; ૦રાજ્યપદ્ધતિ ૧૯૨
અંતરનાદ ૨૨, ૧૩૮, ૨૪૨, ૩૬૭
અંતરાત્મા ૫૫, ૧૦૩, ૧૩૮; –નો નાદ ૪૬
અંત્યજ(જો) ૧૩, ૨૬–૭, ૨૯, ૩૪, ૬૯, ૭૨, ૭૭, ૮૪, ૧૨૦, ૧૩૨, ૧૯૩, ૨૦૦, ૨૯૭, ૩૮૯, ૪૧૮–૯, ૪૨૫, ૪૫૬–૭, ૪૬૩, ૪૯૨; –ની આઝાદી ૩૨૦; ૦પરિષદ ૨૦, ૨૮–૩૦, ૩૬; ૦બાળકો ૪૫૭, ૪૬૦–૧, ૪૭૯, ૪૮૧; ૦મજૂરો ૪૯૩; ૦મંડળ ૧૬૩; ૦રક્ષક ૨૯; ૦વાડો ૪૫૭; ૦શાળા ૪૫૭–૮, ૪૬૦, ૪૭૮; ૦શિક્ષકો ૪૬૦; ૦સેવા ૨૩૪
અંધેરી ૧૭–૯, ૩૭, ૫૫, ૫૮–૯, ૧૦૬

**આ**કોલા ૧૮૬
આગાખાન ૧૩૯, ૧૯૬
આગાખાની ખોજા ૧૯૬, ૨૧૭; ૦પંથ ૧૩૯; ૦સાહિત્ય ૧૩૯, ૨૧૯
આગ્રા ૧૨૫, ૧૨૭, ૧૬૭, ૩૧૧
આચાર્ય, શ્રી ૩૯૯,–૪૦૧
આઝાદ, અબુલ કલામ મૌલાના ૧૯૨, ૩૦૩, ૩૧૧
આણંદ ૨૬, ૩૫૬, ૪૫૨ પા. ટી.
આત્મકથા ૬૦ પા. ટી., ૮૪ પા. ટી., ૪૨૩ પા. ટી., ૪૩૦, ૫૨૯ પા. ટી.

Gandhi Heritage Portal

આત્મખોજ ૮
આત્મનિંદા ૨૦૨
આત્મબલિદાન ૨૯૭
આત્મબળ ૨૩૩, ૨૯૫–૬, ૫૦૧ ૦વધે તેમ શરીર-
  ક્ષીણતા વધે ૧૦૯
આત્મરક્ષા ૧૭૫, ૨૫૨
આત્મશુદ્ધિ ૧૦, ૨૪૧, ૨૯૨, ૩૧૬, ૪૫૬, ૪૬૨
આત્મસંયમ ૧૭૧, ૪૮૯, ૫૦૭
આત્મહત્યા ૪૯૭
આત્માર્થી ૩૯૬
આદન (વૉર્ડર) ૩૪૦–૩
આદિવાસી(ઓ) ૧૮૩ પા. ટી.
આધ્યાત્મિક તાલીમ ૨૫૨
આનંદાનંદ, સ્વામી ૨૦, ૧૨૩, ૨૫૫, ૩૩૨, ૩૪૯,
  ૩૮૮, ૪૦૯–૧૦, ૪૫૪, ૪૭૩, ૪૭૬, ૪૮૯,
  ૪૯૪, ૫૧૧, ૫૧૩, ૫૩૧
આફ્રિકન લશ્કર ૩૬૭
આફ્રિકનો ૩૬૮
આફ્રિકા ૩૧૫, ૩૫૧
આબુ ૨૦૬, ૨૨૬
આભડછેટ ૨૨૮, ૫૦૧
આમપ્રજા (વર્ગ) ૦એટલે ગામડાંના લોકો ૪૮, ૫૨૦
આયર, મિ. ૫૧૪–૫
આયર પરમ શિવ ૨૪૬
આયર્લૅન્ડ ૪૩૯
આયંગર, એ. રંગાસ્વામી ૨૨૧
આયંગર, દોરાઈસ્વામી ૨૨૨
આયંગર, શ્રીનિવાસ ૨૮૬, ૪૪૯ પા. ટી., ૪૭૪
  પા. ટી.
આયુર્વેદ ૫૦૧
આરા ૧૨૭, ૧૩૨
આરામબાગ વિભાગ ૧૬૮
આરોગ્ય વિષે સામાન્ય જ્ઞાન ૩૦૦ પા. ટી.
આર્થિક આરોગ્ય ૭૨
આર્નોલ્ડ, એડવિન ૭૮
આર્ય ૨૧૩
આર્યસમાજ ૧૩૪, ૧૫૦, ૧૬૬ પા. ટી. ૧૬૯, ૨૧૧–૩,
  ૨૪૬–૭, ૨૭૬-૭, ૩૩૮–૯
આર્યસમાજી (ઓ) ૩૩, ૯૮–૯, ૧૩૫, ૧૩૮–૪૦,
  ૨૦૦, ૨૧૨, ૨૩૨, ૨૪૬–૭, ૩૩૯
આવશ્યક સેવાઓ ૧૮ પા. ટી.
આશ્રમ ૨૪–૫, ૨૬ પા. ટી., ૬૧ પા. ટી., ૬૭, ૮૦,
  ૮૩, ૧૨૨, ૧૨૪ પા. ટી., ૧૪૮, ૧૬૦, ૨૩૬,
  ૩૦૩, ૩૨૮ પા. ટી., ૩૭૧, ૪૩૨, ૪૯૪
आश्रमभजनावलि ૧૨૩ પા. ટી.
આસર, લક્ષ્મીદાસ ૧૫૬, ૪૨૦, ૫૦૩
આસર શેઠનું આરોગ્ય ભવન ૬૨
આસામ ૫૬ પા. ટી., ૨૨૩, ૩૧૮, ૪૮૯
આસામ પ્રાંતિક કૉંગ્રેસ સમિતિ ૩૧૮, ૪૦૭
આસુરી વૃત્તિ ૬
આંતર સત્યાગ્રહ ૫૨૧
આંધ્ર ૧૭૩, ૨૩૧ પા. ટી., ૨૬૧, ૨૬૭, ૨૭૧,
  ૩૧૦, ૩૬૨, ૩૭૪, ૪૦૫
(ध) इकोनोमिक हिस्टरी ऑफ इन्डिया सिन्स ध एडवेन्ट
  ऑफ ध ईस्ट इन्डिया कंपनी ૧૧૮ પા. ટી.

ઇટારસી ૪૩૩
इन्डिपेन्डन्ट ૩૩ પા. ટી.
ઇન્ડિપેન્ડન્ટો ૩૪૭
इन्डियन ओपीनियन ૩૦૦ પા. ટી.
ઇન્ડિયન નેશનલ કૉંગ્રેસ ૨ પા. ટી., ૪ પા. ટી.
(एन) इन्डियन पॅट्रियट इन साउथ आफ्रिका ૫૮ પા. ટી.
ઇન્ડિયન બ્યૂરો ૬૪ પા. ટી.
इन्डियन रिव्यू ૩, ૧૬ પા. ટી.
ઇન્ડિયન સિવિલ સર્વિસ ૧૧૮ પા. ટી., ૩૩૫, ૩૪૧
इन्डियन सोशियल रिफॉर्मर ૩
ઇન્ડિયા કાઉન્સિલ ૨૧ પા. ટી.
ઇન્દ્ર ૧૧૪
ઇમ્પીરિયલ લેજિસ્લેટિવ કાઉન્સિલ ૨૧ પા. ટી., ૯૬
  પા. ટી.
ઇમ્પીરિયલ સિટિઝનશિપ ઍસોસિયેશન ૪૩૬ પા. ટી.
ઇલકાબો ૧૪૪
ઇલિઝાબેથ ૪૧૩
ઇસ્પિતાલમાં મે મારાં વ્રતો પાળ્યાં ૫૦૫
ઇસ્લામ ૧૩૬, ૧૩૮, ૧૭૫–૭, ૨૧૨, ૨૨૦, ૨૪૬–
  ૭, ૨૫૪, ૨૭૬–૭, ૩૩૯, ૪૮૬; ૦એટલે
  ઈશ્વરની એકતાનું શિક્ષણ ૧૩૯; –ના પેગંબર
  ૧૩૯; –ની તવારીખ ૧૪૩
ઇંગ્લંડ ૧૪, ૧૮ પા. ટી., ૩૮, ૫૦, ૬૪ પા. ટી.,
  ૭૩ પા. ટી., ૨૨૩, ૨૬૬, ૩૬૭, ૩૮૨–૩, ૪૨૧,
  ૪૨૩ પા. ટી., ૪૪૪

ઈદ ૪૧૭; ૦મુબારક ૩૦
ઈશુ ૪૫


Gandhi Heritage Portal

ઈશ્વરનિષ્ઠા ૨૮૪
ઈસ્ટ ઇન્ડિયા કંપની ૯૫, ૧૧૮, ૧૬૫, ૪૦૩

ઉત્કલ ૪૦૭, ૪૮૯; ૦પરિષદ ૩૬૫
ઉત્તર હિંદ ૩૨૧
ઉત્તર હિંદુસ્તાન ૩૯૪
ઉદ્યોગવાદ ૪૪૧
ઉદ્યોગાલય ૨૫૯
ઉદ્યોગો –નાં કેન્દ્રીકરણ ૪૦૧
ઉપનિષદ ૯૯
ઉપવાસ ૫, ૫૭ ૮૩–૪, ૮૮, ૯૦–૨, ૯૭, ૪૩૯–૪૦
ઉપવાસી(ઓ) ૯૧–૨
ઉરેઝી, સૈયદ હુસેન ૩૮૨, ૪૧૭, ૪૪૫
ઉર્દૂ ૪૦, ૧૮૫, ૨૪૫, ૩૪૦; ૦કિતાબો ૪૦; ૦લિપિ ૨૭૨
उर्दू नवजीवन १८५

ઊજળા લોકો ૪૫૮

ઋતુ ૦વાર ૩૩; ૦સમ ૩૩
ઋષિ(ઓ) ૫૨, ૨૪૪

એકનાથ મહારાજ ૧૬૫
એડમ્સ, મિસ ૪૩૦
एथिकल रिलिजियन ૫૮ પા. ટી.
एथेनियम ૪૮
ઍન્ડ્રૂઝ, સી. એફ ૩૩, ૮૮, ૧૮૩, ૨૨૩, ૨૪૬, ૨૭૫–૬, ૩૧૭–૮, ૩૯૨, ૩૯૮, ૪૫૫, ૫૩૨
एम. के. गांधी ૫૮ પા. ટી.
એવરેસ્ટ પર્વત ૨૬૪
એશિયાઈ ૦જાતિઓ ૩૬૬; ૦જાતિઓનો સંઘ ૩૩૮; ૦વિરોધી લોકો ૩૧૫
એસ. વી. કે. (પત્રલેખક) ૪૩૯
ઍસોસિયેટેડ પ્રેસ ઑફ ઇન્ડિયા ૧૦૨ પા. ટી. ૧૪૪ પા. ટી, ૧૫૧, ૧૮૬, ૨૬૪, ૩૦૬, ૩૨૯ પા. ટી., ૪૭૫ પા. ટી., ૪૯૦, ૫૨૮
ઍંગ્લો-ઇન્ડિયન ૪૪૨

ઑકસફર્ડ ૩૧૫
ઑડવાયર, સર માઈકલ ૨૧૪, ૪૭૭
ઑડવાયર–નાયર કેસ ૨૧૩
ઓપિયમ કન્વેન્શન ૨૨૪
ઓબ્રાયન, મિ. ૫૧

ઓરિસ્સા ૩૬૪–૫, ૪૯૯, ૫૧૦, ૫૩૪; –ના હાડ-પિંજર જેવા લોકો ૪૮૬
ઓહિયો ૫૦૭

કચ્છ (પહેરવેશ) ૫૩, ૧૮૩, ૩૮૫, ૪૨૨–૩
કચ્છ (પ્રદેશ) ૧૫૯, ૨૯૨
કતારપુર ૧૨૭, ૧૩૨
કનિકા –ના રાજા ૫૩૪
કપાસ ૪૧, ૪૦૪–૫, ૪૨૦
કરનાડ, સદાશિવરાવ ૩૯૬
કરમચંદ, શ્રી ૪૦૨
કરાડ ૩૦૨
કરાંચી ૧૮૫
કર્ણાટક ૨૬૭, ૩૦૫ પા. ટી., ૪૦૫, ૪૧૫
કર્ણાટક પ્રાંતિક કૉંગ્રેસ સમિતિ ૩૬૯, ૩૯૬, ૪૮૧
કર્મયુગ ૨૧૫
કર્મવાદ ૧૫૮
कर्मवीर ૧૬૩ પા. ટી.
કર્વે, ડી. કે. ૪૬૫ પા. ટી.
કલકત્તા ૧૮ પા. ટી., ૧૨૧, ૧૬૯, ૧૮૬, ૧૯૮–૯, ૨૪૫, ૨૭૮–૯, ૩૬૦, ૩૬૫ પા. ટી., ૪૦૫, ૪૦૮, ૪૧૨, ૪૪૨, ૪૪૪, ૪૯૬, ૫૦૯, ૫૩૨
કલકત્તા કૉંગ્રેસનું ખાસ અધિવેશન ૩૫૦
કલકત્તા હાઈકોર્ટ ૧૭૧
કલોલ ૨૫૯
કલ્યાણ વેંકટેશ્વર –નું મંદિર ૨૨૧
કવિ, દલપતરામ ૪૯૪
કવિશ્રી (ટાગોર, રવીન્દ્રનાથ) ૩૯૨
કળાશાળા ૪૩૧
કંતામણ ૧૬, ૩૦
કાઉન્સલ ઑફ સ્ટેટ ૧૬ પા. ટી.
કાચી કેદવાળા ૨
કાછલિયા, શેઠ અહમદ મહમદ ૪૭૦
કાઠિયાવાડ ૧૭ પા. ટી., ૨૨–૩, ૭૧–૨, ૧૧૨–૩, ૧૧૫, ૧૫૯, ૧૯૨, ૨૫૭, ૨૭૨, ૩૮૯, ૪૫૨ પા. ટી; –ના રાજાઓ ૭૪; ૦નાતું ગુજરાત ૧૫૯; –નું રાજતંત્ર ૭૩; ૦શૂરવીરોની ભૂમિ ૧૧૪
કાઠિયાવાડ રાજકીય પરિષદ ૧૭ પા. ટી., ૨૧, ૮૨ પા. ટી., ૧૧૩, ૧૯૧
કાઠિયાવાડ રાજપૂત પરિષદ ૧૧૪, ૨૦૬
કાઠિયાવાડી(ઓ) ૨૧–૩, ૭૧–૨, ૭૪, ૧૧૩–૫, ૧૫૮–૯; ૦રાજતંત્ર ૭૩; ૦લેખ ૩૩; ૦શબ્દો ૩૩
કાણે, આર. ૫૦૮

Gandhi Heritage Portal

કાનજી દ્વારકાદાસ ૬
કાનપુર ૧૩૬, ૧૬૪, ૪૪૫, ૪૮૮
કાન્ત ૧૧૬ પા. ટી.
કાપડ ઉદ્યોગ ૪૦૭
કાબૂલી અને પઠાણો –નો ત્રાસ ૧૩૮
કામદારો ૪૨૪
કાયદા ૦કોઈની શરમ રાખતા નથી ૧; –ની બારીકીઓ ૨૮૬; ૦ભંગ ૨૫૦, ૨૮૭
કાયસ્થ ૩૩૨–૩
કારખાનાં ૩૬૮
કારગોલા જહાજ ૩૧૪
કાલિકટ ૫૨૫
કાલેલકર, દ. બા. (કાકા) ૨૪ પા. ટી., ૨૮, ૬૭, ૧૫૫, ૨૦૨, ૪૧૫, ૪૬૩
કાવસજી જહાંગીર હૉલ ૬૧
કાવેરી ૩૯૯
કાશી વિદ્યાપીઠ ૧૫ પા. ટી.
કાસીમ નૂરમહમદ ૨૪૩
કાળગજ ૪૫૨
કાળીપરજ ૨૨૮
કાંગડી ૧૬૨, ૨૪૬
કાંતણ ૩૮૬ પા. ટી., ૪૮૦, ૪૯૦; ૦કળા ૧૭૨; ૦કામ ૧૭૨, ૩૩૫, ૪૮૫; –નો ઉદ્યોગ ૧૨; ૦પ્રવૃત્તિ ૩૬૪, ૪૪૬; ૦ફરજિયાત ૨૯૦; ૦મંડળ ૩૬૨, ૪૪૫–૬
કાંતનારા ૫૨૭; ૦અને કાંતનારીઓ ૪૨૦
કાંતનારી(ઓ) ૩૭૪–૫, ૪૦૫
કાંતવા –નો મહિમા ૪૧૪; –નો હુન્નર ૪૮૧; ૦પીંજવાનું કામ ૩૯૬
કિચલુ, ડૉ. સૈફુદ્દીન ૧૬૨, ૪૮૭, ૫૩૩
કુન્તી ૩૪૩
કુમાર, શ્રી ૨૪૫
કુમારમંદિર ૪૧૫
કુરાન ૨૧૯, ૨૫૭, ૩૪૦
કુરેશી, શ્રૌબ ૨૭૫, ૩૨૧
કુર્નુલ જિલ્લો ૩૭૪
કુલકર્ણી, કેદારનાથ (નાથજી) ૧૨૪ પા. ટી.
કૃપાલાની, કીકીબહેન ૩૩, ૧૯૦
કૃપાલાની, જે. બી. ૩૩ પા. ટી., ૨૦૧–૨, ૨૦૪, ૪૦૨, ૪૯૧, ૪૯૩
કૃષ્ણ ૧૧૩, ૨૯૪ પા. ટી., ૦ચંદ્ર ૩૮૦
કૃષ્ણદાસ, શ્રી ૫૧૦
કૃષ્ણસ્વામી, શ્રી ૨૮૪
કેદી(ઓ) ૨, ૫૬; ૦અમલદારો ૨૭૧; –નું વર્ગીકરણ ૧ પા. ટી; ૦વૉર્ડર(રો) ૫૩, ૧૦૦, ૨૬૮, ૩૪૦, ૩૪૨, ૩૪૫
કેન્ટોન્મેન્ટ બોર્ડો ૨૩૮ પા. ટી.
કેન્યા ૫૦–૧, ૯૫, ૩૧૫; ૦કમિટી ૨૪૪; ૦વાસી હિંદીઓ ૧૫૭, ૨૪૩–૪
કેપટાઉન ૪૪
કેફનિષેધક પરિષદ ૩૯૭
કેફી ૦ચીજો ૧૦૪; ૦વસાણાં ૩૯૭
કેરળ ૬૩, ૮૫, ૯૯, ૩૦૭, ૩૨૦, ૪૦૭, ૪૩૫ પા. ટી, ૪૮૯; ૦વાસીઓ ૬૪
કેરળ કૉંગ્રેસ સમિતિ ૬૪, ૮૭
કેશવન, કે. એમ. ૩૩૭
કેસરી ૫૯ પા. ટી., ૫૨૩
કેળકર, ન. ચિ. ૫૯, ૪૯૫, ૫૨૩–૪
કેળવણી ૪, ૨૬, ૧૦૦, ૧૪૨, ૨૫૭, ૪૫૧ પા. ટી., ૪૫૩, ૪૫૫, ૪૫૯–૬૦, ૪૬૫–૬, ૫૧૮; –નો અસહકાર ૨૦૫
કેળવણીકાર ૪૫૫
કોઈમ્બતુર ૪૮૩
કોકોનાડા ૩૯ પા. ટી., ૧૦૩, ૧૩૬, ૧૪૭, ૨૧૬, ૨૮૪, ૩૦૪ ૩૦૯, ૩૧૬
કોચીન ૪૬, ૪૪૯
કોડુ, શ્રી ૪૦૨
કોન્ઝર્વેટિવ ૧૫૧
કૉમરેડ ૧૨૫
કોમી ૦ઐક્ય ૪૬૧, ૪૯૨; ૦ચળવળ ૨૭૪; ૦રાગ-દ્વેષ ૩૨૧
કોર્નવૉલ ૪૩૦
કોર્પોરેશન –નું માનપત્ર ૬૧
કોવર (ગામ) ૫૨૫
કોંકણ ૪૮૪
કૉંગ્રિગેશનલ ચર્ચ ૪૪ પા. ટી.
કૉંગ્રેસ ૭, ૮, ૧૧, ૬૪ પા. ટી., ૬૫, ૮૬, ૧૦૧, ૧૬૧ પા. ટી., ૧૬૪–૫, ૧૭૦, ૧૭૩, ૧૮૭, ૧૮૯, ૧૯૯, ૨૦૦, ૨૨૧, ૨૨૩, ૨૬૪, ૨૭૨, ૨૮૦, ૨૮૩, ૩૧૪, ૩૨૦, ૩૫૭, ૩૬૫, ૪૦૬, ૪૦૮, ૪૨૯, ૪૩૧, ૪૩૩, ૪૩૫, ૪૩૮, ૪૪૩, ૪૪૬–૭, ૪૫૦, ૪૭૪, ૪૭૮, ૪૮૦, ૪૮૨, ૪૮૭–૮, ૪૯૦–૧, ૪૯૪–૫, ૫૧૫ પા. ટી.; ૦અધિવેશન ૨૧૭; ૦કમિટી ૮૬; ૦કાર્યકર્તા ૮૫; ૦કાર્યક્રમ

Gandhi Heritage Portal

૧૭૮–૯, ૨૮૪, ૩૦૪, ૪૮૦; –ના ઉદ્દેશો ૧૨; –ના ઠરાવો ૧૭૯, ૨૧૭; –ના મતદારો ૩૦૩–૪; –ના સિદ્ધાંત ૪૮૩; –ના હોદ્દેદારો ૩૨૧; –નું બંધારણ ૫૯ પા. ટી.; ૦સમિતિ ૬૬, ૨૮૧, ૨૮૪, ૩૦૫, ૪૮૭; ૦સંગઠનો ૯, ૧૦, ૧૫૧, ૩૫૧; ૦સંસ્થા(ઓ) ૯, ૧૦
કૉંગ્રેસનું બનારસ અધિવેશન ૬૦ પા. ટી.
कॉंग्रेस संवाद ૧૭૦
કૉંગ્રેસી(ઓ) ૪૨, ૨૧૭, ૨૮૦, ૩૫૯, ૪૨૯, ૪૮૮; ૦નેતાઓ ૧૬૪
કૉંગ્રેસી યોજના
કૌટુંબિક અસહયોગ ૨૬૨
કૌશામ્બી ૭૮
ક્રાંતિ ૦શાંત ૧૫૨
ક્રાંતિવાદીઓ ૧૮૮
ક્રિસ્ટોદાસ, શ્રી ૧૯૦
ક્રેસી, પોલ એફ. ૫૦૭
ક્રોધ ૦રોકવાનો ઉપાય ૩૫૬
क्रॉनिकल ૫, ૧૮ પા. ટી., ૫૨૪
ક્લાસ એરિયાઝ બિલ ૧૮૨ પા. ટી.
ક્ષત્રિય(યો) ૩૭૩; ૦જાતિ ૩૭૧

ખબરદાર, શ્રી ૧૯, ૬૮
ખરે, નારાયણ મોરેશ્વર ૧૨૩
ખરે, રામભાઉ ૧૨૩
ખંડનાત્મક પ્રવૃત્તિ ૧૩
ખંભાત ૨૬૦
ખાદી ૧૨–૫, ૨૭, ૩૪, ૩૯, ૪૧, ૪૬, ૪૯, ૫૧, ૫૮, ૬૯, ૭૨, ૯૪–૫, ૧૦૪, ૧૧૬–૭, ૧૪૬, ૧૫૨–૩, ૧૭૮, ૧૮૩, ૧૮૬, ૧૯૩, ૧૯૫, ૨૦૦, ૨૦૬, ૨૨૧, ૨૩૭–૮, ૨૪૧, ૨૪૮, ૨૫૦, ૨૫૯–૬૦, ૨૬૫–૬, ૨૮૧, ૨૮૭, ૩૦૧, ૩૦૭, ૩૧૨–૩, ૩૧૮, ૩૨૭, ૩૪૫–૮, ૩૫૧, ૩૫૪, ૩૬૯, ૩૭૬–૭, ૩૯૪, ૪૦૧–૨, ૪૦૭–૮, ૪૧૪, ૪૧૯, ૪૨૪–૫, ૪૨૯, ૪૪૬, ૪૬૯, ૪૮૪–૫, ૪૯૦, ૪૯૪–૫, ૫૦૦, ૫૨૫; ૦કમિટી ૪૧૭; ૦કામ ૧૨–૩, ૧૭૦, ૩૩૪, ૪૦૦, ૪૦૩–૪, ૪૦૬, ૪૪૦, ૪૪૫; ૦કાર્યકરો ૩૭૪–૫; ૦કાર્યક્રમ ૧૪, ૧૬૯, ૩૨૭; –નાં કપડાં ૩૨૦; –નાં ધોતિયાં ૩૪૨; –ની છત્રીઓ ૧૦૦; –ની ટોપી(ઓ) ૪૭, ૮૮, ૩૪૧; –ની પ્રગતિ ૪૦૭; –ની બંડી કે પહેરણ ૧૮૩; –ની શક્તિ ૧૧૮; –ની સાડીઓ ૧૬૯; –ની હિલચાલ ૪૧૭; –નો ભરાવો ૪૦૫; –નો મંડપ ૨૬; –નો રોજગાર ૪૧૭; ૦પ્રચાર ૬૫, ૧૧૨, ૧૫૬, ૧૭૨–૩, ૨૨૦, ૨૯૨, ૪૦૩–૪, ૪૧૭, ૪૮૭; ૦પ્રચારમંડળ ૨૬૬; ૦પ્રચારક સંસ્થા ૩૬૨; ૦પ્રવૃત્તિ ૧૭૩, ૨૬૧, ૨૮૨, ૪૭૪, ૪૮૯, ૫૨૨; ૦પ્રેમી ૩૮૭; ૦બાળકો માટે સારામાં સારું કાપડ ૧૭૪; ૦ભંડારો ૧૭૨; ૦મય ગુજરાત ૧૦૮; –માં મિલકાપડ જેટલી જ વિવિધતા લાવી શકાય ૧૭૪; ૦યુગ ૯૫; ૦લગ્ન વખતે ૨૫૭; ૦વાદી ૩૮૩; ૦શાળા ૪૫૮; ૦સ્વીકાર અને પ્રચાર ૩૪૭
ખાદી પ્રતિષ્ઠાન ૨૪૫, ૪૦૩–૪
ખાદી બોર્ડ ૧૧૯, ૩૩૪–૫, ૩૪૭, ૩૮૭, ૪૦૪, ૪૮૩
ખાદી મંડળ ૨૮૯, ૩૬૨, ૩૬૮, ૩૯૨–૩, ૪૧૯
ખાદી સમાચાર વિભાગ ૧૨૧
ખાંડનો ઉદ્યોગ ૩૯
ખિતાબ ૧૩, ૧૯૪, ૨૪૯, ૩૦૪ પા. ટી., ૦દારો ૧૪૪
ખિલાફત ૭, ૮૬, ૧૨૫–૬, ૧૩૫ પા. ટી., ૧૯૯, ૨૪૧, ૪૫૦ પા. ટી., ૫૧૨; ૦પરિષદ ૧૩૬, ૪૮૮ પા. ટી.; પ્રતિનિધિમંડળ ૩૯ પા. ટી.; ૦સમિતિ ૪૪૩, ૪૮૭
ખિલાફતીઓ ૩૫૯
ખુદા ૩૦૬
ખુલ્લો વેપાર ૩૮
ખુશામત –થી એકતા સિદ્ધ થઈ શકે નહીં ૨૧૮
ખેડા (જિલ્લો) ૬૮ પા. ટી., ૮૪–૫, ૪૧૬; –ની લડત ૨૨૧, ૨૯૩; ૦સત્યાગ્રહ ૬૮ પા. ટી., ૮૪ પા. ટી.
ખેડૂતવર્ગ ૯૫, ૧૭૩
ખેતી તથા વણાટ ૨૦૯
ખોજા ૧૩૯, ૧૯૬
ખોજા ધર્મી(ઓ) ૧૯૬
ખોપકર, શ્રી. ૫૦૯
ખ્રિસ્તી(ઓ) ૭, ૨૮, ૬૩, ૯૮, ૧૨૭, ૧૨૯, ૧૪૨, ૧૭૬, ૨૪૪, ૩૭૨, ૪૪૧, ૪૯૩; ૦ધર્મ ૧૩૪, ૧૩૮, ૨૧૨, ૪૪૧; ૦પાદરી(ઓ) ૩૭૧; ૦પાદરીઓની ધર્મપ્રચારની પ્રવૃત્તિ ૨૧૩; મિશનરીઓ ૪૪, ૪૪૧; ૦શાળા(ઓ) ૧૧૯

ગણપત (એક વિદ્યાર્થી) ૩૭૮, ૪૧૭
ગણી (ગામ) ૩૭૫
ગણેશન, શ્રી ૪૬૬, ૫૧૩–૪

Gandhi Heritage Portal

ગયા ૧૫૧, ૨૧૬; ૦કોંગ્રેસ ૧૫૧
ગંગનાથ વિદ્યાલય ૨૮ પા. ટી., ૬૭
ગંગા ૧૩૪, ૪૩૨
ગંગાપ્પા ૩૪૩–૪
(એ) ગાઇડ ટુ હેલ્થ ૫૮ પા. ટી.
ગામઠી નિશાળો ૪૧૬;
ગામડાં ૭૬, ૧૯૧, ૩૭૭, ૪૦૦, ૪૧૬, ૪૨૨, ૪૩૮, ૪૫૩, ૪૬૨, ૪૮૫–૬, ૫૦૦, ૫૨૦; –ની પ્રજા ૨૬૬
ગામડિયા ૪૨૨, ૫૨૦–૧
ગામલોકો ૭૬
ગાય ૩૩, ૧૨૯, ૧૪૧, ૧૭૬, ૨૧૯, ૨૩૩, ૨૩૬, ૨૭૮; ૦બ્રૅસ ૧૬
ગાર્ડિયન ૪૦૦
ગાંજો ૩૪
ગાંધી, કસ્તૂરબા ૩૩, ૧૨૨, ૧૬૩, ૧૯૮, ૨૦૬, ૨૩૮, ૨૫૩, ૩૫૬
ગાંધી, કાંતિ ૩૩
ગાંધી, કૃષ્ણદાસ ૩૨૯ પા. ટી.
ગાંધી, છગનલાલ ૧૯૦ પા. ટી.
ગાંધી, જમનાદાસ ૫૩૭
ગાંધી, દેવદાસ ૩૭, ૧૯૨, ૧૯૮, ૨૦૧ પા. ટી., ૨૦૬, ૨૩૮
ગાંધી, પ્રભુદાસ (પરભુદાસ) ૧૯૦, ૨૦૬, ૨૨૬
ગાંધી, મણિલાલ ૧૮૨
ગાંધી, મનુ ૩૩
ગાંધી, મોહનદાસ કરમચંદ (ગાંધી, મો. ક. ગાંધી, ગાંધીજી, હું, મોહન, બાપુ) ૧, ૫–૮, ૧૬–૨૧, ૨૪–૬, ૨૯–૩૧, ૩૫–૪૧, ૪૩, ૫૧–૨, ૫૭–૬૦, ૬૨–૬, ૬૮–૯, ૭૩–૬, ૮૦–૩, ૮૭–૯૦, ૯૪–૫, ૯૮, ૧૦૨, ૧૦૫–૮, ૧૧૬–૮, ૧૨૦–૬, ૧૨૮–૩૦, ૧૩૩–૫, ૧૪૦, ૧૪૨, ૧૪૪–૫૩, ૧૫૫, ૧૫૮, ૧૬૦–૭, ૧૭૧, ૧૭૯, ૧૮૫–૯૦, ૧૯૨–૪, ૧૯૬, ૧૯૮–૨૦૨, ૨૦૪, ૨૦૬, ૨૦૮, ૨૧૨–૩, ૨૧૫, ૨૧૭, ૨૨૦, ૨૨૫, ૨૨૯, ૨૩૨, ૨૩૬–૭, ૨૩૯–૪૦, ૨૪૨, ૨૪૫, ૨૪૮–૯, ૨૫૨–૬, ૨૫૮, ૨૬૨–૪ ૨૬૬–૮, ૨૭૦, ૨૭૨, ૨૭૭, ૨૮૧–૬, ૨૮૯, ૨૯૨–૩, ૩૦૦, ૩૦૩, ૩૧૨, ૩૧૬, ૩૧૮, ૩૨૦, ૩૨૪–૯, ૩૩૩, ૩૩૫, ૩૩૮, ૩૪૦, ૩૪૨, ૩૪૪, ૩૪૬–૮, ૩૫૦–૨, ૩૫૫, ૩૫૭–૮, ૩૬૩–૪, ૩૭૦–૧, ૩૭૩, ૩૭૮, ૩૮૪–૫, ૩૮૮–૯, ૩૯૩, ૩૯૮, ૪૦૦–૨, ૪૦૫, ૪૦૮–૧૪, ૪૧૭, ૪૨૦–૧, ૪૨૬–૩૬, ૪૩૮, ૪૪૦, ૪૪૩–૭, ૪૪૯–૫૦, ૪૫૨–૫, ૪૫૭, ૪૫૯–૬, ૪૬૩–૫, ૪૬૯, ૪૭૧–૮, ૪૮૪, ૪૮૬–૯૯, ૫૦૨–૪, ૫૦૬–૧૭, ૫૨૧–૨; ૫૩૩, ૫૩૫, ૦અપંગરૂપે ભગવાન આપણને રોજ દર્શન દે છે ૫૦૩; ૦અપાર સંકટને પરિણામે રાષ્ટ્ર નિર્માણ થાય છે ૩૯૦; આપણે ઈશ્વરના હાથમાંનાં કેવળ તણખલાં જ છીએ. એની મરજી પડે ત્યારે એ આપણને ઉડાડી દઈ શકે એમ છે ૪૦; ઈશ્વર એક જ છે, ધ્યેય પણ એક જ છે, સાધન પણ એક જ છે. આપણો રોગ સામાન્ય છે તેથી તેના ઇલાજમાં પણ સરખાપણું હોવું જ જોઈએ ૩૬૦; ૦ઈશ્વરની ઇચ્છા હશે તેમાં તે મને નિમિત્ત કરશે. સૂત્રધાર તે છે તેના હાથમાં હું એક તાંતણો છું ૩૭; ૦ઈશ્વરે આપણને આત્મ-દર્શન માટે બુદ્ધિ આપી છે ૨૬૧; ૦ઈશ્વરે આપણને બધાને સદાને માટે અલગ રહેવા માટે નહીં, પરંતુ એક થવા માટે સર્જ્યાં છે ૪૦; ૦એક જ સંસ્થામાં બે કાર્યપ્રયોગો ન ચાલી શકે ૩૧૩; એકાદ વામનજી બાંધાના શરીરમાં પણ શેરદિલ વસી શકે છે ૧૩૨; ૦કર્મ વિના શ્રદ્ધા એ આત્મા વિનાની કાયા જેવી છે. દાટવા અથવા બાળવા લાયક શબવત્ જેવી છે ૩૬૧; ૦કાયદો માત્ર બળાત્કારની નિશાની છે ૩૫૩; ૦કાંતણ-કામને આજના જમાનામાં અને આ ક્ષેત્રમાં હું યજ્ઞ સમજું છું ૨૬૨; ૦ખરી વાત એ છે કે ધાડપાડુનો ધંધો ધનિક વર્ગની ધાડનું પ્રતિબિંબ છે ૨૯૫; ૦ગરીબમાં ગરીબ ન બનું ત્યાં સુધી એ સાક્ષાત્કાર થનારો નથી ૪૨૨; ૦ગોરક્ષાને હું હિંદુ ધર્મનું પ્રધાન અંગ ગણું છું ૧૪૦; ૦ચાર વર્ણને જ માનું છું ૩૫૪; ૦છેક ગરીબ હિંદના જીવન સાથે મારા જીવનનું અનુસંધાન કરવા માગું છું ૪૨૨; ૦જેને પોતાનું મન પોતાને હાથ નથી તે બીજાને પોતાને હાથ રાખવાનો વિચાર જ શા સારુ કરે? ૨૯૨; દરેક ગામડાને પોતાના ભડ શોધી લેવા રહ્યા ૧૩૨; ૦ધનિક વર્ગની સૂક્ષ્મ ધાડ ધાડપાડુઓમાં સ્થૂલ સ્વરૂપ ગ્રહણ કરે છે ૨૯૫; ૦નડતર કરવાની નીતિમાં માનતો નથી ૨૮૯; ૦પશ્ચિમની પાસેથી લીધેલી વસ્તુ ઘટતા વ્યાજ સાથે હું પાછી વાળી શકીશ ત્યારે પશ્ચિમની પાસે કરજ લેતાં હું નહીં અચકાઉં ૨૬૭; ૦પોશાકની જરૂરિયાત કેવળ શરીરની રક્ષાને અર્થે છે ૪૨૩;

Gandhi Heritage Portal

૦ફરજ પાડવાની મને અતિ ચીડ છે ૫૧૮; ૦બળાત્કારથી મનુષ્યનો આત્મા હણાય છે ૩૫૩; ૦મત મેળવવાને માટે કશી ખટપટ થવી ન જોઈએ ૩૧૩; ૦મતદારોના ઉપર કોઈ પણ પ્રકારનું અયોગ્ય દબાણ ન જ થવું જોઈએ ૩૧૩; ૦મતપત્રની સાથે કશી ઘાલમેલ થવી ન જોઈએ ૩૧૩; ૦મત અથવા વિચારને દંડવાના દહાડા ગયા ૩૧૭; ૦મન એ જ આપણો શત્રુ છે ને મિત્ર છે. એને અંકુશમાં રાખવાનું કામ તો આપણું જ છે ૨૬૩; ૦મને પોતાને દેશનો એક સેવક માનું છું ૨૯૦; ૦માણસ માત્રની સંપૂર્ણ સમાનતામાં મને દૃઢ શ્રદ્ધા છે ૩૬૭; ૦મારા પોતાના સિદ્ધાંત વિષે મારી શ્રદ્ધા તો અચળ જ છે ૩૧૨; ૦મારામાં ચમત્કાર હોય તો તે સત્યની અને અહિંસાની અનન્ય સેવા કરવાનો જ છે ૨૯૮; ૦મારુ ધાર્મિક જીવન એટલે કે સેવાજીવન રાજકાજમાં પડ્યા વિના મારાથી ન ચલાવાયું એટલે હું રાજકારણમાં પડ્યો. બાકી આજે જ રાજકાજ મને વિઘ્નરૂપ લાગે તો હું તેનો ત્યાગ કરુ ૨૪૭; ૦મારુ રાજકારણ મારા ધર્મને અધીન છે ૨૪૭,; ૦મારુ સ્વરાજ આપણી સંસ્કૃતિનો આત્મા અમર રાખવામાં રહેલું છે ૨૬૭; ૦મારે તો દેશને ખાતર જીવવું છે અને દેશને ખાતર જ એક નિષ્કલંક માણસ તરીકે મરવાની મારી અભિલાષા છે ૨૮૮; ૦મારો ધર્મ મારી અને મારા સર્જનહાર વચ્ચેની બાબત છે ૧૨૮; મેલાપણું એ એદીપણાની નિશાની છે ૩૮૫; ૦મોત મિત્ર છે ૪૬૭; ૦રેંટિયાને માટે મને કોઈ અજબ મોહ છે ૨૮૩; ૦રેંટિયાને સર્વોપરી યંત્ર બનાવી રહ્યો છું ૫૦૫; ૦રેંટિયો, માળા અને રામનામ એ મારે માટે નોખી વસ્તુ નથી ૫૦૪; ૦રેંટિયો મારે સારુ તો જપમાળાની જ ગરજ સારે છે ૨૮૮; ૦વસ્તુઓને મારા વિરોધીના દૃષ્ટિબિંદુથી જોઈ શકું છું ૩૯૯; ૦વિરુદ્ધ પક્ષના સિદ્ધાંતની ટીકા થઈ શકે પણ વ્યક્તિઓની ન જ થવી જોઈએ ૩૧૩; ૦સનાતન કાર્યક્રમ ખરેખરો સનાતન હોવો જોઈએ ૩૧૩; ૦સફળતા મેળવવા માટે બે ચીજોની જરૂર છે, અખૂટ ધીરજ અને અજેય હિંમત ૩૦૮; ૦સભ્યતા એ એકાંતિક બોધ નથી ૪૨૨; ૦સર્વત્ર રેંટિયો જોઉં છું કારણ કે સર્વત્ર કંગાલિયત જોઉં છું ૫૦૩; ૦સંગીન કામ બનાવીને જ વધુ મત મેળવી શકાય ૩૧૩; ૦સાચું કષ્ટસહન પથ્થરને પણ પિગળાવે ૫૨૭; સાધ્ય અને સાધન વચ્ચે અંતર નથી ૩૬૮; ૦હાર મને નાહિંમત નથી કરી શકતી, એથી તો કેવળ હિંમત વધે છે ૩૧૨; ૦હિંમત એટલે સહનશક્તિ ૩૦૮; ૦હું અનેક નવી વસ્તુ લખવા માગું છું. પણ તે હિંદી ધરતી ઉપર જ લખાવી જોઈશે ૨૬૭; ૦હું તો સ્વરાજનો ચોકસી રહ્યો ૪૫૭; ૦હું પોતે પામર છું એટલે કોઈ ને નાહિંમત થવાની જરૂર નથી ૨૯૯; ૦હું મને પોતાને અતિ પ્રાકૃત માણસ માનું છું ૨૯૯

ગાંધી, રસિક ૩૩

ગાંધી, રાધા ૩૩, ૧૯૦, ૨૨૬, ૨૫૪, ૪૧૪

ગાંધી, રામદાસ ૮૩, ૧૯૦, ૨૦૬, ૨૨૫, ૨૫૪, ૨૬૩, ૩૫૨

ગાંધી, હરિલાલ ૩૩ પા. ટી.

गांधी एन्ड मार्क्स ૨૦૩ પા. ટી.

ગાંધીનીતિ ૪૩૭

ગાંધીમાસ ૧૨૧

ગિદવાણી, અસુદમલ ટેકચંદ (આચાર્ય) ૯૬–૭, ૧૬૬ પા. ટી., ૧૭૧, ૨૭૯–૮૦, ૩૦૬, ૪૦૨

ગિદવાણી, ગંગાબહેન ૫, ૪૦૨

ગિદવાણી, ડૉ. ચોઈથરામ ૧૩૫, ૧૩૭, ૨૧૮, ૩૧૦

ગીતા ૨૦૪, ૨૪૫, ૩૭૩, ૫૧૭; ૦ન્યાય ૫૦૧; ૦પ્રણેતા ૩૧૯

ગીતાંજલિ ૪૯૧ પા. ટી.

ગુજરાત ૭, ૨૪–૯, ૫૭ પા. ટી., ૬૭, ૬૯, ૭૭, ૧૦૭, ૧૧૭, ૧૧૮ પા. ટી., ૧૫૫, ૧૫૯, ૧૬૧, ૧૯૪,–૫, ૧૯૭ પા. ટી., ૨૦૫, ૨૩૨, ૨૩૪–૬, ૨૫૧, ૨૫૫, ૩૬૨, ૩૮૫, ૪૦૫, ૪૧૬, ૪૨૩ પા. ટી., ૪૨૪–૫, ૪૫૧ પા. ટી., ૪૫૨–૪, ૪૫૬, ૪૬૪, ૪૬૬, ૪૭૮–૯, ૪૮૧; –ના સહકારીઓ ૪૬૦; –નો આધુનિક ઇતિહાસ ૧૧૩; –માં કાઠિયાવાડ, કચ્છ વગેરે મેળવો એટલે મહાગુજરાત ૧૫૯

ગુજરાત કૉલેજ ૨૦૩, ૩૧૫

ગુજરાત જિનિંગ મિલ ૪૯૮ પા. ટી.

ગુજરાત પ્રાંતિક સમિતિ ૮૯ પા. ટી., ૩૫૦, ૩૬૧

ગુજરાત રાજકીય પરિષદ ૩૪, ૬૮ પા. ટી., ૩૫૦

ગુજરાતી(ઓ) ૨૪, ૨૭–૮, ૬૭–૮, ૧૦૮, ૧૫૪, ૧૫૯, ૧૮૫, ૨૦૨, ૨૩૨, ૨૩૪, ૩૮૫, ૪૫૩, ૪૯૯

ગુજરાતી (ભાષા) ૨૪, ૧૫૪

ગુજરાતી શિક્ષક ૧૫૫

ગુણબળ ૨૫

ગુણિકા ૦બહેનને સ્થાને છે ૪૬૫

Gandhi Heritage Portal

ગુના ૨૯૪
ગુપ્ત, શ્રી ૫૧૭
ગુપ્તા, દોલતરામ ૪૫૯ પા. ટી.
ગુરુ–કા–બાગ ૨૭૨
ગુરુકુળ ૧૩૪, ૩૩૯; –ના વિદ્યાર્થીઓ ૧૯૨
ગુરુદ્વારા(ઓ) ૨૭૨–૩; ૦આંદોલન ૪૫, ૨૭૨
ગુરુદ્વારા પ્રબંધક સમિતિ ૯૮
ગુલામી ૨૯, ૧૫૬, ૨૯૫, ૩૯૪
ગુલામો ૩૫૯
ગુંડા(ઓ) ૩૦૭, ૩૧૯–૨૦; ૦પણું ૧૭૫–૬, ૨૫૨; ૦બાજી ૧૮૦; ૦શાહી ૧૩૧–૨
ગૂજરાત મહાવિદ્યાલય ૨૦૧ પા. ટી., ૪૯૧ પા. ટી., ૪૯૩
ગૂજરાત વિદ્યાપીઠ ૫ પા. ટી., ૧૬૦, ૩૯૩, ૪૧૮ પા. ટી., ૪૭૮
ગૃહઉદ્યોગો ૩૮, ૩૬૮
ગોકશી ૧૭૯, ૨૨૯
ગોખલે, અવંતિકાબાઈ ૪૪૭
ગોખલે, શ્રી ગો. કૃ, ૬૦, ૭૬, ૧૬૧, ૩૬૩
ગોચરોની જમીનો ૧૪૦
ગોધરા પરિષદ ૨૯
ગોપાળ કૃષ્ણૈયા ૮૫
ગોપી ૧૧૩
ગોપીચંદ ૨૨૪
ગોરક્ષા મંડળીઓ ૧૪૦
ગોરા(ઓ) ૪૩, ૩૭૮, ૩૮૦, ૩૮૩; ૦જેલર ૫૬; ૦વસાહતીઓ ૯૫; ૦વૉર્ડર ૫૩
ગોરી કોમ ૪૫
ગોવધ ૧૪૦–૧, ૧૦૫–૬, ૨૧૯
ગોવાળો ૧૪૦
ગોવિક્રય ૧૪૦
ગોવિંદબાબુ, શ્રી ૫૧૦
ગોવિંદાનંદ, સ્વામી ૩૧૦
ગોળમેજી પરિષદ બીજી ૩૪ પા. ટી.
ગૌતમ બુદ્ધ ૭૮
ગૌર, રામદાસ ૪૪૨–૩, ૫૨૫
ગૌશાળા ૧૬
ગૌહાતી ૨૮૬ પા. ટી.
ગ્રંથસાહેબ ૯૮, ૧૩૪
ગ્રામ ૦જીવન ૧૬૯–૭૦; ૦શાળા ૪૧૬; ૦સમિતિ ૭૬; ૦સેવા ૧૬૯
ગ્રિફિથ, મિ. ૯૦
ઘોષ, અરવિંદ ૨૪૬
ઘોષ, મનમોહન ૨૬૭
ચકરડી (તકલી) ૪૧૬, ૪૨૦
ચતુર્વેદી, બનારસીદાસ ૧૨૪, ૨૩૮, ૪૧૧, ૫૩૬
ચતુર્વેદી, માખનલાલ ૧૬૩
ચમન, મહમદ હાસમ ૨૫૭
ચમરખાં ૧૦૧, ૪૯૪
ચમારો ૧૨
ચરખો ૩૫૦, ૩૯૫, ૪૩૩, ૪૭૫; ૦લોઢવાનો ૪૪૩–૪
ચરોતર કેળવણી મંડળ ૪૫૨–૩
ચલણી નાણાંનો બહિષ્કાર ૫૨૦
ચંગાનચેરી પરમેશ્વર પિલ્લે ૪૩૫ પા. ટી.
ચંદાવરકર, સર નારાયણ ૨૦૩
ચંપારણ ૭૪, ૮૯, ૩૬૪
ચાટી (તકલી) ૪૮૪
ચારિત્ર્યબળ ૨૦૧, ૪૯૩
ચાંપાનેરિયા, જીવણલાલ ૨૬૦–૧; ૪૦૨
ચિત્તાગોંગ ૪૧, ૪૦૩
ચિત્પાવન બ્રાહ્મણ ૪૮૪
ચિનુભાઈ, સર, ૩૧
ચિરાળા પેરાળા ૮૫, ૨૩૧
ચીન ૩૯૮, ૪૪૦; ૦સરકાર ૩૯૬–૭
ચીના(ઓ) ૩૯૬, ૦ખેડૂતો ૩૯૭
ચૅટરજી, શિરીષચંદ્ર ૩૬૬
ચેટ્ટી, રંગમ ૨૨૨–૩
ચેંગનૂર ૫૨૮
ચૈતન્ય ૨૯૪
ચોધરી, દીપક ૧૦૫ પા. ટી.
ચોરસુધારગૃહ ૩૫૨
ચૌરીચૌરા ૫, ૨૫ પા. ટી., ૨૨૭, ૨૪૧
છઠ્ઠી ખાદીપત્રિકા ૧૧૨
છાપાં ૧૫, ૪૦, ૪૮–૯, ૭૭, ૧૪૦, ૧૫૨, ૧૭૬, ૨૩૨, ૨૭૭, ૩૦૭, ૩૧૮–૯, ૪૪૦, ૪૫૭, ૫૦૧, ૫૦૪; –નો કાયદો ૪૪૬, ૪૭૭; ૦મુસલમાની ૨૩૨; ૦વાળા ૩૦૮; ૦હિંદુ ૨૩૨
છાવણીવાળા, ગંગાદીન ૨૩૮
છૂપી પોલીસ ૪૪૨
છોકરીઓ –ને ઝેર દેવાની પ્રથા ૩૫૪
છોપ (કાંતવાની હરીફાઈ) ૨૨૪
જગત –નાં સ્વતંત્ર રાજ્યો ૩૬૭
જગતિયાની, ચીમનલાલ જે. ૪૨૯



Gandhi Heritage Portal

જગન્નાથ ભગવાન –નું મંદિર ૩૬૪
જગન્નાથપુરી ૩૬૪
જડતી ૧૮૦, ૧૮૨
જનક ૧૬૫
જન્મકેદ ૫૪
જફરખાં, મૌલાના ૧૬૩
જમખંડી ૩૭૫
જમનાબહેન, શ્રીમતી ૩૫૨
જમીનદારો ૧૦૧
જયકર, એમ. આર. ૩૪, ૨૨૫, ૨૫૫, ૩૨૪ પા. ટી.
જયરામદાસ, શ્રી ૫૬–૭, ૧૩૫, ૨૧૮
જરીકામ ૪૧૭
જર્મન ૦ભાષા ૫૮ પા. ટી.
જર્મની ૩૯, ૩૮૨–૩
જલિયાંવાળા ૮૨, ૪૮૭
જાટ અને ખાટકીઓ ૩૯૫
જાતિદ્વેષની ભાવના ૨૭૯; ૦ભેદ ૨૪૫
જાદવજી મહારાજ ૫૦૩
જાનેજા, તીરથરામ ૪૯૭
જાપાનયાત્રા ૩૯૨ પા. ટી.
જાપાનીઓ ૨૮૯
જામસાહેબ ૭૩–૪
જાહેર મત ૧૯૧
જિલ્લા બોર્ડો ૮–૧૦, ૧૨, ૨૮૦, ૩૩૬
જીનિવા ૩૧૭, ૩૯૭; ૦કન્વેન્શન ૨૨૪
જીવતાં હાડપિંજર ૩૬૪
જુમ્મા મસ્જિદ ૨૭૮
જુલમની વિદ્યાપીઠ (દક્ષિણ આફ્રિકા) ૪૪
જૂહુ ૨૪, ૩૬, ૩૭ પા. ટી., ૬૧, ૮૨, ૧૦૮, ૧૨૨, ૧૮૭, ૩૧૩, ૪૨૦
જેકોબાબાદ ૪૩૦
જેલ ૩, ૫, ૨૨, ૪૫–૬, ૫૨, ૫૫, ૬૮, ૭૩, ૯૦, ૯૭, ૧૧૮, ૧૩૫, ૧૫૬–૭, ૧૭૨, ૧૯૪, ૨૦૩, ૨૦૮–૯, ૨૨૮, ૨૪૩, ૨૭૦–૧, ૨૮૪, ૨૯૯, ૩૦૮, ૩૪૪, ૩૯૪, ૪૦૨, ૪૩૦, ૪૫૩, ૪૬૫, ૪૬૯, ૪૮૮, ૫૦૮, ૫૩૬; ૦અનુભવ ૫૨; ૦અમલદાર(રો) ૯૧–૨, ૧૮૧–૨, ૨૯૮–૯, ૩૪૨; ૦ખાતું ૨૦૭; ૦જીવન ૨૯૮, ૩૪૫; ૦તંત્ર ૫૪, ૯૨; –ના કેદીઓ ૩૪૨; –ના નિયમો ૫૪, ૯૨, ૨૯૯, ૩૪૩; –ના નિયમોનો ભંગ ૫૭; –ના બનાવો ૮૯; –નું અર્થશાસ્ત્ર ૨૦૭; –માં કાંતવા-પીંજવાનું કામ ૩૪૧; ૦વહીવટ ૨, ૧૮૧, ૨૦૮; ૦સત્તાવાળાઓ ૪૦; ૦સુધારા ૨૯૮; ૦સુપરિન્ટેન્ડેન્ટ ૩૪૨
જેલર ૨
જૈતો ૨૭૩, ૨૮૦; –નો ગોળીબાર ૨૭૨
જૈન(નો) ૯૮–૯; ૦ધર્મ ૧૨૦, ૧૩૪, ૧૯૩; ૦મુનિ ૧૯૩
જોન્સ, મેજર ૫૫–૭, ૯૧
જોરાબાગાન કોંગ્રેસ સમિતિ ૧૬૯–૭૦
જોસેફ, શ્રી ૩૩ પા. ટી., ૪૦, ૪૬, ૬૩, ૨૮૪
જોસેફ, મિસિસ ૩૩
જોહાનિસબર્ગ ૪૫
જ્ઞાતિ(ઓ) ૩૧, ૩૫; ૦જનો ૩૫; ૦ભોજન ૩૧, ૩૦૧; ૦સુધારો ૩૦
જ્ઞાનેશ્વર ૬૭
ઝવેરી, કાળિદાસ જસકરણ ૩૧૮, ૪૧૪
ઝવેરી, રેવાશંકરભાઈ ૫૩૭
ઝિમંડ, મિ. ૫, ૯૭, ૨૮૦
ઝીણા, શ્રી ૧૪૨
ઝૂલુઓ ૧૩૨
ટાઇમ્સ ઑફ ઇન્ડિયા ૩, ૫, ૬, ૧૮૬, ૪૯૧ પા. ટી.
ટાગોર, દ્વિજેન્દ્રનાથ ૨૪૪
ટાગોર, રવીન્દ્રનાથ ૩૮, ૪૯૧ પા. ટી.
ટાંગાનિકા ૩૧૫
ટિળક, બા. ગં. (મહારાજ)૪૨૮; ૦નીતિ ૪૨૮
ટિળક સ્મારક ફંડ ૩૧૮, ૪૧૮
ટેક (એક) ૪૨૪
ટેરિફ બોર્ડ ૧૬ પા. ટી.
ટ્રાન્સવાલ ૪૪ પા. ટી.
ઠક્કર, અમૃતલાલ ૧૮૩
ડચ રિપબ્લિક ૯૩ પા. ટી.
ડરબન ૧૮૨ પા. ટી.
ડાયર–ઓડવાયર ૪૭૭
ડે., અર્નેસ્ટ ૧૮૬, ૨૧૪, ૨૪૯, ૩૦૫ પા. ટી.
ડેક્કન એજ્યુકેશન સોસાયટી ૫૯ પા. ટી.
ડેક્કન સભા ૫૯, ૬૦
ડેનિશ ભાષા ૨૭૪
ડેલી ટેલિગ્રાફ ૬૪ પા. ટી.
ડોક, જે. જે. ૫૮ પા. ટી.
ઢાકા –ની મલમલ ૪૧૭; –ની શબનમ ૧૧૮, ૪૧૭
ઢાકા નેશનલ કૉલેજ –ના વિદ્યાર્થીઓ ૩૨૯
ઢાકા રાષ્ટ્રીય કૉલેજ ૩૨૮ પા. ટી.

Gandhi Heritage Portal

તકલી ૪૧૬, ૪૨૦, ૪૯૪
તત્ત્વજ્ઞાન ૩૯
તપસ્યા ૦એટલે જ આત્મશુદ્ધિ ૨૫૨
તબલીઘ ૧૩૮, ૨૧૯
તલવાર ૯૩, ૧૧૪, ૧૨૯-૩૦, ૧૪૧, ૧૮૨, ૨૧૯, ૩૭૧-૨, ૪૯૧
તાડી ૯૯, ૧૦૦
તાતા -નો લોખંડ ઉદ્યોગ ૪૦૭
તાતા સ્ટીલ વર્ક્સ ૩૮
તામિલ ૬૭, ૪૭૪ પા. ટી.
તામિલનાડુ ૪૦૭, ૪૮૩
તાર વગરના સંદેશ ૫૪-૬
તારકેશ્વર ૫૨૧; ૦સત્યાગ્રહ ૧૦૫ પા. ટી., ૧૨૩ પા. ટી.
તાલીમ ૦કેન્દ્રો (ખાદીનાં) ૫૨૫; ૦શાળા (ખાદીની) ૫૨૫
તિય્યા(ઓ) ૨૪૧, ૩૩૬
તિરુપતિ ૩૨૧
તિરુપુર ૪૮૩, ૫૨૫
તુર્કસ્તાન ૧૪
તુર્કી ૧૫
તુલસીદાસ(જી) ૭૦, ૨૦૩, ૪૦૭; -નું સટીક રામાયણ ૧૫૫
તેજ ૫૧૭
તેલંગ, શ્રી ૨૪૬
તૈયબજી, અબ્બાસ (અબ્બાસ સાહેબ) ૧૪૮, ૨૫૬
તૈયબજી, રેહાના ૧૪૯
તોતારામજી, શ્રી ૫૩૬
ત્યાગમૂર્તિ ૬૬, ૮૨
ત્રાક(કો) ૪૪૫, ૪૯૪
ત્રાવણકોર ૪૦, ૪૩૫ પા. ટી., ૫૨૮; ૦દરબાર ૩૦૭; -ના મહારાજા ૮૩-૪; -ના લોકો ૮૫ પા. ટી., ૦રાજ્ય ૪૬, ૮૫ પા. ટી., ૩૦૭, ૩૨૦; ૦રાજ્યની સરકાર ૮૩, ૩૧૯-૨૦
ત્રિચિનાપલ્લી ૧૮૫ પા. ટી.
ત્રિપાઠી, ગોવર્ધનરામ ૩૮૦
ત્રિપુણી તારા (ગામ) ૪૪૯
ત્રિવિધ બહિષ્કાર ૧૦૩
ત્રિવેન્દ્રમ ૪૩૫
ત્રિવેન્દ્રમ સેન્ટ્રલ જેલ ૪૦, ૪૬, ૨૪૫
ત્રીજા વર્ગની મુસાફરી ૧૧૮-૯
થારો ૧૯૭
દક્ષિણ ૨૦૨; -માં હિંદી પ્રચાર ૫૧૨
દક્ષિણ આફ્રિકા ૪૩-૪, ૫૨, ૫૮ પા. ટી., ૫૯, ૬૦ પા. ટી., ૭૧, ૮૩ પા. ટી., ૧૬૬, ૧૮૨, ૨૮૪, ૨૯૮, ૩૧૪-૫, ૩૨૫, ૩૫૧, ૩૫૮, ૩૭૦, ૩૮૩, ૪૩૮, ૪૫૪, ૪૬૩, ૪૭૦, ૪૮૭, ૫૨૩, ૫૨૯-૩૦
दक्षिण आफ्रिकाना सत्याग्रहनो इतिहास ૪૭૦
દક્ષિણ કાનડા ૩૯૬, ૪૯૯, ૫૦૦
દક્ષિણ ગુજરાત ૪૫૨ પા. ટી.
દક્ષિણ ભારત ૧૮૫ પા. ટી.
દક્ષિણ હિંદુસ્તાન ૫૩૧
દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવન ૪૫૨-૩
દક્ષિણીઓ ૨૦૨
દત્ત, દ્વિજદાસ ૨૪૬
દત્ત, રમેશચંદ્ર ૧૧૮
દયા ૭૯; ૦ધર્મ ૫, ૫૫, ૯૦, ૯૨, ૨૩૫; ૦રૂપી હથોડો ૩૯૭
દયાનંદ સરસ્વતી (મહર્ષિ) ૧૬૭, ૨૦૦, ૨૪૬-૭, ૩૧૧, ૩૩૯; -નું જીવનચરિત્ર ૩૩૮
દરબાર ૯૯
દરભંગા ૪૩૧
દરિયાનોમલ, ખુશીરામ ૪૩૦
દલાલ, દાક્તર ૩૩
દલિત ૦વર્ગો ૧૩૩, ૧૪૩, ૨૨૧
દલિત વર્ગ સેવા મંડળ ૩૪
દવે, ચંદુલાલ ૪૬૫, ૪૬૬ પા. ટી.
દહેરાદૂન ૫૦૭
દહેલવી, શરાફ સાહેબ ૪૪૫
દંપતીપ્રેમ ૬૯, ૭૦
दाये इस्लाम ૨૭૬
દારકેશ્વર નદી ૧૬૯
દારૂ ૨૬, ૩૦, ૩૪, ૧૦૪, ૪૬૯; ૦અને કેફી ઔષધો ૧૦૦; ૦અને કેફી વસાણાં ૫૨૦; ૦અને માદક પદાર્થો ૩૯; ૦અફીણ ઇત્યાદિ વ્યસનો ૫૮; ૦અફીણનિષેધ ૭૨ -નાં પીઠાવાળો ૫૦૫; ૦નિષેધ ૨૩૦-૧; -ની અને કેફી પદાર્થોની બદી ૧૭૮; -ની દુકાનો ૫૨૧, ૫૨૮; -ની લત ૮૪; -નું પીઠું ૯૯; ૦પીનારા ૪૬૯; ૦બંધી ૩૨૪, ૪૦૧; ૦વિરોધ-ઝુંબેશ ૩૨૪
દારેસલામ ૩૧૪
દાસ, સી. આર. ૮૧, ૧૦૨ પા. ટી., ૧૦૬, ૧૫૧, ૧૮૭, ૨૮૩, ૩૦૩, ૩૦૮, ૩૧૭, ૩૮૫, ૪૦૨, ૪૯૫, ૫૦૯, ૫૧૪
દાસગુપ્તા, ક્ષિતીશચંદ્ર ૨૪૫

Gandhi Heritage Portal

દાસગુપ્તા, સતીશચંદ્ર ૪૦૨–૫
દાસ્તાને, શ્રી ૮૯, ૯૧
દિનકરરાવ, શ્રી ૨૩૯, ૩૨૫
દિલ્હી ૨૭ પા. ટી., ૩૮, ૧૦૦, ૧૦૩, ૧૩૯, ૧૪૫, ૧૪૭, ૧૯૮, ૨૧૬, ૨૭૮, ૩૦૨, ૩૦૫, ૩૦૮, ૩૨૫, ૩૫૫, ૩૫૮–૯, ૩૮૯, ૪૦૭, ૪૦૯, ૪૨૦, ૪૨૯, ૪૩૨–૩, ૪૪૩–૪, ૪૫૧, ૪૭૨ પા. ટી., ૪૮૬ પા. ટી., ૪૮૯, ૫૧૪, ૫૨૦–૧, ૫૩૨, ૫૩૭
દિવેટિયા, નરસિંહરાવ ભોળાનાથ ૧૯, ૬૨, ૬૮, ૪૬૦
દીકરી –નો જન્મ ૩૫૪
દુઆદોંડા ૧૬૮, ૧૭૦
દુકાળ ૧૬૯
દુકાળિયા ૪૧૪
દુરાગ્રહ ૬૫
દુરાગ્રહી ૧૧૨
દૂબળા ૨૨૮, ૪૫૮
દૂર રાખવાની પ્રથા ૮૫ પા. ટી.
દૂરતા ૨૦૯
દેવ, શ્રી ૮૯–૯૧
દેવધર, શ્રી ૪, ૧૪૯
દેવલાલી ૮૨, ૧૦૫, ૨૦૬, ૨૩૯
દેવારગન્નૂર ૩૭૫
દેવી ૮૩ પા. ટી.
દેશ –ની એકતા ૨૬૪; ૦પ્રેમ ૨૬૪; ૦ભક્તિ ૪૮૦; ૦સેવા ૧૬૧; ૦હિત ૨૬૪
દેશપાંડે, કેશવરાવ ૬૭
દેશપાંડે, ગંગાધરરાવ ૩૦૫, ૩૧૦–૧, ૩૧૮–૯, ૪૧૫, ૪૯૫
દેશબંધુ, જુઓ દાસ, સી. આર.
દેશી ૦કાપડનો ઉદ્યોગ ૩૯; ૦મિલોનું કાપડ ૪૯; ૦રાજ્યો ૭૩, ૧૯૨, ૨૨૯,–૩૦, ૩૦૭
દેસાઈ, દુર્ગાબહેન ૬૨, ૮૨
દેસાઈ, પ્રાગજીભાઈ ૨૨૮, ૨૪૪, ૨૫૪, ૨૮૭, ૨૯૭–૮
દેસાઈ, મહાદેવભાઈ ૨૦, ૩૨–૩, ૬૨ પા. ટી., ૮૦, ૧૨૩, ૧૫૦, ૧૫૧, ૩૮૮, ૪૬૩ પા. ટી., ૪૬૫ પા. ટી., ૪૭૩
દેસાઈ, વાલજી ગોવિંદજી ૧૮, ૩૩, ૩૮, ૧૨૨, ૨૨૬, ૩૪૯, ૩૮૮, ૪૩૪, ૪૭૩, ૪૭૬, ૫૦૮, ૫૧૧, ૫૧૩–૪
દ્રવ્યાર્થી ૨૯૬
દ્રાવિડ પ્રાંત ૬૮, ૧૮૪
દ્વાદશમંત્ર ૧૧૧
ધનઉપાર્જન ૧૬૧
ધનિક વર્ગ ૨૯૫
ધનુષ પીંજણ ૪૦૩
ધમધમાટ ૫૧૯–૨૧
ધરણીધરપ્રસાદ, શ્રી ૪૩૧
ધર્મ ૨૮ –૩૦, ૩૯, ૪૭, ૬૭, ૧૦૧, ૪૧૮ –૯; ૦એ સીધી લીટી નથી, એ તો વિશાળ વૃક્ષ છે ૫૦૩; ૦ગુરુઓ ૨૫૨; ૦પરિવર્તનો બળજબરીથી ૨૭૫; ૦પલટો ૩૩૪; ૦પંથ ૪૧૮; ૦પ્રચાર ૧૩૯, ૨૪૨, ૨૭૭; ૦પ્રચારની મર્યાદાઓ ૧૩૮; ૦પ્રચારની શંકાભરી રીતો ૨૭૭; ૦ભાવના ૧૯૭; ૦ભેદ ૨૪૫; ૦વસ્ત્ર ૫૪; ૦શાસ્ત્રો ૧૬૪; ૦સુધારણા ૯૯, ૨૭૩; ૦સુધારણાની ચળવળ ૨૭૩; ૦સુધારો ૨૧૩, ૨૭૪
ધર્માંતર ૧૩૮–૯, ૨૪૩, ૩૩૩
ધર્માંધપણું ૨૮
ધર્મોપદેશકો ૧૩૯
ધાડપાડુ ૨૯૪, ૨૯૬, ૫૦૫
ધાડો ૨૯૪
ધાર, બિશનનારાયણ ૨૪૬
ધારવાડ ૧૨૭, ૩૮૪, ૪૭૭; ૦જિલ્લો ૩૦૧
ધારવાડ જિલ્લા કૉંગ્રેસ સમિતિ ૪૮૨
ધારવાડી કાંટો ૪૭૭
ધારાસભા(ઓ) ૧૮ પા. ટી., ૬૬, ૧૦૨–૩, ૧૨૫ –૬, ૧૪૨, ૧૫૨, ૧૭૮, ૧૯૪, ૨૨૨, ૨૨૭, ૨૩૩, ૨૪૯, ૨૬૬, ૨૮૭, ૩૦૪ પા. ટી., ૩૧૬, ૩૪૨, ૩૫૧, ૩૬૯, ૪૩૨, ૪૩૭, ૫૩૩; –નો બહિષ્કાર ૧૩, ૨૬૭, ૪૮૦; ૦પ્રવેશ ૮, ૨૭, ૧૦૨–૪, ૧૪૪–૫, ૩૨૯, ૪૧૦, ૪૩૯; ૦વાદીઓ ૧૫૧; ૦વાળા ૫૧
ધારાસભ્યો ૪૪
ધારાળા(ઓ) ૫૭–૮, ૨૩૩; ૦ભાઈબહેનો ૨૩૧
ધારાળા પરિષદ ૫૭
ધીરજ ૦એટલે અહિંસા ૩૦૮
ધોળકા ૧૭
ધોળકા તાલુકા પરિષદ ૧૬ પા. ટી., ૧૯૭
ધોળી ટોપી ૧૫૨–૩
ધોળી પરજ ૨૨૮
ધ્રુવ, આનંદશંકરભાઈ ૩૮, ૧૧૬–૭, ૧૯૦–૧, ૪૭૩, ૫૧૧

Gandhi Heritage Portal

નકલંકી અવતાર ૧૯૬
નગરાલ ૩૭૫
નગીનદાસ અમૂલખરાય ૫૧૬
નટરાજન, કામાક્ષી ૪૭૫, ૫૩૬
નટેસન, જી. એ. ૧૬
નડિયાદ ૪૫૨-૩
નમકલા (ગામ) ૯૯
નથી ઝિંદગી ૧૮૫
નરગીસબહેન ૪૫૨
નરમેધ ૩૮૫
નર્મદા નદી ૨૯૮
નર્મદાશંકર કવિ ૨૯૮
નલગોલા, જી. ૩૨૮
નવજીવન ૧૭, ૧૯, ૨૦ પા. ટી., ૨૧ પા. ટી., ૨૫, ૨૮, ૩૦-૧, ૩૩, ૩૫, ૩૮ પા. ટી., ૪૦ પા. ટી., ૪૭-૮, ૬૨, ૬૭-૮, ૭૫, ૯૦, ૯૬ પા. ટી., ૧૦૮, ૧૨૨ પા. ટી., ૧૨૪ પા. ટી., ૧૪૮, ૧૫૦, ૧૫૨-૫, ૧૬૬ પા. ટી., ૧૬૭ પા. ટી., ૧૭૧, ૧૭૫ પા. ટી., ૧૮૫, ૧૯૬, ૨૦૨, ૨૧૭, ૨૨૬ પા. ટી., ૨૨૯ પા. ટી., ૨૩૪-૬, ૨૪૩ પા. ટી., ૨૭૬ પા. ટી., ૨૮૧-૨, ૨૯૬, ૩૧૮ પા. ટી., ૩૨૯ પા. ટી., ૩૩૨ પા. ટી., ૩૩૮ પા. ટી., ૩૫૬, ૩૬૦ પા. ટી., ૩૬૧ પા. ટી., ૩૬૨ પા. ટી., ૩૮૦, ૩૮૯, ૪૦૫ પા. ટી., ૪૦૬, ૪૨૨, ૪૨૫, ૪૫૪, ૪૫૯, ૪૭૦ પા. ટી., ૪૮૬ પા. ટી., ૪૯૯, ૫૦૦, ૫૦૨-૩, ૫૧૦, ૫૧૩, ૫૨૩, ૫૨૯, ૫૩૧
નવજીવન પ્રકાશન મંદિર ૪૫૪
નવાનગર સ્ટેટ ૭૩ પા. ટી.
નવીનચંદ્ર, શ્રી ૨૩૭
નશાબાજ ૧૩
નંદિગ્રામ ૭૦
નાગ, હરદયાળ ૩૨૭ પા. ટી.
નાગપુર ૬૪ પા. ટી., ૧૪૯ પા. ટી., ૧૬૫, ૩૫૮-૯, ૪૦૮
નાગપુર મહાસભા ૧૮૬
નાત ૩૨
નાતાલ ૩૯, ૫૦૬, ૫૨૯
નાતાલ મર્ક્યુરી ૧૦૨
નાથજી (કેદારનાથ) ૧૨૩ પા. ટી., ૧૨૪
નાનક, ગુરુ ૯૮
નાનકાના ૪૫, ૨૭૨
નાની કોમો ૧૪૨
નાફેરવાદીઓ ૬, ૫૧, ૧૦૩-૪, ૧૪૬-૭, ૧૫૧, ૨૧૬, ૨૪૨, ૨૬૪, ૨૬૬, ૨૮૦-૧, ૩૧૩, ૩૨૭, ૩૩૦, ૩૪૭, ૩૬૦-૧, ૪૧૦, ૪૨૮, ૪૩૬, ૪૩૮, ૪૮૭-૮, ૫૧૯, ૫૨૧, ૫૨૪
નાભા ૧૭૧-૨, ૨૦૩, ૨૭૯-૮૦; -ના મહારાજા ૨૭૩; -ના સત્તાધારીઓ ૨૭૩; -નું રાજ્યતંત્ર ૫; ૦રાજ્ય ૯૬-૭
નામરદાઈ ૧૩૨-૩, ૧૪૩, ૧૭૫
નામ્બુદ્રિપાદ, કુરુર નીલકંઠ ૯, ૬૫ પા. ટી., ૮૩ પા. ટી., ૪૩૮
નાયડુ, પદ્મજા ૪૯૬
નાયડુ, પી. કે. ૩૫૮
નાયડુ, માધવન ૬૫ પા. ટી.
નાયડુ, સરોજિની ૧૦૨, ૧૮૨, ૩૧૪, ૩૨૫, ૩૫૧, ૩૫૮, ૩૭૦, ૪૨૧, ૪૪૩, ૪૭૧, ૪૯૪-૫, ૫૧૧, ૫૧૫
નાયર, કે. માધવન ૮૩ પા. ટી., ૨૨૫, ૨૭૫, ૫૧૫
નાયર, શંકરન ૨૧૪, ૩૮૧
નારાયણ ગુરુ ૨૪૦-૧, ૩૩૬, ૩૩૮
નારાયણ હેમચંદ્ર ૪૨૩
નારાયણન્, શ્રી ૩૩૬
નારાયણવરમ્ ૨૨૧-૩
નાંબુદ્રી (ઉચ્ચ બ્રાહ્મણ) ૫૨૭
નિઝામ ૧૨૯, ૨૧૯; ૦રાજ્ય ૪૦, ૨૭૬-૭
નિઝામી, ખ્વાજા સાહેબ હસન ૨૭૬-૭
નિરામિષ ભોજન ૩૮
નિશાળો ૩૦, ૨૪૯, ૩૮૨
નિશ્ચયબળ ૧૩૦
નીતિ ૩૦; ૦શાસ્ત્ર ૨૪૫
નીરો ૪૬૭
નીરોગી ૦આત્માનું શરીર પણ નીરોગી હોય ૧૦૯
નીલવરો ૭૪
નૂરબાફ ૪૧૭
નેહરુ, જવાહરલાલ ૯૭, ૧૬૨, ૧૭૧-૨, ૨૭૯-૮૦, ૪૨૬, ૫૨૫-૬
નેહરુ, મોતીલાલજી ૨, ૧૯, ૨૭, ૧૦૨ પા. ટી., ૨૮૩, ૨૮૭, ૩૦૭, ૩૨૪, ૩૨૯, ૩૩૧, ૩૩૩, ૩૮૫, ૪૧૦, ૪૧૪, ૪૨૭, ૪૩૨, ૪૩૯, ૫૧૦
નેશન ૪૮
નેશનાલિસ્ટો ૯૪, ૨૮૭

Gandhi Heritage Portal

ન્યાયાધીશો ૫૨
ન્યૂ ઇન્ડિયા ૧૦૬ પા. ટી.
ન્યૂજર્સી ૪૧૩
ન્યૂટન ૨૯૮

પટણા ૧૦૬ પા. ટી., ૪૧૭, ૫૦૯
પટેલ, ડાહ્યાભાઈ મ. ૧૬–૭
પટેલ, મણિબહેન ૬૧–૨, ૮૨, ૧૨૨, ૧૪૮, ૧૯૦, ૨૫૪
પટેલ, વલ્લભભાઈ ૨૦, ૨૪–૫, ૬૧ પા. ટી., ૭૭, ૧૦૮, ૧૫૬ પા. ટી., ૧૬૦, ૧૯૭–૮, ૨૦૩, ૨૨૧, ૨૩૦ પા. ટી., ૨૩૪, ૨૩૬, ૨૫૬, ૨૬૦, ૨૯૧ પા. ટી., ૩૦૩ પા. ટી., ૩૦૪ પા. ટી., ૩૯૫ પા. ટી., ૪૭૯, ૪૯૫, ૫૩૧
પટેલ, વિઠ્ઠલભાઈ ૨૭, ૬૧, ૪૦૯, ૪૪૪, ૫૧૨
પટ્ટણી, પ્રભાશંકર ૨૧, ૨૩, ૩૭, ૧૧૩, ૨૩૯, ૩૨૫
પડદો ૦ની આવશ્યકતાનો કાળ ગયો છે ૨૫૪; ૦નીતિનો પોષક નહીં પણ ઘાતક ૫૮
પત્રકારત્વ ૫
પત્રિકાપ્રચાર ૧૧૮
પન્નાબહેન, શ્રી ૪૬૫
પયગંબર ૩૨૨
પરતંત્રતા ૨૮
પરદેશપ્રેમ ૧૯૨
પરદેશી ૦કાપડ ૯૯ પા. ટી., ૧૦૪, ૧૦૮, ૧૧૮, ૧૭૨, ૧૯૪, ૨૭૨, ૩૦૧ પા. ટી., ૩૬૫, ૩૭૬, ૩૮૨, ૩૮૪ પા. ટી., ૪૭૫–૬; ૦કાપડનો બહિષ્કાર ૧૩–૪, ૫૧, ૭૨, ૯૫, ૧૧૭, ૧૭૩, ૨૬૫, ૩૪૭, ૩૯૪, ૪૦૧, ૪૪૬; ૦કાપડનો વેપાર ૧૯૩; ૦કે મિલનું કાપડ ૩૪, ૯૪, ૧૭૮, ૨૩૭, ૪૦૬; ૦માલનો બહિષ્કાર ૪૯, ૯૪; ૦રાજ્ય ૯૩, ૨૯૫; ૦વસ્ત્ર ૨૬૬
પરદેશીઓ ૧૨૯
પરમતસહિષ્ણુતા ૪૮૯
પરમાત્માનો પ્રેમ ૬૯
પરાંજપે, ડૉ. ૩૦૫
પલવલ ૧૨૭, ૧૩૨
પલોલ ૨૪૩
પશુનું બલિદાન ૩૩૬; ૦બળ ૧૧૪, ૨૩૦, ૨૫૫, ૩૬૧, ૩૮૩
પશ્ચિમ –ના લેખકો ૨૬૪
પંચ ૨૬, ૩૪, ૧૩૦, ૨૫૩, ૩૦૨; –નું તત્ત્વ ૧૩૨
પંચમો ૨૨૧–૨, ૩૭૪
પંચવિધ બહિષ્કાર ૧૩, ૧૪૫–૬
પંચાયત ૧૩, ૪૪૦, ૫૨૦
પંજાબ ૪૫, ૭૪, ૯૮, ૧૨૭, ૧૬૨ પા. ટી., ૧૭૫–૬, ૧૯૯, ૨૨૪, ૨૬૮, ૨૭૧, ૨૯૦, ૩૫૭, ૩૬૨, ૩૮૮, ૩૯૪–૫, ૪૦૫, ૪૦૭, ૪૫૯, ૪૮૭, ૪૮૯, ૫૦૮, ૫૧૪, ૫૨૨–૩; –ની સરકાર ૨૭૨, ૩૩૧; –નો હત્યાકાંડ ૩૮૨
પંજાબી (ઓ) ૯૫, ૧૪૦, ૧૫૬, ૧૭૩–૪, ૨૨૪, ૩૯૪
પંડિત, વસુમતી ૬૧–૨, ૮૨, ૧૦૫, ૧૯૦, ૧૯૮ પા. ટી., ૨૦૬, ૨૨૬, ૨૩૮–૯, ૨૫૪, ૨૫૭, ૨૬૩, ૩૨૭, ૩૪૯, ૩૫૨, ૪૧૪, ૪૭૩, ૫૧૦
પંડિત, સુંદરલાલ ૧૬૩, ૫૧૨
પંડ્યા, મોહનલાલ ૧૧૩, ૧૫૫
પાટીદારો ૩૫૪–૫
પાઠ્યપુસ્તકો ૪૪૨, ૪૫૩–૪, ૪૬૨
પારસી (ઓ) ૧૨૯, ૧૪૨, ૧૭૬, ૩૭૨, ૪૮૦, ૪૯૩, ૫૦૧
પારેખ, કુંવરજી ખેતસી ૩૫૫
પારેખ, ગોકુળદાસ ત્રિભુવન ૩૫૫
પારેખ, જી. કે. ૪૭૫ પા. ટી.
પારેખ, દેવચંદભાઈ ૧૭, ૬૦, ૮૨, ૧૯૮
પાર્વતી ૬૯, ૨૪૬
પારાવવૃત્તિ ૧૩૭
પાશ્ચાત્ય જગત ૩૯૭
पांचवें पुत्रको बापूके आशीर्वाद ૫૧૦ પા. ટી.
પાંજરાપોળ ૧૦૦
પાંડવો ૧૧૪, ૧૧૬ પા. ટી.
પાંડુ ૧૧૬
પિટીટ, જે. બી. ૬, ૩૩૮, ૪૧૧
પીઠાંવાળા ૪૬૯
પીંજણ ૧૬, ૧૧૫, ૧૭૪, ૨૦૮, ૪૦૪, ૪૪૫, ૫૨૫; –નાં કામઠાં ૪૧
પીંજવાની ક્રિયા ૨૬૦, ૨૮૦
પીંજારા ૩૭૧
પુથુર ૨૨૨
પુરાણી ભાઈઓ ૨૩૨
પુરાણો ૨૪૫
પુરાતત્ત્વ મંદિર ૪૫૨, ૫૫૫
પુરાતત્ત્વ વિદ્યા ૪૭૮
પુલાચા ૫૨૭
પૂણી(ઓ) ૪૦–૧, ૨૨૪, ૨૬૦, ૩૭૪–૫, ૪૨૦, ૪૪૫–૬, ૪૪૮, ૪૮૪, ૪૯૪

Gandhi Heritage Portal

પૂના ૫૦, ૬૦, ૭૫ પા. ટી., ૨૦૩, ૪૬૫ પા. ટી.
પૂરણ ભગત ૨૨૪
પૂર્વ આફ્રિકા ૪૪, ૧૨૪, ૩૧૪, ૩૫૮, ૩૭૦, ૪૬૩
પેઈન્ટર, મિ. ૪૭૭, ૫૨૮
પેગંબર ૨૪૨
પેટલાદ ૨૯, ૪૨૫
પેટાવર્ણો ૩૧
પૅન-ઇસ્લામવાદ ૧૩૬
પેરીનબહેન ૩૫૨
'પૅસિવ રિઝિસ્ટન્સ' ૮૫
પેટૅાન, ડબલ્યુ. ૪૧૨
પોરબંદર ૨૧
પોર્ટ શિપસ્ટૅાન ૫૦૬
પોલીસ ૧૩૭–૮, ૩૩૭, ૩૭૪, ૪૨૬, ૪૫૦, ૫૨૪; ૦ખાતું ૧૭૨
પૅાંડીચેરી ૧૦૬ પા. ટી.
પ્રકાશમ, શ્રી ૧૬૮
પ્રજા ૧૪, ૨૩, ૨૫–૬, ૪૯, ૭૨–૪, ૭૬–૭, ૭૯, ૧૦૪, ૧૧૬, ૧૨૭, ૧૨૯–૩૦, ૧૩૩, ૧૪૬, ૧૬૭, ૧૭૮–૯, ૨૧૩, ૨૩૪, ૨૪૮, ૨૫૪, ૨૬૫, ૨૯૫, ૩૧૭, ૩૩૦, ૩૬૬, ૩૬૮, ૩૯૭–૮, ૪૦૦–૧, ૪૧૬, ૪૧૮, ૪૨૪–૫, ૪૫૪, ૪૫૭, ૪૭૬, ૪૯૧, ૪૯૩, ૫૦૦, ૫૧૦, ૫૧૮, ૫૨૧; ૦જન ૭૩; ૦જીવન ૨૨; ૦મત ૨૩, ૧૩૯, ૧૪૬, ૧૯૧–૨, ૩૮૨; ૦સત્તા ૧૧૫; ૦સમુદાય ૨૮૭
પ્રજાકીય ૦પ્રતિનિધિમંડળ ૧૭૬–૭; ૦રાજતંત્ર ૧૭૬; ૦શિક્ષણ ૧૨૬
પ્રતિજ્ઞા ૩૪, ૪૧૯, ૪૨૪, ૪૩૯, ૪૫૫, ૪૬૧; ૦એટલે મરણતોલ નિશ્ચય ૨૫૮; ૦મનુષ્યને અખૂટ શક્તિ આપે છે ૨૫૯
પ્રયાગ ૬૮
પ્રાથમિક ૦કેળવણી ૪૬૦; ૦શાળાઓ ૪૫૫, ૪૫૮, ૪૬૧–૨; ૦શિક્ષણ ૪૬૨
પ્રાંતિક ધારાસભા(ઓ) ૧૮ પા. ટી., ૬૪ પા. ટી.
પ્રાંતિક સમિતિ(ઓ) ૩૬૫
પ્રાંતિક સ્વાયત્તતા ૧૫૦
પ્રીતમદાસ (વેદાંતી કવિ) ૧૧૩ પા. ટી.
પ્રેમબળ ૫૦૧
પ્રેમાગ્રહી ૧૧૩
પ્રેસિડેન્સી કૉલેજ ૩૬૫ પા. ટી.
પ્રોટેસ્ટંટો ૯૩ પા. ટી.
ફઝલ હુસેન ૧૨૭ પા. ટી., ૧૭૫
ફટકા –ની સજા ૫૪, ૬૧
ફડકે વિઠ્ઠલ લક્ષ્મણ (મામાસાહેબ) ૨૮–૯, ૩૬ પા. ટી., ૬૭
ફરજિયાત કાંતવા બાબતનો ઠરાવ ૫૧૮
ફરજિયાત પ્રાથમિક કેળવણી ૫૧૯
ફર્ગ્યુસન કૉલેજ ૭૬
ફાળકો ૪૪૮
ફાંસીખોલી ૨
ફિનિક્સ ૫૩૭ પા. ટી.
ફિરોજપુર ૮૦ પા. ટી.
ફિલીપ બીજો ૯૩ પા. ટી.
ફિલીપ, રેવરન્ડ ચાર્લ્સ ૪૪
ફીજી ૫૩૬
ફૂકન, શ્રી ૨૨૩
ફેઝ ટોપી ૨૭૫, ૩૭૫
ફેરવાદી (ઓ) ૧૦૪, ૧૪૭, ૨૪૨, ૩૪૭, ૪૩૬–૮, ૫૨૧
ફોજદારી કાયદાની કલમ (૧૦૮) ૩૭૮
ફૉરવર્ડ ૨૧૪
ફ્રાંસ ૩૬૭–૮

બકરી ઈદ ૩૩૬, ૪૪૫
બગોદરા ૧૯૭
બચુભાઈ ભીમજી રામદાસ ૨૬૨ પા. ટી.
બજાજ, જમનાલાલ ૧૬૨, ૩૭૮, ૪૧૭, ૪૯૫, ૫૧૦, ૫૧૨
બડગી (ગામ) ૩૭૫
બડોદાદા (ટાગોર, દ્વિજેન્દ્રનાથ) ૧૬૮
બદરુલ હુસેન ૪૯૫–૬
બનારસ ૧૫ પા. ટી., ૪૨૮
બનારસ હિંદુ યુનિવર્સિટી ૯૬ પા. ટી., ૧૧૬ પા. ટી.
બરડો ૨૨
બરાડોંગલ ૧૭૦
બરેલી ૪૭
બર્મિંગહામ ૧૪૪
બહારવટિયા ૩૩
બહિષ્કાર ૧૭૬, ૨૪૯, ૨૬૬, ૨૭૫, ૨૮૦, ૩૧૮, ૩૨૨, ૩૩૧, ૩૮૨, ૪૬૯, ૪૮૨; ૦ચતુર્વિધ ૧૩; ૦ત્રિવિધ ૨૪૧; ૦પંચવિધ ૧૪૫–૬, ૨૨૮, ૨૪૮, ૩૦૪, ૩૦૫ પા. ટી., ૩૦૯–૧૦, ૪૧૪, ૪૫૫; ૦સરકારી શિક્ષણ સંસ્થાઓનો ૪૮૨
બહિષ્કારવાદી(ઓ) ૫૧

Gandhi Heritage Portal

બહિષ્કાર સમિતિ —નો રિપોર્ટ ૫૦
બહુમતી ૧૮ પા. ટી., ૬૪ પા. ટી., ૧૪૨, ૧૪૫, ૧૬૬, ૧૭૯, ૨૦૧, ૨૧૫, ૨૮૯–૯૦, ૩૦૩–૪, ૩૦૭–૮, ૩૧૦, ૩૧૨, ૩૧૬–૭, ૩૩૦, ૩૬૧, ૪૧૦, ૪૩૩, ૪૩૫, ૫૧૨–૩
બંગભંગ ૪૦૨
બંગાળ ૧૩૭, ૧૮૮, ૨૮૭, ૩૧૭, ૩૨૭ પા. ટી., ૩૩૫, ૪૦૨–૩, ૪૮૯, ૫૨૪, ૫૨૬
બંગાળ પ્રાંતિક કૉંગ્રેસ સ્વદેશી બોર્ડ ૧૭૦
બંગાળ પ્રાંતિક પરિષદ ૧૮૬–૭, ૨૧૫
બંગાળ રાહત સમિતિ ૪૦૪
બંગાળી(ઓ) ૪૦૫, ૪૧૪
બંદરગામ ૧૭૦
બાકરગંજ ૦જિલ્લા પરિષદ ૮૦
બાપટ, શ્રી ૫૯
બાબુસાહેબ, શ્રી ૨૩૯
બારડોલી ૨૫–૬, ૨૯, ૪૧, ૨૨૮, ૨૪૧, ૨૭૩, ૪૫૮; ૦કાર્યક્રમ ૧૭૦–૧; —ના ઠરાવો ૧૪૫
બારાબંકી ૨૭૧–૨, ૩૨૦, ૩૩૬; —ની મ્યુનિસિપાલિટી ૩૨૧
બારીસાહેબ, મૌલાના (અબદુલ બારી) ૧૪૯
બાવાઝીર, અમીના ૧૪૮–૯
બાવાઝીર, ઇમામ સાહેબ ૧૪૯
બાળપોથી ૪૫૪
બાળ ૦લગ્ન ૬૬; ૦વિવાહ ૬૭; ૦શિક્ષણ ૧૧૯; ૦હત્યા ૩૫૫
બિજાપુર જિલ્લો ૩૭૫
બિદરી ૩૭૫
બિનગોરી પ્રજા ૪૩
બિનતારી સંદેશા ૮૯
બિનયુરોપિયનો ૪૪
બિનહિંદુઓ ૮૬, ૯૮–૯
બિયાવર ૩૭૮
બિરલા, ઘનશ્યામદાસ ૩૪–૫, ૮૧, ૧૦૭, ૧૬૩, ૨૫૪, ૩૨૫, ૪૦૯, ૪૬૬, ૫૧૧, ૫૧૪
બિલગી (ગામ) ૩૭૫
બિહાર ૫૬ પા. ટી., ૩૬૧–૨, ૩૬૫, ૪૦૭, ૪૮૯
બી-અમ્મા ૧૬૩, ૫૧૨
બીટની ખાંડ ૩૯
બુધવાર —નો મૌન દિવસ ૧૦૮ પા. ટી.
બુદ્ધ(દેવ) ૭૮–૭૯; ૦જયંતી ૭૮ પા. ટી.; ૦સોસાયટી ૭૮ પા. ટી.
બુદ્ધિ —નો દુરુપયોગ ૨૬૧; ૦બળ ૨૬૧
બુરહાનપુર ૩૦૨
બેકર્ટ, ઈર્વિન ૪૬૬
બેકર, એ. ડબલ્યુ ૫૦૬
બેટીવ્યવહાર ૩૧
બેતિયા ૩૬૪
બેલગામ ૪૨, ૩૬૯, ૪૦૮; ૦કૉંગ્રેસ ૩૫૧, ૪૩૩, ૫૩૩
બેલગામવાળા ૪૫૭
બેસન્ટ, એની ૪૭૪
બૅંકર, શંકરલાલ ૧૬૨, ૨૬૮–૭૦, ૩૪૧, ૪૯૫
બૉઝવર્થ, મિ. ૪૬
बॉम्बे क्रोनिकल ૩૫૧, ૪૭૬
બોરસદ ૧૭, ૨૪–૮, ૩૩–૪, ૩૬, ૫૭ પા. ટી., ૮૫, ૨૨૧, ૨૨૭, ૨૩૦–૧, ૨૩૫, ૨૬૦ પા. ટી.; —ની અંત્યજશાળા ૪૭૦; —ની પ્રાંતિક પરિષદ ૬૮; ૦સત્યાગ્રહ ૩૦૬
બોરીવલી ૩૫૬ પા. ટી., ૩૫૭
બૌદ્ધ ૦ધર્મ ૯૯, ૧૩૪; ૦સાહિત્ય ૭૮
બ્યાદે (ગામ) ૧૨૭
બ્રહ્મચર્ય ૧૧૦–૧, ૧૫૦, ૧૭૧, ૨૩૭, ૪૮૯; —નો પૂરો ને બરોબર અર્થ બ્રહ્મની શોધ ૧૦૯
બ્રહ્મચારી(ઓ) ૪૮૯
બ્રહ્મદેશ ૪૦૭, ૪૧૬, ૪૫૯, ૪૮૯
બ્રહ્મોસમાજ ૯૮, ૧૯૮ પા. ટી., ૩૩૯
બ્રાહ્મણો ૨૨૨, ૩૩૩, ૩૭૧, ૩૭૩, ૪૨૦, ૪૩૯, ૪૮૪, ૫૦૪
બ્રિટિશ ૦અગર સામ્રાજ્યના માલનો બહિષ્કાર ૫૦; ૦ઓસડિયાં ૫૧; ૦કાપડનો બહિષ્કાર ૧૪; ૦કે હિંદી શાસકો ૪૪૧; ઘડિયાળોનો બહિષ્કાર ૫૦; ૦તંત્ર ૨૧૪; ૦નર્સ ૫૧; ૦નોકરશાહી ૨૮૮; ૦ન્યાયાધીશ ૨૧૪; ૦પાર્લમેન્ટ ૧૫૧, ૨૮૯, ૩૧૩; ૦પ્રજા ૧૪, ૨૧; ૦માલ ૫૦; ૦માલનો બહિષ્કાર ૩૬૬, ૩૬૮–૯; ૦માલનો તદ્દન અફળ અને અર્થહીન બહિષ્કાર ૫૧; ૦રાજ ૪૪૦–૧; ૦રાજ્યધુરંધરો ૨૬૬; ૦રાષ્ટ્ર ૧૫૧; ૦લોકમત ૩૧૩; ૦વર્તમાનપત્રો ૬૫; ૦વાવટો ૨૦૪; ૦વેપારી વર્ગ ૫૦; શસ્ત્રવૈદ્ય ૫૧; ૦સરકાર ૭, ૧૮ પા. ટી.; ૩૬૭, ૪૪૦; ૦સામ્રાજ્ય ૪૯, ૨૧૪; ૦સામ્રાજ્યના માલનો બહિષ્કાર ૯૩; ૦સોલ્જરો ૪૮૯; સોસાયટી ૪૪૦; ૦સ્વાર્થ ૪૩૯; ૦હિંદીઓ ૫૨૯

Gandhi Heritage Portal

ભગવદ્‌ગીતા (ગીતા) ૯૨, ૧૨૮
ભગવાનદાસ, બાબુ ૧૫, ૨૫૧, ૨૫૩, ૪૨૮
ભજનમંડળીઓ ૫૨૫
ભટ્ટ, મણિશંકર રત્નજી (કાંત) ૧૧૬ પા. ટી.
ભટ્ટ, મૅક્સમૂલર ૫૦૪
ભરત ૧૮૩
ભરતપુર ૨૪૩
ભરતભૂમિ ૫૦૧
ભરૂચ ૪૫૩
ભરૂચ કેળવણી મંડળ ૪૫૨
ભરૂચા, બી. ઍફ. ૪૦૨, ૪૦૪–૫, ૪૮૭, ૫૨૨
ભંગી(ઓ) ૨૧, ૨૦૪
ભાણાવ્યવહાર ૩૧
ભારતવર્ષ ૧૫ પા. ટી., ૨૦ પા. ટી., ૭૧, ૨૪૪, ૩૭૧, ૪૩૭; –નું બુલબુલ ૩૧૪
ભારત સેવકસમાજ ૬૦ પા. ટી.
ભારતીય ખાદી મંડળ ૨૪૮
ભાવનગર ૬૦, ૭૧ પા. ટી., ૧૧૩, ૧૯૮ પા. ટી., ૨૦૬, ૨૩૦, ૨૩૯; –નો ફોજદારી કાયદો ૨૩; ૦પરિષદ ૨૧; ૦રાજ્ય ૨૧ પા. ટી.
ભાવસાર, ચંદુલાલ છગનલાલ ૨૬૦
ભાવસાર જ્ઞાતિ ૨૬૦ પા. ટી.
ભાવે, બાળકોબા ૩૭૧
ભાવે, વિનોબા ૩૭૧–૨
ભાષણબાજ (જો) ૪૩૮
ભાસ્કરાચાર્ય ૨૪૬
ભાંડારકર, ડૉ. ૬૦
ભિક્ષાવૃત્તિ ૬૪
ભીવડે ૩૪૨
ભુસાવળ ૮૯
ભૈયા ૦શબ્દનો ઉપયોગ ૧૨૧
ભોપાળ ૨૨૦, ૨૪૩, ૩૩૪; –ના ફોજદારી કાયદાની ૩૯૩ કલમ ૨૨૦; –નાં બેગમ સાહેબા ૨૨૦
ભોંસલે, શ્રી ૩૭૭
ભૌતિકવાદ ૪૪૧

મખમૂર, જમાલુદ્દીન ૩૭૮
મછલીપટ્ટમ ૩૬૨, ૪૩૧
મજમુદાર, ગંગાબહેન ૨૫૯
મજલી ૩, ૪૨–૩
મજૂર(રો) ૧૬૨ પા. ટી., ૪૯૯, ૫૩૦; ૦ અને ખેડૂતો ૩૬૬, ૩૬૮; –નાં બાળકોની નિશાળો ૧૮૫; ૦પક્ષ ૧૫૨; ૦મહાજન ૪૯૯; ૦મંડળો ૫૪૨
મજૂર સંદેશ ૧૧૨, ૧૮૫, ૪૯૮, ૫૦૨
મજૂરી ૧૫
મઝુમદાર, હેમપ્રભા ૩૩૫
મત ૦દાન ૩૭૮; ૦દાર(રો) ૧૦૪, ૧૭૬, ૧૯૯, ૨૨૭, ૨૮૩ પા. ટી., ૨૮૪, ૪૦૬, ૪૮૨–૩, ૫૨૨; ૦દાર યાદી ૩૭૮
મતાધિકાર ૩૭૮; –ના હકો ૧૫૭
મથુરાદાસ ત્રિકમજી ૧૯૦, ૨૫૬, ૩૨૯, ૩૫૬–૭, ૪૨૦, ૫૧૬
મદનપુરા ૭૪
મદુરા ૩૩ પા. ટી., ૪૦
મદ્ય ૩૫૨; ૦પાન ૩૫૨; ૦પાનનિષેધ ૬૯
મદ્રાસ ૧૬, ૪૭, ૬૩–૪, ૬૫ પા. ટી., ૬૮, ૮૫ પા. ટી., ૮૭ પા. ટી., ૯૯, ૧૬૮, ૨૦૧–૨, ૨૨૨, ૨૮૬ પા. ટી., ૪૦૫, ૪૮૦
મદ્રાસ પ્રેસિડેન્સી કૉલેજ ૩૭૪
મદ્રાસ હાઈકોર્ટ ૨૧૪ પા. ટી.
મધ્ય પક્ષ એટલે અનિશ્ચિત પક્ષ ૩૩૦
મધ્ય પ્રાંત (મરાઠી) ૧૨૧
મધ્ય પ્રાંત (હિંદી) ૧૮૯, ૪૮૯
મધ્યમ વર્ગ ૨૯૫
મનસુખભાઈ –ની મિલનો અકસ્માત ૪૬૭
મનસૂરી, નૂરમહમદભાઈ ૪૪૫
મનુષ્યેતર પ્રાણીઓ ૨૭૮
મનુસ્મૃતિ ૬૬
મનોબળ ૧૬૫
મનોવિકાર ૩૦૦
મરણભય ૧૩૨
મરવાની કળા ૧૩૧
મરાઠા ૫૯ પા. ટી.
મલકાના રજપૂત ૧૩૯
મલબાર ૭, ૬૩, ૧૨૬, ૧૪૯, ૨૪૬, ૩૩૩, ૪૩૮, ૪૬૭–૯, ૪૭૫ પા. ટી., ૪૯૯, ૫૦૬, ૫૨૬, ૫૨૮–૯; –નું રેલસંકટ ૪૮૭, ૪૯૨ પા. ટી., ૦પૂરરાહત ફાળો ૪૯૧ પા. ટી.; ૦સંકટનિવારણ ૪૯૪
મલાયા ૩૧૮
મશરૂવાળા, કિશોરલાલ ૧૨૪, ૨૦૩, ૪૫૧
મશરૂવાળા, નાનાભાઈ ઇચ્છારામ ૩૭૯, ૪૩૪
મસ્જિદ (દો) ૧૪૧, ૧૭૫–૬, ૨૧૯, ૨૩૩, ૨૪૩
મહમદ –ના જન્મમાસનો ઉત્સવ ૩૨૨
મહમદઅલી, મૌલાના ૫, ૩૯, ૪૦, ૬૮, ૧૨૫, ૧૩૫–૬, ૧૫૩, ૨૦૦, ૨૫૬, ૨૯૦ પા. ટી., ૨૯૯, ૩૦૯, ૩૧૦–૨, ૩૨૬, ૩૮૮ પા. ટી., ૪૧૧,

Gandhi Heritage Portal

૪૨૭, ૪૩૨–૩, ૪૪૪, ૪૭૨, ૪૮૬, ૫૧૨, ૫૩૧, ૫૩૩
મહમૂદ, ડૉ. ૧૨૬, ૧૪૯, ૨૨૫, ૨૭૫–૬
મહાગુજરાત ૦હિંદુસ્તાનનું નાનું અંગ ૧૫૯
મહાદેવભાઈની ડાયરી ૫૩૫
મહાભારત ૧૧૬ પા. ટી., ૪૬૪
મહારાષ્ટ્ર ૯૯, ૩૦૨ પા. ટી., ૩૬૧, ૪૦૭, ૪૩૬
મહારાષ્ટ્રી વર્તમાનપત્રો ૪૨૬
મહારો ૧૦૭
મહાવિદ્યાલય (યો) ૨૦૨–૩, ૪૫૨, ૪૫૫, ૪૫૮, ૫૩૦
મહાવીર ૧૯૩
મહાસભા ૨૪–૫, ૩૬, ૪૧, ૪૯, ૭૭, ૧૦૨–૪, ૧૪૪–૫, ૧૪૭, ૧૬૬, ૧૯૪–૫, ૨૧૫, ૨૩૪–૫, ૨૪૨, ૨૪૮–૯, ૨૫૧, ૨૫૯, ૨૬૫–૬, ૨૮૪, ૨૮૬, ૨૮૯, ૨૯૮, ૩૦૨, ૩૦૫–૬, ૩૧૦–૩, ૩૧૬, ૩૧૮–૯, ૩૩૦, ૩૪૫–૬, ૩૪૮–૯, ૩૬૦, ૩૬૨–૩, ૩૬૬–૯, ૩૯૧–૪, ૪૦૦, ૪૧૪–૫, ૪૧૮–૯, ૪૨૪–૫, ૪૩૭, ૪૫૫, ૪૫૭, ૪૬૨, ૪૬૮, ૪૭૦, ૫૦૦, ૫૧૯, ૫૨૨, ૫૨૮; ૦દળ ૪૬૮; –ના અનુયાયી અથવા સહાયક ૪૧૮; –ના ઠરાવ ૩૬૯; –ની પ્રતિષ્ઠા ૩૬૧; –નું કારોબારી તંત્ર ૧૪૬; –નું બંધારણ ૭૬, ૨૬૫, ૨૮૬, ૩૧૬; –નો શાંતિ ને સત્યનો માર્ગ ૨૫; ૦વાદી (ઓ) ૪૯, ૯૫, ૨૪૧, ૨૪૯, ૩૧૭, ૩૩૧, ૩૪૮, ૩૬૦; ૦વાળા(ઓ) ૯૪, ૨૧૬; ૦સમિતિ ૨૫૬; ૦સંઘ ૪૧૫
મહાસમિતિ ૧૪૫–૭, ૧૬૬–૭, ૧૭૭, ૧૯૦, ૧૯૪, ૨૦૧, ૨૧૬–૭, ૨૪૨, ૨૪૮–૫૦, ૨૮૪–૫ ૨૮૭, ૨૯૦–૧, ૩૦૩–૧૦, ૩૧૩, ૩૧૬, ૩૧૮, ૩૨૦, ૩૨૯–૩૦, ૩૩૫, ૩૫૦, ૩૬૧–૨, ૩૬૫, ૩૭૫, ૩૮૧, ૩૯૧, ૩૯૯, ૪૦૬, ૪૧૫, ૪૧૯, ૪૨૪, ૪૪૫, ૪૬૧, ૪૮૨–૩; –નો કાંતવાનો ઠરાવ ૩૪૫
મહાસુખભાઈ, શ્રી ૧૫૨
મહેતા, કલ્યાણજી વિઠ્ઠલભાઈ ૬૮–૯
મહેતા, જમનાદાસ ૪૩૪
મહેતા, જીવરાજ ૩૩
મહેતા, નરસિંહ ૬૭, ૧૧૩, ૫૦૪
મહેતા, ફિરોજશા ૧૬૧
મંગળસિંહ, સરદાર ૩૨૫
મંત્ર –ની શક્તિ ૧૧૧; –નો જપ ૧૧૧
મંદિર(રો) ૯૮, ૨૪૦, ૩૩૭, ૫૨૭
માણેક, જોધા ૨૩
માણેક, મૂળુ ૨૨
માતૃપ્રેમ ૪૬૪
માતૃભાષા ૬૮
માતૃભૂમિ ૧૩૩, ૨૮૭
માદ્રી ૧૧૬
માન્ચેસ્ટર ૨૫૦
માનપત્રો ૪૮૭
માનવતા ૪૭૪
માનસશાસ્ત્ર ૩૮૦
માનસિક અને શારીરિક રોગ ૨૦૭
મામા (ફડકે, વિઠ્ઠલ લક્ષ્મણ) ૬૭, ૧૫૫, ૨૦૨
મારવાડી જ્ઞાતિ ૧૬૩ પા. ટી.
મારવાડી રાહત ફંડ ૫૧૫ પા. ટી.
મારા જેલના અનુભવ ૧, ૫૨, ૮૮, ૧૮૦, ૨૦૭, ૨૪૦, ૨૬૮
માર્કંડરાય, શ્રી ૨૩૯
માર્શલ લૉ ૩૨; ૦વખતની સ્પેશિયલ ટ્રિબ્યુનલો ૫૨૩
માલવિયાજી, પં. મદનમોહન ૯૬, ૧૧૬, ૧૩૩, ૨૧૮, ૪૩૫, ૪૭૩ પા. ટી., ૫૧૧
મિતાહાર ૨૯૮
મિથિલા ૧૫૫
મિલ(લો) ૩૯, ૧૪૫, ૧૫૩, ૧૫૬, ૧૭૨, ૨૫૦, ૨૮૨, ૩૪૮, ૩૭૬, ૪૦૧, ૪૬૭; ૦ઉદ્યોગ ૧૧૭, ૨૮૩; ૦કાપડ ૧૧૬–૮, ૧૫૩, ૧૭૩–૪, ૨૪૯, ૩૦૪, ૩૦૬, ૩૭૩, ૪૮૪; ૦કામદારો ૪૨૪; ૦જનસેવાની સંસ્થા(ઓ) નથી ૯૪; –નું સૂતર ૨૫૭; –નો અકસ્માત ૫૦૨; ૦પ્રજાને માટે ચાલવી જોઈએ; ૦મજૂરો ૧૧૨, ૪૩૯; ૦માલિકો ૩૭૬, ૪૩૯, ૪૬૭, ૪૯૮, ૫૭૨; ૦હડતાલ ૪૩૯
મીરાંબાઈ ૧૫૬, ૧૮૪, ૩૭૮
મુટાવકદુ ૩૩૮
મુત્સદ્દી વર્ગ ૧૫૮–૯; ૦એટલે રાજવર્ગ ૭૪
મુલતાન ૧૨૪, ૧૨૮, ૧૩૨
મુસલમાન(નો) ૭, ૨૯, ૩૦, ૩૯, ૬૩, ૮૬, ૯૩–૪, ૯૮, ૧૦૬, ૧૧૪, ૧૨૬–૯, ૧૩૧–૩, ૧૩૮–૯, ૧૪૧, ૧૭૭, ૧૮૫, ૨૦૩–૪, ૨૧૭–૮, ૨૩૫, ૨૪૨, ૨૭૨–૩, ૨૭૬, ૨૮૧, ૩૧૧, ૩૨૧–૩, ૩૩૩–૬, ૩૩૯, ૩૫૯, ૩૭૨, ૩૯૫, ૪૦૪–૫, ૪૨૨–૩, ૪૨૭, ૪૩૦, ૪૪૪, ૪૭૯–૮૦, ૪૮૬, ૪૯૩, ૫૦૧, ૫૦૪, ૫૧૪, ૫૧૭; ૦નેતાઓ ૨૧૯
મુસ્લિમ ૦કોમ ૮૬; ૦બહેનો ૪૧; સંગઠન ૪૮૭

Gandhi Heritage Portal

મુસ્લિમ ખાદી કમિટી (સમિતિ) ૪૧૭, ૪૪૫
મુંજે, ડૉ. ૧૪૯, ૧૬૫, ૧૮૯
મુંબઈ ૧, ૬, ૧૮, ૨૧, ૨૭, ૪૦, ૪૩, ૬૧, ૬૩, ૭૪, ૭૮, ૮૪, ૧૦૫, ૧૦૭ પા. ટી., ૧૦૮, ૧૧૫, ૧૨૧, ૧૨૨ પા. ટી., ૧૨૩ પા. ટી., ૧૨૭, ૧૩૨, ૧૫૦ પા. ટી., ૨૦૩ પા. ટી., ૨૫૦, ૨૫૩, ૩૧૪–૫, ૩૨૯, ૩૫૧, ૩૫૮, ૪૦૫, ૪૦૯–૧૧, ૪૪૮, ૪૭૫ પા. ટી., ૪૮૯, ૫૧૧ પા. ટી., ૫૧૩, ૫૧૫, ૫૩૧, ૫૩૬; –ના તોફાનીઓ ૪૩૯; –ની ધારાસભા ૧૬૧
મુંબઈ પ્રાંતિક કૉંગ્રેસ સમિતિ ૧૯૦ પા. ટી.
મુંબઈ મ્યુનિસિપલ કૉર્પોરેશન ૫૦, ૬૧ પા. ટી., ૧૬૧ પા. ટી., ૧૯૦ પા. ટી., ૪૪૪, ૫૧૬
મૂડી ૧૫; ૦વાદીઓ ૧૫, ૩૮
મૂર્છાઈ ૩૩
મૂર્તિ (ઓ) ૪૪૩; ૦પૂજા ૩૩૬; ૦ભંજન ૩૦૨
મૂર્તિદ (દો) ૨૨૦; ૦કાયદો ૨૨૦, ૨૪૩
મૂળશી પેટા ૫૫
મૅકબેથ ૨૪૪
મૅક્સ્વીની, મિ. ૪૩૯
મૅક્ફીએન, મિ. ૩૯૬
મૅડક, કર્નલ ૪
મેડતા ૨૨૯
મેરઠ ૧૨૪
મેરવાડા ૩૭૮
મૉરત્સબર્ગ ૪૪
મેહરોત્રા, પરસરામ ૧૬૪
મૈત્રીગૃહ ૫૮ પા. ટી.
મૉટે, લા (કુમારી) ૩૧૭, ૩૯૮
મૉડરેટ (ટો) ૯, ૪૯–૫૧, ૪૮૭
મૉડર્ન રિવ્યૂ ૩
મોદી, પીરમહમદ આદમજી ૪૪૫
મોપલા (ઓ) ૪૭, ૧૧૬, ૧૪૯, ૧૭૫; ૦અત્યાચારો ૧૨૫; ૦કાંડ ૧૨૬; ૦રાહત ૯૬
મોમ્બાસા ૧૫૭
મોરબી ૩૫૫
મોરારજી, શાંતિકુમાર ૧૨૨
મૉર્લી, મિ. ૩૬૩
મોવર ૨૩ પા. ટી., ૩૩
મોહરમ ૫૧૨
મોહાની, હસરત મૌલાના ૪૮૬ પા. ટી., ૪૮૮
મ્યુનિસિપલ ૦કાઉન્સિલ ૧૪૨; ૦શાળા (ઓ) ૪૫૨
મ્યુનિસિપાલિટી (ઓ) ૮–૧૦, ૧૨, ૨૮૦–૧, ૩૩૬, ૫૧૯

યજ્ઞ ૨૬; ૦કાંતવારૂપી ૩૦૨
યરવડા ૦આશ્રમ ૨૦૨, ૨૦૪; ૦જેલ ૧, ૨, ૫૨–૩, ૫૬ પા. ટી., ૭૮, ૧૦૦, ૧૦૭ પા. ટી., ૧૩૪, ૧૬૪, ૨૦૨ પા. ટી., ૨૦૮, ૨૧૬, ૨૫૩, ૨૬૮–૯, ૩૪૦, ૩૪૨, ૪૫૩, ૪૭૯
યવતમાલ ૫૦૮
યશવંતપ્રસાદ, શ્રી ૨૩૯
યહૂદી ૩૭૨, ૪૯૩
યંગ ઇન્ડિયા ૮, ૧૫ પા. ટી., ૧૮ પા. ટી., ૨૧ પા. ટી., ૩૩, ૩૫, ૩૮–૯, ૪૦ પા. ટી., ૪૨, ૪૬–૮, ૫૬ પા. ટી., ૫૮ પા. ટી., ૬૩, ૮૧, ૧૦૨, ૧૦૮, ૧૧૬, ૧૨૪ પા. ટી., ૧૪૯, ૧૫૧, ૧૫૩, ૧૬૨ પા. ટી., ૧૭૧, ૧૮૫, ૧૯૦, ૧૯૬ પા. ટી., ૨૧૩ પા. ટી., ૨૧૭, પા. ટી., ૨૩૨, ૨૩૬, ૨૪૩ પા. ટી., ૨૫૫, ૨૭૫, ૨૭૮–૮૦, ૨૮૨, ૨૮૫, ૨૯૬, ૩૦૫, ૩૨૧, ૩૩૪, ૩૪૯ પા. ટી., ૩૫૧, ૩૫૬, ૩૫૮, ૩૮૮ પા. ટી., ૩૯૧, ૪૦૯, ૪૧૨, ૪૧૫, ૪૨૯–૩૦, ૪૫૯, ૪૬૬, ૪૮૫, ૪૮૭–૮, ૪૯૧, ૫૧૬, ૫૨૩, ૫૩૧
યંત્રવાદ ૪૪૧
યાકુબ હસન ૪૭
યાજ્ઞિક, ઇંદુલાલ ૮૯, ૩૪૩, ૩૮૪, ૪૫૬
યુ. એસ. એ. ૧૮ પા. ટી., ૪૧૩
યુ. પી. –ની પ્રાંતિક કૉંગ્રેસ સમિતિ ૩૨૧; –ની સરકાર ૪૪૨, ૫૨૫–૬
યુક્ત પ્રાંત ૦કૉંગ્રેસ સમિતિ ૫૨૫; ૦ખાદી બોર્ડ ૫૨૬
યુગધર્મ ૧૮૩ પા. ટી., ૧૮૯
યુધિષ્ઠિર ૪૩૯
યુનિયન ધારાસભા ૩૬૪
યુરોપ ૪૯, ૫૮ પા. ટી., ૧૯૧–૨, ૨૫૦, ૩૮૫, ૪૨૧; –ની સંસ્કૃતિ ૩૮૩; –નો પ્રજામત ૨૮૯
યુરોપિયન (નો) ૧૮૩, ૧૯૯, ૨૪૯, ૨૫૧, ૨૫૮, ૨૮૮, ૨૯૩, ૫૨૩–૪; ૦પત્રકારો ૨૭૯; ૦પદ્ધતિ ૩૮૨; ૦મિત્રો ૩૮૫; ૦વૉર્ડ ૮૮, ૩૪૩
યુરોપીય ૦દેશો ૯૩; ૦રાજ્ય ૩૬૭
યુવક વર્ગ ૩૫૪

રઘુનાથ, રાવ શ્રી ૨૪૬
રચનાત્મક (કામ, કાર્ય, કાર્યક્રમ) ૯, ૧૩–૪, ૨૫, ૬૫, ૧૦૪, ૧૪૫, ૧૬૮, ૨૦૦, ૨૧૬, ૨૨૧,

Gandhi Heritage Portal

૨૩૪, ૨૯૮, ૩૦૨, ૩૧૪, ૩૩૦, ૩૪૮, ૩૫૧, ૪૦૬, ૪૪૦, ૪૫૬, ૫૨૦
રજપૂત (તો) ૧૧૫, ૨૦૬, ૨૫૯, ૩૭૨; –ની બહાદુરી ૧૧૪
રજપૂત પરિષદ ૧૧૫, ૨૫૮, ૩૭૧
રજવાડાં –ની નોકરી ૧૫૯
રણજિતસિંહ ૭૩
રત્નાગિરિ જિલ્લો ૪૮૪
રમજાન ૩૨૩
रंगीला रसूल ૨૨૪, ૩૩૮
રંગૂન ૪૭૦
રાજકાજ –માં સ્વચ્છતા ૩૧૬
રાજકીય ૦કામ ૭૩; ૦ગુના ૧૮૮; ૦પરિષદ ૭૧, ૭૩; ૦ફરિયાદો ૬૫; ૦સુધારા ૧૮ પા. ટી., ૬૪ પા. ટી., ૧૦૦
રાજકોટ ૫૭૩
રાજકોટ રાષ્ટ્રીય શાળા ૫૩૭ પા. ટી.
રાજગોપાલાચારી, કે. ૩૨૧
રાજગોપાલાચારી, સી. ૧૬૫, ૩૩૭, ૪૪૯, ૪૭૪ પા. ટી., ૪૯૫, ૫૨૬, ૫૩૧
રાજદ્રોહ ૪૪૨; ૦અને આબરૂ–નુકસાનીની કલમો ૪૭૬
રાજદ્રોહી સામગ્રી ૪૪૨
રાજદ્વારી (ઓ) ૫૭; ૦અને બીજા કેદીઓ ૧; ૦કેદીઓ ૨–૪, ૪૦, ૪૬, ૫૫–૬
રાજસ્થાન ૨૨૯
રાજા (ઓ) ૨૩, ૧૯૧–૨; પ્રજાનો સંબંધ ૧૯૧; ૦મહારાજા ૩૪૭; ૦શાહી ૪૦૩
રાજાનું ગીત ૪૯૧
રાજેન્દ્રપ્રસાદ ૩૬૪, ૪૯૫
રાજ્યનીતિ ૭૩, ૭૭, ૨૯૨
રાણીનગર ૪૦૩
રાધાનગર ૧૬૮
રાનડે, શ્રી ૪
રાનડે, રમાબાઈ ૪
રાબ્બી મે (યહૂદી શબ્દ) ૨૧૩
રામ ૨૩, ૧૯૩, ૨૯૪, ૩૮૦; ૦નામ ૭૦, ૧૧૧, ૫૦૪; ૦રાજ્ય ૧૮૪; ૦વનવાસ ૨૨૪
રામકૃષ્ણ ૨૯૪
રામદેવજી, આચાર્ય ૨૪૬–૭
રામાયણ ૧૫૫, ૧૬૪
રાય, પી. સી. (આચાર્ય) ૩૬૫, ૪૦૨–૩, ૪૦૫–૬, ૪૧૪, ૪૪૪, ૪૮૬, ૫૨૮–૯
રાય, હંસેશ્વર ૪૯૫
રાવણ ૧૮૫ પા. ટી.
રાષ્ટ્ર ૧૭૯; ૦કાર્ય ૩૧૩, ૫૧૯, ૫૨૧, ૫૨૪; ૦જીવન ૩૧૬; –નાં ધ્યેય ને સિદ્ધાંતો ૪૩૩; ૦ભાષા ૧૫૫; ૦વાદી પક્ષ ૬૪ પા. ટી.; ૦વ્યવહાર ૧૫૫
રાષ્ટ્રીય ૦કર્તવ્ય ૩૭૫; ૦કાર્ય ૪૧૦; ૦કાર્યકરો ૨૭૪; ૦કાર્યક્રમ ૯૩, ૧૭૮, ૪૭૯; ૦કેળવણી ૩૨, ૪૫૫; ૦કેળવણી પરિષદ ૪૬૧, ૪૬૩; ૦ગૃહ-ઉદ્યોગો ૨૦૮; ૦ગ્રામઉદ્યોગો ૧૭૪; ૦ચળવળ ૪૪૧, ૫૦૧; ૦જીવન ૧૭૯; ૦પ્રવૃત્તિ ૩૪૬; ૦ભાવના ૧૬૧; ભાષા ૬૮; ૦મહાવિદ્યાલય ૪૯૨; ૦વિદ્યાપીઠ ૪૬૫ પા. ટી., ૫૩૧; ૦વ્યવસાય ૩૩૫; ૦વ્યવહાર ૧૫૫; ૦શાળા (ઓ) ૧૨–૩, ૨૬, ૨૯, ૩૪, ૬૫, ૭૨, ૧૦૪, ૧૭૧, ૧૭૮, ૨૨૭, ૨૯૮, ૩૨૭, ૩૪૬, ૩૯૦–૧, ૪૧૫, ૪૪૦, ૪૪૨, ૪૫૧ પા. ટી., ૪૫૨, ૪૫૬–૭, ૪૬૦–૨, ૪૬૪, ૪૭૯–૮૦, ૫૦૧; ૦શિક્ષક(કો) ૪૫૫, ૪૮૦–૧, ૫૦૦; ૦શિક્ષણ ૧૭૦, ૩૮૦–૧, ૪૬૨, ૪૮૪; ૦સપ્તાહ ૧૬૨; ૦સંસ્થાઓ ૪૬૨; ૦સેવા-કાર્ય ૧૦; ૦હિત ૯૫
રાષ્ટ્રીયતા ૨૦૦
રિપોર્ટરો ૧૬૧, ૫૨૮–૯
(ए) रिव्यू ऑफ अहिंसा ૫૮ પા. ટી.
રીવાં ૨૪૩
રુદ્રી ૪૮૪
રૂ ૪૦–૧, ૧૨૧, ૧૬૯, ૧૦૩, ૨૦૮, ૨૨૪, ૨૫૭ પા. ટી., ૨૬૦, ૩૩૫, ૩૪૭, ૩૬૨, ૩૭૪, ૪૦૫, ૪૪૪, ૪૪૮, ૪૮૩–૪, ૪૯૪, ૫૨૫, ૫૨૭
રૂઢિ ૦ચુસ્તો ૯૯, ૩૦૭, ૩૧૯; ૦વાદીઓ ૩૦૮
રેડક્રૉસ ૪૨૧
રેલવે કામદારો ૧૬૬
રેવા (રેવા) રાજ્ય ૩૩૪
રેશમ ૧૦૦
રેશમી મુકટા ૧૦૦
રેંટિયો (યા) ૧૨, ૩૯–૪૩, ૪૬, ૭૩, ૭૬, ૯૪–૫, ૧૧૨, ૧૧૫, ૧૨૧, ૧૫૫, ૧૬૨, ૧૬૮, ૧૭૦, ૧૭૪, ૨૦૬, ૨૦૮, ૨૧૬, ૨૨૩–૪, ૨૨૬ પા. ટી., ૨૨૭, ૨૩૫, ૨૪૦, ૨૪૮, ૨૫૦, ૨૬૨, ૨૬૪–૬, ૨૮૧, ૨૮૩, ૨૮૯, ૩૦૭, ૩૪૨–૩, ૩૪૮, ૩૬૨–૪, ૩૭૩, ૩૭૫–૬, ૩૯૫, ૩૯૯, ૪૦૩–૫, ૪૧૭, ૪૨૦, ૪૨૩, ૪૨૬, ૪૩૮, ૪૪૫, ૪૫૬, ૪૫૯–૬૧, ૪૬૩, ૪૬૫, ૪૭૦, ૪૮૦–૧, ૪૮૬, ૪૯૧–૫, ૫૦૩, ૫૧૯–૨૧, ૫૨૭; ૦ખોલી ૩૪૪; ૦ટળ્યો ને હિંદુસ્તાન પરાધીન થયું ૧૭૪;

Gandhi Heritage Portal

૦દુકાળ રાહત માટે ૪૮૩; ૦ધર્મ ૩૬૯, ૫૦૪; ૦નવી જાતના ૪૮૭; –ના ઉદ્ધારમાં હિંદુસ્તાનનો ઉદ્ધાર ૨૭૪; –ના હિમાયતી ૩૬૫; –ની ધૂન ૨૫૬; –ની પ્રગતિ ૩૭૭; –ની મહાશક્તિ ૩૪૮; –ની સાથે મન જોડાઈ જશે ત્યારે જરૂર સૂતર ઉપર પ્રભુનાં દર્શન થશે ૨૫૭; –નો કાર્યક્રમ ૩૦૩; –નો સંદેશ ૪૭૯; ૦પ્રચાર ૨૪, ૭૨; ૦પ્રવૃત્તિ ૪૭૯; –માં મજૂરી છે ને વિનય છે ૪૧૬; ૦શાસ્ત્ર ૧૯૫; ૦સંસ્કૃતિ ૧૯૯
રૉઈટર ૫૦
રેનિગર, એમિલ ૫૮
રૉય, ડૉ. (રાય, પી. સી.) ૪૧
રૉય, રામમોહન ૧૯૮
રૉયલ કમિશન ૭૮
રૉલેટ ઍક્ટની ચળવળ ૨૯૦
રોહતક ૧૦૦, ૧૨૭
રોહદ ૧૦૦

લક્ષ્મણ ૪૨૩
લખનૌ ૧૨૫, ૧૩૫ પા. ટી.
લગ્ન –માં બહુ ખર્ચ ૩૫૪
લઘુમતી ૧૭૯, ૨૦૧, ૪૩૩
લજપતરાય, લાલા (લાલાજી) ૧૮, ૪૦ પા. ટી., ૪૭, ૧૩૪, ૨૧૮, ૩૨૬
લવાદી ૧૭૦, ૩૫૯
લશ્કરી ખર્ચ ૧૦૪
લંકા ૩૧૮
લંડન ૬૫
लाइट ऑफ एशिया ७८
લાહોર ૧૨૫, ૩૩૮, ૨૪૨–૩, ૪૨૯, ૪૭૬, ૫૨૨
લિટન, લૉર્ડ ૫૨૪
લિપી ૦ઉર્દૂ ૩૨૧; ૦દેવનાગરી ૩૨૧
લિબરલ પક્ષ ૩૪ પા. ટી., ૨૦૩ પા. ટી., ૨૨૦
લિબરલો ૭, ૯૪–૫, ૧૫૧–૨, ૪૮૭, ૪૯૧
લીગ ઑફ નેશન્સ ૪૧૩
લીડર ૩૦૪
લૂઈ, સ્વીડ્ઝ ૨૨૩
લૂંટારા ૫૭–૮
લૅંકેશાયર ૭૨, ૩૪૮
લૉઈડ, જૉર્જ ૧, ૨૫૩
લોકબજાર ૩૬૪
લોકમત ૮૪–૫, ૧૪૭, ૧૭૫–૬, ૧૯૨, ૧૯૪, ૨૧૫, ૩૧૬, ૩૨૦, ૩૩૦, ૩૬૭, ૩૭૮, ૪૨૫, ૫૨૩
લોકમાન્ય (ટિળક) ૫૯, ૬૦, ૧૬૫, ૪૩૮; –ની પુણ્યતિથિ ૪૩૬; –ની સંવત્સરી ૪૦૦
લોકલબોર્ડો ૫૧૯
લોકશક્તિ ૧૫૨
લોકસાહસો ૩૬૪
લોકસેવકો ૧૯૨
લોકસેવા ૭૬, ૧૯૧
લૉટરી ૩૨
લોઢવાના ચરખા ૪૪૫

વકીલ (લો) ૪૧, ૭૪, ૧૨૫, ૧૪૪, ૧૭૮–૯, ૨૧૬, ૨૬૬–૭, ૩૦૫, ૩૩૩, ૩૩૫, ૩૪૭, ૩૫૯, ૩૬૮, ૪૨૧, ૪૨૫
વકીલાત ૧૪૪, ૧૭૮–૯, ૨૦૩, ૨૧૬, ૨૬૨, ૨૮૫, ૩૦૪ પા. ટી., ૩૧૮, ૩૩૫, ૩૪૭, ૩૫૯, ૪૧૫
વડી ધારાસભા ૧૮ પા. ટી., ૨૭ પા. ટી., ૬૪ પા. ટી., ૧૪૫, ૧૬૧ પા. ટી., ૨૮૬ પા. ટી., ૩૩૦, ૩૮૫, ૩૯૯
વડોદરા ૨૮ પા. ટી., ૬૭, ૧૧૮ પા. ટી., ૧૫૩, ૫૩૧ પા. ટી.
વઢવાણ ૨૫૭, ૪૧૮–૯
વઢવાણ રાષ્ટ્રીય શાળા ૩૮૯ પા. ટી., ૪૧૮
વણકર (રો) ૧૨, ૨૧, ૭૨, ૭૪–૫, ૧૬૯–૭૦, ૧૭૨, ૧૯૫, ૨૦૪, ૨૬૦–૧, ૨૮૨, ૩૬૧, ૩૭૧, ૩૭૩–૫, ૪૦૩–૪, ૪૧૭, ૪૭૦
વણાટ ૧૬, ૩૦, ૭૫, ૨૬૦, ૩૦૩, ૩૮૭, ૪૬૧, ૪૭૦; ૦કામ ૧૨, ૪૬, ૨૬૨, ૪૧૭, ૩૭૫; ૦શાસ્ત્ર ૨૭; ૦શાળા ૨૨૧–૨
વરતેજ ૨૦૬, ૩૭૧
વરદાચારી, શ્રી ૩૦૪
વરાડ ૪૮૮–૯
વર્ગીકરણ ૨
વર્ણવિભાગ ૩૫૫; ૦શુદ્ધિ ૩૭૨; ૦સંકટ ૩૭૧–૩
વર્ણાશ્રમ ૩૧, ૩૭૧, ૩૭૩, ૪૩૫; ૦ધર્મ ૨૬૧; –નો અર્થ ૨૯૫
વર્તમાનપત્રકારો ૫૨૩–૪
વર્તમાનપત્રો ૩, ૧૧૭, ૩૧૪, ૩૭૨, ૪૩૭; –નો ધર્મ ૭૭
વલસાડ ૧૫૦
વલીભાઈ ઇસ્માઈલ ૨૪૩
વસન્ત ૧૧૬–૭
વહોરા ૨૮–૯
वंदे मातरम् ૪૫૦, ૪૭૬

Gandhi Heritage Portal

વાઈકોમ ૩૩, ૬૩, ૬૫–૬, ૮૪–૭, ૯૮, ૧૪૩, ૧૬૬, ૨૩૦, ૨૪૧, ૩૦૮, ૩૩૬–૭, ૫૨૧, ૫૨૩; ૦પ્રતિનિધિમંડળ ૬૫ પા. ટી., ૮૩; ૦સત્યાગ્રહ ૭, ૪૬, ૮૬, ૨૪૦, ૩૦૭, ૩૧૯, ૪૬૮, ૫૨૬–૭; ૦સવર્ણ સભા ૫૨૬, ૫૨૮
વાચનમાળા (ઓ) ૫૨૬
વાર્તા ૧૨૭, ૧૨૯, ૧૪૧, ૧૭૫–૬, ૨૩૩, ૩૨૩
વાલેચા, શ્રી ૪૦૨
વિચારકમંડળ ૩૩૧
વિજાપુર ૨૫૯, ૪૧૭
વિદ્યા ૧૬૧
વિદ્યાપીઠ ૧૬૦–૧, ૨૦૧–૨, ૨૦૫, ૨૩૪, ૪૧૮, ૪૩૫, ૪૫૫–૬, ૪૫૮–૯, ૪૬૨, ૪૬૬, ૪૮૦–૧, ૪૯૧, ૪૯૩–૪, ૫૦૭
વિદ્યાર્થી (ઓ) ૨૦૧–૨, ૨૦૫, ૩૯૦, ૪૨૧, ૪૮૦
વિદ્યાવાચસ્પતિ, ઇંદ્ર ૩૫૫, ૩૮૯, ૪૭૨, ૫૨૨
વિનય મંદિરો ૪૫૫, ૪૫૮
વિભીષણ ૧૮૫ પા. ટી.
વિરાર ૪૩૪, ૪૫૮
વિલાયત ૪૮, ૫૦
વિલાયતી કાપડ ૨૬, ૭૦, ૨૫૭, ૪૧૫, ૪૪૫; –નો ત્યાગ ૩૫૩; –નો વેપાર ૨૬૦
વિલાસિની, વિ. કે. ૪૪૯
વિલિયમ સાઈલંટ ૯૩
વિશ્વભારતી ૩૯૨
વીરમગામ ૧૨૭
વીરુભાઈ ૨૩૯
વીસનગર ૩૩, ૧૧૩, ૧૫૦, ૧૫૨–૪
વેદ ૯૯, ૧૩૪, ૨૪૬–૭; ૦વાદરત ૨૯૬
વેદાંત ૨૪૬
વેદિયા ૭૮–૯
વેલર, ચાર્લ્સ એફ. ૪૧૩
વેશ્યા છોકરીઓ ૪૬૫ પા. ટી.
વેસ્ટ, એ. એચ. ૮૩ પા. ટી.
વેસ્ટ, એડા ૮૩
વેસ્ટર્ન ઇન્ડિયા સ્ટેટ એજન્સી ૨૩ પા. ટી.
વૈદો ૫૦૧; ૦અને આયુર્વેદ ૫૦૧–૨
વૈદ્ય, ગંગાબહેન ૨૯૨, ૩૨૮, ૩૫૬, ૩૮૮, ૪૧૪
વૈષ્ણવ (વો) ૧૮૪, ૪૨૫, ૫૦૪
વૈશ્ય ધર્મ ૩૭૧
વૉર્ડર ૩૪૪
વૉશિંગ્ટન ૩૯૬
વ્યાસ, રવિશંકર ૫૭, ૨૩૩
વ્રત ૪૯૨
વ્હાઇટ ક્રૉસ ૩૯૬, ૩૯૮
શરીરબળ ૮૦, ૧૧૦, ૧૨૯–૩૦, ૧૪૧, ૧૬૬, ૨૦૫, ૨૩૨–૩, ૨૪૦–૧, ૨૯૫, ૪૮૯
શરીરયજ્ઞ (જાતમહેનત) ૩૭૩
શર્મા, હરિહર (અણ્ણા) ૬૭, ૧૫૫ પા. ટી.
શસ્ત્રબળ ૧૧૪, ૨૬૬
શહીદી જથા ૨૭૨–૩
શહેરી (ઓ) ૪૫૩
શંકર ૭૦, ૧૮૩, ૩૪૯, ૩૬૩, ૪૮૪
શાબાશખાન ૨૭૦–૧, ૩૪૧
શાસ્ત્ર ૦ચર્ચા ૯૦; ૦સંવાદ ૨૯૦
શાસ્ત્રાર્થ ૬૬, ૧૬૬; ૦વાદી ૨૯૬
શાસ્ત્રિયાર, શ્રી ૨૯૮
શાહ, ફૂલચંદ કે. ૩૮૯
શાહજાદા ૧૩૨
શાળા (ઓ) ૧૩, ૭૨, ૧૨૫, ૧૮૦, ૩૮૧
શાંત ક્રાંતિ ૧૫૨
શાંતિ ૨૬, ૩૫, ૧૨૬, ૧૯૧, ૨૨૮–૯, ૨૭૮, ૩૫૯, ૩૮૫, ૩૯૮; ૦અને આનંદ ૧૦૨ પા. ટી.; ૦મય અને કાયદેસર ૧૯૮
શાંતિનિકેતન ૧૯૮
શિક્ષક (કો) ૨૮, ૪૧, ૪૧૫, ૪૭૮, ૪૮૦–૧, ૫૦૦–૧, ૫૧૮; –ની શિક્ષણ શક્તિ ૪૬૨; –નો સંઘ ૪૫૫; ૦પરસ્પર સખાભાવથી વર્તે એ તો સ્વરાજ કહેવાય ૪૫૧; ૦મોઢેથી જ કેળવણી આપે ૪૫૪
શિક્ષણ ૪૧૬, ૪૫૫–૬, ૫૦૦; ૦અને સ્વાસ્થ્યસંરક્ષણ ૨૮૦–૧; –ના ક્ષેત્રમાં અસહકાર ૪૭૯; ૦પદ્ધતિ ૩૮૨; ૦પરિષદ ૪૫૧, ૫૭૦; ૦ફરજિયાત ૫૦૮; ૦સંસ્થાઓ ૩૦૪ પા. ટી.; ૦સંસ્થાઓનો બહિષ્કાર ૨૬૭
શિક્ષિત વર્ગ ૨૬૧
શિરોમણિ ગુરુદ્વારા પ્રબંધક સમિતિ ૯૮, ૨૭૨
શિવસાગર ૪૦૭
શિવાજી મહારાજ ૪૭૨
શિષ્યો ૫૦૧
શીખ (ખો) ૨૫૯, ૨૭૩–૪, ૨૭૪, ૩૧૭, ૩૨૦, ૩૭૨, ૦કેદીઓ ૫૪–૫; ૦કોમ ૨૫૧; –ની ધર્મસુધારાની પ્રવૃત્તિ ૨૭૪; –ની શિરોમણિ સમિતિ ૪૮૭; –નો આત્મસંયમ ૨૭૮; ૦રસોડાં ૯૩, ૯૯; ૦રાજ્ય ૨૭૪; ૦સમાજ ૯૯

Gandhi Heritage Portal

શીખ લીગ ૪૮૭

શુકદેવજી ૧૧૩

શુદ્ધ સેવકોનું દળ ૨૮

શુદ્ધિ ૧૭૬; ૦અને સંગઠન ૧૨૫; –ની પ્રવૃત્તિ ૧૩૯, ૧૬૭, ૧૭૫, ૨૧૩, ૨૧૯, ૩૧૧, ૩૩૯

શેક્સપિયર ૪

શેખ, મકરઅલી ૪૪૫

શેઠ, અબ્દુલ રહીમ અબ્દુલ કરીમ ૪૪૫

શેઠ, વસનજી ૪૮૧

શેતાન ૩૦૬

શૈતાન ૨૪૩

શૅર –નો સટ્ટો, એક જાતની લૉટરી ૩૨

શૌકતઅલી, મૌલાના ૧૩૬, ૨૭૦–૧, ૩૧૧–૨, ૩૩૩, ૩૫૯, ૩૬૩, ૩૯૫, ૪૦૮, ૪૩૩, ૪૯૫, ૫૧૨–૩, ૫૩૧

શ્રદ્ધાનંદજી, સ્વામી ૯૮, ૧૩૪–૫, ૧૬૭, ૨૦૦, ૨૧૨, ૨૭૮, ૩૧૧, ૩૩૯, ૫૩૦

શ્રી ભાજન ૨૬૧–૨

શ્રી રંગ ભગવાન ૧૮૫

શ્લેશીન, સોન્જા ૫૩૪–૫

"સચિયા" કામઠા ૪૧

સત્ય ૭૪, ૭૮–૯, ૯૦, ૧૩૪, ૧૩૭, ૧૪૫, ૧૫૩, ૧૬૨, ૧૬૬–૭, ૧૭૮, ૧૯૧, ૨૨૮–૯, ૨૩૫, ૨૩૭, ૨૪૪, ૩૦૦, ૪૧૯, ૪૩૬, ૪૪૯, ૪૫૭, ૫૦૧, ૫૦૭, ૫૨૧; ૦રૂપી એરણ ૨૯૭; ૦સિવાય ધર્મ નથી ૫૦૪

સત્યપાલ, ડૉ. ૪૨૯

સત્યાગ્રહ ૭, ૨૧–૪, ૨૬, ૩૦, ૩૪, ૬૩–૫, ૬૯–૧, ૭૩–૪, ૮૩, ૮૫, ૮૭, ૯૨, ૯૫, ૧૨૪, ૧૨૭, ૧૪૨, ૧૫૭, ૧૬૬, ૨૨૭, ૨૨૯–૩૦, ૨૪૦–૧, ૨૭૩, ૩૨૦, ૩૩૬, ૩૩૮, ૪૩૬, ૪૯૩, ૫૦૭, ૫૧૯, ૫૨૧, ૫૨૮; ૦આદર્શ ૮૫; –ના મૂળભૂત સિદ્ધાંતો ૮૪; –ની ભાવના ૨૭૩; –નો ઇતિહાસ ૫૧૩; –નો નાયક સંગીતશાસ્ત્રી જેવો હોવો જોઈએ ૨૩૧; –નો મુદ્દો આત્મશુદ્ધિ ૪૬૯; ૦શાસ્ત્ર ૧૮૧; ૦સંઘ ૧૭૦

सत्याग्रह ५१६

સત્યાગ્રહ આશ્રમ ૧૧, ૧૮ પા. ટી., ૮૦, ૧૦૭, ૪૪૫, ૫૩૬

સત્યાગ્રહ છાવણી ૨૦

सत्याग्रहनो इतिहास ४३४

સત્યાગ્રહી ૪, ૭, ૨૧–૩, ૨૬, ૪૬, ૫૫, ૫૭, ૬૩, ૬૫, ૭૧, ૭૩–૪, ૮૩–૬, ૮૭–૯, ૯૧, ૧૫૭, ૧૯૧–૨, ૨૨૧, ૨૩૦, ૨૯૭, ૩૦૭–૮, ૩૧૩, ૩૧૯–૨૦, ૪૦૨, ૪૪૦, ૪૬૯, ૫૦૨, ૫૧૩, ૫૨૧, ૫૨૬–૭; –નો સંઘ ૨૩૩

સત્યાગ્રહી ગાળો ૧૧૨–૩, ૧૫૯

सत्यार्थप्रकाश ૧૩૪, ૧૫૦, ૧૬૭, ૨૧૨, ૨૪૬–૭, ૩૧૧

સદાવ્રત ૬૪

સનાતન કાર્યક્રમ ૩૧૪

સનાતન ધર્મ ૨૯૬

સનાતની (ઓ) ૩૦૭, ૩૧૪; ૦હિંદુ ૯૮, ૫૨૧, ૫૨૭–૮

સભ્યતા ૦અને અહિંસાવૃત્તિ ૨૫૧

સમયપાલન ૪૦

સમાજ –નો વ્યભિચાર ૩૮૬; ૦સુધારો ૩૦, ૭૩, ૮૬

સમાજિસ્ટો ૧૩૫

સરકાર ૩, ૯, ૧૦, ૧૩, ૧૮ પા. ટી., ૨૩, ૨૬, ૨૯, ૪૨, ૬૫, ૮૪–૫, ૯૧–૨, ૧૦૦, ૧૪૨, ૧૪૪, ૧૫૦–૨, ૧૬૭–૮, ૧૭૦, ૧૮૦–૨, ૧૮૬ પા. ટી., ૧૯૧–૨, ૨૧૦, ૨૩૨, ૨૩૧–૩, ૨૭૨, ૨૮૦, ૨૮૭, ૨૯૫, ૨૯૯, ૩૨૨, ૩૨૬, ૩૩૨, ૩૫૮, ૩૬૦, ૩૬૩, ૩૭૮, ૩૮૨, ૩૯૮, ૪૦૦, ૪૨૬, ૪૪૩, ૪૫૩, ૪૬૯, ૪૭૪, ૪૭૬–૮, ૪૮૦, ૪૯૦, ૫૦૨, ૫૧૫ પા. ટી., ૫૧૯–૨૧; –નો હૃદયપલટો ૩૯, ૩૪૮

સરકારી ૦અદાલતો ૧૪૪, ૧૭૮; ૦અધિકારીઓ (અમલદારો) ૯, ૩૬૪, ૪૭૬; ૦કેળવણી ૨૦૩; ૦ખાતાં ૨૬૭; ૦ખિતાબો ૧૭૮; ૦નિશાળો(શાળાઓ) ૧૪૪, ૧૭૮, ૧૯૪, ૨૬૭, ૪૧૫, ૪૬૨; ૦નિશાળોનો બહિષ્કાર ૩૯૧; ૦નોકરી ૧૨૭, ૧૪૨, ૨૩૩; ૦નોકરો ૨૭, ૪૭૭; ૦શિક્ષકો ૧૪૪; ૦સંસ્થાઓ ૨૬૭, ૨૮૦, ૪૯૧, ૫૧૫; ૦સંસ્થાઓનો બહિષ્કાર ૨૭૪

સરદાર મંગળસિંહ ૫૦૮, ૫૧૧

સરદારગૃહ ૪૩૬

સરસ્વતીચંદ્ર ૩૮૦

सरस्वतीचंद्र ३८०

सर्वेन्ट ऑफ इन्डिया ३

સર્વન્ટ ઑફ ઇન્ડિયા સોસાયટી ૪ પા. ટી.; ૬૦ પા. ટી., ૧૪૯


Gandhi Heritage Portal

સવિનયભંગ ૧૪, ૨૫–૬, ૧૦૪, ૧૫૧, ૧૫૭, ૨૨૧, ૨૨૮, ૨૪૪, ૨૪૮–૯, ૨૮૦–૧, ૩૩૫, ૩૪૭–૮, ૩૯૯, ૪૨૬, ૪૫૧, ૪૭૭
સશસ્ત્ર બળવાનો માર્ગ ૯૩
સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય ૪૫૩
સહકાર ૬, ૬૯, ૧૭૦, ૧૮૦, ૨૪૫, ૨૭૦, ૩૫૮, ૪૮૭, ૫૨૫
સહકારી (ઓ) ૬૯, ૧૧૮, ૩૮૦, ૪૨૫, ૪૬૯, ૪૯૦; ૦અસહકારી ૪૯૯
સહજાનંદ, સ્વામી ૨૯૪
સહભોજન ૩૩૭
સહરાનપુર ૧૨૫, ૧૨૭, ૧૩૧–૨
સહા, ગોપીનાથ ૧૮૬, ૨૧૪, ૨૪૯, ૩૦૪ પા. ટી., ૩૧૭
સહિષ્ણુતા ૧૩૯, ૨૦૯–૧૦, ૨૧૨, ૩૩૯, ૪૪૧
સંખ્યાબળ ૨૫, ૧૪૪
સંગઠન ૨૩૨, ૩૨૬, ૪૦૮
સંઘશક્તિ ૫૨૧
સંતાનમ્, શ્રી ૯૭, ૧૭૧, ૨૭૯–૮૦
સંયમ ધર્મ ૬૮; ૦સંયમી ૮૦
સંયુક્ત પ્રાંત ૪૦, ૨૧૮, ૨૭૧, ૪૪૨
સંયુક્ત મદ્રાસ રાજ્ય ૧૬૮ પા. ટી.
સંરક્ષણ પદ્ધતિ ૩૮–૯
સંસારસુધારો ૭૩, ૩૫૪
સંસ્કૃતિ ૩૮૧–૩; ૦ભૌતિકવાદી ૪૪૧
સાઉથ આફ્રિકન ઇન્ડિયન કૉંગ્રેસ ૧૮૨ પા. ટી.
સાપ –નું ઝેર ઉતારવાનો મંત્ર ૧૨૩ પા. ટી.
સાબરમતી ૬૧, ૮૦, ૧૦૭, ૧૪૯–૫૦, ૧૯૦, ૨૦૬, ૨૨૬, ૨૫૪, ૩૨૭–૮, ૩૫૨, ૩૫૭, ૩૭૯, ૪૦૮–૧૪, ૪૨૯–૩૪, ૪૪૯–૫૦, ૪૫૭, ૪૭૪, ૪૯૦, ૪૯૫–૮, ૫૦૬–૮, ૫૧૨, ૫૧૬–૭, ૫૩૧, ૫૩૩–૪, ૫૩૬
સાબરમતી આશ્રમ ૨૪ પા. ટી., ૧૨૩ પા. ટી., ૧૮૬, ૨૬૪ પા. ટી.
સાબરમતી જેલ ૨૯૭
સામાજિક ૦સમાનતા ૫૨૭; ૦સેવા ૧૭૦
સામુદાયિક સવિનયભંગ ૧૪, ૨૩૧
સામ્રાજ્ય ૫૦; –ના માલનો બહિષ્કાર ૪૯, ૯૪–૫, ૩૬૮ પા. ટી.; –ના લોખંડી પુરુષ ૪૪; ૦વાદ ૨૧૪, ૨૫૨
સાર્વજનિક સભા ૫૯
સાસૂન ઇસ્પિતાલ ૪ પા. ટી.
સાળ ૭૫, ૯૪, ૧૧૫, ૧૭૦, ૨૦૮, ૨૨૩, ૩૭૫, ૪૦૩–૪
સાંચાકામ ૩૮
સિઝર ૩૨૦
સિમલા ૨૪૧, ૩૨૪ પા. ટી., ૩૪૯ પા. ટી., ૩૯૮, ૪૭૩, ૪૭૬, ૫૦૨, ૫૧૧, ૫૧૪
સિરાજગંજ ૨૧૪–૫, ૪૦૨–૩
સિવિલ સર્વિસ ૭૬
સિંધ ૧૭૩, ૨૦૨, ૩૧૦, ૩૯૫, ૪૮૯
સિંધ પ્રાંતિક કૉંગ્રેસ સમિતિ ૫૬ પા. ટી.
સિંધી(ઓ) ૨૦૨
સિંધિયા સ્ટીમ નેવિગેશન કંપની ૧૨૨ પા. ટી.
સીતા(જી) ૪૨૩
સીતારામૈયા, ડૉ. પટ્ટાભી ૨૪૨, ૨૯૦ પા. ટી., ૪૩૧
સીમરી (ગામ) ૪૩૧
સીરિયન ખ્રિસ્તીઓ ૯૩
સુખિયા ૪૦૩
સુણાવ ૩૫૪
સુણાવ રાષ્ટ્રીય શાળા ૩૫૪
સુદામા ૩૮૦
સુધાર(રો) ૨૫૧, ૨૯૪–૫, ૩૫૨, ૫૧૮, ૫૨૦; ૦વાદીઓ ૧૫૨, ૩૦૮
સુધારક(કો) ૭, ૨૯૪, ૩૦૭, ૩૧૯
સુધારણાગૃહો (રેફર્મેટરી) ૨
સુન્નત ૨૭૫
સુબ્બારાવ, જી. વી. ૧૦૩
સુભદ્રાકુમારી ૧૯૩
સુભાની, આઝાદ ૪૧૭, ૪૪૫
સુરત ૬૨, ૨૨૭, ૨૫૪, ૪૫૨–૩, ૪૭૦
સુરતી મેમણ ૪૭૦
સૂતર ૪૨–૩, ૫૮, ૭૪–૫, ૯૫, ૧૦૦, ૧૦૮, ૧૫૬, ૧૬૦, ૧૬૨, ૧૬૯, ૧૭૩, ૧૭૯, ૧૯૫, ૨૨૩, ૨૪૫, ૨૪૮, ૨૫૯, ૨૬૧, ૨૮૨, ૨૮૮–૯, ૩૦૧, ૩૩૫, ૩૪૨, ૩૪૭, ૩૪૯, ૩૫૧, ૩૬૧–૨, ૩૭૪, ૩૯૨–૩, ૪૦૩–૬, ૪૧૬–૭, ૪૧૯–૨૧, ૪૨૪, ૪૪૮, ૪૫૮, ૪૭૦, ૪૮૪, ૪૮૯, ૪૯૧–૩, ૪૯૯, ૫૦૭, ૫૧૭, ૫૨૫
સૂતર –ને તાંતણે સ્વરાજ ૪૫૭
સૂત્રયજ્ઞ ૪૮૦
સૅટરડે રિવ્યૂ ૪૮
સેતાન ૨૭૪
સેન, પ્રફુલ્લચંદ્ર ૧૬૯

Gandhi Heritage Portal

સેન, ભૂપેન્દ્ર નારાયણ ૧૬૮
સેનાખર્ચ ૩૮૨–૩
સેન્ડો ૪૮૯
સેબાસ્ટિયન ૬૩
સેલીઓક ૨૨૩
સેવા ૨૯૩; ૦ધર્મ ૫૦૪; ૦સદન ૪, ૫, ૪૬; ૦સંઘ ૫૧૦
સૈયદ, સર અહમદ ૧૨૫, ૨૪૬
સોખતા, મનઝરઅલી ૮૯, ૩૪૩
સોનગઢ ૨૨-૩
સોમાલી ૦આરબો ૨૫૭; ૦દેશ ૨૫૭; ૦લૅન્ડ ૩૪૦
સોહોની, શ્રી ૫૯
સૌરાષ્ટ્ર ૨૧ પા. ટી.
સ્કૉટ, મિ. ૨૪૬
સ્કૉટલૅન્ડ પાસેના ટાપુઓ ૨૨૩
(ધ) સ્ટોરી ઑફ માય લાઇફ પુ. ૨ ૩૨૪ પા. ટી.
સ્ત્રી(ઓ) ૪૬૫; ૦અર્ધાંગના ૪૫૬; ૦અર્ધાંગના છે એમ સમન્વય એમાં જ ખરી કેળવણી ૪૬૫; ૦કેળવણી ૪૬૦, ૪૬૫–૬; ૦જાતિ ૬૬, ૩૫૮; ૦ધર્મ ૬૬; –ની માસિક માંદગી ૧૨૩
સ્પર્જ્યન, મિ. ૪૬૦
સ્પેન ૯૩ પા. ટી.
સ્પેન્સ, મિ. ૩૯૬
સ્મટ્સ, જનરલ ૪૪ પા. ટી.; ૦સરકાર ૩૫૮
સ્મિથ, બૉઝવર્થ ૫૪
સ્વતંત્રતા ૨૮; ૦અને રાષ્ટ્રીય ભાવના ૨૦૫ પા. ટી.; –નો અર્થ એવો નથી કે સૌએ અધિકારી બનવું ૨૭
સ્વદેશ ૪૪, ૨૮૨
સ્વદેશી ૧૯, ૬૯, ૯૪, ૪૮૮; ૦કાગળ ૪૦; –નો પ્રચાર ૩૦
સ્વધર્મ ૪૧૯
સ્વભાષા –નું અભિમાન ૧૫૪
સ્વયંસેવક(કો) ૩૦, ૬૩, ૬૯, ૭૨, ૭૬, ૮૫, ૯૯, ૧૧૫, ૧૪૪, ૧૫૬, ૧૬૪, ૨૨૧, ૨૮૮, ૨૯૩, ૩૦૭, ૩૨૦, ૩૩૫, ૩૪૬, ૩૫૯, ૩૭૧, ૩૯૬, ૪૦૪, ૪૨૧, ૪૬૮, ૫૨૭
સ્વરક્ષા ૨૯૬; –ની શક્તિ ૨૯૫
સ્વરાજ(જ્ય) ૨ પા. ટી., ૯, ૧૧, ૧૩–૫, ૨૨, ૨૫–૭, ૨૯–૩૦, ૩૪, ૩૬, ૩૮, ૪૦, ૪૫–૬, ૫૧, ૫૫, ૭૦, ૭૬–૭, ૮૬, ૯૩–૫, ૧૨૭–૯, ૧૩૪, ૧૪૨, ૧૪૪, ૧૪૬, ૧૫૧, ૧૫૫, ૧૫૭, ૧૭૩–૪, ૧૭૮, ૧૮૫, ૧૮૮, ૧૯૪–૫, ૧૯૯, ૨૦૦, ૨૧૬, ૨૨૧, ૨૨૮, ૨૩૦, ૨૪૮–૫૦, ૨૫૪, ૨૫૬, ૨૬૫–૭, ૨૭૪, ૨૮૬–૮૯, ૨૯૫, ૩૦૫, ૩૧૩–૪, ૩૩૦, ૩૪૭, ૩૫૧, ૩૬૬–૭, ૩૭૬–૭, ૩૮૫, ૩૯૦–૧, ૩૯૪–૫, ૩૯૯, ૪૦૦, ૪૦૬, ૪૧૫, ૪૧૭, ૪૨૨–૪, ૪૩૬, ૪૪૫, ૪૪૬, ૪૫૨, ૪૫૫, ૪૫૭–૮, ૪૬૪, ૪૬૬, ૪૭૬, ૪૭૯, ૪૮૯, ૪૯૧–૨, ૫૦૦, ૫૦૫, ૫૦૮, ૫૧૨, ૫૧૮, ૫૨૦–૧, ૫૨૫; ૦એટલે દેશના અલ્પમાં અલ્પ બંધુ માટે સ્વતંત્રતા ૨૩૭; ૦તંત્ર ૭૬, ૪૧૯; –ના મિશનરી ૪૮૦; –ની પ્રવૃત્તિ આત્મશુદ્ધિની પ્રવૃત્તિ છે ૨૧૦; ૦પ્રવૃત્તિ ૩૧, ૭૩; ૦મેળવવાનો ઉપાય રેંટિયા ૪૧૭; ૦સરકારમાં નોકરી ૩૩૨; ૦સિદ્ધિ ૪૬૧, ૪૯૩; ૦સેવા ૩૩૫
સ્વરાજ(જ્ય) પક્ષ ૫૯ પા. ટી., ૮૧ પા. ટી., ૧૦૨–૪, ૧૪૪, ૧૪૭, ૪૧૦, ૪૨૮, ૪૩૩; ૦પક્ષવાળા ૬, ૧૪૫, ૧૪૮
સ્વરાજ(જ્ય)વાદી(ઓ) ૨૭, ૧૧૮, ૧૪૬, ૧૯૯, ૨૧૫ પા. ટી., ૨૧૬, ૨૨૭, ૨૩૦, ૨૪૧, ૨૪૮ પા. ટી., ૨૫૬, ૨૬૪, ૨૯૦, ૩૦૩, ૩૧૬, ૩૨૬, ૪૮૭–૮; –નો બળવો ૧૮૯
સ્વરાજીઓ ૨૬૬, ૩૧૨, ૩૧૪, ૩૨૯–૩૦, ૩૪૮, ૩૬૦–૧, ૪૩૧
स्वराज्य ૩૩, ૪૫, ૧૬૮
સ્વાતંત્ર્ય ૩૬૭
स्वातंत्र्य ૧૪૯, ૧૫૦ પા. ટી., ૧૬૪, ૧૬૫ પા. ટી.
સ્વાદવૃત્તિ ૨૯૯
સ્વામીનારાયણ પંથ ૨૯૪ પા. ટી.
સ્વાર્થવૃત્તિ ૧૩૮
સ્વાવલંબન ૪૮૧, ૫૨૫; ૦અને આત્મનિર્ભરતા ૬૬
સ્વાશ્રયી સુધારાગૃહો ૨૦૮
સ્વિટ્ઝર્લૅન્ડ ૫૮
સ્વેચ્છાચાર ૦એ સુધારો નથી ૩૧

હક, ફઝલુલ ૧૨૭
હકીમ, અજમલખાન (હકીમ સાહેબ) ૫૨, ૧૪૨, ૧૭૬, ૨૫૩, ૨૬૯, ૨૭૮, ૨૮૧, ૪૩૩, ૪૪૩, ૪૭૨
હજીરા ૬૨, ૩૪૯, ૩૫૧, ૪૧૪, ૪૭૩
હડતાળ ૫૫, ૪૨૪
હનુમાન ૧૮૪
હબસીઓ ૩૮૩
હરકરણ ૨૬૮–૭૦, ૩૨૬, ૩૪૧
હર(રિ)દ્વાર ૫૧૫
हरिजन ૨૦૩ પા. ટી.

Gandhi Heritage Portal

હરિજનબંધુ ૨૦૩ પા. ટી.
હરિજનો ૧૮૩ પા. ટી.
હરિભાઈ, શ્રી ૫૧૦
હરિશ્ચંદ્ર ૩૪
હરિસર્વોત્તમ રાવ ૩૧૦
હસનઅલી ૧૦૬
હાઉસ ઑફ ઍસેમ્બ્લી ૪૩
હાઉસ ઑફ કૉમન્સ ૧૫૧, ૪૪૦
હાઝરા, જે. સી. ૧૭૧
હાથકંતામણ ૩૯, ૯૫, ૧૭૯, ૨૮૧–૨, ૪૪૮; –નો ઉદ્યોગ ૪૦૭
હાથપીંજણ ૧૭૯
હાથવણાટ ૧૭૯, ૨૦૮, ૨૮૩
હાનિકર્તા ઔષધધારો ૪૪૦
હારુન, હાજી અબદુલ્લા ૧૩૭
હાર્ડિકર, ડૉ. ૪૦૫, ૪૮૧
हिन्दु ૬૩, ૧૯૮, ૨૦૧ પા. ટી., ૨૦૫ પા. ટી., ૨૮૧, ૨૮૩ પા. ટી., ૨૮૪, ૩૬૩ પા. ટી.
હિમાલય ૩૦૫, ૫૦૧
हिस्टरी ऑफ ध इन्डियन नेशनल कॉंग्रेस ૨૪૨ પા. ટી.
हिस्टरी ऑफ हिन्दु केमिस्ट्री ૩૬૫ પા. ટી.
હિંદ ૩૪, ૫૮ પા. ટી., ૧૬૮, ૨૦૦, ૨૨૯, ૨૬૦ પા. ટી., ૩૪૭, ૩૬૬–૮, ૩૮૬, ૩૯૮; ૦દેવી ૧૫૯; –નાં હાડપિંજરો ૪૫૦; –નો સ્ત્રીસમાજ ૪; ૦વાસી સ્ત્રીપુરુષો ૪૪૭; ૦સરકાર ૧૫૧, ૪૪૦
हिंद स्वराज ૫૦૪–૫
હિંદી(ઓ) ૧૪, ૪૪, ૫૦, ૫૯, ૮૫ પા. ટી., ૧૮૨ પા. ટી., ૧૮૭, ૧૯૫, ૨૧૪, ૨૧૬, ૨૯૫, ૩૬૬, ૩૭૨, ૩૭૮, ૫૨૩–૪; ૦આગેવાનો ૨૧૯; ૦ચળવળિયા ૪૭૮; ૦છાપાનું નીતિબળ ૪૭૮; ૦પ્રજાતંત્ર ૩૩૩; ૦મજૂરો ૩૧૮; ૦મહાસાગર ૪૩; ૦રાષ્ટ્રીય ચળવળ ૬૪ પા. ટી.; ૦લાગણી ૫૨૪; ૦લિપિ ૨૭૨; ૦વડી ધારાસભા ૨૭ પા. ટી.; ૦વાચનમાળા ૫૨૫; ૦સરકાર ૨૭૩; ૦સ્ત્રીઓ ૩૭૦, ૩૭૮
હિંદી ફોજદારી કાયદાની કલમ ૧૨૪(એ) ૪૪૨, ૫૨૬
હિંદી ફોજદારી ધારાની કલમ (૧૮૮) અને (૧૪૫) ૯૭
હિંદી (ભાષા) ૪૦, ૬૪, ૬૮, ૧૫૫; ૦ઉર્દૂ એટલે હિંદુસ્તાની ૬૮; ૦પ્રચાર ૬૮
हिन्दी गुजराती शिक्षक ૧૫૫
हिन्दी नवजीवन ૪૮, ૮૧, ૧૫૫, ૫૦૬
હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસ (મહાસભા) ૧૮ પા. ટી., ૨૦ પા. ટી., ૩૬ પા. ટી., ૩૯ પા. ટી., ૪૩ પા. ટી., ૫૯ પા. ટી., ૬૦ પા. ટી., ૮૧ પા. ટી., ૯૦ પા. ટી., ૧૧૮ પા. ટી., ૧૬૨ પા. ટી., ૨૧૪ પા. ટી., ૨૪૨ પા. ટી., ૩૦૩
હિંદુ(ઓ) ૭, ૧૪, ૨૮–૯, ૩૯, ૪૭, ૬૩, ૬૯, ૮૬–૭, ૯૩–૫, ૯૯, ૧૦૧, ૧૦૪, ૧૦૬, ૧૧૪, ૧૨૪, ૧૨૬–૭, ૧૨૯, ૧૩૪–૫, ૧૩૮, ૧૪૦, ૧૪૨, ૧૪૭, ૧૪૯, ૧૫૩, ૧૭૧, ૧૭૬–૭, ૧૯૯, ૨૦૪, ૨૧૭–૮, ૨૩૨, ૨૩૫, ૨૪૨, ૨૫૨–૪, ૨૭૨–૩, ૨૭૫–૬, ૩૧૧, ૩૧૯, ૩૨૧–૩, ૩૩૨–૬, ૩૫૯, ૩૭૨, ૩૯૫, ૪૦૪–૫, ૪૨૨–૩, ૪૨૭, ૪૪૪, ૪૭૯, ૪૮૬, ૪૯૩, ૫૧૭; ૦અને મુસલમાન પત્રિકાઓ ૩૩૧; ૦એ કહેવાય કે જે વેદો, ઉપનિષદો, પુરાણો અને વર્ણાશ્રમમાં માનતો હોય ૫૦૯; ૦કન્યાઓનું શિક્ષણ ૩૩૯; ૦કોમ ૪૫; ૦જાતિ ૨૯; ૦ધર્મ ૭, ૩૬, ૬૬, ૭૮, ૯૮–૯, ૧૦૧, ૧૩૧, ૧૩૩–૪, ૧૩૯, ૧૭૫, ૧૭૮, ૧૯૬, ૨૧૩, ૨૫૨, ૨૫૪, ૨૯૭, ૪૧૧, ૪૬૩, ૫૧૪; ૦ધર્મનું રક્ષણ ૩૩૪; ૦ધર્મવૃત્તિ ૧૩૮; –ની નામર્દી ૧૩૧, ૨૧૮; ૦પ્રજા ૨૯, ૪૮૯; ૦મંદિર ૪૪૩; ૦મંદિરોમાં આરતી ૧૪૧; ૦મૂર્તિના વરઘોડા ૩૨૨; ૦રાજ ૯૪, ૪૪૦; ૦રાજ્યો ૨૪૩; ૦વરઘોડો ૧૩૩; ૦વિધવા ૪; ૦સભ્યતા ૨૫૨; ૦સમાજ ૬૪, ૭૮, ૮૬, ૯૯, ૧૨૦, ૧૩૩, ૨૧૦, ૩૩૮; ૦સવર્ણ ૮૫, ૮૭; ૦સંસાર ૫૨૮; ૦સુધારકો ૧૦૧; ૦સ્ત્રીઓ ૮૧, ૧૩૭
હિંદુ યુનિવર્સિટી (વિશ્વવિદ્યાલય) ૯૩ પા. ટી., ૩૩૯
હિંદુ સભા ૮૬, ૯૮
હિંદુમુસલમાન (મુસ્લિમ) ૧૭, ૨૫–૬, ૨૯, ૩૪, ૪૭, ૯૪, ૧૦૪, ૧૨૫, ૧૩૦, ૧૩૩, ૧૪૨, ૧૫૩–૪; ૧૬૫, ૧૬૭, ૧૮૫, ૨૩૩, ૨૪૩, ૨૫૩, ૨૫૭, ૨૭૬, ૨૯૫, ૩૧૧, ૩૪૮, ૪૧૭, ૪૭૭; ૦એકતા (ઐક્ય) ૧૨–૧૪, ૨૮, ૩૯, ૧૨૪, ૧૩૪–૬, ૧૩૮, ૧૪૨, ૧૪૬, ૧૫૨, ૧૭૫–૬, ૧૭૮, ૧૯૬, ૨૧૦, ૨૧૯, ૨૨૧, ૨૩૨, ૨૪૬, ૨૭૬, ૨૭૮, ૨૮૧, ૩૧૨, ૩૪૭, ૩૫૧, ૩૫૮–૯, ૩૬૧, ૩૬૯–૭૦, ૩૮૨, ૪૩૩, ૪૪૩, ૪૪૬, ૪૫૬, ૪૯૨, ૪૯૪, ૫૧૯–૨૦; ૦કડવાશ (અનબન) ૩૦૨, ૫૨૪; ૦ઝઘડા ૧૩૧, ૩૨૩; ૦તંગદિલી ૨૭૫, ૨૭૮; ૦પ્રશ્ન (સવાલ) ૧૩૪, ૧૩૮, ૧૪૯ પા. ટી., ૧૫૦, ૧૯૯, ૨૦૧, ૨૨૦, ૪૮૮, ૫૧૧; ૦વચ્ચેનો પ્રેમ ૩૦; ૦વિખવાદ ૧૧૩, ૧૨૮, ૨૫૧; ૦વૈમનસ્ય ૩૬૪

Gandhi Heritage Portal

હિંદુસ્તાન ૧૪, ૧૬, ૨૫–૭, ૨૯, ૩૪, ૩૮, ૪૮, ૫૮–૯, ૬૧, ૬૩–૪, ૭૦, ૭૮, ૮૬, ૯૩, ૯૫, ૧૦૨, ૧૦૮, ૧૧૪, ૧૧૭, ૧૨૧, ૧૨૪, ૧૨૮–૯, ૧૩૩, ૧૪૦, ૧૫૪–૭, ૧૬૦–૧, ૧૬૨ પા. ટી., ૧૬૭, ૧૭૩, ૧૭૫, ૧૭૮, ૧૮૭, ૧૯૫, ૨૦૦–૨, ૨૧૧, ૨૨૪, ૨૩૨, ૨૩૭, ૨૪૫, ૨૫૦–૧, ૨૫૭, ૨૬૫–૬, ૨૭૨–૩, ૨૮૭, ૩૦૭, ૩૧૭, ૩૨૦, ૩૨૫ પા. ટી., ૩૩૪–૫, ૩૪૮, ૩૫૮, ૩૬૩, ૩૭૨–૩, ૩૭૬, ૩૮૫, ૩૯૪, ૩૯૭–૮, ૪૦૦–૧, ૪૦૫, ૪૧૫–૭, ૪૨૧, ૪૪૦–૨, ૪૫૦, ૪૫૨, ૪૫૮, ૪૬૩, ૪૬૬ પા. ટી., ૪૬૭, ૪૭૪, ૪૮૭, ૫૦૧, ૫૦૫, ૫૧૮, ૫૨૧; –નાં અંગ ૨૮; –નાં સંયુક્ત રાજ્યોનો પ્રજાસત્તાક સંઘ ૩૬૬; –નાં હાડપિંજર ૪૨૨, ૪૫૯, ૫૦૩; –ની કંગાલિયત ૩૬૪; –ની જેલ ૫૨; –ની પ્રજા ૩૬૭; –ની મૂળ પ્રકૃતિ અહિંસક અને નમ્ર છે ૧૮૮; –ની સ્ત્રીજાતિ ૫૨૪; –નો ભૂખમરો ૧૮૫; ૦સરકાર ૩૧૮, ૩૯૯, ૪૧૨

हिंदुस्तान टाइम्स ૩૭ પા. ટી.

હિંદુસ્તાની (ભાષા) ૧૫૫, ૨૧૪, ૨૭૨; ૦વાચક વર્ગ ૪૮

હિંસા ૧૫, ૪૭, ૧૨૦, ૧૨૮–૩૦, ૧૩૨, ૧૪૫, ૧૫૨, ૧૮૧, ૧૮૮, ૨૧૮, ૨૪૦, ૨૭૨, ૩૦૫, ૩૧૨, ૩૫૨, ૩૬૭, ૪૦૯; ૦ધર્મ ૧૩૧; ૦ભાવ ૮૯; ૦વૃત્તિ ૧૩૧

હુગલી ૧૬૮–૭૦

હુબલી ૪૧૪

હુબલી તાલુકા કૉંગ્રેસ સમિતિ ૪૮૧–૩

હૃદય ૦પરિવર્તન ૬૫, ૧૦૧; ૦પલટો ૨૬, ૬૪, ૪૪૧; ૦બળ ૨૦૫, ૪૬૩

હેઈલી, સર માલ્કમ ૪૮૭

હેતુબળ ૧૩૦

હેબ્રીડીઝ (સ્કૉટલૅન્ડ પાસેના ટાપુ) ૨૨૩

હેમ્પસ્ટેડ ૧૮ પા. ટી.

હૈદરાબાદ (દખ્ખણ) ૪૯૫–૬

હૈદરાબાદ (સિંધ) ૪૨૯

હૉબહાઉસ, ઍમિલી ૪૩૦

હોમરૂલ લીગ ૬ પા. ટી.

હ્યુમ ૨૪૬

11 AUG 1972

Gandhi Heritage Portal

ગાંધી સ્મારક સંગ્રહ
ગ્રંથાલય.
અમદાવાદ-૧૩.

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal

11 AUG 1972

ગાંધી સ્મારક સંગ્રહાલય
ગ્રંથાલય.
અમદાવાદ-૧૩.

Gandhi Heritage Portal

Gandhi Heritage Portal

AUG 1972

રૂ. ૧૬/૫૦

Gandhi Heritage Portal